# શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા

અને

# સાચી માણસાઈ


સંયોજક અને સંપાદક

પન્યાસજી મહારાજ ચરણવિજયજી ગણિવર



પ્રકાશક

ચિમનલાલ નાથાલાલ ગાંધી

અને

છોટાલાલ લલ્લુભાઈ આંખડ

नमोऽर्हत्सिद्धाचार्योपाध्याय सर्वसाधुभ्यः ।

# શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા

યાને

# સાચી માણસાઈ

## મન્નહજિણાણમાણં સજ્ઝાયના અર્થ

સંયોજક અને સંપાદક

પંન્યાસજી મહારાજ ચરણવિજયજી ગણિવર

પ્રકાશકો :—ચિમનલાલ નાથાલાલ ગાંધી મોઢેરાવાળા

છોટાલાલ લલ્લુભાઈ આંખડ વારાહીવાળા

મૂલ્ય : કૃપા કરી ગ્રન્થને સંપૂર્ણ વાંચો

પ્રાપ્તિ સ્થાન :—ચિમનલાલ નાથાલાલ ગાંધી
C/o. ભારત લેબોરેટરી સપ્લાયર્સ,
૨૯૭, જુની પોષ્ટ ઓફીસ લેન,
મંગલદાસ મારકીટ, મંગલદાસ રોડ,
મુંબઇ, ૨.

★

છોટાલાલ લલ્લુભાઈ આંખડ
૮૯ / ૩, તુલસી બિલ્ડીંગ,
ખેતવાડી બેક રોડ, મુંબઇ, ૪.

★

( પુસ્તક સંબંધિ સર્વહક્ક પ્રકાશકોને સ્વાધિન છે. )

★

વીર નિર્વાણ સં. ૨૪૯૩ વિક્રમ સંવત ૨૦૨૩ સને ૧૯૬૭
પહેલી આવૃતિ પ્રત ૨૨૦૦

★

મુદ્રક: ધૈર્યકુમાર સી. શાહ
આશા પ્રિન્ટર્સ,
૧૦૮, કેશવજી નાયક રોડ,
મુંબઈ, ૯-(B.R.)

# પ્રકાશકોનું નિવેદન

પંચપરમેષ્ઠી નમસ્કાર : બીજી આવૃત્તિ ત્રણ હજાર નકલો બહાર પાડ્યા પછી આજે લગભગ ત્રણ વર્ષે ૭૮/૫/૮૩ અઠોત્તેર અને પાંચ લગભગ ૮૩ ફર્માનો આઠ પેજી ૬૬૪ આશરે પૃષ્ઠનો દળદાર અને અનેક વિષયોથી ભરચક ગ્રંથ વાચક-વર્ગના કરકમલમાં મૂકવા ભાગ્યશાળી થયા છીએ.

અમારાં બધાં પ્રકાશનો વાચકોને ભેટ જ અપાયાં છે—તે રિવાજ મુજબ આ પુસ્તક પણ યોગ્ય વાચકોને ભેટ જ આપવાનું છે. અમારા પુસ્તકોના વાચકો બે પ્રકારના હોય છે. તેમાં કેટલાક આ પુસ્તકોની પરંપરાએ કે સ્વયં, રસધાર સાંભળીને કે, અનુભવીને, પુસ્તકો લેનારા હોય છે. અને કેટલાક મહાશયોને સારા સમજીને આપવામાં આવે છે.

આમાં કેટલાક ભાગ્યશાળી જીવો. અમારા વિશ્વાસનો સદ્‌પયોગ કરતા નથી. તેથી તેવા મહાનુભાવ મહાશયોને અમો કેટલીક પ્રાર્થનાઓ લખીએ છીએ તે જરૂર ધ્યાનમાં લેવા યોગ્ય છે માટે જરૂર વાંચવી અને અમલમાં મૂકવા ધ્યાનમાં લેવી.

આ પુસ્તક પાછળ, સંપાદકે, ત્રણ વર્ષ સુધી સમયનો ભોગ આપ્યો છે. તથા આ પુસ્તકના ખર્ચ માટે, લગભગ સાડા-સાત હજાર રૂપિયા જ્ઞાન ખાતાના મળ્યા છે. વળી સાડાદશ હજાર રૂપિયા છૂટા છૂટા ગૃહસ્થો દ્વારા સહાય મળી છે. આ પુસ્તકના સંપાદન માટે બસોથી વધારે કાગળના રીમ વપરાયાં છે. પાંસઠ સો લગભગ છપાઈ ખર્ચ થવા સંભવ છે. એકંદરે પુસ્તકના કાગળો, છપાઈ અને બાઈન્ડીંગનો ખર્ચ વિચારતાં, પુસ્તક આઠ રૂપિયાનું પડતર થવા સંભવ છે.

આવું કીમતી પુસ્તક આપને ભેટ આપીએ તો, આ પુસ્તક દશ-વીસ મહાશય વાંચે. પુસ્તકની આશાતના ન થાય. પુસ્તક કેદમાં પૂરાયેલું પડ્યું ન રહે, આટલી અમારી માગણી શું બરાબર નથી ? માટે પુસ્તકના ગ્રાહક સુજ્ઞ મહાશયો નીચેની વાતો વાંચી અમલમાં મૂકવા ભાગ્યશાળી બનશો.

આ પુસ્તકના એક ભાગ ઉપર છપાએલ શુદ્ધિપત્રક, પહેલું વાંચી, પુસ્તકની અશુદ્ધિ મીટાવો. પછી પુસ્તક વાંચવાથી આપને અનુકુળતા વધશે. પછી લાગોલાગ પ્રસ્તાવના અને વિષયદર્શન જરૂર વાંચો, જેથી આપને પુસ્તક સંપૂર્ણ વાંચવા પ્રેરણા મળશે.

આ પુસ્તક આપ પોતે વાંચીને તમારા ઘરનાં, વાંચી શકે તેવાં, દરેકને પુસ્તક બતાવશો. પુસ્તક આપને પસંદ પડે તો, તમારા વાંચ્યા પછી, બીજાઓને વાંચવા આગ્રહ કરશો. આ પુસ્તકના વાંચનથી તમારા કુટુંબમાં સંપ આવશે, માણસાઈ આવશે, વિવેક-વિનય, નમ્રતા આવશે, જેથી તમારો ચાલુ ભવ, હવે પછીના બધા જ ભવોમાં સુખ જ મળે તેવો બનશે. સ્વ-પરનું કલ્યાણ કરનારો બનશે. તથા પુસ્તકને કોરું સારું ચીકણું પૂઠું ચઢાવશો. જ્ઞાનની આશાતના થાય નહીં એટલું લક્ષ જરૂર આપશો.

હવે અમારા આ પ્રકાશન માટે ઉદાર દિલથી જે જે મહાભાગ્યશાળી મહાનુભાવોએ દ્રવ્ય સહાય આપી છે તે તે મહાશયોના ઉત્તમ નામો નીચે મુજબ છે :

૨૭૮૨ શ્રી સાયન મુંબઈ જૈન જ્ઞાન ખાતું પહેલી વારના કાગળો ખરીદ કરવા માટે.
૧૫૦૦ સંઘવી દેવકરણ મુળજી જૈન પેઢી જ્ઞાન ખાતું, મલાડ મુંબઈ-૬૪. ઠે. આંનંદરોડ
૪૦૦ શ્રી દેવકરણ મેનશન જ્ઞાન ખાતાની પર્યુષણની ઉપજ, મુંબઈ.
૧૦૦૦ સેન્ડહર્સ્ટ રોડ પ્રાર્થનાસમાજ ચંદ્રપ્રભ સ્વામી જૈન ઉપાશ્રય જ્ઞાન ખાતું, મુંબઈ..
૫૦૧ ચોપાટી જૈન ઉપાશ્રય જ્ઞાન ખાતું મુંબઈ.
૫૦૦ જૂનાડીસા જૈન ઉપાશ્રય જ્ઞાન ખાતું. બનાસકાંઠા

૪૮૫ાા શ્રી શંખેશ્વરથી પાલીતાણાનો છરી પાળતો સંઘ જ્ઞાન ખાતું, હા. શાહ બાબુલાલ ભગવાનજી અને નવનીતલાલ બેચરભાઈ સંઘવી, મુંબઈ-દાદર.
૨૫૧ શ્રી ગોરેગામ જવાહરનગર જૈન ઉપાશ્રય જ્ઞાન ખાતું, મુંબઈ.

---

૭૪૧૯ાા હા. જુદા જુદા જ્ઞાન ખાતાઓના ટ્રસ્ટ મંડળના મહાનુભાવો.

---

૫૦૦ શ્રાવિકાબેન કેસરબેન પનાલાલ મોહનલાલ કોઠારી પાલનપુરવાળા, વાલકેશ્વર, માનવમંદિર રોડ
૫૦૧ એક સુશ્રાવક, મલાડ, મુંબઈ-૬૪
૫૦૧ એક સુશ્રાવક, મલાડ, મુંબઈ-૬૪
૫૦૧ મહેતા કુંવરજીભાઈ મોહનલાલ વાંકાનેરવાળા, હા. વિનયચંદભાઈ, દાદર (વેસ્ટ), મુંબઈ
૫૦૦ શાહ કેશવલાલ હીરાચંદ ધીણોજવાળા, મુંબઈ.
૫૦૦ શેઠશ્રી ગુલાબચંદ ગફુલભાઈ હળવદવાળા, ઘાટકોપર, મુંબઈ.
૫૦૦ વારૈયા નગીનદાસ વાલચંદ, જુનાડીસાવાળા,
૫૦૦ શાહ ખેતાજી ધનાજી દાદાઈ મારવાડવાળા, ઠાકોરદ્વાર, મુંબઈ.
૩૦૧ શાહ ભોગીલાલ ચંદુલાલ પેથાપુરવાળા, ગોરેગામ, જવાહરનગર, મુંબઈ.
૩૦૦ શાહ નાનચંદ જુઠાભાઈ સાવરકુંડલાવાળા, દેવકરણ મેનશન, મુંબઈ.
૧૦૧ શ્રાવિકા રતનબેન ભોગીલાલ પેથાપુરવાળાં ચંપકલાલભાઈનાં માસી
૨૭૬ બાબુ પુનમચંદ નગીનચંદ, માટુંગા, મુંબઈ,
૨૫૧ શાહ ચંદ્રકાંત જેઠાલાલ ચૂનીલાલ ધીવાળા, હા. સૌ. શ્રાવિકા હીરાબહેન જેઠાલાલ મુંબાઈ.
૨૫૧ શાહ મણીલાલ જીવાભાઈ જુનાડીસા આસેડાવાલા, મુંબઈ.
૨૫૧ શાહ છનાલાલ ગૌતમચંદ સાંગલપુરવાળા, મુંબઈ.
૨૫૧ શાહ ચંપકલાલ ભોગીલાલ હરડે, મેસાણાવાળા, મુંબઈ.
૨૫૧ સંઘવી વેણીચંદ ગાંગજીભાઈ વાગડ, ચીરાઈવાળા, દાદર (વેસ્ટ), મુંબઈ.
૨૦૦ શાહ ગંભીરદાસ દીપચંદ ભાવનગરવાળા, હા. જયંતીભાઈ, મલાડ (વેસ્ટ), મુંબઈ.
૨૦૧ શાહ પોપટલાલ પુરૂષોત્તમ જામનગરવાળા. વાલકેશ્વર, મુંબઈ.
૨૦૧ શાહ પોપટલાલ તારાચંદ જુનાડીસાવાળા, મુંબઈ.
૨૦૧ શાહ શ્રીપતલાલ સુરચંદ બાંગડીવાળા, દાદર, મુંબઈ.
૨૦૧ શાહ કાનજી રતનસી કચ્છવાળા, દાદર, મુંબઈ,
૨૦૧ શાહ નવનીતલાલ વાડીલાલ પીલ્વાઈવાળા. મુંબઈ,
૨૦૦ શાહ પોપટલાલ જયચંદ નેસડા જુનાડીસાવાળા, મલાડ, મુંબઈ.
૨૦૦ શેઠ સોમચંદ ચુનીલાલ અમદાવાદવાળા, મુંબઈ પ્રાર્થનાસમાજ.
૨૦૦ શાહ લક્ષ્મીચંદ ગોદડભાઈ જુનાડીસાવાળા, અમદાવાદ.
૧૫૧ વીરેન્દ્રભાઈ અને અજિતભાઈ, પ્રાર્થનાસમાજ મુંબાઈ.
૧૦૧ વિક્રમભાઈ વીરેન્દ્રભાઈ પાટણવાળા, પ્રાર્થનાસમાજ, મુંબઈ.
૧૦૧ શાહ રતીલાલ ઉત્તમચંદ, મુંબઈ.
૧૦૧ શાહ જેસીંગલાલ ચોથાલાલનાં ધર્મપત્ની સૌ. સવિતાબહેન જુનાડીસાવાળાં.
૧૨૫ શાહ રાયસી કાંથડભાઈ મનફરાવાળા, મુંબઈ.

૧૨૫ શાહ પરબત મુળસી મનફરાવાળા મલાડ, મુંબઈ.
૧૦૦ શાહ ખેતસી પોપટલાલ મનફરાવાળા, મુંબઈ પ્રાર્થનાસમાજ.
૧૦૧ શાહ કોરસી મેઘજી મનફરાવાળા, મલાડ, મુંબઈ-૬૪.
૧૦૧ શાહ કેશવજી (જખુભાઈ) રવજી દૂધવાળા, મલાડ. મુંબઈ.
૧૦૧ શાહ ચંદુલાલ મગનલાલ, કુંભારટુકડા, મુંબઈ.
૧૦૧ શાહ અમૃતલાલ પીતાંબરદાસ પાલનપુરવાળા, મુંબઈ.
૧૦૧ સંઘવી રમણીકલાલ લક્ષ્મીચંદ વણથલીવાળા, મુંબઈ.
૧૦૧ સંઘવી અમરચંદ હકમચંદ પાલીતાણાવાલા (દૂધવાળા), મુંબઈ ત્રીજો ભોઈવાડો.
૧૦૧ દોશી અમરતલાલ પ્રેમચંદ મોઢેરાવાળા, કાચવાળા બિલ્ડિંગ, મુંબઈ.
૧૦૧ શાહ વસંતલાલભાઈનાં માતુશ્રી શ્રાવિકા ઝમકબહેન તલકચંદ ભાવનગરવાળાં, મુંબઈ.
૧૦૧ શાહ લાલભાઈ મણીલાલ વિજાપુરવાળા, મુંબઈ સ્વદેશી મારકેટ.
૧૦૦ શાહ બાઉચંદ રામચંદ દૂધવાળા, ગોડીજીના ટ્રસ્ટી. સાયન, મુંબઈ.
૧૦૧ શાહ ચંપકલાલ કેશવલાલ કાલીદાસ, મરીનડ્રાઈવ, મુંબઈ.
૧૦૧ શાહ ચીમનલાલ ઉમાજી માલવાડાવાળા મુંબઈ.
૧૦૧ શાહ શીવલાલ પોથાજી માલવાડાવાળા, મુંબઈ.
૧૦૧ શાહ ભવાનજી લખમશી, તારદેવ, મુંબઈ.
૧૦૧ શ્રાવિકા શાંતાબેન વાઘજીભાઈ, દાદર, મુંબઈ.
૧૦૧ શાહ મગનલાલ કરસનજી, જ્ઞાનમંદિર રોડ, દાદર મુંબઈ.
૧૦૧ શાહ મણીલાલ સુરચંદ વઢવાણવાળા, મલાડ, મુંબઈ.
૧૦૧ શાહ પ્રાણલાલ છગનલાલ, નડીઆદ કોલોની, મલાડ, મુંબઈ.
૧૦૧ દોશી મહાસુખલાલ ભાઈચંદ સાવરકુંડલાવાળા, પાર્લા (ઈસ્ટ), મુંબઈ.
૧૦૧ રતીભાઈના માતુશ્રી ડાહીબહેન ઉત્તમચંદ, મુંબઈ.
૧૦૧ શ્રી ચંચલબેન પ્રાગજીભાઈ, મંગલભુવન, મુંબઈ.
૧૦૧ શ્રી ચંચલબેનનાં પુત્રી કલાવતીબેન, મુંબઈ.
૧૦૦ શાહ ચંદુલાલ જેસીંગલાલ વીશનગરવાળા, મુંબઈ.
૧૦૦ દોશી નાનચંદ મુલચંદ દેપલાવાળા, મલાડ, મુંબઈ.
૧૦૦ દોશી અમરતલાલ નાનચંદ મુલચંદ, મલાડ, મુંબઈ.
૧૦૦ સુશ્રાવક સુમનભાઈ મુલચંદ વાડીલાલ, અંધેરી, મુંબઈ.
૧૦૦ ડૉકટર રસિકલાલ જેઠાલાલ, ઘાટકોપર, હા. પરમાનંદદાસ તપસ્વી.
૧૦૦ શાહ વીરજી માલસી કચ્છવાળા, મુંબઈ.

ઉપર મુજબ મહાનુભાવ મહાશયો તરફથી પુસ્તક છપાવવા માટે સહાય મળી હોવાથી અમો તેમનો આભાર માનીએ છીએ.

વિ. સં. ૨૦૨૩ મહા સુદી ૧૦ સોમવાર
વીરનિર્વાણ, સં. ૨૪૯૩/ ક્રાઈષ્ટ તા. ૨૦—૨—૧૯૬૭

લિ. પ્રકાશકો ચીમનલાલ નાથાલાલ ગાંધી
મોઢેરાવાળા તથા
છોટાલાલ લલ્લુભાઈ આંખડ વારાહીવાળા
મુંબઈ

# સંપાદકીય નિવેદન

ઘણા વર્ષો પહેલાં, **આ મન્નહ જિણાણમાણં**, મહાગ્રન્થની, પાંચ ગાથાઓમાં સૂચવેલાં છત્રીશ દ્વારોનું વિવેચન લખવા ભાવના થયેલી, પરંતુ ઘણો વખત તો મારી પોતાની શકિતનું માપ, મને આવા મોટા કાર્યનું સાહસ ખેડવા, અટકાવ્યા કરતું હતું. વળી ઘણા વખતથી લગભગ કાયમી બની ગયેલું મારા શરીરનું અસ્વાસ્થ્ય પણ આવા મોટા કાર્યમાં વિઘ્નભૂત રહ્યા કરતું હોવાથી, સમયની વિશાળતા ખોવાઈ ગયા પછી, એટલે જિંદગીનો મોટો ભાગ ખોઈ નાખ્યા પછી કાર્ય શરૂ થયું છે.

તેથી મારી ભાવના અનુસાર, આ ગ્રન્થનો મેં પોતે મારા મન સાથે કરેલી કલ્પના સંપૂર્ણ થશે કે કેમ? એ કઠીણ નહીં તો, શાંસયિક તો લાગે છેજ. મારી ઈચ્છા તો એવી હતી અને છે, કે આ ગ્રન્થને હું આવા ત્રણ ભાગોમાં લખીને છપાવીશ. પરંતુ આ ગ્રન્થ લખવા છપાવવામાં મને ત્રણ વર્ષ લાગ્યાં છે. શરીરનું સ્વાસ્થ્ય વિશ્વાસ-પાત્ર નથી.

વળી **"સંસ્કૃત સુભાષિત સૂકત સંગ્રહ"** તથા **"ગુજરાતી સુભાષિત સૂકત સંગ્રહ"** અને **"પ્રશ્નોત્તર વિચાર"** આ ત્રણ પુસ્તકો લગભગ તૈયાર જેવાં, ફકત જ્યાં ત્યાંથી એકઠાં કરવા પૂરતાં પહેલાં તૈયાર કરવાં જરૂરી હોવાથી, આ ત્રણને યથાયોગ્ય વહેલાં તૈયાર કરીને, આ બે ભાગો પણ તૈયાર કરવા ભાવના ભાવું છું. આયુષ અને સ્વાસ્થ્યની સહાય રહે તેવી શાસનદેવ પ્રત્યે પ્રાર્થના !

આ ગ્રન્થનું **"જિનેશ્વરદેવની આજ્ઞા અને સાચી માણસાઇ"** નામ રાખેલું છે. આવી નામની સાર્થકતા વાચકવર્ગને પ્રસ્તાવના વાંચવાથી બરાબર સમજાઈ જશે. માટે મહાનુભાવ મહાશયોએ જરૂર પ્રસ્તાવના પહેલી વાંચવી. સાથે વિષયદર્શન પણ આપ્યું છે. જેને જોવાથી કોઈપણ વિષયને વચમાંથી જોવો હશે તો જોઈ શકાશે.

જિનેશ્વરદેવની આજ્ઞા એ આ ગ્રન્થનું પહેલું દ્વાર છે. અને જિનેશ્વરદેવની આજ્ઞા સમજાય તોજ આત્મામાં સાચી માણસાઈની શોધ અને પ્રાપ્તિ સુલભ બને છે. આવા અર્થને લક્ષમાં રાખીને સાચી માણસાઈ શબ્દ જોડવો પડયો છે. આ વાત પણ પ્રસ્તાવના વાંચવાથી બરાબર સમજાઈ જશે. તથા શ્રી વીતરાગદેવોની આજ્ઞાને સમજવા માટે આજ્ઞાના પ્રકારો પણ બતાવ્યા છે.

વળી આજ્ઞાના પ્રકારો સહેલાઈથી સમજી શકાય માટે, પિતાની, માતાની, ભાઈની, જ્ઞાતિની, રાજાની, આવી અનેક પ્રકારની આજ્ઞાઓના વર્ણન લખ્યાં છે. અને આવી લૌકિક આજ્ઞાઓ પણ પરિણામે લોકોત્તર સ્વરૂપને અનુ-કૂળ બનેલી. સાચી અને બાળજીવ ભોગ્ય કથાઓ, શ્લોકો, ગાથાઓ, કવિતાઓ અને દુહા, ચોપાઈઓ ગોઠવીને રસ-પ્રદ બનાવાઈ છે.

આ ગ્રન્થમાં લખાયેલી કથાઓનો મોટો ભાગ. પૂર્વાચાર્યોના ગ્રન્થોમાંથી લેવાયો છે. અને કેટલીક ઐતિહાસિક કથાઓ વાંચેલી અને ક્વચિત સાંભળેલી લખી છે. બેચાર ઉપનયવાળી કથાઓ, ઉપમિત લખાઈ છે. તે તે કથા-ઓના પાત્રો પોતે જ જણાવી શકે છે. એક સાંભળેલી કથામાં મુખ્ય દંપતીનું યથાયોગ્ય નવું નામ આપવું પડયું છે. ગુજરાતી કવિતાના અન્ય કર્તાઓની ઓળખાણ આપી છે ક્યાંક ત્રીજો પુરુષ વાપરીને, અન્યનું કર્તૃત્વ જણાવ્યું છે. આ સિવાયની ગુજરાતી ચોપાઈઓ અને દુહાઓ લેખકે પોતાનાં આપ્યાં છે.

આ સંપૂર્ણ ગ્રન્થ જિનેશ્વરદેવની આજ્ઞા સમજવા માટે, અને યોગ્યતા પ્રકટ થાય તો, સાચી માણસાઈ લાવવા માટે લખ્યો હોવાથી, પ્રાસંગિક બીજી પણ, કેટલીક વાતો લેવી પડી છે. અને તે તે વિષયો સમજવા માટે, તે તે વિષ-યોનાં ઉદાહરણો અને પ્રતિ ઉદાહરણો લખવાં આવશ્યક હોવાથી લખાયાં છે. તેથી આજ્ઞા વિરુદ્ધ વર્ણનો પણ વિરુદ્ધ તરીકે લખવાં અનિવાર્ય બને, તે તો તે તે આજ્ઞાનું સ્વરૂપ સમજાવનારી ગાથાઓ જ સૂચવી જાય છે.

તેથી પ્રસંગોને સમજવા માટે ખંડનાત્મક વાતો લખાયેલી વાંચનારે, પોતાને લાગુ પડતાં વર્ણનો પોતાની, વિરુદ્ધના નહીં વિચારતાં, સત્યનું શોધન કરવામાં આવશે તો, પોતાની કલ્પનાના દોષો પણ ગુણરૂપે જ પરિણાવવા ભાગ્યશાળી થવાશે. સત્યના શોધક ઈન્દ્રભૂતિ વગેરે બ્રાહ્મણોએ. સત્યને સમજવા ધ્યાન આપ્યું માટે જ ત્રણ જગતના પૂજ્ય સ્થાનને પામી શકયા હતા.

ગ્રન્થને દેદિપ્યમાન બનાવવા માટે કાગળો મળે તેટલા સારા લીધા છે. અને છાપકામ પણ સારું, સુઘડ, સ્વચ્છ, બનાવવા શકય બધી મહેનત અને બુદ્ધિનો ખર્ચ કરવા છતાં, પુસ્તકોનું છાપકામ, ઉઠાવ, સ્વચ્છતા, સુન્દરતા, વાચકોને ગમી જાય તેવું થયું નથી. તેને માટે વાચકો વાંચી સુધારી અમારી ઓછી આવડગત માટે દરગુજર કરે એ જ અભ્યર્થના સજ્જનો પાસે આટલી યાચના વધારે પડતું ન કહેવાય.

અમારા આ ગ્રન્થ પ્રકાશન કાર્યમાં અને સંયમમાર્ગની શકય આરાધનામાં, ઈચ્છાનુરુપ આઠેયામ સહાય આપનાર, અમારા મુનિશ્રી **વિનોદવિજયજી** તથા મુનિશ્રી **નમિવિજયજી** પણ, આ સંપાદન કાર્યમાં ઘણો યાદગાર ફાળો છે. તેમણે પ્રેસ કોપી અને પ્રુફો તપાસવામાં અને શુદ્ધિપત્રક જેવાં બધાં કાર્યોમાં ખૂબ ધ્યાન આપ્યું છે. આ બે મુનિ-રાજોની સર્વકાલીન સેવાથીજ અમે આવા વિષમકાર્યમાં સફળ બની શકયા છીએ.

તથા મુંબાઈમાં વસેલા સુશ્રાવકો શાહ જેઠાલાલ ચુનીલાલ ધીવાળા તથા શાહ સુરચંદ હીરાચંદ અવઢએકાશણા-વાળા અને અમારા પ્રકાશન કાર્યની સંપૂર્ણ જવાબદારી ઉપાડનારા ચિમનલાલ નાથાલાલ ગાંધી અને છોટાલાલ લલ્લુ-ભાઈ આંખડ આ બધા મહાશયોએ મુંબાઈ અને મુંબાઈની બહાર પણ અમને બધી અનુકૂળ સગવડો આપી છે. તે પણ આ પ્રકાશન કાર્યમાં મોટામાં મોટી અનુકૂળતાઓનું એક અંગ બની જાય છે.

આ પુસ્તક પ્રકાશન અંગે મને પોતાને, મોટામાં મોટી સહાય, શ્રી વીતરાગ દેવના શાસનની મળી છે, કે જેના યોગે મારા જેવો એક પામર આત્મા, આવું વીતરાગ વાણીનું પીણું પામી શકયો છે. વાંચવા, સાંભળવા, વિચારવાની સગવડ મળી છે. જયારે હું મારો પચાસ બાવન વર્ષ પહેલાંનો ઈતિહાસઅનુભવ વિચારું છું.

ત્યારે મને ઘણી નવાઈ આશ્ચર્યકારી ઘટના સમજાય છે. એક લોગસ્સ જેટલું પણ નહીં પામેલો હું, આજે આપ મહાનુભાવો સાથે શ્રીવીતરાગ વચનોની આપ લે, કરી શકું છું. કારણ કે પચાસ વર્ષ પહેલાં મને કલ્પના પણ કયાંથી હોય કે હું વીતરાગવાણીનો સ્વાદ ચાખી શકીશ.

માટે જ આવા ત્રણે કાળના સર્વજીવોના ઉપકારી, શ્રીવીતરાગશાસનનો વારંવાર ઉપકાર યાદ લાવી, ખૂબ ખૂબ નમસ્કાર કરું છું. અને સર્વકાલીન શ્રી જૈનશાસનના પ્રમુખસ્થાને બીરાજેલા, અત્યાર સુધીમાં ભાવતીર્થંકરનું સ્થાન શોભાવી મોક્ષમાં પધારી ગયેલા અને પધારવાના છે. તથા જેઓ તીર્થંકર નામ મહાપુણ્ય નિકાચિત થવાથી અવાન્તર ભવમાં ભાવ તીર્થંકર થવા નક્કી થયા છે. આવા અનંતાનંત સર્વ જિનેશ્વરદેવોને, અને તે ઉપકારીઓનું અવલંબન પામી, મોક્ષમાં પધારેલા સર્વસિદ્ધ ભગવંતોને, તથા શ્રી વીતરાગશાસનની ધૂરાને વહન કરનારા સૂરિપ્રભાવકોને, વાચક પુંગવોને, અને ભાવ સાધુ મહારાજોને, ચાર પ્રકાર શ્રીસંઘોને, તથા શ્રીવીતરાગોની રત્નત્રયીને, વારંવાર નમસ્કાર

કરું છું. અને શ્રીવીતરાગ દેવોનીવાણીને, જિનેશ્વર દેવની આજ્ઞાને, સર્વજીવરક્ષણને મારું ધ્યેય બનાવું છું. અને મારુ વકતવ્ય સંપૂર્ણ કરું છું.

જિનઆણા જિનવાણને, સર્વ જીવનું ત્રાણ (રક્ષણ),
ભવભવ જો મુજને મળે, તો મુજ જન્મ પ્રમાણ."

વળી :—

"વીતરાગ યાચન તુમ પાસે, ભવભવ તુમ શાસન મળજો
સાદિ અનંત ભાંગે આતમથી, રાગદ્વેષ અળગા ટળજો
કાળ અનંતો દુખ દેનારાં, કર્મ આઠ મારાં બળજો
સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચરણની સર્વ કાળ સેવા મળજો."

હવે છેવટમાં એટલું જ કે આ ગ્રન્થને છપાયા પહેલાં કોઈ ગીતાર્થ મહાપુરૂષની દષ્ટિથી પવિત્ર બનાવાયો હોત તો, વધારે નિર્ભયતા ગણાય. પરંતુ મારા જેવા માટે પ્રયત્ન કરવા છતાં આ કાર્ય અશકય હોવાથી, બનવા પામ્યું નથી. તેથી છદ્મસ્થ સ્વાભાવિક ભૂલો ઉપરાન્ત મારી અતિઅલ્પજ્ઞતાના કારણે, આ ગ્રન્થમાં, શ્રીવીતરાગદેવની આજ્ઞા વિરુદ્ધ લખાયું હોય, અસંબદ્ધ, પિષ્ટપેષણ કે રસ વગરનું લખાઈ ગયું હોય, તે સર્વ માટે, સર્વજ્ઞ ભગવંતો પાસે મિચ્છામિ દુક્કડં માગીને, આપ સર્વ વાચકો પાસે પણ ક્ષમા માગું છું. અને સુધારીને વાંચવા પ્રાર્થના કરું છું.

ઈતિ. સંપૂર્ણ.

નાસીક સીટી, મહારાષ્ટ્ર.
પગડબંધ લેન, નવો ઉપાશ્રય

વીરનિર્વાણ સંવત ૨૪૯૩
વિ. સં. ૨૦૨૩ મહા સુદી ૧૦

લી. **પંચમહાપરમેષ્ઠી ભગવંતો અને**
**ચારપ્રકાર શ્રી સંઘનો સર્વકાલીન**
**સેવક ચરણવિજય ગણિ.**

卐

# પ્રસ્તાવના

પ્રસ્તાવના એટલે શું? પ્રસ્તાવ શબ્દનો અર્થ ઉચિત થાય છે. તે અવસરને ઉચિત, સભાને ઉચિત, પ્રકરણને ઉચિત, બોલવું, લખવું, ગોઠવવું, પ્રતિપાદન કરવું, આ બધા પ્રસ્તાવનાના પર્યાયો જાણવા કહ્યું છે કે :

**१ प्रस्तावे भाषितं वाक्यं प्रस्तावे दानमंगिनां। प्रस्तावे वृष्टिरल्पापि, भवेत् कोटिफलप्रदा।**

(૧) **અર્થ** : અવસરે બોલાયેલું વચન, અવસરે આપેલું દાન, અને અવસરે થયેલી વૃષ્ટિ. ઘણા મોટા ફળનું કારણ થાય છે. આંહીં **પ્રસ્તાવ, જિનેશ્વરદેવની આજ્ઞા અને સાચી માણસાઈને** અનુરૂપ. થોડું લખવાનું છે.

**પ્રશ્ન** : આ જગતના માણસોની સંખ્યામાં, ઓછામાં ઓછા જૈનધર્મ પાળનારા માણસો હોય છે. તેમાં પણ સમજનારા તો સાવ થોડા હોય છે. અને સમજવા છતાં, આદર કરનારા, તેમાં પણ ખૂબ થોડા હોય છે. તો પછી જિનેશ્વરદેવોની આજ્ઞા માનનારાની સંખ્યા કેટલી? અને જો આજ્ઞા ન માને તેવાઓમાં માણસાઈ આવેજ નહિ. તો શું? આ સંસારમાં લાખોની સંખ્યામાં, સંતપુરુષો હોય છે. અને સજ્જનોની તો સંખ્યાજ નથી. આ વાત શું સાચી નથી? આવા સંતમનુષ્યોમાં અને સજ્જનોમાં માણસાઈ આવી ન કહેવાય?

**ઉત્તર** : આ જૈનશાસન એટલે લોકોત્તર શાસન છે. સર્વજ્ઞ ભગવંતોનું શાસન છે. પરલોકની મુખ્યતાએ રચાયેલું શાસન છે. તેમાં બતાવેલી માણસાઈનેજ, આંહી માણસાઈ તરીકે વિચારવાની પ્રસ્તુત છે. આવી માણસાઈ આવ્યા પછી, પ્રાય : આત્મા બદલાતો નથી. પાછો પડતો નથી. પરંતુ, ઉત્તરોત્તર આગળ વધે છે. અને તેથી સ્વના-કલ્યાણ સાથે, બને તેટલું, જગતના પ્રાણીમાત્રનું કલ્યાણ જ કરનારો થાય છે.

**પ્રશ્ન** : અને જગતભરના બીજા સંતપુરુષો કે સજ્જનોમાં, આવેલી માણસાઈ, સ્વપરનું કલ્યાણ કરનારી નથી?

**ઉત્તર** : આ જગતમાં મોટાભાગના મનુષ્યો, ચાલુ જન્મને જ સમજનારા અને માનનારા હોય છે. તેથી તેમના દેવો પણ ઈશ્વર, બ્રહ્મા, વિષ્ણુ, શિવ, બુદ્ધ, ઈશુ, ખુદા, દેવી શકિત વગેરે પરંપરાગત માની રાખેલા અને કયારે પણ વિચારોની કસોટી ઉપર નહિ ચડાવેલા હોવાથી, ઉપર્યુકત ઈષ્ટદેવોનાં ભજન, કીર્તન, ધ્યાન, જાપ કરનારાઓને આચરણથી, ગમે તેવા હોય તો પણ, સંત ગણાયા છે. પછી તેઓ વખતે માંસ, મચ્છી, ઈંડાં જેવા, અખાદ્ય પદાર્થો ખાતા હોય તો પણ, પોતાના ધર્મમાં સંતપુરુષો ગણાયા છે.

**પ્રશ્ન** : અજૈનો પણ અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્યને માને છે. પછી તેમને સંતો માનવામાં વાંધો શું?

**ઉત્તર** : અજૈનોમાં આર્ય--અનાર્ય બે પ્રકાર છે. તેમાં પહેલો પ્રકાર હિન્દુસ્થાનની બહાર નથી. અને બીજા પ્રકારના મનુષ્ય અહિંસાને સમજતા જ નથી. તેમનું સૂત્ર જ છે કે **"માનવ સેવા તેજ પ્રભુ સેવા છે."** આટલું માત્ર સૂત્ર પણ ધર્મ માટે તો નથી જ. પરંતુ પોતાનો પક્ષ વધારવા માટે છે. માનવસેવાની વાતો કહેનારા કે લખનારા પણ, પોતાના વિરોધ પક્ષનો નાશ કરતાં, જરા પણ અચકાયા નથી, અચકાતા નથી.

પોતાના દેશ કે પક્ષનું રક્ષણ કરવા, બીજાઓનું સત્યાનાશ થઈ જાય કે, કરી નાંખવામાં, તેઓને વાંધો નથી, હતો નહીં. અને આ વાતની છેલ્લા હજાર બારસો વર્ષનો ઈતિહાસ સાક્ષી પૂરે છે. ધર્મદ્વેષના કારણે હજારો નગરો અને ગામો ઉજ્જડ વેરાન થયાં છે. મંદિરો અને મૂર્તિઓના ટુકડા થયા છે. ધર્મનાં પુસ્તકો અગ્નિમાં હોમાયાં છે. અને અબજોની મિલકતો પરદેશોમાં પહોંચી ગઈ છે. સાથે લાખો આર્યોને અનાર્ય બનાવ્યા છે.

આ હજાર બારસો વર્ષનું ઈતિહાસ જ્ઞાન ધરાવનારા માણસ, જરૂર સમજી શકે છે કે, **"માનવ સેવા તેજ પ્રભુ સેવા"** બોલનારાઓએ, માનવસેવા કરી છે કે? પક્ષસેવા કરી છે? આવા મહાશયોમાં પ્રામાણિકતા કે ઉદારતા દેખાતી હોય તે પણ, આત્મકલ્યાણ માટે તો નથી જ હોતી. વાસ્તવિકતાએ તો, અહિંસા, સત્ય, અચૌર્ય, અને બ્રહ્મચર્ય, જૈનશાસન સિવાય, બીજા દર્શનોમાં, ફક્ત બોલવા પૂરતું જ પુસ્તકોમાં કે પ્રચારમાં ટકી રહેલું હોય છે.

**પ્રશ્ન :** પ્રામાણિકતા અને ઉદારતા થોડી હોય, તેટલી પણ અનુમોદવા યોગ્ય ખરી કે નહીં?

**ઉત્તર :** કેટલાક બહારવટિયા પણ, પરસ્ત્રીને પુત્રી, બહેન, સમાન માનનારા હતા. અને હોય છે. કેટલાક કસાઈઓ પણ ચોરીનું ધન લેતા નથી. કેટલીક વેશ્યાઓ પણ અસત્ય બોલતી નથી. ચોરી કરતી જ નથી.

આવા ભયંકર દોષો સાથે ભળેલા ગુણો, આત્મકલ્યાણ કરવાની જગ્યાએ સ્વ અને પરનું સત્યાનાશ જ વાળનારા થાય છે. દૂધના મોટા ભાજનમાં પડેલો સોમલ, દૂધને ઝેર બનાવે છે. તેમ, હિંસા, અને અબ્રહ્મચર્યની સાથે ભળેલા, સત્યતા અને પ્રામાણિકતાના ગુણો, લાભ નહીં પણ નુકસાન કરનારા જ થાય છે.

**પ્રશ્ન :** તો પછી પ્રામાણિકતા ગુણથી લાભ નથી જ?

**ઉત્તર :** ભાઈઓ! જીવતા જીવના બરાડા, મૂંઝવણ, ગભરામણ, અકળામણ, નજરે દેખવા છતાં જેમને દયા આવેજ નહીં, તેવાઓની પ્રામાણિકતા કેમ સારી કહેવાય? મરતા જીવોના પ્રાણની ચોરી કરનારા, પ્રામાણિક કેમ ગણાય? માત્ર માણસોના પોષણ અને રક્ષણ માટે અબોલ જીવોના નાશનો પ્રચાર કરનારા કે લખનારા સત્યવાદી કેમ કહેવાય? અબજો જીવોનો નાશ કરનારી પ્રયોગશાળાઓની ખિલવણી માટે સખાવતો કરનારાઓને ઉદાર કેમ કહેવાય? અને પ્રાણીમાત્રનું ભલું કરનાર એવા ધર્મના સંસ્કારોનો નાશ કરનારી કેળવણીના વિકાસ ને જ્ઞાન દાન કેમ કહેવાય?

**પ્રશ્ન :** તો પછી માનવતા કહેવાય કોને?

**ઉત્તર :** જેનામાં ઝીણા મોટા મનુષ્ય કે પશુની, દયાની મુખ્યતા હોય, નિર્દયતા, નીચતા, અધમતા, અનાચાર વગેરે લોકવિરૂદ્ધ આચરણો હોય જ નહીં, તથા દેશ વિરૂદ્ધ, ગામવિરૂદ્ધ, જ્ઞાતિ વિરૂદ્ધ, ધર્મ વિરૂદ્ધ, બધા ખરાબ વહેવારો બંધ થાય, ત્યાં જ સાચી માણસાઈ આવી શકે છે, અને ટકી શકે છે, અને ફેલાવો પામે છે.

**પ્રશ્ન :** આર્યલોકોમાં સાચી માણસાઈ આવી શકે ખરી કે નહીં?

**ઉત્તર :** ધર્મના નામે પણ બીજાઓના નાશની ભાવના હોય; પ્રચાર હોય; ત્યાં માણસાઈ કેમ આવે? વાંચો :

**"अन्यधर्मस्थिताः सत्वा, असुरा इव विष्णुना । उच्छेदनीया स्तेषां हि, वधे दोषो न विद्यते।।" १**

**અર્થ :** જેમ વિષ્ણુ ભગવાને અસુરોનો નાશ કર્યો છે, તેમ બીજા ધર્મોમાં રહેલા મનુષ્યોનો, નાશ કરવામાં કશોજ દોષ નથી. આવાં ઉશ્કેરાટથી ભરેલાં શાસ્ત્રોને માનનારા; વાંચનારા; પ્રચારનારા; આર્યોહોવા છતાં અનાર્યોથી સારા કેમ ગણાય? વળી કહે છે કે :

**"नमांसभक्षणे दोषो, न मद्ये न च मैथुने । प्रवृत्तिरेव भूतानां, निवृत्तिस्तु महाफला।।" २**

**અર્થ :** માંસભક્ષણ કરવામાં, મદિરાપાન કરવામાં, અને મૈથુન સેવવામાં કશોજ દોષ નથી. જગતના જીવોનો સ્વભાવજ આવો છે. છતાં કોઈ આ ત્રણ વસ્તુ ત્યાગ કરે તો મોટું ફળ છે.

આ વાકયોમાં વદતો વ્યાઘાત જેવું સાક્ષાત દેખાય છે. એક બાજુ માંસભક્ષણમાં કોઈ દોષ નથી. મદિરા પીવામાં ગુનો નથી. મૈથુન સેવવું તે પણ પ્રાણીનો સ્વભાવ છે. આવું બોલીને પછી, તેના ત્યાગનો મહાન લાભ છે. આ બોલનારને આપણાથી પ્રામાણિક કેમ કહેવાય?

**પ્રશ્ન** : કેટલાકો કહે છે કે માણસો ભૂખે મરતા હોય તો માછલાં, મટન, મુરઘાં ખાવાનો વાંધો નથી? આ પ્રચાર વ્યાજબી નથી ?

**ઉત્તર** : તો પછી ભૂખે મરતા રાક્ષસો, સિંહો, કે દીપડાઓ વગેરે પ્રાણીઓ, માણસોને ખાઈ જાય તો ગુનો ન ગણાવો જોઈએ ?વળી ભૂખે મરતા માણસો ધનવાનોના ઘરમાં, વખારોમાં કે, ક્ષેત્રોમાં, ચોરી કરે તો ગુનો ન ગણાવો જોઈએ ? વળી અત્યંત કામાતુર વાંઢો માણસ કોઈની પુત્રી—પત્ની—ભગિની ઉપર બલાત્કાર કરે તો ગુનો ન ગણાય? જેમ આ બધા લોકો કાયદાથી ચોક્સ ગુનેગાર ગણાયા છે. અને પાપ ચોક્સ લાગે છે.

તેમ આપણા સ્વાદ પોષવા કે ઉદર ભરવા માટે, બીજાના પ્રાણ લેનારા પણ, ઈશ્વરના ( કર્મરાજાના ) દરબારમાં ગુનેગાર કેમ નહીં ? હિંસા, અસત્ય, ચોરી અને પરસ્ત્રીસેવન, બધાજ ગુના છે. પછી તે માણસ હોય કે પશુ હોય, જેમ સરકાર પોતાની સરહદના ગુનેગારને, અન્યાયનો દંડ આપે છે, તેજ પ્રમાણે કર્મરાજા પણ સમસ્ત જગતના ગુનેગારોને તેમના ગુનાના પ્રમાણમાં, અવશ્ય શિક્ષા આપે છે. અને નરકાદિ કુગતિઓના કારાગારો=કેદખાનાઓમાં ધકેલાય છે.

**પ્રશ્ન** : કેટલાક માને છે, બોલે છે કે પાપ અને પુણ્ય જેવી કોઈ વસ્તુ છેજ નહિ. આ વાત સાચી નથી?

**ઉત્તર** : સાચી નથી એમ નહીં પણ તદ્દન ખોટી છે. પુણ્યપાપ આપણા વર્તમાન સુખદુ:ખની સાક્ષી પૂરે છે. માણસપણું સમાન હોવા છતાં, ઉદ્યમ પણ અવિરત ચાલુ હોવા છતાં, મોટાભાગના માણસો, પેટપૂર ખોરાક પામતા નથી. શરીર ઢાંકવા વસ્ત્રો મળતાં નથી. બેસવા, સુવા, રહેવા માટે મનપસંદ સ્થાન નથી. જયાં ત્યાં પડયા રહીને; જે તે ખાઈને, ફાટેલાં તૂટેલાં, ગળેલાં, સડેલાં, ભીખી માગી લાવેલાં વસ્ત્રો પહેરીને, વિટાળીને, ઉના નિસાસા મૂકી, જિંદગી પૂર્ણ કરે છે.

પશુઓ બીચારા, બકરા, ઘેટાં, પાડા, ભુંડ, કુકડાં, માછલાં, હરણ, સસલાં, રોઝ, પક્ષીઓ, સર્પો, અજગરો વગર ગુને માણસોના પ્રહારોથી, અકાળ મરે છે. શિકારીઓના શિકાર બને છે. ભક્ષકોના ખોરાકમાં વપરાય છે. ખેતીમાં ઘાણીમાં મજરી આપે છે. ઊંટ, ગધેડા, બેલ, પાડા, પોઠીયા ભાર ઉપાડે છે. શરીરે ચાંદા પડે છે. મરવા વખતે ક્ષુધા, તરસ, તાપ, રોગ આક્રમણના અસહ્ય દુ:ખો ભોગવી, બરાડા, બુમો, ચીસો, પાડીને મરે છે. આ બધાજ સાક્ષાત પાપના પુરાવા છે.

**પ્રશ્ન** : લોકો કહે છે કે અત્યારે સાક્ષાત ભયંકર પાપ કરનારા સુખ ભોગવે છે. અને બીજા કેટલાક જીવદયા, અભયદાન, સુપાત્ર દાન, આપનારા આવી અનેક ધર્મની આરાધના કરનારા પણ દુ:ખ ભોગવે છે. તો પછી પુણ્ય-પાપનો ફળરૂપ સાક્ષાત્કાર કયાં છે?

**ઉત્તર** : કેટલાક ચોરો કે પરદાર લંપટી, ગુંડાઓ, મહિનાઓ કે વર્ષો સુધી, ચોરીઓ કરીને, બારે માસ મનપસંદ જમે છે, વેશ્યાઓ અને રખાતો ભોગવે છે. સરકારની પકડમાં ન આવે ત્યાં સુધી તેવાઓ સ્વર્ગ જેવાં સુખ માણે છે.

અને પકડાયા પછી મહાભયંકર યાતનાઓ કે શૂળી, ફાંસી, પામે છે. અને ભવાન્તરમાં નરક કે પશુગતિમાં ચાલ્યા જાય છે. અને હજારો પશુઓ કે નારકીઓના ભવોમાં મહાદુઃખો અનુભવે છે. આ શું પાપનો સાક્ષાત્કાર નથી ?

એક અતિરૂપાળો વણિક પુત્ર રાજાની પટરાણીના મહેલમાં પહોંચ્યો. અને બન્નેની પરસ્પરની મિત્રતા થવાથી વર્ષો સુધી રાણીએ પોતાના મહેલમાં રાખ્યો. અને બન્ને જણાં પોતાને દેવ અને દેવી સમાન સમજીને, યમરાજના મહેલ જેવા રાજાના મહેલમાં રહે છે, એક દિવસ રાજાને ખબર પડી જવાથી, બન્નેને પકડાવીને, શરીરની જીવતી ચામડી ઉતરાવીને, તેમના શરીરમાં મરચાં—મીઠાં છંટાવે છે. તેથી મહિનાઓ સુધી વિકરાળ દુઃખો ભોગવી નરકગતિના મહેમાન થાય છે. આંહીના હિંસકો અને તેવા બધાઓને આ દૃષ્ટાન્તથી સમજાય તેવું છે.

ચાલુ જન્મના પાપ અને પુણ્યના ફળ બધાં આંહીંજ ભોગવાતા નથી. પરંતુ ગયા જન્મોનાં પાપો અથવા પુણ્યોનાં ફળો જ, બહુલતાએ આંહીં ભોગવાય છે. અને ચાલુ જન્મમાં થયેલાં પાપો કે પુણ્યોનાં ફળો, હવે પછીના ભવોમાં અવશ્ય ભોગવવાં પડશે. માટે જ ચાલુ જન્મના કસાઈઓ, ખાટકીઓ, મચ્છીમારો, માંસ, મચ્છી ખાનારાઓને, હમણાં સુખ મળે છે. તે ચાલુ જન્મોના પાપનું ફળ નથી. પરંતુ ગયા જન્મના પુણ્યનું ફળ છે. તેમ ચાલુ જન્મના સાચા ધર્મી પણ દુઃખ ભોગવતા દેખાતા હોય તો, તે ગયા જન્મમાં કરેલાં પાપોના ઉદયો ભોગવાય છે એમ સમજવું. કોઈ કવિ કહે છે કે :

**"જબ લગ તેરે પુણ્યકા; પહોંચ્યા નહીં કરાર. તબલગ તુજકો માફ હૈ. અવગુણ કર હજાર."**

**"પુણ્યપુરા જબ હોયગા, ઉદય હોયગા પાપ, પ્રકટ થશે દુઃખ ડુંગરા ભોગવસેં તું આપ."**

**"ભયરોગો ને આપદા, વિયોગને અંતરાય, પૂરવપાપ વિષ વૃક્ષનો, જાણો ફળ સમુદાય."**

**"ધન નારી, સુત, બાંધવા, નીરોગ સુંદર કાય, માન પાન જશ આબરૂ પુણ્યતણા સમુદાય"**

કેટલાક શાલિભદ્ર જેવા મહાપુરુષો, પુણ્ય ભોગવી, પુણ્ય બાંધી, સ્વર્ગે ગયા છે, કેટલાક પુણીયા શ્રાવક જેવા સુશ્રાવકો ચાલુ જન્મમાં ધન સંપત્તિ પામ્યા નહીં. પરંતુ મહાપુણ્ય બાંધી સ્વર્ગમાં ગયા. હવે ભવોભવ સ્વર્ગ અને નરભવનાં સુખ ભોગવી મોક્ષમાં જશે. તથા કેટલાક ત્રિપૃષ્ટ, સુભૂમાદિકની પેઠે, ચાલુ જન્મમાં ખૂબ સુખ ભોગવી, નરકાદિકમાં ચાલ્યા ગયા છે. કેટલાક બિચારા અધમ કોટિના જીવો, મહાપાપો કરીને, નરકાદિકની વેદનાઓ ભોગવીને, નરભવ પામીને પણ, રાંકોના કુળોમાં જન્મે છે. જિંદગી સુધી આજીવિકાનાં દુઃખો ભોગવી, માંસાહાર કરી, પાછા નરકાદિકમાં ચાલ્યા જાય છે.

આ બધા વિધાનોથી સમજી શકાય છે કે, આ જગતમાં સુખ કોઈ આપતું નથી. તેમ દુઃખ પણ કોઈ આપતું નથી જ. પ્રાણીમાત્ર પોતાના સારાં ખોટાં આચરણોથી, સુખ દુઃખ પામે છે. માટે ખરાબને છોડાવી, સારું બતાવનાર કોઈપણ મહાશય મલે, તેની શિખામણ માનવી તે ડાહ્યા માણસની ફરજ છે.

**પ્રશ્ન** : હુશીયાર માણસે બીજાની દોરવણીથી ચાલવું પડે, તે પણ આત્માના વિકાસને જોખમમાં મૂકવા જેવું નથી?

**ઉત્તર** : આખું જગત અજ્ઞાની છે. અપૂર્ણ છે. મનુષ્યમાત્રને અન્યની સહાય લેવી જ પડે છે. એક એકથી અધિક હોય છે. માટે પ્રસંગો પામીને બીજાની સહાય લેવી પડે છે જ.

જુઓ :

**ભૂલા પડેલા અથવા માર્ગના અજાણ મુસાફરને, માર્ગદર્શકની આજ્ઞા પાળવી પડે છે."**

**"રોગને પરવશ પડેલા દર્દી (રોગી)ને વૈદ્ય ડોકટરની સલાહ પ્રમાણે જ વર્તવું પડે છે."**

"હુશીયાર વિદ્યાર્થી (અર્જુન કર્ણ જેવાને) ને પણ, ઉપાધ્યાય, પ્રીન્સીપાળની, આજ્ઞા માનવી પડે છે

"હુશીયાર સૈનિકોને સેનાપતિની આજ્ઞા માન્ય રાખવી પડે છે."

"હુશીયાર ગુમાસ્તાઓ, મુર્ખશેઠની પણ આજ્ઞા પાળે છે. પાળવી પડે છે."

"મહાસતી નારી, પોતાના સ્વામીની, આજ્ઞાનેજ પોતાનું સર્વસ્વ સમજે છે."

"સમુદ્રના મુસાફરો નાવિકની આજ્ઞા પ્રમાણે જ આચરણ કરે છે. બેસે છે."

આવા બધા પ્રકારો માણસોને પોતાની સલામતી માટે, અવશ્ય આદરવા પડે છે. પશુઓ પણ પોતાના હિતાહિતને સમજી માલિકને અનુસરે છે. બકરા, ઘેટાં, ગાયો, ભેંસોનાં ટોળાં માલિકની પછવાડે ચાલે છે. તે ચલાવે તેમ ચાલે છે. આંહીં પોતાના ભલાનું ભાન સમજાય છે.

તેવી જ રીતે જગતના એકાન્ત ઉપકારી અને બદલો લીધા વગર, જગતનું એકાન્ત ભલું કરનારા શ્રીજિનેશ્વરદેવ વીતરાગની, આજ્ઞા, આત્મામાં આવે તો, તે આત્મા સાચી માણસાઈ પામે, તેમાં આશ્ચર્ય શું? કારણ કે તેઓનાં, રાગ દ્વેષ અને અજ્ઞાનતા નાશ પામી ગયાં હોવાથી, તેઓ ભૂલતા જ નથી. માટે જ તેમના બતાવેલા માર્ગે ચાલનારો આત્મા ભૂલો પડતો નથી. કહયું છે કે:

**अणुवकयपराणुग्गहपरायणा, जं जिणा जगप्पवरा । जियरागदोसमोहा य नन्नहा वायिणो तेण ॥१॥**

**અર્થ :** જગતના બધા ઉપકારી, આગળપાછળ બદલાની આશા રાખે છે. કોઈ યશ માટે, પુણ્ય માટે, ભવિષ્યની સહાય માટે, છેવટ નિર્જરા માટે, પણ ઉપકાર કરે છે. જયારે જિનેશ્વરદેવો, કૃતકૃત્ય થયેલા હોવાથી, ઉપકાર પ્રત્યુપકાર, કશું લેવાની જરૂરિયાત વગર કેવળ જગતના જીવોના ઉપકાર માટે જ જિનનામ કર્મ ભોગવે છે.

**પ્રશ્ન :** સૂરિપુંગવો, વાચકવરો, અને મુનિવરોના ઉપકારમાં, પ્રત્યુપકાર લેવાનો આશય હોય ખરો?

**ઉત્તર :** ત્રીજા, ચોથા, પાંચમા પદે, બીરાજેલા પરમેષ્ઠિભગવંતો, ઉપકારની ઈચ્છાવાળા હોય જ નહિ. પરંતુ તે મહાપુરુષોને સંવર નિર્જરા, અને કવચિત પુણ્યબંધ થાય છે. થવાનો હોય છે. જયારે તીર્થંકરદેવો તો કૃતકૃત્ય થયેલા હોવાથી, કેવળ ઉપકાર માટે જ, જિનનામ પુણ્ય ખપાવે છે. તેમને પુણ્ય—સંવર—નિર્જરાની પણ જરૂર નથી.

માટે જ તેમના આઠ મહાપ્રાતિહાર્ય ચોત્રીસ મહાઅતિશયો પાંત્રીસવાણીના ગુણો વિગેરે બધી જ બાહ્યસામગ્રી જગતના જીવોને ધર્મ પમાડવા માટે જ આવી હોય છે.

**પ્રશ્ન :** આ જગતના બીજા બીજા ધર્મપ્રવર્તકો પણ પરોપકાર કરવા માટે જ જન્મધારણ કરે છે. આમ જે કહેવાય છે તે પણ સાચું ખરૂંને. તેઓ કહે છે કે—

**ज्ञानिनो धर्मतीर्थस्य कर्तारःपरमंपदं । गत्वाऽगच्छन्ति भूयोपि भवं तीर्थनिकारतः ॥ १ ॥**

**અર્થ :** ધર્મ તીર્થનાકર્તા=સ્થાપક એવા જ્ઞાની પુરૂષો. મોક્ષમાં ગયા પછી પણ, જગતમાં અંધાધુંધી ફેલાય છે. અસુરોના ત્રાસ વધી પડે છે. ત્યારે પાછા સંસારમાં અવતાર લે છે અને પાપીઓનો નાશ કરીને પાછા મોક્ષમાં ચાલ્યા જાય છે. આ વાતથી તે બધા મહાપુરુષો પણ જગતના અજોડ ઉપકારી ખરા કે નહીં?

**ઉત્તર :** કર્તા, જ્ઞાની, અને તીર્થનો નાશ=તિરસ્કાર, આ બધું જ પરસ્પર વિરોધ સૂચક છે. જો જગતના કર્તા જ્ઞાની હોય તો, તેઓએ જાણી જોઈને અસુરોને બનાવ્યા કેમ? વળી પરમપદ મોક્ષને પામેલા આત્મા નિષ્કર્મા થયેલા મહાશયો, ફરીને સંસારમાં આવે શા માટે? મોક્ષનાં સુખનો સ્વાદ પામેલા મહાગુણી પુરૂષો, સાત ધાતુ અને વિષ્ટા મૂત્રની ખાણ, નારીના શરીરમાં, ઊંધા મસ્તકે લટકવા અવતાર કેમ લઈ શકે ?

જગતકર્તાના ગુણોનાં વર્ણનો લખનારા પંડિતપુરુષોએ પોતે જ વિચાર કર્યો હોત તો, જગતકર્તાને સર્વજ્ઞ માન્યા પછી, મોક્ષમાં જઈને પણ પાછા, જગતના જીવોના દુઃખો મટાડવા, સંસારમાં અવતાર લેનારા વર્ણવાત નહીં. આ બધી પરસ્પરની વિરૂદ્ધ વાતો, સ્તુતિના ગર્ભમાં નિન્દાનેજ ફેલાવનારી થાય છે. એટલું પણ તે મહાશયો કેમ ન વિચારી શક્યા?

**પ્રશ્ન :** ઈશ્વરના જગત કર્તૃત્વને સમર્થન આપનારાં વર્ણનો નિન્દાને વિસ્તારનારાં કેમ કહેવાય?

**ઉત્તર :** ઈશ્વરે જગત શા માટે બનાવ્યું ? દયાળુ ઈશ્વર દ્વારા બનેલું જગત દુઃખી શા માટે? જ્ઞાની અને દયાળુ સર્વજ્ઞ ઈશ્વરે, જગતના શત્રુ રાક્ષસો, રોગો, અને દુષ્કાળો કેમ બનાવ્યા? દયાળુ સર્વજ્ઞ ઈશ્વરે, પરસ્પર વિરોધીપ્રાણીઓને બનાવીને હિંસા જેવાં ભયંકર પાપોને પ્રોત્સાહન કેમ આપાવ્યું?

વળી જગતકર્તા સર્વજ્ઞ દયાળુના રાજયમાં, દુઃખની અધિકતા, પાપની પુષ્કળતા, અને દુર્જનોનું જ પ્રાચુર્ય શા માટે? સુખ, સજ્જન અને ધર્મની અલ્પતા કેમ? જેમ રામ જેવા રાજાઓના રાજયમાં, ધર્મની જ આગેવાની હતી, સજ્જનોથી જ જગત ભરેલું હતું, સુખ, સુભિક્ષ આરોગ્ય, નિર્ભયતા વ્યાપક બનેલાં હતાં.

તો પછી જગતના દયાળુ સર્વજ્ઞ. જગત કર્તાના રાજયમાં, ઉપરનાં બધાં સુખપોષક સાધનોથી જ ભરેલું જગત કેમ નહીં? જો જગતને ઈશ્વરે બનાવ્યું હોય તો અસુરો, દુર્ભિક્ષો, રાક્ષસો રોગોને કોણે બનાવ્યા ? જો ઈશ્વરે જ બનાવ્યા હોય તો, તેમનું સર્વજ્ઞપણું અને દયાળુપણું સત્ય કેમ કહી શકાય? અને અસુરો પોતાની મેળે જ થયા કહેવાય તો, પછી તેમનું જગત્કર્તૃત્વ કેમ માની શકાય? આ બધાં વર્ણનોથી ઈશ્વરની પ્રશંસા પોષાતી નથી પરંતુ નિન્દા અવશ્ય તરી આવે છે.

રામરાજય કોને કહેવાય એ વાંચો.

**"અકાલ મરણ નવ નિપજે, ગર્ભપાત નવ થાય, દુષ્કાળો આવે નહી, રામરાજય કહેવાય." ૧**
**"જુગાર જાર નહી ચોરટા, માંસભક્ષણ નવ થાય, વાજે ઢોલ અમારીનો, રામરાજય કહેવાય." ૨**
**"સંત સતી ઘરઘર વસે, અનાચાર નવ થાય. પશુ માનવ નિર્ભય વસે. રામરાજય કહેવાય." ૩**
**"સ્નેહ સંપ સંસ્કારનું, વાતાવરણ સદાય, માયતાયસમ રાજવી, રામરાજય કહેવાય." ૪**
**"સઘળાં રસ ફલ ધાન્યથી, પૃથ્વીતલ ઢંકાય, કસી ચીજ ખૂટે નહી, રામરાજય કહેવાય." ૫**
**"કુલટા વેશ્યા કેદિઓ, નામ શેષ થઈ જાય, દાન શીલ તપસા ઘણી, રામરાજય કહેવાય." ૬**

વાંચકો સમજી શકે છે, કે આવા ન્યાયસંપન્ન રાજાઓના રાજયમાં પણ દુર્જનો જન્મતા નથી. તો પછી મહાપ્રતાપી ઈશ્વરના રાજયમાં અસુરો, રાક્ષસો, ચોરટાઓ, રંડીબાજો, લાંચીયાઓ અને હિંસક લોકો ઉત્પન્ન થાય એ કેમ બની શકે? કેમ માની શકાય?

જ્ઞાની, દયાળુ, જગત્ કર્તા ઈશ્વર. અસુરોને અને અધમ આત્માઓને સ્વયંપોતે ઉત્પન્ન કરે, અને પુન: તેઓ પોતે, પરમપદ જેવા ઉત્તમસ્થાનને છોડીને, ઉપકાર કરવા માટે અપવિત્રતાની ખાણ, નારીના શરીરમાં અવતાર ધારણ કરે, આવી વાતો પંડિત પુરૂષોને કેમ સાચી લાગે?

**પ્રશ્ન** : તો પછી જૈનોએ સ્વીકારેલા તીર્થંકર પરમાત્મા પણ. નારીની કુક્ષિમાં અવતાર લે છે, એ પણ ગુનો નથી? તેમને પણ પિતા માતા જરૂર હોય છેજ ને?

**ઉત્તર** : જૈનોના તીર્થંકરો ઈશ્વર થઈને, મોક્ષમાં ગયા પછી, અવતાર લેતા નથી. જન્મ, જરા, મરણ, રોગ, શોક, વિયોગનાં કારણ આઠ કર્મ છે. આઠ કર્મના જ કારણે જીવો સંસારમાં ભટકે છે. આઠ કર્મો હોય ત્યાં સુધી જીવ મોક્ષમાં જઈ શકતો નથી. અને આઠકર્મનો ક્ષય કરીને, મોક્ષ પામેલાઓને, પુન: સંસારમાં અવતાર લેવા પડતા જ નથી. આઠ કર્મોના કારણે જ જીવોને જન્મ લેવા પડે છે.

જૈનોએ, એક જ અથવા બ્રહ્મા, વિષ્ણુ, શિવની પેઠે. બે ત્રણ જ ઈશ્વર માનેલા નથી. ઈશ્વરને એક અને જગત-કર્તા પણ માન્યો નથી. જગત કોઈએ બનાવ્યું જ નથી. બનાવ્યું માનવાની દલીલો ટકી શકતી નથી. વળી કૃત્યકૃત્ય થયેલા મહાપુરૂષોને જગતને બનાવવાની ઉપાધિ પણ શા માટે? આ દુનિયામાં વસનારા સંતપુરુષો પણ કોઈનું બુરૂ કરતા નથી. તો પછી પ્રભુ=ઈશ્વર જગતનું બુરૂં કેમ કરે ? પ્રભુ ઈશ્વર પોતે કોઈને મારી નાખવાની બુદ્ધિ કેમ આપે?

**પ્રશ્ન** : તો પછી જૈનોના ઈશ્વરનું સ્વરૂપ કેવું? અને ઈશ્વર કેટલા?

**ઉત્તર** : જૈનો તીર્થને માને છે. તારે તેને તીર્થ કહેવાય છે. સંસારનાં દુ:ખોથી છોડાવે તે તીર્થ કહેવાય છે. આ સંસારના પાપોથી છોડાવનાર ત્રણ વસ્તુ છે. ગણધર ભગવંતો, દ્વાદશાંગીશાસ્ત્રો, અને ચારપ્રકાર સંઘ; આ ત્રણે તીર્થ કહેવાય છે આ ત્રણે પ્રકારના તીર્થને સ્થાપે છે, માટે તીર્થંકર કહેવાય છે.

આવા તીર્થંકરો ભરતક્ષેત્રમાં ૨૪ ચઉવ્વીશ થયા છે. અનંતાકાળે અઢીદ્વીપમાં અનંતી ચોવીસી અને અનંતી વીસી તીર્થંકર થયા છે. એક તીર્થંકર મોક્ષ પધાર્યા પછી, કેટલાક અંતરે બીજા તીર્થંકરો ઉત્તરોત્તર થાય છે. તેઓ પણ આપણા જેવા જ અનાદિ સંસારી જીવ હતા. ભવસ્થિતિ પરિપાકથી ઉપર આવ્યા, અને મહાગુણી અને વીતરાગના, શ્રદ્ધાળુ, જ્ઞાની ત્યાગી, નિસ્પૃહી ગુરૂઓના સમાગમથી ધર્મ પામ્યા.

આત્મા આગળ આવ્યો. ધર્મ સમજ્યો. ઉત્તરોત્તર દોષોનો ઘટાડો અને ગુણોનો વિકાસ થતો ગયો. અહીં **શાન્તિનાથ સ્વામીના આત્માનો ઉત્તરોઉત્તર વિકાસ ટૂંકાણમાં જાણવા યોગ્ય વખું છું.** ૧.લા ભવે **શ્રીષેણ** રાજવી. ધર્મપ્રાપ્તિ. બીજા ભવે **યુગલિક** મનુષ્ય. ત્રીજાભવે **પહેલું સ્વર્ગ**. ચોથાભવે વિદ્યાધર રાજવી **અમીતતેજા**. પાંચમા ભવે **દશમું સ્વર્ગ**. છઠ્ઠા ભવે **અપરાજિત બલદેવ**, ૭મે ભવે **બારમા સ્વર્ગે ઈન્દ્ર**, ૮મા ભવે **વજ્રાયુધ** ચક્રવર્તી, નવમા ભવે ત્રીજું **ગ્રૈવેયક** સ્વર્ગ. ૧૦ મે ભવે **મેઘરથરાજવી**. ૧૧ મે ભવે **સર્વાર્થસિદ્ધ અનુત્તર વિમાન.** ૧૨મેં ભવે **શાન્તિનાથ ચક્રવર્તી** અને **જિનેશ્વરદેવ** થયા.

**પ્રશ્ન** : તો શું કોઈપણ આત્મા જગતનો સ્વામી બની શકે છે?

ઉત્તર : ગુણની અને પુણ્યની સંપૂર્ણતા યાને પરાકાષ્ઠાને પામેલા આત્મા, સ્વપર ઉભયનું ચોક્કસ કલ્યાણ કરનારા હોવાથી, અખિલ બ્રહ્માંડ, ત્રણે જગતના સ્વામી બને છે. તેઓ કોઈના સ્વામી થતા નથી. પરંતુ ગુણસમુદાયથી આક-ર્ષાયેલા આત્માઓ તેમને સ્વામી માને છે. સ્વામી બનાવે છે.

**બીજા** પુણ્ય નહીં પણ ગુણની સંપુર્ણતાને પામેલા, કેવલી ભગવંતો અને સિદ્ધભગવંતો પણ જગતના પૂજય સ્થાને બિરાજેલા ગણાયા છે. **ત્રીજા** પુણ્યની પ્રબળતાના ઉદયથી, ચક્રવર્તીઓ, વાસુદેવો, બલદેવો, તથા બીજા પણ હજારો, લાખોની સંખ્યામાં પૃથ્વી ઉપર થઈ ગયેલા મહાસમ્રાટો, અને બાવા, યોગી, સંત, સન્યાસીઓ પણ જગતમાં ખૂબપૂજાયા છે.

**પ્રશ્ન** : આ ત્રણ પ્રકારમાં તીર્થંકરનો કયા પ્રકારમાં સમાવેશ કરી શકાય છે?

**ઉત્તર** : જિનેશ્વરદેવોના આત્માઓ ધર્મ પામ્યા પછી, ઉત્તરોત્તર મહાનુભાવતાને ખીલવે છે. ઘણું કરીને ધર્મ પામ્યા પછીના પ્રત્યેક ભવમાં આત્માનો વિકાસ વધે છે. કર્મો નબળાં પડવા લાગે છે. ગૃહસ્થપણે પણ ન્યાય સંપન્નતાજ હોય છે. પ્રાય: મનુષ્યના પ્રત્યેક ભવે, નિર્મલ ચારિત્ર આરાધે છે. છેલ્લાના ત્રીજા ભવનું જીવન ખૂબજ ઉચ્ચતર હોય છે. માટે તેઓ મહાગુણી, અને મહાપુણ્ય પુરુષ મનાયા છે.

જેમ પ્રભુ શ્રી મહાવીરદેવના ૨૫ મા ભવમાં, એકલાખ વર્ષ નિર્મલ ચારિત્ર આરાધ્યું, અગિયાર લાખ એંસી હજાર છસો પીસ્તાલીસ માસ ક્ષપણનો તપ કર્યો; દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપની પરાકાષ્ઠાથી આઠ કર્મો ઘણા ખપાવી નાખ્યા. તીર્થંકર નામ કર્મ મહાપુણ્ય બંધાયું. દશમા સ્વર્ગે ગયા. ચ્યવીને મહાવીર પ્રભુ થયા.

તેથી વાંચકો સમજી શકે છે કે છેલ્લા ભવમાંજ સર્વગુણ સંપન્ન થયેલા મહાપુરુષને બુદ્ધિમાન જગતમાં ઈશ્વર તરીકે સંબોધાયા છે. ઓળખાયા છે. જેનો જગતભરને ઉપકાર હોય, તેજ જગતના પૂજય થવાને યોગ્ય છે.

**"મહાગુણી જિનરાજવિણ, ઉપકારી નહીં કોય, વિણ ઉપકાર પૂજા નહીં, જાણે છે સૌ કોય."**

**પ્રશ્ન** : જગત્કર્તા ઈશ્વરનો ઉપકાર શું જેવો તેવો છે? કહ્યું છે કે :

**ઓ ઈશ્વર તું એક છે. સરજ્યો તેં સંસાર, પૃથ્વી પાણી વાયરો તેં કીધા તૈયાર.**

**"ભગવાન જ સ્વર્ગાદિ સુખો આપે છે." "ભગવાનની જ કૃપાથી જીવીએ છીએ." "પ્રભુ ધારે તે કરે છે પ્રભુ મારે તો મરીએ જીવાડે તો જીવીએ."** આ બધા પ્રભુની મહેરબાનીના પુરાવા નથી?

**ઉત્તર** : આ તો બધા ગાંડા માણસોના ગોઠવેલા ગપગોળા છે. જો ઈશ્વરની મહેરબાનીથી સુખ મળતું હોય તો સર્વ સુખી હોવા જોઈએને? કારણ કે આખા જગતનો કર્તા ઈશ્વર છે. એટલે આ સૃષ્ટિ ઈશ્વરની છે. અને ઈશ્વર જગતનો પિતા છે. સમસ્ત પ્રાણીગણ, ઈશ્વરનાં સંતાનો છે. જો આ વાત સત્ય હોય તો, સુખિયા અતિથોડા જ અને દુખિયાઓનો પાર જ નહીં. એમ કેમ? થોડાને જ સુખ આપવા માટે હજારોના, લાખોના, ક્રોડોના અથવા સંખ્યાતીત જીવોના પ્રાણોનો નાશ થાય છે. આવું સમસ્ત જગતના કર્તા ઈશ્વર ચલાવી લે ખરા? ન્યાયી રાજ્યમાં પણ આવો અન્યાય હોઈ શકે ખરો?

**પ્રશ્ન** : ત્યારે સાચા ઈશ્વરનો અર્થ શો? ઈશ્વર કોને કહેવાય? ઈશ્વરનું કર્તવ્ય શું? ઈશ્વરથી જગતને શું લાભ?

ઉત્તર : પ્રાણીમાત્રનું રક્ષણ કરવાની ભાવનાવાળા ઈશ્વર કહેવાય છે. અને નાના કે મોટા, ઝીણા કે સ્થૂલ સર્વ જીવોને બચાવવા માટે જાગતા રહે તે ઈશ્વર કહેવાય છે. મનથી જગતના પ્રાણીમાત્રનું ભલું ચિંતવે છે. **વચનથી પ્રાણીમાત્રને બચાવવાનો ઉપદેશ આપે છે.** કાયાથી કોઈપણ પ્રાણી હણાઈ ન જાય તેવા સાવધાન રહે છે. અને ઉપદેશ પણ સર્વ જીવના રક્ષણનો જ આપે છે. શાસ્ત્રનાં બંધારણ પણ સર્વજીવોની દયા માટે જ હોય છે. તેમનું

પુણ્ય જ એવું હોય છે કે શિષ્યો અને ભક્તો પણ તેમના વચનોને અક્ષરશઃ અનુસરે છે. અને ચૌદરાજલોકના, ચારગતિના, છકાયના, ચોરાસી લાખ યોનીના સર્વજીવોના રક્ષણનો જ પ્રચાર કરે છે.

વાંચો :

**शिवमस्तु सर्वजगतः परहितनिरता भवन्तु भूतगणाः ।**
**दोषाः प्रयान्तु नाशं, सर्वत्र सुखीभवन्तु लोकाः ॥१॥**

**અર્થ** : ભગવાન ફરમાવે છે કે જગતના સર્વજીવો સુખી થાવ. જગતના સર્વજીવો બીજાનું સ્વથી અન્ય સર્વ જીવોનું, હિત ચિંતવનારા, હિત બોલનારા, હિત આચરનારા થાવ. અને સંસારને વધારનારા, હિંસા, અસત્ય, ચોરી, અને મૈથુન વિગેરે દોષો નાશ પામો અને દોષો નાશ થાય તો, અવશ્ય દુઃખો નાશ પામે છેજ, અને સુખો પ્રકટ થાય છે.

**પ્રશ્ન** : કેટલાક કહે છે કે ઈશ્વરમાં ચમત્કારો ખૂબ હોય છે. અથવા ઈશ્વરની લીલાનો પાર નથી. એ બરાબર છે?

**ઉત્તર** : આ વાત સાચી નથી, લીલાઓ, અથવા ચમત્કારો, એ મોહના ચાળા છે. નિર્દોષ આત્માઓમાં, લીલાઓ કે ચમત્કારની જરૂર નથી. રાગ અને દ્વેષ આ બેજ સંસારરૂપ મહામહેલના થાંભલા છે. લીલાઓ એ રાગદ્વેષની હાજરીનાં સૂચન છે. રાગદ્વેષના સંપૂર્ણ નાશથી જ આત્મા પરમાત્મા બને છે. પરમાત્મામાં સર્વજ્ઞતા અને વીતરાગતા, બે શકિતઓ પ્રકટ થાય છે. આ બે શકિત વડે સાક્ષાત પણ અબજો જીવોનું અને પરંપરાએ અનંતા જીવોનું કલ્યાણ થઈ જાય છે. માટે જ તેઓ ઈશ્વર થવાને યોગ્ય છે. **કલિકાલ સર્વજ્ઞ ફરમાવે છે કે :**

**इमां समक्षं प्रतिपक्षसाक्षिणा–मुदारघोषामवघोषणां ब्रुवे ।**
**न वीतरागात् परमस्ति दैवतं नचाप्यनेकान्तमृते नयस्थितिः ॥१॥**

**અર્થ** : જગતભરમાં વસેલા પ્રત્યેક દર્શનકારોને ઉદ્‌ઘોષણા કરીને જણાવું છે કે, વીતરાગ અરિહંત સિવાય જગતમાં બીજો કોઈ દેવ થવાને યોગ્ય નથી. અને અનેકાન્તવાદ સિવાય કોઈ સિદ્ધાન્ત નથી.

(ઈતિ અ. વ્ય. શ્લો. ૨૮)

**પ્રશ્ન** : અનેકાન્તવાદ એટલે શું? દેવગુરૂધર્મનો પણ નિર્ણય ખરો કે નહીં?

**ઉત્તર** : અમે જૈનો, **નિત્ય ઈશ્વરને** માનતા નથી. ઈશ્વરને જગતનો કર્તા માનતા નથી. તેથી જૈનેતરોએ કલ્પેલાં, ઈશ્વરનાં વર્ણનો પણ, જૈનોને માન્ય નથી. જૈનેતરો વેદને અપૌરુષેય માને છે. તેઓ કહે છે કે વેદને કોઈએ બનાવ્યો નથી. આ વાત પણ યુકિતથી, અસંગત હોવાથી, જૈનો માનતા નથી. વળી તેઓ બ્રાહ્મણોને જ ગુરૂઓ માનવા સમર્થન કરે છે. આ વાત કેમ માની શકાય

**"ગુરૂજી ગુરૂજી બોલે સૌ, ગુરૂને ઘેર બેટા ને વહુ, ગુરૂને ઘેર લક્ષ્મી ને ઢોર. અખો કહે આપે કોટવાળ અને આપે ચોર."**

તેમના જ ધર્મમાં જન્મેલા, અખા ભગત જેવા, અનેક વિદ્વાનોએ બ્રાહ્મણો અને બાવાઓના ભવાડા જાહેર કર્યા છે. તે ભોજાભગતના ચાબખા વિગેરે વાંચનાર સમજી શકે છે. તથા વેદમાં વિધાન કરાએલી હિંસા પણ ધર્મ છે. આવી વાતો જૈનો કેમ માને? અને આવાં વિધાનોને ન માને તેમને નાસ્તિકો કહેવા તે શું માણસાઈ કહેવાય?

જૈનો તો ગુણના પૂજારી હતા અને છેજ. જૈનો કૃષ્ણમહારાજને ભવિષ્યના જિનેશ્વરદેવ માને છે. તેમજ અજૈનોએ મહાદેવ તરીકે માનેલા, સત્યકી વિદ્યાધરને પણ, ભવિષ્યના જિનેશ્વર દેવ માનેલા છે. તથા રામચંદ્ર મહારાજ અને હનુમાનજી જેવા મહાપુરુષોને જૈનો બારે માસ ભજે છે. માત્ર જૈનોની પદ્ધતિ ગુણની પૂજાને અનુસરે છે. વ્યકિતને નહિ. જેથી કહયું છે કે :

**गता ये पूज्यत्वं, प्रकृतिपुरुषा एव खलु ते । जना दोषत्यागे-जनयत समुत्साहमतुलं ।**
**न साधूनां क्षेत्रं न च भवति नैसर्जिकमिदं । गुणान् योयो धत्ते सस भवति साधुर्भजत तान् ॥१॥**

આ સમગ્ર જગતમાં જેટલા પૂજયપદને પામ્યા છે. તે બધાજ પહેલા સાધારણ પુરૂષો જ હતા. જેમ જેમ ગુણો વધતા ગયા, તેમ, તેમ સજ્જન, સંત, સાધુ, સૂરિ, વિગેરે મોટા સ્થાન પામતા ગયા. દોષનો ત્યાગ થાય તોજ ગુણો આવે છે. **અથવા** ગુણો આવ્યાથી દોષો ઘટવા શરૂ થાય છે. સાધુ પુરુષો અમુક કુટુંબમાં કે અમુક વંશમાંજ થાય એવું ચોક્કસ નથી.

**"નિશાળના બાળક બધા, પહેલા સૌ અજ્ઞાન, પણ વિદ્યાઅભ્યાસથી, બને મહાવિદ્વાન" ૧**
**"બહુ પુસ્તક—અનુભવ મળે, મહામાત્ય પણ થાય, સદ્‌ગુરુના સહયોગથી જડ પણ જ્ઞાની થાય. ૨**
**"દિનકરદેવ પ્રકાશથી અંધકાર ક્ષય થાય, અનુભવ જ્ઞાનપ્રકાશથી દોષધ્વાન્ત ક્ષય થાય." ૩**

આ વર્ણનથી સમજી શકાય છે કે દેવ ગુરૂ ધર્મનો અસદ્‌ગ્રહ, જૈનો માનતા નથી. પરંતુ સુવર્ણની પેઠે કષ, તાપ અને છેદથી પરીક્ષા કરીને શુદ્ધ દેવ, ગુરૂ,ધર્મને ચોક્કસ સ્વીકારે છે.

આવા વિધાનોથી વાચકો સમજી શકે છે કે, જૈનોએ દેવ—ગુરુ—ધર્મ ત્રણેને પરીક્ષા કરીને જ આદર્યા છે. આંહીં જાતિ—વ્યકિતને જ આદર નથી. પરંતુ ગુણને જ આદર છે. ગુણનો રાગ, ગુણની ઓળખાણ અને ગુણનો આદર પ્રકટ દેખાય, તેને જ ગુરુ માન્યા છે. ગુણોની સંપૂર્ણતા હોય, તેમને જ દેવ, માન્યા છે. અને સમ્યગ્‌દર્શન—જ્ઞાન—ચારિત્ર—ગુણોને જ ધર્મ મનાયો છે.

પ્રશ્ન : **દેવ, ગુરુ, ધર્મ**ની માન્યતામાં અનેકાન્તવાદ ખરો?

**ઉત્તર :** જરુર. આંહીં જિનમૂર્તિને ચોક્કસ માનવી. પરંતુ અજૈનોએ સ્વાધીન કરેલી જિનપ્રતિમાને માનવી નહીં. ગુણોની પરાકાષ્ટા હોય, તેમનું ધ્યાન કરવું. મનમાં નમસ્કાર કરવા, પણ ગૃહસ્થના વેશમાં કેવળ જ્ઞાની હોય તો, સાક્ષાત્‌ પ્રણામ કરવા નહીં. છઠ્ઠા, સાતમા ગુણઠાણે રહેલા મનુષ્ય લોકના સાધુઓને પ્રણામ થાય છે. તેમાં સાધ્વીજી પણ ગુણઠાણા પામેલાને પ્રણામ થાય છે. પરંતુ ગૃહસ્થ શ્રાવક, સાધ્વીજીને, ખમાસણાં આપે નહીં.

આવતી ચોવીસીમાં થનારા જિનેશ્વરદેવોને વર્તમાન સાધુઓ વંદન કરે છે. પરંતુ વિદ્યમાન શ્રેણિક કૃષ્ણ—સત્યકીને—નેમનાથસ્વામી કે મહાવીરસ્વામીના સાધુઓ વાંદે નહીં. નમો સિદ્ધાણં તરીકે રામ, હનુમાનને જૈનો ચોક્કસ વંદન કરે છે. પરંતુ જૈનો રામનામનો જાપ કરે નહિ. મહાશીલવ્રતધારીને નમસ્કાર કરનારો સુશ્રાવક. સોના જેવી પોતાની પત્નીને પગે લાગે નહિ. આવા આવા વિચારો વડે અમારો અનેકાન્તવાદ ગાજતો છે જ.

વલી પણ શ્રી. જિનેશ્વરદેવો કેવળ જ્ઞાન પામી ત્રણ પદો પ્રકાશે છે. **ઉપન્નેઈવા, વિગમેઈવા, ધુવેઈવા,** આ સ્થાને ત્રણપદોમાં જગતના સર્વપદાર્થોનું વર્ણન કર્યું છે. અને જગતના સર્વપદાર્થોને નિત્યાનિત્ય બતાવ્યા છે.

**પ્રશ્ન :** ઉત્પન્ન વસ્તુનો નાશ ચોક્કસ થાય છે. તેથી ઉત્પન્ન અને વિગમ તો બરાબર છે. પરંતુ નિત્ય કેમ કહેવાય?

**ઉત્તર :** જેમ સુવર્ણના એક ટુકડામાંથી મુકુટ બને છે. તેની જરુર ન હોય તો મુકુટનો નાશ કરીએ કુંડલ કે કડાં બનાવાય છે. તેની પણ જિર્ણતઃ થતાં ભાંગી, ગાળી, કંદોરો કટિમેખલા બનાવે છે. આ જગ્યાએ મુકુટ, કડાંકુંડળ, આકારોનો નાશ થવા છતાં સુવર્ણ કાયમ રહે છે. એક વસ્તુ કાયમ રહે છે પર્યાયો નાશ પામે છે.

તથા નાનું જન્મેલું બાળક—બચ્ચું—બાબલો—દશ—બાર વર્ષે વિદ્યાર્થી, અઢાર વીસ વર્ષે યુવાન, પચીશ ત્રીશ વર્ષે છોકરાનો બાપ, પચાસ વર્ષે દાદો થાય છે. પૂર્વ પૂર્વ પર્યાયો અદ્રશ્ય થાય છે. અને નવા નવા પર્યાયો ઉત્પન્ન થાય છે. અને વ્યકિત કાયમ રહે છે.

**પ્રશ્ન .** એક જ વસ્તુમાં વિરુદ્ધ ધર્મો કેમ રહી શકે? જેમ એક જ વસ્તુમાં અસ્તિ બરાબર છે. પરંતુ નાસ્તિ કેમ?

**ઉત્તર :** એક ચાલીશ વર્ષનો માણસ છે. તેની પાસે પાંસઠ વર્ષનો વૃદ્ધ બેઠો છે. આ બેની અપેક્ષાએ ચાલીશ વર્ષના માણસમાં પુત્રત્વ ધર્મ છે. હવે પાંસઠ વર્ષનો વૃદ્ધ ગયો અને વીશ વર્ષનો છોકરો આવ્યો. આંહીં ચાલીશ વર્ષનો માણસ પિતા ગણાય છે. તેથી ચાલીશ વર્ષના માણસમાં પુત્રત્વ અને પિતૃત્વ બને વિરોધીધર્મો રહે છે.

એક ૨૦—૨૫—૩૦ વર્ષની કોઈ સ્ત્રી છે. તેની પાસે એક પુરુષ ઊભો છે, તે તેણીનો સગો ભાઈ થાય છે. તે ગયો અને તેવો જ બીજો આવ્યો તે તેણીનો પતિ છે. આંહીં એક જ સ્ત્રીમાં પત્નીપણું અને ભગિનીપણું રહેલું છે. આવી રીતે પ્રત્યેક ધર્મો વિચારી શકાય છે.

તેમ આત્મામાં પણ મનુષ્યપણું, દેવપણું, નારકીપણું, પશુપણું, વિગેરે અનંતાપર્યાયો થયા છે, તેથી મરણો પણ થયા છે. અને જન્મો પણ થયા છે. આપણો જીવ કોઈ જગ્યાએથી મરીને જ ચાલુ જન્મ પામ્યો છે. હવે પછી મરણ પણ નક્કી છે. અને પુનઃ જન્મ પણ ચોક્કસ છેજ. તો પણ આત્મા તો, અનંતકાળથી હતો, છે અને રહેવાનો છે.

તથા જગતના તમામ પુદ્ગલ દ્રવ્યો, પરમાણુરુપે નિત્ય છે. તેના સ્કન્ધો અનિત્ય છે. તેજ પ્રમાણે મેરૂપર્વતાદિક મૂલસ્વરુપે નિત્ય હોવા છતાં તેમાંથી પરમાણુઓનાં ગમનાગમન, નાશ ઉત્પત્તિ ચાલુ હોવાથી નિત્યાનિત્ય સમજાય છે.

શ્રીવીતરાગશાસન ન સમજે તેવાઓ, ગમે તે બોલે, અથવા ઠીક લાગે તેમ કલ્પે. પરંતુ વાસ્તવિક અનેકાન્તવાદને સમજનાર પંડિત પુરૂષોએ એકાન્તવાદને ફેંકી દીધો છે. વાંચો--

> **"વચનનિરપેક્ષવ્યવહાર જૂઠો કહયો, વચન સાપેક્ષ વ્યવહાર સાચો,**
> **વચન નિરપેક્ષ વ્યવહાર સંસારફળ સાંભળી આદરી કાંઈ રાચો." ઈતિ આનંદઘનજી મ.**

**અર્થ :** જગતમાં જેટલા અપેક્ષા વગરના વ્યવહાર ચાલે છે. આવા એકાન્તનિશ્ચયાત્મક વ્યવહારો છે, તે બધા ખોટા જાણવા, આવા વ્યવહારો સાંભળનારા કે આચરનારા કયારે પણ માન પામતા નથી. અને સાપેક્ષવાદને સમજનારા અને આચરનારા આ સંસારમાં સુખી થાય છે. સ્વપરનું કલ્યાણ કરી શકે છે. શાસ્ત્રોનાં રહસ્ય પામે છે. આ બધા અનેકાન્તવાદ સ્યાદ્વાદ અથવા સાપેક્ષવાદ એકાર્થ છે તથા આદરવા યોગ્ય છે. એકાન્તવાદ અથવા નિરપેક્ષવાદ સંસાર વધારનારા હોઈ ત્યાગવા યોગ્ય છે.

**હવે જૈનોએ માનેલા ઇશ્વરની સમજણ :** શ્રીજિનેશ્વરદેવોના આત્માઓ, ભવસ્થિતિનો પરિપાક પામવાથી, ઉપર આવીને આરાધનામાં જોડાય છે. તેમાં કોઈ ત્રણ જ ભવો કરીને અથવા સાત, નવ, દશ, બાર, તેર ભવો

સુધી પણ સંસારમાં રહેવા છતાં, દોષોનો નાશ અને ગુણનો વિકાસ પામતા, છેલ્લાના ત્રીજા ભવે, જિનનામકર્મ મહાપુણ્ય નિકાચિત કરે છે. સાથે બીજાં પણ બધાં જ શુભ પુણ્યો બાંધીને, દેવલોકમાં પધારીને, મનુષ્યક્ષેત્રમાં તીર્થંકર તરીકે જન્મે છે.

**પ્રશ્ન** : પ્રભુજી જન્મે ત્યાંથી જ તીર્થંકર કહેવાય છે ?

ઉત્તર . કેવલજ્ઞાન થયા પછીજ રસોદયથી જિનનામ મહાપુણ્ય અનુભવે છે. પરંતુ પ્રદેશોદયતો, નિકાચિત થયા પછી, અન્તર્મુહૂર્તે શરૂ થઈ જાય છે. તેથી મંદવિપાકોદય છેલ્લા ત્રીજા ભવથી શરૂ થવાથી, પહેલાં ત્રણ જ્ઞાન સહચારી બને છે. તેથી જનનીની કુક્ષિમાં પણ ત્રણ જ્ઞાનસહિત અવતરે છે. કૂક્ષિમાં અવતાર પણ કલ્યાણક બને છે. દેવો " શક્રસ્તવ વડે સ્તવના " કરે છે. જન્મક્ષણે ૫૬ દિકકુમારીઓ આવીને માતા પુત્રનું સૂતિકાર્ય કરે છે. તત્કાળ પહેલા સ્વર્ગના ઈન્દ્ર આવી, પાંચ રુપ કરી, પ્રભુજીને મેરૂ ઉપર લઈ જાય છે. અને ત્યાં મોટા આડંબરથી જન્માભિષેક કરે છે.

ચોસઠે ઈન્દ્રો અને ચારે નિકાયના સંખ્યાતીત દેવદેવી મલી, પ્રભુજીનો જન્માભિષેક કરે છે.

**પ્રશ્ન** : પ્રભુજીને આટલા મોટા જળ સમુદાયથી સ્નાન કરાવે. તે પાણીનો પ્રવાહ કેટલો મોટો બને ? અનેક નદીઓ સર્જાય તેટલા પાણી વડે, હજારો ગામો તણાઈ જાય. માણસો, પશુઓ ખેંચાઈ જાય. આંહીં એક રેલસંકટથી પણ હજારો માણસો ઘરબાર વગરનાં થાય છે. જાનમાલ વિનાશ પામે છે. તો પછી ઉપર મુજબ પ્રભુજીની ભક્તિથી, રેડાએલા પાણીથી, કેટલો ગજબનાક ત્રાસ વર્તાયો હશે ?

**ઉત્તર** : શ્રી જિનેશ્વરદેવના આગમો અને ગ્રન્થોના અનુભવી આત્માઓને, આવી શંકા થાય જ નહીં. શ્રીજૈન શાસનની પ્રત્યેક વાતો પાયા સહિત જ હોય છે. પ્રરુપકપુરુષો જ્ઞાની અને શ્રદ્ધા સંપન્ન હોવાથી, અનર્થમૂલ વાતો લખે જ કેમ ? વળી જગતના એકાન્ત ઉપકારી, જિનેશ્વર દેવોની ભકિતમાં, પાપો લાગે તેવાં, આચરણો જ કેમ સર્જાય ?

**પ્રશ્ન** : એક ક્રોડ અને સાઠ લાખ કળશો વડે પ્રભુજીને સ્નાન કરાવ્યાની વાતો, જગજાહેર છેજ. અને આટલા જલપ્રવાહથી ક્રોડો જીવો તણાઈ જાય, એમ માનવામાં આવે તે સાચું કેમ નહિ ?

**ઉત્તર** : મહાશય ? આપનું વાંચન, અગર આપની સમજણ અધુરી જણાય છે. તમે પ્રભુજીના સ્નાત્રની વાત વાંચી. પરંતુ તે સ્થાનને ધ્યાનમાં લીધું નથી. પ્રભુજીને મેરૂપર્વત ઉપર, તમામ જીવાકુલતા રહિત પાંડુકંબલા **વેદિકા ઉપર;** અભિષેક થાય છે. જ્યાં વિકલેન્દ્રિયજીવો પણ ઉત્પન્ન થતા નથી. મેરૂપર્વતની ઊંચાઈ, એક લાખ યોજનની, અને પહોળાઈ દશ હજાર યોજનની હોય છે.

**પ્રશ્ન** : આ યોજનનું માપ કેટલું સમજવું ?

**ઉત્તર** : જૈન શાસનમાં માપના ત્રણ પ્રકારો બતાવ્યા છે. પ્રથમ પ્રમાણઅંગુલ, બીજાુ આત્મઅંગુલ, ત્રીજું ઉત્સેધ અંગુલ. આઠ **લીક્ષા**ની એક **યૂકા** થાય છે. આઠ યૂકાનો એક **યવ.** (યવધાન્યનો મધ્ય ભાગ) એવા આઠ યવ મધ્યનો એક આંગુલ થાય છે. ચોવીશ આંગુલની એક રત્ની (હાથ) થાય છે. ચાર હાથનો એક ધનુષ થાય છે. બે હજાર ધનુષનો એક ગાઊ થાય છે. અને ચાર ગાઊનો એક યોજન થાય છે. આ ઉત્સેધ આંગુલનું યોજન કહેવાય છે.

આવા ચારસો યોજનનો એક પ્રમાણ આંગુલ બને છે. પહેલા જિનેશ્વર વૃષભદેવ સ્વામીનું શરીર પાંચસો ધનુષ પ્રમાણ હતું, તે તેમના પોતાના હસ્તમાપથી સાડાત્રણ હાથનું=સાતવેંતનું હોય છે. પરંતુ આપણા શરીરથી પાંચસો ગુણું મોટું જાણવું. અને ત્યાર પછી અજિતનાથ સ્વામીથી મહાવીર સ્વામી સુધી, શરીરપ્રમાણ ઘટતું ગયું. તે બધાં આત્મ અંગુલ જાણવાં. હવે જેટલા જગતમાં શાશ્વતપદાર્થો મેરૂપર્વત વિગેરે તથા દેવોનાં વિમાનો, દેવભવનો, નરકાવાસા, જંબુદ્વીપનું વિગેરે દ્વીપ સમુદ્રોનાં પ્રમાણો આવા બધાજ શાશ્વત પદાર્થોનું પ્રમાણ, પ્રમાણ અંગુલના માપથી સમજવું.

અને દેવોનાં મનુષ્યોનાં શરીરો અથવા બીજી પણ આશાશ્વતી વસ્તુઓ વિગેરે, ઉત્સેધ આંગુલથી મપાય છે. અને અયોધ્યા વિગેરે નગરીઓનાં માપ, તે તે સમયના આત્મઆંગુલથી માપ થાય છે. મેરૂપર્વતની ઉંચાઈ શોલસો ગાઉના એક યોજન પ્રમાણે જાણવી. તેથી **જિનેશ્વરદેવના અભિષેકના જળના પ્રમાણથી, પણ મેરૂપર્વતની માટીનું પ્રમાણ ઘણું મોટું હોવાથી પાણીનો પ્રવાહ માટીમાંજ શોષાઈ જાય છે.**

**પ્રશ્ન** : મેરૂપર્વતને કયા લોકમાં ગણી શકાય છે?

**ઉત્તર** : મેરૂ પર્વત ત્રણ લોકમાં ગણાયો છે. એક હજાર યોજન જમીનમાં હોવાથી, સો યોજન પાતાળમાં ગણાય છે. અને અઢારસો યોજન તિર્શ્છાલોકમાં ગણાય છે. તથા અઠ્ઠાણુહજાર અને સો યોજન ઉર્ધ્વલોકમાં સમજવો.

તથા મેરૂપર્વતની ઉત્તરદક્ષિણ દિશામાં ઉત્તરકુરુ અને દેવકુરૂ એવાં બે, ઘણાં મોટાં, અને ત્રણ ગાઊના શરીરવાળાં, યુગલિક મનુષ્યોથી ભરેલાં ક્ષેત્રો છે. જેમાં વસેલાં પશુઓ પણ, છગાઉના શરીરવાળાં હોય છે. આવા વિશાળ કાયધારી મનુષ્યો, અને પશુઓને રોગો કે અકાળ મરણના ઉપદ્રવો લાગતા નથી. કારણ કે તેઓ નિરૂપક્રમ આયુષવાળા હોય છે.

**પ્રશ્ન** : મેરૂપર્વત ઉપર બેત્રણ ચાર ઈન્દ્રિયવાળા જીવો કેમ ન હોય?

**ઉત્તર** : વિકલેન્દ્રિયજીવો તિર્શ્છાલોક સીવાય ઉર્ધ્વ અધોલોકમાં ઉત્પન્ન થતા નથી. તથા ૩૦ યુગલિક ક્ષેત્રો, ૫૬ અન્તર્દ્વીપોમાં, તથા ભરત ઐરવતમાં ૧૮ કોટાકોટિ સાગરોપમ યુગલિકકાળ હોવાથી વિકલેન્દ્રિયજીવો ઉત્પન્ન થાય નહીં.

**પ્રશ્ન** : છતાં આવા જગતના એકાન્ત ઉપકારો, સર્વજીવોની દ્રવ્ય—ભાવદયાના સમુદ્ર. જિનેશ્વર દેવોના જન્મસ્નાત્રમાં આટલો મોટો પાણીનો જથ્થો વપરાય તે શું વ્યાજબી છે?

**ઉત્તર** : અનંતા તીર્થંકરો અને ગણધરો સર્વજ્ઞ થઈ, મોક્ષમાં ગયા છે. તે સર્વજિનેશ્વરોના મેરૂપર્વત ઉપર અભિષેક થયા છે. અભિષેક કરનારા ચાર નિકાયના દેવો હોય છે. તેઓ પણ મહાબુદ્ધિશાળી, અને પોતાના આત્માનું કલ્યાણ ઈચ્છનારા અને પામનારા હતા. આવો વિધિ નવો નથી. કલ્પિત નથી. શાશ્વતિક છે. ખોટો હોય તો ચાલુ કેમ રહે?

જે વિધિ કર્મબન્ધનું કારણ હોય. તેને સર્વજ્ઞ વીતરાગ તીર્થંકર દેવો ચાલવા કેમ આપે? ગણધરદેવો પણ પ્રથમ દિવસથી જ શ્રુતકેવલી હોય છે. સર્વજ્ઞ થઈને જ મોક્ષ પધારે છે. આવો વિધિ. તેઓ દ્વાદશાંગી શાસ્ત્રોમાં પેસવા કેમ દે? ત્યાર પછી સૂરિ વાચક અને મુનિ ભગવંતો. પણ ભવના ભીરૂ. શાસ્ત્રોના પારગામી, અલ્પકાળમાં મોક્ષ પધારનારા. પોતાના શાસ્ત્રોમાં ગુંથે શા માટે? પ્રરુપણા કરેજ કેમ? એટલે વીતરાગશાસનની કોઈપણ પ્રરૂપણા કે ક્રિયા જ્ઞાનિઓની આજ્ઞા મુજબ હોવાથી, ગીતાર્થોએ આચરેલી હોવાથી, નિન્દવા યોગ્ય નથી. પરંતુ ઉત્તરોત્તર રત્નત્રયીના રુપમાં પરિણમી મોક્ષની નજીકમાં અને મોક્ષમાં પહોંચાડે છે.

**પ્રશ્ન** : તથા કહેવાય છે કે, હેમચંદ્રસૂરિ મહારાજ. પ્રભાસપાટણ પધાર્યા ત્યારે. કુમારપાળ રાજાના દાક્ષિણ્યથી, સોમનાથ મહાદેવને નમ્યા છે. તથા સ્તુતિ પણ કરી છે. આ વાત સાચી છે?

ઉત્તર : કલિકાલ સર્વજ્ઞની સ્તુતિ વાંચનાર મહાશય સ્વયં સમજી શકે છે કે. આ સ્તુતિ અજૈનોએ સ્વીકારેલા ગૌરીપતિ મહાદેવની છે કે, મહાદેવપણું ઘટી શકે તેવા દેવાધિદેવની છે.

**महत्वाद् ईश्वरत्वाच्च, यो महेश्वरतां गतः । राग–द्वेषविनिर्मुक्तं वन्देऽहं तं महेश्वरं ॥ १ ॥**
**रागद्वेषौ महामल्लौ, दुर्जयौ येन निर्जितौ । महादेवं तु तं मन्ये, शेषा वै नामधारकाः ॥ २ ॥**
**नमोस्तु ते महादेव ? महामदविवर्जितः । महालोभविनिर्मुक्तः महागुणसमन्वितः ॥ ३ ॥**
**भवबीजांकुरजनना, रागाद्याःक्षयमुपागता यस्य । ब्रह्मा वा विष्णुर्वा हरो जिनो वा नमस्तस्मै ॥४॥**

**અર્થ** : ત્રણે જગતમાં મહાન હોવાથી, અથવા કેવલજ્ઞાનલક્ષ્મી વડે, ઐશ્વર્યવાન હોવાથી વળી અષ્ટમહાપ્રાતિહાર્ય, ચોત્રીશ અતિશય, અને અંગમાં એક હજાર આઠ લક્ષણો, આદિ પ્રત્યેક સામગ્રી વડે આપ મહાન અને જગતના ઈશ્વર હોવાથી, રાગદ્વેષથી મુક્ત બનીને, મહાઈશ્વરપણાને પામેલા મહેશ્વરને હું વાંદું છું. (૧)

વળી જગતના પ્રત્યેક દેવોને હરાવનાર અને કોઈથીપણ નહીં જિતાએલા, મહામલ્લ જેવા, રાગદ્વેષને જેમણે જિત્યા હોય, તેને જ હું મહાદેવ માનું છું. અને બીજા કોઈ પોતાને મહાદેવ કહેવડાવતા હોય, તેમને તો હું નામધારી જ મહાદેવ માનું છું." (૨)

વળી મહામદ અને મહાલોભથી મુક્ત થયેલા અને મહાગુણયુક્ત હોય, તેવા હે મહાદેવ આપને મારા નમસ્કાર થાઓ. (૩)

વળી સંસારનાં કારણ હિંસાદિ અઢાર મહાપાપો, તેનાં કારણ રાગદ્વેષ ક્રોધમાનાદિ. જેનામાંથી નિર્મુળ નાશ પામ્યાં હોય. એવા બ્રહ્મા, વિષ્ણુ મહાદેવ કે જિનરાજ કોઈપણ હોય, તેને હું નમસ્કાર કરું છું. (૪) ઈતિમહાદેવ સ્તોત્ર શ્લોક ૨/૫/૮/૪૪

આ આખું મહાદેવ સ્તોત્ર વાંચવાથી, જૈન, અજૈન પ્રત્યેકને આનંદ થાય તેવું, મહાદેવપણાનું સ્વરુપ બતાવ્યું છે. જેને જાણવાથી તટસ્થ આત્માઓની ભ્રમણા દૂર થયા વિના રહે નહીં.

**તથા જિનેશ્વરદેવોના પ્રદેશોદય જિનનામકર્મ મહાપુણ્યોદયથી, નીચે મુજબ બનાવો બને છે.**

પ્રભુજીનું ચ્યવન (જનનીની કુક્ષિમાં અવતરવું) જન્મ દીક્ષા, કેવલજ્ઞાન અને નિર્વાણ આ પાંચે મોટા બનાવોને કલ્યાણક તરીકે મનાયાં છે. દેવો, ગાંધર્વો ઉજવણી કરે છે. ચૌદરાજલોકમાં પ્રકાશ થાય છે. નિત્ય દુખિયા નારકીઓ અને પાંચે સ્થાવરો વિગેરે સમગ્ર લોકમાં આનંદાદ્વૈત ફેલાય છે. રાજાધિરાજની માનીતી રાણીની કુક્ષિમાં પ્રભુજી અવતરે છે. માતાજી ચૌદ સ્વપ્ન જુએ છે.

પ્રભુજીના માતા પિતાનું ઘર ધનધાન્યથી ભરાઈ જાય છે. પ્રભુજી જન્મીને પણ જનનીને ધાવતા નથી. પરંતુ સુર સંચારિત પીયૂષપૂર્ણ જમણા હાથનો અંગુઠો ચૂસે છે. પ્રભુજીનાં આહાર નીહાર અદ્રશ્ય રહે છે. શ્વાસોશ્વાસ કમળ જેવો મહાસુગંધી હોય છે. કાયા શ્વેદ મળ અને રોગ વગરની હોય છે. શરીરનાં રુધિરામિષ શ્વેત હોય છે.

**પ્રશ્ન** : સમસ્ત પ્રાણીગણનું રુધિરામિષ રકતઃલાલ હોય છે. જ્યારે શ્રી તીર્થંકરદેવોના શરીરમાં લોહી અને માંસ શ્વેત હોય છે એ કેમ માની શકાય ?

**ઉત્તર** : કોઈપણ સ્ત્રી જનની થયા પહેલાં તેના સમગ્ર શરીરમાં રુધિરમાંસ રકત હોય છે. પરંતુ તે બાળા માતા થાય છે, ત્યારે બાળક ઉપરના વાત્સલ્યના કારણે, લોહીના પરમાણુઓ દૂધમાં પરિણમી જાય છે. તેમ પ્રભુજીનો આત્મા જગતના સર્વજીવોના રક્ષણના પરિણામથી અપ્રમાણ કરુણારસના યોગથી, જિનનામ મહાપુણ્ય બાંધતા હોવાથી, પ્રાણીમાત્રના વાત્સલ્ય ભાવથી જ તીર્થંકરોનું શરીર ઉજ્વળ રુધિરામિષવાળું હોય છે.

પ્રશ્ન : પ્રભુજીને સુરગિરિ ઉપર જન્માભિષેક થાય છે, તેનાં શાસ્ત્રીય પ્રમાણો હોય તો બતાવો?

ઉત્તર : હજારો વર્ષની પ્રાચીન અને સમગ્રશ્રીસંઘને માન્ય મોટી શાન્તિમાં ચોખ્ખો પાઠ છે. જુઓ :

**भोभो भव्यलोका इहहि भरतैरावतविदेहसंभवानां समस्ततीर्थकृतां जन्मन्यासनप्रकम्पानन्तरमवधिना विज्ञाय सौधर्माधिपतिः सुघोषाघंटाचालनानन्तरं सकलसुरासुरेन्द्रैः सह समागत्य सविनय महंद्‌भट्टारकं गृहित्वागत्वा कनकाद्रिशृगे विहितजन्माभिषेकः शान्ति–मुद्‌घोषयति ॥**

અર્થ : હે ભવ્યજીવો, તમે સાંભળો આ સમયક્ષેત્રમાં ભરત ઐરવત મહાવિદેહ ક્ષેત્રોમાં જન્મ પામનારા બધા જ જિનેશ્વરદેવોના જન્મસમયે, આસનપ્રકંપ થવાથી, અવધિજ્ઞાનથી જાણીને, સૌધર્મદેવલોકના સ્વામી, સૌધર્મેન્દ્ર, સુઘોષા ઘંટા વગડાવીને બધા સુરાસુરેન્દ્રો સાથે આવીને, તુરતના જન્મેલા અરિહંત ભટ્ટારકને વિનયપૂર્વક ગ્રહણ કરીને, મેરૂપર્વત ઉપર લઈ જઈને, પ્રભુજીને સ્નાન કરાવીને, શાન્તિની ઉદ્‌ઘોષણા કરે છે.

આ ઉપરાંત ત્રિષષ્ટીશલાકાપુરુષ ચરિત્રોમાં ચોવીસે ભગવાનના જન્મસ્નાત્રનું વર્ણન બતાવ્યું છે. સ્નાતસ્યાની સ્તુતીમાં, નેમિચંદ્રસૂરિ મહારાજ અને ગુણચંદ્રસૂરિ મહારાજ પ્રણીત મહાવીરચરિત્રોમાં બીજાં પણ, સુપાસનાહચરિયં, ચંદ્રપ્રભસ્વામીચરિત્ર, વાસુપૂજ્ય સ્વામીચરિત્ર, વિમળનાથસ્વામીચરિત્ર, શાન્તિનાથસ્વામી, મલ્લિનાથસ્વામી, મુનિ સુવ્રતસ્વામી, નેમનાથસ્વામી, પાર્શ્વનાથસ્વામીના ચરિત્રકારોએ તથા કલ્પસૂત્ર પાંચમા વ્યાખ્યાનમાં આ બધા સ્થાનો પર એકધારૂં જન્મસ્નાત્રનું વર્ણન બતાવ્યું છે.

આ સિવાય, ગુર્જર કવિઓના પંચકલ્યાણ સત્તાવીસભવ હાલરડાં, આવાં અનેક કાવ્યોમાં તથા સ્નાત્રપૂજાઓમાં પંચકલ્યાણક, સત્તરભેદ નંદીશ્વરદીપ, આવી અનેક પૂજાઓમાં ઘણા વિસ્તારથી સુવિહીતગીતાર્થોનાં રચાયેલાં આલેખનો જોઈ શકાય છે.

**તથા એક પ્રાચીન ગાથા : "सव्वे सव्वद्धाए सव्वन्नू सव्वकम्मभूमिसु। सव्वगुरू सव्वमहिया. सव्वे मेरुम्मि अभिसित्ता."**

અર્થ : બધા કાળમાં સર્વક્ષેત્રોમાં થયેલા, સર્વજ્ઞ–વીતરાગ જિનેશ્વરદેવો, સર્વથી પૂજાએલા, સર્વના ગુરૂ તીર્થંકર ભગવંતો, મેરૂપર્વત ઉપર અભિષેક કરાએલા જાણવા. ઉપરના વર્ણનોથી વાંચકો સમજી શકે છે કે, શ્રી. જિનેશ્વર દેવો માટે જેટલાં વર્ણનો લખાયાં છે તે બધાં અતિશયોક્તિ વગરનાં જ છે. તેમનો મહિમા જૈનસાહિત્યમાં ઠામઠામ ખૂબ જ વર્ણવાયો છે. સિદ્ધસેન દિવાકર મહાપુરુષને પણ કહેવું પડયું છે કે : "**मोहक्षयादनुभवन्नपि नाथ? मर्त्यो, नूनं गुणान् गणयितुं न तव क्षमेत.**"

અર્થ : હે નાથ! સંપૂર્ણ મોહનો ક્ષય થઈ જવાથી કેવલજ્ઞાન પામેલો પણ મનુષ્ય તમારા ગુણોનું વર્ણન કરવા શક્તિમાન થતો નથી. માટે શ્રી. જિનેશ્વર દેવો. ગુણો અને પુણ્યોની ખાણ જેવા હોય છે.

આવા આવા અનેક ગુણોની ખાણ પણ પ્રભુજી અવશ્ય સંસારનો ત્યાગ કરે છે. દીક્ષાના દિવસથી એક વર્ષ પહેલાં પ્રભુજી હમ્મેશ દાન આપે છે, જેને વાર્ષિક દાન કહેવાય છે. દરરોજ **છોપનસો** અને **પચ્ચીસ મણ** સુવર્ણનું દાન કરે છે.

પ્રશ્ન : આટલા મોટા દાનની વાત સાચી કેમ મનાય?

ઉત્તર : વિક્રમરાજાનાં ભોજ રાજાનાં શ્રીહર્ષરાજાનાં સંપ્રતિરાજાનાં, કુમારપાળરાજાનાં, આવા અનેક ધનવાનોના દાનોના વર્ણનોના ઈતિહાસો વાંચનારને, જિનેશ્વરદેવોના વાર્ષિકદાનના વર્ણનમાં શંકા થાય જ નહીં તથા શાસ્ત્રોના

બનાવનાર મહાશયોના, જીવનોને અને, તે મહાશયોના ગ્રન્થોને વિચારતાં આવડે તેવાઓને, ઉપરનાં વર્ણનો સાચાં લાગે જ. પ્રભુજી મોટી ઋદ્ધિ પત્નીઓ, પુત્રો, રાજ્ય, ધનધાન્યના ભંડારો વગેરે સર્વ પરિગ્રહનો ત્યાગ કરી, અવશ્ય દીક્ષા લે છે તથા કેવલ જ્ઞાન પામે ત્યાં સુધી મૌનજ રહે છે. કાઉસ્સગ્ગ ધ્યાનમાં ઉભા રહે છે. બેસતા નથી. દેવ–મનુષ્ય–પશુઓએ કરેલા ઉપદ્રવો અદીન ભાવે સહન કરે છે. મોટી મોટી તપસ્યાઓ કરે છે. ટાઢ, તાપ, પવનના ઉપદ્રવો નિર્ભય સહન કરે છે, ચારકર્મ ક્ષય પામે છે, અને સર્વજ્ઞ ભગવાન થાય છે. લોકાલોક, જીવાજીવ, ત્રણેકાળને નિર્વિઘ્ન જાણે છે.

સર્વજ્ઞ ભગવાનની પહેલી જ દેશનામાં હજારો મહાશયો પ્રતિબોધ પામે છે, તેમાં મહાબુદ્ધિશાળી, બીજબુદ્ધિવાળા; મહાપુરૂષોને પોતાના પટ્ટધર બનાવે છે, જેઓ ગણધર કહેવાય છે. તેઓ ભગવાનને તત્ત્વ પૂછવાથી **ઉપન્નેઈવા, વિગમેઈવા, ધુવેઈવા,** ત્રણ જ શબ્દોમાં, સર્વદ્રવ્ય, ગુણ અને પર્યાયનો સમાવેશ થઈ જાય છે. ગણધરો દ્વાદશાંગી, અને ચૌદપૂરવની રચના કરે છે.

તથા પ્રભુજીનું દેશનાસ્થાન સમવસરણ કહેવાય છે. જેને જોઈને પણ, આકર્ષાયેલા મનુષ્યો અને પશુઓનાં યૂથો પ્રભુજીનાં દર્શન પામે છે. વાણી સાંભળે છે. સર્વવિરતિ–દેશવિરતિ અથવા સમકિત પણ પામી જાય છે. ચાર નિકાય દેવો અને દેવીઓ પણ આવી સમવસરણમાં બેસી પ્રભુની વાણી સાંભળે છે.

પ્રશ્ન : વીતરાગ નિરંજન–નિરાકાર અરિહંતદેવોનાં આવાં સમવસરણ શા માટે ?

ઉત્તર : આજકાલ દેશનેતાઓનાં કલાક બે કલાકનાં વ્યાખ્યાનો માટે. લાખ, બે લાખના ખર્ચા કરી, મોટાં મંડપો બંધાય છે. આવા મંડપો દેશનેતાઓ માટે નથી, પરંતુ લોકોને બેસવાની સગવડ છે, તેમ આંહીં પ્રભુજી વીતરાગ છે. એમના કષાયો નાશ પામી ગયા હોવાથી, માન હોય જ નહીં, પરંતુ જીવો ધર્મ પામવા આવે છે. તેમને પ્રભુજીની વાણી સાંભળવાનો લાભ મળે. તે માટે દેવો સમવસરણની રચના કરે છે. શાશ્વતિક આચાર છે.

વાચકોને ધ્યાન રહે કે, આ કાળના આપણા જેવા નેતાઓ માટે, ફક્ત આ લોકની સાચી અથવા મનઘડંત કલ્પનાઓ રજૂ કરવા માટે, લાખોના ખર્ચા થાય છે. ત્યારે જિનેશ્વરદેવોનાં સમવસરણ તો કેવળ ઉપકાર માટે સર્વજીવનું ભલું કરવા માટે થાય છે. સ્થાન,ઘણું આકર્ષક બનવા છતાં, પાઈનો ખર્ચ થતો નથી. એક પણ જીવનો નાશ થતો નથી પરંતુ પ્રભુજીના જિનનામ પુણ્યનો જ પ્રભાવ કામ કરે છે, અને ભવ્યજીવો દર્શન–વંદન વ્યાખ્યાન શ્રવણ કરીને આત્મકલ્યાણ પામી જાય છે.

પ્રશ્ન : આજકાલ જિનમૂર્તિઓ ઉપર આંગિઓ અને આભૂષણના ઠઠારા શા માટે કરાય છે ?

ઉત્તર : આંહીં પણ જિનેશ્વરદેવો તો મોક્ષમાં પધારેલા છે. તે મહાપુરૂષોની મુદ્રા સમજવા માટે તેમની મૂર્તિ છે. અને મૂર્તિના દર્શન કરનારા ભવ્યજીવો મૂર્તિની અષ્ટ પ્રકાર વગેરે પૂજા કરીને, વીતરાગનું બહુમાન કરીને, વીતરાગ પ્રભુને આરાધે છે. ભવોભવ વીતરાગોનાં દર્શન મેળવવાની યોજના છે. આ રીતે પણ વીતરાગતાનો અભ્યાસ જ થાય છે.

આ કાળમાં વિદ્યમાન હોય કે મોક્ષમાં પધારી ગયેલા હોય. પરંતુ ભકતલોકોની ભકિતથી ભગવાન ભૂલા પડયા નથી, અને પડે પણ કેમ ? રાગદ્વેષ–અજ્ઞાનતા નાશ પામ્યા હોય, તેઓ જ જિનેશ્વરદેવ કહેવાય છે. કેવલજ્ઞાન થયા પછી જ સમવસરણ થાય છે. જિનેશ્વરદેવો જન્મે ત્યારથી જ નવાં કર્મો ન બંધાય તેવા સજાગ હોય છે. મહાપુણ્યોદય ભોગવવા માટે જ સંસારના કેદખાનામાં રહેવું પડે છે.

પ્રશ્ન : રાજ્ય ભોગવે, ચક્રવર્તીપણું ભોગવે, કામ ભોગ સેવે, પુત્રો થાય છે, તો પછી રાગ કેમ નહીં?

ઉત્તર : શાલિભદ્રસેઠ જેવા મોટા મોટા ક્રોડપતિઓ અને ચક્રવર્તી જેવા રાજામહારાજાઓ માટે જાજરૂ પણ મહા કીમતી હોય છે. તેવાં સ્થાનો પામરોને અલભ્ય હોવા છતાં મહાપુરુષોને અમેધ્યઘર જ ગણાય છે. આવા જાજરૂમાં પધારેલા હોય તો પણ તેમને કંટાળો જ હોય છે. જલદિ કાર્ય પતાવીને, નીકળવા ઈચ્છતા હોય છે. તેમ સંસારના ભોગો પણ જિનેશ્વરદેવોના આત્માઓને, જાજરૂ ઘરના વસવાટ જેવા લાગતા હોવાથી રસવગર ભોગવાતા હોવાથી, નવાકર્મબંધનું કારણ થાય જ નહીં.

તીર્થંકર ભગવંતો આયુષ્યની, સમાપ્તિ જ્ઞાનથી જાણી, પાદોપગમન, અનશન કરી, બાકીનાં ચારકર્મ ક્ષય કરી મોક્ષ પધારે છે. હવે તેસ્થાનમાં સાદિઅનંતભાગે. આત્મામાં પ્રકટેલ સહજસ્વભાવ અનંતજ્ઞાન દર્શન ચારિત્ર વીર્ય–સુખાસ્વાદમાં તલ્લીન સ્થિર રહે છે. હવે પછી તેમનાં જન્મ, રોગ, શોક, વિયોગ જરા અને મરણ ક્યારે પણ થવાનાં નથી. નિરુપાધિ સુખાસ્વાદમાં વસે છે.

ઉપર મુજબનું વર્ણન વાંચનાર મહાશયો જરૂર સમજી શકે છે. જિનેશ્વર દેવોજ, જગતના સર્વ જીવોના એકાન્ત ઉપકારી થવા યોગ્ય છે. અને નિઃસ્વાર્થ ઉપકાર કરનારની આજ્ઞા સ્વીકારનાર માણસોમાં સાચી માણસાઈ આવવાની આશા રાખી શકાય એ જરા પણ વધુ પડતું નથી.

**"કામ, ક્રોધ, મદ, લોભની, ખાણો જયાં ખડકાય, તેવાના ઉપકારથી, ભલું શી રીતે થાય?"**
**"કામ, ક્રોધ, મદ, લોભના, જયાં નહીં અંશ જરાય, તેવાના ઉપકારથી, સર્વપાપ ક્ષય થાય."**
**"દોષ વગરના દેવથી, દોષ વૃન્દ જિતાય, જ્ઞાની, ત્યાગી, ગુરૂ મલે, ભવનો પાર પમાય."**
**"જિનવરની આણા મલે, નરભવ સફલો થાય, પાપ ઘટે સદ્‌ગુણ વધે, મહામાનવ કહેવાય."**

**લેખક : પંન્યાસ ચરણવિજયગણી.**

ઈતિ ૨૦૨૩ પોષપૂર્ણિમા ગુરુવાર પુષ્યનક્ષત્ર
નાસિક સિટિ, જૈન ઉપાશ્રય પગડ બંધ લેન,

## શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા યાને સાચી માણસાઈનું

# વિષયદર્શન


| | પૃષ્ઠ |
|---|---|
| મંગલાચરણના ૧૧ દુહાઓ | ૧ |
| મન્નહ જિણાણમાણં પાંચગાથા | ૨ |
| છત્રીશદ્વારોના અર્થ | ૩ |
| જિનેશ્વરદેવની આજ્ઞાની સમજણ બે શ્લોકો ... | ૪ |
| દયાની સમજણ ... | ૫ |
| આજ્ઞા ત્યાં સંપ એક કથા ... | ૭ |
| એકલા વાંઢા અને વિધવાઓનું ટોળું ... | ૮ |
| સંપ-કુસંપની સમજણ નવડાની નાત ... | ૧૦ |
| ગામના દીવાનની ફજેતી ... | ૧૦ |
| મરણ બે દુહા, જ્ઞાતિ પણ સંપનું બળ છે. ... | ૧૧ |
| પરભાવના કરનાર ઉદાર ગૃહસ્થો ... | ૧૨ |
| ધર્માન્તર અને જાત્યંતર સંબંધોનાં કડવાં ફળ ... | ૧૨ |
| કન્યાની પસંદગીમાં વરમાં સાત ગુણો ... | ૧૩ |
| સ્ત્રીની સ્વતંત્રતા સ્વચ્છંદતાને વધારે છે. તથા વરકન્યાનું કજોડું, મહાદેવ અને પાર્વતીની કથા ... | ૧૪ |
| એક દુહો— કુટુંબની મર્યાદાના ગુણો ... | ૧૫ |
| વડીલોની આજ્ઞા અને ભરત ચક્રવર્તીના વંશજો ... | ૧૬ |
| હજારો રાજ્યોના નાશ કેમ થયા? ... | ૧૭ |
| ન્યાયનીતિ અને ધર્મના નાશથી રાજ્ય અને લક્ષ્મીનો પણ નાશ થાય છે ... | ૧૮ |
| જૈન ધર્મ સાથે અન્ય ધર્મનો મુકાબલો ... | ૧૯ |
| ધર્મ અને અધર્મની પરંપરાનાં કારણો ... | ૨૦ |
| બુદ્ધિધન અને જિનમતી સતીની કથા ... | ૨૧ |
| જિનમતીની ધર્મદઢતા અને કુટુંબ પ્રત્યેનો વિવેક, સતીના ગુણો, પાંચ દુહા | ૨૨—૨૩ |
| સમકિત અને મિથ્યાત્વની સમજણ પાંચ દુહા ... | ૨૪ |
| બુદ્ધિધનને ધર્મપ્રાપ્તિ-તેરકાઠીયાનીસમજણ ... | ૨૫-૨૬ |
| જ્ઞાન અને અજ્ઞાનની સમજણ ... | ૨૭ |
| જીવદયા અને હિંસાનું સ્વરૂપ ૧૮ દુહા ... | ૨૯ |
| કાઠીયાનું વિસ્તૃત વર્ણન ... | ૩૦ |
| અજ્ઞાની કવિઓના છબરડા ... | ૩૨ |
| અહિંસા અને હિંસાને લગતું ... | ૩૩ |
| પરપુરુષના ત્યાગના પચ્ચક્ખાણ સાચવવાની વાડો પરસ્ત્રી અને બીજીપત્નીની પણનહીંપરણવાની પ્રતિજ્ઞા... | ૩૪ |
| રાત્રિમાં લાગેલી ક્ષુધા—અને રાત્રિભોજન ત્યાગથી પ્રકટેલો લાભ ... | ૩૫ |
| પત્નીના ગુણો માટે પતિને પ્રકટેલું બહુમાન સંસારને સ્વર્ગની ઉપમા ૧૩ દુહા ... | ૩૭ |
| બીજાની પુત્રીનું અપમાન તે વિશ્વાસઘાત છે. ... | ૩૮ |
| બુદ્ધિધન ઉપર પિતાનો પ્રકોપ— બુદ્ધિધનની નમ્રતા | ૪૦ |
| બુદ્ધિધન અને જિનમતીનો સાત્વિક ભાવ ... | ૪૧ |
| ધર્મનો પ્રભાવ ... | ૪૨ |
| ધર્મદ્વેપ ઉપર મૃગસુંદરીની કથા ... | ૪૨ |
| મૃગસુન્દરીની ત્રણ પ્રતિજ્ઞા અને પુત્રીના સુખનો વિચાર ... | ૪૩ |
| વીતરાગદેવ, સર્વજીવોની દયા. અને રાત્રિભોજન ત્યાગ પ્રત્યે અજ્ઞાની જીવોની સૂગ ચાર દુહા ... | ૪૪ |
| રાત્રિભોજનના અનિષ્ટ પરિણામોની ત્રણ કથાઓ ... | ૪૫ |
| ધર્મદ્વેષ ઉપર સોમભટ્ટના કુટુંબની કથા ... | ૪૬ |
| અધમપતિઓએ સતીઓને કેવા ત્રાસ આપ્યા છે? આઠ દુહા ... | ૪૭ |
| ૨૪ યક્ષિણીઓ અને ૫૬ દિક્કુમારિકાઓ કઈ નિકાયની છે ? સરસ્વતી બ્રહ્મચારિણી છે? ... | ૪૯ |
| ધર્મદ્વેપ અને સતી સુભદ્રા, ચાર દુહા ... | ૫૦ |
| જૈનધર્મની આચરણાઓ પ્રત્યે શૂગ ... | ૫૨ |
| ગતાનુગતિકતા દુષ્કાળીયાઓની કથા ... | ૫૨ |

પૃષ્ઠ

સતીસુભદ્રા દ્વારા ચંપાદ્વાર ઉદ્‌ઘાટન જૈન શાસનનો પ્રભાવ–વડીલોની આજ્ઞા–સંપનો એકરાર– દશરથ રાજાનું કુટુંબ ... ૫૭

ગૌતમસ્વામી અષ્ટાપદ કેવી રીતે કયાંથી ગયા ? ૫૯

ભરતક્ષેત્ર કેટલું લાંબું પહોળું ? ... ૬૦

નોકરના દુઃખનું વર્ણન અને દશરથ રાજાને વૈરાગ–મરણ કયારે અને કઈ જગ્યાએથી આવસે ? ... ૬૨

દશરથરાજાના કુટુંબનો જૈન અને જૈનેતર ઈતિહાસ ૬૩

વિષ્ણુ ભગવાનના દશ અવતારો ... ૬૪

જગતકર્તૃત્વનું ખંડન–જીવ કર્મ અને જૈન ધર્મનું અનાદિપણું ... ૬૫

સૂર્ય અને ચંદ્રવંશનો વિચાર ...... ૬૬

કીર્તિધર સુકોશલની કથા ... ૬૭

સંસારનું સ્વાર્થીપણું છ દુહા ... ૬૮

પોતાની પરણેલી પત્ની તથા પુત્રને ભુલી જનાર બે રાજવી ... ૭૦

રાજુલ અને સત્યભામાના ઉપાલંભો ... ૭૬

સંસાર અને યોગિઓના સુખની વિચારણા–ચોરના ટોળાની કથા ... ૭૭

સહદેવીના દ્વેષની પરાકાષ્ઠા અને સુકોશલની ધાવમાતાનો વિવેક ... ૭૯

સંસારનું સ્વાર્થીપણું છ દુહા ... ૮૦

સુકોશલને થયેલો વૈરાગ્ય–પ્રધાનો અને પત્નીને આપેલા ઉત્તરો ... ૮૦

મહાપુરુષોનાં ઉદાહરણો ચાર દુહા ... ૮૪

દશરથ રાજાની દીક્ષાનો પ્રસ્તાવ. ભરતની પણ દીક્ષાની પ્રાર્થના, કૈકેયીની–ભરતને રાજ્યાભિષેકની માગણી, રામચંદ્રનીવનવાસ માટે પ્રાર્થના અને સમગ્ર કુટુંબના વાત્સલ્યનો હૃદયદ્રાવક ચિતાર ૮૫

સત્યહરિશ્ચંદ્રની કથા ... ૯૧

પૃષ્ઠ

રામ લક્ષ્મણ સીતાનો વનવાસ, કુટુંબ, અને નગરમાં શોકનું વાતાવરણ ... ૯૨

કેકેયી મહારાણીનો પશ્ચાત્તાપ, અને રામને પાછા લાવવાના પ્રયાસો વનમાંજ ભરતનો રાજ્યાભિષેક અને દશરથ રાજાની દીક્ષા. બે દુહા ... ૯૪

મહાભાગ્યશાલી આર્યરક્ષિતે–સાંભળેલી માતાની શિખામણ, માતાનીઆજ્ઞાનો સ્વીકાર માતાના ઉપકારોનું વર્ણન– લૌકિક, દેવ, ગુરૂ ધર્મનું સ્વરૂપ ... ૯૯

ગોમતી ગોવિંદ માતા પુત્રની કથા ... ૧૦૪

આર્યરક્ષિત સૂરિમહારાજ થયા અને કુટુંબનો પણ ઉદ્ધાર થયો ... ૧૦૫

હાસ્ય મશ્કરીનાં ખરાબ પરિણામો, વણિકપુત્ર વીરનો માતૃપ્રેમ, વીરની દિક્ષા વીરાચાર્ય–થયા શાસન પ્રભાવના ... ૧૦૭

એક સન્યાસીના ત્યાગની કથા, પાંચ દુહા, પ્રાસંગિક, બીજા નવ દુહા ... ૧૧૧

જૈન તથા અજૈનોના તપની સમજણ ... ૧૧૨

અવસરે બોલાયેલાં વચનો. બગડેલું પણ સુધારે છે. મહામાત્ય આમ્રભટ્ટની કથા ... ૧૧૬

અનુપમા દેવીનાં અમૃત જેવાં વચનો ... ૧૧૭

એકપામરને વચનરચનાથી શૂળીનીજગ્યાએ ઈનામ...૧૧૮

અશુભકર્મો બંધાવાનાં કારણો, શકુનો પણ સમજવાં જોઈએ ... ૧૧૯

મહારાજા સયાજીરાવ અને યુવરાજ ફત્તેસિંહરાવની ઉદારતા અને વાકય રચના ... ૧૨૨

રા ખેંગાર અને ચારણનો પ્રસંગ છ દુહા ... ૧૨૩

ગુરૂ આજ્ઞા પાળનાર અભયદેવ સૂરિ મહારાજ રાજકુમારીનું અજ્ઞાન, જૈન મુનિઓને ત્રણ વસ્તુ તાલપુટ વિષ સમાન કહી છે.પાંચ દુહા ... ૧૨૫

| | પૃષ્ઠ |
|---|---|
| બુદ્ધિ, લક્ષ્મી અને શક્તિ ત્રણ રત્નોથી લાભ કે નુકશાન—રૂપસેનની દુર્દશાનું વર્ણન ... | ૧૨૯ |
| બુદ્ધિનાશક ખવાતી વસ્તુઓ ... | ૧૩૨ |
| આજ્ઞાની આરાધના હોય તોજ શાસન પ્રભાવના થાય છે ... | ૧૩૩ |
| રામચંદ્રસૂરિ (કલિકાલ સર્વજ્ઞના શિષ્યરત્ન) ની કથા તથા શ્રીસંઘની મક્કમતા મરણના ભોગે પણ બાલચંદ્રને આચાર્ય પદવી આપી નહીં ... | ૧૩૪ |
| આચાર્ય પદવી કોને અપાય ? પ્રભવસ્વામી અને સ્વયંભવસૂરિ ... | ૧૩૭ |
| ગતાનુગતિક માણસોનાં ટોળાં—વ્યાસજીની કથા, સાસુ વહુની કથા ... | ૧૩૭ |
| તિથ્થયરસમોસૂરિ ગજપાખર ખર કેમ વહી શકે? હાથી અને ગધેડાનો સંવાદ ... | ૧૪૨ |
| ગંભીરતા—કાલકાચાર્ય સૂરિ મ.ની કથા ... | ૧૪૯ |
| આપ વખાણ સાંભલનાર મહામુનિરાજ ધર્મદત્તને સ્ત્રીવેદ બંધાયો. ભુવનસુન્દરીની કથા ... | ૧૫૧ |
| ગુણના વખાણ કરનારને મહાપુણ્યનો બંધ, સાંભળનારને સ્ત્રીવેદ વખાણ કરવાં તે ગુણ છે. પોતાનાં વખાણ કરાવવાં તે મહાપાપ છે ... | ૧૫૩ |
| ગુણાનુરાગ મોટો ગુણ છે. જિનનામ પણ બંધાય છે. ગુણાનુરાગ સર્વ ગુણોને લાવે છે. ... | ૧૫૬ |
| પ્રશંસા પાચન થાય નહી તો અશુભ કર્મ બંધાય છે. પાંચ દુહા મરિચિની કથા. અયોગ્ય અને યોગ્યની સમજણ. કુમારપાળ વિગેરે ત્રણ ભાઈઓની પ્રધાનમંડળમાં પરીક્ષા ... | ૧૬૯ |
| જગત્ગુરૂ વિજયહીરસૂરિ મહારાજનો પરિવાર અને તેમની આરાધના ... | ૧૬૬ |
| આચાર્ય ભગવંતોની લાયકાતનું વર્ણન | ૧૬૯ |
| જિનાજ્ઞાપાલક ઢંઢણ મુનિ ... | ૧૭૦ |
| વિક્રમ સંવત ૧૯૩૫ થી ૫૦માં બનેલી ગીતાર્થ જૈનાચાર્યની કથા ...... | ૧૭૧ |
| ઉત્સર્ગ અને અપવાદની સમજણ—બે ડાહ્યા અને મૂર્ખ ભાઈઓની કથા ... | ૧૭૩ |
| આ કાળમાં પણ મહાત્યાગી ઘણા છે, સ્થૂલભદ્રસ્વામીનું જાણવા યોગ્ય અનુકરણ કરનાર સારા. પણ ઈર્ષાળુ ખોટા ... | ૧૭૫ |
| વેશ્યા અને મુનિનો સંવાદ. ત્રણ દુહા ... | ૧૭૮ |
| અયોગ્ય અને યોગ્યનો વિચાર ... | ૧૮૦ |
| સાધુવેશ. આરાધકને સ્વર્ગ આપે છે, વિરાધકને નરક આપે છે. ... | ૧૮૨ |
| કાલકાચાર્ય ભગવાનની કથા સાધ્વીનું હરણ ... | ૧૮૩ |
| ગર્દ્દભિલ્લનોઅન્યાય. પ્રજાનો ઉકળાટ. ચાર દુહા ... | ૧૮૩ |
| શ્રીસંઘની રાજા પાસે રાવ ફરિયાદ કાલકાચાર્યનું ભાષણ અને ભિષ્મ પ્રતિજ્ઞા ... | ૧૮૫ |
| કાલકાચાર્યની શાસન સેવા. સાધ્વીના શીલભંગની ઉપેક્ષા કરનાર મહાપાપી છે. સીતાજીના શીલ રક્ષણ માટે જ રામ—રાવણની લડાઈ છે. સતી સાધ્વીના શીલનું રક્ષણ તેજ ન્યાય. નીતિ અને ધર્મનું રક્ષણ છે. ... | ૧૮૮ |
| કાલકાચાર્ય કેટલા થયા, ક્યારે થયાનો વિચાર ... | ૧૯૩ |
| ઢંઢણ મુનિની ચાલુ કથા સંપૂર્ણ ... | ૧૯૫ |

પૃ. ૨૦૦ જિનાજ્ઞાપાલક વયરકુમારનીકથા ૧ દુહો ધનગિરિની વૈરાગ્યમય વાતો. સાત દુહા, સુનંદાની સંસારપોષક વાતો, પાંચ દૂહા. સુનંદા અને ધનગિરિનો સંવાદ. ધનગિરિજીની દીક્ષા અને વયરકુમારનો જન્મ. સુનંદાની સખીઓનો વાર્તાલાપ. બાળકને જાતિસ્મરણ જ્ઞાન અને દીક્ષા લેવાની ઈચ્છા.

બાળકને જ્ઞાન થાય છે. તે સમજાવા અશ્વનું, સર્પનું, બેલનું, ઉદાહરણ. દેવી સુનંદાને બાળકના રુદનનો ત્રાસ. પતિમુનિને બાળક આપી દેવાની તૈયારી. બે મુનિનું ભિક્ષા માટે આગમન. પતિ અને બાંધવ, બન્નેમુનિરાજોની ઉતાવળ નહીં કરવા સુનંદાને શિખામણ. ઉતાવળીયા પાછળથી પસ્તાય છે. ઉદાહરણ ૧૦ દુહા. સખીયોની શિખામણ. બાળક મુનિને વહેરાવી દીધો. નગરમાં સુનંદા ધનગિરિનાં વખાણ. બાળકનો ઉપાશ્રયમાં ઉચ્છેર. બાળકના સ્વભાવમાં પલટો.

સુનંદાને બાલક પાછો લેવાની ભાવના, સાધ્વીઓ અને સુનંદાનો સંવાદ, બે દુહા. સિહગિરિસૂરિને, સંઘનું આમંત્રણ અને તુંબવનગામે પ્રવેશ. સુનંદાનો પુત્ર પાછો લેવાનો આગ્રહ. સાધુઓ સાથે સંવાદ. રાજ્યદરબારે વાત પહોંચી. રાજ્ય તરફથી ન્યાય. માતાનું પ્રદર્શન અને પ્રલોભન. પિતાગુરુ મુનિના ફકત ઓઘો અને મુહપત્તિ, માતા અને રાજા તરફથી બાલકને આકર્ષણ. પરંતુ જાતિસ્મરણે દ્ઢસંકલ્પવાન વયરકુમાર. ઓઘો મુહપત્તિ લઈને નાચ કરે છે. શાસનનો જયજયકાર

વયરકુમારની આઠવર્ષે દીક્ષા. મિત્રદેવોએ કરેલી પરીક્ષા. આકાશગામિની અને વૈક્રિય લબ્ધિનું ઈનામ. જૈનમુનિઓના આચારની પરીક્ષા. બાલવયે દીક્ષા લેનાર અજૈન ઉદાહરણ. મહાસતી મદાલસાની કથા.વચમાં અંજના સુન્દરીની કથા. જૈન શાસનમાં થયેલા બાલદીક્ષિતો. ગચ્છવાર શાલવારીનું વર્ણન. વયરમુનિને વરવા આવેલી બાળાને પ્રતિબોધ અને દીક્ષા. સાતદુહા. સોબતનો મહિમા પાંચ દુહા, વયરસ્વામીની રસદાર કથા સંપૂર્ણ પૃષ્ઠ ૧૯૯ થી ૨૩૮ સુધી.

જિનાજ્ઞા આરાધક—બાલમુનિ ધનશર્માની કથા. મુનિરાજની ભાવના ત્રણ દુહા. તૃપાપરિષહ ભોગવી સ્વર્ગ બે દુહા. માતાની આજ્ઞાપાલનાર અરણીકમુનિરાજ ગુરુની દેશના. પતિ–પત્ની અને પુત્રની દીક્ષા. નવ દુહા. પિતાનો સ્વર્ગવાસ. ત્રણ દુહા. લાભનો પુત્ર લોભ છે. બેદુહા ૨૩૯ થી ૨૪૬.

અરણીક મુનિવર વહોરવા જતાં રૂપાળી રમણીમાં રગદોળાઈગયા. ૨૪૭ માતા ને પિતાની બાળકો માટેની ફરજનો વિચાર. ૨૪૯ માતાને પુત્ર ખોવાઈ ગયાના સમાચારથી લાગેલો આઘાત. માતાનું ગાંડપણ. રાતદિવસની રખડપટ્ટી. માણસોનાં ટોળાંનો દેખાવ. અરણીકનું અવલોકન. માતાની દુર્દશાનો દેખાવ. માતાના ઉપકારનો ચિતાર. ત્રણ દુહા. ચાર પ્રકારની માતાઓની સમજણ. વ્રતખંડનના દુષ્ટ પરિણામોનો ચિતાર અને એક દિવસના પણ વ્રત–આરાધનની દલીલો. ૨૫૦ થી ૨૫૬.

અરણીક મુનિને માતાની શિખામણ, વેશ્યા અને પરસ્રીથી પતનપામેલાઓનો ચિતાર ૨૫૭–૨૫૮. અરણીક મુનિએ માતાનો માનેલો ઉપકાર. માતાના વચનોનો સ્વીકાર. અનશન અને સ્વર્ગ. પરસ્રી પરપુરુષ ભોગવનારા. ઓની અધમતા. માતા–પુત્રના ગુણો બે દુહા. ૨૬૦

માતાની આજ્ઞા પાળનાર મલ્લવાદી સૂરિ. શિલાદિત્યની સભામાં હારેલા જૈનાચાર્યો. બૌદ્ધોની જિત. જૈનાચાર્યો-દેશનિકાલ મલ્લની દીક્ષા, સરસ્વતીનું આરાધન. શિલાદિત્યની સભામાં બૌદ્ધોસાથે વાદ. જૈનોની જિત. બૌદ્ધોની—હાર અને દેશનિકાલ ૨૬૧ થી ૨૬૩.

જિનેશ્વરસૂરિ અને શોભન મુનિ. ત્રણ દુહા. જ્ઞાનીઓના વર્ણનો વાંચી, અનુકરણ કરનારા અજ્ઞાનીઓ. પાયમાલ થાય છે. પાંચ દુહા. વચમાં એક ઠાકોર અને ખેડૂતની કથા. સંસારની અસારતા ૧૧ દુહા. લક્ષ્મીધર પંડિતના વિચારો. એકત્વભાવના ચાર દુહા. ઉપકારીનો ઉપકાર પાંચ દુહા. ૨૬૪ થી ૨૬૯. શોભનની દીક્ષા ધનપાલનો રોષ, પ્રતિબોધ અને શ્રદ્ધા. ૨૭૦ થી ૨૭૯. વિચારવા અને સમજવા યોગ્ય ઉપદેશ, આઠ દુહા ૨૮૦. બારોટ અને શહેનશાહ અકબર પારકી પ્રશંસા પ્રત્યે

સમભાવ ઉપકારની અદલાબદલી પણ વખતે લાભ કરે છે. ૨૮૨

માતાના અજોડ ભકત અપરાજિત કુમારનું સાહસ. દુઃખના પ્રકારો અને કારણો છ દુહા. કુમારની માતાનો ધર્મરાગ. સંસાર દુઃખોની ખાણ છે. છ દુહા ૨૮૫ એક રાજકુમારના રોગ નિવારણ માટેની ઉપનયવાળી કથા. ૨૮૮. રાજકુટુંબ અને વૈદ્યરાજનો સંવાદ. રાણીનો જીવરક્ષણ માટેનો આગ્રહ. પોતાના સુખ માટે અન્યને દુઃખ કેમ અપાય? ચાર દુહા. ૨૮૯. માતાપિતાના ઉપકારો. સાસુ વહુની કથા. સાસુની આજ્ઞા પાળનારી વહુની સાત્વિકતા. ત્રણ દુહા. ૨૯૧-૨૯૨. અપરાજિત કુમારની માતા માટેની લાગણી. સાહસ, મોટું ફળ. ૨૯૩. માતાપિતાનો ઉપકાર ભુલનારા પુત્રો દુહા ૧૦ ૨૯૫.

બીલાડીને પાળવાનો વિધિએક. પણવિચારજુદા. સોબતથી પાપી ધર્મી બને છે. આઠદુહા ૨૯૬. **જૈન શાસનને ચિત્તમાં રાખીને ચાલનારને બધા ઉદ્યમોથી લાભ થાય છે** ત્રણદુહા. ૨૯૭.માતાનીભકિત અને મહાપદ્મચક્રવર્તી ત્રણ દુહા ૨૯૮. માતાનોઉપકાર અને માતામહનેચમત્કાર. હનુમાનજી ૩૦૦. આપણા પોતાના કૃત્યો જ સુખદુઃખનું કારણ છે. દુહા ૧૧ ૩૦૧.

અવિચારો મોટા પુરુષને પણ કલંક ચડાવે છે. અવિચારથી શંખરાજાએ. ગર્ભવતી કલાવતીને વનમાં, મુકાવી હાથ કપાવ્યા. નલરાજાએ દમયંતીને વનમાં એકલી છોડી દીધી. રામચંદ્રે ગર્ભવતી સીતાને, વનમાં ધકેલી દીધી. અને વગર ગુને અંગારાની ખાઈમાં પડવાનું ધીજ કરાવ્યું. અવિચારી રાજા શૂરપાલે, મલયસુન્દરીને ગર્ભવતી દશામાં વનમાં મૂકાવી. તથા પવનજીની માતા કેતૂમતીએ સગર્ભા અંજનાદેવીને, ઘરમાંથી કાઢી મૂકી. પાંચ દુહા ૩૦૪.

માતામહ અને મામાઓએ પોતાની માતાને આપેલા અન્યાયનો બદલો, હનુમાનજીનું પોતાની માતા અંજનાદેવી માટે બહુમાન. ચાર દુહા. ૩૦૫. હનુમાનજીને વાનરાકૃતિ અને તેલસિંદુરને આકડાના ફૂલની પૂજાને હડહડતું અપમાન છે. ૩૦૬. ગંગાપુત્ર ગાંગેય, ભિષ્મપિતાની કથા, જીવમાત્રની દયા. ત્રિકરણ બ્રહ્મવ્રત, માતાપિતાની અજોડ ભકિત, યુદ્ધભૂમિના અજોડ લડવૈયા, અને પ્રાન્ત શુદ્ધ સંયમની આરાધના અને અનશન અને મોક્ષગમન સાથોસાથ દેવ—ગુરુ—ધર્મની સમજાણ. ૩૦૭ થી ૩૧૨.

અવગુણ અને ગુણને સમજવા માટે, બોલાતી કે લખાતી વાતો, નિંદા કહેવાય નહીં. ૩૧૩. અને જો સારા નબળાના ભેદો-બતાવાયજ નહીંતો, જગત ભુલાવામાંથી બહાર આવે જ કેમ? વીતરાગની વાણીનો પ્રભાવ. છ દુહા. ૩૧૪. પુત્રીના સુખનાં પાંચ કારણો. ૧ દુહો. ૩૧૫. અજ્ઞાન અને અકામ નિર્જરાથી, ધનઅને રાજ્ય પામેલાઓને, પ્રાયઃ ધર્મ ગમતોનથી. ચાર દુહા ૩૧૬. પુણ્ય અને ઉદ્યમની સમજાણ. બે દુહા. ૩૧૭.

ગંગાકુમારીનો શાન્તનુરાજા સાથે વાર્તાલાપ અને લગ્ન, શીકારના ભયંકર વ્યસનનાં ખરાબ પરિણામો, સંસારના સગપણના ત્રણ દુહા. ૩૧૮. શાન્તનુરાજાનો શિકાર. પિતાપુત્રનું યુદ્ધ. ગંગાને વૈરાગ્ય. ૧૦ દુહા. ૩૨૨. **પત્થરની મૂર્તિમાં ભગવાન રહેતા નથી પરંતુ માણસોના હૈયામાં વસે છે. આવા બકવાદ કરનારાઓને દલીલો યુકત જવાબ** ૩૨૩. માતાનું સગપણ માતાશિખામણ. ૩૨૫. ચાર દુહા. રાજાની રાણીના સુખનો ચિતાર. ત્રણ દુહા. માતાપિતા વિદ્યાગુરુના ઉપકાર. બે દુહા. ૩૨૭. ઉદારતા અને લોભ. ૧ દુહો. ૩૨૮. ભિષ્મપિતાની પિતૃ ભકિતના ત્રણ કાવ્યો. ૩૨૯. માતપિતાની ભકિતનો વિચાર ત્રણ દુહા. ૩૩૦. સત્યવતી મચ્છીમારની નહીં પણ રત્નપુરના રત્નાંગદ વિદ્યાધરની પુત્રી હતી. ૩૩૨.

કૃષ્ણ—બલભદ્રની માતાપિતાની ભકિત. ૩૩૪. સાસુની આજ્ઞા પાલનાર એક મહાસતી ભામતી. ૩૩૫. બ્રહ્મચર્ય પાલનારાઓના દાખલા. ૩૩૬ બકુશ અને કુશીલ ચારિત્રનો વિચાર. બધાજ તીર્થોના સાધુઓ. આ બે ચારિત્રવાળા હોવા છતાં. આત્માને અતિચારનો ડાઘ લાગતો નથી. ૩૩૭—૩૩૮. ચારિત્ર અને ચારિત્રધારી મહાપુરુષોના દાખલા. ૩૩૯. ભામતીની મહાનુભાવતા ૩૪૨. ભાવજૈન થયા વિના કોઈ મોક્ષ પામે જ નહીં, સચોટ ઉદાહરણ. ૩૪૩.

સિદ્ધસેન દિવાકરની કથા વિવેકની સમજાણ. છ દુહા. ૩૪૫. વૃદ્ધવાદી અને સિદ્ધસેન. પંડિત અને મૂર્ખનું લક્ષણ. બે દુહા. ૩૪૮. ચિત્રકુટ ઉપરના સ્તંભનાં

પુસ્તકો, પુસ્તકનું વાંચન. મનઃપર્યવજ્ઞાનની સમજણ. પ્રમાદની દુષ્ટતા છ. દુહા. ૩૫૨ પ્રમાદનું કારણ, પુણ્ય છે. પુણ્યથી પ્રમાદ. પ્રમાદથી પાપો, પાપોથી દુર્ગતિ. છ દુહા. ૩૫૩. જ્ઞાન અને તપથી પ્રમાદને પોષણ મળવું જોઈએ નહીં. ચાર દુહા. ૩૫૪. બે આંબાવાળાની કથા ૩૫૫ થી ૩૫૭. ગીતાર્થના જ્ઞાનની સમજણ. ત્રણ દુહા. ૩૫૮. સંઘની આજ્ઞા અને દિવાકર. ૩૬૦.

ત્રણે યોગથી પાપો બંધાય છે. ૩૬૧. દશ પ્રકારના પ્રાયશ્ચિતની સમજણ. ૩૬૨. પ્રભાવકોના પ્રકારો સિદ્ધસેન દિવાકરની શાસન પ્રભાવના. ૩૬૩. માણસાઈની સમજણ ૩૬૫. આઠ પ્રભાવકો. ૩૬૬. સિદ્ધસેન દિવાકર ક્યારે થયાનો વિચાર. ૩૬૭. સિદ્ધસેન દિવાકરની ભવભીરુતાનો ચિતાર. ૩૬૮. જિનઆણાની સમજણ. ૩૭૧. દશ દુહા. ઉપનયવાળી આત્મારામની કથા. ૩૭૩. સ્ત્રીઓ માટે પરાધીનતા જ ભૂષણ છે. ૩૭૫. ઘણી સ્ત્રીઓ અને ઘણા પુરૂષો પૃ.: ૩૭૬.

મહાસતીઓએ ખુલા મુખે બજારમાં ચાલવું તે પણ અનર્થકારી છે. ૩૭૭. સતીમૃગાવતીને દુઃખ. અકબર બાદશાહ અને મહાસતી લીલાદેવી. સતીશીલના છ દુહા. સતીની ટેક, ૩૭૮ થી ૩૮૧. લીલાદેવીની ટેક અને પ્રાણનો ભોગ એક દુહો. ૩૮૨. રાણકદેવી મહાસતી વચમાં સતીકામલતાની કથા. ૩૮૪. કજોડાંની કહેવતો ૨ દુહા ૩૮૫. રાખેંગાર અને સતી રાણકદેવી, સિદ્ધરાજનાં કાળાં કૃત્ય, ચાર દુહા ૩૮૭ થી ૩૮૮. સતી કુંતીના ગુપ્ત લગ્નનું પરિણામ. વણિક શ્રાવિકા કોડાઈનાં કમનસીબ. ૩૮૯. વિચારપૂર્વક કામ કરવાથી પસ્તાવું પડે નહીં. એકલા ભાવીભાવને પકડી રાખવાથી બધાં કાર્યો બગડે. ૧ દુહો. ૩૯૧. વરકન્યાની જાતપરીક્ષાનું ભયંકર પરિણામ. એક બાળાનો હૃદયદ્રાવક ચિતાર: ૩૯૩ થી ૩૯૫.

**ઘરનોકરના અનાચારો** કથા ૧લી. ઘરનોકરના ત્રણ દુહા. હાથ, પગ, મુખ, ચોખ્ખાં તે ચોખ્ખા માણસ જાણવા. ૩૯૬. ત્રણ દુહા, લોભના છ દુહા. એકાન્તની અધમતા, ૧ દુહો. ૩૯૯ કુલટાવજ્રા.

ઉપાય ન હોય ત્યાં મૌન સારૂ ૧ દુહો ૪૦૦. વિકારને ધિક્કાર. ત્રણ દુહા. ૪૦૧. વજ્રાપણ વિકરાળજાર પાસે રાંક બની ગઈ. દેવપ્રિયનું દેશાટન—દૈવની મહેરબાની રાજ્ય. ૪૦૧. નસીબની મહેરબાની સાત દુહા ૧ દુહો. ૪૦૪. વચમાં અગીતાર્થને એકાકી વિહારના દોષો. ૪૦૬. ભોગ લાલસાએ કરાવેલાં અધમ કૃત્યો. ૪૦૭. પુણ્યથી જ લક્ષ્મી અને રાજ્ય મળે છે. ૪૦૯. ત્રણ દુહા. કુમારપાળની યશ ગાથા ચાર દુહા, ૪૧૨. ૧ દુહો. ૪૧૩. પુણ્ય પ્રભાવ ૭ દુહા. **ઘરનોકરથી વિનાશ.** કુલટા રાણી સુકુમારિકા. ૪૧૪.

ચાર પુરૂષાર્થમાં, ધર્મ મુખ્ય હોવો જોઈએ. પાંચ દુહા. ૪૧૫. સંસારનો સ્વભાવ. ૧ છપ્પો. ૪૧૬. સુકુમારિકા ઈન્દ્ર જેવા નરરાયને ગંગામાં બુડાડે છે. અને પાંગળાને પતિ બનાવી ઉપાડે છે. પાંચ દુહા. ૪૧૭. નસીબમિત્ર ૧ દુહો. ૪૧૮, **ઘરનોકરના ભવાડા** અને બારમા ચક્રીની માતા, ૪૧૯. મરણનો ભય ૪૨૦. દુહા ૮. કુલટાઓના ઢંગનો ચિતાર. પાંચ દુહા. બ્રહ્મદત્તકુમારે.દીર્ઘ તથા ચૂલનીને સૂચવેલી સમસ્યા. ત્રણ દુહા. ૪૨૨. ૧ દુહો. ૪૨૩. **ઘરનોકરના અનાચાર.** રાણીનયનાવળી ૧ દુહો ૪૨૪ જીવની તૃષ્ણાનો વિચાર. ૪૨૪. કટુ વચન બોલવાનાં ફલ. ચંદ્રા અને સર્ગ માતાપુત્ર ૪૨૫. એક યૂકાને મારનાર ભરવાડ. હિંસાની અધમતાનાં ફળોનો ચિતાર, વળી બે દુહા. ૪૨૫ થી ૪૨૯ સુધી. યશોધર રાજાને સ્વપ્ન. નયનાવળીના નીચ આચરણો. ૪૨૫થી ૪૩૨. **પિંગલાનું પતન અને ઘરનોકરના અનાચાર** પ્રસંગ પાંચમો ત્રણ દુહા ૪૩૩. **ઘરનોકરના અનાચાર સુષમાની દુર્દશા** ચાર દુહા ૪૩૭. પાંચદુહા ૪૩૮/૩૯.વચમાં રાજાનો સભાને પ્રશ્ન ૪૪૩ કેટલીક શિખામણો ૪૪૪. સુષમાની વિટંબણાનો ચિતાર, ૪૪૮. સુષમા અને ચિલાતીનો સંવાદ. ચિલાતીપુત્રની અધમતાનો ચિતાર. સુષમા-ચિલાતી પુત્રને કરગરે છે. સ્વાર્થ માટે કાળાં કૃત્ય. ચાર દુહા. ૪૪૯ થી ૪૫૬.

સુષમાકુમારીના ચિન્તામણિ રત્ન જેવા મનુષ્ય જન્મની હુતાસણીનો ચિતાર. પૃ. ૪૫૭. ઘરનોકરનો અનાચાર અને સુભગાએ હરિવીરના સુખસંસારમાં લગાડેલી આગ. પૃ. ૪૫૭ થી, નારીના ચિત્તની ગુપિલતા. બે દુહા.

કામીજનોની પરવશદશા પાંચ દુહા. કાળીનાગણના કરંડિયા જેવા સુભગાના ખોળામાં, હરિવીરની નિદ્રા અને દુર્દશા. કામવિકાર સૂચક ચાર દુહા. નારીની પાસે મોટા માણસો પણ રાંક જેવા બને છે. ચાર દુહા, કર્મની પરવશતા. સાત દુહા. સંસારના બે થાંભલા બે દુહા. ફાંકડા પણ નારી પાસે રાંકડા ૪૭૦ સુધી.

આજ્ઞાનું સ્વરૂપ જિનઆણાના બે દુહા. આજ્ઞાના પ્રકારો. દેવ, ગુરુ, ધર્મનું સ્વરૂપ ૪૭૬. ૧ દુહો. દેવદ્રવ્યનો પ્રશ્ન અને તેના ઉત્તરો. જિનપ્રતિમા અંગે પ્રશ્ન અને ઉત્તરો જરુરી ખુલાસા. ૪૭૦ થી ૪૮૦ જિનપ્રતિમાને સમજવા એક કથા ૪૮૦ પ્રભુપ્રતિમાના આકારને જોવાથી મચ્છને જાતિસ્મરણ, ધર્મપ્રાપ્તિ અને મચ્છનું સ્વર્ગગમન. ૪૮૧ પકડેલું નહીં છોડનાર ૧ દુહો. એક બાવો અને સોની. ચાર દુહા. છને સુધારવા ઉદ્યમ નકામો ૧ દુહો. ૪૮૭. પ્રતિમા માટેના પ્રશ્નોત્તરો ૪૮૮.

હરિભદ્રભટ્ટની કથા. ૪૮૯. ચક્રીઓ. બલદેવો, અને વાસુદેવોનું સમયવાર કોષ્ટક. ૪૯૦. સરલતા અને કદાગ્રહ. ત્રણ દુહા. ૪૯૧. કેવલી ભગવંતોને પણ જડ એવા અશનપાનની જરૂર છે. આ સંસારના બધા વ્યવહારોમાં જડની જ આગેવાની છે. ૪૯૨. પોતાની કલ્પના તેવો ભાવ. પદ્મિનીનું મડદું. ૪૯૩. અમરદત્ત મિત્રાનંદની કથા. મોઈદાંડીયાની રમત. મરણભય છ દુહા. ૪૯૬. એકરે દિવસ એવો આવશે. પાંચ દુહા.૪૯૭. સ્રીની મૂર્તિએ અમરદત્તને અકલહીન બનાવ્યો. મિત્રાનંદનાં સાહસો અને બુદ્ધિ. રત્નમંજરી બાળાનો સમાગમ. વેશ્યાનું ઘર જિતેન્દ્રિય પણું, રાજાની સાથે મિત્રાણંદનો વાર્તાલાપ ૪૯૮ રત્નમંજરી સાથે વાર્તાલાપ. છને દોરો ત્યાં આવે. ૧ દુહો. ૫૦૭.

મિત્રાનંદની મિત્રભક્તિ, રાજકુમારી પ્રત્યે માતૃભાવ, નારીરુપના પતંગીયા. છ દુહા. ૫૦૮. મિત્રો કેવા હોય ચાર દુહા. ૫૦૭. પુણ્યપાપનો ભેદ દશ દુહા. સુપાત્રદાન ૧ દુહો. મરનારની સંખ્યા નથી ચાર દુહા. ૫૧૪. પુણ્યાનુબંધી પુણ્યના ભોગવનારા, જીવોના જુદા જુદા વ્યાપારો અને જુદા જુદા પરિણામો. અમરદત્ત મિત્રાનંદની કથા ચાલુ. ૫૨૦. જંબુસ્વામી અને એક ભીખારીની કથા. ૫૨૧ બે દુહા.

કૃષ્ણ વાસુદેવ અને લક્ષ્મણ વાસુદેવના ગુણો ૬૩ શલાકાઓની ગતિનો વિચાર. ત્રણ પ્રકાર જીવનો વિચાર. નિગોદો કેટલી ? નો વિચાર. ૫૨૧ તીર્થંકરોના તથા કૃષ્ણ-બલભદ્ર-શંખ-કલાવતી વિગેરેના ભવોની સમજણ. ૫૨૪. કર્મનો નિષ્પક્ષપાત. ચાર દુહા. અઢાર પાપો ન હોય તે ભગવાન. બે દુહા. ૫૨૫. તીર્થંકરો વિગેરે મહાપુરૂષોના પુણ્યમાં સર્વ જીવોનો ભાગ છે. ૫૨૬. અમરદત્ત મિત્રાનંદની કથાનો અવશિષ્ટ. ભાગ ૫૨૭. માણસ બળવાન નથી. પુણ્ય બળવાન છે. પાંચ દુહા. ૫૨૯. મિત્રાનંદના પતનના પગરણ ૧૩ અને ૪/૧૭ કર્મના દુહા. ૫૨૯. રાત્રિ ૧ દુહો. માણસ ગમે ત્યાં જાય સુખ અને દુઃખ સાથે જાય છે. ૫૩૨.

મહાપાપીઓના પાપો અવશ્ય ફુટી નીકળશે. દયાળુ પ્રભુના દીકરા નિર્દય કેમ હોય ? ૫૩૩. મહાવીર પ્રભુજીના ભવોનો દાખલો. ત્રણ જણને એક એક હજાર જડયા તેનો દાન, ભોગ અને નાશ. ૫૩૪. ઝાડુવાળી, કચરો ભેગો કરી, ફેંકી દેનારા, સારા. પણ દુનિયાનો કચરો ઘરમા લાવનારા અભાગીયા. ધનસંચય કરનારા. બે દુહા. ૫૩૭. લક્ષ્મીના ઉપયોગના સાત દુહા. ૫૩૮. સુખના કારણોમાં પ્રાયઃ પાપો ભરેલાં હોય છે. એક દુહો. ૫૩૯. ક્ષેમંકર ચંડસેન અને સત્યશ્રીના પૂર્વભવો. બે દુહા. ૫૪૫.

પંચાંગીની સમજણ અને તેની જરૂરની દલીલો ૫૪૬. અમરદત્તની કથા સંપૂર્ણ ૫૪૮. દેવદ્રવ્યના પ્રશ્નો. અને શાસ્રોના પુરાવા. દર્શન મોહનીય કર્મ બાંધવાના સાત આશ્રવો ૫૪૯. જૈન શાસનના ટુકડા કેમ થયા. ૫૫૦. દેવદ્રવ્યના પ્રમાણના સાક્ષીપાઠો બાર શ્લોકો. ૫૫૧-૫૨. પ્રતિમાજી અને તીર્થોને નહિ માનનારાઓમાં પણ અર્થથી સ્થાપનાપૂજાનો એકરાર.૫૫૩. સ્થાનકમાર્ગની શરૂઆત ૧૫૦૮ અને લોંકાસાહ. ૧૫૩૪ માં ભાણજી ઋષિએ સ્વયંવેશ પહેર્યો અને તેમની પેઢીઓની શાલવારી. ૫૫૫ થી ૫૫૮.

ચોરાસી આગમો કયારે? આગમો ઘટવાનાં કારણો મુસલમાનોની હિન્દુસ્થાનમાં સ્વારીઓ. ૫૬૦. ખીલજી-

વંશ અને અલ્લાઉદ્દીનના કામો. મલિકકાફુર. નાદીરશાહ અહમદશાહ દુરાની. ૫૬૧. પચીસો વર્ષોમાં સૌથી જૈનોએ વધારે ગુમાવ્યું છે. જૈન ધર્મનો વિસ્તાર કેટલો હતો? ૫૬૨–૬૩. ભરતક્ષેત્રની લંબાઈ પહોળાઈની સમજણ. અયોધ્યા અને અષ્ટાપદની સમજણ. ભરતરાજાની અયોધ્યા, પછી અનેક અયોધ્યાનગરી થઈ હશે. તેની સમજણ ૫૬૩ થી ૫૬૫. શાશ્વત ચૈત્યોની સંખ્યા અને પ્રમાણો ૫૬૫ થી ૫૬૮.

અશાશ્વતી પ્રતિમાનો ઈતિહાસ નિબંધ પહેલો ગિરનારના મૂલનાયકનો ઈતિહાસ. ૫૬૯ થી ૭૧. શંખેશ્વર પાર્શ્વનાથસ્વામીનો ઈતિહાસ–પ્રતિમાની પ્રાચીનતા. સૂચક જુનું. સ્તોત્ર ૫૭૧ થી ૫૭૫ અજાહરપાર્શ્વનાથની પ્રાચીનતા. બે દુહા ૫૭૬.

પ્રતિમાની પ્રાચીનતા. સ્તંભન પાર્શ્વનાથની પ્રતિમા. ૧૭મા પ્રભુજીના તીર્થમાં ભરાયાનો કડીબદ્ધ ઈતિહાસ. ૫૭૯. વચમાં દ્રૌપદીના હરણની ઘટના. ૫૮૧. ચાર દુહા. કૃષ્ણ વાસુદેવને પ્રતિમા મળી. પ્રભુ પ્રતિમાનો મહિમા ૭ દુહા. ૫૮૩. મરવાના ભયથી પણ પ્રભુનું ધ્યાન થાય તો સારૂં. ચાર દુહા. ૫૮૪. વચમાં નાગાર્જુનનો પ્રસંગ. લક્ષ્મી મેળવતાં લાગેલાં પાપો સાથે આવે છે. લક્ષ્મી આંહી પડી રહે છે. ૫૮૬. સ્તંભનપાર્શ્વનાથની પ્રતિમાનું પ્રાચીનપણું. ૫૮૭. બીજી પણ ઘણી પ્રતિમાઓ પ્રાચીન છે. ૫૮૮.

જૈનાગમો અને પ્રાચીન ગ્રંથોમાં પ્રતિમાના પ્રમાણો. ૫૯૧ થી ૫૯૫. ઘુવડના ટોળાની કથા. ત્રણ કાવ્યો. લોહખુરાચોરની દીકરાને ડાયલી શિખામણ. બે દુહા. ૫૯૬. સિંહના ભયથી બચવા કૂવામાં પડવાની શિખામણ દેનારાઓ ઉપકારી કેમ ગણાય. બે દુહા. ૫૯૮. વૈદ્યના વચનો સાંભળી, થયેલાં વૈદ્યોની એક કથા. ૬૦૦. એક દુહો. સાવદ્ય–નિર્વદ્યની સમજણ. લોંકાની ભૂલોનો ખરડો. પૃ. ૬૦૧. વીરભદ્રસેનની કથા. ૬૦૭ થી. બે દુહા. સંઘવીના પૂર્વજો જૈન હોવા જોઈએ. ક્રિયા અને ભાવ બે હોય તોજ લાભ. ૬૧૦. આ કાળમાં આપણામાં પેઠેલી નબળાઈઓ. ૬૧૨. સુસાધુઓના વિધિમાર્ગના ચાર શ્લોકો. ૬૧૬. આત્માની મૂર્ખાઈના ૧૧ દુહા. ૬૧૬. સુદેવ-સુગુરુ-સુધર્મની સમજણ, ભાવધર્મની સમજણ. ૬૨૯. ભાવધર્મ આવે તો જ આત્માને વીતરાગ દશા થવાની શકયતા ગણાય. ત્રણ દુહા. ૬૨૦. એક દુહો. આણાની સમજણ. આઠ ગાથા આજ્ઞા સમજવા સાડા ત્રણસો ગાથા સ્તવનની ચાર ગાથા. છેલ્લા ત્રણ દુહા ૬૨૧ થી ૬૨૪ સુધી. ઈતિ.

# શુદ્ધિપત્રક

| અશુદ્ધ | શુદ્ધ | લીટી | પૃષ્ઠ |
|---|---|---|---|
| ભલે | મલે | ૧૫ | ૧ |
| ઈત્યાદ | ઈત્યાદિ | ૨૦ | ૧ |
| આવસ્સયમિ | આવસ્સયમ્મિ | ૨ | ૨ |
| ધર્ધી | ધર્મી | ૪ | ૩ |
| બંધાપ | બંધાય | ૧૫ | ૩ |
| સસર્ગ | સંસર્ગ | ૨૦ | ૩ |
| ઉધર | ઉપર | ૨૫ | ૩ |
| સરખા | સરખી | ૧૭ | ૪ |
| શત્ય | સત્ય | ૧૯ | ૫ |
| બોલાવ્યા | બોલાવ્યાં | ૬ | ૭ |
| ભરના | ભરનાં | ૯ | ૭ |
| સંપનો | સંપનો નાશ | ૬ | ૮ |
| ચદ્ર | ચંદ્ર | ૧૫ | ૮ |
| દેવતા | દેવના | ૧૭ | ૯ |
| પિકા | પિતા | ૮ | ૧૫ |
| નકશાન | નુકશાન | ૮ | ૧૬ |
| હાય | હોય | ૨૫ | ૧૬ |
| પ્રાપ્ત | પ્રાપ્તિ | ૩૫ | ૧૬ |
| દેખદેખી | દેખાદેખી | ૨૫ | ૧૯ |
| લાખેની | લાખોની | ૧૩ | ૧૯ |
| ભિક્ષકો | ભિક્ષુકો | ૧૭ | ૧૯ |
| वसो | वंसो | ૪ | ૨૦ |
| संमुह | संमुहं | ૪ | ૨૦ |
| મિધ્યા | મિથ્યા | ૮ | ૨૦ |
| અરોપણ | આરોપણ | ૯ | ૨૦ |
| કુર્ગતિ | કુગતિ | ૯ | ૨૦ |
| પરિમેલુ | પરિણમેલું | ૩૦ | ૨૧ |
| કરતા | કરતાં | ૧૬ | ૨૪ |
| સમાકતધરા | સમકિતધરા | ૨૧ | ૨૪ |
| परमंगाणि | परमंगाणि | ૨૧ | ૨૫ |
| जरन्तुणो | जन्तुणो | ૨૧ | ૨૫ |
| પાદડાના | પાંદડાંના | ૨૯ | ૨૮ |
| હિસા | હિંસા | ૨૨ | ૨૯ |
| તળગાળાઓ | તરગાળાઓ | ૨૯ | ૩૧ |
| અકલંકૃત | અકલંકિત | ૨૪ | ૩૩ |
| આદાર | આદર | ૨૨ | ૩૭ |
| આગાને | આગમને | ૨૭ | ૩૭ |
| લખેગ | લખે. | ૨૭ | ૩૭ |
| આંવેલો | આવેલો | ૧૭ | ૩૮ |
| ધમધમેલા | ધમધમેલાં | ૨૮ | ૩૮ |
| પિ” | પિતા | ૩૩ | ૩૯ |
| સિંહ | સિંહ | ૩૧ | ૪૩ |
| ઉલ્કાપત | ઉલ્કાપાત | ૩૦ | ૪૪ |
| રાત્ર | રાત્રિ | ૨૨ | ૪૫ |
| નિકાની | નિકાયની | ૨૧ | ૪૯ |
| અબિકા | અંબિકા | ૧૭ | ૫૦ |
| સ્થાવર | સ્થવિર | ૨૧ | ૫૪ |
| નાશરાણી | નાશકારિણી | ૧૪ | ૫૫ |
| આવાં | આવા | ૨૯ | ૫૬ |
| રત્નત્રુયી | રત્નત્રયી | ૩૦ | ૫૬ |
| ગુણશાલની | ગુણશાલિની | ૧૦ | ૫૭ |
| દશા | દિશા | ૧૪ | ૫૭ |
| પાશ્ચમે | પશ્ચિમ | ૧૪ | ૫૭ |
| કાટ | કોટિ | ૪ | ૫૮ |
| કાટ | કોટિ | ૮ | ૫૮ |
| કોટ | કોટિ | ૧૦ | ૫૮ |
| બનેલો છે | વિદ્યમાન છે | ૨૬ | ૫૮ |
| પાશ્ચમ | પશ્ચિમ | ૩૨ | ૫૮ |
| વૃાદ્ધ | વૃદ્ધિ | ૧ | ૫૯ |
| કિલ્લોદશાના | કિલ્લો દિશાના | ૩ | ૫૯ |
| કનારા | કિનારા | ૩ | ૫૯ |
| પાશ્ચમ | પશ્ચિમ | ૫ | ૫૯ |
| વૃાદ્ધ | વૃદ્ધિ | ૧૦ | ૫૯ |
| દિશા | દિશા દિશા | ૧૭–૧૮ | ૫૯ |
| યુગાલક | યુગલિક | ૫ | ૬૦ |
| દાક્ષણ | દક્ષિણ | ૧૧ | ૬૦ |
| દશા | દિશા | ૧૩ | ૬૦ |
| દ્વારકા | દ્વારિકા | ૨૨ | ૬૦ |

( અનુસંધાન પૃષ્ઠ ૬૨૮ થી ૬૩૨ )

# જિનેશ્વરદેવની આજ્ઞા યાને સાચી માણસાઇ

## મન્નહ જિણાણ માણં સજ્ઝાયના અર્થ

## ભાગ ૧ લો

नमोऽर्हत्सिद्धाचार्योपाध्यायसर्वसाधुभ्यः

नमोचउव्विसाएतित्थयराणं, उसभाइ महावीर पज्जवसाणाणं

ત્રણે કાલ આલોકમાં, થયા થતા થાનાર, પંચમહાપરમેષ્ઠિને, વંદું વારંવાર. ૧

અરિહંત-સિદ્ધ સૂરીશ્વરા, વાચકને મુનિરાય, ત્રણેકાલ વંદન કરું ત્રિકરણયોગ બનાય. ૨

રત્નત્રયી આરાધીને, શીઘ્ર મોક્ષજાનાર, સંઘો ચારપ્રકારના નમીએ વારંવાર. ૩

ત્રણેકાલ જિનદેવના, શાસનનો વિસ્તાર, અઢિદ્વીપ ત્રણલોકમાં, નમીએ વારંવાર. ૪

ત્રણેકાલ અઢિદ્વીપમાં શાસન શ્રીજિનરાય, પામ્યા તે મહાભાગ્યના, પ્રેમે પ્રણમું પાય. ૫

ચોથાથી ચૌદશ લગે, ગુણઠાણાં અગ્યાર, પામ્યા ચડતા ભાવથી, પ્રણમું ભક્તિ ઉદાર. ૬

ગણધર યુગપ્રધાનવર, સૂરિવરના સમુદાય, ત્રણેકાલ બહુ ભાવથી હું પ્રણમું તસપાય, ૭

દ્વાદશાંગી જિનદેવની, સઘળો શ્રુતવિસ્તાર, વંદન કરીએ ભાવથી, ઉતરવા ભવપાર. ૮

સમ્યગ્દર્શન-જ્ઞાનને, ચારિત્ર પાંચ પ્રકાર, તપના બાર પ્રકારને, નમીએ વારંવાર. ૯

દાન-શીલ-તપ ભાવના, ધર્મો ચાર પ્રકાર, ભવ-ભવ આરાધન મલે, તો તરીએ સંસાર. ૧૦

કવિમંડલની માવડી, શ્રુત-વિદ્યાનું ધામ, શ્રીશ્રુતદેવી ભગવતી, કરીએ તાસ પ્રણામ. ૧૧

ઇતિ વંદનીય, પૂજનીય, આરાધનીય, સ્મરણીય, સર્વનું સ્મરણ કરીને, શ્રીવીતરાગદેવોના શાસનને પામેલા તથા પામવાની યોગ્યતાવાળા આત્માઓને, દિવસમાં, પક્ષમાં, માસમાં, વર્ષમાં, અથવા સર્વજીવનમાં, અત્યંત આદરથી આચરવા યોગ્ય, શ્રાવકોના છત્રીશ કૃત્યોને સૂચવનારી "**मन्नह जिणाणमाणं**" ઇત્યાદિ પૂર્વસૂરિવરની બનાવેલી, પાંચગાથાત્મક સ્વાધ્યાયનો, સંક્ષેપથી અર્થ અને ભાવાર્થ લખવા પ્રયાસ કરું છું.

**મૂલ ગાથાઓ**

मन्नह जिणाणमाणं, मिच्छं परिहरह धरह, सम्मतं ।
छव्विह आवस्सयम्मि, उज्जुत्ता होइ पइदिवसं ॥ १ ॥

पव्वेसु पोसहवयं, दाणं शीलं तवो अ भावोअ ।
सज्झाय नमुक्कारो, परोवयारो य जयणाअ ॥ २ ॥

जिणपूआ जिणथुणणं, गुरुथुअ साहम्मिआण वच्छलं ।
ववहारस्स य सुद्धि, रहजत्ता तित्थजत्ताय ॥ ३ ॥

उवसम बिवेग संवर, भासासमिइ छज्जीव करुणा य ।
धम्मियजणसंसग्गो, करणदम्मो चरणपरिणामो ॥ ४ ॥

संघोवरि बहुमाणो, पुत्थयलिहणं पभावणातित्थे ।
सड्ढाण किच्चमेयं निच्चं सुगुरुवएसेणं ॥ ५ ॥

**અર્થ** : શ્રી જિનેશ્વર દેવોની [૧]આજ્ઞા માનવી જોઈએ, [૨]મિથ્યાત્વનો ત્યાગ કરવો જોઈએ [૩]**સમ્યક્ત્વનો** ( સમજીને ) સ્વીકાર કરવો જોઈએ. અહોનિશ [૪]**છપ્રકાર** ( સામાઈકિ ચઉવ્વિસથ્થઓ, વંદણયં, પડિક્કમણું, કાઉસ્સગ્ગો, પચ્ચખ્ખાણું ) **આવશ્યકોમાં** ઉદ્યમવાળા થવું જોઈએ.

તથા પર્વદિવસોમાં [૧૦]**પૌષધવ્રત** કરવું જોઈએ. અભયદાન, સુપાત્રદાન, અનુકમ્પાદાન, ઉચિતદાન, કીર્તિદાન અથવા જ્ઞાનદાન, અભયદાન અને શકિતઅનુસાર ઉપષ્ટંભ [૧૧]દાન આપવાના, ખપી થવું જોઈએ.

[૧૨]**શીલં** શીલવ્રત ( શ્રાવકોને સ્વદારસંતોષ અથવા પરસ્ત્રી ત્યાગ ) દેશથી, વા ( સાધુને ) સર્વથી પાલવું. [૧૩]**તપ** બાહ્ય-અભ્યંતર બાર પ્રકાર તપ કરવો. [૧૪]**ભાવ** ભાવના અનિત્યાદિ બાર અને મૈત્ર્યાદિ ચાર ભાવના તથા પાંચ મહાવ્રતોની પચ્ચીશ ભાવનાઓ ભાવવી.

[૧૫]**સજ્ઝાય** વાચના-પૃચ્છના વગેરે પાંચ પ્રકાર સ્વાધ્યાય કરવો. [૧૬]**નમુક્કારો** નમસ્કાર મહામંત્રનો પ્રતિક્ષણ હમ્મેશ જાપ કરવો. [૧૭]**પરોવયારો** સ્વાર્થની ઇચ્છા વગર પરનો ઉપકાર કરવો. [૧૮]**જયણાય** તથા આપણી બેદકારી કે અજ્ઞાનતા અથવા ઉતાવળથી કોઈ પણ ઝીણા મોટા જીવની=પ્રાણીની ( મનથી, વચનથી કે કાયાથી ) હિંસા ન થઈ જાય તેવી સાવધાનતા રાખવી.

[૧૯]**જિણપૂઆ**. શ્રીજિનેશ્વર-તીર્થંકર-અરિહંત દેવોની-ત્રણ પ્રકાર, પાંચ-પ્રકાર, આઠ પ્રકાર વિગેરે પૂજા કરવી. [૨૦]**જિણથુણણં** પરમાત્મા શ્રી વીતરાગ દેવોને સમજીને

અર્થ વિચારીને સ્તવના કરવી. [21]**ગુરુથુઅ** સર્વ સાવદ્યથી મુક્ત થએલા અને પંચ મહાવ્રતોને પાળનારા, સર્વકાળ પાંચ આચારો પાળવામાં તત્પર રહેનારા, કંચન-કામિનીના ત્યાગી, શ્રી વીતરાગદેવોના મુનિરાજોની સ્તુતિ કરવી. [22]**સાહમ્મિઆણ વચ્છલં** સાધર્મિ ભાઈઓની સમાનધર્મી શ્રાવકો અને શ્રાવિકાઓને ઉદ્ધરવા, સ્થિર કરવા, સાધર્મિ વાત્સલ્ય કરવું, [23]**વવહારસ્સયસુદ્ધિ** ઘરનો, વ્યાપારનો, આપવાલેવાનો, સગાઓનો અને સરકારનો ( પોતાના રાજ્ય સાથેના ) વ્યવહારમાં સાવધાન રહેવું. શુદ્ધ રહેવા જાગૃત રહેવું. ઘરનોવ્યવહાર શુદ્ધરાખવાથી પરિવારમાં અનાચાર કે કુસંપ પ્રવેશે નહીં. વ્યાપારમાં શુદ્ધિ રાખવાથી આબરૂ વધે, વ્યાપાર વધે, આવક વધે, દેવું-લેણું અવસરે આપવા લેવાથી, શાહુકારી વધે છે. સગાઓમાં વ્યવહાર સાચવવાથી જ્ઞાતિમાં મોટાઈ વધે છે. સરકારમાં વ્યવહાર સાચવવાથી, ઉદયનમંત્રી કર્માસાહ વગેરેની પેઠે રાજાઓ પાસેથી ધર્મનાં કામો કરાવી શકાય છે. [24]**રહજત્તા**–[25]**તિત્થજત્તાય** રથયાત્રા અને તીર્થયાત્રા જિનભક્તિ માટેના અપૂર્વ અવસરો છે.

[26]**ઉવસમ** શત્રુનું=અપરાધીનું પણ અહિત ચિંતવવું નહી. [27]**વિવેક** બધા વ્યવહારોમાં, વિવેક રાજા છે. વિવેક વગરના દાન-શીલ-તપ-જ્ઞાન-ધ્યાન-જાપ બધા જ યથાર્થ ફળ આપી શકે નહીં. માટે વિવેક શિખવો અને આચરવો [28]**સંવર** કર્મ ન બંધાય તેવા મન-વચન-કાયાના વ્યાપારો બનાવવા. [29]**ભાષાસમિતિ**, મધુર, ડહાપણવાળું, થોડું, કામ પૂરતું, ગર્વવગરનું, તુચ્છતા વગરનું અનર્થ ન થાય તેવું બોલવું, [30]**છજીવ કરુણા** પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, ત્રસકાય ( બે-ત્રણ-ચાર-પાંચ ઈન્દ્રિયવાળા જીવો ) આ છ પ્રકાર, છએ કાયજીવોની દયા કરુણા ચિંતવવી. [31]**ધમ્મિયજણ સંસગ્ગો** ધર્મી આત્માઓનો, જેટલો બને તેટલો, સમાગમ=સોબત=સંસર્ગ વધારવો. [32]**કરણદમો** ઈન્દ્રિયોને વશમાં રાખવી. [33]**ચરણ પરિણામો** ચારિત્ર લેવાની ભાવના હોવી જોઈએ. [34]**સંઘોવરિ બહુમાણો** ચારપ્રકાર શ્રીસંઘને સમજીને, ખૂબ બહુમાન કરવું. [35]**પુત્થયલિહણં** પુસ્તકો લખાવવાં-છપાવવાં – પ્રચારવાં. [36]**પ્રભાવણાતિત્થે** શ્રી વીતરાગ શાસનની પ્રભાવના કરવી. **સડ્ઢાણકિચ્ચમેયં નિચ્ચં સુગુરુવએસેણં**

આ ઉપર બતાવેલાં શ્રાવકોનાં=ગૃહથોનાં છત્રીશ કૃત્યો, ગીતાર્થ ભાવાચાર્ય સુગુરુ પાસે સમજીને આચરવાના ખપી થવું. આ ૩૬ કૃત્યોમાં સૌ પ્રથમ, શ્રી વીતરાગદેવની **આજ્ઞા** મુખ્ય છે. તેને માટે કહ્યું છે કે

**जिणाणाए कुणंताणं, सव्वं निव्वाणकारणं । सुंदरंपि सबुद्धिए, सव्वं कम्मनिबंधणं.**

**અર્થ :** શ્રીજિનેશ્વર દેવોની આજ્ઞા મુજબ જેટલું થાય, તે બધું ( દાન, શીલ, તપ, ચારિત્ર, અનુષ્ઠાન, ઉપદેશ, પુસ્તક લખાણ, દેવ ગુરુની ભક્તિ, વિનય, વેયાવચ્ચ ) નિર્વાણ=મોક્ષનું કારણ બને છે. અને આપણી બુદ્ધિથી સારું દેખાતું હોય, પરંતુ જિનાજ્ઞા વિરુદ્ધ હોય તે, બધું સંસારની વૃદ્ધિનું કારણ જાણવું.

**પ્રશ્ન :** જિનાજ્ઞાનો અર્થ શું ?

**ઉત્તર :** નીચેનો સંક્ષેપ અર્થ વાંચો.

**आकालमियमाज्ञा ते, हेयोपादेयगोचरा । आश्रवः सर्वथा हेयः उपादेयश्च संवरः ॥ १ ॥**

**અર્થ :** હે પ્રભુ, વીતરાગ જિનેશ્વર દેવ ? આપની (મોક્ષમાં પહોંચાય-ત્યાં સુધીની ભલામણ-સૂચના) આજ્ઞા = ફરમાન છે કે, આશ્રવ = કર્મબંધનાં તમામ કારણો ત્યાગવા યોગ્ય છે. અને સંવર = પાપની આવકના બધાં બારણાં (સમજીને) બંધ કરવા યોગ્ય છે.

**પ્રશ્ન :** શ્રીજિનેશ્વરની આજ્ઞા સમજતા ન હોય, અથવા પાળતા ન હોય, તેને ધર્મ થાય જ નહીં ?

**ઉત્તર :** શ્રીવીતરાગદેવોની આજ્ઞા આવ્યા વિના ધર્મ થયો નથી, થતો નથી, થવાનો નથી.

**પ્રશ્ન :** તોપછી આ જગત આખું ધર્મ કરે છે તે ખોટું ?

**ઉત્તર :** હા, લગભગ ખોટું. જુઓ ગુર્જર કવિ આનંદઘનજી મહરાજ.

**"ધર્મધર્મ કરતા જગ સહુ ફીરે, ધર્મ ન જાણે હો મર્મ, જિનેશ્વર !**
**ધર્મજિનેશ્વર ચરણ ગ્રહ્યા પછી, કોઇ ન બાંધે હો કર્મ, જિનેશ્વર ॥૧॥**

**પ્રશ્ન :** તો પછી દુનિયાના ધર્મો બધા જ ખોટા માનવા ?

**ઉત્તર :** પિત્તળ અને સુવર્ણ વર્ણથી સરખા દેખાય છે. ચાંદી અને મોતીની છીપલી વર્ણથી સરખી દેખાય છે. દૂધ અને છાશ વર્ણથી સરખા દેખાય છે. ઘી અને તેલ વર્ણથી સરખાં દેખાય છે. ઘોડા અને ગધેડાનાં ઘણાંખરા અંગો આકારો સરખા દેખાય છે. તો પણ પંડિત પુરુષોએ આ બધાઓની વચમાં મોટું આંતર માનેલું છે. તે જ પ્રમાણે ધર્મ = સત્યધર્મ અને ધર્માભાસોને સરખા કેમ માની લેવાય ?

**પ્રશ્ન :** ધર્મના કોઈ પણ અંગો કે અંશો જ્યાં હોય, ત્યાં ધર્મ માનવામાં વાંધો નથી એ વાત સાચી કે નહી ?

**ઉત્તર :** કોઈ સ્ત્રીમાં પરપુરુષસેવનરૂપ, મહાભયંકર એક દોષ હોય, અને બીજા બધા જ ગુણો હોય તો પણ, તે **સતી કહેવાય નહીં,** આ વાત જેમ ડાહ્યા માણસોને કબૂલ છે જ. વળી કોઈ સતીમાં મન-વચન-કાયાથી પરપુરુષ ત્યાગરૂપ એકજ શીલગુણ મજબૂત હોય, અને ક્રોધ-કાર્પણ્ય આદિ વખતે ઘણા દોષો હોય તોપણ તે સતી જ ગણાય છે.

તેમ આંહી ધર્મની વ્યાખ્યામાં. પ્રમાણિકતા, ઉદારતા, શૂરતા, ધીરતા, ગંભીરતા, આદિ ઘણા ગુણો હોય તોપણ, વિચાર વાણી અને વર્તનમાં, પ્રાણીમાત્રની દયા આવી ન

હોય, લાવવાની તાલાવેલી ન હોય, તેવા બધા જ ધર્મના પ્રકારો, આત્મકલ્યાણમાં મદદ કરનારા થતા નથી; મોક્ષદાયક થતા નથી. કહ્યું છે કે :

**दया महानदीतीरे, सर्वे धर्मा स्तृणांकुराः । तस्यां शोषमुपेतायां, कियन् नन्दन्ति ते चिरं**

**અર્થ** : જેમ જલાશયના કાંઠા ઉપર, ઘાસ અને વૃક્ષોની જાતિઓ, ખૂબ ખિલ-ખિલાટ દેખાય છે, જો જલાશય સુકાઈ જાય તો બધાં ઘાસ અને વૃક્ષો સુકાઈ જાય છે, તેમ આંહી જ્ઞાનીઓએ દયાને મહાનદીની ઉપમા આપી છે. દયા, પ્રાણિદયા--જીવદયા હોયજ નહીં, તો બીજા ધર્મો બિચારા કયાં સુધી ટકે ?

**પ્રશ્ન** : ફક્ત જીવદયા ન હોય, પરંતુ સાચું બોલે. કોઈની વસ્તુને અડકે નહીં. ખૂબ પ્રમાણિક હોય, ઓછું આપે નહીં, વધુ લે નહીં. સરકારને પણ ઠગે નહીં. બીજા પરમાર્થના કામ કરે. તો શું ધર્મ ન કહેવાય ?

**ઉત્તર : अहिंसा परमो धर्मः** અહિંસા મોટો ધર્મ છે. કોઈને દુઃખ આપવું નહીં. આવું બોલનારા-લખનારા પણ, જીવોને મારી નાખતા હોય, અથવા મરાવી નાખીને, તેનું માંસ ખાતા હોય, તેવાઓને સત્યવાદી કે પ્રમાણિક કેમ કહેવાય ? માંસાહારી બ્રહ્મચર્ય પાળે તો વખતે બ્રહ્મચર્ય ગુણથી-વ્યંતરાદિ હલકી દેવયોનિ પામીને પણ, કાલી-મહાકાલી જેવા દેવો બનીને, લાખો કરોડો જીવોની હિંસા કરી કરાવી-સંસારમાં રખડવા ચાલ્યા જાય છે.

માટે જીવદયા વિનાના ધર્મો કે ગુણો, આત્મકલ્યાણનો માર્ગ નથી જ. અને બીજા સત્યભાષણ, પ્રમાણિકતા, બ્રહ્મચર્ય, દાન, તપશ્ચર્યાદિક ગુણો પણ, અહિંસાને વધારવા માટે જ છે. સત્ય બોલવાથી પણ હિંસા થઈ જતી હોય તો, મૌન રહેવું; સત્ય બોલવું નહીં.

દાખલા તરીકે શ્રીપાલકુમારની માતા, કુમાર શ્રીપાલને બચાવવા માટે, બાળકને ઉપાડીને એકલાં રાતોરાત નાસી ગયાં છે. પાછળથી અજિતસેનરાજાના સેવકો, શોધવા નીકળ્યા છે. લોકોને પૂછેછે એક બાઈને એક બાળકને, લઈને જતી તમે જોઈ છે ? આ પ્રમાણે કલ્યાણીના રાજા ભુવડના સેવકો, પંચાસરના રાજા જયશિખરીની ગર્ભવતી રાણી રૂપસુન્દરીને શોધવા નીકળ્યા હતા. વળી રાજા સિદ્ધરાજના સૈનિકો, કુમારપાળને શોધવા ફરતા હતા; આ બધી જગ્યાએ સત્યવાદીને, મૌન જ કરવું ઉચિત છે. સત્ય બોલવાથી મહાઅનર્થ થાય છે એ ચોખ્ખું સમજી શકાય છે.

યદિકોઈ મૂર્ખસત્યવાદીએ કમલપ્રભાને બતાવી હોત તો, કુમાર શ્રીપાળનો નાશ થયો હોત. રાણી રૂપસુન્દરીને બતાવી હોતતો, વનરાજનો નાશ થયો હોત. કુમારપાળને બતાવ્યા હોતતો, અઢાર દેશોમાં, સોળવર્ષ સુધી અમારીપડહ વગડાવવારૂપ, મહાપ્રભાવનાઓ કરનાર, એક અવતારી મહાપુરુષનો નાશ થાત.

**"સત્ય વચનને બોલતાં, હિંસા જો દેખાય, વચન વિચારી બોલવું, હિંસા અટકી જાય."**

જૈન શાસનમાં સાધુનાં પાંચ મહાવ્રતો, અને શ્રાવકોનાં બાર વ્રતો, બધાં જ, હિંસાને અટકાવવા માટે જ છે. જ્યાં હિંસા હોય, ત્યાં ધર્મ રહે જ નહીં. અહિંસા સમજવા અને સાચવવા માટે જ, સેંકડો કે હજારો પુસ્તકો લખાયાં છે. જ્ઞાન-દર્શન-ચારિત્રને, મોક્ષમાર્ગ માન્યો નથી. પરંતુ **સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને જ** મોક્ષમાર્ગ મનાયો છે.

**પ્રશ્ન** : આજ્ઞા એટલે શું? આજ્ઞા કોને કહેવાય?

**ઉત્તર** : જેમ પ્રારંભમાં-બાલ્યાવસ્થાથી યાવત માતાપિતા વડીલો હૈયાત હોય ત્યાં સુધી; ધર્મ અને નીતિથી અવિરુદ્ધ માતાપિતાનું વચન માનવું-સ્વીકારવું. પ્રસન્નતા અને નમ્રતાથી, તેમની શિખામણ મસ્તક ઉપર ચડાવવી. વડીલોને દુઃખ થાય એવું આચરણ પણ ન કરવું. તે જ પ્રમાણે સમજીને, વીતરાગ વચનોમાં વિશ્વાસ વધારવો.

**પ્રશ્ન** : કોઈ વાર માતાપિતા ખોટો હઠાગ્રહ કરે તો, આપણે શું કરવું?

**ઉત્તર** : પ્રાયઃ વડીલો પોતાનાં સંતાનોનું ભલું જ ઇચ્છનારા હોય છે. તેથી તેઓ પોતાના બાળકોનું ભવિષ્ય બગડી જાય તેવું કરે નહીં; અને સમજફેર કે લોભાદિના વશ બનીને, ભૂલ કરી નાખે તો પણ. સોટકા નસીબનો ભરોસો રાખનારા મહાપુરુષો **શ્રીચંદ્રકુમાર, રામચંદ્રકુમાર,** ભીમસેનાદિ ચાર પાંડવો, **શ્રેણિકકુમાર, અશોકપુત્ર** કુણાલ, (મહારાજ-સંપ્રતિના પિતાજી) વિગેરે હજારો રાજપુત્રો અને શ્રેષ્ઠી પુત્રોએ, પોતાના હકોને જતા કરીને પણ, વડીલોની આજ્ઞા પાળી છે. અને તેમના આલોક-પરલોક બગડયા નથી પણ સુધર્યા છે.

**પ્રશ્ન** : વડીલોની આજ્ઞા ન પળાય તો નુકસાન થાય છે?

**ઉત્તર** : જ્યાં વડીલોની આજ્ઞા હોય, ત્યાં ચોક્કસ સંપ હોય જ. સંપ હોય તો ઝગડા ન થાય. કુટુંબની આબરૂ વધે. ઘણા માણસોનું કુટુંબ સાથે વસે છે. નરમ-ગરમ પણ પોષાય છે; દેખાદેખીથી ધર્મની પ્રાપ્તિ-સમજણ રક્ષણ થાય છે. ભગિની-પુત્રી-વધૂઓના શીલગુણનું રક્ષણ થાય છે. વેપાર ધંધા વિગેરેમાં પણ પહોંચી વળાય છે. જગતમાં કહેવત છે કે "**જથ્થો તેનું જોર**" ઘણા માણસોના સમુદાયનું કુટુંબ હોય તેનો કોઈ પરાભવ કરી શકતું નથી. કહ્યું છે કે,

**जन्तूना मल्पसाराणां, समवायोहि दुर्जयः । तृणैर्विधीयते रज्जु बध्न्ते दन्तिनः तया ॥ १ ॥**

**અર્થ** : અલ્પ શક્તિવાળા પણ ઘણા એકઠા થાય તો, તેને કોઈ પરાભવ પમાડી શકતું નથી. પરંતુ મોટો સમુદાય, બળવાનને પણ જીતે છે. જેમકે ઘાસ નિર્બળ વસ્તુ હોવા છતાં, તેના તાંતણાથી બનાવેલા દોરડાંથી, હાથીઓ. ઉપલક્ષણથી-ઊંટ, ઘોડા, બળદ, પાડા, સિંહ બંધાય છે.

## આંહીં એક સંપની નાની પૌરાણિક કથા લખું છું.

એકવાર સમુદ્રના કિનારા ઉપર, એક ટીટોડીએ ઈંડાં મૂકયાં હતાં. એટલામાંતો સમુદ્રની છોળ આવી. ઈંડાં સમુદ્રના પેટાળમાં ઘસાઈ ગયાં. ટીટોડાની આખી નાત ભેગી થઈ. અને પક્ષીઓના રાજા ગરુડજી પાસે ફરિયાદ કરી. ગરુડજીએ સમુદ્રને સમજાવ્યો. ઈંડાં પાછાં આપવા સમજાવ્યું. પરંતુ આખી દુનિયાની અબજોની મિલકતને, ઓહીયાં કરી જનાર સમુદ્ર, કોઈનુ પાછું આપવા ધ્યાન આપે જ શાનો ? પરંતુ પક્ષીની જાતમાત્રના રાજા ગરુડજી, પણ પાછા પડે એવા હતા નહીં.

અને એમણે પોતાના પક્ષીઓ દ્વારા, જગતભરનાં પક્ષીઓને બોલાવ્યાં. તેમાં મોટા–મોટા હાથીઓને પણ ઉપાડી જાય તેવા, લાખોની સંખ્યામાં ભારંડ પક્ષીઓ આવ્યા, અને એમણે મોટા મોટા પહાડો તોડી તોડી સમુદ્રમાં ફેંકવાનું શરૂ કર્યું. પહાડો નાખીને સમુદ્રને આખોને આખો, પૂર્ણ કરી નાખવાનો નિર્ધાર કર્યો.

આ વાતની વિષ્ણુભગવાનને ખબર પડી. પક્ષીઓ પહાડો અને સમુદ્રના ઝઘડામાં, જગતને ઘણું ઘણું નુકસાન સમજાયું. છેવટે ગરુડનાસ્વામી વિષ્ણુભગવાને, સમુદ્રને સમજાવીને, ટીટોડીનાં ઈંડાં પાછાં અપાવ્યાં. આંહીં સંપની જીત થઈ જાણવી.

**પ્રશ્ન** : વિષ્ણુ ભગવાન ગરુડ અને સમુદ્રને કેમ સમજાવી શકયા ?

**ઉત્તર** : આ કથા પૌરાણિક છે : પુરાણોમાં ગરુડને વિષ્ણુ ભગવાનનું વાહન માનેલો છે. અને સમુદ્રતો વિષ્ણુ ભગવાનનો સસરો થાય છે. કારણકે વિષ્ણુની રાણી લક્ષ્મી, તે સમુદ્રની દીકરી થાય છે. એટલે એક બાજુ ગરુડ સેવક છે; તેતો માને એમાં આશ્ચર્ય જ નથી. બીજી બાજુ **" જેણે આલી બેટી તેની ગર્દન હેઠી "** આ ન્યાય છે; એટલે સસરો બિચારો જમાઈનો દબાયેલો જ હોય. એ ન માને એ બને જ કેમ ?

**પ્રશ્ન** : ગરુડ કૃષ્ણનું વાહન છે તેનું પ્રમાણ શું ? **ઉત્તર** : **नागान्तको विष्णुरथः, सुपर्णः पन्नगाशनः ॥**

**અર્થ** : અમરકોષ સ્વર્ગવર્ગ કાંડ પહેલામાં શ્લોક ૩૧. નાગોનો નાશ કરનાર. વિષ્ણુનું વાહન. સુપર્ણ. અને સર્પોનું ભક્ષણ કરનાર. આ બધા ગરુડના નામવાચક શબ્દો બતાવ્યા છે.

**પ્રશ્ન** : સમુદ્રને વિષ્ણુ ભગવાનનો સાસરો કેવી રીતે મનાયો છે ?

**ઉત્તર** : પૌરાણિકોની માન્યતા છે કે, સમુદ્રમાંથી ચૌદરત્નો નીકળ્યાં હતાં. તેમાં

લક્ષ્મીનો સમાવેશ થાય છે. તથા કોષોમાં પણ **અબ્ધિતનયા** લક્ષ્મીને સમુદ્રની પુત્રી બતાવી છે. આ બધી પૌરાણિકોની વાતો જાણવી. આ બધા કથાનકનો સાર સંપનું બળ સમજવા માટે છે.

કહ્યું છે કે **"સંપ ટકે આજ્ઞા થકી, તસનાશે તસનાશ."**

**અર્થ** : વડીલોની આજ્ઞા સચવાય તોજ, સંપ ટકે છે. વડીલોની આજ્ઞાના નાશથી, ચોકસ સંપનો નાશ થાય છે.

**પ્રશ્ન** : પરંતુ કુટુંબમાં કોઈ આળસુ હોય, પૈસો કમાય નહીં, ઘરનું કામ કરે નહીં, એવાઓને કેમ ચલાવી લેવાય ?

**ઉત્તર** : દસ–વીસ, પંદર–વીસ ગાડાં જોડેલાં હોય, આગળ પાછળ ધોરી બળદ–જોડેલા હોય, વચમાં ગળીઆ બેલોનાં ગાડાં પણ હોય. સમૂહમાં તેઓ પણ ચાલ્યાં આવે છે. તેમ કુટુંબોમાં પણ, બધાઓનાં પુણ્ય-શક્તિ-બુદ્ધિ સરખા ન હોય. પરંતુ કોઈના પુણ્યથી કોઈની અક્કલથી કોઈના બળથી, કોઈની ઉદારતાથી કુટુંબ શોભે છે. કોઈ કવિએ ગાયું છે કે :

**જલથી કમલ શોભે, કમલથી જલ શોભે, જલ અને કમલથી, સરોવર શોભે છે.**
**મણિથી કંચન શોભે, કંચનથી મણિ શોભે, મણિ અને કંચન બંને, થકી કર શોભે છે.**

**ચંદ્ર થકી રાત શોભે, રાત થકી ચંદ્ર શોભે, ચંદ્ર અને રાત બંને, થકી અંબર શોભે છે.**
**નર થકી નાર શોભે, નાર થકી નર શોભે, નર અને નાર બંને થકી ઘર શોભે છે. ॥ ૧ ॥**

**અર્થ** : જલ રહે તો જ કમળ જીવે છે, વૃદ્ધિ પામે છે, અને ખીલે છે, અને કમળનાં વનોથી જ સરોવરો શોભે છે. તેને કમલાકરની ઉપમા અપાઈ છે. તથા ગમે તેવી સુવર્ણની વીંટી, હીરો જડેલો હોય તો જ શોભે છે. અને હીરો પણ સોનાની વીંટીમાં જ હોય તો. સારો લાગે છે. આ બંનેથી (હીરાની વીંટીના યોગે) હાથસારો લાગે છે. તથા ચંદ્ર ઉગવાથી–રાત્રિની અજબ શોભા બને છે. અને રાત હોય ત્યાં સુધી જ ચંદ્રનુંતેજ રહે છે (રાત્રિ ગયાથી ચંદ્ર નિસ્તેજ બની જાય છે). ચંદ્ર અને રાત બન્નેના યોગથી આકાશ પણ સુંદર જણાય છે. તેજ પ્રમાણે પુરુષોથી સ્ત્રીઓ શોભે છે. અને સ્ત્રીઓ વડે જ પુરુષો શોભે છે. અને જ્યાં સ્ત્રીઓ અને પુરુષો બેનો સમુદાય હોય, તો જ ઘર શોભે છે. જે ઘરમાં એકલા બે–ત્રણ–ચાર પુરુષો જ હોય, તે વાંઢાઓનું ઘર કહેવાય છે. તે જરા પણ શોભતુ નથી. તેમજ એકલી બે ત્રણ ચાર, કેવળસ્ત્રીઓજ હોય તો, તે રાંડીરાંડો ગણાય છે.

કોઈક કવિએ ગાયું છે કે :

**"સંઘ ચાલ્યો રે ગોદાવરી, ગોદાવરીના સંઘમાં રાંડીરાંડો ઘણી, સંઘ ચાલ્યો રે ગોદાવરી."**
**"સંઘ ચાલ્યો મરૂધર દેશથી, તીર્થ દ્વારિકા મોટું ધામ રે, જેમાં કેવળ માનવ લંગોટીઆ.**
**તેમાં નારીનું એક નહીં નામ રે, સંઘ ચાલ્યો મરૂધર દેશથી.**

આ સ્થાનમાં જેમ એકબીજાના સહયોગથી, એકબીજાની સહાય અને મોટાઈ રહે છે. જેમ પુરુષો ધન કમાવવામાં આગળ પડતો ભાગ ભજવે છે. તેમ સ્ત્રીઓ પણ પુરુષો થકી વધારે કામ બજાવે છે; એ ભુલાવું ન જ જોઈએ.

**પ્રશ્ન** : સ્ત્રીઓને ફક્ત રસોઈ જ કરવાની ને, બીજું શું કામ કરવાનું ?

**ઉત્તર** : કેવળ રસોઈ જ નહીં; પરંતુ કુટુંબની આબરુ પણ સ્ત્રીઓ જ વધારે છે. જેના ઘરમાં સ્ત્રી હોશિયાર હોય, તેના ઘેર મહેમાન પરોણા સચવાય છે, અને નાતજાતમાં આબરુ વધે છે. સ્ત્રી હોશિયાર, ઉદાર અને વિવેકી હોય તો અતિથિઓને દાન અપાય છે. સાધુ-સાધ્વીઓમાં સુપાત્ર દાનનો લાભ મળે છે. સુપાત્ર શ્રાવક-શ્રાવિકાઓ પણ તેના ઘેર પોષાય છે. હુશીયાર સ્ત્રી હોય તો, ઘરની વસ્તુ બગડે નહીં, ચોરાય નહીં, અવિવેકથી વપરાય નહીં.

કુમારપાળ મહારાજાના મહાઅમાત્ય ઉદાયન મંત્રી. એકવાર કર્ણાવતી નગરીમાં, (હાલનું અમદાવાદ) તદ્દન ચિથરેહાલ આવ્યા હતા, અને જિનાલયમાં દર્શન-ચૈત્યવંદન કરી ઉતારો મેળવવાની વિચારણા કરવાની હતી. ત્યાં એક લક્ષ્મીબાઈ નામની શ્રાવિકા બહેન, તેમને સહકુટુંબ પોતાના ઘેર લઈ ગયાં. ઉતારો આપ્યો, જમવાની પણ બધી જ કાયમી સગવડ આપી. રહેવા ઘર આપ્યું. ક્રમે તે જ ઉદો મારવાડી મટીને, મહાઅમાત્ય ઉદાયન થયા.

ઘરમાં સ્ત્રી સુલક્ષણી હોય, તેનું ઘર દેવતાના જેવું શોભે છે. બાળકોનો ઉછેર, સંસ્કાર અને સુઘડતા લાવવામાં, બાળકોની માતા, એક અધ્યાપકનો પાઠ ભજવે છે. હોશિયાર માતા, બાળકોના આરોગ્ય માટે એક પ્રાથમિક વૈદ્યનું સ્થાન શોભાવે છે, તથા હોશિયાર અને શીલવતી પતિવ્રતા એવી પત્ની પોતાના બાળકોને એવાં કેળવે છે કે તે બાળકો પ્રાયઃ વ્યસની કે અનાચારી થતા નથી. તથા ઉત્તમ પત્ની વેપાર, ધંધા, નોકરીના કાર્યથી કંટાળેલા મગજવાળા પતિને ચંદનના ઘોળ જેવી શીતળતા, અને દ્રાક્ષના રસ જેવી મધુરતા પીરસીને, ખૂબ આનંદ અને વિશ્રાન્તિ આપે છે.

ભૂતકાળ એવો હતોકે, બે-ત્રણ, ચાર-પાંચ પેઢીનો પરિવાર એક રસોડે જમતો હતો. હમણાં પણ હજારે ક્યાંક એક બે ઘર સંપીલાં પણ દેખાય છે. જગતમાં સંપની કિંમત ઘણી મોટી છે. જે કુટુંબમાં પૈસા અને સંપ બે હોય તે પહેલા નંબરનો ભાગ્યશાળી ગણાય છે. પૈસા ન જ હોય પણ એકદમ ઊંચો સંપ હોય તોપણ, તે ભાગ્યશાળી જ છે.

**પ્રશ્ન** : પૈસા પુષ્કળ હોય, સંપ જરા પણ હોય નહીં, તેને કેવો કહેવો ?

**ઉત્તર** : તેને નિર્ભાગ્ય કહેવામાં કશો વાંધો નથી. કુસંપ હોય ત્યાં પ્રાયઃ લક્ષ્મી લાંબો વખત જતી નથી અને ટકતી નથી, અને સંપ હોય ત્યાં લક્ષ્મી વહેલી આવી જાય છે. અને ઘણી પેઢીઓ સુધી ચાલે છે. ઈન્દ્રનો લક્ષ્મીને **પ્રશ્ન** : દેવી ? આપ ક્યાં વસો છો લક્ષ્મી ઉત્તર આપે છે.

**गुरवो यत्र पूज्यन्ते. यत्र धान्यं सुसंस्कृतं। अदन्तकलहो यत्र, तत्र शक्र! वसाम्यहं ॥१॥**

**અર્થ** : લક્ષ્મી દેવી કહે છે, હે ઇન્દ્ર મહારાજ! જ્યાં ગુરુ પુરુષોનું માન-સન્માન સચવાય છે; ધર્મગુરુ, વિદ્યાગુરુ, માતા-પિતા વગેરે ગુરુપુરુષો, જ્યાં દેવોની

માફક પૂજાય છે, જ્યાં સંસ્કારવાળું (અભક્ષ ભક્ષણ વિનાનું) અનાજ ખવાય છે, અને જે કુટુંબોમાં ઝઘડા-કજિયા-કલહ થતા નથી હું ત્યાં જ સ્થિરતાથી વસું છું. સંપના અર્થી આત્માઓને, વડીલોની આજ્ઞા સમજવી અને માનવી પડસે.

કોઈ કવિએ કહ્યું છે કે :

**"સંપકર્યે કિંમતવધે, ઘટે કર્યે મન રીસ, થાય અંક મુખ ફેરવે, તેસઠના છત્રીસ."**

**જેમ છગડો અને તગડો સંપ કરી સામસામા બેસે તો ૬૩ તેસઠ થાય છે અને ઝગડો કરી મુખ ફેરવી નાખે તો ૩૬ છત્રીશ થાય છે.**

**તથા વળી નવના અંકની પણ ઘટના વાંચવા યોગ્ય છે.**

**"નવડા કેરીનાત વિશે; જબ ઇર્ષાવ્યાપી, ચઢ્યા એકપરએક, અધિકતા આપણી સ્થાપી, હતા અંકમાં શ્રેષ્ઠ, છતાંપણ ગર્વપણાએ ઘટી કિંમત છેક, અશિતીએક ગણાયે. સુન્દર સંપ થવા થકી, પંક્તિ બંધ બેઠા યદા, ન્યૂન અબજમાં એક, ચરણવિજય કિંમત તદા." ॥ ૧ ॥**

બધા અંકમાં-એકથી નવ સુધીમાં નવનો આંક મોટો દેખાય છે. એ અનુભવસિદ્ધ વાત હોવા છતાં, નવડાની નાતમાં નવડા બધા સરખા જ હોય છે. એ પણ દીવા જેવી વાત છે. ભલે રાજાનો મહાઅમાત્ય હોય, અથવા ક્રોડપતિ હોય, પરંતુ પોતાની જ્ઞાતિનો સમૂહભેગો થયો હોય ત્યાં, નવકારવાળીના મણકાની પેઠે, નાનામોટાનો ભેદ ભૂલી જઈ સરખા બેસવું જોઈએ. અથવા જાતિ કે કુટુંબની મર્યાદા સાચવવી જોઈએ. પરંતુ નવડા બધા જ પોતાને વડીલ માનવા લાગ્યા અને ઉપરા ઉપર બેઠા.

૭ ૭ ૭ ૭ ૭ ૭ ૭ ૭ ૭ ‖ **૮૧ નવડા અભિમાન લાવી ઉપર ઉપર ચડવાથી સરવાળે નવો નવો એકાસી થયા. અને તુરત પોતાના ગર્વનો ખ્યાલ આવી ગયો. એટલે** તુરત બધા લાઈનમાં બેસી ગયા. ૯૯૯૯૯૯૯૯૯ તેથી **નવાણું** ક્રોડ, **નવાણું** લાખ, **નવાણું હજાર, નવસો નવાણું** થયા.

આ જગ્યા એક ગર્વની કુજેતીની ઐતિહાસિક ઘટના જણાવું છું. સો બસો વર્ષ પહેલાંની પ્રાયઃ આ વાત હશે. કોઈ એક મધ્યમકોટિના ગામમાં પચાસેક ગામોના ઠાકોર સાહેબના એક દીવાન હતા. પત્ની-પૈસા-પરિવારથી પણ સંપન્ન હતા. રાજાના પ્રધાન એટલે આખા ગામમાં, અને આજુબાજુનાં ગામોમાં પણ, તેમનું ઘણું સન્માન હતું.

ગામમાં પોતાની જ્ઞાતિના ૨૦૦-૩૦૦ ઘર હતાં. અવારનવાર નાનું મોટું મરણ થાય, અને પોતાની ગામમાં હાજરી હોય, અનિવાર્ય રાજકીય કામકાજ ન હોય તો, દીવાન સાહેબ પણ, શ્મશાનયાત્રામાં હાજરી આપતા હતા; પરંતુ ત્યાં તેઓ પોતાને પ્રધાનપણાનો ખ્યાલ રાખી, મડદું બહાર નીકળ્યા પછી જ હાજર થઈ જતા. અને તે પણ ઘોડા ઉપર બેસીને શ્મશાનતરફ જતા. બધું પતાવી સ્નાન કરીનેપણ, ઘોડાની સવારીથી જ પાછા ઘેર આવી જતા.

થોડોવખત આ બીના ચાલી, પણ ખાસ કોઈએ ધ્યાન આપ્યું નહિ, અને પછી તો દીવાન સાહેબને હમ્મેશનું વ્યસન બની ગયું. જાતિમાં અને ગામમાં ચર્ચાઓ થવા લાગી.

પરંતુ મોટા માણસને કહે કોણ? આવા પ્રસંગો ઘણા બની ગયા. પાંચ દશવર્ષો વીતી ગયાં, અને દીવાનસાહેબનો મોભો પણ કાયમી બની ગયો. **મરણ તો બધાંને ઘેર આવે છે જ. ભલે પછી તે રાજા હોય કે ધનવાન હોય.**

**"મરી ગયા નૃપતિ ઘણા, દીવાન ને ધનવાન, ઓચિંતા જાવું પડે, સઘળાને શ્મશાન."**
**"રોગોનાં ઔષધ ઘણાં, મરણ ન ઔષધ કોય અમર-પશુ ને માનવી, મરવું સૌને હોય."**

એવામાં દીવાનસાહેબની મા મરી ગયાં. શ્મશાનયાત્રામાં નાતીલા બધા આવ્યા. પરંતુ બધાજ કોઈ ઘોડે ને કોઈ ગાડે, કોઈ ઊંટે તો કોઈ પાલખીમાં બેસી બેસીને આવ્યા. ડોસીમાની ઠાઠડી કોણ બાંધે? ઉપાડે કોણ? દીવાનસાહેબ મુંઝાયા. બધા વાહનારૂઢ થયેલા. જલદી કરો! કાઢો કાઢો કહે, પણ કોઈ કામ કરનાર નથી.

છેવટે દીવાનસાહેબ બહાર આવી, બધાને પગે પડ્યા. ત્યાં કોઈ તડાકીદાસ સ્પષ્ટવક્તા બોલી ગયો, "સાહેબ! આપ મોટા માણસ છો, આપ અમારાઘેર સારા ઠાઠથી પધાર્યા હો, તો અમારે પણ આપનાં પૂજ્યમાતુશ્રી ગુજરીગયાં માટે, દીમાગથીજ આવવું જોઈએ ને? મોટા માણસના ઘેર જેમ તેમ કેમ જવાય?"

દીવાનસાહેબ આ બોલકા માણસનાં **વ્યંગવચનો** સાંભળી ગળગળા થઈ ગયા. અને બે હાથ જોડીને બોલવા લાગ્યા, 'ભાઈ? જ્ઞાતિ માતાપિતા તુલ્ય પૂજ્ય છે. આજ સુધીની મારી તોછડાઈનો મને ખ્યાલ આવી ગયો. હવે હું કયારે પણ આવી ભૂલ કરીશ નહીં અને અત્યાર સુધીના મારા ગુના માફ કરો.' જ્ઞાતિના ભાઈઓએ સહકાર આપ્યો અને દીવાનસાહેબની સાન ઠેકાણે આવી ગઈ.

વળી **માતપિતાની** આજ્ઞા. એ પણ **મનુષ્યમાત્રની પહેલી ફરજ** છે. જ્યાં જ્યાં **માતપિતાની** આજ્ઞા અલંઘ્ય **હશે**, તે સ્થાને, **સંપ** પણ અભંગ જ હશે. પાંચે પાંડવોમાં બળવાન તો **ભીમસેન અને અર્જુન** જ હતા. **પરંતુ નસીબ યુધિષ્ઠિરનું જોરદાર હતું. ભીમ-અર્જુન જુદા પડી ગયા હોત તો, યુધિષ્ઠિર-સહદેવ-નકુલને, કૌરવો હેરાન પરેશાન કરવા માટે, નસાડી-ભગાડી કે, મારી નાખત. પરંતુ ભીમસેન, અર્જુને પોતાનો ગર્વ બતાવ્યો નથી, પરંતુ આખી જિંદગી માતાપિતા અને વડીલ બંધુને અનુસરીને રહ્યા છે, તથા દશરથ રાજાના કુટુંબનો સંપ અને વડીલોની આજ્ઞા, આગળના પત્રોમાં વાચકો જાણી શકશે.**

**પ્રશ્ન** : જ્ઞાતિની આજ્ઞાની શી જરૂર? જ્ઞાતિની આજ્ઞાથી શું ફાયદો?

**ઉત્તર** : જગતમાં જ્ઞાતિનાં બંધારણો હોય છે. કોમનાં બંધારણ, નાના મોટા સર્વને કબજામાં રાખે છે. તેથી પોતાનો ધર્મ સચવાય છે. પુત્ર-પુત્રીઓનાં હિત જળવાય છે. ધનવાનોને સાધર્મી ભક્તિનો લાભ મળે છે. ગરીબોની આજીવિકા નિર્ભય ચાલે છે.

**પ્રશ્ન** : ગરીબોની આજીવિકા નિર્ભય કેવી રીતે રહે છે?

**ઉત્તર** : ભૂતકાળમાં નાનાં મોટાં શહેરો અને ગામોમાં લેણીઓ-પ્રભાવનાઓ કરવાનો ખૂબ રિવાજ હતો. ચંદ્રાવતીનગરીમાં કોઈ સાધર્મી ભાઈ ગામમાં રહેવા આવે તો, પ્રત્યેક (ગામમાં વસનારાઓ તરફથી) **જૈન** નવા આવનારને, એક સોનામહોર હાથગ્રહણ-ચાંલ્લો

આપી આવતા હતા. આવા રિવાજો મથુરા, ભરૂચ, ખંભાત, કર્ણાવતી, માંડવગઢમાં, ખૂબ હોવાના પ્રમાણ મળે છે. પોણોસો વર્ષ પહેલાં, **મોટા શાહ સોદાગર શેઠશ્રી પ્રેમચંદ રાયચંદે**, પોતાની સૂરતમાં વસનાર દશા ઓસવાળ જ્ઞાતિમાં, સો ઘર હતાં, તેમાં ઘરદીઠ, **ત્રીસ ત્રીસ હજાર** રૂપિયાની લહાણી કરી હતી. તેમના પુત્ર, **શેઠશ્રી સર કીકાભાઈ પ્રેમચંદ** જીવ્યા ત્યાંસુધી, ગુપ્ત રીતે લાખો રૂપિયા જૈનભાઈઓને ઘેરબેઠા પહોંચાડતા હતા.

તથા હાલમાં વઢવાણના રહેવાસી અને ઉદાર આત્મા શેઠશ્રી શાન્તિલાલ જીવણલાલ અને શેઠશ્રી રતિલાલ જીવણલાલે, એક દિવસે ૧ લાખ ૪૦ હજાર રૂપિયાની વઢવાણમાં રહેતા પોતાના કુટુંબનાં ઘરોમાં અને તે ઘરની દીકરીઓમાં લહાણી કરી હતી.

આવાં મોટાં શહેરોમાં, છેલ્લાં ચાલીસ વર્ષ પહેલાં (રાધનપુરનો દાખલો છે) એક ગૃહસ્થે તેર શેર ખાંડની લહાણી કરી હતી. એક ગૃહસ્થે ઘર દીઠ દશ રૂપિયા અથવા જર્મનસિલ્વરના બેડાની પ્રભાવના કરી હતી. શત્રુંજયમાં (પાલીતાણામાં) હમણાં પણ વર્ષીતપ વગેરે તપની ઉજવણીમાં સેંકડો ચીજો. અને રોકડ નાણું લહાણી થાય છે. આવા રિવાજ પ્રાયઃ જૈનોના વસવાટમાં, નાના મોટા ઘણા દેશો, અને ગામોમાં, પ્રચલિત હોવાથી, જૈનો માટે આશીર્વાદ બની ગયા છે, તથા ગુપ્તદાન અને જમણવારો થાય છે તે, જૈનો માટે સમજાવવું પડે તેમ નથી.

**પ્રશ્ન** : જ્ઞાતિના અવરોધ=વાડાબંધીથી, માણસ–છોકરા–છોકરીઓના વિકાસનો અવરોધ થાય, તે કેટલું ખોટું ? બાળકો પોતાને માટે, અન્ય જાતિમાંથી પણ, પોતાની જિંદગીના સાથીદારની ઇચ્છાનુસાર પસંદગી કરે તે ખોટું શું ?

**ઉત્તર** : આવા જાત્યંતર અને ધર્માન્તર લગ્નોમાં, ઘણું કરીને પંચાણું ટકા કે નેવું ટકા **ધર્મને, સંપને,** અને **કુટુંબને,** એકતાને. પુષ્કળ નુકસાન પહોંચ્યાના બનાવો ઇતિહાસમાં નોંધાયા છે. હમણાં નજરે દેખાય છે. સેંકડો બાળાઓ અને યુવાનો ધર્મવિમુખ બનીને અભક્ષ્ય અને અપેય સ્થાનો સુધી પહોંચી ગયા છે.

**પ્રશ્ન** : કોઈ બીજા ધર્મમાં પોતાની પુત્રી આપે, અથવા બીજા ધર્મની પુત્રી, પોતાના પુત્રને પરણાવે, એમાં વાંધો શું ? જ્યાં જશે ત્યાં ધર્મ તો કરશે જ ને ?

**ઉત્તર** : મૂર્તિપૂજકની પુત્રી સ્થાકવાસીને અપાય તો પણ જૈન હોવા છતાં પણ પુત્રીનો આખો ભવ બગડે છે. તોપછી બીજા ધર્મોની વાત તો કરવી જ શું ? બાળા પોતાના પિતાના કુટુંબમાં યાત્રા, દેવદર્શન, પ્રભુપૂજા વગેરે સંસ્કારો પામી હોય, તે બધા સંસ્કારો ભુંસાઈ જાય છે. રહે તો ઝગડા–વિટંબણાઓ સર્જાય છે. આ બાબત હવે પછી આવનારી જિનમતીની કથાથી, સતી સુભદ્રાની કથાથી, વાચક સમજી શકશે. વળી બીજા ધર્મની પુત્રી મૂર્તિપૂજકજૈનોના ઘેર આવે તોપણ તેના આગલા સંસ્કારો જતા નથી.

**પ્રશ્ન** : એમ કેમ બને ? આપણી બાળાના સંસ્કાર ખોવાઈ જાય છે, તેમ બહારથી આવેલી બાળામાં નવા ન આવે એ કેમ બને ?

**ઉત્તરઃ धर्मरागः दुराधानः पापरागस्तु नांगिनि। कुसुंभ्या हि यथा नीलि, मंजिष्ठा न तथांशुके॥१॥**

**અર્થ** : જેઓ સંસારના રસિયા જીવો છે, તેમનામાં ધર્મનો રંગ લાવતાં મહેનત પડે છે. પરંતુ દેખાદેખીથી, કોઈની પ્રેરણાથી, કુટુંબના સારા સંસ્કારથી, વખતે કોઈ જીવ ધર્મ પામ્યો હોય તો પણ કૃત્યપુણ્યની માફક પડી જતાં વાર લાગતી નથી. આંહી ઘણી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈનોની બાળાઓ, સ્થાનકવાસીના ઘેર કે, વૈષ્ણવ સ્વામીનારાયણના ઘેર જવાથી, ધર્મના સંસ્કારો ખોઈ નાખનારી બની ગઈ અનુભવાય છે. દાખલાથી સમજાવે છે કે, જેમ ગળીનો રંગ લગાડવામાં, જરાપણ મહેનત પડતી નથી; કારણકે તે પાપરાગ છે, ગળીના પાણીમાં નાખીને લૂગડું બોળવાથી, રુંવાડે રુંવાડે પ્રવેશી જાય છે, ત્યારે મજીઠનો રંગ લગાડવામાં, ઘણી મહેનત પડે છે. તેજ પ્રમાણે સંસારનાં **હિંસા-અસત્ય-ચોરી-મૈથુન** અને **સંગ્રહ મમત્વ=અહંતા-મમતા** કોઈને ભણાવ્યા સિવાય આવડી જાય છે. જીવ ભવોભવ ભેગા લેતો જાય છે. પ્રેરણા વિના જ પસંદ પડી જાય છે, ત્યારે સામાયિકાદિ ધર્મના પ્રકારોને ભણાવનાર-શીખવનાર હોય તો પણ, જીવ લેતો નથી. ગમતાં નથી.

માટે જ પૂર્વાચાર્યોએ વર પસંદગી માટે પણ સૂચના કરી છે.

**कुलं च शीलं च सनाथता च, विद्याच वित्तं च वपुर्वयश्च । वरे गुणाः सप्त विलोकनीया । अतःपरं भाग्यवशा ही कन्या ॥ ॥**

**અર્થ** : કન્યા માટે વરની પસંદગીમાં પહેલા, સાત ગુણ અવશ્ય જોવા કહેલું છે. તેમા પણ સૌ પ્રથમ કૂલનો નિર્દેષ કહેવાયો છે. વર કૂલખાનદાન હોવો જોઈએ. તેનું કૂલ દૂષણ વગરનું હોય, કલંકિત ન હોય. બીજું શીલ=આચાર સારા હોય. છોકરો જુગારી, વેશ્યાગામી, પરસ્રીલંપટ, માંસાહારી, મદિરાપાની, શિકારી, ચોરીનો વ્યસની ન હોવો જોઈએ. આવા દોષોથી કન્યાનું જીવન ખરાબ થાય છે. અભ્યુદય નાશ પામે છે. ધર્મભ્રષ્ટતા સર્જાય છે. વખતે મરણ પામવાના પ્રસંગો પણ બને છે.

ત્રીજો ગુણ વરના વડીલો—પિતા-માતા-મોટાભાઈ વગેરે હોવા જોઈએ. જેથી ભવિષ્યમાં પણ પુત્રીના યોગક્ષેમ સચવાઈ રહે. ફકત છોકરો એકલો જ હોય તેને પુત્રી આપવી જોખમ છે.

**પ્રશ્ન** : યોગ-ક્ષેમ કોને કહેવાય છે?

**ઉત્તર** : અપ્રાપ્તની પ્રાપ્તિનું નામ **યોગ** કહેવાય છે. અને મળેલા કે આવેલાનું રક્ષણ-સાચવણને **ક્ષેમ** કહેવાય છે. દીકરી તો બાળા છે, તેણીને ગુણી કુટુંબવાળું સાસરું મલે તો, તેણીમાં નવા ગુણો પણ જરૂર આવે છે. મહાસતી સીતાજી પહેલાંથી શીલવતી-ગુણવતી હતાં જ. વિશેષમાં પતિ-દિયરો અને સાસુ-સસરા પણ ઉત્તમ મળ્યાં. તેમના ગુણોમાં ઘણો વિકાસ થયો, અને શીલાદિ ગુણોનું બહુમાનાપૂર્વક રક્ષણ પણ થયું.

એકલા વરને પામેલી કન્યા. પતિ પરદેશ જાય, બજારમાં જાય, ગ્રામાન્તર જાય, ત્યારે તેણી ઘેર એકલી રહેવાથી તેણીના શીલને-પ્રાણોને પણ મોટું જોખમ છે જ. આ બનાવની ઇતિહાસ અને વર્તમાનમાં નજરે દેખાતા અનુભવો સાક્ષી પૂરે છે.

**પ્રશ્ન** : હમણાં આવું કશું જોવાતું જ નથી. ફકત **પૈસા** અને **કમાઈ** બે જ જોવાય છે-તેનું કેમ?

**ઉત્તર** : હમણાં આવું જોયા વિના થયાના, નબળાં અને ભયંકર પરિણામો પણ, સેંકડો કે હજારો છાપાંઓમાં વાંચનારને જાણવા મળ્યાં છે. છતાં જગત આખું આંધળાં અનુકરણ કરવામાં ટેવાયેલું છે, પરંતુ ધોરી માર્ગ **સનાથતા** ઇચ્છવા યોગ્ય છે.

**ચોથો ગુણ ભણતર.** વર ભણેલો પણ હોવો જોઈએ, નહીંતર ગધેડાના ગળા સાથે ગાયના બંધન જેવું બને છે. ભણેલી બુદ્ધિમતી બાળાને ઢોર જેવો પતિ મળે તો, તેણીનું જીવતર બરબાદ થાય છે. આખી જિંદગી વિમાસણ અને નિસાસા નાખીને પૂરી કરે છે.

**"ગાય ગધેડા જેવો યોગ, બુદ્ધિમતી મૂરખ સંયોગ**
**બાળાનો બગડે અવતાર, પામે ગમાર જો ભરથાર."**

**પાંચમો ગુણ વિત્ત=દ્રવ્ય** પણ હોવું જોઈએ. એટલે સંગ્રહ અને નવી આવક હોય તો જ દીકરી દુઃખી થાય નહીં. આજીવિકા પહેલું સુખ-છે. આજીવિકાનું દુઃખ મોટું દુઃખ ગણાયું છે. શાસ્ત્રો કહે છે કે **"दारिद्दसमो पराभवो नत्थी"** નિર્વાહક સામગ્રીના અભાવ જેવું જગતમાં બીજું કોઈ દુઃખ નથી. રોગી પણ દ્રવ્ય સહાયથી આરોગ્ય પામે છે. શાતા પામે છે.

**છઠ્ઠો ગુણ** પુત્રી માટેનો વર કુબડો-કાણો, કદરૂપો, બેડોળ, લૂલો, લંગડો આંધળો કે રોગી **ન** હોવો જોઈએ. આવો વર મલે તો બાઈ બિચારી બારે માસ સખીઓનાં મેણાં-ટોણાં સાંભળીને ચિત્તમાં રોયા જ કરે છે. પુત્રી હોય તેવો વર હોવો જોઈએ.

સાતમો ગુણ, કન્યાવર સમાન વયનાં (કન્યાથી બે પાંચ વર્ષ વધારે વયવાળો હોય) હોય. કન્યા-બાળા, અને વર ઘરડો હોય, તો બાઈ બિચારી અર્ધી વયની થતાં, પતિની વય સમાપ્તિ થાય. પુરાણોમાં **શિવપાર્વતીનું** કજોડું મનાયું છે. પાર્વતી બાળા અને યુવતી હતી. ત્યારે શિવજી ઘરડા હતા. પાર્વતી સુંદર પોષાક પહેરતી. શિવજી લંગોટી પહેરતા જટા રાખતા, શરીરે રાખ લગાડતા, અને ડોકમાં સર્પો વિંટાળતા હતા.

મહાદેવજી પરણવા ગયા ત્યારે, પાર્વતીની માતા **મેનકા** પુંખવા આવી ત્યારે, સર્પોના ફુંફાડા જોઈ, બિચારી બીને ભાગી જ ગઈ, ઘરમાં બેસીને રડવા લાગી. અરેરે, મારી દેવાંગના=ઈન્દ્રાણી જેવી પુત્રીનો વર, આવો બાવો? નસીબને ધિક્કાર! બિચારી જિંદગી સુધી રોશે.

**"પુત્રી ઈન્દ્રાણી સમી. વર બાવો વિકરાળ! જુઓ ભાગ્યની દુષ્ટતા, જાવજીવ જંજાળ."**

આવા ગુણો માતા-પિતા કે પોતાના વડીલ ભાઈઓ શોધી શકે. કન્યા કે વર આપ મેળે ઉપરના સાત ગુણો પામી શકે નહીં.

**પ્રશ્ન** : હમણાં આપ-પસંદગીનો જમાનો છે, એનું કેમ?

**ઉત્તર** : જ્ઞાની પુરુષોએ, માતા-પિતાએ, પંચની સાક્ષિએ આપેલો વર વ્યાજબી ગણેલ છે.

આપ-પસંદગીનાં લગ્નોના કડવા અનુભવો દેખાયા છે અને દેખાય છે. મહાપુરુષો કહે છે કે :

**पिता रक्षति कौमार्ये, भर्ता रक्षति यौवने ।**
**पुत्रो रक्षति वार्द्धक्ये, न स्त्री स्वातंत्र्य मर्हती ॥**

**અર્થ** : લગ્ન ન થાય ત્યાં સુધી પિતાનું રક્ષણ, લગ્ન પછી પતિનું રક્ષણ, ઘડપણમાં પતિ પરલોક સિધાવ્યા હોય તો, પુત્ર રક્ષણ કરે છે. સ્ત્રીને એકાકી એક ગામથી બીજા ગામ જવાની પણ મનાઈ જાણવી.

**પ્રશ્ન** : હમણાં કુમારી યુવતી બાળાઓ, એકલી અમેરિકા, ઇંગ્લેંડ, આયર્લેંડ, જર્મની, રશિયા બધે જાય છે, તેનું કેમ?

**ઉત્તર** : આ તો અનાર્ય દેશોનું અનુકરણ છે. સ્વતંત્રતા નથી, પરંતુ સ્વચ્છંદતા છે. પ્રાયઃ અનાર્ય દેશોમાં, બ્રહ્મચર્ય અને અહિંસા, આ બે વસ્તુ ન હોવાથી જ તે તે દેશોને અનાર્ય માનેલા છે. આપણા દેશોમાં. કુમારી પુત્રી, માબાપ-ભાઈ-ભોજાઈ વિના, એકલી ઇચ્છા મુજબ જાય જ નહીં. વખતે કોઈ કન્યાને ખોબ લાગી જાય તો. તેણીને કોઈ પરણે જ નહીં. પરણેલી બાળાઓ પણ, પરપુરુષસાથે મિનિટ પણ એકાન્ત સેવે નહીં. સ્ત્રીઓ કે છોકરીઓના સ્વચ્છંદ-આચરણ અને ઘેર રાખેલા નોકરો વગેરેથી થએલા અનાચારો આગલા પ્રકરણોમાં વાંચવા મળશે.

ઉપરનાં વર્ણનોથી વાંચકો સમજી શકે છેકે, માતાપિતા વિગેરે વડીલોની આજ્ઞાથી કુટુંબનો સંપ જળવાઈ રહેતો હતો, જળવાઈ રહેછે, તેજ પ્રમાણે જ્ઞાતિની આજ્ઞા (બંધારણો) ને માન આપવાથી પુત્ર-પુત્રી વિગેરે સંતતિ=પરંપરામાં, શાંકર્ય=વૈરુપ્ય=વિપરીતતા=અસમંજપણું આવતું નથી; પરંતુ પોતાના વંશની લાયકાતો એકધારી ટકી રહે છે.

**પ્રશ્ન** : માતાપિતા આદિ વડીલોની આજ્ઞા તથા જ્ઞાતિઓના બંધારણો ન માનવાથી નુકશાન થતાં હોય તે બતાવશો ?

**ઉત્તર** : માતાપિતા કે વડીલબંધુ વગેરેની આજ્ઞા ન માનવાથી સંપ ઘવાય છે, કુસંપ વધે છે, તેથી ઝગડાઓ થાય છે. લક્ષ્મી અને આબરુ બંનેને ઘસારો પહોંચે છે. તેથી ઉત્તરોત્તર પડતીનાં પગરણો ચાલુ રહેવાથી, કુટુંબોનાં કુટુંબો નાશ પામ્યાં છે. રાજ્યોમાં પણ પડતી આવવાનું કારણ. વડીલોની આજ્ઞાનો અનાદર, પરસ્પર ભાઈઓનાં સુખ-માન-મોટાઇ પ્રત્યે ઈર્ષા. અને પછી ઘર્ષણ-અથડામણો આવવાથી, ઘણી લક્ષ્મી, મોટાં લશ્કરો, મોટી લાગવગ, પણ નાશ પામ્યાં છે.

અને જ્ઞાતિઓની આજ્ઞા (બંધારણો)ની અવગણના કરવાથી સારા સંસ્કારોનો નાશ થાય છે તેથી સારા આચારનો ભ્રંશ કરનારા, પાપવાળા સંસ્કારો પ્રવેશ કરે છે. ધર્મને પણ મોટી નુકશાની આવે છે.

**પ્રશ્ન** : વડીલોની આજ્ઞા અને જ્ઞાતિઓનાં બંધારણોને માન આપવાથી થતા લાભો બતાવશો ?

**ઉત્તર** : વડીલોની આજ્ઞા અને જ્ઞાતિઓનાં બંધારણથી લાભો, અને અનાદર કરવાથી નુકશાન તો ઉપર જણાવાઈ ગયું છે. પરંતુ આ બે બાબતો-વડીલોની આજ્ઞા અને જ્ઞાતિના બંધારણથી જગતમાં જે ચોથો આરો અને સત્‌યુગ વગેરેની વાતો સંભળાય છે. તે આ વડીલોના, પૂજ્ય પુરુષોના આશીર્વાદોને જ આભારી છે. વડીલો (જ્ઞાતિના વડાઓ પણ આમાં આવી જાય છે) ના બહુમાનની પરંપરાએ જગતમાં ધર્મને, રાજ્યોને, વંશોને, રાષ્ટ્રોને, લક્ષ્મીને અને આરોગ્યને અને આવા બીજા અનેક ગુણો અને સુખોને વધારવા અને ટકાવી રાખવામાં, ખાસ મહત્વનો ભાગ ભજવ્યો છે. અને તેથી જ ચોથો આરો યાને સતયુગ. જગતના પ્રાણી માત્રને માટે સુખનો, અને આનંદનો, યોગ અને ક્ષેમ લાવનારા થયા છે.

આ વિષયને સમજવા માટે સુખ અને આનંદની પારાકાષ્ઠાને સૂચવતી અને

સાથોસાથ ત્રીજા, ચોથા વર્ગ ધર્મ અને મોક્ષની પરાકાષ્ટાને જણાવતી નીચેની બે ગાથા લખાઈ છે તે વાંચો :

**भरतादनु सन्ताने सर्वेऽपि भरतवंशजाः । अजितस्वामिनं यावद् अनुत्तराशिवालयाः ॥ १ ॥**
**सर्वेऽपि संघपतयः सर्वेऽर्हच्चैत्यकारकाः । तीर्थोध्धारकराः सर्वे, सर्वेऽखण्डप्रतापिनः ॥ २ ॥**

**અર્થ :** ભરત મહારાજના વંશમાં, અજિતનાથ સ્વામી થયા ત્યાં સુધીના બધા જ રાજવીઓ, અખંડ પ્રતાપી હતા. ત્રણ ખંડના રાજાઓ ઉપર આજ્ઞા ચલાવનારા હતા સાથોસાથ ગૃહસ્થધર્મ પણ ખૂબ જ ઊંચો આરાધનારા હોવાથી, બધાએ શ્રી શત્રુંજયગિરિનો સંઘ કાઢયો હતો, અર્થાત બધા રાજાઓ ચાર પ્રકાર શ્રીસંઘ સાધુ–સાધ્વી–શ્રાવક–શ્રાવિકાઓને લાખોની સંખ્યામાં સાથે લઈ, શત્રુંજય ગિરિરાજને ભેટયા હતા.

બધા રાજવીઓએ શત્રુંજય ગિરિરાજ ઉપર, તીર્થનો ઉદ્ધાર કરાવ્યો હતો, અને શ્રીજિનેશ્વરદેવોનાં ચૈત્યો કરાવ્યાં હતાં. પ્રતિમાઓ સ્થાપન કરી હતી, અને પ્રાન્તે તે બધા મહાપુરુષોએ દીક્ષા લીધી, નિરતિચાર આરાધી, અને અનુત્તર વિમાન અથવા મોક્ષગતિમાં ગયા હતા.

**પ્રશ્ન** : ઉપરનાં બે શ્લોકોમાં, ચારિત્ર લીધાનીકે નિર્દોષ આરાધ્યાની વાત લખી નથી. તો પછી દીક્ષા લીધી નિરતિચાર આરાધ્યાની વાત કયાંથી લાવ્યા ?

**ઉત્તર** : **अनुत्तर शिवालया** : આ વાકય જ ઉપરની વાતને અર્થથી સૂચવે છે. આત્મામાં ભાવચારિત્ર પ્રકટે તેવા, અતિ ઉચ્ચ ચારિત્ર આરાધનારા, સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર–તપની પરાકાષ્ટાએ પહોંચેલા, મન–વચન-કાયાથી. અલ્પ પણ અતિચાર (દોષ) નહીં લાગવા દેનારા, અતિ અલ્પ પણ પ્રમાદને વશ નહીં થનારા, શરીરના બધાં સુખોને તિલાંજલી આપનારા. ઉપસર્ગો કે પરિગ્રહોને, સમતાથી, બહાદુરીથી, શૂરવીરપણાથી, ગ્લાનિ લાચારી બતાવ્યા વગર, સહન કરનારા, માસના, બે માસના, ત્રણ માસના, ચાર માસના વગેરે મોટા તપ કરનારા, શાસ્ત્રનો પાર પામેલા, તો પણ ગુરુઓની અખંડ આજ્ઞા પાળનારા, વળી આચાર્ય-ઉપાધ્યાય-સ્થવિર-તપસ્વી-ગ્લાન સાધુઓની ઊભા પગે વેયાવચ્ચ કરનારા, તથા રત્નત્રયી આરાધક મહામુનિરાજોના ગુણનો રાગ, આદર, અનુમોદન કરનારા, એવા એવા અનેક સદ્ગુણોને પામેલા, અને આરાધનારા હોય, તે જ અનુત્તર વિમાન કે મોક્ષગતિમાં જાય છે.

**પ્રશ્ન** : કહેવાય છે કે ભરતરાજા અને તેમની પછીના આઠ રાજાઓ આરીસાભુવનમાં કેવલજ્ઞાન પામ્યા હતા, તો પછી આ બધા રાજાઓએ ચારિત્ર લીધું હતું. એ બરાબર નહીંને !

**ઉત્તર** : **લીધું** કે **પામ્યા**. શબ્દરચના જુદી હોવા છતાં. અર્થ બદલાતો નથી. ભરત મહારાજા અને તેમના સૂર્યયશા વિગેરે.પટ્ટધર રાજવી અને પછીના દંડવીર્ય સુધીના આઠ રાજવીઓ પણ, સીધું જ ક્ષાયિક ભાવનું પાંચમું અપ્રતિપાતિ યથાખ્યાત–ચારિત્ર પામી, જ્ઞાનાવર્ણીયાદિ ચાર કર્મોનો ક્ષય કરી કેવલી થયા. પ્રાન્તે બાકીના વેદનીયાદિ ચારકર્મો ક્ષય કરી, મોક્ષ પધાર્યા એટલે ઉપરની વાતને ટેકો મળે છે.

ઉપરના વર્ણનથી વડીલોની આજ્ઞા પાળનારાઓને પરંપરાએ શક્તિ સામગ્રી, શ્રદ્ધા, ક્રિયા, પ્રભાવના, આચાર, ત્યાગ, વાત્સલ્ય, ઉદારતા અને પ્રાન્તે ચારિત્ર અને ઉચ્ચમાં ઉચ્ચ દેવત્વ અથવા મોક્ષગતિની પ્રાપ્તિ અપાવે છે. કહેવત છે કે, "કુલમાંહીપ્રભુ

**ઋષભનો વંશ**" ઋષભદેવ સ્વામીના વંશજોની, જગતમાં જોડી બનવી, કે મળવી અશકય છે. તે બધાંનું ખરું કારણ આજ્ઞા, અને તેના પ્રતાપે, ટકી રહેલા. સંપ, પ્રેમ, વાત્સલ્ય, સદાચાર આદિ સદ્‌ગુણો કારણ બન્યા છે.

**પ્રશ્ન** : છેલ્લા બે હજાર વર્ષના ઈતિહાસમાં પણ. સમગ્ર ભારત વર્ષમાં હજારો રાજ્યો બદલાઈ ગયાં. દાખલા તરીકે **પ્રસેનજીત** રાજાના–શ્રેણિક, કોણીક અને ઉદાયી ત્રણ પેઢી સુધી જ રાજાઓ થયા. શ્રેણીકના મરણ પછી, રાજગૃહી ભાંગ્યું. અને **ચંપાનું** રાજ્ય થયું. કોણિકના મરણ પછી ચંપા પણ ભાંગ્યું અને પાટલીપુત્ર થયું. **ઉદાયી** પછી **નવનંદો** થયા. અને **નંદવંશ** પણ સમાપ્ત થયો. પછી **ચંદ્રગુપ્ત** મૌર્ય થયો. તેના વંશમાં પણ સંપ્રતિ સુધી તે જ દેખાયું. પછી પડતી થઈ અને **મૌર્યવંશ** પણ અદૃશ્ય થયો. બીજા પણ ચાવડા, **સોલંકી, ચૌહાણ, પઢીયાર, રાઠોડ** જેવા સેંકડો વંશો પ્રકટ થયા અને ધરતીના પેટાળમાં ખોવાઈ ગયા. ત્યારે ઋષભદેવસ્વામીનો સૂર્યવંશ. અસંખ્યાતો કાળ ટકી રહ્યો તેનું શું કારણ?

**ઉત્તર** : મોટા ભાગે જગતને પાપ ગમે છે. અકામનિર્જરાથી, જીવ. પ્રાયઃ પશુ–ગતિમાંથી મનુષ્ય થાય છે, અને રાજ્ય કે લક્ષ્મી, પામીને માંસાહાર, મદિરાપાન, શિકાર, વેશ્યા–પરસ્ત્રીગમન અને યુદ્ધો વગેરે આચરીને, પોતાના પુણ્યનો દુરૂપયોગ કરીને, પુણ્યરૂપ ઉત્તમ સામગ્રીને ખોઈ નાખીને, સ્થાનભ્રષ્ટ થાય છે. પુણ્ય ખવાઈ જવાથી આવાં રાજ્યોનાં પતન શીઘ્ર થયાં હોય છે, એ બનવા યોગ્ય છે.

**પ્રશ્ન** : અજિતનાથસ્વામી સુધીના ભરત મહારાજાના વંશ જ રાજાઓએ, માંસ, મદિરા, શિકાર, વેશ્યાઓ નહીં ભોગવ્યાં હોય? દિગ્વિજયો કરવા માટે પણ શું યુદ્ધો નહીં થયાં હોય?

**ઉત્તર** : અજિતનાથસ્વામી સુધીના સૂર્યવંશી રાજાઓ. **જુગાર, માંસ, મદિરા, વેશ્યા**, શિકાર, **ચોરી** અને **પરસ્ત્રી** આ સાત વ્યસનો પોતે ન સેવ્યાં હોય, પરંતુ તેમના રાજ્યમાં સાડીપચીશ દેશોમાં, પણ ન સેવાયાં હોય તે, જૈનધર્મીરાજાઓ માટે અતિશય ઉક્તિવાળું નથી.

**પ્રશ્ન** : રાજ્ય–રમાનો ભોગવટો જ અનાચારોને આમંત્રણરૂપ ગણાયો છે, તે શું ખોટી વાત છે?

**ઉત્તર** : ચુસ્ત જૈનો માટે રાજ્ય–રમાની પ્રાપ્તિ, જગતને ધર્મી બનાવવા માટે છે. તેના ઉદાહરણ તરીકે મહાપદ્મચક્રવર્તી ચેડામહારાજા, સંપ્રતિરાજા, કુમારપાળ, મહારાજા મહામાત્યો વસ્તુપાળ તેજપાળ બાંધવબેલડીના ઈતિહાસો મોજૂદ છે. તે મહાશયોની પુણ્યશક્તિની પ્રભાવના પ્રાણિમાત્રના રક્ષણ સુધી પહોંચી હતી.

**પ્રશ્ન** : કુમારપાળ–વસ્તુપાળ કે પૂર્વના જૈનરાજાઓએ. યુદ્ધો કર્યાના વર્ણનો તો શાસ્ત્રો અને ઈતિહાસોમાં, ઘણાં જોવાય છે. તો પછી **જૈનરાજાઓ** તદ્દન પાપમુક્ત હોય છે તે કેમ કહેવાય?

**ઉત્તર** : સામાન્ય ઘર ચલાવવામાં પણ માણસને, પોતાના રક્ષણ માટે બચાવ પૂરતાં પણ સાધનો વસાવવાં પડે છે. અને રાજ્યરક્ષણ તો મોટી જોખમદારીથી ભરપૂર

ગણાય છે. તેથી જૈન રાજાઓને કે મહાઅમાત્યોને. પોતાના, ધર્મના અને પ્રજાની સલામતીના રક્ષણ માટે પણ, યુદ્ધો કરવાં પડ્યાં હોય—પડ્યાં છે.

ફેરમાત્ર એટલો જ કે " પાપીનું ખડ્ગ અને ધર્મીની ઢાલ " રાજ્યલોલુપી–સત્તા-લોલુપી અથવા સ્ત્રી કે ધનના લોલુપી, સિદ્ધરાજ જયસિંહ અલાઉદ્દીન ખિલજી અને ઔરંગજેબ જેવાઓ વિના કારણ પાપો આચરનારા હતા. જ્યારે જૈનરાજા-અમાત્યોને તો, પોતાની સલામતી જાળવવા કે રક્ષણ પૂરતાં જ યુદ્ધો કરવાં પડયાં છે. ભાવથી જૈનધર્મ પામેલા રાજાઓને કે, મનુષ્યોને, પ્રતિક્ષણ પાપનો ભય હોય છે જ.

તેથી વાંચકો સમજી લે કે ફક્ત વૃષભદેવસ્વામીના જ નહી. પરંતુ શ્રી સુવિધિનાથ સ્વામી સુધી નવ જિનેશ્વરદેવોના તીર્થો સુધી. જૈન ધર્મનું સામ્રાજ્ય હોવાથી અહિંસાનો ફેલાવો રક્ષણ અને પાલન ઘણાં જોરદાર હતાં.

શ્રી વૃષભદેવસ્વામીના વંશના રામચંદ્ર મહારાજ સુધીના બધા રાજવીઓ ન્યાય-નીતિ-ધર્મમય જીવન જીવનારા હતા. પ્રજાને પોતાનાં બેટા-બેટી પેઠે જ પાલતા હતા. પ્રજાના સુખે-સુખી, દુઃખે-દુઃખી રહેનારા હોવાથી પ્રજાને આવા, પિતા સમાન રાજાઓ, પસંદ પડે એમાં આશ્ચર્ય શું? વળી અહિંસા-સત્ય-અસ્તેય-બ્રહ્મચર્ય-અમમત્વ જેવા, ધર્મગુણોનું સદાકાલ સેવન હોય, તેવા રાજાઓના વંશમાં અવિચ્છિન્નતા ટકી રહે, તેમાં પણ આશ્ચર્ય ન જ ગણાય.

સાથોસાથ વિનય. વિવેક, નમ્રતા, પૂજ્યોમાં આદર, સન્માન, સમર્પણભાવ વિગેરે મનુષ્યપણાના સાહજિક ગુણો, સૂર્યવંશી રાજાઓમાં ભરચક ભરાએલા રહેતા હોવાથી, કુસંપનો પ્રવેશ થતો જ ન હોવાથી, ચાડીઆ કે ખુસામતખોરોની વાતો પણ કોઈ સાંભળતું નહીં. તે કારણે છિદ્રાન્વેશી દુર્જનો બિચારા કયારે પણ ફાવી શકતા નહીં. તેથી જ તેમની રાજ્ય પરંપરા અસંખ્યાતો કાળ, અસંખ્યાતા પુરુષો સુધી ચાલુ રહી. તેમાં નવાઇ પામવાને કશું કારણ નથી.

**પ્રશ્ન :** રાજ્ય અને લક્ષ્મી સાથે સહજ વરેલા શિકાર અને માંસાહાર, આટલી મોટી પરંપરામાં પ્રવેશ જ ન કરે એ કેમ માની શકાય?

**ઉત્તર :** ભાગ્યશાળી આત્મા! ધર્મ કે પાપ દેખદેખી કે ગતાનુગતિક મનાયા છે. " **જેની જેવી પરંપરા તેનો તેવો ધર્મ** " જેમકે આજે **જૈનના** ઘરમાં જન્મેલ બાળક, પ્રાયઃહિંસા શીખે જ નહીં. માંસાહાર-મદિરાપાનનું સ્વપ્ન પણ આવે નહીં. તેજ પ્રમાણે અનાર્યમ્લેચ્છોનાં કુમળાં જન્મેલાં છોકરા, છોકરીઓને. ગળથૂથીમાં જ પોતાના કુળના સંસ્કારોથી માંસાહાર, મદિરાપાન ગમે છે. જીવની હિંસામાં પણ આનંદ થાય છે. આ બધું સ્વભાવસિદ્ધ છે.

તેમ આપ શાસ્ત્રોને વાંચશો તો સમજાશે કે, જૈનશાસનમાં સ્વીકારાએલા, તીર્થંકર ભગવાન, ઊંચામાં ઊંચા ત્યાગી હતા. ઝીણા મોટા પ્રાણી માત્રના રક્ષણમાં જ જાગતા હતા. તેમના મનમાં, વાણીમાં, કે શરીરમાંથી, હિંસા-અસત્ય-અદત્તગ્રહ-મૈથુન અને નાનો-મોટો

સર્વપરિગ્રહ નીકળી ગયો હતો. તેમના આત્મામાંથી રાગ-દ્વેષ-ક્રોધ-માન-માયા-લોભ નિર્મૂળ નીકળી ગયા હતા.

એ મહાપુરુષોએ ભયંકર દુઃખ દેનારા, શૂલપાણિ, સંગમદેવ, ચંડકૌશિક, ગોશાળા, અને આભીર જેવા અધમાધમોનો પણ પ્રતિકાર કર્યો નથી. અનર્થ ચિંતવ્યું નથી. કટુવચન કહ્યાં નથી.

વળી જૈનશાસનની મુનિપરંપરા.પણ-ત્રિવિધ-અહિંસા-સત્ય-અસ્તેય-બ્રહ્મચર્ય-અપરિગ્રહ મય જીવન જીવનારી હોય છે. શ્રીવીતરાગશાસનના-મહામુનિરાજો-અશન-પાન પણ દોષ વગરનું જ વહોરે છે. દોષ વિના જ વાપરે છે. અને જૈન ધર્મ પામેલા ગૃહસ્થો પણ પોતાની શકિત અનુસાર ગૃહસ્થથી સાચવી શકાય તેવાં, અહિંસાદિ-પાંચ--અથવા બાર વ્રતો બરાબર સાચવે છે.

જૂઓ આ ભીષણ કલિકાલમાં પણ, કલિકાલ સર્વજ્ઞ ભગવાન હેમચંદ્ર સૂરિ-મહારાજના ઉપદેશથી. જૈનધર્મ પામ્યા પછી. મહારાજા કુમારપાલે, પહેલા અભ્યાસ કરેલું પણ, શિકાર, માંસાહાર, મદિરાપાન, જાવજીવ છોડયું=વોસીરાવ્યું હતું.

અને આજે પણ લાખોની સંખ્યામાં, દુનિયાભરમાં વેરાયેલા જૈનો, પ્રાયઃ માંસ-મદિરા, મચ્છી-ઈંડાં. વગેરે. પ્રાણીઓના નાશથી, ઉત્પન્ન થએલો આહાર, જમતા નથી, એટલું જ નહીં પણ અડતા(છુવતા) પણ નથી જોવાઈ જાય તોપણ શૂગ આવે છે.

ત્યારે જૈનો સિવાયના લગભગ બધા ધર્મોમાં, માંસાહાર અનિવાર્ય બન્યો છે. તેમના ધર્મગુરુઓ પોતે, બૌદ્ધભિક્ષુકો, ક્રિશ્ચિયનપાદરીઓ, મુસલમાનોના મોલવીઓ, આગાખાન વગેરે, આવા બધા જ માંસ-મચ્છી, ઈંડા આદિ પ્રાણીઓના નાશથી બનેલા, દુષ્ટ પદાર્થો ખાય છે, પીએ છે.

વળી હિંદુ ધર્મના શાસ્ત્રો=વેદ-પુરાણો=શ્રુતિઓમાં, ઉપનિષદોમાં, શિકારને રાજા-મહારાજાઓનો ધર્મ મનાયો છે. યજ્ઞોમાં ઘેટાં, બકરા, પાડા શૂકર, અશ્વાદિપ્રાણિઓનાં બલિદાનો અપાય તેને ધર્મ મનાયો છે. કાલિ-મહાકાલી-ભદ્રકાલી-દુર્ગા-અંબા-ચંડી-ઝાંપડી-શીકોતરી-આવી બધી-દેવીઓને, શિવજીની રાણી. દેવી-પાર્વતીનાં નામાંતરો મનાયાં છે.

આ બધી દેવીઓને પાર્વતી તરીકે ( શીવજી અને શકિત જુદા નથી એક જ છે) એવી કલ્પના કરીને, બ્રાહ્મણો-ઠાકોરો-ઠાકરડા-ભીલ્લો અને આવી બીજી અનેક જાતિઓ, બકરા-ઘેટાં-પાડા-ડુક્કર-કુકડા વિગેરેના બલિદાન આપે છે. લોહીના પ્રવાહો ચાલે છે. માંસનાં ગાડાં ભરાય છે.

વાચક સમજી શકે છે કે, ધર્મની પરંપરામાં ધર્મ ચાલ્યો આવે છે. અને પાપની પરંપરામાં પાપ ચાલ્યું આવે છે. માણસો કે જાનવરો પ્રાયઃ પોતાની પરંપરામાં ચાલનારા કે માનનારા હોય છે. સોબતની ફેરફારી થાય તો કોઈ જગ્યાએ ધર્મો બદલાઈ માંસાદિભક્ષણો કરનારો થઈ જાય છે. એ જ પ્રમાણે, કોઈ માણસો જૈનોના જ ઘેર-ઉચ્છરેલા રહેનારા મુશલમાન-ઘાટી-મરાઠા-કે મચ્છીમાર પણ, વખતે સર્વથા હિંસાને ત્યાગે છે. માંસાહાર પણ છોડે છે. કોઈને ધર્મગુરુઓના વ્યાખ્યાન શ્રવણથી કે પુસ્તકોના વાંચનથી પણ, માંસ-મદિરા-શીકાર-આદિ-સહજ ત્યાગવા ભાવનાઓ થઈ જાય છે, સાચું જૈનત્વ આવે છે.

માટે જ જ્ઞાનિ ભગવંતો ફરમાવી ગયા છે કે :

**मिच्छत्तं उच्छिंदिय समत्तारोवणं कुणइ नियकुलस्स । तेण सयलो वि वंसो सिद्धिपुरीसंमुहं नीओ ॥ १ ॥ संमत्तं उच्छिंदिय मिच्छतारोवणं कुणइ नियकुलस्स । तेण सयलोवि विवंसो दुग्गइपुरी संमुहं नीओ ॥ २ ॥**

**અર્થ** : જે મહાભાગ્ય આત્માએ, મિથ્યાત્વનો (હિંસાદિ અધર્મનો) ત્યાગ કરીને, સમ્યકત્વનું (અહિંસાદિ ધર્મનું) પોતાના કુલમાં આરોપણ-કર્યું છે, તે મહાનુભાવે, પોતાની પરંપરાના વંશજોને, સિદ્ધિપુરીની સન્મુખ બનાવ્યા છે. ॥ ૧ ॥

અને જેણે સમ્યકત્વનો-(અહિંસાદિ-ધર્મનો) ત્યાગ કરીને, પોતાના કુલમાં, મિથ્યાત્વનું (હિંસાદિ પાપોનું) આરોપણ કર્યું છે, તેણે બધો જ પોતાનો વંશ કુર્ગતિ નગરીનો મુસાફર બનાવ્યો છે. ॥ ૨ ॥

જેમ કોઈ માણસ પોતાનાં ક્ષેત્રોમાંથી, એરંડા કે ધતુરા જેવા તુચ્છ અથવા દુષ્ટ વૃક્ષોને. ઉખેડીને, તે જ જગ્યાએ આંબા કે કલ્પવૃક્ષને વાવે છે, તેણે પોતાની પરંપરાના વંશજોને સુખિયા બનાવ્યા ગણાય છે. ઉત્તરોઉત્તરના વંશજો હવે પછી આંબા જ વાવનારા થાય છે. પરંતુ એરંડા-ધંતુરાને વાવતા નથી. તેથી તેઓ સદાકાળ સુખિયા બને છે. કયારે પણ દરિદ્રી થતા જ નથી.

હવે કોઈ અજ્ઞાનથી જડ બનેલા, અથવા ગાંડા મનુષ્યો, પોતાની જગ્યામાં કુદરતી ઊગેલો આંબો કે આંબા, તેનું પરિણામ સમજ્યા વગર, તેનાં ફળોની ઓળખાણ ન હોવાથી તેને નિર્મૂલ ઉખેડી નાંખીને, ત્યાં કોઈ મૂર્ખ મનુષ્યની શિખામણથી, એરંડા-ધતુરા-બાવળ-ખેજડા-આકડા જેવાં, તુચ્છ ફળવાળાં ઝાડોને વાવીને, પોતાના ભવિષ્યના અભ્યુદયનો નાશ કરનારા બને છે.

તેમ આંહીં અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, મમતાપરિહારમય, દેવ-ગુરુધર્મની કસોટીવાળો, પાપપુણ્યની સમજણ બતાવનાર, જગતની કોઈ પણ વસ્તુને સમજાવીને સારા નબળાની સમજણ આપનારો, ચાર ગતિ, પાંચ જાતિ-છક્કાય આદિ જીવોના ભેદ સમજાવનારો; શ્રી વીતરાગદેવોએ ફરમાવેલો. ધર્મ. આંબા અને કલ્પવૃક્ષ જેવો છે.

અને આનાથી વિપરીત. જગતના ધર્મોમાં, હિંસાદિ પાપોની સૂગ નથી. માંસાદિ અમેધ્ય વસ્તુઓના નિર્ભય વપરાસો ચાલુ હોય છે. જૈનોની વસતિ વગરના દેશોમાં, રોકટોક વિના, પ્રાણીઓના નાશ થાય છે. માંસ, મચ્છી, ઈંડાં, કુકુડાં, બતકાં વગેરે પ્રાણીઓનાં અવયવોના બજારો ભરાય છે, ગુરુઓ અને ભકતો, નિર્દયપણે વાપરે છે. આવાં પાપોની પરંપરા, તુચ્છવૃક્ષોના વાવેતર જેવી છે, પછી કરોડો જીવોના શ્રાપો પામનારા, રાજામહારાજાઓની પરંપરા. ઘણો વખત કેમ ચાલી શકે ?

**આ જગ્યાએ ધર્મ પાપના પક્ષપાતને જણાવનારી એક કથા લખાય છે:**

કોઈ એક શહેરમાં એક કોટિધ્વજ શેઠ રહેતા હતા. તેમને ગયા જન્મના પાપાનુબંધિપુણ્યના ઉદયથી, લક્ષ્મીની મહેરબાની હતી. ધનવાન હોવાથી લોકોમાં માન-સન્માન પણ ખૂબ હતું. જગતનો એવો સ્વભાવ જ છે.

**"पूज्यते यदपूज्योपि यदगम्योपि गम्यते। सेव्यते यदसेव्योपि, तत्प्रभावो धनस्यच।"**

**અર્થ** : ધનવાન હોય તેને લોકો પૂજા, સત્કાર, સન્માન, પગચંપી, પાછળ પાછળ ફરવું, બધું કરે છે, ભલે પછી તે હિંસક હોય, રંડીબાજ હોય, વેશ્યાગામી હોય, અસત્યવાદી હોય, કાળાં કૃત્યો કરનારો હોય, તોપણ લોકો તેવું કશું જોતાં નથી.

આ શેઠજીને એક પુત્રી, અને એક પુત્ર સંતાનો ફક્ત બે જ હતાં. દીકરીને પોતાના જેવા જ ધર્મવાળા, એક ગૃહસ્થના પુત્ર સાથે વરાવી હતી. તેણીને પણ એક પુત્ર હતો. શેઠનો પોતાનો પુત્ર અને પુત્રીનો પુત્ર સમાન વયના હોવાથી લગભગ ભણવા, ગણવા, જમવા, રમવામાં સાથે જ રહેતા હતા. શેઠનો પુત્ર બુદ્ધિશાળી, વિચારક, વિનયી, વિવેકી, ધીર-ગંભીર, ઉદાર અને પરીક્ષક હતો. જ્યારે પુત્રીનો-પુત્ર, પિતૃપક્ષ અને માતામહના ધર્મના પક્ષપાતમાં રંગાયેલો હોવાથી, બુદ્ધિશાળી હોવા છતાં, પાછળના ગુણોમાં શૂન્ય જેવું હતું.

શેઠના પુત્રને લક્ષ્મી, સરસ્વતી, બુદ્ધિ, કીર્તિ, વરેલી હોવાથી, ઘણા શ્રીમંતો પોતાની પુત્રીઓ આપવા આવતા હતા. શેઠના પુત્રનું નામ હતું બુદ્ધિધન. નામ એવા જ ગુણ હોવાથી, કન્યાની પરીક્ષા કરીને, માતાપિતાની અનુમતિથી, જિનમતી નામની, એક શ્રાવક પુત્રીનું વાગ્દાન સ્વીકાર્યું. કારણકે કુમારબુદ્ધિધનની પેઠે કુમારી જિનમતીની પણ, સમાજમાં અને નગરમાં લાયકાત ફેલાઈ હતી. એટલે કલ્પવૃક્ષ અને—કલ્પવેલી જેવો યોગ થયો હતો. જિનમતીમાં રૂપ-લાવણ્ય, સૌભાગ્ય અકલ વિદ્યાઓ સાથે મહાસતીમાં શોભે તેવા બીજા ઘણા ગુણો હતા.

**" શીલ-વિનય-સાત્ત્વિકદશા, લજ્જા મીઠી વાણ, મહાસતી નારી તણા, એ પાંચે એંધાણ." ॥૧॥**

**" જીવાજીવ વિચારણા-પુણ્યપાપના ભેદ, સુખ-દુઃખ સઘળા સ્થાનમાં નહીં હર્ષ કે ખેદ." ॥૨॥**

બંનેના માતાપિતાએ શુભ તિથિ-વાર-નક્ષત્ર-ચંદ્ર-યોગ વિચારી, બુદ્ધિધન અને જિનમતીનું પાણિગ્રહણ કરાવ્યું. જિનમતીનાં માતા પિતાએ દીકરીને બાલ્યકાળથી જ ધર્મનું શિક્ષણ ખૂબ આપ્યું હતું. જીવ-અજીવનું, પુણ્ય પાપનું, આશ્રવ-સંવર-નિર્જરાનું અને બંધ-મોક્ષનું સ્વરૂપ જિનમતીબાળામાં પરિણામ પામ્યું હતું.

**" કર્મ કેમ બંધાય છે ? શી રીતે ક્ષય થાય ? જિનશાસન સમજેલને, દર્પણ સમ દેખાય." ॥૧॥**

**" કર્મ અનાદિકાલથી, જીવ ઉપર શિરદાર, જેલર ને કેદી જિસ્યો, જીવ કર્મ વહેવાર." ॥૨॥**

**" કર્મ બાંધતા પ્રાણીઓ, નિર્ભય હોય સદાય, પણ સુખ-દુખથી કર્મની કારણતા સમજાય." ॥૩॥**

જિનમતી બાળામાં વીતરાગ શાસન પરિણમેલું હોવાથી, વિનય, વિવેક, નમ્રતા આદિ ગુણો પણ ભરચક હતા, તેથી સ્વામી-સાસુ-સસરા-નણંદનાં વિનયાદિમાં કે ઉચિત

આચરણમાં, ક્યારે પણ કશી ન્યૂનતા આવતી નહુતી. સતી–સાધ્વી–શ્રાવિકાઓ માટેની ફરજો સમજવા યોગ્ય છે:

**अभ्युत्थानमुपागते गृहपतौ तद्भाषणे नम्रता,। तत्पादार्पितदृष्टिरासनविधौ–तस्योपचर्या स्वयं । सुप्ते तत्रशयीत तत् प्रथमतो जह्याच्च शय्यामिति, । प्राच्यैः पुत्रि ? निवेदितः कुलवधूसिध्धान्तधर्मा अमी ॥ १ ॥**

**અર્થ** : પિતાજી–પુત્રીને શિખામણ આપતાં જણાવે છે કે, હે પુત્રી ! કુલવતી પુત્રવધૂઓએ, સાસરે જઈને, પોતાની ફરજો બરાબર ધ્યાનમાં રાખવી, અને અમલમાં મૂકવી અનિવાર્ય છે, જ્યારે પોતાના સ્વામી, અને તેમના પણ વડીલો, ઘરમાં પધારે ત્યારે એકદમ ઊભા થઈ જવું, અને તેઓ કાંઈ ફરમાવતા હોય, ત્યારે દત્તચિત્ત બની, નમ્રતાથી સાંભળવું. તે વડીલોનાં ચરણોમાં દૃષ્ટિ ઢાળી રાખવી. તેમને બેસવા માટે તેમને યોગ્ય આસન મૂકવું–પાથરવું. તેમના માનમાં કરવા યોગ્ય બધું પોતે જાતે કરવું.

પોતાના સ્વામી સૂઈ ગયા પછી સૂવું. તેઓ શય્યા ઉપર ન બેઠા હોય, ત્યાંસુધી તેમની સામે નજીકમાં ઊભા રહેવું કે બેસવું. તેમના પહેલાં શય્યાનો ત્યાગ કરવો તથા ઉપલક્ષણથી તેમને પસંદ હોય તેવું, તેમને જમવું હોય ત્યારે, ભોજન બનાવવું, જાતે પીરસવું, અને જમી રહ્યા પછી જમવું.

તેમનાં વાક્યોના ઉત્તરમાં, જી ફરમાવો, બોલવું. સંબોધનમાં સ્વામીનાથ ! આર્યપુત્ર ! વહાલા ! પ્રાણનાથ ! વિગેરે શબ્દો વાપરવા. તોછડાઈ, અધીરાઈ, ગર્વનો આંશિક પણ દેખાવ ન કરવો. પિતાના કુળનો, પોતાનારૂપનો, આવડગતનો, સુસ્વરનો અથવા અન્ય કોઈ વસ્તુનો ગર્વ ન લાવવો ન દેખાડવો.

ધીમે સ્વરે બોલવું, ધીમે ચાલવું. આવા બધા સાસરામાં રહેલી સતી નારીઓના, ધર્મો કહ્યા છે. સતી ‘ જિનમતી બાળા ’ આવું બધું અક્ષરશઃ સાચવતી હતી. સાથોસાથ ધર્મક્રિયાઓ જિનદર્શન, જિનપૂજા, સામાયિક પ્રતિક્રમણ, જૈનધર્મનાં પુસ્તકોનું વાંચન પણ કરતી હતી.

સાસુ–સાસરા અને પોતે દંપતી ( બે માણસ ) ચારજ જણ હોવાથી, કાર્યકુશળતાથી અને સ્ત્રીઓની ૬૪ કળાઓ પણ પામેલી હોવાથી, રસોઈ વગેરે બધાં જ ઘરનાં કાર્યો અતિ ત્વરાથી, વસ્તુનો બગાડ ન થાય તેવી સાચવણથી, વળી કોઈ પણ ગૃહકાર્યમાં જીવદયા, જીવજયણા ખૂબ સચવાય, તેવી સાવધાનતાથી, જિનમતી કામ કાજ પતાવી લેતી હોવાથી, પોતાના બધા નિત્ય નિયમો સચવાતા હતા.

જિનમતીનાં પુણ્ય જોરદાર હોવાથી, તેની બધી રીતભાત, બુદ્ધિધનને ખૂબ જ ગમતી હતી. ગમી ગઈ હતી, અવારનવાર જિનમતીએ પિયરથી લાવેલાં જૈનધર્મનાં પુસ્તકો પણ બુદ્ધિધન વાંચતો હતો. વચમાં વચમાં પ્રશ્નો પણ પૂછતો હતો. તેનું જિનમતી અતિ નમ્રભાવે વિવેચન કરી સમજાવતી હતી.

પોતે હંમેશ માટે દર્શન–પૂજા–સામાયિક–પ્રતિક્રમણ, પતિની આજ્ઞા મેળવીને, તેમની બધી સેવાઓને જરાપણ ક્ષતિ પહોંચાડ્યા સિવાય, બરાબર આરાધતી હતી. સાસુ–સસરાની બધી જરૂરિયાતો, જિનમતી પોતે જ સાચવતી હતી. સાસુ–સસરાને પણ જિનમતી પ્રત્યે પોતાની, પુત્રી જેવો જ વાત્સલ્ય ભાવ હતો.

તોપણ સો મણ દૂધપાકના ભાજનમાં, એક રતલ સોમલ (ઝેર) ના જેવો, પોતાનો અને જિનમતીનાં માતાપિતાનો ધર્મભેદ. કયારેક ઈર્ષાનું કારણ થઈ જતો હતો. એકવાર શેઠ–શેઠાણીનો એકાન્તમાં સંવાદ ચાલ્યો.

શેઠજી પત્નીને ઉદ્દેશીને કહેવા લાગ્યા, આપણી પુત્રવધૂ ખૂબ સારી છે હોં ! એની વડીલો પ્રત્યે નમ્રતા કેટલી સરસ છે ? પૂજ્ય બુદ્ધિનો તો પાર જ નથી. કામ કરવાની સ્ફુર્તિ પણ ગજબનાક છે. આપણા બુદ્ધિધનને પણ ખૂબ ગમે છે. **શેઠાણી : (શેઠને ઉદ્દેશીને)** આતો બધું ઘણું સારું છે જ ; મેં તો મારી પોતાની દીકરીમાં આવું કયારે પણ જોયું નથી. મારી દીકરીએ મને આવા ઘરકામમાં મને કયારે પણ નિશ્ચિત બનાવી ન હતિ. પરંતુ આ વહુ જ્યારથી આપણા ઘરમાં આવી છે, ત્યારથી તેણીએ મને એક પણ કામ કરવા દીધું નથી.

પરંતુ આટલું કામ કરનારી, આટલી સેવા બજાવનારી હોવા છતાં, આપણી આ પુત્રવધૂમાં એક મોટો અવગુણ છે.

**શેઠજી** : દૂધમાં પોરા શોધવા જેવું શું શોધી કાઢયું ?

**શેઠાણી** : તમને ચોવીસે કલાક ઘરમાં રહો છો, તોપણ કશું ધ્યાનમાં નથી આવતું, એ નવાઈ લાગે છે. આ છોકરા શ્રાવકની દીકરી છે. શ્રાવકના પુસ્તકો ભણેલી છે. જ્યારે જ્યારે કામ પતાવી નવરી પડે છે કે, એના ધર્મનાં પુસ્તકો વાંચે છે. તેના બાપના ઘેર જઈ નાહી ધોઇ, પૂજાના વસ્ત્રો પહેરી, પૂજાની વસ્તુઓ લઈ, જૈનોના દહેરાસરે જાય છે. પૂજા વિગેરે કરે છે. જૈનોના ઉપાશ્રયે કથા સાંભળવા જાય છે.

આપણા દીકરાની વહુ હોવા છતાં, આપણા મંદિરોમાં પગ પણ મૂકતી નથી. આપણા પુસ્તકોને હાથમાં પણ પકડતી નથી. આપણા ધર્મગુરુઓને પગે લાગતી નથી. આપણા પર્વોને ઓળખતી પણ નથી. પરંતુ વહુના રૂપમાં રંગાએલો આપણો બુદ્ધિધન પણ એનું ગવરાવ્યું ગાય છે. એનું ખવરાવ્યું ખાય છે. વહુ લઇ જાય ત્યાં જાય છે. વહુ કરાવે તે થાય છે. તેથી કયારેક કયારેક, આપણાથી છાનો, તેના સાસરા અને સાળાઓ સાથે, જૈનોના મંદિરોમાં અને ઉપાશ્રયમાં પણ જવા લાગ્યો છે.

**આ સંસારને ધિક્કાર અપાય તેટલા ઓછા છે.** મહાપુણ્યોદયથી **જીવ** મનુષ્ય ગતિ પામે છે. **આર્યક્ષેત્રમાં અને આર્યકુળમાં** જન્મે છે પણ બિચારા **આત્મા** ઉપર પક્ષપાતના બંધનની બેડીઓ જકડાઇ જાય છે. **તેથી ઉત્તમ કુળમાં જન્મેલી** બાળા હોય, ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કર્યો હોય, જીવાજીવાદિ નવ તત્વો સમજાયા હોય, પુણ્યપાપના કારણો જાણવા મળ્યા

હોય, હેય-ઉપાદેય, પદાર્થોનું ભાન થયું હોય, તો પણ અનંતકાળની કામ-ભોગોની તૃષ્ણા, બિચારી બાળાઓનું જીવન પરવશ બનાવે છે. જિનમતી બાળામાં વિવેક હતો. વિનય-નમ્રતા હતી. વડીલો અને પતિપ્રત્યે ખૂબ પૂજ્ય ભાવ હતો. આજુબાજુના સાસરીઆ-સગાઓ પ્રત્યે, પણ વિવેક, વિનયમાં ન્યૂનતા હતી નહીં, તો પણ ધર્મદ્વેષ, આવા આત્માઓના સુખસંસારમાં, વનના દાવાનળ જેવું કામ કરવા તત્પર થાય છે.

**" ભાઈ-ભાઈ ઈર્ષા કરે, દેર-જેઠની નાર । શોકયોમાં ઈર્ષા ઘણી, ઈર્ષા પૈસાદાર." ૧**

**" ઈર્ષા પુષ્કળ શ્વાનમાં, ઉક્ષા મહીષની[1] જાત । ગજ-વાનર ઈર્ષા થકી નાશ કરે નિજજાત[2]" ૨**

**" જાત જવાસાની જુઓ, ઈર્ષાનો અવતાર । ઘનગર્જારવ સાંભળી, સળગી જાય ગમાર " ૩**

**" જુઓ ઘુવડની જાતને, ન ગમે સૂરજ સંગ । પેસે પર્વતકંદરે, ઊગે દેવ પતંગ[3] " ૪**

**" સાસુ ને સસરા વળી, નણંદોનો સમુદાય । વહુઅરના ગુણ સાંભળી, ચિત્તમાં સળગી જાય " ૫**

**" આ સઘળી ઈર્ષાથકી, ધર્મદ્વેષ મહાદુષ્ટ । ધર્મીને દુઃખ આપવા, રહે હંમેશાં પુષ્ટ " ૬**

**" સતીસુભદ્રા શ્રાવિકા, જૈનધર્મ ધરનાર । પણ સાસુને નણદીઓ, ઈર્ષાનો અવતાર " ૭**

**" ધર્મદ્વેષ ચિત્તધારીને, આપ્યું કુલટાઆળ । સતી કસોટી જોઈને, નગર થયું ઉજમાળ " ૮**

**" બધી પોળ ચંપાતણી સતી ઉઘાડી કીધ । જિનશાસન પરભાવના, સતીએ ડંકા દીધ " ૯**

જિનમતીના સાસુ-સસરા અને ગામમાં જ પરણાવેલી, પ્રૌઢવયવાળી જિનમતીની નણંદ, અવારનવાર ભેગા થાય ત્યારે, જિનમતીના ખૂબ વખાણ કરતાં હતાં. પરંતુ વચમાં વચમાં, તેના ધર્માનુષ્ઠાનની સૂગપણ હાજરી આપી જાય, ત્યારે બધા ગુણવર્ણનો ઉપર પાણી ફરી જતું હતું. ગુણ મુખ્યત્વે દોષનાં વર્ણનો અમુક દિવસ ચાલ્યા પછી, ગુણાદર નબળો પડવા લાગ્યો. દોષનો આદર વધ્યો.

**" સમકિતગુણ પ્રકટયા પછી, સઘળાદોષ દબાય । સિંહના એક જ નાદથી, પશુઓ ત્રાસી જાય " ૧**

**" ગુણરાગી સમકિતધરા, ગુણ દેખે ત્યાં જાય । ગુણ આદર ભૂલે નહીં, ગુણ તન્મય થઈ જાય " ૨**

**" મિથ્યાદૃષ્ટિ જીવને સંસારે બહુરાગ । દેવ-ગુરુને ધર્મમાં, પરંપરા અનુવાદ. (ગતાનુગતિકતા) ૩**

**" મિથ્યાદૃષ્ટી જીવડા, ધર્મ કરે બહુપેર । પ્રાયઃઅંધપરંપરા, રહે ઘેરનાઘેર (ધર્મનું ફલ પામે નહી) ૪**

**" મિથ્યાદૃષ્ટિ જીવને, નહી પરમારથ જ્ઞાન । અંધો દોરે અંધને, એવાં તસ અનુષ્ઠાન. ૫**

પછી તો જિનમતીના વિનય, નમ્રતા, લજ્જા, શિલાદિ ગુણો ભૂલાવા લાગ્યા, ફક્ત તેણી જૈનધર્મ કેમ કરે છે? તેનાં પુસ્તકો કેમ વાંચે છે? તેના બાપના ધર્મના સ્થાનકોમાં કેમ જાય છે? તેના દેવની પૂજા કેમ કરે છે? આપણા ગુરુઓને હાથ કેમ જોડતી નથી?

આપણા પર્વો, બળેવ, નવરાત્રી, શ્રાદ્ધ વગેરે કેમ કરતી નથી? આપણી કથા સાંભળવા કેમ આવતી નથી? આમથોડે થોડે જૈનધર્મ પ્રત્યે દ્વેષના કારણે, ઘરમાં અને પછી સમાનધર્મી સગાંવહાલાંમાં, જિનમતીના ગુણો ઢંકાયા અને દોષ ફેલાવો થવા લાગ્યો. આ વાતો, બુદ્ધિધન અને જિનમતીના કાને પણ પહોંચી, પરંતુ જિનમતીને, જરાપણ, આશ્ચર્ય કે ગભરામણ થઈ નહીં. તેમ તેણીના પ્રબળ પુણ્યોદયના પ્રભાવથી, તેને કોઈ ટોકનાર કે ધર્મકાર્યમાં અટકાવવા સમર્થ પણ થયું નહીં.

એટલું જરૂર કે, હવે તેણી પ્રત્યે ગુણાનુરાગ જવાથી, સાસુ-સસરાનો, જે વાત્સલ્યભાવ હતો, તે પણ લગભગ અદૃશ્ય થયો હતો. છતાં જિનમતીનો પૂજ્યો પ્રત્યેનો પૂજ્યભાવ. જેવો ને તેવો રહ્યો હતો. બદલાયો નહી. જિનમતી વહાલીવહુ મટી અળખામણી લાગવાથી, તેણીનાં છિદ્રો શોધવાં શરૂ થયાં હતાં. પરંતુ બુદ્ધિધનનો જિનમતી પ્રત્યેનો આદર, જરાપણ ઢીલો પડ્યો ન હોવાથી, વધારામાં જિનમતીની બધી ધર્મની આરાધનામાં પ્રોત્સાહન ખૂબ ચાલુ રહેવાથી, સાસુ-સસરા અને નણંદનાં ધારેલાં, બધાં દૂષણો ઢાંકેલા પડ્યાં રહેતાં હતાં.

એકવાર બુદ્ધિધન કોઈ જૈનાચાર્યનાં વ્યાખ્યાન સાંભળવા ગયો હતો. સસરા પક્ષના માણસો દ્વારા આગળ બેસવા સ્થાન મળ્યું હતું. વ્યાખ્યાન સાંભળ્યું. સંસારની અસારતા સાંભળી. મનુષ્યજન્મની દુર્લભતા સાંભળી, સુદેવ-ગુરુ-ધર્મની પ્રાપ્તિ પણ દુર્લભ સમજાણી દેવ-ગુરુ-ધર્મના સ્થાનમાં જન્મ મળે તો પણ, આ ધર્મ મારો નથી, પારકો છે. આવા વિચારો રહેવાથી, "શીરાના ભરેલા ભોજનમાં કડછી, તાવેથા જેવો" જીવ કોરો રહી જાય છે. પોતાના ધર્મ પક્ષપાતથી, વીતરાગદેવ નિર્ગ્રન્થ ગુરુજીવદયાપ્રધાન ધર્મ ગમતો નથી. જિનેશ્વરદેવો મનુષ્યજન્માદિ સામગ્રીની દુર્લભતા સૂચવતા ફરમાવે છે કે :

**चत्तारि परमंगाणि दुल्लहा णीहजन्तुणो। माणुस्सतं सुई सद्धा, संजमम्मि य वीरिथं ॥ १**

**અર્થ** : આ સંસારમાં, ચાર ગતિ ચોરાસી લાખ યોનિમાં, ભટકી રહેલા જીવને, મનુષ્યજન્મ, સાથોસાથ જૈનધર્મ, સાંભળવાની સગવડ, સાંભળેલું યુક્તિઓથી સમજાયા છતાં, તેજ સાચું છે. શંકા વગરનું છે. આવી શ્રદ્ધા થવી ખૂબ મુશ્કેલ છે. શ્રદ્ધા થવા છતાં ત્યાગવા યોગ્યનો ત્યાગ, અને આચરવા યોગ્યનું આચરણ જીવ વિચારી શકતો નથી,

**પ્રશ્ન** : કહેનાર : નિસ્પૃહ ત્યાગી ઉપકારી આપ્ત પુરુષ હોય છે. ભવ્યજીવોના ઉપકાર માટે જ કહેવાય છે, કહેનાર ગુરુનો સ્વાર્થ દેખાતો નથી. યુક્તિઓ અને દલીલોથી સમજાય તેવું કહે છે. પછી જીવો નથી સ્વીકારતા તેનું કારણ શું ?

**ઉત્તર** : જીવને ધર્મ કેમ ગમતો નથી? તેનાં જ્ઞાની ભગવંતોએ ૧૩ કારણો બતાવ્યાં છે, વાંચો નીચે પ્રમાણે.

**आलस्स मोहोऽवन्ना थंभो कोहो पमाय किविणताय । भय सोग अन्नाणा वक्खेव कुउहला रमणा ॥ १ ॥**

**અર્થ** : આલસ્ય, મોહ, અવજ્ઞા, થંભ, ક્રોધ, પ્રમાદ, કૃપણતા, ભય, શોક, અજ્ઞાન, વ્યાક્ષેપ, કુતૂહલ, રમત, આ તેર કાઠીયા કહેવાયા છે. અને તે ધર્મ કરવામાં

મહાવિઘ્ન જેવા છે. તેમાં સૌ પ્રથમ **આલસ્ય મહાશત્રુ.** એવો જોરદાર શરીરમાં આવીને છુપાયો છે કે, વિરોધ ન હોય, ઇચ્છા પ્રેરણા થાય, સારું લાગે, પરંતુ ધર્મ કરી શકાય નહીં

કોઈ કવિ : '**आलस्यं हि मनुष्याणां, शरीरस्थो महारिपुः**'' બીજો મોહ—જીવને, ધનનો, પત્નીનો, પુત્રોનો, કીર્તિનો, મોહ આડો આવતો હોવાથી, અને તે તે વસ્તુ વધારવા, મેળવવા, સાચવવા, ભોગવવામાં નવરો ન થવાથી, ધર્મ કરી શકતો નથી.

ત્રીજી **અવજ્ઞા**–પોતાના માની લીધેલા દેવ–ગુરુ–ધર્મ સિવાયના, બીજા અતિસારા હોય તો પણ તેના તરફ સૂગ કરે છે, ઉપેક્ષા કરે છે, વખતે નિંદા પણ કરે છે. પછી એને સત્યધર્મ કેમ ગમે ?

**ચોથો અભિમાન** : પોતાના દેવ–ગુરુ–ધર્મ જ સારા માનવાથી, અન્યદેવને, અન્ય ધર્મના ગુરુઓને, અન્ય ધર્મની એકાન્ત હીતકારિણી, જીવદયા જેવી કરણી પણ, તેને ગમે નહીં. તુચ્છ લાગે, અમારા દેવજ સાચા, અમારા ગુરુઓ સાચા, અમારો કેવળ હિંસામય ધર્મ પણ સાચો.

**પાંચમો ક્રોધ અને ઈર્ષા**—આ લોકો આપણા વેદપુરાણો માનતા નથી. આપણા દેવોની નિંદા કરે છે, જગત્‌ને અકર્તૃક કોઈએ બનાવ્યું નથી એમ કહે છે. આવાં આવાં કારણો મનમાં લાવી, ક્રોધ અને ઈર્ષામાં ઘેરાયેલા જીવો, સત્યધર્મ લેવા-સાંભળવા આવતા જ નથી.

**છઠ્ઠો પ્રમાદ** : મદ્ય–વિષય–કષાય–નિદ્રા અને વિકથા આ પાંચ પ્રમાદો કહેવાય છે. તેમાં જાતિ વગેરેનો ગર્વ, ખાવું–પીવું–પહેરવું–સાંભળવું–ભોગવવું વિગેરે વિષયોની લાલસા. ક્રોધ–માન્–માયા–લોભ–ચાર કષાયો, નિંદ્રા ધર્મસ્થાનમાં જાય તો પણ, ઊંઘમાં ડોલ્યા કરે છે. તથા ચારવિકથા, સ્ત્રીકથા, ભોજનકથા, દેશ–દુનિયાની વાતો, અને રાજકીય વાતોમાં, જીવ પોતાનો વધારાનો કીમતી વખત પણ, ખોઈ નાખે છે. ધર્મસ્થાનમાં પણ ભેગાં મળીને વાતો કરે છે.

બુઠ્ઠી ડોસી નવરી નારી રાંડેલીની ટોળી,
ભેગાં થઈ વિકથાઓ માંડે, થાય સમયની હોળી. ૧

શ્રૃંગારાદિ પુસ્તકો, વાંચી બહુ હરખાય;
જિનવરનાં વચનો વિશે, નાવે પ્રેમ જરાય. ૨

"નટવિટના જલસા જિહાં; ત્યાં સૌ દોડી જાય,
પ્રતિક્રમણ જિનવાણમાં, જણ એકે નવ જાય." ૩

પર બાલક પુત્રી તણું, સગપણ થાતું હોય,
નાત બધી ભેગી મળે, ઘેર રહે નહીં કોય. ૪

પ્રતિક્રમણ – વ્યાખ્યાનમાં, બુઠ્ઠા – બુઠ્ઠી હોય,
વિકથા – નાટક – કાણમાં, વિણ તેડ્યા સૌ કોય. ૫

**સાતમો કૃપણતા** : કમાવાની બુદ્ધિ, ખર્ચ થવાનો ભય, ધર્મ સાંભાળવા જતાંને અટકાવે છે.

**આઠમો ભય :** વ્રતપચ્ચખ્ખાણલેવાનો ભય, પાંચ પૈસા ખર્ચવાનો ભય, ઘણો વખત લાગી જવાનો ભય, કુટુંબમાં ધર્મ આવી જવાનો ભય, જીવને ધર્મ પામતો અટકાવે છે.

**નવમો શોક :** ઘરમાં, કુટુંબમાં મરણાદિનો શોક હોય, ધન નાશ થયું હોય, કોઈ એકદમ માંદગીમાં ફસાયું હોય, ચોરનો–રાજાનો–વેપારમાં નુકસાનનો શોક. જીવને ધર્મમાં વિઘ્ન નાખે છે.

**દશમો અજ્ઞાન :** આ અજ્ઞાન નામનો દશમો કાઠીઓ. જીવમાત્રમાં અનંતકાળથી સર્વસ્થાનમાં અને સર્વકાળમાં આત્માના પહેલા નંબરના શત્રુનું કામ બજાવે છે. બાકીના બાર ન જ હોય, ફક્ત આ એક **અજ્ઞાનની** હાજરી હોય તો પણ, સંસાર મહામહેલની એક કાંકરી પણ ડગવા પામે નહીં.

**પ્રશ્ન :** પશુઓમાં અજ્ઞાન હોય, એ સમજાય તેવી વાત છે. નારકીઓ પરવશદશા અને મહાભયંકર દુઃખોમાં ઘેરાએલા હોવાથી, "મહાદુઃખી" પણ પોતાનું હિતાહિત ન વિચારી શકે, તે બરાબર સમજાય તેવું છે. પરંતુ દેવો મતિ–શ્રુત–અવધિ ( મિથ્યાદષ્ટિ ને વિભંગ ) જ્ઞાન પામેલા હોવાથી, તેમને અજ્ઞાની કેમ કહેવાય ?

તથા મનુષ્યો પણ કેટલાક મહાવિદ્વાનો, વકીલો, બેરિસ્ટરો, ન્યાયાધિકારીઓ, પ્રધાનો, અમાત્યો, શેઠીઆઓ, શાહુકારો, હજારોમાં આગળ બેસનારાઓ, અધ્યાપકો–માસ્તરો, હેડમાસ્તરો, આખા ગામને, શહેરની–નગરની આગેવાની પામેલાઓને **અજ્ઞાની** કેમ કહેવાય ?

**विषयप्रतिभासं, चात्मपरिणतिमत् तथा। तत्त्वसंवेदनंचैव, ज्ञानमाहुर्महर्षयः॥**

**અર્થ :** જ્ઞાનના ત્રણ–પ્રકાર કહ્યા છે: વિષયોનો બોધ કરાવનારું જ્ઞાન, ગુરુઓ પાસેથી, નજરે જોવાથી, કાને સાભળવાથી અને બુદ્ધિના ક્ષયોપશમથી, ખગોળ, ભૂગોળ જ્યોતિષ, શિલ્પાદિજ્ઞાન, ઔતપાતિકી, વૈનયિકી, કાર્મિકી, પારિણામિકી, બુદ્ધિદ્વારા, વસ્તુઓ સમજી શકે, સમજાવી શકે, આ બધાં જ્ઞાનો વિષયપ્રતિભાસમાં અન્તર્ગત થાય છે.

**પ્રશ્ન :** વિષયપ્રતિભાષ જ્ઞાનથી જગતના પદાર્થોનું ભાન થાય છે, નિત્યાનિત્ય, ત્યાજ્યાત્યાજ આદિ સમજણ મળે છે. તો પછી બુદ્ધિમાનો ભૂલા પડે તે કેમ માની શકાય ?

**ઉત્તર :** વિષયપ્રતિભાષ જ્ઞાન, સમકિતધારી જીવને, સત્યસ્વરૂપ જ સમજાવે છે, અને તેથી સારાં–ખોટાનો તુરત ખ્યાલ આવી જતાં, ખોટું છોડીને, સાચાનો આદર કરે છે. પરંતુ મિથ્યાદષ્ટિજીવને વિષયપ્રતિભાષજ્ઞાન ( નવપૂર્વ ઝાઝેરું જ્ઞાન થાય તો પણ ) દષ્ટિ અવળી હોવાથી, સંસારની તરફ ઢળેલી હોવાથી, ભવાભિનંદી દશાનું જોર હોવાથી, સંસારના પૌદ્‌ગલિક સુખોનો રાગ, ઠાંસીઠાંસીને ભરેલો હોવાથી, સુદેવ–સુગુરુ–સુધર્મની શ્રદ્ધા આવવા દેજ નહીં. તેથી બાહ્યક્રિયાઓ વખતે આચરે. જૈનમુનિપણું પણ આદરે, શાસ્ત્રો પણ ભણે, તીવ્ર વ્રત તપ કરે. પણ ઘણી ઊંડાણમાં ભવાભિનંદી દશા બેઠેલી હોવાથી જેમ મહાભયંકર વમનના રોગીને, ઘેબર જેવાં અમૃતભોજન ભાવે નહીં અને ભાવે તો પેટમાં ટકે નહીં. તેમ શ્રીવીતરાગ શાસનની રત્નત્રયી, આત્મા સાંભળે તો ગમે નહીં. અને ગમે તો પણ સ્વર્ગાદિનાં સુખો મેળવવાના ધ્યેયથી, આચરે પાળે પણ ખરી. પરંતુ ઘાણીના બેલની પેઠે

ફરીફરીને પાછા ઘેરના ઘેરની પેઠે, ફરીફરીને સંસારમાં જ પટકાવાનું ચાલુ રહે છે. માટે મિથ્યાદષ્ટિનું વિષય પ્રતિભાષજ્ઞાન માત્ર જગતની માનપાન મોટાઈ અપાવે; પરંતુ સંસાર ઘટે નહીં.

બીજું–આત્મપરિણુતિમત્ જ્ઞાન આત્માને જ ઊંચા લાવવાની પ્રેરણા કરે છે. ચારે બાજુ સંસારની અસારતા જ દેખાડે છે. સંસારને અંધારા કૂવા જેવો સમજે છે. ઝેરીવૃક્ષની છાયા જેવો, કાંઠા અને વહાણ વગરના મોટા સમુદ્ર જેવો, ચોરો સર્પો અને રાક્ષસોથી ભરેલી અટવી જેવો સંસાર સમજમાં આવે છે, અને ક્રમસર આત્માને મોક્ષની નજીક જ લઈ જાય છે.

ત્રીજું જ્ઞાન **તત્ત્વસંવેદનજ્ઞાન** છે. આત્માનાં સાચાં તત્ત્વોનો આંહી પ્રકાશ થાય છે. કરવા–યોગ્ય અને ત્યાગવાયોગ્ય આંહીં બરાબર નક્કી થઈ જાય છે, અનિત્યાદિભાવનાઓનું આંહીં તાદાત્મ્ય પ્રકટ થાય છે. મૈત્ર્યાદિભાવનાઓથી આત્મા તરબોળ બને છે. સ્થિરાકાન્તા–પ્રભા અને પરા આત્માની દૃષ્ટિઓ આંહીં સૂર્યવિકાસી કમલની પેઠે ખીલે છે.

એટલે આત્મસ્વરૂપની વાસ્તવિકતાનો ખ્યાલ કરાવે તે **જ્ઞાન** કહેવાય છે, માત્ર જગતના પદાર્થો બતાવ્યા સિવાય, આત્માના ભવાભિનંદિપણામાં, જરાપણ ફેરફાર લાવે જ નહીં. તેવાં જ્ઞાનોને સાચા સ્વરૂપમાં અજ્ઞાન તરીકે ઓળખાવ્યાં છે.

**પ્રશ્ન** : જ્ઞાન–અજ્ઞાનની સાચી વ્યાખ્યા સમજાવી શકો છો ?

**ઉત્તર** : શ્રીજિનેશ્વર પરમાત્માએ જ્ઞાનની વ્યાખ્યા કરતાં સમજાવ્યું છે કે, આત્મસ્વરૂપને સમજાવે, આત્મસ્વરૂપની સમીપમાં લાવે અને આત્મસ્વરૂપમાં તન્મય બનાવે, તે જ્ઞાન કહેવાય છે.
**आत्मानमात्मना वेत्ति, मोहत्यागाद्द य आत्मनि । तदेव तस्य चारित्रं । तद्ज्ञानं तद्द दर्शनं ॥१॥**
અને કેવળ સંસારના પૌદગલિક સુખોમાં જ પ્રેરણા કરે. પાંચ ઇન્દ્રિયોના ૨૩ વિષયોના તળાવામાં આત્માને ડુબાડી નાખે, તેને જ્ઞાન કેમ કહેવાય ? અર્થાત્ અજ્ઞાન જ કહેવાય.

**પ્રશ્ન** : બુદ્ધિશાળી હોય, હજારોને હરાવી શકે તેવા હોય, લાખો ગાથાઓ કે શ્લોકો, કંઠાગ્ર ભણેલા હોય, હજારો કે લાખો માણસોની સભામાં સિંહની માફક ગર્જના કરી શકતા હોય, હજારો કે લાખો માણસો જેમના ભક્તો હોય, ગુણગાન કરતા હોય, પગોમાં પડતા હોય, પ્રભુ તરીકે માનતા હોય, તેવાઓને અજ્ઞાની કેમ કહેવાય ?

**ઉત્તર** : જ્ઞાનિઓ કોઈને નામવાર અજ્ઞાની કહેતા નથી. પરંતુ એમ કહે છે કે
**किं ताए पडिआए पयकोडिए पलालभूयाए । जइ तीयं न नायं, परस्स पीडा न कायव्वा ॥१॥**

**અર્થ** : બીજાને દુઃખ થાય તે ખોટું છે, પ્રાણિમાત્રને દુઃખ આપવું નહીં બીજાને દુઃખ આપવું તે મહાપાપ છે. આટલું પણ સમજી શકાય નહી. તો પછી પાંદડાંના સમુહ જેવા ક્રોડો પદો કે ગાથાઓ ભણવાથી શું ફાયદો ?

અર્થાત્–ભણેલો આત્મા પોતાના સ્વાર્થ માટે, બીજાને દુઃખ આપે નહીં, પરંતુ પોતે દુઃખને ભોગવીને પણ, બીજાને સુખ આપે. તેજ સાચા જ્ઞાનીની ફરજ ગણાય છે.

**"જ્ઞાન–ધ્યાન–તપ–જાપને, દાન–શીલ–ગુણરાશ. જીવદયા વિણ જીવનો, થાય ન આત્મા–વિકાસ."**

**न सा दीक्षा न सा भिक्षा, न तज्ज्ञानं, न तत्तपः। न तद्दानं न तद्ध्यानं, दया यत्र न विद्यते ॥ १ ॥**

**અર્થ** : જે આચરણમાં પ્રાણીમાત્રની દયા ન હોય, તેવી દીક્ષા હોય, ભિક્ષા હોય, જ્ઞાન હોય, દાન હોય, ધ્યાન હોય કે તપ હોય, તે બધાં નકામાં જાણવાં. ફળ વગરના વાંઝિયાં વૃક્ષ જેવાં સમજવાં.

## જીવોનું રક્ષણ

જગતના પ્રાણી માત્રને, મરવાનો ભય હોય,
અકાળ મરવું નો'ય તો, મરણ ન દેશો કોય. ૧

ભય મોટો મરવા તણો, મરણ સમો ભય નો'ય,
અભયદાન દેનારને, સર્વસ્થાન સુખ હોય. ૨

મરણ ન ગમતું કોઈને, દુઃખ પણ ગમતું નો'ય,
જગતના પ્રાણી સર્વને દુઃખ દેશો નહીં કોય. ૩

પશુ, દેવ ને માનવી, સહુને વહાલા પ્રાણ,
આપ સમા સહુને ગણી, કરો સર્વનું ત્રાણ (રક્ષણ). ૪

મરણ-રોગ-ભય-આપદા, સહુને દુઃખકર થાય,
તે તુજને ગમતા નથી, અન્યને કેમ અપાય ? ૫

ચારગતિ ષટકાયના, બધાજીવ સમુદાય,
અભયદાન દેવા થકી, પોતે નિર્ભય થાય. ૬

## હિંસાની અધમતા

હિંસા ભયંકર નાગણી, કરડી જીવ તમામ,
અનંત મરણ ઉપજાવતું, આપ્યું ઝેર ઈનામ. ૭

હિંસાસમ શત્રુનથી, મહા ભયંકર પાપ,
અનંત જીવો પાશથી, જેણે અપાવ્યા શ્રાપ. ૮

હિંસાઝેર અમેયછે, વળગ્યું જાસ શરીર,
પટકાણા જઈ નરકમાં સુભૂમ જેવા વીર. ૯

કાળા ક્રૂર ને ઘાતકી, વિચાર મનમાં થાય,
ક્ષય કરવા બીજા તણો, પ્રાણી તવ પ્રેરાય. ૧૦

ઊગે સૂરજ પશ્ચિમે, સુધા ભુજંગમ કાય,
ચંદ્ર થકી અગ્નિ ઝરે, હિંસા ધર્મ ન થાય. ૧૧

મર ? સુણતાં દુઃખ થાય છે, ભય દેખી હથિયાર,
ઘાવ પડે હથિયારનો પાડે મહા પોકાર. ૧૨

મરતાં જીવો તરફડે, અતિવેદના થાય,
ચીસોપાડે બાપડા, જોતા ત્રાસજ થાય. ૧૩

બચવા બહુ બહુ કરગરે, કરેઘણા પોકાર,
છતાં પાપિયા જીવને, દયા ન થાય લગાર. ૧૪

મારી નાખું ચિન્તવે, નરભવ પુણ્ય ખવાય,
કર ધરતાં હથિયારને, ત્રણ ભવ પુણ્ય ખવાય. ૧૫

એક મનુષ્યના ખૂનથી, ફાંસી દે સરકાર,
લાખોજીવ વિનાશતાં, નહીં છોડે કિરતાર. ૧૬

માંસ તણો વિક્રય કરે, આમિસ (માંસ) પોતે ખાય,
માંસાહાર વખાણતા, ત્રણે નરકમાં જાય. ૧૭

પોપાંબાઇના રાજ્યમાં, છૂટી ગયાં સહુ લોક,
પણ ઇશ્વર (કર્મ) દરબારમાં અલ્પ ન થાશે ફોક. ૧૮

પોપા બાઈ નામની રાજાની પુત્રી હતી. તેને બાપનું રાજ્ય મળ્યું હતું તેની મૂર્ખાઈથી દલિલ બાજો ફાવી જતા હતા.

ઉપરના છ દુહાઓ લખ્યા છે. તેમાં જીવોની દયાનું સ્વરૂપ બતાવ્યું છે. અને પછીના બાર દુહાઓમાં, હિંસાની દુષ્ટતા સમજાવી છે. આપણને મરણ, રોગ, દુઃખ, આપત્તિ ગમતાં નથી, તેમ જગતના ઝીણા કે મોટા જીવોને પણ મરવું પસંદ નથી જ. આપણને દુઃખ વગરનું સુખ જોઈતું હોય તો, બીજા જીવ માત્રને, ગાયો, ભેંસો, બળદ, પાડા, બકરા, બકરી, ઘેટી, ઘેટા, શૂકર, કૂકડાં, મરઘાં, માછલાં, કાચબા, ઇંડાં, કોઈને મારશો નહીં, નાશ કરશો નહીં, ખાશો નહીં. તમને ક્ષણ વાર જીભને સ્વાદ પડશે, પરંતુ તે તે બિચારા જીવોની જિંદગી નાશ પામશે. તેને છેદતા–કપાતાં ઘણી ઘણી વેદનાઓ થશે.

**પ્રશ્ન** : હાલતા–ચાલતા–બોલતા–દોડતા–ત્રાસપામતા જીવોને, મારી નાંખતાં જીવ કેમ ચાલતો હશે? તેના પોકારો–ટળવળાટ,–તરફડાટ જોવા છતાં આવા જીવોની ગરદન ઉપર છૂરી કેમ ચાલતી હશે?

**ઉત્તર** : ભાઈ, આપણે આંહીં અજ્ઞાન નામના દશમા કાઠિયા (પ્રમાદ)નું વર્ણન ચાલુ છે. અજ્ઞાન એવી ભયંકર વસ્તુ છે કે, તેને બીજાનું દુઃખ જોવા જેટલી ફુરસદ હોતી નથી.

**પ્રશ્ન** : જીવ તો નિત્ય છે. અનંતકાળથી સંસારમાં છે. શું તેને અત્યાર સુધી કોઈ સાચા ગુરુ મળ્યા નહીં હોય? પોતે પણ કોઈ ભવોમાં બીજાના હાથે મરવાના કડવા અનુભવો નહીં જોયા હોય?

**ઉત્તર** : અજ્ઞાનતાની અધમતા એવી છે કે; એને ચાલુ જન્મના અનુભવો પણ યાદ રહેતા નથી. ચાલુ ભવના ઉપકારો પણ ભુલાઈ જાય છે. સ્વાર્થપરવશ બનેલા જીવો,

ચાલુ જન્મના મહાઉપકારી માતા–પિતાને ભૂલી જાય છે. દુઃખ આપે છે. કાઢી મૂકે છે, ત્રાસ આપે છે. કંસ કોણિકની માફક માર મારે છે. કેદ પૂરે છે. કોઈ કોઈ અધમજીવોએ મહાઉપકારી માતાપિતાને, મારી પણ નાખ્યાના દાખલા છે.

જ્યારે ચાલુ જન્મના તદ્દન નજીકના ઉપકારી, માતાપિતા જેવાઓના ઉપકારો ભુલાઈ જાય છે. તો પછી ગયા જન્મના સારા કે ખોટા, અનુભવો યાદ રહે તેવું, અબજો જીવો પૈકી કોઈકને સ્ફુરે એ વાત જુદી સમજવી.

આ સંસારના પ્રત્યેક જીવોમાં અજ્ઞાન દશા ઠાંસીઠાંસીને ભરેલી છે. આ વિષયને સમજવા માટે પાનાંઓ ભરાય તેટલું વર્ણન શાસ્ત્રોમાં ઢંકાએલું પડયું છે. પ્રસ્તુત વિષય લંબાઈ જતો હોવાથી, આ અજ્ઞાન પ્રકરણને અમે આગળ ઉપર, શક્ય તેટલા વિસ્તારથી લખવા ઈચ્છા રાખીએ છીએ, માટે જ આંહીં આટલું લખી આગળ ચાલીશું.

હવે વ્યાક્ષેપ નામનો અગિયારમો કાઠિયો (પ્રમાદ) **પ્રશ્ન**: વ્યાક્ષેપ શબ્દનો અર્થ શું ?

**ઉત્તર** : પહેલો અર્થ અન્ય વસ્તુમાં રસ હોવાથી, અન્ય વસ્તુ અતિસારી હોય તો પણ માણસ જોઈ, સાંભળી, વિચારી શકતો નથી. જેમ મહાવિકરાળ વિષય–પ્રમાદમાં ખૂંચી ગયેલાં વા ડૂબી ગયેલા, દેવો, રાજાઓ, ધનવાનો, અને પામરો, પોતાના નગરના કે ગામના પરિસરમાં તીર્થંકર દેવ પધારેલા, હોય, કેવલી ભગવાન હોય, મહાજ્ઞાની હોય, આખા સંસારનું પાપ ધોવાય તેવું હોય, સર્વ પ્રકારના સંશયોનો નાશ થાય તેવું હોય, તો પણ, સમવસરણમાં જતા નથી, આંહી વ્યાક્ષેપ એટલે અન્યચિત્ત નિરાદરતા અર્થ જાણવો.

વ્યાક્ષેપનો બીજો અર્થ **અંતરાય** પણ થાય છે, શોક પણ થાય છે. કોઈ જીવ દાનાદિ ધર્મ કરવા ઈચ્છતો હોય તો પણ, નાનામોટા અંતરાયો આવી જવાથી, જીવને ધર્મ-સ્થાનમાં કે ધર્મક્રિયાઓમાં જતો અટકાવે છે. જેમ **યશોધર** રાજાને ચારિત્ર અવશ્ય લેવાનું હતું, પરંતુ કુલટા નારી **નયનાવલીરાણી**ના પ્રયોગથી અકાલમરણ સરજાયાથી, દીક્ષા–સુગતિ–સ્વર્ગ થવાના સ્થાને, પશુ આદિ કુગતિઓમાં પ્રયાણ થયું.

વખતે ઉત્તમજીવ હોય તો દાન આપવા ઈચ્છા થાય. સગવડ પણ હોય, છતાં અંતરાય આડો આવવાથી દાન આપી શકે નહીં. શીલવ્રત પાળવાની ઈચ્છા હોવા છતાં પરસ્પર દંપતીનું ઐક્ય ન થાય તો શીલવ્રત લેવાય નહી પળાય નહીં. તપશ્ચર્યા કરવાની તીવ્ર-ભાવના હોય તો પણ, કુટુંબના કારણે, રોગના કારણે, વીર્યાન્તરાયો તપ કરતાં અટકાવે છે.

હવે કુતૂહલ નામનો બારમો કાઠિયો (પ્રમાદ) આત્માને, ધર્મ કરવામાં વિક્ષેપક બને છે, અને તેથી મોટાભાગે, મિથ્યાદૃષ્ટિ ધર્મગુરુઓનાં, કુતૂહલપોષક અસત્યથી ભરેલાં, ઉપજાવી–ગોઠવેલાં શાસ્ત્રો, સાંભળવાના રસમાં, નાટકો, સિનેમાઓ, ભવાયા, તમાશાવાળાઓ, ઓછબીઓ, નટડાઓ, નૃત્યકીઓ, ગાયિકાઓના જલસાઓમાં આકર્ષાયેલા જીવો, આત્મ-કલ્યાણકારક સુગુરુઓનાં અમૃત જેવાં વાક્યોથી વંચિત જ રહે છે, સાંભળી શકતા નથી.

આ સિવાય સંસાર વધારનારાં સ્ત્રીકથા, ભોજનકથા, દેશકથા અને રાજકથાઓથી ભરેલાં પેપરો, દૈનિકો, સપ્તાહિકો, પાક્ષિકો, માસિકો વિગેરે છાપાંઓના રસમાં રંગાએલા

જીવો, પોતાનો વધારે પડતા વખતનો બધો ઉપયોગ, ગુજરાતી, હિન્દી, મરાઠી, ઈંગ્લિશ છાપાંઓ વાંચવામાં ખરચી નાખે છે.

હવે **રમત** : રમત–ગમત નામનો છેલ્લો ક્રીડામય કાઠિયો ( પ્રમાદ ) ક્રીડાના ઘણા પ્રકાર છે. આ રમત–ગમત ક્રીડાપ્રાયઃ બાળકોને વરેલી હોવા છતાં રાજા–મહારાજાઓ, શ્રીમંતો અને અધિકારીઓમાં પણ વ્યાપેલી હોય છે.

અને તેથી રાજામહારાજાઓ, પ્રાયઃ શિકાર જેવી અધમ રમતમાં પોતાના પુણ્ય અને સમયની બરબાદી કરવા સાથે આશ્રિતોને અને પોતાના પરિવારને, પાપાચારો કરવાના પ્રેરક બને છે અને બિચારા હજારો મૂંગા જીવો હરિણ, સસલાં, શૂકર, રોઝ, ગેંડા, ઉપરાંત સિંહ–દીપડા–વાઘ–સાવજના પ્રાણોની બરબાદી સરજાવે છે.

વળી માંસની લોલુપતા વધવાથી, તથા પોતાને ચલાચલ–લક્ષ વિંધવાની કલામાં નિષ્ણાત થવા માટે, આકાશમાં ઊડનારાં પક્ષીઓનો નાશ કરવા પ્રેરાઈને, ધનુષબાણના પ્રયોગોથી, ગોફણ–ગોળાના પ્રયોગોથી, બંદૂકગોળીના પ્રયોગથી, પોતાના શિકારની રમતમાં પુણ્યસમય અને પારકા પ્રાણોની બરબાદી કરે છે.

આ શિકાર એવી દુષ્ટ અને મહા ભયંકર કુટેવ છે કે, જેના વ્યસનના કારણે પાંડવો અને કૌરવોના પ્રપિતામહ, શાન્તનુરાજાને ગંગા જેવી સતી–શ્રાવિકા. રૂપવતી, કુલવતી શીલવતી યુવતી રાણીનો વિયોગ ભોગવવો પડ્યો હતો.

**પ્રશ્ન** : કેટલાંક ધર્મપુસ્તકોમાં, શિકાર એ રાજા–મહારાજાઓનો ધર્મ છે, અને માંસાહાર. જગતની અતિસ્વાદિષ્ટ વસ્તુ હોવાથી, રાજાઓ અને શ્રીમંતોનું વહાલામાં વહાલું. ભોજન ગણાયું છે. આ બરાબર નથી ?

**ઉત્તર** : વીતરાગ જિનેશ્વરદેવોનાં વચનો સિવાયનાં, જગતના બધાજ ઋષિ મુનિઓનાં વાક્યો, પાપ–પુણ્યની આવક–જાવકનો વિચારકર્યા સિવાય, મોટાભાગે વર્તમાનકાળની, અને વર્તમાન જગતની, પસંદગીની મુખ્યતાએ, લખાયેલાં હોય છે. અને તેથી સારા કવિઓએ પણ, પાપોના વિચારો કર્યા સિવાય ગજબનાક લખી નાખ્યું હોય છે. જુઓ અજૈન કવિઓના વિચારો.

**" વધ્યા ઉંદર હારોહાર, પકડ્યા પણ નહીં આવ્યો પાર,**
**રાતે તો માંડે રણજાડ, ધડબડ જાણે આવી ધાડ. " ૧**

**ખાસાં કપડાં કરડી ખાય, દીવાની દીવેટ લઈ જાય,**
**એનો એકે નહીં ઉપાય, મીની મળે તો મહાસુખ થાય.** ૨—ક. ડ. દા

આ કવિ, ઉંદરડા. લોકોને ત્રાસ આપે છે. માટે જો બિલાડી મળી જાય તો લોકોને મહાસુખ થાય. આ સ્થાને મહાસુખની, કેવી ઢંગધડા વગરની, વ્યાખ્યા કરી ગયા છે. એક બાજુ ઈશ્વરે જગત બનાવ્યું છે. એમ સ્વીકારીને, તે ઈશ્વરના સર્જનનો નાશ કરવાની વાતો લખનારા. પોતાને ઈશ્વર થકીપણ વધારે ડાયા બતાવવા કોષીશ કરાય છે. આ પણ એક બુદ્ધિનું દેવાળુંજ ગણાયને ?

જૈનશાસ્ત્રકારો તો ઉદ્‌ઘોષણા કરીને ફરમાવે છે કે, બોલવામાં કે લખવામાં હિંસાની ગંધ પણ આવી જશે તો, પાપની પરંપરા ચાલુ થશે. કારણ કે લોકોને વાંચવાનું, લખવાનું અને સાંભળવાનું પાપવાળું જ વધુ પસંદ પડે છે.

જીવોની દયાનું જ સમર્થન કરનારાં વૈદિક શાસ્ત્રોનાં પ્રમાણો.

**यो दद्यात् कांचनं मेरु, कृत्स्नां चैव वसुंधरां। एकस्य जीवितं दद्यात् नच तुल्यं युधिष्ठिर ! ॥१॥**
**सर्ववेदा न तत्कुर्युः, सर्वे यज्ञाश्चभारत ?। सर्वतीर्थाभिषेकाश्च यत् कुर्यात् प्राणिनांदया ॥२॥**

**અર્થ** : કોઈ માણસ સુવર્ણનો મેરૂ પર્વત દાનમાં આપે, અથવા સમગ્ર પૃથ્વીને દાનમાં આપી દે, અને બીજો માણસ એક જ જીવને અભયદાન આપે. આ બેમાં અભયદાન જ મોટું છે. આ પ્રમાણે વિષ્ણુભગવાને યુધિષ્ઠિરને કહેલું છે. ॥ ૧ ॥ વળી પણ વિષ્ણુભગવાન યુધિષ્ઠિરને કહે છે કે, કોઈ માણસે બધા વેદોનો અભ્યાસ કર્યો હોય, અથવા કોઈ બધા પ્રકારના યજ્ઞો કરે કરાવે, વળી કોઈ બધાં તીર્થોમાં સ્નાન કરી આવે, આ બધાં કૃત્યોમાં તેવો લાભ નથી; જેવો લાભ પ્રાણી માત્રની દયામાં છે.

આવા બધાં વર્ણનોમાં, **अहिंसा परमो धर्मः** કહેવા છતાં, જૈનો સિવાય આચરણમાં કોઈ મૂકી શક્યા નથી. આવાં શાસ્ત્રોનાં વર્ણનો વાંચવા છતાં, રાજા મહારાજાઓને શિકારો રમવાની પણ તેવા જ શાસ્ત્રોમાં છૂટો અપાઈ છે.

આવા રમત–ગમત–કુતૂહલ ઠઠ્ઠા–મશ્કરી–હાસ્યમાં, મનુષ્ય–જન્મનો મહા કીંમતી વખત બરબાદ થાય છે. આ બધો વખત આજીવિકા અંગે અનિવાર્ય કાર્યોને છોડીને, કેવળ જ્ઞાન–દર્શન–ચારિત્રના આદર્શો સમજવામાં ખર્ચાય, તો સંસારની રખડપટ્ટી અટકી જાય.

ગુરુદેવનું વ્યાખ્યાન સાંભળીને, બંને પતિ–પત્ની બુદ્ધિધન અને જિનમતીને, ઘણો આનંદ થયો. અને પોતાની શક્તિ અનુસાર વિરતિ લેવાની ઇચ્છા થવાથી, શ્રીમતી જિનમતી શ્રાવિકાએ, મન–વચન–કાયાથી પરપુરુષત્યાગ સ્વરૂપ, જાવજ્જીવ–દેશ–બ્રહ્મચર્યવ્રત ગુરુ–મહારાજ પાસે ઉચ્ચરી લીધું. અર્થાત્ સ્વસ્વામી સિવાય, જગતના પુરુષમાત્રને, મનમાં ચિંતવું નહીં, સરાગવચને બોલાવું નહીં. સરાગભાવે કાયા વડે સ્પર્શ કરૂં નહીં.

અને આ મારા સ્વપતિસંતોષ ચતુર્થઅણુવ્રતને અકલંકિત રાખવા, મારા સ્વામીની ગેરહાજરીમાં, અન્ય પુરુષ સાથે એકાન્ત સેવું નહીં, વાર્તાલાપ કરું નહીં. શ્રૃંગારી–વિકારી પુસ્તકો વાંચું નહીં, અન્ય પુરુષ સાથે એક આસન ઉપર બેસું નહીં, સ્વામી પરદેશ–પરગામ ગયા હોય તો, નિત્ય એકાશણું કરું. વિગઈઓ=વિકારી ભોજન જમું નહીં, તાંબુલ ખાઉં નહીં, પલંગ ઉપર સૂઉં નહીં.

શ્રીમતી જિનમતીના આવા નિયમને સાંભળી, ચિત્તમાં ખુબ હર્ષ પામેલા બુદ્ધિધન-કુમારે ( જિનમતીના પતિ ) પણ ઊભા થઈ, ગુરુ મહારાજ પાસે જાવજ્જીવ સ્વદારા સંતોષ

અને પર સ્ત્રી ત્યાગ–ચતુર્થ અણુવ્રત પચ્ચખ્ખાણુ આપવા પ્રાર્થના કરવા સાથે, હજારો સભાસદોને હર્ષતરબોળ બનાવે તેવી, પ્રતિજ્ઞાની પ્રાર્થના કરી.

**"આજથી જીવું ત્યાં સુધી, મારી પત્ની જિનમતી સિવાય, મારે બીજી પત્ની પરણુવી નહીં. એવું પણ પચ્ચખ્ખાણુ ઉચ્ચરાવોજી."**

સભામાંથી સાસરા અને સાળાઓ વગેરેનો, અવાજ આવ્યો. બુદ્ધિધનશેઠ! ઉતાવળ ન કરો. કોઈપણ સારું યા ખરાબ કાર્ય કર્યા પહેલા, ખૂબ વિચાર કરવો જોઈએ. આ તો પચ્ચખ્ખાણુ (પ્રતિજ્ઞા) છે. લીધા પછી પ્રાણુના ભોગે સાચવવું જ પડે છે. નારી જાતિને પચ્ચખ્ખાણુ હોય કે ન હોય, તો પણ મોટા કુલની ખાનદાન માબાપની બેટીને બીજો પુરુષ ખપે નહીં. પરંતુ પુરુષ આવું પચ્ચખ્ખાણુ કેમ લઈ શકે? પુરુષોને કોઈ આપવા આગ્રહ કરે તો, એકની જગ્યાએ બે–ત્રણ–ચાર–આઠ–બત્રીસ વગેરે સ્ત્રીઓ પરણે તો, તેની નાનપ નથી પણ મોટાઈ છે.

જુઓ? **ધન્નાજી – શાલિભદ્રજી – મેઘકુમાર – સુબાહુકુમાર** વગેરેના **શાસ્ત્રો**માં અને ઈતિહાસમાં, સેંકડો હજારો દાખલા છે. તે તે મહાપુરુષો. ઘણી પત્નીઓ પરણ્યા છે. શ્રીમંતો અને રાજા મહારાજાઓના આ બધા પુણ્યપ્રકર્ષો ગણાયા છે, અમારી સલાહ છે કે, ઉતાવળ ન કરો. આવું પચ્ચખ્ખાણુ ન લેવાય.

**શ્રીમાન બુદ્ધિધન શેઠનો ઉત્તર :** મેં આચાર્ય ભગવાનની વાણી સાંભળી, મારા મનમાં જેટલું સમજાયું તેટલું સચોટ થયું છે. હું જે કાંઈ બોલ્યો છું. તે વિચાર કરીને સાચવી શકવાની મારી શક્તિ–તાકાત વિચારીને બોલ્યો છું. ગુરુ મહારાજ પાસે પ્રાર્થના કરી છે. મારી લાયકાત ન સમજાય, હું જન્મે જૈન નથી. તેવું લાગે. અને પચ્ચખ્ખાણુ ન આપે તો પણ. મારાં વચનોથી હું બોલ્યો છું. તે મારી પ્રતિજ્ઞા, આરસમાં કોતરેલા અક્ષરો સમાન રહેશે. જ્ઞાની ભગવંતો ફરમાવે છે કે,

**अलसंतेण सज्जणेण, जे अक्खरा समुल्लविआ। ते पत्थरटक्कुकिरियव्व, न अन्नहा हुंति ॥१॥**

**અર્થ :** આલસ્ય, બેભાન કે ઉતાવળથી, સજ્જન આત્મા. વખતે કાંઈ પણ બોલી જાય, તે પોતાના બોલાએલા શબ્દો, આરસની શિલામાં ટાંકણા વડે કોતરેલા અક્ષરોની પેઠે, બદલાઈ કે ભૂંસાઈ જતા નથી.

બુદ્ધિધનકુમારની, અને શ્રીમતી જિનમતીની, જ્ઞાનથી સંપૂર્ણ યોગ્યતા સમજીને, ગુરુમહારાજે પચ્ચખ્ખાણુ આપ્યાં. વ્યાખ્યાન સંપૂર્ણ થયું. સભા વિખરાઈ. સૌ સૌના સ્થાને ગયાં. આજની આ બે પતિ–પત્નીના પચ્ચખ્ખાણુની વાતો પણ, ગામમાં ફેલાઈ ગઈ. સૌ કોઈ પોતપોતાની બુદ્ધિ અને શ્રદ્ધા અનુસાર વાતો કરી જંપી ગયાં.

બુદ્ધિધનનાં માતાપિતા–ભગિની અને સમાનધર્મી સગાંકુટુંબીઓમાં, જિનમતીની પ્રતિજ્ઞાની નિન્દા–અનુમોદના કશું ન થયું. કારણુ નિંદા કરવા જેવું કશું હતું નહીં. પરંતુ

જૈનધર્મનાં પચ્ચખ્ખાણો જ ગમતાં ન હોય, પછી અનુમોદના શા માટે? પરંતુ બુદ્ધિધન જૈનાચાર્યના વ્યાખ્યાનમાં ગયો જ શા માટે? ખેર! ગયો તો આવી પ્રતિજ્ઞા કેમ લેવાય?

માતાપિતા અને પરિવારમાં ટીકાટિપ્પણો ખૂબ થયાં. પણ દીકરો એકનો એક, વળી પાંચમાં પુછાય તેવો. ડાહ્યો, ગંભીર, ઠરેલો, વિચારક હોવાથી, એને કહેવાની કોઈની હિંમત ચાલી નહીં. પરંતુ બુદ્ધિધનનું જૈન ધર્મસ્થાનોમાં ગમનાગમન, અને વધુ પડતો જૈન ધર્મમાં પ્રવેશ તેવાઓને ગમતો ન હતો.

એકવાર બુદ્ધિધન. સરખા મિત્રો સાથે ફરવા ગયેલો. મોડી રાતે ઘેર આવ્યો, ઘણી ક્ષુધા લાગેલી હોવાથી, બારોબાર પત્નીના ઓરડામાં આવ્યો. મહાસતી જિનમતી. પોતાના સ્વામીની રાહ જોતી, જમીન ઉપર બેસીને, દીવાના પ્રકાશે ધર્મનાં પુસ્તકો વાંચતી હતી. પતિનો પ્રવેશ થયો. અને જિનમતીએ ઊભી થઈને સન્માન આપ્યું.

**બુદ્ધિધને કહ્યું**, વહાલી! મને ક્ષુધા લાગી છે. હમણાં જ રસોઈ બનાવી મને જમાડ.

**જિનમતી**—સ્વામીનાથ? આપ ખૂબ થાકીને આવ્યા છો. ક્ષુધા ઘણી લાગી હશે! અને રસોઈ થતાં વાર લાગશે. માટે આપને અનુકૂળ લાગે તો, આપણા ઘરમાં તાજાં બનાવેલાં પકવાનોના ડબ્બા ભરેલા છે, સ્વાદિષ્ટ છે, ઘણા પ્રકારના મેવા તૈયાર છે. ફળો પણ રસાળ, સ્વાદુ, અનેક જાતનાં હાજર છે. પછી આપની જેવી ઇચ્છા. બુદ્ધિધન ખૂબ આનંદથી હસતાં હસતાં કહે છે: તારી યુક્તિ હું સમજી ગયો છું. તું શ્રાવિકા છે. રાત્રિભોજન તું કરતી નથી. માટે મને રાત્રિભોજન છોડાવવા યુક્તિથી બોલે છે.

બરાબર છે. રાત ઘણી ગઈ છે. થોડી નિદ્રા લેશું. થાક પરિશ્રમ ઊતરી જશે. રાત્રિભોજનના પાપથી અને રસોઈના આરંભથી, બચી જવાશે. તારી બુદ્ધિને ધન્યવાદ છે. મહાપુણ્યનો ઉદય હોય, તેને જ આવી પત્ની મળે છે. કહ્યું છે કે:

**कार्ये दासी रतौ रंभा, भोजने जननी समा, । विपत्तौ बुद्धिदात्रीच, सा भार्या भुवि दुर्लभा ॥**

**અર્થ** : સ્વામી પાસે દાસીની પેઠે કાર્ય બજાવે, સ્વામીના કાર્યમાં આલસ્ય કરે નહીં, તથા રંભા-ઉર્વશી-મેનકા જેવી ખૂબસૂરત હોય, જમાડવામાં, જનની-માતા જેમ પોતાના બાળકને વાત્સલ્યથી જમાડે છે, તેમ સતી. પોતાના પતિની પાસે બેસી, પસંદ પડે તેવું થોડું થોડું પીરસે છે. અને ભૂલ થાય ત્યાં, અનુપમા દેવીની પેઠે, કાર્યનો નિકાલ આવે તેવી, પોતાના સ્વામીને પસંદ પડે તેવી, વિનયથી ભરપૂર શિખામણ-સમજણ પણ આપે છે.

**પ્રશ્ન** : જિનમતીએ માયા કરી, બુદ્ધિધનને ભૂખ્યા રાખ્યાનું વર્તન, ઠગાઈ ન કહેવાય?

**ઉત્તર** : જિનમતીએ માયા કરી નથી પરંતુ વિવેક કર્યો છે. જેમનાં મન પરસ્પર મળેલાં હોય, તેવી સતી નારીઓ. પતિને ઠગે એવું પ્રાણાન્તે પણ કેમ બને?

**પ્રશ્ન** : બુદ્ધિધનને જમવા ખૂબ ઈચ્છા હતી. છતાં જમાડ્યા નહીં. તે શું સતી નારીને ઉચિત ગણાય ?

**ઉત્તર** : જમાડવાની સેવા થકી પણ, રાત્રિભોજનનું પાપ ઘણું છે. જમવામાં પાપ છે. એટલું જ નહીં, રાત્રિભોજનથી શરીરને પણ, મોટું નુકસાન છે. ભલે દુનિયાનાં હજારો-લાખો માણસો રાતનાં જમતાં હોય, પરંતુ નીતિ અને આરોગ્ય બંને રાત્રિભોજનની ના પાડે છે. જુઓ નીતિ,

**" દાન, સ્નાન, આયુધ ને ભોજન એ રાત્રે નવ કીજેજી. "**

**પ્રશ્ન** : મહાસતી નારીઓ. પતિનું વચન પાળે નહીં, ક્ષુધાતુર પતિને, યુક્તિઓ બતાવીને જમાડવા જેટલી સેવા પણ આપી શકે નહીં, પછી તેનું સતીપણું કેમ ઘટી (રહી) શકે ? વળી અતિક્ષુધાતુર દશા હોવા છતાં, બુદ્ધિધન જરાપણ ચિત્તમાં દુર્ભાવ ન લાવ્યો, તે તેની મહાનુભાવતા કેટલી ?

**ઉત્તર** : જિનમતી સાચી સતી નારી હતી, તથા બુદ્ધિધન શેઠ પણ એક સજ્જન આત્મા હતો. આ બંને પતિપત્નીનાં ચિત્ત પરસ્પરના આત્માઓમાં, દર્પણની જેમ પ્રતિબિંબિત થયેલાં હતાં. મહાસતી જિનમતી સુશ્રાવિકા હતી. રાત્રિભોજન કરવું-કરાવવું મહાપાપનું કારણ છે, કારણકે, આકાશમાં ઊડતા અનેક પ્રાંણીઓ, અગ્નિમાં, પાણીમાં, અને રંધાતી રસોઈમાં પડીને, મરણ પામે છે, માટે જ પૂર્વાચાર્યો ફરમાવી ગયા છે કે **" जैनै रजनीभोजनं न भजनीयं । "**

**અર્થ** : જૈનોએ રાત્રિભોજન કરવું નહીં. જીવમાત્રની દયા પાળવાના અર્થી આત્માએ, રાત્રિમાં જમવું વ્યાજબી નથી. જિનમતી આવું સમજેલી હોવાથી, પોતે જિંદગીભર રાત્રિભોજન ત્યાગેલું હોવા છતાં, " નારીનો અવતાર પરાધીન છે, " તેથી પતિને ગમતું સમજાવી, રાત્રિભોજન છોડાવવા તેણીનો શક્ય પ્રયાસ ચાલુ હતો. બુદ્ધિધન પણ પત્નીને દુઃખ ન થાય તેવું જ વર્તન રાખતો હતો. નીતિકારોએ પતિપત્નીને, પરસ્પરના વિશ્વાસુ મિત્રો કહેલા છે. કહ્યું છે કે :

**अत्यागसहनो बन्धुः, सदैवानुमतो सुहृद् । एकक्रियं भवेन्मित्रं, समप्राण सखा मतः ॥ १ ॥**

**અર્થ** : ખૂબ મોટા અપરાધને પણ ચલાવી લે તે બંધુ કહેવાય છે. જેમ દુર્યોધનાદિના બધા અપરાધો માફ કરીને, યુધિષ્ઠિરે દુર્યોધનની પટરાણી ભાનુમતીના પોકારથી, મહાભયંકર અટવીમાં, પોતાની ઉદ્ધતાઈથી, વિદ્યાધરરાજાની કેદમાં પુરાએલા, દુર્યોધન દુઃશાસન વગેરેને અર્જુનને મોકલી છોડાવ્યા હતા.

અને હમેશાં સર્વકાર્યોમાં અનુમત રહે, હાજી પાડે, ના કહે જ નહીં. તે સુહૃદ કહેવાય છે જેમ શ્રીચંદ્રકુમારનો મિત્ર ગુણચંદ્ર, જેમ બ્રહ્મદત્તકુમાર ( પાછળથી ૧૨ મા ચક્રવર્તી ) નો મિત્ર વરધનુ, હમેશ અનુસારનારા હતા તથા એક ક્રિયા કરનાર મિત્ર કહેવાય છે. મિત્ર ધર્મિષ્ઠ

હોય તો, પાછળથી અનુગામી મિત્રો પણ ધર્મ પામે છે. જેમ કાર્તિક શેઠે દીક્ષા લીધી, તેજ ક્ષણે, તેમના ૧૦૦૮ મિત્રો સાથેજ દીક્ષિત થયા હતા. થાવચ્ચાકુમારે દીક્ષા લીધી, તેના પણ ૧૦૦૦ મિત્રો સાથે જ સંયમધારી થયા હતા. તથા સમાન પ્રાણવાળો સખા કહેવાય છે. રામ-લક્ષ્મણ, કૃષ્ણ-બલભદ્ર, આ બધા મહાપુરુષો એક વિના બીજા રહી શકે જ નહીં તેવા હતા.

અહીં તો પુરુષ મિત્રોની વાત કહેવાઈ. પરંતુ પતિ-પત્ની, સંત-સતી દંપતીઓ પણ ચિત્તમાં પરસ્પરના ભેદનું કારણ, અવિશ્વાસ લાવતા નથી, આવે જ નહીં. કારણ કે,

**સજ્જન કે દુર્જન તણી, ક્ષણ પણ સંગત થાય, બુદ્ધિમાન નિશ્ચય કરે, પ્રાયઃ ભૂલ નવ થાય. ૧**
**જેમ ઝવેરી નર કરે, હીરો કાચ ધરાય, કેવલ ચક્ષુયોગથી. શીઘ્ર મૂલ્ય અંકાય ૨**
**પતિપત્ની સાથે વસે, વર્ષો વીતી જાય, છતાં ન ઓળખ થાય તો, માણસ કેમ ગણાય? ૩**
**માણસને માણસ મળે, પુણ્યોદય લેખાય, મલે દેવને દેવતા, નરભવ સફલો થાય. ૪**
**ઉત્તમ નરને રાસભી, નારી રાસભયોગ, મળે મનુષ્યને કૂતરી, તેના પૂરા ભોગ. ૫**

વાચક સમજી શકે છે કે, ગૃહસ્થ જીવનનાં મુખ્ય અંગો કુટુંબમાં સંપ હોય, પતિપત્નીમાં પ્રેમ હોય, પુત્રો વિનયી હોય, શરીર નીરોગી હોય, જરૂરિઆતને પહોંચી વળાય તેટલી, ન્યાય-સંપન્ન લક્ષ્મીની આવક હોય, સજ્જન મિત્રોની સોબત હોય, દેવગુરુ ધર્મમાં અભિડુડ રાગ હોય, તેનો નરભવ સ્વર્ગ જેવો ગણાય છે.

**વિનયવતી નારી મળે, વિનયપૂર્ણ પરિવાર, રોગ રહિત કાયા મળે, સ્વર્ગ સમો સંસાર. ૧**
**મિત્રો પણ સજ્જન મળે, ન્યાયપૂર્ણ વ્યાપાર, અવિનાશી લક્ષ્મી મળે, સ્વર્ગ સમો સંસાર ૨**
**જિનવરદેવ પ્રભુ મળે. ગુરુ મહાવ્રતધાર, સર્વ જીવ મૈત્રી મળે, સ્વર્ગ સમો સંસાર. ૩**
**જિનવાણી શ્રવણે પડે, શ્રાવકના વ્રત બાર, સમક્તિધર જીવન બને, સ્વર્ગ સમો સંસાર ૪**
**જીવાજીવ વિચારણા, નવતત્વો વિસ્તાર, ભાવે બારે ભાવના, સ્વર્ગ સમો સંસાર ૫**
**દાન-શીલ-તપ-ભાવના, સમજે સર્વ પ્રકાર, યથાશક્ય આદર કરે, સ્વર્ગ સમો સંસાર. ૬**
**સાત વ્યસન સમજી કરે, સઘળાનો પરિહાર, મહાવિગય ત્યાગે બધી, સ્વર્ગ સમો સંસાર. ૭**
**અભક્ષ્ય ભક્ષણ નવ કરે કર્માદાન (૨૫) પરિહાર અનર્થદંડ સેવે નહી, સ્વર્ગ સમો સંસાર. ૮**
**સામાયિક પૌષધ કરે, સુપાત્ર દાન સદાય, અભયદાન આપે ઘણાં, જરૂર સ્વર્ગે જાય. ૯**
**જિનવર બિંબ ભરાવીને, સ્થાપે ચૈત્ય ઉદાર, સાધર્મિક ભકિત કરે, સ્વર્ગ સમો સંસાર. ૧૦**
**જિનવાણીનાં પુસ્તકો. આગમને અનુસાર, લખે લખાવે સાચવે, સ્વર્ગ સમો સંસાર. ૧૧**
**પંચ મહાવ્રત ઉચ્ચરી, પાળે પંચાચાર, એવા ગુરુ સેવા મલે અલ્પ થાય સંસાર. ૧૨**

મહાભાગ્યશાળી વાચક સમજી શકે છે કે, ઉપર બાર કાવ્યોમાં ગણાવેલી સામગ્રી તેને જ મળે છે કે જ્યાં પુણ્યાનુબંધી પુણ્યનો જોરદાર ઉદય થયો હોય. સતી જિનમતીને

જરૂર ગયા જન્મની આરાધના હશે કે જેથી, આવો બુદ્ધિધન જેવો મહાભાગ્યશાળી પતિ મળ્યો છે.

**પ્રશ્ન :** જૈનશાસ્ત્રોમાં તો અનંતી પાપ રાશિઓ ઉદય આવે તોજ સ્ત્રીપણું ઉદય આવે છે. તો પછી જિનમતીની ગયા જન્મની આરાધના હશે એવું કેમ કહેવાય ?

**ઉત્તર :** સ્ત્રીપણું એટલે પરવશ દશા–પરવશપણું, તે પાપનો ઉદય છે. કહ્યું છે કે,

**"બેટી ને વળી ગાય. દોરે ત્યાં જાય. કશું નવ ચાલે."**

**નારી હીરો હોય, પતિ મળે પત્થર સમો, રોઈ મરે દિન રાત, જન્મ બને નારક સમો**

પરંતુ સુલસા–રેવતી–દેવકી–રોહિણી–દમયંતી–મયણાસુંદરી, જેવા ભવો વખાણવા યોગ્ય પણ મનાયા છે ને ? આવી મહાસતીઓ દેશને, સમાજને, ધર્મને, અને પોતાના આત્માને નિર્મલ બનાવી ગયા છે.

સતી જિનમતી અને બુદ્ધિધન શેઠની નિદ્રામય રાત્રી પસાર થઈ ગઈ. પતિ–પત્નીના ચિત્તમાં પ્રસન્નતા સિવાય કાંઇ હતું જ નહીં. પરંતુ કેટલાય વખતથી, બુદ્ધિધનનાં માતાપિતાને, ધર્મદ્વેષ હેરાન કર્યા કરતો હતો. જિનમતીની જૈનશ્રાવિકાને છાજે તેવી રાત–દિવસની રહેણીકરણી, અને બુદ્ધિધનની તેમાં અનુમતી, અને ઉપરથી સહકાર, અજૈન માતાપિતાને કેમ ગમે ?

ઘણા વખતથી શોધતા હતા, તે છીદ્ર માતાપિતાને જડી ગયું. બુદ્ધિધન રાતના મોડા આવેલો, તે માતાપિતાને ખબર હતી. જમ્યા વિના જ બહાર ફરવા ગયેલો, તે પણ તેમને ખ્યાલમાં જ હતું. ઘેર આવી પત્ની પાસે ગરમ રસોઈ બનાવવા, કરેલી માગણી પણ તેમણે બરાબર ધ્યાનમાં રાખી હતી. અને જિનમતીએ ક્ષુધા મટાડવા કરેલું સમાધાન તેમજ જમ્યા વિના બુદ્ધિધન સૂઈ ગયાનું પણ, માતાપિતાએ લક્ષ્યમાં રાખી લીધું હતું.

મુનિ સુવ્રતસ્વામિના ગયા જન્મના મિત્રને અનેક ભવો પશુગતિમાં રખડવું પડયું હતું. મહાસતી અંજનાદેવીને બાવીશ વર્ષ પતિ વિયોગ થયો ઉપરથી કુલટાનું આળ આવ્યું હતું મહાસતી સીતાજીને રાવણના ઘરમાં વસ્યાના કારણે ગર્ભવતી દશામાં વનવાસ મળ્યો, મહાસતી રતિસુન્દરીને વેશ્યાને પેટ અવતાર–મહાસતી વિજયસુન્દરીને ભિલ્લ સાથે લગ્ન અને અંધત્વ–શ્રીપાળકુમારને કોઢનો મહા રોગ–આ બધાં કારણોમાં ધર્મદ્વેષનો મોટો ફાળો હતો.

દિવસ ઊગતાંજ બુદ્ધિધન અને જિનમતી હંમેશના નિયમાનુસાર માતાપિતાને (પત્નીને સાસુ સસરા) પગે લાગવા ગયાં. આ બંને તો ક્રોધથી ધમધમેલાં હતાં જ. તુરત પિતાએ બુદ્ધિધનનો હાથ પકડયો. ઊભોરે', બોલ ? રાત્રે કેમ ન જમ્યો ? શું આપણા ઘરમાં અનાજ ખૂટી ગયું છે ? લોટ નો'તો ? ઘી નો'તું ? સાકર નો'તી ? શાક નો'તું ? બળતણ નો'તું ?

તું ભલે બાયડીને વશ થઈ ગયો હોય, પરંતુ અમારે તું એકજ છોકરો છે. અમે તને કોઈ દિવસ ક્ષણવાર ભૂખ્યો રાખ્યો નથી. આપણા ઘરમાં કોઈ વસ્તુની કમીના નથી, લાખોની મિલકત છે. તેપણ તારા ભોગવટા માટે છે. વળી આપણા વડીલોની ઈજ્જત-આબરુ જેવી તેવી નથી. મોટા મોટા ધનવાનો અને દીવાનો દીકરીઓ આપવા ઉંબરા ઘસી રહ્યા છે.

અમને ઘણા વખતથી, આ વહુની ઉદ્ધતાઈ જરા પણ ગમતી નથી. ક્યારનું થયા કરે છે કે, તને બીજી બે, ત્રણ, છેવટ એક કન્યા પણ આપણા ધર્મને અનુકૂળ પરણાવીએ. પણ તારી બુદ્ધિ સાવ બહેર મારી ગઈ છે. તું વહુને વશ થઈ ગયો છે. કોણ જાણે, તે શ્રાવકની છોકરીએ કાંઈ કામણ કરાવ્યું હશે? અમારાથી આવું તારી વહુનું વર્તન જોયું જતું નથી.

આપણી ન્યાત-જાતમાં પણ, આપણી આબરુના કાંકરા થયા છે. આ અમારા દીકરાની વહુ ક્યાંય ન્યાત-જાતમાં, વિવાહ-મરણમાં, ધર્મસ્થાનમાં, કથાપુરાણમાં, ક્યારે પણ કોઈ સ્થાનમાં, આવતી નથી. આપણાં ધર્મસ્થાનોમાં, અમે દીકરા અને વધૂ (વહુ) વગરનાં, ઝાડના ઠૂંઠાની પેઠે, એકલાં બેઠાં શરમાઈએ છીએ. લોકો પૂછે છે, જવાબ આપી શકાતો નથી. છતાં અમે દીકરાના સુખને ખાતર બધુંજ ચલાવી લીધું. અને તેં ઘણી છૂટ આપી માટે, તારું પણ અપમાન થયું. એ હવે અમારાથી કેમ ચલાવી શકાય? માટે હવે તું હા પાડે કે ના પાડે. અમે આજેજ તારે માટે બીજી કન્યા નક્કી કરી લીધી છે. બોલ શું જવાબ આપે છે?

**બુદ્ધિધનનો ઉત્તર:** પૂજ્યવડીલોને મારે શું ઉત્તર આપવો. તે વિચારું છું. આપ માનો છો તેવો. આપની પુત્રવધૂનો મને કોઈ પણ દોષ જણાયો નથી. વિનય, વિવેક, લજ્જા, શીલ, સંસ્કારનાં, તમે પોતે પણ ઘણીવાર વખાણ કર્યાં છે. આપણી પોતાની દીકરીમાં પણ, આવા ગુણો નથી. આવું તો તમે ઘણીવાર હર્ષાતિરેકથી બોલ્યાં છો. આપણા કુટુંબના પ્રત્યેક વડીલોનો, વિવેક, સેવા, નમ્રતામાં, તેણીએ ઓછાશ આવવા દીધી નથી. પછી તેણીની ભૂલ ન હોવા છતાં, વડીલોએ ઈર્ષ્યા કરવી. તે સુખને કાઢીને દુઃખને નોતરવા સમાન છે.

માતા-પિતા કહે છે, વિનય, વિવેક, લજ્જાદિ ગુણો હોવા છતાં, તેણીનો આપણા ધર્મ પ્રત્યેનો અનાદર, અને પોતાના ધર્મનો પક્ષપાત, અમને જરા પણ ગમતો નથી. સ્ત્રીજાતિની ફરજ છે કે, પોતાના પતિનો ધર્મ, તેજ પોતાનો ધર્મ હોવો જોઈએ. દીકરી જ્યાં જાય ત્યાં બાપનો ધર્મ છોડીને, પતિનો ધર્મ સ્વીકારવો જોઈએ, તે નારી સાચી પતિવ્રતા ગણાય છે.

**બુદ્ધિધન:** આપ (મારા ઉપકારી માતા-પિતા)નો અવિનય ન થાય, અને આપણા કુટુંબનો સંપ ઘવાય નહીં, તેપણ-આપણા સર્વનો મહાન અભ્યુદય ગણાય. માણસમાત્ર પોતપોતાનાં પુણ્ય લઈને જન્મે છે. બધી જગ્યાએ પુણ્ય સાથે લઈને જાય છે. આપણી દીકરી સાસરામાં સુખી હોય, એવું સૌ ઇચ્છે છે. આપણે તેણીનું સુખ સાંભળી ખુશી થવાનું હોય છે. તેમ બીજા ગૃહસ્થો પણ પોતાની પુત્રી માટે, ઘરને અને વરને જોઈને. દીકરી આપે છે. કોઈના વિશ્વાસનો નાશ કરવો તે શું જેવું તેવું પાપ છે?

**નિજપુત્રી સુખ સાંભળી, આપણને સુખ થાય, પરણી બેટી પારકી, દુઃખ શાથી દેવાય?**

મારાં માતાપિતા પાસે હું બાળક, પોતાની પત્નીનાં વખાણ કેમ કરી શકું? તોપણ

આપના આગ્રહને વશ બની, મારે નાઈલાજ કહેવું પડે છે કે, આવી પત્ની, અથવા આવી પુત્રવધૂ, કોઈ પુણ્યવાન મનુષ્યોના ઘેરજ હોય છે. માટે કૃપા કરી, ધર્મદ્વેષના બહાને, બિચારી બાળાના સંસારને, અને આપણા સુખી જીવનને, દુઃખવાળો બનાવવાના વિચારોને તિલાંજલિ આપો.

બુદ્ધિધનના પત્નીના પક્ષપાતવાળા વલણને સાંભળી, માતાપિતાના ક્રોધે મર્યાદા વટાવી અને પુત્રવધૂ પ્રત્યેનો દ્વેષ, પુત્ર ઉપર ઊતર્યો. પિતા ગુસ્સાના આવેશમાં બોલ્યા, છોકરા! તારી કોઈ પણ દલીલ અમારે સાંભળવી નથી, આ બીજા ધર્મને પાળનારી, પુત્રવધૂ સર્વગુણ સંપન્ન હોય તોપણ, અમારા ઘરમાં જોઈએ નહીં. હજાર વાતોની એક વાત :

**આ છોકરીને તેના પિયર મોકલી દેવાની શરતે, આજને આજ, બીજી કન્યા પરણવાની કબૂલાત હોય તો, અમારા ઘરમાં અમારા પુત્ર તરીકે, તું રહી શકે છે. આ અમારી વાત કબૂલ ન હોય તો, અત્યારે જ પહેરેલા લૂગડે તમે બન્ને જણા નીકળી જાઓ.**

**બુદ્ધિધનનો નમ્રતાપૂર્ણ ઉત્તર** : પિતાજી! મારે આપની બધી આજ્ઞાઓ માન્ય રાખવી જોઈએ. પરંતુ ઘણાં વર્ષો પહેલાં એક મહામુનિરાજ પાસે મેં પ્રતિજ્ઞા લીધી છે કે, હવે મારે આખી જિંદગી, બીજી પત્ની પરણવી નહીં. તેથી આપના આવા આગ્રહનો હું સ્વીકાર કરી શકતો નથી. માટે મારી આ પ્રતિજ્ઞા ભાંગે એવો આપ આગ્રહ કરવો છોડી દેશો?

પિતા=આપણા ધર્મમાં આવી પ્રતિજ્ઞા લેવાય નહીં. વધારે પડતી દલીલો અને ઉત્તર-પ્રત્યુત્તર જેટલો હવે વખત નથી. પિતામાતાની આજ્ઞા માન્ય રાખવી. અથવા તારો કદાગ્રહ (હઠાગ્રહ) પકડી રાખવો. બેમાં તારું ભવિષ્ય વિચારી ઠીક લાગે તે, જવાબ હમણાંજ આપી દે.

બુદ્ધિધન=પિતાજી, સંતપુરુષોએ પ્રાણના ભોગે પોતાની પ્રતિજ્ઞા સાચવી છે. તો હું તમારા જેવા ઉત્તમ માતાપિતાનો સંતાન, પ્રતિજ્ઞા ભંગ કેમ કરી શકું? માટે આપની બીજા નંબરની આજ્ઞાનો સ્વીકાર કરી, અત્યારેજ ઘરમાંથી રવાના થાઉં છું. પત્ની જિનમતી અત્યારસુધી પાસેજ મૌન ઊભા હતી, તે કહેવા લાગી :

**જિનમતી**=સ્વામીનાથ! એક મારા જેવી હઠીલી પત્નીને માટે, આપ આવું સ્વર્ગ જેવું, લક્ષ્મીના નિવાસસ્થાન સમાન, ઘરબાર શું કામ છોડો છો? માતાપિતાની આજ્ઞા શિરોવંદ્ય, કરીને બીજી પત્ની સુખેથી પરણો. હું આપની અને આવનારી મારી લઘુ-ભગિનીની, સેવા બજાવવા સાથે, મારાં પરમપૂજ્ય સાસુ-સસરાની, સેવા-પગચંપી કરીશ. આપના સમગ્રકુટુંબની દાસી થઈને રહીશ, અને મારો વધારાનો વખત ધર્મ-ધ્યાનમાં વિતાવીશ. આપ માતા-પિતાની આજ્ઞા માન્ય રાખો. મારા રાગની ખાતર, આપના ભવિષ્યના સુખદુઃખનું માપ વિચારો. મને શ્રીવીતરાગ અરિહંતદેવના શાસનની આરાધના મળેલી હોવાથી, જરાપણ દુઃખનો કે વિયોગનો, અથવા સંસારના કારમા ભોગોનો ભય કે અસંતોષ નથી.

**બુદ્ધિધન**=વહાલી પત્ની! મને તમારાજ કેવળ ત્યાગની ચિંતા નથી. પરંતુ મને મારી પ્રતિજ્ઞાનો સંપૂર્ણ ખ્યાલ છે. પત્ની અને પ્રતિજ્ઞા બેમાં એકને પણ હું પ્રાણના નાશ સુધી છોડી

શકું નહીં. આયુષ્યપૂર્ણ થતાં, પત્ની-પરિવાર અવશ્ય છોડવા પડે છે. પરંતુ સંતપુરુષોએ મરણના ભોગે પ્રતિજ્ઞા છોડી નથી જ. કહ્યું છે કે :

**प्रमादसंगतेनापि, या वाक्प्रोक्ता मनस्विना । सा कथं दृषदुत्कीर्णाक्षरावलीवान्यथाभवेत् ।**

**અર્થ** : પ્રમાદથી પણ સજ્જન માણસોએ, ધર્મને અનુકૂળ કાંઇ વચન બોલી દીધું હોય તે, પથ્થરમાં કોતરેલા અક્ષરોની માફક ભૂંસાતું નથી જ. વળી મહાપુરુષો ફરમાવે છે કેઃ

**राज्यं यातु श्रियो यान्तु, यान्तु प्राणा विनश्वराः । या मया स्वयमेवोक्ता वाणी मा यातु शाश्वती ॥**

**અર્થ** : પુણ્ય ખવાઈ જાય તો, રાજ્ય ભલે જાય, લક્ષ્મી ભલે જાય. અને અવશ્ય નાશ પામનારા પ્રાણો પણ ભલે જાય. પરંતુ સંતપુરુષોના મુખમાંથી નીકળેલી વાણી, કોઈપણ ભોગે પલટાય નહીં. બદલાય નહીં. બધું નાશવંત છે. સંતોની વાણી અવિનશ્વર છે.

પત્ની = શ્રીજૈનશાસનમાં, છ આગાર બતાવ્યા છે. તે પૈકીનો "**गुरुनिग्गहेणं**" માતાપિતાદિ વડીલોના કારણે, પચ્ચખ્ખાણ બદલવું પડે તો, વ્રતભંગ ગણાય નહીં.

**બુદ્ધિધન** = મેં પણ જૈનાચાર્યોના મુખથી, શ્રીવીતરાગદેવનાં વચનો સાંભળ્યાં છે. આગારો એ વ્રતરૂપ મહેલને, પડી જતો ટકાવવાના ટેકા = થાંભલા છે. પરંતુ ગજવેલના મહેલને, થાંભલાની જરૂર હોય નહીં. આવાં ધર્મપૂર્ણ અને સાત્વિકભાવથી ભરેલાં, વચનો સાંભળવા છતાં, રડતી દશાવાળી પત્નીને, તેના પિતાને ઘેર રાખીને, ખૂબ દિલાસો આપીને, થોડા જ વખતમાં, ભેગા થઈ જવાની વાતો કરીને, મિત્રો પાસેથી પરદેશ જવાનું, થોડું ધન સાધન મેળવીને, પોતાનાં અને પત્નીનાં આભૂષણો પણ, માતાપિતાને આપીને, સારા દિવસે અને સારા શકુને, બુદ્ધિધન પરદેશ કમાવા ચાલ્યો ગયો.

જિનમતી મહાસતીએ સતી દમયંતી વગેરેની પેઠે, પતિનો પુનઃ મેળાપ થાય ત્યાં સુધી, સ્નાન[1] કરવું નહીં, વાળોને સમારવા[2] નહીં, છ પૈકીની એક પણ વિગઈ[3] વાપરવી નહીં. ભૂમિ ઉપર સંથારે જ સૂવું[4] ( ગાદલાં પલંગ વાપરવા નહીં. ) નિત્ય એકાશણું[5] કરવું, તાંબુલ[6] ખાવું નહીં, પિતા અને ભાઈ સિવાય કોઈ પુરુષ સાથે બોલવું[7] નહીં વિગેરે નિયમો કર્યા.

પુણ્યની અનુકૂળતા અને પતિ-પત્નીના, શીલ = સદાચારના પ્રતાપે બુદ્ધિધનને, પરદેશમાં અતિઅલ્પ કાળમાં, લક્ષ્મીની ખૂબ જ પ્રાપ્તિ થઈ. ઝવેરાતનો વેપાર હાથ લાગવાથી, પોતાની પ્રમાણિકતાથી, રાજામહારાજાઓ અને શેઠ-સાહુકારોની ઘરાકી જામવાથી, બુદ્ધિધન થોડા જ કાળમાં ક્રોડો સોનામહોરો કમાયા. અને વે'લાવે'લા વિઘ્નવિના પોતાનું ધન સાથે લઈ, પોતાના નગરમાં પાછા ફર્યા. મિત્રો અને શ્વસુર વર્ગે તેમનો મોટા આડંબરથી પુરપ્રવેશ કરાવ્યો. આ બાજુ કદાગ્રહમાં પરવશ બનેલા પિતાએ, પુત્રીના પુત્રને દત્તક લઈ, પોતાનો ઉત્તરાધિકારી બનાવ્યો.

અને તે શેઠના ઘરનો માલિક થયો. તેને પણ પોતાની જ્ઞાતિના, પોતાના ધર્મને પાળનારા, એક શ્રીમંતની પુત્રી સાથે પરણાવ્યો. શેઠે દત્તક લીધેલો ભાણિયો, અને તેની વહુ ખૂબ જ ઉદ્ધત હતાં. વિનય, વિવેક, નમ્રતા લજ્જા બિલકુલ હતાં જ નહીં. ડોસી-ડોસા

કાંઈ પણ કહે તો, બંને જણાં સામું બોલે, કશું કામ ન કરે, સેવા કરવાની તો વાત જ નહીં. પરંતુ સેવા કરાવવાની જ લાઇન ગોઠવાઈ ગઈ.

છેવટે ડોસા-ડોસી કંટાળી ગયાં. પોતાનો પુત્ર અને પુત્રવધૂ યાદ આવવા લાગ્યાં. પોતાની ભૂલના બળાપા–પશ્ચાત્તાપમાં, સળગી, મંદવાડ ભોગવી, મરણ પામ્યાં. ઘેર આવ્યા પછી બુદ્ધિધનને, માબાપના દુઃખમય સમાચાર સાંભળી, આઘાત અનુભવ્યો.

બુદ્ધિધનની લાયકાતથી, રાજા, રાજ્યના અધિકારીઓ અને મહાજન વર્ગે મળીને, નગરશેઠની પદવી આપી. બુદ્ધિધન અને શ્રીમતી સતી જિનમતીએ, સુગુરુનો સમાગમ પામી, સમ્યક્ત્વ-મૂલ બાર વ્રતો ઉચ્ચર્યાં. અને ખૂબ સારી રીતે આરાધ્યાં. વળી આ ધર્માત્મા શ્રાવક દંપતીના સદાચાર અને સહવાસ જોઈ, તથા જૈનાચાર્યોનાં વ્યાખ્યાન સાંભળી, ઘણા લોકો નવીન જૈનધર્મ પામ્યા. સ્વ પરનું કલ્યાણ સાધનારા થયા.

આ રીતે બુદ્ધિધન અને જિનમતી શ્રાવિકાની કથા વાંચનારને સમજાશે કે, ધર્મ કરનાર આત્માઓ ઉપર પણ, કેવા અન્યાય થયા છે, ધર્મ સારો હોય તો પણ, લોકોને સમજવાની ગરજ હોતી નથી, **અધર્મ** જેવો અથવા **ધર્માભાસ** પણ, અમારો ધર્મ જ સારો આવો હઠાગ્રહ, જગતના સર્વ મનુષ્યોમાં, અડ્ડો જમાવીને રહ્યો છે, ભૂતકાળમાં અને વર્તમાન-કાળમાં, ધર્મની સમજણવાળા થોડા હોય છે, અને અધર્મનો પક્ષપાત કરનારા ઘણા હોય છે, અને તેથી કેટલાક અધૂરા જીવો બિચારા, શુદ્ધ ધર્મ પણ ખોઈ નાખે છે.

વળી ધર્મદ્વેષના કારણે, કેટલીક બાળાઓના જાન પણ, જોખમાયા છે. અનાચારી પતિઓના અને સાસુ-સસરાના ત્રાસ પણ ભોગવવા પડ્યા છે. અહીં સતી સુભદ્રા[1]–નર્મદાસુન્દરી[2] તથા સતી શ્રીદેવી[3] વગેરે બાળાઓની વિટંબણાઓનાં વર્ણનો, વાંચનારને ત્રાસ થયા વિના રહે નહીં.

અને હમણાં પણ કેટલીક ધર્મ પામેલી બાળાઓ પંચપ્રતિક્રમણ, નવસ્મરણ, ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથ મૂલ અને સાર્થ ભણેલી, ઉત્તમ કુળમાં જન્મેલી, શીલ ગુણધારિણી, બાળાઓએ પણ, શ્વસુર વર્ગના ઘણા ત્રાસ અનુભવ્યાના, અકાળ મરણો નીપજાવ્યાના, દાખલાઓ પણ, નજરે દેખાયા છે, કાને સંભળાયા છે, પેપરોમાં જાહેર થયા છે.

**ઇતિ ધર્મદ્વેષ અને ધર્મની કસોટીમાં પાર ઉતરનારા દંપતીની કથા સંપૂર્ણ.**

## ધર્મદ્વેષ અને ધર્મકસોટીઓની બીજી એક કથા લખાય છે.

શ્રીપુર નામના નગરમાં શ્રીષેણ રાજાને, ઘણો ખૂબસૂરત **દેવરાજ** નામા બાલકુમાર પુત્ર હતો. તે કુમારને જોનાર પ્રત્યેક મનુષ્યને, વારંવાર તેનું રૂપ જોવા આકર્ષણ થયા કરતું હતું. પરંતુ કર્મનો ઉદય પ્રાણીમાત્રને, રૂપાળા, કદરૂપા, સુડોળ, બેડોળ, કઠોરભાષી મધુરભાષી, એવા અનેક વેષો પહેરાવે છે.

તે જ ન્યાયથી કુમાર, બાલપણું છોડીને યુવાનીમાં પ્રવેશ્યો કે, ધીમેધીમે ચામડી બગડવા લાગી, અને જોરદાર કોઢનો રોગ ફેલાઈ ગયો. રાજારાણીએ, ઘણા વૈદ્યો બોલાવી-લખલૂટ દ્રવ્ય ખર્ચ કર્યું. ઔષધો કરાવ્યાં. પણ પૈસા-પ્રયાસ અને સમય, બધું બરબાદ ગયું. સાત વર્ષો ગયાં. પછી તો રાજા શ્રીષેણે, ગામમાં પડહ વગડાવવો શરૂ કર્યો કે, જે માણસ મારા પુત્રને નીરોગ બનાવે, તેને હું ઇચ્છિત ધન આપીશ.

આ બાજુ આ જ નગરમાં, યશોદત્ત નામના શેઠને શીલાદિ ગુણોની ખાણ, શીલવતી નામની પુત્રી હતી. તેણી શ્રીવીતરાગ શાસનમાં ઘણી જ શ્રદ્ધાવાળી હોવા સાથે ત્રિવિધ-ત્રિવિધ બ્રહ્મચર્યધારિણી હોવાથી, કોઈ પુરુષને જોતી પણ નહીં. પરિચય પણ કરતી નહીં. તેણી હજી કુમારિકા હતી. સુયોગ્ય પતિ મળે તો જ પરણવું, અન્યથા નહીં. આવો-મનમાં નિશ્ચય હતો.

એકદા જિનાલય જુહારીને આવતાં શીલવતીએ. રાજપુરુષોને પડહ વગાડતા સાંભળ્યા. તેથી પડહ નિવારીને, પોતે રાજકુમાર પાસે ગઈ. અને વિશલ્યાકુમારીની પેઠે, શીલવતીએ પણ, માત્ર પોતાના હાથથી કુમારને સ્પર્શ કર્યો, તે જ ક્ષણે. રાજકુમારના શરીરમાંથી રોગ રવાના થઈ ગયો. અને પહેલા થકી પણ અધિક સુંદરતા અને સુરૂપતા પ્રકટ થઈ.

ગયા જન્મના સંસ્કારથી, રાજકુમાર દેવરાજ તથા વણિકપુત્રી શીલવતીનાં પરસ્પર લગ્ન થયાં. અતિ સ્નેહાળું દંપતી જીવન શરૂ થયું. રાજાએ પણ દેવકુમારને રાજ્ય આપી સુગુરુ પાસે દીક્ષા લીધી. એકદા રાજા-રાણી ( દેવરાજ-શીલવતી ) નગરના ઉદ્યાનમાં પધારેલા પોટિલાચાર્ય ભગવાનને વંદના કરવા ગયાં.

દેશના સાંભળી, રાજાએ પૂછ્યું કે, હે ભગવન્ ? મને કોઢનો રોગ કેમ થયો ? અને શીલવતીના હસ્તસ્પર્શમાત્રથી તુરત મટી ગયો તેનું શું કારણ ? અને અમારો પરસ્પર સ્નેહ કેમ થયો ?

ગુરુમહારાજ પૂર્વભવ કહે છે, ગયા જન્મમાં, મૃગપુર નામનું એક શહેર હતું. ત્યાં વીતરાગશાસનમાં, મજીઠના રાગ જેવા રાગવાળો, જિનદત્ત નામે શ્રેષ્ટી રહેતો હતો. તેને મૃગાવતી ( મૃગસુંદરી ) નામની પુત્રી હતી. માતાપિતાના સંસ્કારો પામીને, તેણીમાં વ્રત પચ્ચખાણો કરવાં, સાચવવાં આરાધવાં, વિગેરે ધર્મરાગથી સાતે ધાતુઓ રંગાઈ હતી. એકવાર તેણીએ ગુરુમહારાજ પાસે ત્રણ પ્રકારના અભિગ્રહ લીધા હતા.

**મૃગાવતી કુમારિકાના ત્રણ અભિગ્રહો :** જિનેશ્વરદેવની અહર્નિશ પૂજા કરવી તથા શ્રીવીતરાગના મુનિરાજોને દાન પણ હંમેશ આપવું. આ બે વસ્તુ કર્યા પહેલાં જમવું નહીં. તથા બારે માસ, આખી જિંદગી, રાત્રિભોજન કરવું નહીં. પુત્રીના આવા ત્રણ અભિગ્રહ સાંભળીને. પિતાને ઘણો આનંદ થવા સાથે, થોડો ખેદ પણ થયો.

**પ્રશ્ન :** દીકરી ધર્મની આરાધના કરવા કોઈપણ પ્રકારની પ્રતિજ્ઞા લે, તેમાં રાજીજ થવાનું હોય કે ઉદાસ થવાનું હોય ?

**ઉત્તર :** કોઈ પણ ધર્મી જીવ આરાધના પામે, તેમાં રાજી થવાનું જ હોય, પરંતુ અભિગ્રહ-બાધા-પ્રતિજ્ઞા લેવી સહેલ છે. પરંતુ મુદત પૂર્ણ થાય ત્યાંસુધી, દોષો લગાડ્યા સિવાય, સાચવી રાખવી એ ઘણું મુશ્કેલ છે. કારણ કે પામરો પ્રતિજ્ઞા લેતા જ નથી, સત્ત્વવિનાના જીવો લઈને મૂકી દે છે. તથા મહાપુરુષોજ સિંહની પેઠે લઈને, સિંહની માફક આરાધે છે.

આતો પુત્રી છે. પરવશજીવન છે. વર કેવો મળશે ? ઘર કેવું મળશે ? જર કેવું હશે કે નહીં હોય ?

" વર-ઘર-જર સારાં મળે, તન-મન-ને પરિવાર, તે પુત્રીના ધર્મને, નાવે વિઘ્ન લગાર."

**અર્થ** : દીકરી માટે જમાઈ ધર્મી મળે, સાસરિયાં ધર્મી હોય, દ્રવ્યની નિર્વિઘ્ન આવક હોય, શરીર પણ નીરોગ રહે, મનની મક્કમતા રહે, તેવી દીકરીના ધર્મને સ્ખલના આવે નહીં.

પુત્રીના ત્રણ અભિગ્રહ જાણી પિતાએ પણ નિર્ણય કર્યો કે, પુત્રીને માટે વર, **અસ્થિમજ્જામાં** (સાતે ધાતુઓ ધર્મથી રંગાએલી હોય) ધર્મવાળો હોય, તેવો જ કરવો. પુત્રી મૃગસુંદરીના અભિગ્રહો અને જિનદત્ત શેઠના વિચારો, દેશપ્રદેશોમાં ફેલાઈ ગયા. મૃગવતીમાં ધર્મ હતો, સાથે સાથે શીલ વિગેરે બીજા ગુણો પણ પરસ્પર મિત્ર ભાવે ભેગા વસેલા હતા.

એકદા વસંતપુરથી, ઘણું કરિયાણું લઈને, દેવદત્ત નામના એક મહા ધનવાનનો **ધનેશ્વર** નામનો યુવાન પુત્ર, વેપાર કરવા, મૃગપુરમાં આવી, વખારો લઈ વેપાર કરવા રહ્યો હતો. તેણે જિનાલય-ઉપાશ્રય તરફ જતી આવતી, મૃગસુંદરીને અનેકવાર જોવાથી, તેણીની સાથે પરણવાના વિચારો થયા. તે વિચારો પોતાના મિત્રોને જણાવ્યા. અને સાથે સાથે મિત્રો પાસેથી, તેણીના ત્રણ અભિગ્રહો પણ જાણી લીધા.

મૃગવતી. અજૈનને પરણે નહિ. અને **જિનદત્તશેઠ** પણ દીકરીને **અજૈન** સાથે પરણાવે પણ **નહીં**. આવું બધું જાણીને, મૃગવતીને પરણવાની, તાલાવેલી લાગી હોવાથી, ધનેશ્વર **બનાવટી શ્રાવક બનીને**, જિનાલય જવા લાગ્યો. ઉપાશ્રયમાં જઈને વ્યાખ્યાન સાંભળવું, સાથે જૈનધર્મની ક્રિયા તથા નવતત્ત્વાદિનો અભ્યાસ પણ શરૂ કર્યો. બુદ્ધિશાળી હોવાથી બરાબર જાણકાર થયો.

આ વાત **જિનદત્ત** શેઠના જાણવામાં આવી. **ધનેશ્વર** યુવાન અને ધનવાન હોવાની જાહેરાતતો હતી જ. અને વિશેષમાં આવી ધર્મની આરાધના જોઈને, ઘણા ખુશ થઈને **જિનદત્તશેઠે** પુત્રીનું સગપણ કર્યું. અને ઘણા મહોત્સવપૂર્વક પાણિગ્રહણ પણ કરાવ્યું. ધનેશ્વર. કાગ અને શિયાળની પેઠે પોતાનું કાર્ય સાધીને, મૃગાવતીને લઈને, પોતાના નગરમાં આવી, કુટુંબને મળ્યો. મૃગાવતીનાં શીલ-રૂપ-વિનય-વિવેકાદિ ગુણો જોઈ, સાસરા પક્ષવાળા ઘણા જ ખુશી થયા.

મૃગાવતી ઉપરની પતિ અને સાસરિયાઓની **પ્રસન્નતા**, વીજળીના પ્રકાશની માફક, થોડો વખત ટકયા પછી, અંધકારના સ્વરૂપમાં ફેરવાઈ ગઈ. કારણકે ધનેશ્વરનાં માતાપિતા, ભાઈઓ, બહેનો અને સગાં કે નાતીલાઓ. બધા જ અજૈન હોવાથી, જૈનધર્મનું નામ પણ સાંભળીને ગુસ્સે થતા હતા. તોપછી મૃગાવતીની ત્રણ પ્રતિજ્ઞાઓ, **જિનપૂજા, મુનિદાન, રાત્રિભોજન ત્યાગ**. આ ત્રણ વસ્તુઓને તેઓ કેમ જોઈ શકે?

**"સર્વજ્ઞ-વીતરાગને, યથાર્થ ભાષણકાર, તીર્થંકર જિનરાજને, દેખે નહીં ગમાર."** ૧
**"રાત્રી ભોજન ત્યાગને જીવદયાની વાત, મિથ્યાદૃષ્ટિ સાંભળે, પ્રકટે ઉલ્કાપાત."** ૨
**"રાત્રી-ભોજન ત્યાગને, જિનપૂજા-મુનિદાન, સંવર-નિર્જરા-પુણ્યનાં, ચોક્કસ એહ નિદાન."** ૩
**"મૃગાવતી બાલાતણું, આરાધન આ ત્રિક, સાસરપક્ષી સર્વમાં, પ્રણમ્યું દ્વેષ પ્રતીક."** ૪

બીજું બધું ભલે સારું હોય, પરંતુ ધર્મભેદ જગતને ગાંડું બનાવી, ગુણોને દ્વેષનું કારણ બતાવે છે. તેથી મૃગાવતીની જિનપૂજા અને મુનિદાન, અતિ ઉત્તમ હોવા છતાં કુટુંબીઓ જોઈ શકયા નહીં, અને છેવટે સાસુ-સસરાએ સંભળાવી દીધું. તું તારા પિતાને 'ઘેર ચાલી જા.'

મૃગસુન્દરી=આપ બધા ભેગા મળી, મારા પિતાને ઘેર મૂકી જાવ. હું ખુશી છું. અને તમે નહીં બોલાવો ત્યાંસુધી, હું મારા પિતાના ઘેર રહીશ. કુટુંબીઓ ગાડાંજોડી મૃગસુન્દરીને, તેના પિતાને ઘેર મૂકવા ચાલ્યા. કેટલાક દિવસોની મુસાફરી બાદ વચનમાં, એક તેમના સગાનું ગામ આવ્યું. તેના અતિ આગ્રહથી, મૃગસુંદરીના સાસરિયા પક્ષનો સમુદાય, તેમના ઘેર ઊતર્યો. બધાનું ખૂબ સ્વાગત થયું.

બધાને જમવા માટે રસોઈ બનાવતાં, રાત પડી ગઈ. બધા રાત્રિભોજનના સિદ્ધાંતવાળાં હતાં. અને રાત્રે સર્વને જમવા બેસાડ્યા. મૃગસુંદરીને રાત્રિભોજનના પચ્ચખ્ખાણ હોવાથી, તે સતી શ્રાવિકા જમવા ઊઠી નહીં. તેના કારણે ખૂબ ક્રોધાવિષ્ટ થઈને, ધનેશ્વર પણ જમવા બેઠો નહીં. પછી તો તેના માતાપિતા અને બીજા પણ પાંચદશ જણ, ત્યાગથી નહીં, તેમજ મૃગાવતીના માનની ખાતર પણ નહીં, પરંતુ કેવળ ધર્મદ્વેષથી બડબડાટ કરતા જૈનધર્મને ગાળો ભાંડતા બેસી રહ્યા.

બસ, જમનારા જમતા ગયા. અને લાંબા ચત્તાપાટ પડતા ગયા. છેવટે જેટલા જમ્યા હતા, તેટલા બધા વિષના વેગથી મૂર્છિત થઇ ગયા. અને કલાક–બે કલાકના મહેમાન બની ગયા. આ બનાવથી આખું કુટુંબ મૃગાવતી ઉપર ક્રોધાયમાન થયું, બસ, આ બધાને અમારી પુત્રવધુએ જ કામણ કર્યું છે, જેથી મરણ–શરણ થયાં છે.

સતી મૃગાવતીએ ધર્મદ્વેષ મિટાવવા અને ધર્મની અવહેલના અટકાવવા, કાયોત્સર્ગ કર્યો. શાસનદેવીએ પ્રત્યક્ષ થઇને કહ્યું. આ મૃગસુંદરી સતી છે. શીલવતી છે. તેના વ્રત પચ્ચખ્ખાણ નિશ્ચલ છે. તેણીના હાંથે પાણી છાંટવાથી બધાનું વિષ ઊતરી જશે. આ પ્રમાણે દેવીના વચનથી, મરવાની સ્થિતિમાં મુકાયેલાં બધાં માણસો, મૃગસુંદરીએ કરેલા જલછંટકાવથી નિર્વિષ થયા, જીવી ગયા. અને સવારમાં પકવાનના ભાજનમાં મોટો સર્પ બફાઇ ગયેલો જોયો. તેથી બધાને, રાત્રિભોજન ત્યાગ ઉપર વિશ્વાસ થયો. અને પાણીમાત્રની દયા પાળવા માટે, રસોઇ–ચૂલા ઉપર ચંદરવો બાંધવો જરૂરી છે, એવું ભાન આવ્યું. રાત્રિભોજનનો સાક્ષાત્ દોષ સમજાવાથી, જૈનધર્મ પ્રત્યે ખૂબ શ્રદ્ધા પ્રકટ થઇ. આખું કુટુંબ જૈનધર્મ પાળનારું બન્યું.

**ધનેશ્વર** તથા **મૃગસુન્દરીએ** શ્રીજૈનધર્મને ખૂબ આરાધ્યો. પ્રાંતે આયુષપૂર્ણ કરીને, દેવલોકમાં ગયાં. ત્યાંથી ચ્યવી, ધનેશ્વરનો જીવ તું દેવરાજ થયો, મૃગસુંદરી મરી શીલવતી થઇ. ધર્મદ્વેષ કરવાથી, ધનેશ્વરના જીવ દેવરાજને કોઢ રોગ થયો. અને શીલવતીના માત્ર કરસ્પર્શથી રોગનો નાશ થયો. જ્ઞાનીના વચનથી, જાતિસ્મરણ પામી, વૈરાગ્ય પામી, ચારિત્ર પામી, સ્વર્ગગામી થયા.

**ઇતિ ધર્મદ્વેષ કરનાર ધનેશ્વરનું કુટુંબ અને ધર્મદઢતા ઉપર મૃગસુંદરી કથા સંપૂર્ણ**

**પ્રશ્ન** : રસોઇના ભાજનમાં મોટા સર્પ બફાઇ જાય. આ વાત કેમ સાચી માની શકાય

**ઉત્તર** : ઉપરની ઘટનામાં તે ગૃહસ્થના ઘેર મોટું વૃક્ષ હતું. ઉપર સર્પ લટકતો હતો. નિચે રસોઇ બનાવવા ચૂલો ખોદાયો હતો. અગ્નિની ગરમી અને ધૂમાડાના કારણે ગુંગળાઈ જવાથી, શીરાની રસોઈમાં પડીને, સર્પ મરી ગયો. તેના બધા શરીરના ઝેરી અવયવો, શીરામાં ભળી જવાથી, શીરો પોતે ઝેર બની ગયો હતો. ખાનારાં મરી જાય ! આ વાત યુક્તિથી પણ સમજાય તેવી છે.

**અહીં એક પ્રાય: વિ. સં. ૧૯૭૧–૭૨–૭૩માં બનેલી હોટેલની મ્હાની વાત લખું છું.**

વિક્રમ સં. ઇકોત્તેર હોય, અથવા બહોંતેર-તહોંતેર હોય, તે સાલમાં **વડોદરા શહેરમાં** એક દિવસ, સવારની નિશાળ હોવાથી, **૧૮ કોલેજીયન** વિદ્યાર્થીઓ, એક હોટેલમાં ચા પીવા સાથે ગયા. બધાને હોટેલવાળાએ એક સાથે ચાના કપ (પ્યાલા) હાથમાં આપ્યા, તેઓ જલ્દી પી ગયા. તુરત બેભાન અને મૂર્છાવશ થયા. બધા જમીન ઉપર એક પછી એક ઢળી પડ્યા અને મરણ પામ્યા.

આ સાક્ષાત્ ઘટના જોઈ હોટેલનો માલિક પણ ગભરાયો. તેણે પણ સરકારના ભયથી (સરકાર ખરાબ મોતે મારે એના કરતાં ચા પીને મરવું શું ખોટું ? આવું કાંઈક વિચારીને) ચા પી લીધી અને તેપણ મરણ પામ્યો. પોલીસને ખબર પડી. ત્યાં આવી, તપાસ કરતાં, ચાના ભાજનમાં મોટો સર્પ ઉકળી ગયેલો. એવું માલૂમ પડયું.

**પ્રશ્ન** : સર્પ. ચાના ઉકળતા વાસણમાં નજીક પણ આવી શકે નહીં તો પછી પડે કેવી રીતે?

**ઉત્તર** : હોટેલોમાં રાત્રિના અગિયાર-બાર-એક વાગ્યા સુધી લોકો ચા પીવા આવતા હોય છે. અને વેચતાં વધેલી ચા, થોડી ઘણી બચત પણ રહે છે. કોઈવાર ઘણી પણ વધી પડે છે. કલાક, બે કલાક, ત્રણ-ચાર કલાક, વિસામો લાગતાં ચાનું ભાજન અને ચૂલો પણ ઠરી જાય છે. આવા પ્રસંગે તરસ્યા કે ભૂખ્યા, ઊંદર કે સર્પ ત્યાં આવે. ઢાંકણું ખેસવી પાણી પીએ છે, ખાદ્ય વસ્તુ ખાય છે, અને વખતે બીચારા અંદર પડી જતાં, ન નીકળી શકવાથી, બફાઇ-ગુંગળાઈ મરણ પામે છે.

**પ્રશ્ન** : ત્યારે અહીં રાત્રે રાંધેલું ખાનારને હિંસા અને આત્મઘાત બે પ્રકારના ભય ગણાય?

**ઉત્તર** : માટે જ જ્ઞાની પુરૂષોએ રાત્રિભોજનની ચઉભંગી ગણાવી છે. રાત્રિમાં રાંધેલું [૧]રાત્રિમાં ખાવું. દિવસે રાંધેલું [૨]રાત્રિમાં ખાવું. રાત્રિમાં રાંધેલું [૩]દિવસે ખાવું. ત્રણે ભાંગાઓ રાત્રિભોજનના ત્યાગવા લાયક છે. ફકત દિવસે રાંધેલ જ દિવસે ખાવું, ચોથો ભંગ શુદ્ધ જાણવો.

**વળી એક રાત્રિભોજનથી બનેલો બનાવ** વિ. સં. ૨૦૧૧માં, રાજકોટ પાસેના ગુંદાસરા ગામની જોડે, વાવડી ગામમાં, રાત્રિના સમયમાં, દહિંના ભાજનમાં, નાનો સર્પનો કણો પડી ગયેલો, સવારમાં ઉઘાડા પડી રહેલા, તે ભાજનમાંથી દહીં અને રોટલા સીરાવીને, સાત માણસો ખેતરે ગયા, ત્યાં ઝેર ફેલાતાં બધા જ મરણ પામ્યાં હતાં.

વળી એક ત્રીજી ઘટના. પ્રાયઃ ૨૦૧૮-૧૯માં બનેલી છે. બિહારના એક ગામડામાં જાન આવી હતી. દૂધપાકનું ભોજન હતું, સાઠ માણસો જમ્યા હતા. સુડતાલી ઝેર ચડવાથી મરી ગયા હતા. આવા રાત્રિમાં રસોઈ કરવાના, અને રાત્રિમાં જમવાથી બનેલા આત્મઘાત સુધીના હજારો, બનાવો થયા હોય છે. સાંભળ્યા હોય છે. જોયા હોય છે. સમજીને રાત્રિભોજન ત્યાગ કરે તે ભાગ્યશાળી, સમજવા.

**વળી એક ધર્મદ્વેષ અને ધર્મના ફલ-સૂચક ઘટના લખું છું.**

ગિરિનાર પર્વતની નજીક, **કોડિનાર** નામના ગામમાં, વેદપુરાણાદિ શાસ્ત્રોમાં પ્રવીણ **દેવભટ્ટ** નામનો બ્રાહ્મણ રહેતો હતો. તેને **દેવિલા** નામની પત્નીથી, **સોમભટ્ટ** નામે પુત્ર હતો. તેને પણ **જૈન** ધર્મ પામેલા માતાપિતાની પુત્રી, **અંબિકા** નામની બાળા સાથે પરણાવ્યો

હતો. તેણી ખૂબસૂરત બુદ્ધિશાલિની, ઉપરાંત પતિભક્તા અને સાસુસસરાનો પણ વિનય સાચવનારી હતી. તેણીને દાન આપવામાં ખૂબ રસ હતો.

એકવાર શ્રાદ્ધનો દિવસ હોવાથી, દેવભટ્ટના ઘેર મોટા પ્રમાણમાં ખીર બનાવી હતી. અને ઘણાં સગાંઓને જમવા નિમંત્રણ આપ્યું હતું. આ વખતે અંબિકાને વિચારો આવ્યા કે, કોઈ સુવિહિત તપસ્વી વહોરવા પધારે તો, દાન આપી મારો જન્મ સફલ બનાવું. કારણકે, આજે મારા ઘેર ઘણા મોટા પ્રમાણમાં, મહેમાનો જમવાના હોઈ, દૂધપાક પણ ઘણો બનાવ્યો છે.

સુશ્રાવિકા ભાવના ભાવે છે, એટલામાં કોઈ માસોપવાસી, મહામુનિરાજ વહોરવા પધાર્યા અને અંબિકાએ પણ ઘણાજ આદર-બહુમાન અને ભક્તિથી મુનિરાજને પડિલાભ્યા. (નિર્દોષ આહાર વહોરાવ્યો.) આ વખતે અંબિકાના સાસુ-સસરા અને પતિ, સ્નાન કરવા જલાશયે ગયા હતા. અંબિકાને સિદ્ધ અને બુદ્ધ નામના બે નાના બાળકો પણ હતા.

આ મુનિને આપેલું દાન, એક નિર્ભાગ્યવતી પડોસણ જોઈ ગઈ. અને ઉચ્ચ સ્વરે બૂમો પાડીને કહેવા લાગી, અરેરે, આ પુત્રવધૂ બિલ્કુલ વહેવારની અજાણી છે. આપણા બ્રાહ્મણનો આચાર સમજતી નથી. આજે શ્રાધ્ધનો પવિત્ર દિવસ છે. આજે તો હજી પિતૃઓને તૃપ્ત પણ કર્યા નથી. ત્યાં કોઈ મલિન વસ્ત્રવાળાને દાન આપીને, આપણું અનાજ અભડાવી નાખ્યું. આમ કરવાથી અંબિકાએ ઘર, શ્રાદ્ધ અને રાંધેલું અનાજ, ત્રણેને અપવિત્ર બનાવી નાંખ્યાં.

તેટલામાં અંબિકાની સાસુ અને પતિ સોમભટ્ટ ઘેર આવ્યા, અને પડોસણ પાસેથી ઉપરની વાત સાંભળી. તેથી માતા-પુત્ર બન્ને અંબિકા ઉપર ખૂબ ઉશ્કેરાઈ ગયા. અને દેવિલા (સ્વમાતાની પ્રેરણાથી)ના વચનથી સોમભટ્ટ અંબિકાની નજીક મારવા માટે ધસી આવ્યો. અને ખૂબ આંખો ચડાવીને, મારવાનો દેખાવ કરીને બોલ્યો, હમણાં ને હમણાં મારા ઘરમાંથી ચાલી જા, અને હવે કયારે પણ પાછી આવીશ નહીં.

દેવિલાની પ્રેરણા અને પતિનો આવેશ જોઈને, સાંભળીને, અંબિકા ગભરાઈ ગઈ તેથી પોતાના બે પુત્રોને સાથે લઈ, એક બાજુના બારણેથી નીકળી ગઇ. નાશી છુટી.

**નારી અવતારને ધિક્, નારી ખુબ મોટાં**, માતા-પિતાની દીકરી હોય, ખૂબસુરત હોય, વિનય-વિવેક ગુણ હોય પતિની સેવા કરતી હોય, પરંતુ પતિ જો **નાલાયક, ક્રોધી, અભણ, અક્કલ વગરનો, બૂઠો, બેડોળ, બેહોશ, બડેખાં, બુડથલ** મળ્યો હોય તો, બિચારી રોઈને જીવન પુરું કરે છે. નારી ભોગ આપે છે, પરિવાર આપે છે, સેવા આપે છે, તો પણ બિચારી સીદાતી રહે છે. વાંચો

**મૂરખ, અજ્ઞાની, ભાન વગરનો, પૂરણ પશુ અવતાર**
**પત્નીપ્રેમ જાણે નહીં જરીએ, ભૂંડો મલ્યો ભરતાર**
**ધણી જેનો હોય નહીં શાણો, જીવન તેનું વાંઝિયું જાણો.** ૧
**ચોર, જુગારી ને જૂઠાબોલો. વેશ્યાગામી ને જાર**
**કૃત્યાકૃત્યમાં ભાન વગરનો, રૂઠયો સાવ કિરતાર**
**બાઇઓ જેનો નાથ નહીં સારો, જાણો તેનો વ્યર્થ જન્મારો.** ૨
**શીલવતી, ગુણવતી રૂપાળી, વિનય વિવેકની ખાણ**
**સતી નારી પણ દુષ્ટ પતિના પામે ઘણા અપમાન**
**સ્વામી જેનો હોય નહી શાણો, જીવન તેનું વાંઝિયું જાણો.** ૩

**અંબિકા**, સાસુ અને પતિની દમદાટીથી, ખુબ ગભરાઈને, બે પુત્રોને ઉપાડીને, પ્રારંભમાં કોઈ પોતાના સગાંવહાલાંના ઘેર ગઈ. પરંતુ કોઈએ આદર, માન કે આશ્વાસન આપ્યું નહી. તેથી તુરત ગામ બહાર નીકળીને, પુત્રોને ઊંચકીને દોડવા લાગી. અંબિકા સાવ ભૂખી તરસી જ હતી, અને બાળકોને પણ હજી ખવડાવ્યું હતું નહી.

તેથી બાળકો ક્ષુધાતૃષાથી ખુબ રડવા લાગ્યા. ત્યાં તો નજીકમાં આંબો અને સરોવર જોયાં. ભાદરવો માસ હોવા છતાં, આંબાને ફળો લાગેલા જોયાં. પહેલાં સૂકું જોયેલું સરોવર પણ, પાણીથી ભરેલું જણાયું. દાન અને શીલધર્મનો સાક્ષાત્કાર દેખાયો. તેથી મુનિરાજને આપેલા દાનનો, બળાપો નહીં પણ અનુમોદના શરુ થઇ. દુઃખ ધીમું પડયું અને થોડો હર્ષ પ્રકટ થયો.

બાળકોને પાણી પાયું, આંબાની આખી લુંબ લાવી, પુત્રોને ફળ ચૂસાવ્યાં. અને તે જ આંબાના ઝાડ નીચે વિસામો લેવા બેઠી. અને આંબાના ઝાડને કહેવા લાગી :

**સખી બહેન કે માત, બાપ ભાઈ મારે નથી, આંબા ! તું મુજ બાપ, વિસામો આપે પથી.**

અંબિકા વિસામો લે છે. આ બાજુ એની સાસુ દેવિલા રસોડામાં ગઇ અને ભાજનો જોવા લાગી. તો પાત્ર (તપેલાં વગેરે વાસણો) તદ્દન સુવર્ણનાં થયેલાં જોયાં. અને ચોખા વગેરે અનાજ, સાચા મોતીના દાણા બની ગયેલા જોઈ, દેવિલાના ચિત્તમાં આનંદ અને અફસોસનું યુધ્ધ શરુ થયું.

**પ્રશ્ન** : આનંદ શા માટે?

**ઉત્તર** : સુવર્ણ અને સાચા મોતી જોવાથી, સુપાત્ર દાનનો પ્રભાવ સાક્ષાત્ દેખાયો માટે.

**પ્રશ્ન** : અફસોસ થવાનું શું કારણ?

**ઉત્તર** : સીતાજી જેવી શીલવતી અને રાજુલ જેવી રુપવતી પુત્રવધૂને ઠપકો આપ્યો, ગાળો ભાંડી, અપમાન કર્યું અને ઘરમાંથી કાઢી મૂકી. વહુ પણ ગઇ, સાથે વંશ પણ ગયો.

રાંધેલા અનાજના વાસણો બધાં સુવર્ણ બનેલાં જોયાં. અને પોતાના પુત્રને ઘરમાં બોલાવ્યો, બધું બતાવ્યું, મેં જોયું તે બરાબર છે કે, મારી ભ્રમણા છે? દીકરાને પૂછયું?

**સોમભટ્ટ** બધું નજરે જોઈને, માતાને પૂછવા લાગ્યો, આમ થવાનું કારણ શું?

માતા કહે છે : પુત્ર ! આ બધો પ્રભાવ તારી પતિવ્રતા, શીલાલંકારધારિણી, પત્નીના સુપાત્ર દાનનો છે. જરુર આજે કોઇ રત્ન કે સુવર્ણના પાત્ર સરિખા સુપાત્રમાં, આપણું દાન ગયું જણાય છે. ધિક્કાર છે તે અધમાધમ પાડોસણ બાઇને. અને તેથી વધારે ધિક્કાર આપણ બે માતા-પુત્રને. કે, જેમણે કલ્પવૃક્ષના ઊગતા અંકુરો કુહાડે કાપી નાખ્યા.

સોમભટ્ટે માતાની વાત સાંભળી. ભોજનના ભાજનોમાં ભરેલ પકવાનો વગેરે પણ બરાબર જોયાં. તેથી પોતાની પત્નીની ધર્મશ્રદ્ધા, તથા દાન ભાવનાનો આજે સાક્ષાત્કાર થવાથી પોતાની ભૂલનો બળાપો કરતો, પત્નીને પાછી વાળવા, બહાર નીકળી દોડવા લાગ્યો અને પત્નીના પગલે પગલે દોડી રહ્યો છે.

અહીં અંબિકા આમ્રવૃક્ષની છાયામાં બેઠેલી હતી. પરંતુ તેણીનું ધ્યાન, પોતાના ગામ તરફ હતું. તેથી તેણીએ પોતાના પતિને આવતો જોયો. સારાની કલ્પના હતી જ નહીં. પછી સન્માન સત્કાર આદર મળવાની આશા કેમ થાય? એથી અંબિકાને પતિનો ભય લાગ્યો. મારઝૂડ થવાની કલ્પનાથી ગભરાઈ ગઈ. હવે વિચાર કરવાનો વખત હતો નહીં.

આ બાજુ નજીકમાં કૂવો હતો. **આવેશ ખરાબમાં ખરાબ વસ્તુ છે. તેથી 'શ્રીનેમનાથ સ્વામીનું મને શરણું-થજો, મને શ્રીવીતરાગશાસન પ્રત્યેનો રાગ મજબૂત થજો.'** ઇત્યાદિ ભાવના ભાવતી, અંબિકા શ્રાવિકા કૂવામાં પડી. વળી આંબાની લુંબયુક્ત, પોતાના બે પુત્રોને પણ સાથે લઈને પડી. અંબિકા બ્રાહ્મણી ઉત્તમ ભાવનાએ, આત્મઘાત કરીને મરીને, શ્રીનેમનાથ સ્વામીની શાસનરક્ષિકા, દેવી થઈ.

**પ્રશ્ન :** અંબિકાદેવી ચાર પૈકી કયા નિકાયમાં ઉત્પન્ન થયેલ છે?

**ઉત્તર :** સૌધર્મ દેવલોકથી ચાર યોજન નીચે. કોહંડ નામનું વિમાન છે. તે વિમાનમાં મહર્દ્ધિ દેવી થઈ છે.

તથા સાગરસમાધાન પ્રશ્ન ૧૭૩, પૃ. ૮૧ માં તીર્થંકરભગવાનના શાસનના યક્ષ-યક્ષિણી મુખ્યતાએ વ્યંતર નિકાયના બતાવ્યાં છે.

**પ્રશ્ન :** તો પછી-અંબિકાદેવી વૈમાનિક છે અને બીજી દેવીઓ વ્યંતર નિકાયની છે. એ બરાબર છે?

**ઉત્તર :** આ જગ્યાએ સેનપ્રશ્નનાં પ્રમાણો જણાવું છું. **પદ્માવતી દેવી માટે પ્રશ્ન છે કે,** પદ્માવતીદેવી પરિગૃહીતા છે કે અપરિગૃહીતા છે? ઉત્તર : પદ્માવતી ધરણેન્દ્રની અગ્રમહિષી દેવી છે. પરંતુ અપરિગૃહીતા નથી. ઇતિસેનપ્રશ્ન : ૨૪૮, પૃ. ૯૬. તથા વળી.

**પ્રશ્ન :** ચોવીસ જિનની યક્ષિણીઓ કયા નિકાયની છે?

**ઉત્તર :** સંગ્રહણીના અભિપ્રાય-મુજબ વ્યંતરનિકાયની છે. ઇતિસેનપ્રશ્ન ૪૩૭ પૃ. ૧૭૪.

**પ્રશ્ન :** છપ્પન દિક્કુમારી કયા નિકાયની હોય છે?

**ઉત્તર :** વ્યંતર નિકાયની જાણવી. જુઓ આવશ્યકચૂર્ણીનો પાઠ **बहुहिं वाणमन्तरेहिं देवेहिं देवीहिं य सद्धिं संपरिवुडा।**

**અર્થ :** ઘણા વાણવ્યંતરદેવો અને દેવીઓ સાથે પરિવરેલી. આ પાઠથી દિક્કુમારિકાઓ વાણવ્યંતર નિકાયની સમજાય છે. ઇતિસેનપ્રશ્ન ૪૩૭ પૃ. ૧૭૪, ઉપર પ્રમાણે.

**પ્રશ્ન :** સરસ્વતી દેવીને કેટલાક બાલબ્રહ્મચારિણી માને છે તેનો ઉત્તર શું?

**ઉત્તર :** ક્ષેત્રસમાસની ટીકા અને ભગવતી સૂત્રના આધારે સરસ્વતી. ગીતરતિ નામના વ્યન્તરેન્દ્રની. મુખ્ય પટ્ટરાણી છે. ઇતિસેનપ્રશ્ન ૨૩૬, પૃ. ૯૨.

**આ બધા પાઠોથી એમ જણાય છે કે, અંબિકાદેવી પણ વ્યંતર નિકાયની હોવા સંભવ છે— તત્ત્વકેવલીગમ્ય જાણવું.**

હવે ગામ તરફથી અંબિકાનો પતિ **સોમભટ્ટ** દોડતો આવતો હતો. અંબિકાને સનાવીને, પોતાની ભૂલની માફી–માગીને, ઘેર લઈ જવાની ઇચ્છાવાળો હતો. પરંતુ અંબિકા સોમભટ્ટનો આશય સમજી નહિ, અને બે પુત્રોસહિત કૂવામાં પડીને, જીવિતનો અંત આણ્યો. આવો બનાવ થવાથી, પત્ની અને બાળકોના અકાળ મરણનો આઘાત લાગવાથી, વળી લોકનિંદાનો ભય પણ અસહ્ય હોવાથી, "**મને શરણ થાઓ.**" આટલા અંબિકાના બોલેલા અવ્યક્ત શબ્દો સોમભટ્ટે સાંભળેલા. તેથી તે પણ, મારી પત્નીએ જેનું **શરણ** કર્યું, તેનું મને પણ **શરણ** થાઓ આ પ્રમાણે બોલીને કૂવામાં પડ્યો. મરણ પામી અંબિકાદેવીનું વાહન ( સિંહ ) થનાર દેવ થયો.

**પ્રશ્ન :** તો પણ પતિ–પત્નીની સુગતિ થઈ ગણાય ને ?

**ઉત્તર :** વ્યંતર નિકાયના દેવોમાં ઉત્પત્તિ થઈ તે સુગતિ કેમ ગણાય? આવા સુપાત્ર મુનિદાનની અનુમોદના થઈ હોત તો, આખું કુટુંબ, **બલદેવ, સુતાર** અને હરિણ એ ત્રણની પેઠે, વૈમાનિક દેવ જેવું ઘણું ઉચ્ચ સ્થાન પામોત. અહીં ધર્મદ્વેષ મહા ખરાબ વસ્તુ, આખા કુટુંબને કલહ કરાવનાર અને વસ્તુ સ્થિતિને અવળી દિશામાં ખેંચી જનારી બની. અહીં શ્રીવીતરાગશાસન સમજવાની ભાવના. પણ મહાપુણ્યનું કારણ છે.
ઇતિ **ધર્મદ્વેષથી આભવ, પરભવ બગડાવનારી, અંબિકા અને સોમભટ્ટની** કથા સંપૂર્ણ.

**અહીં વળી એક ધર્મદ્વેષ અને ધર્મની કસોટીઓવાળી, સતીસુભદ્રાની કથા શરૂ થાય છે.**

આ ભરતક્ષેત્રમાં, **વસંતપુર** નામના નગરમાં, જૈનધર્મઆરાધનપરાયણ, **જિનદાસ** નામના શ્રેષ્ઠી રહેતા હતા. તેમને નામ પ્રમાણે ગુણવાળી **જિનમતી** નામની પત્નિથી, **સુભદ્રા** નામની પુત્રી થઈ હતી. **સુભદ્રા** માતાપિતાના સંસ્કારથી, અને **જૈન**અધ્યાપકના સુયોગથી, જીવાજીવાદિ નવતત્ત્વોના વિસ્તાર અને નિચોડને, બરાબર સમજેલી હોવાથી તેણીને રૂંવાડે રૂંવાડે, **શ્રીવીતરાગશાસન** પરિણામ પામ્યું હતું. તેથી તેણીનો સમઅસમય વિદ્યાભ્યાસ અને સામાયિક પ્રતિક્રમણ–પૌષધાદિકમાં વ્યતીત થતો હતો. સુભદ્રામાં વિદ્યા અને કલાઓ સાથે. રૂપપણ દેવી જેવું હતું. તથા બીજા બધા નારીના ગુણો પણ, મહાસતીત્વને શોભાવે તેવા હતા.

સુભદ્રાનાં રૂપ–વિદ્યા અને ધર્મક્રિયામાં તત્પરતા જોઈ, માતાપિતાએ પુત્રી માટે જૈનધર્મ પામેલ વરની શોધ કરવી શરૂ કરી. પરંતુ પુત્રીને યોગ્ય વર મળ્યો નહીં. બીજી બાજુ નગરીમાં વસનારા અને નજીકના ગામોમાં રહેનારા, અજૈન વણિક પુત્રો માટે, સુભદ્રાને વરાવવાનાં ઘણાં માગાં આવ્યાં. પરંતુ ધર્મભિન્નતાના કારણે, રૂપાળા અને લક્ષ્મીવંતો હોવા છતાં, કોઈની માગણીનો સ્વીકાર કર્યો નહીં. મારે જૈનધર્મી સિવાય, અન્યને પુત્રી આપવી નથી. આવી જાહેરાત થઈ ગઈ.

તેવા સમયમાં જ, **ચંપાનગરીનો, બૌદ્ધધર્મને માનનારો, મોટા ધનવાનનો પુત્ર, બુદ્ધદાસ** નામનો વણિક વેપાર નિમિત્તે વસંતપુર નગરમાં આવી, દુકાન માંડી રહેતો હતો. તેણે

અવારનવાર, ત્યાંથી ચાલીને જિનાલય-ઉપાશ્રય જતી આવતી, સુભદ્રા બાળાનું, વય-રૂપ-લાવણ્ય આદિ જોયું અને તેને પરણવાની ભાવના જાગી.

**કંચન ને વળી કામિની, મોહરાય હથિયાર, લાગ્યાં સઘળા વિશ્વને, છોડી જિન અણગાર.**
**નારી રૂપ નિહાળીને, ચિત્ત-ચક્ષુ રહે સ્થિર, વિકાર નાવે સ્વાન્તમાં, તે સાચા શૂર-વીર.**
**જેના મનમંદિર વિશે, કામચોર નહીં વાસ, નર-નારી ગણ સર્વનો, દેવવૃંદ પણ દાસ.**

પરંતુ આજુબાજુના મિત્રોથી જાણવા મળ્યું કે, આ બાળા જૈનની પુત્રી છે. પોતાના ધર્મમાં ખૂબ આગળ વધેલી છે. તેથી તેના માતાપિતા અજૈનને પરણાવવા ઈચ્છતા નથી. આ પ્રમાણે મિત્રો અને નાગરિકો પાસેથી, સાચી ખબર મળવાથી બુદ્ધદાસ બૌદ્ધધર્મી હોવા છતાં પણ, બાળાને પરણવાની લાલસાથી, કપટી જૈન બનીને, શ્રાવકોના ઉપાશ્રયે જવા લાગ્યો. અને જૈન મુનિઓ પાસેથી, જૈનતત્વો અને જૈનધર્મની ક્રિયાઓ સમજી લીધી.

અને પછી તો દરરોજ કન્યા મેળવવાના ધ્યેયથી, વ્યાખ્યાન-સામાયિક-જિનપૂજા વગેરે આરાધનાઓ પણ કરવા લાગ્યો. સંસારના રસિયા જીવો, મોક્ષ આપનારી અમૃત જેવી આરાધનાઓને પણ કેવળ સંસાર વધારવા સારુ જ કરે છે. ચક્રવર્તીઓ, વાસુદેવો વગેરે અઠ્ઠમાદિ મોટા તપ પણ, રાજ્ય વધારવા માટે જ કરે છે. ભવાભિનંદી જીવોના, દાનાદિ બધા ધર્મ સંસાર વધારવા માટે હોય છે.

**“ જીવે આ સંસારમાં, ઘણો આચર્યો ધર્મ, કંચન-કામિની કારણે, મળ્યું નહીં શિવશર્મ. ”**

બુદ્ધદાસની કપટક્રિયા જિનદાસ શેઠ જાણી શકયા નહીં. પરંતુ હંમેશનું ધર્મ-સ્થાનોમાં, આગમન અને ધર્મક્રિયાઓનું આચરણ, સાથે સાત ક્ષેત્રોમાં ધનનો વ્યય જોઈને તથા વારંવાર જિનાલય અને ઉપાશ્રયમાં, બુદ્ધદાસનો સમાગમ થવાથી, પુત્રી આપવા જિનદાસ શેઠનું મન લલચાયું. બધી માયા કરતા ધર્મની માયા ભલભલાને ફસાવે છે.

સગાઈ કરી. અને તરતમાં સારા તિથિ-વાર-નક્ષત્ર-યોગ-ચંદ્રનો યોગ મેળવી, સુભદ્રાપુત્રીને, બુદ્ધદાસ (શ્રેષ્ઠિપુત્ર) સાથે પરણાવી. અને કેટલાંક વર્ષો બુદ્ધદાસ વસંતપુરમાં જ રહ્યો. સાસુ-સસરા અને બીજા પણ અનેકની ચાહના મેળવી. તોપણ પાછળથી બુદ્ધદાસ જન્મે બૌદ્ધ છે, એવી જિનદાસ શેઠને ખબર પડી ગઈ. પરંતુ જમાઈ ચુસ્ત જૈન છે, માટે મારી પુત્રીને દુઃખ નહીં આપે, એમ વિચારી મન વાળ્યું.

કેટલાક દિવસો પછી, બુદ્ધદાસ ચંપાપુરી જવા માટે તૈયાર થયો. અને સસરાની રજા લેવા ગયો. ત્યારે જિનદાસ શેઠે કહ્યું, શેઠજી! તમારા માતાપિતા બૌધ્ધ છે. મારી પુત્રીને દુઃખ આપી ધર્મ છોડાવશે! માટે મારે હવે શું કરવું?

બુદ્ધદાસનો ઉત્તર : સસરાજી? આપ ચિન્તા કરશો નહીં. હું જૂદું મકાન લઇને તમારી પુત્રીને જૂદી રાખીશ. તેણીના ધર્મ આરાધનમાં, થોડી પણ અડચણ આવશે નહીં. સત્ય ધર્મને કોઇપણ જગ્યાએ વિઘ્ન આવતું નથી. આ પ્રમાણે સાસુસસરાને વિશ્વાસ આપીને, બુદ્ધદાસ પત્નિ સુભદ્રાને લઇને, પોતાની નગરી ચંપાપુરી પહોંચી ગયો.

પત્ની પ્રત્યેના રાગથી અને સસરાએ કરેલી ભલામણથી, બુધ્ધદાસે પહેલે જ દિવસે પોતાની પત્ની સુભદ્રાને, જૂદા મકાનમાં રહેવાની વ્યવસ્થા કરી આપી. અને સુભદ્રા

પણ પતિ સાથે જૂદી રહેવા પૂર્વક યથા સમય દાન-શીલ (શ્રાવકોનો આચાર) તપશ્ચર્યા અને બીજી બીજી આવશ્યક ક્રિયાઓ પણ બરાબર આરાધતી હતી.

બુધ્ધદાસ કમાઉ દીકરો હોવાથી, તેના માતાપિતા ભગિની તથા ભાઈઓ કાંઈ બોલી કે ફેરવી શકયા નહીં. તો પણ બુદ્ધદાસે સુભદ્રાને જૂદા મકાનમાં રાખી છે, તે તેમને કોઇને જરા પણ ગમતું નહોતું. અને તેથી બુદ્ધદાસ નહીં, પરંતુ સુભદ્રા પ્રત્યે, આખા કુટુંબની ઇર્ષા ચાલુ રહ્યા કરતી હતી.

**પ્રશ્ન** : જૈન ધર્મના આરાધકો ઉપર આખી દુનિયાનો દ્વેષ શા માટે ? આપણે તો **શિવમસ્તુ સર્વજગતઃ** ની ભાવનાવાળા છીએ. જૈનો કોઇનું ખરાબ ઇચ્છતા નથી. વચનથી કે શરીરથી ખરાબ કરતા નથી. જૈનો એકપણ વહેવારનો અનાદર કરતા નથી. જિનેશ્વર ભગવંતો અને જૈનાચાર્યો પણ ફરમાવી ગયા છે કે, **દુઃખને ભોગવતાં શીખો, પરંતુ કોઇને દુઃખ આપવાની કુટેવ છોડો** " આવો જૈનધર્મ જગતને કેમ ગમતો નથી ?

**ઉત્તર** : ભાઈ! જગત આખું પ્રવાહમાં ચાલનારું છે. ગતાનુગતિક છે. સારા ખોટાનો વિચાર કર્યા વગર, પરંપરાને માનનારું છે. માટે જ અનંતીવાર જન્મ મળ્યા, પણ લાભ થયો નહીં. પણ પ્રાયઃ નુકશાન જ થયું છે. આશીર્વાદો લીધા નથી, પરંતુ શ્રાપો ઘણા લીધા હશે.

**પ્રશ્ન** : ભલે ધર્મને પોતપોતાના વડીલોએ માન્યો હોય ? પાળ્યો હોય ? પરંતુ તેમાં ડાહ્યા માણસો આવક-જાવકનો વિચાર નહીં કરતાં હોય ? તેનું શું કારણ ? અમારું તે સારું ? કે સારું તે અમારું ?

**સારું તે મારું ગણે, તે મોટા નરથાય, પણ મારું સારું ગણે, સજ્જન કેમ ગણાય ?**

**ઉત્તર** : પ્રવાહ ગતાનુગતિકતા અથવા અંધપરંપરા. આ બધી કહેવતો જગતના જીવોનો વર્તાવ જોઇને, શરુ થયેલી હોવાથી, **અમારું તે જ સારું** પ્રાય : આ કહેવત મુજબ કોઇની શિખામણ લાગુ પડતી નથી. અહીં એક દુષ્કાળથી પીડાયેલા, લાખ બેલાખ માણસોના ટોળાનું નાનું દૃષ્ટાંત લખું છું. જેના પાત્રોદ્વારા-ગતાનુગતિકતા સમજાઈ જશે.

એકવાર કોઇ એક સમગ્ર દેસમાં, ભયંકર દુષ્કાળ પડવાથી, અને માસ બે માસ પછી, અનાજ અને પાણી પણ નહીં મળવાના ચોકકસ કારણો સમજાવાથી, દેશ આખો ખાલી થઇ ગયો. અને પોતપોતાની જરુરિયાતો સાથે લઇ, ગાડી-ઊંટ-બેલ-ઘોડા-મજૂરોની સહાયથી, એક દિશા નકકી કરીને, બધા નરનારી-બાળકોનો સમુદાય, પરસ્પરની સહાયથી એક સુભિક્ષ દેશમાં પહોંચી ગયો.

આ દેશનો રાજવી ન્યાય પરાયણ હતો. કળા-ઉદ્યોગો-ખાણો-વેપાર અને જમીનો બધું જ સારું હતું. પરંતુ આખા દેશમાં મનુષ્યનો મોટો દુષ્કાળ હતો. તેથી આ આવેલા મનુષ્યોને તે દેશના રાજા અને પ્રજા તરફથી ઘણો આદર મળ્યો. અને જે જે મનુષ્યોને જે જે કામકાજ ગમતું હોય તે તે કામકાજ તેમને મળવા લાગ્યું.

આ બધા મનુષ્યોમાં કેટલાક ઝવેરી બની, અલ્પકાળમાં મોટા ધનવાન થયા. બીજા પણ કેટલાક જૂદા જૂદા થોડી મહેનત અને મોટી આવકના વેપારી થઈ, મોટા ધનવાન

થયા. ત્યાંના ન્યાયી રાજાએ. નવા આવનારા લોકોમાં ઉદ્દઘોષણા કરી જણાવ્યું કે, મારા દેશમાં નવા રહેવા આવેલા માણસો પાસેથી, **જમીન–વેપાર–કળા–મજુરી**, કોઈપણ વસ્તુનો પાંચ વર્ષ સુધી કર માફ કરવામાં આવે છે.

આમ થવાથી ત્રણ લાખ મનુષ્યોમાંનો મોટો ભાગ ખેતી અને મજુરી કરનાર થયો. કેટલાક માણસો અન્ય અન્ય કળા–શિલ્પના કારીગરો થયા. ખેતી કરનારમાં પણ કેટલાક જુવાર, બાજરી, કાંગ, બરટી, ગવાર, સામો, ચોળા વગેરે તુચ્છ ધાન્યવાળી તત્કાળની આવકને મુખ્ય બનાવનારા થયા.

કેટલાક ખેતી પ્રધાન માણસો પણ આંબા, દાડમ, દ્રાક્ષ વગેરે, ફળોત્પાદન કરનારા થયા. આ બધાઓ પોતપોતાના બાપદાદાની પરંપરા અનુસાર કમાણી કરનારા થયા. આ જગ્યાએ કોઈ પ્રશ્ન કરે કે, બધા ઝવેરી કેમ ન થયા? બધા કૃષિકારોએ આંબા અને દ્રાક્ષ જ કેમ વાવી?

આ જગ્યાએ **ઉત્તર એ જ છે** કે, બધાને પ્રાયઃ પોતપોતાની પરંપરા અનુસાર વ્યાપાર ગમે છે. તેથી જ બધાએ પોતાની પરંપરાનો ઉદ્યમ ચાલુ રાખ્યો. ઝવેરાત વગેરેના વ્યાપારી અને આંબા–દ્રાક્ષના ખેતીકારો અલ્પકાળમાં મોટા ધનવાન થઈ ગયા.

જેમ રાજાની ઉદ્દઘોષણા અને ઉદારતા હોવા છતાં, પોતાની પરંપરાને વળગી રહેનારા પામરો મજુરીનો ત્યાગ કરી ઝવેરી થયા નહીં. અને ધનવાન પણ ન જ થયા. તેમ જગતના ગતાનુગતિક જીવોને પણ, પાપ વગરનો અને ભવોભવ સુગતિ અને પ્રાન્તે મોક્ષ આપનારો જૈન ધર્મ ગમતો નથી. માટે જ લોકો તેની ઉપર ઈર્ષા કરે છે. અને નિંદા, ઠેકડી, ચાળા, મશ્કરી ઉડાવે છે.

સતી **સુભદ્રા**ના સાસરિયા, અને લગભગ આખું ગામ, અને બધી નાત, બૌદ્ધધર્મને માનનારી હોવાથી, સુભદ્રા એકલી પડી ગઈ. તોપણ પોતાની આરાધનાઓમાં જરા પણ છૂટછાટ આવી નથી. આ બધું જોઈ સુભદ્રાની નણંદ અને સાસુને ઈર્ષા આવ્યા જ કરતી હતી. તેથી પ્રસંગે પ્રસંગે **બુદ્ધદાસ** પાસે, તેની નિંદાની પુષ્ટિમાં, તેના સતીત્વમાં પણ શંકા બતાવતાં હતાં.

પરંતુ બુદ્ધદાસ તેમનું બિલકુલ સાંભળતો નહીં, પરંતુ પત્નીનો નિર્દોષ બચાવ કરતો હોવાથી, **સુભદ્રાસતીને** કશું દુઃખ કે મુશ્કેલી નડતી નથી. કોઈ કોઈવાર **સુભદ્રાદેવીના** ઘેર, **જૈનમહામુનિરાજો** વહોરવા આવતા હતા. તે બધું સાસુ–નણંદોથી, જોઈ શકાતું નહીં. ખીલેલી વનરાજિને જોઈને, જવાસો બળ્યા કરે છે, તેમ સુભદ્રાની ખીલેલી ધર્મ લાગણીઓ સાસુ–નણંદોના દ્વેષનું કારણ થતી હતી.

એકવાર કોઈ જિનકલ્પી મહામુનિરાજના ચક્ષુમાં મોટું તણખલું પડેલું, તેજ દશામાં સુભદ્રાસતીના ઘેર વહોરવા પધાર્યા. સુભદ્રાદેવીએ, મુનિરાજની આંખમાંથી, આંસુ નીકળતાં જોઈ, આંખમાં પડેલું તણખલું પણ જોયું. અને પોતાની જીભ્હા બહાર કાઢીને, આંખનું તૃણ લઈ લીધું. પરંતુ સુભદ્રાનું કપાળ, મુનિશ્રીના કપાળ સાથે અડકવાથી, સુભદ્રાના કપાળનો ચાંદલો–મુનિના કપાળને અડી ગયો.

મુનિશ્રી વહોરીને બહાર નીકળ્યા, અને ચાલ્યા ગયા. પરંતુ મુનિશ્રીના આંખના તૃણને કાઢવાનો બનાવ, સુભદ્રાની સાસુએ સાક્ષાત્ જોયો. અને સુભદ્રાના ચાંદલાનો ડાઘ

પણ મુનિના કપાળમાં જોયો,તેથી તેજ વખતે બુદ્ધદાસને બોલાવીને, ચાંદલાનો ડાઘ બતાવ્યો. અને અત્યાર સુધીનું સુભદ્રા પ્રત્યેનું અસતીત્વનું કલંક, સાબિત કરવાની તક મળી ગઇ.

બુદ્ધદાસ પણ આ વખતનું સાધુના કપાળમાં પડેલું ચાંદું જોઇ, પોતાની પત્ની પ્રત્યે ચોક્કસ અસતીત્વની શંકાવાળો બનીને, સુભદ્રા પ્રત્યે તદ્દન મંદ આદરવાળો થયો. અને પછી તો, સાસુ અને નણંદના પોબાર પડ્યા, એટલે આખા શહેરમાં સુભદ્રાની, જોરશોરથી કુશીલા તરીકેની જાહેરાત થઇ ગઇ.

**પ્રશ્ન** : જૈનમુનિરાજે. પોતાની આંખમાં પડેલું તણખલું પડયું એવું તુરત જ પોતાના હાથે કેમ ન કાઢી નાંખ્યું ? કે જેના કારણે તેમને આંખ જેવી મહા કીમતી ઇન્દ્રિયમાં પીડા ભોગવવી પડી? અને બીજી વાત એ કે, જૈનસાધુને નારી જાતિ અડકે તો પણ આલોચના આવે છે તો પછી આ મુનિરાજે સુભદ્રાને જીભ્હાથી, તણખલું કાઢતાં કેમ ન અટકાવી? જો પોતે જાતે તણખલું કાઢી નાખ્યું હોત તો, ત્રણ નુકસાનોનો ઉદ્ભવજ થાત નહીં, કેમ ખરું ને?

આંખમાં તણખલું રહ્યું ત્યાં સુધીની અસહ્ય પીડા, તથા જૈન સાધુને નહીં કરવા યોગ્ય નારીજાતિનો સ્પર્શ, તે કારણે લેવું પડતું પાયશ્ચિત, અને ત્રીજું સુભદ્રાએ જીભ્હાના સ્પર્શથી તણખલું કાઢવા જતાં, મુનિના કપાળને પોતાનું કપાળ અડી જવાથી, કપાળમાં ચાંદલાનો ડાઘ પડવાથી, સતીસુભદ્રા ઉપર કલંક આવ્યું. તેથી **જૈન મુનિ-જૈન સતી અને જૈનધર્મની** નિન્દા થઈ. આમ કરવાથી શું ફાયદો? નુકસાન તો ચોક્કસ દેખાયાં છે જ

**ઉત્તર** : આવા જૈનસાધુઓ કેવલજ્ઞાનીઓના કાળમાં જ હોય છે. કેવલજ્ઞાની ભગવંતો પાસે આવા કલ્પો ઉચ્ચરવામાં આવે છે. સામાન્ય રીતે જૈનશાસનમાં, બે પ્રકારના કલ્પની મુખ્યતા કહી છે. એક જિનકલ્પ, બીજો સ્થવિરકલ્પ. સ્થવિરકલ્પ ધોરી માર્ગ જેવો ગણાય છે. સ્થવિરકલ્પી મુનિરાજોમાં બધા વ્યવહારો ચોક્કસ હોય છે.

અને જિનકલ્પી સાધુઓ, કારણ વિના, ગોચરી વાપરે નહીં-પ્રાયઃમૌન જ રહે, ચોમાસા સિવાય એક જગ્યાએ, એક બે દિવસથી વધારે રહે નહીં, ઊભા જ કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહે, બેસે નહીં. પ્રાયઃનિદ્રા વગેરે બધા પ્રમાદ ચાલ્યા ગયા હોય. નવમા પૂર્વથી વધારે અને દશમાં પૂર્વમાં થોડું ઓછું શ્રુતજ્ઞાન પામેલા હોય. ધૃતિ-સંઘયણ મજબૂત હોય, ઉપસર્ગ-પરિષહોથી નિર્ભય હોય, શરીરની કશી પીડાને દૂર કરવા વિચાર પણ કરે નહીં. કોઈએ બાણ માર્યું હોય, તોપણ પોતે કાઢે નહીં, આંખમાં કાંકરો-તણખલું પડે તો કાઢે નહીં, કોઈ કાઢે તો સારું. આવો વિચાર પણ કરે નહીં.

સતી સુભદ્રાના ઘેર આવેલા મુનિ જિનકલ્પી હતા. માટે તેમણે પોતાની આંખમાં પડેલા તણખલાને કાઢયું નહીં.

**પ્રશ્ન** : સુભદ્રા નારી હતી તેને અડકવાનો નિષેધ કેમ ન કર્યો? શાસનની નિંદાનો ખ્યાલ કેમ ન રખાયો?

**ઉત્તર** : જિનકલ્પી મુનિઓના અતિશય એવા હોય છે કે, તેમના કારણે થયેલી નિંદાઓ કે શાસનનો ઉડ્ડાહ પણ, થોડા વખતમાં સાસનની પ્રભાવના પ્રશંસામાં ફેરવાઈ જવાનો જ હોવાથી, પ્રતિકાર કરવાની જરૂર જોતા નથી.

**આ જગ્યાએ ઝાંઝરિયા મુનિરાજ, મેતાર્ય મુનિરાજ, હરિકેશી મુનિરાજ વગેરેના દાખલા જાણવા.**

સતી સુભદ્રા ઉપર અસતીપણાનું કલંક આવ્યું. અને જૈનશાસનની (જૈનશાસનના વિરોધીઓ અને છિદ્રગવેષકો દ્વારા) નિંદા પણ ખૂબ ફેલાઈ, જોઈ–સાંભળીને સુભદ્રા જરાપણ ગભરાઇ નહીં; પરંતુ પોતાના ઘરના ઓરડામાં, એકાન્ત પામીને, અભિગ્રહ લીધો કે, જ્યાં સુધી શ્રીવીરાગદેવોના શાસનની નિંદા બંધ ન થાય, ત્યાં સુધી મારે ચારેઆહારના પચ્ચખ્ખાણપૂર્વક, કાઉસ્સગ્ગમાં જ રહેવું. કાઉસ્સગ્ગ પાળવો નહીં.

સતીસુભદ્રાએ, સાંજના વખતે કાયોત્સર્ગ કર્યો હતો. થોડા કલાકો શુભધ્યાનમાં ગયા. તેટલામાં જૈનશાસન રક્ષપાલિકા શાસનદેવી પ્રગટ થઈ. સુભદ્રાને કહેવા લાગી, હે પુત્રી! હું જૈનશાસનની રક્ષપાલિકા શાસનદેવી, તારા માટે આવી છું. કાયોત્સર્ગ પાળીને. મને કહેવું હોય તે બોલ.

શાસનદેવીના દર્શનથી. સાક્ષાત્કારથી અને પ્રસન્નતાનાં વચનોથી, સુભદ્રાસતીના હર્ષનો પાર રહ્યો નહી. ઔદાસીન્ય ચાલ્યું ગયું, પ્રસન્નતા આવી, કાઉસ્સગ્ગપાર્યો, દેવીના પગમાં પ્રણામો કર્યા. **હે શાસન વિઘ્ન નાશરાણી દેવી! આ મારી ઉપર આવેલું કલંક અને શ્રીજૈનશાસનની** નિંદા સાંભળીને મારો આત્માં સળગી રહ્યો છે. કૃપાકરી મારું કલંક અને **શાસનની** નિંદા દૂર કરો.

દેવી કહે છે, પુત્રી! ચિંતા કરીશ નહીં. સવારમાં જૈનશાસનની નિંદા અને તારા ઉપરના કલંકને દેશવટો મળશે, અને શ્રીવીતરાગશાસનની પ્રભાવના ફેલાશે. દેવીનાં વચનો સાંભળીને, સુભદ્રા ઘણી હર્ષઘેલી બની ગઈ. અને દેવીને વારંવાર પ્રણામ કરવા લાગી. દેવી અદૃશ્ય થઈ ગયા. અને સતી સુભદ્રા નમસ્કાર મહામંત્રનો જાપ કરવા બેસી ગઇ.

પ્રાતઃકાલમાં ચંપાપુરીમાં, નગરના દરવાજા ઉઘાડનારા દરવાનો, દરવાજા ઉઘાડવા માટે આવ્યા. પરગામ, પરદેશ જનારા, ઝાડેફરવા જનારા, પાણી ભરવા જનારા, ખેતરોમાં, વાડીઓમાં, બગીચાઓમાં, કામ ઉપર જનારા, માણસોનાં ટોળાં ભેગાં થવા લાગ્યાં હતાં. દરવાજા ઉઘડવાની રાહ જુએ છે. દરવાજા ઉઘડતા નથી. તેમ તેમ માણસોનાં ટોળાં વધવા લાગ્યાં. આ પ્રમાણે ચારે દિશાના દરવાજા ઉઘડતા નથી. અને લોકોમાં ગભરામણ વધી ગઇ. હવે શું થશે?

દરવાનોએ રાજાને ખબર આપી. તેથી પ્રધાન મંડળસહિત રાજા, દરવાજે આવ્યો. બધાને જણાયું કે જરૂર કોઇ દેવી કોપ થયો જણાય છે, તેથી રાજાએ સ્નાન કર્યું, શુદ્ધ વસ્ત્રો પહેર્યાં, અને ધૂપ–દીપ–બલિદ્રવ્ય મૂકીને, આકાશ સન્મુખ રહીને, બેહાથ મસ્તકે લગાડીને, પ્રાર્થના કરી કહ્યું કે, કોઇ દેવદેવીનો અપરાધ થયો હોય તો, ક્ષમા કરો અને દરવાજા ઉઘાડો.

રાજાનાં વચનો સાંભળી, શાસનદેવી, આકાશમાં અતિ નજીકમાં આવીને બોલ્યાં: હે રાજન! કશી ચિંતા કરશો નહીં. પણ સાંભળો. કોઇ પણ સતી નારી, કાચા સૂતરના તાંતણે ચારણી બાંધી, કૂવામાં નાખી, કૂવાનુંજલ ચાલણીમાં ભરી, નગરના દરવાજાનાં કમાડોને છાંટશે, ત્યારે બારણાં તુરત ઉઘડી જશે.

દેવીનાં વચન સાંભળી, રાજાનો આદેશ પામી, પોતાના સતીપણાનો ગર્વ અનુભવનારી સેંકડો નારીઓ, ચારણી ને કાચા સૂતરથી બાંધવા લાગી, પણ સૌની મહેનત નિષ્ફળ ગઇ. ગામમાં હાહાકાર ફેલાયો. તે વખતે સતી સુભદ્રાએ, પતિ અને સાસુ–સસરાની અનુમતિ

માગી, ત્યારે તે બધા સુભદ્રાની હાંસી કરવા લાગ્યાં. અને બોલ્યાં, હવે તમે તમારા સતીપણાને ઢાંકો. તમારૂં સતીપણું સૌ જાણે છે.

કુટુંબિયોનાં ટોણાં સાંભળીને, ગભરાયા સિવાય, સતી પોતે પોતાના ઘરમાંથી કાચું સૂતર અને ચારણી લાવી, રાજા અને પ્રજાના દેખતાં ચારણી બાંધી, સર્વની સાથે કૂવા ઉપર ગઈ, દોરડા પકડી, ચારણીને કૂવામાં ઉતારી, પાણી ભરાયું, ખેંચી બહાર કાઢી, ટીપું પણ પડતું નથી. **રાજા અને પ્રજા,** પતિ અને શ્વસુરવર્ગ, સાથે વાજતે-ગાજતે દરવાજે ગયાં. હાથમાં ખોબા ભરીને પાણી છાંટ્યાં. ત્રણ દરવાજા ઉઘાડ્યા. ચોથો ન ઉઘાડ્યો અને કહ્યું, હે રાજન્! બીજી કોઇ સતીને ઉઘાડવા માટે આ દરવાજો છોડી દઉં છું.

નગરના ન્યાયી રાજવીએ પણ. સુભદ્રા સતીનો પ્રભાવ જોયો. પતિ બુદ્ધદાસ તથા તેમનાં માતા વગેરેને પણ સતી સુભદ્રાના શીલ અને ધર્મ તરફ બહુમાન થયું. **ચમત્કાર ત્યાં નમસ્કાર, આવો ન્યાય કોઇ કોઇ વાર લોકોનું કલ્યાણ કરનારો બની જાય છે,** ધર્મ પ્રત્યે આકર્ષણ જાગે છે, રાગ વધે છે, અને સાચી લાગણીઓ પ્રગટાવે છે.

સુભદ્રાની ત્રિકરણ ધર્મભાવના દાન-શીલ અને તપની ત્રિવેણીસમાગમના સાક્ષાત્કારે નિંદકોને ફેરવ્યા, અને પ્રશંસકો બનાવ્યા. રાજા-પ્રજા અને કુટુંબ બધાય, શ્રીવીતરાગશાસન પામ્યા. સતી સુભદ્રાનું આખા શહેરમાં કુલદેવતા જેવું બહુમાન ફેલાયું. લોકોના ઘેરઘેર સુભદ્રાસતીના શીલ અને ધર્મનાં વખાણ કરીને, સાચા ગુણાનુરાગની પ્રભાવના થઈ. **જૈન ધર્મનો જયજયકાર થયો.**

સુભદ્રા સતીએ આખી જિંદગી. શ્રીવીતરાગ શાસનની આરાધના કરીને, વારંવાર ગીતાર્થ ધર્મગુરુઓની દેશના સાંભળીને, શ્રાવકને યોગ્ય વ્રત-પચ્ચખ્ખાણ આચરીને, અનેક રીતે કર્મોને, પાતળાં પાડી નાખ્યાં હતાં. એકવાર ચંપાનગરીમાં જૈનાચાર્ય પધાર્યા. સુભદ્રાસતીએ વ્યાખ્યાન સાંભળ્યું. સંસારની અસારતા વિષય-કષાયોની દુષ્ટતા સાંભળી.

**अपारे संसारे कथमपि समासाद्य नृभवं, न धर्मं यः कुर्याद् विषयसुखतृष्णातरलितः**
**ब्रुडन् पारावारे प्रवरमपहाय प्रवहणं, स मुख्यो मूर्खाणा मुपल मुपलब्धुं प्रयतते ॥**

**અર્થ :** જેમ મોટા સમુદ્રના મધ્યમાં વહાણ નાશ પામ્યું હોય. તેવા સમયે માણસો ચારે બાજુ ચક્ષુ ફેરવે ત્યારે. કાંઠો કયાંય દેખાતો નથી. તેમ આપણા આ જીવ માટે ચાર ગતિ. છકાય ચોરાશી લાખ યોનિમાં, તથા જન્મ-રોગ-શોક-વિયોગ-ક્ષુધા -તૃષ્ણા આજીવિકાનો અભાવ, ઘડપણ પરાભવ-અનાદર આવા આવા ન ગણાવી શકાય તેટલાં દુઃખોથી ત્રણે કાળ ભરેલા છે.

આવાં સંસારમાં વખતે મનુષ્ય જન્મરૂપ કિનારાવાળા સમુદ્રમાં, ધર્મ કરવાની બધી સગવડો સામે જણાતી હોય, ધર્મરત્નત્રયીની આરાધનારૂપ વહાણો દેખાતાં હોય છતાં વહાણને પાસે ઊભેલાને જોઇને પણ જીવ ધર્મરૂપ વહાણમાં બેસતો નથી. પરંતુ, સંસાર તરવા સુખ મેળવવા સારૂ જેમ કોઈ સમુદ્રને તરવા સારુ પથ્થરને શોધવા ફાંફાં લગાવે, તેમ વિષયોના સુખરૂપ તૃષ્ણામાં તરબોળ બનેલા જીવો ધર્મરૂપ નૌકાની સામું પણ જોતા નથી. પરંતુ વિષયસુખરૂપ પથ્થરને શોધે છે. માટે તેવાઓ ખરેખર મૂર્ખાઓના અગ્રેસર છે.

**પ્રશ્ન :** આટલી હદના જાણકાર, ટેકીલા. પ્રાણના નાશથી પણ ડર્યા વગર, ધર્મને નહીં છોડનારા, સ્વ-આચરણથી દેવતાઓને પણ વશ કરનારા મહાપુરુષો, પહેલાથી જ દીક્ષા કેમ નહીં લેતા હોય ?

**ઉત્તર :** જીવમાં બાર કષાયનો ક્ષય-ક્ષયોપશમ ન થાય, ત્યાં સુધી ભાવચારિત્ર જીવો પામતા નથી.

શ્રીમતી સુભદ્રા સતીએ સુગુરુનો ઉપદેશ સાંભળીને દીક્ષા લીધી. ઉત્તમ ગુરુણીજીની નિશ્રામાં નિરતિચાર ચારિત્ર આરાધીને આઠે કર્મનો ક્ષય કરીને, કેવલજ્ઞાન કેવલદર્શન પામી, સાદિઅનંત ભાંગે મોક્ષનાં સુખ ભોગવવા પહોંચી ગયા.

**ઇતિ ધર્મદ્વેષ અને ધર્મની કસોટી અંગે સતી સુભદ્રાની કથા સંપૂર્ણ.**

**અહીં વડીલોની આજ્ઞા પાળનાર દશરથ રાજાના પુત્રોની કથા લખું છું.**

આ ભરતક્ષેત્રમાં સર્વનગરીમાં શ્રેષ્ઠતર અયોધ્યા નામે નગરી આવેલી છે. તેમાં સૂર્યવંશાન્વયી દશરથ નામના મહારાજા રાજ્ય કરે છે. તેમને ગુણવતી, રૂપવતી, શીલવતી અને અનેક કલાગુણશાલની કૌશલ્યા, સુમિત્રા, કૈકેયી, સુપ્રભા નામની ચાર મહા પટ્ટરાણીઓ હતી. અને આ ચારે મહાસતીઓની કુક્ષિસૂક્તિમાંથી મહામૂલ્ય રત્ન જેવા રામ (પદ્મ), લક્ષ્મણ (વાસુદેવ), ભરત અને શત્રુઘ્ન એમ ચાર પુત્રો થયા હતા.

**પ્રશ્ન :** શાસ્ત્રોમાં વર્ણન આવે છે કે, ભરતક્ષેત્રના દક્ષિણાર્દ્ધમાં, મધ્યખંડમાં પણ ચારે દિશાથી સાવ મધ્યમાં અષ્ટાપદ મહાતીર્થની પશ્ચિમે, સાવ લગોલગ, ગિરનાર જૂનાગઢની માફક, શ્રી ભરતચક્રીની અયોધ્યા નગરી વસેલી હતી અને વર્તમાન અયોધ્યા નગરી પાસે અષ્ટાપદ પર્વત નથી તેનું કેમ ?

**ઉત્તર :** ભરત મહારાજાની અયોધ્યાનગરી ત્રીજા આરામાં હતી. ઋષભદેવ સ્વામીના મોક્ષગમન પછી ૮૯ પખવાડિયાં = ત્રણ વર્ષ ને સાડાઆઠ માસ ગયા પછી ચોથો આરો બેઠો હતો. આ ચોથા આરાનો અર્ધો કાળ, ૫૦ લાખ કોટિ સાગરોપમ કાળ ગયા પછી, બીજા તીર્થંકર અજિતનાથ સ્વામી અને સગરનામા બીજા ચક્રવર્તી થયા હતા. તેઓ પણ અયોધ્યા નગરીના રાજવી હતા.

પરંતુ તેમની અયોધ્યા પણ નવી વસેલી જ હશે, કારણ કે સગરચક્રવર્તીના ૬૦ હજાર પુત્રો અષ્ટાપદની યાત્રા કરવા ગયા હતા. તેમણે ભરત મહારાજાનું કરાવેલું, તદ્દન સુવર્ણનું જિનાલય જોયું. તેમાં ૨૪ જિનેશ્વર દેવોની રત્નમય પ્રતિમાનાં દર્શન, વંદન, સ્તવના કરી, ભાવના ભાવી બહાર આવ્યા.

વિચાર થયો, હવે પછીના પડતા કાળમાં, આવું સુવર્ણમય જિનાલય અને રત્નમય પ્રતિમાજી, રક્ષણનો અભાવ થાય તો, સચવાઈ રહેવી મુશ્કેલ ગણાય. માટે સર્વકાલીન ભય નિવારવા માટે આ ૩૨ કોશ ઊંચા પહાડના આઠ પગથિયાં બનાવવાં અને ગંગા નદીમાંથી, નહેર લાવીને અષ્ટાપદની બધી બાજુ ખાઈ બનાવવી, પાણીથી ભરી નાખવી. આમ કરવાથી તીર્થ નિર્ભય ટકી રહેશે અને તેમણે તે વિચારો અમલમાં મૂક્યા. દેવો-વિદ્યાધરો યા લબ્ધિધારી મુનિવરો સિવાય જનારા લોકોનું ગમનાગમન સદાને માટે બંધ થયું.

આ પ્રમાણેની સગરચક્રવર્તીના પુત્રોની યાત્રાગમનની પ્રસિદ્ધ હકીકત, તથા ગંગા નદીની નહેર વડે, અષ્ટાપદની ચારે બાજુની ખાઈને પાણીથી ભરી નાખ્યાની પણ જૈનશાસનની શાસ્ત્રોમાં સંગ્રહાયેલી સત્ય ઘટનાથી ચોક્કસ કરી શકાય છે કે, ભરતરાજા પછી ૫૦ લાખક્રોડ સાગરોપમ કાળનું અંતર થવાથી, અયોધ્યાનગરીને પોતાનું સ્થાન બદલવું પડયું હોય? અને સગરચક્રી તથા અજિતનાથ સ્વામીની અયોધ્યા જુદી હોય તે યુક્તિ સંગત લાગે છે.

ત્યાર પછી ત્રીસ ને દસ, ચાલીસ લાખ કોટિ સાગરોપમે, અભિનંદનસ્વામી ભગવાન થયા છે. તેમની નગરી પણ અયોધ્યા જ હતી. અને ત્યાર પછી, નવલાખ કોટિ સાગરોપમે, પાંચમા સુમતિનાથ સ્વામી પણ, અયોધ્યા નગરીના જ રાજવી હતા. અને (એક કોટાકોટ સાગરોપમ જેવડા ચોથા આરાના માત્ર સાત જ સાગરોપમ બાકી હતા ત્યારે) ચૌદમા જિનેશ્વરદેવ અનંતનાથ સ્વામીની રાજધાની યાને જન્મનગરી પણ અયોધ્યા જ હતી.

આ બધાનો નિચોડ એ જ છે કે, જેમ શ્રેણિકના મરણ પછી રાજગૃહી ભાંગ્યું અને ચંપાનગરી નવી વસી અને કોણિકના મરણ પછી મગધની રાજધાની ચંપા પણ ભાંગી અને રાજા ઉદાયીએ પાટલીપુત્ર (આજનું પટણા) વસાવ્યું, તેમ કાળાન્તરે અયોધ્યાનું નામ કાયમ રહેવા છતાં, ઠામ બદલો ચોક્કસ થતો રહ્યો હોય. આ વાત યુક્તિથી સમજાય તેવી હોવાથી વર્તમાન અયોધ્યાને, દશરથ રાજાના પૂર્વજોની વસાવેલી અને રામલક્ષ્મણના વંશપરંપરાની માનવામાં આવે તો, અયોધ્યાની જોડે અષ્ટાપદતીર્થ કેમ નથી ? આ પ્રશ્નનું નિરાકરણ થઈ જાય છે.

**પ્રશ્ન :** અષ્ટાપદતીર્થ માટે ઘણા લોકો હમણાં પણ જિજ્ઞાસુવૃત્તિ ધરાવે છે. ઘણા મહાશયો પોતાની સમજણ અનુસાર ઉત્તરો આપે છે. લેખો લખે છે. આ બધાની વાતોને ધ્યાનમાં રાખી જૈન આગમાનુસારી ખુલાસો થવા જરૂરી છે એમ નથી લાગતું ?

**ઉત્તર :** ભરતક્ષેત્રની વચ્ચોવચ અને પૂર્વ પશ્ચિમ લવણ સમુદ્ર પાસેની જંબુદ્વીપની જગતી સુધીનો લંબાઈવાળો વૈતાઢયનામા શાશ્વત પર્વત પડેલો છે. વૈતાઢય પર્વતના કારણે ઉત્તર દક્ષિણ બે ભાગ થયા છે. તથા ભરતક્ષેત્રની સીમા સમાન, ભરતક્ષેત્રની ઉત્તરે, ભરતક્ષેત્રના ભરતક્ષેત્રથી, બમણી પહોળાઈવાળો, ચુલ્લ હિમવંત નામે પર્વત આવેલો છે. તેની ઉપર લંબાઈમાં એક હજાર યોજન લંબાઈવાળો પદ્મનામા પાણીનો મોટો દ્રહ બનેલો છે.

તેના પૂર્વ છેડામાંથી પાણીનો ધોધમાર મોટો પ્રવાહ નીકળે છે. તે પૂર્વ તરફ કેટલોક વહીને, ભરતક્ષેત્રમાં પછડાય છે. તેનું નામ ગંગાનદી કહેવાય છે. તે નદી ઉત્તર ભરતક્ષેત્રમાં વહીને, ઉત્તરોત્તર વૃદ્ધિને પામતી, વૈતાઢય પર્વતને ભેદીને, દક્ષિણ ભારતમાં વહીને, નાની મોટી ચોરાસી હજાર નદીઓને પોતાના પ્રવાહમાં ભેળવીને, જંબુદ્વીપની જગતીમાં ગરનાળું પાડીને, લવણ સમુદ્રના દક્ષિણ દિશાના પ્રવાહમાં ભળી જાય છે.

ગંગાની પેઠે, પદ્મદ્રહના પશ્ચિમ છેડેથી, પાણીનો ધોધમાર બીજો પ્રવાહ નીકળે છે. તે પણ ચુલ્લહિમવંતની ઉપરની સપાટી ઉપર કેટલાક યોજન વહીને, ભરતક્ષેત્રમાં પછડાય છે. તેનું નામ સિંધુ નદી કહેવાય છે. તે પણ ગંગા નદીની પેઠે ઉત્તર ભરતમાં વહીને, ગંગા

નદીની પેઠે, ઉત્તરોત્તર વૃદ્ધિને પામતી, વૈતાઢ્ય પર્વતને ભેદીને, દક્ષિણ ભરતમાં વહીને, તે પણ નાની મોટી ચોરાસી હજાર નદીઓને પોતાના પ્રવાહમાં ભેળવીને, જંબુદ્વીપની જગતી (કિલ્લો)માં ગરનાળું પાડીને, લવણ સમુદ્રના દક્ષિણ દિશાના કિનારાના પ્રવાહમાં મળી જાય છે.

ભરતક્ષેત્રમાં વૈતાઢ્ય પર્વતના કારણે બે ટુકડા (ખંડ) બન્યા પછી પૂર્વ–પશ્ચિમ ચાલતી ગંગા અને સિંધુ નદીઓના મોટા અને વિસ્તારવાળા પ્રવાહના કારણે, ઉત્તર અને દક્ષિણ ભરતક્ષેત્રના છ ટુકડા (ખંડો બની ગયા) થયા છે. આ છ ખંડો પૈકી દક્ષિણાર્દ્ધ ભરત ક્ષેત્રમાં પણ મધ્ય–ખંડમાં જ, પાંચ હજારથી પણ વધારે દેશો હોવા છતાં, ફક્ત સાડીપચ્ચીસ દેશોમાં જ ૬૩ શલાકા–પુરુષો જન્મે છે. તથા જ્ઞાન–દર્શન–ચારિત્રની ઉત્પત્તિ અને વૃદ્ધિ પણ આ સાડીપચ્ચીસ દેશોમાં જ થાય છે. ધર્મ અને તીર્થો તથા જીવદયા પણ આટલા દેશોમાં જ ફેલાય છે, ટકી રહે છે.

ભરતક્ષેત્રના ઉત્તર દક્ષિણ ૫૨૬/૬ પહોળાઈમાંથી ૫૦ યોજન વૈતાઢ્ય પર્વતનાં બાદ થવાથી, ૪૭૬/૬ પહોળાઈના બે સરખા ભાગ પડવાથી ૨૩૮ યોજન અને ૩ કલાનો એક એક ઉત્તર–દક્ષિણ ભરતક્ષેત્રનો વિસ્તાર આવે છે.

અહીં દક્ષિણાર્દ્ધ ભરતક્ષેત્રના સંપૂર્ણ મધ્યમાં ૧૧૪/૧૪ યોજન વૈતાઢ્ય પર્વતની દક્ષિણે, અને જંબુદ્વીપની જગતીની ઉત્તરે, નવ યોજન વિસ્તારવાળી, અને પૂર્વ–પશ્ચિમ બાર યોજન લંબાઈવાળી, ભરત ચક્રવર્તીની અયોધ્યા નગરી હતી. તેની પૂર્વ દિશામાં મધ્ય ખંડના મધ્યમાં, શત્રુંજય મહાતીર્થથી પૂર્વ દિશામાં એક લાખ પંચાસી હજાર ગાઉના અંતરે અષ્ટાપદ પર્વત આવેલો છે.

**પ્રશ્ન :** જો આટલો બધો અષ્ટાપદ પર્વત દૂર આવેલો હોય, અને વચમાં ગંગા નદીની ખાઈ ભરેલી હોય તો ગૌતમસ્વામી ત્યાં કેવી રીતે જઈ શકે? તે વખતે ભગવાન મહાવીર સ્વામી ક્યાં વિચરતા હતા?

**ઉત્તર :** ગૌતમસ્વામી પ્રભુજીની આજ્ઞા પામીને, ચંપાપુરીથી અષ્ટાપદ તીર્થે ગયા હતા.

**પ્રશ્ન :** ચંપાપુરીથી અષ્ટાપદ તીર્થ કેટલું દૂર થાય?

**ઉત્તર :** ઉત્સેધ આંગુલના માપે લગભગ ૪૦ હજાર યોજન અને ૧ લાખ ૬૦ હજારથી પણ વધારે ગાઉ ચંપાપુરી અને અષ્ટાપદ પર્વતનું આંતરુ જાણવું.

**પ્રશ્ન :** ગૌતમ સ્વામી આટલા દૂર પ્રદેશમાં તદ્દન થોડા વખતમાં કેવી રીતે ગયા અને આવ્યા?

**ઉત્તર :** ચારણલબ્ધિથી ગયા અને આવ્યા જાણવા. એટલે કાળનો પ્રશ્ન રહે નહીં.

**પ્રશ્ન :** ૧૫૦૩ તાપસો કેવી રીતે આવ્યા?

**ઉત્તર :** તેમને પણ ગૌતમ સ્વામી પોતાની લબ્ધિથી લાવ્યા હશે એમ સમજવું. ઈતિ નેમિચંદ્રસૂરિનું ૧૧૪૧ માં બનાવેલ મહાવીર ચરિયં ગાથા ૧૭૭૩ થી ૧૭૮૦. ભાવાર્થ–આ હકીકત ઉપરના ગ્રન્થમાં આ પ્રમાણે બતાવી છે.

**પ્રશ્ન :** ભરતક્ષેત્રની લંબાઈ પહોળાઈ કેટલી બતાવી છે ?

**ઉત્તર :** ભરતક્ષેત્ર વગેરે ત્રણ કર્મભૂમિ અને ચાર યુગાલક ક્ષેત્રોની તથા છ વર્ષધર પર્વતોની પહોળાઈ, ઉત્તર દક્ષિણથી લેવાઈ છે. તેથી જંબુદ્વીપનો ૧૯૦–એકસોનેવુમો ભાગ ભરતક્ષેત્ર કે ઐરવતક્ષેત્રનું માપ ૫૨૬$\frac{૬}{૧૯}$ ભાગનું સમજવું. અને પૂર્વ–પશ્ચિમ લવણ સમુદ્ર સુધીની લંબાઈ હોવાથી ચૂલ્લહિમવંત પર્વતની તદ્દન પાસે ભરતક્ષેત્ર ઐરવતક્ષેત્રોની લંબાઈ ૧૪૪૭૧–૫ ચૌદહજાર ચારસો ઈકોતેર યોજન અને $\frac{૫}{૧૯}$ એક યોજનના પાંચ ઓગણીશાંશ ભાગ જેટલી શાસ્ત્રોમાં બતાવી છે.

**પ્રશ્ન :** ભરતક્ષેત્રની ઉત્તર દાક્ષણ પહોળાઇ–વૈતાઢ્ય પર્વતની બે બાજુ ૨૩૮ યોજનથી ઝાઝેરી બતાવી છે. તેના ગાઉ કરાય તો ૯૫૨ ઝાઝેરા ગાઉ થાય, અને ૧૯૦૪ માઇલ ઝાઝેરો વિસ્તાર થાય તો વૈતાઢ્ય કેમ જણાય નહીં. અને દક્ષિણ દિશામાં હજારો માઈલનું માપ–સાક્ષાત્ જણાય છે તો આ શાસ્ત્રીય માપ કેમ ઘટી શકે ?

**ઉત્તર :** મહાનુભાવ ! શાસ્ત્રોમાં માપના ત્રણ પ્રકાર બતાવ્યા છે. પ્રમાણાંગુલ, બીજું આત્માંગુલ, ત્રીજું ઉત્સેધાંગુલ. આપણાં બધાં ચાલુ માપોને શાસ્રમાં ઉત્સેધાંગુલ–નામ આપ્યું છે. ક્ષેત્રો–વર્ષધરો–દ્વીપો–સમુદ્રો–નરકાવાસ–દેવના વસવાટ સ્થાનોને પ્રમાણાંગુલથી મપાય છે. અને સમવસરણો–નગરીઓ વગેરેનાં માપો તે તે વખતના મુખ્ય પુરુષોના શરીરના અંગુલના માપ અનુસાર થાય છે તે આત્માંગુલ કહેવાય છે.

દાખલા તરીકે ભરત મહારાજાની અયોધ્યા, ૧૨ યોજન લાંબી, ૯ યોજન પહોળી હતી, તે તેમના ૫૦૦ ધનુષ્યના શરીરના માપ પ્રમાણે, યોજન સમજી લંબાઈ–પહોળાઈ સમજવી, તથા કૃષ્ણ વાસુદેવની દ્વારકા પણ ૧૨ યોજન લાંબી નવ યોજન પહોળી હતી, તો તે તેમના ૧૦ ધનુષ્ય શરીરના માપે સમજીને લંબાઈ–પહોળાઈ વિચારવી. એટલે–બાર યોજન–અને નવ યોજન લખેલું હોવા છતાં અયોધ્યા થકી દ્વારિકા પચાસમા ભાગે નાની સમજવી.

અને આ વખતના આપણા સર્વનું શરીર ૧ ધનુષ્યનું હોવાથી આપણા માપે દશગુણી દ્વારિકા લાંબી પહોળી સમજવી.

**દશરથ રાજાના કુટુંબના વર્ણનનો પ્રારંભ :** મહારાજા દશરથે એક વાર વિધિસહિત શાન્તિસ્નાત્ર ભણાવ્યું હતું. અને મહામંગલકારી સર્વવિઘ્નનાશક સ્નાત્રજલની કચોળીઓ ભરીને, રાણીવાસમાં રવાના કરી. ચારે મહારાણીઓમાં કૌશલ્યાદેવી (રામમાતા) મુખ્ય પટરાણી હોવાથી એક ઘરડા કંચુકી સાથે સ્નાત્રજલ સૌ પ્રથમ મોકલાવ્યું હતું.

બીજી ત્રણ દેવીઓને, દાસીઓના હાથમાં, વાટકીઓ આપી રવાના કરી, દાસીઓ બધી જુવતીઓ–નાની વયની હોવાથી શીઘ્રતાથી ત્રણે રાણીઓ પાસે પહોંચી ગઈ, અને

સ્નાત્ર જલ મહારાણીઓના હાથમાં મૂકયું. ચારે રાણીઓના મહેલો તદ્દન લગોલગ હતા. સ્નાત્ર જલ આવ્યું અને મસ્તકે ચડાવ્યું, તેના હર્ષાતિરેકના જયજયકાર શબ્દોના અવાજો થયા.

અપરાજિતા ( કૌશલ્યાદેવી ) પોતાની ત્રણ બહેનોના ઘેર સ્નાત્ર જલ આવ્યું, અને પોતાને ઘેર ન આવ્યાથી, પોતાને સ્વામીના અપમાનની કલ્પના આવી અને તે કારણે તત્કાલ—આત્મઘાત કરવાનું દુર્ધ્યાન શરૂ થયું, અને ગળે ફાંસો ખાવાની તૈયારી પણ થઈ ગઈ.

તેટલામાં મહારાજા દશરથ, મહાદેવી કૌશલ્યાજીના મહેલે આવ્યા. દેવીની આવી આત્મઘાતની તૈયારી જોઈ, રાજાને આશ્ચર્ય થયું. દેવીને કારણ પૂછયું. સ્નાત્ર જલ ન આવવાથી પોતાને મળેલા અપમાનના કારણે થયેલા દુર્ધ્યાનનો ખુલાસો કર્યો.

તેટલામાં ઘરડો કંચુકી, સોનાનું મોટું ભાજન હાથમાં લઈને આવ્યો. મહાદેવીને સ્નાત્ર જળની ભેટ ધરીને, હાથ જોડી ઉભો રહ્યો. મહારાજા દશરથે, મોડા આવવાનું કારણ પૂછયું.

**દશરાજાનો પ્રશ્ન :** બધી દાસીઓ પહેલાં, તને સ્નાત્ર જલ ભરેલું ભાજન આપીને રવાના કર્યો હતો. છતાં પાછળ કેમ રહ્યો? આટલું મોડું કેમ થયું?

**કંચુકીનો ઉત્તર :** મહારાજા માફ કરજો. હું હવે ખૂબ વૃદ્ધ થયો છું. હું હવે ત્વરાથી ચાલી શકતો નથી. કોઈ કામ જલદી થઈ શકતું નથી. માટે આવી ઢીલાશ થઈ છે.

મહારાજા દશરથે, તેને જીવે ત્યાં સુધીનો ગ્રાસ બાંધી આપ્યો, અને હવે કામ ઉપર આવવાની મનાઈ ફરમાવી. પરંતુ પોતાને બોધપાઠ લેવાની તક મળી. અહો ધિક્કાર છે આ સંસારને! બિચારા ગરીબો, કેવળ આજીવિકા માટે, મરવાની છેલ્લી ઘડી સુધી, નોકરી મજૂરી કરે છે અને નિર્દય એવા અમારા જેવા રાજા મહારાજાઓ અને લક્ષ્મીધરો આવા વૃદ્ધો પાસે પણ કામ કરાવે છે. કહ્યું છે કે—કેશવ કવિ—

"ચાકરી કેવી આકરી છે તે, જાણી શકે શું શેઠ?
દુઃખ દબાણ સમજે છે ત્યારે, હોય દબાણો હેઠ,
આવે જબ હેઠળ જ્યારે, સાચું સમજાય છે ત્યારે." ॥૧॥

"દુઃખીઆ નરનું દુઃખ કોને છે, કોઈ સુણે નહીં વાત,
એક સાંધે ત્યાં તેર તૂટે છે, દોડી મરે દિન રાત,
ધનિકને થાય ન પીડા, કરે કલ્લોલમાં ક્રીડા." ॥૨॥

તથા વળી "દુખિયાનું દુઃખ દુઃખિયા જાણે, સુખિયા કાને બહેરા,
કોઈક આવી દુઃખ પુકારે, વિકરાળ બનાવે ચહેરા." ॥૧॥

વળી દશરથ રાજા વિચાર કરે છે, અહો! આ સંસારની વિચિત્રતા કેવી છે? બાળક જન્મે છે, અને રમતગમતમાં સમય બરબાદ કરે છે. પછી યુવાન થાય છે. તેને પ્રથમ ધન

કમાવાની, અને લાગોલગ પત્ની (બાળા હોય તો પતિને) મેળવવાની ઇચ્છા, અને વિચારમાળા શરૂ થાય છે. કેટલાંક વર્ષો જતાં પોતે પિતા બને છે. ઘણાં સંતાનો થાય છે. તેમનો નિર્વાહ અને તૈયાર કરવા, પૈસા, મુકામ, રાચરચીલું, વસ્રો, વરાવવાના વિચારોમાં, જીવન વેડફાઈ જાય છે. પછી છોકરાઓનું રાજ્ય થાય છે. પોતે બૂઢાબૂઢી થઈ, પાળી, ઉછેરીને વાવેલા બાવળિયા જેવા સંતાનો, માતાપિતાને સુખ નહીં પણ દુઃખ આપે છે. કહ્યું છે કે:

**बालस्तावत् क्रीडासक्तः तरुणस्तावत् तरुणीरक्तः ।**
**वृद्धस्तावत् चिन्तामग्नः पारेब्रह्मणि कोपि न लग्नः ॥ १ ॥**

**અર્થ :** બાલકાદિ બધી વયના જીવો કેવળ સુખને જુએ છે. પરંતુ આયુષ્યનો નાશ અને ધર્મ કમાવાની તક ચાલી જતીને વિચારતા નથી. જગતના જીવોમાં જન્મ, રોગ, શોક, વિયોગ, ઘડપણ, અને મરણ; આ છ ભયંકર શત્રુઓ ચારે ગતિમાં પ્રાણી માત્રની પછવાડે પડેલા છે. સુખ અને આનંદને ઝૂંટવીને દુઃખ તથા વિષાદ, અફસોસ, ખેદ આપી કર્મનો બંધ કરાવી, ચાર ગતિ ચોરાશી લાખ યોનિમાં રખડાવે છે.

પરંતુ અજ્ઞાનથી અંધ બનેલા અથવા મૂર્ખપણાથી મૌંડ બનેલા, જગતના જીવોને, ભૂતકાળમાં ગુમાવેલો અનંતો, દુઃખમય કાળ દેખાતો જ નથી. અને ભવિષ્યમાં આવનારી પશુ અને નરકગતિની પરતંત્રતા અને મહાભયંકર વિટંબણાઓ–આપત્તિઓ માટે, ખ્યાલ જ આવતો નથી. વળી જીવોને વધારે જીવવાના, મેળવવાના, આરોગ્યના વિચારો આવે છે, પરંતુ મરવાના કે રોગાદિના વિચારો આવતા નથી. જ્ઞાનીઓ કહે છે કે—

**सद्भोगलीला, नच रोगकीला, धनागमो नो निधनागमश्च ।**
**दारा न कारा नरकस्य चित्ते व्यचिंति नित्यं मयका धमेन ॥ १ ॥**

**અર્થ :** મેં ભોગ સારા ચિન્તવ્યા, પણ રોગ સમ ચિન્તવ્યા નહીં,
આગમન ઇચ્છયું ધન તણું–પણ, મૃત્યુને પૃચ્છયું નહીં,
નહિ ચિન્તવ્યું મેં નરક કારાગૃહ સમી છે નારીઓ,
મધુબિંદુની આશા મહીં, ભયમાત્રને ભૂલી ગયો.

—શામજી માસ્તર

"આયુષ ઘટતું જાય છે, જેમ વેગ સરિતા નીરનો,
આંખો ઉઘાડી જોઈ લ્યો, ભય મોટકો યમ વીરનો,
કવળ કીધા ઘણા તેણે, નૃપો અને ધનવાનના,
સાથે ન આવ્યા હેમ ચાંદી, રાશિઓ ધનવાનના." ॥ ૧ ॥

ચરણ વિજય

પ્રાણી વિચાર વિલંબ કરી કરી, કામ ઘણાં કરવા ઉરધારે,
આયુષ આમ તમામ જશે વહી, કરવા યોગ્ય ધર્મ કદી ન વિચારે,

જાવું પડે પછી રાત પ્રભાત, જમાત મલે જમદૂતની જ્યારે.
કામ ભલાં દલપત કહે કર, જે કરે તે કર આજ અત્યારે. ॥ ૨ ॥

તજી મંદિર માળિયાં, ગોખ મેડી, તજી બાગ ને બંગલા પ્રૌઢ પેઢી,
સ્મશાને સુકા કાષ્ટમાં વાસ લેવો, અરે આવશે એક તો દિન એવો. ॥ ૧ ॥

ઘણી ઘેર સેના ઘણા હાથી ઘોડા, ઘણા શોભિતા ને ધવળ બેલ જોડા,
ઘડીમાં થશે સ્વપ્નના સાજ જેવો, અરે આવશે એક તો દિન એવો. ॥ ૨ ॥

હશો ગામમાં સીમમાં કે કૃષિમાં, હશો ખેદમાં કેદમાં કે ખુશીમાં,
કહો કોણ જાણે હશે કાળ કેવો, અરે આવશે એક તો દિન એવો. ॥ ૩ ॥

નહીં આગળે કાગળેથી જણાવે, નહીં કોઈ સાથે સંદેશો કહાવે,
અજાણ્યો અકસ્માત આશ્ચર્ય જેવો, અરે આવશે એક તો દિન એવો. ॥ ૪ ॥

પૂરાં થઈ ગયાં તે થયાં કામ પૂરાં, અધૂરાં રહ્યાં તે રહી ગયાં અધૂરાં.
તડાકો તમે જાણજો તોપ જેવો, અરે આવશે એક તો દિન એવો. ॥ ૫ ॥

કવિ મનસુખલાલ ડાહ્યાભાઈ

"જિનવાણીને સાંભળી, ચિત્તમાં કરે વિચાર, ભાવે બારે ભાવના, પામે ભવનો પાર."૧

મહારાજા દશરથ પરંપરાગત જૈન હતા. તેમની પરંપરાના રાજવીઓ મોટા ભાગે પ્રાયઃ દીક્ષિત બની, નિરતિચાર આરાધી કેટલાક મોક્ષગામી બન્યા છે. તેથી દશરથ રાજાને પણ કંચુકીની વૃદ્ધાવસ્થા જોઈ વૈરાગ્ય થયો. દીક્ષા લેવાની ભાવના જાગી.

**પ્રશ્ન** : દશરથ રાજાને, અન્ય દર્શનકારોએ અજૈન માન્યા છે. તેમણે યજ્ઞ કરવા આદરેલું કાર્ય પૂર્ણ ન થયું અને અકસ્માત મરણ થયું. તેમની વડીલોની પરંપરા પણ નીચે મુજબ બતાવી છે. બ્રહ્માનો પુત્ર સૂર્ય, સૂર્યનો પુત્ર મનુ, મનુનો પુત્ર દીલપ, દીલિપનો પુત્ર રઘુ, રઘુનો પુત્ર અજ, અજનો પુત્ર દશરથ. દશરથના પુત્રો રામ–લક્ષ્મણ–ભરત–શત્રુઘ્ન બતાવ્યા છે. કેમ આ બરાબર નથી ?

**ઉત્તર** : જેટલાં વર્ણનો પરસ્પરના વિચારોથી ખોટાં ઠરે અથવા સંશયવાળાં બને તેને બરાબર કેમ કહેવાય ? તેમના શાસ્ત્રોમાં વિષ્ણુ ભગવાનના દશ અવતારો બતાવ્યા છે. તે નીચે પ્રમાણે છે.

૧ શંખાસુરનો નાશ કરવા માટે વિષ્ણુ ભગવાને મચ્છનો અવતાર લીધો.

૨ કૈટભાસુરનો નાશ કરવા માટે ,, કાચબાનો ,,

૩ હિરણ્યકશિપુનો નાશ કરવા વિષ્ણુ ભગવાને નરસિંહનો અવતાર લીધો.

૪ ઘણા દાનવોનો નાશ કરવા ,, ભુંડ=વરાહનો અવતાર લીધો.

૫ બાલરાજાનો નાશ કરવા (પાતાળમાં ચાંપ્યો) ભગવાને વામનનો અવતાર લીધો.

૬ સહસ્રાર્જુનનો નાશ કરવા ભગવાને પરશુરામનો અવતાર લીધો.

૭ રાવણ રાજાનો નાશ કરવા ભગવાને રામાવતાર ધારણ કર્યો.

૮ જરાસંઘ રાજાનો ,, ,, કૃષ્ણાવતાર ધારણ કર્યો.

૯ મ્લેચ્છકુલમાં બુદ્ધનો અવતાર.

૧૦ કલકીનો અવતાર. પિતા બ્રાહ્મણ. માતા ચાંડાલણી.

કલ્કી જન્મીને સર્વને એકાકાર બનાવી, ઘણા અનાચારો ફેલાવશે.

અહીં વાંચનારને ઘણા ઘણા વિચારો ઉત્પન્ન થાય એવું છે. આ સમગ્ર વિષયને અમે બીજા પ્રકરણમાં વિસ્તારથી ચર્ચવાના છીએ. એટલે પ્રત્યેક મુદ્દાઓને જતા કરીને, માત્ર આ સ્થાને કાળનો વિચાર કરીને ઉપરની શંકાનું સમાધાન કરીશું.

વાચક ઉપરના દશ અવતારોમાં રામાવતાર સાતમો જોઈ શકે છે. અને આની પહેલાં પરશુરામ વિગેરે છ અવતારો પણ વિષ્ણુ ભગવાને લીધાનું વર્ણન આવે છે. બુદ્ધ ભગવાન સુધીના નવ અવતારો થઈ ગયા છે. અને દશમો કલ્કીનો અવતાર બાકી છે. આ બધા અવતારો જોતાં સંસારનો પ્રારંભ અને સમાપ્તિ કાળ તદ્દન નાનો જ લાગે છે.

તથા મહારાજા રામચંદ્રની, બ્રહ્માથી પરંપરા ગણતાં આઠ જ નામ આવે છે. એટલે રામચંદ્રથી બ્રહ્મા સુધી આઠ નામે પહોંચતાં, સંસારનું આદ્દ બીજ બ્રહ્માનું નામ આવે છે. તો પછી તેની પહેલાં છ અવતારો ચાલુ સૃષ્ટિના કયા ભાગમાં, ગણી શકાય? વળી બ્રહ્માને પૂર્વજોમાં પહેલા લીધા છે. તેની પહેલાં મહારાજા રામચંદ્રના પૂર્વજો કોઈ હોય જ નહીં તો બ્રહ્માનો અવતાર કોના ઘેર થયો? પિતા કોણ? માતા કોણ? આ શંકા ઊભી થયા વિના કેમ રહે? એટલે પરસ્પર અસંબદ્ધ પૌરાણિક મહાશયોની માનેલી મહારાજા રામચંદ્રની પરંપરા બરાબર લાગતી નથી.

**પ્રશ્ન :** તો પછી જૈન પરંપરા કેવી રીતે છે તે બતાવશો?

**ઉત્તર :** જૈનશાસનમાં સર્વથા જગતનો નાશ માનવામાં આવ્યો નથી. જૈનશાસનમાં જગતનો કોઈ કર્તા માનવામાં આવ્યો જ નથી.

**પ્રશ્ન :** જો જગતને ઈશ્વરે બનાવ્યું જ નથી તો એમને એમ કેવી રીતે બની શકે?

**ઉત્તર :** આ જગતકર્તૃત્વવિષયક વિસ્તાર, અમે આગળ દેવ ગુરુ–ધર્મના સ્વરૂપ વર્ણનમાં બરાબર લખવાના હોવાથી, અહીં વિસ્તાર કરતા નથી. પરંતુ સમજવાનું એટલું જ કે જગત હતું જ નહીં તો પછી ઈશ્વર પોતે ક્યાં રહેતા હતા? ઈશ્વરને જગત બનાવવાનું શું કારણ? કૃત્યકૃત્ય બનેલા ઈશ્વરને આ જગત બનાવવાની ઉપાધમાં પડવાનું પ્રયોજન શું?

ઇશ્વરે જગત બનાવ્યા પહેલાં આ બધા જીવો ક્યાં રહેતા હતા? કેવી હાલતમાં હતા? આવા ઘણાં પ્રશ્નો ઉત્પન્ન થયા વિના રહેશે નહીં.

**પ્રશ્ન :** તો પછી જગતની વ્યવસ્થા કેવી છે તે ટુંકાણમાં સમજાવો.

**ઉત્તર :** આ સંસારમાં જીવ અને અજીવ બે મુખ્ય વસ્તુઓ છે. આ બે વસ્તુ અનાદિ અનંત છે. ક્યારે નહોતી એમ નથી અને ક્યારે પણ નહીં હોય આમ પણ નથી. સંસાર અનાદિ અનંત છે. તેમાં જીવો, ચારગતિ, પાંચજાતિ, છકાય–ચોરાસીલાખયોનિ વડે ચૌદ રાજલોક ઠાંસી ઠાંસીને ભરેલો છે. જીવો અનંતાનંત છે. અને જીવો થકી પુદ્ગલ પરમાણુઓ અનંતગુણા છે. જીવો અને પુદ્ગલોનો સંયોગ એનું નામ જ સંસાર છે.

**પ્રશ્ન :** જીવ સાથે કર્મનો અને કર્મના યોગે શરીરનો સંયોગ ક્યારે થયો?

**ઉત્તર :** જીવ અને કર્મનો સંયોગ, ખાણોમાં રહેલી માટી અને સુવર્ણ–તથા રત્નોના સમાગમ જેવો છે. મહાપુરુષ આનંદઘનજી કહે છે કે, **"કનકોપલવત પયડિ–પુરુષ તણી જોડી અનાદિ સ્વભાવ."**

**અર્થ :** સુવર્ણ અને પથ્થર જેમ સાથે રહેલાં છે, તે બેમાં પહેલું કોણ? એ નક્કી નથી, તથા તે બેને ભેગાં કોણે કર્યાં ક્યારે ભેગાં થયાં? તેનો કાળ અચોક્કસ છે. તેમ પ્રકૃતિ અને પુરુષ એટલે કર્મ અને આત્મા પણ અનાદ જ છે. અને જ્યાં સુધી આત્માને અન્ય એટલે કર્મ તથા શરીરનો સંયોગ છે, રહેવાનો છે, ત્યાં સુધી જીવ પણ સંસારી કહેવાય છે, અને દુઃખને ભોગવશે.

**પ્રશ્ન:** ધર્મ–જૈનધર્મ–ક્યારે શરૂ થયો?

**ઉત્તર :** અનંતાકાળથી ધર્મ ચાલુ છે જ.

**પ્રશ્ન :** કેટલાક કહે છે કે જૈનધર્મ મહાવીર સ્વામીએ જ ચાલુ કર્યો છે. આનો ઉત્તર શું?

**ઉત્તર :** ભગવાન મહાવીર સ્વામીના જન્મ પહેલાં, ૨૭૮ વર્ષે પાર્શ્વનાથ સ્વામી પણ મહાવીર પ્રભુ જેવા તીર્થંકર પ્રભુ થયા હતા. અને ૩૦ વર્ષ સંસારમાં રહી, દીક્ષા લઈ, ૮૪ દિવસે સર્વજ્ઞ પરમાત્મા થયા. ૭૦ વર્ષ સર્વજ્ઞપણે વિચર્યા. લાખો આત્માઓને જ્ઞાન–દર્શન ચારિત્રની પ્રભાવના કરી મોક્ષે પધાર્યા.

પાર્શ્વનાથ સ્વામી પહેલાં પણ ઋષભદેવ સ્વામી વગેરે ૨૨ જિનેશ્વર થયા છે. આ બધો વિસ્તાર અમે ત્રીજા દ્વારમાં વિગતવાર લખવાના છીએ.

**પ્રશ્ન :** ચોવીસ ભગવાનો થયા. એટલે પહેલા ભગવાન ઋષભદેવ સ્વામીથી જ જૈન ધર્મ શરૂ થયો. પહેલાં કોઈ કાળે જૈન ધર્મ હતો નહીં ને?

**ઉત્તર :** જેમ જીવ અને કર્મ અનાદ કાળથી ચાલુ છે, અને અનંતોકાળ ચાલુ રહેવાના છે, તેમ જૈન ધર્મ પણ અનંતાકાળથી ચાલુ છે. અનંતાનંત તીર્થંકરદેવો

થયા છે, અને અનંતાનંત તીર્થંકર દેવો થવાના છે. શ્રી જૈનશાસન અંગેની સાચી અંકોડાબંધ અને દલીલોથી પણ સમજાય તેવી, તમામ બાબતો અમે ત્રીજા દ્વારમાં સવિસ્તર જણાવવાના છીએ.

**પ્રશ્ન :** જૈન માન્યતા અનુસાર મહારાજા રામચંદ્રની પરંપરા બતાવી શકશો ?

**ઉત્તર :** આ સંસાર અનંતો વહી ગયો છે. અનંતા કાલચક્રો વડે એક પુદ્‌ગલ પરાવર્ત થાય છે. આવાં અનંતાં પુદ્‌ગલપરાવર્તો વહી ગયાં છે. એક કાલચક્રમાં, એક ઉત્સર્પિણી અને એક અવસર્પિણી બે પ્રકાર કાળમાનો બતાવ્યાં છે. આ કાળમાન ભરતક્ષેત્ર ઐરવતક્ષેત્ર બેમાં જ પ્રવર્તે છે.

અને ઉત્સર્પિણી–અવસર્પિણી બંનેના મળી ૨૦ કોટાકોટિ સાગરોપમ જેટલા કાલમાં ૧૮ કોટાકોટિ સાગરોપમ કાળમાં, ફક્ત યુગાલક મનુષ્યો જ હોય છે. જ્યાં કલ્પવૃક્ષદ્વારાજ, સર્વને દેવ જેવાં, નિરોગ અને નિર્ભય સુખો હોવા છતાં, શ્રી વીતરાગ પ્રણીત ધર્મની સમજણ કે આરાધના હોય નહીં.

અઢાર કોટાકોટિ સાગરોપમ કાળ પૂર્ણ થયા પછી, વર્તમાન ચોવીસીના પહેલા જિનેશ્વર દેવ શ્રીઋષભદેવસ્વામી ( નાભિકુલકરની ભાર્યા મરુદેવા સ્વામીનીની કુક્ષિથી ) નો જન્મ થયો હતો. અને તેમના પ્રથમ પુત્ર ભરત નામના ચક્રવર્તી થયા. તેમના પાટવીકુમાર સૂર્યયશા રાજા થયા. તેમની પરંપરામાં થયેલા રાજાઓ સૂર્યવંશી રાજાઓ તરીકે ઓળખાયા છે.

તથા ભગવાન શ્રીઋષભદેવસ્વામીના બીજા પુત્ર બાહુબાલ મહારાજ થયા. તેમના પહેલા પુત્ર ચંદ્રયશા રાજા થયા. તેમના વંશજો ચંદ્રવંશી રાજાઓ કહેવાયા. પાંડવો ચંદ્રવંશી રાજાઓ હતા. સૂર્યયશા રાજાના વંશમાં જ અજિતનાથ સ્વામી થયા. સૂર્યવંશમાં જ આ પ્રમાણે અસંખ્યાતા રાજાઓ થયા. જેમાં ચોથા અભિનંદન સ્વામી, પાંચમા સુમતિનાથ સ્વામી, ચૌદમા–અનંતનાથ સ્વામી, તીર્થંકરો થયા હતા. તેજ સૂર્યવંશમાં સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર થયા હતા. જેઓ શ્રી શાન્તિનાથસ્વામીની દેશના સાંભળી પ્રતિબોધ પામી, દીક્ષા લઈ, મોક્ષગામી થયા.

તેજ આ સૂર્યવંશમાં વળી અસંખ્યાતા રાજવી થઈ ગયે છતે, વીસમા મુનિસુવ્રત સ્વામીના તીર્થકાળનાં લગભગ ત્રણ લાખ વર્ષો ગયા પછી, અયોધ્યા નગરીમાં વિજય નામના રાજવી થયા. તેમની હેમચૂલા પટ્ટરાણીની કુક્ષિથી બે પુત્રો થયા. પહેલા વજ્રબાહુ અને બીજા પુરંદરકુમાર હતા. વજ્રબાહુ હસ્તિનાપુરના રાજા ઇભિવાહનની પુત્રી મનોરમાને પરણીને આવતા હતા. રસ્તામાં વસંત પર્વત નજીકમાં આવ્યા. વીતરાગના મુનિરાજને જોયા. વૈરાગી તો હતા જ.

મુનિરાજના દર્શન કરવા જાન ઊભી રાખી. મુનિરાજનાં વચનો સાંભળી વૈરાગ્ય પ્રગટ થયો અને તુરત પરણેલી પત્ની મનોરમા તથા ઉદયસુંદર સહિત ૨૫ સાળાઓ વગેરે સાથે દીક્ષા લીધી. નિરતિચાર આરાધી મોક્ષે ગયા.

આ બનાવ વિજય રાજાએ સાંભળ્યો. ખેદ ન થયો પરંતુ આનંદ પામ્યા. અને પોતે પણ નાના પુત્ર પુરંદરને રાજ્ય આપી દીક્ષા લીધી. પુરંદર રાજાએ પણ ધર્મ અને ન્યાયપૂર્ણ રાજ્ય ભોગવી, યુવાન વયમાં જ પોતાની પૃથ્વીદેવી રાણીના પુત્ર, કીર્તિધરને રાજ્ય આપી દીક્ષા લીધી.

**કીર્તિધરની કથા** : કીર્તિધર રાજા થયો. પરંતુ એના ચિત્તમાં પૂર્વજોના વૈરાગી વિચારો ગુંજારવ કર્યા જ કરતા હોવાથી, જ્યારે કોઈ જૈનાચાર્ય નગરના ઉદ્યાનમાં પધારે ત્યારે તેને દીક્ષા લેવાની ઇચ્છા થઈ જતી હતી. પ્રધાનો સમજાવતા હતા. સ્વામિન્! જ્યાં સુધી આપણા આ વિશાળ રાજ્યને સાચવી, સંભાળી, ટકાવી શકે તેવા, પુત્રનો જન્મ ન થાય, તેઓ રાજ્ય સંભાળવા જેટલી વય ન પામે, ત્યાં સુધી આપ દીક્ષા કેમ લઈ શકો ? આપના પૂર્વજોએ દીક્ષા જરૂર લીધી છે. પરંતુ રાજ્યને નિરાધાર મૂકીને નહીં.

દીક્ષા એ આત્માનો અપૂર્વ અભ્યુદય છે. મોક્ષના અર્થી જીવોને એ જ ગમે છે. પરંતુ રાજ્યને નિરાધાર મૂકવાથી, યોગ્ય રાજાના અભાવે મચ્છગળાગળન્યાય પ્રવર્તે. માટે થોડો વખત થોભી જાવ, અને પુત્ર થયા પછી દીક્ષા લેજો. કીર્તિધર રાજાની રાણી સહદેવી હતી. તેણી સતી હતી, ખૂબસુરત હતી. પરંતુ તેણી ઘણી વિલાસપ્રિય હતી. તેથી કીર્તિધર રાજાની દીક્ષાની વાતથી પણ, તેણીને શૂગ થતી હતી, ગુસ્સો આવતો હતો.

કીર્તિધર રાજાએ પ્રધાનમંડળનું માન સાચવ્યું. પુત્ર થયા પછી દીક્ષા લેવા નિર્ધાર કર્યો. થોડા સમય પછી સહદેવી રાણીને ગર્ભ રહ્યો. અતિ ઉત્તમ દોહલાઓ આવ્યા અને સન્માનપૂર્વક પૂર્ણ થયા.

**પ્રશ્ન** : દોહલા એટલે શું ?

**ઉત્તર** : ઘણી ગર્ભવતી સ્ત્રીઓને ગર્ભાધાન થયા પછી અતિ ઉત્તમ, મધ્યમ, અધમ વિચારો-મનોરથો થાય છે. તેને દોહલા કહેવાય છે.

જેમ માતા ત્રિશલાદેવીને હાથી ઉપર બેસું ? છત્ર ધરાવું ? ચામર વિંઝાવું ? આખા જગત ઉપર આજ્ઞા પ્રવર્તાવું, પ્રાણીમાત્રને અભયદાન અપાવું, સર્વ દુઃખી પ્રાણીઓના દુઃખનો નાશ કરાવું. સમગ્ર જગતને ધર્મમય બનાવું, આવા ઉત્તમ વિચારો આવે છે.

જિનેશ્વર દેવોની માતાઓ કે, ચરમશરીરી આત્માઓની માતાઓને ઉપર બતાવ્યા છે તેવા દોહલા=વિચારો અભિલાષો થાય છે. તથા જૈનાચાર્યો જેવા મહાપ્રભાવકોની જન્મદાત્રી માતાઓને મધ્યમ કોટિના પણ ઉત્તમ મનોરથો થાય છે. તથા જ્યારે કોણિકકુમાર ગર્ભમાં આવ્યો, ત્યારે ચેલ્લણા મહાસતીને પતિના માંસ ભક્ષણનો અને કંસકુમાર ગર્ભમાં આવ્યો ત્યારે ઉગ્રસેન રાજાની ધારિણી રાણીને પણ પતિના માંસ ભક્ષણના મનોરથો થયા હતા. આ બધા અધમ દોહલા કહેવાય છે.

**પ્રશ્ન** : આ કાળની માતાઓને આવા દોહલા આવે ખરા ?

**ઉત્તર** : આ કાળમાં પણ વખતે કોઈ ઉત્તમ આત્માઓ આ ભરત ક્ષેત્રમાં જન્મ પામી, શ્રી વીતરાગશાસનની આરાધના પામી, સંસારને ટૂંકો કરવા જન્મવાના હોય

પણ ખરા, અને તેવી માતાઓને, ઉત્તમ પ્રકારના અભિલાષો થાય પણ ખરા. સિવાય મધ્યમ કોટની માતાઓને માટી, કોલસા, રાખ વગેરે તુચ્છ નિસ્સાર પદાર્થો ખાવાના વિચારો થાય છે, અને તેવી વસ્તુઓ ખાય છે. જેનાં બાળકો કુગતિગામી જન્મવાના હોય, તેવી માતાઓને શિકારો કરવાના, માંસ ખાવાના, અનાચાર સેવવાના વિચારો આવ્યા કરે છે.

રાણી સહદેવીની કુક્ષિમાં કૌસ્તુભરત્ન જેવો ગર્ભ હોવાથી, ગર્ભકાળ સુખમય પસાર થતો હતો. ગર્ભ ઉત્તમ હોવાથી ઉદરવૃદ્ધિ પણ ખાસ દેખાતી નહોતી. બધું સારું હોવા છતાં સહદેવીને જરા પણ હર્ષ = આનંદ હતો નહીં. તેણી સખીઓ = દાસીઓ સામે પણ ક્યારેય હસતી નહીં."

દાસી–સ્વામિની! આપ ઉદાસ કેમ રહો છો? હર્ષની જગ્યાએ શોક શા માટે? આપણું આખું રાજમંડલ અને ખુદ મહારાજા પોતે આનંદમય છે, ત્યારે આપને શોક શા માટે?

રાણી સહદેવી–દાસી! તારી વાત સાચી છે. મને હર્ષ જ હોવો જોઈએ. પુત્રની પ્રાપ્તિના દિવસોમાં આનંદ કેમ ન હોય? પરંતુ તું નથી જાણતી કે મહારાજા દીક્ષા લેવાના છે?

એક બાજુ પુત્રના જન્મનો આનંદ ત્યારે બીજી બાજુ નાના પુત્રને મૂકીને સ્વામી દીક્ષા લેશે? નારી જીવનનાં બધાં જ સુખો ઝૂંટવાઈ જશે? આ જગતમાં સંસારમાં રચ્યાપચ્યા જીવોને પતિ–પત્નીનો સંયમય સહયોગ તે જ સુખ છે. એ સુખ આ બાળકના જન્મની જ વાટ જુએ છે. બાળક જન્મની વધામણી સાંભળીને, રાજા દીક્ષાનું મુહૂર્ત કઢાવવાના છે. બોલ? હવે મને આનંદ કેમ થાય?

દાસી–સ્વામિની! મને એક યુક્તિ સૂઝી આવી છે અને તે એ જ કે કુમાર જન્મે કે આપણે કુમારને ગુપ્ત ભોંયરામાં છુપાવી રાખવા. કેમ આ બરાબર નથી? દાસીઓની આ યુકિત રાણીને ગમી પણ ગઈ. કુમારનો જન્મ પણ થયો અને ગુપ્ત ભોંયરામાં છુપાવી દીધો. મરેલ બાળક જન્મ્યાની વાત જાહેર કરી દીધી.

પરંતુ સૂર્ય ઢાંકયો કેમ રહે? રાજાને ખબર પડી ગઈ. કુમારને ગુપ્ત સ્થાનમાંથી મેળવી લીધો અને જાતમાત્ર તદ્દન નાના બાળકનો રાજ્યાભિષેક કરીને કીર્તિધર રાજાએ શ્રી.વિજયસેનસૂરિજૈનાચાર્ય પાસે દીક્ષા લીધી, અને રાણી સહદેવી કશી રુકાવટ કરી શકી નહીં. પરંતુ અત્યાર સુધીના પ્રાણપ્યારા = પ્રાણવલ્લભ પતિની પણ મહાવૈરધારિણી બની ગઈ.

"સઘળાં સગપણ જગતનાં, કેવળ સ્વાર્થનિદાન
સ્વાર્થનાશ જો થાય તો, ક્ષણમાં શત્રુ સમાન."
"નાથ કહે સ્વામી કહે, વ્હાલા પણ કહેવાય
પણ સ્વારથ જો નોયતો, મહાવૈરી લેખાય."

જેના વિણુ ક્ષણુ એક પણુ, વરસ જેવડો થાય,
તે સ્વામી વ્હાલો પતિ, શત્રુસમ દેખાય."
"સ્વારથ કારણુ સગપણો, સુધા સમાં દેખાય
સ્વારથ નાશ થયા પછી, કાલકૂટ થઈ જાય."
"માત–પિતા કે બ્હેન ભાઈ, પુત્રમિત્ર સમુદાય
સ્વારથવિણુ એ સર્વનું, સગપણુ વ્યર્થ ગણાય." ॥

રાણી સહદેવીને કીર્તિધરરાજર્ષિ પ્રત્યે ખૂબ દ્વેષ થયો, મહર્ષિ અલ્પકાળમાં ગીતાર્થ થયા અને ગુરુઆજ્ઞાથી એકલા વિહાર કરતા અયોધ્યા નગરીના ઉદ્યાનમાં પધાર્યા. અને પારણા માટે અયોધ્યા નગરીમાં પ્રવેશ કર્યો.

રાણી સહદેવીને કીર્તિધર રાજર્ષિ પધાર્યાના સમાચાર મળ્યા. પોતાના ભોગાન્તરાયનો દ્વેષાગ્નિ સળગ્યો. કુમાર સુકોશલ, રાજા હોવા છતાં, રાજ્યસત્તા લગભગ સહદેવીના કબજે હતી. અને તેથી મહામુનિરાજને નગરમાં પેસવા પણ ન દેવાનો અધિકારીઓને હુકમ આપી દીધો, અને માસોપવાસી મહામુનિરાજ પારણા માટે, નગરમાં પધારેલાને, પણ સિપાઈઓએ પાછા કાઢ્યા.

**પ્રશ્ન :** સહદેવી સતી હતી તો પછી મુનિરાજ ઉપર, અને તે પણ પોતાના સ્વામી ઉપર દ્વેષ કેમ ?

**ઉત્તર :** "પત્નીરાગમાં વાસના, પુત્રરાગ ધન હેત
માય – તાય ને સેવના, ધર્મતત્વ સંકેત"

**અર્થ :** પત્નીનો રાગ, પોતાની વિષયવાસના પોષવા માટે છે. પુત્રોને પિતાની મિલકત લેવા માટે રાગ છે. માતપિતાને સેવા માટે રાગ છે. તત્ત્વનિચોડ પામવા માટે ધર્મ પ્રત્યે રાગ છે.

સહદેવી કુલટા કે વ્યભિચારિણી હતી નહીં. (પ્રાયઃ કુલખાનદાન બાળાઓમાં અનાચારો પ્રવેશતા નથી.) પરંતુ તેણીની વાસના ક્ષુધા બુઝાઈ ન હોવાથી કીર્તિધર રાજાએ દીક્ષા લીધી, તે રાણીને જરા પણ ગમ્યું ન હતું, અને પતિની દીક્ષાના દિવસથી જ તેણીના મનમંદિરમાં વૈરનો પ્રારંભ થયો હતો.

**પ્રશ્ન :** આવી રીતે રૂપવતી યુવતી પત્નીને, તેણીની ઇચ્છાઓને ગુંગળાવીને દીક્ષા લેવી તે શું વ્યાજબી કહેવાય ? બિચારી પારકી છોકરી, ઘણી આશાઓ લઈને આવી હોય, તેણીને આમ વિધવા બનાવીને વિદાય લેવી તે શું ધર્મ લેખાય ?

**ઉત્તર :** ભાઈ પ્રશ્નકાર ઇતિહાસ અને વર્તમાન જગતને જો ચશ્માં ઉતારીને વાંચે અગર વિચારે તો આવી દલીલ કરવી પડે જ નહીં. જુઓ ભૂતકાળના રાજાઓ સેંકડો રાણીઓ પરણતા હતા–પરણે છે. આવા ઇતિહાસોમાં ઢગલાબંધ દાખલા દેખાય છે. હિંદુ

કે મુસલમાન રાજવીઓએ, મળી તેટલી રાણીઓ મેળવી છે. ભર્તૃહરિને ત્રણસો રાણીઓ હતી. માનસિંહને પન્નરસો રાણીઓ હતી. અકબરને, જહાંગીરને, શાહજહાંને, આલમગીરને, અલાઉદ્દીનને, આ બધાને કેટલી રાણીઓ હતી જાણો છો ?

વર્તમાન નિઝામ સરકાર ને તેના બાપને કેટલી બેગમો હતી ખબર છે ? અરે ભાઈ! રાજા અને પૈસાદારને બેત્રણ–ચારપાંચ પત્નીઓ પરણવી એ તો સામાન્ય બાબત બની ગણાય છે. અને એમાં સેંકડો રાણીઓ અને રખાતોના માલિકોની, નેવુ પંચાણુ ટકા રાણીઓ તો, પોતાના સ્વામીનું મુખ પણ જોવા પામતી નથી. અરે કેટલાક રાજાઓ તો પોતાની પરણેલી રાણીઓને ભૂલી ગયા છે. અને પાછળથી આ વાત સાચી માનવા જેટલી ( પુત્રવતી રાણીઓને ) તૈયારી બતાવવાના અખાડા કર્યાના દાખલાઓ શાસ્ત્રો તથા ઇતિહાસમાં ઘણા બન્યા છે. અહીં ઉત્તરાધ્યયનસૂત્ર વર્ણિત બાવીશ પુત્રો અને ઘણી રાણીવાળા રાજા ઈન્દ્રદત્ત તથા ઇતિહાસપ્રસિદ્ધ રાજા દુષ્યંતનાં ઉદાહરણો જાણવા યોગ્ય હોવાથી લખાય છે.

## પોતાની પરણેલી પત્નીને ભૂલી જનાર એક રાજા ઈન્દ્રદત્ત :

આ ભરતક્ષેત્રમાં ઈન્દ્રપુર નામના નગરમાં ઈન્દ્રના જેવો પરાક્રમી ઈન્દ્રદત્ત નામા રાજા હતો. તેને ઘણી રાણીઓ હતી. બધી રાણીઓ પ્રત્યે તેનો એક સરખો રાગ હતો. તે રાણીઓ પૈકીની કેટલીક રાણીઓથી, રાજાને બાવીસ પુત્રો થયા હતા. રાજાએ પોતાના પુત્રોને ભણાવવા સારા સારા અધ્યાપકો રાખ્યા હતા. પરંતુ રાજકુમારો, કેવલ ક્રીડાઓમાં, રમતગમતમાં, અધ્યાપકોને, બિલકુલ માનતા નહીં. અધ્યાપક ઠપકો આપે. તાડનતર્જન કરે તો, પોતાની માતાઓને કહે. રાણીઓ પુત્રોના પક્ષ લઈ અધ્યાપકોનું અપમાન કરે. આમ થવાથી બધા જ રાજકુમારો બરાબર ભણ્યા નહીં.

એક વાર રાજા, નગર બહાર ફરવા ગયો હતો. ત્યાં બગીચાઓથી ભરચક પોતાના મંત્રીનું રહેઠાણ હતું. રાજાએ બગીચા અને વૃક્ષોની મનોહરતા જોતાં, એક રુપ લાવણ્યવતી, બાળાને પણ જોઈ. તેણી તેજ મંત્રીશ્વરની પુત્રી હતી. રાજા, બાળાનું રૂપ જોઈ આકર્ષાયો. એટલામાં મંત્રીશ્વર પણ રાજાનું આગમન જાણી દોડતા રાજાજીની પાસે આવ્યા; અને રાજાની ઇચ્છાને માન આપી, મનોરમા નામની આ પોતાની પુત્રીને, રાજવી સાથે પરણાવી.

રાજાને ત્યાં જ રહેવાની ઇચ્છા જણાવાથી મંત્રીશ્વરે, સામગ્રીથી ભરેલ મહેલ રાજાને રહેવા આપ્યો. મંત્રીપુત્રી સાથે કેટલાક દિવસો સુધી રાજા ત્યાં રહ્યો. પિતાની શિખવણીથી મંત્રીપુત્રી મનોરમાએ, સ્વામી સાથેની, બધી વાતોની, નોંધ કરી લીધી હતી. રાજા પાસેથી કેટલીક નિશાની સૂચક અને ન ભુલાય તેવી બક્ષિસો પણ મેળવી લીધી. ભાવિભાવથી–રાજાના થોડા સમાગમથી પણ બાળા ગર્ભવતી થઈ. રાજા પત્નીની અને સસરા એવા–પ્રધાનની રજા લઈ નગરમાં રાજભવનમાં પહોંચી ગયો.

મંત્રીપુત્રી રાણી મનોરમાને પુત્રનો જન્મ થયો અને મહોત્સવપૂર્વક પ્રધાને સુરેન્દ્રદત્ત નામ આપ્યું. માતામહની દેખરેખ નીચે કુમાર મોટો થયો. વિદ્યાગ્રહણ કરવા યોગ્ય થયો. ત્યારે પ્રધાનજીએ તે જ પંડિતો પાસે સુરેન્દ્રદત્તને ભણાવવા ગોઠવણ કરી. કુમાર બુદ્ધિશાળી હતો. વિનયવાન હતો. માતામહની સંપૂર્ણ કાળજી હતી. તેથી રમત–ગમતનો ત્યાગ કરીને–

અપ્રમત્તપણે ભણવા લાગ્યો. પુરુષની ૭૨ કલાઓ ભણ્યો, વ્યાકરણ, કાવ્ય, કોષ, ન્યાય વગેરે બધું નિજનામવત્ અભ્યસ્ત થયું–તથા રાજકુમારને યોગ્ય બધી યુદ્ધની વિદ્યાઓ અને કલાઓનો પારગામી થયો. રાધાવેધ, શબ્દવેધ, પત્રવેધ, ફલવેધ જેવી અનેક વિદ્યાઓ અને કલાઓનો પારગામી થયો. કહ્યું છે કે **विणया नाणं** વિનયથી જ્ઞાનની પ્રાપ્તિ થાય–કુમાર સુરેન્દ્રદત્ત વિનયી હતો.

ઈન્દ્રદત્ત રાજવીની અન્ય રાજ્યોમાં ઘણી મોટી આબરુ હતી, અને ઘણા પુત્રો હોવાની તથા સારા વિદ્વાન પંડિતો રોકી રાજકુમારોને ભણાવવાની પણ પ્રસિદ્ધિ ફેલાઈ હોવાથી, મથુરા નગરીના જિતશત્રુ રાજાએ પોતાની ચોસઠ કલા ભણેલી ( કન્યારત્ન ) નિર્વૃતિનામા પુત્રીને, પ્રધાનો સાથે સ્વયંવરા ઈન્દ્રપુરાધીશ ઈન્દ્રદત્ત રાજાના પુત્રોને પરણાવવા મોકલી.

કન્યાની પ્રતિજ્ઞા એવી હતી કે રાધાવેધ સાધવામાં નિપુણ હોય તેવા કુમારને મારે પરણવું.

**પ્રશ્ન** :—રાધાવેધ એટલે શું ?

**ઉત્તર** :—એક તેલથી ભરેલો કુંડ બનાવાય છે. તેની બરાબર મધ્યમાં, એક મજબૂત સ્તમ્ભ ઘણો ઊંચો ઊભો બનાવાય છે. તેની ઉપર ચાર અવળાં–ચાર સવળાં ચક્રો ઘણા વેગથી ફરતાં હોય છે. સ્તંભની છેક ઉપર એક પૂતળી બનાવાય છે. તેને જ રાધા કહેવાય છે. તે પૂતળી નીચા મુખે ઊભી કરેલી હોય છે.

રાધાવેધ સાધક પુરુષે, તેલના કુંડની સાથે જોડાએલા પાટિયા ઉપર ઊભા રહી, તેલના કુંડમાં ચક્ષુ સ્થાપી, અવળાં–સવળાં ફરતાં આઠ ચક્રોની વચ્ચે બાણ ફેંકીને, રાધા નામની પૂતળીની વામચક્ષુ વિંધવાની હોય છે. તે વિંધાય એટલે રાધાવેધ થયો **સમજવો**.

ઈન્દ્રદત્ત રાજાના બાવીસ રાજકુમારો, અભણ અને ઢ જેવા હોવાથી, રાધાવેધ સાધી શક્યા નહીં. રાજા ઈન્દ્રદત્તની સમગ્ર પ્રજામાં અપકીર્તિ ફેલાઈ. દેશોદેશમાં અપયશ ફેલાવાનો ભય લાગવાથી રાજા ખૂબ જ ઉદાસીન થયો.

**वरं न पुत्रा न कुपुत्रपुत्रा, वरं न दाराः न कुवृत्तदारा।**
**वरं न मित्रं नच मूर्खमित्रं, वरं न वासः न कुग्रामवासः॥ १॥**

**અર્થ** : પુત્રો ન હોય તે જ સારૂં. પરંતુ માતાપિતાની આબરુનું લીલામ કરે, તેવા હોય તો સારું નહીં. પત્ની ન હોય તે સારું. પરંતુ કુલટા હોય, કુભાર્યા હોય, તે સારું નહીં. મિત્ર ન હોય તેની ચિંતા ન કરવી. પરંતુ મૂર્ખ મિત્ર તો ન જ કરવો. ઘરનું કે ભાડાનું પણ ઘર ન હોય તે સારું. પરંતુ કુગ્રામ, કુપડોસમાં ઘર સારું નહીં. જ્યાં માંસાહારી, ભ્રષ્ટાચારી, ચોર, જુગારી રહેતા હોય ત્યાં ઘર લેવું નહીં.

રાજા ઈન્દ્રદત્તને ઉદાસ જોઈ મંત્રીએ જાણી લીધું, અને રાજાને વિનંતિ કરી કે સ્વામિન્! આપ ઉદાસ થશો નહીં. હજીક આપનો સારામાં સારો એક પુત્ર બાકી છે.

રાજા કહે છે, મારે પુત્રો બાવીસ જ છે. મન્ત્રી કહે છે, સ્વામિન્ આપનો મારી પુત્રીનો પુત્ર છેને ? રાજા કહે છે, તારી પુત્રીને હું ક્યારે પરણ્યો છું ? મંત્રીશ્વરે પુત્રી સાથેના, ખાનગી પ્રસંગોના વર્ણનની, પુત્રીની લખેલી પુસ્તિકા રાજાને સોંપી. વળી રાજાની આપેલી મહા કિંમતી વસ્તુઓ હાજર કરી. ત્યારે મહામુસીબતે રાજાએ પુત્ર અને પત્નીનો સ્વીકાર કર્યો. સુરેન્દ્રદત્તે રાધાવેધ સાધ્યો. અને નિર્વૃત્તિ નામની કન્યાને પરણ્યો. અને રાજાએ પોતાનું રાજ્ય પણ તેને આપ્યું.

## પત્ની-પુત્રને ભૂલી જનારાનું ઉદાહરણ બીજું રાજા દુષ્યંત અને શકુંતલા :

અયોધ્યા નામા મહાનગરીમાં મહાપ્રતાપી, દુષ્યંત નામા રાજા રાજ્ય કરતો હતો. તેને મોટાં રાજ્યકુલોમાં જન્મેલી, કુલવતી, ગુણવતી, શીલવતી, રૂપવતી અનેક રાણીઓ હતી. રાજા દુષ્યંત એકવાર ફરતો ફરતો પોતાના રાજ્યની અન્તર્ગત એક તાપસોના આશ્રમમાં ગયો. ત્યાં તાપસીઓના સમુદાયમાં (મેનકા નામની અપ્સરાથી જન્મેલી) શકુંતલા નામની તાપસ બાળાને રાજાએ જોઈ. બાળા ઘણી જ સર્વાંગ સુંદર રૂપાળી હોવાથી રાજા દુષ્યંતનું મન આકર્ષાયું. પરણવાની ઇચ્છા થઈ. બાળા પણ રાજાને અનિમેષ નયને જોતી હતી. આ હકીકત આશ્રમના સ્વામી અને બાલિકાના પાલક પિતા કણ્વનામા ઋષિને પણ જાણવા મળી. ઋષિ પોતે પણ બાલાને સારુ સુયોગ્ય વરની શોધમાં જ હતા. સુવર્ણની મુદ્રિકાને કીમતી હીરો મળવાથી જ શોભે છે.

**પ્રશ્ન** : ઘણી સ્ત્રીઓ હોવા છતાં, ધનવાનો અને રાજાઓ તૃપ્ત થતા નથી તેનું શું કારણ ?

**ઉત્તર** : અનંતાકાળની વાસનાઓ આત્માને તૃપ્ત થવા દેતી નથી. જ્ઞાનીઓ ફરમાવે છે કે,

**धनेषु जीवितव्येषु स्त्रीषु चान्नेषु सर्वदा ।**
**अतृप्ताः प्राणिनः सर्वे, याता यास्यन्ति यान्ति च**

**અર્થ** : આખા સંસાર ચક્રમાં, સમગ્ર જીવલોકવાસી સર્વજીવોએ, અનંતાકાલથી, પાંચે ઇન્દ્રિયના સર્વ ભોગો અનેકવાર ભોગવ્યા છતાં, વમન અને વિષ્ટાની માફક ભોગવી ભોગવીને છોડેલા હોવા છતાં. જીવમાત્રને, ધનમાં, જીવતરમાં, સ્ત્રીઓમાં અને ખોરાકમાં, તૃપ્તિ થઈ નથી, થતી નથી, થવાની નથી.

પુણ્ય વધે એટલે સામગ્રી ખૂબ મળે, એટલે લાલસા પણ ખૂબ વધે. પછી પાપોના ગંજ ખડકાય છે. અને તેથી જીવ બિચારો પશુ અને નરકગતિની મુસાફરી કરવા ચાલ્યો જાય છે.

કણ્વ ઋષિએ, બાળા શકુંતલાને, દુષ્યંત રાજા સાથે વરાવી. તાપસ-તાપસીઓએ મળીને, વર-કન્યાનો હસ્તમેલાપ = લગ્નવિધિ = શાસ્ત્રના મંત્રોચ્ચારોપૂર્વક કરાવ્યો. દુષ્યંત રાજાએ કેટલાક દિવસો, કણ્વ ઋષિના આશ્રમમાં રહીને, શકુંતલાદેવી સાથે પાંચે ઇન્દ્રિયના સુખો અનુભવ્યાં. ભાવિભાવયોગે શકુંતલાદેવી સગર્ભા થઈ. અને રાજાને સ્વનગરી જવાની ભાવના થઈ.

રાજાને વિચારો આવ્યા કે સગર્ભાદેવીને અશ્વ ઉપર લઈ જવાય તે, ગર્ભ માટે જોખમ ગણાય. માટે રાજધાનીમાં જઈને, રાણીને યોગ્ય પાલખી અને મ્યાનો, તથા કેટલીક પરિચારિકા દાસીઓ, અને મહત્તરાઓને, તથા થોડા વિશ્વાસુ સુભટોને, બેચાર મંત્રીઓને મોકલી રાણીને બોલાવીશ. આમ કરવું તે, મારી માનવતી રાણી માટે સુયોગ્ય ગણાય.

આ વાત રાજાએ ઋષિને જણાવી. ઋષિની અને શકુંતલાની તથા વૃદ્ધ તાપસ–તાપસીઓની રજા લઈને રાજા રવાના થયો અને અલ્પ દિવસે અયોધ્યા પહોંચી ગયો. આશ્રમમાં ગોઠવેલા વિચારો રાજધાનીમાં પહોંચ્યા પછી તદ્દન ભુલાઈ ગયા અને પછી તો દિવસો ગયા, માસ પણ ગયા, વર્ષો પણ જવા લાગ્યાં.

રાજા દુષ્યન્તના ગયા પછી તરત જ રાણી શકુંતલાએ સુતિથિ–વાર–નક્ષત્ર–યોગમાં ઘણા ઉચ્ચના ગ્રહો હોયે છતે એક મહાપ્રભાવશાળી પુત્રને જન્મ આપ્યો. કપાળ ભવ્ય તેજસ્વી હતું. શરીરના બધા અવયવો ઘણા રમ્ય હતા. બાળકને જોઈને વૃદ્ધ તાપસીઓ ઘણી આનંદ પામી અને બાળકના જન્મની વધામણી કુલપતિ કણ્વઋષિને આપી.

યોગ્ય દિવસે બાળકનું 'ભરત' એવું નામ રાખવામાં આવ્યું. બીજના ચંદ્રની પેઠે કુમાર તાપસોના આશ્રમમાં મોટો થાય છે. તાપસ, સ્ત્રી, પુરુષો આવા દેવકુમાર જેવા બાળકના જન્મથી, તથા તેને વૃદ્ધિ પામતો જોઈને, આનંદ પામવા છતાં પણ, રાજા દુષ્યંત તરફથી રાણી તથા કુમારને કોઈ લેવા આવતું નથી. કાંઈ સુખસમાચાર પણ નથી. તેથી બધા તાપસ તાપસીઓ અને કણ્વઋષિને ઘણું દુખ પણ આવી જતું હતું.

બાળક પાંચ વર્ષનો થયો. તેનાં બળ–રૂપ–પરાક્રમ અજોડ હતાં. તે સિંહના બચ્ચાંઓને કાને પકડીને ઘસડી લાવતો જોઈ, આશ્રમનાં મૃગલાં, ગભરાઈ ભાગી જતાં હતાં. આવું બધું જોનારાં આશ્રમવાસીઓ ચમત્કાર પામતાં હતાં. હવે તો કોઈપણ ઉપાયથી શકુંતલા તથા બાલકુમારને તેના પિતા પાસે વેળાસર પહોંચાડવાં જોઈએ.

આ પ્રમાણે કણ્વઋષિએ કેટલાક વૃદ્ધ તાપસો સાથે વિચારની આપ લે કરીને સારા મુહૂર્તે પુત્રસહિત પુત્રી શંકુતલાને અયોધ્યા તરફ પ્રયાણ કરાવ્યું. સાથે કેટલાક વૃદ્ધ અને અનુભવી તાપસો અને તાપસીઓને પણ માતાપુત્ર (શકુંતલા–ભરતકુમારનું)નું રક્ષણ–સાચવણ કરવા ભેગાં મોકલ્યાં.

રસ્તામાં ફળાહાર અને પગે પ્રયાણ કરતાં, કેટલાક દિવસે, અયોધ્યા નગરીના પરિસરે પહોંચ્યા. બધા તાપસો અને તાપસીઓ સહિત, રાણી અને કુમારને, નગરની બહાર ઉત્તમ વૃક્ષની છાયા નીચે રાખીને, વૃદ્ધ અને અનુભવી બે તાપસો નગરમાં રાજાને વધામણી આપવા અને રાણી તથા કુમારનું સન્માન સત્કાર કરાવવા રાજાની પાસે ગયા.

જટાધારી અને ઝાડની છાલનાં વસ્ત્રો પહેરનારા તાપસો રાજસભામાં ગયા. અને રાજાએ (આર્ય રાજવી હોવાથી) તાપસોને પ્રણામ કર્યા, સ્વાગત પૂછયું. સુખશાતા પૂછી.

**રાજાનો પ્રશ્ન :** મહારાજ આપ કેમ પધાર્યા છો ?

**તાપસોનો ઉત્તર :** અમે કણ્વઋષિના આશ્રમમાંથી આવ્યા છીએ અને અમે તેમના શિષ્યો છીએ.

રાજાનો પ્રશ્ન : તે ઋષિમહારાજ સુખશાતામાં છે? તેમને મારું કાંઈ કામકાજ છે?

તાપસો : મહારાજ! અમને ઋષીશ્વરે પોતાની (ઉછેરેલી) પુત્રી અને આપની પત્ની શકુંતલા તથા બાળક કુમારને, સોંપવા મોકલ્યા છે. કણ્વઋષિએ આપની ઘણા દિવસ પ્રતીક્ષા કરી, આપની થાપણને, ખૂબ સાચવણથી રક્ષણ આપ્યું. પરંતુ આજ સુધી આપના તરફથી માણસો કે સમાચાર ન આવ્યા, માટે અમને મોકલ્યા છે.

ઋષિઓનું ભાષણ સાંભળીને, રાજા દુષ્યંતને નવાઈ લાગી. અરે સંત પુરુષો આ શું બોલો છો? મારી બધી જ પત્નીઓ (રાણીઓ) અહીં જ, મારા અંતઃપુરમાં વિદ્યમાન છે. આ સિવાય હું કોઈ સ્ત્રીને-ઋષિપુત્રીને પરણ્યાનું યાદ નથી. મનુષ્ય બધું ભૂલે પરંતુ પોતાની પરણેતરને કેમ ભૂલે? માટે તમે ઋષિમુનિઓ આવું અસત્ય કેમ બોલો છો?

રાજા દુષ્યંત તરફથી સન્માન-સત્કાર સ્વાગત વગેરે તો દૂર રહ્યું, પરંતુ ઉપરથી આવું એકદમ અજાણ્યું વલણ જોઈ, સાંભળી, તાપસો તો ડઘાઈ જ ગયા. આપણે તો તેની થાપણ તેને સોંપવા આવ્યા છીએ, તેનો ઉપકાર માનવો, તો દૂર રહ્યો, ઉપરથી આટલી મોટી સભામાં, આપણને કોઈ ધૂર્તની જેવા ગળેપડુ ગણાવે છે. અફસોસ! હવે આપણે કયો માર્ગ લેવો?

તાપસો : મહારાજ! અમે તપસ્વી લોક છીએ. આજીવન અસત્ય નહિ બોલવાની પ્રતિજ્ઞા લીધી છે. બીજાં અસત્યો વખતે કલ્પાય, પરંતુ સામાન્ય માણસ પણ પોતાની પુત્રી વરાવ્યાનું અસત્ય બોલે નહીં. તો પછી અમે વનવાસી તાપસો અસત્ય કેમ બોલીએ?

રાજા દુષ્યંત : ત્યારે શું હું રાજા, આટલી મોટી પ્રજાનો ન્યાય તોળનાર અસત્ય બોલું છું?

તાપસો : મહારાજ અમે અમારી પુત્રીને તથા દૌહિત્રને સાથે લાવ્યા છીએ. એ બાળા તારા જેવા એક રાજાધિરાજની રાણી છે. વળી તેણીની કુક્ષિનું રત્ન પણ મહાપ્રતાપી કુમારરત્ન છે. તે બન્નેનું, તારા પોતાના સ્થાનને શોભે તેવું, સન્માન કરવું જોઈએ. તેની વધામણી આપવા અમે પહેલા આવ્યા છીએ. કણ્વઋષિના આશીર્વાદો પણ લાવ્યા છીએ.

રાજા દુષ્યન્તને તાપસોનું વચન બિલકુલ ગમ્યું નહીં. વખતે હવે રાજા ઉશ્કેરાઈ જશે? તાપસોને આમ બરાબર સમજાઈ જવાથી, માનભ્રષ્ટ થયેલાની માફક તાપસો રાજસભાને છોડીને, નગરીમાંથી નીકળીને, જ્યાં શકુંતલા વગેરે હતાં ત્યાં પહોંચી ગયા.

તાપસો ફળાહાર કરે છે. અનાજ કે પકવેલી રસોઈ જમતા નથી. તાપસો હોવાથી પાસે દ્રવ્ય પણ રાખતા નથી, ફળો મફત મળવાનું સ્થાન પણ નથી. તાપસો ભલે ત્યાગી હતા, પરંતુ રાણી અને કુમાર તો ભોગી છે. હવે એમનું શું કરવું? અતોભ્રષ્ટ તતોભ્રષ્ટ જેવો ન્યાય થયો. "રાજા, વાજાં અને વાનરા" તેમને કોણ સમજાવે? હવે શું કરવું? કોની મદદ લેવી?

નગરની બહાર આવ્યા. તાપસો ને તપસ્વિનીઓને તથા શકુંતલાને, રાજા સાથેનો પરિચય સંભળાવ્યો. રાજાનો આવો વર્તાવ જોઈને, શકુંતલાને વિચારો આવ્યા. જરૂર

રાજાને મારો કોઈ અપરાધ લક્ષમાં રહી ગયો હોવો જોઈએ. માટે જ તેઓએ આજ દિવસ સુધી મારી અથવા પોતાના ન્યાસ ( પુત્રની )ની ખબર લીધી નથી.

પરંતુ હું સતી છું. મેં અપરાધ કર્યો નથી. મને મારા નાથ નજરે જોશે અને મારો ચોક્કસ આદરસત્કાર કરશે. વળી મારી પાસે તેના રાજ્યના સ્તંભ જેવો તેનો પોતાનો પુત્ર છે, તેને જોઈને પણ મારા સ્વામી મારો અને પુત્રનો સત્કાર કરશે.

હવે બીજો કોઈ માર્ગ રહ્યો ન હોવાથી, તાપસોએ રાજા તરફથી સંપૂર્ણ અનાદર સાંભળવા છતાં પણ, શકુંતલા સહિત તાપસોનું ટોળું, રાજદરબારમાં દાખલ થયું. શકુંતલા અને કુમાર ભરતને જોઈને રાજકીય મનુષ્યો અને નાગરિક લોકોનાં ચક્ષુઓમાં અમૃતનું વર્ષણ થઈ રહ્યું હતું. ઇન્દ્રાણી જેવી શકુંતલા, જયંત (ઇન્દ્રનો પુત્ર) જેવા કુમારને જોઈને, ભલભલાઓનાં ચિત્ત આકર્ષાયાં હતાં. ફક્ત રાજા દુષ્યંતનો દુર્ભાવ (ક્રોધ) દોડાદોડ કરી રહ્યો હતો.

રાજા ( આવેશ પૂર્ણ ) કોણ છો ? કેમ આવ્યા છો ?

તાપસો મહારાજ! અમે મહર્ષિ કણ્વના શિષ્યો છીએ. ઋષિની આજ્ઞાથી, આપની રાણી અને કુમારને આપને સોંપવા આવ્યા છીએ.

રાજા : મેં તમોને જણાવી દીધું છે જ છતાં ગળેપડુ કેમ બનો છો ? હું જાણતો નથી. તમને ઓળખતો નથી. શા માટે મારા ન્યાયને દૂષિત બનાવો છો ?

રાજાનાં આવાં આવેશપૂર્ણ વચનો સાંભળી, તાપસો મૌન થયા અને શકુંતલા મુખને ઢાંકીને, ન વારી શકાય તેમ ક્ષુશકે ક્ષુશકે રડવા લાગી. જે જોઈને, બાળક ભરત પણ રડવા લાગ્યો. તાપસો અને તાપસીઓની આંખો પણ ગળગળી થઈ ગઈ. એકદમ કારુણ્ય-રસનું વાતાવરણ બની ગયું. આખી સભાપણ સ્તબ્ધવત્ શૂન્ય જેવી દેખાવા લાગી.

આ બનાવની પ્રધાનમંડળ ઉપર મોટી છાપ પડી ગઈ. આવા સંતપુરુષો આવું અસત્ય કેમ બોલે ? જેનો સ્વયંવર મંડપ થાય ત્યારે હજારો રાજાઓ પરણવા આવે છે, ઝગડી મરે છે, લોહીની નદીઓ વહે છે, એવી દેવકુમારી જેવી બાળા રાજાની બનાવટી રાણી થવા કેમ આવે ? જેને જોઈને ભલભલાઓનું શિર ઝૂકી જાય તેવો દેવકુમાર કોઈનો બનાવટી પુત્ર થવા કેમ આવે ? "**आकृति गुणान् आख्याति ।**" આવી દૈવી આકૃતિ–જગતને લભ્ય કેમ બની શકે ? પુણ્યવાન કોઈકને જ મળી શકે.

મહાપુણ્યોદયવાળા મનુષ્યને-જ આવા મહેમાન–પરોણા પણ મળે છે. બધાને તો નહિ જ. તો પછી આવી પત્ની અને પુત્ર મળ્યાં હોય તેવા નરનું ભાગ્ય તો અસામાન્ય જ ગણાય રાજાઓ હંમેશ ભૂલકણા જ હોય છે. આપણા મહારાજા જરૂર ભૂલી ગયા હોવા જોઈએ ! બાળા–પુત્રને તપાસવા જરૂરી છે.

પ્રધાનો (રાજા પ્રત્યે) મહારાજ ! આપની આજ્ઞા હોય તો અમે થોડી તપાસ કરીએ ? રાજાએ પ્રધાનોની વાત સાંભળી, અનિચ્છાએ પણ હા કહી. પ્રધાનોએ, શકુંતલા તથા કુમારને એક ઊંચા આસન ઉપર બેસાડી, ઘણા માનપૂર્વક તેમને કેટલાક પ્રશ્નો

પૂછ્યા. મહારાજાના મેળાપ થયાની, વિશ્વાસપાત્ર બીના જાણવા પૂછ્યું. શકુંતલાનાં વચનોની કોમળતા જોઈને પ્રધાનોને ઘણું સત્ય સમજાઈ ગયું. વળી શકુંતલાએ રાજા દુષ્યંતની આપેલી વીંટી–નિશાની બતાવી.

બધી તપાસના અંતે પ્રધાનમંડળને સત્ય સમજાઈ ગયું. સાથોસાથ કુમાર ભરતની આકૃતિ મહારાજા દુષ્યંતના આકાર સાથે એકદમ મળી જતી જોઈને પણ, માતા–પુત્રની સત્યતા ઉપર કળશ ચડતો જણાયો. ઋષિઓનાં વચનો તથા શકુંતલાની રૂપ–લાવણ્ય–લજ્જા–કોમળતાદિ ગુણ–સામગ્રીથી સમગ્ર સભા ઉપર સત્યતાની મહોર–છાપ લાગી જવાથી, રાજા દુષ્યંતને પણ ઘણા આનંદપૂર્વક, પત્ની તથા કુમારને સ્વીકારી લેવાની લાગણી પ્રકટ થઈ. પછી તો મોટા સમારોહપૂર્વક શકુંતલાનો રાણીવાસમાં પ્રવેશ કરાવ્યો, અને ઉત્તરોત્તર શકુંતલાદેવીના, બાહ્ય અભ્યંતર ગુણોથી આકર્ષાએલા રાજાએ, પટ્ટરાણી પદ આપ્યું અને ભરતકુમારને સારા અધ્યાપકો રાખીને શાસ્ત્રો અને શસ્ત્રોનો અભ્યાસ કરાવી, યુવરાજની પદવી આપી. ક્રમે ભરતકુમાર પિતાનું આપેલું રાજ્ય પામીને એક મોટો સમ્રાટ થયો. મહા પ્રતાપશાળી રાજાધિરાજ થયો.

વાચક વર્ગે સમજવું જોઈએ કે, આવા એક બે નહિ પણ શાસ્ત્રો અને ઇતિહાસોમાં જૈન અને જૈનેતર વિદ્વાનોએ વર્ણન કરાએલા, અનેક પત્નીવાળા રાજાઓના, ન ગણી શકાય તેટલા દાખલા દેખાય છે. કૃષ્ણ મહારાજા અને દેવી સત્યભામાના સંવાદો, જૈન–જૈનેતર ગ્રન્થોમાં પ્રકટ થયેલા છે. તેવો એક બનાવ ટાંકતા કોઈ અજૈન વિદ્વાને સત્યભામાનું રુષણું લખ્યું છે તેમાં કહે છે કે :

કાના કહેવું પડશે તમને, રીશ ઘણેરી ચડશે રાજ,
કાના કહેવુ પડશે કોઈ, પરણીને કોઈ કુંવારી,
કોઈને ચોરી લાવ્યા, આવાં હીણાં કામ કરી,
ભૂધરજી! મનમાં ભાવ્યા રાજ, કાના કહેવું પડશે? તમને રીશ...

તથા નેમનાથ સ્વામીને ઓળંભા આપતાં રાજુલનાં વાકયો :

કૃષ્ણ તમારા વીશ રે, કેઈ મેલી પરણી, વગર વરેલી વામા રે, નવી શકીયે વરણી,
આગળ સુખડાં આપી રે, પાછળ રહી પડતી, ઠેકાણું નહીં તેનું રે ગોકુળીએ રડતી.

( એક **જૈન** કવિ )

આવા વર્ણનોથી અનેક પત્નીત્વ સિદ્ધ થાય છે. એટલે આ સંસારમાં કંચન અને કામિની, આયુષ્ય અને આહાર, આ ચાર વસ્તુથી કોઈ તૃપ્ત થયું નથી, થતું નથી, થવાનું નથી.

**પ્રશ્ન :** તો પછી આત્મામાં સર્વ ત્યાગ આવે જ નહી ને? અને સર્વ ત્યાગ વિના મુક્તિ પમાય જ નહી, એ કેમ બને?

**ઉત્તર :** ઉપરની વાત બહુલતા એ સમજવી. આખું જગત વાસનામાં તરબોળ હોય છે. અનંતાનંત જીવો, ચારે સંજ્ઞાથી રંગાએલા છે જ. તો પણ સદાકાળ, કોઈના કોઈ જીવોના ભવસ્થિતિ પરિપાક થતા જાય છે અને સર્વ ત્યાગ પણ આવે છે. કર્મનો ક્ષય થાય છે અને જીવો મુક્તિમાં પણ જાય છે. અનંતાકાળે. અનંતાનંત મોક્ષમાં ગયા છે.

તથા ઘણા વાસનાના કીડાઓ, પોતાની સુશીલ પત્નીઓને છોડીને વેશ્યાઓના ઘરમાં જઈને પડ્યા રહેવાના હજારો બનાવો હતા અને હોય છે. પરનારી પરવશ બનેલા કોઈક પામરોએ પોતાની પરણેલી પત્નીઓને પરલોક પહોંચાડી દીધાના પણ દાખલા ન ગણી શકાય તેટલા હોય છે.

આવા કેવળ વાસનાથી ભરપૂર જગતમાં કોઈ મહાત્યાગી આત્મા, રાજ્ય રમા અને રામા આ ત્રણેનો તણખલાની પેઠે ત્યાગ કરીને, આહારસંજ્ઞા, મૈથુનસંજ્ઞા, પરિગ્રહસંજ્ઞા અને ભયસંજ્ઞાઓનો ત્રિવિધ ત્રિવિધ ત્યાગ કરી, આખી જિંદગી માટે મન, વચન, કાયાથી હિંસા, અસત્ય, ચોરી, મૈથુન અને પરિગ્રહના પચ્ચખ્ખાણ કરી, નિરીહભાવે નિર્વાહ કરનાર મહાપુરુષની અનુમોદના કરવી જોઈએ, પ્રશંસા કરવી જોઇએ, નમસ્કાર કરવા જોઈએ. તેની જગ્યા એ આવી અવળી વકીલાત કેમ ?

બીજી વાત એ છે કે, આ સમસ્ત સંસાર વાસનાથી ભરેલો છે, વાસનાઓનું સ્થાન છે. અનંતો કાળ વીતી ગયો, પુરુષપણાં અનંતીવાર મળ્યાં અને સ્ત્રીપણાં પણ અનંતીવાર મળ્યાં. પુરુષ અને સ્ત્રીવેદથી અનંતીવાર જીવે ભોગો પણ ભોગવ્યા. દેવગતિનાં અપ્રમાણરૂપ, રોગરહિત કાયા, સાગરોપમના આયુષમાં, લાખો–ક્રોડો દેવાંગનાઓ ભોગવી. પરંતુ આ જીવ બાપડો–બિચારો પામર–રાંક હજીય એવોને એવો ભૂખ્યો છે.

મહાપુરુષો ફરમાવે છે કે—

> **ब्रह्मज्ञान विवेकिनोऽमलधियः कुर्वन्त्यहो दुष्करं।**
> **यन्मुचन्त्युपभोगभाञ्ज्यपिधनान्येकान्ततो निस्पृहाः।**
> **नप्राप्तानि पुरा, न संप्रति, न तु प्राप्तौ दृढप्रत्ययाः**
> **वाञ्छामात्रपरिग्रहाण्यपि परं त्यक्तुं न शक्ता वयं ॥ १ ॥**

**અર્થ :** અહીં બે પ્રકારના જીવો બતાવાયા છે. કોઈક તો (ક્રોડોમાં એકાદ) આત્મસ્વરૂપને પામેલા, મહા વિવેકના ભંડાર જેવા, અત્યંત નિર્મળ બુદ્ધિવાળા મહાપુરુષો ભોગનાં હજારો સાધનો સાક્ષાત હાજર હોય, મનપસંદ હોય, સ્વાધીન હોય, ભોગવવાની શકિત પણ ખૂબ હોય, તોપણ પોતાની કેવળ નિસ્પૃહ ભાવના–ત્યાગબુદ્ધિ વડે ભોગોનો ત્યાગ કરીને, (પામરોથી ન બની શકે તેવું) અતિ દુષ્કર ત્યાગમય આચરણ આચરીને, જગતને આશ્ચર્યમુગ્ધ બનાવે છે.

જ્યારે બીજા આપણા જેવા (પામરો) પહેલા પામ્યા નથી, હમણાં વિદ્યમાન નથી તથા પામી શકવાનો અલ્પ પણ વિશ્વાસ નથી. તોપણ કેવળ મળશે, એવી આશા (રાજ્ય રમા ને રામા) રાજ્ય–લક્ષ્મી ને રૂપવતી સ્ત્રીની ઇચ્છાનો ત્યાગ પણ કરી શકતા નથી.

આ શ્લોકનો નિચોડ એ છે કે, જેમને સંસાર અને મોક્ષની યથાર્થતા સમજાઈ નથી, કેવળ સંસારને જ સારો માન્યો છે, તેવા આત્માઓ ત્યાગી પુરુષોના ત્યાગના સુખને

શું જાણે ? જેમ ગધેડું સાકરના સ્વાદને જાણતું નથી, જેમ ભુંડ ઘેબરના ( કેવળ કાદવ અને વિષ્ટા જ ખાય છે ) સ્વાદને જાણતો નથી, જેમ ઊંટ દ્રાક્ષાના સ્વાદને ( લીંબડા-બેજડા બાવળિયા ભાવે છે ) જાણતો નથી, તેમ આપણા જેવા સંસારના જ સુખમાં ખુંચેલા પામરો ત્યાગીઓના સુખને કેમ ઓળખી શકીએ ? કારણ કે :

**मोहव्यतीतस्य नरस्य यत् सुखं, न तत्सुखं केशव-शक्रचक्रीणां ।**
**कृतांगरागस्य हि शल्यभाजिनो, न तत्सुखं यद्गतशल्यके जने ॥ १ ॥**

**અર્થ :** સંસારના કીડા જેવા આપણે બધા જેને સુખ માનીએ છીએ, તે જ્ઞાનીઓની દૃષ્ટિએ સુખ જ નથી. આ સુખ મોહજન્ય સુખ છે, સુખાભાસ છે, કલ્પનાજાળ સુખ છે. વાસ્તવિક તેને સુખ કેમ કહેવાય ? એટલે જ મહાપુરુષો કહે છે કે, મોહના નાશ થયા પછી આત્માને જે સુખનો સ્વાદ મળે છે, તે સુખ વાસુદેવ-ચક્રવર્તી કે ઇન્દ્રને પણ હોઈ શકે નહીં. જેમ કોઈની છાતીમાં લોહનો ખીલો લાગેલો હોય, તેને ચંદનનો લેપ સુખ કેમ આપી શકે ?

જેને રોગ-શોક-વિયોગ-જરા-ભય ને મરણ આ છ શત્રુઓ પાછળ પડેલા છે, એવા સંસારમાં વસનાર જીવને સુખી કેમ કહેવાય ? જેની કલ્પના પણ ન હોય તેવા, ક્ષય, ( ટી.બી. ) કેન્સર, પક્ષઘાત વગેરે રોગો ક્યારે આવશે તેનો નિર્ણય નથી. આપણી વહાલી વસ્તુ, ( પુત્ર, પત્ની, લક્ષ્મી )નો ક્યારે નાશ થઈ જશે ? તેની ખબર નથી. ઘડપણ પણ અણગમતું હોવા છતાં ચોક્કસ આવવાનું છે. આજીવિકાનો, અકસ્માતનો, આબરૂનો, મરણનો, ચોરનો, અગ્નિનો, સરકારનો, નાલાયક પરિવારનો, આવા બધા ભયો પણ છે. અને છેલ્લું મરણ આવવા માટે, વર્ષ, માસ, પક્ષ, તિથિ, વાર, ચોઘડીયું નક્કી થઈ ગયાં છે જ, એવા સંસારી જીવને સુખ કેવું ?

કસાઈને વાડે પુરાએલાં પશુઓને ખાણ અને ઘાસ અપાય છે, પરંતુ આ તો શત્રુના ઘરનો સત્કાર છે.

**ચોર લોકોના સુખની કથા :** કોઈક ચોર લોકો રાજાની તીજોરી ચોરીને નાસેલા એક નગરમાં ગયા છે. તેમને, પાસેના ધનના બળથી એક વેશ્યાએ ઉતારો આપ્યો છે. તેના ઘેર ઘણી ખૂબસૂરત-છોકરીઓ છે. સુન્દર પકવાનો થાય છે. કેરી વગેરે અત્યુત્તમ ફળો પણ ખાવા મળે છે. નાચ, ગાયન, વાજિંત્રો સાંભળવા મળે છે. સાક્ષાત્ સ્વર્ગના સુખ ભોગવાય છે. એટલામાં રાજાના ચોકયાતોનું સૈન્ય આવ્યું. બધાને પકડીને લઈ ગયા. ફાંસીને લાકડે લટકીને મરી ગયા.

**પ્રશ્ન :** આપણને આવું ક્યાં થવાનું છે ?

**ઉત્તર :** આપણે મરીને ક્યાં જવાના છીએ એની ખબર નથી.

**પ્રશ્ન :** હા, પણ આપણે ખરાબ ગતિમાં તો જવાના નથીજ ને ?

**ઉત્તર :** આપણે સારું પણ શું કર્યું છે ? અથવા શું સારું કરીએ છીએ ? માટે મોક્ષમાં જઈશું ? અથવા સારી પાપ વગરની ગતિમાં જઈશું ? આવા બધા વિચારો

કરનાર, વિચારકને ચોક્કસ સમજાશે કે સંસારનાં સુખો ઈન્દ્રજાળના સુખ જેવાં, સ્વપ્નના સુખ જેવાં, મૃગતૃષ્ણાના સુખ જેવાં છે, અને ચોરીના પૈસે ખરીદેલા પકવાનના સ્વાદ જેવાં છે. કોઈ કવિ કહે છે કે—

**હરિણ દૂરથી દેખી, ઝાંઝવા કેરું પાણી, અમિત શ્રમિત થાએ, દોડી છેટું પ્રમાણી**
**પણ ન તરસ ભાંગે, પીડ પામે પછીથી, પ્રથમ કરી પરીક્ષા, તે પછી બાંધ પ્રીતિ ॥૧॥**

આ કવિતાનો સાર એ છે કે, વસ્તુને જોઈને ઓળખવા ઉદ્યમ કર. સારા ખોટાના પરિણામનો વિચાર કરી લે તો, પાછળ પસ્તાવું પડશે નહીં.

હવે સહદેવી રાણી અને કીર્તિધર રાજર્ષિની વાત શરૂ થાય છે. સહદેવીએ પોતાના નોકરો દ્વારા (આ સમગ્ર દેશ અને રાજ્યના માલિક અને પોતાના સ્વામી) રાજર્ષિને જેમ કોઈ ધર્મદ્વેષી મ્લેચ્છ–હાંકી કાઢે તેમ અપમાનપૂર્વક નગર બહાર કઢાવ્યા. મહામુનિરાજ જરાપણ આનાકાની કર્યા વિના જ નગર બહાર ચાલ્યા ગયા.

**પ્રશ્ન** : નગરના અધિકારીઓ રાજાને (રાજર્ષિને) કેમ ન ઓળખી શકયા ?

**ઉત્તર** : સ્વાર્થ અને સ્વાર્થ ટકાવવા મળેલું=આવેલું પરવશપણું, ઓળખાણ હોય તોપણ ન વર્ણવી શકાય તેવાં બધાં જ ખરાબ કામો કરાવે છે. વાંચો નીચે—
**"સ્વારથ કારણ માનવી, હણે માય ને તાય, સ્વામી–પત્ની-પુત્રને, સ્વારથ કાજ ભૂલાય."**
**"સ્વારથ પરવશ જીવડો, ભાઈ–મિત્ર–ગુરુ–દેવ, જાણે દેખે તોય પણ, અલ્પ કરે નહીં સેવ."**
**"નબળું પણ વહાલું બને, જેમાં સ્વારથ હોય, ભાસે છે શત્રુ સમા, જેમાં સ્વારથ નોય."**

રાણી સહદેવીની આવી અધર્મ અને અન્યાયથી ભરેલી યોજના, કુમાર સુકોશલની ધાવમાતાના જાણવામાં આવી ગઈ અને કશો બચાવ કરવાની, પોતાની શક્તિ ન હોવાથી અશકતોની નીતિનો આચાર અમલમાં મુકાઈ ગયો. અર્થાત્ રાજર્ષિનું આવું હડહડતું અપમાન જોઈ રોવા લાગી અને આંખોમાંથી આંસુઓનો પ્રવાહ છૂટવા લાગ્યો.

આ બનાવ વર્તમાનકાળના સજીવી, પરંતુ વયથી કુમાર, સુકોશલની આંખે જોવાઈ ગયો અને એકદમ માતાના પગમાં પડી, પૂછવા લાગ્યો. આપ મારાં પાલક માતા છો. આપને એવું શું દુઃખ પડયું છે કે આમ અસહાય અથવા નિરાધારની પેઠે રડો છો?

**ધાવનો ઉત્તર** : ભાઈ! મને કશો રોગ નથી થયો. મારું કોઈએ અપમાન પણ નથી કર્યું અને એવું કશું થાય તોપણ આવું દુઃખ તો થાય નહિ જ. પરંતુ મારા પિતા જેવા, અથવા સમગ્ર પ્રજાના પિતા સમાન, તારા પૂજ્ય પિતાજીએ રાજ્યરિદ્ધિ–સુખ–સૌભાગ્યનો ત્યાગ કરી દીક્ષા લીધી છે, ગીતાર્થ થયા છે, મહા તપસ્વી છે. તેઓ આજે વિહાર કરતા અયોધ્યાનગરીના મનુષ્યોને લાભ આપવા, અયોધ્યાનગરીમાં પધાર્યા હતા. પરંતુ તેમનો રત્નચિંતામણિની પ્રાપ્તિ જેવો લાભ લુંટાઈ ગયો, અને ઉપરથી અનેક આપત્તિઓના વરસાદ સમાન વિયોગ પ્રગટ થયો. હમણાં જ નજરે જોઈ રહી છું. વહાલા પુત્ર! માટે જ હું રડી રહી છું. આટલું બોલતાં બોલતાં, કુમાર સુકોશલની ધાવમાતા ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યાં. આવું ધાવમાતાનું રુદન કુમારને પણ ખૂબ જ ગભરાવી નાખનારું થયું.

**સુકોશલ બાળરાજવી :** (ધાવની તદ્દન નજીકમાં જઈને) માતા ! આપના ભાષણનો હજી હું પરમાર્થ સમજ્યો નથી માટે સ્પષ્ટ સમજાવો.

**ધાવમાતા :** વહાલા પુત્ર ! આજે પૂજ્ય રાજર્ષિ નગરમાં વહોરવા પધારતા હતા. તે બનાવ તારાં માતુશ્રી સહદેવીને જાણવા મલ્યો. અને નોકરોને ગુપ્ત સૂચના આપી, તેથી રાજર્ષિને ગરમાં પેસતા અટકાવીને પાછા કાઢયા છે. મહામુનિરાજ દરવાજા બહાર ચાલ્યા ગયા તે મેં નજરે જોયું. આવું પાપ મારાથી સહન પણ કેમ થઈ શકે ?

આ ઋષભદેવ સ્વામીની રાજધાની છે. અહીં તો કોઈ સાધારણ ભિક્ષુનું પણ અપમાન થાય નહીં. તો જૈન મુનિનું તો થાય જ કેમ ? ત્યારે આ તો આ નગરીના વિદ્યમાન રાજા દીક્ષા લઈ પોતાના પુત્ર અને પુત્ર સમાન પ્રજાનાં આંગણે ભિક્ષા લેવા પધારે તે તો પુત્ર અને પ્રજાજનનાં, મહાભાગ્ય લેખાવાની જગ્યાએ અપમાન, અનાદર, તિરસ્કાર અને પ્રહારો કેમ ?

રાજા સુકોશલને ધાવમાતા પાસેથી, પિતાના અનાદરના સમાચાર મળ્યા પછી પોતાની માતા સહદેવીની વિશ્વાસુ પરિચારિકા પાસેથી, એપણ જાણવાં મળ્યું કે, તેના પિતા મુનિરાજનો સમાગમ થાય તો, વખતે પુત્ર પણ સાધુ બની જાય તો હું પતિ અને પુત્ર બંનેથી વંચિત બનું ને ?

પોતાની જન્મદાત્રી માતા સહદેવીનું, પોતાના પૂજ્ય પિતાજી રાજર્ષિ પ્રત્યેનું આવું અનાર્ય આચરણ જોઈને, કુમાર રાજવી સુકોશલને ક્રોધ અથવા વૈર વધારનારું ન થયું, પરંતુ વૈરાગ્યને ખેંચી લાવનારું તો જરૂર થયું અને વિચારવા લાગ્યા. ધિક્કાર છે આ સંસારને ! સ્વાર્થ હોય ત્યાં સુધી પત્ની પોતાના પતિ માટે કેટલું સહન કરે ? છે. સ્વાર્થ નષ્ટ થતાં તે જ પત્ની ભયંકર વૈરિણી બની બેસે છે.

કોના સ્વામી ? કોની નાર ? સ્વારથ કાજ બતાવે પ્યાર
નો'ય સ્વારથ જો તલભાર. પાસે આવે ન કો' ક્ષણ વાર ॥ ૧ ॥

ભાઈ બહેન, પિતા ને માય, પુત્ર-પુત્રી, નારી સમુદાય
સ્વારથ હોય તો પ્રેમ જણાય, વિણ સ્વારથ સગા નવ થાય ॥ ૨ ॥

મારું મારું જીવડો કરી ફોકટ ફુલાય,
સાથે કોઈ આવ્યું નથી, સાથે કોઈ નહીં જાય ॥ ૩ ॥

માટે હું નિજ તાતનું, શરણું લેઈ સુખકાર
આરાધન કરી ધર્મનું, કરું અલ્પ સંસાર ॥ ૪ ॥

મહારાજવી સુકોશલ માતા–પત્ની કે પરિવાર કોઈને પણ પૂછ્યા વગર કે જણાવ્યા વગર નગરની બહાર જ્યાં પિતાજી મહામુનિરાજ વિરાજતા હતા. ત્યાં પહોંચી

ગયા. અને મુનિ ભગવંતને વિધિથી વંદનાદિ કરીને, પગમાં પડીને, વારંવાર ક્ષમાયાચના કરવા લાગ્યા.

હે પિતાજી ! હું અધમ આત્મા છું. મને વારંવાર ધિક્કાર થાઓ. મારા રાજ્યમાં કોઈપણ અતિથિનો અનાદર થાય તે મારા જ પ્રમાદનું કારણ છે. મારા રાજ્યમાં, મારા પરમ પૂજ્ય પિતાશ્રી; અને પરમગુરુદેવ–પરમ જ્ઞાની મહાતપસ્વી પધાર્યા. તેમનો મારે મોટો સત્કાર કરવો જોઈએ. તેની જગ્યાએ મારા જ સેવકો અને સૈનિકો દ્વારા તિરસ્કાર ? હે પ્રભો ! મને આવા ગુરુદ્રોહના પાપના પ્રાયશ્ચિત્ત તરીકે–આખી જિંદગી સાથે રહેનારો સેવક બનાવો.

યુવાન રાજવી સુકોશલ રાજભવનમાંથી પદાતિપણે અને તે પણ તદ્દન એકીલા નીકળ્યા, તે બનાવ ક્ષણવારમાં આખા રાજભવનમાં, રાજમંડલમાં, અને શહેરમાં, વાયુવેગે ફેલાઈ ગયો અને તત્કાળ સુકોશલ રાજાની પાછળ પાછળ, પ્રધાન વર્ગ પણ દોડી ગયો. બધા લોકો જ્યાં કીર્તિધર રાજર્ષી બિરાજ્યા હતા, ત્યાં આવી ગયા અને રાજર્ષિને ઓળખવા સાથે બન્ને પ્રકારે પૂજ્ય સમજીને, વંદન કરીને, પર્ષદારૂપે બેસી ગયા.

સુકોશલ રુવે છે. પ્રાયશ્ચિત્તદાનમાં પ્રવ્રજ્યા માગે છે. આ બધું જોઈ પ્રધાન વર્ગ, ગભરાયો અને રાજાને પ્રાર્થના કરી કહે છે : મહારાજ ! આપણું અયોધ્યાનગરીનું રાજ્ય, ઘણું પ્રાચીન અને મોટું છે. રાજ્યના રક્ષકની ગેરહાજરીમાં દીક્ષા લેવાય નહીં. પ્રાન્તે અવશ્ય પ્રવ્રજ્યા સ્વીકારવી તે આપના પૂર્વજોનો ધર્મ છે.

પરંતુ આપ હજી બાળક છો. આપને હજી રાજ્યને સાચવવું, પ્રજાને રક્ષણ આપવું, એ અનિવાર્ય ફરજ છે. અત્યાર અગાઉના આપના બધા જ પૂર્વજોએ, રાજ્યને ભોગવ્યું. શત્રુઓને દબાવ્યા, નીતિ તથા ન્યાયને વિકસાવ્યાં, અને પ્રાન્તે પુત્રને રાજ્ય આપીને, ચારિત્ર લીધું. નિરતિચાર આરાધી, મોક્ષમાં ગયા. અથવા સંસારને અલ્પ બનાવી, સ્વર્ગાદિ સુગતિગામી થયા. આપને હજીક દીક્ષા લેવાની વય આવી નથી.

પ્રધાનમંડળ તથા કેટલાક આગળ પડતા નાગરિકોએ પણ, યુવાન રાજવી સુકોશલને, ઘણી ઘણી દલીલો સાથે નમ્રતાથી વિનવણી કરી. પરંતુ સહદેવી માતાનું, પોતાના પિતા મુનિરાજ પ્રત્યેનું, આવું અનાર્ય, અને ગોઝારું, આચરણ જોઈ, સાંભળી, તેમનું ચિત્ત, વલોવાઈ ગયું હતું. સંસારની દુષ્ટતા–કેવળ સ્વાર્થપરાયણતાથી ભરેલી છે. વાસ્તવિક પોતાનો સ્વાર્થ જ છે.

જીવ પુણ્યના ઢગલા સાથે લઈને આવ્યો છે. પાપના પોટલા બાંધીને જવાનો છે. કહ્યું છે કે :

"રાજ્ય-રમા ને રાણીઓ, દાસ તણો પરિવાર ।
પુણ્ય વશે આવી મળ્યો, પાપ કરાવણ હાર ॥" ૧

"મહા પુણ્યોદય જીવને, નરભવ સુરભવ થાય ।
પુણ્યો સઘળાં ખાઈને, વળી કુગતિએ જાય. ॥" ૨

**પ્રશ્ન** : સંસારના બધા જ લોકો સ્વાર્થી છે. કોઈ પરમાર્થી છે જ નહીં એમ કેમ કહેવાય ?

**ઉત્તર** : કહેવાની જરૂર જ નથી, નજરે દેખાય છે. આપણા જેવા અનાજના કીડાઓ અથવા વિષયના કીડાઓ સમજીએ નહીં એ જુદી વાત છે. સમજવાની પડી હોય તો દીવા જેવું દેખાય છે. પ્રશ્નકારને કોઈ પૂછે કે, તમે પોતે તો સ્વાર્થી નથી જ ને ? એમ માનીએ તે બરાબર છે ને ? તો પછી આપને એટલું જ પૂછવાનું કે આપ લગભગ પાંચ વર્ષના થયા ત્યાં સુધી આપને માતાપિતા કેટલાં સારાં લાગતાં હતાં, ભલા ? આજે તેઓ એ જ છે કે બીજાં છે ?

**પ્રશ્ન** : આપ મહાનુભવને કોઈ પૂછે કે ભાઈશ્રી ! આપને માતા અને પિતા બહુ ગમે છે ? વધારે વહાલાં છે ? કે બાળકો અને પત્ની વધારે ગમે છે ? કોઈ વાર તમારાં માજીને, અને શ્રીમતીજીને, અણબનાવ થાય તો, જુદા કોને રાખો ? માતા પિતાને ? કે પત્ની-પરિવારને ? આપનો અનુભવ પોતે જ આપના સ્વાર્થીપણાને સિદ્ધ કરી બતાવશે.

**પ્રશ્ન** : આ તો આપણા જેવા કલિયુગમાં જન્મેલાની વાત છે. શું સતયુગ ચોથા આરામાં પણ બધા સ્વાર્થી જ હશે ?

**ઉત્તર** : ઉપરની કીર્તિધર રાજા અને સહદેવી રાણીની વાત સત્ યુગ ચોથા આરાની જ છે. એટલું જ નહીં, પરંતુ ઋષભદેવ સ્વામીના વંશજો અને રામચંદ્ર મહારાજના પૂર્વજોની વાત છે.

આ સિવાયપણ-ભરત અને બાહુબલિ જેવા, પ્રભુજીના પુત્રો, તે જ ભવે મોક્ષગામી સ્વાર્થ માટે બાર વર્ષ ઝગડ્યા હતા. શ્રીષેણ રાજાના બે પુત્રો, તદ્દન સગા ભાઈ, છતાં એક જ કન્યા સારુ, ખૂબ ઝગડ્યા. તેમના આવા ઝગડાના જ કારણે માતાપિતાએ વિષપાન કરી મરણ સાધ્યું. તથાવળી ચૂલનીરાણીએ, ચક્રવર્તી થનાર બ્રહ્મદત્તપુત્રને, મારી નાખવા લાક્ષાગૃહ બનાવ્યું હતું. પુણ્યોદય જાગતો હોવાથી બ્રહ્મદત્ત બચી ગયા હતા.

સૂરીકાન્તા રાણીએ પરદેશી રાજાને, અને નયનાવલી રાણીએ યશોધર રાજાને, ઝેર આપ્યું. હતું. સુકુમાલિકા રાણીએ, પતિને નદીમાં ધક્કો મારી, પાડી નાખ્યો. કોણિકાદિ દશ ભાઈઓએ ભેગા મળીને, શ્રેણિક જેવા પૂજ્ય પિતાને કેદમાં પૂર્યા; મહા દુખ આપ્યું. આ બધાં સ્વાર્થપૂર્ણ ઉદાહરણો જાણવાં.

આવી અનેક વાતો અમે આગળના પ્રકરણોમાં વિસ્તારથી ચર્ચવાના હોવાથી, અને અહીં વિષયાન્તર થઈ જવાથી, લખતા નથી. છતાં સમસ્ત જગત સ્વાર્થીજ છે, એમ પણ ન સમજવું. પંચપરમેષ્ઠિ ભગવંતો, અને ચાર પ્રકારનો સંઘ પરમાર્થીજ હોય છે, એ પણ સમજવું.

**પ્રશ્ન** : જૈનો સિવાય કોઈ જગ્યાએ પરમાર્થ હોય જ નહીં આવો પક્ષપાત? કેમ શું લાખો અને ક્રોડોનાં દાન આપી દેનારાઓનો પરમાર્થ નહીં?

**ઉત્તર** : લાખો અને ક્રોડોનાં દાન દેનારા જો પરમાર્થ સમજી જાય તો જગતમાં કૂદકે ને ભૂસકે કતલખાનાં વધી રહ્યાં છે માછલાં કુકડાં, બતકાં, ઇંડાં, ગાયો, બકરાં, ઘેટાં, ભૂંડ, સસલાં, કૂતરાં, વગેરે પ્રાણીઓની ન ગણી શકાય, ન માપી શકાય એટલી આપણા ઋષિ-મુનિઓથી ભરેલા દેશોમાં કતલો ચાલી રહી છે. વધી રહી છે. તે શું વ્યાજબી છે? આવા પાપી માણસોના દાનની ઉદારતાને પરમાર્થ કેમ લેખાય?

એક અમેરિકન ક્રોડપતિએ, હડકાયાં કૂતરાંઓને, મારી નાખવા, ઝેરની ગોળીઓ બનાવીને, દેશો દેશ મોકલવા લાખો પાઉંડની સખાવત કરી છે. એક ધનાઢ્ય અંગ્રેજ એક મોટર ભરીને માંસ વેચાતું લાવી કૂતરાઓને ખવડાવતો હતો. એક મોટી લાગવગ વાળા માણસે હિંદુસ્થાનમાં માછલાં પકડવાની જાળો બનાવી, અને માચ્છલા ભરવાના મછવા બનાવી, મચ્છીમારોને આપી, તેમને પગભર બનાવવા, પોતાની લાગવગથી લાખો રૂપિયા ભેગા કરાવ્યા હતા.

શ્રી વીતરાગશાસનમાં, આવા દાનને, પરમાર્થ નહીં પણ, આત્માનું મહાપતન ગણાવ્યું છે. અને સંસારને જ કેવળ સારો માનનારા, કેવળ મનુષ્યોની જ દયાથી આગળ નહી વધેલાઓ ગમે તેવા સંતો ગણાયા હોય તોપણ, જૈનશાસન તેવાઓને પરમાર્થી કેમ માને?

યુવાન રાજવી સુકોશલને જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય પ્રકટયો હોવાથી, પ્રધાન વર્ગની લાગણીપૂર્ણ દલીલોની પણ અસર થઈ નહી. આ વાતની ખબર આખા નગરમાં ફેલાઈ ગઈ. તે વાત જાણીને, સુકોશલની રાણી, ચિત્રમાળાને મૂર્ચ્છા આવી ગઈ. દાસીઓના શીતોપચારથી રાણીને ભાન આવ્યું. રોવાથી અર્થ સરસે નહીં, માટે હું પોતે જાતે ત્યાં જઈને, મારા સ્વામીને પાછા લઈ આવું. આમ વિચારીને રાણી પણ દાસીઓના પરિવારથી વિંટળાઈને નગર બહાર આવી.

મહામુનિરાજને વંદન કરી, ઉચિત સાચવી, પતિને સંબોધીને બોલવા લાગી. અમને પરિવારને રાજ્યને હવે આધાર કોનો? અમને કોણ સાચવશે કોણ રક્ષણ કરશે? સ્વામિન્ કાંઈક તો વિચાર કરો. બધાંને એકદમ નિરાધાર મૂકીને જવાનો વિચાર બંધ રાખો.અને ઊચત સ્વીકારો. ચિત્રમાળાએ ઘણું કહ્યું. ભલભલાની છાતી ચીરાઈ જાય તેવા, વિયોગ સૂચક વિલાપો કર્યા. રાણીનો નૈસર્ગિક રાગ હતો, જેમ રાજીમતીનો નેમનાથ સ્વામી પ્રત્યે રાગ હતો, તો પણ ચિત્રમાલાના, દલિલવાળા પ્રયાસો પણ, સુકોશલ રાજાની ચિત્ત દીવાલને

ભેદવા સમર્થ થયા નહીં. ચિત્રમાલાના વિયોગ સૂચક વિલાપથી, આખી સભા ગદ્‌ગદિત બની ગઈ. ભલભલાની આંખો ભીંજાઈ ગઈ.

પરંતુ પોતાની માતા સહદેવીના (સ્વપિતા કીર્તિધર રાજર્ષી પ્રત્યે) સંસારની સ્વાર્થપરાયણતામય આચરણથી પ્રકટેલા જ્ઞાનગર્ભિત વજ્રમય વૈરાગ્યવાળા, સુકોશલ રાજવીને જરાપણ અસર થઈ નહીં; પણ આ બધું મોહ રાજાનું નાટક છે એમ ચોક્કસ થયું.

**પ્રશ્ન** : રાણી ચિત્રમાલા અને આખી સભા તેમ જ સમગ્ર પ્રજાને રોતા મૂકીને દીક્ષા લેવી તેશું બરાબર છે?

**ઉત્તર** : જ્યારે જ્યારે જગતના માનવંતા પુરુષો મરણ પામ્યા ત્યારે લાખો આત્માઓ પોકેપોક રોયા હતા. તેજ પ્રમાણે દીક્ષા લીધી ત્યારે પણ એવા મહાપુરુષોના વિરહ વખતે જગત રોયું હોય, તે બનવા યોગ્ય છે જ.

**પ્રશ્ન** : મરણ તો અટકાવી શકાતું નથી, એમાં ઉપાય જ નથી.

**ઉત્તર** : તે જ પ્રમાણે સાચા વૈરાગ્યને પણ કોઈ અટકાવી શકતું નથી. અહીં ધન્નાકાકંદી, ધન્ના–શાલિભદ્ર, સુબાહુકુમાર, જંબુકુમાર, મેઘકુમાર, વયરકુમાર, નમિરાજા, પ્રસન્નચંદ્ર સનત્કુમાર ચક્રવર્તી આવા બધા મહાપુરુષોની દીક્ષાઓ વખતે, કુટુંબીજ નહીં, પરંતુ દુનિયા રોઈ હશે. જેની જગતને જરૂર હોય તેને જતા જોઈને, જગત પોતાના સ્વાર્થ માટે રડે છે. તેથી મુમુક્ષુ પોતાનું આત્મકલ્યાણ કેમ બગાડે?

## પરિવાર તથા પ્રજાને સુકોશલ રાજવીનો છેલ્લો ઉત્તર :

**किं कस्यापिकृते किंचिद् भुवने वस्तु विद्यते ?। स्वयमेवोत्पद्यते काले, स्वयमेव विपद्यते ॥ १॥**
**तदेवं सति कोमोहो, देहिनां यदिदं मम। गतेच तत्र कः खेदः यदिदं मे गतं मृतं ॥ २॥**

**અર્થ** : પ્રાણીમાત્ર પદાર્થ સામે દૃષ્ટિ રાખીને વિચાર કરે તો, કોઈ વસ્તુ ચાલી જાય કે નાશ પામે ત્યારે, થોડો પણ ખેદ થાય જ નહીં. જેમ કોઈ બાળક અમુક જગ્યાએ જન્મે છે, તથા કોઈ બાળા અમુક જગ્યાએ જન્મે છે. કોઈ કોઈના માટે જન્મેલ નથી, છતાં થોડા વખત માટે, **વૃક્ષના પક્ષીઓની જેમ, ટ્રેઈનના પેસેંજરોની જેમ, ધર્મશાળાના મુસાફરોની જેમ,** સંયોગ થાય છે. સૌ સૌનો વખત પૂર્ણ થાય કે પોતપોતાના નિર્ણિત સ્થાન તરફ રવાના થાય છે, અને સૌ સૌની કરણી અનુસાર બીજો જન્મ મેળવે છે.

આવા સનાતન સત્યને વિચારમાં લવાય તો, આ મારું છે એવો મોહ કેમ થાય? અને જાય ત્યારે આ મારું જતું રહ્યું, મરણ પામ્યું, એવો ખેદ પણ શા માટે? જગતના સ્વભાવ મુજબ થયું છે.

"જગની સઘળી વસ્તુઓ, પ્રકટે આપોઆપ
કાળબળે ક્ષય પામતી, તેમાં શ્યો સંતાપ?" ૧

"નર–નારીના જન્મ પણ, નિજનિજ કર્મ પસાય
કર્મ બલે જીવન ધરે, મરણો પણ સર્જાય." ૨

"જિનવરદેવને ગણધરો, બલ-વિષ્ણુ નરરાય
જન્મી ને જાતા રહ્યા, આ પૃથ્વી તલમાંય." ૩

✓ "અકસ્માત આવ્યા અમે, જાવાના પણ એમ ।
નાશવંત આ દેહ પર, કોઈ ન કરશો પ્રેમ." ૪

ચિત્રમાલા રાણી સગર્ભા હતી. ભવિષ્યમાં જન્મનાર કુમારને રાજ્ય આપવા ભલામણ કરીને, યુવાન રાજવી સુકોશલે પોતાના પિતાજી કીર્તિધર રાજર્ષી પાસે ત્યાં જ, હજારો માણસોની મેદની વચ્ચે દીક્ષા ગ્રહણ કરી અને રાજા મટીને તે રાજર્ષી થયા.

પતિદીક્ષાથી ક્રોધાવિષ્ટ થયેલી સહદેવી રાણીએ, અનેક દુર્ધ્યાન કરીને ચીકણા કર્મ બાંધ્યાં હતાં, વધારામાં કીર્તિધર રાજર્ષીના અયોધ્યામાં પધારવાથી, મન–વચન અને કાયા એ ત્રણે યોગમાં પાપ ભરાયું હતું. ત્યાં વળી સુકોશલની દીક્ષા પણ લાગોલાગ થવાથી, સહદેવીના કષાયોની માત્રા ખૂબ જ જોરદાર બની હતી.

તેથી પતિવિયોગ અને પુત્રવિયોગના કારણે સહદેવી–પતિ–પુત્ર બંનેના નાશની જ ભાવના ભાવતી, તીવ્રરૌદ્રધ્યાનથી મરણ પામીને, પહાડોવાળા એક મોટા જંગલમાં વાઘણ થઈ.

**પ્રશ્ન** : આ બે જણની દીક્ષા થઈ ન હોત તો સહદેવીની દુર્ગતિ ન થાત. માટે સહદેવીની દુર્ગતિનું કારણ પતિ અને પુત્ર બન્યા એમ ખરું કે નહીં ?

**ઉત્તર** : કોઈ મહા ઉદાર માણસ હજારો લાખોનું દાન કરે, તેને જોઈ બિચારા કૃપણો હંમેશ સળગ્યા કરે, તો શું એમાં દાન દેનાર ગુનેગાર ગણાય ? કોઈના ઘેર છોકરાં ઘણાં જન્મે તેની ખબર પડવાથી વાંઝણી સ્ત્રી બળ્યા કરે, તેથી પુત્રવતી બાઈઓને પાપ લાગે ખરું ? બે ભાઈ કે પાડોસી હોય; એકને ઘણી આવક જોઈ બીજો સળગે તેમાં પહેલાનો દોષ ગણાય ? કોઈને દશ જણા દીકરી આપવા જાય અને કોઈની સગાઈ થાય જ નહીં એવા માણસો **તે દીકરીઓના બાપોને ગાળો ભાંડે તો શું તે બરાબર ગણાય ?**

જગતનો સ્વભાવ જ પોતાના સ્વાર્થને પોષવાનો છે. પોતાની ઇચ્છાઓ પૂર્ણ કરવી એટલા માટે જ રાગ અને દ્વેષ દ્વારા જીવો બિચારા કર્મ બાંધે છે. સહદેવીના જ સાસરા પુરંદરના વડીલ બંધુ, વજ્રબાહુકુમારે પરણીને પાછા આવતાં રસ્તામાં દીક્ષા લીધી હતી અને તેમની તુરતની પરણેલી પત્ની મનોરમા સાથે જ હતી. ક્ષણવાર વિરહના દુઃખથી ઉદાસ થઈ. પરંતુ તરત જ મહાસતીએ પતિનો નિશ્ચય વિચારી સાથે જ દીક્ષા લીધી અને મોક્ષગામિની થઈ.

કુટુંબના કારણે વૈરાગીનો માર્ગ બગડતો નથી. કીર્તિધર અને સુકોશલ (પિતા–પુત્ર) રાજર્ષી, ગુરુનિશ્રાએ ગીતાર્થ થઈ, માસમાસના ઉપવાસે પારણું કરતા કરતા, એકવાર ચિત્રકૂટ પર્વતની નજીકમાં, પારણા માટે વહોરવા વસતિ તરફ પધારતા હતા.

આ પર્વતમાળાના અરણ્યમાં જ સહદેવીનો આત્મા વાઘણ થયો હતો. અને સહદેવીએ રાણી દશામાં બંધાયેલા વૈરાનુબંધથી, એ મુનિરાજોને જોયા. અને મહા ભયંકર દ્વેષથી વિકરાળ બનેલી વાઘણ, આગળ ચાલતા સુકોશલ મુનિરાજ ઉપર કૂદી પડી.

અને તપશ્ચર્યાથી અતિ દુર્બળ શરીરવાળા મહામુનિરાજને નીચે પાડી નાખ્યા, અને તીક્ષ્ણ દાંતો વડે મુનિના શરીરની ચામડી તોડીને માંસ ખાવા લાગી. મહામુનિરાજ સમભાવે ઉપસર્ગ સહન કરતા, વાઘણ પ્રત્યે પણ મૈત્રીભાવના, ભાવતા અન્તકૃત કેવલી થઈ મોક્ષે ગયા. અને ત્યાર પછી થોડા જ સમયમાં કીર્તિધરરાજર્ષી પણ કેવલજ્ઞાન પામીને, મોક્ષગામી થયા.

સુકોશલ રાજાની દીક્ષા પછી તરત જ રાણી ચિત્રમાલાએ રાજકુમારને જન્મ આપ્યો. હિરણ્યગર્ભ નામ રાખ્યું. તે મહા પ્રભાવશાળી થયો. રાજકુમારી મૃગાવતી સાથે લગ્ન થયાં. તેનો પુત્ર નઘુષ રાજા થયો. તેને પણ સતી શિરોમણિ સિંહિકા નામની પટ્ટરાણી થઈ. તેનો પુત્ર સોદાસ રાજા થયો.

સોદાસની પરંપરામાં પચીસમા નંબરે અનરણ્યનામા મહાપ્રતાપી રાજા થયો. તેનું અપરનામ, અજયપાલરુ અને અજ પણ કહેવાયું છે. કિંવદંતી એવી છે કે હાલમાં દીવ બંદરની પાસેના અજાહર ગામમાં, અજાહરા પાર્શ્વનાથ સ્વામીની પ્રતિમા છે તે, આ અજયપાલ રાજાએ ભરાવી છે. આ અનરણ્ય અથવા અજયપાલને મહારોગ થયો હતો. જ્ઞાનીના વચનથી, જિનેશ્વર પ્રભુની પ્રતિમા ભરાવી હતી. મહા પ્રભાવક ગીતાર્થભાવાચાર્યના હાથે, અંજન શલાકા કરાવી હતી. પ્રભુના સ્નાત્ર જલથી રાજાનો રોગ મટી ગયો હતો.

અનરણ્ય રાજાએ પોતાના પ્રથમ પુત્ર અનંતરથ સાથે દીક્ષા લીધી હતી. ત્યારે તેમની રાણી પૃથ્વી દેવીનો બીજો પુત્ર દશરથ તદ્દન બાળક હતો. સૂર્ય બાળક હોય તોપણ તેનું તેજ ઢંકાતું નથી, તેમ કુમાર દશરથ પણ મહા તેજસ્વી હતો, અને પોતાના જ પુણ્યોદયથી, મહા પ્રભાવશાળી રાજા થયો, અને ચાર પત્નીઓ (રાણીઓ)ઓના સ્વામી તથા રામચંદ્રાદિ પ્રતાપશાળી અને પ્રભાવક પુત્રોના પિતા પણ થયા.

દશરથ રાજાને, અંતઃપુરના કંચુકીની વૃદ્ધાવસ્થા જોઇને વૈરાગ્ય થયો હતો. અને તેથી પુત્ર રામચંદ્રને રાજગાદી ઉપર બેસાડી તુરત દીક્ષા લેવાની ભાવનાથી અંતઃપુરમાં સૌ પ્રથમ રાણીઓ અને પુત્ર રામચંદ્રને બોલાવીને પોતાના વિચારો જણાવ્યા. આ વખતે કુમાર ભરત પણ હાજર હતા.

**દશરથ રાજા** : મારા વડીલોએ પ્રાયઃ વૃદ્ધાવસ્થા આવ્યા પહેલાં સંસારનો ત્યાગ કરીને આત્મકલ્યાણની એકાન્ત હિતકારિણી શ્રીવીતરાગદેવોએ આચરેલી અને

પ્રકાશેલી, પ્રવ્રજ્યા ગ્રહણ કરીને આત્માને નિર્મલ બનાવવાનો જ ઉદ્યમ કર્યો છે. અને હું પણ મારા રાજ્યની સુવ્યવસ્થા કરીને દીક્ષા લેવાની ભાવના રાખું છું.

**કુમાર ભરત** : જેમ આપના પિતાજી સાથે આપના વડીલબંધુએ દીક્ષા લીધી હતી તેમ પિતાજી હું પણ આપની સાથે જ દીક્ષા લેવા પ્રાર્થના કરું છું. પરમ ઉપકારી પિતાજી મારી આ પ્રાર્થના જરૂર ધ્યાનમાં લેશો. જેથી મને પિતાની સેવા અને આત્મકલ્યાણ એમ બે લાભ થશે.

મહારાજા દશરથનું અને કુમાર ભરતનું વાક્ય પૂરું થયું કે તુરત નજીકના ઓરડામાં બેઠેલાં ત્રીજા નંબરનાં મહાદેવી–કૈકેયી. બે હાથ જોડી નમ્ર ભાવે વિનંતી કરવા લાગ્યા, સ્વામિન્! આપે મને એક વર આપ્યો છે. તે આપને યાદ હશે? આપની આજ્ઞા હોય તો મારે તે વર આજે જ માગવો છે.

**દશરથ રાજા :** હા, મેં વર આપ્યો છે. ખુશીથી હમણાં જ માગી શકો છો.

**રાણી કૈકેયી :** તો આપની રાજ્યગાદી મારા પુત્ર ભરતને આપો.

**કુમારભરત :** પિતાજી! મારી પ્રાર્થના પહેલેથી જ હતી અને છે જ કે, આપ દીક્ષા લેવાના છો તેથી હું પણ, આપની સાથે, આપની સેવા કરવા સારૂ દીક્ષા લઈશ. મારી આ પ્રાર્થનાનો અનાદર થવો જોઈએ નહી. કારણ આપના વિના ક્ષણવાર પણ મને ગોઠશે નહીં. આપનો વિરહ મારાથી સહન થઈ શકશે નહીં. આપ મને દીક્ષામાં સાથે લેશો નહીં તો, મારી ચારિત્રની આરાધના અને પિતા–ગુરુની સેવાનો વિરહ અને સંસાર વૃદ્ધિથી મારા અભ્યુદયની જગ્યાએ પતનનો પ્રારંભ થશે.

**રાણીકૈકેયી :** મહારાજા! આપ સત્ય પ્રતિજ્ઞાવાળા છો. સંતોની પ્રતિજ્ઞા પથ્થરમાં કોતરેલા અક્ષરો જેવી ગણાય છે. કુમાર ભરત બાળક છે. તેનામાં વૈરાગ્યની કલ્પના કેમ કરી શકાય? અવૈરાગીથી ચારિત્ર કેમ લેવાય? બાળક ચારિત્રની વાતમાં શું સમજે? આવા કેળના ગર્ભ જેવા બાળકથી, પાંચ મહાવ્રત શી રીતે પળે? દેવોના જેવા ભોજનોથી પોષાએલો બાળક, અરસ–નીરસ ભોજન કેમ જમી શકે? પલંગ ઉપર પોઢનાર બાળક જમીન ઉપર કેમ ઊંઘી શકે? માટે આપનું બોલેલું વચન પાળવા મારા પ્રત્યેની આપની અસમાન કૃપાના ફલ સ્વરૂપ, કુમાર ભરતનો રાજ્યાભિષેક કરાવીને આપ દીક્ષા ગ્રહણ કરો.

**દશરથ રાજા :** હું મારું સંપૂર્ણ રાજ્ય ભરતને આપું છું. ભરત ખુશીથી રાજા બને! આ પ્રમાણે કહીને દશરથ રાજા, પાસે બેઠેલા રામને કહેવા લાગ્યા, ભાઈ! કૈકેયીના સ્વયંવર પ્રસંગે, મારે હજારો શત્રુઓ સાથે યુદ્ધ કરવું પડયું હતું. ત્યારે કૈકેયીયે મારું સારથિપણું, એટલું કુશળતાપૂર્વક બજાવેલું, જેમાં હું આવા હજારો શત્રુઓ સાથેના યુદ્ધમાં, જય મેળવી શકયો. ત્યારે મેં હર્ષના અતિરેકથી કૈકેયીને વર આપેલો હતો.

તેણી આજે તે વરની, ભરતને રાજ્ય અપાવવા માટે યાચના કરે છે. માણસ પોતાની ઈચ્છાનુસાર વર માગી શકે છે, અને સત્યવાદી મહાશયોએ વચનો બરાબર પાળવાં જોઈએ.

પરંતુ રાજ્યનીતિ એવી છે કે વડીલોપાર્જિત રાજ્ય, ખોડ ખાંપણ વગરના, પહેલા પુત્રનેજ અપાય છે. તે વાતને ધ્યાનમાં રાખીને તને પૂછવું ઉચિત ગણાય.

**મહાભાગ્યશાળી કુમાર રામચંદ્રનો ઉત્તર :**

પિતાજી! આપ મારા પ્રત્યેના વાત્સલ્યથી જે કહો છો તે, આપને માટે ઉચિત ભલે ગણાય, પરંતુ રામની સલાહ લીધા સિવાય, દશરથ રાજા ભરતને રાજ્ય આપી શકે નહીં, આવી જાહેરાત પણ, મારા અવિનીતપણાનો ઢંઢેરો ગણાય?

મારે માટે કૌશલ્યાદેવી અને કૈકેયીદેવીમાં ભેદ નથી, તેમ હું અને ભરત જુદા નથી. ભરત પણ પિતાજીનો વહાલો પુત્ર છે. ન્યાયી વિનયી અને શૂરવીર છે. શત્રુઓને પગ નીચે દબાવીને, પિતાનું રાજ્ય સાચવી કે વધારી શકે તેવો છે. મારાં માતા કૈકેયીની માગણી બરાબર છે. વળી ઇક્ષ્વાકુવંશના રાજાઓ, પોતાનું વિશાલ રાજ્ય, એક ભાટચારણને આપવા પણ સ્વતંત્ર છે. તો પછી પોતાના કોઈપણ પુત્રને આપે તેમાં મારા જેવા આજ્ઞાધીન પુત્રની રજા લેવાની શી જરૂર?

હું આપનો આજ્ઞાધીન પદાતિ સમાન પુત્ર છું. પિતાજીનું વચન સચવાય મારી માતા કૈકેયી દેવીનું ચિત્ત પ્રસન્ન થાય, અને મારો લઘુ બાંધવ રાજા થાય આવી એક ક્રિયામાં ત્રણઆપ્ત મનુષ્યોની સેવા સધાય છે. તેથી પિતાની આજ્ઞાનું પાલન કરનાર અને પુત્ર તરીકેનું અભિમાન ધરાવનાર રામને આનાથી વધારે આનંદ બીજો શું હોઈ શકે?

માટે આનંદપૂર્વક મારા લઘુબંધુ ભરતનો રાજ્યાભિષેક કરાવવા આજ્ઞાની ઉદ્‌ઘોષણા કરાવો. આ પ્રમાણે કુમાર રામચંદ્રનાં ઉદારતાપૂર્ણ વચનો સાંભળી, ઘણા જ પ્રસન્ન થયેલા મહારાજા દશરથ, જેટલામાં મંત્રીમંડલને બોલાવી, આજ્ઞા ફરમાવે છે, તેટલામાં કુમાર ભરત નમ્રતા અને નિસ્પૃહતાપૂર્ણ પ્રાર્થના કરે છે.

**કુમાર ભરતની પ્રાર્થના :**

પિતાજી! આપનો આપના પરિવાર પ્રત્યે વાત્સલ્યભાવ સમાન હતો, અને હોવો જોઈએ. તે જેવો મારી માતા અને મોટાભાઈના વાકયોમાં આદર થાય છે, અને તેમનાં વચનોને ધ્યાનમાં લઈને, અમલમાં મુકવા તૈયારી બતાવાય છે, તે જ પ્રમાણે આપના અતિ નમ્ર સેવક ભરત પુત્રે પણ, આ સૌની પહેલાં કરેલી માગણીનો, અસ્વીકાર જ નહી પણ અનાદર થાય છે, તે મારા માટે દુ:ખનો વિષય જ ગણાય.

મારે રાજ્ય લેવું નથી, પરંતુ પિતાજી સાથે દીક્ષા લેવી છે. મારે કોઈના રાજા–સ્વામી–માલિક થવું નથી. પરંતુ આખી જિંદગી પિતાજીના સેવક તરીકે જીવવું છે. મારે બાહ્ય શત્રુઓને હરાવીને, અલ્પકાલીન નેતા કે સમ્રાટ થવું નથી. પરંતુ અનંતકાલથી

દુઃખ આપનારા અભ્યંતર શત્રુઓને હરાવીને, આત્માની ખોવાઈ ગયેલી શક્તિના માલિક થવું છે. આપ મહાપુરુષ છો. અન્તર્મુખ બનેલા છો. તો પછી મારું આપાતરમ્ય, પરિણામ દારૂણ, પાપ વધારનારું સુખ કેમ ઇચ્છો છો?

## મહારાજા દશરથનો કુમાર ભરતને વાત્સલ્યપૂર્ણ ઉત્તર :

ભાઈ! મેં તારી માતાને એક વર આપેલો હતો. તેણી આજે તને રાજ્ય અપાવી, વરદાનની વસુલાત કરવા ઇચ્છે છે. જે કુટુંબોમાં, કાયમને માટે સંપ છે, વાત્સલ્ય છે, ત્યાં આવા પ્રસંગો નિન્દનીય ગણાયા નથી. હવે તું રાજ્ય નહીં લે તો, તારી જન્મદાત્રી માતાનો અનાદર થાય છે. અને મારા વચનનો વિઘાત થવાથી કૈકેયીનું દેવું રહી જવાનું કલંક ઊભું રહે છે; હવે તો તારે મારી પ્રતિજ્ઞા, પોતાની માતા પ્રત્યેની ભક્તિ, અને તારા મોટા ભાઈ રામભદ્રની ઉદારતાને, આદર આપવો તે જ ઉચિત છે.

ભાઈ! જો તું હઠીલો બનીશ તો મારી ઉપર પ્રતિજ્ઞા ભ્રષ્ટતાનું કલંક ઇતિહાસમાં લખાઈ જશે. માટે દીકરા! સમજી જા. સુપુત્રોએ, પોતાના માતા-પિતા અને વડીલ બંધુની આજ્ઞા માન્ય રાખવી જ જોઈએ. તારી ઉદારતા કરતાં પણ વડીલોનાં વચનોની કીમત ઘણી મોટી છે.

## કુમાર રામચંદ્રનું લઘુ બાન્ધવ ભરત પ્રત્યે શિક્ષાવચન :

ભાઈ! તું ખૂબ નિસ્પૃહ છે, વૈરાગી છે, પિતાની સેવાનો અર્થી છે; તને જરા પણ ગર્વ નથી. રાજ્યનો, લક્ષ્મીનો કે બીજી કોઈ વસ્તુઓનો મોહ નથી, લોભ પણ નથી. તો પણ પિતાજીના વચનની ખાતર અને માતાજીના વાત્સલ્યની ખાતર રાજ્યનો સ્વીકાર કર.

અહીં ભરતકુમાર, પિતાજી અને મોટાભાઈના પગે પડીને બોલવા લાગ્યા. પિતાજીને અને મોટાભાઈને ભલે આ કાર્ય વ્યાજબી જણાતું હોય, પરંતુ મારા વિનીત ભાવને, નિસ્પૃહભાવને અને વૈરાગ્યભાવને તિલાંજલિ આપવા સાથે મને લાલચુ અને માતૃ મુખો બનાવી મૂકે છે. શું હું મહારાજા દશરથનો વહાલો પુત્ર નથી? આર્યબંધુ રામચંદ્રનો વિનયશીલ નાનો ભાઈ નથી? શું મારા બધા જ વિચારોની એકપાક્ષિક અવગણના જ થઈ રહી છે, તે વ્યાજબી છે? મોટાભાઈનો અધિકાર રદ કરીને, મને વગર હકદારને, પિતાના રાજ્યનો માલિક બનાવીને, જગતના ઇતિહાસમાં કાળો ચિતરવો છે? બસ મારી ભવિતવ્યતા આવી હશે?

કુમાર ભરતના વક્તવ્ય સાથે ચક્ષુઓમાંથી આંસુઓનો વરસાદ પણ ચાલુ જ હતો. આવું ભરતકુમારનું વાતાવરણ અને પિતાના વચનની પરસ્પર સ્પર્ધા, સર્જાતી જોઈને, કુમાર રામચંદ્રે પિતાને પ્રાર્થના કરી.

## રામચંદ્રની પિતા પ્રત્યે નમ્ર પ્રાર્થના :

પિતાજી! મારી જ્યાં સુધી અહીં હાજરી રહેશે. ત્યાં સુધી, મારા પ્રત્યેના ભક્તિરાગથી, કુમાર ભરત રાજ્યનો સ્વીકાર કરશે નહીં. માટે આપની આજ્ઞા થાય તો હું વનવાસ જાઉં? પિતાની પાસે નમ્ર પ્રાર્થના થવાથી અને દશરથ રાજાએ આજ્ઞા આપવાથી ભવિતવ્યતા પણ એવી જ હોવાથી, ભરતકુમારને રડતો મુકીને, કુમાર રામચંદ્રે પિતાને પ્રણામ કરીને, તેજ ક્ષણે પોતાની ક્રમસર બધી માતાઓને પ્રણામ કરવા અને રજા લેવા વિદાય લીધી.

રામના આવા સાહસ અને અતિ ઉદાર ભાવથી પ્રભાવિત થવા છતાં, ગુણાનુરાગી પિતા પણ રડી પડ્યા. મૂર્છા આવી ગઈ. વારંવાર સાવધાન અને મૂર્છિત થતા રહ્યા.

રામ કૌશલ્યાદેવીની પાસે જઈ, પગમાં પડી, ઉપર બનેલો બધો વૃત્તાન્ત સંભળાવીને કહેવા લાગ્યા. મારા પ્રત્યેના રાગથી ભરતને પારકો ગણશો નહીં. રાજ્ય ભરત લેતો નથી પણ અમે આગ્રહથી આપ્યું છે. માટે મારી પેઠે જ ભરત પ્રત્યે વાત્સલ્ય રાખજો મારા મસ્તક ઉપર હાથ મૂકી આશીર્વાદ આપો જેથી મારા માર્ગો કલ્યાણકારી બને. હું થોડા વર્ષો માટે વનવાસનો સ્વીકાર કરું છું.

વળી મારા પિતાજીએ, પોતાનું વચન પાળવા, મારા લઘુ બાંધવ ભરતને રાજ્ય આપવું જ જોઈએ. અને મારી હાજરી હોય તો, ભરતકુમાર રાજ્ય લે નહી. માટે જ મેં સ્વયં પિતાની પાસે, વનવાસ જવા માટે રજા આપવા પ્રાર્થના કરી છે. અને પિતાજીએ પણ, આજુબાજુના વિચારો ધ્યાનમાં રાખીને, ઇચ્છા ન હોવા છતાં આજ્ઞા ફરમાવી છે.

કુમાર રામચંદ્રનું આવું, વજ્રના ઘાત જેવું, અશ્રાવ્ય ભાષણ સાંભળીને, દેવી અપરાજિતા ( કૌશલ્યા ) પોતાની બેઠક ઉપર ઢળી પડ્યાં, મૂર્છા આવી ગઈ. દાસીઓના શીતોપચારથી સાવધાન થઈ રડવા લાગ્યાં. પુત્ર! વહાલા પુત્ર! રામ! હું કેટલી વજ્ર જેવી કઠોર છું. એક બાજુ સ્વામી દીક્ષા લેવા તૈયારી કરે છે. બીજી બાજુ પુત્ર, વનવાસ જવાની વાતો સંભળાવે છે. તો પણ કૌશલ્યના હૃદયનો ભેદ થતો નથી. આવું બોલી પાછાં ઢળી પડ્યા. મૂર્છા આવી ગઈ.

માતાની આવી વિહ્વલ દશા જોઈ, કુમાર રામચંદ્ર માતાને કહેવા લાગ્યા : માતા! તમે એક મોટા વીર ક્ષત્રિય રાજાનાં પુત્રી છો. મહારાજા દશરથ જેવા વીર પુરુષનાં પત્ની છો. અને વીરનર રામ જેવા દીકરાની જન્મદાત્રી માતા છો. તેવી વીરનારીને આવો પામર નારીઓના જેવો વર્તાવ કેમ શોભે? સિંહણનો પુત્ર દેશાટન ખેડે, તે યશ તો, સિંહણ જેવી માતાને જ મળે છે.

દશરથ રાજાની પટ્ટરાણી અને રામની માતા તદ્દન કાયર હૃદયવાળાં છે. આવું વાક્ય રામ જેવા શૂરવીર પુત્રથી સાંભળી પણ કેમ શકાય? માતાજી! આપણા પૂર્વજોને જરા ધ્યાન આપીને વિચારો.

સત્યવાદી મહારાજા હરિશ્ચન્દ્ર તથા સતી શિરોમણી તારામતી રાણી અને દેવ જેવો રૂપગુણનો અંબાર પુત્ર રોહિતાશ્વ. તેપણ કર્મોદયથી રાજ્યપાટ ઋદ્ધિ-પરિવારથી ભ્રષ્ટ થયા. શત્રુઓનાજ દેશમાં, ભંગીને ઘેર નોકર થઈને રહ્યા. તારામતી રાણી, એક મહાનિર્દય, કટુભાષી, બ્રાહ્મણના ઘેર દાસી થઈ, બાર વર્ષ રહ્યાં. આ બધું રાજારાણીએ સાત્ત્વિક ભાવે સહન કર્યું.

મહારાજા હરિશ્ચન્દ્ર ભંગીના નોકર બની સ્મશાનનું રક્ષણ કરે છે. તારામતી રાણી બ્રાહ્મણના ઘેર વાસણ માંજે છે. ઝાડુ કાઢે છે. તુચ્છમાં તુચ્છ નોકરડી જેવું બધું કામ, ત્રણ ખંડના ભૂપતિની પટ્ટરાણી—તારામતીદેવી આનંદપૂર્વક કરી રહી છે. એક દિવસ રોહિતાશ્વને વગડામાં ઘાસ લેવા મોકલ્યો હતો. ત્યાં તેને કાળો નાગ કરડયો. પુત્ર રોહિતાશ્વ દોડતો માતા પાસે પહોંચ્યો, પરંતુ વિષનો વેગ વધી જતાં, રોહિતાશ્વ ચેષ્ટારહિત શબ-મડદું થઈ ગયો.

દેવી તારામતી પોતાના શેઠ બ્રાહ્મણને કહે છે, ભાઈ! બાળકના વિષાવેગને મટાડવાના ઉપાયો કરાવો. મારો એકનો એક પુત્ર ઘણો વહાલો છે. તેના વિના હું જીવી શકીશ નહીં. કાંઈ મણિ-મંત્રના ઉપાય કરાવો, અમે આપના શરણે રહ્યા છીએ. રાણીનાં વચનો સાંભળી નિર્દય બ્રાહ્મણે સતીનાં વચનોનો વચનથી પણ સત્કાર ન કર્યો. પરંતુ આઘાત થાય તેવાં વચનો સંભળાવ્યાં. પુત્ર મરણ પામ્યો.

રામચંદ્રકુમાર પોતાનાં માતાજીને કહે છે, માજી! આ સાત્વિક પુરૂષોની ત્રિપુટીએ, આવી મહાન આપદ્ બાર વર્ષ ભોગવી. આ સર્પદંશનો પ્રસંગ આજે છેલ્લો દિવસ હતો. દેવોએ પુત્રનું ઝેર સંહરી લીધું. ત્રણેને ઉપાડી લાવી, અયોધ્યા (રાજધાની)ના સિંહાસન ઉપર બિરાજમાન કર્યાં. કેટલોક વખત ગયા પછી શોલમા જિનેશ્વરદેવ શાંતિનાથ સ્વામી પધાર્યા.

પ્રભુજીની દેશના સાંભળી. આવાં ભયંકર દુઃખો કેમ આવ્યાં તેનું કારણ પૂછ્યું. ગયા જન્મમાં મુનિરાજ ઉપર આળ ચઢાવેલું, તેના કારણે આ કર્મો ઉદયમાં આવ્યાં હતાં. સંસારની દુષ્ટતા વિચારીને, ભગવાન શાન્તિનાથ સ્વામી પાસે રાજા હરિશ્ચંદ્ર અને મહાસતી તારાલોચની રાણીએ (રોહિતાશ્વને રાજ્ય આપીને) દીક્ષા લીધી. કર્મનો ક્ષય કરી, કેવલજ્ઞાન પામી, મોક્ષે ગયાં.

કુમાર રામ પોતાની માતાને કહે છે, માજી? મારા પિતાજીએ, મારી અપરમાતા કૈકેયીને, વર આપવાનો હતો. તે વર ભરતને રાજ્યાસન આપવાથી જ વળી શકે છે. મારી હાજરીમાં કુમાર ભરત રાજ્ય લેતો નથી. આવા સંયોગોમાં હું પિતાની આજ્ઞા મેળવીને, વનવાસ જાઉં છું. આ સ્થાને મારી માતા મને, કપાળમાં તિલક કરીને, મસ્તક ઉપર હાથ ફેરવીને, આશીષ વચન સંભળાવે તે સારું? કે રુદન કરીને અપશુકન કરે તે સારું?

માતા આપ બુદ્ધિનિધાન છો. આવકજાવકનો વિચાર કરીને આજ્ઞા ફરમાવો, આપનો પુત્ર રામ આપની આજ્ઞા પ્રમાણે કરવા બંધાયો છે. ઉચિત સમજાય તેવું ફરમાવો. આ

પ્રમાણે દેવી કૌશલ્યા તથા સુમિત્રા, સુપ્રભા અને કૈકેયી ત્રણે અપરમાતાઓને પણ મળી, યથાયોગ્ય મધુરવાણીએ સમજાવી, તેમના આશીર્વાદો મેળવી, એક મહાપુરુષની ઢબથી હાથમાં ખડ્ગ લઈ કુમાર રામચંદ્ર વનવાસ ચાલ્યા.

કુમાર રામચંદ્રના પ્રયાણને જોઈ, મહાસતી સીતાજી પણ લજ્જાવતી, દૂરથી સસરાજીને પ્રણામ કરીને, તુરત કૌશલ્યાદેવી પાસે ગયાં, પગમાં પડી સાસુજીને પ્રણામ કરી, પોતાના સ્વામીનાથ સાથે વનવાસ જવાની આજ્ઞા માગી. સીતાજીનાં વચનો સાંભળીને પણ દેવી અપરાજિતા ( કૌશલ્યા ) ગળગળાં થઈ ગયાં. તેને પોતાની ગોદમાં બેસાડી કહેવા લાગ્યાં.

પુત્રી ! રામ, પિતાના વરદાનના કરજને ચુકાવવા માટે, વનમાં જાય છે. સિંહના પુત્રને આ કાર્ય મુશ્કેલ ગણાય નહીં. પરંતુ તું સુકોમળ બાળા છે, દેવી જેવી છે, સૂર્યનાં કિરણો પણ હજીસુધી તારા શરીરને અડી શકતા નથી. તાપ, ટાઢ, વરસાદ અને જમીન ઉપર પગે ચાલવું આ બધું તારા શરીરથી ખમાય નહીં. માટે હું તને વનવાસ જવાની આજ્ઞા કેમ આપી શકું ? તું સાથે જવાથી, મારા પુત્ર રામને પણ, પગબંધણી થશે, માટે તું ઘેર રહી જા.

સીતાજી બે હાથ જોડી નમ્રતાથી કહે છેઃ સાસુજી ! આપ પૂજ્ય આત્માઓના આશીર્વાદો જ, મને ખૂબ સહાયક બનવાના છે, એવી મારી શ્રદ્ધા મને મારા સ્વામી સાથે જવા પ્રેરણા કરે છે. આવી નમ્ર પ્રાર્થના વડે કૌશલ્યા દેવીના આશીર્વાદો પામીને, બીજી ત્રણે સાસુઓને પ્રણામ કરીને, મહાસતી સીતાદેવી, પોતાના સ્વામીની છાયાની માફક અનુગામિની થયાં. સીતા દેવીની આવી પતિભક્તિની નગરવાસી નરનારીઓમાં, ઘણી જ પ્રશંસા ગવાવા લાગી.

સીતાજી સતીઓમાં રેખા સમાન છે. વનના પહાડો જેવાં દુઃખોની દરકાર કર્યા વગર, મહાસતી સીતાજી પતિની સેવા કરવા સાથે જઈ રહ્યાં છે. સ્વર્ગો જેવા રાજ્યમહેલનાં સુખો કયાં ? અને પશુઓને ભોગવવા યોગ્ય વનવાસનાં દુઃખો કયાં ? સીતાદેવીના શીલને, અને પતિસ્નેહને હજારો વાર ધન્યવાદ.

રામ–સીતાનું વનવાસ–પ્રયાણ જોઈ, મોટા ભાઈ રામચંદ્ર પ્રત્યેના અસમાન રાગને વશ બનેલા કુમાર લક્ષ્મણને, કૈકયી માતા અને અનુજબંધુ ભરત ઉપર ઘણો જ ક્રોધ આવી ગયો. વિચારવા લાગ્યા, પિતાજીએ સરળતાથી આપેલા વરદાનનો દેવી કૈકેયી ઘણો દુરુપયોગ કરે છે. રાજ્યનો હક મોટા ભાઈનો જ છે. દરેકે દરેક રાજ્યભક્ત, મોટા ભાઈને જ રાજ્ય આપવા ખુશી હોય. ખેર ! પિતાજીનું દેવું અપાઈ ગયું. હવે ભરતને પરલોક પ્રસ્થાન કરાવીને, રામચંદ્રને જ રાજ્યાસન ઉપર બેસાડું.

આવા વિચારોની પછી તરત જ વિચાર બદલાયો. અરે હું આ શું વિચારું છું ? મારું આવું કૃત્ય પિતાજીને અને મોટાભાઈને કેટલું ગોઝારું લાગશે ? વળી મહાસત્વ મોટા ભાઈ, તૃણ સમાન ત્યાગેલું રાજ્ય કેમ લેશે ? નિર્લોભ, કુમારભરતનો આ પ્રકરણમાં દોષ જ કયાં છે ? તે તો અત્યાર સુધી પણ રાજ્ય લેવા હા પાડતો જ નથી,

વળી તે પણ પિતાનો જ પુત્ર છે. તે રાજ્યાસન ઉપર બેસે તો, અયોગ્ય શું છે? સેવકોનો સાચો ધર્મ વડીલોના કાર્યમાં વિઘ્ન ન નાખવું તે છે. પુત્રોનો સાચો ધર્મ માતાપિતાનાં વચનોને અનુસરવાનો છે.

મોટાભાઈ મહા પુણ્યશાળી છે, તેમના પગલે પગલે નિધાન છે. તેઓ જ્યાં પધારશે ત્યાં અયોધ્યા જ છે. "**यत्र रामः तत्रायोध्या**" હું પણ પદાતિ સમાન તેમનો અનુગામી બનું. મારો સાચો ધર્મ, જ્યાં આર્ય મોટાભાઈ ત્યાં હું, એ છે. આ પ્રમાણે નિર્ધાર કરીને, હાથમાં ખડ્ગને લઈને, પિતાજીને પ્રણામ કરીને, આજ્ઞા મેળવીને, પોતાની જન્મદાત્રી સુમિત્રાદેવી પાસે ગયા.

માતાજી ! પિતાની આજ્ઞા મેળવી, મોટાભાઈ અને આર્યા સીતાદેવી વનવાસ જાય છે. જેમ સૂર્યના વિરહમાં, દિવસ ક્ષણવાર પણ રહી શકતો નથી, તેમ આર્ય રામના વિરહમાં લક્ષ્મણ, ક્ષણવાર પણ રહી શકે નહીં. તેથી આશીર્વાદપૂર્વક શીઘ્ર આજ્ઞા આપો– જેથી હું મોટાભાઈને જલ્દી ભેગો થઈ જાઉં.

મહા સતી માતા સુમિત્રાદેવી, પુત્રનો અથવા પુત્રોનો ક્ષણવાર પણ વિરહ સહન કરવા સમર્થ હતાં નહીં તો પણ, પુત્રોના વિરહનું દુઃખ છુપાવીને, કહેવા લાગ્યાં, દીકરા ! તને ધન્યવાદ આપું છું. કારણ કે તારો મોટાભાઈ પ્રત્યે આટલો સ્નેહ છે, આવી ભક્તિ છે. વિવેકી કુમાર રામચંદ્ર અને વિવેકવતી પુત્રવધૂ સીતા, અનુક્રમે હમણાં જ પ્રણામ કરી, આજ્ઞા લઈ પ્રસ્થાન કરી ગયા છે. તને પણ મારા તેવા જ આશીર્વાદ છે. ભાઈને અને આર્યાને બરાબર અનુસરજે. અને વિદ્યાસાધકની પેઠે અપ્રમત્ત સેવા બજાવજે. માતાજીના આશીર્વાદો પામી અને કૌશલ્યાદેવીના પણ આશીર્વાદ લઈને, લક્ષ્મણજી શીઘ્રતાથી સીતા–રામની પાસે પહોંચી પ્રણામ કરી ઊભા રહ્યા.

આ વખતે રામ–લક્ષ્મણ–સીતાના વનવાસ પ્રયાણને જોઈને, નગરમાં વસનારા મોટા ભાગના મનુષ્યોના ચક્ષુઓમાંથી આંસુડાની ધારાઓ ચાલવા લાગી. કેટલાકો તો, "અમે પણ તેમના સેવકો હોવાથી સાથે જઈશું", એમ બોલતા, વિચારતા, જલદી જલદી પોતાનાં ઘર–દુકાનો બંધ કરીને, રામ લક્ષ્મણ–સીતાજીની પાછળ ગામબહાર નીકળી ગયા.

તેથી અયોધ્યા નગરી પણ જાણે જીવ વગરના કલેવર જેવી નિસ્તેજ ભાસતી હતી, તથા મહારાજા દશરથ–અને કુમાર રામની ઉદારતાને ગૌણ બનાવીને પ્રચ્છન્ન અથવા પ્રસિદ્ધ રીતે, લોકો દેવી કૈકેયીના નામ ઉપર ધિક્કાર વર્ષાવતા હતા. રાજ્યના લોભને ધિક્કાર થાઓ ! અપરમાતાની ઇર્ષ્યાને ધિક્કાર થાઓ ! ક્યાં કૈકેયીની સ્વાર્થવૃત્તિ ? અને ક્યાં કુમાર રામચંદ્રની અસીમ ઉદારતા ? ક્યાં મહાસતી સીતાનું પતિવ્રત ? અને ક્યાં આર્ય લક્ષ્મણની મોટાભાઈ પ્રત્યેની જાગતી લાગણી ?

આ બાજુ મહારાજા દશરથ પણ, રામલક્ષ્મણ સીતાદેવીના સ્નેહરજ્જુથી ખેંચાઈને, ચારે મહાદેવીઓ અને દાસદાસીના પરિવાર સહિત; આંખોમાંથી આંસુ વરસાવતા; નગરની બહાર–ઉદ્યાનમાં, જ્યાં ત્રણે ( બે પુત્રો અને એક પુત્રવધૂ ) ઊભાં છે ત્યાં, આવી ગયા.

રામ-લક્ષ્મણ-સીતાજીના ગુણોથી ખેંચાઈને, પ્રધાનવર્ગ તથા મહાજનવર્ગ, વગેરે લગભગ નગરીની સમગ્ર જનતા, પોતાનાં ઘરબાર-દુકાનો, બજારો બંધ કરીને, નગરીની બહાર નીકળી ગયાં. આ વખતે દેવલોક જેવી અયોધ્યા નગરી ઉજ્જડ ખેડા જેવી લાગતી હતી; મહાદેવી કૈકેયી પણ, પોતાના આવા અવિચારી વરદાન માટે ચિત્તમાં ખૂબ દુઃખ પામ્યાં હતાં.

નગરવાસી લોકોનાં ટોળાંઓ, અને પોતાના પિતા અને ચારે માતાઓને આવતા જોઈ રામચંદ્ર મહારાજની ત્રિપુટી, (રામ-લક્ષ્મણ અને દેવી સીતા) એક ઝાડ નીચે હતાં ત્યાંથી વડીલોની સામે આવ્યા. પગમાં પડીને પ્રણામ કર્યા, અને વિનંતી કરીને કહ્યું કે, અમે આપના બાળકો હજી, હમણાં જ, આપને પ્રણામ કરીને બહાર આવ્યાં છીએ. આપ પૂજ્ય ઉપકારી મહાપુરુષોએ શા માટે પરિશ્રમ લીધો ?

રામચંદ્રકુમારનાં વચનોનો વડીલોએ આંસુ વર્ષાવીને જ ઉત્તર આપ્યો. બધાંની આંખો ભરાઈ ગઈ હતી. મોઢામાં પણ ડુસકાં આવી ગયા હોવાથી, બોલી શકાયું નહીં. ત્રણ જણાઓ વડીલો સામે વારંવાર જોતા અને નમસ્કાર કરતા, જ્યાં સુધી પરસ્પર દેખાયું ત્યાં સુધી, રામ-લક્ષ્મણ અને સીતાજીએ પ્રણામો કર્યા અને પ્રસ્થાન કર્યું અને પિતાજી વગેરે વડીલવર્ગ તેઓ દેખાયા ત્યાં સુધી તે જગ્યાએ ઊભા રહ્યા.

નગરના વૃદ્ધ પુરુષો અને પ્રધાનવર્ગ, હજી ત્રિપુટીની પાછળ પાછળ જતો હતો. તેથી રામચંદ્રજીએ ઘણીવાર થોભીને ઘણા ઉચિત-સ્નેહ ગર્ભિત અને નમ્ર વાક્યો વડે સમજાવીને, તેમને સર્વને પાછા વાળ્યા. રામચંદ્રની ત્રિપુટી થોડો વખત જરા વધુ વેગથી ચાલવા લાગી. મહારાજા દશરથના દીક્ષા લેવાના અને કુમાર ભરતને રાજ્ય આપીને, રામ-લક્ષ્મણ-સીતા વનવાસ નીકળ્યાના સમાચારો, શહેરો અને ગામડાંઓમાં, પહોંચી ગયા હોવાથી, સ્થાન સ્થાન પર તેમના સત્કાર કરવા ગ્રામ્યલોકો અને નગરવાસી મહાજનવર્ગે, ઘણી ભક્તિઓ બતાવી હતી. પણ કુમાર રામચંદ્રે બધાના વળતા ઉત્તરો પ્રણામ ઝીલવારૂપ નિશાનીથી જ આપ્યા અને આગળ વધ્યા હતા.

રામ-લક્ષ્મણ-સીતાને વળાવીને મહારાજા દશરથે નગરમાં આવીને, પ્રધાનવર્ગ અને આગેવાન નાગરિકોને બોલાવીને, કુમાર ભરતના રાજ્યાભિષેકની તૈયારી અને મુહૂર્ત નક્કી કરવાની સૂચનાઓ આપી. પરંતુ મહાનિસ્પૃહી ભરતકુમાર, કોઈપણ ભોગે, રાજ્ય લેવા હા પાડતા જ નથી, અને કહેવા લાગ્યા કે, આપ સર્વ મારા હિતેચ્છુઓ હોવા છતાં, તમારા સર્વના વિચારો અને વર્તનથી, મારું અત્યંત ખરાબ બની રહ્યું છે, તેનો વિચાર કેમ કરતા નથી ?

વળી રાજ્યના સાચા હકદાર તથા પ્રજાવર્ગ અને અધિકારીવર્ગ તમામના હૃદયમાં વસેલા, મારા વડીલ બંધુ રામચંદ્રજી, લક્ષ્મણજી અને મહાસતી આર્યા સીતાદેવી, વનોમાં અને અરણ્યોમાં, તથા પલ્લિઓમાં તેમ જ પહાડોમાં, ભટકયા કરતા હોય; અસહ્ય કષ્ટો સહન કરતાં હોય, ત્યારે મારા જેવો તુચ્છ મનુષ્ય પારકું રાજ્ય પચાવી, પોતાને મહારાજા કહેવડાવે, આનાથી બીજું અધમ કાર્ય કોને કહેવાય ? આવું આવું ઘણું બોલીને રડતી આંખોએ ચાલ્યા ગયા.

આમ થવાથી જો કોઈ પણ ભોગે ભરતકુમાર રાજ્યગાદી ઉપર બેસે જ નહીં અને ઉત્તરોત્તર રામ–લક્ષ્મણ ઘણા દૂર નીકળી જાય અને રાજ્યની લગામ કોઈ સંભાળનાર નક્કી થાય જ નહીં તો, મહારાજા દશરથની દીક્ષા અટકી પડે. આવા ભયથી મહારાજાએ તત્કાળ કેટલાક વૃદ્ધ પ્રધાનોને રામ–લક્ષ્મણ સીતાજીને પાછા લાવવા રવાના કર્યા. તેઓ બરડા તરફ પશ્ચિમ દિશામાં પ્રયાણ કરતા હતા.

પ્રધાનો શીઘ્ર પ્રયાણે રામચંદ્રને મળ્યા. પિતાનો સંદેશો, ભરતકુમારની નિરીહતા અને પ્રજાવર્ગની અકળામણ સંભળાવી. પાછા પધારવા ઘણું ઘણું વિનવ્યા છતાં રામચંદ્રજી પાછા ફરવા સંમત થયા નહીં. તોપણ પ્રધાનો આશાના દોરથી ઢસડાતા, ત્રણ ચાર દિવસ સુધી પાછળ પાછળ ગયા. અનેક દલીલો કરી પણ છેવટે સફળતા મળી નહીં અને રામચંદ્રકુમારે પિતાજીને અને માતાઓને પ્રણામ કહેવા સાથે ભરતજીને પણ સમજાવવા ભલામણ આપી આગળ ચાલવા માંડયું.

કુમાર રામચંદ્રના આવા નિશ્ચયથી, પ્રધાનો ગભરાયા અને રડી પડ્યા, અને રડતા મુખે અયોધ્યાનગરી તરફ પાછા ફર્યા. મહારાજાને, પોતાનો અને રામ–લક્ષ્મણનો પરિચય સંભળાવ્યો. જે સાંભળી દશરથ રાજાને દુઃખ લાગ્યું. અને વળી ભરતકુમારને પાસે બોલાવી, શિખામણ આપી રાજ્ય લેવા ખૂબ ખૂબ સમજાવ્યા.

દીકરા! તારી નિસ્પૃહ વિચારસરણી, એકદમ સાચી છે. પરંતુ હવે તું રાજ્ય નહીં લે તો મારી ચારિત્ર ગ્રહણની ભાવનામાં વિઘ્ન થશે. તું મારો સુપુત્ર છે. પિતૃભકત છે. રામચંદ્રને સમજાવવામાં ઓછાશ રહી નથી. બધા પ્રયાસો વ્યર્થ ગયા છે. હવે પિતા માટે ભકિત હોય, પિતાના વચનોમાં આદર હોય, ઇક્ષ્વાકુવંશના રાજાઓએ વડીલોની આજ્ઞા પાળી છે, તેવા ગુણો તારા આત્મામાં આવ્યા હોય તો, કદાગ્રહનો ત્યાગ કરીને રાજ્યનો સ્વીકાર કર.

આ પ્રમાણે મહારાજા દશરથ કુમાર ભરતને શિખામણ આપી રહ્યા છે. તેટલામાં જ દેવી કૈકેયી ત્યાં આવ્યાં અને વિનવવા લાગ્યાં કે, હે સ્વામિનાથ! આપ આપની પ્રતિજ્ઞા સંપૂર્ણ પાળી શકયા છો અને આપના કુમારોએ પણ, આપના કુળને શોભે તેવી, નિર્લોભતાની હદ (મર્યાદા) વટાવી છે.

તે બધાઓએ પોતાના યશને, ચંદ્ર જેવો નિર્મલ બનાવ્યો છે. સ્વામીનાથ! હવે મારી વિનવણી સાંભળો. આપનાં–મારાં અને કુમાર રામચંદ્રનાં શિખામણ વચનો સાંભળવા છતાં, કુમાર ભરત રાજ્ય લેવા ચોખ્ખી ના પાડે છે. તે તેના ભ્રાતૃસ્નેહની પરાકાષ્ઠા છે. આજ કારણથી મને, મારા લોભ અને તુચ્છ બુદ્ધિ ઉપર ખૂબ જ તિરસ્કાર થાય છે, કે મેં પાપિણીએ કુટુંબના કલેશનો, પુત્રોના નિર્લોભપણાનો, પતિની દીક્ષામાં થતા અંતરાયનો, રાજકીયવર્ગ અને પ્રજાવર્ગમાં ફેલાતા શોકનો વિચાર કર્યા વગર, વરની માગણી કરી, પોતાના યશને કલંકિત બનાવ્યો છે. માટે હવે જો આપ આજ્ઞા આપો તો હું મારા પુત્ર ભરતને સાથે લઈ, કુમાર રામચંદ્રની પાસે જાઉં, તેને સમજાવી પાછા લાવું, અને

મારી સર્વ પુત્રો પ્રત્યેની સમાનતામાં લાગેલી કાળાશને ધોઈ નાખું. મારા અપરાધને ક્ષમા કરો.

**મહારાજા દશરથ :** રાણી ! તમે કાંઈ અપરાધ કર્યો નથી. તમે તમારું લેણું હતું તે માંગ્યું છે. મારે વર આપવાનું આપેલું વચન પાળવું જ જોઈએ, તેમાં કાંઈ વધારે કર્યું નથી. કુમારોએ ભાઈભાઈ પ્રત્યે, આત્મીયતા બતાવવી જોઈએ, અને તે બતાવી છે. તેમાં ઇક્ષ્વાકુકુળના પૂર્વજોના માર્ગને યોગ્ય થવું જોઈએ, તેથી કાંઈ વધારે નથી. "આપી દેવું તે મોટાઈ છે. લઈ લેવું તે હલકાઈ છે." "બક્ષીસ આપનારા થોડા હોય છે. પચાવી પાડનારા હજારો હોય છે." માટે જ "સંત થોડા અને દુર્જન ઘણા" કહેવાય છે.

રામ મોટો ભાઈ છે, તેણે પિતાનું ઋણ ચૂકવવા, અપરમાતાનું ચિત્ત પ્રસન્ન બનાવવા, પોતાના હકનું રાજ્ય લઘુ બંધુને આપી દીધું, તે તેણે પોતાની મહાનુભાવતાને શોભે તેવું કર્યું છે. ભરત નાનો છે, મોટાભાઈનો વફાદાર છે, વિનયમૂર્તિ છે, રાજ્યના લોભને વશ થતો નથી, તે વડીલ પ્રત્યેની ફરજનો સાક્ષાત્કાર છે. તેથી કૈકેયી ! તારું કૃત્ય મારે માટે ઋણમુક્તિનું કારણ હોવાથી દુઃખનો નહીં પણ આનંદનો વિષય છે.

**મહારાણી કૈકેયી :** આપે અને આપના પુત્રોએ જે કર્યું તે બરાબર છે. પરંતુ મારું કૃત્ય-મને શલ્યની પેઠે શાલ્યા કરે છે. માટે મને રામચંદ્ર પાસે જવાની આજ્ઞા આપો અને સાથે થોડા પ્રધાનો, અલ્પસંખ્યક મહાજન વર્ગ અને કુમાર ભરતને પણ મોકલો.

મહારાજા દશરથની આજ્ઞા મેળવી, કુમારને, પ્રધાનોને, તથા કેટલાક માનવંતા નાગરિકોને સાથે લઈને, દેવી કૈકેયી અયોધ્યાથી નીકળી, ઘણા શીઘ્ર પ્રયાણે, રામ-લક્ષ્મણ-સીતાજીના પ્રસ્થાનમાં ભેગાં થઈ ગયાં. કૈકેયી રથમાંથી નીચે ઊતરીને, વત્સ ! વત્સ ! રામ ! રામ ! સીતા ! સીતા ! લક્ષ્મણ ! લક્ષ્મણ ! બોલતાં જેટલામાં-રામચંદ્ર વગેરેની સમીપમાં પહોંચ્યાં, તેટલામાં તેઓ પણ ત્રણે (રામ-લક્ષ્મણ-સીતા) સામા આવીને કૈકેયી માતાના પગમાં પડ્યાં.

કૈકયીદેવી અને કુમાર ભરત બન્ને માતા-પુત્ર, રડતા અને ગળગળા થઈને, રામ-લક્ષ્મણ-સીતાજીને ભેટી પડ્યા. પરસ્પર લાગણીવશ થઈ ગયાં. કુમાર ભરત-ત્રણેના પગમાં પડીને, રડવા લાગ્યો. કહેવા લાગ્યો, ભાઈ, મને સાથે લઈ જાઓ. અથવા આપ પાછા ચાલો. હવે અમે અને આપ જુદા પડવાના નથી. અમે આપને બધાને લેવા આવ્યા છીએ.

આપ પાછા અયોધ્યા પધારો, અને અયોધ્યાના રાજ્યાસનને શોભાવો. જગત્ મિત્ર સૌમિત્રિ આપના અમાત્ય બનશે. હું આપનો છડીદાર બનીશ. અને શત્રુઘ્ન આપનો છત્રધર બનશે. મોટાભાઈ ! મારા ઉપર ચડેલું (માતૃમુખો, અને રાજ્યલોલુપી) કલંક દૂર કરો.

**મહાદેવી કૈકેયી** ખૂબ રડતાં રડતાં, જમીન ઉપર ઢળી પડયાં, મૂર્છિત થયાં. શીતોપચારથી સાવધાન બની, રામચંદ્રને વિનવવા લાગ્યાં, પુત્ર ! તેં આજ સુધી મને અને દેવી કૌશલ્યાને, સરખાં જ માનેલાં છે. તે અદ્દાથી જ કહું છું, પુત્ર ! મારો એક અપરાધ માફ કર ! મારી જિંદગીમાં મેં આ સિવાય બીજું કલંક લગાડયું નથી.

હું મહાપુરુષ મહારાજા દશરથની રાણી છું. સતી છું. ભરત જેવા ઉત્તમ પુત્રની માતા છું. મેં મૂર્ખ આત્માએ રામ અને ભરત વચ્ચે પુત્રબુદ્ધિમાં ભેદ સ્વીકાર્યો. તે મારા અવિચાર્યકારી કૃત્ય માટે મને વારંવાર દુ:ખ થાય છે. વર્તમાન જગત અને ભવિષ્યના ઇતિહાસમાં, મારા નામ ઉપર આવેલું આ કલંક મિટાવવું તારા હાથની વાત છે. માટે આપ સર્વ પાછા પધારો, અને કુટુંબ, નગરી તેમ જ દેશમાં ફેલાયેલી શોકની લાગણીને મીટાવી નાખો.

કૈકેયી અને ભરતકુમારની લાગણી ભરપૂર વિનવણી સાંભળી, કુમાર રામચંદ્રે માતાના પગમાં પડી, માતાને ખૂબ વિનયપૂર્વક સમજાવ્યાં, મને ખૂબ જ આશીર્વાદ આપી, વનવાસ જવાની રજા આપો. હવે અમને પાછા લઈ જવાનો આગ્રહ સમેટી લો. પછી ભરતકુમારના સામા ફરીને, મસ્તક તથા વાંસામાં હાથ ફેરવીને, દિલાસાઓ આપીને, વળી ઘણા મધુર શબ્દો કહીને, રાજ્ય સ્વીકારવા હા પડાવી. ભરતકુમાર વડીલબંધુના પ્રભાવથી દબાઈ ગયા, તત્કાળ સીતાજીના લાવેલા જળ વડે, હાજર રહેલા રામ–લક્ષ્મણ, સીતા, કૈકેયી, પ્રધાનો અને મહાજન વગેરે, ભરતકુમારનો ત્યાં જ, રાજ્યાભિષેક કર્યો.

અને મહારાણી કૈકેયી તથા ભરત રાજા પરિવાર સહિત, અયોધ્યા પાછા આવી ગયા. નગરમાં અને રાજકુટુંબમાં મહોત્સવો થયા. ખૂબ હર્ષની લાગણી ફેલાઈ. રાજ્યની વ્યવસ્થા બરાબર થઈ ગઈ. તેટલામાં, સત્યભૂતિ નામના, મહામુનિરાજ અયોધ્યા નગરીના પરિસરમાં, સમવસર્યા. વનપાલકે વધામણી આપી.

મહારાજા દશરથ–પરિવાર સહિત મોટા આડંબરથી નગરવાસી લોકોના સમુદાયો સાથે મુનિમહારાજને વંદન કરવા પધાર્યા. પાંચ અભિગમો સાચવીને પર્સદામાં બેઠા.

**પ્રશ્ન** : પાંચ અભિગમ એટલે શું ?

**ઉત્તર** : [1]સચિત્ત વસ્તુઓનો ત્યાગ કરવો એટલે પોતાના ગળામાં કે મસ્તકાદિ ઉપર પુષ્પાદિનો શ્રૃંગાર રાખવો નહીં; અચિત્ત[2] વસ્તુઓ ભેટ મૂકવા યોગ્ય ફળ–નૈવેદ્ય પાસે રાખવી, ઉપલક્ષણથી ભેટ ધરવા યોગ્ય શ્રીફલાદિ પણ રાખવાં, ઉત્તરાસન[3]–ખેશ રાખવો, દેવ–ગુરુને જોઈને તત્કાળ બે હાથ[4] જોડવા અને [5]મનની એકાગ્રતા, તન્મયતા સાચવવી. દેવ–ગુરુના ગુણોમાં તન્મય બનવું.

અથવા રાજ્યચિન્હોનો ત્યાગ કરવો, ખડ્ગ, છત્ર, ચામર, અને મોજડીનો ત્યાગ કરીને, દેવગુરુઓની સભામાં પેસવું, તેમાં ખડ્ગ છત્ર, ચામર અને મોજડી ધર્મ-

દ્વારમાં પ્રવેશ કરવા પહેલાં પોતાનાં અંગરક્ષકાદિ સેવકોને સોંપી દે છે. અને મુકુટ ઉતારી હાથમાં રાખે છે. ઇતિ ચૈત્ય વંદન ભાષ્ય ગાથા ૨૦-૨૧ ભાવાર્થ.

મહામુનિરાજ સત્યભૂતિ મુનિપ્રમુખ મુનિવરોને વંદન કરીને, મહારાજા દશરથ વગેરે સભાસદો દેશના સાંભળવા બેઠા. મહામુનિરાજ ફરમાવે છે કે—

"આયુષ દોડયું જાય છે, જિમ વેગ-સરિતા નીરનો,
આંખો ઉઘાડી જોઈ લ્યો, ભય મોટકો યમવીરનો.
કર્યા કોળીઆ ઘણા તેણે, નૃપો અને ધનવાનના,
સાથે ન આવે હેમ-ચાંદી, રાશિયો ધનધાનના." ॥ ૧ ॥

"માતા-પિતા ને બેન-પત્ની, બાળકો ને બાંધવા,
તૂટેલ આયુષ્ય કોઈ નરનું, સમરથ નથી કો સાંધવા,
દવા-દવા ને પથ્ય-વૈદ્યો, આયુષ્ય સાંધી નવ શકે,
આવેલ યમના સૈન્ય દૂતો, ક્ષણ પણ વધારે નહીં ટકે." ॥ ૨ ॥

ઈત્યાદિ ધર્મદેશના સાંભળી પ્રથમથી જ દીક્ષાના અભિલાષી મહારાજા દશરથે ઘેર આવી જિનાલયોમાં મહોત્સવો ઉજવીને, સાતે ક્ષેત્રોમાં ઘણા ધનનો વ્યય કરીને, ઘણા પરિવાર સાથે મોટા આડંબરથી, ગુરુ પાસે આવી દીક્ષા લીધી. ગ્રહણ-આસેવન શિક્ષા પામી, ગુરુ પાસે શાસ્ત્રોનો અભ્યાસ કરી, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર્ય-તપમાં જાગતા રહીને, નિરતિચાર આરાધના કરીને, સર્વ કર્મનો ક્ષય કરીને, કેવલજ્ઞાન પામી મોક્ષે પધાર્યા.

મહારાજા ભરત પણ, પિતાજીએ દીક્ષા લીધી, મોટા ભાઈ વનવાસ ગયા, પછી તે પૂજ્ય પુરુષોની આજ્ઞાને મસ્તક ઉપર ધારણ કરીને, એક શૂરવીર અને ન્યાયી રાજવીની અદાથી રાજ્ય અને પ્રજાનું પાલન કરતા સુખપૂર્વક રહેવા લાગ્યા. (ઇતિ પર્વ. ૭. સર્ગ ૪ થો શ્લોક. ૪૧૯ થી ૫૩૦ નો ભાવાર્થ.)

**ઇતિ પિતાની આજ્ઞાના પાળક મહારાજારામચંદ્ર અને ભરતાદિની કથા સંપૂર્ણ.**

**૨ હવે માતાની આજ્ઞા પાળનાર પંચમકાલમાં થયેલા આર્યરક્ષિત બ્રાહ્મણપુત્રની કથા.**

માલવ દેશમાં, ઉજ્જયિની નગરીની સમીપમાં, દશપુર નામના શહેરમાં સોમદેવ નામના પુરોહિતને, રુદ્રસોમા નામા પત્ની હતી. અને આર્યરક્ષિત તથા ફલ્ગુરક્ષિત નામા બે પુત્રો હતા. સોમદેવ ચુસ્ત વેદવાદી હતો. જ્યારે રુદ્રસોમા સુશ્રાવિકા હતી. ધર્મભેદ હોવા છતાં પતિપત્નીમાં અપ્રમાણ સંપ હતો. મહાસતી સ્ત્રીઓ સાસરામાં આવીને પતિસેવા અને કુટુંબ વાત્સલ્યને ખૂબ ખૂબ પોષણ આપે છે. અને ખીલવે છે, સાથોસાથ પોતાના ધર્મને પણ પણ કલ્પવૃક્ષના છોડવાની પેઠે જાળવે છે; સિંચન કરે છે અને ફળવાન બનાવે છે.

રુદ્રસોમાએ પતિભક્તિ પરાયણતામાં ધર્મભેદનો ડાઘ લાગવા દીધો નથી. તેજ પ્રમાણે પોતાની સામાયિક પ્રતિક્રમણ, પ્રભુપૂજા અને પોષધાદિ નિત્ય અને પર્વદિવસોમાં કરવા યોગ્ય ક્રિયામાં, તથા દેવ–ગુરુ–ધર્મ–શ્રદ્ધા ઉપાસનામાં, સ્ખલના આવવા દીધી ન હતી. સાથોસાથ કુટુંબ અને પાડોસના અથવા સગાવહાલા પૈકી કોઈને, ધર્મના કે પોતાના વિરોધી પણ થવા દીધા ન હતા.

પ્રથમ પુત્ર આર્યરક્ષિતને પિતાની ઇચ્છા અનુસાર વૈદિક સંસ્થામાં ભણવા મોકલ્યો હતો અને તે ઘણો જ બુદ્ધિશાળી હોવાથી; અતિ અલ્પકાળમાં. પુરાણ, સ્મૃતિ, સાંગ ચારેય વેદ અને ચિકિત્સાશાસ્ત્ર આ ચારેયનો અથવા ચાદ વિદ્યાનો પારગામી થઈ ઘેર આવ્યો.

સોમદેવ વિપ્ર રાજાના માનવંતા ગોર (પુરોહિત) હોવાથી ચૌદ વિદ્યાના નિષ્ણાત આર્યરક્ષિતનું, રાજાએ હાથીની અંબાડીમાં બેસાડી, મોટા આડંબરથી સામૈયું કર્યું. નગરવાસી મોટા ભાગના માણસોએ પણ, આર્યરક્ષિતનું ઘણું ઘણું બહુમાન કર્યું. નારી વર્ગે સાચા મોતી અને અક્ષતના થાળો ભરીને આર્યરક્ષિતને વધાવ્યો હતો. કોયલ જેવા કંઠવાળી બાળાઓએ સુમધુર ધવલગીતોથી આર્યરક્ષિતના ગુણગાન કર્યાં હતાં.

સ્વાગત સામૈયામાં નગરના માલિક રાજવી, પ્રધાનવર્ગ, અધિકારીવર્ગ, નગરશેઠ અને નગરમાં કે રાજ્યમાં મુખ્ય ગણાતા બધા જ સહર્ષ સામેલ હતા. પિતા અને કુટુંબના માણસોના આનંદનો સમુદ્ર વૈશાખ–જ્યેષ્ઠના સમુદ્રની માફક હેલે ચઢ્યો હતો.

આવા દિવાળી જેવા ઉમંગવાળા વાતાવરણમાં, આર્યરક્ષિતને માત્ર એક જ ઓછાશ દેખાતી હતી અને તે પણ ન ચલાવી શકાય તેવી. પોતાનાં જન્મદાત્રી માતા રુદ્રસોમા, પુત્રના આવા અતિ દબદબાવાળા સામૈયામાં દેખાતાં ન હતાં.

આર્યરક્ષિત હાથી ઉપર બેસીને, નગરનાં બજારોમાં, માણસોની મેદની વચ્ચે, મહાલી રહ્યો હોવા છતાં, તેને આનંદ થતો નથી; તેણે બધી બાજુ નજર કરીને જોઈ લીધું. રાજવી, પિતાજી, કુટુંબ અને બંધુવર્ગ બધા હતા, પણ જનની કેમ નથી ? આર્યરક્ષિતને સોમાં નવાણું જેટલી ઓછાશ લાગી. પરંતુ અંશમાત્ર પણ માતા પ્રત્યે દ્વેષ નથી આવ્યો. પરંતુ વિચારો જરૂર આવ્યા.

અતિવાત્સલ્યની ખાણી સમાણી જનની કેમ નથી ? જરૂર કંઈક કારણ હોવું જોઈએ. મારી માતા વિવેક અને વાત્સલ્યની સીમા છે. આવી માતા અનુચિત કરે જ કેમ ? માટે જરૂર કંઈક હેતુ હોવો જોઈએ.

✓ મહાપુરુષોને ક્યારે પણ માતા અને પિતાના દોષો તરફ વિચારો પણ જતા નથી. કારણ કે કોઈપણ મનુષ્યે, ક્યારે પણ અતિ અલ્પ પણ ઉપકાર કર્યો હોય તેના દોષ જોવાય જ નહીં, તો પછી માતાના ઉપકારની તો સીમા જ નથી.

## "માતપિતા વિદ્યાગુરુ, જૈન ધર્મ દાતાર, ઉપકારો સમજે નહીં, એ પણ એક ગમાર." તથા શાસ્ત્રો

**व्यूढो गर्भः प्रसवसमये सोढमत्युग्रशूलं । पथ्याहारैः स्नपनविधिभिः स्तन्यपानादि कृत्यैः । विष्टामूत्रप्रभृतिमलिनैः कष्टमासाद्यभूरि । त्रातः पुत्रः कथमपि यया स्तूयते सैवमाता ॥ १ ॥**

**અર્થ**: પોતાના વહાલા સંતાનો માટે માતાઓ કેટલું સહન કરે છે? ગર્ભ આધાન; ગર્ભનો ભાર; પ્રસૂતિની ઉગ્રપીડા, શૂલની અસહ્ય વેદના, બાલકના આરોગ્ય માટે, પોતાના ખાન, પાન, શયન, આસનની કાળજી, સમયસર સ્તનપાન કરાવવું, સ્નાન કરાવવું, બાળકની વારંવાર અપવિત્રતાની શુદ્ધતા કરવી, અપવિત્ર કરેલાં વસ્ત્રો તથા શયનોની શુદ્ધિ કરવી; વળી કારણ કે કારણ વગર પણ રડતા બાળકને સાંત્વન આપવું.

કેટલીક માતાઓ પ્રથમ પ્રસૂતિમાં, 'પ્રારંભની બેત્રણમાં, અથવા પ્રત્યેક પ્રસૂતિમાં અસહ્ય વેદનાઓ ભોગવે છે. વખતે મરણ પામે છે. મૂલરાજ સોલંકીની માતા લીલાદેવી પ્રસૂતિમાંજ મરણ પામ્યાં હતાં, તથા મૌર્ય ચંદ્રગુપ્તની રાણીને ગર્ભમાં રહેલા કુમાર બિંદુસારને બચાવવા, અકાળે મરવું પડયું હતું. મહાસતી સુલસા શ્રાવિકાને, બાલકોના જન્મ પ્રસંગે અસહ્ય વેદના થઈ હતી. મહાસતી અંજનાદેવીને ગર્ભવતી દશામાં સાસુ કેતુમતીએ ઘરમાંથી કાઢી મૂકયા હતાં.

તેથી અંજના મહાસતી વસંતતિલકા સખી સાથે પિતાના ઘેર ગયાં. પરંતુ નગરના દરવાજામાં પેસવા પણ મળ્યું નહીં. આ બધાનું કારણ અંજનાદેવીના ગયા જન્મના અશુભ કર્મોનો ઉદય જ હતો. છતાં પણ મહાપુરુષ હનુમાનજીએ સીતા સતીની શોધ કરવા જતાં રસ્તામાં માતામહનું નગર આવ્યું ત્યારે પોતાની જનની અંજનાને થયેલું અપમાન યાદ આવ્યું અને બદલામાં મામા અને માતામહને થોડાં ક્ષણો ગભરામણમાં મૂકી દીધા હતા, અને માતાના અપમાનનો ચમત્કાર દેખાડયો.

ઘણી સ્ત્રીઓ પતિના અકાળ મરણથી અને ઘરમાં આજીવિકાનું સાધન ન હોવાથી, કોઈ સ્થાનેથી પાઈ પણ પ્રાપ્ત ન થાય તેવા સંયોગોમાં, ખાનદાન બાઈઓ પોતાનું શીલ સાચવીને, પારકી મજૂરી કરીને, પણ પોતાનાં બાળકને ઉછેરે છે. પગભર બનાવવાના બધા શકય પ્રયાસો કરે છે. પોતાની પાસેના મહામૂલ્ય દાગીના અને વસ્ત્રોને પાણીના મૂલ્યે વટાવીને પણ નાનાં બાળકોને મોટાં કરે છે. માતાના ઉપકાર માટે જ્ઞાનિપુરુષોએ ઘણું કહ્યું છે.

ભગવાન મહાવીર સ્વામીએ ગર્ભમાં રહેતાં પણ મારાં માતુશ્રીને દુ:ખ ન થાય એ વાતને ધ્યાનમાં રાખી હલન–ચલન પણ બંધ કર્યું હતું. પરંતુ માતા ત્રિશલાદેવીને, ગર્ભના હલન–ચલનના અભાવથી ગર્ભ નાશ થઈ જવાનો વહેમ પડયો, માતા ખૂબ રોયાં, વિલાપો કર્યા, સખીઓ, દાસીઓ, પ્રધાનો અને આખું રાજમંડલ પણ શોકમાં ગરકાવ થઈ ગયું. આ છે પુત્ર પ્રત્યેનો માતાનો રાગ.

આ બનાવથી ગર્ભમાં રહેલા, અવધિજ્ઞાનવાળા પ્રભુજીને, માતાના રાગનું માપ ધ્યાનમાં આવ્યું. ગર્ભમાં પણ માતાને મારો વિયોગ અસહ્ય થાય છે. તો પછી જન્મ પછી તો માતાના રાગનું કહેવું જ શું ? માટે મારે માતાપિતા જીવે ત્યાં સુધી દીક્ષા લેવી નહીં.

**પ્રશ્ન** : જ્યારે ભગવાન મહાવીર સ્વામી મહારાજે, માતાપિતા જીવતાં મારે સંયમ લેવો નહીં આવો અભિગ્રહ લીધો હતો, તો પછી આજકાલ માતાપિતાની રજા વગર અથવા માતાપિતાને રડતાં મૂકી દીક્ષા લેવાય છે એ શું વ્યાજબી છે ?

**ઉત્તર** : પ્રભુશ્રી મહાવીર દેવે અભિગ્રહ લીધો, તે તેમના પૂરતી એવી ભવિતવ્યતા જાણવી. કારણ કે બધા જિનેશ્વર દેવો માટે કે તેમના પરિવાર માટે એમ બન્યું નથી. જુઓ, પહેલા શ્રી ઋષભદેવ સ્વામીએ દીક્ષા લીધી ત્યારે, મરુદેવી માતા ખૂબ રડ્યાં છે. દીક્ષા પછી પણ એક હજાર વર્ષ સુધી પુત્રના વિયોગથી, રોઈને આંખો પણ બગાડી નાખી હતી. ભરત ચક્રી જેવા મહાપુરુષની દાદીમા હોવા છતાં, પુત્ર પ્રત્યેનો રાગ તેમને ઘણો દુઃખદાયી હતો. છતાં ભગવાન શ્રી ઋષભદેવ સ્વામીએ દીક્ષા લીધી હતી.

**નેમનાથ સ્વામી** પ્રત્યે માતાપિતાનો અને રાજુલકુમારીનો, તેમ જ કૃષ્ણ-બલભદ્રાદિ લગભગ મોટા ભાગના કુટુંબનો, રાગ હોવા છતાં 'ભગવાન' પરણ્યા વિના પાછા વળ્યા, તેથી આખી દ્વારિકા નગરીમાં, કોલાહલ મચી ગયો હતો. શિવાદેવીમાતા, પિતા સમુદ્રવિજય રાજવી, બધા ખૂબ રડ્યા હતા. છતાં નેમનાથ સ્વામીએ દીક્ષા લીધી હતી.

**પ્રશ્ન** : આપણે તો પ્રભુશ્રી મહાવીર સ્વામીના તીર્થમાં છીએ ને ? આપણે તો પ્રભુ કરે તેમ જ કરવું વ્યાજબી ગણાયને ?

**ઉત્તર** : આ વાત બરાબર નથી. વડીલો કરે તેમ કરવાનું નથી. પરંતુ કહે તેમ કરવાનું જ હોય. જુઓ, સુમતિનાથ સ્વામીએ દીક્ષાના દિવસે પણ એકાશણું જ કર્યું હતું. તો શું તેમના તીર્થના મુનિરાજોએ એકાશણાથી વધારે તપ ન કરવો ? અને શ્રી ઋષભદેવ સ્વામીએ દીક્ષા લઈને ૧૩ માસ અને ૧૦ દિવસ ચૌવિહાર ઉપવાસ કર્યા હતા તો શું બધા મુનિરાજોએ આવડો મોટો તપ કરવો ?

તેમ જ શ્રી મહાવીર-વર્ધમાન સ્વામીએ, ગૌતમાદિકને દીક્ષા આપી ત્યારે તેમની સાથે તેમના પરિવાર ભૂત ૪૪૦૦-ચુમ્માલીશસો બ્રાહ્મણો વિદ્યાર્થી વયના હતા. બધાને પ્રભુજીએ તત્કાળ દીક્ષા આપી છે. કોઈને કહ્યું નથી કે તમારા માતાપિતા કે પરિવારની રજા લઈ આવો. આવા મોટા સમુદાયમાં, આઠથી વીસ સુધીની વયના પણ હશે ? પરણેલા પણ હશે ? માતાપિતાવાળા પણ હશે ? તેમના જનક-જનનીઓને ખબર પડવાથી ખૂબ રડ્યાં પણ હશે ? પરંતુ પ્રભુજીએ પોતાના ગર્ભાવાસના અભિગ્રહનો અમલ કરવા કોઈને સૂચના કરવાની ગંધ પણ નથી.

આનો અર્થ એવો પણ નથી જ કે, પોતાના માતાપિતા, પત્ની કે બાળકોને, રખડતાં, રઝળતાં, ભૂખે મરતાં મૂકી દેવાં. અથવા જૈનશાસનની નિન્દા અવહેલના થાય

તેવી નિંદ્યપ્રવૃત્તિ હોય તો પણ દીક્ષા લેવી જ, આપવી જ. આવું એકાન્ત સમજવું નહીં, પરંતુ શ્રી વીતરાગશાસનની પ્રભાવના થાય તેવું કરવામાં કશો વાંધો નથી. તેમ ચારિત્રમાં અંતરાય પણ ન જ થવો જોઈએ. એ વાત પણ ગૌણ બનાવવા યોગ્ય નથી.

આવા પ્રભુશ્રી મહાવીર સ્વામી વગેરે મહાપુરુષોની જેમ, બ્રાહ્મણપુત્ર આર્ય-રક્ષિતજીને પણ, પોતાની માતા તરફથી સત્કાર ન મળવા છતાં પણ, માતાની પ્રત્યે દ્વેષ કે અરુચિ તો ન થઈ. પરંતુ વિચારો આવ્યા કે, મારા માતાજી ઘણાં બુદ્ધિમતી છે. વિવેક રત્નની ખાણ છે. વાત્સલ્યનો ખજાનો છે. તેઓનો મારા પ્રત્યે અવિહડ પુત્રપ્રેમ છે. છતાં મારા સત્કારમાં હાજરી ન આપવામાં પણ કાંઈક મોટું કારણ હોવું જોઈએ.

અને તે હું સૌ પ્રથમ પગે લાગવા જઈશ અને આશીર્વાદ માગીશ, ત્યારે સમજાઈ જશે. રાજા અને પ્રજા તેમ જ સ્વજન વર્ગના સત્કારો સાંભળી, હાથીની અંબાડી ઉપરથી ઉતરી, પોતાના ઘેર આવ્યા, અને માતાજી રુદ્રસોમા ઘરની સામાયિકશાળામાં જ્યાં સામાયિક કરતાં હતાં, ત્યાં ગયા, અને ઘણા હર્ષપૂર્વક માતાજીને પગે લાગ્યા.

માતા સામાયિકમાં હોવાથી, આર્ય રક્ષિત કુમારે, થોડા દૂર માતાની સન્મુખ બેસીને, સુખ સ્વાગત પૂછ્યા પછી, માતાને પ્રશ્ન પૂછ્યો કે, હે મારી એકાંતહિત ચિંતવનારી માતા ! આખા ગામે મારું સ્વાગત કર્યું તેમાં મારી જન્મદાત્રી કેમ નહીં ?

### ઉપકારિણી માતાનો ઉત્તર :

સંસાર વધારનારાં, મિથ્યાત્વ-અવિરતિ-કષાય અને પ્રમાદને પોષનારાં અને પરિણામે સ્વ-પર અનેકને દુર્ગતિના ખાડામાં ધકેલનારાં, શાસ્ત્રોના અભ્યાસના પ્રોત્સાહનમાં, ભવોભવ માટે પુત્રનું કલ્યાણ ઇચ્છનારી માતા અનુમોદન કેમ આપી શકે ?

**પ્રશ્ન** : પ્રત્યેક ધર્મમાં **अहिंसा परमो धर्मः** આવા વિચારો જાહેર છે. તો પછી મેં અભ્યાસ કરેલાં શાસ્ત્રો દુર્ગતિમાં મોકલનારા કેમ કહેવાય ?

**ઉત્તર** : જે શાસ્ત્રોમાં દેવ-ગુરુ-ધર્મની શુદ્ધતા ન હોય તેવા શાસ્ત્રોનાં વચનોનો વિશ્વાસ રખાય કેમ ? દેવો પોતે અજ્ઞાની, પત્ની-પરિવારવાળા, શાપ-આશીર્વાદ આપનારા માંસ જેવી અપવિત્ર અને પાપમય વસ્તુ ભોગવનારા, પરસ્ત્રીભોગ જેવા અધમ પાપોથી પણ નહીં બચેલા, ગુરુઓ પણ પત્ની-પરિવાર-પૈસા રાખનારા; યજ્ઞોમાં ઘેટાં-બકરાં વગેરેનાં બલિદાન-આપનારા. અને ધર્મ. યજ્ઞો કરવા, તીર્થસ્નાન કરવું, પિતૃઓને શ્રાદ્ધ આપવું, રાજાઓએ શિકાર કરવો; અગ્નિમાં હવન કરવા; આ બધા ધર્મ મનાયા છે. આવાઓને ધર્મ કેમ કહેવાય ? કહ્યું છે કે :

**अग्निर्देवो जलं तीर्थं, वधे धर्मो गुरुर्गृही ।**
**गौर्नमस्या द्विका पात्रं, येषां तैः कोस्तु संस्तवः ॥ १ ॥**

**અર્થ** : જે પંથમાં-માર્ગમાં અથવા શાસ્ત્રોમાં અગ્નિને (અગ્નિકાયને) દેવ માનવામાં આવ્યો છે. અગ્નિમાં નાખેલું તેત્રીશક્રોડ દેવોને પહોંચે છે. પાણીમાં સ્નાન

કરવું તે જ તીર્થયાત્રા ગણાય છે. "કહા જલ બિન જાતર" યજ્ઞાદિમાં પશુઓને હોમવાં, દેવી પાસે બકરાં, ઘેટાં, પાડાઓનાં બલિદાનો આપવાં, ખેતીના રક્ષણ માટે રાજાઓએ શિકાર કરવો, આ પણ ધર્મ છે. બૈરાં, છોકરાં, પૈસા રાખનારા બ્રાહ્મણો જ જગતના ગુરુઓ ગણાય છે.

ગૌમાતા પૂજ્ય છે. ગાયો અને બ્રાહ્મણોનું રક્ષણ કરવું તે જ રાજાઓનો અથવા મનુષ્યોનો ધર્મ ગણાય છે. પિતૃલોકોને પોષવા કાગડાને જમાડવા જોઈએ. આ બધી વાતો લગભગ અસંબદ્ધ છે. દલીલોથી વિચારનારને ગળે ન ઉતરે તેવી છે. તેવાઓનાં વચનો સાંભળવાં કે સમાગમ કરવો તે પણ પાપ છે.

**પ્રશ્ન** : અગ્નિ, જલ, યજ્ઞક્રિયા, બ્રાહ્મણ, ગાય અને કાગડાને માનનારા શું અવિચારી હશે ?

**ઉત્તર** : સર્વજ્ઞ ભગવંતોએ મિથ્યાત્વના ઘણા પ્રકાર બતાવ્યા છે. તે પૈકી અભિગ્રહિત મિથ્યાત્વ છે, કેજે અમારા પૂર્વજોએ કહેલું-આચરેલું તેજ સાચું. શું અમારા વડીલો મૂર્ખા હતા ? આવા દૃષ્ટિરાગી જીવો ક્યારે ય સારા ખોટાનો વિચાર કર્યા વગર ઘેટાંના ટોળાની માફક ગતાનુગતિકતામાં જ મનુષ્ય જન્મ બરબાદ કરે છે.

એમ પણ વિચાર કરતા નથી કે અગ્નિમાં સર્વને ભસ્મ કરવાનો સ્વભાવ છે. તેમાં નાખવાથી બધું બળીને રાખ થઈ જાય છે. તે દેવોને કેમ પહોંચે ?

પાણીમાં સ્નાન કરવાથી શરીર પણ શુદ્ધ થયું નથી, થવાનું નથી, થશે પણ નહીં, તો પછી આત્મા શુદ્ધ કેમ થઈ શકે ? જુઓ આર્ષ :

**न शक्यं निर्मलीकर्तुं, गात्रं स्नानशतैरपि ।**
**अश्रान्तमिव श्रोतोभि, र्नवभिर्मलमुद्गिरन् ॥ १ ॥**

**અર્થ** : સર્વકાળ પુરુષોને નવ, અને નારીને બાર, છિદ્રો મારફત શરીરમાંથી અપવિત્ર વસ્તુ નીકળ્યા જ કરે છે. તેવા શરીરને નિર્મલ શી રીતે કરી શકાય ?

**પ્રશ્ન** : નવ અને બાર દ્વારો કયા કયા ?

**ઉત્તર** : પુરુષને બે કાનના છિદ્રો, બે ચક્ષુઓ, બે નાશિકા, મુખ અને ઝાડા પેશાબ નીકળવાના માર્ગો. એ નવ-તથા નારીને, ઉપરના નવ ઉપરાંત બે સ્તનો, તથા પુરુષ બીજને પેસવાનો, અગર ગર્ભને નીકળવાનો માર્ગ, એમ બાર થાય છે. આથી જલમાં સ્નાન કરવાથી આત્મા શુદ્ધ થતો નથી. અહીં એક કથા ગોમતી અને ગોવિંદની આપવામાં આવે છે.

**એક ગામમાં** ગોમતી નામા વિધવા બાઈ હતી. તેણીને ગોવિંદ નામા પુત્ર હતો. ગોવિંદને શૌચમાર્ગના સાધુ સંતોનો, વારંવાર સમાગમ મળવાથી, સ્નાનને જ તે સર્વોત્તમ ધર્મ સમજતો હતો. પોતે દિવસમાં અનેકવાર સ્નાન કરતો, ઝાડા પેસાબની વિસર્જન

ક્રિયા પછી તેને અવશ્ય સ્નાન કરવું જ પડે. આવી વિધિમાં કેટલોક કાળ ગયો. માતા ગોમતી બહુ બુદ્ધિમતી હોવાથી તેણીનું ચિત્ત આવા ગાંડા આચરણ માટે ડંખ્યા કરતું હતું. કોઈ કોઈ વાર સખત શરદીમાં વહાલા પુત્ર ગોવિંદને, સ્નાન ન કરવા સમજાવતી હતી. પરંતુ ગોવિંદને ગમતું નહીં. ઉલ્ટું વધારે પાણી ઢોળાતું હતું.

એક વાર ગોવિંદ તીર્થયાત્રાએ જવાનો હતો ત્યાં પણ ગંગા, યમુના, સરસ્વતી, સરયૂ, ગોદાવરી વગેરે સ્નાનનાં તીર્થો આવવાનાં હતાં. તેથી જતી વખતે માતાએ ગોવિંદને અડધો શેર જેટલાં, કડવી તુંબડીનાં બીજ આપ્યાં અને ભલામણ કરી કે, બધાં તીર્થોમાં આ બીજને પણ સ્નાન કરાવજે. પછી સૂકવજે. બધાં બીજ પાછાં ઘેર લેતો આવજે. તુંબડીનાં બીજ સાથે લેઈ, ગોવિંદભાઈ તીર્થોમાં પવિત્ર થવા રવાના થયા.

ગોવિંદભાઈએ માતાના વચનનો પરમાર્થ વિચાર્યા વગર, બધા તીર્થોમાં, પોતે સ્નાન કર્યું અને કડવી તુંબડીનાં બીજ પણ, પલાળી સુકવ્યાં, અને પાછાં લાવી માતાને આપ્યાં.

ગોવિંદે લાવીને આપેલાં કડવી તુંબડીનાં બીજ, ચોમાસુ આવતાં, વરસાદ વર્ષ્યા પછી માતાએ ગોવિંદ પાસે પોતાના સારા ક્ષેત્રમાં વવરાવ્યાં. ઊગ્યાં, ફુલ્યાં અને ફળ્યાં. પરંતુ ગોવિંદભાઈ પરમારથ સમજ્યા નહીં.

એક દિવસે કડવી તુંબડીનાં ફળો લાવી, માતાએ શાક બનાવી, ગોવિંદભાઈને જમવા પીરસ્યું. ગોવિંદભાઈ પણ, તીર્થમાં નાહી આવેલા બીજોથી, પ્રકટેલા ફળોનું શાક થયેલું, વળી અનેક સંસ્કાર પામેલું, (શાક) ભાણામાંથી મુખમાં પધરાવતાં, અપ્રમાણ હર્ષઘેલા થયા હતા.

પરંતુ મુખમાં પેઠું અને પરીક્ષા કરવા રસનાબાઈ પાસે ગયું કે, ગોવિંદભાઈ એકદમ થૂ થૂ થૂ થૂ થૂ કરીને બધું શાક ઓકી નાખીને રાડ પાડીને બોલ્યા કે, આવું ઝેર જેવું કડવું શાક માડી, તેં મને કેમ આપ્યું?

**માતા ગોમતી** દીકરા આ તો તીર્થે જઈ આવેલા બીજની વાવણીમાંથી થયેલાં ફળોનું શાક છે. શું આટલાં પવિત્ર તીર્થોમાં સ્નાન કરી આવેલાં બીજોમાં કડવાસ રહેતી હશે? રહી શકે! જો તીર્થ જળના સ્પર્શથી બીજની કડવાસ જતી નથી, તો પછી શરીરમા રહેલા આત્માનો મેલ શરીરને ધોવાથી કેમ જાય?

જુઓ ગીતામાં વિષ્ણુ ભગવાન શું કહે છે:

**आत्मा नदी, संयम तोय पूर्णा, सत्यावहा, शीलेतटा, दयोर्मी**
**तत्राभिषेकं कुरु पाण्डुपुत्र ? न वारिणा शुद्धयति चान्तरात्मा ॥**

**અર્થ :** હે અર્જુન! આપણા પોતાના આત્માને ગંગાનદી સમજ! નદી પણ ઈન્દ્રિયો અને કષાયો ઉપર આવેલ અંકુશ–સંયમ તે રુપ પાણીથી ભરેલી છે. દ્રવ્ય સત્ય

અને ભાવ સત્ય રૂપ બે નદીના કાંઠા છે. અને સર્વ જીવોને બચાવવાની વિચારણા–ભાવના રૂપ પ્રવાહો ચાલે છે. હે પાંડુપુત્ર! તેવી આત્મતત્ત્વ વિચારણા રૂપ નદીમાં સ્નાન કર. પાણી વડે અંતરાત્મા શુદ્ધ થતો નથી.

**માતા રૂદ્રસોમા** શ્રાવિકા પોતાના વહાલા પુત્ર આર્યરક્ષિત કુમારને સમજાવે છે કે, આવાં પરસ્પર વિરોધવાળાં, સંસારને પોષનારાં, હિંસા અને મૈથુન જેવા પાપોનું સમર્થન કરનારા શાસ્ત્રોને તું ભણીને આવ્યો. તેથી પુત્રનું ભલું ભવિષ્ય ઇચ્છનારી માતા, મને એમાં આનંદ કેમ થાય?

**આર્યરક્ષિતનો પ્રશ્ન :** આત્માનું કલ્યાણ થાય તેવાં શાસ્ત્રો કયાં? તે શાસ્ત્રો કોણ ભણાવી શકે? અને તે ભણાવનાર હાલ કયાં મળી શકે?

**માતાનો ઉત્તર :** આત્માનું તત્કાળ અથવા ઉત્તરોત્તર કલ્યાણ જ થાય આ આ શાસ્ત્રનું નામ છે દ્વાદશાંગી. તેને, જગતનું એકાંત ભલું ઇચ્છનારા, તીર્થંકરો અને ગણધરોએ બનાવી છે. તેને; મહાબુદ્ધિશાળી જૈનાચાર્યો ભણેલા હોય છે. હાલમાં નજીકના વાડામાં તોસલીપુત્ર નામના જૈનાચાર્ય પધાર્યા છે. તેમની સંપૂર્ણ આજ્ઞા પાળનારને, આ શાસ્ત્ર ભણાવી શકાય છે. મારા વહાલા દીકરા! હું તને આશીર્વાદ આપું છું. તું જરૂર દ્વાદશાંગી ભણી શકીશ.

પુણ્યનિધાન આર્યરક્ષિત કુમારે માતાનાં વચનો અને આશીર્વાદને મસ્તકે ચડાવી લીધા અને વળતી સવારે, તોસલીપુત્ર આચાર્ય ભગવાન પાસે ભણવા જવાની તૈયારી કરી લીધી. અને વહેલી પ્રભાતે, માતાપિતાને પગે લાગી, પૂજ્યોના આશીર્વચનો પામી, સ્વર અને શકુનની અનુકૂળતાપૂર્વક રક્ષિતકુમારે પ્રસ્થાન આદર્યું.

ઘર બહાર નીકળતાંજ, પિતાના એક ખેડૂતમિત્ર સામા મળ્યા. તેમની પાસે શેલડીના પરિપકવ સાંઠા હતા. તેમણે કહ્યું, ભાઈ રક્ષિત! તું ઘણું ઘણું ભણીને આવ્યાના મેં કાલે સમાચાર સાંભળ્યા. માટે હું તારા સારુ બહુ મજાની, રસદાર શેલડીઓ લાવ્યો છું. તું હમણાં કયાં જાય છે?

**રક્ષિતનો ઉત્તર :** હું હમણાં મારી માતાની આજ્ઞા પ્રમાણે એક ઘણી સારી વિદ્યા લેવા જાઉં છું. આ શેલડીઓ મારી માતાજીને આપશો. 'બહુ સારું, બહુ સારું' બોલતા તે કાકા, આર્યસોમના ઘરમાં પ્રવેશ્યા અને કુમાર આર્યરક્ષિત ઘણા મજાનાં શકુન પામી આગળ વધ્યા.

આર્યરક્ષિત ચૌદ વિદ્યાના પારગામી તો થયેલા હતા જ. તેથી તેઓ શકુનશાસ્ત્ર પણ ખૂબ જાણતા હતા. અને શેલડીના શકુન મળવાથી, તથા સાંઠાની સંખ્યા સાડા નવ હોવાથી તેમણે નિર્ણય કરી લીધો કે હું જે શાસ્ત્ર ભણવા જઈ રહ્યો છું તે, મને જરૂર મળશે. અને તે શાસ્ત્રનું પ્રમાણ સાડા નવ હશે.

રક્ષિતકુમાર જૈનાચાર્ય પાસે ગયા. તેઓ વિવેકી હતા અને બુદ્ધિશાળી પણ હતા. વિચાર કર્યો, આવા મોટા જ્ઞાની પુરુષ પાસે, પ્રણામનો વિધિ કર્યા વિના જઈને ઊભા કેમ રહેવાય ? પ્રણામ વિધિ મને આવડતો નથી. થોડી વાર થોભું. કોઈ જૈન આવે, તેનો પ્રણામવિધિ જોઉં અને સાંભળું. પછી જાઉં.

તેટલામાં એક જૈન જાણકાર શ્રાવક આવ્યા. તેમણે પ્રારંભથી સમાપ્ત સુધી કરેલો વિધિ જોયો, સાંભળ્યો, યાદ થઈ ગયો. તે પ્રમાણે વિધિ-કરીને, આચાર્ય ભગવાન સામે બે હાથ જોડી તે બેસી ગયો. અને વિનંતિ કરી. હું રુદ્રસોમા શ્રાવિકાનો પુત્ર છું. મારી માતાની આજ્ઞાથી આપની પાસે, દ્વાદશાંગી ભણવા આવ્યો છું.

**આચાર્ય ભગવાનનો ઉત્તર :** જૈન મુનિ સિવાય અન્યને દ્વાદશાંગી ભણાવાય નહીં. જૈન સાધુ થનારને, હિંસા અસત્ય ભાષણ ચોરી સ્ત્રીસેવન અને વસ્તુ માત્રનો સંગ્રહ આખી જિંદગી ત્યાગ કરવો પડે છે. તમને આ બધી શરતો કબૂલ હોય, તોજ દ્વાદશાંગીનો અભ્યાસ કરાવી શકાશે.

આર્ય રક્ષિત વિચાર કરવા લાગ્યો. દ્વારશાંગીનો અભ્યાસમારી માતાની આજ્ઞા છે જ કરવાની શકુન પણ ઘણા જ સુંદર થયાં છે, માટે આચાર્ય ભગવાનની શરતો કબૂલ કરવામાં કશો જ વાંધો નથી.

**રક્ષિતકુમારે** આચાર્ય ભગવંતની સંભળાવેલી શરતોની હાપાડવા વડે કબુલાત કરી, દીક્ષા લીધી. થોડા જ કાળમાં ગુરુ પાસેથી અને ગુરુ આજ્ઞાથી આચાર્ય ભગવાન વજ્રસ્વામી પાસેથી, સાડાનવ પૂર્વ સુધી; દ્વાદશાંગીનો અભ્યાસ કર્યો અને સાચા આર્યરક્ષિત થયા.

આ બાજુ માતાપિતાનું મધ્યમ વય પૂર્ણ થતાં વૃદ્ધાવસ્થાનું આગમન જણાવા લાગ્યું તેથી નાના બંધુ ફલ્ગુરક્ષિતને, આર્યરક્ષિતને બોલાવી લાવવા આર્યરક્ષિત પાસે મોકલ્યા. એકલા વિહાર થાય નહીં અને સાથે આવનાર ન હોવાથી, આર્યરક્ષિતે, નાનાભાઈ ફલ્ગુરક્ષિતને કહ્યું કે, ભાઈ! જો તું દીક્ષિત થાયતો, આપણે બેભાઈ માતાપિતાને ધર્મ પમાડવા જઈ શકીએ.

ફલ્ગુરક્ષિતે ભાઈની આજ્ઞાનો સ્વીકાર કરીને દીક્ષા લીધી. અનુક્રમે વિહાર કરીને માતા–પિતાને ધર્મ પમાડવા દશપુર શહેરમાં આવ્યા. ધર્મ સાંભળી માતાએ દીક્ષા લીધી અને પછીથી પિતાએ પણ દીક્ષા લીધી. આરાધના કરી બધા અલ્પસંસારી થયા.

અહીં વાચક વર્ગને જણાવવાનું એજ કે, રક્ષિત એક ચુસ્ત વૈદિક પુરોહિતનો પુત્ર હતો અને પિતાની આજ્ઞાથી ભણવા ગયો હતો. ચૌદ વિદ્યાનો પારગામી થઈને, અતિ અલ્પ-કાળમાં નાની વયમાં ભણીને ઘેર આવ્યો. ત્યારે રાજા અને નાગરિકો તરફથી સત્કાર પણ ખૂબ થયો. હવે તેની ભણવાની નહીંપણ પરણવાની વય હતી. છતાં માતાનાં વચનો સાંભળી, મસ્તક ઉપર ચડાવી, જૈનધર્મની દ્વાદશાંગી ભણવા ગયો. તે તેની માતાની આજ્ઞાની પરાકાષ્ટા કહેવાય.

માતા ચુસ્ત શ્રાવિકા હતી. તેણીએ ભણવા નહીં પણ, અણગાર થવા જ મોકલ્યો હતો. અહીં કેવળ પરલોકને જ દેખનારી, અને પુત્રનું સર્વકાલીન કલ્યાણ ઇચ્છનારી, માતાને ધન્યવાદ છે કે જેણે, પુત્રવધૂના સુખને કે, પુત્રનાં બાળકોને રમાડવાના મોહમાં ન ફસાતાં, પુત્રના પરલોકને સુધરાવ્યો. પુત્રને પણ હજારોવાર ધન્યવાદ ઘટે છે કે, જેણે પોતાની માતાના ગુણોના જ–ઉપકારના જ વિચારોને મનમાં સ્થિર બનાવી, માતાની આજ્ઞાને મસ્તક ઉપર ચડાવી, સંસારની વાસનાઓને તિલાંજલિ આપી, પોતાનું અને આખા કુટુંબનું કલ્યાણ સાધ્યું. આર્યરક્ષિત મુનિ પોતાની યોગ્યતાથી પાછળથી આર્યરક્ષિત સૂરિ મહારાજ થયા શાસનપ્રભાવક થયા યુગપ્રધાન થયા.

## ઈતિ માતાની આજ્ઞાના પાલક આર્યરક્ષિતસૂરિની કથા સંપૂર્ણ.

**પ્રશ્ન** : માતાપિતાની ભક્તિ ચડે કે માતાપિતાની આજ્ઞાનું પાલન ચડે ?

**ઉત્તર** : સેવા – ભક્તિ એક અતિ ઉત્તમ ગુણ હોવા છતાં, આજ્ઞા વગરની સેવા-ભક્તિ ફળ આપનારી થતી નથી. અને આજ્ઞાપાલન સાથે પ્રકટેલી સેવાભક્તિ, અવશ્ય લાભકારિણી થાય છે. સેવા કરનારો આત્મા, આજ્ઞાપાલક હોય કે ન પણ હોય, પરંતુ આજ્ઞાપાલક આત્મામાં સેવાભક્તિ રુંવાડે રુંવાડે ઉલસએલી હોય. આજ્ઞાપૂર્વકની સેવામાં ઉત્તરોત્તર ગુણની વૃદ્ધિનાં કારણો પ્રગટે છે.

જુઓ શાસ્ત્ર : **वीतराग सपर्यायाः, तवाज्ञाराधनंपरं ।**
**आज्ञाराद्धा विराद्धा च, शिवाय च भवाय च ॥ १ ॥**

**અર્થ** : હે વીતરાગ ! આપની સેવા કરવા થકી પણ આપની આજ્ઞાનું પાલન, મોક્ષનું પરમ અંગ બને છે. આજ્ઞાની આરાધના મોક્ષનું કારણ છે. આજ્ઞાનું વિરાધન સંસાર વધારે છે.

શ્રી વીતરાગ શાસનમાં અનેક પ્રભાવક પુરુષો થયા છે. તેવા વિક્રમની દશમી સદીના એક મહાપ્રભાવક પુરુષની આ કથા છે. શ્રીમાળનગરમાં શિવનાગ નામના એક મહા ધનાઢ્ય શ્રેષ્ઠી વસતા હતા. તેમને પૂર્ણલતા નામની મહાસતી ધર્મપત્ની હતી અને વીર નામનો (ઉત્તમ આત્મા) પુત્ર હતો. શિવનાગશેઠે ધરણેન્દ્રની આરાધના કરી હતી. તેથી નાગકુમાર દેવો તેમને સાક્ષાત્ હતા.

શિવનાગ શેઠે પોતાના વહાલા પુત્ર વીરને સાત કન્યાઓ સાથે પરણાવ્યો હતો. પિતાના અવસાન પછી વીરકુમાર ઘણીવાર પગે ચાલીને સાચોર તીર્થમાં મહાવીર સ્વામીને જુહારવા જતા હતા. એકવાર યાત્રા કરવા ગયેલા વીરની માતા પૂર્ણલતાને કોઈએ હાસ્ય–મશ્કરીમાં કહી નાખ્યું કે, "તમારા પુત્ર વીરને ચોર લોકોએ મારી નાખ્યો છે." આવા ઉકાળેલા–તરવાના રસ જેવા શબ્દો પૂર્ણલતાના કાનમાં પડવાની સાથે, પૂર્ણલતાના પ્રાણો પ્રયાણ કરી સ્વર્ગમાં ચાલ્યા ગયા.

**પ્રશ્ન** : તપાસ પણ કર્યા સિવાય માતાએ સાચું માની લીધું તે શું મૂર્ખતા ન ગણાય ?

**ઉત્તર** : યશોધર રાજાની માતા યશોધરાદેવી પુત્રના મરણના સમાચાર સાંભળીને, ત્યાં ને ત્યાં ઉભા ઉભા જ મરણ પામ્યા હતાં. દેવોએ પરીક્ષા કરવા માટે, ખોટી ગોઠવેલી આઠમા બલદેવ રામચંદ્ર મહારાજ કાલધર્મ પામ્યા છે. અને તેમના અંતઃપુરમાં રડારોળ ચાલી રહી છે. માત્ર આટલી વાત સાંભળીને, નાનાભાઈ લક્ષ્મણજી સિંહાસન ઉપર બેઠા બેઠા જ મરણ પામ્યા હતા.

**પ્રશ્ન** : આવા વર્ણનોથી એમ લાગે છે કે હાસ્ય-મશ્કરી પણ મહા અનર્થનું કારણ બને છે. માટે કોઈની પણ મશ્કરી કરવી તે મહાપાપ છે એમ ખરું ને ?

**ઉત્તર** : મશ્કરીથી અનેક પ્રકારના અનર્થ થયા છે એનાં વર્ણન સાંભળીએ તો ખ્યાલ આવે દ્રૌપદીએ, દુર્યોધનને "અંધના પુત્ર અંધ હોય" આટલું કહ્યું ત્યાંથી જ ઝઘડાનાં બીજ રોપાયાં. વેશ્યાએ નંદીસેણને કહ્યું કે, "આજે દશમા તમે." અને નંદિષેણજીએ તુરત રવાના થઈ દીક્ષા લીધી. સુભદ્રા સતીએ પોતાના સ્વામી ધન્નાજીને કહ્યું હતું કે, "કહેતાં સૌને આવડે છે, આચરવું મુશ્કેલ છે." આ વાકયો સાંભળીને ધન્નાજીએ આઠે પત્નીઓનો ત્યાગ કરી તરત દીક્ષા લીધી. ઉદયસાગરકુમારે (મનોરમા રાણીના ભાઈએ) પોતાના બનેવી વજ્રબાહુકુમારની મશ્કરી જ કરી હતી. કેમ કુમાર દીક્ષા લેવી છે ? આ વચનોના ઉત્તરમાં દીક્ષા લીધી અને બીજા પચ્ચીસ કુમારો અને મનોરમા રાણીએ પણ દીક્ષા લીધી.

**પ્રશ્ન** : ધન્નાજી, નંદીષેણજી અને વજ્રબાહુકુમારની મશ્કરી કરનારને લાભ જ થયો ને ? આવી મશ્કરી તો પાપવાળી ન ગણાય. કારણ કે મશ્કરીનાં વાકયોથી જ દીક્ષા લેવાની ભાવના થઈ ને ?

**ઉત્તર** : ધન્નાજી, નંદીષેણજી અને વજ્રબાહુકુમાર ત્રણે વૈરાગી અને જ્ઞાની મહાત્માઓ હતા. તેમને તો મશ્કરીનાં વાકયો તાળું ઉઘાડવામાં કુંચી જેવાં બન્યાં છે. પરંતુ તે તે મશ્કરી કરનારા મહાશયોને મશ્કરી કરવા જતાં જિંદગી માટે રત્નો ગુમાવવાં પડયાં છે. અને મશ્કરીનું પરિણામ આવ્યું, તે ક્ષણે તેમને કેટલો મોટો ખેદ અનુભવવો પડયો છે, તે તે વખતનું-વેશ્યાનું, સુભદ્રાનું અને ઉદયસાગરકુમારનું દશ્ય જોયું હોય તે જ કલ્પી શકે કે સમજી શકે ?

પરંતુ દેવોના હાસ્ય-પરીક્ષા જોવાના કારણે લક્ષ્મણજીનું મરણ થયું. વીરકુમારના સાળાએ વીરકુમારની માતા પાસે હાસ્ય કરવાથી જ, માતા પૂર્ણલતાદેવીનું મરણ થયું. અને દ્રૌપદીએ દુર્યોધનને દિયર માનીને મશ્કરી કરી તેના પરિણામે મહાભારતનું યુદ્ધ થયું. એક યુવતીને ગર્ભ રહ્યા પછી સમુદ્ર પીધાનું સ્વપ્ન આવ્યું. સ્વપ્ન સારું હતું. ગુરુને સંભળાવવાની જગ્યાએ મૂર્ખ સખીને સંભળાવ્યું. સખીએ કહ્યું તેં સમુદ્ર પીધો, તોપણ

પેટ કેમ ન ફૂટી ગયું ? સખીની મશ્કરી બાઈના ખેદ અને મરણમાં પરિણામ પામી. મલયસુંદરીએ ગયા જન્મમાં હાસ્યથી, દાસીને રાક્ષસી કહી હતી, તેથી તેણીને મલયસુંદરીના ભવમાં રાક્ષસી તરીકેનું આળ ચડયું હતું.

અહીં માતા પૂર્ણલતાના મરણથી વીરકુમારને ખૂબ શોક થયો. વિલાપો કર્યા. અહો, હું અને મારી માતા વચ્ચે કેટલું બધું મોટું અંતર છે? મારા માત્ર ખોટા મરણ સમાચાર સાંભળીને માતાની ધીરતા ખોવાઈ ગઈ અને પ્રાણો નીકળી ગયા અને હું તો માતાને સાક્ષાત મરેલી જોઉં છું તોપણ, મારા પ્રાણો નીકળતા નથી. આવા મારા નિષ્ઠુર હૃદયને ધિક્કાર થાઓ. કહ્યું છે કેઃ—

"મૃણાલની મૃદુતાથકી, મૃદુ માતનું ચિત્ત,
પુત્રચિત્ત કઠોરતા, વજ્ર કાઠિન્ય અધિક." ૧

"પુત્ર અલ્પ દુઃખ દેખિને, માતચિત્ત દુઃખ થાય,
પણ માય દુઃખ જોઈને, સુતને દુઃખ ન થાય." ૨

"માય–તાયથી મેળવે, લક્ષ્મી, નારી–ધામ,
બેટા બદલામાં દિયે, અપમાન ત્રાસ ઇનામ." ૩

માતાના મરણથી વીરકુમારનો વૈરાગ્ય વધી ગયો. તેઓ અઠ્ઠાઈના પારણે એકાસણું કરતા. અને કાયમ છવિગઈના ત્યાગવાળો આહાર વાપરતા હતા. અને હમ્મેશાં પૌષધકરી શ્મશાનમાં જઈ ધ્યાન કરતા હતા. ક્રમે પોતાનું એક ક્રોડ દ્રવ્ય પત્નીઓને આપી, બાકીનું દ્રવ્ય સાત ક્ષેત્રોમાં વાપરીને, મથુરાથી આવેલા સો વર્ષની વયના વિમલગણી નામના મહાજ્ઞાની અને ગુણી આચાર્ય પાસે દીક્ષા લીધી, બહુ અલ્પ સમાગમમાં ઘણા જ્ઞાની થયા. ગુરુ સિદ્ધાચલ જઈ અનશન કરી દેવલોકે ગયા.

વિમલગણીએ બતાવેલા પુસ્તકો મેળવી, ગુરુના વચનોની આશીષ અને તેમનો ક્ષયોપશમ જાગવાથી; (પુસ્તકો મળવાથી) ગણિવિદ્યા અને અંગવિદ્યાના પારગામી થયા. પછી તો શિષ્યો પણ ઘણા થયા. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપનાં નિધાનો પ્રકટ થયાં. વર્ધમાનસૂરિ મહારાજે તેમને આચાર્ય પદવી આપી; પાટણ તરફ આવતાં રસ્તામાં સ્થિરા (હાલનું થરા હશે) ગામ આવ્યું.-અહીં નગરની બહાર વિરુપાનાથ ઉર્ફે વલ્લભીનાથ નામના વ્યંતરનું મંદિર હતું.

તેણે ઘણા માણસોને મારી નાખ્યા હતા. સૂરિ મહારાજે તેને વશ કર્યો; હિંસા છોડાવી. તેણે પણ સૂરિ મહારાજને, ઋષભનું રૂપ બનાવી, પીઠ ઉપર બેસાડી, અષ્ટાપદની યાત્રા કરાવી. ત્યાંથી પાછા આવતાં દેવોના મૂકેલા છ અક્ષતો લેતા આવ્યા. ચોખા આપણા બાર આંગુલ લાંબા, એક આંગુલ જાડા અને મહાસુગંધવાળા હતા. તે ચોખા જોવાથી નગરમાં ખૂબ શાસન પ્રભાવના થઈ હતી. મોટો મહોત્સવ થયો.

વીરાચાર્ય સૂરિભગવંતના વાસક્ષેપથી રાજા દુર્લભરાજા સોલંકીની રાણીને વલ્લભરાજ વગેરે પુત્રો થયા. રાજાએ અમારી પ્રવર્તન વગેરે ઘણાં શાસનનાં કાર્યો કર્યાં. જિંદગી સુધી આચાર્યનો ભકત રહ્યો. આચાર્યશ્રી વીરસૂરિનો જન્મ વિ. સં. ૯૩૮ દીક્ષા ૯૮૦ સ્વર્ગ ૯૯૧ ૪૨ વર્ષ સંસારમાં, ૧૧ વર્ષ ચારિત્રમાં અગિયાર વર્ષમાં પણ વીરાચાર્ય મહાપ્રભાવક થઈ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ખૂબ આરાધી ગયા.

## ભક્તિ અને સેવા કરતાં આજ્ઞાની મહત્તાનો સામાન્ય પ્રસંગ

થોડા વખત પહેલાની આ વાત છે. કાશી બનારસની નજીકમાં, ગંગાનદીના કિનારા ઉપર એક નિસ્પૃહ તપસ્વી અને વિદ્વાન એક પંડિત સંન્યાસી આશ્રમ બનાવી રહેતા હતા. તેની પાસે બારે માસ ઘણા બાળકો ભણવા આવતાં હતાં. તે બધાને કશો બદલો લીધા વગર પંડિતજી ભણાવતા હતા. અને સાથોસાથ તેમની કૃપાથી બધા બાળકોને કાયમ માટે ખાનપાનની સગવડ પણ મળી જતી હતી.

આજુબાજુ ઘણા બગીચાઓ હતા. અને બધી ઋતુઓમાં ફળની ઉત્પન્ન ખૂબ હતી. સંન્યાસી પ્રાયઃ બારે માસ ફલાહાર જ લેતા. વખતે સળી જાય તો થોડું દૂધ લેતા હતા. બારે માસ અનાજ લેતા જ નહીં. તેથી તેમની મહાતપસ્વી તરીકેની ખ્યાતિ ખૂબ વિસ્તાર પામી હતી. અને લોકોની ભક્તિમાં પણ દિનપ્રતિદિન વધારો થવા લાગ્યો હતો. વૈદિક માન્યતાવાળા બારમાસી અન્ન ત્યાગને મોટો તપ સમજે છે. ભલે દૂધ પીએ ફળો ખાય પણ અનાજ ન ખાય તેઓ ઉપવાસી મનાયા છે. અને આવા બારમાસી અન્ન ત્યાગી મહાતપસ્વી ગણાયા છે. કહ્યું છે કે :—

"જગત ત્યાગને વેશનું, બને હમેશાં દાસ,
પરમારથ સમજે નહીં, પાપ–પુણ્ય પણ ખાસ."

"અજ્ઞાની જગજીવડા, દેખી વેશ ફસાય,
કોઈક દેખી ત્યાગને, ગાંડા ઘેલા થાય."

"જિનવાણી પરમાર્થનો, પામ્યા તત્ત્વ વિચાર,
વેશ–ત્યાગ સહજ્ઞાનને, સમજી કરે સ્વીકાર."

"જયણા જીવદયા અને જિન આજ્ઞા જ્યાં હોય,
નમવું તે મહાભાગ્યને, ભલે ગમે તે હોય."

"જયણા જીવદયા નહીં, જિન આણા પણ નો'ય.
નમવું નહીં તે કોઈને, ભલે ગમે તે હોય."

અહીં ષોડશક મહાગ્રન્થની ગાથા જુઓ :

**बालः पश्यति लिंगं, मध्यम बुद्धिर्विचारयति वृत्तं ।**
**आगमतत्त्वं तु सुधीः, परीक्षते सर्वयत्नेन ॥ १ ॥**

**અર્થ** : બાલજીવો, એટલે વસ્તુની પરીક્ષાના અજાણ માણસો, આપણા કરતાં સંત પુરુષો હજાર દરજ્જે સારા છે. એમ માની–વિચારી–બોલીને, માત્ર સાધુના વેશને પગે લાગે છે. હાથ જોડે છે. પ્રશંસા પણ કરે છે. બીજા મધ્ય કોટિના માણસો બાહ્ય ત્યાગમાં ઝૂકી પડે છે. ઉપવાસ–આયંબિલ–તપ ત્યાગ દેખી રાજી થાય છે. વંદન–નમન–સ્તવનાદિ ખૂબ કરે છે.

ત્યારે બુદ્ધિમાન પુરુષો, વેશ અને ત્યાગ સાથે જ્ઞાનને પણ ચોક્કસ જુએ છે. જ્ઞાન વગરના વેશ ત્યાગ, સ્વપર કોઈનું ભલું કરતા નથી. માટે જ સમજણપૂર્વકનો તપ હોય, ત્યાગ હોય, ક્રિયા–અનુષ્ઠાન હોય, તે વસ્તુ આચરનાર, જોનાર અનુમોદના કરનાર, સર્વનું એકાન્ત કલ્યાણ કરે છે.

આવા અન્ન ત્યાગનાર, અને ફલાહાર, કે દુગ્ધાહાર ઉપર બારેમાસ નિર્વાહ કરનાર તરફ ઘણા ભક્તો બારેમાસ આકર્ષાયા રહેતા હતા, અને તેઓ વગર માગ્યા બહુમાનપૂર્વક ફલાદિ આપી જતા હતા. સંન્યાસીમાં નિસ્પૃહતા ગુણ ખૂબ મોટો હતો. તેથી પંડિતજી પોતાની જરૂરથી વધારે થોડું પણ સંગ્રહ તરીકે રાખતા નહીં. વધારે આપવા આવે તો વિદ્યાર્થીવર્ગને અપાવી દેતા હતા. એકવાર એક બગીચાનો માલિક ઘણી કેરી લઈને આપવા આવ્યો. બધી સંન્યાસીજીને જ આપવા આગ્રહ કરતો હતો. બાવાજીને જરૂર ન હોવાથી અડકવાં પણ ખુશી ન હતા.

પરંતુ બગીચાવાળો, પોતાની કેરીઓ બાવાજીને આપ્યા વિના નહીં જવાનો આગ્રહી હતો. અને તેથી તેની નમ્રતાપૂર્ણ 'સ્વીકાર કરી લો'ની યાચના ચાલુ જ હતી. બાવાજી કહે છે 'ભાઈ! આજની મારી જરૂરિયાત પૂર્ણ થઈ ગઈ છે. માટે હવે આગ્રહ છોડી દે, મારે સંગ્રહ ખપતો નથી. અને જો તારે પોતાને લાભ જ ખપતો હોય તો, મારા આ બધા બ્રહ્મચારી વિદ્યાર્થીઓને, એક એક કેરી આપી દે.'

**કેરીવાળો** ના ગુરુજી આપ જ લઈ લો. હું આપને માટે જ લાવ્યો છું. આપ પોતાને માટે લઈ લો. અને મારી ઇચ્છા પૂરી કરો. લગભગ અડધો કલાક આ રકઝક ચાલી. સંન્યાસીજી પોતાને સારૂ કેરી લેવા તૈયાર નથી. આંબાવાળો વિદ્યાર્થીઓને નહીં જ પણ બાવાજીને જ આપવા માટે હઠ પકડી બોલ્યા જ કરે છે. છેવટે બાવાજીને આવેશ આવી ગયો અને બોલ્યા :

"સંતપુરુષના શરીરની કિંમત કદી નવ થાય,
દાન આપી સેવા કરી, સેવક સ્વર્ગે જાય."

"સંતપુરુષના શરીરને, અન્નજળ અલ્પ અપાય,
નરભવ, સુરભવ ભોગવી, દાતા મુક્તિ જાય."

"સંત શરીર ને વાણમાં, વાણી મોટી ચીજ,
લાખો ક્રોડો જીવમાં, વાવે ધર્મનાં બીજ."

"જિનવર ને ગણધર તણાં, શરીરનો ક્ષય થાય,
પણ જિનવાણી શાશ્વતી, સર્વ જીવ સુખદાય."

"શરીર જિનવર દેવનું દર્શન પાવનકાર.
પણ વાણી શ્રવણે પડે, ઉતારે ભવપાર."

અને સન્યાસી આંબાવાળાને કહે છે, 'સાંભળ ભાઈ! તને મારા શરીરની કિંમત જેટલી યે થોડી પણ મારા વચન પ્રત્યે શ્રદ્ધા નથી. માટે આજથી હું જીવું ત્યાં સુધી મારે તારા ફળ આદિ કોઈ પણ વસ્તુ હરામ ખપે. તારે હવેથી ક્યારે પણ આશ્રમમાં આવવું નહીં. હું કોઈ દિવસ કાંઈ નહીં લઉં.'

આવા અજ્ઞાની દાતાર ઘણીવાર લાભની જગ્યાએ અનર્થ મેળવે છે. આંબાવાળાએ, દાન અને વચનનો ભેદ તારવ્યો નહીં. અને આખી જિંદગીનો લાભ ખોયો. અને પશ્ચાત્તાપ મેળવ્યો.

**પ્રશ્ન** : ગુરુપુરુષોની સેવાનું ફળ મોટું કે ગુરુપુરુષોની આજ્ઞાનું ફળ મોટું?

**ઉત્તર** : સેવાનું ફળ ઘણું મોટું તો પણ આજ્ઞાનું તો સેવા બચ્ચું જ ગણાય એટલે આજ્ઞા હોય ત્યાં સેવા જરૂર હોય જ. સેવા હોય ત્યાં આજ્ઞા હોય કે ન હોય. એ અચોક્કસ માટે જ આજ્ઞા મોટી. જુઓ આજ્ઞા વિચાર :

"ગુરુ આજ્ઞા ગુરુસેવના, એમાં મોટી આણ,
આજ્ઞા વિણ સેવા થકી, લાભ નહીં પણ હાણ." ૧

"જિણ આણ તિહાં સેવના, જરૂર આવી જાય,
આણા સેવા દોયથી, અવશ્ય મુક્તિ થાય." ૨

"આજ્ઞા ધારક જીવડો, સેવક બને જરૂર,
આણા વિણ સેવા કરે, કેવળ એક મજૂર." ૩

"આણા જિનવરદેવની, શિર પર ધરે સદાય,
એવા ગુરુની આણથી, સપદિ મોક્ષ પમાય." ૪

**પ્રશ્ન** : તો શું ફલાહાર જ કરનાર અથવા કેવળ દૂધ પીને રહેનારનો ઉપવાસ ગણાય નહીં ?

**ઉત્તર** : શ્રી વીતરાગ શાસનમાં જેનાથી ક્ષુધા નાશ પામે, નિર્વાહ થાય, તેને આહાર જ કહેવાય છે. પછી તે અનાજ હોય કે ફળો હોય, અથવા દૂધ હોય, દહીં હોય, છાશ હોય, ચા હોય, કૉફી હોય. આવી વસ્તુ પૂરતા પ્રમાણમાં મળી જાય તો ખુશીથી ક્ષુધાનું શમન થઈ શકે છે. આવા કે આ પૈકીના કોઈ પણ ખોરાકને શરીરમાં નાખવાથી સાતે ધાતુઓ પોષાય છે. વિષ્ટા–પેશાબ પણ હાજતે જવું પડે છે. શરીર કે મુખ પર ફીકાશ આવે નહીં, તો પછી ઉપવાસ કેમ કહી શકાય !

**પ્રશ્ન** : તો શું, બારે માસ કેવળ દૂધજ પીએ અથવા ફળોજ ખાય તેને તપસ્વી નજ કહેવાય ?

**ઉત્તર** : ઘણાં ખરાં બાળકો બે ત્રણ ચાર વર્ષનાં થાય ત્યાં સુધી માતાનું દૂધ અથવા સામાન્ય દૂધ જ પીએ છે અને જીવે છે. અનાજ લેતાં નથી. વાનર વગેરે પશુઓ કેવળ ફળાહાર જ કરે છે. અનાજ પામતા નથી. હરિણ, સસલાં જેવી કેટલીક પશુ જાતિ ઘાસ અને ફળ ખાઈને જીવે છે. તથા ગાયો, ભેંસો, ઊંટ, ઘોડા, બકરાં, ઘેટાં બાળક દશામાં પોતાની માતાનું દૂધ અને પછી ઘાસ ઉપર જીવે છે. વખતે કોઈક જાનવરોને અનાજ ખાવા મળતું હશે.

આ સીવાય પણ પાણીમાં રહેનારા અને જીવનારા બધા પ્રાણીઓ અનાજ ખાતા જ નથી. આકાશમાં ઊડનારા પક્ષિઓ તથા મોટાં મોટાં વનોમાં વસનારાં સિંહ વગેરે પ્રાણીઓ અનાજ ખાતા નથી. સર્પો, અજગરો અનાજ ખાતા નથી. આવા બધાઓને ઉપવાસી કેમ કહેવાય ?

નાલિયેર નામના દ્વીપમાં જન્મનારા માણસો અનાજ ખાતા નથી. અનાજને ઓળખતા જ નથી. કેટલાક રબારી. ભરવાડો, આહીરો બારે માસ બકરાં, ઘેટાં અને સાઢણીઓને ચરાવવા કેવળ વગડાઓમાં જ પડયા રહે છે. તેઓ બારે માસ બકરી, ઘેટી, ગાયો, ઊંટડીનું દૂધ પીને જ રહે છે. ક્યારેક ગામમાં આવે તો રોટલા વગેરે અનાજ ખાય છે. તેવાઓને પણ ઉપવાસી ગણી શકાયા નથી.

પહેલા જિનેશ્વરદેવ, ઋષભદેવ સ્વામી, ત્રીજા આરામાં જન્મ્યા હતા. અને ત્રીજા આરામાં મોક્ષ પધાર્યા છે. પ્રભુજીએ દીક્ષા લીધી ત્યાં સુધી ત્યાસી લાખ પૂર્વ સુધી ભરતક્ષેત્રનું અનાજ વાપર્યું નથી.

"ત્યાસી લાખ પૂરવ ઘરવાસે, વસીયા પરિકર યુક્તાજી."
"જન્મથકી પણ દેવતરુફલ, ક્ષીરોદધિ જલ ભોક્તાજી."

—કવિ, વીર વિ.

**અર્થ :** પ્રભુજી ત્યાસી લાખ પૂર્વ ઘરવાસમાં રહ્યા. તેમાં દેવોનાં લાવેલાં દેવકુરૂ–ઉત્તર–કુરૂનાં ફલ ખાધાં છે. અને ક્ષીરસમુદ્રનું પાણી પીધું છે. દીક્ષા લીધા પછી, પ્રથમવાર જ શ્રેયાંસકુમારનો વહોરાવેલો શેરડીરસ, ભરતક્ષેત્રની આહાર્ય વસ્તુ વાપરી જાણવી.

આ વાતોથી વાંચનાર સમજી શકે છે કે કેવળ ફળાહાર કે દુગ્ધાહાર ઉપર જિંદગી સુધી રહેવાની ટેવ પાડનાર જરૂર ચલાવી શકે છે. આજકાલના માણસો પણ કેવળ ચા, કોફી, છાશ ઉપર રહેવાના દાખલા મોજૂદ છે. એક હાલ વિદ્યમાન નર્મદાબહેનની સાચી ઘટના લખું છું:—

બળવાળા (ઝાલાવાડ)ના રહેવાસી, હમણાં માંગરોળ. (સૌરાષ્ટ્ર) વસતા, તલકચંદ હેમચંદની પુત્રી અને મલાયા દેશમાં રહેતા છગનલાલ દામજીની પત્ની, બહેન નર્મદા. વિ. સં. ૨૦૧૨ માં સને ૧૯૫૬ માં વિધવા થવાથી, અપ્રમાણ આઘાત લાગવાથી, કાયમ માટે અનાજ લેતાં નથી. પરંતુ બહુ અલ્પ ચા અગર કોફી, વખતે છાશ, એક–દિવસે બે ચીજ તો નહી જ.

આ ત્રણ વસ્તુ પૈકીની એક જ લે છે. તેમની પરીક્ષા કરવા ઘણા દેશી–પરદેશી ડોકટરો નિષ્ણાતોએ, આ બહેનને રૂબરૂ મલીને પરિક્ષા પણ કરી છે. બધા વર્ણનનો સાર એ જ કે, ફલાહાર કરનાર કે દૂધ પીનારના ઉપવાસ ગણાય જ નહીં. આ વાત ડાહ્યા માણસોને સમજાય તેવી છે.

**પ્રશ્ન :** તો પછી બીજા બીજા દર્શનકારો–ધર્મ પાળનારાઓના ફળાહારવાળો તપ ગણાય નહીં ?

**ઉત્તર :** જગતમાં તો એવી કહેવત છે કે, ગોળ નંખાય તેટલું ગળ્યું થાય; તેમ ધર્મમાં પણ જેટલી શુદ્ધતા હોય તેટલી ફળપ્રાપ્તિ થાય એ દીવા જેવી વાત છે. જેમ તડકો પડે તો જ જમીન અને જગતના બીજા પદાર્થોના રસ સુકાય છે, તેમ તાપ લાગે તો જ, આત્મામાં લાગેલા કર્મપરમાણુઓનો રસ સુકાય, અને આત્મપ્રદેશોથી ખરી જાય અને આત્મા નિર્મળ બને છે.

અજૈન કવિ પણ કહે છે—

"સીરાપુરી લાપસી, ઓર કાકડી આદિ, કહેનેકી તો એકાદશી, પણ દ્વાદશીકી દાદી."

**અર્થ** : રાજગરાનો સીરો બને. લાપસી બને, પુરી બને, રાજગરાને લોકો ધાન્યમાં ગણતા નથી. તથા બદામ–પીસ્તાં, ચારોળી, અખરોટ, કાજુ, દ્રાક્ષ પણ ફળાહારમાં વપરાય છે. વળી મોસંબી, નારંગી, સફરજન, સંતરાં, ચિકુ, કેળાં, કાકડી, ચિભડી, દાડમ, જામફળ, સીતાફળ, શ્રીફળ, પપૈયું, તડબૂજ, કેરી, શેરડી વગેરે મેવા અને ફળો અને બરફી વિગેરે પકવાનો પણ ફળાહાર સમજીને વૈષ્ણવભાઈઓ ઉપવાસમાં ખાય છે.

**પ્રશ્ન** : ફળાહારમાં આટલું બધું લોકો કેમ ખાઈ શકે ?

**ઉત્તર** : બધું કે બધી વસ્તુઓ એક દિવસે ખવાય નહીં. પરંતુ આ બધી વસ્તુઓ પૈકી એક બે ચાર, થોડી કે ઘણી ઇચ્છા અને તૃપ્તિ અનુસાર લેવાની છૂટ છે. ઉપરાંત અનેકવાર ચા–કોફી કે ધૂમ્રપાન માટે પણ મનાઈ નથી. આમ હોવા છતાં ઉપવાસ ગણાય છે. અમારી દલીલ એવી છે કે, ક્ષુધા શમાવવા માટે જે કાંઈ લેવાય, તે સર્વ આહારમાં જ ગણાવું જોઈએ. ત્યારે અજૈનોએ અન્નાહાર સિવાય કોઈ પણ ખોરાક, ભલે પછી દૂધ હોય, દહીં હોય, શકરિયાં, બટાટા શિંગોડા હોય, તેવા ખોરાકથી ઉપવાસ ભાંગતો નથી એમ માનેલું છે, અને હાલમાં તેવો પ્રચાર પણ છે.

**પ્રશ્ન** : તો પછી **જૈન** શાસનની માન્યતા અનુસાર તપ કોને કહેવાય છે ?

**ઉત્તર** : સામાન્ય વ્યાખ્યા જેનાથી ક્ષુધાનું શમન થાય, તે બધાને શ્રી વીતરાગ દેવોએ આહાર ગણાવ્યો છે. તેના પણ અશન–પાન–ખાદિમ–સ્વાદિમ ચાર પ્રકાર પાડેલા છે. અને ઉપવાસમાં ચારેનો કે ત્રણનો (પાણી છૂટું) ત્યાગ અવશ્ય કરવો જ પડે છે.

વળી તપ શબ્દનો અર્થ તપધાતુ ઉપરથી બનેલો હોવાથી, તાપયતિ ઇતિ તપઃ એટલે શરીરના સાતે ધાતુને તપાવીને આત્મામાં ચોંટેલાં ચિકણાં કર્મને પણ તપાવે તેને તપ કહેલ છે.

જુઓ—

"કર્મ તપાવે ચિક્કણાં, ભાવમંગલ તપ જાણ।
પચ્ચાસલબ્ધિ ઉપજે, જયજય તપ ગુણ ખાણ."

ઈતિ વિજય લક્ષ્મી સૂરિ.

તપને જ્ઞાની પુરુષે ભાવમંગલ યાને મહામંગલ કહેલ છે.

જેમ તાપ લાગવાથી જમીન ઉપરનો કાદવ સુકાઈ જાય છે, કાદવ સુકાવાથી દુર્ગંધ નાશ પામે છે, અપવિત્રતા ચાલી જાય છે, તેમ તપ કરવાથી ચીકણાં કર્મ સુકાઈને આત્મામાંથી ખરી જાય છે. જેમ કાદવથી ખરડાયેલું શરીર, કાદવ સુકાઈ જવાથી, ખરી જવાથી, સ્વચ્છ બને છે, તેમ સુકાઈને કર્મો ખરી જવાથી આત્મા પણ નિર્મળ બને છે, અને આત્મામાં નિર્મળતા પ્રગટ થવાથી વાસનાઓ, વિકારો, વિષયો ક્ષય પામવા શરૂ થાય છે. વિષયોનો ક્ષય શરૂ થાય તો ક્રોધાદિ કષાયો પણ ઓછા થવા શરૂ થાય છે.

**પ્રશ્ન** : શરીર કરતાં જીભની કિંમત વધારે કેમ ? અર્થાત્ સેવા કરતાં આજ્ઞા મોટી કેમ ?

**ઉત્તર** : જેટલા જગતના સારા અથવા ખરાબ વહેવારો ચાલી રહ્યા છે, તે બધા પ્રાયઃ જીહ્વાને આભારી છે. સંતપુરુષ કે દુર્જન મનુષ્યની ઓળખાણ પણ પ્રાયઃ વચનથી થાય છે. કહ્યું છે કે :

**" માણસનો તોલ એક બોલથી પિછાણીએ."**

ખૂબ જ ગુસ્સામાં આવી ગયેલા રાજામહારાજા પણ વચન–રચનાથી શિક્ષા કરવાની જગ્યાએ ઈનામ આપનારા થયા છે. અહીં એક બે ઉદાહરણ જણાવું છું.

એક વાર મહામંત્રીશ્વર આમ્રભટને મહારાજા કુમારપાલે બત્રીસ લાખ દ્રવ્ય ઈનામમાં આપ્યું હતું. તે સઘળું ધન એક જ અઠવાડિયામાં યાચકોને, ભાટ–ચારણોને, કીર્તિદાન કરી નાખ્યું. આ વાત શહેરમાં ખૂબ ફેલાઈ. સજ્જન માણસોએ તો, આમ્રભટની ઉદારતાનાં વખાણ જ કર્યાં. પરંતુ ઈર્ષાળુઓ અને કૃપણ માણસોને, આવી ઉદારતા કેમ પસંદ પડે ?

એટલે કોઈક દુર્જન માણસે, મહારાજા કુમારપાળ પાસે, આમ્રભટને ઉતારી પાડવા, પોતાના અભિપ્રાયો ઠાલવ્યા. " બાપુ ! ધન આપનું વપરાય છે, અને, આમ્રભટની કીર્તિ ગવાય છે." આવાં આવાં ઉશ્કેરણીના વર્ણનો સાંભળી, ભલા મહારાજા કુમારપાળને, આમ્રભટ ઉપર ઘણો જ ગુસ્સો આવ્યો.

સવારમાં આમ્રભટ મંત્રીશ્વર, પ્રણામ કરવા આવ્યા : રાજાએ પીઠ ફેરવી પ્રણામ ન લીધા.

**પ્રધાનનો પ્રશ્ન** ગરીબપરવર, સેવકનો શું અપરાધ ?

**રાજા** દાનમાં મારાથી તારી મોટાઈ કેમ ?

**પ્રધાન** : બાપુ, એ બરાબર છે, કારણ, આપ સાહેબ સાત ગામના માલિકના પુત્ર છો જ્યારે હું અઢાર દેશના રાજાધિરાજનો પુત્ર છું. હું આપું એ ખોટું કેમ ગણાય ?

**" ધનિક પુત્ર ધન વાવરે, નહીં ગરીબનાં બાળ, આશિષ આપે સંત નર દુર્જન આપે ગાળ. "**

આમ્રભટના આવાં મધુર વચનથી, મહારાજા કુમારપાળ ખૂબ જ ખુશી થયા. અને આમ્રભટને મોટું ઇનામ આપ્યું. આ જગ્યા વચનની રચનાથી બગડેલી બાજી સુધરી ગઈ હતી.

વળી એક બીજી, મહાસતી અનુપમાદેવીના પ્રસંગમાં બનેલી ઘટના.

એકવાર ધોળકાના રાજા વીરધવલને, કોઇ તેજોદ્વેષી મનુષ્યે, વાત કરી, મહારાજ ! ધન આપનું વપરાય છે, અને યશકીર્તિ વસ્તુપાલ–તેજપાલની ગવાય છે, ફેલાય છે, અને દાખલાઓ બતાવીને રાજાને ખૂબ ખૂબ ભંભેરણી કરી. રાજા વીરધવલને વસ્તુપાલ–તેજપાલની

બુદ્ધિ, રાજ્ય સલાવવાની કુશળતા, અવસરોચિત કામ લેવાની શક્તિ; અને ભારોભાર પ્રામાણિકતા માટે, ઘણો જ આદર હતો. રાજાએ પોતે અનેક પ્રસંગો દ્વારા બે ભાઈઓની માપણીનું મૂલ્યાંકન કરી લીધું હતું.

તોપણ દુર્જનતાની અજબ તાકાતે, રાજા વીરધવલને, સંશયવાળો બનાવ્યો, અને વળતા દિવસે, વસ્તુપાલ-તેજપાલની દાનશાળામાં એક બાવાનો વેશ પહેરી, ભિક્ષુના ટોળામાં જઈ, જમવા બેસી ગયો. આંહીં શું શું બની રહ્યું છે, તેનો અભ્યાસ કરવા લાગ્યો. આંહીં ગરીબો રાંકાઓ, સાધુ સંતો, કોઈપણ આવતા હતા. તેમને પંક્તિભેદ વિના ખાવાનું મળતું હતું.

તેટલામાં જૈનમુનિરાજ વહોરવા આવ્યા. શેઠાણી અનુપમાદેવી સ્વયં ઊઠીને, વહોરાવવા આવ્યાં. મુનિરાજે પાત્ર મૂકયું. તેમાં વહોરવતાં પાત્રનો બહારનો ભાગ સહજ ઘીથી ખરડાયો. તેને લૂછી લેવો જરૂરી હોવાથી, મહાભાગ્યવતી. શેઠાણી, અનુપમાદેવીએ, પોતાની પહેરેલી સાડીના એક-છેડાથી લૂછી લીધો.

આ બનાવ બાવાઓની પંક્તિમાં બેસી જમવાનો દેખાવ કરીરહેલા અને બાવાના સ્વાંગમાં બેઠેલા રાજા વીરધવલે જોયો અને પ્રશ્ન કર્યો.

બાવાનાવેશધારી રાજાનો---

**પ્રશ્ન** : શેઠાણી બહેન ! આપની પહેરેલી સાડી ઘણી જ મૂલ્યવાળી છે. ચિક્કણા પાત્રને લૂછવા માટે કોઈ ફાટેલા વસ્ત્રનો કકડો પણ ચાલી શકે. આવી સાડી કેમ બગાડી ? શ્રાવિકા અનુપમાદેવીનો---

**ઉત્તર** : હે મહાભાગ્યશાળી સંતપુરુષ ! મારો કોઈ કંદોઈ કે ઘાંચીના ઘેર અવતાર થયો હોત તો ? મારાં વસ્ત્રો કેટલાં મલીન હોત ? આ તો સંયમની આરાધના કરવા, માટે શરીરને માત્ર ભાડું જ આપનારા, ત્યાગના દરિયા, શ્રીવીતરાગના મુનિરાજનું પાત્ર છે. એમાં વપરાયેલું મારું વસ્ત્ર પણ, લાભ કરનારું થયું છે.

ખરી વાત એવી છે કે, અમે મહારાજા વીર ધવલના સેવકો છીએ. આજે કાંઈ મળ્યું છે. અને વપરાય છે, તે તેમની સુધાસમાણી પુણ્યકૃપાનું પરિણામ છે. અહીં અપાતા દાનનું પુણ્ય અને યશ તો મહારાજા વીરધવલના ફાળે જાય છે. આવા સન્માર્ગમાં અમારું શરીર અને વસ્ત્રો કે વાસણો વપરાય તેટલો અમને લાભ છે. મુખ, મગજ અને શરીર ઠેકાણે રાખી, રાજાએ શેઠાણીનાં વાકયો બરાબર સાંભળી લીધાં. અને મનમાંને મનમાં હર્ષઘેલો બની ગયેલો રાજા ઊઠી પોતાના સ્થાને ગયો અને મહાસતી અનુપાદેવીનાં વાકયોને, વારંવાર વિચારીને અંતર્ગત કહેવા લાગ્યો, ધન્ય છે, આવા બે ભાઈ મંત્રીશ્વરોને. જેના ઘેર આવી સાક્ષાત્ દેવીના અવતાર સમાણી, ગૃહીણીઓ વસે છે, અને આવી રીતે ધનનો સદ્વ્યય થાય છે. મનુષ્યજન્મ સફળ બનાવાઈ રહ્યો છે. આવા સદ્વ્યયમાં જેનું ધન વપરાય તે આત્મા મહાભાગ્યવાન કેમ નહિ.

**ઇતિ વાકય મધુરતા ઉપર મહાસતી અનુપમા શેઠાણીની કથા સંપૂર્ણ.**

**વળી એક વચન રચનાથી રક્ષણ મેળવનાર એક રોર (ગરીબ)ની કથા લખાય છે.**

એક મોટા નગરમાં, એક ગ્રિથરેહાલ ભિક્ષુક વસતો હતો. પ્રાણીને, બધા પાપોદયોમાં, અંતરાય પાપકર્મ પણ મહાભયંકર છે. જો કે જ્ઞાનાવર્ણીય[૫], દર્શનાવર્ણીય[૯], મોહનીય[૨૬] અને અંતરાય[૫] આ પીસ્તાલીશ ઘાતિકર્મની પ્રકૃતિઓ, એકએકથી અધિકાધિક દુઃખદાયક હોવા છતાં પણ અંતરાયનો ઉદય આત્માને મહાપરિતાપનું કારણ થાય છે.

**પ્રશ્ન** : આ અંતરાય કર્મ કેવી રીતે અને શું કરનારને બંધાય છે ?

**ઉત્તર** : શ્રીવીતરાગ શાસન જેણે જોયું નથી, સમજાયું નથી, આદર થયો નથી, જ્ઞાની ગુરુનો સમાગમ થયો નથી, સર્વગુણોની ખાણી શ્રીવીતરાગદેવની વાણી સાંભળી નથી તેવા સંસારી જીવને હિંસાદિ અઢારે પાપો થયા જ કરે છે. બધી ગતિઓ કેવળ પાપોથી જ તરબોળ ભરી છે. બધા જ સ્થાનો પ્રાયઃ પરાપાયથી જ ભરેલાં છે. એટલે અનેક જીવોને દુઃખ આપનાર આત્મા સુખ કેમ પામી શકે ?

પશુગતિમાં મોટા ભાગનાં પ્રાણીઓમાં બળવાન નિર્બળનો ઘાતક છે. બીજા જીવોને મારીને ખાઈ જવા તેમાં જ તેની પ્રવર્તી છે. મનુષ્યો પણ (યુગલિક ક્ષેત્રોના યુગલિયાઓ સિવાય) અનાર્યો હિંસા વિના રહી શકતા નથી. દેવો પણ પરમાધામીઓ જેવા પોતે હિંસા કરે છે. બીજાઓને કરવા પ્રેરણા કરે છે. રાક્ષસોને પણ માણસોનાં માંસ ખાવાં ગમે છે.

"નારક પશુ ને માનવી, હલકા દેવ બધાય।
હિંસામય વ્યાપારથી બધું પુણ્ય ખરચાય." ૧

"મનમાં હિંસા ચિંતવે મુખ હિંસા બોલાય।
કાયાથી હિંસા કરી, ચેતન બહુ ફુલાય." ૨

"સ્વયં કરે શ્રવણે સુણે, નજરે પણ દેખાય।
મરતા પ્રાણી તરફડે, પાપી દયા નવ થાય." ૩

અનંતકાળથી જીવડા, ભવમાં જે અથડાય।
દુઃખ અનંતાં ભોગવે હિંસાનો જ પસાય." ૪

"આમિષનો વિક્રય કરે, આમિષ પોતે ખાય।
માંસાહાર વખાણતા, હિંસક સર્વ ગણાય." ૫

"પ્રાણ હણી પર જીવના, ચેતન બહુ હરખાય।
લાખો જીવ વિનાશીને ઘોર નરકમાં જાય." ૬

બસ આ તો હિંસાની વાત લખી. તથાઅસત્ય બોલવાથી, બીજાનું ધન લેલેવાથી, પરનારી સેવવાથી, આરંભો, યુદ્ધો, કર્માદાનો સેવીને, ધન વધારવાથી, અંતરાય કર્મ બંધાય છે, અને નરક તથા પશુગતિમાં ભોગવવા છતાં, વધેલા અંશો મનુષ્ય ગતિમાં ભોગવવા પડે છે.

તેથી ખાવાપીવા મળે નહીં, પહેરવા વસ્ત્ર મળે નહીં, રહેવા સ્થાન મળે નહીં, આવાં દુઃખો જીવને પોતાને ગમતાં નથી. તોપણ જીવ પોતે મહાદુઃખનાં કારણ પાપને છોડવા તૈયાર નથી.

આ ભિખારીને પણ ખાવા, પહેરવા, રહેવાની મુશ્કેલી હોવા ઉપરાંત, ગામમાં તેની એવી જાહેરાત થઈ હતી કે, તેનું મુખ જોનારને, તે દિવસે મોટો અનર્થ થાય, પ્રાયઃ ખાવા પણ ન મળે. તેથી ગામના મોટા ભાગના માણસો, તેના શકુન લેતા નહીં, સાવધાન રહી તેનું મુખ પણ જોતા નહીં, અને વખતે તેનાં શકુન થઈ જાય, મુખ જોવાઈ જાય તો, જરૂર અનર્થ થાય. આવી ગામમાં ઘણી પ્રસિદ્ધિ ફેલાવાથી, આ ગરીબ માણસ પ્રત્યે નગરવાસી લોકોનો તિરસ્કાર, મર્યાદા વટાવી ગયો હતો. અને બધાઓ એના નાશના જ વિચારો કર્યા કરતા હતા.

**પ્રશ્ન** : આવી વહેમપૂર્ણ વાતો સાચી હોઈ શકે, કે કોઈના મુખ દેખવાથી, સામા મળવાથી, અપશકુન થાય છે, અને તે પ્રમાણે સારાં, ખોટાં પરિણામ આવે ?

**ઉત્તર** : શકુન વિચાર માટે પ્રકરણો છે. પુસ્તકો પણ છે. અનુભવી માણસોને અનુભવો મળ્યા છે. જૈન ગ્રન્થોમાં, અને અન્ય ગ્રન્થોમાં, ઘણા સ્થાનો ઉપર, શકુનોના સારા, ખોટાપણાના, અનુભવો ટંકાયા છે.

વાસુદેવો પ્રતિવાસુદેવોના યુદ્ધ પ્રયાણોમાં, શુકનના વર્ણનો લખાયાં છે. આચાર્ય ભગવંતોને ભવિષ્યમાં થનારા લાભને સૂચવનારાં શકુનોનાં વર્ણનો વાંચવા મળે છે. ચોર લોકો ચોરી કરવા જવા પેહેલાં શકુન જુએ છે. આવાં શકુંનાદિ કારણો, ભવિષ્યમાં થનારા શુભાશુભ બનાવોની પૂર્વભૂમિકા ગણાય છે.

માણસને ગયા જન્મના સૌભાગ્ય નામકર્મના ઉદયથી, ઠામઠામ આદર મળે છે. તે જ પ્રમાણે દુર્ભાગ્ય નામકર્મના ઉદયથી, અનાદર, અપમાન, તિરસ્કાર મળે છે. પ્રસ્તુત ભિખારીનો દુર્ભાગ્ય ઉદય આજકાલ સીમા વટાવી રહ્યો હોવાથી તેની ઉપર, આખા નગરનો દ્વેષ ઠલવાઈ રહ્યો હતો, અને તેથી જ એકવાર ઘણા આગેવાન નાગરિકોએ એકઠા મળીને, નૃપતિ પાસે ફરિયાદ પણ કરી.

મહારાજા ! આ ભિખલા નામનો ભિખારી આખા ગામને અનર્થનું કારણ બની ચૂકયો છે. જેને જેને આ નિર્ભાગ્ય મનુષ્ય, પ્રભાતના પ્રહરમાં, નજરે જોવાઈ ગયો હોય છે, તેને પ્રાયઃ આખો દિવસ નહિ કલ્પેલાં વિઘ્નો આવી હાજર થઈ જાય છે. આપને અમારા નિવેદનનો સાક્ષાત્કાર કરવો હોય તો, નગરના કોઈપણ નાગરિકને બોલાવીને, પૂછી શકો

છો. અને વધારે ખાતરી કરવા, આપ સાહેબને ઠીક લાગે તે, યોજના ઘડી શકો છો. અને જો નાગરિકોની વાત, ચકાસણી દ્વારા સાચી સમજાય તો, આ ભિખારીને દેહાંતની અથવા દેશનિકાલની શિક્ષા થવી જોઈએ.

રાજાને પ્રજાજનની વાત સાચી લાગી. કારણ કે પહેલાં પણ આ ફરિયાદ રાજા પાસે ઘણીવાર આવેલી હતી. તેથી અન્યને પૂછીને ખાતરી મેળવવા કરતાં, પોતે જ પરીક્ષા કરવી, અને પછી ઘટતો ન્યાય કરવા નિરધાર કર્યો. અને ભીખલાને પોતાની પાસે બોલાવ્યો. ઉત્તમ પ્રકારનાં ભોજન કરાવ્યાં અને સારાં વસ્ત્રો પહેરાવી, પોતાની જ પાસે, સુંદર શય્યા ઉપર સુવાડ્યો. ભિખારી પોતે, નાગરિકોની ફરિયાદનો અજાણ હોવાથી, અને રાજાના આવા સત્કારથી, સ્વર્ગના સુખ અનુભવવા લાગ્યો.

રાજવી સવારમાં વહેલા જાગ્યા. ભીખલાને જગાડયો. અને બરાબર નિહાળીને તેનું મુખ જોઇ લીધું. બિચારા ભિખારીએ પણ ગોઠણીયાં થઈને, રાજાને ખૂબ ખૂબ પ્રણામ કર્યા, અને રાજી રાજી થઈ નાચવા લાગ્યો.

આ બાજુ રાજાએ આગલી રાતે જ રસોઇયાઓને આજ્ઞા કરેલી કે, આવતી કાલે વહેલી પ્રભાતે, બધી ભોજન સામગ્રી તૈયાર કરવી, મારે વહેલી પ્રભાતે જમવા ઇચ્છા છે. મહારાજની આજ્ઞાથી, રસોઈ વહેલી પ્રભાતે, થઈ ગઈ હતી. પરંતુ ભવિતવ્યતાના યોગથી, ગુપ્તચરોએ આવી ખબર આપ્યા કે, આપણી સીમા ઉપરના ત્રણ રાજાઓ સાથે મળી, આપણો દેશ લૂંટવા સીમાડામાં પ્રવેશી આવ્યા છે.

આવી ભયંકર વાત સાંભળી, રાજાએ, તત્કાળ પર્યાણ ભેરી વગડાવી અને સૈન્ય તૈયાર થઈ ગયું. અને ત્વરાથી શત્રુઓનો સામનો કરવા, પોતાના રાજ્યની સરહદે પહોંચી ગયા. પ્રસ્તુત રાજાની આવી જોરદાર અને તાત્કાલિક વ્યવસ્થા જોઈ, શત્રુ રાજાઓ લડાઈ કર્યા વિના, પાછા ચાલ્યા ગયા, અને રાજ્ય તથા પ્રજાને ઉપદ્રવમુક્ત બનાવીને રાજવી પણ, ઘણી મોડી રાત્રે પોતાને ઘેર આવી ગયા.

આ બનાવથી ભીખલા નામના ભિખારીનું મુખ દેખવાથી, જમવાનું ન જ મળે, આવી નગરમાં ફેલાયેલી વાત, સાચી માનવાનો સાક્ષાદ્ અનુભવ થયો. અને રાજાને હવે ન્યાય આપવા વિચારો આવવા લાગ્યા.

તેથી બીજા દિવસે રાજાએ સભા ભરવાની આજ્ઞા ફરમાવી. જેથી રાજ્યના માનવંતા—અધિકારીઓ, સાથોસાથ નગરના પણ કેટલાક માનવંતા બુદ્ધિમાનોને પણ, નિમંત્રણ મળવાથી સમયસર સભા ભરાઈ ગઈ. આમંત્રણ વગરના પ્રેક્ષકો પણ ઘણા ભેગા થઈ જવાથી, સભામાં અને સભાની આજુબાજુના ભાગોમાં, માણસોનો મેળો ભરાયો જણાતો હતો.

સભા સ્થિર થયા પછી, મહારાજાની આજ્ઞાથી મુખ્ય પ્રધાને આજે સભા બોલાવવાના પ્રયોજન તરીકે, ભિખલા ભિક્ષુકના ગુનાનો ન્યાય સંભળવવાનો હતો. પ્રધાન જણાવે છે કે,

પ્રજાજનની ફરિયાદ સાંભળ્યા પછી, ન્યાયનિષ્ઠ અને મહાબુદ્ધિશાળી આપણા મહારાજાએ, પ્રજાજનની ફરિયાદનું પોતે જાતે પણ નિરીક્ષણ કરવું જોઈએ, એમ વિચારીને પ્રસ્તુત અપશકુનિયાળ ભિખારીને, પોતાના રાજમહેલમાં બોલાવ્યો, સ્નાન કરાવ્યું, સુંદર વસ્ત્રો પહેરાવ્યાં, અને સુસ્વાદુ ભોજન કરાવી, પોતાની પાસે, રાજ્યના માનવંતા મહેમાનોની માફક, સુંદર બિછાનાઓ વચ્ચે, અતિ કીમતી–શય્યા ઉપર, તેને સુવડાવ્યો, અને સવારના વહેલી પ્રભાતે, પરીક્ષાની ખાતર જ સૌ પ્રથમ તે કમભાગ્ય માનવીનું મુખ જોઈ લીધું.

મહારાજા વળતી ક્ષણે જ જમવા બેસવાના હતા, રસવતીઓ તૈયાર હતી, બાજોઠ અને થાળ મુકાઈ ગયો હતો. મહારાજા જમવા પધારે અને રસોઈ પીરસાય, એટલી જ ઢીલ હતી. તેટલામાં ક્ષણવાર પણ ન ચલાવી લેવાય તેવી, શત્રુ–રાજાઓની ચડાઈના સમાચાર મળ્યા. અને મહારાજાને જમ્યા વિના જ, શત્રુઓનો સામનો કરવા જવાની ફરજ પડી. આખો દિવસ અને લગભગ અર્ધી રાત્રિ ગયા પછી, ખૂબ પરિશ્રમિત થયેલા, મહારાજા મહેલમાં પધાર્યા. અને જમ્યા વિના સૂઈ ગયા.

આ બનાવથી પ્રજાવર્ગની ફરિયાદને સંપૂર્ણ ટેકો મળે છે. ભીખલો ભિખારી ખરેખર અપશકુનિયાળ નક્કી થાય છે. માટે તેવા માણસને દેશનિકાલ કરવાથી પણ, જ્યાં જશે ત્યાં, અપશકુન આપશે. તેથી ન્યાયમંડળ એમ ઠરાવે છે કે, આવા મનુષ્યને દેહાન્તની શિક્ષા કરવી જ વ્યાજબી છે, તેથી આવતી કાલે જ તેને ફાંસી અપાશે.

આ પ્રમાણેનું પ્રધાનજીનું વકતવ્ય પૂરું થયા પછી, ભીખલાને પૂછવામાં આવ્યું કે, બોલભાઈ, તારે કાંઈ કહેવું છે? તેણે કહ્યું જરૂર કહેવું છે. અને તે એ જ કે, જેમ મારું મુખ જોવાથી મહારાજાને એક દિવસ લાંઘણ ખમવી પડી, પરંતુ હું આશા રાખતો હતો કે મારી આખી જિંદગીમાં આ દેવપુરુષને મેં કયારે પણ જોયા નથી. અને પથારીમાંથી જાગ્રત થઈને, દેવપુરૂષનાં મેં પહેલ વહેલાં દર્શન કર્યાં. અને હું માનતો હતો કે આજથી મારી જિંદગીનો રંગ બદલાઈ જશે, જરૂર મને સારામાં સારું ગામ અથવા તો લાખો સુવર્ણમુદ્રા બક્ષિસ મળશે. યાતો કાયમી મોટું વર્ષાસન મળશે. દેવ જેવા રાજવીનું પહેલું દર્શન, મોટા અભ્યુદયનું કારણ થવાને બદલે, મને જો દેહાન્ત શિક્ષા થવાની હોય તો, માત્ર એક જ દિવસ અનાજ – ખોરાક નહીં પામવા દેનાર મારૂં દર્શન ભયંકર? કે જેના દર્શન પામી, મોટું સ્થાન પામવાની આશા રાખનારને, ગળામાં ફાંસીના દોરડાની બક્ષિસ અપાવી. આખી જિંદગી બરબાદ કરાવનાર, મહારાજાનું દર્શન ભયંકર ગણાય? મહારાજા મારો પણ જરૂર ન્યાય સમજાવશે?

રાજા ઘણો જ બુદ્ધિશાળી હતો, ન્યાયી પણ હતો, વિચારક હતો, ભીખલાના વાકયનો અર્થ વિચારી રાજાએ ન્યાય આપ્યો. મોટા માણસનું દર્શન પણ મોટા અભ્યુદયનું કારણ ગણાય છે, મારા દર્શનથી ભીખલો ધનવાન થવોજ જોઈએ. માટે તેને હું, આજે જ ઘણું દ્રવ્ય આપી ધનવાન બનાવું છું. હવે તેના દર્શનથી કોઈને અપશકુન થશે નહીં. અને ભીખલો ફાંસીની જગ્યાએ બક્ષિસ પામી સુખી થયો.

આવી જ બીજી પણ એક આ કાળની ઘટના જણાવાય છે.

વડોદરા નરેશ સયાજીરાવ ગાયકવાડના પાટવીપુત્ર કુમાર ફત્તેહસિંહરાવ કુમાર-અવસ્થામાં (રાજા થયા વિના) પરલોક ચાલ્યા ગયા. જાણવા મળ્યું છે કે, મહારાજા સયાજીરાવ ગાયકવાડે, કુમાર ફત્તેહસિંહરાવને, બાળકાળમાં એક સાચા મોતી અને હીરાથી ભરેલી તે કાળમાં પણ ઘણી જ કીમતી ટોપી કરાવી આપી હતી અને હંમેશ તે પહેરતા હતા.

કુમારે આ ટોપી કેટલોક વખત વાપર્યા પછી, ક્યારે પણ પહેરેલી કુમારના મસ્તક ઉપર નહીં દેખાવાથી, અને બીજા માણસો દ્વારા ટોપી ખોવાઈ ગયાના સમાચાર મળવાથી, મહારાજાએ ટોપી માટે કુમારને પૂછયું. ટોપી કેમ પહેરતો નથી ? કુમારનો ઉત્તર : બાપુ! આ ટોપી તો મેં મારા એક મિત્રને ઇનામ આપી દીધી છે.

મહારાજાનો આવેશપૂર્વક પ્રશ્ન : અરે મૂર્ખ ! આવી મહા કીમતી ટોપી ઇનામમાં અપાય ? કુમારનો ઉત્તર : રાજામહારાજાઓના બાળકો તો ઇનામ આપે એ કીમતી જ હોયને ?

**મહારાજાનો પ્રશ્ન :** ભાઈ હું રાજા છું મેં કયારે પણ આવી કીમતી વસ્તુ દાન કે ઈનામમાં આપી નથી. અને તું તો બાળક ગણાય, તારા હાથે આવું કીમતી ઇનામ ?

**કુમારનો ઉત્તર :** બાપુજી ! આપ એક ગરીબ ખેડૂતના પુત્ર હતા. ગરીબ પિતાના પુત્રમાં ઉદારતા આવે કયાંથી ? જ્યારે હું તો બાવન કિલ્લાના ધણી મહારાજા સયાજીરાવ ગાયકવાડ સરકારનો કુમાર છું. આપના માતાપિતામાં અને મારા માતા–પિતામાં એક કપર્દિકા અને ક્રોડ સોનામહોર જેટલું અંતર છે. કુમાર ફત્તેસિંહરાવ ગાયક-વાડનું, આવું કાલુંઘેલું પણ ઘણું જ અર્થપૂર્ણ વાકય સાંભળી, મહારાજા ખૂબ જ ખુશી ખુશી થઈ ગયા. અને હસી પડયા.

ઉપર મુજબ મહારાજા કુમારપાળ પ્રત્યે મંત્રીશ્વર આમ્રભટનાં, કાપડીના વેશમાં આવેલા રાજા વીરધવલ પ્રત્યે, મહાસતી અનુપમાદેવીનાં, પોતાના રાજવી પ્રત્યે, ભીખલા ભિખારીનાં, તથા પોતાના પિતાજી મહારાજા સયાજીરાવ ગાયકવાડ પ્રત્યે કુમાર ફત્તેસિંહરાવનાં, થોડાં પણ અર્થપૂર્ણ વચનો ઘણાં કિંમતી થયાં. ગુનાની માફી ઉપરાંત મોટી પ્રસન્નતાનું કારણ થયાં.

આ સંસારના બધા વહેવારો, બુદ્ધિમાન મનુષ્યોના ભેજાંઓમાંથી નીકળેલા, વચનોના આધારે શરૂ થયા છે. તેવી રીતે ધર્મના બધા શુદ્ધ માર્ગો, વીતરાગ પરમાત્મા તીર્થંકર દેવોના સર્વજ્ઞપણામાંથી શરૂ થયા છે. માટે જ તે મહાપુરુષોની શુદ્ધ આજ્ઞા જીવમાં સ્થિર થઈ જાય તો જરૂર સંસાર ટૂંકો થઈ જાય.

કોઈ પણ ગુણી કે ઉપકારીની સેવાનું મહાત્મ્ય અને ફળ ઘણું મોટું હોવા છતાં પણ, જ્ઞાની–ગુણી અને ઉપકારી મહાપુરુષની આજ્ઞાનો અમલ કરવો તે અતિ ઉચ્ચ માર્ગ છે. સેવાથી સ્વર્ગ મળે અને આજ્ઞાથી અપવર્ગ મળે, "સેવા આપે સ્વર્ગને. **જિનઆણા અપવર્ગ.**"

**પ્રશ્ન** : સંત પુરૂષોનાં અને અન્ય માણસોના વચનોમાં આટલો મોટો ભેદ શા માટે ?

**ઉત્તર** : રસનામાં અમૃત વસે, રસના વિષ કહેવાય।
મળે લાખ ઈનામમાં પ્રાણ નાશ પણ થાય.

સંત વચન અમૃતસમાં, દુર્જન વિષ સમાન।
અભયદાન સંતો વદે દુર્જન પાપ નિદાન.

**વચનભેદનું દૃષ્ટાન્ત**

૧૦. એકવાર જૂનાગઢનો રાજા રા'ખેંગાર શિકાર કરવા ગિરમાં ભટકતો હતો. દશ પંદર સસલાઓનાં મડદાં અશ્વના પુચ્છ સાથે બાંધેલાં ઘસડાતાં આવતાં હતાં. રાજાના સાથીદારો છુટા પડી ગયા હતા. એકલો થઈ ગયેલો રાજા, માર્ગથી વિખૂટો પડી ગયો હતો. ક્ષુધા અને તૃષાએ મર્યાદા વટાવી હતી. તેથી આંખોમાં અંધારાં આવતાં હતાં, દિવસ હોવા છતાં આંખો મીંચાઈ જતી હતી. કોઈ મનુષ્ય દેખાય તો માર્ગ પૂછું. મને માર્ગ ઉપર લૈ જાય. અને વહેલો સ્થાન ઉપર પહોંચું. એવા જ વિચારો ચાલુ હતા.

એટલામાં એક વૃદ્ધ ચારણ દેખાયો. ચારણને રાજાનો વેશ, રાજાની નિર્દયતા, અને રાજાની વર્તમાન વિહ્વળતા; બરાબર ધ્યાનમાં આવી ગઈ હતી.

**રાજા રા'ખેંગારનો ચારણને પ્રશ્ન** : ભાઈ, હું માર્ગ ભૂલ્યો છું. મુંઝાયો છું. સાચો માર્ગ બતાવી શકો છો ? **ચારણનો રાજા રા'ખેંગારને માર્ગ પ્રસ્તાવઃ**

"જીવવહંતાં નિરય ગઈ, અવહંતાં ગઈ સગ્ગ.
હું જાણું દોય વટ્ટડી જિણુ ફાવે તિણુ લગ્ગ ?"

**ભાવાર્થ** : હજુર ! જીવહિંસા કરવાથી, નરકગતિના માર્ગે જવાય છે. અને જીવોને બચાવનાર મનુષ્ય, સ્વર્ગના માર્ગ તરફ જાય છે. આ સિધાસટ બે માર્ગ છે. હે જગતના રખેવાળ ! તુને ઠીક લાગે એ માર્ગે ચાલવાનું શરૂ કર—

પશુ બિચારા રાંક, ભય પામી વનમાં વસ્યા।
પણ હિંસક માનવ જાત, શસ્ત્રો લઈ પાછળ ધસ્યા ॥ ૧ ॥
પીએ નદીનાં નીર, ભક્ષણ કરતા ઘાસનું।
તે પશુઓનો નાશ સૂચન નરકાવાસનું ॥ ૨ ॥
જીભ્હાને ધિક્કાર, પરના પ્રાણ હરાવતી ॥
બુદ્ધિને ધિક્કાર, હિંસક કામ કરાવતી ॥ ૩ ॥
શરીરને ધિક્કાર. પ્રાણીનાં અવયવ જમે।
ચક્ષુને ધિક્કાર માંસાહાર જોવો ગમે ॥ ૪ ॥

રાજા રા'ખેંગારને આજની ખેપ, ભૂખ ને તરસ પણ સુખ–દુઃખનું ભાન કરાવવા પર્યાપ્ત હતું. અને ગઢવીનાં, મીઠાં મધુરાં વાક્યોએ પણ ખૂબ અસર કરી. રાજાએ જિંદગી પર્યંત શિકાર નહિ કરવાની પ્રતિજ્ઞા લીધી. ગઢવીને મોટું ઇનામ પણ આપ્યું. ગઢવીએ માર્ગ બતાવ્યો. સાથીદારો પણ મળી ગયા; રાજા આપત્તિ અને પાપ બન્નેથી મુક્ત થયો.

આવા સંતપુરુષોનાં વાક્યોમાં પણ અભયદાન–હોય છે. ત્યારે શ્રી જિનેશ્વર–પરમાત્માઓ તો **अभयदयाणं** આખા જગતના પ્રાણીમાત્રને, અભયદાન આપનારા, માર્ગ બતાવનારા, ભલુંજ ઇચ્છનારા, વાંચનાર–સાંભળનારનો સર્વકાળ સુધરી જાય તેવું, જ્ઞાન પીરસનારા હોવાથી, વીતરાગની આજ્ઞા. સેવા કરતાં અનેકગુણો લાભ આપે તેમાં આશ્ચર્ય નથીજ.

**પ્રશ્ન** : જેમનામાં રાગદ્વેષ ન હોય, તેવા વીતરાગી પુરુષોની આજ્ઞા માનવાથી શું લાભ? કારણ કે તેઓ કોઈને આશીર્વાદ આપતા નથી.

**ઉત્તર** : " સંતવચન વસુધા સુધા. "

**અર્થ** : સાધુ પુરુષોનાં વચનો આ પૃથ્વીતલ ઉપરનું અમૃત છે. જેમ અમૃતપાન કરવાથી રોગોનો નાશ થાય છે, અને હવે પછી ક્યારે પણ રોગ થતા નથી, તેમ સંત પુરુષોનાં વચનામૃતો સાંભળનારના રોગ માત્ર નાશ પામે છે.

**"અમૃતલેશલહે એકવારરોગ નહીં ફરી અંગ મોઝાર."**

જ્યારે પરમાત્મા તીર્થંકર દેવોનાં પ્રત્યેક વચનો, જગતના પ્રાણીમાત્રને બચાવનારાં ઉન્માર્ગ છોડાવનારાં, અનર્થ કરતા અટકાવનારાં, ઉત્તરોત્તર સુખનાં સ્થાનોમાં લઈ જનારાં હોય છે.

જેમ મહારોગીને સિદ્ધહસ્ત વૈદ્યનાં વાક્યો સાંભળવા, વિચારવા અને આચરવાથી, રોગ મુક્ત બનાવે છે, તથા ભયંકર અટવીમાં માર્ગ ભૂલેલા માણસને, અનુભવી ભોમીઓ–માર્ગ બતાવનાર મળી જાય તો, સન્માર્ગની સહાયથી, નિર્ભય પોતાના સ્થાન પર પહોંચી જવાય છે. તથા હજારો સિંહ–વાઘ–દીપડા–ચિત્તા વગેરે ક્રૂર પ્રાણીગણથી ભરેલી અટવીમાં, કોઈ સસલા–હરણિયા જેવા પ્રાણીઓને પણ મહારથીનું રક્ષણ નિર્ભય બનાવે છે.

તે પ્રમાણે ભગવાન તીર્થંકર પરમાત્માઓ, સંસારના સર્વ રોગોથી પ્રાણીમાત્રને બચાવે છે. સંસાર અટવીમાં અનંતાકાળથી ભૂલા પડેલા; માટેજ ભટકી રહેલા તથા વારંવાર પશુ અને નરકના ભવોમાં, કડવા અનુભવો થવા છતાં માર્ગ નહીં પામેલાઓને શુદ્ધ માર્ગ બતાવે છે. અને અનંત સુખના ધામ મોક્ષનગરમાં પહોંચાડે છે. તેમજ આ સંસાર રૂપ અટવીમાં, હરિણ અને સસલા જેવા ચાર ગતિના જીવોને જન્મ–રોગ–શોક–વિયોગ–જરા–મરણ રૂપ શિકારી પ્રાણીઓના ભયથી બચવા માટે શ્રી અરિહંત પરમાત્માનું શરણ મહારથીના જેવું છે.

**પ્રશ્ન** : શ્રી વીતરાગદેવની આજ્ઞા પાળનાર અને સંકટમાં પણ નિર્ભય અથવા અડોલ=અચલ રહેનાર આત્માઓના ઉદાહરણ હોય તો બતાવો.

**ઉત્તર** : શ્રી વીતરાગ શાસન વિનય, વિવેક, ત્યાગ, સાત્ત્વિક ભાવ, વગેરે મહા ગુણોની ખાણ છે. આ શાસનમાં આરાધક રત્નો પણ ઘણા થયા છે. તેમાંથી થોડાં ઉદાહરણ લખીએ છીએ.

## ગુરુદેવની આજ્ઞા પાળનાર મહાપુરુષ અભયદેવસૂરિ મહારાજ

પ્રભુશ્રી મહાવીરદેવની શાસનધુરા પાંચમા ગણધર સુધર્મા સ્વામીને સોંપાઈ હતી. તેમની પરંપરામાં ૩૬ મા પટધર સર્વદેવસૂરિ મહારાજ થયા. તેમના ગુરુભાઈ વર્ધમાનસૂરિ મહારાજ થયા. તે મહાપુરુષને ધરણેન્દ્ર વંદન કરવા આવ્યા હતા. તેમણે વિ. સં. ૧૦૮૮માં આબુદેલવાડામાં વિમલશાહના જિનાલયમાં પ્રતિષ્ઠા કરાવી હતી.

વર્ધમાનસૂરિ મહારાજના શિષ્ય (કાશી નગરીના પંડિત અને વઢવાણ નગરમાં પ્રતિબોધ પામી દીક્ષિત થયેલા) જિનેશ્વરસૂરિ મહારાજ થયા. તેમના ઘણા શિષ્યોમાં અભયદેવ નામના એક યુવાન મુનિરાજ હતા, તેઓ ઘણા બુદ્ધિશાળી હતા. તેઓ દરરોજ એકહજાર ગાથા કંઠસ્થ કરી શકતા હતા.

તેઓ ધારાનગરીના મોટા લક્ષ્મીપતિ મહીધર નામના શેઠની ધનદેવી નામની પત્નીનીકુક્ષિરૂપ છીપમાં મોતી સમાન, અભયકુમાર નામના પુત્ર હતા. બાલ્યકાળમાં સ્વબુદ્ધિથી અને ઉત્તમ અધ્યાપકોના સહયોગથી, બધી કલાઓમાં પ્રવીણ થયા હતા. એકવાર ધારાનગરીમાં જિનેશ્વરસૂરિ મહારાજ પધાર્યા હતા.

તેમની નિરંતર દેશના સાંભળવાથી, અભયકુમારને વૈરાગ્ય થયો. અને માતાપિતાની અનુમતિ મેળવીને, મોટી શાસનપ્રભાવના પૂર્વક, જિનેશ્વરસૂરિ મહારાજ પાસે દીક્ષા લીધી. ઘણા જ બુદ્ધિશાળી હોવાથી અલ્પકાળમાં જ ગુરુમહારાજની કૃપાથી શાસ્ત્રોના પારગામી થયા.

તેમનો સ્વર અતિ મધુર હતો. વ્યાખ્યાન શકિત અજોડ હતી. શિષ્યોને ભણાવવામાં ખૂબ કુશળતા હતી. નવ રસોમાં કોઈ પણ રસનું વર્ણન કરે ત્યારે તે રસનું તાદાત્મ્ય ખડું થઈ જતું હતું.

**પ્રશ્ન** : નવ રસો કયા કયા કહેવાય છે?

**ઉત્તર** : શાસ્ત્રોનાં વર્ણનોમાં નવે રસોનું વર્ણન આવે છે. તેનાં નામો [૧] શ્રૃંગારરસ, [૨] વીરરસ, [૩] કારુણ્યરસ, [૪] આશ્ચર્યરસ, [૫] હાસ્યરસ, [૬] ભયાનકરસ, [૭] બિભત્સરસ, [૮] રૌદ્રરસ અને આ સર્વ રસો ઉપર પ્રભાવ પાડનાર [૯] રસાધિરાજ શાન્તરસ છે.

એક વાર અભયદેવ મુનિરાજ પ્રતિક્રમણ પછી (હજીક રાત્રિનો પ્રારંભ જ હતો) શિષ્ય વર્ગને અજિતશાન્તિસ્તવનના, અર્થ ભણાવતા હતા. ૨૭મી ગાથાથી અર્થ

ચાલતા હતા. પ્રસ્તુત ગાથાઓમાં દેવીઓનાં, અંગ પ્રત્યંગોનાં, અને વેશભૂષાનાં શ્રૃંગારરસ પૂર્ણ વર્ણનો વિસ્તારથી સમજાવતા હતા.

આ નગરમાં મુનિરાજોના ઉપાશ્રયની નજીકમાં રાજમહેલ હશે. મુનિરાજોને ભણાવાતાં કાવ્યોના શબ્દો રાજભુવનમાં, રાજકુમારીના મહેલમાં, સંભળાવા લાગ્યા. અભયદેવ મુનિરાજના કંઠની મધુરતા, શબ્દયોજનામાં લાલિત્ય, શ્રૃંગારરસવાળો વિષય, તેથી રાજબાળાના કર્ણોમાં આકર્ષણ થયું. અને બરાબર ધ્યાનપૂર્વક સાંભળવા લાગી.

આ ગાથાઓના વર્ણનનો વિસ્તાર એક–બે–ત્રણ દિવસ ચર્ચાયો અને ઉત્તરોત્તર રાજબાળાને રસ પડવા લાગ્યો. તેથી પોતાના મહેલમાંથી નીકળીને, સિધી જ ઉપાશ્રયમાં આવીને, સાંભળવા બેસી ગઈ. એટલું જ નહીં પરંતુ, મુનિરાજના સ્વર અને વિવેચનમાં એવી વેધકતા આવી ગઈ કે, રાજકુમારી અભયદેવ મુનિરાજ પાસેથી જવાની પણ ના પાડવા લાગી.

અને બોલી આ મુનિરાજ સાથે મારે લગ્ન કરવું છે. અને મારે મારું પોતાનું જીવન આવું જ રસમય બનાવવું છે. રાજબાળાના આવા વિચારો સાંભળી મુનિશ્રી અભયદેવજીએ તત્કાળ, શરીરના બાહ્ય અને અભ્યંતર અવયવોની દુર્ગન્ધતા અને અપવિત્રતાનું એવું વિસ્તૃત વર્ણન કર્યું કે, જાણે બિભત્સ રસનો સાક્ષાત્કાર ન હોય? કુમારી આ વર્ણન સાંભળીને ચાલી ગઈ.

પ્રસ્તુત રાજકુમારી, ઉપાશ્રયમાં રહી ત્યાં સુધી, સાધુ સમુદાય ખૂબ ગભરાટમાં હતો. ગયા પછી સાધુઓમાં–શાંતિ પથરાઈ પરંતુ ગુરુમહારાજને, આજના આ બનાવથી, ઘણું દુઃખ લાગ્યું. અને મુનિશ્રી અભયદેવજીને, પાસે બેસાડી ઘણા મીઠા વચનોથી ઠપકો આપ્યો. અને બુદ્ધિ ઘટાડવાનો પ્રયોગ શરૂ કરવા પણ જોરદાર ભલામણ કરી. આજનો બનાવ ઉપાશ્રય માટે એક ભયના વાદળાનો દેખાવ કરીને વિખરાઈ ગયો.

**પ્રશ્ન** : ન સમજાય તેવી વાત લાગે છે? રાજકુમારી, સમજવાની બુદ્ધિએ **જૈન** ઉપાશ્રયમાં આવી, અને અજિતશાન્તિસ્તવનની વ્યાખ્યા સાંભળવા બેઠી. અને તેણે તેના ચિત્તને રાગવાળું બનાવ્યું. તેથી સાધુ સમુદાયને, ગભરાવાની શી જરૂર? આપણે મજબૂત હોઈએ તો આપણને કોઈ ચોંટી શકતું નથી. અહીં તો ઉપાશ્રય જેવું ધર્મસ્થાન હતું. ગુરુદેવની હાજરી હતી. ઘણા સ્થવિર સાધુઓ પણ હતા. તો પછી ભયનો કે ગભરાટનો અવકાશ શા માટે?

**ઉત્તર** : **જૈન**શાસનમાં ત્રણ તત્ત્વોને સંસાર તારક માનવામાં આવ્યાં છે.

**પ્રશ્ન** : ત્રણ તારક તત્ત્વો કયાં કયાં?

**ઉત્તર** : રાગ–દ્વેષ–અને અજ્ઞાનતા આ ત્રણ ખરાબમાં પણ ખરાબ–દુષ્ટમાં પણ દુષ્ટ દોષો છે. અવગુણો છે. આ ત્રણ દોષો જેનામાં અલ્પ પણ ન હોય તેને દેવ માન્યા છે. તથા વળી પાંચ મહાવ્રતધારક સંપૂર્ણ હિંસાત્યાગ, સંપૂર્ણ અસત્યત્યાગ, સંપૂર્ણ ચોરીત્યાગ,

સંપૂર્ણ મૈથુનત્યાગ, સંપૂર્ણમાયા મમતાત્યાગ. આવાં પાંચ મહાવ્રતો ધરાવનારને ગુરુ તરીકે સ્વીકારવામાં આવ્યા છે. તથા કેવલી ભગવંતોએ, તારવણી કરીને બતાવેલાં, અઢાર પ્રકારનાં પાપોને, બરાબર સમજવાં, અને સમજીને જેમ જેમ તે પાપોને, ત્યાગવામાં આગળ વધાય, અને ક્રમે કરીને, કાલાન્તરે પણ આત્માને, આ અઢાર પાપોથી તદ્દન મુક્ત બનાવવાના આત્માના વ્યાપારો તે જ ધર્મતત્ત્વ સમજવો.

**પ્રશ્ન** : અમારો પ્રશ્ન એ છેકે રાજકુમારી જૈન ઉપાશ્રયમાં આવી તેથી ગભરામણ શા માટે ?

**ઉત્તર** : ઉપર જે લખાણ લખ્યું છે. તે તમારા પ્રશ્નના જવાબ માટે જ છે. જૈન શાસનના મહર્ષિ પુરુષો ફરમાવી ગયા છે કે, આ સંસારમાં જીવને દુર્ગતિમાં પાડનાર બે વસ્તુ છે. એક કંચન અને બીજી નારી. આ બે વસ્તુઓ માટે જ ઉપરના અઢારે પાપો થાય છે. પશુઓ પણ પાડે-પાડા, આખલે-આખલા, ઘેટા-ઘેટા, બકરા-બકરા, હાથી-હાથી, સિંહ-સિંહ, વાનર-વાનર, શ્વાન-શ્વાન, રાસભ-રાસભ બધી જાતો ફક્ત નારી માટે લડે છે. લોહીલુહાણ બને છે, મરીને વૈર બાંધીને નરકમાં જઈને વળી પાછા લડે છે.

દેવો પણ દેવાંગનાઓને ચોરી ઉપાડી નાસી જાય છે. વિદ્યાધરો, ચક્રવર્તીઓ, વાસુદેવો-પ્રતિવાસુદેવો, સામાન્ય રાજાઓ, ધનવાનો, બળવાનો, વિદ્વાનો, નારી માટે લડ્યા-ઝગડ્યા છે. લોહીની નદીઓ વહાવી છે. સ્વપરનું સત્યાનાશ વાળીને હજારો લાખો કે ક્રોડો, સમરાંગણમાં સૂઈ ગયા છે. આવા બનાવો લખવામાં પાનાઓ જ નહીં, પુસ્તકો ભરાય તો પણ પાર ન આવે તેટલા બન્યા છે, અને બની રહ્યા છે.

**પ્રશ્ન** : કંચન અને નારી બેમાં મોટું કોણ ?

**ઉત્તર** : બેમાં પણ ખાસ આગેવાની નારીની જ છે. એક નારી માટે લોકો, લાખો પણ ખર્ચી નાખે છે. નારી માટે મોટી લડાઈઓ થઈ છે. રાવણ નારી-સીતાના કારણે પાયમાલ થયો, મરણ પામ્યો. રાજ્ય ખોયું. અપયશના પોટલા બંધાયા મહાભયંકર કર્મો બંધાયાં, અને તે જ કારણે નરકગતિમાં ગયા. પશુગતિમાં ધન છેજ નહીં ફક્ત નારી માટે જ ઝગડા-કજીયા થાય છે.

માટે જ શ્રી જિનેશ્વરદેવોએ, સાધુઓને, સ્ત્રીઓનો-સ્ત્રી જાતિમાત્રનો સમાગમ કરવો તે પણ પતનનું કારણ ગણાવ્યું છે. કહ્યું છે કે—

**विभूसा इत्थीसंसग्गो, पणीयं रसभोयणं । नरस्सत्तगवेसिस्स, विसं तालउडं जहा ॥ १ ॥**

ઇતિ દશવૈકાલિક સૂત્ર અધ્યયન-૮ ગા. ૫૭

**અર્થ** : ૧. શરીરની ટાપટીપ રાખવી, ઊજળાં વસ્ત્રો પહેરવાં, ૨. સ્ત્રીઓનો સમાગમ વારંવાર મિલન, ૩. સ્વાદિષ્ટ-પૌષ્ટિક આહારનું ભોજન. આ ત્રણ વસ્તુ આત્માનું ગવેષણ કરનાર, અર્થાત્ વીતરાગના મુનિરાજોને, તાલપુટ વિષના જેવાં મહા ભયંકર બતાવ્યાં છે.

**પ્રશ્ન** : તાલપુટ વિષથી શું નુકસાન થાય છે ?

**ઉત્તર** : તાળવાને અથવા જીભને અડકે કે તરત મરણ થાય છે.

**પ્રશ્ન** : શરીરની ટાપટીપ ને વિષની સરખામણી શા માટે ?

**ઉત્તર** : શરીરની ટાપટીપ, વસ્ત્રોનો શણગાર પણ સ્વ–પરને વિકારો ઉત્પન્ન કરાવે છે. ત્યાગી પુરુષો શરીરને શણગારતા નથી. "**नाकामी मण्डनप्रियः**" પ્રાયઃ અવિકારી આત્માઓને શરીરની વિભૂષા ગમે જ નહીં. અને શરીરને શોભાવનાર પોતે પડે નહીં તો તેને પાડનાર જરૂર મળી જાય છે.

માટે જ પોતાનું શીલવ્રત ટકાવવા જૈન સાધ્વીઓ માથાનો ચોટલો–વેણી રાખે જ નહીં. માથાના કેશનો લોચ કરે છે, વાળોને હાથ વડે ઉખાડી નાખે છે. તથા કેટલીક બ્રાહ્મણ જાતિઓમાં વિધવા સ્ત્રીઓ બારે માસ હજામત કરાવે છે. અહીં પણ શિલ રક્ષણની જ મુખ્યતા જાણવી. બાવાઓ બારે માસ નાગા રહે છે. શરીરે ભસ્મ લગાવે છે. અહીં પણ શિલ રક્ષણની આગેવાની સમજવી.

**પ્રશ્ન** : પૌષ્ટિક લચપચતા, છવિ ગઈથી બનેલા ખોરાકોને જૈન સાધુ માટે તાલપુટ વિષની ઉપમા કેમ ?

**ઉત્તર** : ખોરાકો જ વિકારનું કારણ છે. ઘી, દૂધ, દહીંને જૈન શબ્દોમાં **વિગઈ** શબ્દ લગાડવામાં આવ્યો છે.

**પ્રશ્ન** : વિગઈ શબ્દનો અર્થ શું ?

**ઉત્તર** : **विगइं विगइभियो, विगइगयं जोअभुंजए साहु । विगइ विगइसहावा, विगइ विगइं बलानेइ** ॥ ૧ ॥ ઇતિ ચૈત્યવંદન ભાષ્ય ગા. ૪૦

**અર્થ** : વિકારના અગર દુર્ગતિના ભયવાળો આત્મા પણ, દૂધ, દહીં, ઘી વગેરે છ વિગઈઓને, અથવા તો ઘી, દૂધ, દહીં આદિના યોગથી બનેલા પકવાનોને, જો ખાય છે, ભોગવે છે, વાપરે છે, તે તે આત્માઓને વિકારી બનાવે છે. અને દુર્ગતિમાં લઈ જાય છે. અર્થાત્ વિગઈનો ભોગવનાર આત્મા વિકારી થાય છે. અને દુર્ગતિમાં જાય છે. તથા વળી કહ્યું છે કે—

**दुद्ध-दहि विगईओ, आहारेइ अभिक्खणं । अरए अ तवोकम्मे, पावसमणुत्ति वुच्चई** ॥ १ ॥

**અર્થ** : દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ (સાકર–ખાંડ) અને મિષ્ટાન્ન આ છ વગઈઓને હમ્મેશ વાપરતા હોય, પરંતુ તપશ્ચર્યા ન કરતા હોય તો તેવાઓને **પાપશ્રમણ** કહ્યા છે. (ઉત્તરાધ્યયન)

**પ્રશ્ન** : ભૂતકાળના મુનિરાજો પણ મિષ્ટાન્ન–પરમાન્ન વહોરતા હતા, એવાં શાસ્ત્રોમાં વર્ણનો જોવામાં આવે છે.

**ઉત્તર** : શાસ્ત્રોમાં વર્ણન કરાયેલા **જૈન** મુનિરાજો, કારણ વિના આહાર વાપરતા નહીં. અને પ્રાયઃ છઠ–અઠમ વગેરે મોટા તપ બારેમાસ ચાલતા જ હોય. તપસા કરનારાઓને પારણે, ઉત્તર પારણે, શરીરને ટકાવી રાખવા, વિગઈ લેવી પડે તોપણ દોષ નથી. મોટી મોટી તપસ્યાઓ કરનાર નિરસ ખોરાક વાપરે તો શરીર ટકી શકે નહીં. માટે સંયમના રક્ષણ માટે વિગઈઓ વહોરતા હતા.

**પ્રશ્ન** : સ્ત્રી જાતિનો સમાગમ જૈન સાધુઓને તાલપુટ વિષ જેવો હોય તો, વહોરવા પણ ન જઈ શકાય. અને વહોરવા ન જવાય તો, આહાર વિના શરીર ટકી શકે જ નહિ શરીરનો નાશ થઈ જાય તો સંજમ શી રીતે પાળી શકે ?

**ઉત્તર** : શરીરને ટકાવવા આહાર વાપરવાની જ્ઞાની પુરુષોએ મનાઈ કરી જ નથી. અને આહાર વહોરવા માટે યોગ્ય સાધુઓને જ મોકલવા સૂચવ્યું છે. પોતાને કે પરને નુકસાન ન થાય, તેવી રીતે ગોચરી લઈને પાછા ફરનારને પતનનો ભય લાગતો નથી તથા સદાકાળ જાગતા વૈરાગી આત્માઓને પતનનો ભય હોય નહીં.

તોપણ જેમ ચોરની પલ્લિમાં વસનારને રત્નો લૂંટાતાં વાર લાગતી નથી, તેમ શીલવ્રતના ખપી મુનિરાજોને સ્ત્રીઓનાં ચિત્ર જોવાથી પણ નુકસાન થાય છે. તો પછી વારંવાર સમાગમનું શું કહેવું ? કહ્યું છે કે,

**दर्शने हरते चित्तं, स्पर्शने हरते बलं ।**
**संगमे रहते वीर्यं, नारी प्रत्यक्ष राक्षसी ॥ १ ॥**

**અર્થ :** રૂપવતી નારીને દેખવા માત્રથી ચિત્તમાં રાગ ઉત્પન્ન થાય છે. સ્પર્શ થતાં જ બળ નાશ પામે છે. અને સંયોગ થવાથી વીર્ય હરાય છે. માટે જ મહાપુરુષોએ નારીના આકારની રાક્ષસી સાથે સરખામણી કરી છે. મહાકવિ જીવવિજય મ. ફરમાવે છે કે,

" રૂપને દેખીહો રાગ વધે સહી, વિષય વધે મન કાય ચતુરનર ?
મનને પાપે હો મચ્છ તંદુલિયો, જુઓ ? મરી સાતમીએ જાય, ચતુરનર ?

"નારી નાગણ ઝેરનું, માપ નહીં જગ ક્યાંય ।
કરડયા વિણ પણ પામરો, ગયા નરકની માંય." ૧

"નાગણ કરડે કોઈને, મરણ લહે એક વાર. ।
નારી નાગણ ઝેરથી મરણ હજારો વાર" ૨

"નાગણ ઝેર બિળામણું, દેખી ચેત્યા સર્વ ।
નારી નાગણ ઝેરને, ચૂસે આણી ગર્વ." ૩

"સુનંદા રૂપ નિહાળીને, પ્રકટયો ચિત્તમાં માર,
રૂપસેન ભવ પાંચમાં, પામ્યો પશુ અવતાર." ૪
"સર્પ–હંસ ને કાગડો, હરિણ ને હસ્તી થાય,
સુનંદા રૂપ નિહાળીને, પાંચ ભવો સર્જાય." ૫

**અર્થ :** ફકત સુનંદા રાજપુત્રીનું રૂપ જ જોયું. પરસ્પર રાગ થયો, મળવાનો સંકેત થયો. રૂપસેન મળી શકયો નહીં. પરંતુ વચમાં જ મરણ પામ્યો. બીજી બાજુ અજાણ્યો ગુંડો, જુગારી, સંકેત સ્થાને આવીને, અંધકારમાં ઓળખાણ વગર કુમારીના શિલને અને આભૂષણોને લૂંટીને ચાલ્યો ગયો. તેજ ક્ષણે મરણ પામેલો રૂપસેન સુનંદા કુમારીના ગર્ભમાં ઉત્પન્ન થયો. સુનંદાએ ગર્ભપાત કરાવ્યો અને કોઈ રાજાને પરણી. રૂપસેન–ગર્ભ, સર્પ, કાક, હંસ, હરિણ અને હાથી થયો. બધાં અકાળ મરણો થયાં. રૂપસેન વણિકપુત્ર હતો. સુનંદા રાજકુમારી હતી. ફકત ઝરૂખામાં ચક્ષુ મેળાપ થયો હતો. માત્ર સ્ત્રીનું કયું રુપ જોવામાં, તન્મય થવામાં, રુપસેન આટલું દુઃખ પામ્યો.

હવે અભયદેવ મુનિરાજે એકવાર વ્યાખ્યાનસભામાં વીરરસનું વર્ણન આવ્યું. વ્યાખ્યાન કરવાની અજબ શકિતથી સભા પણ શૌર્યરસમાં તરબોળ બનીને લડવા તૈયાર થઈ ગઈ. આ વાત તરફ ગુરુમહારાજનું ધ્યાન ગયું. ગુરુમહારાજે પધારીને, શાંત રસમય વ્યાખ્યાન સંભળાવીને સભાને શાંત બનાવી. પરંતુ ગુરુ મહારાજને દુઃખ થયું. અને છેવટે ખાનગીમાં અભયદેવ મુનિરાજને પાસે બેસાડીને આવક–જાવક નફા–તોટાનો વિચાર સમજાવીને, થોડી બુદ્ધિ ઘટાડવાનો આગ્રહ કર્યો. અને મુનિરાજે ગુરુવચનનો સ્વીકાર કરી લીધો.

**પ્રશ્ન** : સમગ્ર માનવજાતને કીમતીમાં કીમતી ધન બુદ્ધિ ગણાય છે. બુદ્ધિને કોઈ ચોરી કરી શકે નહિ. લૂંટાય નહિ. રાજાનો કર લાગે નહિ. ભાઈઓ ભાગ માગે નહિ. અગ્નિથી બળે નહિ. લાખો ખરચતાં મળે નહિ. વળી કોઈની લાવી આવતી નથી. કોઈની નાશ કરવાથી જતી નથી. બુદ્ધિ ઘણી હોવાના ફાયદા તો હજારો દેખાયા છે અને દેખાય છે. પરંતુ બુદ્ધિને ઘટાડવાની વાત તો આજે નવી જ લાગે છે, તેનું કેમ ?

**ઉત્તર** : જગતના ફાયદા–નુકસાનો, શરીરના સુખદુઃખની આવક–જાવક સાથે જોડાયા છે અને કેવળ શરીરને જ ઓળખનારા આપણા જેવા પુદ્‌ગલાનંદી જીવોને, શરીરનું આરોગ્ય, લક્ષ્મી, બુદ્ધિ, પત્ની અને પરિવાર, આ પાંચ વસ્તુ મનપસંદ મળ્યાં હોય તો પોતાને સ્વર્ગ જેવો સંસાર માને છે. પરંતુ આ પાંચ વસ્તુમાં ભાન ભૂલેલા જીવો, મરવાના છેલ્લા ક્ષણ સુધી પણ, આવતા જન્મની કે સંસાર પરિભ્રમણની અને ચાર ગતિના દુઃખની વિચારણા કરતા જ નથી.

**પ્રશ્ન** : સંસારની અસારતા સમજવા માટે, હેય–જ્ઞેય–ઉપાદેય સમજવા માટે પણ, બુદ્ધિ વધારે હોય તે સારું ? કે ઓછી હોય તે સારું ? આપણા પોતાના શાસ્ત્રોમાં અને ઇતિહાસમાં પણ બુદ્ધિના દરિયા ગણધર મહારાજો વગેરેનાં વખાણો જ થયાં છે. બુદ્ધિ

ઘણી સારી હોય તો શાસ્ત્રોના પાઠો વગેરે યાદ થાય. ભુલાય નહિ. કઠીણ વિષયો પણ સહેલાઈથી સમજાઈ જાય તો પછી બુદ્ધિ ઘટાડવાનું કારણ શું?

**ઉત્તર** : આ જગતમાં લક્ષ્મી-શક્તિ અને બુદ્ધિ ત્રણ વસ્તુઓ પુણ્યશાળી જીવો પામે છે. આ વાત તદ્દન સાચી અને અનુભવ સિદ્ધ છે, પરંતુ તેના ઉપયોગના માર્ગ બે જુદા જુદા હોય છે. મોટા ભાગના માણસો આ લક્ષ્મી-શક્તિ અને બુદ્ધિનો ઉપયોગ કેવળ શરીરના પોષણ માટે કરે છે. કેવળ પોતાનો સ્વાર્થ પોષવામાં ખર્ચે છે અને તેથી મહાપુણ્ય લભ્ય એવી આ ત્રણ ચીજો વડે, પોતાનું અને બીજાઓનું ભલું થવાની જગ્યાએ સત્યાનાશ જ વળી જાય છે.

**પ્રશ્ન** : કેવી રીતે ?

**ઉત્તર** : જગત આખું આ ત્રણ ચીજો ને રાજ્ય વધારવા માટે, લક્ષ્મી વધારવા માટે, ખૂબ સુરત સ્ત્રીઓ મેળવવા માટે, અખાદ્ય ખોરાકને ખાવા માટે, મદિરા જેવી અપેય દુષ્ટ વસ્તુઓનું પાન કરવા માટે, વેશ્યાઓ અને પારકી રમણીઓને સ્વાધીન બનાવવા માટે વપરાય છે. બુદ્ધિ-લક્ષ્મી અને શક્તિઓ જ લડાઈઓ પણ કરાવે છે, દુશ્મનાવટો કરાવે છે. હજારો હરીફો ઊભા કરાવે છે. આમ થવાથી હજારો, લાખો, કરોડોના કચ્ચરઘાણ વળી ગયાના દાખલા નજરો સામે દેખાય છે. શાસ્ત્રોમાં અને ઇતિહાસમાં લખાયા છે.

**પ્રશ્ન** : બીજો માર્ગ કયો ?

**ઉત્તર** : બુદ્ધિ-લક્ષ્મી અને શક્તિ-આ ત્રણે ચીજો પ્રાણીમાત્રના ભલામાં જ વપરાય છે. બુદ્ધિથી પાપના વિચારો આવે જ નહીં પરંતુ મૈત્રી, પ્રમોદ, માધ્યસ્થ અને કારુણ્ય ભાવનાઓ જ વિચારે છે. ખરાબ વિચારે નહિ-બોલે નહિ આચરે નહિ. લક્ષ્મી-અભયદાન-સુપાત્રદાન-અનુકંપાનદાન-ઉચિતદાન, કીર્તિ (**જૈન**શાસનની કીર્તિ)-દાનમાં જ વપરાય છે. શક્તિ વડે તપસ્યા થાય, વેયાવચ્ચ થાય-સેવા થાય-બીજાને મદદ અપાય.

વાચક વર્ગ સમજી શકે છે કે, આ ત્રણ વસ્તુ બુદ્ધિ, લક્ષ્મી અને શક્તિ. માત્ર ચાલુ ભવને ધ્યાનમાં રાખીને, વર્તમાન ભવ સારો બનાવવા માટે જ, આ જગતના પ્રાણી માત્રનો વપરાશ છે. અને તેથી પોતાનું અને આશ્રિતોનું અહિત જ થયું છે અને થાય છે. આ ત્રણ ચીજો પુદ્ગલને પોષવા, પરિવારને વધારવા, યશકીર્તિ-આબરુનો ફેલાવો કરવાથી જ ફલવતી બનાવાઈ છે.

જ્યારે વીતરાગ શાસન પામેલા શાસનરસિક આત્માઓએ આ ત્રણ વસ્તુઓ દ્વારા કોઇનું ભલું થાય તેટલું ચોક્કસ કરવા સાથે, નાના કે મોટા, સૂક્ષ્મ કે સ્થૂલ, કોઇ જીવનું ખરાબ ન થઈ જાય તેની સાવધાનતા ગમાવી નથી. લક્ષ્મી, ઉપરોક્ત પાંચે દાનમાં વાપરી છે. બુદ્ધિ વડે હિંસાઓ અને અનાચારોને, ઘટાડવા ઉદ્યમો કર્યા છે. તથા શક્તિ વડે અશક્ત નિરાધાર-દીન-દુઃખી-લૂલા-લંગડા-પાંગળા હતાશ થયેલાને સહાયો આપી બચાવી લેવાયા છે.

**પ્રશ્ન** : જૈન મુનિની બુદ્ધિ વધારે હોય તે તો શાસનના ઉદ્યોતમાં જ વપરાય ને?

**ઉત્તર** : આત્મામાં પાત્રતાને અનુસાર બુદ્ધિ ફલવતી થાય છે. યોગ્યતા ઓછી હોય અને બુદ્ધિ ઘણી હોય તો લાભની જગ્યા નુકસાન થાય છે. સ્થુલભદ્રસ્વામી જેવા મહાપુરુષને દશ પૂર્વનો અભ્યાસ હોવા છતાં પણ, સિંહનું રૂપ બનાવ્યું. આટલા માત્રથી હવે પછી આગળ શ્રુતજ્ઞાનનો પાઠ આપવા અપાત્રતા જણાવાથી ચૌદપૂર્વધર ભદ્રબાહુ સ્વામીએ આગળ અભ્યાસ કરાવ્યો નહીં. બુદ્ધિ પણ જીરવાય તો જ ફલવતી બને છે.

**પ્રશ્ન** : વિદ્યા આપવામાં પાત્ર, અપાત્ર કે યોગ્ય અયોગ્યનો વિચાર કરવા જરૂર ખરી?

**ઉત્તર** : ચોક્કસ વિચાર કરવાનો જુઓ **विद्यया सह मर्तव्यं, नतुदेया कुशिष्यके ।**

**અર્થ** : વિદ્યાસહિત મરવું પરંતુ અયોગ્ય શિષ્યને વિદ્યા આપવી નહીં અને આ જ કારણે દ્રોણાચાર્યે (અર્જુન વગેરે પાંડવોના ગુરુ) એકલવ્ય ભિલને વિદ્યા આપી નહીં.

પૂર્વના જૈનાચાર્યોએ પણ અયોગ્ય શિષ્યોને પૂર્વજ્ઞાન વગેરે આપ્યું નથી. આ જ કારણે અભયદેવ મુનિરાજને, ગુરુદેવ સાહેબે, પ્રેમપૂર્વક અને પારલૌકિક વાત્સલ્યભાવથી, બુદ્ધિ ઘટાડવા ભલામણ કરી હતી. અને હવે પછી જુવારધાનનો છાશમાં પકાવેલો આહાર વાપરવા સૂચના આપી.

**પ્રશ્ન** : ખોરાક લેવાથી બુદ્ધિ ઘટે છે. એવા ખોરાકોનાં નામ હોય તો બતાવો.

**ઉત્તર** : **तडबूजं कलिंगंच, भोज्यं शीतं च वातुलं ।**
**कपित्थबदरीजंबू-फलानिधीषणाम् ॥**

**અર્થ** : તડબૂજ (કાલીંગની એક જાતિ) કાલિંગડાં જેનું કેટલાક દેશોમાં શાક થાય છે. બધા પ્રકારનાં ઠંડા અને વાયડાં ભોજન-મગ સિવાયનાં કઠોળ-કોઠાં-બોરની બધિ જાતો તથા જાંબુ અને આવાં બીજાં પણ કુમતિયા વગેરે વાયુવર્ધક તુચ્છ ફળો કે ધાન્યો બુદ્ધિને મંદ બનાવે છે.

દહીં અને છાશના કાયમી ખોરાકથી બુદ્ધિ મંદ થાય છે. અનુભવાય છે, કે આવા પ્રકારના આહારો-ખોરાકો વાપરનારા મનુષ્યોમાં ઘણું કરીને બુદ્ધિની મંદતા-અલ્પતા જણાય છે. પ્રાયઃ આવા મનુષ્યો મજૂરી કરનારા હોય છે.

**પ્રશ્ન** : જેમ ખોરાકથી બુદ્ધિનો નાશ થાય છે તેમ બુદ્ધિને વધારનારા ખોરાકો પણ હોય છે?

**ઉત્તર** : હોય છે. દુધ-દુધના પદાર્થો. ઘી અને ઘીના પક્વાનો. બ્રાહ્મી, બદામ, પીસ્તાં અને આવા બીજા પણ સાત્વિક ખોરાકો. સાકર વિગેરેથી બુદ્ધિ વધે છે, સ્થિર બને છે, વિકાસ પામે છે.

અભયદેવ મુનિરાજે, ગુરુ આજ્ઞા જ આત્માને ઊંચે ચડાવે છે, ગુરુઓ એકાન્ત હિતકારી પુરુષો છે, ગુરુવચન તહત્તિ માનનારા જ સંસારનો પાર પામે છે. એમ મનમાં નિશ્ચય કરીને, ફક્ત જુવારનું ભોજન છૂટું રાખી બીજા બધા આહારો બંધ કર્યા, અને ગુરુ મહારાજે યોગવહન કરાવીને, શાસ્ત્રો, સૂત્ર, અર્થ, તદુભય ભણાવીને, આચાર્ય પદવી પણ આપી અને નિર્મલ ચારિત્ર આરાધી, અનશન કરી, ગુરુદેવ જિનેશ્વરસૂરિ મહારાજ દેવલોક પધાર્યા.

અભયદેવસૂરિ મહારાજને છવિગઈના ત્યાગ અને જુવારનો ખોરાક ચાલુ રહેવાથી, નીરસ અને વાયડા ખોરાકના કારણે, કોઢનો રોગ શરૂ થયો. થોડે થોડે આખા શરીરમાં ફેલાઈ ગયો. એથી ઉત્તરોત્તર શરીરની શક્તિ પણ ઘટવા લાગી. આરાધનાના માર્ગોમાં પણ પ્રગતિ મંદ થતી ગઈ. ગુરુદેવની હાજરી નત્થી. હવે શું કરવું ? ગુરુની આજ્ઞા વિના આહારનો ફેરફાર કેમ થઈ શકે ? વિગઈઓ છૂટી થાય નહીં તો, શરીર ટકવું અશક્ય છે.

તો પછી અનશન કરવું જ ઉચિત લાગે છે. એમ વિચારીને, ખંભાતના અખાતને મળનારી સેઢી ( ખેડા પાસે વાત્રજ અને સેઢી બે મળી ગઈ છે ) નદીના કિનારે આવ્યા. બધી આરાધનાઓ કરીને અનશન ઉચ્ચરવાની તૈયારી હતી. તેટલામાં તે મહાપુરુષના નિર્મલ ચારિત્રથી આકર્ષાઈને, પદ્માવતીદેવી આવ્યાં અને બોલ્યાં :—

પૂજ્ય સૂરિ ભગવન્ ! આપનું હજી આયુષ્ય ઘણું બાકી છે અનશન ઉચ્ચરવાનો અવસર હજીક પાકયો નથી. તથા આપને હજીક શાસન પ્રભાવનાનાં કામ પણ કરવાનાં ઘણાં બાકી છે. ભૂતકાળમાં થએલા શીલાંગાચાર્ય – શીલગુણસૂરિમહારાજાએ વર્તમાન વિદ્યમાન અગિયાર અંગો ઉપર ટીકાઓ રચી હતી. પરંતુ આ કાળના જીવોના કમભાગ્યથી પહેલા બીજા સિવાયના નવ અંગોની ટીકાઓ નાશ પામી છે અને આપ તે અંગોની ટીકાઓ બનાવી શકવા સમર્થ છો. માટે આટલું શાસનનું કામ કરવા જેવું છે.

**અભયદેવસૂરિ મહારાજનો ઉત્તર :** અહર્નિશ શાસનના રક્ષણ માટે જાગ્રત રહેનાર અને આરાધક આત્માઓના ઉપદ્રવોનો નાશ કરનાર અને શાસન ઉપર આવેલી આપત્તિઓને નિવારણ કરનાર દેવી ! તમારી વાત સાચી છે. પરંતુ ફક્ત બે ભુજાઓ વડે જ સમુદ્ર તરવા જેવું, જૈનાગમો ઉપર વિવરણ લખવાનું કાર્ય, શરીરથી તદ્દન અશક્ત અને અલ્પ બુદ્ધિ હું કેમ કરી શકું ?

**શાસનદેવીનો ઉત્તર :** ભગવન ! આપ કશી ચિંતા કરશો નહીં. આપનું શરીર નીરોગ થઈ જશે. આપના શરીરમાં શક્તિ અને સ્ફુર્તિ પણ આવી જશે. બુદ્ધિના તો આપ સમુદ્ર છો. છતાં કોઈ અગમ્ય સ્થાનોમાં શંકા જણાય તે મને સૂચવશો તો, હું મહાવિદેહ ક્ષેત્રમાં જઈને, શ્રીજિનેશ્વર દેવને પૂછીને, આપની શંકાઓના ઉત્તરો મેળવી આપીશ. આપ હમણાં જ આ જગ્યાએ, અઠ્ઠમનો તપ કરશો અને સ્તોત્ર–સ્તુતિ કરવાથી પાર્શ્વનાથ સ્વામીની પ્રતિમા નીકળશે.

પદ્માવતી દેવીની પ્રાર્થનાથી અભયદેવ સૂરિ મહારાજે વિચારો બદલી નાખ્યા, અને દેવીના કહેવાથી, શ્રીપાર્શ્વનાથ સ્વામીની, સ્તવનાગર્ભિત જયતિહુઅણ ૩૩ ગાથાવાળું સ્તોત્ર બનાવ્યું. અઠ્ઠમતપ અને ભક્તિમય વાકય રચનાવાળા સ્તોત્રના પ્રભાવથી, જમીનમાંથી, પાર્શ્વનાથ સ્વામીની પ્રતિમા પ્રકટ થઈ. નજીકમાંથી ઘણા શ્રાવક–શ્રાવિકાઓ ભેગા થયા. પ્રભુજીનું સ્નાત્ર થયું.

અને પ્રભુજીના સ્નાત્ર જળના સ્પર્શથી સૂરિમહારાજનો કોઢનો રોગ ઉપશાન્ત થયો. દેવીના વચનથી ખોરાકનું પરાવર્તન થયું. અને ઠાણાંગ વગેરે નવ અંગ સૂત્રો ઉપર વિવરણ બનાવ્યું, જે હાલ છપાઈ ગયેલું, ગીતાર્થ મુનિરાજોદ્વારા વંચાય છે. સૂરિભગવંત કેટલોક વખત જીવ્યા, ભવ્ય જીવોને રત્નત્રયીનું દાન કરીને સ્વર્ગવાસી થયા.

અહીં અભયદેવસૂરિ મહારાજ મહાબુદ્ધિશાળી હતા. શાસનપ્રભાવક હતા. ચારિત્રના પ્રભાવથી શાસનદેવી પોતે વગર બોલાવ્યાં આવીને, અનશન કરતા અટકાવીને, રોગ નિવારણ બતાવીને નવ અંગોની ટીકા બનાવવાની ભલામણ કરી ગયાં હતાં. આવા સામર્થ્યશાળી મહાશયે ગુરુ આજ્ઞા કેવી સાચવી, બધા સ્વાદોનો ત્યાગ કર્યો, બુદ્ધિ ઘટાડવાની આજ્ઞાને મસ્તક ઉપર ચડાવી કોઢ રોગનો ત્રાસ થવા છતાં, ગુરુદેવની આજ્ઞાને ફેરવી નહીં.

## ઈતિ ગુરુ આજ્ઞા આરાધક અભયદેવ સૂરિ મહારાજની કથા સંપૂર્ણ

## વળી અહીં ગુરુ આજ્ઞા પાળનાર રામચંદ્રસૂરિની કથા લખાય છે.

કુમારપાળ મહારાજને પ્રતિબોધ પમાડી, અસ્થિ–મજ્જા જૈન શ્રાવક બનાવી, ૧૮ દેશોમાં અમારી પડહો વગડાવી, જુગાર વગેરે સાતે વ્યસનોને દેશનિકાલ કરાવનાર કલિકાલ સર્વજ્ઞ ભગવાન હેમચંદ્રસૂરિ મહારાજનું સ્વર્ગગમન થયા પછી, કુમારપાળ રાજવી છ માસે સ્વર્ગવાસી થયા હતા. અને તુરત જ કુમારપાળના મોટાભાઈ મહીપાળનો પુત્ર અજયપાલ ગુજરાતનો રાજા થયો. તેને પહેલાથી જ હેમચંદ્રસૂરિ મહારાજ અને મહારાજા કુમારપાળ ઉપર દ્વેષ હતો.

અજયપાળે ફક્ત અઢી વર્ષ જ રાજ્ય ભોગવ્યું. તેમાં તેણે જેટલા થયા તેટલા અધર્મો વધાર્યા. અને ધર્મોનો નાશ કરાવ્યો. તેમાં કુમારપાળનાં બંધાવેલાં ત્રિભુવનવિહાર, કુમારવિહાર, ચુકાવિહાર, ઉંદરવિહાર આવાં સેંકડો નહીં પણ હજારો જૈન મંદિરો પડાવી નાખ્યાં. ઉપરાંત મોટી મોટી પૌષધશાળાઓ, સામાયિકશાળાઓ પણ હજારોનો નાશ કરાવ્યો. જ્ઞાન ભંડારો પણ ઘણા બાળાવી નાખ્યા.

**પ્રશ્ન** : જેમ કુમારપાળ રાજા હેમચંદ્રસૂરિ મહારાજના ભક્ત હતા. તેમ અજયપાળ બાલચંદ્રનો ભક્ત હોવા છતાં, જૈન ધર્મસ્થાનોનો નાશ કેમ થયો?

**ઉત્તર** : આ જગતમાં ધર્મદ્વેષ મહાભયંકર વસ્તુ છે. કુમારપાળ જૈન થયો, તે પણ જગતભરના શૈવ પંડિતોને ગમ્યું ન હતું. અને તે જ કારણથી ચૌદ વિદ્યાપારગામી, સરસ્વતીપુત્ર, પંડિત દેવબોધિ, મોટા આડંબરથી પાટણમાં આવ્યો હતો. શાસ્ત્રાર્થો કર્યા. ઉંશ્વરકર્તૃત્વ વગેરે અનેક વાદો થયા, ફાવ્યો નહીં. બીજી વિદ્યા શક્તિઓના પ્રહારો પણ અજમાવી ચૂકયો, પરંતુ કલિકાલ સર્વજ્ઞ ભગવાનનું જ્ઞાન, ચારિત્ર અને પુણ્ય તેની બધી શક્તિઓના ભુક્કા ઉડાવનારા થયા તેથી દેવબોધિ હારીને નાશી ગયો.

ત્યાર પછી પણ ચુસ્ત શૈવમાર્ગી બ્રાહ્મણોએ, બનતી ધૂડ ઉડાવવાની યોજનાઓ કરી હતી. પરંતુ આચાર્ય ભગવાન હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ અને પરમાર્હત્ કુમારપાળ મહારાજનું પુણ્યતેજ સૂર્યની પેઠે પ્રકાશતું હોવાથી, તે બધાના દાવ સવળા પડ્યા નહીં. કલિકાલ સર્વજ્ઞ ફરમાવે છે કે—

**कामराग-स्नेहरागा-वीषत्करनिवारणौ। दृष्टिरागस्तु पापीयान्, दुरुच्छेदः सतामति ॥ १ ॥**

**અર્થ** : કામરાગ, પત્ની પ્રત્યેનો રાગ, સ્નેહરાગ, માતાપિતા પુત્ર મિત્રાદિ ઉપરનો રાગ, આ બે રાગ સહજ નિવારી શકાય છે. પરંતુ દષ્ટિરાગ ધર્માભાસમાં ધર્મબુદ્ધિ એટલો બધો જોરદાર છે કે જગતમાં સાધુ-સંત તરીકે ગવાયેલા પુરુષોથી પણ ત્યજાવો અતિ મુશ્કેલ છે.

એટલે શૈવમાર્ગી બ્રાહ્મણોની ઉશ્કેરણીથી, અને કુમારપાળ પ્રત્યેના દ્વેષથી, અજયપાલે ત્રિભુવન વિહાર વગેરે તીર્થ જેવાં ભવ્ય મંદિરોનો નાશ કરાવ્યો હતો.

ઉપરાંત બાલચંદ્રને આચાર્ય પદવી અપાવવા, બાલચંદ્રની ઉશ્કેરણીથી જૈન સંઘને બોલાવ્યો હતો. અને બાલચંદ્રને આચાર્ય પદવી આપવા વિનંતિ નહીં પણ હુકમ ફરમાવ્યો હતો.

**શ્રી સંઘનો ઉત્તર** : ગુરુમહારાજા જ્ઞાની હતા. તેમણે પોતે બાલચંદ્ર મુનિને પદવી આપી નહીં. એટલું જ નહીં, પરંતુ મારી પાછળ પણ, બાલચંદ્રને પદવી આપવી નહી. એવી આજ્ઞા ફરમાવી છે.

તેથી ગુરુઆજ્ઞાનો નાશ કરીને, પાટણનો શ્રીસંઘ મુનિશ્રી બાલચંદ્રને પદવી આપી શકે નહિ. પદવી ગુરુદેવની પ્રસન્નતાનો આશીર્વાદ છે. બલાત્કારથી પદવી લેવાય નહીં.

**પ્રશ્ન** : બાલચંદ્ર વિદ્વાન હતો. સાથે રાજાનો માનીતો હતો. પછી આચાર્ય પદવી આપવામાં વાંધો શું ?

**ઉત્તર** : શ્રી વીતરાગશાસનમાં કોઈપણ પદવી પરીક્ષા કરીને યોગ્ય આત્માને જ અપાતી હતી. જુઓ પૂર્વાચાર્યોનાં વાકયો :

**वूढोगणहरसद्दो, गोयमाईहिं धीरपुरुसेहिं। जोतं ठवेइ अपत्ते, जाणंतो सो महापावो ॥ १ ॥**

**અર્થ : આચાર્ય-સૂરિ-ગણધર-ક્ષમાશ્રવણ-દિવાકર-વાચક** આવા શબ્દો મહાગુણના-ભંડાર ગૌતમસ્વામી જેવા મહાપુરુષોમાં વપરાયા છે. તેને જાણી જોઈ અપાત્ર અથવા કુપાત્ર શિષ્યોમાં થાપન કરે. તે પદવી આપનાર ગુરુ પોતે મહાપાપી ગણાય છે.

**પ્રશ્ન** : અપાત્ર અને કુપાત્રમાં અર્થભેદ છે ?

**ઉત્તર** : જ્ઞાનાદિ ગુણોની સંપૂર્ણતા ન હોય, તે **અપાત્ર** ગણાય છે, અને મહાવ્રતાદિ મૂલ અને ઉત્તર ગુણના વિરાધક હોય, તથા ઉત્સૂત્ર પ્રરૂપક હોય, તેવા **કુપાત્ર** સમજવા.

શ્રી સંઘે બાલચંદ્રમાં યોગ્યતા ન હોવાથી, આચાર્ય પદવી આપવાનો અજયપાળની રાજસભામાં ઈન્કાર કર્યો. તેથી રાજા અજયપાળ ખૂબ ગુસ્સે ભરાયો. અને મહામંત્રીશ્વર કપર્દી પ્રમુખને આજ્ઞા ફરમાવી કે, ઉકળેલા તેલના કડાહમાં તળાઈ જાવ ! અગર બાલચંદ્રને આચાર્ય પદવી આપો ! તથા રામચંદ્રસૂરિ મહારાજને આજ્ઞા કરી કે, બાલચંદ્રને આચાર્ય પદવી આપો, યા તો તપાવેલી શીલા ઉપર સૂઈ જાવ.

ગુરુઆજ્ઞાને અર્પણ થયેલા રામચંદ્રસૂરિ મહારાજે, રાજા અજયપાલનાં રોષપૂર્ણ વાકયો બરાબર સાંભળી લીધાં અને ઉત્તર આપ્યો કે, રાજન્! અમે મરણ-જન્મના ભય ટાળવા માટે જ દીક્ષા લીધી છે, અને દીક્ષાની આરાધનાના પ્રતાપે હવે અમને મરવાનો ભય નથી. કાલકાલસર્વજ્ઞ ભગવાન હેમચંદ્રસૂરિ મહારાજની આજ્ઞા આરાધવાથી, અનંતા મરણોને તિલાંજલિ અપાય છે.

અને ગુરુ આજ્ઞાનો ભંગ કરવાથી, તમે ફરમાવેલા એક મરણથી બચી જવાય અને હજારો-લાખો મરણો વધે છે. આપની આજ્ઞા પાળવી જરૂરની હોય તોપણ ગુરુઆજ્ઞાના રક્ષણના ખાતર, પાળી શકાશે નહીં. તે જ પ્રમાણે કપર્દીમંત્રી પ્રમુખ શ્રીસંઘના, આગેવાનોએ પણ ગુરુઆજ્ઞા પાળવા રાજાએ ફરમાવેલા ભયંકર હુકમનો પણ સ્વીકાર કરી લીધો.

બધા મહાપુરુષોએ રાજસભામાં જ દશ પ્રકાર આરાધના કરી લીધી. અને રામચંદ્ર સૂરિમહારાજ તપાવેલી શિલા ઉપર અનશન કરીને સૂઈ ગયા. તથા કપર્દી મંત્રીશ્વર વગેરે આગેવાનોને રાજ્ય તરફથી ઉકાળેલા તેલના કડાયામાં ફેંકવામાં આવ્યા. બધા મહાનુભાવો આરાધનાથી મરીને સ્વર્ગમાં પધારી ગયા.

**પ્રશ્ન** : શાસ્ત્રોમાં **रायाभियोगेणं** પાઠ છે. રાજાની આજ્ઞાથી, મરણાન્તકષ્ટમાંથી બચવા માટે, નિર્ણયને ફેરવવા પડે તોપણ ફેરવી શકાય છે. પરંતુ મરવું નહીં. આ વાતના ઉદાહરણો પણ કાર્તિકશેઠ વગેરેનાં શાસ્ત્રોમાં જોવાય છે. અહીં પણ રાજાની આજ્ઞાથી કાર્તિકશેઠની પેઠે સંઘે અને રામચંદ્રસૂરિએ, બાલચંદ્રને આચાર્યપદવી આપી હોત તો આવા ભયંકર મરણે મરવું પડત નહીં ને ?

**ઉત્તર** : બાલચંદ્રની આચાર્ય પદવીની ઇચ્છા અને અજયપાળની મિત્રતા તથા પદવી લેવા માટેનાં કાવતરાં વગેરે બનાવો, કલિકાલ સર્વજ્ઞ ભગવાન હેમચંદ્રસૂરિ મહારાજની હાજરીમાં શરૂ થયાં હતાં. અને ગુરુમહારાજ મહાજ્ઞાની પણ હતા, પરંતુ અજયપાળ અને બાલચંદ્ર દ્વારા થતાં કાવતરાંઓ કરતાં પણ, નાલાયકને આચાર્ય પદવી આપવાનું પાપ, ઘણું મોટું હોવાથી, હેમચંદ્રસૂરિ મહારાજે પોતે આચાર્ય પદવી આપી નહીં, અને પોતાના વફાદાર પટ્ટધર શિષ્ય રામચંદ્રસૂરિને અને શ્રીસંઘને આપવા પણ ના ફરમાવી હતી.

**પ્રશ્ન** : તો પછી આજકાલ પદવીઓ આપવામાં, આવી તકેદારી રખાય છે ખરી ?

**ઉત્તર** : જ્ઞાની ભગવંતો ફરમાવી ગયા છે કે, **गुह्मोगणहरसद्दो, गोयमाईहिं धीरपुरुसेहिं । जो तं ठवेइ अपत्ते, जाणंतो सो महापावो ॥ १ ॥**

**અર્થ** : મહાગુણોના ભંડાર ગૌતમ પ્રમુખ ધીર પુરુષો વડે વહન કરાએલો (ગણધર સૂરિ આચાર્ય દિવાકર ગણી, ક્ષમાશ્રમણ પર્યાય નામો છે) આચાર્ય શબ્દ કુપાત્ર કે અપાત્રમાં સ્થાપન કરે તે જાણતો છતો પણ મહાપાપી મનાયો છે. અર્થાત્ શિષ્યના દોષો જાણ્યા હોય અને એવાને આચાર્ય પદવી આપે તો તે ગુરુ મહાપાપી ગણાય છે.

**પ્રશ્ન** : બાલચંદ્ર મહાવિદ્વાન હતો. છતાં તેને અયોગ્ય કેમ ગણાયો હશે ?

**ઉત્તર** : શ્રી**જૈન**શાસનમાં એકલી વિદ્વત્તાને સ્થાન નથી. ભણેલા હોય પરંતુ આચારમાં ગોળ મીંડાં હોય, અષ્ટપ્રવચન માતામાં, શ્રદ્ધા કે આદર ન હોય. ઉત્તરગુણોમાં આદર ન હોય, અથવા ઉપેક્ષા હોય, તેવાઓને આચાર્ય બનાવાય નહીં. કહ્યું છે કે—

**जहा खरोचंदनभारवाही, भारस्स भागी नहु चंदणस्स ।**
**एवं खुनाणी चरणेणहीनो, नाणस्स भागी नहु सुग्गइए ॥ १ ॥**

**અર્થ** : જેમ ચંદનના લાકડાનો ભાર ઉપાડનાર ગધેડો ચંદનના કાષ્ટના ભારનો ત્રાસ જ અનુભવે છે, પરંતુ તે બિચારા ગધેડાને, ચંદનની સુગંધ કે શિતળતાનો સ્વાદ મળતો નથી, કારણ કે ગધેડાને ચંદનની સુગંધ કે શિતળતાની ઓળખાણ જ નથી. પછી તેને સુગંધ કે ઠંડક શી રીતે ભોગવાય ? તેમ, " **नाणस्स फलंविरति** " આવું જેને જાણવા મળ્યું જ ન હોય, તેને વિરતિના અભાવે સુગતિ શી રીતે મળે ? અર્થાત્ વિરતિ વગર સ્વર્ગ કે મોક્ષ મળે નહીં.

**પ્રશ્ન** : તો પછી ભૂતકાળમાં કે, હમણાંના કાળમાં, આચાર્યાદિ પદવીઓ આપવામાં ઉપર બતાવ્યા મુજબ પદવી આપનાર કે લેનારની જવાબદારી અને લાયકાતનો લક્ષ સચવાયો હશે ખરો ?

**ઉત્તર** : ભવના ભીરુ આત્માઓએ આચાર્યાદિ પદવીઓ આપવામાં સંપૂર્ણ ઉપયોગ રાખ્યાના દાખલાઓ શાસ્ત્રોમાં ચોક્કસ નોંધાયા છે તે નીચે મુજબ જોઈ શકાશે.

૧. ત્રીજા પટ્ટધર પ્રભવાસ્વામી મહારજે પોતાના અતિ મોટા જવાબદારીવાળા સ્થાન ઉપર બેસાડવા, પટ્ટધર માટે પોતાના સમગ્ર સાધુસમુદાયમાં, ચૌદપૂર્વના જ્ઞાનના ઉપયોગથી તપાસ કરી. પરંતુ યોગ્ય આત્મા દેખાયો નહીં. પછી સમગ્ર શ્રાવક સંઘને પણ જ્ઞાનશક્તિથી તપાસી જોયો. પરંતુ એક પણ આત્મા યોગ્ય દેખાયો નહીં. ત્યારે છેવટે અજૈન દર્શનમાં, રાજગૃહીનગરીમાં, સ્વયંભવ નામના બ્રાહ્મણને, સંપૂર્ણ યોગ્યતાવાળો જાણીને, બે સાધુઓ મોકલી, પ્રતિબોધ પમાડી, દીક્ષા આપી, ચૌદપૂર્વ ભણાવીને, આચાર્ય પદવી આપી. પોતે અનશન કરી સ્વર્ગવાસી થયા. ઇતિકલ્પસૂત્ર સ્થવિરાવળી.

**પ્રશ્ન** : તે કાળમાં સાધુ કે શ્રાવક સમુદાય બહુ અલ્પ સંખ્યામાં હશે ?

**ઉત્તર** : તે કાળમાં સાધુ સમુદાય લાખોની સંખ્યામાં હતો. અને શ્રાવકો ક્રોડોની સંખ્યામાં હતા. ચોથો આરો ગયાને હજીક સીત્તેર પોણોસો વર્ષજ થયાં હતાં.

**પ્રશ્ન** : પ્રભુ મહાવીર સ્વામીના ખુદના સાધુ ચૌદ હજાર જ હતા. અને શ્રાવકો એક લાખ ને ઓગણસાઠ હજાર જ ગણાવ્યા છે. તો એટલી વારમાં આટલી મોટી સંખ્યા કેવી રીતે વધી ગઈ?

**ઉત્તર** : જિનેશ્વર દેવોના સાધુઓ કે સાધ્વીઓની–અગર શ્રાવકો કે શ્રાવિકાઓની સંખ્યા બતાવી છે તે, પ્રભુજીના ખુદના શિષ્યો, શિષ્યાઓ, શ્રાવકો, શ્રાવિકાઓ સમજવા. પરંતુ ગૌતમસ્વામી વગેરેનો શિષ્યપરિવાર ઉપરની સંખ્યાથી જુદો સમજવો.

તેથી પ્રભુ શ્રી મહાવીરસ્વામીના ચૌદ હજાર શિષ્યોને પ્રત્યેકનો પરિવાર વિચારાય તો, લાખોની સંખ્યામાં સાધુ હતા તે દીવા જેવું લાગે છે. કેમકે ફક્ત ગૌતમસ્વામીના ૫૦ પચ્ચાસ હજાર શિષ્યો હતા. તેમ નંદીષેણજીને વેશ્યાના ઘેર રહીને, દશને પ્રતિબોધ્યા પહેલાં પારણું ન કરવાનો અભિગ્રહ હતો. તે બધા દીક્ષિતોનો સરવાળો પ્રતિવર્ષ છત્રીસસોનો થાય છે અને બાર વર્ષના તેતાલીસ હજાર ને બસો, ફક્ત નંદીષેણના પ્રતિબોધેલા મહામુનિરાજો થાય છે. એમ પ્રભુજીના પ્રશિષ્યોનો સમુદાય વિચારાય તો લાખો થાય તે યુક્તિસંગત સમજાય તેવું છે.

**પ્રશ્ન** : જો એમ લાખો સાધુઓ હોવા છતાં અને ચોથા આરા જેવો જ સમય હોવા છતાં, અને પ્રાયઃ અપવાદ કે પ્રમાદ વગરનું ચારિત્ર હોવા છતાં, આચાર્ય પદવી માટે યોગ્ય ન જ મળ્યા એ કેમ સમજી શકાય ?

**ઉત્તર** : જેવું સૈન્ય હોય તેને યોગ્ય સેનાધિપતિ પણ હોવો જોઈએ. જેવું શહેર હોય તેવો કોટવાળ પણ હોવો જોઈએ. એ ન્યાયે, તે કાળના મહામુનિરાજો મહાજ્ઞાની, મોટા ત્યાગી, મહાતપસ્વી, પ્રભાવક પ્રતાપશાળી હતા. તેવા બધાના નાયક

થનાર જેવા તેવા કેમ ચાલે ? માટેજ લાખોની સંખ્યા જ્ઞાની-ત્યાગી-તપસ્વી મહામુનિરાજો ઉપર સંપૂર્ણ પ્રભાવ પાડી શકે તેવા **સ્વયંભવસૂરિમહારાજ** યોગ્ય મનાયા હતા.

**પ્રશ્ન** : આ વર્ણનથી એ તો ચોક્કસ થયું કે, આટલા મોટા વિશાલ મુનિ સમુદાયના આચાર્ય એક જ હતા ? અને હમણાં ઘર ઘરના અને એક સમુદાયમાં પણ અનેક આચાર્ય છે તે વ્યાજબી નથી ને ?

**ઉત્તર** : સ્વયંભવસૂરિ મહારાજ એક જ આચાર્ય હતા, તે તો સમગ્ર શાસનના ગુરુ તરીકે એક હતા. પરંતુ તેમની આજ્ઞામાં સેંકડો નહીં પણ હજારો આચાર્યો હોય., હોવા જોઈએ. જો એમ ન હોય તો સાધુ-સમુદાયોનાં સારણા-વારણા-ચોયણા-પડિચોયણા-સીદાય તથા જ્ઞાનની વાચના-પૃચ્છના પણ બરાબર સચવાય નહી. માટે જ "**एकवाचनिको गणः**" એક વાચનાનો સમુદાય ગણ કહેવાય છે. તેના વાચના આપનાર આચાર્ય હોય છે.

માટે જેમ ચક્રવર્તી કે વાસુદેવ રાજવીની આજ્ઞામાં, બત્રીસ હજાર અને સોળ હજાર રાજાઓ હતા અને તેવા મોટા રાજાઓની આજ્ઞામાં પણ, પચીસ-પચ્ચાસ-સો વગેરે રાજાઓ હોય. ટુંકાણમાં સમજવાનું કે જેમ રૈયત યાને પ્રજાને સાચવવા માટે રાજા હોય છે, તેમ મુનિસમુદાયને સાચવવા, તેમનાં જ્ઞાનદર્શન-ચારિત્ર-તપની વૃદ્ધિ કરવા, એક બે જ નહીં પણ ઘણા આચાર્ય હોય તો પણ જરૂરી છે.

અને તેથી સિદ્ધસેન દિવાકર ભગવાનના સમયમાં વિક્રમાદિત્યના શત્રુંજયગિરિના સંઘમાં—પાંચ હજાર આચાર્ય ભગવન્તો હતા. અને કળિકાલ સર્વજ્ઞ ભગવાન હેમચંદ્ર સૂરિમહારાજના સમયમાં પણ સેંકડો આચાર્ય ભગવંતો હતા તથા પ્રભુ શ્રી મહાવીરદેવની પરંપરામાં યુગપ્રધાન આચાર્યો બે હજાર ને ચાર બતાવ્યા છે. અને શાસનપ્રભાવક ભાવાચાર્યો અગયાર લાખ અને સોળ હજાર થવાના જણાવ્યા છે.

**પ્રશ્ન** : ભાવાચાર્ય અને દ્રવ્યાચાર્યમાં કાંઈ ભેદ હોય છે ?

**ઉત્તર** : જેમનામાં છઠ્ઠું-સાતમું ગુણઠાણું અવશ્ય હોય, તથા સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર-સમ્યક્ તપની પરાકાષ્ઠા હોય તે ભાવાચાર્ય કહેવાય છે. આ ચારેમાં મીંડાં હોય તે દ્રવ્યાચાર્ય-નામધારી આચાર્ય જાણવા.

**પ્રશ્ન** : શ્રી વીતરાગ શાસનમાં કોઈ ચોક્કસ યોજના ખરી કે આચાર્ય પદવી અમુકને જ અપાય ?

**ઉત્તર** : શ્રી વીતરાગ શાસનમાં વસ્તુ માત્ર માટે મર્યાદા બાંધી છે. એટલે પંચ પરમેષ્ઠી ભગવંતોમાં, અરિહંત ભગવાન અને સિદ્ધ ભગવંતો પછી જેમનો લાગલો જ ત્રીજો નંબર આવે છે. એવા આચાર્યપદ માટે મર્યાદા ન હોય તે કેમ બને? આ માટે

બૃહત્કલ્પ ભા. ૧ લો, ગાથા ૨૪૧-૪૨-૪૩-૪૪ અને તેની ટીકા વાંચનારને સૂરિ ભગવંતો કેવા હોય તેનો ખ્યાલ આવી જશે.

આ માટે અમારું લખેલું **પંચ પરમેષ્ઠિ નમસ્કાર મહામંત્ર યાને જૈન ધર્મનું સ્વરૂપ** પૃ. ૨૨૯ થી પૃ. ૩૧૪ સુધી વાંચનારને આંશિક સમજણ જરૂર આવી જશે. શ્રી વીતરાગ શાસનનાં પાંચે પદોને સમજવા માટે શાસ્ત્રોમાં ઘણી વાતો લખી છે. પરલોક સુધારવાના ખપી આત્માઓએ, આ જૈન શાસનના દેવગુરુ ધર્મને ચોક્કસ સમજવા જ જોઈએ.

જેમણે દેવ-ગુરુ ધર્મને ઓળખ્યા હોય તેવા જીવો જ સાચી આરાધના પામી શકે છે અને દેવ-ગુરુ ધર્મની ઓળખાણ વિના ઘણી ઉત્કૃષ્ટ તપસ્યા કે ત્યાગ પામેલા આત્મા પણ સંસારમાં ફેંકાઇ જાય છે. માટે આત્માની સાચી કમાણી, શ્રી વીતરાગ દેવ, નિર્ગ્રન્થ ગુરુ; અને સર્વ જીવોની દયામય ધર્મ. આ ત્રણ તત્ત્વોને ઓળખવા, સ્વીકારવા; અને આચરવા તે જ સાચી આરાધના છે. સિવાય તો ગતાનુગતિકતા જ છે.

**પ્રશ્ન** : એકનું સારું દેખી બીજો અનુકરણ કરે તેમાં વાંધો શું ?

**ઉત્તર** : સમજીને અનુકરણ થાય તે સારું છે. પરંતુ આખી જિંદગી કેવળ બીજા કરે તેમ કરનાર વખતે ભૂલા પણ પડી જાય છે, આ જગ્યાએ એક દૃષ્ટાંત લખું છું.

મહાભારત મહાગ્રન્થના બનાવનાર વ્યાસજી એક વાર ગંગા નદી ઉપર ગયા હતા. તેમની પાસે એક સુવર્ણનું કમંડલુ હતું. તેમને વિચાર આવ્યો કે, ગંગા નદીમાં સ્નાન કરવું છે, અને કમંડલુ ક્યાંય છુપાવવું જોઈએ. એમ વિચારી, ગંગા નદીના રેતીમાં કમંડલુ છુપાવીને, ઉપર પણ રેતીનો ઢગલો બનાવ્યો અને સ્નાન કરવા ગયા. વ્યાસજીના આ કૃત્યને બીજા પાછળ આવતા બાવાએ જોયું.

તેણે પણ વ્યાસજીના અનુભવને ધ્યાનમાં લઈ, પોતાનું કમંડલુ પણ રેતીમાં છુપાવ્યું અને રેતીનો ઢગ બનાવ્યો. પછી તો દરેક જોનારને એમ જ થયું કે વ્યાસજી જેવા વિદ્વાન જે કરતા હશે તેમાં જરૂર પરમાર્થ હોવો જોઈએ. એટલે એક પછી એક આવનારા બાવાઓએ, લગોલગ કમંડલુ દાટવાનો વિધિ બરાબર સાચવ્યો અને વ્યાસજીના ઢગ જેવા સેંકડો રેતીના ઢગ બની ગયા.

વ્યાસજીએ પોતાના કમંડલુના રક્ષણ માટે કરેલી વિધિ, ગાડરિયા પ્રવાહમાં ચાલનારા મનુષ્યોના મૂર્ખ અનુકરણના કારણે, કમંડલુ ખોવાઈ જવાનું કારણ બની ગઈ અને કહેવાઈ ગયું કે, " **गतानुगतिको लोकः न जानाति हिताहितं ।** " ગતાનુગતિક માણસો હિતાહિત સમજતા નથી.

વળી એક ગાડરિયા પ્રવાહની કથા લખું છું.

એક ગામડા ગામમાં, આખા ગામમાં વડેરાં તરીકે પ્રસિદ્ધ પામેલાં, એક ડોસીમા રહેતાં હતાં. તેઓ ઘરગથ્થુ ઔષધો પણ જાણતાં હતાં. બીજી બીજી પણ જૂની વાતો માજી લોકોને સંભળાવતાં, તેથી લાંબા ગાળે ડોસીમા આખા ગામનાં સલાહ લેવા યોગ્ય બની ગયાં હતાં. અને લોકોને ડોસીમાની સલાહ અનુકૂળ થઈ જતી હતી.

ડોસીમાને પોતાનો દીકરો એક જ હતો. પરંતુ દીકરાના દીકરા છ સાત હતા. ડોસીમાનો દીકરો ને વહુ બન્ને વૃદ્ધાવસ્થા આવ્યા પહેલાં જ પરલોકવાસી થઈ જવાથી, પૌત્રોને ઉછેરવા, વરાવવાનો ભાર માજી ઉપર જ પડવાથી, માજીને કુટુંબની વ્યવસ્થાનું ખૂબ સંભાળવું પડતું હતું. કુટુંબમાં અને જ્ઞાતિમાં પણ ડોસીમાનો માનમરતબો સારો હતો.

તેથી માજીના પૌત્રો મોટા થતાં એક જ સાલમાં, બબ્બે ત્રણ ત્રણ માસના અંતરે ત્રણ છોકરાઓનાં લગ્ન લેવાયાં હતાં. સૌથી મોટો પૌત્ર પાંચેક વર્ષ અગાઉ પરણેલો હતો. તેથી મોટા પૌત્રની પત્ની, વડી સાસુની આજ્ઞા મુજબ ઘરમાં આગેવાન હતી. જ્યારે બીજા નંબરના પૌત્રના લગ્નનો પહેલો દિવસ આવ્યો અને માળા પહેરાવવાના મુહૂર્તની તૈયારી થતી હતી. ત્યારે ઘણા વખતથી ઘરમાં રહેતી અને આમ તેમ આંટા ફેરા લગાવતી બિલાડી બહાર આવી, બધા મહેમાનો વચ્ચે મ્યાઊં મ્યાઊં કરવા લાગી. ડોસીમાના ઘેર બારે માસ બેચાર ભેંસો તો દૂઝણી હોય જ, તેથી વલોણું હંમેશ થતું હોવાથી, વલોણાની ગોળી ઘરના મધ્ય પરસાળમાં જ પડી રહેતી હતી. આજે પુત્રના લગ્નની માળાના મુહૂર્તનો માંગલિક દિવસ હતો અને બિલાડી વખતે આડી ઊતરે તો, વહેમ પડવાના કારણે મોટી વહુને આજ્ઞા કરી કે :—

**આ બિલાડીને છાશની ગોળીમાં પૂરીને ઉપર ઢાંકણું ઢાંકી દે.**

વહુએ વડસાસુની આજ્ઞા મુજબ કર્યું, અને વિવાહનાં બધાં માંગલિક કાર્યો પતી ગયાં. વિવાહના દિવસોમાં જ્યારે જ્યારે ખાસ પ્રસંગ હોય ત્યારે, બિલાડીના અપશુકનના ભયનિવારણ માટે, તેને છાશની ગોળીમાં પૂરી દેતા હતા, અને કાર્ય થઈ ગયા પછી બહાર કાઢતા હતા.

ભવિતવ્યતાથી ત્રણે વિવાહમાં બિલાડીને, પાંચ દશ વાર ગોળીમાં પૂરવી પડેલી. અને આ વિધિ મોટી વહુએ અને પછી પણ પરણીને આવેલી વહુઓએ, બરાબર જોએલો. લગ્ન પછી વર્ષે બે વર્ષ માજી સ્વર્ગ સીધાવ્યાં અને ઘરનું વડીલપણું મોટી વહુની ઉપર આવ્યું. બિલાડીને પૂરવાનો ખુલાસો માજીએ કરેલો નહિ અને વહુએ પુછેલો પણ નહિ અને બીલાડી પણ મરી ગઈ.

પરંતુ પછીથી જ્યારે જ્યારે, ઘરમાં વિવાહના પ્રસંગો આવ્યા ત્યારે ત્યારે, બહારથી પણ-શોધી લાવી બિલાડીને ગોળીમાં પૂરવાનો પરંપરાનો વિધિ બની ગયો, અને તે કુટુંબમાં ચાલુ રહ્યો હશે. પછી કોઈ ડાહ્યા માણસોએ આવી અંધ પરંપરા બંધ કરાવી હશે. આવા વિચાર વગર પેસી ગયેલા કુરિવાજો, પાપપુણ્યનો કે યશઅપયશનો ભેદ સમજ્યા વગર ચાલુ રહ્યા છે.

તેમ શ્રીવીતરાગદેવના શુદ્ધ અને અવશ્ય મોક્ષદાયક ધર્મમાં પણ, મોટા ભાગે ગતાનુગતિકતા કે અંધપરંપરા જેવું જીવન જીવનારા આત્માઓ હોય છે, પ્રાયઃ દેવ–ગુરુ–ધર્મ જેવી મહામૂલ્ય વસ્તુને સમજવા પ્રયાસ કરતા નથી. તેથી જ્ઞાનીઓ ફરમાવે છે કે, અનંતીવાર જૈનધર્મ મળવા છતાં જીવને હજુ સંસાર ભ્રમણ ચાલુ છે.

**संसारसागरभिणं परिभमंतेहिं सव्वजीवेहिं । गहीयाणिय मुक्काणिय णंतसो दव्वलिंगाइं ॥१॥**

**અર્થ :** આ સંસાર એટલે ચૌદ રાજલોક, ચાર ગતિ, છ કાય, ચોરાસીલાખ યોનિ, અનંતાનંત જીવરાશિમાં, પરિભ્રમણ કરતા અને બાદરભાવ પામેલા બધા જીવોએ પ્રાયઃ અનંતીવાર શ્રી જૈનશાસનમાં પણ જન્મ લીધા હોય. સાધુના કે શ્રાવકના વેશ પણ અનંતીવાર પહેર્યા હોય, તાત્પર્ય એજ જીવે કે મૂર્ખા ધર્મ પણ વેઠિયાની પેઠે જ આચર્યો હશે. અને તેથી જ હજી પણ સંસારનાં પરિભ્રમણો અને દુઃખો ચાલુ રહ્યાં છે.

**પ્રશ્ન** : આચાર્યપદવી આપવા લેવામાં દેખાદેખી કે અનુકરણ હોય. અથવા કોઈપણ આચાર્ય પદવી આપે અથવા લે તો ખોટું શું ?

**ઉત્તર** : આ વાત આપણે **वूढोगणहरसद्दो** આ ગાથાના અર્થથી જોઈ ગયા છીએ. વળી બૃહતકલ્પની ગાથા ૨૪૧ થી ૨૪૪ સુધી જાણી લેવાથી સમજાય તેવું છે કે, ગમે તેવાને આચાર્ય પદવી અપાય નહીં, અને લેનારે લેવી પણ જોઈએ નહીં. જુઓ ભૂતકાળના મહાપુરુષોએ આચાર્ય પદવી વગેરે માટે કેટલી સાવચેતી રાખી છે.

બાલચંદ્રને આચાર્ય પદવી ન આપવાથી તે અજયપાળનો મિત્ર બન્યો. રામચંદ્ર સૂરિમહારાજ અને કપર્દીમંત્રીનું મરણ, તે પણ ન સહી લેવાય તેવું થયું. આવું બધું સમજવા છતાં, બાલચંદ્રને આચાર્યપદવી ન આપ્યાનું, આપણે ઉપર જોઈ ગયા છીએ.

ચૌદ પૂર્વધર ભદ્રબાહુ સ્વામીએ પોતાના સગા નાનાભાઈ વરાહવિહરને આચાર્ય પદવી આપી નહીં. તેથી તેણે દીક્ષા મૂકી દીધી. આચાર્યમહારાજનો અને જૈનધર્મનો, જૈનસંઘનો, શત્રુ બન્યો. જીવ્યો ત્યાંસુધી કાવાદાવા કર્યા. મરીને વ્યંતર થયો. શ્રીસંઘને હેરાન કરવા થયું તેટલું કર્યું.

સાડાનવપૂર્વ ભણેલા આર્યરક્ષિત સૂરિમહારાજે, પોતાની પાટ પોતાના સગા ભાઈ ફલ્ગુરક્ષિતને, તથા સગા મામા ગોષ્ઠામાહિલને, તથા તેવા જ વિદ્વાન આર્યવિન્ધને આપી નહીં. ગોષ્ઠામાહિલ અને ફલ્ગુરક્ષિતને પટ્ટધર બનાવવા કુટુંબીઓ અને મોસાળપક્ષનું દબાણ હતું. પરંતુ આચાર્ય લાગવગને પણ વશ થયા નહીં.

તથા સુધર્મા સ્વામીની પરંપરાએ થએલા અઢારમા આચાર્ય ભગવાન પ્રદ્યોતન સૂરિમહારાજે પોતાના પટ્ટધર બનનાર માનદેવસૂરિ મહારાજ માટે કેટલી ઝીણવટ કરી હતી.

જ્યારે સભા વચ્ચે આચાર્ય પદવી લેવા ક્રિયા કરનાર મહાપુરુષ માનદેવ મુનિરાજે બે મોટા અભિગ્રહ લીધા "જાવજીવ છવિગઈના ત્યાગ" તથા "ભક્તકુળોનો આહાર ન વાપરવો" ત્યારે જ ગુરુજીએ આચાર્ય પદવી આપી. વાચક સમજી શકે કે આપનાર ગુરુ કેટલા જાગતા હતા.

તથા આચાર્ય પદવીની જોખમદારી સમજનારા મહાપુરુષો.

સુધર્મસ્વામીની પરંપરાએ એકસઠમા આચાર્ય વિજયસિંહસૂરિમહારાજ થયા. તેમના શિષ્ય સત્યવિજય પંન્યાસ મહારાજ થયા. તેઓ ઘણા વિદ્વાન હતા, મહા ત્યાગી હતા. ઘણા શિષ્યો પણ હતા. શ્રીસંઘનો, ગુરુનો અને ગચ્છનો આચાર્ય પદવી લેવા ખૂબ આગ્રહ હતો. તો પણ ભવ ભીરુ મહાપુરુષે સ્પષ્ટ ના પાડી દીધી કે, અમારામાં આચાર્ય પદવી લેવાની યોગ્યતા નથી.

પાછળથી કેટલાક વિદ્વાન મુનિરાજોના સમુદાયે એકમત બનીને વિજયપ્રભસૂરિ મહારાજને તપગચ્છના આચાર્ય બનાવ્યા. આ આચાર્યપદવીમાં ઉપાધ્યાયજી યશોવિજયજી ગણિવર તથા ઉપા૦ વિનયવિજયજી મહારાજ વિરુદ્ધ હતા. તેઓ અને ઘણો સાધુસમુદાય અલગ પડી ગયો હતો.

પરંતુ આચાર્ય બનેલા વિજયપ્રભસૂરિ મહારાજ, સૂરિ થયા પછી, ખૂબ પ્રભાવશાળી દેખાયા. તેમના સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર ખૂબ ઉચ્ચા જણાવાથી, તથા સમાજમાં પ્રભાવ પણ ખૂબ પડવાથી, ઉપા. યશોવિજયજી મહારાજ અને ઉપા. વિનયવિજયજી મહારાજે આચાર્ય મહારાજ પાસે માફી માગી, ભૂલ સુધારી આજ્ઞા સ્વીકારી હતી. પરંતુ વાચકવર્ગ સમજી લેકે, વિજયપ્રભસૂરિ મહારાજ પછી તેમની પરંપરાના બધા જ આચાર્યો, શ્રીપૂજ્યો થયા અને સાધુઓ ગોરજી થઈ ગયા હતા. પ્રતિ દિવસ શિથિલતાએ મર્યાદા વટાવી હતી.

ત્યારે મહાપુરુષ સત્યવિજય પંન્યાસે સૂરિપદવી ન લીધી, એટલું જ નહીં પરંતુ સાધુવર્ગમાં પ્રવેશી ગયેલી શિથિલતા દૂર કરવા, ક્રિયા ઉદ્ધાર કર્યો. સાધુઓમાં પેસી ગયેલા સડાને નિર્મૂલ–નાબૂદ કર્યો અને સત્યવિજય પંન્યાસજી મહારાજની પરંપરાના મણિવિજય દાદા અને બુટેરાયજી (બુદ્ધિવિજયજી) મુલચંદજી, વૃદ્ધિચંદ્રજી સુધીના બધાએ આચાર્ય પદવી લીધી નહીં. મણિવિજય દાદા સુધી પંન્યાસપદવી ફરજિયાત લેવી પડી હતી.

એટલે વર્તમાન સાધુ સમાજની ત્રીજી–ચોથી–પાંચમી પેઢી પહેલાં લગભગ બસો વર્ષ જેટલો કાળ, સમજણપૂર્વક આચાર્ય પદવી લેવાઈ કે અપાઈ નથીનો ઇતિહાસ જગજાહેર છે. તથા આજની સરખામણીએ ખૂબ જ નિર્મલરત્નત્રયી આરાધનારા તથા ઘણા જ વિદ્વાનો પણ આચાર્ય થયા ન હતા. તે પણ વાચકવર્ગને જાણવા માટે જણાવું છું.

ઉપાધ્યાયજી મહારાજ સકલચંદ્રજી મહારાજ જેઓ વિદ્વાન સાથે ત્યાગી યોગીરાજ હતા. ઉપા. શાન્તિચંદ્રજી ગણિવર જેઓ ઘણા વિદ્વાન હતા, વ્યાખ્યાનકાર હતા. વરુણ નામનો પશ્ચિમ લોકપાલ જેમને સાધેલો હતો તથા સમ્રાટ અકબર જેવા મહાન રાજવી ઉપર પ્રભાવ પડતો હતો તથા સોમવિજય ઉપાધ્યાય અને કીર્તિવિજય ઉપાધ્યાય આ બન્ને મહાપુરુષો સગા ભાઈ હતા. મોટા ધનવાન અને રાજ્યમાન્ય પુરુષના પુત્રો હતા. ખૂબ વિદ્વાન હતા. વિજયહીરસૂરિ મહારાજના પ્રધાન અને માનવંતા શિષ્ય હતા.

તથા ભાનુચંદ્રજી ઉપાધ્યાય અને સિદ્ધિચંદ્રજી આ બન્ને મહાપુરુષો ગુરુશિષ્ય હતા. ઘણા વિદ્વાન હતા. આ બે અને ઉપર બતાવેલા શાન્તિચંદ્ર ઉપાધ્યાય ભારત સમ્રાટ અકબરના દરબારમાં ખૂબ રહ્યા હતા. હીરસૂરિ મહારાજના ઉપદેશની થએલ અસરને આ બધા મહાપુરુષોએ ઘણી વેગવતી બનાવી હતી.

તથા વિમલ હર્ષ ઉપાધ્યાય, કલ્યાણવિજય ઉપાધ્યાય, પંન્યાસ સિંહવિમલગણી પં.દેવવિમલ ગણી, પં.કમલવિજય ગણીઆ બધા વ્યાકરણ–સાહિત્ય–ન્યાય–કાવ્ય–કોષના–પ્રકરણ–સિદ્ધાન્ત વિગેરે સ્વપર શાસ્ત્રોના પારગામી હતા. પંન્યાસ દેવવિમલ ગણી, (હીર સૌભાગ્ય મહાકાવ્ય પ્રણેતા) શાસ્ત્રોના ખૂબ વિદ્વાન હશે. તે તેમની ગ્રન્થ રચનાથી સમજાય તેવું છે.

આવા અનેક વિદ્વાનો, ત્યાગીઓ અને આરાધકોએ આચાર્ય પદવી લીધી નથી. એથી ચોક્કસ સમજાય છે કે આચાર્ય પદવી ઘણી જોખમદારી ભરેલું સ્થાન છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે **तित्थयर समो सूरि**

**અર્થ :** આચાર્ય ભગવાન (તીર્થંકરના શાસનના પ્રતિનિધિ યાને સુકાની હોવાથી) તીર્થંકર ભગવાન જેવા ગણાય, છે. ઉપાધ્યાયની મહારાજ ફરમાવે છે કે

"અત્થમિએ જિનસૂરજ કેવલચંદે જે જગદીવો, ।
ભુવન પદારથ પ્રકટન પટુજે, આચારજ ચિરંજીવો. ॥ ૧ ॥

**અર્થ :** શ્રી તીર્થંકર દેવ રૂપ સૂર્ય અને સામાન્ય કેવલીરૂપ ચન્દ્ર અસ્ત પામે છતે, જગતના પદાર્થને બતાવનાર, સમજાવનાર, દીપક સમાન, આચાર્ય ભગવાન જયવંતા વર્તો.

ઉપરની જોખમદારી અને પૂર્વપુરુષોના ઇતિહાસને વાંચનાર ભવનાભીરુ ગુરુઓ, અયોગ્ય શિષ્યને, આચાર્ય પદવી કેમ આપે? અને જેણે વૈરાગ્યથી દીક્ષા લીધી હોય, તેવા ભવભીરુ મુનિરાજ, પોતાની યોગ્યતા વિચારીને, પોતાથી ન ઉપડી શકે તેવો ભાર કેમ ઉપાડે? તેટલા માટે મહાપુરુષોએ એ પણ કહી દીધુ છે કે,

"ગજપાખરખર ન વહી શકે."

**અથ :** હાથીની અંબાડી ગધેડો કેમ ઉપાડી શકે. ?

રત્ન જડેલી સુવર્ણની અંબાડી જેવી આચાર્ય પદવી ઐરાવણ હાથી જેવા ગૌતમાદિ મહાપુરુષો ઉપાડી શકયા છે. અંબાડી જેમ ગધેડા ઉપર શોભે નહીં, એટલું જ નહી પણ ગધેડો પાયમાલ બને. તેમ અયોગ્ય–આત્મા મુકાએલી આચાર્યપદવીની હાંસી મશ્કરી થાય. અને આચાર્યપદવી લેનાર અયોગ્ય આત્મા વિરાધક બની સંસારમાં ભટકવા ચાલ્યો જાય.

## અહીં એક હાથી અને રાસભનો સંવાદ જાણવા–સમજવા યોગ્ય હોવાથી લખાય છેઃ

એકવાર એક શહેરમાં મોટો વરઘોડો ચડયો હતો. જેમાં શ્રી જિનેશ્વર દેવનો રથ અને ઇન્દ્રધ્વજ વગેરે હતું. સાથે ઘણીસુન્દર અંબાડીસહિત એક હાથી ચાલતો હતો. સુવર્ણની અંબાડીમાં પ્રભુજી પધરાવેલા હોવાથી; માણસોનાં ટોળેટોળાં, પ્રભુજીને નમસ્કાર અને વંદન કરતાં હતાં.

આ વરઘોડો અને તેમાં ચાલતા હાથીને, એક ગધેડાએ જોયો. પશુની જાત–તેમાં પણ ગધેડો એટલે બુદ્ધિનો બારદાન ખરોજને ? હાથીને જોઈને ગધેડાને વિચાર થયોકે પશુ તો હું અને હાથી બન્ને સરખા જ છીએ. મને કોઈ સામું પણ તાકતું નથી, અને હાથીને હજારો માણસો તાકી–તાકીને જુએ છે. આ જગ્યાએ કાંઈક કારણ હોવું જોઈએ.

લાંબા વિચારે ધ્યાનમાં આવ્યું કે, આ હાથીની પાસે આવી કીમતી અંબાડી છે. અને અંબાડીના પ્રતાપે લોકો હાથીને, તાકીતાકીને જુએ છે. અને નમસ્કાર પણ કરે છે. ગધેડાને ખ્યાલ કયાંથી હોય કે હાથીને પ્રણામ નથી. અને અંબાડીને પણ પ્રણામ નથી. લોકો પ્રણામ તો દેવાધિદેવને કરે છે. આવી સમજણના અભાવે ગધેડાએ નિર્ણય કરી લીધો કે, હાથીભાઈનાં માનપાન અંબાડીનેજ આભારી છે.

ગધેડાએ મનોમન નક્કી કરી લીધું કે જો આ અંબાડી મને મળી જાય તો હું પણ લોકોમાં એક સારો માનવંતો બની જાઉં. મને પણ લોકોનાં ટોળાં મળવા આવે–હાથ જોડે અને પ્રણામ–નમસ્કાર કરે. અરે મારી પાછળ ને પાછળ ફર્યા કરે. બસ ત્યારે ગમે તેમ કરી હાથીને મળું. અને અંબાડી માગી લઉં, કારણ હમણાં અંબાડી નકામી હશે ?

એકવાર હાથી નગરની બહાર ફરતો હતો. બે–પાંચ માણસો હાથીની તહેનાતમાં હાજરી આપતા હતા. ત્યાં ગધેડાભાઈ પહોંચ્યા. આગલો જમણો પગ મસ્તકે અડાડી પ્રણામ કર્યા. વચનથી પણ શિષ્ટાચાર કરીને, ગધેડાએ હાથીને કહ્યું, સાહેબ ! હું એક પ્રાર્થના કરવા આવ્યો છું. જો આપ કૃપા કરીને ધ્યાન ઉપર લ્યો તો, મોટો ઉપકાર થશે !

**હાથી** : ભાઈ ગધેડા ! શું કહેવું છે ? **ગધેડો** : સાહેબ ! થોડા દિવસ ઉપર આપની પાસે એક અંબાડી હતીને ? **હાથી** : હા, હતી તે શું કહેવું છે ? **ગધેડો** : સાહેબજી ! તે

અંબાડી મને થોડા દિવસ માટે આપી શકો? **હાથી** : ભાઈ ગધેડા! એ અંબાડી તું ઉપાડી શકે નહીં. **ગધેડો** : સાહેબ! એ આપને ચિંતા કરવાની જરૂર નથી. તમારે ફક્ત પરોપકાર જ કરવાનો છે. **હાથી** : ભાઈ ગધેડા! પરોપકાર તો તે કહેવાય કે લેનારને નુકસાન થાય જ નહિ પણ અવશ્ય લાભ થાય. **ગધેડો** : સાહેબ! મનેપણ નુકસાન નહિ પણ લાભ જ થવાનો છે. **હાથી** : પણ તું ઉપાડી જ નશકે તેનું કેમ? **ગધેડો** : એ આપને જોવાની જરૂર નથી. મને કૃપા કરીને અંબાડી આપવાની હા પાડો. **હાથી** (કંટાળીને): અરે મૂર્ખ ગધેડા! આવું વજનદાર વસ્તુ ઉપાડવાથી તું દબાઈ જઈશ. પીઠ ઉપર ચાંદાં પડશે. છતાં તુને પોતાને લાભ થવાને બદલે, લોકો પેટ પકડીને હસશે. અને ભલે તું ગધેડો હોવાથી તુંને લજ્જા કે શરમ ન આવે. પરંતુ આ અંબાડી તુજને આપનાર, અમે પણ તારા જેવા ગધેડા બનીએ, એનું અમારે તો ભાન રાખવું જોઈએ ને?

**ગધેડો** : સાહેબ! શા માટે ખોટા બચાવ કરો છો? હું બરાબર અંબાડી ઉપાડી શકીશ. અને આપ નામદારનો જિંદગીભર ઉપકાર ભૂલીશ નહી. હવે ક્યાં સુધી કાકલુદી – કાલાવાલા કરાવશો? **હાથી** : ગધેડાભાઈ! આવી વજનદાર અને ઘણી લાંબી પહોળી અંબાડી તેં ક્યારે જોઈ છે? **ગધેડો** : જોયા વિના હું માગું કેમ? **હાથી** : તો આવી અંબાડી ઉપાડવાથી તુંને શું લાભ મળશે? **ગધેડો** : સાહેબજી! આપને મળ્યો તે જ લાભ હુ મેળવા ઇચ્છું છું. **હાથી** : મને ક્યારે, અને શું લાભ મળ્યો? **ગધેડો** : સાહેબ, આપને હજારો માણસો જોવા આવ્યાં હતાં. પ્રણામ કરતાં હતાં. પગે લાગતાં હતાં. બસ મારે પણ એ જ જોઈએ છે.

**હાથી** : અરે મૂર્ખ ગધેડા, આ અંબાડી તારા શરીરની લંબાઈથી પણ વધારે લાંબી છે. અને પહોળી પણ ખૂબ છે. અને તારાથી ઊંચકી પણ શકાય નહી તેટલી વજનદાર છે. માટે હવે અહીંથી જતો રહે. વળી તું કહે છે કે આપને હજારો માણસો પ્રણામ કરતા હતા. પગે લાગતા હતા. તે પણ તારી સમજફેર છે. મને કોઈ પ્રણામ કરતું નથી. અને અંબાડીને પણ પ્રણામ થતા નથી. પરંતુ અંબાડીમાં બીરાજમાન થએલા પ્રભુજીને પ્રણામ થતા હતા, થાય છે.

હાથી કે અંબાડી હોય કે ન હોય, પ્રણામો પ્રભુજીને જ થાય છે. મને અથવા અંબાડીને નહીં જ. માટે અક્કલના બારદાન ગધેડા! હવે બકવાદ બંધ કરીને રસ્તો માપી ચાલવા માંડ અને મહેરબાની કરીને આવી મગજમારી કરાવવા હવે ક્યારે પણ આવીશ નહીં.

**ગધેડો** : સાહેબ! ભગવાન અંબાડીમાં બેઠેલા કોણે જોયા હતા? આ તમારી કેવળ અંબાડી ન આપવાની બનાવટ છે. તે દિવસે અંબાડીના જ પ્રતાપે હજારો માણસો જોવા આવતા હતા, પ્રણામો કરતા હતા. આજે પણ આપ શ્રીમાન ગજરાજ તો એના એ જ છો. અંબાડી નથી માટે જ એકલા અટુલા મારા જેવા દેખાવ છો.

**હાથી** : ભાઈ ગધેડા! તારા જેવા મૂર્ખ અજ્ઞાનીને પોતાની આબરુની કિંમત ભલે ન હોય. પરંતુ અમારાથી એમ યોગ્ય અયોગ્યનો વિચાર કર્યા વગર પગલું કેમ

ભરાય? જો સાંભળ, જેનામાં જે લાયકાત હોય તે તેને આપવાથી તેની આબરુ ઘટે નહીં તારા માટે તો અનાજ વગેરેની ગુણ જ શોભે.

**ગધેડો** : નામદાર! એમાં યોગ્ય અયોગ્યનો વિચાર કરવા જરૂર નથી. લુગડાં ઉજળાને માન છે. ઉજળાં લુગડાં પહેરીને ચાલનાર ગમે તે હોય. પરંતુ મોટો માણસ ગણાય છે. તેમ હું પણ આશા રાખું છું કે આપ કૃપા કરી અંબાડી આપો અને મને જગતમાં એક માનવંતો બનાવવાની ઉદારતા કરો.

**હાથી** : ભાઈ ગધેડા! તારી મૂર્ખાઈની સીમાજ ગણાય! આજે તું આવી અંબાડી ઉપાડવાની ધીઠાઈ વિચારી રહ્યો છે. જો અંબાડીથી મોટાઈ આવતી હોય તો, તારા કરતાં ઘણી વધારે શક્તિ ધરાવનારા ઊંટ, બળદ, પાડા, આખલા, ગેંડા, રોઝ વગેરે હજારો પ્રાણીઓ છે. પરંતુ આજ સુધી આવી તારા જેવી મૂર્ખાઈ કોઈએ વિચારી હોય તેવું જાણવામાં આવ્યું નથી.

**ગધેડો** : સાહેબ! આપની બધી દલીલો મેં સાંભળી. હવે મહેરબાની કરી એક દિવસ મને અંબાડીની બક્ષીસ કરો. હું પણ મારી જાતને સફળ બનાવું અને જગતમાં મારી યે આબરુનો ફેલાવો થઈ જાય.

**હાથી** : ગધેડા! તારે આબરુ હતી જ નહીં, છે જ નહીં અને તેથી જ તું આટલી હદની (અંબાડી ઉપાડવા સુધીની) ધીઠાઈ વિચારી રહ્યો છે. પરંતુ મારે જગતમા આબરુની જ કિંમત છે. તારા જેવા સાથે વાત કરવાથી પણ મારી આબરુ ઘટે છે. તો પછી વાદવિવાદની વાત જ શું કરવી?

આટલી વાત સંભળાવીને, હાથીએ પોતાનું વક્તવ્ય બંધ કર્યું. ગધેડાભાઈ ઉશ્કેરાઈ ગયા અને હાથીને ગાળો ભાંડતા ચાલવા લાગ્યા. પરંતુ આ જગ્યાએ માણસોનું એક ટોળું ભેગું થયેલું હતું. તેમાં કેટલાક લોકોને "છોને બાપડો ઉપાડતો હોય." આપણું શું જાય છે?" એમ બોલીને સોબસો જણની સંમતિથી અંબાડી લાવીને ગધેડાની પીઠ ઉપર બંધાવી દીધી. ખૂબ ભારથી દબાઈ જવા છતાં ગધેડો અંબાડી પામીને ખુશી થયો.

ઉપાડીને બજારમાં ચાલ્યો, કોઈએ પ્રણામ કર્યા નહીં. પણ લોકો આશ્ચર્ય પામીને હસવા લાગ્યા. ગધેડાને પ્રણામ મળ્યા નહીં માટે લાંબેથી ભૂંક્યો. અને બજાર વચ્ચે લોકોના સન્માન નહીં પણ અપમાન મલવાથી પોતાની ભાષામાં ગાળો ભાંડતો. અંબાડીના વજનથી પીડાઈને મરણ પામ્યો. શુભ ધ્યાન નહીં પણ દુર્ધ્યાનથી મરીને દુર્ગતિમાં ગયો.

**ઉપનય** હાથી તે એક ગુણ સપન્ન આત્મા. ભદ્રબાહુસ્વામી, આર્યરક્ષિત સ્વામી કે હેમચંદ્રસૂરિ મહારાજ વગેરે જેવા ભાવાચાર્ય સમજવા, અંબાડી સ્થાને વાચક દિવાકર ક્ષમાશ્રમણ ગણી આચાર્ય વગેરે પદવી જાણવી. અને અંબાડીમાં પધરાવેલા પ્રભુજીના

સ્થાનમાં આચાર્ય ભગવંતમાં પ્રકટ થએલા છત્રીશ છત્રીશીઓ બારસો છન્નૂ ગુણો જાણવા ગુણો હોય તો જ પદવી અને વ્યક્તિની શોભા ખીલે છે.

ગધેડાની જગ્યાએ બાલચંદ્ર વરાહમિહીર વગેરે કુશિષ્યો સમજવા. ગુરુઓ પાસે આચાર્ય પદવીની માગણી કરવી તે જ ગધેડાએ હાથી પાસે અંબાડીની યાચનાસમાન છે. ભદ્રબાહુસ્વામી કે હેમચંદ્રસૂર મહારાજ જેવા ભાવાચાર્ય ગુરુદેવોએ ગધેડા જેવા કુશિષ્યોને પદવી ન આપી તે હાથીએ ગધેડાને અંબાડી ન આપવા–સમાન જાણવું.

હાથીએ ગધેડાને અંબાડી છેવટ સુધી ન આપી. પરંતુ પરમાર્થના અજાણ ટોળાએ ગધેડાની શકિતનો વિચાર કર્યા વગર, અંબાડી ઉપડાવી. તેમ રત્નત્રયીના અંશ વગરના કુશિષ્યોને, પરમાર્થના અજાણ સાધુઓ કે શ્રાવકોના ટોળાએ આપેલી પદવી સમજવી. તથા જેમ ગધેડાને કોઈએ નમસ્કાર ન કર્યા, અને લોકો ઉપર ચીડાઈને ગધેડો ગાળો ભાંડીને મરી ગયો તેમ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર વગરના કુસાધુઓ આચાર્ય–ઉપાધ્યાય–પંન્યાસ વિગેરે પદો પોતાની ઇચ્છાથી લે. અને સમાજનો સતકાર મળે નહીં.

પછી બારેમાસ ગુણના ભંડાર એવા સાધુ–સાધ્વી–શ્રાવક–શ્રાવિકાઓને ગાળો ભાંડે. નિંદા કરે. "સાલાઓ દૃષ્ટિરાગિયા થઈ ગયા છે." આવું બોલી–વિચારી કર્મ બાંધી કુગતિ-ગામી બને છે. "ગુણી મહાત્માઓને પૂજવાના વિચારો આવે જ નહીં." પોતાની અંદરના ગુણદોષોની ખબરજ નપડે તેમાણસ જ નકહેવાય તોપછી આચાર્ય કેમ કહેવાય ?"

**પ્રશ્ન** : તો પછી આચાર્ય પદવી કોને આપવી અને કેવાઓએ લેવી ?

**ઉત્તર** : લેવાની તો ઇચ્છા હોય જ નહીં. આચાર્ય પદવી લેવાની ઇચ્છા અથવા પોતાને વંદના કરાવવાની ઇચ્છા, પોતાના ગુણ સાંભળવાની ઇચ્છા; આ એક મોટામાં મોટી આત્માના દુર્ગુણની નિશાની છે. ગુણી મહાપુરુષ પોતાના ગુણનાં વખાણ પોતાના મુખથી કરે નહીં. પરંતુ બીજા પાસે સાંભળે પણ નહીં.

### કોઈક કવિરાજ—

બડા બડાઈ ન કરે, બડા ન બોલે બોલ, હીરા મુખસે નવ કહે, લાખ હમારા મોલ. ૧

**ગંભીરતા ઉપર કાલકાચાર્યની કથા :—**

આચાર્ય ભગવાન કાલકાચાર્ય એક વાર પોતાના શિષ્યોના અવિનયથી કંટાળીને, એકલા જ વિહાર કરીને (ઉજ્જયિનીથી વિહાર કરીને સુવર્ણભૂમિ પધાર્યા હતા.) પોતાના પ્રશિષ્ય સાગરસૂરિ પાસે ગયા હતા. સાગરસૂરિએ આચાર્ય ભગવાન કાલકસૂરિ મહારાજના ઘણા ગુણો સાંભળ્યા હતા, પરંતુ ગુરુભગવાનનાં કયારેપણ દર્શન થયા ન હતાં, તેથી ગુરુમહારાજની ઓળખાણ કયાંથી હોય ?

કાલકાચાર્ય ભગવાન એકાએક, ખભેપાત્રાં ઉપાડેલાં ઘણી વૃદ્ધ અવસ્થા હોવાછતાં, પૂછતા પૂછતા જૈન ઉપાશ્રય આવ્યા. સાગરાચાર્યે જોયા. પ્રશ્ન પૂછયો, વૃધ્ધ મહારાજ ક્યાંથી પધાર્યા ? એકલા કેમ ?

કાલકાચાર્યનો ઉત્તર : ભાઈ કારણવશાત્ એકલા થઈ ગયા છીએ. બે પાંચ દિવસ રહેવું છે. ઉતરવા આપો તો એક બાજુ ઉતરું. સાગરસૂરિએ ઉતરવાની હાપાડી અને આચાર્ય ભગવાન ઉતર્યા.

આચાર્ય ભગવાન પોતાની ગોચરી–પાણી પ્રતિક્રમણ પડિલેહણ જાતે કરવા સાથે રાતદિવસ સ્વાધ્યાય અને અપ્રમત્ત દશામાં રહેતા હતા. આડકતરી રીતે પણ પોતાની વિદ્વત્તા કે ગુરુતા જણાવા દીધી નહીં. કયારેક સાગરસૂરિ પૂછતા, કેમ બુઢા મહારાજ ? કાંઈ ભણ્યા છો ? સૂરિ મહારાજ ઉત્તર આપતા હા ભાઈ, એવું થોડું ઘણું કામચલાઉ શીખ્યા છીએ.

**સાગરાચરિય** પોતાના શિષ્યોને સૂત્રની અર્થની વાચના આપતા, તો કયારેક કયારેક આચાર્ય મહારાજને પૂછતા, કેમ બુઢા મહારાજ ! હું વાચના બરાબર આપું છું ને ? આચાર્ય મહારાજ ઉત્તર આપતા: હા ભાઈ, ઘણું સારૂં ભણાવો છો. આવી આચાર્યદેવની ગંભીરતા અને સાગરાચાર્યની (ઓલખાણ ન હોવાથી) આપ બડાઈમય લગભગ પાંચ પન્નર દિવસ ગયા હશે.

એટલામાં કાલકાચાર્ય ભગવાને છોડેલો શિષ્ય સમુદાય, પચ્ચાસ–સો જેટલા સાધુઓ આચાર્ય ભગવાનનો માર્ગ પૂછતા પૂછતા, આજે પ્રસ્તુત શહેરના સાધુમુનિરાજોના ઉપાશ્રયના બારણે આવ્યા. આટલો મોટો સાધુસમુદાય જોઈ શ્રાવકસમુદાય પણ ઘણો ભેગો થઈ ગયો હશે.

આવનાર સાધુ વર્ગને, સાગરસૂરિના સાધુએ પૂછયું, આપ શ્રમણ ભગવંતો કયા આચાર્ય ભગવાનના પરિવારમાં છો ? તેમનો ઉત્તર, મહાગુણ નિધાન કાલકસૂરિ મહારાજના અમે સાધુઓ છીએ. અહીં વસનાર સાધુઓ. અમે પણ કાલકાચાર્ય ભગવાનના જ સાધુઓ છીએ. આવનાર સાધુઓનો પ્રશ્ન ત્યારે શું આચાર્ય ભગવાન અહીં પધાર્યા નથી ? અહીં રહેલા સાધુઓનો ઉત્તર નારેના કાલકાચાર્ય ભગવાન પધારેલા હોયતો અમને ખબર કેમ ન હોય ?

આવનાર સાધુઓ કહે છે અમારામાં અવિનય વધી જવાથી, અથવા અમારા દુર્ભાગ્યના ઉદયથી, કાલકાચાર્ય ભગવાન અમને છોડીને, એકાકી વિહાર કરી ગયા છે. તે વાત અમે શય્યાતર શ્રાવકના મુખે જાણીને, આચાર્ય ભગવાન કઈ બાજુ પધાર્યા હશે ? તે વાત પણ તે જ શ્રાવકને પૂછીને, આચાર્યદેવના પગલે પગલે ચાલતા, અને ગામોગામ તેમના સમાચાર મેળવતા, આજે અહીં આવ્યા છીએ. આચાર્ય ભગવાન અહીં આવ્યા હોવા જોઈએ ?

તુરત સાગરસૂરિ આગળ આવી કહેવા લાગ્યાકે હે મુનિ ભગવંતો! તમારા અને અમારા એક જ ગુરુજી છે. તમે એમને શોધતા આવ્યા છો. અને અમે તેમનાં દર્શનની ઝંખના કરીએ છીએ. કાલકાચાર્ય ભગવાન પધાર્યા હોયતો કેટલી મોટી શાસન પ્રભાવના થઈ હોય? પરંતુ કેટલાક દિવસથી એક ઘરડા સાધુ આવ્યા છે, તેમને પૂછીએ, જો આચાર્ય મહારાજની ખબર હોય?

બધા સાધુ વસતિમાં આવ્યા. ગુરુભગવંતને જોયા. બધાએ ગુરુમહારાજને ઓળખીને ખૂબ હર્ષાતિરેકમાં ઉપાશ્રય ગાજી ઉઠે તેમ **नमो खमासमणाणं मत्थएण वंदामि**

**અર્થ** : ક્ષમાના ભંડાર ગુરુ મહારાજને અમારા નમસ્કાર થાઓ. અમે વારંવાર મસ્તક વડે-( ઉપલક્ષણ ) વચન અને શરીરથી પણ વાંદીએ છીએ.

આવનાર મુનિરાજોથી ખબર પડી કે, બુઢ્ઢામહારાજ તેજ આપણા શિરછત્ર આચાર્ય મહારાજ કાલકસૂરિ ભગવંત છે. આ વાતની જાણ થતાંજ સાગરસૂરિ એકદમ આચાર્ય ભગવંતના પગમાં પડી ગયા. વારંવાર માફી માગવા લાગ્યા. અને બોલવા લાગ્યા, કયાં મેરૂ અને કયાં સરસવ? કયાં સૂર્ય અને કયાં ખદ્યોતનો કીડો? કયાં સાગર અને કયાં ખાબોચિઉં? કયાં ચિન્તામણિરત્ન અને કયાં એક કપર્દિકા? કયાં ગુરુભગવાન આપ અને કયાં આપના પગની રજ એવો હું?

બસ સાગરસૂરિને સમજાઈ ગયું કે, આવા શ્રુતસમુદ્ર જેવા ગુરુપાસે ખાબોચયા જેવા મેં વિદ્વાનપણાનો દેખાવ કર્યો એપણ મારી તુચ્છતાની અવધિ ગણાય. સમુદ્ર પાસે નદીઓ પણ કસી વીસાતમાં ગણાતી નથી. તોપછી નાનાખાડામાં ભરાયેલા પાણીની કેટલી મોટાઈ? કહ્યું છે કે—

શ્રીમંતોની સભા મધ્ય, ગરીબ શી ગણતીમાં,
 કોહીનૂર પાસ કાચ, બાપડો શ્યાબાબમાં?
સાગરની આગળ તે, ગાગરને કોણ ગણે?
 તલ તણું તેલ તુચ્છ, તે કશું તેજાબમાં?
લાખ કરોડ રૂપિયાનાં, જે ઠેકાણે લેખાં થાય,
 કોડિયો બિચારી ત્યાં, કહો કયા હિસાબમાં?
સુણો રુડાં રાજહંસ? દાખે દલપતરામ,
 છ આનાની છીદરી તે, છાજે કેમ છાબમાં.

**અર્થ** : કવિ કહે છે જેમ મોટા ધનવાનોની સભામાં કોઈ રાંક જઈને બેસે તો શોભતો નથી. કોહીનૂર જેવા હીરાની ખાણમાં કાચ કદરુપો લાગે છે. સમુદ્રના પાણી પાસે

પાણીથી ભરેલો ઘડો શબ્દો કરે, તેને કોઈ સાંભળતું નથી. તેજાબ જેવા તેજસ્વી પદાર્થ પાસે તેલની કિંમત ગણાતી નથી. લાખો કે કરોડો રૂપિયાના હિસાબો લખાતા હોય ત્યાં, પાંચપચ્ચીશ કોડીઓની શી કિંમત લેખાય ?

તેમ કોઈ મોટા રાજા કે લક્ષ્મીપતિની દીકરીના લગ્નમાં લાખોની કિંમતના દાગીના અપાતા હોય, તેનીસાથે છઆનાની તદ્દન હલકી લૂગડાની ઓઢણીની શોભા કેટલી ?

**પ્રશ્ન :** આચાર્ય થનાર મહાપુરુષોને આવી વસ્તુની સરખામણીની શી જરૂર ?

**ઉત્તર :** આચાર્ય ભગવંતોનું સ્થાન શાશ્વતું છે. **જ્ઞાની પુરુષો કહે છે કે**
**आयरिय नमुस्कारो सव्वपावप्पणासणो। मंगलाणंच सव्वेसिं तइयं हवइ मंगलं** ॥ १ ॥

**અર્થ :** આચાર્ય ભગવાનને કરાએલો નમસ્કાર સર્વ પાપોનો નાશ કરે છે. અને બધા જ મંગલિકોમાં ( અરિહંતો અને સિદ્ધોના નમસ્કાર પછી ) ત્રીજું મંગલિક ગણાયું છે. ( ઇતિ ગુરુ પ્રદક્ષિણા–કુલક ).

ત્રણે જગતના જીવોને કલ્યાણકારી, હિતકારી–,શુભકારી 'માનવા–યોગ્ય, ધ્યાનકરવા યોગ્ય, આરાધના કરવા યોગ્ય અનંતાનંત આચાર્યોના સ્થાનમાં ગમે તેવો માણસ કેમ બેસી શકે? શો ટચના સુવર્ણમાં જ હીરો જડાય છે. નબળું સુવર્ણ પણ ન ચાલે. ત્યાં પિત્તળ કેમ પોષાય ?

**પ્રશ્ન :** તો પછી ગુરુઓ ગચ્છ અને સંઘ યોગ્યતાની પરીક્ષા કરીને, જેમને પદવી આપે તેજ મહાપુરુષ આચાર્ય કહેવાય પરંતુ લેનારને બિલકુલ પદવી લેવાની ઇચ્છા થવી જોઈએ નહીં અને પદવી લેવાની ભાવના કરવી તે પણ દોષ એમ ખરું ?

**ઉત્તર** શ્રી વીતરાગ શાસનમાં, પોતાના ગુણની પ્રશંસા કે વખાણ પોતાની જાતે કરવાં તે તો ગુનો છે જ, પરંતુ બીજાપાસે પોતાનાં વખ્ખાણ કરાવવાં તે પણ મહાદોષનું કારણ છે.

## આપ બડાઇની દુષ્ટતા માટે ભુવન સુંદરીની કથા :

અયોધ્યા નગરીના હરિ વિક્રમ રાજાની રાણી ભુવનસુન્દરીએ ગયા કેટલાક ભવો પહેલાં, મુનિપણું આરાધવા છતાં, નિરતિચાર પાળવા છતાં, હજારો લાખો પશુઓને પણ અહિંસક બનાવવા છતાં પણ, કર્મ રાજાએ તેમને કેવા ગુનેગાર બનાવ્યા હતો તે જાણવા યોગ્ય હોવાથી લખાય છે.

આ જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં કોશલ દેશમાં વિશાલા–ઉર્ફે વિજયા નામની નગરી હતી. તે નગરીમાં ઋષભદત્ત શ્રેષ્ટિની અનંત લક્ષ્મીભાર્યાથી ધર્મદત્ત નામનો પુત્ર થયો હતો. માતાપિતાને એક જ પુત્ર હતો સુરુપ હતો. પિતાના ઘરમાં ધન પણ ખૂબ જ હતું.

માતાપિતા તેને અનેક કન્યા પરણાવવા ભાવના ભાવતા હતા. ઘણા ધનવાનો પુત્રીઓ આપવા આવતા હતા

તો પણ વૈરાગી ધર્મદત્ત કુમારે માતાપિતાને સમજાવી. સુગુરૂ પાસે દીક્ષા લીધી અને બુદ્ધિ અને ગુરુયોગથી સર્વશાસ્ત્રોના પારગામી થયા. **જુઓ તે મહાપુરૂષની યોગ્યતા**

**संप्राप्तयौवनोप्येषः लक्ष्मीवान् सुभगाग्रणीः । प्रार्थ्यमान विवाहोपि, तरूणीभिरनेकधा ॥ १ ॥**

**जितेन्द्रियः प्रशान्तात्मा, निर्मोहः स्वजना दिषु । आपृच्छय पितरौ, धर्मः प्राव्राजीद् गुरूसंनिधौ ॥ २ ॥**

**अभ्यस्तसंयताचारः, तपःशोषितविग्रहः । एकत्त्वप्रतिमां धर्मः, प्रपेदे गुर्वनुज्ञाया ॥ ३ ॥**

**बहुभिः क्रूरसत्त्वौघै ररण्येतत्र भीषणे । तस्थौ प्रतिमया साधुः, रेकस्मिन गिरिजह्वरे ॥ ५ ॥**

**तस्य साम्यप्रभावेण, त्यक्तवैराः परस्परं । सेवंते तं मुनिं व्याघ्र-करिसिंहमृगादयः ॥ ५ ॥**

**धर्मोपदेशं श्रृणंन्ति, भद्रकीभावमागताः । जीवघातं न कुर्वन्ति, सावद्याहारवर्जिनः ॥ ६ ॥**

**અર્થ** : ધર્મદત્તકુમાર મોટા લક્ષ્મીવાનનો પુત્ર હતો તથા સૌભાગ્યવાન પુરુષોમાં અગ્રેસર હતો. યૌવનવય ખીલી હતી. અનેક કુમારીકાઓની પરણવા માટે માગણી પણ હતી. તો પણ કંચન અને કામિનીનો ત્યાગ કરીને ॥ ૧ ॥ સ્વજનાદિક ઉપર નિર્મમત્વ બનીને, ઈન્દ્રિયો ઉપર કાબૂ મેળવીને, પ્રશાન્તચિત્ત એવા ધર્મદત્તકુમારે, માતા પિતાની આજ્ઞાપૂર્વક દીક્ષા લીધી. ॥ ૨ ॥ અને સાધુના આચારો સમજવાપૂર્વક શાસ્ત્રોના પારગામી થઈને, તથા તપ વડે–શરીરને ખૂબ કૃશ બનાવીને, ગુરુભગવાનની આજ્ઞાથી એકલા વિહાર કરવા લાગ્યા. ॥ ૩ ॥ અને વિહાર કરતા સિંહ–વ્યાઘ્ર વગેરે ક્રૂરશ્વાપદોથી ભરચક–અટવીમાં ગયા. ત્યાં એક પર્વતની ગુફામાં કાઉસ્સગ્ગધ્યાનમાં સ્થિર થયા. ॥ ૪ ॥ તે મહામુનિરાજના તપ અને સમતાભાવના પ્રભાવે, પ્રકટેલી લબ્ધિના પ્રભાવથી, વાઘ, સિંહ, હાથી, હરણ વગેરે વનેચર પ્રાણીઓ પણ, પરસ્પરનાં સ્વભાવસિદ્ધ વૈરોને ત્યાગ કરીને, મુનિરાજ પાસે આવીને બેસવા લાગ્યાં. ॥ ૫ ॥ અને ધર્મનો ઉપદેશ સાંભળીને ભદ્રીકભાવ પામીને, જીવ હિંસાનો ત્યાગ કરીને, ફળ અને ઘાસ વગેરે નિષ્પાપ ખોરાકથી નિર્વાહ કરનારા થયા. અને ક્રમે કરીને ધર્મદત્ત મહામુનિરાજનો ચારિત્રરૂપ ચંદ્રોદય એટલો બધો પ્રકાશમાન થયોકે, જેથી આ ચોવીસ યોજનની લાંબી પહોળી સમગ્ર અટવીમાં વસનારાં પ્રાણીઓ જીવહિંસાથી મુક્ત બની ગયાં. ઈતિ હરિ વિક્રમચરિત્ર સર્ગ ૫ મો. શ્લો. ૫૯–૬૦–૬૧–૬૩–૬૪–૬૫.

આ અટવીથી થોડી નજીકમાં, પુષ્કલભિલ્લોના વસવાટવાળી ભિલ્લલોકોની પલ્લિ હતી. તેમાં વસનારા બધાજ ભિલ્લો હતા, તેમનો રાજા પણ મહા ક્રૂર સ્વભાવવાળો ભિલ્લપતિ વ્યાઘ્રરાજ નામનો હતો. તે બારે માસ, શિકાર, ચોરી, માંસ, મદિરા, જુગાર, વેશ્યા–પરસ્ત્રી સાતે વ્યસનોને સેવનારો હોવાથી, પલ્લિમાં રહેનારા નાનામોટા બધાજ મનુષ્યો કેવળ પાપમય જીવન જીવનારા હતા.

અટવીમાં ઘણો વખત રહીને, લાખો પશુઓને હિંસામુકત બનાવીને, ધર્મદત્ત–મહામુનિરાજ વિહાર કરતા એકદિવસની સાંજે વ્યાઘ્રપલ્લિના ઉદ્યાનમાં આવીને કાઉસ્સગ્ગ ધ્યાનમાં ઊભા રહ્યા. મુનિશ્રીએ વિહાર કર્યો ત્યારે, મુનિરાજના તપ, સંયમ–સમભાવથી આકર્ષાયેલો, સ્થુલકાય એક સિંહ પણ, વિનીતશિષ્ય જેવો બનીને, મુનિશ્રી સાથે આવી, મુનિશ્રીની પાસે બેસી ગયો હતો.

વ્યાઘ્રપલ્લિની બધી બાજુ કિલ્લો અને દરવાજા હતા. મુનિ આખી રાત ધ્યાનમાં જ ઉભા હતા, અને સિંહ પણ સમતાના સમુદ્ર મુનિશ્રીના તપ, સંયમ, ધ્યાન, ચારિત્રનું અનુમોદન કરતો પાસે બેઠો હતો. પ્રાતઃકાળે દરવાજા ખુલ્યા અને નર–નારી–બાળકોનાં ટોળાં બહાર નીકળ્યાં. મુનિને ન જોયા, પરંતુ સિંહને જોયો. લોકોએ પલ્લિપતિને ખબર આપી તેથી પલ્લિપતિ ધનુષબાણ લઈને બહાર આવ્યો.

અને સિંહના શિકારનો આનંદ માણવા, સિંહની ઉપર બાણોનો વરસાદ વર્ષાવ્યો. મુનિરાજના અતિશય અને સિંહની કૂદવાની અને ઘાવને ટાળવાની ટેવના કારણે, ભિલ્લપતિના પ્રહારો બધા જ વ્યર્થ થયા. સિંહને લાગ્યા નહીં. પરંતુ પલ્લિપતિને જરૂર વિચાર કરતો બનાવી મૂકયો.

પલ્લિનાથને આજ સુધી એકે બાણ ખાલી ન ગયાનો ગર્વ હતો. તે પણ ભાગીને ભુક્કો થઈ ગયો અને વિચારવા લાગ્યો કે, જરૂર સાથે ઊભેલા આ મહાત્માનો કાંઈક પ્રભાવ–ચમત્કાર હોવો જોઈએ. મારી આખી જિંદગીમાં. સિંહને મનુષ્ય સાથે કે પાસે ઉભેલો મેં જોયો નથી. આજે તો સિંહ આ મહાત્મા પાસે બેઠો છે. એ મોટું આશ્ચર્ય છે. તથા મારા આટલા બાણપ્રહારો થવા છતાં પણ, ઉશ્કેરાયો નથી એ બીજું આશ્ચર્ય! તથા આટલા બધા ધનુષધારીને જોવા છતાં, ડરતો નથી તે ત્રીજું આશ્ચર્ય!

આ બધી ભિલ્લપતિ અને ભિલ્લલોકોની ગડમથલ જોઈ, મુનિશ્રીએ કાઉસ્સગ્ગ પાર્યો વ્યાઘ્રરાજનો **પ્રશ્ન** :

હેસંતપુરુષ! આવા ક્રૂર અને હિંસક પ્રાણીને કેમ સાથે રાખો છો.
મુનિશ્રીનો **ઉત્તર** :

રાજન! એ હિંસક કયાં છે? આટલા બધા તમારા પ્રહારો આવવા છતાં તેનામાં આવેશનો અંશ પણ નથી. તે પશુ હોવા છતાં અને તમે ગુનેગાર હોવા છતાં બદલો લેવા જેટલો વિચાર પણ કરતો નથી. જ્યારે તમે રાજા છો. માણુસ છો. સારું ખોટું સમજવા જેટલી બુદ્ધિવાળા છો. છતાં વિના ગુનેગારોને વગર ગુને મારી નાખો છો. હમણાં પણ હિંસક ક્રિયા ચાલુ છે.

ત્યારે સિંહ વગેરે પ્રાણીઓ, અજ્ઞાની, અવિવેકી હોવાથી, માંસાદિ મહાદુષ્ટ વસ્તુ ખાય છે અને જાતિસ્વભાવ દુર્ગુણોને પરવશ બનીને, જીવોના નાશ કરતાં ખચકાતા નથી

જ્યારે તમે માણસ છો. વિચારક છો. મિષ્ટાન્ન, પકવાન, મેવા, ફળ વગેરે સેંકડો સુંદર સ્વાદવાળી વસ્તુઓ હોવા છતાં, જગતમાં નિન્દ્યમાં નિન્દ્ય બીજા પ્રાણિઓને મારી નાખીને બનેલા માંસનું ભોજન કરો છો. કેટલું ખરાબ ?

તમે મનુષ્ય અને આ સિંહ પશુ, બન્નેનાં આચરણનો વિચાર કરશો તો, તમને જરૂર સમજાશે કે, તમે વગર ગુને સિંહની ઉપર બાણનો વરસાદ વર્ષાવ્યો છે અને સિંહનાં જોરદાર પુણ્યોથી તમારાં બાણો લાગ્યાં નહીં. તોપણ પશુ એવા સિંહે, ગુનેગાર એવા તમોને મારવા ઉદ્યમ પણ કર્યો છે ? તમારી પાસે બદલો લેવા વિચાર પણ ન થયો તે—સિંહની ઉત્તમતા કેટલી ?

મુનિના પ્રભાવશાળી વચનોની, પલ્લિપતિ ભિલ્લરાજા ઉપર ખૂબ અસર થઈ. અને મુનિરાજ પાસે સંસારની દુષ્ટતાનું આબેહુબ વર્ણન સાભળ્યું. આજસુધી આખી જીંદગીનાં પાપોનો, અતિપ્રમાણ પશ્ચાત્તાપ શરૂ થયો. રાજા રડી પડ્યો અને સાચા વૈરાગ્યથી દીક્ષા લીધી.

મુનિરાજે ભિલ્લપતિને, રત્નત્રયીની ગ્રહણ–આસેવનવાળી અનુભવપૂર્ણ, વાચના આપીને, મુનિમાર્ગમાં ખૂબ સ્થિર અને મજબૂત બનાવ્યો. ત્યાંથી વિહાર કરતા કરતા ક્રમે કરીને ગુરુશિષ્ય વિજયાવિશાલાનગરીના ઉદ્યાનમાં આવીને ઉતર્યા. નગરવાસી લોકો અને કુટુંબવર્ગ વાંદવા આવ્યા. દેશના સાંભળી. વ્યાખ્યાન શકિતથી લોકો ઘણા આનંદ પામ્યા.

ઋષભદત્તશ્રેષ્ઠિએ મુનિને પૂછયું, ભગવન્ ! અમે એવું સાંભળ્યું છે કે, આપશ્રીના ઉપદેશથી હજારો લાખો ક્રૂરશ્વાપદો, વનેચર પ્રાણીઓ, પ્રતિબોધ પામ્યા છે. હિંસાના ત્યાગ કરીને, કયારે પણ માંસાહાર કરતા નથી. આ વાત સાચી છે ?

## ધર્મદત્ત મુનિનો ઉત્તર :

**मुनिराह स्म युष्माभि, र्यथाश्रावि तथैवतत् । एष पल्लिपतिर्जातः प्रत्यक्षो मुनिपुंगवः ॥१॥**
**तिर्यक्प्रबोधाशक्तिर्या, साक्षाद् भिल्लपतेरपि । एनं पृच्छत लज्जेहं । स्वयं तां कथयन् निजां ॥२॥**
**त्यक्त्वा जैवं प्रशंसार्थी, स तेन यदवीवदत् । मायामृषाफलं स्त्रीत्वं धर्मर्षिःतेन नद्धवान् (बद्धवान्) ॥३॥**
ઇતિ હરિવિક્રમચરિત્રં

**અર્થ** : પોતાના પિતાશ્રી ઋષભદત્તશેઠ વગેરે માણસોએ, સાધુ ધર્મદતની પ્રશંસા કરી અને તેમની સાંભળેલી કીર્તિના નિર્ણય માટે પ્રશ્ન પૂછયો. તેના ઉત્તરમાં ધર્મદત્ત સાધુએ જણાવ્યું કે તમે જે સાંભળ્યું તે તદ્દન સાચું જ છે અને આ વાતની સાક્ષી તરીકે આ પલ્લિપતિ પ્રત્યક્ષ છે. મારી પ્રતિબોધ શકિતની સાચી હકીકત આ અમારા સાધુથી તમે બરાબર સમજી શકશો. કારણ કે આ પલ્લિપતિએ પોતે સાક્ષાત્ અનુભવ કર્યો છે.

માટે તમારે જો સંપૂર્ણ જાણવું હોય તો, મારા આ શિષ્ય જણાવશે. પોતાની બડાઈ હું પોતે કહેતાં શરમ અનુભવું છું. આ પ્રમાણે આપ બડાઈની ઇચ્છાવાળા, તે મહામુનિ-

રાજની સરળતા ખોવાઈ ગઈ, અને માયામૃષાવાદ સેવાઈ જવાથી, સ્ત્રીવેદમહાપાપ બંધાઈ ગયું. અને શિષ્ય મુનિએ લોકો પાસે વિસ્તારથી ગુરુના વખાણ કહી સંભળાવ્યાં.

## ધર્મદત્ત મુનિએ શિષ્ય પાસે કરાવેલાં વખાણનું ફળ

ધર્મદત્ત મુનિરાજ વૈરાગ્યથી, ધનમાલ, માતાપિતા તથા વિકારવાસનાઓને વોસીરાવીને સંયમી થયા હતા. મુનિપણું પામીને પણ શાસ્ત્રોના અભ્યાસ સાથે, તપશ્ચર્યા અને ત્યાગમાં પણ ખૂબ આગળ વધ્યા હતા. બારેમાસ પહાડોની ગુફાઓમાં કે, મોટાં જંગલોમાં જ રહીને, તપસા અને સંયમ વડે કાયાને કૃશ બનાવી નાખી હતી.

જંગલોમાં વસીને ઉપદેશથી જ નહીં, પરંતુ આત્મશકિતથી, સાચા મુનિપણાની પ્રગટ થયેલી તાકાત વડે, મહાક્રૂર અને બારેમાસના માંસાહારી સિંહ–દીપડા–વાઘ–વરુ જેવા શ્વાપદોને ભદ્રિક બનાવ્યા હતા. અહિંસક બનાવ્યા. સદંતર માંસાહાર છોડાવ્યો હતો. ચોવીસયોજનની અટવીમાં, વસનારા વનેચર જીવોને, પાપમુકત અને ભયમુકત બનાવ્યા હતા.

જ્ઞાનમાં, શ્રદ્ધામાં, અને આચરણમાં તન્મયબનેલા ધર્મદત્તમુનિના, પ્રત્યેક આત્મપ્રદેશો રત્નત્રયીમય હોવા છતાં, બીલકુલ સાચી પણ આત્મપ્રશંસા કરાવી, અને રસપૂર્વક સાંભળી, તેથી મુનિશ્રી ધર્મદત્તને, માયામૃષાવાદ સેવવાથી સ્ત્રીવેદ બંધાઈ ગયો.

**પ્રશ્ન** : ખોટી બડાઈ કરવી નહીં. પરંતુ સાચી વાત, પેપરોમાં–છાપાઓમાં, માનપત્રોમાં કે બોર્ડોમાં અગર કુંમકુંમ પત્રિકાઓમાં લખાવીએ તેમાં દોષ ખરો ?

**ઉત્તર** : ભાઈશ્રી! આપણે ઉપરના મુનિની વાત જોઈ ગયા. ઉપરાન્ત ઓગણીસમા તીર્થંકરદેવના આત્માએ, ફકત તપકરવામાં માયા કરી હતી. પોતાના છમિત્ર મુનિરાજોને, પારણાના દિવસે પારણું કરવાનું જણાવીને, વધારે તપ કરી લીધો. આટલી માયાના પરિણામે કુંભરાજાની પુત્રી મલ્લિકુમારી થયા. એટલે સાચાં પણ પોતાનાં વખાણથી ભયંકર પાપ બંધાય છે.

ત્રણ જીવો પૈકી, સિંહ, અનશન કરી ત્રીજા સ્વર્ગે દેવ થયા. ગુરુ–શિષ્ય પણ પાછળથી તેજ વિમાનમાં તેટલા ઐશ્વર્યવાળા દેવ થયા. અને અવધિજ્ઞાનથી પોતાના પૂર્વભવો જાણી યથાયોગ્ય ખૂબ મૈત્રી ભાવે દૈવી સુખ ભોગવ્યાં.

**ત્રણેનો ત્રીજો ભવ** આ ભરતક્ષેત્રમાં, રાજપુરનગરમાં. સિંહજીવ, મહેન્દ્રપાળ રાજા થયો. શિષ્યજીવ તે મહેન્દ્રપાલ રાજાનો સુમતિ પ્રધાન થયો. તથા ગુરુજીવ, તે મહેન્દ્રપાળરાજાની રખાત વેશ્યાની મંદનમંજૂષા નામની પુત્રી થઈ. ત્રણે આત્મા ધર્મ પામી પાંચમા સ્વર્ગે મિત્ર દેવો થયા.

પાંચમા ભવે સિંહજીવ, અને શિષ્યજીવ, એક શેઠના બે પુત્રો થયા અને ગુરુ ધર્મદત્ત જીવ, તે બે ભાઈઓની ચંદ્રબાલા નામે ભગિની થઈ. ત્રણે ભાઈ-બહેન દીક્ષા લઈ ગુરુ-શિષ્ય જીવો છઠા સ્વર્ગે દેવ થયા. સિંહ જીવ પાંચમા સ્વર્ગે દેવ થઈ, વચમાં એક મનુષ્યનો અને પહેલા સ્વર્ગનો ભવ કરી, મલયનામા યક્ષ થયો. અને ગુરુ-શિષ્ય છઠા સ્વર્ગથી ચ્યવીને, શિષ્યજીવે, ગુરુની પ્રશંસા કરવાથી, હરિવિક્રમ રાજા થયા. અને ધર્મદત્ત નામા ગુરુનો આત્મા, આત્મપ્રશંસા કરાવી, સ્ત્રીવેદ બાંધી, હરિવિક્રમરાજાની ભુવનસુંદરી નામની રાણી થઈ. બંને ચારિત્ર આરાધીને, મોક્ષગામી થયાં. આત્મપ્રશંસાના કડવા વિપાકની કથા સંપૂર્ણ.

**પ્રશ્ન** : તો શું ગુણીના ગુણનું સાચું વર્ણન થાય તેમાં પણ પાપ છે?

**ઉત્તર** : ગુણીના ગુણનું સાચું વર્ણન કરવાથી, સેવક વર્ગનાં ઘણાં પાપ ક્ષય પામે છે. વખતે સમ્યકત્વ પણ પમાય છે. પામેલું સમ્યકત્વ નિર્મળ થાય છે. પરંતુ મહાગુણી આત્મા પણ પોતાના વખાણ સાંભળીને અભિમાન લાવે તો, તેને જરૂર કર્મ બંધાય છે. ગુણી પુરુષોના ગુણોનાં વખ્ખાણ અને અનુમોદનાનું નામજ પ્રમોદભાવના છે. કહ્યું છે કે :—

**अपास्ताशेषदोषाणां, वस्तुतत्वावलोकिनां ।**
**गुणेषु पक्षपातो यः, स प्रमोदः प्रकीर्तितः ॥ १**

**અર્થ** : સર્વદોષથી મુક્ત થયેલા, અને જગતના પદાર્થોનું સાચું સ્વરૂપ સમજેલા, અરિહંતાદિ પંચપરમેષ્ઠિ ભગવંતો, અને શ્રીવીતરાગ શાસનના ચાર પ્રકાર શ્રીસંઘના ગુણોને, સમજવાના ખપી થવું, અને તેમના ગુણોનું ચિંતવન-વર્ણન પ્રશંસા અનુમોદન, અનુકરણ કરવું. આ સર્વનો પ્રમોદભાવનામાં સમાવેશ થાય છે. ગુણીપુરુષોના ગુણમાં રાગ થાય તોજ પ્રમોદ ભાવના આવે છે.

**પ્રશ્ન** : અરિહંતદેવો અને સિદ્ધ પરમાત્માઓમાં તો સર્વ દોષનો અભાવ અને જગતના પદાર્થોની યથાર્થતાનું જ્ઞાન હોય છે. પરંતુ છદ્મસ્થ આચાર્ય-વાચક અને સાધુ મહારાજ ગમે તેવા જ્ઞાની હોય, અનુભવી હોય તોપણ, સર્વ ભાવના સંપૂર્ણ જાણકાર તો ન હોય ને?

**ઉત્તર** : ગીતાર્થ ભાવાચાર્ય, ભાવવાચક, ભાવસાધુ, આ ત્રણેપદો, શ્રીજિનેશ્વરદેવના વચનોથી સામાન્યથી સર્વ ભાવ જાણે છે: અને જાણે તેટલું પ્રકાશે છે. પોતાના સ્થાનને યોગ્ય સર્વગુણો પામ્યા હોય છે, તથા પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવની અપેક્ષાએ, દોષોને ટાળી શકયા હોય છે. તેવા ત્રીજા-ચોથા-પાંચમા પરમેષ્ઠિભગવંતોના ગુણોને ઓળખવા અનુમોદવા અને ખૂબ વખાણવા, તેનું નામજ પ્રમોદ ભાવના જાણવી.

**પ્રશ્ન** : તો પછી ધર્મદત્ત નામના ગુરુનાં વખાણ કરવાથી, ધર્મદત્ત સાધુને સ્ત્રીવેદ

બંધાણો; અર્થાત્ પાપ લાગ્યું, તેનુ કારણ તો શિષ્યજ થયો નેં? અને આવું પરિણામ આવે તો સારું કરવામાં પણ, અર્થાત્ કોઈના ગુણગાવામાં પણ, નુકસાનજ છે. માટે ગુણો પણ ન ગાવા તેજ સારું ને?

**ઉત્તર** : બધી જગ્યા ગુણ ગાવાથી નુકસાન થાય છે એવું નથી અને એવા દાખલાને આગળ ધરીને સાચા ગુણીના ગુણ ન ગવાય તો આપણે રખડી જઈએ. જુઓ કોઈ મહાપુણ્યવાન મનુષ્ય જમણવાર કરે છે, નવકાસી કરે, સંઘજમણ કરે, પૌષધ-કરનારને જમાડે, દશ-વીશ ને પચ્ચાસને, સોને, હજારને, હજારોને જમાડે છે.

તેમાં કોઈ ભાઈની હોજરી = જઠરાગ્નિ મંદ હોય અને તેને પૌષ્ટિક આહાર વખતે પાચન થાય નહીં, અજીર્ણ થાય, તેમાંથી વખતે તાવ પણ આવે, રોગ પણ થાય અને વખતે આયુષની સમાપ્તિ પણ થાય, તેનો દોષ જમાડનારને લાગે નહીં. કારણ કે અજીર્ણ વગેરે જે કાંઈ થયું તેમાં, જમાડનારનો કે જમવાની વસ્તુનો ગુનો જ નથી, પરંતુ જમનાર ભાઈશ્રીના પેટનો જઠરાગ્નિ ગુનેગાર છે. જમાડનારનેતો, સાધર્મિવાત્સલ્યની જેટલી વધારે ઓળખાણ અને અનુમોદના થાય, તેટલું તેને ફળ મળે છે. વખતે જિનનામ મહાપુણ્ય પણ બંધાય છે. જુઓ શાસ્ત્ર—

**श्रीसंघवात्सल्य मुदारचित्तता, कृतज्ञता सर्वजनेष्वनुग्रहः ॥**
**प्रपन्नधर्मे दृढताऽर्च्यपूजनं, तीर्थकरैश्वर्यनिबन्धनानि ॥ १ ॥**

**અર્થ** : પહેલો ગુણ સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા રૂપ ચાર પ્રકાર શ્રીસંઘનું વાત્સલ્ય કરવું, બીજો ગુણ સારા પ્રસંગો પામીને ખૂબ ઉદાર બનવું.

**પ્રશ્ન** : ખિસ્સાં ખાલી હોય અને ઉદારતા કેમ આવી શકે?

**ઉત્તર** : ઉદારતા એવી ઉચ્ચ વસ્તુ છેકે પૈસા હોય તોજ આવે એવું નકકી નથી. ધનવાન લાખ વાપરે તેને લાભ ન થાય. તેવો ગરીબ પાવલી વાપરે તોપણ લાભ થાય. ધન વાપરવું એ અલગ વાત છે અને ઉદારતા એ અલગ વાત છે. કૃપણ માણસ હજાર બે હજાર વાપરીને પણ, બાપડો બળતો સળગતો રહે છે. ઉદાર માણસ પહેરવાનાં લૂગડાં આપી દે અને આનંદ પામે છે.—

ત્રીજોગુણ કૃતજ્ઞતા. ઉપકારીનો ઉપકાર ભૂલે નહીં. વારંવાર યાદ કરે. અવસર આવે ત્યારે બમણું બારગણું કરી છૂટે. ચોથો ગુણ પ્રાણીમાત્રનું ભલું કરવાના જ વિચારો આવ્યા કરે. શક્તિ હોય તેટલું કરી છૂટે. પાંચમો ગુણ સત્યધર્મને ઓળખે. આદરે અને પ્રાણાન્તે પણ છોડે નહીં. અને છઠ્ઠો ગુણ પૂજ્ય પુરુષોની પૂજા કરવી.

**પ્રશ્ન** : પૂજાનો અર્થ શો?

**ઉત્તર** : પૂજાના બે પ્રકાર છે. દ્રવ્યપૂજા અને ભાવપૂજા. આ જગ્યાએ, પૂજ્ય શબ્દનો અર્થ, પંચપરમેષ્ઠિભગવંતો, તથા ચાર પ્રકાર શ્રીસંઘ અને પોતાના વિદ્યાગુરુ, માતા–પિતા, મોટાભાઈઓ. આ બધાઓનો યથાયોગ્ય પૂજ્યપદમાં સમાવેશ થાય છે. દ્રવ્યપૂજા એટલે, જેને જ્યાં લાગુ પડે ત્યાં તે પૂજા સમજવી. આ વિષય અમે પ્રાયઃ આગળનાં પ્રકરણોમાં ચર્ચવાના છીએ. ભાવપૂજા એટલે ગુણોની સ્તવના જાણવી.

આ છ પ્રકાર પૈકી કોઈ પણ એક અથવા બધા ગુણો, આત્માના મહાન અભ્યુદયનું કારણ છે. આવા શ્રીસંઘવાત્સલ્ય–ઉદારતા–કૃતજ્ઞતા સર્વજીવોની દયા ધર્મમાં દઢતા અને પૂજ્ય પુરુષોની પૂજા આ બધા ગુણો, કોઈક મહાન આત્મામાં જ આવે છે. આવા એક બે –ત્રણ કે બધા ગુણોથી જીવ સમ્યકત્વ પામે છે, આવેલ સમ્યકત્વ નિર્મળ બને છે. જિન નામકર્મ મહાપુણ્ય બંધાય છે. ઘણો રસ પડે છે, નિકાચિત પણ થાય છે.

એટલે જેમ સંઘવાત્સલ્ય કે સાધર્મિવાત્સલ્ય કરનારને, બિલકુલ દોષ નહીં, પરંતુ એકાન્ત લાભ છેજ. પરંતુ અજીર્ણના રોગવાળાને નુકસાન થાય, તેનો દોષ સાધર્મિ–વાત્સલ્ય કરનારને લાગતો નથી. તેમ ગુણને સમજીને. ઓળખીને, વિચારીને, પ્રશંસા–અનુમોદના કરનારને કેવળ લાભ છે. નુકસાન નથી.

**પ્રશ્ન** : જેમ ધર્મદત્ત નામના ગુરુના, તેમના શિષ્યે વખાણ કર્યાં, તે સાંભળી ગુરુને સ્રીવેદ બંધાયો, તેનું નિમિત્ત શિષ્યજ બન્યા આ વાતતો સાચીને? શિષ્યે વખાણ ન કર્યાં હોય તો ગુરુને પાપ ન લાગતને?

**ઉત્તર** : પ્રશંસા સાંભળનાર ત્રણ પ્રકારના હોય છે : પહેલા નિંદા અને સ્તુતિ બંનેમાં સમભાવવાળા—

> "નિન્દા–સ્તુતિ શ્રવણ સુણીને, હર્ષ શોક નવીઆણે;
> તે જગમાં જોગીસર પૂરા, નિત્ય ચડતે ગુણઠાણે." ૧

**અર્થ**—ચિદાનંદજી મહારાજ કહે છે કે, નિન્દા કે સ્તુતિ સાંભળવા છતાં, હર્ષ–શોક આવે જ નહીં. પોતાની આત્મભાવનામાં જ આરુઢ હોય, તેજ સાચા યોગીરાજ કહેવાય છે.

બીજા પોતાની પ્રશંસા સાંભળીને હર્ષઘેલા બને નહીં, તુચ્છતા ન લાવે, ગર્વ ન ચિંતવે, પરંતુ ગંભીરતા ધારણ કરે.

ત્રીજા પોતાનાં વખાણ સાંભળી ગાંડાઘેલા થઈ જાય. મનમાં ફૂલાય. વખતે પ્રશંસકનો ઉપકાર પણ માને. હું આપનો આભાર માનું છું. એમ પણ કહી નાખે.

**પ્રશ્ન** : પોતાના વખાણ કે પ્રશંસા સાંભળવા છતાં અભિમાન આવે નહીં. આવા માણસો આ કાળમાં હોઈ શકે?

**ઉત્તર** : પાંચમાં આરામાં પણ સૂરિ વાચક મુનિરાજો લાખો થયા છે. આ સ્થાને ૩૭૦ વર્ષ પહેલાં થએલા હીરસૂરિ મહારાજ ખાસ દૃષ્ટાંત લેવા યોગ્ય છે. તેમનાં ભારત સમ્રાટ અકબર અને સુબાઓએ ઘણા વખાણ કર્યા હતાં. તે બધું સૂરિ ભગવાન ગંભીર ભાવે સાંભળી લેતા.

અને ઉત્તરમાં કહેતા કે રાજન! અમે અમારી ફરજ બજાવી છે. અમારે દેશોદેશ વિચરવું, અને વીતરાગ દેવોના વચનોનો પ્રચાર કરવો. આવું સર્વસ્થાનમાં અને બધી વયમાં, અમારી શક્તિને છુપાવ્યા વિના કરવાનું અમને અમારા પૂર્વજો તરફથી ફરમાન છે, એમાં અમે જેટલું કરીએ કે કરી શકયા હોઈએ તે અમારી ફરજથી વધારે નથી. આવા મહાપુરૂષોનાં ખૂબ વખાણ થાય તો પણ કર્મનો બંધ થાય નહીં.

ત્રીજા અમારા જેવા છિછરા પેટવાળા = તુચ્છ સ્વભાવવાળા; પોતાની પ્રશંસા સાંભળવાનાં પેતરાં ગોઠવીને, આપબડાઈ કરાવીને, સાંભળીને, ખુશી ખુશી થનારા, મનમાં ફુલાઈ જનારા, આવાઓને પ્રાયઃ કર્મબંધ જ થાય છે. અને આવી નજીવી પ્રશંસા–બડાઈ સાંભળીને જીવ પોતાનું ખોઈ નાખે છે. ગુણી અને નિર્ગુણી જીવોનાં લક્ષણ.

"અણમાગ્યું આવી મલે, મમતા મૂર્ચ્છા નો'ય,
ગર્વ ન આવે ચિત્તમાં, સ્થાન ભાન પણ હોય." ૧
"આપ લઘુતા ચિંતવે, ગુણની શોધ સદાય,
પરભાવો ત્યાગે બધા, જરૂર ગુણી તે થાય." ૨
"હોય સુગંધ ન હિંગનો, કહે કપુર મુજ નામ,
કિંમત નહીં કવડી તણી, કહે લાખ મુજ દામ." ૩
"આપ બડાઈ બહુ કરે, સુણે બીજાની પાસ,
વગર ગુણે ગુરુજી બને, ત્રણ જગ માને દાસ." ૪
"તેવા પામર માનવી, પશુગતિ મહેમાન,
આપ પ્રશંસા સાંભળી, બને સાવ બેભાન." ૫

આ સ્થાને મરીચિની કથા મનન કરવા યોગ્ય હોવાથી લખાય છે.

બારે માસ કલ્પસૂત્રમાં બીજા વ્યાખ્યાનમાં ભગવાન મહાવીર સ્વામીના સત્તાવીસ ભવ સાંભળનારા કે વાંચનારા, પોતાના વખાણ પોતે જાતે કરે, બીજા પાસે સાંભળે અથવા રજનો ગજ થાય તે ખરેખર પાંચમા આરાનો પ્રભાવ અને અમારા જેવાઓના ગુણાભાસનું પ્રદર્શન ગણાય.

ભાવિભાવ ફોકટ થતા જ નથી, આવા ન્યાયથી, કોઈવાર સર્વજ્ઞ ભગવાન ઋષભદેવ સ્વામી, સમવસરણમાં, બાર પર્ષદાની સમક્ષ પ્રકાશે છે. ભરત ચક્રવર્તી જેવા ચરમ શરીરી મહાપુરુષ સાંભળે છે. પ્રભુજીના પૌત્ર અને ચક્રવર્તીના પુત્ર છેલ્લા જિનેશ્વરનો જીવ મરિચિના પુણ્યની વાત છે. સાંભળનારને આનંદનો ઉભરો આવી જાય તેવો વિષય છે. બિલ્કુલ સાચી ઘટના છે. તોપણ પા કલાક કે અડધા કલાકનાં આપ બડાઈના ફળ કેવાં ભયંકર બન્યાં છે, તે મોટા ભાગના વાચકોએ જાણેલાં હોવા છતાં પણ લખું છું.

ચાલુ વ્યાખ્યાનમાં ભરત ચક્રવર્તીનો પ્રશ્ન સ્વામિન્ ! આપની આપર્ષદામાં કોઈ તીર્થંકરનો આત્મા છે? પ્રભુજીનો ઉત્તર : રાજન્ ! અમારો શિષ્ય અને તમારો પુત્ર, કુમાર મરિચિમુનિ, જે હમણાં ત્રિડંડિયાના વેશમાં છે, તે આ ચોવીસીમાં વર્ધમાન નામના છેલ્લા તીર્થંકર થવાના છે. તથા તેજ મરિચિનો આત્મા, આ ભરત ક્ષેત્રમાં થવાના નવ વાસુદેવો પૈકી (આગયારમા તીર્થંકર વારે, પોતાના મોટા સત્તાવીશ પૈકીના અઢારમા ભવમાં) ત્રિપૃષ્ટ નામના પહેલા વાસુદેવ થવાના છે. અને તેજ મરિચિનો આત્મા પોતાના તેવીસમા ભવમાં, મહાવિદેહ ક્ષેત્રમાં, મૂકાપુરીમાં, પ્રિયમિત્ર નામના ચક્રવર્તી થશે. આવી રીતે મોટા છવ્વીસ ભવો અને એક કોટા કોટિ સાગરોપમ જેટલો કાળ, સંસારમાં વિતાવીને સત્તાવીસમે ભવે–વર્ધમાન મહાવીર નામના ચોવીસમા જિનવર થશે.

**પ્રશ્ન** : શ્રી ઋષભદેવ સ્વામીના તીર્થમાં અષ્ટાપદ તીર્થ ઉપર ચોવીસ જિનેશ્વર દેવોની પ્રતિમા ભરાવી છે. તો શું આ વખતે ચોવીસ જિનેશ્વર દેવોના આત્માઓ સમ્યકત્વ પામેલા હશે ખરા ?

**ઉત્તર** : પહેલા જિનેશ્વર ઋષભદેવસ્વામી તો કેવળજ્ઞાની હતા અને ચોવીસમા જિનેશ્વર મહાવીર સ્વામીના સત્તાવીસ ભવો હોવાથી, આ મરિચિનો ત્રીજો ભવ હોવાથી, જરૂર સમ્યકત્વ પામેલ હતો. બાકીના બાવીસ જિનેશ્વર દેવો પૈકીના સત્તર જિનેશ્વરોના ત્રણ ત્રણ ભવો જ હતા. અને આ સિવાય ૮/૭ ૧૬/૧૨ ૨૦/૯ ૨૨/૯ ૨૩/૧૦ ભવો પણ અતિ થોડો જ કાળ હોવાથી, અને અંતર ઘણું મોટું હોવાથી, પ્રાયઃ પહેલા છેલ્લા જિનેશ્વરદેવો સિવાયના, બાવીસ જિનેશ્વરો સમક્તિ પામેલ ન હોય એમ સમજાય છે.

ભરત મહારાજા સમવસરણમાં–પ્રભુજીના મુખે મરિચિનું વર્ણન સાંભળી, ઘણા જ હર્ષ પામતા, જ્યાં મરિચિ ત્રિદંડીના વેશમાં બેઠા હતા ત્યાં આવ્યા. અને મરિચિને પ્રથમ ત્રણ પ્રદક્ષિણા આપીને, નમસ્કાર અને વંદન કરીને, વખાણ કરવા લાગ્યા. મહાકવિ વીરવિજયજી મહારાજ કહે છે

"મરિચિને પ્રદક્ષિણા દેતા, નમી વંદીને એમ કહેતા,
તુંમે પુણ્યાઇવંત ગવાસો, હરિ, ચક્રી, ચરમજિન થાશો." ॥ ૧ ॥
"નવી વંદું ત્રિદંડીક વેશ, નમું ભકિતએ વીરજિનેશ,
એમ સ્તવના કરી ઘેર જાવે, મરિચિ મન હર્ષ ન માવે. ॥ ૨ ॥

"મારે ત્રણ પદવીની છાપ, દાદા જિન, ચક્રી બાપ,
અમે વાસુદેવ ધુર થઈશું, કુલઉત્તમ મહારૂં કહીશું,
નાચે કુલમદસું ભરાણો, નીચ્ચગોત્ર તીહાં બંધાણો." ॥ ૩ ॥

મરિચિના ૨૭ ભવો પૈકી અઢારમા ભવમાં પહેલા વાસુદેવ, તેવીસમા ભવમાં, ચક્રવર્તી અને છેલા સત્તાવીસમા ભવમાં, તીર્થંકરદેવ થવાનું સાંભળીને, મરિચિથી જીરવાણું નહીં. અભિમાન આવ્યું. એટલું જોરદારમાન આવી ગયું કે, મારા જેવો આ જગતમાં બીજો કોઈ મોટો માણસ છે નહીં, હોઈ શકે નહીં.

હું મારાં કેટલાં વખાણ કરું? તીર્થંકરોમાં દાદા પહેલા, ચક્રવર્તીમાં પિતા પહેલા અને વાસુદેવમાં હું પહેલો. એટલું જ નહીં, હું મહાવિદેહમાં મૂકારાજધાનીમાં ચક્રવર્તી પણ થવાનો છું. અને છેવટે ત્રણજગત પૂજ્ય, સુરાસુરવંદ્ય, તીર્થંકર, વીતરાગ થઈ છેલ્લું તીર્થપ્રવર્તાવીને, મોક્ષમાં જવાનો છું. અહો, મારા કુલ જેવું બીજું કોઈ કુલ મોટું નથી.

મરિચિને ભરતરાજાની કરેલી સ્તુતિ જીરવાઈ નહીં, પાચન થઈ નહીં, અજીર્ણ થયું, ઘણું જોરદાર અજીર્ણ થયું અને નીચ્ચગોત્ર બંધાણું. તેથી પાંચમા–છઠ્ઠા–આઠમા–દશમા–બારમા અને ચૌદમા આ છ ભવોમાં ત્રિદંડીયાપણું ઉદય આવ્યું. છએ ભવો બ્રાહ્મણકુલમાં અવતાર થયા. ઓગણીસમા અને એકવીસમા ભવોમાં નરક ગતિમાં ગયા. વીસમા ભવમાં સિંહ થયા. આ સત્તાવીસ ભવોમાં લગભગ દોઢસો જેટલા સાગરોપમ સિવાયનો, એક કોટાકોટિ સાગરોપમ જેટલો કાળ, એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય જેવા તુચ્છ ભવો પૂરવામાં પૂર્ણ થયો. આ થયું આપબડાઈનું મૂલ્યાંકન. આપબડાઈના જ કારણે અસંખ્યાતા એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયના ભવો થયા.

આ પ્રમાણે ભગવાન મહાવીરદેવના ચરિત્રોમાં જણાવેલાં વર્ણનો વાંચનાર શ્રીજૈનશાસનની શ્રદ્ધાવાળા તથાબારે માસ મુહપતિ પલેવણ કરતાં "ક્રોધ–માન પરિહરું." "માયા–લોભ પરિહરું" આવાં વાક્યોનું વારંવાર રટન કરનારા મહાનુભાવો પોતાની જવાબદારીનો વિચાર કેમ ન કરે?

**પ્રશ્ન** : તો પછી આવા બધાં વર્ણનોનો નિચોડ એ જ કે આચાર્ય પદવી લેવી જ નહીં?

**ઉત્તર** : ઉત્તમ પુરુષો પદવી લે જ નહીં, લેવાની માગણી કરે નહીં, લેવાની ઇચ્છા કરે નહીં.

**પ્રશ્ન** : તો પછી શ્રીજૈનશાસનમાં, આટલા બધા આચાર્યભગવંતો થયા કેવી રીતે?

**ઉત્તર** : જેટલા જેટલા શ્રીજૈનશાસનમાં ગીતાર્થ ભાવાચાર્ય થયા છે, તેવા મહાપુરુષોએ પદવી લીધી નથી. પરંતુ તેમનામાં સોએસો ટકા લાયકાત સમજાયા પછી ઉપકારના સમુદ્ર ગુરુપુરુષોએ, પોતાના યોગ્ય શિષ્યોને, બરાબર પરીક્ષા કરીને સમુદાયના ગીતાર્થ સ્થવિર પુરુષોની પણ સલાહ મેળવીને, શ્રીજૈનશાસનની પ્રભાવના કરવા અને સમુદાયનું રક્ષણ કરવા માટે, આચાર્યપદવી આપી છે.

પાંચમા આરામાં પણ ભગવાન સુધર્મા સ્વામીની પરંપરામાં થએલા, પાંત્રીસમા પટ્ટધર ઉદ્યોતન સૂરિમહારાજે, વિક્રમ સંવત ૯૯૪ની સાલમાં, આબુતીર્થની નજીકમાં ટેલી નામના ગામના પરિસરમાં, ઘણા શુભમુહૂર્તમાં, એક મોટા વડવૃક્ષની છાયામાં, એક સાથે, ચોરાસી મહાપુરુષોને, આચાર્યપદવી આપી હતી, જેમાં સર્વદેવસૂરિમહારાજ અને વર્ધમાનસૂરિ મહારાજ મુખ્ય હતા. આબધાજ મહાપુરુષો ગીતાર્થ અને સર્વ શાસ્ત્રોના પારગામી હતા.

**પ્રશ્ન** : નિચોડ એજ આવ્યોકે પદવીકે પ્રશંસા લેવા સાંભળવાની ભાવના ન હોવી જોઈએ ?

**ઉત્તર** : શ્રીજૈનશાસન અને નૈતિક સર્વસ્થાનોમાં આપબડાઈ મહા ખરાબ વસ્તુ છે. જુઓ—

**स्वश्लाघा परनिन्दा च, मत्सरो महतां गुणैः ।**
**असंबन्धप्रलापित्वं, आत्मानं पातयत्यधः ॥ १ ॥**

**અર્થ** : પોતાની પ્રશંસા અને પારકી નિંદા, તથા મોટા પુરુષોના ગુણોમાં ઈર્ષા અને જરૂર વિનાનું ભાષણ, આ બધું આત્માની પડતીની નિશાની રૂપ ગણાય છે.

**તથા વળી કોઈ કવિ પણ કહે છે :**

**આપ સે આપ બડે બન બૈઠે જો, કૌન કહે ઉનમેં બડપન હૈ । વિજ્ઞકાગર્વ ધરે મન ભીતર, ઉત્પથમાગ ગહે જડપન હૈ । ભૂમ ગયે રણભીતર પીઠ હૈ, કૌન કહે ઉનમે ભડપન હૈ, ચંચલચિત્ત થયો નહીં થીરતો, કૌન કહે ઉનમેં ઘડપન હૈ ?**

## ગુજરાતી કાવ્યનો અર્થ :

**અર્થ** : સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર રત્નત્રયીની, સંપૂર્ણતા હોય, તપ–ત્યાગ ખૂબ હોય, એવા મહાપુરુષોને આખું જગત પૂજ્ય માનેછે. તેમને મોટાઈ લેવા ઇચ્છા ન હોય, પરંતુ જનતા ચોક્કસ મોટાઈ આપે છે. તથા જેમનામાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર–તપનો અંશ પણ નહોય તેવા પોતાની મેળે મોટાઈ લેનારા હુતાશનીના રાજા (ઇલોજી) જેવા ગણાય છે. ઉપાધ્યાયજી કહે છે કે :

"જ્ઞાન–દર્શન–ચરણ ગુણ વિના, જેહ કરાવે કુલાચાર રે,
લુટીયા તેણે જન દેખતાં, ક્યાં કરે લોક પોકાર રે."

જ્ઞાન દર્શન–ચારિત્ર વગેરે ગુણો ન હોય તોપણ, પોતાને વંદનાદિ કુલાચાર કરાવનારા, ધોળા દિવસના ધાડપાડુ જેવા છે. તથા કેટલાક પુસ્તકિયાપંડિત બનેલા, અને પોતાને મહા વિદ્વાન સમજનારા, પણ આચરણમાં મિંડાં જેવા હોય તો, સાચા અર્થમાં પંડિત નથી પણ જડ છે.

વળી કોઈ માણસ મહા સુભટનો સ્વાંગ સજીને, હથિયારોના સાધનો સાથે લઈને, ઘણા દીમાગથી રણભૂમિમાં પ્રવેશ કરે, પરંતુ સામેનું જોરદાર યુદ્ધ–તોફાન જોઈને, ઉત્તરકુમાર (વૈરાટરાજાનો પુત્ર)ની પેઠે, પાછો નાસવા તૈયાર થાય તેને, યુદ્ધ વીર કહેવાય નહીં પણ કાયર જ ગણાય છે.

તેમ જ શરીરમાં સંપૂર્ણ જરા છવાઈ જવા છતાં, ચિત્તની ચપળતા નાશ ન પામેતો, તે માણસ સ્થવિર ગણાતો નથી. આ સર્વ વર્ણનનો નિચોડ એ જ છે કે, આ જગતની કોઈ પણ મોટાઈ, લાયકાત વગરના માણસમાં શોભતી નથી. નિન્દાપાત્ર અને હાસ્યપાત્ર બને છે.

**પ્રશ્ન** : લાગવગથી પણ માણસ રાજા બને છે. રાજ્યનો અધિકારી બને છે. તેમ ભકિતભાવવાળા ભકતવર્ગના આકર્ષણથી, કોઈને આચાર્યપદવી અપાય તો, સ્થાનથી પણ જ્ઞાન આવે એવું ન બને ?

**ઉત્તર** : મોટાં રાજ્યોમાં, જ્યાં મોટી જોખમદારી હોય ત્યાં, લાગવગનો પ્રવેશ થાય નહીં, અને ક્યાંય થયો હશે ત્યાં, રઝિયાબેગમ વગેરેના દાખલાઓથી, પતન પુરવાર થયું છે.

આ સ્થાને સિદ્ધરાજ પછી પાટણની ગાદી માટે થએલ પરીક્ષા લખું છું.

અગિયારસો નવાણુંના કાર્તિકમાસમાં, મહારાજ સિદ્ધરાજ જયસિંહનું, અવસાન થયા પછી, રાજ્ય આપવા માટે ઘણી ગડમથલો થઈ, પરંતુ પ્રધાનમંડળના ઐકયથી, મહારાજા ભીમદેવના વંશજ ત્રિભુવનપાળ માંડલિકના મહીપાળ, કીર્તિપાળ, અને કુમારપાળ ત્રણ પુત્રોની યોગ્યતાની સંપૂર્ણ તપાસ થઈ હતી અને સમગ્ર પ્રધાનમંડળને યોગ્ય સમજાયા પછી ગુજરાતનો તાજ પહેરાવ્યો હતો.

પ્રધાનમંડળ અને બીજા પણ રાજ્યમાં, માનવંતા સ્થાન ઉપર રહેલા અધિકારી વર્ગની, સલાહ–સૂચન અનુસાર, મહીપાલ, કીર્તિપાળ, અને કુમારપાળને ગુજરાતના રાજાને શોભે તેવો, રાજ્યારોહના સમયને અનુરૂપ પોષાક પહેરાવીને, ત્રણે કુમારોને રાજ્યાસનની લગોલગ ગોઠવેલાં આસનો ઉપર લાવીને બેસાડ્યા હતા.

આ વખતે દરબાર ભરાયો હતો. બીજા પણ ભાયાતો, માંડલિકો, પ્રધાનો અમાત્યો, સચીવો, સુબાઓ, સેનાધિપતિઓ, અને નગરશેઠ વગેરે નગરના અને રાજ્યના માનવંતા માણસોથી સમગ્ર રાજ્યદરબાર ભરાઈ જવા છતાં ખૂબ નિરવતા પણ હતી.

સૌ પ્રથમ ( મહાઅમાત્યનો ) મહીપાળને—

**પ્રશ્ન** : મહારાજ, આજે આપને આ મહાગુજરાતનો તાજ પહેરાવવા અમે બધા ભેગા થયા છીએ. આપ રાજ્યને બરાબર સંભાળી શકશો ? કેવી યોજનાથી રાજ્ય ચલાવશો ?

મહીપાળનો **ઉત્તર** : મંત્રીશ્વર, મારે તો મારા પિતાશ્રીનાં સાત ગામો જ બસ છે, આટલું વિશાળ રાજ્ય હું સંભાળી શકું નહીં. માટે મને સાત ગામોનું દધિસ્થલી પરગણું આપી દો. મંત્રીશ્વરનો ઉત્તર : ભલે કુમાર, આપની જેવી ઇચ્છા.

પછી બીજો નંબર કીર્તિપાળનો હતો. તેથી પ્રધાનોએ તેમને પણ ઉપર મુજબ જ પ્રશ્ન કર્યો. કીર્તિપાળનો ઉત્તર : આપ બધા અધિકારીવર્ગ, પ્રધાનો વગેરેની સલાહ અનુસાર રાજ્યને બરાબર સાચવીશ, વિકસાવીશ, પ્રજાને સંતોષ આપીશ.

ઉત્તર આપતી વખતે કીર્તિપાળના શરીરમાં ભય અને સભાક્ષોભનો કંપ ચાલતો હતો. ઉત્તર પણ વીરપુરુષને શોભે તેવો હતો નહીં. તેથી સભામાં તેમને રાજવી બનાવવાની ભાવના દબાઈ ગઈ. કીર્તિપાળ સભાને જોઈને અને પોતાની નામર્દાઈના પ્રતિબિંબને નિહાળીને પુનઃ પોતાના આસન ઉપર આવીને બેસી ગયો.

કુમારપાળનો નંબર ત્રીજો હોવાથી હવે અમાત્યનો કુમારપાલને—

**પ્રશ્ન** : કુમારશ્રી ? મહારાજા સિદ્ધરાજનું વિશાળ રાજ્ય આપને સોંપવામાં આવેતો આપ તેને સાચવી શકશો ? કુમારપાળ છવ્વીશ વર્ષથી, એક કંગાલ જેવી દશામાં, અનેક દેશો અને હજારો ગામોમાં રખડ્યો હતો. સિદ્ધરાજે કુમારપાળ ઉપર, એટલો ત્રાસ ગુજાર્યો હતો કે તેને, ઠરીને બેસવાનું, નિરાંતે ઉંઘવાનું, કે આનંદથી જમવાનું આજ સુધી મળ્યું નથી. તોપણ તેના શરીર અને લલાટ ઉપર સ્વાભાવિક તેજ ચમકતું હતું. "**કર્મ છુપે નહીં ભભૂત લગાયા**" સભાને આ વસ્તુ આજે સાક્ષાત્ જણાતી હતી.

કુમારપાળનો એક વીરને શોભે તેવો દેખાવ હતો. અભિમન્યુએ કર્ણને આપ્યો તેવો તેના ઉત્તરમાં પ્રતાપ દેખાતો હતો. મંત્રીનાં વચનો સાંભળ્યા પછી કેડ ઉપર લટકતી તરવારને મ્યાનમાંથી બહાર કાઢીને, કુમારપાળે સિંહના જેવી ગર્જના કરી.

મારા આ ભુજબળ અને ખડ્ગ વડે, હું રાજ્યનું રક્ષણ કરીશ. મારા રાજ્યને અને મારી ઇચ્છાને વફાદાર રહેનારને, હું મારા નજીકના સેવક તરીકે રાખીશ.

રાજ્ય અને રાજાના નાનામાં નાના ગુનેગારોને, બરાબર પગ તળે દબાવીશ. મારા વડીલ, વીરપુરુષોના શૌર્ય અને યશને ઉજ્જવળ બનાવવા બુદ્ધિ અને શક્તિનો બધો જ ઉપયોગ કરીશ.

આવાં કુમારપાળનાં એક વીર પુરુષને છાજે તેવાં શૂરતાથી ભરેલાં, વચનો સાંભળીને મંત્રીઓ, ભાયાતો, સરદારો, સેનાપતિઓ, સુબાઓ, બધા મંત્રમુગ્ધ બની ગયા. અને તત્કાળ મહારાજા કુમારપાળનો જય થાઓના મંગલ શબ્દોના ચારેબાજુથી અવાજો આવ્યા. કુમારપાળનો રાજ્યારોહણનો વિધિ શરૂ થયો. નિર્વિઘ્ને પૂર્ણ થયો. બધી વિધિઓ રાજ્યગોરે કરાવી. આ સ્થાને મિત્રો થોડા, વિરોધી ઘણા હોવા છતાં, કુમારપાળના તેજમાં બધા દબાઈ ગયા હતા.

વળી અધિકારો પણ ગમે તેવાઓને અપાતા નથી. એક ન્યાયાધિકારી બનનારને પણ વર્ષો સુધી વકીલાત કરી હોય, પછી પરીક્ષા લેવાય છે. પાસ થાય તો પણ પ્રારંભમાં નાની જગ્યા અપાય છે. યોગ્યતાનો વિકાસ થતો જાય અને મોટા અધિકારો મળતા જાય છે. ક્રમે કરીને મોટામાં મોટા સ્થાનના અધિકારી પણ બની શકે છે.

આ બધું રાજ્યનીતિ, અને લોક-વહેવારનું વર્ણન પણ, ડાહ્યા માણસને વ્યવહાર માર્ગ બતાવીને, પરલોકની વસ્તુ પણ સમજવા ઇચ્છા હોય તેને, પ્રેરણા આપી જાય છે. તાત્પર્ય એજ કે બુદ્ધિમાનો પોતાની શક્તિને સમજનારા બનેતો, પોતાનો કે પરનો પરલોક બગડે નહીં.

**પ્રશ્ન** : શાસ્ત્રોમાં કહ્યા છે તેવા ગીતાર્થ ભાવાચાર્ય આવા કાળમાં હોય ખરા ?

**ઉત્તર** : પાંચમા આરાના છેડા સુધી ૨૦૦૪ યુગપ્રધાન થવાના છે, ૪૩ થયા છે અને ૧૯૬૧ હજીક, હવે પછી જરૂર થવાના છે. આ બધા એકાવતારી હશે. અર્થાત્ એકવચે દેવનો ભવ કરીને, મનુષ્ય ભવ પામી, અવશ્ય મોક્ષમાં પધારશે. આ સિવાય અગ્યાર લાખ ને સોળ હજાર યુગપ્રધાન નહીં પણ યુગપ્રધાન જેવા હરિભદ્રસૂરિ, મહારાજ હેમચંદ્રસૂરિ, મહારાજ જેવા હજારો થયા છે, અને થવાના છે.

## જગતગુરુ હીરસૂરિમહારાજ આ કાળમાં પણ ચોથા આરા જેવા થાય છે.

હીરસૂરિમહારાજ પાલણપુરમાં, ઓશવાળ જ્ઞાતિમાં, કુંવરજીશાહ અને નાથીદેવી શ્રાવિકાની કુક્ષિએ ૧૫૮૩ના માગશર સુદી ૯ સોમવારે હીરસૂરિ મહારાજનો જન્મ થયો હતો, તેર વર્ષની વયે ૧૫૯૬ કા. વદી ૨ સોમવારે, સુધર્માસ્વામીની પરંપરામાં, અઠ્ઠાવનમી પાટે તપગચ્છના જૈનાચાર્ય, વિજયદાનસૂરિમહારાજ પાસે, દીક્ષા લીધી હતી.

હીરહર્ષ મુનિ પ્રારંભથી બુદ્ધિશાળી, ચારિત્રશાળી-ધીર-ગંભીર-ત્યાગી-તપસ્વી સ્વભાવવાળા હોવાથી તે કાળમાં ગુરૂ મહારાજ પાસે બીજા હજારો સાધુઓ અને સેંકડો વિદ્વાનો

હોવા છતાં, ગુરુદેવે તેમને ૧૬૦૭ માં પન્યાસ પદવી–૧૬૦૮ માં ઉપાધ્યાય પદવી અને ૧૬૧૦ શીરોહી નગરમાં સત્તાવીસ વર્ષના યુવાન હિરહર્ષ મુનિને આચાર્ય પદવી આપી. ગુરુદેવે હીરસૂરિ નામ આપ્યું. અને ૧૬૨૨માં ગુરુજી સ્વર્ગવાસી થતાં ગચ્છનાયક થયા.

હીરસૂરિજી મહારાજ વ્યાકરણ કાવ્ય–કોષ, ન્યાય પ્રકરણ સિદ્ધાંતના પારગામી હતા. છતાં પણ દીક્ષા દિવસથી, બારેમાસ એકાશણું અને પાંચ વિગયના ત્યાગી હતા. નિસ્પૃહતાનો ખજાનો હતા. મોટા મોટા વિદ્વાન શિષ્યો ઘણા હતા, જેમાં સકલચંદ્રજી ઉપા૦ શાન્તિચંદ્રજી ઉપા૦ કલ્યાણવિ. ઉપા૦ વિમલહર્ષ ઉપા૦ સોમવિ. ઉપા૦ કીર્તિવિ. ઉપા૦ સિંહવિમલગણી હીરસૌભાગ્ય–કાવ્યના કર્તા દેવવિમલગણી વિજયપ્રશસ્તિ કાવ્યકર્તા હેમવિજયગણી ભાનુચંદ્ર ઉપા૦ યશોવિ. ઉપા૦ આવા અનેક વિદ્વાન શિષ્યો ઉપર તેમનો પ્રભાવ પડતો હતો.

બેહજાર પચીસો મુનિરાજોના ગુરુ હતા. અકબર જેવા ભારત સમ્રાટ ઉપર ચારિત્રનો પ્રભાવ પાડીને પ્રતિવર્ષ સાડાછમાસ ભારતના બધા દેશોમાં જીવવધ બંધ કરાવ્યો હતો. ફક્ત શહેનશાહ અકબરજ તેમનો ભક્ત હતો એટલું જ નહીં, તેના પુત્ર જહાંગીરને પણ હીરસૂરિજી મહારાજ અને તેમના પટ્ટધર, સેનસૂરિ મહારાજ પ્રત્યે ખૂબ બહુમાન હતું. અને અકબરે હિરસૂરિ મહારાજને આપેલાં અમારીનાં ફરમાનો જહાંગીરે તાજા બનાવી આપ્યાં હતાં.

જહાંગીરનો પુત્ર શાહજહાં થયો. તેનામાં પણ પિતા–પ્રપિતાના, જૈનસાધુઓને, માનવા સાંભળવાના સંસ્કારો આવ્યા હતા. એ બધાં, વિજય હીરસૂરિ મહારાજે વાવેલાં બીજોનાં જ ફળ હતાં, એટલું જ નહીં પરંતુ હીરસૂરિમહારાજ જ્યાં જ્યાં પધાર્યા, ત્યાં ત્યાં અકબરના સુબાઓએ પણ, અકબર–સમ્રાટ જેટલું કે વધારે, સૂરિભગવંતનું બહુમાન–સન્માન કર્યું હતું.

હીરસૂરિ મહારાજના શ્રાવક ભક્તો પણ લાખોની સંખ્યામાં હતા. અને સૂરિમહારાજને આ કાળના ગણધર ભગવંત જેટલું માન આપતા હતા. સૂરિભગવંતના ગુણગાન વખાણ કરનારા યાચકોને, શ્રાવકો એકસાથે હજારોના દાન પણ આપી દેતા હતા, તોપણ તે મહાપુરુષે છપ્પન્ન વર્ષ દીક્ષા પર્યાયમાં, ચાર ક્રોડ સ્વાધ્યાય કર્યું હતું. તેની હમ્મેશની સરેરાશ કાઢીએ તો લગભગ બે હજાર આવે છે. હીરસૂરિ મહારાજનો તપ :

| અઠમ | છઠ | ચોથભક્ત | આયંબીલ | નીવિ | ચોથ ભક્ત.વીસ સ્થાનક.તપ |
|---|---|---|---|---|---|
| ૮૧ | ૨૨૫ | ૩૬૦૦ | ૨૪૦૦ | ૨૦૦૦ | ૪૦૦ |

સૂરિમંત્રની આરાધના ત્રણ માસ } જેમાં ઉપવાસ, આયંબીલ એકાશણાં, ગુરુ આરાધન તપ તેર માસ

જ્ઞાન–દર્શન–ચારિત્ર–તપ ૧૧ માસ અને ફક્ત એકાશણું આખી જિંદગી.

તેમનું સૌભાગ્ય પણ નવમા વાસુદેવ જેવું જોરદાર હશે. માટે જ તે મહાપુરુષના જીવનચરિત્રનું નામ કાવ્યકારે હીરસૌભાગ્ય મહાકાવ્ય રાખ્યું છે. એમના સૌભાગ્યનું વર્ણન, હીરસૌભાગ્યમહાકાવ્ય વિજયપ્રશસ્તિમહાકાવ્ય અને હીરસૂરિમહારાજનો રાસ વાંચનાર સમજી શકે છે.

પૂર્વાચાર્યો આચરણ અને જ્ઞાન બન્નેમાં, હીરસૂરિમહારાજ થકી ઘણા આગળ પડતા હશે, હતા. પરંતુ આવા ભીષણકાળમાં, હીરસૂરિમહારાજના સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર સૌભાગ્ય–આદેય–યશોનામ ઘણાં નિર્મળ અને આકર્ષક હતાં. તે તેમના જીવન–ચરિત્રને જાણનારને અનુભવસિદ્ધ છે.

તે મહાપુરુષને શિષ્ય સમુદાય પણ ઘણો હતો, એટલું જ નહીં, પરંતુ ખૂબ આરાધક હોવા સાથે, વિદ્વાન અને અપ્રમાદી હશે. એના એક બે દાખલા ટાંકું છું. જ્યારે હીરસૂરિ મહારાજ અકબર બાદશાહ પાસેથી વિહાર કરી ગુજરાત બાજુ પધાર્યા, ત્યારે બાદશાહની વિનતિથી શાન્તિચંદ્ર ઉપાધ્યાયને, બાદશાહને ઉપદેશ સંભળાવવા આગ્રા રાખી ગયા હતા.

એકવાર બાદશાહે અટકદેશ ઉપર ચડાઈ કરી ત્યારે, શાન્તિચંદ્રઉપાધ્યાય પણ સાથે ગયા હતા. સંભવ છે કે ઉપાધ્યાયજી મહારાજની વૃદ્ધાવસ્થા હશે. તોપણ સૈન્યના બત્રીસ કોશના એક દિવસના પ્રયાણમાં, તેઓશ્રી સાથે જ રહ્યા હતા, થાકી ગયા હતા, પગે સોજા આવી ગયા હતા. આ વાતની શહેનશાહને ખબર પડી, ત્યારે ઉપાધ્યાયજીને પાલખી યાને ડોલી વાપરવા આગ્રહ કર્યો હતો, પણ તેમણે શિથિલતાને આદર આપ્યો નહીં. પરંતુ બાદશાહે તેમને હવે મોટો વિહાર કરવાની, નમ્રતાપૂર્વક મનાઈ ફરમાવી.

વાચકો સમજી શકે છે કે વરુણદેવની સાન્નિધ્યવાળા અને ભારત સમ્રાટ અકબરને પ્રતિબોધ કરનારા, મહાપુરુષમાં અપ્રમત્તભાવ અને ત્યાગ નિસ્પૃહતાની પરાકાષ્ઠા ઉભરાય છે. આ છે વિજયહીરસૂરિ મહારાજના મહામુનિરાજો પૈકીના, એક જ્ઞાન દર્શન–ચારિત્રની–ત્રિવેણીનું એક મહાતીર્થ.

ઉપાધ્યાય ભાનુચંદ્રજી મહારાજ :—

શાન્તિચંદ્ર ઉપાધ્યાયજી મહારાજના વિહાર પછી સૂરિમહારાજે મુનિ ભાનુચંદ્રજીને અકબર બાદશાહને ઉપદેશ સંભળાવવા મોકલ્યા હતા. એક વાર બાદશાહ, કાશ્મીર ગયા હતા. કાશ્મીરમાં ઠંડી ખૂબ પડતી હતી. બાદશાહના મહેલની સામે સાવ નજીકમાં મુનિશ્રી ભાનુચંદ્રને ઉતારો મળ્યો હતો. શિયાળાની સખત ઠંડીમાં, ચોલપટ્ટા સિવાય કાંઈ પણ વસ્ત્ર ઓઢયા સિવાય, પરોઢીએ ધ્યાનમાં ઊભેલા ભાનુચંદ્રજીને બાદશાહે જોયા.

અને બોલાઈ ગયું જૈન મુનિઓ સાચા યોગીરાજ છે. મહાત્યાગી છે. શરીરની પણ દરકાર કરતા નથી. કોઈની પાસેથી કશું લેતા નથી. લૂગડાં પણ પહેરવાથી વધારે

રાખતા નથી. રાજાઓ કે શ્રીમંતોના ઘેર, જમતા નથી. જમવાનું લેવા જતા નથી. પાઈ પૈસાને અડકતા નથી. પાદથી જ મુસાફરી કરે છે. બારીકાઈથી જોનારને જરૂર દેખાય છે કે સાચા ફકીર, જૈન સાધુઓ જ છે.

એક વાર સમ્રાટ અકબરે ભાનુચંદ્રને પૂછયું હતું : ( આ વખતે હજીક ભાનુચંદ્રને ઉપાધ્યાય પદવી મળેલી ન હતી ) મહારાજ ? સૂરિભગવંતે આપને કોઈ પદવી આપી છે ?

મુનિભાનુચંદ્રનો ઉત્તર : આચાર્ય ભગવાનની સેવામાં બે હજાર જેટલા મહામુનિરાજો વિદ્યમાન છે.

તેમાંના ઘણા મુનિપ્રવરોને કોઇપણ જાતની પદવી આપી નથી. તે બધામાં મારો નંબર ઘણો મોડો આવે છે. એટલે મારામાં હજીક પદવીની લાયકાત નથી. ભાનુચંદ્રનાં આવાં ગર્વરહિત કોમળ વાકયો સાંભળી, જેમની વિદ્વત્તા, ત્યાગ અને પ્રભાવથી પ્રભાવિત બનેલા બાદશાહે, વિનંતિપત્ર લખી ભાનુચંદ્રને ઉપાધ્યાયપદવી આપવા આચાર્યમહારાજ પાસે ખેપિયો મોકલ્યો.

બાદશાહના પત્રથી બાદશાહના માનની ખાતર ભાનુચંદ્રને ઔપચારિક ઉપાધ્યાય પદવી મોકલાવી હતી અને ભેગા થયા બાદ, યોગોદ્વહન કરાવી વિધિથી ઉપાધ્યાય બનાવ્યા હતા. આવા હતા વિજયહીરસૂરિમહારાજના સાધુઓ. આટલી મોટી વિદ્વત્તા, આવું મોટું રાજાનું સન્માન, આવો મોટો ત્યાગ–તોપણ પદવીનો મોહ હતો જ નહીં.

**પ્રશ્ન** : આ વિષય ઘણો લાંબો થઈ ગયો હોય એમ નથી લાગતું ?

**ઉત્તર** : આ વિષય જિનેશ્વરદેવની આજ્ઞાનો છે. શ્રીજિનેશ્વરદેવ ધર્મના ચક્રવર્તી રાજા છે. " **धम्मवरचाउरंतचक्कवट्टीणं** "

**અર્થ** : ત્રણ બાજુ લવણ સમુદ્ર છે, અને એક બાજુ હીમવંત પર્વત છે. ત્યાં સુધીના ધર્મના શ્રેષ્ઠ ચક્રવર્તી રાજવી જિનેશ્વરદેવને સમજવા અને જિનેશ્વરદેવો મોક્ષ પધાર્યા પછી ગણધરદેવો, યુગ પ્રધાનો કેવલી હોય, મનઃપર્યવજ્ઞાની હોય, અવધિજ્ઞાની હોય, ચૌદ વગેરે પૂર્વના અભ્યાસી હોય, છેવટ અગ્યાર અંગ વગેરે પિસ્તાલીસ આગમના જ્ઞાતા હોય તેવાઓ જ આચાર્યપદની મહત્તા વધારે છે.

તેથી આચાર્યપદને બરાબર સમજવાની જરૂર હતી, તેથી જ આપણે આચાર્યપદને સમજાવવા આટલો વિસ્તાર જરૂરી હતો. માટે લખવો પડયો છે. આચાર્ય એટલે જૈન સંઘના રાજા ગણાય છે. જૈનશાસનના સુકાની ગણાયા છે. તેઓમાં થોડી પણ નબળાઈ ન ચલાવી લેવાય. જેમ રાજા નબળો હોય તો, પ્રજામાં અનાચારો, ચોરીઓ, અપ્રમાણિકતા, ખૂન, મારામારી, લાંચ, આત્મઘાતના ગુનાઓ મર્યાદા વટાવે છે. વધી પડે છે.

તેમ જો આચાર્ય શ્રદ્ધાહીન હોય તો, જમાલિના પરિવારને, જેમ જમાલિને છોડી દેવો પડયો, અને સહસ્રમલ્લના અને લોંકાના પરિવારોએ જુદા વાડા ઉભા કર્યા, તેવું થવાથી શાસનમાં છિન્નભિન્ન દશા સર્જાય છે, તથા આચાર્ય અજ્ઞાની હોય તો, ચેલાઓ આગમોનાં રહસ્ય પામે નહીં. ઉત્સર્ગ, અપવાદ, નિશ્ચય–વ્યવહાર–આદિનું જ્ઞાન ન પામવાથી, વખતે કોઈવાર ઉત્સર્ગની જગ્યા અપવાદ, અગર અપવાદની જગ્યા ઉત્સર્ગ આચરી નાખે. તો મોટો દોષલાગી જાય. જુઓ શાસ્ત્ર—

**उस्सग्गववायविऊ, गीयत्थो निस्सिओ य जो तस्स । अनिगूहंतो विरियं असड्ढो सव्वत्थ चारित्ती ॥ १ ॥**

ઉત્સર્ગ અને અપવાદના જાણકાર ગીતાર્થ આચાર્ય કહેવાય છે અને તેવા મહાપુરુષની નિશ્રામાં અશઠ ભાવથી રહીને, પોતાની શક્તિને નહીં ગોપવનાર ચારિત્રી કહેવાય છે.

તથા જો આચાર્યના ચારિત્રમાં ગાબડાં દેખાય. અષ્ટપ્રવચન માતા હોય જ નહીં, તો પરિવારમાં પણ શિથિલાચાર પ્રવેશ્યા વિના રહે નહીં. અને દેખાદેખીથી આખા સંઘમાં અવિરતિનું પ્રમાણ વધી જાય. તથાવળી આચાર્ય તપસ્વી નહોયતો, શિષ્યપરિવારને તપસ્યા કરવા પ્રેરણા કરી શકે નહીં.

માટેજ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર–તપ આ ચારે વસ્તુ હોવા ઉપરાંત. શાન્તતા, દાન્તતા, ધીરતા, ગંભીરતા, વાત્સલ્યભાવ, પ્રતાપ, સહનશીલતા, અવસરજ્ઞતા, વ્યક્તિ-પરીક્ષા, પ્રતિભા વગેરે ગુણો હોય તેવા, મહાપુરુષ આચાર્ય થાયતો, પોતાનું તથા શ્રીસંઘનું કલ્યાણ કરી શકે.

**પ્રશ્ન** : આ તો બધી જૂના જમાનાની વાતો થઈ. આ કાળમાં સમયને અનુકૂળ રહેવું જોઈએ ને ?

**ઉત્તર** : શ્રીજૈન શાસનમાં, જમાનાવાદ હતો નહીં, હોઈ શકે નહીં. આતો સર્વજ્ઞ ભગવંતોનું શાસન છે. તે મહાપુરુષોએ, લોકાલોકને, જીવઅજીવને, અને ત્રણે કાળને સાક્ષાત જોયા છે. તેમના જ્ઞાનમાં કોઈ જીવ, કોઈ કાળ, કોઈ સ્થાન કે કોઈ બનાવ બાકાત રહેલ નથી. એટલે–સાધુ–વાચક–અને સૂરિનાં પદોની યોગ્યતામાં, આપડહાપણથી છૂટછાટ લઈ શકાય નહીં. કહ્યું છે કે—

**जिणाणाए कुणंताणं सव्वं निव्वाणकारणं । सुंदरंपि सबुद्धिए सव्वं भवनिबन्धणं ॥ १ ॥**

**અર્થ** : શ્રી વીતરાગ જિનેશ્વર દેવોની આજ્ઞાપૂર્વક કરાય, તે બધું મોક્ષનું કારણ બને છે. અને દેખાવથી સારું લાગતું હોય તોપણ, આપબુદ્ધિએ કરાતું સંસારવૃદ્ધિનું કારણ બને છે.

આ કાળમાં પણ જિનાજ્ઞાના આરાધક, સૂરિ વાચક અને મુનિઓનું સ્વરૂપ આ પ્રસ્તુત દ્વારમાં જ આગળ ઉપર જણાવવાનું હોવાથી આ સ્થાને વિસ્તાર કરતા નથી.

## ઇતિ ગુરુઆજ્ઞા આરાધક રામચંદ્રસૂરિ મહારાજનો નિબંધ સંપૂર્ણ.

## અથશ્રી જિનેશ્વરદેવની આજ્ઞા આરાધક ઢંઢણમુનિરાજની કથા.

આ જંબુદ્વીપના, દક્ષિણ ભરતક્ષેત્રમાં, મધ્યખંડમાં, પશ્ચિમ સમુદ્રના કિનારે, દ્વારિકા નગરીમાં, કૃષ્ણ અને બલભદ્ર નામના, નવમા વિષ્ણુ બલદેવ રાજ્ય કરતા હતા. અંધકવૃષ્ણિ રાજાની સુભદ્રા રાણીને, સમુદ્રવિજય મુખ્ય અને વસુદેવ છેલ્લા એમ દશ પુત્રો અને કુંતી તથા માદ્રી બે પુત્રીઓ હતી. કુંતી પાંડુરાજા-સાથે પરણી હતી. જ્યારે માદ્રીને ચેદીદેશના રાજા દમદંત સાથે પરણાવી હતી. કુન્તીના પુત્રો યુધિષ્ઠિર વગેરે હતા અને માદ્રીનો પુત્ર શિશુપાળ હતો.

સમુદ્રવિજય રાજાના પુત્ર અને બાવીસમા જિનેશ્વરદેવ, નેમનાથસ્વામી હતા. અને વસુદેવના કૃષ્ણ-બલભદ્રાદિ ઘણા પુત્રો હતા. કુન્તીના પુત્રો યુધિષ્ઠિર વગેરે પહેલેથી છેલ્લે સુધી કૃષ્ણ મહારાજના મિત્ર હતા. જ્યારે માદ્રીનો પુત્ર શિશુપાળ, પહેલેથી જ જરાસંધનો મિત્ર અને કૃષ્ણ-બલભદ્ર-પાંડવોનો કટ્ટર વિરોધી હતો.

કૃષ્ણમહારાજ ૧૬ વર્ષની વયે દ્વારિકા નગરીના રાજા થયા હતા. અને ૭૨ વર્ષની વયે વાસુદેવ થયા હતા. કૃષ્ણ મહારાજ થકી નેમનાથસ્વામી વયમાં બેત્રણ વર્ષે નાના હતા. ત્રણસો વર્ષની વયે નેમનાથસ્વામીએ દીક્ષા લીધી હતી, અને ચોપનમા દિવસે કેવલજ્ઞાન પામ્યા હતા. નેમનાથસ્વામીની દેશના સાંભળીને કૃષ્ણ વાસુદેવના પુત્ર ઢંઢણકુમારે દીક્ષા લીધી હતી. તેઓ ઘણા ત્યાગી, અને અભિગ્રહધારી હતા. એકવાર તેમણે એવો અભિગ્રહ લીધોકે, મારી પોતાની લબ્ધિનો આહાર મળે તોજ પારણું કરવું.

**પ્રશ્ન** : આપલબ્ધિ એટલે શું ?

**ઉત્તર** : પ્રભુજીના શિષ્ય તરીકે, કૃષ્ણ મહારાજના પુત્ર તરીકે, મોટાત્યાગી છે, મહાતપસ્વી છે, આવી ખબર પડવા દેવી નહીં અને નિર્દોષ આહાર મળે તોજ વહોરવો, અન્યથા ન વહોરવો. કોઈપણ વિશેષ વસ્તુને કે વ્યક્તિને, મુખ્ય બનાવીને, ગોચરી વહોરાવે તો, ઢંઢણમુનિને, લેવી કલ્પે નહીં.

**પ્રશ્ન** : વિદ્વાન સમજીને, તપસ્વી સમજીને, ત્યાગી સમજીને, સગાવહાલા ધારીને, આપણા ગામના છે એમ માનીને, વચનસિદ્ધ છે, પ્રભાવક છે, આવું મનમાં વિચારીને, મુનિને કોઈ વહોરાવે તો, મુનિને પોતાની સાધુતામાં દોષ લાગે ખરો ?

**ઉત્તર** : દ્રવ્યક્ષેત્ર કાળભાવથી અનેક પ્રકારના અભિગ્રહો લેવાય છે તેવા અભિગ્રહધારીને વહોરવું કલ્પે નહીં. સિવાયતો ગીતાર્થમુનિભગવંતોને દોષ ન દેખાય તો વહોરવામાં હરકત નથી.

**પ્રશ્ન** : ગીતાર્થ એટલે શું ?

**ઉત્તર** : **गीअं भणइ सुत्तं, अत्थो तस्सेव होइ वक्खाणं । उभयेण य संजुतो सो गीअत्थो मुणेअव्वो** ॥ १ ॥

**અર્થ** : ગીત = મૂલસૂત્ર; અને મૂલસૂત્રના અર્થ, વિશેષાર્થ, ભાવાર્થ અને તાત્પર્ય ને સમજેલા હોય તે ગીતાર્થ કહેવાય છે.

**પ્રશ્ન** : તો શું ગોચરી વહોરવામાં પણ, સૂત્ર અર્થના જ્ઞાની હોય તેજ વહોરવા જઈ શકે ? બીજા ગમે તે વગર ભણેલા કે આજકાલના દીક્ષા પામેલા જઈ શકે નહીં ?

**ઉત્તર** : ભગવાન શ્રી વીતરાગશાસનની મર્યાદા ગીતાર્થનીજ ગોચરી કહે છે. કારણ કે સંયમની બધી આરાધનામાં ગૌચરીની પણ આગેવાની છે. ગીતાર્થ સાથે વળી વૈરાગી અને નિસ્પૃહી, વાત્સલ્યધારી દ્રવ્ય–ક્ષેત્ર–કાલ–ભાવના જાણ પણ હોવા જોઈએ. અને ઉત્સર્ગ અપવાદને સમજેલા હોય તોજ વહોરવા જઈ શકે.

અજ્ઞાની આત્મા વહોરવા જાય તો ઘણા દોષો લાગતા હોય, પણ દોષોને સમજે નહીં. તેથી દોષવાળો આહાર પણ વહોરી લે. બીજા કોઈ પ્રસંગોથી **જૈન**શાસનની નિંદા પણ કરાવે. પોતાનાં મહાવ્રતો પણ વખતે ખોઈ નાંખે.

સમુદાયમાં રહેલા ગુરુ મહારાજ, અભ્યાસ કરનાર, તપ કરનાર, વેયાવચ્ચ કરનાર, વાચના આપનાર વગેરેને યોગ્ય, ગોચરી ન લાવી શકે તો, તે તે આત્માઓની આરાધનામાં સ્ખલના આવે. અલક્ષ્ય સ્થાનમાં પણ, આવડગતના અભ્યાસી, જ્ઞાની–પુરુષો, ગોચરી મેળવી શકે અને ધર્મની નિંદા થવા દે નહીં.

અહીં આ કાળના એક ગીતાર્થ પુરુષનું ઉદાહરણ સમજવા જેવું હોવાથી લખું છું. ૧૯૩૫થી ૫૦ સુધીનો પ્રાયઃ આ પ્રસંગ હશે.

તે વખતમાં એક મહાપુરુષ લગભગ બીજા ૧૮ સાધુ સાથે પંજાબ તરફ પધારતા હતા. પ્રાયઃ ૪૦ થી ૫૦ માઈલ જેટલા પ્રવાસમાં જૈનોની વસતિનો અભાવ હતો. આવા મહાત્માઓ સંયમની આરાધનામાં જાગૃત હોવાથી, સાથે સહાયક રાખતા નહીં.

બે દિવસ તો જેવાતેવા આધારથી પણ ૩૦–૩૫ માઈલ વિહાર થયો. પરંતુ

ત્રીજા દિવસે છસાત માઈલ પહોંચ્યા. ત્યાં તો બધા શષ્યો થાકી ગયા હતા. ક્ષુધા, તૃષા અને પગપાળા મુસાફરી, પાંચમા આરાનો છેલ્લા સંઘયણવાળો આત્મા કેટલું ટકી શકે?

ચોરામાં ઉતરવાનું મળ્યું. પરંતુ ખાવા–પીવાનું મળવાની, સંપૂર્ણ ચિંતા હતી. શિષ્યો પોતાની ઉપધિ છોડી, ભાજનો વગેરે ઠીકઠાક ગોઠવી, બધા જ થાકેલા હોવાથી, લાંબા થઈ ગયા. ગુરુજીને જણાયું કે સાધુ ખૂબ થાકી ગયા છે. આહારપાણી મળે તો સારું. પરંતુ જૈનનું એક પણ ઘર નથી.

ગુરુજી પાણી વહોરવાનો લાકડાનો ઘડો પલેવી વહોરવા નીકળી પડ્યા, જોકે શિષ્યો બધા જ વિવેકી, નમ્ર અને ગુરુભક્ત હતા. પરંતુ ઉઠવા, બેસવા, ચાલવાની શક્તિ લગભગ દબાઈ ગઈ હતી, તેથી ગુરુજીને વહોરવા જતા જોઈને પણ, કોઈ સાધુ ઉભો થઈ શકયો નહીં.

વહોરવા નીકળેલા ગુરુદેવને ખબર મળી કે, સોની લોકોની જાન આવી છે. કોઈ છોકરો પરણવા આવ્યો છે. શિયાળો હતો, ઠંડી ખૂબ પડતી હતી, તેથી સો જેટલા જાનૈયાઓ માટે સ્નાન સારુ પાણીનાં રંગેડાં ખૂબ ગરમ થયેલાં દેખાયાં. ગુરુજીએ જાનના ઉતારે જઈને, પાણી માટે યાચના કરી. લોકોએ ઉદારતાથી પાણી આપ્યું. લગભગ દશબાર ઘડા પાણી ગુરુજી લઈ આવ્યા.

અને સાથે ગોચરી મળવાની પણ તપાસ લેતા આવ્યા. અને થોડી વાર પછી અજૈન સુવર્ણકારના જાનનિવાસસ્થાને ગયા. ત્યાં જમવા માટે બાટી બનાવેલી હતી. મુનિઓને ત્રણ દિવસથી આહાર મળેલો ન હતો. લગભગ ૨૦ જેટલા સાધુ, માટે આહારની જરૂર હતી, તેથી પાત્રાની જગ્યાએ કામળી પાથરી, બાટી વહોરી લીધી. આપનાર ભાઈ પણ ઘણા સજ્જન હોવાથી બોલ્યા : “ સંતજી ? આપ, બહોત મૂર્તિઆં હોંગે, જિતના જરૂર હોં ઈતના, જરૂર, લીજીયે.”

ગુરુ મહારાજે યથા જરૂર અને આપનારના ભાવની વૃદ્ધિ થાય તે મુજબ વહોરી મુકામે લાવ્યા. બધા મુનિરાજોને સંપૂર્ણ આહારપાણી અને વિશ્રામ મળવાથી, ત્રણ દિવસનો પરિશ્રમ ચાલ્યો ગયો. સવારમાં વિહાર કરી જૈનોની વસતિવાળા ગામે પહોંચી ગયા.

અહીં આચાર્ય મહારાજ ગીતાર્થ હોવાથી, આવા લાંબા વિહારમાં પણ દોષ લાગે તેવી સહાય લીધી નહિ. સાથે વહોરાવનારા શ્રાવકો રાખ્યા નહીં. ઉત્સર્ગ સાચવ્યો. ત્રીજા દિવસે એક જ સ્થાનથી; તે પણ લગ્નવાળાના ઘેરથી, તે પણ પોતાને જરૂર જેટલું તે પણ કામળીમાં વહોરી લાવ્યા. અહીં થોડો અપવાદ સેવવા જરૂર હતી. તેટલો અપવાદનો આશ્રય લેવો પડ્યો. નિદાન અને ઔષધના જ્ઞાતા વૈદ્યો પણ, દરદીને, વિચારીને જેમ ઔષધ આપે છે, તેમ જૈનાચાર્યો પણ સમયને જાણે છે.

**પ્રશ્ન** : ઉત્સર્ગ અને અપવાદ એટલે શું ?

**ઉત્તર** : કોઈ મનુષ્ય પોતાના પરિવારના, જાનમાલના, રક્ષણ માટે સરકાર પાસે, રજા (પરમીટ) મેળવી, હથિયાર વેચાતું લઈ ઘરમાં રાખે છે. કોઈવાર પ્રસંગ પામી બચવા માટે તે હથિયારનો ઉપયોગ કરે. ચોર–ડાકુને બીવરાવવા, નસાડવા, હરાવવા, બંદુક–તલવાર વાપરે છે. અહીં વિના કારણ બંદુકનો, તરવારનો, ઉપયોગ કરનાર સરકારનો ગુનેગાર થાય છે.

તેમ શ્રી જિનેશ્વરદેવોએ, જૈન સાધુ–સાધ્વીને, આહાર પાણી વગેરે, દોષ–લગાડી વહોરવાની, સખત મનાઈ કરી છે. કારણ વિના, આધાકર્મી નિત્યપિંડ, વગેરે, આહાર વહોરનાર, વાપરનાર, જિનેશ્વરદેવોની આજ્ઞાનો, નાશ કરનાર ગણાય છે. અને સંયમના રક્ષણની ખાતર–માંદગી હોય, અલભ્યતા હોય, અશકયતા હોય તથા સંયમના–રક્ષણ માટે બીજા પણ કારણથી દોષ લાગી જાય તોપણ; વિરાધક ગણાય નહીં.

કોઈ ગામમાં એક ગૃહસ્થને બે પુત્ર હતા. એક મોટાભાઈ પેટના રોગી હતા. એક વૈદ્યને બતાવતાં વૈદ્યે કહ્યું કે રોગને નાશ કરવા ડામ દેવા પડશે. તેને આઠ ડામ દેવડાવ્યા. આઠ રૂપિયા આપવા પડ્યા. તેનો નાનો ભાઈ પણ તૈયાર થયો. મારે પણ ડામ લેવા છે. આઠે આઠ આપો. બળજબરીથી પોતાની મેળે નિશાની કરી, આઠ ડામ લીધા. અને આઠ રૂપિયા આપ્યા.

પહેલા ભાઈએ રોગ મટાડવા ડામ લીધા, રોગ પણ મટી ગયો. બીજા ભાઈએ ભાઈની સરસાઈથી, ડામ લીધા. પહેલાને રોગ મટી ગયો, બીજાને ચામડી પાકી, ઘણા દિવસ દુઃખી થયો. પૈસા ગયા, રોગ આવ્યો. મૂર્ખ ગણાયો. ઉપનય કારણે દોષ સેવનાર પહેલા ભાઈ સમાન જાણવો, કારણ વિના દોષ લગાડનાર બીજા ભાઈ જેવો અજ્ઞાની જાણવો.

જો રોગને મટાડવા, સંયમનો નિર્વાહ કરવા; મુશ્કેલીથી પાર ઉતરવા, ઉત્સર્ગને છોડી અપવાદ ન સેવે તોપણ વિરાધક થાય. પરંતુ સનત્કુમાર ચક્રી મુનિરાજ જેવા, ગમે તેવા ભયંકર રોગમાં પણ, અપવાદ ન સેવે. તથા મોટી અટવી ઉતરવામાં પણ, તાકાત હોય. મન બગડવાનો ભયજ ન હોય, તેવા મહામુનિરાજો અપવાદ ન સેવે, તોપણ આરાધક થાય, તેવા બળવાન મુનિને છોડીને, બાકીના સ્થવિર પક્ષિય સાધુઓને, ઉત્સર્ગની જગ્યાએ ઉત્સર્ગ; અને અપવાદની જગ્યાએ, અપવાદ ન સેવે તો વિરાધના લાગે છે. કહ્યું છે કે—

**उस्सग्गो अववायं, आयरमाणो विराहगो होइ, । अववाये पुण पत्ते, उस्सग्गनिसेवओ भइओ. ॥ १ ॥**

**અર્થ** : ઉત્સર્ગ એટલે એક પણ દોષ લગાડવા દેવો નહીં. અપવાદ એટલે કારણે દોષો પણ સેવવા પડે. અહીં કાંઈપણ કારણ વિના દોષ લગાડનાર વિરાધક કહેવાય છે, પરંતુ પ્રબળ કારણે સંયમના રક્ષણની ખાતર; દોષ સેવનાર વિરાધક નથી. પરંતુ

આરાધક છે. કોઇ મહાશક્તિસંપન્ન આત્મા, મન અને શરીર, સહન કરી શકે તેવાં હોય, અને અપવાદ સેવવા જરૂર હોવા છતાં અપવાદ ન સેવે તોપણ આરાધક થાય છે. પરંતુ અપવાદના કારણો હોય, શિષ્યાદિ અશકત હોય તેમને આગ્રહથી ઉત્સર્ગ સેવવા પકડી રાખે=હઠાગ્રહ કરેતો, સેવનાર-સેવાવનાર બંને વિરાધક થાય છે. કહ્યું છે કે—

**महल्लधम्मकज्जेसु, अववाओवि देसिओ। न पुणो पावकज्जंमि, जिणधम्ममि कत्थवि ॥ १ ॥**

**અર્થ** : મોટા ધર્મકાર્ય માટે, (લાભ મોટો અને દોષ અલ્પ) અપવાદ સેવવા જરૂર જણાય તો, અપવાદ સેવવા નિષેધ નથી. પરંતુ પાપકાર્યમાં, શ્રીવીતરાગશાસનમાં, કોઈપણ જગ્યાએ અપવાદ સેવવા છૂટ આપી નથી.

**પ્રશ્ન** : કયા કારણે દોષ સેવાય તોપણ, આત્મા વિરાધક-ભાવ પામે નહીં.

**ઉત્તર** : જે આત્મા શરીરે સશકત હોય; ભણવામાં, વેયાવચ્ચમા, વિહારમાં, નિર્વાહ થઈ શકતો હોય; તેવા આત્માઓને, છવિગઈઓ પણ દરરોજ વાપરવાની મનાઈ ફરમાવી છે. પરંતુ તપ કરવો હોય; વિહારાદિથી પરિશ્રમ લાગવાથી, અશકિત આવી ગઈ હોય, અથવા ઘણા મુનિરાજોની વેયાવચ્ચ કરવામાં, અશાકત=નબળાઈ આવી જતી હોય, તેવા સાધુને, ગુરુદેવની રજા મેળવીને, છપૈકીની કોઈપણ વિગઈ, ગુરુનિશ્રામાં લઈ શકાય છે. પરંતુ પ્રબળ કારણ વિના પણ વિગઈઓ વાપરનાર સાધુ વિરાધક ગણાયો છે.

**दुद्ध-दही-विगइओ, आहरेइ अभिक्खणं। अरओअ तवोकम्मे पावसमणुत्ति वुच्चई** ॥ १ ॥ ઇતિ ઉત્તરાધ્યયન.

**પ્રશ્ન** : આ ભલામણ તો ચોથા આરા માટે હતી કે આ કાલ માટે પણ ખરી ?

**ઉત્તર** : શ્રીજિનેશ્વરદેવોના શાસનના વહેવારો પ્રાયઃ સર્વકાલના જીવોને-આશ્રયીને હોય છે. છતાં દ્રવ્ય ક્ષેત્ર-કાળભાવ પણ વિધિ-નિષેધમાં કારણરૂપ બને છે.

ચોથા આરાના જીવોનાં સંઘયણ, (શરીરબળ) ઘણા મજબૂત જોરદાર હતાં. તેવા આત્માઓના અસંગભાવનો, કે તપનો, સંપૂર્ણ વહેવાર આ કાલના જીવો માટે, અશકય હોવાથી. પરિહારવિશુદ્ધિઆદિ, ચારિત્રો બંધ થયાં છે. અને જિનકલ્પ જેવા કલ્પો બંધ થયા છે. આગમ વહેવાર-શ્રુત વહેવાર બંધ થયા છે. આગાર વગરનાં અનશન બંધ થયાં છે.

પરંતુ બધીવિગઈઓ દરરોજ ન વાપરનાર, નભી ન જ શકે એવું નથી. આ કાળમાં પણ સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા એક વર્ષમાં, ચાર માસ, છ માસ, આઠ માસ, આંબીલ વર્ધમાન તપ કરતા સાક્ષાત્ અનુભવાય છે. એકસાથે વગર પારણે-પાંચસો-સાતસો-હજાર સુધી આંબીલ કરતા સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાઓ આજે પણ વિદ્યમાન જોવાય છે.

ઉપવાસથી છઠથી–આઠમથી વર્ષીતપ કરતા, સાધુ–સાધ્વી–શ્રાવક–શ્રાવિકા હમણાં પણ આપણને નજરે દેખાય છે. બારે માસ, વર્ષીતપ એકાન્તરાતપ કરનારા, મહાનુભાવો હાલ પણ અનુભવાય છે.

**પ્રશ્ન** : બારેમાસ–વ્યાખ્યાન કરનારા, વાચના આપનારા, અભ્યાસ કરનારા તપ ન કરી શકે–આ દલીલ બરાબર નથી ?

**ઉત્તર** : અશુભોદયથી શરીરના રોગી કોઈક આત્મા માટે દલીલ બરાબર ગણાય ? પરંતુ વીતરાગના મુનિઓ, તપ વિના રહી શકે જ નહીં. તપ ન ગમે તેને શાસન પરિણમ્યું કેમ કહેવાય ? પચાસ વર્ષ પહેલાં બારે માસ બેસણાં કરનારા મોટો ભાગ હતો. અને કાયમ એકાશણાં કરનારા દશતિથિ ઉપવાસ, આંબીલ એકાશણાં કરનારા પણ ઘણા હતા. બારેમાસ આઠમ, ચૌદશ, પાંચમ અગ્યારસ ઉપવાસ કરનારા ઘણા હતા.

**પ્રશ્ન** : બારે પ્રકારના તપમાં સ્વાધ્યાય તપ મોટોતપ છે. પછી બીજા તપ ન હોય તો ન ચાલે ?

**ઉત્તર** : ઉપવાસ છઠ, આઠમાદિ તપ, આંબીલ તપ, અને છવિગયના ત્યાગ વગર, ઈન્દ્રિય ઘોડા કાબૂમાં રહેવા અશકય મનાય છે. અને ઈન્દ્રિયો ઉપર કાબૂ ન રહે તો પાંચ મહાવ્રતોમાં બગાડ પેસતાં વાર લાગે નહીં. પાંચ માઈલું એક વ્રત ભાંગે તો પાંચે જરૂર ભાંગે છે. માટે **અનશન–ઉનોદરી વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ, સંલીનતા,** આ છ બાહ્ય અને **પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને કાયોત્સર્ગ** આ છ અભ્યંતર એમ બારે પ્રકારનો તપ યથાશકિત આરાધનારમાં રત્નત્રયી આવે છે. અને સચવાય છે.

**પ્રશ્ન** : રત્નત્રયીનો અર્થ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રાણિ મોક્ષ માર્ગ ફરમાવ્યો છે અને તપ તો ચોથું પદ કહેલું છે. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર શુદ્ધ હોય તો તપ ન થાય. ન કરીએ તોપણ ચાલે ને ?

**ઉત્તર** : શ્રી જિનેશ્વરદેવોએ–ચારત્ર અને તપ અભેદ કહ્યા છે. ચારત્ર હોય ત્યાં તપ હોયજ. તપવિના ચારિત્ર રહી શકે જ નહીં. ચારિત્રને નિર્મળ બનાવવા તપની અનિવાર્ય જરૂર છે.

**પ્રશ્ન** : ઉપરના વર્ણનમાં મોટા ધર્મકાર્યમાં અપવાદ સેવવો વ્યાજબી છે, એમ જણાવેલ છે તેનો જરા વધારે ખુલાસો કરવા જરૂર છે ?

**ઉત્તર** : ખર્ચ થોડો અને આવક ઘણી હોય, જેમ કોઈ મોટી પેઢી = મોટા દુકાનદારને મહેમાનોનું રસોડું–ચાલતું હોય, ઘણા નોકરો ગુમાસ્તાઓના પગાર ચડતા હોય, ઘણી દુકાનો વખારોનાં ભાડાં ચડતાં હોય, ઘણું વ્યાજ ભરવું પડતું હોય, આવા બધા ખર્ચાઓ કરતાં પણ આવક બમણી–ચારગણી–દશગણી હોય તેને ઉપરના ખર્ચા વ્યાજબી ગણાય છે.

તેમ અહીં સ્થૂલભદ્રસ્વામી વેશ્યાના ઘેર ગયા તે **અપવાદ**, તેના ઘેર ચોમાસું રહ્યા તે **અપવાદ** તેની સાથે ચારમાદ એકાન્ત સેવી તે અપવાદ, વિકારોજ ઉત્પન્ન કરાવે તેવાં, ખૂબ રુપવતી–સ્ત્રીઓનાં ચિત્રોથી ભરેલી, ભીંતોવાળી ચિત્ર શાળામાં રહ્યા તે **અપવાદ** ષટ્રસ ભોજન વહોર્યા અને વાપર્યાં તે **અપવાદ**, નિત્યપિંડ વહોર્યો તે **અપવાદ** ચારે માસ શય્યાતરનો પિંડ વહોર્યો તે પણ **અપવાદ.**

આવા આવા બધા અપવાદો પૈકીનો એક અપવાદ પણ અન્ય મુનિરાજોને, અમેરિકનના અણુઓમના ધડાકા જેવો હોવા છતાં, આટલા બધા અપવાદો પણ, શ્રી સ્થૂલભદ્રસ્વામી માટે શાસન પ્રભાવનાનું અને સંખ્યાતીત ઉત્તમ જીવોને અનુમોદન કરવાનું કારણ બન્યા છે. જુઓ તે મહાપુરૂષની તાકાદનુ વર્ણન

**वेश्या रागवती, सदा तदनुगा, षड्भीरसैर्भोजनं ।**
**शुभ्रं धाम मनोहरं वपुरहो, नव्योवयः संगमः**
**कालोऽयंजलदाविलः तदपियः, कामं जिगायादरात् ।**
**तं वंदे युवतीप्रबोधकुशलं, श्रीस्थूलभद्रं मुनिम् ॥ १ ॥**

**અર્થ** : જાતે વેશ્યા હતી, રૂપનો અંબાર હતી, સ્થૂલભદ્ર મહારાજ ઉપર અપ્રમાણ રાગ વાળી હતી. મનથી, વચનથી, કાયાથી, સ્થૂલભદ્રને, અર્પણ થયેલી હતી. અર્થાત્ મનમાં સ્થૂલભદ્રનું જ ધ્યાન હતું. નમ્રતા, કોમળતા અને વિનયથી ભરેલાં વચનો, તે પણ દાસીની જેમ બોલતી હતી. કોશાવેશ્યાનાં એકએકવચન ભલભલાને, માખણના પિંડની માફક ઓગાળી–પીગળાવી નાખે તેવાં હતાં. તથા શરીરના પ્રત્યેક અવયવો, સ્થૂલ–ભદ્રને અર્પણ કરેલા હતા. તથાત્રીસે દિવસ વિકારી ષટરસ પકવાનોનું જ ભોજન હતું. રહેવાની વસતિ સ્ત્રીઓના રૂપોથી ચિતરેલી ચિત્રશાળા હતી. સ્થૂલભદ્ર અને વેશ્યા બન્નેની ૩૨–૩૩ વર્ષની ભરયુવાન વય હતી. વિકારને વધારનારો ચોમાસાનો કાળ હતો.

આટલા મોટા પ્રમાણનાં વિકારનાં ભરપૂર સાધનોમાં પણ, સ્થૂલભદ્રસ્વામી મહામુનિરાજ ચાર માસની એકેએક ક્ષણમાં, પળમાં, મનમાં, વચનમાં અને કાયામાં અવિકાર રહીને, મોહરાજાના મહાસુભટ કામદેવને, જીતી જનાર, અને ઉપરથી વેશ્યા જેવી અપવિત્ર બાળાને, શ્રાવકના બારવ્રત ઉચ્ચરાવી, દેશવિરતિધર્મ આપી તારનાર, સ્થૂલભદ્ર મહામુનિરાજને હું વાંદું છું.

**વળી મહાપુરુષો કહે છે :**

**गिरौ गुहायां विजने वनान्तरे, वासं श्रयन्तो वशिनः सहस्रशः ।**
**हर्म्येऽतिरम्ये युवतिजनान्तिके, वशी स एकः शकडालनन्दनः ॥ १ ॥**

**અર્થ** : પર્વતની ગુફામાં, વનોમાં, એકાન્તસ્થાનોમાં રહીને, ઇન્દ્રિયોને અથવા કામવિકારને, હજારો મહાપુરુષો જિતી શકયા છે. પરંતુ સુંદર હવેલીમાં=મનોહર મહેલમાં,

રૂપવતી રમણી પાસે રહીને, કામ વિકારોને વશ નહીં થનાર ફક્ત શકડાલમંત્રીના પુત્ર સ્થૂલભદ્ર જ છે.

અહીં સ્થૂલભદ્ર સ્વામીનું વેશ્યાના ઘેર ગમન વગેરે બધું જ, જૈન શાસનના મહામુનિરાજોના આચાર વિચારોથી વિરુદ્ધ હોવા છતાં, ફકત સ્થૂલભદ્ર સ્વામી પૂરતું લાભને માટે થયું છે. આવાં આચરણોનું એક પણ અનુકરણ બીજા જીવોને પતનનું કારણ જ થાય.

**પ્રશ્ન** : આપણા પાંચમા આરાના જીવો માટે, ભલે આવું ભીષણ આચરણ અશકય ગણાય ? પરંતુ ચોથા આરાના મુનિરાજો માટે, અથવા તેમના સમકાલીન સાધુઓ માટે, આચરી શકાય તેવું કેમ ન ગણાય ?

**ઉત્તર** : સ્થૂલભદ્રસ્વામી જેવા બ્રહ્મચારી, ચોરાશી ચોવીસી સુધી કોઈ થવા મુશ્કેલ છે. જુઓ તેમના સમકાલીન, તેમના ગુરુભાઈ, અને મહા તપસ્વી, ઘોર અભિગ્રહ કરનારા, બીજા ત્રણ સાધુ હતા.

૧. વિકરાળ સર્પના બીલ ઉપર રહીને, ચાર માસના ઉપવાસ કરીને, કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહેનારા એક તપસ્વી હતા. ૨. કૂવા ઉપર પાટીઉં મુકેલ હતું. તેની ઉપર ચાર માસના ઉપવાસ કરીને, કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહેનારા બીજા તપસ્વી હતા. ૩. સિંહની ગુફા પાસે, ચાર માસના ઉપવાસ કરીને, કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહેનારા ત્રીજા તપસ્વી હતા. ત્યારે સ્થૂલભદ્ર મહામુનિરાજ પણ ઉપર બતાવેલા વર્ણનવાળા, વેશ્યાના મહેલમાં ચાર માસ વસનારા મહાત્મા હતા.

ચારે મુનિરાજો પોતાના અભિગ્રહો સંપૂર્ણ કરીને, ગુરુજી પાસે આવ્યા. ગુરુ મહારાજાએ પણ આવા મહાત્માઓને ખૂબ આવકાર આપ્યો. તેમના તપનાં, અભિગ્રહોનાં, એકાગ્રતાનાં, ત્યાગનાં, ખૂબ ખૂબ વખાણ કર્યા. આ સર્વમાં સ્થૂલભદ્રમુનિની પ્રશંસા ખૂબ જોરદાર હતી. જે સાંભળીને, પહેલા ત્રણ મુનિરાજોને સહેજે દુઃખ લાગ્યું.

અમારા ત્રણનો આવો જોરદાર 'તપ,' ભયંકર સ્થાનોમાં વસવાટ, ચારે પ્રકારના આહારનો ત્યાગ, મરણના મિત્ર જેવા-સિંહ-સર્પ-અને કૂપ ઉપર કાઉસ્સગ્ગ કરીને રહેવાનું, ત્યારે સ્થૂલભદ્રમુનિને તપનો અંશ પણ નહીં. ત્રીસેદિવસ અશન-પાન-સ્વાદિષ્ટ ખાવાનું, દેવવિમાન જેવા વેશ્યાના મહેલમાં વસવાનું, છતાં તેમની આવી પ્રશંસા; અહીં મોટા પુરુષોનો પક્ષપાત જ દેખાય છે.

માટે આવતા ચોમાસે હું પોતે જ (સિંહગુહાવાસી મુનિરાજ) વેશ્યાના મહેલમાં ચોમાસું રહેવાની રજા માગીશ, અને ચોમાસું આવ્યું ત્યારે ગુરુજી પાસે, જઈને, વેશ્યાના ઘેર જવાની, ચિત્રશાળામાં ઉતરવાની, ષટ્રસ ભોજન કરવાની, આજ્ઞા માગી. ગુરુજી કહે છે, ભાઈ! મેણના દાંતે લોહના ચણા ચાવવાનું, બે હાથ વડે સમુદ્ર તરવાનું, વેળુના કવળ ખાવાનું, જેટલું કઠીણ છે, તેના થકી પણ હજારો ગુણું, નિર્વિકાર મન રાખીને વેશ્યાના ઘરમાં વસવું કઠીણ છે.

પરંતુ સિંહગુહાવાસી, સાધુ ન સમજ્યા. ગુરુજીની શિખામણનો અનાદર કરીને, વેશ્યાના ઘેર ગયા. વેશ્યા ઘણી હોશિયાર હતી. તે સમજી ગઈ કે જરૂર સ્થુલભદ્રસ્વામીની ઈર્ષાથી આ મહાત્મા મારા ઘેર આવ્યા સંભવે છે. પડવા દેવા નહીં, પરંતુ પરીક્ષાતો જરૂર કરવી, આમ વિચારીને સામી જઈને; આદરસત્કાર કરીને, મુનિરાજને ચિત્રશાળામાં લાવીને ઉતાર્યા. ગોચરી પાણી વહોરાવ્યાં. જિંદગીમાં નહીં જોયેલાં કે નહીં ચાખેલાં પકવાનો આજે મુનિરાજે વાપર્યાં.

**પ્રશ્ન** : વેશ્યાના ઘરના જેવો આહાર બીજી જગ્યાએ ન હોય એમ ખરું ?

**ઉત્તર** : જેમ પુણ્યની અધિકતા, તેમ તેમ લક્ષ્મીની, મોટી આવક હોય છે. લક્ષ્મીની મોટી આવકવાળા ત્રણ વર્ગો હોય છે. રાજા મહારાજાઓ, ઝવેરાત વગેરેના મોટા વેપાર કરનારાઓ, અને વેશ્યાઓ. ત્રણ સ્થાનોમાં અઢળક લક્ષ્મીની આવક હોય છે. ત્યાં વૈભવો–વિલાસો–વિકારોનું પણ સામ્રાજ્ય હોય અને માટે જ ત્યાંનાં ખોરાકો કેવળ માદકતાને=ઉન્માદોને વધારે તેવા હોય છે.

વેશ્યાના ઘરનો આહાર વાપરીને મુનિરાજ વિશ્રાન્ત થયા, ત્યાં તો કોશા વેશ્યા આવી. પ્રારંભમાં તો વંદનાદિ વિવેક સાચવ્યો. અને પછી તો સામી ઉભી રહીને, ચક્ષુઓ વડે ચેન–ચાળા કરવા શરૂ કર્યા. વેશ્યાના ઘરનો વિકારી આહાર વાપરવાથી, મુનિશ્રીમાં વિવશતા શરૂતો થઈ હતી જ અને હવે બધી બાજુનાં ચિત્રો પણ જોવાવાં શરૂ થયાં હતાં. વધારામાં વેશ્યાના વિકારજનક શરીરના અવયવો પણ ધારી ધારીને જોયા

"નેત્રબાણો ને પયોધર નાભિને સુન્દર કટી."

જોવાની સાથે જ મુનિરાજના મુનિપણાના પતનનો પ્રારંભ શરૂ થયો. અને મર્યાદા મુકીને કામ–ભોગની પ્રાર્થના કરી : **વેશ્યાનો ઉત્તર :** મહાશય ! અમે—

"વેશ્યા–ગણિકા નાયિકા, પણ્યનારી કહેવાય ।
ગુણ–અવગુણ જોયા વિના, ધનદાયક વશ થાય." ॥ ૧ ॥

અમોને જે દ્રવ્ય આપે, તેને આધીન થઈએ છીએ. અમે ગુણ–અવગુણને ઓળખતા નથી. હવે જો આપને મારી સાથે, ભોગવાંછા હોય તો, પહેલું તે આપો.

**મુનિનો ઉત્તર :** ભદ્રે ! અમે અકિંચન છીએ. એક રાતી પાઈ પણ અમારી પાસે નથી. તથા વળી ધન ઉપાર્જન કરવાની કોઈપણ કલા અમને આવડતી નથી.

**વેશ્યા** : મહાશય ! નેપાલ દેશનો રાજા મહાદાની છે. પ્રત્યેક જૈન ભિક્ષુકને રત્નકામલનું દાન કરે છે. તેને વેચવાથી, એક લાખ દ્રવ્ય આવશે. તે લઈ આવશો તો તમારી ઈચ્છા પૂરી થશે.

**મુનિ** : હમણાં ચોમાસું છે, વરસાદ ચાલુ છે, જમીન, પાણી અને વનસ્પતિમય બની ગઈ છે. તેથી જૈન મુનિથી કેમ જવાય ? વેશ્યા કહે છે મારી સાથેના ભોગની ઈચ્છા હોય તો બીજી બીજી વાતો જવા દો.

**મુનિ** : વર્ષાઋતુમાં મુસાફરી કરવાથી છકાયની વિરાધના અને જિંદગીનું મોટું જોખમ ગણાય.

**વેશ્યા** : કામભોગના અર્થી માણસોને મરવાનો પણ ભય હોતો નથી. પૈસા લાવો અથવા આ સ્થાનેથી રવાના થાઓ. વેશ્યાના વચનો સાંભળીને વિકારને વશ બનેલા સાધુ, નેપાલ તરફ ઉપડ્યા. હજારો દુ:ખો, ક્ષુધા, તૃષા, નદીઓ, પહાડોનાં આક્રમણો ભોગવી, નેપાળ જઈ કામળ લઈ આવ્યા. અને કામળ વેશ્યાને આપી.

સાધુના દેખતાં વેશ્યા સ્નાન કરવા બેઠી. અને સ્નાન કરીને, તેજ રત્નકામળ વડે શરીરને લુછીને ખાળમાં ગારામાં ફેંકી દીધી. સાધુમહારાજ–હાં હાં, આવી મુસીબતે, હજારો સંકટો વેઠીને, લાવેલી રત્ન જેવી કામળની આવી દશા, કાંઈ અક્કલ છે કે નહીં ? રત્નકામળને કાદવમાં ફેંકાય ?

**વેશ્યા** : મહાશય ! તમે કેટલાય વર્ષોથી ચારિત્ર પાળીને, મોટા મોટા તપ અને અભિગ્રહો આચરીને, સાચવેલાં સમ્યગ્દર્શન, જ્ઞાન ચારિત્ર રૂપ મહામૂલ્ય રત્નોને કાદવ કરતાં પણ અપવિત્ર, મારા શરીરના સ્પર્શરૂપ કાદવમાં, નાખવા તૈયાર થયા છો. ચોમાસામાં પૃથ્વીકાય, અપકાય, વનસ્પતિકાય અને ત્રસકાયનો કચ્ચરઘાણ વાળનાર હજારો માઈલની મુસાફરી કરનાર, એવા તમારી અક્કલ ખોવાઈ ગઈ છે કે, મારી આવી રત્નકામલો તો મારા જેવી વેશ્યાઓ પાસે પણ ઘણી છે. સુલભ છે, પરંતુ શ્રીવીતરાગ-દેવોની રત્નત્રયી જ દુર્લભ છે. તે રત્નત્રયીને તમે મારા શરીરના સમાગમ રૂપ કાદવમાં ફેંકવા તૈયાર થયા છો. તે શું ? અક્કલનું દેવાળું નથી ? વેશ્યાનાં વેધક વચનોની સાધુ ઉપર ખૂબ અસર થઈ ગઈ. પછી તો કોશા વેશ્યાએ, સાધુને સ્થિર કરવા ખૂબ ઉપદેશ આપ્યો.

અને કહ્યું મહાશય ! તમે સ્થૂલભદ્રસ્વામીની ઈર્ષાથી જ અહીં આવ્યા હશો, પરંતુ લાંબો વિચાર કરશો તો સમજાશે કે, સમુદ્ર અને ખાબોચિયા જેટલો, ગરુડ અને કબૂતર જેટલો, શેષનાગ અને ચકલુંડી ( આંધળો સર્પ ) જેટલો, સૂર્ય અને ખદ્યોત જેટલો, સ્થૂલભદ્રસ્વામી અને તમારામાં અંતર છે. કારણ કે—

"સ્થૂલભદ્ર મારા પતિ, હું છું તેની નાર ।
પણ તે મહાપુરુષે મને, તૃણવતગણી અસાર" ।। ૧ ।।

"ભદ્રબાહુ સ્વામી તણા, શિષ્ય તુમે ગુણધાર ।
અસાર મારા રૂપમાં, છોડયા મુનિ અચાર ।। ૨ ।।

મુનિશ્રીને વેશ્યાનો ઉપદેશ, રૂવાડે રૂવાડે ગમી ગયો, પરિણમી ગયો. અને કોશ્યાના પગમાં પડીને, માફી માગીને, ગુરુ પાસે ચાલ્યા આવ્યા. અને પોતાનો બધો બનાવ ગુરુદેવને જણાવીને, પોતાના પાપોનું પ્રાયશ્ચિત્ત લઈ સંજમપાલી સ્વર્ગવાસી થયા.

આ સ્થાને વેશ્યાના ઘરમાં જવું વગેરે બધા અપવાદો સ્થૂલભદ્રમહારાજને પચાવવાની, શક્તિ હોવાથી, વિરાધનાનાં કારણ થયાં નહીં. અને સિંહ ગુફાવાસી મુનિને, પચાવવાની શક્તિના અભાવે, ચારિત્રથી ભ્રષ્ટ બનાવનારાં થયાં. સ્થૂલભદ્રસ્વામીને ચાર માસ રહેવા છતાં પણ વિકારો થયા નહીં. બીજા સાધુ ક્ષણવારમાં અગ્નિ પાસે માખણ જેવા થઈ ગયા.

**પ્રશ્ન** : વેશ્યા હોવા છતાં, અને સાધુએ રત્નકામલ લાવી આપી છતાં, સાધુની માગણીનો સ્વીકાર કેમ ન થયો? વેશ્યાને ધન આપે, તે ગમે તે હોય તોપણ, તેને આદર આપે છે. તો પછી પ્રસ્તુત સાધુને આદર ન આપ્યો, પરંતુ ઉપદેશ કેમ આપ્યો?

**ઉત્તર** : કોશાવેશ્યા સ્થુલભદ્ર મહારાજનો ઉપદેશ સાંભળીને, અને તેમનું આવું ત્યાગમય જીવન જોઈને, વેશ્યા મટીને શ્રાવિકા બની હતી. તેણી ચોથા વ્રતમાં, રાજા મોકલે તેને સેવવો પડે તો જયણા. સિવાયના પુરુષોનો તેણીએ ત્યાગ કરીને, સાચી શ્રાવિકાપણું મેળવ્યું હતું. અને એકવાર રાજાના મોકલેલ કલાધર સુથારને પણ, કળાઓ દેખાડી, ગર્વ ઉતારી પતિબોધ પમાડી, પાછો કાઢયો હતો.

**પ્રશ્ન** : યોગ્યતા કે અયોગ્યતા આવા વિષમ સ્થાનો પૂરતી જ જોવાની હોય છે કે વસ્તુ માત્રમાં?

**ઉત્તર** : શ્રીવીતરાગ શાસનમાં દીક્ષા આપવામાં યોગ્ય–અયોગ્ય તપાસવાના હોય છે, વ્યાખ્યાન પણ ગમે તે વાંચી શકે નહીં. પુસ્તક ગમે તેનું બનાવેલું યોગ્ય ગણાય નહીં. કવિતા ગમે તે બનાવી શકે નહીં. પંન્યાસ ગણી, ઉપાધ્યાય, આચાર્ય ગમે તેને બનાવી શકાય નહીં. બધા સ્થાનોમાં લાયકાત ન હોય તો, તે તે સ્થાનો ફળે નહીં પણ ફૂટી નીકળે છે.

**પ્રશ્ન** : દુનિયામાં કહેવત છે કે "ગોળતો અંધારામાં પણ ગળ્યો લાગે છે." તેમ અયોગ્ય માણસને પણ દીક્ષા જેવી ઉત્તમ વસ્તુ અપાય તો શું ખોટું? લાભ થવો હોય તો થાય. પરંતુ નુકસાન તો નથી જ ને?

**ઉત્તર** : અયોગ્ય જીવને દીક્ષા જેવી ઉત્તમ વસ્તુથી લાભ થતો નથી. ધર્મની નિંદા થાય છે. શાસનની અવહેલના થાય છે. ધર્મ પામેલા નવા જીવો ધર્મથી ખસે છે. વ્રત ભાંગી નાખ્યાનું મોટું પાપ લાગે છે.

**"વૈતરણીની વેદના માંહી વ્રત ભાંગે તે પેસે"** વ્રત ભાંગી નાખનારા નરક તિર્યંચ ગતિમાં ભટકનારા થાય છે. વ્રતોને ભાંગવાથી જીવ દુર્લભ બોધિ બને છે. વ્રતોને ભાંગનાર મનુષ્ય વખતે, વ્રતોની નિંદા કરનારો પણ થાય છે. નાલાયક મનુષ્ય વ્રતો પામીને ગુરુનો દુશ્મન પણ થાય છે. અયોગ્ય માણસ, દ્રવ્યચારિત્ર પાળવા છતાં, મનમાં સીદાતો રહેવાથી, ગુરુને, ધર્મને, ઉપાસકોને મનમાં નિન્દ્યા કરે છે. વ્રતો પ્રત્યે શ્રદ્ધા, બહુમાન, આદર વગરનો જીવ પ્રત્યેક ક્ષણે ચિક્કણાં કર્મોને બાંધ્યા કરે છે.

**પ્રશ્ન** : તો પછી શાસ્ત્રોમાં

**"अविहिकया, वरमकयं, उस्सुय वयणं वयंति सव्वन्नु"**

**અર્થ** : અવિધિએ કરવા કરતાં ન કરવું સારું? આવું વચન બોલાય તે પણ ઉત્સૂત્ર કહેવાય છે. આનો ભાવાર્થ એ જ થાય કે દીક્ષા નહીં લેનારા કરતાં, લઈને ભાંગી નાખનારા સારા એમ નહીં?

**ઉત્તર** : [૧]કોઈને શ્રીવીતરાગદેવોની વિરતિના પરિણામ થાય જ નહીં. [૨]અને કોઈ ભાગ્યશાળી જીવ વિરતિના ભાવોલ્લાસ પૂર્વક દીક્ષા લે—સારું—પાળે. ભાવિભાવ અને પડી જાય. અથવા સિંહની પેઠે લઈને, પાછળથી અતિચારો પણ લગાડે. આ બેમાં નહીં લેનાર કરતાં, લેનારને સારો જાણવો. કારણ કે વિર્યોલ્લાસથી દીક્ષા પામીને, ચોથા વગેરે ગુણઠાણાં સ્પર્શી જવાથી, અલ્પસંસારી થઈ ગયો ગણાય છે. પરંતુ જે આત્મા શ્રીવીતરાગશાસનના વ્રત વચ્ચખ્ખાણોને સમજતા જ ન હોય સમજવાના ખપીપણુન હોય તેવાઓને જ્ઞાનિઓએ સારા માન્યા નથી.

તેમ કોઈ આત્મા ઘણી શ્રદ્ધાથી સામાયિક, પ્રતિક્રમણ, પૂજા, પૌષધ તથા દાન, શીલ, તપશ્ચર્યા કરે છે. તેમાં ઉપયોગશૂન્યતા વગેરે દોષો હોવા છતાં પણ, માર્ગે ચડેલો હોવાથી. ભવિષ્યમાં શુદ્ધ સામગ્રી પામીને, શુદ્ધ આરાધક બનવાની ભૂમિકા માની શકાય. આ સિવાય, ગતાનુગતિકતા; શૂન્યતા અને ખપીપણાના અભાવે દીક્ષા જેવી ઉચ્ચ સામગ્રી કેમ અપાય? સમજીને લે અને પાપોદયથી પડે. ગતાનુગતિક લે—અને મુકે આ બેમાં સાહુકાર અને ચોર જેટલો તફાવત છે.

**પ્રશ્ન** : અવિધિએ પણ, જિનેશ્વર શાસનની ક્રિયા કરવામાં વાંધો નથી. પરંતુ લાભની જ આશા રખાય છે. તો પછી કોઈ માણસ દીક્ષા લે, ફાવે તો—આગળ વધે ન ફાવે તો ઘેર જાય તેમાં હરકત શું?

**ઉત્તર** : અયોગ્યને દીક્ષા આપવાની, જ્ઞાનીઓએ, ના પાડી છે.

**પ્રશ્ન** : આપણે અજ્ઞાની જીવો, અયોગ્ય યોગ્યને જુદા કેમ તારવી શકીએ ?

**ઉત્તર** : આપણે અનુભવથી સમજાય તેટલી પરીક્ષા જરૂર કરવી જોઈએ.

જેમ ઉધાર વેપાર કરનાર વેપારી ચોર શાહુકારને, લુચ્ચા ગુંડાને, ઓળખવા બનતું કરે છે, તથા વરકન્યાની પરસ્પર પરીક્ષા થાય છે. આજુબાજુના માણસોથી, માહિતી મેળવાય છે. તેમ દીક્ષા લેનાર વ્યક્તને ઓળખવાના શકય પ્રયાસો કરવા જોઈએ, વગર ઓળખે અપાત્રોને અપાયેલી દીક્ષા, તેના કે શાસનના હિત માટે થતી નથી. અપાત્ર માણસ વેશ છોડી દે, અથવા વેશમાં રહે. તોપણ તેને ભગવાન વીતરાગદેવની વિરતિનો પ્રાયઃ સ્વાદ મળતો નથી.

## મહાપુરુષોનો અનુભવ

**देवलोकसमानो हि, पर्यायो यतीनांव्रते । रतानां अरतानां च । महानरकसन्निभः ॥ १ ॥**

કોઈ મહાપુણ્યવાન આત્માને, શ્રીવીતરાગદેવોની સર્વવિરતિ ગમી જાય તો તેને ઉત્તરોત્તર વધારે વધારે સ્વર્ગના સુખોનો (સ્વર્ગના સુખો જેવો) સ્વાદ અનુભવાય છે. જેમ ધન્ના–શાલિભદ્રજી, ધન્નાકાકંદી, સીતા–દમયંતી, ચંદનબાલા, મૃગાવતી વગેરેની પેઠે.

અને વિરતિ સમજે નહિં તેને વિરતિમાં રસ આવે નહિં. પરંતુ અનુકૂળ સંયોગો ન મળે તો, અથવા પ્રતિકુળ સંયોગો આવી જાય તો, પતનના સંયોગોઅને સમાગમો ઇચ્છનારા દીક્ષામાં રહેવા છતાં, તેનો પર્યાય નરકના કેદખાના જેવો રહે છે, જેમ કંડરિકમુનિ વગેરે.

વળી શ્રીજૈનશાસનમાં, ગુરુ બનવા બનાવવાનાં સ્થાનો પણ યોગ્ય અયોગ્યની લાયકાત વિચારીને જ નક્કી થયાં છે. ગમે તેઓને ગુરુ બનાવાય નહીં, તથા ગણી–પંન્યાસ–ઉપાધ્યાય કે સૂરીશ્વરની પદવી પણ અપાય નહિ. આ વિષય અમે આગળના પ્રકરણોમાં લખ્યો છે અને હવે પછી પણ સવિસ્તર ચર્ચવાના છીએ માટે અહીં વિસ્તાર કરતા નથી.

ઇતિ—સ્થૂલભદ્રસ્વામીની કથા. વળી એક અપવાદસમર્થક કાલકસૂરિ મહારાજની કથા.

ધારાવાસ નામના નગરમાં, વીરસિંહનામનો રાજા રાજ્ય કરતો હતો. તેમને રૂપ–શીલાદ અનેક બાહ્યઅભ્યંતર ગુણગણમણિમાલા, સુરસુંદરી નામની મુખ્ય પટ્ટરાણી હતી. રાજારાણીના નિર્મળ દાંપત્યધર્મથી, તેમને કાલકનામા પુત્ર થયો હતો. અને કેટલાક વર્ષો પછી નાગકુમારી જેવી, સરસ્વતીનામા એક પુત્રી થઈ હતી. બંને (ભાઈ–બહેન) બાળકો મોટા થવા લાગ્યાં અને રાજારાણીએ, સારા અધ્યાપકો પાસે, ક્ષત્રિઓને ઉચિત શસ્ત્ર–અસ્ત્રના શાસ્ત્રો સાથે, નીતિ, અને વહેવારના માર્ગોનું પણ ઘણું વિસ્તૃત અધ્યયન કરાવ્યું હતું. રાજકુમારી સરસ્વતી પણ, શાસ્ત્રોનો અભ્યાસ કરવા વડે સાક્ષાત સરસ્વતી જેવી શોભતી હતી.

કાલકકુમાર અને કુમારી સરસ્વતીબાળા બંને ભાઈ-ભગિનીનો સ્નેહ ખૂબ હતો. બહેનભાઈ જોડે જ જમવા બેસતાં હતાં. ભાઈ વિના બહેનને ક્ષણવાર પણ ચેન પડતું નહીં. એકવાર કાલકકુમાર, મંત્રીઓના પુત્રો વગેરે પોતાના બાલમિત્રો સાથે, ઉદ્યાનમાં ફરવા ગયા હતા, ત્યાં ગુણાકરસૂરિ નામના આચાર્યભગવાન પધાર્યા હતા. તેઓ પોતાના સાધુસમુદાય તથા આજુબાજુથી આવેલા ગૃહસ્થોની સન્મુખ, ધર્મનો ઉપદેશ અને તેમાં સંસારની અસારતા બતાવતા હતા.

## જિનેશ્વરભગવંતો ફરમાવે છે કે—

**भवारण्यं मुक्त्वा यदि जिगमिषु र्मुक्तिनगरीम् । तदानीं माकार्षी र्विषयविषवृक्षेषु वसतिं । यतश्छायाप्येषां प्रथयति महामोहमचिरादयंजन्तुर्यस्मात्पदमपिगन्तुं न प्रभवति ॥ १ ॥**

**અર્થ** : હે મહાભાગ્યશાળી ભવ્ય જીવો ! જો તમને, સંસારનાં દુઃખો અને બંધનોથી છૂટા થવાની ઇચ્છા હોય ! આ સંસાર અટવી માંહીથી નીકળીને, મુક્તિમહાનગરીમાં જવાની ઇચ્છા હોય તો, આ સંસારમાં રહેલા, મહાભયંકર વિષના વૃક્ષો જેવા, પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં, ઉભા રહેવાની પણ ઇચ્છા કરશો નહીં, કારણ કે તેની છાયા પણ પ્રાણીઓને, ત્યાં ને ત્યાં ચોટાડી મૂકે છે, એક ડગલું પણ પ્રાણી આગળ વધી શકતો નથી.

ઉત્તમ ભૂમિમાં અલ્પવૃષ્ટિ પણ ખૂબ પરિણામ પામે છે. ઉત્તમ વૃક્ષો અને ફલોનું કારણ બને છે. તેમ ગુરુમહારાજના વ્યાખ્યાનની કાલકકુમારમાં ખૂબ સારી અસર થઈ. પોતાના વૈરાગ્યમય વિચારો માતાપિતાને જણાવીને, ભગિની સહિત, ગુણાકાર સૂરિમહારાજ પાસે દીક્ષા લીધી. વૈરાગી હતા. ઘણા બુદ્ધિશાળી હતા. વળી કુળખાનદાન પણ હતા. ગુરુ વિનય પણ ખૂબ હોવાથી, અતિ અલ્પ સમયમાં શાસ્ત્રોના પારગામી થયા.

યોગ્યતા જાણીને, ગુરુમહારાજાએ, આચાર્યપદવી આપી. કાલકસૂરિ મહારાજ બન્યા. કાલકસૂરિ મહારાજનાં તેમનાથી મોટાં બીજાં પણ એક બહેન હતાં. તેમના બે પુત્રો બલમિત્ર અને ભાનુમિત્ર ભરૂચના શક્તિ સંપન્ન અને પ્રભાવશાળી રાજાઓ હતા, અર્થાત કાલકાચાર્યના ભાણેજ હતા. આ કાલકાચાર્યનો સમય વી. નિ. પાંચમી સદીનો સંભવી શકે છે.

એકવાર વિહાર કરતા, આચાર્ય ભગવાન, માલવદેશની રાજધાની ઉજ્જયિની નગરીમાં પધાર્યા હતા. સાધ્વી સમુદાય પણ આચાર્ય ભગવાનને વંદન કરવા, ઉજ્જયિની નગરીમાં આવ્યો હતો. જેમાં સૂરિમહારાજનાં બહેન સરસ્વતી સાધ્વી પણ હતાં. તે વખતમાં તે દેશ અને નગરીનો, પ્રભાવશાળી અને વિદ્યાઓ વડે ગર્વિષ્ટ બનેલો, ગર્ધભિલ્લ નામે રાજા હતો. તેખૂબ અનાચારી હતો.

એકવાર સાધ્વીજી મહારાજ ઠંડીલ જઈને આવતાં હતાં. અને દુષ્ટ રાજા ગર્ધભિલ્લ ફરવા નીકળ્યો હતો. ત્યાં સાધ્વીજીને જોયાં. જોકે જૈન સાધ્વીજી પોતાના સંયમને સાચવવા સ્નાન કરતાં નથી. માથામાં ચોટલો રાખતાં નથી. શ્વેત અને તે પણ મલીન વસ્ત્રો પહેરે છે. વસ્ત્રો પણ એવા વિવેકથી પહેરે છે કે, તેમના સ્તનાદ અવયવો દેખાતા નથી. વળી બારે માસ પ્રાયઃ વિગઈ વાપરે નહીં અને છઠ–અઠમાદિ ( બે–ત્રણ ) ઉપવાસો કાયમ કરે છે, જેના વડે ચારિત્ર નિર્વિઘ્ન સચવાય છે અને રૂપ–કાન્તિ પણ ઘટવા માંડે છે.

આવા સંયમી જીવનમાં પણ સાધ્વીજીના રૂપનો દેખાવ ગજબ હતો. તેથી રાજા ગર્ધભિલ્લની શ્વાનનજર સાધ્વીના શરીર ઉપર ચોંટી અને પોતાની સાથેના સિપાઈઓ દ્વારા સાધ્વીજીને પકડાવ્યાં. સાધ્વીજી બૂમો, ચીસો પાડતાં રહ્યાં. પરંતુ યમરાજના દૂતો જેવા રાજાના સૈનિકોએ ઉભી બજારે બૂમો પાડતાં સાધ્વીજીને રાજાના અંતઃપુરમાં લાવીને મૂકી દીધાં.

આ બનાવથી આખું શહેર કકળી ઉઠયું. જૈનો–અજૈનો, આ સતી સાધ્વીનો કકળાટ, ગભરાટ, ઉકળાટ સાંભળી ખૂબ દુઃખી થયા. કેટલાક પુરુષ–સ્ત્રીઓની આંખોમાંથી ચોધારાં આંસુ ચાલવા લાગ્યાં. મોટા ભાગના ઉત્તમ કુટુંબોના ઘરોમાં, રાંધેલાં અનાજ પડ્યાં રહ્યાં, ફેંકી દેવાયાં. આખા નગરમાં હાહાકાર છવાઈ ગયો. પરચક્ર આવવાના ભય થકી પણ લોકોમાં ઘણો જ ઉશ્કેરાટ વ્યાપી ગયો. સતી સાધ્વીની ચીસો સાંભળીને, વજ્રહૃદયના માણસોનાં, હૃદયો પણ ગદ્‌ગદ્‌ થઈ ગયાં હતાં. અને આ બનાવથી તત્કાળ નાગરિક લોકોની એક મોટી સભા એકઠી થઈ. અને બધા મળીને રાજાની પાસે ગયા. સાધ્વીને છોડી મૂકો. સાધુસંત જગતના મનુષ્યોના માતાપિતા સમાન ગણાય છે. રાજા અને પ્રજાએ સાધુ–સાધ્વીને, માતાપિતાની બુદ્ધિથીજ પૂજ્ય માનવા જોઈએ.

“બેન–દીકરી કોઈની, કોઈ ઉપાડી જાય,
પ્રજા–પોકારો સાંભળી, નૃપતિ આપે ન્યાય.” ૧
“પણ રાજા પોતે યદી, ભ્રષ્ટાચારી થાય,
પ્રજા બિચારી રાંકડી, કયાં જઈ નાખે ધાય.” ૨
“ઘરનું રક્ષણ ભીંત છે, વાડ ક્ષેત્ર રક્ષાય,
બાળક રક્ષણ માવડી, પ્રજાનું રક્ષણ રાય.” ૩
“ભીંત પડે માતા મરે, વાડ પવન લેઈ જાય,
રાય–અન્યાયને આચરે, પ્રલયકાળ સર્જાય.” ૪

હે રાજન્! આ બાલબ્રહ્મચારિણી, સાધ્વીજી સામે ખરાબ નજરથી દેખનારા પણ અંધ થયા છે. ગૃહસ્થદશામાં રહેલી, અને પતિવાળી પણ સતી નારીઓ, સીતા, દ્રૌપદી,

નર્મદાસુંદરી, મલયસુંદરી, વગેરેના શીલવ્રતને રાવણ, દુર્યોધન જેવા પણ ડગાવી શક્યા નથી. ત્યારે આ તો પંચમહાવ્રતધારિણી જૈન સાધ્વી છે. અખંડ શીલવતી છે. એના શરીરના સ્પર્શની ઇચ્છા કરવી તે ધગધગતા અંગારાની ખાઈમાં પડવા સમાન છે.

**કોઈ કવિ કહે છે :—**

"સિંહમૂચ્છ, મણિધરમણિ, સતીતન, કંજુસઆથ,
ચડે ચાર એ એટલાં, પ્રાણ ગયે પરહાથ."

આ સતીને, તમે અડી શકશો નહીં. માટે મહાજનનું માન સાચવી પાછાં આપો. આ બનાવથી આખું નગર શોકાતુર બન્યું છે. તે સર્વને પ્રસન્નતા આપો. વળી આ જૈન સાધ્વીજી છે. આખી દુનિયાના જૈનોની પુત્રી ભગિની જનની સમાન છે. આ તોફાન જૈનો ચલાવી લેશે નહીં. વળી ભૂતકાળમાં પણ સતીનારીના શીલ માટે હજારોના બલિદાનો અપાયાં છે. પણ સતીના શીલનો વાળ વાંકો થયો નહીં. અમે આપનાં બાળકો છીએ. તમે અમારા બાપ છો. અરજીનો ન્યાય આપો.

રાજાએ મહાજનની વાતો સાંભળી અપમાન કરી ઉઠાડી મૂક્યાં. પછી તરતજ કેટલાક સાધુઓ અને શ્રાવકોથી વિંટળાએલા કાલકાચાર્ય ભગવાન પધાર્યા. અને સભામાં આવી ઊભા રહ્યા—અન્યાયી રાજાએ આવકાર પણ આપ્યો નહીં. પછી માન શેનું આપે ? તો પણ આચાર્ય ભગવાન શ્રી જિનેશ્વરદેવોના પ્રતિનિધિની ઢબથી, અને જૈનશાસનના ગૌરવને છાજે તેવા રુઆબથી, રાજાની સામે મેઘાની ગર્જનાની જેમ, ભાષણ કરવા લાગ્યા.

રાજન ! આ રાજ્ય પુણ્યથી મળ્યું છે. રાજા એ જગતનો રક્ષક=કોટવાળ સમાન ગણાયો છે. કોટવાળના ભયથી, ચોર લોકો હજારો કોશ ભાગી જાય છે. તેમ પ્રતિભાસંપન્ન ન્યાયી રાજાના રાજ્યમાં ચોર, જાર, ધાડપાડુ, લુચ્ચા, લફંગા, ગુંડા, તોફાની માણસો પણ સૂર્યના પ્રકાશથી, અંધકારની પેઠે, દૂર દૂર ભાગી જાય છે. અને રાજા પોતે જ અન્યાય કરે તો મચ્છગળાગળ ન્યાય ફેલાય છે. કહ્યું છે કે—

**राज्ञि धर्मिणि धर्मिष्ठाः पापे पापाः समे समाः । राजानमनुवर्तन्ते, यथा राजा तथा प्रजा ॥१॥**

**અર્થ** : રાજા ધર્મી હોય તો પ્રજાના સંસ્કારો ધર્મી બને છે. રાજા પોતે હિંસક ન હોય, અસત્ય ગમતું ન હોય, અને ચોર-પારદારિકોનો પક્ષપાત ન હોય, તેને ગુનાની શિક્ષા મળતી જ હોય તો, પ્રજા પણ, પાપો છોડે છે. અને ધર્મ આચરે છે. ઉપરનાં બધાં પાપો, રાજાને ગમતાં હોય તો, **महाजनो येन गतः सपंथा.** પ્રજા પણ પાપાચાર જ સેવે છે. મોટા માણસો કે ઘણા માણસો જ્યાં ચાલે તેજ ચીલો-માર્ગ બની જાય છે.

આચાર્ય ભગવાનનાં મૃદુ-મીઠાં ઉપકારી વચનો પણ અધમ રાજાની અધમતાને

અટકાવી શકયાં નહીં. પરંતુ અપમાનપૂર્વક બોલ્યો, મારે તમારી ધર્મની વાતો સાંભળવી નથી. બાળાને પાછી આપવા લીધી નથી. રત્નોનો માલિક રાજા ગણાય છે. તેની સત્તા છે. માલિકી છે. તેને ઠીક લાગે તેમ ભોગવે, વાપરે, આપી દે. તેમાં બીજાઓએ ડખલ કરવી નકામી છે.

આચાર્ય ભગવાનને, રાજા ગર્દ્દભિલ્લની ઉદ્ધતાઈ પ્રત્યે ખૂબ નફરત આવી. તો પણ સામવચનો વડે ખૂબ સમજાવવા પ્રયત્ન કર્યો. પરંતુ કોઈ કવિનાં વાકયો.

"અંધા આગળ આરસી, બહેરા આગળ ગીત ॥
મૂરખ આગળ રસકથા, તિનો એકારીત, "

રાજાને પોતાની સત્તાનો ગર્વ હતો. જ્ઞાની પુરુષોએ ગર્વને ચક્ષુ વગરનો અંધાપો કહેલ છે. મહાજનની, સંઘની અને આચાર્ય ભગવંતની વિનવણીનો સદુપયોગ થયો નહીં.

આચાર્ય ભગવાન જન્મે ક્ષત્રિય હતા. તેમનામાં ક્ષત્રિય તેજ હજી પણ, જેવું ને તેવું ચળકતું હતું. તેથી રાજાનો અન્યાય અસહ્ય બન્યો અને સ્ફૂરણાઓ થવા લાગી. છતી શકિતએ ધર્મનો તિરસ્કાર સહન કરનારને ધિક્કાર છે. એક પુત્ર પણ વીર નર હોય તે, પોતાનાં જનક-જનનીના અપમાન-અનાદર-ત્રાશ કે નાશને સહન કરી શકે નહીં. તો પછી સેંકડો હજારો-લાખો ક્રોડોના પિતા, જૈન ધર્મનો, આ દુષ્ટ નરાધમ એકદમ ઉચ્છેદ કરે તે કેમ ચલાવી લેવાય?

**પ્રશ્ન** : આ જગ્યાએ ધર્મનાશ કયાં છે?

**ઉત્તર** : એકજૈન સતીસાધ્વીને રાજા હરણ કરીને પોતાની રાણી બનાવવાની ચેષ્ટા કરે. તેના જેવો ધર્મનો નાશ બીજો કયો કહેવાય? કોઈ પણ સતીના શીલનું રક્ષણ કરવું તે રાષ્ટ્રધર્મ છે. ત્યારે આ તો જૈન શાસનની સાધ્વી છે. રાજપુત્રી છે. મારી ભગિની છે. મારે મારી સર્વ શકિતના ભોગે તેના આત્મપ્રાણોનો બચાવ કરવો જ જોઈએ કહ્યું છે કે,

**धर्मध्वंसे क्रियालोपे, स्वसिद्धान्तार्थविप्लवे । अपृष्टेनापिश क्तेन, वक्तव्यं तन्निषेधितुं ॥ १ ॥**

**અર્થ** : ધર્મનો નાશ થતો હોય. ક્રિયાનો લોપ થતી હોય. અને આપણા પોતાના સિદ્ધાન્તો હણાતાં હોય, તે સ્થાને કોઈ પૂછે કે ન પૂછે; મોટાઈ મલે કે ન મલે, પણ શકિત હોય તો બચાવ જરૂર કરવો જોઈએ.

માટે જ આવા અધમ નરાધીશો પણ, પોતાના રાજ્યના કે વિદ્યાઓના અભિમાનથી ઉન્મત્ત થયા હોય. તેમને પરાસ્ત કરીને પણ ધર્મને=શીલધર્મને જરૂર બચાવવો જોઈએ.

આવા ચોક્કસ વિચારો કરીને, તથા સાથોસાથ પોતાની શકિતની તુલના કરીને, ફરી પાછા રાજસભામાં આવી રાજાને પડકાર ફેંકયો. રાજન્! હજીક સાંભળી લે ? અને સમજી જા ? અમારી સાધ્વીને પાછી આપી દે. નહીતર અમારો છેલ્લો નિર્ણય પણ તું લખી લે ?

**જગતના ખૂણેખૂણા ફરી વળીશ. આકાશ–પાતાળ એક કરીશ. તને મૂલમાંથી ઉખાડીશ. પણ અમારી સાધ્વીને ચોકકસ તારી પાસેથી પાછી મેળવીશ. ત્યારે જ હું જંપીને બેસીશ. તું એમ માનતો નહીં કે આ બિચારા ભિક્ષુકો શું કરી શકવાના છે? તું એમ પણ માનીશ નહીં કે મારી સામે પડવાની, ઊભા રહેવાની કે બાથડવાની કોની તાકાદ છે? તારા જેવા પામરને હું ક્ષણવારમાં ઉખાડવાની તાકાત ધરાવું છું. તું જોઈ લેજે કે મારાં વાવેલાં અનાચાર વિષ વૃક્ષોનાં ફળો મારે કેવી નિર્માલ્ય દશાએ ભોગવવાં પડયાં. હવે તારે ત્રણ અવસ્થા નકકી થએલી સમજવી. રાજ્યથી ભ્રંશ. નરદેહથી ભ્રંશ. અને નરકગતિમાં પતન. નોંધી લેવાનું નકકી કરી લેજે.**

આચાર્ય ભગવાનનું, ધરણીને ધ્રુજાવી નાખે તેવું, ખૂબ જુસ્સાવાળું ભાષણ સાંભળી, ભલભલા ગુનેગારોને ભય લાગ્યા વગર રહે નહીં. પરંતુ, અધમરાજવીને આંશિક પણ ભય કે વિવેક આવ્યો નહીં. પરંતુ કાલકાચાર્ય ભગવાનની, ઉપર મુજબની પ્રતિજ્ઞાને એક ગાંડા માણસના ગણગણાટ જેવી કલ્પીને હસી નાખ્યું.

આચાર્ય ભગવાન, રાજસભામાં, હજારો માણસોની હાજરીમાં, પોતાની શૌર્યવૃત્તિ ભરેલી પ્રતિજ્ઞા સંભળાવીને, એક અવધૂતનો વેશ ધારણ કરીને, ઉજ્જયિની નગરીથી રવાના થઈ ગયા. અને પગના માર્ગે અનાર્યોથી ભરચક શકદેશમાં ગયા. પંન્યાસજી શ્રી કલ્યાણવિજયજી મહારાજના અભિપ્રાય મુજબ ઈરાન દેશમાં ગયા.

ત્યાં કેટલોક વખત રહ્યા. ત્યાનાં નાના નાના રાજાઓનો સંપર્ક સાધ્યો. આવા બધા મળીને છન્નું રાજાઓ, એક સમ્રાટ રાજાના ખંડિયા તરીકે રાજ્ય ભોગવતા હતા. કાલકસૂરિ મહારાજનાં મૃદુતા અને મધુરતાથી ભરેલાં, તથા આશ્ચર્ય ઉપજાવે તેવાં, વ્યાખ્યાનો સાંભળીને, લોકો ખૂબ ખૂબ આકર્ષાયા. અને અવારનવાર નજીક નજીકના મિત્ર રાજાઓના રાજ્યમાં એકઠા થઈ, સૂરિમહારાજનાં ભાષણો સાંભળવા લાગ્યા.

**પ્રશ્ન** : કાલકાચાર્ય ઈરાન દેશના, ખંડિયા શકરાજાઓને, વ્યાખ્યાન સંભળાવતા હતા. પરંતુ આપણી સંસ્કૃત, પ્રાકૃત, હિંદી કે ગુજરાતી, એકપણ ભાષા તેઓ સમજતા, જાણતા ન હોય, તેમને આપણે વ્યાખ્યાન શી રીતે સમજાવી શકીએ ?

**ઉત્તર** : શ્રી જૈનશાસનના આચાર્ય ભગવંતો, રોબડ કે બોત્થડ જેવા હોય નહીં.

તેઓ જુદા જુદા દેશોની ભાષાઓના જાણકાર હોય છે. અને અતિઅલ્પકાળમાં તેતે દેશની ભાષાઓ. વહેવારો અને માણસોને સમજી લેછે. તેથી તેમને ખચકાવું કે ગભરાવું પડતું નથી.

**પ્રશ્ન** : રોખડ અને ઓત્થડનો શું અર્થ ?

**ઉત્તર** : સંસ્કારી માતાપિતાનાં મૂર્ખસંતાનો રોખડ કહેવાય છે અને અસંસ્કારી માતાપિતાનાં મૂર્ખસંતાનો ઓત્થડ કહેવાય છે.

કાલકસૂરિ મહારાજને તેઓ, એક મહાન પુરુષ તરીકે, સમજતા અને સ્વીકારતા હોવાથી, અવારનવાર કાંઈ કામસેવાની માગણી કરતા હતા. અને સૂરિ મહારાજ અવસર આવ્યે જોઈશું. એવો ઉત્તર આપતા હતા. એકસરદારના ઘેર આચાર્ય ભગવાન રહેતા હતા. તે દરમ્યાન, એક વાર તેમના ઉપરી રાજાનો અશ્રાવ્ય = ન સાંભળી શકાય તેવો, આદેશ લઈને એક માણસ આવ્યો. પરબીડિયું આપ્યું. વાંચ્યું અને મુખ ઉપરની પ્રસન્નતા ખોવાઈ ગઈ. આ વખતે કાલકસૂરિ મહારાજ જોડે જ બેઠા હતા.

સૂરિમહારાજના પૂછવાથી, શાખી સરદારે પોતે અને પોતાના જેવા છન્નુ રાજાઓ પ્રત્યેની-સ્વામી રાજાની, અસહ્ય-અતિજુલમગાર જોહુકમીની વાત કહી સંભળાવી. તેજ ક્ષણે અવસર મળવાથી, તે છન્નુ રાજાઓને બચાવી લેવા, અને તે બાબતમાં પોતે સંપૂર્ણ મદદગાર થવા તૈયારી બતાવી. તેથી ગુપ્તરીતે બધા શાખી સરદારોને, પોતાના ગામમાં કાલકાચાર્યની પાસે બોલાવ્યા. ખાનગી મસલતો કરી, બધા એકમત થયા. **કહ્યું છે કે,**

**अवसरे भाषितं वाक्यं, भवेत् कोटिफलप्रदं ॥**

**અર્થ :** અવસરે બોલાયેલું નાનું વાક્ય પણ, મોટા ફલનું કારણ બને છે.

અને સૂચના કરી કે આપ બધા, પોતપોતાના પરિવાર સાથે હમણાં જ તૈયાર થઇ જાવ. બધા સરદારોએ પોતપોતાનાં લશ્કર, હાથી, ઘોડા, રથ, પાયદલ સાથે લેવાં અને ટૂકા માર્ગે પસાર થવું, બધી યોજનાઓ નક્કી કરીને સૌરાષ્ટ્ર તરફ આવ્યા. એટલે સંભવ છે કે, સિંધનો માર્ગ લીધો હશે. સૌરાષ્ટ્રમાં આવ્યા, ત્યાં ચોમાસું શરૂ થઈ ગયું. વચમાં પડાવ કરવો પડયો. ધન શંબલ ખૂટી ગયું.

પરંતુ કાલકાચાર્ય ભગવંતે, એક ઇંટના નિભાડાને, મંત્ર પ્રયોગથી સુવર્ણરાશિ, બનાવી, સરદારોને સોંપીને તેમની બધી જરૂરિયાતોને અનુકૂલતા કરી આપી. આમ થવાથી, શાહી સરદારો અનાર્યો હોવા છતાં પણ, સૂરિભગવંતના પ્રભાવથી વિનીત શિષ્યો જેવા થઈ ગયા હતા. જેથી પ્રસંગો પામીને પણ સૂરિમહારાજને નગમે તેવું અનાર્ય કામ કરતા નહીં.

પરિણામે શાહી સૈન્ય માલવાની રાજધાની ઉજ્જયિનીના પરિસરમાં પહોંચ્યું. આ ખબર રાજા ગર્દ્દભિલ્લને પહોંચી. પરંતુ તેને પોતાની વિદ્યાઓનો પાવર હતો. તેથી યુદ્ધ કર્યું નહીં પરંતુ દરવાજા બંધ કરાવ્યા અને નગરીની બધી બાજુ શાહી સૈન્ય ગોઠવાઈ ગયું. ગર્દ્દભિલ્લરાજાને ગર્ધભીવિદ્યાની જોરદાર સહાય હતી. તેથી તે ચક્રવર્તીને પણ તૃણ તુલ્ય સમજતો હતો.

ગર્દ્દભિલ્લ જ્યારે ગર્ધભી વિદ્યાનો ઉપયોગ કરે છે. ત્યારે તે વિદ્યા ગધેડાની પેઠે મોટા અવાજથી ભુંકવા લાગે છે. તેનો અઢી ગાઉ શબ્દ પહોંચે છે. તેને જે સાંભળે તે તે મરણ પામે છે. આ રહસ્ય સૂરિ મહારાજ જાણતા હોવાથી, સમગ્ર સૈન્યને ત્રણ ગાઉ પાછું હઠાવી લીધું હતું, અને શબ્દવેધી ધનુષધારી ૧૦૮ સુભટો તૈયાર રાખ્યા હતા.

જેટલામાં–ગર્દ્દભીનો અવાજ આવ્યો, તેજક્ષણે સાવધાન શબ્દવેધી સુભટોનાં બાણો છુટયાં અને ગર્દ્દભી વિદ્યાનું મુખ બાણો વડે ભરી નાખ્યું. વિદ્યા ક્રોધાવિષ્ટ થઈ રાજાના શરીર ઉપર મૂત્રવિષ્ટા કરીને ચાલી ગઈ રાજા જેના બળ ઉપર મુસ્તાક હતો, તે વિદ્યા તેને લાત મારીને જતી રહી. તેથી શાહી સૈન્ય સાથે સૂરિ ભગવાને શહેરમાં પ્રવેશ કર્યો. રાજાને પકડીને સૂરિમહારાજ પાસે ઊભો કરવામાં આવ્યો. આચાર્યભગવંતે પોતાની ભૂલનો મિચ્છામિ દુકકડં માગવા અને પાપનું પ્રાયશ્ચિત કરવા સમજાવ્યો. પરંતુ રાજા સમજ્યો નહીં. તેને છોડી મૂકયો અને નિરાધાર થઈને, અટવીમાં ભટકતાં તેને વાઘે મારી નાખ્યો. સાધ્વી સતીને દુભાવનારને બીજું શું મલે ?

કાલકસૂરિ મહારાજે સુશીલા સાધ્વીજીને, સંઘના માણસો મોકલી મંગાવી લીધાં. અને સાધ્વી સમુદાયમાં મોકલી દીધાં.

**પ્રશ્ન** : સાધ્વીજીને પોતાની વાસના પૂર્ણ કરવા જ, રાજા ઉપાડી ગયો હતો. અને પોતાના અંતઃપુરમાં આજ દિવસ સુધી રાખ્યાં હતાં, તો પણ તેણીનું શીલ કેમ લુંટી શકયો નહીં ?

**ઉત્તર** : જે સતીઓ પોતાના શીલમાં મજબુત હોય તેને, કોઈ ભ્રષ્ટ કરી શકયા નથી આહીં સીતા, મલયસુંદરી, અચંકારીભટ્ટા, વિનયંધર શેઠની ચારપત્નીઓના બે ભવો વગેરે ઘણા દાખલા બન્યા છે.

શ્રી જૈનશાસનમાં કહેવાયું છેકે, મોટા લાભની ખાતર અથવા પતનથી બચવા માટે અપવાદ સેવવા પડે તો પણ વિરાધના ગણાતી નથી. જ્ઞાનિપુરૂષો ફરમાવે છે કે,

**उस्सग्गे अववायं आयरमाणो विराहगो भणिओ।**
**अववाये पुणपत्ते उस्सग्गनिसेविओ भइओ ॥ १ ॥**

**અર્થ** : ઉત્સર્ગ વાપરવા યોગ્ય હોવા છતાં અર્થાત્ બીલ્કુલ દોષસેવવા જરુર

હોય જ નહીં. તો પણ અપવાદ આચરે, અર્થાત્ કારણ વિના દોષ લગાડે તેવા સાધુ અવશ્ય વિરાધક–ગણાય છે.

પરંતુ અપવાદ સેવ્યા વિના બીજો ઉપાય જ નથી. તોપણ ઉત્સર્ગ સેવે. આલંબન લે જ નહીં. દોષ લગાડે જ નહીં એવા આત્મા આરાધક પણ થાય. અને વખતે વિરાધક પણ થાય.

**પ્રશ્ન** : આરાધક પણ થાય, અને વિરાધક પણ થાય, એ કેવી રીતે સ્પષ્ટ સમજાવો.

**ઉત્તર** : સનત્કુમારચક્રવર્તીના શરીરમાં મોટા શોલ રોગ ઉત્પન્ન થયા હતા. પરંતુ તે મહાપુરુષે ઔષધનો આશ્રય લીધો જ નહીં. અને રોગો સાતસો વર્ષ ભોગવ્યા આર્તધ્યાન પણ થયું નહીં. તેમ પોતાની સંયમ આરાધના ને પણ ક્ષતિ પહોંચવા દીધી નહીં માટે ઉત્સર્ગથી આરાધના થઇ.

તથા આંહી સાધ્વીનું શીલ બચાવવાનું હતું. આસ્થાને લોકવિરુદ્ધ કાંઇપણ કાર્ય કર્યા સિવાય ગર્દભિલ્લનો ગર્વ ઉતારવા માટે શકિત હોવા છતાં મુંગા મોઢે જૈનશાસનની નિન્દા અપ્રભાજના જોઈ સાંભળી ચલાવી લેવાય તો. આચાર્ય અવશ્ય વિરાધક બને છે. આસ્થાને અપવાદ મોટો હોવા છતાં, સાધ્વીજીના શીલરક્ષણનું કાર્ય, આનાથી પણ ઘણું મોટું હોવાથી, કાલકાચાર્યભગવંતે વેશપલટો કર્યો. અનાર્યદેશમાં ગયા. વર્ષોવર્ષ અનાર્યદેશમાં અનાર્યોના સહવાસમાં રહ્યા. છન્નુ રાજાઓને લાખોના સૈન્ય સાથે હિન્દુસ્તાનમાં લાવ્યા.

શબ્દવેધી લડવૈયા એકઠા કર્યા. શબ્દવેધી એક ખૂટતો હોવાથી, પોતે પણ ધનુષ-બાણ હાથમાં લઇ, ગર્વભીવિદ્યાના મુખ પૂર્વામાં સહાયક થયા. રાજાને પદભ્રષ્ટ કર્યો દેશ-નિકાલ કર્યો. સર્વસ્વ આંચકી લીધું આ બધું જૈનાચાર્ય માટે મોડા અપવાદનું કારણ હોવા છતાં પણ, સાધ્વીના શીલ રક્ષણનું કાર્ય ખૂબ મહત્વપૂર્ણ હોવાથી, જૈનશાસનના જયજયકાર બોલાવ્યા. આ ઘણી મોટી આરાધના થઈ છે.

**પ્રશ્ન** : એક સાધ્વીજીના શીલ રક્ષણ માટે આટલો મોટો આરંભ સમારંભ. લડાઈ થઈ હશે તેમાં, હજારો કે લાખોની સંખ્યામાં મનુષ્ય અને પશુઓ પણ મરાઈ ગયા હશે. આમાં લાભ વધારે કે નુકસાન વધારે ?

ઉત્તર : **चेइयदव्वविणासे, इसिघाए, पवयणस्स उड्डाहे ।**
**संजइचउत्थभंगे मूलग्गी बोहिलाभस्स ॥ १ ॥**

**અર્થ** : ચૈત્યદ્રવ્યનો=દેવદ્રવ્યનો નાશ કરવાથી, મુનિને મારી નાખવાથી, શ્રીજૈન-શાસનનો ઉડ્ડાહ કરવાથી કરાવવાથી, અને સાધ્વીના શીલનો નાશ કરવાથી, બોધિબીજ આવ્યું હોય તો પણ નાશ પામે છે.

આ સ્થાને સાધ્વીના શીલના નાશની સાથે, જૈનશાસનનો મોટો પરાજય હતો. એટલે જૈનો બિચારા નિર્માલ્ય છે. આવું થવાથી જગતમાં અરાજકતા સર્જાય. આવા પ્રસંગે શક્તિ હોય તો જરૂર પ્રતિકાર કરવો જ જોઈએ. સાધ્વીના શીલને બચાવવાનો લાભ ઘણો મોટો છે.

**પ્રશ્ન** : આપણે તો થોડો દોષ અને મોટો લાભ માનનારા છીએને ?

**ઉત્તર** : સતી–સાધ્વી નારીના શીલરક્ષણ જેવો બીજો કોઈ લાભ નથી. આવા મહાન જીવોને ધર્મભ્રષ્ટ થતા બચાવવાનો લાભ, આપણા જેવા અલ્પ જીવો કેમ સમજી શકીએ.

જુઓ સતી સીતાજીના શીલરક્ષણ માટે રામ–રાવણનું મોટું યુદ્ધ થયું. હજારો નહીં–લાખો મનુષ્યોની ખૂનખાર લડાઈ થઈ. રાવણ જેવું મનુષ્ય–રત્ન દુનિયામાં ખોવાઈ ગયું. દ્રૌપદીને પ્રદ્મોત્તરરાજા, દેવની સહાયથી, ધાતકીખંડના ભરતક્ષેત્રમાં લઈ ગયો. તે દ્રૌપદીને પાછી લાવવા, કૃષ્ણ મહારાજ અને પાંડવો બે લાખ યોજનનો લવણ સમુદ્ર ઊતરી ધાતકી ખંડમાં ગયા. યુદ્ધ કર્યું. પ્રદ્મોત્તરને હરાવ્યો, પાછા પોતાના સ્થાને આવ્યા.

જિતશત્રુ રાજાની પુત્રી સુકુમાલિકા સાધ્વીના શીલરક્ષણ માટે, આચાર્ય મહારાજે સાધ્વીના સગા બે ભાઈ મુનિરાજોને, બારે માસ સાધ્વીની ચોકી કરવા ગોઠવ્યા હતા.

**પ્રશ્ન** : સાધ્વીની ચોકી કરવા સાધુઓને રાખવા પડયા તેનું શું કારણ ?

**ઉત્તર** : સાધ્વી રાજપુત્રી છે. યુવતી છે. દેવીના જેવું રૂપ છે. ઘણાં તપ કરવા છતાં રૂપ ઘટતું નથી. સાધ્વી જ્યાં જાય ત્યાં કામી પુરુષો, ટોળાંબંધ ભેગા થતા હતા. સાધ્વીસમાજ ભયમાં મૂકાયો હતો. નેમનાથસ્વામીના નિર્વાણ પછી થોડા જ વખતમાં આ ઘટના બનેલી છે.

તથા ભગવાન મહાવીર સ્વામીના વિદ્યમાન કાળમાં, મહાસતી મૃગાવતી ઉપર પણ, નિરાધાર દશામાં, શીલરક્ષણ માટેની મોટી આપત્તિ આવી હતી. સતી મૃગાવતી ખૂબ જ રૂપવતી હોવાના માલવાધિપતિ ચંડપ્રદ્યોતને ખબર મળેલા. અને ચંડપ્રદ્યોત મોટા સૈન્ય સાથે વચ્છદેશ કૌશાંબીનગરી ઉપર ચડી આવ્યો.

શતાનિકરાજા સામનો કરવા, ચંડપ્રદ્યોતની સામે ગયો. રણમેદાનમાં જ હૃદયસ્ફોટ થવાથી રાજા મરણ પામ્યો. સૈન્ય પ્રજા અને રાણી નિરાધાર થયાં. વિકરાળ કામાવિષ્ટ–માલવપતિ હવે નિર્ભય અને પરિશ્રમ વગર મૃગાવતીને પોતાની રાણી બનાવવાની તૈયારીમાં હતો.

આવી દશામાં મહાસતી મૃગાવતીએ, એવી બુદ્ધિ પૂર્વકની કપટરચના ગોઠવી કે, મૃગાવતીની બુદ્ધિમાં ચંડપ્રદ્યોત બુડી ગયો. કપટરચનામાં દિવસો અને મહિનાઓ જતા

રહ્યા. એટલામાં પ્રભુ મહાવીર દેવ પધાર્યા. મૃગાવતી સતીએ હજારો દેવો, વિદ્યાધરો માણસોની વચ્ચે, સમવસરણમાં ભગવાન મહાવીરદેવની સમક્ષ, ચંડપ્રદ્યોત પાસે દીક્ષા લેવા રજા માગી. પ્રભુજીના અતિશય અને સતીના શીલ પ્રભાવે ચંડપ્રદ્યોતે હા કહી.

મહાસતી મૃગાવતીએ પ્રભુજી પાસે દીક્ષા લીધી, નિરતિચાર આરાધી કેવલજ્ઞાન પામી મોક્ષ ગયાં. આ સ્થાને શીલરક્ષણ માટે સતી મૃગાવતીએ કપટરચના કરી. બીજુ, આઠમું અને સતરમું પાપ સ્થાનક સેવ્યું. પણ લાગ્યું નહીં પાપ બંધાયું નહીં કર્મો ખપી ગયાં.

**પ્રશ્ન**: કાલકાચાર્ય ભગવાન માટે ઘણી વાતો સંકળાએલી છે. તે કાલકાચાર્ય એક જ કે જુદા જુદા છે.

**ઉત્તર**: કાલકાચાર્ય ભગવાનના નામ ઉપર–નીચે મુજબ ઘટનાઓ બન્યાની જાહેરાતો મલે છે.

૧ દત્તનામા રાજાએ યજ્ઞનું ફળ અને પોતાનું મરણ, ગતિ વગેરે પુછયાની બાબત

૨ ઇન્દ્ર મહારાજે નિગોદનું સ્વરૂપ પુચ્છયાનું વિસ્તારથી વ્યાખ્યાન કર્યાની બાબત

૩ ગર્દ્ધભિલ્લ રાજાએ સરસ્વતી સાધ્વીનું હરણ કર્યું. માટે જ તેનો ઉચ્છેદ કર્યાની બાબત

૪ વાર્ષિક પર્વ (સંવચ્છરી પર્વ) પાંચમનું ચોથમાં લાવ્યાની બાબત

૫ અવિનીત શિષ્યોના ત્યાગની બાબત.

૬ તથા સત્તાવીશમા યુગપ્રધાન કાલકાચાર્ય ભગવાન થયા છે તેમનો સમય કયારે ?

## દત્તનામના રાજાનો બનાવ. કાલકાચાર્ય અને દત્ત રાજાની કથા.

તુરમિણી નામની નગરીમાં. કાલક નામનો સર્વવિદ્યાપારગામી બ્રાહ્મણ રહેતો હતો. તેને ભદ્રા નામની વિધવા બહેન હતી. તેપણ પોતાના નાના બાળક સાથે ભાઈના ભેગી જ રહેતી હતી. ભદ્રાના પુત્રનું દત્તનામ હતું. એકવાર કાલકવિપ્રને જૈનાચાર્યનો સમાગમ થયો. દેશના સાંભળી. વૈરાગ્ય થયો. દીક્ષાલીધી. ઘણા બુદ્ધિશાળી હોવાથી, થોડા જ સમયમાં, ગુરૂસેવાના ફલસ્વરૂપ સર્વ શાસ્ત્રોના પારગામી થયા. ગુરૂમહારાજે કાલકમુનિને લાયક સમજી, વિધિ–વિધાનો કરાવીને, આચાર્ય પદવી આપી.

કાલકવિપ્રનો ભાણેજ મામાના સહવાસથી ભણીગણીને વિદ્વાન થયો હતો. મામાની દીક્ષા પછી ધન કમાવાના ઉપાયો શરૂ કર્યા. સોબતીઓ ખરાબ મળવાથી દિશા બદલાઈ ગઈ. જ્ઞાન=બુદ્ધિનો પ્રવાહ સવળે નહી પણ અવળે માર્ગે શરૂ થયો.

પાપાનુબંધી પુણ્યના ઉદયથી, રાજકીય માણસોની મિત્રાઈ વધવા લાગી. થોડે થોડે આગળ વધી રાજાનો પ્રધાન બન્યો. અને વિશ્વાસઘાતથી રાજાને ફસાવવા પ્રધાનમંડળને, પોતાને વશ કરીને, રાજાને કેદ કરીને, પોતે રાજા થયો. પછી તો દત્તના અનાચારોએ મર્યાદા વટાવી દીધી.

માંસાહાર, મદિરાપાન, શીકાર, વેશ્યા, પરસ્ત્રીગમનાદિ, રોજના સામાન્ય કાર્યો બની ગયાં હતાં. તથા જેમાં બકરાં, ઘેટાં, પાડાઓ વિગેરેના નાશ કરી માંસના હવન થાય છે. તેવા યજ્ઞો શરૂ કરાવ્યા. ધર્મીલોકોને ત્રાસ અને અધર્મી માણસો આગળ આવવા લાગ્યા. દત્ત રાજાના પાપાચારોનું સામ્રાજ્ય જામી ગયું.

આચાર્ય ભગવાન કાલકસૂરિ મહારાજ પણ વિહાર કરતા તુરમણી નગરીના પરિસરમાં પધાર્યા. મામાના સગપણથી દત્ત રાજા આચાર્ય ભગવાનને મળવા ગયો. અને પોતાની નાસ્તિકતાનું પ્રદર્શન થાય તેવા ઘણા પ્રશ્નો પુછયા. આચાર્ય ભગવંતે સિદ્ધાન્ત અને યુક્તિઓ વડે, બધા પ્રશ્નોના ઉત્તરો આપી દત્તને બોલતો બંધ કર્યો.

દત્તના છેલ્લા **પ્રશ્નો**: યજ્ઞો કરવા કરાવવાનું ફલ શું ?

**ઉત્તર** : બીજા પ્રાણીઓને મારી નાખવાથી મહા પાપ થાય છે. યજ્ઞોમાં સેંકડો હજારો પ્રાણીઓને હોમવામાં આવતા હોવાથી યજ્ઞનું ફળ પણ નરક જ સમજવું.

દત્તનો **પ્રશ્ન** : હું મરણ પામીને કયાં કઈ ગતિમાં ઉપજીશ ?

આચાર્ય ભગવાનનો **ઉત્તર** : તું મરીને નરકમાં જવાનો છે. અને આજથી સાતમે દિવસે મરીશ.

દત્તનો **પ્રશ્ન** : તમે મરીને કયાં જસો ?

**ઉત્તર** : અમે નિર્મલ ચારિત્ર પાલીને સ્વર્ગમાં જઈશું.

**પ્રશ્ન** : મારા મરણને સૂચવનારી નિશાની હોય તો બતાવો ?

**ઉત્તર** : તારા મરણના દિવસે સવારમાં તારા મુખમાં વિષ્ટા પડે તો તું જાણજે આજે જ મારું મરણ નકકી થશે.

આચાર્ય ભગવાનના ભવિષ્ય વર્ણનને સાંભલવા છતાં, પોતાના ગર્વમાં મુસ્તાક બનેલા દત્તને છ દિવસો ગયા. પરંતુ ભ્રમણાથી સાત દિવસો ગયાનો ખ્યાલ આવવાથી, વહેલી પ્રભાતે ઘોડા ઉપર ફરવા જતાં, રસ્તા ઉપર કોઈ આગવાને, વિષ્ટાવિસર્જન કરેલી હતી, તેમાં ઘોડાનો પગ પડયો. ભવિતવ્યતાથી વિષ્ટા ઉછળીને રાજાના મુખમાં પડી. તેથી

રાજાને આચાર્યનાં વચનો યાદ આવ્યાં. તેજ વખતે કેદમાં પુરાયેલા જિતશત્રુરાજાના વિશ્વાસુ સેવકોએ દત્તને પકડી કેદ કરી, કુતરાના મારે મારી નાખ્યો. તીવ્ર રૌદ્ર ધ્યાનથી મરીને દત્ત નરકમાં ગયો.

આ સ્થાને કાલકાચાર્ય ભગવાને, રાજાનો ભય કે શરમ અથવા ભાણેજ તરીકેની લાગવગને વિચાર્યા સિવાય, યજ્ઞોનું ફલ સંભળાવ્યું, પરંતુ બીનું સંકેલ્યું નહીં. તે જૈનાચાર્ય ભગવાનની નિડરતા અને પ્રભાવકતાનો સાક્ષાત્કાર થયો છે.

આ કાલકસૂરિ ભગવાન સૌ પ્રથમ મનાયા છે કારણ કે ઇતિહાસકારોના મંતવ્ય અનુસાર તેમનો સત્તાસમય વીરનિર્વાણ સંવત્સર ૩૦૦ થી ૩૩૫ સુધીનો સમજાય છે.

૨. નિગોદનું સ્વરૂપ કહેનાર કાલકસૂરિ મહારાજને ઇતિહાસકારોએ વીરનિવાણની ચોથી સદીના માન્યા છે. પરંતુ આ નિગોદની વ્યાખ્યાનું વર્ણન ઘણા ગ્રંથોમાં આચાર્ય આર્યરક્ષિતસૂરિમહારાજના નામ ઉપર ચડેલું છે. અને આચાર્ય આર્યરક્ષિતસૂરિનો જન્મ વી. નિ. ૫૨૨નો છે. દીક્ષા ૫૪૪માં છે. સ્વર્ગવાસ ૫૯૭માં હોવાથી નીગોદસ્વરૂપ કથનવાળી ઘટના વી. નિર્વાણની છઠી સદીમાં જાય છે.

૩. ગર્દ્ધભિલ્લનો ઉચ્છેદ કરનાર, પાંચમની ચોથ કરનાર, અને અવિનીત શિષ્યોનો ત્યાગ કરનાર, કાલકસૂરિ ભગવાન ત્રણે બાબતો એકજ આચાર્યમહારાજથી બનેલી હોવાથી અને તે વી. નિ. સં ૪૫૩ થી ૪૬૫ સુધીમાં બનેલ જાણવી.

**પ્રશ્ન** : યુગ પ્રધાનોની નામાવલિમાં, સત્તાવીશમા આચાર્ય કાલકસૂરિમહારાજ બતાવ્યા છે. તેમનો સત્તાસમય ઉપરના કાલકસૂરિ વર્ણન સાથે સંગત જણાતો નથી. કારણ કે ઓગણીશ–વીશ અને એકવીશમા યુગપ્રધાનો છઠ્ઠી શતાબ્દિના અંત સુધીમાં હતા. તેથી સત્તાવીશમા યુગ પ્રધાનનો કાળ ઘણો પાછળ માનવો પડે ?

**ઉત્તર** : સત્તાવીશમા યુગપ્રધાન કાલકસૂરિનો સત્તાસમય યુગપ્રધાન નામાવલિમાં વી. નિ. ૯૮૩ થી ૯૯૪ સુધી બતાવ્યો છે આટલો અગ્યાર વર્ષ યુગપ્રધાન કાળ જાણવો. બીજી વાત એ છે કે વલ્લભીવાચનાના પ્રમુખઆચાર્ય, અને નંદીસૂત્રના પ્રણેતા, દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણ તથા અઠાવીશમા યુગપ્રધાન સત્યમિત્રસૂરિને સમકાલિન બતાવ્યા છે. વી. નિ. એક હજાર વર્ષે દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણ શત્રુંજય ઉપર અનશન કરી સ્વર્ગ સિધાવ્યાં છે. આથી પણ આ એના પૂરોગામી કાલકાચાર્ય નવસો ચોરાણું સુધી હતા. તે બરાબર છે. તેથી ઉપર જણાવેલા કાલકસૂરિ થકી, આ કાલકસૂરિ જુદા છે એમ સમજવું.

## ઇતિ ઉત્સર્ગ અપવાદ વર્ણનપ્રસંગે, કાલકાચાર્યનો જાણવાયોગ, ઇતિહાસ. સંપૂર્ણ

**પ્રશ્ન** : ઢંઢણમુનિ પોતાની જાતે લાવેલો આહાર વાપરવાનો આગ્રહ કેમ રાખતા હતા ? કારણ કે શાસ્ત્રોમાં બીજા સાધુ પણ ભકિત માટે બીજા સાધુની ગૌચરી વહોરવા

જઈ શકે છે. અને ભરતરાજાના જીવે આગલા બાહુમુનિભવમાં પાંચસો સાધુઓની વૈયાવચ્ચ કર્યાનું વર્ણન આવે છે.

**ઉત્તર** : આત્માને કર્મમુક્ત થવા માટે, વીતરાગ દેવોએ ઘણા ઉપાયો બતાવ્યા છે. કોઈ ગુણીઆત્માઓની વૈયવચ્ચ–સેવા–ભક્તિ કરીને કર્મ ખપાવી શકે છે. કોઈ વળી એવા પણ અભિગ્રહધારી હોયકે મારે બીજાની સેવા કરવીખરી. પરંતુ મારે પોતાની સેવા, અન્ય પાસે કરાવવી નહીં.

એકવાર નેમનાથ સ્વામી પ્રભુ, દ્વારિકાનગરીની બહાર સમવસર્યા હતા. ઉપર મુજબ અભિગ્રહધારી ઢંઢણ મુનિરાજ, પ્રભુજીની આજ્ઞા પામી, દ્વારિકાનગરીમાં વહોરવા ગયા હતા. ઢંઢણમુનિની ગેરહાજરીમાં, ત્રણખંડના અધિપતિ કૃષ્ણ મહારાજે, પ્રભુજીને પૂછ્યું : ભગવન્ ! આપના અઢારહજાર મુનિમાં પણ, સવિશેષ ત્યાગી–અભિગ્રહી કોઈ મુનિ હોય તો, મને બતાવો – સમજાવો.

પ્રભુજીનો **ઉત્તર** : રાજન ! તીર્થંકર ભગવંતોના હાથદીક્ષિત બધાજ સાધુઓ પ્રાયઃ નિરતિચાર ચારિત્ર આરાધનારા હોય છે, અપ્રમાદી હોય છે. છઠ–અઠમ–અઠાઈ–પક્ષ–માસ વગેરે બારે માસ મોટો તપ આચરનારા હોય છે. તોપણ અમારા આ બધા મુનિસમુદાયમાં, ઢંઢણમુનિ ઘણા ત્યાગી છે.

જેમને અભિગ્રહ લીધો હોવાથી, છમાસથી ચારે આહારના ત્યાગ = ઉપવાસો ચાલુ છે; હમણાં તેઓ દ્વારિકા નગરીમાં ગોચરી વહોરવા ગયા છે.

પ્રભુ મુખે ઢંઢણમુનિનાં, આવાં વખાણ સાંભળીને, કૃષ્ણ વાસુદેવ ઘણા ખુશી થયા. તેમજ મુનિનાં દર્શન કરવા ઇચ્છતા, પ્રભુજીને વંદન કરીને, દ્વારિકા નગરીની બજારોમાં, ગજારૂઢ આવતા હતા. તેટલામાં ઢંઢણમુનિને, પ્રભુપાસે આવતા જોયા. પ્રભુજીએ વખાણ્યા તેવાજ હોવાથી, નરવર ગજપરથી નીચે ઊતરીને, મુનિરાજને ત્રણ પ્રદક્ષિણા આપી વંદન કર્યું. અને સપરિવાર સ્વસ્થાને ગયા.

અહીં કૃષ્ણ મહારાજના બજાર વચ્ચે, બહુમાનપૂર્વકના મુનિવંદનને જોઈ, એક ગૃહસ્થને, ઢંઢણમુનિ પ્રત્યે સદ્ભાવ થયો. અને ગોચરી વહોરવા નિમંત્રણ આપ્યું. મુનિશ્રી વહોરવા ગયા. અને બેતાલીસ દોષરહિત આહાર મળવાથી, વહોરીને, સમવસરણમાં પ્રભુજી પાસે આવ્યા.

મુનિશ્રી પોતાને અંતરાય તૂટ્યો જાણી ખૂબ જ આનંદ પામ્યા. અને પ્રભુજીને આહારનું પાત્ર બતાવવા લાગ્યા. પ્રભુજી ફરમાવે છે કે હે ઢંઢણ ! તમારો અંતરાય તૂટ્યો નથી. પરંતુ તમોને કૃષ્ણ વાસુદેવે વંદન કર્યું. તેથી લોકોમાં તમો ઘણા ત્યાગી–તપસ્વી હશો એવી જોરદાર છાપ પડી. અને ગૃહસ્થને, તમને વહોરવા નિમંત્રણ આપવા ભાવ જાગ્યો. આ આહાર કૃષ્ણ વાસુદેવની લબ્ધિથી પ્રાપ્ત થયો કહેવાય.

મુનિશ્રી સર્વજ્ઞ પ્રભુશ્રી નેમનાથસ્વામીનાં વચનો સાંભળી, ખેદ પામ્યા નહીં, દીન થયા નહીં, નિર્માલ્યતા આવીનહીં, પરંતુ વિચારવા લાગ્યા કે મારા અંતરાયના જોરદાર ઉદયથી, મારો અભિગ્રહ પૂરો થયો નથી. અને હવે જો હું આ આહાર વાપરું તો, ચોક્કસ મારો અભિગ્રહ ભગ્ન થયો ગણાય. છમાસસુધી સાચવેલો અભિગ્રહ નાશ પામે તો, આવા ઘોર તપથી થએલી કર્મનિર્જરા કરતાં પણ, કર્મબંધ વધારે થઈ જાય.

માટે મારે પ્રભુજીની આજ્ઞા મેળવી, આહારને શુદ્ધસ્થંડિલભૂમિમાં પરઠવવો જ હિતકર ગણાય. આવા ઉત્તમ વિચારો પામી, પ્રભુજીની આજ્ઞા મેળવી, મહામુનિરાજ-ઢંઢણ, આહાર પરઠવવા ચાલ્યા. રસ્તામાં ઘણો સાત્ત્વિક ભાવ પ્રકટ થયો, અને પોતાના આત્માને સમજાવવા લાગ્યા.

હે આત્મન્! જરા પણ નિર્માલ્ય બનીશ નહીં. આત્મા તું પોતે નિત્ય છે. અનંતાકાળથી શરીરના સંયોગો પામી, દુઃખો ભોગવ્યાં, છતાં નિર્માલ્યદશાથી કર્મ નાશ પામ્યાં નહીં, પરંતુ ઘણાં બંધાયાં. અને નવીન શરીરો મળતાં ગયાં. પાપોની પરંપરાના કારણે, ભવોની પરંપરા ચાલુ રહેવાથી, દુઃખોની પણ પરંપરા નાશ પામી નહીં.

**અનંતાકાળ પહેલાંનો સંસારીજીવ તું હતો તેનોતેજ અત્યારે પણ તુંજ છે.**

શરીરો અનંતાં થયાં. તે બધાં થતાં ગયાં, અને નાશ પામતાં ગયાં, તેં પોતાની અજ્ઞાનતાના દબાણથી, શરીરને જ હું પોતે છું એમ જ માનીને, શરીરના સુખદુઃખની પણ માલિકી પોતે જ સંભાળી લીધી. કહ્યું છે કે :—

" શરીરની સગવડમાં ચેતન? ખોયો કાળ અનંતોરે ।
આતમ સમજણ ક્યાંય ન આવી, દેહને આપ મનંતો રે."

" પ્રત્યેક ભવમાં શરીર સારું, તારું હિત ન કીધું રે ।
તેજ શરીરે તુજને ચેતન! દુઃખ અનંતું દીધું રે."

" તું જાણે છે શરીર મારું, પણ છે તે તુજ વયરી રે ।
પાપ કરાવી ચારગતિમાં, રાખ્યો તુજને ઘેરી રે."

શરીરમાં તું પોતે, સૂર્યના જેવા પ્રકાશવાળો, હાજર હોવા છતાં, અજ્ઞાન અંધકારના જોરથી, સમુદ્રો અને નદીઓ જેટલાં પાણી પીધાં, અને મેરૂ જેવડા હજારો ઢગ ખડકાય, તેટલા ખોરાક લીધા. તોપણ તને હજીક તૃપ્તિ મળી નથી, ક્ષુધાનો નાશ થયો નથી અને ખાન-પાન મેળવવાની પામર ભાવનામાં, અનંત શક્તિનો ધણી પણ ચેતન તું? સર્વકાળ સાવ રાંક જેવો જ દેખાયો છે.

શાસ્ત્રો કહે છે કે :—

**पीयं थणयछीरं, सागरसलिलाओ हुज्ज वहुयरं । संसारंमि अणंते, माउण अन्नमन्नाणं ॥**

**અર્થ** : અનંતાનંત સંસારમાં, એકપછી એક ભવો બદલાતાં, માતાઓ પણ, (પ્રાયઃ મોટા ભાગે પશુગતિ અને હજારો ભવો પછી ક્યારેક મનુષ્ય ગતિમાં) અનંતાકાલે અનંતી થઈ. તેનું દૂધ, આ રાંક જીવડે પીધું, તે બધું એકઠું થાય તો, લવણ સમુદ્રના પાણી કરતાં પણ અનેક ગુણું થઈ જાય.

માતાના દૂધ થકી પણ **અશન**–પાણી તો અનેક ગણાં વધી જાય તેટલાં ખવાયાં પીવાયાં પણ જીવમાં ક્ષુધા ગઈ નથી. તૃપ્તિ આવી નથી. કોઈ કવિરાજ ફરમાવે છે કે :—

"ભવભવ ભમતાં જીવડે કીધાં અશન ને પાન ।
તે સવિ એકઠાં થાય તો પ્રકટે ગિરિવરમાન."

**પ્રશ્ન** : આટલું બધું ખવાયું અને પીવાયું તોપણ જીવને સંતોષ કેમ આવતો નથી?

**ઉત્તર** : માત્ર ચાલુ જન્મમાં, દરરોજ પાંચ રોટલી ખાનારને પણ, એક વર્ષે ૧૮૦૦ અને પચ્ચાસ વર્ષે, નેવું હજાર ખવાઈ ગઈ છતાં, ભૂખનો અંત આવ્યો નથી. જ્ઞાનામૃતનું ભોજન થવાથી ક્ષુધા નાશ પામશે.

મહામુનિરાજ ઢંઢણઋષિ વિચાર કરે છે કે, હે ચેતન ! ખાવાની લાલસા છોડ. ખાવાપીવામાં જ પાપો થયાં–પાપો કર્યાં–બીજાઓને દુઃખ આપ્યાં, બીજાઓને મારી નાખ્યા. મગરના ભવોમાં, મોટા મચ્છોના ભવોમાં, અજગરના ભવોમાં, સર્પોના ભવોમાં, અષ્ટાપદોના ભવોમાં, સિંહોના ભવોમાં, દીપડા, વાઘ, ચિતરા, બીલાડા, નાવર, ગીધ, સમડી, કાગડા, બાજ, શકરા, ઘુવડ, કાબર, ગીરોલી, કાકીડા, ચંદનઘો પાટલાઘો જેવા પશુભવોમાં આપણા અજ્ઞાની અધમ આત્માએ આખી જિંદગી, આખો સંસાર બીજા નબળા જીવોને મારી નાખીને જ, માંસનો આહાર અને લોહીનાં પાન કર્યાં છે.

**હવે ભગવાન વીતરાગદેવ મળ્યા છે. જીવ, અજીવ, પુણ્ય-પાપ, આશ્રવ, સંવર, બંધ, નિર્જરા, મોક્ષનું સ્વરૂપ સમજાવ્યું છે. હવે જાગતો થા ! ખાવાની લાલસા છોડ ! અને ભવો વધારનારાં કર્મના બંધનોનો નાશ કરી નાખ.** આવી ભાવના ભાવતા, આહાર પરઠવવાના સ્થાને પહોંચ્યા, આહાર પરઠવતાં, ચૂરતાં ચૂરતાં, ઘાતિયાં ચારે કર્મના ચૂરા થઈ ગયા. અને કેવલજ્ઞાન કેવલદર્શન પ્રકટ થયાં.

**પ્રશ્ન** : દ્વારિકા જેવી ધનપૂર્ણ નગરી, મહાદાનેશ્વરી લાખો મનુષ્યોનો વસવાટ, વળી સામાન્ય નહીં પણ તીર્થંકર પરમાત્માના શિષ્ય, ત્રણ ખંડના રાજાધિરાજના પુત્ર,

અને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપગુણોના દરિયા છતાં છ માસ ગોચરી ન મળી આ વાત કેમ માની શકાય ?

**ઉત્તર** : જિનેશ્વર દેવોના મુનિરાજોમાં (હાલના અમારા જેવાઓની માફક) આહાર ગૃદ્ધિ હોય જ નહીં, બેતાલીસ દોષ રહિત જ આહાર પાણી મળે, તોજ લેવાનાં હોય, મધ્યાહ્ન પછી જ વહોરવા નીકળવાનું હોય, નિસ્પૃહતા અને ત્યાગને આગેવાન બનાવીને, વીરવૃત્તિથી વહોરવાનું હોય. તેમાં વળી ગયા જન્મના અંતરાયનો ઉદય આવ્યો હોયતો અભિગ્રહધારી મુનિને, ગોચરી ન મળે તેમાં આશ્ચર્ય નથી.

**પ્રશ્ન** : ઢંઢણમુનિને ગયા જન્મમાં અંતરાય કેવી રીતે બંધાયો હતો ?

**ઉત્તર** : ગયા કોઈ ભવમાં ઢંઢણમુનિનો આત્મા, કોઈ ગામનો મુખી હતો. પોતાના સ્વામી રાજાની જમીન ખેડાવતો હતો. એકવાર સખત તાપમાં, રાજાની જમીન ખેડવા, પાંચ સો હળ ભેગા કરેલાં હતાં. મધ્યાહ્ન થતાં, એકહજાર બળદ અને પાંચસો ખેડુતોને છોડવાના હતા. પરંતુ અધિકારના, સત્તાના ગર્વમાં, પાસેજ રહેલા પોતાનાં ક્ષેત્રમાં, બધાં હળો પાસે, એક ચાસ લેવડાવ્યો. આ બધાઓને, ઘાસપાણી, અન્નપાણીનો થોડો વખત અંતરાય કરવાથી, મહાઅંતરાય બંધાણો, ઘણો ભોગવાઈ ગયો છતાં, અવશેષ ઢંઢણમુનિ-ભવમાં ઉદય આવ્યો હતો.

અહીં ઢંઢણમહામુનિરાજને, છમહીને આહાર મળ્યો, છતાં ભગવાનના વચને સ્વલબ્ધિનો નથી એમ જાણવા મળતાં, જરાપણ દીનતા લાવ્યા વગર, આત્માને મેરૂ પર્વત જેવો ધીર બનાવી, ભગવાન શ્રી નેમનાથ સ્વામીની આજ્ઞા પાળવા, આહાર પરઠવી દીધો. અને ભાવનારુઢ થઈ ઘાતિકર્મનો ક્ષય કરી કેવલ જ્ઞાન પામ્યા.

## ઇતિશ્રી જિનાજ્ઞા પાલવામાં અડોલ ઢંઢણ મુનિ કથા સંપૂર્ણ.
## હવે જિનાજ્ઞા પાલન કરવામાં સંપૂર્ણ સાવધાન વયરકુમાર મહામુનિની કથા લખાય છે.

આ જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં માલવદેશમાં તુંબનામના ગામમાં ઘણા જ ધનસંપન્ન ધનગિરિ નામા વ્યવહારી વસે છે. તેમને રતિ સમાન રૂપાળી અને શીલાદ ગુણગણધારિણી સુનંદા નામની પત્ની હતી, ધનગિરિ અને સુનંદાદેવી, બંને ધનવાન અને ખાનદાન કુટુંબમાં જન્મેલા આત્માઓ હતા.

મહાપુરુષ ધનગિરિજી, અનેકવાર જૈનાચાર્યોના સંપર્કમાં આવેલા હોવાથી અને સતત વીતરાગવાણી સાંભળવાથી, બાલ્યવયથી જ વૈરાગી હતા. સંસારમાં ન પડવા તેઓ સાવધાન હતા, છતાં એકવાર કુમારી સુનંદાએ ધનગિરિને જોયા, અને મનમાં સંકલ્પ કરેલો કે, પરણવું તો ધનગિરિ સાથેજ. તેથી ધનગિરિજીની ઇચ્છા ન હોવા છતાં, પરસ્પરના માતાપિતાના અત્યાગ્રહે, ધનગિરિ–સુનંદાનો દાંપત્ય–સંબંધ બંધાયો. લગ્ન

પછી પણ ધનગિરિજી, પત્નીને ચારિત્ર લેવાની વાતો સંભળાવતા હતા. પરંતુ સુનંદા સમજતી હતી કે, સ્ત્રીની પાસે પુરુષ "અગ્નિની સમીપે મીણના પીંડ સમાન છે." ભલાભલા પણ પીગળી જ જાય છે, અને વિચારો બદલાય છે કારણ કે—

**तावन्मौनी यति र्ज्ञानी, सुतपस्वी जितेन्द्रियः ।**
**यावन्न योषितां दृष्टिगोचरं यातिपुरुषः**

**અર્થ** : મહામુનિરાજો–મોટા જ્ઞાનિ–ધ્યાનિ–તપસ્વી–જિતેન્દ્રિય–મૌનાવલંબી પણ સ્ત્રીઓના સંપર્કમાં આવતાં પડી ગયા છે. સ્ત્રીની ચક્ષુ સાથે પુરુષની ચક્ષુ મળી પછી કહેવું જ શું ?

**રથનેમિ નંદિષેણ અને આર્દ્રકુમાર** જેવા પણ પડયા હતા. જૈનેતર તપસ્વીઓ વનમાં રહેતા હતા, તદ્દન નિરસ ભોજન કરતા હતા.કયારેય પણ સ્ત્રીઓનાં દર્શન થતાં ન હતાં. તોપણ જ્યારે સ્ત્રીઓનાં મુખકમળ જોયાંકે તરત જ **વિશ્વામિત્ર–પારાસર–જમદગ્નિ** જેવા હજારો વર્ષના ઋષિરાજો પણ, પલટાઈ ગયા હતા. આવા વિચારોથી ધનગિરિજીનાં વચનો સુનંદાદેવીને હસવા સમાન લાગતાં હતાં.

સુનંદા ભણેલીગણેલી સુશિક્ષિત બાળા હતી. સ્વરમાં પણ દ્રાક્ષા જેવું માધુર્ય હતું. કોકીલા જેવો રણકાર હતો. શાસ્ત્રોનો અભ્યાસ હતો. કળાઓ હતી. હસ્તિનીના જેવી ચાલ હતી. પદ્મિની જેવું રૂપ હતું. બુદ્ધિમાં વિકાસ હતો. મહાસતીના ગુણો હતા. વિનય અને નમ્રતાનું વશીકરણ પણ હતું. તેથી સુનંદાદેવી સમજતી હતી કે, મારા પતિ મને છોડીને કયાં જવાના હતા ?

કોઈવાર ટોણમાં પતિને પણ સંભળાવતી હતી.

## અમરદત્ત કેવો હતો, ગુણવિદ્યાનો ધામ, પણ પત્થરની પુતળી, દેખી પ્રકટયો કામ.

મિત્રાણંદનો મિત્ર અમરદત્તકુમાર, પરદેશ જતાં રસ્તામાં આવેલી પાણીની વાવમાં, પાણી પીવા જતાં જ, વાવમાં ઊભેલી પત્થરની પુતળીને જોઈ ત્યાંને ત્યાં ચોંટી ગયો હતો.

સુનંદાનાં ટેખળપૂર્ણ વાક્યો સાંભળી, ધનગિરિજીએ પણ એકવાર એવો જ ઉત્તર આપ્યો હતો. સતી! તમે લગ્નનાઢોલ સાંભળી રાજી થયાં હતાં. હમણાં પણ વિલાસ અને વિકારમાં તરબોળ બની, સંસારના સ્વાદમાં ખૂંચી ગયાં છો, પરંતુ મારી દીક્ષાનાં વાજાં વાગશે ત્યારે તમારે આંસુ સારવાં પડશે.

પરંતુ સુનંદા તો ખડખડાટ હસી પડતી, અને ઉત્તર પણ આપી દેતી. મારા નાથને કેમ વશ કરવા એ હું બરાબર સમજેલી હતી. તેથી જ મેં આવા વૈરાગીને વર

બનાવવા વરમાળા પહેરાવી છે. પતિને વશ કરતાં ન આવડે, તેવી બાળાઓ ભલે ગભરાય. મને જરા પણ ભય નથી કે મારા સ્વામી જતા રહેશે.

**ધનગિરિજીનો ઉત્તર :**

"ચાર ગતિ સંસારનાં, દુઃખ જેને સમજાય ।
ખાન–પાન–રંગરાગમાં, તેવા કેમ ફસાય." ॥૧॥
"સુબાહુ–મેઘકુમારને, થાવચ્ચા સુત જાણ ।
અનેક પત્ની છોડીને, પામ્યા સંજમઠાણ." ॥૨॥
"કાકંદી ધન્નો મુનિ, શાલિ ધન્ય કુમાર ।
અનેક નારી ત્યાગીને, પામ્યા સંજમ ભાર." ॥૩॥
"સનત્કુમાર ચક્રીશ્વરુ, બહુ નારી ભરથાર ।
છ ખંડઋદ્ધિ ત્યાગીને, ક્ષણમાં થયા અણગાર." ॥૪॥
"કયવન્નો સૌભાગિઓ, સુખિયામાં શિરદાર ।
નારી–ધન–પરિવારને, ત્યાગી થયા અણગાર." ॥૫॥
"યુગબાહુ – પુરંદરો, કીર્તિધર નરરાય ।
રાજ્ય–રમા–રમણી ત્યજી, મહાસંયમધર થાય." ॥૬॥
"કરકંડુ–નમિ રાજવી, પ્રસન્નચંદ્ર નરરાય ।
રસા–રમા–સુત–નારને, છોડી થયા અણગાર." ॥૭॥

સુનંદાદેવીના હાવભાવો, વિકારી વાક્યો અને આકર્ષણો, ઉપર મુજબના મહા–પુરુષોનાં જીવન અને સંસાર ત્યાગનાં વર્ણનો વિચારનાર ધનગિરિજીના ચિત્તને ફસાવનારાં થયાં નહીં.

લગ્ન પછીના થોડા જ સમયમાં, અષ્ટાપદ મહાતીર્થ ઉપર, ભગવાન ગૌતમસ્વામીનાં વચનામૃતો સાંભળી, પ્રતિબોધ પામેલો, તિર્યગ્જૃંભગદેવનો આત્મા, આયુષ પૂર્ણ કરીને, મહાસતી સુનંદાદેવીની કુક્ષિશુક્તિમાં, મહા મૌક્તિકની માફક ઉત્પન્ન થયો. અને સુનંદાદેવીને, ઉત્તમ પુરુષના જન્મને સૂચવનાર સ્વપ્નનું દર્શન થયું. અને અતિહર્ષ અને નમ્રતાપૂર્વક પતિને નિવેદન કર્યું.

કીર્તિધર રાજાની પેઠે ધનગિરિજી પણ, અવસરની વાટ જોતા જ હોવાથી, સંયમ લેવાની ઇચ્છા નક્કી કરીને, પત્નીને જણાવ્યું કે, દેવી તમને ખબર તો હતીજ કે, હું

બાલ્યકાળથી જ ચારિત્ર લેવાનો અભિલાષી હતો અને છઉં. જોરદાર ભાગ્યની ખામીના કારણે, બાલબ્રહ્મચારીપણે સંયમ લેવાયો નહીં. પરંતુ હવે મને, એક દિવસ પણ બગાડવો પાલવે તેમ નથી.

મેં મારા માતાપિતાના આગ્રહને વશ બની, તમારી સાથેનું પાણિગ્રહણ સ્વીકાર્યું હતું. અને પછીથી તમારા ચિત્તની પ્રસન્નતા ટકાવી રાખવા, આટલો સમય કારાવાસની પેઠે સંસારમાં રહ્યો છું. હવે તમને ચિત્ત પ્રસન્નતાનું કારણ, ઉત્તમ પુત્રની આશા બંધાઈ છે. માટે હમણાં ને હમણાં પ્રસન્નતાપૂર્વક રજા આપો કે મારો માર્ગ નિર્વિઘ્ન સધાય.

સુનંદાને ધનગિરિજીનાં વચનો સાંભળતાં મૂર્છા આવી ગઈ. શીતોપચારથી સાવધાનતા આવી ને રડવા લાગી. સ્વામી આવું શું બોલો છો? મને સંસારમાં એકલી મૂકીને, ચાલ્યા જતાં તમારો પગજ કેમ ઉપડશે, હું તો તમને બંધનનું કારણ હતી જ, ત્યાં તો હવે પુત્ર પ્રાપ્તિની આશા બંધાઈ છે. શું આપનું હૃદય એવું વજ્ર જેવું મજબૂત છે કે, આવી પદ્મિની પત્ની, અને દેવકુમાર જેવા પુત્રના આગમનને તરછોડી, દીક્ષા લેવાના વિચારો કરો છો? જેને પત્ની મળી ન હોય તે બિચારો પત્નીને મેળવવા આકાશ પાતાળ એક કરે છે.

સુનંદાદેવીનું ધનગિરિજી પ્રત્યે :

"નારીકારણ જગતમાં, મોટાં યુદ્ધ ખેલાય।
એકજ નારી કારણે, પ્રાણ ન્યોછાવર થાય." ૧
"ઈન્દુબિંદુ બાંધવા, પિતા શ્રીષેણરાય।
કન્યા એકને કારણે ખોયાં માય ને તાય." ૨
"રાજકન્યા સ્વયંવરે, સહસ ગમે નરરાય।
વિણ પરણ્યા પાછા ભમે, પરણે એકજ રાય." ૩
"માલવદેશનો રાજવી, ચંડપ્રદ્યોતન રાય।
અનેક યુદ્ધો આચર્યાં નારી ધ્યેય બનાય." ૪
"નારી રૂપ છે-દીવડો- પતંગ નર કહેવાય।
અનંગકાળની ઝાળમાં, બળી ખાખ થઈ જાય." ૫

કેટલાક પામરો પારકા પૈસા લાવીને પરણે છે. ઘરજમાઈ બનીને ગદ્ધાની પેઠે વૈતરું કરે છે. ઘરમાં આજીવિકા ન હોય, કમાવાના અનુકૂળ સંજોગો ન હોય, તોપણ મૂર્ખ

મનુષ્યો પરણવા ઇચ્છા અને પ્રયત્ન જરૂર કરે છે. આપણા ઘરમાં તો વડિલોપાર્જિત ધનની પણ ઓછાશ નથી. છતાં તમને આવા વિચાર પણ કેમ આવે છે! કહ્યું છે કે—

"સંસારમાંહી સાર જાણી કંચન કામિની રે !।
ન ગણી જપમાળા એક નાથ, નિરંજન નામની રે"

આખું જગત કંચન અને કામિની માટે, દીવામાં પતંગની માફક હોમાય છે, તેમ પોતાનું સંપૂર્ણ જીવન બરબાદ કરે છે. ત્યારે સ્વામીનાથ? આપને પૂર્વના મહાપુણ્યોદયથી આ બંને વસ્તુ સંપૂર્ણ સ્વાધીન સાંપડી છે તેને છોડવાના વિચાર પણ કેમ લાવો છો ?

વળી શાસ્ત્રોમાં વાંચવા-સાંભળવા મળે છે અને સાક્ષાત્ અનુભવાય પણ છેકે લોકો સંતાન ન હોય તો દેવોને આરાધે છે, જોષીઓને પૂછે છે, એક પુત્રને મેળવવા રાતદિવસ નિદ્રા પણ લેતા નથી. "**ચંદ્રાવતીના રાજા વીરધવલ અને રાણી ચંપકમાલાએ, એક સંતાન મેળવવા કેટલો ખેદ અનુભવ્યો હતો.**" મહાપુરુષ કૃષ્ણ વાસુદેવનાં માતા, મહાસતી શ્રીમતી દેવકીરાણીને, કૃષ્ણમહારાજ જેવા, પુણ્યવાન અને સામર્થ્યશાળી, પુત્ર હોવા છતાં, પોતાના સંતાનને, રમાડવા-હુલરાવવાની, અભિલાષાએ કેટલાં દીન બનાવ્યાં હતાં ! મોટા રાજાની પટ્ટરાણી અને ત્રણખંડના રાજા વાસુદેવની માતાને પણ હજી એક પુત્રની ઇચ્છા મૂંઝવતી હતી. આવી વાત આપને કેમ ધ્યાનમાં આવતી નથી ?

કેટલાક માણસોને એક, બે, ચાર, આઠ, બત્રીસ, સો, હજાર વગેરે, ઘણી પત્નીઓ કે ઘણી રાણીઓ હોય, તોપણ ફરીને કન્યા મળતી હોય તો, લેવા લલચાય છે. સ્વયંવરમાં સેંકડો રાજાઓ અને રાજકુમારો આવે છે. કન્યા ફક્ત એક જ હોય છે. એકને જ માળા આરોપાય છે. તેથી ત્યાં ને ત્યાં ખૂનખાર યુદ્ધો પણ થાય છે. આ પ્રમાણે જગતને, અને આપ પોતાને, વિચારી જુઓ.

ઘણા પુરુષોએ દીક્ષા પણ લીધી છે. ભગવાન શ્રી ઋષભદેવ સ્વામીના, અજિતનાથ સ્વામી સુધીના, પચાસ લાખ કોટિ સાગરોપમ કાળમાં થયેલા, વંશજ રાજવીઓએ દીક્ષા જરૂર લીધી છે. મોક્ષ અથવા અનુત્તર વિમાન પામવા યોગ્ય આરાધના કરી છે. પરંતુ આ બધું ઘડપણમાં જ થયું છે. તમારી જેમ જુવાનીમાં તો નહીં જ.

સ્વામીનાથ ! આપ સમજો કે ન સમજો, હું તો લાખ દલીલો કરો તો પણ દીક્ષા લેવા દઇશ નહીં. આપની વાત સાંભળીને પણ, મારો આત્મા ગભરાવા લાગ્યો છે. મને રોતી મૂકીને દીક્ષા લેશો તો, દુનિયામાં પણ જરૂર આપની નિંદા થશે. આપને દીક્ષા લેવી હોય તો, પુત્ર મોટો થાય પછી લેજો. હું અટકાવીશ નહીં. આ બધું બોલતાં પણ દેવી સુનંદાની ચક્ષુઓમાંથી અવિરત આંસુધારા ચાલતી હતી.

**મોહરાજાની જાળમાં ફસાયેલા જીવોની દશા**

"ચારગતિ સંસારમાં, જગના જીવ બધાય ।
પામી ઇષ્ટ સંયોગને, મનમાં બહુ હરખાય." ૧
"પણ પામર સમજે નહીં, વિષયોના સમુદાય ।
મુજને મુકીને જશે, વા, હું લઇશ વિદાય." ૨
"સંયોગો સઘળા કહ્યા, વિયોગના કરનાર ।
જગમાં જન્મ્યા પ્રાણિયો, અવશ્ય તે મરનાર." ૩

સુનંદાદેવીની દલીલો અને ભલભલાનાં ચિત્ત હચમચાવી નાંખે તેવાં, આંસુપૂર્ણ-ગદ્ગદ્ વાક્યો સાંભળીને, ઘણી કોમળ અને મીઠી વાણીથી, ધનગિરિજી-સુનંદાદેવીને આશ્વાસન આપતા કહેવા લાગ્યા :-

દેવી ! તમારી દલીલો અંશતઃ સાચી છે. સંસાર આવો જ છે. જગતના પ્રાણીમાત્ર એક રુચિ કે એક સ્વભાવવાળા હોતા નથી. વૃદ્ધાવસ્થામાં પણ દીક્ષા લઈ, અનંતાનંત મહામુનિરાજો મોક્ષમાં ગયા છે, અને ખીલતી વયમાં બ્રહ્મચારી દશામાં જ, અથવા એક વા અનેક સ્ત્રીઓ પરણીને પણ; ચારિત્રધારી બન્યાના વીતરાગ શાસનમાં સંખ્યાબંધ ઉદાહરણો છે.

જુઓ કૃષ્ણ મહારાજના મોટા ભાઈ, દેવકીજીના પુત્રોએ યુવાન વયમાં જ બત્રીસ બત્રીસ પત્નીઓ, માતાપિતા અને લાખો કે ક્રોડો દ્રવ્યનો પણ ત્યાગ કરીને, શ્રી નેમનાથ સ્વામી પાસે, દીક્ષા લીધી હતી. સુબાહુકુમારે રાજ્ય-લક્ષ્મી-માતાપિતા અને પાંચસો પત્નીઓનો ત્યાગ કરી દીક્ષા લીધી હતી.

**ધન્નાકાકંદી ધન્નાશાલિભદ્રજી - મેઘકુમાર - જંબુકુમાર - અવંતીકુમાર** આ બધા ક્રોડપતિના પુત્રો હતા. અનેક પત્નીઓના સ્વામી હતા. માતાપિતાના વહાલા દીકરા હતા. ખીલતી જુવાની હતી. દેવકુમાર જેવા ભોગી હતા. કમળના ફૂલ જેવા રૂપાળા અને સુંવાળા હતા. કુટુંબ રજા આપવા તૈયાર હતું જ નહીં. માતાપિતા અને પત્નીઓના ચક્ષુઓમાંથી શ્રાવણ અને ભાદરવાની માફક આંસુધારાઓ ચાલતી હતી.

કુટુંબનો કકળાટ ભલભલાને પણ વિચાર કરતા મૂકી દે તેવો હતો. પરંતુ આત્માનંદજીવમાં પ્રગટેલો વૈરાગ્ય એટલો બધો જોરદાર હોયછેકે, અભેદ્યવજ્રના કિલ્લાની પેઠે તેને પણ કોઈ ખાળી શકતું નથી.

**ધર્મ અને કર્મ ધર્મરાજા અને મોહરાજાને,** અનંતાકાળનું વૈર છે અને યુદ્ધ ચાલ્યા જ કરે છે. પત્ની-કુટુંબ-પરિવાર-મિત્રો-પુત્રો આ બધાં સૌ સૌનાં સ્વાર્થનાં સગાં છે. જ્ઞાનીઓ ફરમાવે છે કે—

आत्मार्थे सीदमानः स्वजनपरिजनो, रौति हाहारवार्तो ।
भार्या आत्मीय भोगं, गृहविभवसुखं, स्वै वयस्याश्च कार्यं ॥

क्रन्दन्त्यन्योन्यमन्यःत्विहहि बहुजनो लोकयात्रानिमित्तं ।
योवा यस्माच्च किंचिन् मृगयति हि गुणं रोहितीष्टः स तस्मै ॥ ३ ॥

**અર્થ** : આ સંસારમાં પોતાના સ્વાર્થ માટે જ, સ્વજન કે પરિજન છાતીફાટ રુવે છે, પત્ની પોતાના ભોગોને યાદ કરીને, તથા ઘરના વિભવને, ધનની આવકને, કુટુંબના સત્કારને, એશઆરામને, આવેલું વિઘ્ન વિચારીને વારંવાર રૂવે છે. મિત્રો, બાંધવો, માતાપિતા પણ પોતાની, અનુકુળતાઓ યાદ લાવી રડી પડે છે. જેને જેનાથી પોતાનો સ્વાર્થ સધાતો હોય, તે મનુષ્ય કે સ્ત્રી, પછી તે પત્ની હોય; ભગિની હોય કે પુત્રી યા માતા હોય; સૌને પોતાનો સ્વાર્થ રોવડાવે છે. જ્યારે જ્ઞાતિ ભાઈઓ કે દૂરના સગાઓ માત્ર લોકવ્યવહાર કરવા દેખાવ કરે છે.

"બહુ લક્ષ્મીને મેળવી, ઘણો નારી પરિવાર ।
ઘણા બનાવ્યા બંગલા, પણ ચોક્કસ મરનાર." ૪

"બહુ મિત્રો ને બાંધવા, દુકાન ભભકાદાર ।
નોકર ને ચાકર ઘણા, પણ ચોક્કસ મરનાર." ૫

"ઘણી ચલાવી પેઢીઓ, ખેતી ને વ્યાપાર ।
સૂતો કનકની ખાટમાં, પણ ચોક્કસ મરનાર." ૬

પરંતુ દીક્ષા લેનાર કે, મરણ પામનાર, ધન ઉડાવનાર હોય; ઝઘડાખોર હોય, વરસોથી માંદગીમાં સપડાએલો હોય; પાઈ પણ કમાતો ન હોય, પણ બરબાદ કરાવનારો હોય, ઘરનાઓને કે મિત્રાદિને, હેરાન-પરેશાન કરતો હોય, કાળો કદરૂપો કોઢિયો અને અત્યંત ઘરડો હોય, તેવાઓ માટે કોઈને જરાપણ આદર હોતો જ નથી. મરે તોપણ ભલે મરે જાય તો પણ ભલે જાય.

જુઓ રાણી **સૂરીકાન્તાએ** પોતાના સ્વામી **પરદેશી રાજાને**, ઝેર આપ્યું હતું. તથા રાણી **નયનાવલીએ** પણ, પોતાના પતિ **યશોધર રાજાને**, ઝેર આપ્યું અને ઉપરાંત ગળે નખ દઈને મારી નાખ્યા હતા. રાણી **સહદેવીએ**, પોતાના પતિ **કીર્તિધરરાજર્ષિને**, નગરમાં પ્રવેશવાની પણ મનાઈ કરી હતી. કુલટા રાણી **સુકુમારિકાએ** પોતાના સ્વામી **જિતશત્રુ** રાજાને નદીમાં ફેંકી દીધો હતો.

એક **સ્ત્રીએ** પોતાના નિર્ધન પતિને, ધક્કો મારી કૂવામાં, પાડી નાખ્યો હતો. **ચૂલની** રાણીએ પોતાના, **ચક્રવર્તી થનારપુત્ર બ્રહ્મદત્તને**, લાક્ષાગૃહમાં, બાળી નાખવાની યોજના

કરી હતી, તથા **મદનમંજરી** માટે, ચિતામાં જીવતા બળી મરવા તૈયાર થએલા, પોતાના સ્વામી **અગડદત્તકુમારને**, ત્રણ કલાક પછી **મદનમંજરી**, મારી નાખવા તૈયાર થઈ હતી.

તથા કુમાર કોણિકે, પોતાના ઉપકારી પિતાજી **શ્રેણિક રાજાને** કેદમાં પૂર્યા હતા. ખાવા–પીવા આપવા સખત મનાઈ હતી. હંમેશ પાંચસો કોરડાની શિક્ષા અપાતી હતી. **મણિપ્રભરાજાએ** પોતાના ભાઈ **યુગબાહુને**, મારી નાખ્યો હતો. તથા ચંડપ્રદ્યોત રાજાના પુત્રના પુત્ર, **અવંતીવર્ધન રાજાએ**, પોતાના નાનાભાઈ, યુવરાજ **અવંતીસેણને** મારી નાખ્યો હતો.

સંસારમાં સગપણ કે સગાઈ માનપાન, બધું જ પોતાના કેવળ સ્વાર્થ માટે જ છે. નાના બાળકો પોતાના માતા–પિતા વગર, ક્ષણવાર પણ રહી શકતા નથી. રૂવે પણ છે. માતપિતા વગરનાં બાળકો બિચારાં કહેવાય છે. તે જ બાળકો, બાળકો મટીને યુવાનો થાય છે. પછી તેજ પુત્રો માતાપિતાને છોડીને, જુદા રહે છે. માતાપિતાનો ઉપકાર જરા પણ યાદ આવતો નથી. અરે કેટલાક તો **અતિઅધમ** આત્માઓ, પોતાની માતાને કે પિતાને, ખાવાપીવાની પણ અનુકુળતાઓ આપી શકતા નથી. સામા થાય છે. અપમાન કરે છે. વારા કરે છે. કાઢી પણ મૂકે છે.

બે ત્રણ ચાર પુત્રો હોય તો, માતાપિતાના વારા પણ થાય છે. પોતાની પત્ની અને પુત્રોને વાત્સલ્યથી સાચવે છે. માતાપિતાને, અનાદરથી રાખે છે. પત્ની–પરવશ થએલા **અધમ મનુષ્યો** માતાપિતાનું અપમાન પણ કરે છે. ધનગિરિજી સુનંદાદેવીને કહે છે કે, તમારી દલીલો બધી સાચી હોવા છતાં મારી દલીલોનો પણ જરૂર વિચાર કરવો યોગ્ય છે.

ધનગિરિજીની દલીલો સાંભળી મહાસતી સુનંદાદેવી મૌન થઈ ગયાં, અને પત્નીને ખૂબ વૈરાગ્યની વાતો અને સંસારની અસારતા સંભળાવીને; ધનગિરિજીએ ગુરુદેવ **સિંહગિરિસૂરીશ્વરજી** મહારાજને, નિમંત્રણ આપી, તુંબગામમાં પધરાવ્યા અને મહોત્સવ કરીને શુભમુહૂર્ત શ્રીજૈનશાસનની પ્રભાવનાપૂર્વક ધનગિરિજીએ દીક્ષા લીધી.

ધનગિરિજી વૈરાગી હતા અને ખૂબ બુદ્ધિશાળી પણ હતા. તેથી પરમ ગુરુદેવની નિશ્રામાં થોડાજ કાળમાં, **ગ્રહણ આસેવન** શિક્ષાયોગથી, શ્રીવીતરાગમાર્ગના પ્રાથમિક અભ્યાસમાં, સારી એવી પ્રગતિ સાધી શકયા હતા. ધનગિરિજીની દીક્ષા પછી પણ, આચાર્ય ભગવાન સિંહગિરિસૂરિ મહારાજ માળવ દેશમાંજ, તુંબગામની નજીકના પ્રદેશમાં જ વિહાર કરતા હતા.

અહીં દેવી સુનંદા, શુભ સ્વપ્ન, અને ઉત્તમ દોહલા, પામવાપૂર્વક પીડા–બાધા સીવાય, ગર્ભસ્થિતિ સંપૂર્ણ થતાં દેવકુમાર જેવા પુત્રને જન્મ આપ્યો. દેવગતિમાંથી આવનારા જીવો કેટલાક એવા પણ હોય છે જે, આયુષપૂર્ણ થવાથી દેવભવનો ત્યાગ થાય છે. પરંતુ

બીજાં કેટલાંક દેવગતિ પ્રાયોગ્ય પુણ્યો અવશિષ્ટ હોય તેને, મનુષ્ય ગતિમાં આવીને ભોગવે છે.

**પ્રશ્ન** : પુણ્ય ખવાઈ જવાથી દેવભવમાંથી બીજી ગતિમાં જવાનું બને છે એમ ખરું કે નહીં ?

**ઉત્તર** : કેટલાક મિથ્યાદષ્ટિ આત્માઓ કે જેઓ, અકામનિર્જરાથી દેવગતિ પામ્યા હોય, અને કેવલ ભવાભિનંદીજ હોવાના કારણે, અતિલોલુપ-ભાવે વિષયના કીડા બનીને, દેવાંગનાઓમાં જ, આસક્ત રહેનારા હોય. બીજાં પણ અનેક અનાચરણ સેવનારા હોય. મનુષ્યો પાસેથી, ઘેટા બકરા પાડા વગેરે જીવોનાં બલિદાનો લેનારા હોય, યજ્ઞાદિક-પાપ ક્રિયાઓને, પોષણ આપનારા હોય, તીર્થંકરદેવો કે મહર્ષિઓને, ઉપસર્ગ કરીને, દેવાધમ-**સંગમ સુરની** પેઠે, ભયંકર આશાતનાઓ સર્જનારા હોય, પરમાધામી હોય, તેવા પહેલા બીજા-સર્ગ સુધીના દેવાસુરો. પૃથ્વીકાય, અપ્કાય, અને વનસ્પતિકાય જેવાં હલકાં સ્થાનોમાં પણ ચાલ્યા જાય છે.

પરંતુ ચારે નિકાયોના કેટલાક સમ્યગ્દષ્ટિદેવો, પોતાના દેવભવનોમાં પણ, દૈવી સુખોમાં તન્મય રહેવા છતાં, પ્રસંગો પામી, જિનેશ્વરદેવોનાં કલ્યાણકો ઉજવવા જાય છે. સમવસરણમાં જાય છે. નંદીશ્વરદ્વીપમાં જાય છે. કેવલીભગવંતોના પણ વ્યાખ્યાનો, સાંભળવા જાય છે. સીતા જેવી મહાસતીઓ કે સતાઓના ઉપદ્રવ નિવારણ કરવા પણ જાય છે. આવા આત્માઓનાં પુણ્ય ખવાઈ જતાં નથી.

મહાદેવી સુનંદાને પુત્રનો જન્મ થયો ત્યારે, સાસુ-સસરા કે પતિની અવિદ્યમાનતા હોવાથી, પુત્રજન્મની વધામણી આદિ,મહર્દ્ધિ પુરુષોનાં કુટુંબોમાં થવા યોગ્ય, કોઈ વ્યવહારો થયા નહીં. તોપણ કુમારનું દેવકુમારજેવું, અને મહાપુરુષમાં અવશ્ય હોવાં જોઈતાં ઉત્તમોત્તમ લક્ષણો યુકત રૂપ જોઈને, સુનંદાના હર્ષનો પાર રહ્યો નહીં.

સુનંદા મહાસતી પિયર અને સ્વસુર ઉભય પક્ષથી; કુલ ખાનદાની સાથે ધનવતી પણ હતી. તેથી તેણીનો સુખીવર્ગ, અને સ્વજનવર્ગ, દિવસ અને રાત્રિમાં ભરચક રહેતા હોવાથી, તેણીને પોતાનું એકલવાયાપણું, બહુ અરતિ કરાવનારું થયું નહીં. પરંતુ ઉલ્ટાનું કુમારનું પુણ્ય અને રુપ એવું જોરદાર હતું કે, દિવસમાં પ્રતિક્ષણ કુમારને રમાડવાના બહાને પણ, સખી સમુદાયની હાજરી રહ્યા જ કરતી હતી. અને કોઈ કોઈવાર બુદ્ધિમતી સખીઓના સંવાદો પણ ચાલતા હતા.

**એક સખી** : આવા ધનવાનના ઘેર વળી, દેવકુમાર જેવા દીકરાનો જન્મ થાય તો, પણ છે કશી વધામણી ?

**બીજી બેનપણી** : પરંતુ આ બાળકના બાપની છાતી પણ કેવી ગજવેલ જેવી હશે ? બાળકનું મુખ જોવાય, ઘરમાં ન રોકાણા, એક વર્ષ પછી દીક્ષા લીધી હોત તો શું વાંધો હતો ?

**ત્રીજી સહિયર** એતો સુનંદા ભોળી, પતિને રજા આપી દીધી, મારા જેવી તો એમ તુરત હા પાડે જ નહીં ને ?

**વળી કોઇ ચોથી** : તમે બધાં બિનજરૂરી મગજમારી કરો છો. અમારો ધનગિરિ તો પરણવા જ તૈયાર હતો નહીં ને. આ તો સુનંદાનાં મોટાં ભાગ્ય હશે કે આવો પતિ અને પુત્ર પામી શકી. એટલે તેને દીક્ષા લેતાં અટકાવવા પ્રયાસો નથી થયા એમ નથી. પરંતુ ધનગિરિના વૈરાગ્યને કોઈ અટકાવી શકે તેમ હતું જ નહીં.

આ પ્રમાણેના સુનંદાની સખીઓના, અને નજીકના કુટુંબની સ્ત્રીઓના, વાર્તાલાપોમાં પિતાની દીક્ષાની વાતો થતી હોવાથી, સુનંદાનો-તુરતનો જન્મેલો બાળક રસપૂર્વક સાંભળતો હતો, અને મુખને મરકાવતો હતો.

**એક સખી બીજી પ્રત્યે** : જુઓ જુઓ આ નંદકિશોર બાપની દીક્ષાની વાત સાંભળી કેટલો રાજી થાય છે.

**બીજી બાળા** : ભઈ એ તો "બાપ એવા બેટા" એતો કહેવત જ છેને ?

**પ્રશ્ન** : શું આ બાળકને પોતાના પિતાની દીક્ષા લીધાના, સખીઓના વાર્તાલાપને, સમજવા જેટલી સંજ્ઞા હોઈ શકે ખરી ?

**ઉત્તર** : પ્રાણીમાત્રમાં વધુ ઓછા પ્રમાણમાં જ્ઞાન જરૂર હોય છે જ. અને તે જ કારણથી વીસમા જિનેશ્વર **મુનિસુવ્રતસ્વામીની** દેશના પામીને; **અશ્વ પ્રતિબોધ** પામ્યો હતો. **શ્રીપાર્શ્વનાથસ્વામીના** દર્શન, અને સેવક **મુખથી નમસ્કાર** મહામંત્ર, સાંભળી, કમઠના કુંડમાં બળતો **સર્પ, ધરણેન્દ્ર** થયો છે. ભગવાન મહાવીર દેવનો છદ્મસ્થ સમાગમ પામેલો, **बुज्झ बुज्झ चण्डकोसिया** ( માત્ર આટલું વાકય સાંભળી ) ચંડ કૌષિકસર્પ આઠમા સ્વર્ગમાં દેવ થયો છે. જિનદાસ-સાધુદાસી-શ્રાવક-શ્રાવિકાના, બે વાચ્છડા ધર્મ સાંભળી, નમસ્કાર મહામંત્ર સાંભળી, **કંબલ ને શંબલ** દેવ થયા છે. પદ્મરુચ શ્રાવકના મુખથી, નમસ્કાર મહામંત્ર સાંભળી, **બળદ-મટી રાજકુમાર** થયો હતો. વીતરાગશાસનમાં આવા ઈતિહાસ ઘણા મળે છે. ત્યારે આ સુનંદાદેવીનો લઘુ બાળક તો, દેવગતિથી, ગૌતમસ્વામી પાસે, અષ્ટાપદતીર્થઉપર ધર્મ પામીને, અહીં જન્મેલ હોવાથી, તેની પ્રજ્ઞા તેજસ્વી હોય, તે સ્વાભાવિક છે.

બાળક, માતાની સખીઓનાં વાકયોથી; અવારનવાર પિતાની દીક્ષાનાં વર્ણનો સાંભળીને સાવધાન થતો હતો. વારંવાર દીક્ષાના વર્ણનો દ્વારા તેને આનંદ આવતો હતો. અને વારંવાર **દીક્ષાના વર્ણનો સાંભળવાથી જાતિસ્મરણજ્ઞાન થયું.**

અને અષ્ટાપદ મહાતીર્થ ઉપરનું, ગૌતમ સ્વામીના વ્યાખ્યાનનું સ્મરણ તાજું થયું. ચારિત્ર લેવાના વિચારો પ્રકટ થયા. પરંતુ માતાને અપ્રમાણ રાગ છે. મારા પિતા તો સાધુ થયા છે. તે દશ્ય તો હજીક મારી માતાના ચિત્તમાં તાજું છે. પિતાજીના ચાલ્યા

જવાનો ઘા હજીય રુઝાયો નથી. એટલે પોતાના આ વહાલા બાળકને, જીવનનું સર્વસ્વ સમજે, એ બનવા યોગ્ય છે. તેથી હવે મારે એવો માર્ગ લેવો જોઈએ કે, મારી માતા પોતે કંટાળીને, મને પિતા મુનિરાજને વહોરાવી દે.

આવા ચારિત્ર લેવાના આગ્રહી બાળકે, દિનરાત રડવાનું શરૂ કર્યું માતા ધવડાવે, હુલરાવે, રમાડે, પંપાળે, ગાયન સંભળાવે, પરંતુ બધું જ વ્યર્થ. ઘેર આવનાર સખીઓ–સગા–સ્નેહીઓ પણ, બાળકને રમાડવા હાથમાં લે. પણ, બાળકે રોવાનું ચાલુ રાખ્યું. એમાં વચમાં કોઈ ટિખળ કરે ને બોલી નાખે કે :—

બાલ ? પિતા મુનિ તાહરા, આવે ભિક્ષા કાજ ।
તો તુજને વહોરાવશું, રડીશ નહીં તું ? આજ ॥

એના બાપને વહોરાવી દો. આવો કજીઆળો છોકરો શું કામનો ? બીચારી માને ક્ષણવાર જંપીને બેસવા, ખાવા, કે ઊંઘવા દેતો નથી. આવાં વાક્યો સંભળાય ત્યારે બાળક રોતો બંધ થઈ જાય. કાન દઈને બરાબર સાંભળે. સિવાય રોવાનો રિવાજ ચાલુ જ રાખ્યો હતો.

બાળક છમાસનો થતાં તો, સુશ્રાવિકા સુનંદાદેવી કંટાળી ગયાં. અને મનોમન નક્કી જ કરી લીધું કે, મહારાજ ગામમાં પધારે કે વહોરાવી દઉં. અને ભાવિભાવ એમ જ થયું કે આચાર્ય મહારાજ સિંહગિરિસૂરિ મહારાજ આર્યસમિત ( સુનંદાદેવીના સગા ભાઈ ) અને આર્યધનગિરિજી વગેરે અનેક સાધુઓ સહિત તુંબવન ગામમાં પધાર્યા.

શ્રી સંઘે મોટા આડંબરથી, આચાર્ય ભગવાનનો પુર પ્રવેશ કરાવ્યો. વ્યાખ્યાનાદિ થયું. અવસર પામીને, આર્યસમિત અને આર્યધનાગરિ ગોચરી વહોરવા નીકળ્યા, અને ગુરુ મહારાજાએ નીકળતાં ફરમાવ્યું કે, **સચિત્ત–અચિત્ત લભ્ય વસ્તુ આજે વહોરજો ?**

**પ્રશ્ન** : **જૈન** સાધુઓને સચિત્ત વસ્તુને અડકવાની પણ મનાઈ છે. તો પછી ગુરુ મહારાજાએ આજે વહોરવાની રજા કેમ આપી ?

**ઉત્તર** : સચિત્ત શબ્દનો અર્થ સચિત્ત-પૃથ્વી–જલ–વનસ્પતિ નહીં પણ, કોઈ વખતે શિષ્ય વહોરાવે તો વહોરવો. અહીં સચિત્ત શબ્દનો અર્થ આવો સમજવો. અને શકુનો તથા ગુરુવચનોને ધ્યાનમાં લઈ, સુનંદા શ્રાવિકાને ઘેર પધાર્યા.

દેવી સુનંદા તો, ( ભવિતવ્યતા એવી જ હોવાથી ) બાળકના અહોરાત્રિના રડવાથી કંટાળેલાં જ હતાં, અને ક્યારે મહારાજ આવે, અને આ ઉપાધિમાંથી છૂટી થાઉં.

વાચકોએ સમજવાનું કે ભવિતવ્યતાના યોગે જ આવા બનાવો બને છે. નહીંતર **નાગદત્ત, મેતાર્ય, દેવર્દ્ધિ** જેવા મહાપુરુષો દેવલોકથી ચ્યવ્યા પહેલાં, પોતાના મિત્રોને

પ્રતિબોધ કરવા સખત ભલામણો કરીને, આવેલા હોવા છતાં પણ, અહીં આવીને સાવ બદલાઈ ગયા હતા. સંસારપક્ષમાં ભળી ગયા હતા. વાસનાના પાસલામાં ફસાઈને, પોતે જાતે કરેલી પોતાના માટેની ભલામણોનો પણ, બેપરવા, અવળો જવાબ આપતા હતા.

સુનંદાદેવીને, પુત્રના રડવાના સ્વભાવથી, કંટાળો વધી ગયો હતો. અને મહામુનિરાજનો બહારથી સુમધુર ધર્મલાભ શબ્દ સંભળાયો. અને બાળકને પારણામાંથી ઉંચકી વહોરાવી દેવાની તૈયારી કરી, પધારો એમ મુનિવરોને આમંત્રણ આપ્યું. અને મુનિરાજો શ્રાવિકા સુનંદાના ઘરમાં પધાર્યા.

સુનંદા શ્રાવિકા આહારના ભાજનની માફક, બાળકને ઉંચકીને, વહોરવા સામી આવી. મુનિરાજને ઉદ્દેશીને કહે છે કે, લ્યો આ તમારો બાળક, તમારા વિના રહેવા તૈયાર નથી. દિનરાત રડવા સિવાય એને કશું ગમતું નથી, રમકડાં, ગાયન, હુલરામણાં, કોઈ ચીજ એને આકર્ષક નથી. માત્ર એને ગમે છે તમારી દીક્ષા, અને તમારું નામ.

જુઓ જુઓ. હમણાં પણ તમારી સામે જ જોયા કરે છે, હસે છે. તમે વહોરો એટલી જ વાર છે. તમારી સાથે આવવા જ તેની ઇચ્છા છે. **માટે ઝોળી ધરો. અને હું શિષ્ય ભિક્ષા આપું છું.** મને ક્ષણ વાર પણ તેણે આનંદ આપ્યો નથી. મેં નથી કરી જિનપૂજા, નથી કર્યું સામાયિક કે પ્રતિક્રમણ; પૂરી નિદ્રા પણ લીધી નથી.

મુનિશ્રી ધનાગરિ મહારાજ શ્રાવિકા તમે ઉતાવળા થાવ છો. સંસાર આવો જ છે. સંસારમાં સુખ જ હોત તો, તીર્થંકરદેવો, ચક્રવર્તીઓ અને, બલદેવો જેવા અતિ સુખી પુરુષો પણ સંસારનો ત્યાગ કેમ કરે ? બાળકોના ઉચ્છેરમાં સુખ કે શાન્તિ હોય જ શાની ? અને સુખ શાન્તિ હોય તો ચંદનબાલા જેવી કુમારિકા મહાસતીઓ દીક્ષા કેમ લે ?

બાળકો ન થાય એવો માર્ગ લેવો તે ઘણું જ ઉત્તમ કાર્ય છે. હવે તો તમારે તેને, તેની અનુકૂળતાએ, ઉચ્છેરી મોટો કરવો એ જ ધોરી માર્ગ ગણાય, તમે તો અમને પણ આ બાલકને લાલન–પાલન કરવાના લહાવા લેવાનો આગ્રહ કરતાં હતાં, અને આમ અતિ અલ્પકાળમાં કેમ કંટાળી ગયાં ?

સુનંદાદેવીના સગાભાઈ મુનિશ્રી **આર્યસમીતજી** કહે છે : શ્રાવિકાબેન, ઉતાવળ ન કરો અને વિચાર કરી બોલી જાવ. આટલા નાના બાળકને સાધુઓ શું કરે ? એને ધવડાવે કોણ ? હુલરાવે કોણ ? પારણામાં હીંચોળે કોણ ? તેના અપવિત્ર મળમૂત્રની શુદ્ધિ કોણ કરે ?

બાળક દુઃખી થશે અને તમને સમાચાર જાણવા મળશે તો, તમે પણ દુઃખી થશો. ગમે તેટલી માતાઓ મળશે પણ સગી માતાઓ કયાંથી મળશે ? આજે આપવાની ઉતાવળ, બે દિવસ પછી પાછા લેવાની ધમાલમાં પરિણમશે !

"સારાં ખોટાં કાર્યમાં, વિચાર પહેલો થાય ।
પ્રાયઃ તેવા માનવી, મૂર્ખ નહીં કહેવાય" ॥ ૧ ॥

"કાર્ય વિચારી જે કરે, કદી નહીં પસ્તાય ।
ખૂબ વિચારક માનવી, બુદ્ધિમાન ગણાય" ॥ ૨ ॥

"વગર વિચાર્યું જે કરે, પછી ઘણો પસ્તાય ।
વ્યસન-રોગ ને આપદા, તે નર પાછળ ધાય" ॥ ૩ ॥

"રાવણ જેવા રાજવી, કર્યું ઉતાવળ કામ ।
સીતા હરણ, પામ્યા મરણ, જીત્યા લક્ષ્મણ-રામ" ॥ ૪ ॥

"કલાવતી જેવી સતી, શંખ સમો મહારાય ।
રાણી હાથ કપાવિયા, પછી મરવાને જાય" ॥ ૫ ॥

"મહાસતી દેવી અંજના, કેતુમતી સાસુ થાય ।
કલંક દઈ કાઢી વને, પછી ઘણી પસ્તાય" ॥ ૬ ॥

"મયણા જેવી દીકરી, પિતા પ્રજાપતિરાય ।
ઉંબરવર પરણાવીઓ, પછી ઘણો પસ્તાય" ॥ ૭ ॥

"વિજયસુન્દરી દીકરી, પિતા પદ્મરથરાય ।
જમાઈ બનાવ્યો ભિલ્લને, પછી ખૂબ પસ્તાય" ॥ ૮ ॥

"અચ્ચંકારી શ્રાવિકા, શીલવતી શ્રૃંગાર ।
ક્રોધ-માન બે દોષથી, પામી દુઃખ અપાર" ॥ ૯ ॥

**"અમને પગ બંધન થશે, તમને ખેદ અપાર,**
**બાળકને બહુ દુઃખ થશે, તેનો કરો વિચાર." ॥ ૧૦ ॥**

માટે વિચારવતી શ્રાવિકાબેન! ઉતાવળ ન કરો. હજી થોડા દિવસ વિચાર કરવાની જરૂર છે. અમારે તો પહેલી અમારી રત્નત્રયી, તથા ચોવીસે કલાક આઠે પ્રહર અમારો સ્વાધ્યાય અને નિત્યક્રિયાઓમાં પણ અમને વખત મળતો નથી. અમારે માટે આહાર અને નિદ્રા પણ, અશક્ય પરિહાર હોવાથી જ, ફરજીઆત બનાવવાં પડે છે. ચાલી શકે તો મહામુનિઓ આહાર અને નિદ્રાને પણ પંપાળવા ખુશી હોતા નથી, તો પછી આટલા કુમળા બાળકની આળપંપાળ કેમ જ થઈ શકે?

શ્રાવિકા સુનંદા દેવીને, ધનગિરિ મુનિમહારાજે પણ ઘણી ઘણી સમજાવી, પરંતુ નાના બાળકના આઠે પ્રહરના રડવાથી, કંટાળેલી સુનંદાએ, પોતાનો નિશ્ચય બદલવા જરા પણ તૈયારી ન જ બતાવી. ત્યારે કેટલીક સુનંદાની બેનપણીઓ અને પાડોસણોએ પણ સુનંદાને શિખામણી આપી કે—

સખીઓ અને પાડોસણો કહે સુનંદા? તું તે ઘેલી થઈ છે કે શું? તારી બુદ્ધિનાં આપણી સમાજમાં, અત્યાર સુધી અમે વખાણ જ સાંભળ્યાં છે. એ બુદ્ધિ શું બે'ર મારી ગઈ છે? આજ સુધીના ઇતિહાસમાં અમે ક્યાંય સાંભળ્યું નથી કે, આટલું નાનું બાળક મુનિને કોઈએ વહોરાવ્યું હોય.

સુનંદા કહે છે : હું આ બાળક **જૈન**મુનિને વહોરાવતી નથી, પરંતુ મારી પાસે મૂકીને જનારને, સાહુકાર ભાવે થાપણ પાછી સોપું છું. મારી શક્તિ હોત તો હું હજી વધારે વખત આ બાળકને સાચવત, ઉચ્છેરી મોટો કરત, પરંતુ બાળક પોતે જ મારી પાસે રહેવા ખુશી નથી, માટે તેના માલિકને સોંપી, હું દેવામાંથી મુક્ત થાઉં છું. એમાં મારી ભૂલ જણાતી હોય તો માફ કરો.

**મુનિરાજ** : શ્રાવિકા, તમારી અણસમજણ છે. અમે તો જે દિવસે દીક્ષા લીધી, તે જ દિવસે ઘરબાર–પુત્રપરિવાર, કંચન–કામિની, સર્વસ્વનો, ત્યાગ કર્યો છે. હવે અમારું આ ઘર નથી. પત્ની–પુત્ર પણ અમારાં નથી. ધન–માલ–રાચરચીલું–અમારું કાંઈ જ નથી.

"**एगो हं नत्थि मे कोई नाहमन्नस्स कस्सइ**"

એટલે થાપણ સોંપવાની તમારી દલીલ વ્યાજબી નથી. કોઈ કવિ કહે છે કે—

"કોનાં છોરું કોના વાચ્છરું, કોના મા અને બાપ;
અંતકાળે જીવ જાસે એકલો, સાથે પુણ્ય ને પાપ."

**સુનંદા** : આચાર્ય સિંહગિરિસૂરિ મહારાજની દેશનામાં મેં પણ આ બધું સાંભળ્યું છે. માટે જ હું પણ હવે આ જંજાળથી છૂટી થઈ જાઉં અને પરલોક માટે સામાયિક આદિ ધર્મકાર્ય કરી શકું એવી ઇચ્છાઓને અમલમાં મુકવાનો આ મારો પ્રયાસ છે.

શ્રાવિકા સુનંદાનો નિશ્ચય ન બદલાવાથી ધનગિરિ મહારાજે બધી પાડોસણો અને સુનંદાની બહેનપણીઓને સાક્ષી રાખીને, બાળકને વહોરવા પહેલાં, થોડી સૂચના જણાઈ અને કહ્યું

શ્રાવિકા તમને ખબર તો હશે કે, વીતરાગના મુનિઓને વહોરાવેલું ગુરુદ્રવ્ય થાય છે. તે પાછું લેવાતું નથી. ઉદાર ભાવે આપેલા સુપાત્ર દાનનો મહિમા અપાર છે. પરંતુ આપીને બળાપો કરનાર કે પાછું લેવા ઇચ્છનાર મહા દોષવાન બને છે.

અનુકંપાદાન ઉચિતદાન, કે કીર્તિદાન પણ આપીને પાછું લેવાય જ નહીં. આ નીતિ છે. માટે હજી પણ વિચાર કરવો હોય તો કરી જુઓ, કારણ કે આ તો સુપાત્ર દાન અપાય છે.

"મુનિવરને મોદક વહોવરાવી, નિન્દા કરી અપાર,
મમ્મણ શેઠ મરી થયો, કૃપણોનો શિરદાર."

**દેવી સુનંદા :** મહારાજ ! બાળક મને જરા પણ અળખામણો નથી. મને એના વિના ગમતું નથી. ગમશે પણ નહીં. હું કોઈ ગાંડી કે ઘેલી પણ નથી. પોતાની ફરજ પણ સમજું છું. દેવને પણ દુર્લભ રાજકુમાર જેવો આ બાળક આપતાં મારો જીવ ચાલતો પણ નથી. પણ શું કરું ?

આ છોકરો જન્મ્યો, હજીક મહીનો પણ પૂર્ણ થયો નહીં હોય, અને જ્યારથી એને કાનમાં એના બાપની દીક્ષાના વર્ણનો પડવા લાગ્યાં છે, ત્યારથી બાપની ને મામાની દીક્ષાની વાતો ચાલે, ત્યારે ચુપચાપ સાંભળે. મોઢું મલકાવે, આવ્ય તારા બાપાને વહોરાવી દઈએ. આવું સાંભળે ત્યારે બિલકુલ રડવું બંધ થઈ જાય. આડોસીપાડોસી રમાડવા આવે ને દીક્ષાની વાતો થાય તો રાજી, અને સિવાય રમાડો, હુલરાવો, પારણામાં પોઢાવો રમકડાં દેખાડો. આ બધું તેને ઝેર જેવું લાગે છે.

એટલે જ મેં નિર્ણય કર્યો છે કે, આ છોકરાને દીક્ષાની વાતો ગમે છે. માટે એના બાપને જ વહોરાવી દઉં. જુઓ, જ્યારના પૂજ્ય મુનિવર્ગનાં ગામમાં પગલાં થયાની, તમે ઘેર વહોરવા આવ્યાની, આ વહોરવવાની વાતો ચાલી રહી છે, ત્યારનો રડતો નથી. એકાગ્ર વાતો સાંભળ્યા કરે છે. માટે જ હું મારા વહોરાવવાના નિર્ણયને બદલતી નથી.

સુનંદાદેવીના નિર્ણયાત્મક વિચારો અને વચનો સાંભળીને મુનિરાજ ધનગિરિજીએ ઝોળીમાં બાળકને વહોરી લીધો. અને ઘણી સૌભાગ્યવતીઓ, બાળાઓ, ગીત ગાતાં અને વાજીંત્રો વગાડતાં–વગાડતાં, ઉપાશ્રય સુધી મૂકવા ગયાં, ધનગિરિ અને આર્યસમિતને આવતા જોઈ ગુરુ મહારાજ સિંહગિરિસૂરિ–મ–ઉપાશ્રયમાં થોડા સામે આવી, ધનગિરિના હાથમાંથી ઝોળી લઇ લીધી, પરંતુ ખૂબ વજન લાગવાથી બોલાઈ જવાયું :

"ઓહોહો ? આટલા નાના બાળકનું આવું વજન જાણે વજ્ર !" બસ આવાં તાત્કાલિક ગુરુજીનાં નીકળેલાં વચનોના આધારે, બાળકનું વજ્રકુમાર નામ રખાયું. અને સાચવણુ–લાલન–પાલન માટે સાધ્વીઓના ઉપાશ્રયમાં વજ્રકુમારનું પારણું બંધાયું. ગુરુજીને વહોરાવ્યા તેજ ક્ષણથી, વજ્રકુમારનું રડવાનું સદંતર બંધ થઈ ગયું.

વજ્રકુમારને વહોરાવ્યાની, અને મુનિવરો તથા સુનંદાદેવીના પરસ્પરના સંવાદની પણ વાતો, વાયુવેગે તુંબગામના ચારે ખૂણે ફેલાઈ ગઈ. જૈનો અને જૈનેતરોમાં જેમ જેને

ઠીક લાગે તેમ, તે તે માણસો વાતો કરવા લાગ્યા. આવો રૂપાળો દેવકુમાર જેવો, છમાસની વયનો બાળક, સાધુઓને આપી દેતાં એ માતાનો જીવ કેમ ચાલ્યો હશે?

કોઈ કહે છે : ભાઈ, જગતમાં ધર્મ તો ઘણા છે. હતા, અને હશે. પરંતુ જૈન ધર્મને ધન્યવાદ આપીએ તેટલા ઓછા ગણાય! આજે કૈંક પૈસા વિના સીદાય છે, કોઈને પૈસા હોય પરંતુ રૂપસુંદરી પત્ની ન હોય તોપણ લોકો હૈયાં બાળ્યા જ કરે છે. ત્યારે ધનગિરિને ધન્યવાદ, જેણે લાખોની મિલકત; ઈન્દ્રાણીજેવી પત્ની, અને દેવકુમારજેવો દીકરો બધું તણખલાની માફક ત્યાગ કરી દીક્ષા લીધી. વળી ધન્યાગરિની પત્ની સુનંદાને તો હજારો ધન્યવાદ, કે જેણે ઘેર મહોત્સવ આદરી પતિને દીક્ષા અપાવી, અને છમાસનો ચંદ્ર જેવો તેજસ્વી દીકરો પણ વહોરાવી દીધો.

"પતિ–પુત્ર કે દીકરા, દીક્ષા લેવા જાય।
ઘર–ઘરણી ધનને ત્યજે, ધન્ય માય ને તાય."

પ્રાય: આવા બનાવો જૈનશાસન સીવાય બીજે જોવા મળવા દુર્લભ છે.

ત્યાર પછી તુરત જ આચાર્ય ભગવાન સિંહગિરિસૂરિમહારાજ, સાધ્વીજીના ઉપાશ્રયમાં, બાલક–વજ્રકુમારની સુંદર વ્યવસ્થા ગોઠવીને, વિહાર કરી ગયા. સાધ્વીજી મહારાજો પણ અવારનવાર વિહાર કરવાથી, બદલાતાં રહેવા છતાં પણ, બાળક વજ્રકુમારની સાચવણની બરાબર દેખરેખ રહેતી હતી.

અહીંનો શ્રાવિકાવર્ગ, બાળકની બધી લાલનપાલનની વ્યવસ્થા, જાળવતો હોવા છતાં, બાળકની માતા સુનંદાદેવી પણ, પોતાના લાડકવાયા પુત્રની હંમેશ અને વારંવાર ખબર લેતાં હતાં. સ્તનપાન કરાવી જતાં હતાં, વસ્ત્રો પહેરાવવાં, બદલવાં, ક્ષાલન કરવું, બાળકને સ્નાન કરાવવું વગેરે જરૂરી બધી બાબતમાં પોતે જાતે લાભ લેતાં હતાં.

કેટલોક કાળતો, ગુરુને અર્પણ કરેલ હોવાથી, ગુરુભક્તિ અને પુત્ર વાત્સલ્યનો, ભેળસેળ સેવા–સત્કાર ચાલુ રહ્યો; પરંતુ દિવસો જતાં, બાળકનું કેવળ પ્રસન્ન મુખ વારંવાર જોવાથી, અને આખો દિવસની જગ્યાએ, ક્ષણવાર પણ રુદનનો સર્વથા અભાવ દેખવાથી, સુનંદાદેવીના ગુરુભકિતના વિચારોએ, વિદાય લેવા માંડી. અને પુત્ર વાત્સલ્યના પ્રેમનો જમાવટ શરૂ થયો.

ભલભલા યોગીશ્વરોને પણ, આવા દેવકુમાર જેવા બાળકને દેખવાથી, લાગણી પ્રકટ્યા વિના રહેતી નથી. તો પછી આતો જન્મ આપનારી ખુદ માતા જ છે અને તે પણ એકના એક દીકરાની જનેતા છે. એને પોતાના બાળક માટે આકર્ષણ થયા વિના કેમ રહે?

સુનંદાદેવી ઘેર આવી હંમેશ વિચાર કરે છે : મેં કેટલી ઉતાવળ કરી છે? મેં મોટી ભૂલ કરી છે. જેનો હજારો બાળકો ભેગા કરીએ તોપણ જોટો ન મળે. આવો પોતાનો

સ્વાધીન પુત્ર મેં, મુનિમહારાજને વહોરાવી દીધો. મુનિવરનો આમાં જરા પણ દોષ નથી. મારા ભાઈ મુનિરાજ, અને મારા સ્વામી મુનિરાજ, મને ચોખ્ખું કહેતા હતા : સુનંદા ! તું જરૂર પસ્તાવો કરીશ, ઉતાવળ કરવી જવા દે, પરંતુ મૂર્ખ આત્મા એવી મેં વિચાર કર્યો જ નહીં.

"જે મતિ પાછળ ઉપજે, તે જો પહેલી થાય ।
કાર્ય ન બગડે કોઈનું, પશ્ચાત્તાપ નવ- થાય." ॥ ૧ ॥
"ભવિષ્ય વિચારી આપણું, પછી કામ કરનાર ।
મતિમાન તે માનવી, દુઃખમાં નહીં પડનાર." ॥ ૨ ॥

પરંતુ હજી શું બગડી ગયું છે ? પુત્ર મારો છે, તે આખું ગામ જાણે છે. દીક્ષા આપી નથી કે તેનાં વ્રત ભંગાવવાનો દોષ લાગે. એટલે હું મારા પુત્રને, મારાઘેર લઈ જાઉં તો, મને કોણ રોકનાર છે? બસ, આવતી કાલે તેને હું મારા ઘેર લઈ આવીશ. રાત્રિમાં આવા વિચાર કરીને, સવારમાં શ્રાવિકા સુનંદા ઉપાશ્રયના પારણામાંથી બાળક વજ્રને, પોતાને ઘેર લઈ જવા, સાધ્વીજી મહારાજ અને શ્રાવિકાઓને, વાત જણાવી.

**સુનંદા:** મહારાજ સાહેબ! બાળક વજ્રને હું મારા ઘેર લઈ જાઉં છું. કારણ મને હવે અહીં રાખવો ઉચિત લાગતું નથી મારું ઘર ક્યાં નથી પહોંચતું, તે મારા પુત્રને ગામની સહાય લેવી પડે. ઘર તે ઘર, અને ઉપાશ્રય તે ઉપાશ્રય. વજ્ર હવે બે અઢી વર્ષનો થયો છે. એને છૂટથી રમવાનું, દોડવાનું, ન્હાવાનું, ખાવાનું, ઘેર જેટલું ફાવે; સચવાય; તેટલૂં ઉપાશ્રયમાં ન સચવાય. માટે હવે હું મારા ઘેર લઈ જાઉં તે વધારે સગવટવાળું, અને બાળકના હિતને પોષનારું ગણાય.

**સાધ્વીજીનો ઉત્તર :**

શ્રાવિકાબેન, તમારું માનવું બરાબર નથી. ઘેર તમે એકલાં જ વજ્રકુમારનું લાલન પાલન કરશો. જ્યારે અહીંતો, આખા સંઘની શ્રાવિકાઓ, વજ્રકુમારને રમાડે છે, આનંદિત રાખે છે, કોઈ મોટા રાજાનાકુમારની પણ આટલી સેવા નહીં થતી હોય, જેટલી વજ્રકુમારની થાય છે. માતાઓ ગણો, બહેનો ગણો, પરિચારિકાઓ ગણો, વજ્રકુમારની લાલનાપાલના માટે, સમગ્ર સંઘ જાગતો છે. એટલે બાળકને પોતાના ઘેર વધારે લાલનપાલન મળશે આ તમારી કલ્પના બરાબર નથી.

**સુનંદાદેવી** : ભલે પણ હવે મારો પુત્ર મારે મારા ઘેર લઈ જવો છે.

**સાધ્વીજી** : બેન ! તમે તમારો પુત્ર ગુરુ મહારાજને વહોરાવી દીધો છે.

**સુનંદા** : મેં ઉતાવળ કરીને એના પિતાને આપી દીધો હતો, પરંતુ હવે મારે મારા ઘેર લઈ જવો છે.

**સાધ્વીજી** : સુનંદાબેન ! આ બાળકને તમે વહોરાવી દીધો છે.

**સુનંદા** : વહોરાવ્યો ત્યારે જ કહેવાયને, જો એણે દીક્ષા લીધી હોય ? હજી તો હું પોતે તેને દરરોજ ધવડાવું છું, નવડાવું છું, ખવડાવું છું. એટલે મારો પુત્રતરીકેનો હક થોડો જ જતો રહ્યો છે ?

**સાધ્વીજી** : બેન ? ઉપાશ્રયમાં બીજી શ્રાવિકાઓની પેઠે તમે પણ લાભ લો છો. પરંતુ હવે આ બાળકની માલિકીતો, ગુરુમહારાજનીજ છે. માટે જ તેનું પારણું, સાધ્વીના ઉપાશ્રયમાં રાખ્યું છે. જો બાળકને તમે ગુરુમહારાજને ન વહોવ્યો હોત તો, પારણું તમારા ઘેર જ હોતને ? માટે શ્રાવિકાબેન ! જે ઉદારતાથી તમે ગુરુ મહારાજને પુત્ર–ભીક્ષા આપી છે, તે ઉદારતાને કેમ ભૂલી જાવ છો ?

**સુનંદા** : તે વખતે પણ મારી ઉદારતા હતી જ નહીં. પરંતુ મૂર્ખાઈ અને અવિચારકારીપણું જ કહેવાય. તેથી શું થઈ ગયું. મારો બાળક હજી બાળક જ છે. સાધુ નથી થયો કે એને હું ચારિત્ર ભગાવતી હોઉં. માટે વજ્રકુમારને હું મારા ઘેર લઈ જઈશ. હવે મારા પુત્ર વિના મને ક્ષણવાર પણ ગમતું નથી. ઘરમાં રહેવું ગમતું નથી, ખાવું–પીવું, પહેરવું ગોઠતું નથી.

મારે મારા એકના એક, આવા દેવકુમાર જેવા દીકરાને, દીક્ષા આપવી નથી. મારા માર્ગમાં કોઈ વિઘ્ન કરશો નહીં. હું મારા પુત્રને ઘેર લઈ જઈશ, ત્યારે જ મને ઊંઘ આવશે, આહાર ભાવશે, અને ઘરમાં બેસવું ફાવશે. હમણાં મને કશું જ ગમતું નથી. બધું શૂન્યકાર ભાસે છે.

સુનંદા–શ્રાવિકાનો પુત્રરાગ દિનપ્રતિદિન વધવા લાગ્યો. તેની જાહેરાત આખા સંઘમાં, અને ગામમાં, ફેલાઈ ગઈ. સુનંદા પુત્રમોહમાં ખૂબ–ઘણાં ખેંચાઈ જવાથી, વહોરાવવાના સમયની, બનેલી ઘટના જાણે કાંઈ બન્યું જ નથી, એવી થઈ ગઈ હતી. તોપણ સાધ્વીજી મહારાજ અને શ્રીસંઘના બચાવ સામે, કશું પોતાનું ધાર્યું થઈ શકયું નહીં.

આ બનાવ બનવાથી, શ્રીસંઘમાં થોડી ગભરામણ થવાથી, નજીકના પ્રદેશમાં વિહાર કરતા ગુરુ મહારાજને, શ્રીસંઘના આગેવાનો જઈને, તુંબગામ પધારવા વિનંતિ કરી આવ્યા. અને આચાર્ય ભગવાન સિંહગિરિમહારાજ, પરિવાર સહિત તુંબગામ પધાર્યા. શ્રાવિકા સુનંદાદેવી અને શ્રીસંઘે આચાર્ય ભગવાનનું સામૈયું કર્યું.

શ્રીસંઘે આચાર્ય ભગવાનને, સુનંદાદેવીના પુત્રને, પાછો લેવાના વિચારો જણાવી, સંપૂર્ણ માહિતગાર બનાવ્યા. બીજા દિવસે આર્યસમિતજી, ( શ્રાવિકા સુનંદાના સગા ભાઈ ) તથા મુનિરાજ ધનગિરિજી, ( વજ્ર કુમારના પિતા ) બંને જણાઓએ, સુનંદાદેવીને, ઘણા ઘણા સમજાવ્યાં. બાળકને વહોરવવા વખતના સાક્ષીઓ વગેરે, બધી યાદ આપી વળી કહ્યું.

ભોળી શ્રાવિકા, તમે કેમ અજ્ઞાનમાં ડૂબી ગયાં છો ? શું ભૂતકાળમાં તમારા જેવી સુશ્રાવિકાઓએ, પોતાના વહાલા પુત્રો નથી વહોરાવ્યા ? જુઓ, **ભદ્રાશેઠાણીને** એકનો એક **શાલિભદ્ર** પુત્ર હતો, બત્રીશ નારી પરણેલો હતો. પરંતુ પ્રભુ મહાવીર સ્વામીને વહોરાવ્યો, તમને યાદ નથી ? તથા કાકંદીનગરીનાં ભદ્રા શેઠાણીએ પણ પોતાના એકના એક અને, બત્રીસ કન્યાઓ પરણેલા પુત્ર ધન્નાને પ્રભુ મહાવીર સ્વામીને વહોરાવ્યો હતો. તથા ઉજ્જયિની નગરીનાં ભદ્રામાતાએ પણ, પોતાના એકનાએક અને બત્રીસપત્ની પરણેલા પુત્ર અવંતી સુકુમારને આર્યસુહસ્તિસૂરિમહારાજને વહોરાવ્યો હતો.

વળી શ્રી નેમનાથ સ્વામી વારે થાવચ્ચા સાર્થવાહીએ, પોતાના પુત્ર **થાવચ્ચાકુમારને** નેમનાથ સ્વામીને વહોરાવ્યો હતો. સુલસા શ્રાવિકાએ પોતાના **છ પુત્રોને**, નેમનાથ સ્વામીને વહોરાવ્યા હતા.

આવા આપણા **જૈન** ઇતિહાસમાં એક બે દાખલા નથી પણ હજારો, જોવા વાંચવા મળે છે. એને વિચારો, અને પુત્રને પાછો લેવાના, ઉતાવળીયા સંકલ્પોને બંધ કરો. બંને મુનિમહારાજાના અને શ્રીસંઘના આગેવાનોના, સુનંદાદેવીને સમજાવવાના, શકય બધા પ્રયત્નો થયા. પરંતુ વજ્રકુમારની માતાના પુત્રમોહ, બધા પ્રયાસોમાં અર્ગલા સમાન થયો હતો. તેથી સુનંદાદેવી પોતાના વિચારો ફેરવી શકયાં નહીં.

**મુનિરાજો :** શ્રાવિકા ! તમે બાળકને વહોરાવ્યો હતો, એ વાત યાદ નથી ? તે વખતે અમે બધાએ, તમારા આવા ઉતાવળા સાહસને બદલવા કહેલું, તમને યાદ છે ? આ બાળકને અમારે વહોરવા હતો કે તમે વહોરવાની ફરજ પાડી હતિ ? તે વખતે તમારૂં આ સાહસ છે, ક્ષણિક છે, એમ લાગવાથી જ અમારે આ બધાને સાક્ષી રાખવા પડ્યા હતા. આ બધું તમે ભૂલી ગયા ?

**સુનંદાદેવી :** મેં આ બાળકને, મને ખૂબ હેરાન કરતો હોવાથી, તેના પિતા તથા તેના મામા મુનિરાજોને વહોરાવ્યો હતો, તે વાત તદ્દન સાચી છે. આ પાડોસણો અને બહેનપણીઓને સાક્ષી રાખ્યાની વાત પણ હું ખોટી કહેતી જ નથી. શ્રીવીતરાગના મુનિરાજો અસત્ય બોલે, એવું મારા મનમાં પણ નથી. પરંતુ હવે આ પુત્રને પાછો લેવાની મારી ઇચ્છા છે. તેને હું રોકી શકતી નથી. મને વારંવાર વિચારો આવ્યા કરે છેકે, મેં પતિને જવા દીધા; ખેર ! હવે પુત્રને કેમ જવા દેવાય ?

હું સમજું છું મારો પુત્ર ઘણો બુદ્ધિશાળી થવાનો છે. શાસનનો મહાન પ્રભાવક થાય તેવો છે. પરંતુ મને, મારો પુત્રવાત્સલ્યરાગ, પુત્રને પાછો ઘેર લઈ જવા જ પ્રેરણા કરે છે. માટે મને માફ કરો અને મારો પુત્ર મને મારા ઘેર લઈ જવા દો.

આ પ્રમાણે સુનંદા અને મુનિમહારાજ તથા શ્રીસંઘવચ્ચે થયેલી વાતચીત, એટલે બાળક વજ્રકુમાર અંગે, આખા શહેરમાં થયેલો ચકચાર, રાજ્યદરબાર સુધી પહોંચી

ગયો. તે કાળના રાજાઓ અને અધિકારીઓ પણ, હમણાંની જેવા, ધર્મ અને ત્યાગ માર્ગના દુશ્મનો હતા નહીં. પરંતુ ધર્મને ખૂબ માનની લાગણીથી આદર આપતા હતા.

તેથી શ્રીસંઘના કેટલાક આગેવાનોને બોલાવીને, તથા સુનંદાદેવીને બોલાવીને, બંને પક્ષને મધ્યસ્થ શિખામણ આપી, બંનેની હકીકતો પણ બરાબર જાણી લીધી.

**શ્રીસંઘે** રાજ્યને જણાવ્યું કે, અમારા **જૈન** ધર્મમાં, ગુરુમહારાજને વહોરાવેલી વસ્તુ, તે પછી અશન-પાન હોય, કે પછી વસ્ત્રપાત્ર હોય, અગર શિષ્ય હોય, તેને આપી દીધા પછી, પાછું લેવાય નહિ. તે જેહોયતે ગુરુદ્રવ્ય કહેવાય છે.

**સુનંદાદેવી :** આ છોકરો જન્મ્યો ત્યારથી, ક્ષણનાપણ વિસામા વગર, ચોવીસે કલાક રડ્યા કરતો હોવાથી, ઘરમાં હું એકલી હોવાથી, કંટાળી જવાથી, તેના પિતા મુનિરાજને વહોરાવી દીધો. તે તદ્દન સાચી વાત છે. પરંતુ હવે આ બાળક બિલકુલ રડતો નથી અને સર્વકાળ હસમુખો રહે છે. દિવસનો ઘણો ભાગ, શ્રાવિકાઓના ઉપાશ્રયમાં પણ, હું તેની સારવારમાં જ વિતાવું છું. મને મારા આ બાળકનો, ક્ષણવાર પણ વિરહ ગમશે નહીં. માટે મારો પુત્ર મને પાછો મળવો જોઈએ.

શ્રીસંઘની અને સુનંદાદેવીની વાતો સાંભળી રાજ્યે ન્યાય આપ્યો કે, અમારી રૂબરૂ અમારી સભામાં, ગુરુમહારાજ પોતાની વસ્તુ મૂકે, અને બાળકની માતા શ્રાવિકા પણ, પોતાના બાળકને યોગ્ય, **ખાન-પાન-વસ્ત્ર-રમકડાં** લાવીને રાજ્યસભામાં મૂકે. અને આ સર્વની વચ્ચે બાળકને મૂકવો. બાળક જેની વસ્તુ ઉપાડે, તે પક્ષમાં બાળક જવા યોગ્ય છે, એમ છેલ્લો નિર્ણય સમજવો.

સંઘને આ ન્યાય ઠીક ન લાગ્યો. કારણકે, આટલું નાનું બાળક, ખાવાપીવા, રમવામાં વધારે આકર્ષાય એ બનવા યોગ્ય છે. જેમ નાભિકુલકરના ખોળામાં બેઠેલા, તીર્થંકર પરમાત્મા ઋષભદેવસ્વામી બાળક હતા. અને ઈન્દ્રમહારાજના હાથમાં રહેલી, શેરડી લેવા હાથ લંબાવ્યો હતો, અને આમ થાય તો દુઃખનો વિષય ગણાય.

સુનંદાદેવી તો ઘણાંજ રાજી રાજી થઈ ગયાં. અને અનેક જાતનાં પકવાન, અનેક જાતનાં ફળો, નાના બાળકને પહેરવાનાં રંગબેરંગી વસ્ત્રો, ઘણી રમકડાંની જાતો; આ બધી વસ્તુનું રાજ્યસભામાં, સારું એવું પ્રદર્શન ગોઠવાયું.

ગુરુદેવ મહા જ્ઞાની હતા. તેમણેતો ફક્ત શ્રીવીતરાગશાસનનું મહાન પ્રતીક, મોક્ષમાર્ગની આરાધનાનું અજોડ **ઉપકરણ**, પ્રાણીમાત્રની દયા પાળવાનું અસામાન્ય **સાધન**, **રજોહરણ** અને મુખવસ્ત્રિકા લાવીને, સુનંદાદેવીનાં પ્રલોભનોની એક બાજુમાં ગોઠવી દીધાં.

આ બાજુ **વજ્રકુમારને** પણ, જાણે એક દીક્ષાના વરઘોડા જેવા ઠાઠથી, સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાઓના વૃન્દમાં, મધુર ગીતોની છોળો ઉછળતી હોવા સાથે, રાજ્યસભામાં

લાવ્યા. અને આ વખતે બાળક વજ્રકુમારની વય લગભગ ત્રણ વર્ષની હોવાથી, રાજ્યસભામાં લાવી છૂટા મૂકવામાં આવ્યા.

બાળકને જોઈને રાજા તથા રાજ્યાધિકારીઓ પણ, અનિમેષ નયણે તાકી જ રહ્યા. અને મનોમન કહેવાઈ જવાયું કે, આવા બાળક માટે માતા મમત્વ કરે છે, તે બિલકુલ વ્યાજબી છે. પરંતુ આ બાળકનું કપાળ કોઈ મહાન ઐશ્વર્યનું સૂચક લાગે છે. એટલે ન્યાય કોનાપક્ષમાં જશે એ નક્કી કરવું મુશ્કેલ છે.

પા, પા પગલી ચાલતાં શીખેલા વજ્રકુમારને, રાજાના અધિકારી તરફથી આંગળીથી–સાઇન કરીને, માતાનાં ખાન–પાન–પરિધાન અને ક્રીડનકો બતાવવા પ્રયાસ થયો. માતાજીએ પણ ઉભા થઈ, પુત્રને ઉચકી લઈ, છાતી સાથે ચાંપીને, પોતાની વસ્તુઓ બતાવી, પસંદ કરવા ધ્યાન દોરવ્યું. માતા કહે છે કે વહાલા દીકરા, મારી હાર અથવા જિત તારી ઇચ્છાને આધીન છે.

અહીં વાચક વર્ગનું ધ્યાન દોરવું પડશે કે, આવડા બાળકને આવી વસ્તુઓમાં પ્રલોભન ન થવાનું કારણ શું ?

કારણ એ જ કે ગયા જન્મમાં અષ્ટાપદતીર્થ ઉપર પધારેલા ભગવાન શ્રી મહાવીર પ્રભુના પ્રથમ શિષ્યરત્ન ગણધરદેવ ગૌતમસ્વામીની તિરિયગ્ જૃંભકદેવપણામાં દેશના સાંભળી હતી. અને ત્યાં જ સંસારની અસારતા સમજાઈ હતી.

અને તેજ ક્ષણે, તેજ જગ્યાએ. હવે પછીના જન્મમાં, મનુષ્ય જન્મ પામીને, બરાબર ધર્મની આરાધના કરવાનો કરેલો સંકલ્પ, અને સાથેસાથ પિતાની દીક્ષાની વાતોનું શ્રવણ થવાથી, પ્રકટેલું જાતિસ્મરણજ્ઞાન વજ્રકુમારના ચિત્તમંદિરમાં સ્થિર થઈ ગયું હોવાથી માતાને કંટાળો આપવા રાતદિવસ રડવાનું ચાલુ રાખ્યું હતું.

આજે જ્ઞાનભંડાર બાલક વજ્રકુમારે માતાની બધી સામગ્રી જોઈ લીધી. અને ગુરુદેવના મૂકેલા રજોહરણ મુહપત્તિ પણ જોઈ લીધા. અને મનમાં વિચાર કરી લીધો કે, મારી માતાની જીત થાય તો ક્ષણવાર તેઓ જરૂર આનંદ પામશે. પરંતુ મારો અને માતાનો સંસાર વધી જશે. અને આજે ક્ષણવાર માતાની હાર થશે તો, માતા જરૂર રડશે, ચિંતાતુર બનશે, પરંતુ તે તેમની ચિંતા, સંસારનાં બંધનોને કાપવા માટે, કાતરનું કામ કરનાર થશે.

મેં ગયા જન્મમાં ચોક્કસ ધર્મ આરાધવા વિચારો કરી રાખ્યા છે. હું ધન્યભાગ્ય છું કે, જેના મામા અને પિતાજી મહામુનિરાજ બનેલા છે. માટે મારી ઉપકારિણી જન્મદાત્રીમાતાના ક્ષણના આનંદને અળગો કરીને, તે માતા ભવોભવ સુખીયાં થાય, તેવો

માર્ગ લેવાથી, **પૂજ્ય ગુરુદેવો અને તીર્થંકરદેવોને પણ માન્ય શ્રીસંઘ** વગેરે બધા આનંદ પામશે.

આવો વિચાર કરીને રાજ્ય સભામાં પધરાવેલા, ગુરુમહારાજના મૂકેલા, ઓઘો અને મુહપત્તિ ઉપાડી લીધા. એટલું જ નહિ, પરંતુ, **ક્ષુધાતુરને ઘેબર મળે, તૃષાતુરને અમૃત મળે, નિર્ધન માણસને નિધાન મળે,** અને હર્ષઘેલાપણું આવી જાય તેમ, વજ્રકુમાર પણ **ઓઘા મુહપત્તિને બે હાથે પકડી, મસ્તક ઉપર ચડાવી, ખૂબ ખૂબ નાચ કરવા લાગી ગયા.** અને સમગ્ર–સભામાં, જય જયકારના શબ્દોનો ગર્જારવ થયો.

ફક્ત માતા સુનંદાદેવી સિવાય, સમગ્ર શ્રીસંઘ અને તટસ્થ રહેલા રાજા અને રાજ્યના અધિકારીઓ પણ આનંદ પામ્યા. દરેકને એમ જ થયું કે, **આમાં જરૂર કોઇ દેવી સંકેત હોવો જોઇએ,** નહિતર આ ન્યાયમાં માતાનો પક્ષજ બળવાન હતો. છતાં માતાની હાર થઈ છે. તથા મહામુનિરાજોનો પક્ષ બિલકુલ સામાન્ય હોવા છતાં, મુનિરાજોની જિત થઈ છે.

વયરકુમાર ત્રણથી આઠ વર્ષ સુધી, સાધ્વીજીના ઉપાશ્રયમાં ઉછર્યા હતા. અને સાધ્વીઓના સ્વાધ્યાયમાં, પરાવર્તન પામતાં આચારાંગ આદિ અગ્યાર અંગોને, એકાગ્ર ચિત્તે સાંભળતા હતા, તેથી બુદ્ધિના ક્ષયોપશમથી અગ્યારે અંગો તેમને કંઠસ્થ થયાં હતાં.

આઠ વર્ષની વય થતાં તેમની મોટા આડંબરથી દીક્ષા ઉજવાઈ હતી. બાલ્યવયથી સંયમ પાળવામાં ખૂબ જ સાવધાન રહેતા હતા. તેમની દીક્ષા પાળવામાં કસોટી પણ થઈ હતી.

**પ્રશ્ન** : વજ્રકુમારને ચારિત્ર પાળવામાં કોઈ ઉપસર્ગ નડ્યા હતા ?

**ઉત્તર** : શ્રીવીતરાગ માર્ગમાં ઉપસર્ગના બે પ્રકાર છે : એક અનુકુળ અને બીજો પ્રતિકુળ. બેમાં પ્રતિકુળ ઉપસર્ગો કરતાં, અનુકુળ ઉપસર્ગ ઘણા આવે છે. અને તે લગભગ ઘણાઓ ઉપર સત્તા ચલાવે છે, પરંતુ તે ઉપસર્ગોને પચાવી લેવા ખૂબ મુશ્કેલ ગણાય છે.

**પ્રશ્ન** : અનુકૂળ ઉપસર્ગો કેને કહેવાય? અને પ્રતિકુળ ઉપસર્ગ કેને કહેવાય ?

**ઉત્તર** : દુઃખ દેનારા ઉપસર્ગો પ્રતિકુળ ઉપસર્ગો કહેવાય છે. જેમ પાર્શ્વનાથ સ્વામીને કમઠનો ઉપસર્ગ, ભગવાન મહાવીરદેવને **શૂલપાણિનો, સંગમદેવનો, ચંડકૌષિકનો,** ગોશાળાનો, **ભરવાડોનો ઉપસર્ગ, ખંધકસૂરિના** પાંચસો શિષ્યોને ઘાણીમાં પીલવાનો, **ખંધકમુનિના શરીરની** સંપૂર્ણ ચામડી ઉતારવાનો, **સુકોશળમુનિને** વાઘણનો, ગજસુકુમારને ખેરના અંગારાનો, **મેતાર્યમુનિને** સોનીનો. આ અને આવા બધા પ્રતિકુળ ઉપસર્ગો જાણવા.

તથા અનુકૂળ ઉપસર્ગો ચારિત્રથી પાડવા માટે, માતાપિતા અને કુટુંબના કારમા વિલાપો અને રાગ–વચનો તથા ખાનપાનમાં લલચાવી વિકારમાં ફસાવવાના, **નટની પુત્રીઓના અષાઢાભૂતિ** સાધુને, તથા એક **પ્રોષિતપતિવાળી** સ્ત્રીનો, **અરણીક** મુનિવરને, તથા **એક સ્ત્રીએ ઝાંઝર** પહેરાવ્યું, **ઝાંઝરિયા** અણગારને, **વેશ્યાનો** ઉપસર્ગ **નંદિષેણ** મુનિને, **વણિકપુત્રીનો** ઉપસર્ગ **આર્દ્રકુમાર** મુનિને આવા ઉપસર્ગો આવ્યા ત્યારે, કોઈ ન ફસાયા, અને કોઈ ફસાઈ પણ ગયા. આવા બધા અનુકૂળ ઉપસર્ગો જાણવા.

આવા ઉપસર્ગો વજ્રકુમાર મહામુનિરાજને ઘણા આવ્યા, તેમાં પહેલો ઉપસર્ગ માતાનો લખાઈ ગયો છે.

**પ્રશ્ન** : વજ્રકુમાર મુનિરાજના અનુકુળ ઉપસર્ગો કયા કયા થયા છે ?

**ઉત્તર** : બે મિત્રદેવોના, અને ધનાવહ શેઠની પુત્રી રુક્મિણી કન્યાનો.

## મિત્રદેવોના ઉપસર્ગો

બાલમુનિ વજ્રકુમાર એકવાર, આચાર્યભગવાન સિંહગિરિસૂરિમહારાજ સાથે વિહાર કરતા હતા. વિહાર થોડો લાંબો હતો. બાળમુનિ થાકી ગયા હતા. આ વખતે ક્ષુધાપણ જોરદાર લાગી હતી. નજીકમાં આહારપાણી મળવાની સંભાવના પણ હતી નહીં.

બાળક છતાં સાત્ત્વિક આત્મા, જરાપણ પોતાની નબળાઈ બતાવ્યા સિવાય ચાલતા હતા, તોપણ તેમના પગમાં ઢીલાશ જણાઈ જતી હતી. મુખ પણ કરમાવા જેવું દેખાતું હતું. બાળમુનિનો પરિશ્રમ આચાર્ય ભગવાન જાણી ગયા, અને વિચારવા લાગ્યા. નાના મુનિ માટે હાલ તુરત કોઈ સ્થાનમાંથી, થોડો પણ આહાર પાણી મળી જાય તો સારું !

એટલામાં જ નજીકમાં એક છાવણી જેવો, માણસોનો વસવાટ દેખાયો. અને લોકો દોડતા આવ્યા. ગુરુમહારાજને વિનતિ કરવા લાગ્યા : બાપજી ? લાભ આપવા પધારો. અમને અણધાર્યો આ મુસાફરીમાં, આવો લાભ મહાપુણ્યોદયથી પ્રાપ્ત થયો છે.

સાધુઓ પણ ઊભા રહી ગયા. અને બાલસાધુ થાકી ગયા છે, એ પણ ગુરુમહારાજ વિચારતા હતા. ત્યાં તો સારું થયું આ મુસાફરોનો પડાવ મળી ગયો. નાના સાધુ જેટલો આધાર મળી જશે. ગુરુમહારાજ સિંહગિરિસૂરિએ ફરમાવ્યું : એક મુનિરાજ વહોરવા જાવ, અને નાના મુનિશ્રી–વજ્રકુમાર પૂરતુંજ વહોરજો. કારણ આપણે સાધુ ઘણા છીએ. અને હવે બેત્રણ માઈલમાંજ ગામ આવી જવાની નિશાનીઓ જણાય છે. બધા મુનિઓને એકાશણા વગેરે હોય, માટે આવા સ્થાનમાં વધારે રોકાવાય નહીં. જાવ જલ્દી કરો.

**તેડવા આવેલા** કહે છે પ્રભુજી ! કૃપા કરીને આ બાલમુનિને વહોરવા મોકલોને ?

**આચાર્ય ભગવાન** : ના ભાઈ ના, એ તો બહુ થાકી ગયો છે. અને તમને પણ તેથી જ લાભ મળે છે. : **તેડવા આવેલા કહે છે** અમારાં અહોભાગ્ય. પરંતુ બાપજી! બાલમુનિ–રાજને જ મોકલો. ફક્ત ચાર ડગલાં જ છે. અને બધા મુનિના સામું જોઈ કાલાવાલા કરવા લાગ્યા.

મુનિશ્રીના શરીરમાં પણ, વગર વાપર્યે તેજ આવ્યું હતું. ગુરુજી મહારાજે વજ્રકુમાર મુનિની સામે જોયું. લોકોનો આગ્રહ જાણી સૂરિ ભગવંતે વહોરવા જવા આજ્ઞા આપી. અને બાળમુનિ પ્રતિલેખન કરીને આપેલું પાત્ર લઈને, સ્કંધાવારમાં વહોરવા પધાર્યા.

**વહોરાવનાર** : (પકવાનનું ભરેલું ભાજન ઉઘાડીને) વહોરો બાપજી? પધારો મહારાજ! લાભ આપો સ્વામી!

મુનિ પુછે છે શું છે? કેટલા દિવસનું છે?

**વહોરાવનાર** : આજનું જ છે અને કોળાપાક છે.

મુનિશ્રી કોળાપાકનું નામ સાંભળી આશ્ચર્ય પામ્યા. વહોરતાં અટકી ગયા. વિચારવા લાગ્યા. અત્યારે આવા પ્રદેશમાં, કોળાનાં ફળ બિલકુલ અસંભવિત ગણાય. આ લોકો કયા દેશના હશે! મુનિશ્રી તેઓનો દેશ નક્કી કરવા ધારી ધારીને જોવા લાગ્યા. મુખ જોતાં લાગ્યું કે, આંખો કેમ મીંચાતી નથી? ડોકમાં જોયું. ફૂલોની માળા, જરાપણ કરમાયા વગર, મઘમઘાટ સુગંધવાળી દેખાઈ. તુરતજ પગો સામું જોયું, પગો જમીનથી ચાર આંગળ અદ્ધર જણાયા.

તુરત જ બાલમુનિ વજ્રકુમાર સમજી ગયા. ચોક્કસ આ લોકો મનુષ્ય નથી. પરંતુ દેવો છે. તેથી શ્રીવીતરાગના મુનિરાજોને, દેવ પિંડ લેવો કલ્પે નહીં. આ વહોરાવનાર દેવ છે. આ કોળાપાક દેવનો પિંડ છે. હું કેમ વહોરી શકું? વહોરાવનારને ના પાડી ખાલી પાત્રે મુનિશ્રી ગુરુ પાસે પાછા આવ્યા.

ગુરુ પાસે આવીને બનેલી ઘટના ગુરુદેવને, કહી સંભળાવી. આચાર્ય ભગવાન સિંહગિરિસૂરિમહારાજ અને ધનગિરિ વગેરે મુનિ સમુદાય, બાળમુનિની બુદ્ધિ, તાત્કાલીક ઉપયોગ, વિચારશક્તિ અને થાક–ક્ષુધા અને તૃષા અપ્રમાણ હોવા છતાં, મુનિ આચાર પ્રત્યે આવી અજોડ જાગ્રતિ જાણી, આશ્ચર્ય પામવા સાથે અનુમોદના કરવા લાગ્યા. દૈવી શક્તિથી મુનિમાં ચાલવાની તાકાદ આવી ગઈ અને અદીન ભાવે નજીકના શ્રદ્ધાળુ પ્રદેશમાં પહોંચી ગયા. ત્યાં બધી અશન–પાનની નિર્દોષ સગવડ મળી ગઈ.

**પ્રશ્ન** : વહોરાવનાર કોણ હતા?

**ઉત્તર** : વજ્રકુમારના ગયા જન્મના મિત્ર દેવો હતા. વયરકુમાર મુનિના આવા

નિર્મલ જ્ઞાન–દર્શન–ચારિત્રથી આકર્ષાઈને, તેમના દર્શન કરવા આવ્યા હશે, ત્યાં મુનિશ્રીનો મુસાફરીનો થાક-ક્ષુધા-તૃષા જોઈ, ભક્તિભાવ પ્રકટવાથી, આવી વિકુર્વણા કરી હોય.

**પ્રશ્ન** : મુનિરાજે દેવ શી રીતે ઓળખ્યા?

**ઉત્તર** : શાસ્રના પ્રમાણથી શાસ્ત્રોમાં દેવોને ઓળખવાની નિશાનીઓ બતાવી છે; જુઓ : **अनिमेसनयणा, मणकज्जसाहणा, पुप्फदामअमिलाणा। चउरंगुलेण भूमिं नछिवंति सुरा जिणा बिंति ॥ १ ॥**

**અર્થ** : દેવોને ઓળખવાના ચાર પ્રકાર છે. આંખો મીંચાય નહી. મનમાં ધારેલું કામ કરી શકે. ફુલોની માળા કરમાય નહીં અને જમીનથી ચાર આંગલ અધર રહે છે. સં. ગા. ૨૨૭

**પ્રશ્ન** : કેટલા કારણે દેવો મનુષ્ય લોકમાં આવે છે.

**ઉત્તર** : **जिणपंचसु कल्लाणेसु चेव महरिसितवाणुभावाओ ।**
**जम्मंतरनेहेण य आगच्छंति सुरा इहइं** ॥ २ ॥ સંગ્રહણી ગા. ૨૨૮

**અર્થ** : દેવોના આગમનનાં ખાસ ત્રણ કારણો છે. શ્રી જિનેશ્વર દેવોનાં પાંચ કલ્યાણકોમાં, મહામુનિરાજોના તપનો મહાપ્રભાવ અને કોઈ ગયા જન્મનો ગજબનાક સ્નેહ હોય તો જ, દેવતાઓ મનુષ્ય લોકમાં આવે છે. વયરકુમાર મુનીશ્વરમાં ચારિત્ર ઉચ્ચ હતું. તથા જન્માન્તર સ્નેહ પણ હતો. માટે તિર્યગ્ જૃંભગ્ દેવો આવ્યા હતા.

વયરકુમાર મહામુનિરાજની બાલ્યદશામાં, બીજીવાર પણ આવો જ પ્રસંગ બન્યો હતો. બીજું બધું ઉપર મુજબ જ હતું. માત્ર ભીક્ષા વહોરાવવામાં, ઘેબર હતા. આ ઘેબર જોઈને પણ, દેશ કાળ વિચારતાં વયરમુનિ, દેવોને ઓળખી ગયા, અને અતિપ્રમાણ થાક ક્ષુધા અને તૃષા હોવા છતાં પણ આચારથી ચલાયમાન થયા નહી.

**પ્રશ્ન** : વયરકુમાર બાલમુનિએ કોળાપાક અને ઘેબરની ભીક્ષા કેમ ન વહોરી?

**ઉત્તર** : દેવપિંડ હતો માટે દેવની ભીક્ષા લીધી નહિ.

**પ્રશ્ન** : દેવની ભીક્ષા લેવામાં શું દોષ છે? જૈનસિદ્ધાન્ત અનુસાર દેવો ક્ષણવારમાં જે ઇચ્છે તે થાય છે. તેથી દેવપિંડમાં હિંસા કે ચોરીનો દોષ લાગવાની કલ્પના પણ નથી. આહારના બેતાલીસ દોષો લાગે છે. તેમાં મોટા ભાગે આરંભજન્ય દોષો હોય છે. આરંભ હોય ત્યાં અવશ્ય હિંસા પણ હોય છે. કેટલાક દોષોમાં અદત્તાદાનનું કારણ પણ બને છે. કેટલાક દોષો કષાય પાપને પોષનારા હોય છે. ત્યારે આ દેવથી અપાતા આહારમાં ખાસ કોઈ દોષ દેખાતો નથી. તો પછી દેવપિંડ વહોરવામાં વાંધો શું?

**ઉત્તર** : સર્વજ્ઞ–પરમાત્મા જિનેશ્વરદેવનું શાસન ત્યાગપ્રધાન શાસન છે. વીતરાગ પરમાત્માઓએ પ્રકાશેલો ધર્મ, ઉત્તરોત્તર આત્મગુણોનો વિકાસ વધારવા માટે, આત્માની ખોવાઈ ગયેલી–દબાઈ ગયેલી સક્તિને ખીલવવા માટે છે. અનંતાકાળથી આત્મા ઉપર ચડેલાં આઠ કર્મનાં આવરણો, તેનો નિર્મૂલ નાશ થાય તો જ, આત્માના ઢંકાએલા ગુણો અને દબાએલી શાક્ત ઉઘાડાં થાય. ગુણો અને શક્તિ પ્રકટ થાયતો અંધકાર નાશ પામી પ્રકાશ પ્રકટ થાય, નિર્માલ્યતા નાશ પામે અને સહજાનંદ ગુણ પ્રકટ થાય છે.

તેથી સર્વજ્ઞ પરમાત્માઓએ સર્વકાળને ધ્યાનમાં રાખીને જૈન મુનિઓની રત્નત્રયીને આરાધવા માટે અનુકૂળ સાધનોને વાપરવાની છૂટ આપી છે. અને પ્રતિકૂળ સાધનોને વાપરવાનો નિષેધ ફરમાવ્યો છે. તેમાં પણ પાંચ મહાવિદેહક્ષેત્રના સાધુઓનો અને પાંચ ભરત–ઐરવતના વચલા બાવીસ તીર્થંકરોના સાધુઓનો એક સરખો માર્ગ ફરમાવ્યો છે. તેથી પહેલાં છેલ્લા તીર્થંકર દેવોના, આચારની મર્યાદા જુદી બતાવી છે.

પરંતુ પન્નરે ક્ષેત્રના સાધુઓને દેવપિંડ લેવાનો સદંતર નિષેધ છે. શ્રીજૈનશાસનમાં મહાવ્રતોને સાચવવાની કાળજી અને તકેદારી બતાવી છે. તેના જેટલી જ કે તેનાથી પણ વધારે **જૈન**શાસનનો ઉહ્ાહ ન થવાદેવાની, શાસનના માલિન્યથી સાવધાન રહેવાની, શાસનની નિંદા અવહેલના અપભ્રાજના કે અનાદર ન થઈ જાય તેની પણ, તકેદારી રાખવામાં આવી છે.

**પ્રશ્ન** : એવાં કયાં કયાં સ્થાનો હોય છેકે, જ્યાં ગોચરી વહોરવા જવાથી, ઉપરના દોષોનો ભય ગણાય ?

**ઉત્તર** : પહેલા, છેલ્લા જિનેશ્વરદેવોના સાધુઓને, રાજાઓના દરબારમાં રાજાઓના અધિકારી મોટા માણસોના ઘેર તથા મોટા જમણવારો થતા હોય ત્યાં. વેશ્યા વગેરે અનાચારી મનુષ્યોના વસવાટોમાં, શિકારીઓ, માંસાહારીઓ, મચ્છીમારો, મદીરા વેચનારાઓ, પાપમય વસ્તુઓના ક્રય–વિક્રય કરનારાઓના ઘેર અગર મહોલ્લાઓમાં, **જૈન** સાધુઓથી વહોરવા જવાય નહિ.

ઉપરનાં સ્થાનોમાં જવાથી **જૈન** સાધુની નિંદા થાય. શાસનની લઘુતા થાય. સાધુને વ્રતોમાંથી પડી જવાનો પ્રસંગ આવે. વખતે તાડન, તર્જન, મારકૂટ પણ થાય. જીવનું જોખમ ગણાય માટે જ આવાં સ્થાનોમાં જવાની જ્ઞાનિ ભગવંતોએ મનાઈ કરેલી છે.

**પ્રશ્ન** : દેવપિંડમાં ઉપર બતાવેલા રાજપિંડ વગેરે દોષો જેવા દોષો દેખાતા નથી. તો પછી દેવોનો વહોરાવેલો આહાર લેવામાં વાંધો શું ?

**ઉત્તર** : તીર્થંકર પરમાત્માઓ, ગણધરદેવો અને કેવલી મનઃપર્યવજ્ઞાની–અવધિજ્ઞાની અને પૂર્વધર મહર્ષિઓ મહાગુણના ભંડારો હોય છે. તેમનો શિષ્ય પરિવાર પણ મહાગુણી હોવાથી, બારેમાસ દેવો વંદન કરવા આવવાના પણ પ્રસંગો બને છે. જો

સાધુઓ દેવોનો પિંડ વહોરતા હોય! તો સાધુઓની એષણા સમિતિ ખોવાઈ જાય. આહૃત દોષ જરૂર લાગે. દેવો અવધિજ્ઞાની હોવાથી સાધુના વિચાર પારખી વહોરાવવા લાવે.

સાધુઓને અરસ નીરસ વહોરવાનો ત્યાગ અદશ્ય થઈ જાય. બારેમાસ દેવપિંડ લેવાથી ત્યાગી ગણાતા સાધુઓ ભોગી બની જાય. માટે જ કેવળજ્ઞાન નિધાન જિનેશ્વરદેવોએ આવા બીજા પણ અનેક દોષોનું કારણ જાણી દેવપિંડ લેવાની ના પાડી છે.

**પ્રશ્ન** : પૌષ્ટિક કે સ્વાદિષ્ટ આહાર ન વહોરવો હોય તો ન વહોરે, પરંતુ રાજ્યપિંડ કે દેવપિંડ વહોરવોજ નહીં. તેમાં કેટલાક દાતાને દાનાન્તરાય લાગે. સગવડ અને ભાવના હોવા છતાં સુપાત્ર દાનનો મહાન લાભ ન લઈ શકે, એ પણ ઠીક તો નહીજ ને?

કારણ કે શાસ્ત્રોમાં ચિત્ત–આપવાની ઉદાર ભાવના. વિત્ત–નિર્દોષ શુદ્ધઆહાર. પાત્રમાયા–મમતા લાલસા ગૃદ્ધિ વગરના, તથા રત્ન અને સુવર્ણના પાત્ર જેવા સુપાત્ર સાધુને, જોયા. ઓળખ્યા તોપણ વહોરાવી ન શકાય તેની કમનસીબી નહીં?

**ઉત્તર** : દાતા ઉપરની દયા કરતાં પણ વહોરનારને વધારે અનર્થથી બચાવવા માટે, દયા ગુણના સમુદ્ર જિનેશ્વર ભગવંતોએ રાજ્યપિંડ અને દેવપિંડ વાર્યો છે. ભગવાન જિનેશ્વરદેવને કેવળજ્ઞાન હોવાથી લાભ–નુકસાનમાં એક પણ સ્થાન અજાણ્યા રહેલ નથી. પ્રભુમહાવીર છદ્મસ્થ હતા. પ્રભુજી ચોમાસું પોતાના ગામમાં રહ્યા હતા. જિર્ણશેઠ પ્રભુજીનો ભક્ત હતો.

ભાવના ભાવતો હતો. વહોરવા બોલાવવા જતો હતો. પ્રભુજીને છઠ હશે–આઠમ હશે અઠાઈ હશે પક્ષ હશે માસ પણ હશે એમ ચાર માસ સુધી, વહોરાવવાની જ ભાવના વાળા જિર્ણશેઠના ઘેર પ્રભુજી ન પધાર્યા. અને સુપાત્રનેજ નહીંઓળખનાર પૂર્ણશેઠના ઘેર વહોરવા પધાર્યા. આદરવાળાના ઘેર ગયા નહીં અનાદરવાળાના ઘેર ગયા.

જેમ બજારમાં માલ ખરીદવા ગયેલો વેપારી વેચનારની દયા વિચારતો નથી પરંતુ પોતાનો લાભ વિચારીને માલ ખરીદે છે, તેમ શ્રીવીતરાગશાસનના સાચા મુનિરાજો પોતાની રત્નત્રયીને પોષવા આહાર વહોરે છે, અને વાપરે છે. અને રત્નત્રયીને જરૂર ન હોયતો વહોરવા ન જાય. રત્નત્રયીને બગાડે તેવો આહાર ન વહોરે. વાપરતાં પણ રત્નત્રયી ન બગડે તેનું ચોક્કસ ધ્યાન રાખે.

**પ્રશ્ન** : કૃષ્ણવાસુદેવનાં માતા દેવકી રાણીના ઘેર, છ મુનિરાજો વહોરવા પધાર્યા હતા, તથા દેવકી રાણીનાં લગ્ન વખતે, અતિમુકતમુનિરાજ, કંસરાજા અને જીવયશા રાણીના ઘેર, વહોરવા પધાર્યાનું વર્ણન આવે છે તેનું કેમ?

**ઉત્તર** : મહાવિદેહ ક્ષેત્રના સર્વ જિનેશ્વર દેવોનો અને પાંચ ભરત ક્ષેત્ર તથા પાંચ ઐરવત ક્ષેત્રના, વચલા બાવીસ જીનેશ્વર દેવોના મુનિવરોનો આચાર એક સરખો

હોવાથી, અહીંના બાવીસ તીર્થંકરદેવોના મુનિરાજો મહાજ્ઞાની હોવાથી, દ્રવ્ય–ક્ષેત્ર–કાલ–ભાવને યથાયોગ્ય સમજતા હોવાથી, તેમને રાજાના ઘેર વહોરવા જતાં દોષ ન જણાય તો તેઓને જવાની છૂટ છે, તેઓ ગતાનુગતિક નથી; પ્રમાદીનું અનુકરણ કરતા નથી.

**પ્રશ્ન** : ફક્ત પહેલા છેલ્લા જિનવર દેવોના સાધુઓને જ મનાઈ શા માટે ?

**ઉત્તર** : પહેલા તીર્થંકરદેવના શાસનમાં બહુભદ્રિક અને અલ્પ બુદ્ધિવાળા પણ હોવાનો સંભવ ખરો, તથા છેલ્લા જિનેશ્વરદેવના તીર્થમાં, વખતે કોઈક સાધુઓ, **વક્ર** અને **અલ્પ** બુદ્ધિ હોયતો, એક બીજાનું વિના કારણ અનુકરણ પણ કરે. ગતાનુગતિકતાનો ઝોક વધેતો, ઘણા દોષો વધી જાય. પોતે પતનના માર્ગે ચડી જાય અને બીજાઓને દેખાદેખીનું કારણ મળે, શાસનની પણ નિંદા અવહેલનાનું કારણ બને, માટે કેવલી ભગવંતોએ જે કહ્યું છે તે બરાબર છે.

**પ્રશ્ન** : આટલા નાના બાળકને દીક્ષા કેમ આપી શકાય ?

**ઉત્તર** : જેટલા જગતમાં મહાપુરુષો થયા છે તે પ્રાયઃ બાલ્યાવસ્થાથી જાગેલા સમજવા. શ્રીજૈનશાસનમાંતો બાળ દીક્ષિતોનો પાર જ નથી, એમાંથી પણ થોડા દાખલા હું ટાંકવાનો છું. પરંતુ થોડા અજૈન દાખલા બતાવું છું.

૧. ધ્રુવજી બાલ્ય વયમાં જ તપ કરવા વનમાં ગયા હતા.

૨. દ્વૈપાયન ઋષિ બાલ્ય વયમાં જ છઠ ભોજી બ્રહ્મચારી થયા છે.

"પારાસર તાપસ નામે, તે નિંદુ કન્યા એક પામે,
લેઈ જાય યમુના દ્વીપ ઠામે."

"તેણે પુત્ર ભલો એક જાયો, તેનું નામ દ્વૈપાયન ઠાયો,
છઠ ભોજી બંભ ધરાયો."

ઇતિ પંપદ્મ વિજયગણી.

૩. મહાત્મા પ્રલ્હાદજી બાલકાલમાં તપસ્વી થયા છે.

૪. પહેલા શંકરાચાર્ય, પાંચ વર્ષની વયે, બ્રહ્મચારી થયા હતા.

શંકરાચાર્ય માટેની કીંવદંતી એવી છે કે, એકવાર એક રાજા પોતાના દેશમાં ફરવા નીકળ્યા હતા. એક ગામડામાં આવ્યા. ચોરામાં ઉતર્યા હતા ગામવાસી લોક ભેગું થઈ ગયું. રાજાએ એક મહાતેજસ્વી બાળક જોયો. પૂછ્યું : આ કેનો બાળક છે ?

**બાળકનો ઉત્તર**

**नाहंबालो महाराज ! न बाला मे सरस्वती,। अपूर्णे पंचमे वर्षे, वर्णयामि जगत्रयं ॥१॥**

**અર્થ** : હે મહારાજ ! હું બાળક નથી. અને મારી સરસ્વતી પણ બાળક નથી. હમણાં મને પાંચવર્ષ પૂર્ણ થયાં નથી તોપણ, ત્રણ જગતનું વર્ણન કરી શકું છું. આ બાળકને સરસ્વતી સાક્ષાત્ હતી.

પછીથી તુરત જ તેઓ શૈવદીક્ષાને પામી શંકરાચાર્ય થયા હતા. ગયા જન્મના (પાપાનુબંધી) પુણ્યોદયથી, ઘણા તાર્કિક અને વિદ્વાન હોવાથી અનેક રાજાઓને પોતાના ભક્ત બનાવી શકયા હતા.

## મદાલસાની કથા

તથા **મહાસતી મદાલસાના પાંચ પુત્રો** બાલબ્રહ્મચારી તાપસ થયા હતા. મદાલસા રાજ્યપુત્રી હતી. તેણી રૂપવતી, ગુણવતી અને બુદ્ધિમતી હતી. અને ઘણી વિચારક પણ હતી. એકવાર કોઈ પુરુષસદ્‌ગુણવાળો, પણ પોતાની પત્નીને, શંકાથી જોતો હોવાથી, વારંવાર મારતો હતો. ઘણો ત્રાસ આપતો હતો.

મદાલસાએ પહેલાં આ બનાવ સાંભળ્યો અને જાતે તપાસ કરી અનુભવ્યો. પછી મદાલસાને, નારીના જીવતર માટે દુઃખ થયું. ગમે તેવા બહાદુર બાપની દીકરી પણ નારી બીચારી જ ગણાય છે. નારી જીવન, પરવશ દયામણું, ઓશિયાળું જીવન છે. પુરુષની મહેરબાની હોય તો જ સુખ છે. પુરુષ સદાચારી-વિવેકી અને બાનદાન મળે તો જ, નારી સુખી જીવન જીવી શકે છે.

તે સુખ પણ ઝાંઝવાનાં નીર જેવું, ઘરમાં પુરાઈ રહેવું, સાસુ-નણંદ-જેઠાણીઓ, સસરાજી, પતિદેવ, જેઠ, દિયર બધાઓની કાકલુદી કરવી, પ્રસન્નતા મેળવવી, મળે કે ન મળે તે અચોકસ, આઠ દશ કલાક મજૂરણની પેઠે, વગર પગારે, ઘરનાં રસોઈ વગેરે કામ કરવા છતાં પણ, વારંવાર અપમાનો, મેણાંટોણાં, સાંભળવાં; બધાઓના જમ્યા પછી જમવું, સૂવા પછી સૂવું, જાગ્યા પહેલાં જાગવું વગેરે.

ગર્ભની વેદના, પ્રસવની વેદના, અનેક રોગોના ભયોમાંથી પસાર થવું, બાળકોને ઉચ્છેરવાં, એક, બે, ત્રણ, પાંચ-દશ, પણ સંતાનોને, ધવડાવવાં, નવડાવવાં, ખવડાવવા, અપવિત્ર શરીર વસ્ત્રોને શુદ્ધ કરવાં, રડતાં છાનાં રાખવાં, માંદા થાય તો માવજત કરવી, અનેક દિવસો સુધી રાત-દિવસ નિદ્રા પણ ન લઈ શકાય; અર્થાત્ પતિની નોકરડી અને બાળકોની આયા જેવું નારી જીવન છે.

આટલું સહન કરવાની જરૂર, માત્ર, અનંતાકાળથી રોગની માફક લાગુ પડેલ,

મૈથુન સંજ્ઞાનો ભોગવટો, પુરુષ સંયોગનો ક્ષણવાર સ્વાદ, આજ સ્વાદની પ્રેરણાથી, નારી જાતને પુરુષ જાતિની દાસી બનવું પડે છે.

## "મહાસતી અંજનાની નાની કથા"

મહાસતી અંજનાદેવી ( મહાવીર–મોક્ષગામી હનુમાનની માતા ) પરણીને ૨૨ વર્ષ–પતિનો વિયોગ, પતિનો સખત અનાદર, મીઠી વાણીનો પણ અભાવ, ઓશિયાળું જીવન જીવ્યાં. બિલકુલ સન્મુખદર્શન પણ નહીં. બાવીસ વર્ષ પછી માત્ર એક જ રાત્રમાં બેત્રણ કલાક પતિની પ્રસન્નતાનાં દર્શન થયાં. સતીની નિરાશાનો નાશ થયો. ગર્ભ રહ્યો. મહાપુરુષ ચરમશરીરી હનુમાન જેવા પુત્રની ગર્ભમાં પધરામણી થઈ.

પવનજીનું આવાગમન. સાસુ–સસરાએ જાણ્યું નહિ. પવનજી ક્ષણવાર અંજનાના મહેલમાં રોકાયા. અંજનાસતીનો બાવીસ વર્ષના વિયોગનો અંત આવ્યો. અને પવનજી અંજનાસતીને ક્ષણવાર માત્ર વિષય ભોગનો આનંદ આપીને વિમાન માર્ગે પરદેશ ચાલ્યા ગયા. ચાલતાં પવનજી પોતાની નામાંકિત વીંટી પણ, નિશાની રાખવા આપી ગયા. હું બેચાર માસમાં પાછો આવી જઈશ, તેવો વિશ્વાસ પણ આપતા ગયા. અંજનાની દાસીઓને પવનજી આવ્યા અને ગયાના ખબર હતા.

ભવિતવ્યતા બલવતી છે. પવનજીને અણધાર્યો વખત લાગ્યો. અહીં મહાસતી–અંજનાદેવીને, ગર્ભનાં ચિન્હો શરૂ થયાં. સખીઓ અને દાસીઓએ પવનજીના આગમનની જાહેરાત કરી. પરંતુ સાસુ કેતુમતીએ આ વાત સાચી માની જ નહિ. મારો પુત્ર બાવીસ વર્ષથી સામું જોતો જ નથી, તે આવ્યાની વાત જ કેમ મનાય ?

ઉત્તરોત્તર ગર્ભની વૃદ્ધિ, કુલટા દોષનો આરોપ અને રાજભુવન છોડી જવાનો હુકમ. આખા નગરમાં હાહાકાર, પ્રધાનો અને અને પ્રજા વર્ગે અંજના સતીનો પક્ષ કર્યો. પરંતુ ભયંકર કર્મોદય પાસે બધું વ્યર્થ. એક જ સખી વસંતતિલકા સાથે, વનવાસ જવા માટે, કેતુમતી સાસુએ રથમાં બેસાડી. અંજના સતીને, સગર્ભાને કાઢી મૂકી.

સારથીએ વનમાં લાવીને, સાસુના હુકમથી, અંજનાને, રથમાંથી ઉતારી મૂકયાં. ખાવાપીવા માટે ભાતું પણ નહીં. અણવાણા પગે વનમાં ભ્રમણ કરતાં, પિતાના શહેરમાં ગયા. વસંતતિલકાએ પહેલા જઈ, અંજનાની દશાનું વર્ણન કર્યું. સાસુનું અપમાન કહી સંભળાવ્યું. અને અંજના સતીના અશુભોદયની પ્રેરણાથી માતાપિતાએ પણ અંજના દેવીને દોષયુકત સમજીને પોતાની પાસે આવવાનો પણ ચોખ્ખો નકાર સંભળાવ્યો.

હવે તો ઉપર આકાશ, નીચે પૃથ્વી; કયાં જવું, શું કરવું ? બધા જ રક્ષકો વિરોધી થઈ ગયા છે. ગામોગામ સાસુ–સસરાના માણસો પહોંચી ગયા હતા. અંજના કુલટા છે, અસતી છે, અનાચારણી છે; કોઈએ આશ્રય આપવો નહીં.

**જોઈ લ્યો સંસારનો સ્વાદ, સતીશિરોમણી મહારાજાની પુત્રી મહારાજાની પુત્રવધૂ અને હનુમાન જેવા મહાવીરની જન્મદાત્રી માતાના આ સંસારે કેવા બૂરા હાલ બનાવ્યા છે.**

સતી મદાલસાને, આ સંસારની ભયંકરતા સમજાઈ ગઈ. અને માતાપિતાની રજા લીધા વગર વનમાં ચાલી ગઈ. એકવડના ઝાડ ઉપર રાત–દિવસનો વસવાટ કર્યો. ફળોનો આહાર, નદી ઝરણાંનું પાણી, ઝાડની છાલનાં વસ્ત્રો, અને સંસારની અસારતાનું જ ધ્યાન શરૂ થયું.

વીતરાગ શાસનની પ્રાપ્તિ કે ઓળખાણ હતી નહીં. તેથી આરાધનાનો માર્ગ જડયો નહીં. પરંતુ શીલવ્રતની સાવધાનતા અજોડ હતી. કુમારિકા હોવાથી પોતે શરીરનો સંસ્કાર કરતી નથી. નિરસ ખોરાક સાથે તપશ્ચર્યા પણ ચાલુ હતી. પરંતુ સ્વભાવસિદ્ધ દેવાંગના જેવું રૂપ, ખીલતી જુવાની, નૈસર્ગિક લાવણ્ય, કયું વલ્કલનાં વસ્ત્રોમાં ઢંકાયું પણ આ બધું રહ્યું નહીં. કોઈ વાર નજીકના પ્રદેશનો નૃપતિ, ફરતો ફરતો ત્યાં આવી ચડયો, અને મદાલસાને જોઈ.

પ્રથમ દર્શને જ રાજા મદાલસામાં, આસક્ત થઈ ગયો. વિચારવા લાગ્યો. આ નિર્જન વનમાં કોઈ મનુષ્યનો વસવાટ જ નથી અને રૂપલાવણ્યની અસમાનતા જણાય છે, માટે કોઈ નાગકન્યા અથવા વિદ્યાધરી હોવી સંભવે છે, તેથી રાજાએ પાસે આવી મદાલસાને પૂછયું, મદાલસાએ પણ પોતાનો વૈરાગ્યમય, દેશ, કુળ અને માતા–પિતા આદિ વૃતાન્ત કહી સંભળાવ્યો.

રાજાએ કોમળ યાચનાથી, પોતાની ઇચ્છા જાહેર કરી. મદાલસાએ પોતાને એક પુત્ર થાય તો, છૂટા કરવાની; અથવા પોતાના પુત્રની સત્તા, પોતાની રહેવા માટે રાજા પાસે બાંહેધરી લઈને, રાજા સાથે લગ્ન કર્યાં. વૈરાગ્યદશામાં પણ મદાલસાને પાંચ પુત્રો થયા. રાજાએ મદાલસાને, તાપસી થવા રજા આપી નહીં. પણ પાંચ બાલપુત્રોને તાપસ બનાવ્યા અને રાજાના અવસાન પછી રાજા બનેલા પોતાના છઠ્ઠા નંબરના પુત્રને પણ, પ્રતિબોધ કર્યો. મદાલસાનો પોતાના પુત્રો પ્રત્યે ઉપદેશ :

**शुद्धोसि बुद्धोसि निरंजनोसि संसारमायापरिवर्जितोसि ।**
**नकस्यचित् त्वं न च तेस्ति कश्चित्, मदालसावाक्यमुवाचपुत्रं ॥ १ ॥**

**અર્થ** : હે પુત્ર ! તું મહાજ્ઞાની છે. સંસારના પાપોથી ખરડાએલો નથી; સંસારની માયામાં ફસાએલો નથી; તું કોઈનો નથી, તારું પણ કોઈ નથી. આવાં વાકયો સંભળાવીને રાણી મદાલસાએ, પોતાના પુત્રોને, સંસારમાં, ખૂંચવા દીધા નહીં અને રાજાના અવસાન પછી પોતે પણ વનવાસી તાપસી થઈ સુગતિમાં ગઈ.

સંપૂર્ણ શોધ કરાય તો અજૈન દર્શનોમાં પણ બાલબ્રહ્મચારી, ઘણા આત્મા સંત બન્યા છે.

**પ્રશ્ન** : જૈનશાસનમાં ચોવીસ તીર્થંકર દેવોના તીર્થમાં, સંખ્યાતીત બાલદીક્ષિતો થયા હશે. પરંતુ ખાસ જાણીતા કોઇ દાખલા હોય તો જણાવો.

**ઉત્તર** : ભગવાન મહાવીર સ્વામીની પ્રથમ દેશનામાં, પ્રતિબોધ પામેલા, ઇન્દ્રભૂતિ–અગ્નિભૂતિ–વાયુભૂતિ વગેરે અગિયાર પંડિતો સાથે દીક્ષિત થએલા **ચુમાલીસસો** બ્રાહ્મણ વિદ્યાર્થીઓ હતા; તેઓ બધા છોકરા જ હતા; વિદ્યાર્થીઓ હતા. માટે તે બધા પ્રાયઃ**આઠ – દશ – બાર – પંદર વર્ષ** વગેરે વયના હોવા જોઈએ વિદ્યાર્થી હતા માટે, મોટી ઉંમરના કે વિવાહિત તો નહીં જ હોય !

વળી અતિમુક્ત – કુમાર પણ – બાલવયે જ દીક્ષિત થયા; જૈનશાસન પ્રસિદ્ધ છે

જંબુકુમાર પણ સોળ વર્ષની બાલવયે જ દીક્ષિત થયા છે.

**પ્રશ્ન** : પરંતુ જંબુકુમાર તો પરણીને સાધુ થયા છે ને ?

**ઉત્તર** : જંબુકુમારે લગ્ન કર્યા પહેલાં જ, બ્રહ્મચર્ય વ્રત લીધું હતું. પરંતુ માતાપિતાના અત્યાગ્રહથી, આઠ-કન્યાઓનું પાણિગ્રહણ કર્યું અને તે પણ આઠ કન્યાઓના તથા પોતાના માતાપિતા અને સાસુ સસરાના ઉપકાર માટે થયું છે. તે બધાઓને, પ્રતિબોધ મળ્યો. દીક્ષા પામ્યા. જંબુકુમાર અને કન્યાઓનાં બ્રહ્મચર્ય પણ અખંડ રહ્યાં હતાં અને દીક્ષિત થયા હતા.

## બાળદીક્ષિતોની વયની સાલવારી

**જેટલા મેળવી શકાયા તેટલા નાની વયના દીક્ષિતો અને તે પણ ભગવાન મહાવીર સ્વામીના શાસનમાં થયેલાઓના થોડાં નામો અહીં રજૂ કરૂં છું.**

| નામો | જન્મની સાલ | દીક્ષાની સાલ | દીક્ષાની વય | વર્ષ |
|---|---|---|---|---|
| ૧ કલિકાલ સર્વજ્ઞ ભગવાન હેમચંદ્રસૂરિ મહારાજ પૂર્ણતલ્લગચ્છ જન્મ ૧૧૪૫ દીક્ષા ૧૧૫૦–૧૧૫૪ દીક્ષાની વય ૫–૯ | | | | |
| ૨ પાદલિપ્તસૂરીશ્વરજી મહારાજ. શાલવાહન રાજાનો રાજ્યકાળ જાણવો. આઠ વર્ષની વયે દીક્ષા. | | | | |
| ૩ બપ્પભટ્ટીસૂરિશ્વરજી મહારાજ જન્મ ૮૦૦ અને દીક્ષા ૮૦૭ ની સાલ દીક્ષાની વય ૭ વર્ષ | | | | |
| ૪ જિનદત્તસૂરિ મ. ખરતર ગચ્છ | ૧૧૩૨ | ૧૧૪૧ | ,, | ૯ |
| ૫ જિનચંદ્રસૂરિ મ. | ૧૧૯૭ | ૧૨૦૩ | ,, | ૬ |
| ૬ દેવસૂરિ (વાદિદેવસૂરિ) મ. તપગચ્છ | ૧૧૪૩ | ૧૧૫૨ | ,, | ૯ |

| | | | | |
|---|---|---|---|---|
| ૭ જિનપતિસૂરિ મ. ખતરગચ્છ | ૧૨૧૦ | ૧૨૧૮ | ,, | ૮ |
| ૮ મહેન્દ્રસિંહસૂરિ મ. અંચલગચ્છ | ૧૨૨૮ | ૧૨૩૭ | ,, | ૯ |
| ૯ જિનેશ્વરસૂરિ મ. ખરતર | ૧૨૪૫ | ૧૨૫૫ | ,, | ૧૦ |
| ૧૦ જિનપ્રબોધસૂરિ મ. ,, | ૧૨૮૫ | ૧૨૯૬ | ,, | ૧૧ |
| ૧૧ અજિતસિંહસૂરિ મ. અંચલ | ૧૨૮૩ | ૧૨૯૧ | ,, | ૮ |
| ૧૨ દેવેન્દ્રસિંહસૂરિ ,, | ૧૨૯૯ | ૧૩૦૬ | ,, | ૭ |
| ૧૩ સોમપ્રભસૂરિ મ. તપગચ્છ | ૧૩૧૦ | ૧૩૨૧ | ,, | ૧૧ |
| ૧૪ જિનચંદ્રસૂરિ મ. ખતર | ૧૩૨૬ | ૧૩૩૨ | ,, | ૬ |
| ૧૫ જિનકુશલસૂરિ મ. ,, | ૧૩૩૦ | ૧૩૪૭ | ,, | ૧૭ |
| ૧૬ ધર્મપ્રભસૂરિ મ. અંચલ | ૧૩૩૧ | ૧૩૪૧ | ,, | ૧૦ |
| ૧૭ સિંહતિલકસૂરિ મ. ,, | ૧૩૪૫ | ૧૩૫૨ | ,, | ૭ |
| ૧૮ મહેન્દ્રપ્રભસૂરિ મ. ,, | ૧૩૬૩ | ૧૩૭૫ | ,, | ૧૨ |
| ૧૯ જિનપદ્મસૂરિ મ. ખરતર | ૧૩૭૨ | ૧૩૮૦ | ,, | ૮ |
| ૨૦ જયાનંદસૂરિ મ. તપગચ્છ | ૧૩૮૦ | ૧૩૯૨ | ,, | ૧૨ |
| ૨૧ દેવસુંદરસૂરિ મ. ,, | ૧૩૯૬ | ૧૪૦૪ | ,, | ૮ |
| ૨૨ મેરૂતુંગસૂરિ મ. અંચલ | ૧૪૦૩ | ૧૪૧૮ | ,, | ૧૫ |
| ૨૩ જ્ઞાનસાગરસૂરિ મ. તપગચ્છ | ૧૪૦૫ | ૧૪૧૭ | ,, | ૧૨ |
| ૨૪ કુલમંડનસૂરિ મ. ,, | ૧૪૦૯ | ૧૪૧૭ | ,, | ૮ |
| ૨૫ સોમસુન્દરસૂરિ મ. ,, | ૧૪૩૦ | ૧૪૪૭ | ,, | ૧૭ |
| ૨૬ જયકીર્તિસૂરિ મ. અંચલ | ૧૪૩૩ | ૧૪૪૪ | ,, | ૧૧ |
| ૨૭ મુનિસુંદરસૂરિ મ. તપગચ્છ | ૧૪૩૬ | ૧૪૪૩ | ,, | ૭ |
| ૨૮ રત્નશેખરસૂરિ મ. ,, | ૧૪૫૭ | ૧૪૬૩ | ,, | ૬ |
| ૨૯ લક્ષ્મીસાગરસૂરિ મ. ,, | ૧૪૬૪ | ૧૪૭૦ | ,, | ૬ |
| ૩૦ જિનચંદ્રસૂરિ મ. ખરતર | ૧૪૮૭ | ૧૪૯૨ | ,, | ૬ |
| ૩૧ જિનસમુદ્રસૂરિ મ. ખરતર | ૧૫૦૬ | ૧૫૨૧ | ,, | ૧૫ |
| ૩૨ સિદ્ધાન્તસાગરસૂરિ મ. અંચલ | ૧૫૦૬ | ૧૫૧૨ | ,, | ૬ |
| ૩૩ ભાવસાગરસૂરિ મ. | ૧૫૧૦ | ૧૫૨૦ | ,, | ૧૦ |
| ૩૪ જિનહંસસૂરિ ખરતર | ૧૫૨૪ | ૧૫૩૫ | ,, | ૧૧ |
| ૩૫ પાર્શ્વચંદ્રસૂરિ નાગપૂરિ તપગચ્છ | ૧૫૩૭ | ૧૫૪૬ | ,, | ૯ |
| ૩૬ આનંદવિમલસૂરિ મહારાજ તપગચ્છ | ૧૫૪૭ | ૧૫૫૨ | ,, | ૫ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૭ ગુણનિધાનસૂરિ મ. અંચલ | ૧૫૪૮ | ૧૫૫૨ | ,, | ૪ |
| ૩૮ જિનમાણિકયસૂરિ મ. ખરતર | ૧૫૪૯ | ૧૫૬૦ | ,, | ૧૧ |
| ૩૯ વિજયદાનસૂરિ મ. તપગચ્છ | ૧૫૫૩ | ૧૫૬૨ | ,, | ૯ |
| ૪૦ સૌભાગ્યહર્ષસૂરિ મ. લઘુપૌષાલિક | ૧૫૫૫ | ૧૫૬૩ | ,, | ૮ |
| ૪૧ અમરચંદ્રસૂરિ મ. પાર્શ્વચંદ્ર ગચ્છ | ૧૫૬૦ | ૧૫૭૫ | ,, | ૧૫ |
| ૪૨ સોમવિમલસૂરિ મ. લઘુપૌષાલિક | ૧૫૭૦ | ૧૫૭૪ | ,, | ૪ |
| ૪૩ વિજયહિરસૂરિ મ. અકબ્બરપ્રતિબોધક | ૧૫૮૩ | ૧૫૯૬ | ,, | ૧૩ |
| ૪૪ જિનચંદ્રસૂરિ મ. ખરતર | ૧૫૯૫ | ૧૬૦૪ | ,, | ૯ |
| ૪૫ આનંદસોમસૂરિ મ. લઘુપૌષાલિક | ૧૫૯૭ | ૧૬૦૧ | ,, | ૪ |
| ૪૬ વિજયસેનસૂરિ મ. તપગચ્છ | ૧૬૦૪ | ૧૬૧૩ | ,, | ૯ |
| ૪૭ જિનસિંહસૂરિ મ. ખરતર | ૧૬૧૫ | ૧૬૨૩ | ,, | ૮ |
| ૪૮ કલ્યાણસાગરસૂરિ મ. અંચલ | ૧૬૩૩ | ૧૬૪૨ | ,, | ૯ |
| ૪૯ વિજયદેવસૂરિ તપગચ્છ | ૧૬૩૪ | ૧૬૪૩ | ,, | ૯ |
| ૫૦ હેમસોમસૂરિ લઘુપૌષાલિક | ૧૬૨૩ | ૧૬૩૦ | ,, | ૭ |
| ૫૧ વિજયતિલકસૂરિ તપગચ્છ (આણસુર) | ૧૬૩૫ | ૧૬૪૪ | ,, | ૯ |
| ૫૨ વિજયાનંદસૂરિ મ. તપગચ્છ | ૧૬૪૨ | ૧૬૫૧ | ,, | ૯ |
| ૫૩ વિજયસિંહસૂરિ મ. તપગચ્છ | ૧૬૪૪ | ૧૬૫૪ | ,, | ૧૦ |
| ૫૪ જિનરાજસૂરિ મ. ખરતર | ૧૬૪૭ | ૧૬૫૬ | ,, | ૯ |
| ૫૫ જિનસાગરસૂરિ મ. ખરતર | ૧૬૫૨ | ૧૬૬૧ | ,, | ૯ |
| ૫૬ વિજયપ્રભસૂરિ મ. તપગચ્છ | ૧૬૭૭ | ૧૬૮૬ | ,, | ૯ |
| ૫૭ વિજયરાજસૂરિ મ. તપગચ્છ (આણસુર) | ૧૬૭૯ | ૧૬૮૯ | ,, | ૧૦ |
| ૫૮ જિનસાગરસૂરિ મ. અંચલ | ૧૬૫૨ | ૧૬૬૧ | ,, | ૯ |
| ૫૯ અમરસાગરસૂરિ મ. અંચલ | ૧૬૯૪ | ૧૭૦૫ | ,, | ૧૧ |
| ૬૦ જ્ઞાનવિમલસૂરિ મ. તપગચ્છ | ૧૬૯૪ | ૧૭૦૨ | ,, | ૮ |
| ૬૧ જિનધર્મસૂરિ મ. ખરતર | ૧૬૯૮ | — | ,, | |
| ૬૨ વિજયમાનસૂરિ મ. તપગચ્છ આણસુર | ૧૭૦૭ | ૧૭૧૯ | ,, | ૧૨ |
| ૬૩ વિજયરત્નસૂરિ મ. તપગચ્છ | ૧૭૧૧ | ૧૭૧૭ | ,, | ૬ |
| ૬૪ લક્ષ્મીસાગરસૂરિ મ. તપગચ્છ | ૧૭૨૮ | ૧૭૩૬ | ,, | ૮ |
| ૬૫ નેમિચંદ્રસૂરિ મ. નાગપુરીય તપગચ્છ | ૧૭૩૧ | ૧૭૪૦ | ,, | ૯ |

| | | | | |
|---|---|---|---|---|
| ૬૬ જિનચંદ્રસૂરિ મ. ખરતર | ૧૭૨૯ | ૧૭૩૮ | ,, | ૯ |
| ૬૭ વિજયક્ષમાસૂરિ મ. તપગચ્છ | ૧૭૩૨ | ૧૭૩૯ | ,, | ૭ |
| ૬૮ જિનસૌખ્યસૂરિ મ. ખરતર | ૧૭૩૯ | ૧૭૫૧ | ,, | ૧૨ |
| ૬૯ કનકચંદ્રસૂરિ મ. નાગપુરીય તપગચ્છ | ૧૭૪૬ | ૧૭૫૭ | ,, | ૧૧ |
| ૭૦ જિનવિજયસૂરિ મ. ખરતર | ૧૭૪૭ | ૧૭૫૩ | ,, | ૬ |
| ૭૧ વિદ્યાસાગરસૂરિ મ. અંચલ | ૧૭૪૭ | ૧૭૫૬ | ,, | ૯ |
| ૭૨ ઉદયસાગરસૂરિ મ. અંચલ | ૧૭૬૩ | ૧૭૭૭ | ,, | ૧૪ |
| ૭૩ જિનભક્તિસૂરિ મ. ખરતર | ૧૭૭૦ | ૧૭૭૯ | ,, | ૯ |
| ૭૪ જિનલાભસૂરિ મ. ખરતર | ૧૭૮૪ | ૧૭૯૬ | ,, | ૧૨ |
| ૭૫ કીર્તિસાગરસૂરિ મ. અંચલ | ૧૭૯૬ | ૧૮૦૯ | ,, | ૧૩ |
| ૭૬ ભ્રાતૃચંદ્રસૂરિ મ. નાગ. તપગચ્છ | ૧૮૦૩ | ૧૮૧૫ | ,, | ૧૨ |
| ૭૭ વિવેકચંદ્રસૂરિ મ. નાગપુરીય તપગચ્છ | ૧૮૦૯ | ૧૮૨૦ | ,, | ૧૧ |
| ૭૮ જિનચંદ્રસૂરિ મ. ખરતર | ૧૮૦૯ | ૧૮૨૨ | ,, | ૧૩ |
| ૭૯ જિનયુક્તસૂરિ મ. ખરતર | ૧૮૦૩ | ૧૮૧૫ | ,, | ૧૨ |
| ૮૦ જિનચંદ્રસૂરિ મ. ખરતર | ૧૮૦૩ | ૧૮૨૦ | ,, | ૧૭ |
| ૮૧ જિનઉદયસૂરિ મ. ખરતર | ૧૮૩૨ | ૧૮૪૭ | ,, | ૧૫ |
| ૮૨ મુક્તિસાગરસૂરિ મ. અંચલ | ૧૮૫૭ | ૧૮૬૭ | ,, | ૧૦ |
| ૮૩ જિનસૌભાગ્યસૂરિ મ. ખરતર | ૧૮૬૨ | ૧૮૭૭ | ,, | ૧૫ |
| ૮૪ જિનહેમસૂરિ મ. ખરતર | ૧૮૬૬ | ૧૮૮૩ | ,, | ૧૭ |
| ૮૫ રત્નસાગરસૂરિ મ. અંચલ | ૧૮૯૨ | ૧૯૦૫ | ,, | ૧૩ |

આ જગ્યાએ પાછળથી મળેલાં મહાપુરુષોનાં થોડાં નામો ક્રમ વગર લખ્યાં છે.

૮૬ વજ્રસ્વામી જન્મ વીરનિર્વાણ ૪૯૬ વિ. ૨૬ દીક્ષા ૫૦૪ સર્વાયુ ૮૮ દીક્ષાની વય ૮

૮૭ વજ્રસેનસૂરિ ,, ,, ૪૯૪ વજ્રસ્વામીના પટ્ટધર. દીક્ષા ૫૦૩ સર્વાયુ ૧૨૮ દીક્ષાની વય ૯ વર્ષ

૮૮ અભયદેવસૂરિ મ. નવાંગી ટીકાકાર. જન્મ ૧૦૭૨ આચાર્ય પદવી. ૧૦૮૮ સોળ વર્ષે સૂરિ પદવી.

૮૯ સોમતિલકસૂરિ મ. તપગચ્છ. જન્મ વિ. ૧૩૫૫ દીક્ષા ૧૩૬૯ દીક્ષાની વય ૧૪ વષ

૯૦ આર્યરક્ષિતસૂરિ મ. જન્મ વીર નિર્વાણ ૫૨૨ દીક્ષા ૫૩૩ મતાંતર ૫૪૪ ,, ૧૧ વા ૨૨

૯૧ અંચલગચ્છના આદ્યાચાર્ય આર્યરક્ષિતસૂરિ મ. જન્મ ૧૧૩૬ દીક્ષા ૧૧૪૪ દીક્ષાની વય ૮ વર્ષ

૯૨ દિગંબર કુન્દકુન્દાચાર્ય (દિગંબરોની ઉત્પત્તિ–વીરનિર્વાણ ૬૦૯ થઇ છે) દીક્ષાની વય ૧૧ વર્ષ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯૩ જયકેશરસૂરિ મ. અંચલ | જન્મ ૧૪૬૧ | દીક્ષા ૧૪૭૫ | ,, | ૧૪ | ,, |
| ૯૪ જયસિંહસૂરિ મ. ,, | ,, ૧૧૭૯ | ,, ૧૧૯૦ | ,, | ૧૧ | ,, |
| ૯૫ મનક મુનિરાજ સ્વયંભવસૂરિ મહારાજના શિષ્ય વીર નિર્વાણ પહેલી સદી | | | ,, | ૯ | ,, |
| ૯૬ કવિ લાવણ્ય સમય | જન્મ ૧૫૨૧ | દીક્ષા ૧૫૨૯ | ,, | ૮ | ,, |

ઘણો મોટો દીક્ષા પર્યાય ભોગવનારા મહાપુરુષો

૯૭ આર્યસુન્દીલસૂરિ મ. દીક્ષાપર્યાય ૮૪ વર્ષ

૯૮ આર્યરૈવતીમિત્રસૂરિ મ. દીક્ષાપર્યાય ૮૪ વર્ષ

૯૯ આર્યધર્મસૂરિ મ. ,, ૮૪ વા ૮૮ વર્ષ

૧૦૦ આર્યનાગહસ્તિસૂરિ મ. દીક્ષાપર્યાય ૯૭ વર્ષ

૧૦૧ આર્યરૈવતીમિત્રસૂરિ મ. બીજા ૮૯ વર્ષ દીક્ષાપર્યાય

આ બધા મહાપુરુષોએ સંભવ છે કે નાની વયમાં દીક્ષા લીધી હશે–તત્વં કેવલીગમ્યં

૧૦૨ કલ્યાણવિજય ઉપાધ્યાય જન્મ ૧૬૦૧ દીક્ષા ૧૬૧૬
( સિદ્ધપુર પાસે લાલપુર ગામના ) દીક્ષાની વય ૧૫ વર્ષ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦૩ ભાનુચંદ્ર ઉપાધ્યાય | ( જન્મ સિદ્ધપુરમાં સાલ મળી નથી ) | ,, | ૧૨ | ,, |
| ૧૦૪ કમલવિજયજી ઉપાધ્યાય | ( હીરસૂરિ મહારાજ પરિવારમાં ) | ,, | ૧૨ | ,, |

૧૦૫ પાટણના અભયરાજ શેઠનો પુત્ર મેઘકુમાર ( હીરસૂરિ મહારાજ પાસે દીક્ષા )
ઘણી નાની વય હશે

૧૦૪ ઉપાધ્યાય યશોવિજયજી ગણિવરની દીક્ષા નવ વર્ષની વયે થઇ હતી.

**પ્રશ્ન** : આટલા મોટા કાળમાં માત્ર આટલાં જ બાળ દીક્ષિતોનાં નામ મળે છે ને ?

**ઉત્તર** : આટલો મોટો કાળ એટલે ફકત એક હજાર વર્ષના ગાળામાં આગયારમી સદીથી શરૂ થયેલાં જ લગભગ આટલાં નામો મેળવી શકાયાં છે. અને તે પણ આચાર્ય-ભગવાનોનાં જ પ્રાપ્ત થયાં છે. આ સિવાય ઉપાધ્યાયોનાં નામો, મુનિરાજોનાં નામો, સાધ્વીજીઓનાં નામો, સંગ્રહાયાં ન હોય, સંગ્રહાયાં હોય તો ખોવાઈ ગયાં હોય, રહ્યાં હોય તો આપણે મેળવી શકયા ન હોઈએ.

આ સિવાય ઋષભાદિ તેવીશ તીર્થંકર દેવોનાં, ઘણા લાંબા વર્ષોનાં મોટા તીર્થોમાં, સંખ્યાતા–અસંખ્યાતા આચાર્યો, ઉપાધ્યાયો, મુનિરાજો, થયા હોય. તેમાં બાલદીક્ષિતો પણ લાખો ક્રોડો પણ થયા હોય, એમ માનવામાં કાંઈ પણ વધુ પડતું નથી.

**પ્રશ્ન** : બાળક વયમાં દીક્ષા લેવા કરતાં, સંસારનો સ્વાદ ભોગવીને લેવાય તે વધારે સારું નહીં ?

**ઉત્તર** : જેને સંસારનો સ્વાદ ભોગવવામાં રસ અને તાલાવેલી હોય છે, તેમનો સ્વાદ ક્યારે પૂરો થાય એ કશું ચોક્કસ નથી. સંસારના રસિયા, મરવાના વરસોમાં પણ, તૃપ્ત થયેલા જણાયા નથી. અને મહાપુરુષો ગજસુકુમાર, અતિમુક્તકુમાર, સુબાહુકુમાર, બલસિરિકુમાર, જંબુકુમાર વિગેરે સંસારનો સ્વાદ ચાખ્યા સિવાય, મહામુનિરાજ થયાના પુરાવા મોજૂદ છે.

**પ્રશ્ન** : સંસારના વિષયો છોડાવા મુશ્કેલ નથી લાગતા ?

**ઉત્તર** : જેમ કાયર પુરુષોને લડાઈની વાતો સાંભળીને શરીર કંપવા લાગે છે. અને શ્રીપાલકુમાર જેવાએ, ધવળશેઠ અને ભરૂચના રાજાના સૈન્યને, તથા બબરકુટના રાજાના સૈન્યના સુભટોને એકલા હાથે, ભગાડી મૂકયાનો દાખલો મોજૂદ છે. આવા લડવૈયા પણ સંખ્યાતીત થયા છે. જ્યારે કાયર પુરુષોનો પાર જ નથી.

વળી ગધેડા, કૂતરા, ભુંડો, કાગડાઓ, સમડી, ગીધડા વગેરે પામર જાતિઓ, વિષ્ટા જેવી અપવિત્ર વસ્તુઓ શોધીને ખાય છે. ત્યારે અશ્વો, હરિણ, સસલા, હાથી, હંસ, પોપટ, પારેવાં વગેરે કેટલાક પ્રાણીઓ, પ્રેરણા કરો તોપણ અપવિત્ર વસ્તુને અડકતાં જ નથી. તેમ દીક્ષા પણ શૂરવીર પુરુષો માટે અશક્ય નથી.

આપણો વિષય વીતરાગની આજ્ઞા પાળવાનો છે. તેમાં ચાલતી વયરકુમારની કથામાં વચમાં, બાળદીક્ષાના પ્રમાણ માટે થોડું વિષયાંતર થયું છે. હવે વયરકુમારની વાત પુનઃ શરૂ થાય છે. મહાપુરુષ **વયરકુમાર** ગુરુ સાથે, અપ્રમત્ત ભાવે વિહારકરતા હતા. વિહારમાં ક્ષુધાતૃષાથી અને ચાલવાના પરિશ્રમથી થાકી જવા છતાં, મિત્રદેવોની અતિપ્રમાણ ભક્તિને પણ વશ થયા નહીં અને કોળાપાક, તથા ઘેબરની ભીક્ષા વહોરી નહીં. જેથી તુષ્ટમાન થયેલા દેવોએ, વયરકુમારને, આકાશગામિની વિદ્યા અને વૈક્રિય શરીર બનાવવાની લબ્ધિ આપી હતી.

તથા વયરકુમારમુનિ પોતાના ગુરુની આજ્ઞા મેળવીને, દશપૂરવધર અને સોળમા યુગપ્રધાનાચાર્ય ભદ્રગુપ્તસૂરિ મહારાજ પાસે રહીને, સૂત્રાર્થ તદુભય દશપૂર્વના જ્ઞાની થયા હતા, અને તેમની યોગ્યતાના પ્રતાપે આચાર્ય સિંહગિરિસૂરિમહારાજે, તેમને આચાર્ય પદવી આપીને, પોતાના પટ્ટધર બનાવ્યા હતા.

વજ્રસ્વામી આચાર્યનું જ્ઞાન, વ્યાખ્યાનશક્તિ, યુવાનવય, દેવના જેવું રૂપ, કંઠનું માધુર્ય વગેરે ગુણોની, જગતમાં ઘણી જ ખ્યાતિ, ફેલાઈ હતી. એકવાર પાટલીપુત્ર શહેરમાં સાધ્વીજીનો સમુદાય આવ્યો હતો, તેમની પાસે સામાયિક, પ્રતિક્રમણ, સ્વાધ્યાય, કરવા–સાંભળવા માટે ઘણો શ્રાવિકાવર્ગ આવતો હતો.

તે પાટલીપુત્ર શહેરમાં, **ધનાવહ નામના** એક કોટ્યાધીશ શેઠ રહેતા હતા. તેમને સંતતિમાં ફક્ત એક જ **રુકિમણી** નામની પુત્રી હતીઃ તેણી ઘણી રૂપાળી હતી, ક્ષયોપશમ ખૂબ હતો, સાધ્વીજી મહારાજ પાસે ભણવા અને પ્રતિક્રમણાદ કરવા દરરોજ આવતી હતી. તે બાળાએ સાધ્વીજીઓના મુખથી, વયરસ્વામી આચાર્યના ગુણોનું વર્ણન વારંવાર સાંભળ્યું. તેથી તેણીને મનમાં – એવા વિચારો આવ્યા કે, પરણવુંતો, વયર–કુમારનેજ પરણવું. આ વાત તેણીએ સાધ્વીજી મહારાજને, ખાનગીમાં જણાવી દીધી.

**સાધ્વીજી**ભોળીબાળા ! વીતરાગના મુનિરાજો ત્રિવિધ બ્રહ્મચારી હોય છે. તેમણે તો બધા પ્રકારની હિંસાઓ, બધાંજ **અસત્યો, ચોરીના** બધા પ્રકારો, દેવ, મનુષ્ય, અને તિર્યંચની નારીસાથેના **મૈથુન** તથા બધા પ્રકારના પરિગ્રહો સર્વથા ત્યાગ કર્યા હોય છે. તેવા આત્મા જ વીતરાગના મહામુનિરાજો કહેવાય છે. તેમની સાથે વિવાહનો વિચાર કરવો તે પણ વેવલાઈ ગણાય.

"પંચમહાવ્રત પાળવા, પાળે પંચ આચાર ।
તે જિનવરના મુનિવરો, ન કરે સ્ત્રી સ્વીકાર" ॥ ૧ ॥
"પંચમહાવ્રત પાળવા, પાળે પ્રવચન માય ।
મહામુનિવર જીનદેવના, નારી વશ નહીં થાય" ॥ ૨ ॥
"દુઃખદાયક સંસારનો, કરી પૂરણ અભ્યાસ ।
ત્યાગે કંચન કામિની, ઇચ્છે કેમ વિલાસ" ॥ ૩ ॥
"પાપ સ્થાનક અઢારનાં, મોટાં કારણ દોય ।
લક્ષ્મી ને નારી વિના, રહી શકે નહીં કોય" ॥ ૪ ॥
"બને મોટાં પાપને, ત્યાગે મહામુનિરાય ।
પાંચે મહાવ્રત પાળવા, સાવધ રહે સદાય" ॥ ૫ ॥
"ત્યાગી કંચન કામિની, પુનઃ કરે સ્વીકાર ।
તેવા પામર જીવડા, રખડે બહુ સંસાર" ॥ ૬ ॥
"મહાવ્રત પાળે શુદ્ધ તો, સ્વર્ગ મોક્ષમાં જાય ।
મહાવ્રતનું ખંડન કરે, ચાર ગતિ અથડાય" ॥ ૭ ॥

**સાધ્વીજી મહારાજ** કહે છે: બાળા ભોળી શ્રાવિકા! તારા આ વિચારો પણ પાપને વધારનારા છે. ધર્મ અને નીતિ ઉભય વિરુદ્ધ છે. કુગતિમાં ધકેલનારા છે. ઉત્તમ આત્માઓને ખરાબ વિચારો આવે નહીં અને આવે તોપણ મુખથી તો પ્રકાશે જ નહીં. જૈન કુલમાં જન્મેલી તારા જેવી બાળાને આવા વિચારો કરવા શોભે નહીં.

રુક્મિણી કન્યામને પણ એમ જ થયા કરે છે કે, જૈનાચાર્યને પરણવાના વિચારો એ, કેવળ મૂર્ખાઈ જ ગણાય. પરંતુ મારું મન સાક્ષી પૂરે છે, ડાબું અંગ ફરકયા કરે છે; તેથી ચોકસ મારી ઇચ્છાઓ પૂરી થશે. હું પોતે પદ્મિની સ્ત્રી છું. રુપનો ભંડાર છું. કળા–ગુણની ખાણ છું. મને જોઈને જ વયરકુમાર મારો સ્વીકાર કરશે.

બસ રૂપ અને જ્ઞાનકળાના અભિમાનમાં ગરકાવ બનેલી રૂક્મિણી કન્યાએ, પોતાના વિચારો પોતાની સખીઓ દ્વારા, માતાપિતાને જણાવી દીધા. અને એકની એક પુત્રીના વાત્સલ્યરાગમાં શેઠજી પણ, વિચાર કર્યા સિવાય, વયરકુમારમહામુનીશ્વરના, વિહાર અને વસવાટની તપાસ કરવા લાગ્યા.

શેઠની પુત્રીના આવા કુતૂહલ ઉત્પાદક વિચારોની, આખા પાટલીપુત્ર શહેરમાં જાહેરાત થઈ ગઈ અને "વાતો વાયરે જાય છે" એ ન્યાયથી દેશપ્રદેશ પણ ફેલાવા લાગી, અને શેઠે પોતાની પુત્રીના સાન્ત્વન ખાતર, વયરસ્વામી આચાર્યની શોધ પણ ચલાવી.

આ વાત સંઘના આગેવાનોએ પણ, વયરસ્વામીને પહોંચાડી, અને આચાર્ય ભગવાન પણ પોતાના પૂર્વનાજ્ઞાનથી, જૈનશાસનની પ્રભાવના વિચારીને, પાટલીપુત્ર શહેરમાં પધાર્યા. શ્રીસંઘે ઘણા સમારોહથી, સૂરિભગવંતનો પ્રવેશ મહોત્સવ ઉજવ્યો, વ્યાખ્યાન સાંભળી, સૌ સંઘના માણસો પોતાપોતાના ઘેર ગયાં.

સંઘમાં વાતો થવા લાગી. સૌ કોઈ પોતપોતાની બુદ્ધિ અનુસાર બોલતા હતા. આચાર્ય મહારાજના ગુણો સાંભળ્યા હતા. પરંતુ આજ તો નજરે દેખાય છે, કોઈ કહે છે, કે આ છોકરી ખરેખરી પરીક્ષા કરનારી ગણાય. કેટલી નજર પહોંચાડીને, નિર્ણય કર્યો છે. તેના પિતામાતાને પણ ખરેખર ધન્યવાદ. દીકરીને માટે વર શોધવામાં કમાલ કરી છે

કોઈ કહે છે કે ધનાવહ શેઠ અને તેની છોકરીની, અક્કલ તો બહેર મારી ગઈ છે પરંતુ તમારી પણ સાથોસાથ બુદ્ધી બુઝાઈ ગઈ લાગે છે.

"સૂરજ ઊગે પશ્ચિમે, મેરુ ચલાચલ થાય ।
પણ દશપૂરવધર સૂરિ, નારી વશ નહીં થાય. ॥ ૧ ॥
શ્રીજિનશાસનના મુનિ, દશ પૂરવધર થાય ।
તેના મન–વચ–કાયમાં, નાવે વિષયકષાય. ॥ ૨ ॥
સમ્યગ્દર્શન–જ્ઞાનને, ચરણ કરણ સમુદાય ।
સંપૂરણ દેખાય તો, પૂરવ જ્ઞાન અપાય. ॥ ૩ ॥
દશપૂરવરધર મહામુનિ, રત્નિત્રયી ગુણધામ ।
જેના નિર્મળ સ્વાન્તમાં, કદી ન આવે કામ. ॥ ૪ ॥

" સમકિત–શીલ બે તુંબડાં, બાંધી બન્ને પાસ ।
તરી ગયા સંસારને, વજ્રસૂરિ ગુણરાશ. ।। ૫ ।।

આમ સૌ પોતપોતાની અક્કલ અને વિચારનું પ્રદર્શન કરાવતા હતા. આ બાજુ વૈક્રિય લબ્ધિધારી આચાર્ય ભગવાને, સંઘના સર્વ લોકોને દેવ જેવું અતિ સુંદર રૂપ બતાવ્યું. પરંતુ પુત્રી રુક્મિણી સહીત ધનાવહ શેઠના પરિવારને, એકદમ બેડોળ–બિહામણું બિભત્સ રૂપ બતાવ્યું. અને છઠી અશુચિભાવનાનું વ્યાખ્યાન સંભળાવ્યું. સાથોસાથ કર્મબંધનાં કારણો, કર્મના દારુણ વિપાકો, અને ચારગતિની ભયંકરતા પણ, ખૂબ વિસ્તારથી સંભળાવી.

નગરવાસી લોકો અને ધનાવહ શેઠના પરિવારે પણ વ્યાખ્યાન બરાબર સાંભળ્યું. વચમાંવચમાં સર્વને દેવના જેવું રૂપ પણ દેખાડયું. સૂરિનું રૂપ જોઈ શેઠજી સભા વચ્ચે ઉભા થયા અને પોતાની વહાલી પુત્રીનો કરગ્રહણ કરવાની, પ્રાર્થના કરી. સાથોસાથ એ પણ જણાવ્યું કે, મારી હવે વય પૂર્ણ થવા આવી છે. મારે આ પુત્રી સિવાય, બીજું સંતાન પણ નથી. અને હવે મારે પરલોક સાધવો છે. માટે આ મારી પુત્રી તથા મારી ક્રોડો સોનામહોરની મિલકત, ઘરબાર, રાચરચીલું પણ પુત્રીના દાયજા તરીકે અર્પણ કરું છું. કૃપા કરીને મારી પ્રાર્થના સ્વીકારો.

શેઠનાં પ્રાર્થના–વચનોનો, આચાર્ય ભગવાને, વ્યાખ્યાનથી જ ઉત્તર આપ્યો. જેમાં આત્માનું નિત્યત્વ, અનાદિપણું, પ્રમાદની પરવશતા, હિંસાદિ પાપોમય આચરણ, તેજ કારણથી અનંતા કાલથી જીવનું સંસારમાં પરિભ્રમણ, દુર્ગતિમાં વસવાટ, પરમાધામિ વગેરે દ્વારા આત્માએ ખાધેલો માર, વિષયોની દુષ્ટતા, કિંપાકના ફળ જેવો ક્ષણિક સ્વાદ અને પરિણામની ભયંકરતા સંભળાવી.

આચાર્ય ભગવાનના વ્યાખ્યાનની, એવી અસર થઈ ગઈ કે, રુક્મણી કન્યાના માનસ અને શરીરમાં ભરાએલો, વિષયવિકારનો આવેગ, એકદમ ઓગળી ગયો. સંસાર ઇન્દ્રજાળ જેવો જ ભાસવા લાગ્યો. અને તત્કાળ ચારિત્ર લેવાની ઇચ્છા જણાવી. યુગપ્રધાન ભગવાન વજ્રસ્વામી સૂરિમહારાજે રુક્મિણી કન્યાને દીક્ષા આપી.

**પન્યાસપ્રવર પદ્મવિજય ગણિવર પણ ફરમાવે છે કે :**

" કોડિ સૌનૈયા ધનનો સંચય, કન્યા રુક્મિણી નામે રે ।
શેઠ ધનાવો દીયે પણ ન લીયે, ચડતે શુભ પરિણામે રે."
" દેઈ ઉપદેશ રુક્મિણી નારી, તારી દીક્ષા આપી રે ।
યુગ પ્રધાન વિચરે જે જગમાં, સૂરજ તેજ પ્રતાપી રે."

જે કન્યા સૂરિમહારાજને દુર્ગતિમાં લઈ જવા આવી હતી, તે કન્યાને

સૂરિ ભગવંતે અલ્પ સંસારી બનાવી. સોબતનો મહિમા અજબ જ છે. સોબતથી સ્વર્ગ. સોબતથી નરક.

" કલ્યાણ રસના યોગથી, લોઢું સોનું થાય ।
જિનશાસન સેવન થકી, કુગતિ કોઈ ન જાય." ૧
" ઘર ઘર ભિક્ષા માગતો, સાવ રાંક કહેવાય,
પણ **સૂરિવર** સંપર્કથી, થયો સંપ્રતિરાય." ૨
" પ્રભુવીર વચનો સુણી, ચંડકોષ વિષધાર ।
સમતાધર **અનશન** કર્યું, ગયો સ્વર્ગ મોઝાર." ૩
" કાષ્ઠધર જિનબિંબની, કિંમત નો'ય જરાય ।
જિન ચૈત્યે સ્થાપન કર્યું, મઘવા પૂજિત થાય." ૪

ક્રોધાદિ કષાયોમાં તરબોળ બનેલા, વિષયોના કાદવમાં ખૂંચી ગયેલા, પરદેશી રાજા જેવા પણ, કેશીગણધર જેવા સુગુરુઓને પામીને, સ્વર્ગના સુખ ભોગવનારા થયા છે.

ભગવાન વયરસ્વામી સૂરિમહારાજ એકવાર ભયંકર દુકાળમાં, પોતાની વૈક્રિય લબ્ધિશક્તિ અને આકાશગમનશક્તિ બળથી, સકલ સંઘને, આકાશ માર્ગે સુભિક્ષપુરીમાં લઈ ગયા હતા. પરંતુ તે દેશનો રાજા બૌદ્ધ હતો, તેને પણ દેશનાશક્તિ આદિથી **જૈન** બનાવ્યો હતો.

વયરસ્વામી ભગવાનની છેલ્લી વય હતી ત્યારે પણ, ભયંકર દુષ્કાળ હતો. આચાર્ય ભગવંતે પોતાની પાટ ઉપર વજ્રસેનસૂરિમહારાજને સ્થાપ્યા હતા, અને જ્યારે અનશન કરવા પધાર્યા ત્યારે, વજ્રસેનસૂરિને કહેલું કે, તમે ગોચરી વહોરવા જશો, તે કુટુંબમાં પતિ-પત્ની અને ચાર પુત્રો હવે પછી અનાજ નહીં મળવાના કારણે, રાંધેલા અનાજમાં વિષ ભેળવી ખાવાને વિચારી રહ્યા હશે, તેના બળતે દિવસે સુભિક્ષ થશે.

" ગુરુ વચને ગયા ગોચરી, વિજયસેન ગણધાર ।
આત્મઘાત અટકાવીને, કીધા ષટ્ અણગાર." ॥૧॥

યુગપ્રધાન વજ્રસ્વામી ગુરુમહારાજનાં વચનામૃતોને, આચાર્ય ભગવાન વજ્રસેન સૂરિમહારાજે ચિત્તમાં બરાબર ધારી લીધાં, અને ભગવાન વજ્રસ્વામી સૂરિમહાજ પણ, અનેક સાધુઓથી પરિવર્યા. રથાવર્ત નામના પર્વત ઉપર પધારી, અનશન ઉચ્ચરી કાઉસ્સ-ધ્યાનમાં રહ્યા હતા. તે વખતે પહેલા દેવલોકના ઇન્દ્રમહારાજ સૂરિભગવંતને વંદન કરવા આવ્યા હતા.

સૂરિભગવંત અનશન આરાદ્ધિ સ્વર્ગમાં પધાર્યા, પંન્યાસપ્રવર પદ્મવિજય ગણિતવર ફરમાવે છે કે :

" રથાવર્ત ગિરિ જઈ અનશન કીધું, સોહમહરિ તિહાં આવે રે ।
પ્રદક્ષિણા પર્વતને દેઈને, મુનિવર વંદે ભાવે રે. "

કોકણદેશમાં, સોપારક નગરમાં (હાલનું મોટા સોફાલા) આચાર્ય વજ્રસેનસૂરિ મહારાજ પધાર્યા, અને નગરમાં ગૌચરી વહોરવા નીકળ્યા. આ નગરમાં શ્રીદત્ત નામના શેઠ રહેતા હતા. તેમને ઇશ્વરી નામની પત્નીથી ચન્દ્ર-નાગેન્દ્ર-નિવૃત્તિ અને વિદ્યાધર પુત્રો થયા હતા. દુષ્કાળના કારણે અનાજ અલભ્ય બનવાથી. રાંધેલા અનામાં ઝેર ભેળવી મરવાનો વિચાર કરતા હતા. તેમને સૂરિવરે ગુરુવચનો સંભળાવી બચાવ્યા. છએજણે દીક્ષા લીધી. ચારે પુત્રો મહાપ્રભાવક થયા.

**ઇતિ. શ્રી વીતરાગદેવોની આજ્ઞાપાલન સૂચવતી, અઢારમા યુગપ્રધાન છેલ્લા દશપૂર્વી અને તેરમા પટ્ટધર શ્રી વજ્રસ્વામી આચાર્યની કથા સંપૂર્ણ.**

**વળી એક જૈનાજ્ઞા સૂચક બાલમુનિની કથા :**

માલવદેશની મહાપ્રસિદ્ધ ઉજ્જયિની નામની જૈનપુરીમાં, ધનમિત્ર નામના એક શ્રેષ્ઠી રહેતા હતા. તેમને **ધનશર્મા** નામે ગુણાશ્રયી પુત્ર હતો. બાલ્યકાળથી જ તેને ધર્મ ખૂબ ગમતો હતો. એક ગીતાર્થ ધર્માચાર્ય પાસે દેશના સાંભળી, **ધનશર્મા** પુત્રસહિત **ધનમિત્ર** શેઠે દીક્ષા લીધી અને ગુરુદેવની અને મુનિઓની નિશ્રામાં, ગ્રહણ આસેવન શિક્ષાને પામ્યા.

અન્યદા માળવાથી બીજા દેશ તરફ વિહાર કરતાં, એકઅટવીમાં ચાલતા હતા. આ વખતે ગરમી ઘણી પડતી હોવાથી, અને વિકટમાર્ગ હોવાથી, લઘુમુનિ **ધનશર્મા** થાકી ગયો અને સાથોસાથ તૃષાથી ખૂબ પીડાવા લાગ્યો. તેથી વિહારમાં, તેની ગતિ ધીમે ધીમે મંદ થવા લાગી. બીજા સાધુઓ ઉતાવળા આગળ થઈ ગયા. પરંતુ **ધનમિત્ર** પોતાના વહાલા પુત્રની સાથે ચાલતા હતા.

" ઉગ્રવિહાર બાલકપણું, ઉષ્ણકાળ બહુતાપ. ।
પણ જિનવરના સાધુઓ, પામે નહીં સંતાપ."

પુત્રને લાગેલો શ્રમ અને તૃષા, પિતાના ખ્યાલમાં આવી ગયાં હતાં. પરંતુ પુત્રની તૃષા નાશ કરવાનો ઉપાય જડતો હતો નહીં. એટલામાં એક જલપૂર્ણા નદી આવી. પિતા-પુત્ર પણ આગળ ચાલેલા, મુનિસમુદાયને ધ્યાનમાં રાખીને, નદી ઉતરી ગયા. અને પુત્રમુનિના-શરીરમાં આવેલી ઢીલાશને વિચારીને ધનમિત્ર સાધુ કહેવા લાગ્યા :

ભાઈ ! તારી મુખાકૃતિથી સમજાય છે કે તને તૃષા ઘણી લાગી છે. પરિશ્રમ પણ

ઘણો લાગ્યો છે. હજી કેટલું ચાલવું પડશે તેનો નિર્ણય નથી. પ્રાસુક જળ ક્યાં અને ક્યારે મળશે, તે પણ અચોક્કસ છે. માટે પ્રાણોને બચાવવા માટે, અપવાદરૂપે આ નદીનું જળ પી લેવું અને **અટવી પાર કરી લેવી**, અત્યારની ક્ષણે ઉચિત જણાય છે.

કહ્યું છે કે : "**निषिद्धमपि आचरणीयमापदि**" આપત્તિમાં નિષિદ્ધ આચરણ પણ આચરવું પડે છે. પછીથી "**मृत्युदामापदमिमां तदुल्लंध्यकथंचन । पश्चादालोचयेः पापं, समीपे सद्गुरोरिदं** ॥ १ ॥

**અર્થ** : મૃત્યુ પમાડે તેવી આ આપત્તિને કોઈ પણ રીતે પાર થવું અને પછી આપણા ગુરુદેવ પાસે આલોચના લઈ લેજે.

બાલમુનિને આ વાત સમજાવી, પોતે વિચાર કર્યો કે, વખતે મારી લજ્જાથી બાળ સાધુ પાણી ન પણ પીએ, માટે હું થોડો આગળ જઈને ઊભો રહું. એમ વિચારીને ધનમિત્ર સાધુ થોડા આગળ જઈને ઊભા રહ્યા.

આ વખતે ધનશર્માંમુનિને, તૃષા અને થાક ખૂબ લાગ્યાં હોવાથી, પિતાનાં વચનો શરૂઆતમાં સારાં લાગ્યાં, અને પીવા માટે નદીના પાણીમાં પસલી ભરીને, પાણીને મુખ સુધી પહોંચાડયું. અને તત્કાળ ભાવના પ્રગટ થઈ :

**पीबामीमान् कथं जीवा–नहं विज्ञातजैनगीः । उदबिन्दौ यदेकत्राऽसंख्यजन्तून् जिनाः जगुः ॥१॥**
**त्रसाःपूतर-मत्स्याद्याः स्थावराः पनकादयः । नीरेस्युरिति तद्घाती सर्वेषां हिंसको भवेत् ॥२॥**
**तत्कियद्भि र्दिनै र्यान्ति, रक्षिता अपि ये ध्रुवं । तान्प्राणान्रक्षितुं दक्षः परप्राणान् निहन्ति कः ॥३॥**

"જિનવાણી જાણ્યા પછી, જીવો કેમ જમાય ।
પાણી એક જ બિંદુમાં, ત્રસપણ હોય ઘણાય ॥ ૧ ॥
"ત્રસ–પૂરાને મત્સ્ય પણ, પનક જીવ પણ હોય ।
જલમાં જીવ અસંખ્ય છે, જિનવર ભાખે સોય ॥ ૨ ॥

"રાખ્યા રહેવાના નથી, જરૂર છે જનાર. તેવા પ્રાણો પોષવા, હિંસા કરે ગમાર."

ત્રણ શ્લોકનો અર્થ : બાલમુનિધનશર્મા વિચાર કરે છે. મેં શ્રીવીતરાગદેવોના વચનો સાંભળ્યાં છે, ગમ્યા પણ છે, એવો હું આ કેવળ જીવોમય–પાણી કેમ પી શકું ? કારણ કે શ્રી જિનેશ્વર દેવો એક જ જલબિંદુમાં અસંખ્યાતા જીવો કહે છે.

**एगंमि उदग बिन्दुंमि जे जीवा जिणवरेहिं पन्नता ते जइ सरसवमित्ता जंबूद्दीवे न मायन्ति ॥ १ ॥**

**અર્થ** : એક જ જલબિંદુમાં જે જીવો હોય છે, તે બધા સરસવ જેવડા થઈ જાય તો, આ લાખ યોજન પ્રમાણ જંબુદ્વીપમાં પણ સમાય નહીં. ॥ ૧ ॥

વળી, આ પાણીમાં પૂરા અને ઝીણા મોટા મચ્છો પણ હોય છે. તથા સેવાળ વગેરે અનંત કાય જીવો પણ હોય છે. એટલે પાણી, ત્રસ-થાવર બધા જીવોની ઉત્પત્તિ અને વસવાટનું સ્થાન હોવાથી, કાચું અને અણગલ પાણી પીનાર કે વાપરનારપ્રાણી છએ કાયજીવોનો હિંસક બને છે ॥ ૨ ॥

પરમાત્મા શ્રીજિનેશ્વરદેવોએ, પોતાના કેવલજ્ઞાન ચક્ષુથી જોઈને જણાવેલી, અને મારા જેવા અનંત આત્માઓને, હિતકર બનેલી, શ્રીવીતરાગવાણીનો સ્વાદ ચાખનાર આત્માઓને, ગમે ત્યારે પણ અવશ્ય જનારા પ્રાણોના રક્ષણ માટે પરના પ્રાણોનો નાશ કરવો કેમ પાલવે? ॥ ૩ ॥

આ પ્રમાણે જીવદયાના અધ્યવસાયો ઉપર આરુઢ થયેલા, ધનશર્મા મહામુનિરાજે, પસાલમાં લીધેલા પાણીને, સાચવીને જળપ્રવાહમાં મૂકી દીધું. અને બાળક પણ એક સુભટ જેવા ધૈર્યવાળો આત્મા, ધીમે ધીમે તૃષા અને પરિશ્રમથી થાકેલો પણ નદીના જળની બહાર આવ્યો. હવે ડગલું પણ ચાલવાની શક્તિ હતી જ નહીં. શરીરની તાકાત ખોવાઇ ગઈ હોવાથી, જમીન ઉપર બેસી ગયો. અને નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરવા લાગ્યો. અને ક્ષણવારમાં મુનિનો અવિનશ્વર આત્મા દેવલોકમાં ચાલ્યો ગયો.

**તત્કાળ અવધિ જ્ઞાનથી પોતાનો પૂર્વજન્મ જોઈ, આવીને, પોતાના મુનિ શરીરમાં પ્રવેશ કર્યો—** અને બાળમુનિના માર્ગને જોઈ રહેલા ધનમિત્રમુનિને જઈને મળ્યો. પિતા-પુત્ર બંને આગળ ચાલ્યા. આગળ ચાલેલા સાધુઓ પણ, બધાજ તૃષાથી પીડાયેલા હોવાથી, ધનશર્માદેવે રસ્તામાં બનાવટી ગોકુળો વિકુર્યાં, તેમાંથી છાશ વગેરે લાવી થોડા સ્વસ્થ થયા.

એમ રસ્તામાં ધનશર્મા દેવકૃત ગોકુળોમાંથી, છાશ વગેરે પામેલા સાધુઓ સુખપૂર્વક, અટવીના છેડા ઉપર ભરવાડોના વસવાટ સુધી પહોંચી ગયા. પરંતુ એક સાધુ પોતાનું લૂગડાનું વિંટલું ભૂલી ગયેલા પાછા લેવા જતાં સ્થાને સ્થાને જોયેલાં, ગોકુળો દેખાયાં નહીં. તે વાત બધા સાધુઓને જણાવી, તેથી બધા મુનિઓ આશ્ચર્ય પામ્યા અને દૈવી ચમત્કાર વિચારવા લાગ્યા.

તેટલામાં ધનશર્માદેવ પ્રગટ થઈ, બધા સાધુઓને વંદન કરવા લાગ્યો. માત્ર ધનમિત્રસુનિને વંદન કર્યું નહીં.

**બીજા મુનિરાજોનો પ્રશ્ન** આ ધનમિત્રમુનિરાજને કેમ વંદન કરતા નથી? આ સાંભળી દેવે પોતાનો ધનશર્માનો ભવ અને પિતામુનિની સચ્ચિત્ત જળ પીવાની પ્રેરણા કહી સંભળાવી. દેવકહે છે જો મારા પિતા અને ગુરુનાવચને, મેં સજીવ પાણી પીધું હોત તો, તે પાપથી અને વ્રતના ભંગરૂપ ભયંકર દોષથી, ચાર ગતિ સંસારમાં ભ્રમણ કરનારો થઈ જાત.

स एवाहि बुधैः पूज्यो गुरुश्च जनको, पिच ।
शिष्यं सुतं च यः क्वापि, नैवोन्मार्गे प्रवर्तयेत् ॥

**અર્થ** : ધનશર્માદેવ કહે છે કે પિતા હોય કે ગુરુ હોય, પરંતુ પુત્રને વા શિષ્યને, ઉન્માર્ગે પ્રેરણા ન કરે, પરંતુ સન્માર્ગે ચડાવે, તેજ પિતા અથવા ગુરુ, પંડિતપુરુષોને પૂજવા યોગ્ય છે.

અહીં આટલી નાનીવયના બાળસાધુ ધનશર્માએ, મરણની તૈયારીમાં પણ સચિત્ત (કાચું) અણગલ પાણી પીધું નહીં, પરંતુ જિનેશ્વરદેવોની આજ્ઞા અખંડ પાળી. આવા જિનાજ્ઞારક્ષક આત્માઓ જ સંસારને ટૂંકો કરી શકે છે.

ભલે પ્રાણ જાતા રહે, દુઃખ મોટો ઉભરાય ।
પણ જિનવરના મહામુનિ, વ્રતભંજક નવ થાય. ॥ ૧ ॥

ક્ષુધા-તૃષા ને ટાઢ તાપ, સહ્યાં અનંતીવાર ।
પણ જિનવર આણા વિના, ન થયો લાભ લગાર. ॥ ૨ ॥

ઇતિ જિનાજ્ઞાપાલક **ધનશર્મા** લઘુમુનિની કથા સંપૂર્ણ ઉત્તરાધ્યયન, બીજું અધ્યયન તૃષા પરિષહ પૃ. ૨૯ પહેલી પુઠી.

**હવે કેવલ પરલોકને ધ્યાનમાં રાખનારી, વાત્સલ્ય ભરપૂર ઉપકારિણી, માતાની, આજ્ઞા પાળનાર—પુત્રની કથા લખું છું.**

આ જંબુદ્વીપમાં, તગરાનામની નગરીમાં, **દત્ત** નામના શ્રેષ્ઠી રહેતા હતા. તેમને શીલાદિ-ગુણાલંકારને ધારણ કરનારી, પતિ વચનોને અનુસરનારી, **ભદ્રા** નામની ભાર્યા હતી. તેમને ત્રીજા પુરુષાર્થના ફલ સ્વરૂપ **અર્હન્નક** નામા પુત્ર હતો. તે ઘણો ખૂબસુરત હોવા સાથે, સુકુમાર અને માતાપિતાને પણ બહુ વહાલો હતો. તે પણ માતાપિતાની આજ્ઞાને, રાજાની આજ્ઞાસમાન, મસ્તક ઉપર ચડાવતો હતો.

એકવાર તગરાનગરીના ઉદ્યાનમાં, જ્ઞાની ગીતાર્થ જૈનાચાર્ય પધાર્યા હતા. આચાર્ય ભગવાનની સંસારથી તારનારી, વૈરાગ્ય વાહિની, દેશના સાંભળી, **દત્તશ્રેષ્ઠી** વૈરાગ્ય પામ્યા, અને ઘેર આવીને પત્નીને પૂછવા લાગ્યા, જો તારી રજા હોય તો મારે ચારિત્ર લેવાની ઇચ્છા છે.

"ભવમાં ભમતા જીવડે, ખોયો કાળ અનંત ।
પશુગતિને નરકમાં ના'વ્યો દુઃખનો અંત." ૧

ક્રોડો ભવ દુઃખ ભોગવે, અકામ નિર્જરા થાય ।
નરભવ કે સુરભવ મળે, જીવ ઘણો હરખાય." ૨
"નિદ્રા–વિકથા કષાયને, સેવે પાપ અપાર ।
ધન–નારી પરવશ બની, ન કરે ધર્મલગાર." ૩
"અનાર્ય દેશે ઉપજે, પાપો પુષ્કળ થાય ।
ચોરાશી લખ યોનિમા, વળી ભટકવા જાય." ૪
"સિંહ–મગર કે સર્પના પશુગતિભવ થાય ।
ક્રોડોનું ભક્ષણ કરી, જીવ નરકમાં જાય." ૫
ભવ છે પાપ અનંતની, ખાણુ સમો વિકરાળ ।
કેવલ જિનવર ધર્મ છે, સર્વ જીવ રખવાળ." ૬
"જિનવાણી શ્રવણે પડે, નિઃશંક જો સમજાય ।
રાગ વધે જિનવાણમાં, તો જીવન પલટાય." ૭
"સંસાર ભયંકર રોગનું, ઔષધ જિનવર વાણ ।
સર્વકાળ સેવન કરે, તે પામે નિર્વાણ." ૮
"પશુ–નરક ગતિઓ તણા, દુખ જેને સમજાય ।
સુરભવ–નરભવ સુખ પણ, સ્વપ્ના સમ લેખાય." ૯

**શેઠાણી ભદ્રાદેવી કહે છે :** સ્વામીનાથ ? હું પણ ગુરુદેવની વાણી સાંભળવા આપની સાથે જ હતી. ગુરુદેવ ફરમાવી ગયા તે તદ્દન સાચું છે. આ કામ અને ભોગો નાશવંત છે. ગમે ત્યારે ખૂટી જવાના જ છે. યુવાની પણ જાય છે. મધ્યવય પણ જાય છે. ઘડપણ આવે છે. શરીર થાકે છે. પરંતુ અનંતકાળથી ટેવાયેલા આત્માની, વાસનાઓ નાશ પામતી નથી, થાકતી નથી. વિસામો લેતી નથી. પણ અવિશ્રાન્ત દોડયા જ કરે છે.

સંયોગો અનંતા મળ્યા. વળી વિયોગો થયા. સારા સંયોગો પામીને જીવડો રાજી થાય છે. મનમાં કુદાકુદ કરી મૂકે છે. તેજ સારા સંયોગો નાશ પામતાં, જીવડો રડવા બેસી જાય છે. શોકતુર બને છે. માથા પછાડે છે મૂર્છિત થાય છે. પરંતુ ખોવાઈ ગયેલા, નાશ પામેલા, વિષયો પાછા આવતા નથી. માટે મારી પણ ઇચ્છા ચારિત્ર લેવાની છે. આપની આજ્ઞાની જ વાટ જોઉં છું.

**શેઠ કહે છે :** આપણે બે જણ દીક્ષા લઈએ તો, આ કેળીના ગર્ભ જેવા સુકુમાર, આપણા અર્હન્નક પુત્રનું શું થાય ? હજીક એને આઠ નવ વર્ષ જ થયાં છે. ભદ્રા શેઠાણી

કહે છે : સ્વામીનાથ ! એની ચિંતા કરવા જરૂર જ નથી. કારણ કે પુત્રી હોય તો માતા સાથે, અને પુત્ર હોય તો પિતા સાથે, દીક્ષા લઈ શકે છે.

"ધન્ય તેનો અવતાર, માય–તાય સેવા કરે ।
અતિ ધન્ય અવતાર, દીક્ષિત થઇ સાથે ફરે" ૧

દત્તશેઠ અને ભદ્રાશેઠાણીએ અતિવૈરાગ્યથી પુત્ર સહિત, આચાર્ય ભગવંત પાસે દીક્ષા લીધી. ભદ્રાસાધ્વી મહત્તરાસાધ્વી સાથે, વિહાર કરી ગયાં. શેઠશેઠાણી વૈરાગી હતાં. સાથોસાથ મહાવિવેકી હોવાથી, વિનયી હોય તેમાં શું નવાઇ ? એટલે પોતાના વિનય ગુણથી ગ્રહણ–આસેવન શિક્ષા પામી, મુનિધર્મના આચારો પાળવામાં નિષ્ણાત થયાં. ખૂબ સાવધાન થઈ ચારિત્ર આરાધવા લાગ્યાં.

દત્તમુનિ સદાકાળ ગુરુદેવ સાથે સાધુસમુદાયમાં પુત્રમુનિ સહિત વિચરે છે. અને પુત્રની સુકુમારતા ધ્યાનમાં રાખી, તેનું લાલનપાલન કરે છે. કશું કામ તેની પાસે કરાવતા નથી. ક્યારેક ક્યારેક ગુરુ અથવા બીજા મુનિરાજો, પિતામુનિને શિખામણ આપે છે, ભાઈ ! અર્હન્નક હવે મોટો થયો છે. આજ કાલ એનો પણ દસ-બાર–પન્નર વર્ષ જેટલો, દીક્ષા પર્યાય થવા આવ્યો છે. અને તમારામાં હવે, વૃદ્ધાવસ્થાએ દેખાવ દીધો છે. માટે હવે થોડે થોડે તેને પણ, ગોચરી–પાણી વહોરવા મોકલવો જોઈએ.

પિતામુનિ વડીલ સાધુઓની વાતો સાંભળતા હતા. સાચી લાગતી હતી તો પણ, પુત્રવાત્સલ્યથી અર્હન્નકને, ગોચરી–પાણી લેવા જવા દેતા નહીં. અને પિતાના વાત્સલ્યના દિવસોમાં, કુમારમુનિશ્રી અર્હન્નકને, પિતાના અંતઃકાળ સુધી, ગોચરી પાણી વહોરવા જવારૂપ ભિક્ષાની શિક્ષામાં દુર્લક્ષતા જ સેવાણી.

આયુષ તો કોઈનાં નિત્ય છે જ નહીં. સાગરોપમના આયુષવાળા દેવો પણ, આયુષ સમાપ્ત કરીને, જરૂર ગત્યંતરમાં ચાલ્યા ગયા છે. ચાલ્યા જાય છે. તો પછી ખીલેલા ફૂલ જેવા અતિઅલ્પ આયુષવાળા, મનુષ્યોનું તો કહેવું જ શું ?

જન્મ્યો ત્યાંથી માનવી, ચોક્કસ તે મરનાર ।
સમજી ધર્મ કરે સદા, ધન્ય તાસ અવતાર ॥
સર્વજીવરક્ષણ સમો, બીજો ધર્મ ન કોય ।
જિન દીક્ષા આવ્યા વિના, પૂરણ રક્ષણ નોય ॥

અનુપમ ચારિત્રનું આરાધન કરીને પિતામુનિ કાલધર્મ પામ્યા. અને યુવાન મુનિ અર્હન્નકને આઘાત ન લાગે તે રીતે, સાથેના મુનિરાજોએ અર્હન્નક સાધુને બરાબર સાચવી લીધા. ગુરુમહારાજાએ પણ સંસારની અસારતા સમજાવી, મુનિશ્રી અર્હન્નકને આશ્વાસન

આપ્યું. અને કેટલોક વખત, પિતાની પેઠે સમુદાયના મુનિઓએ, અર્હન્નક મુનિને ગોચરી પાણી લાવીને ખવડાવ્યું.

પરંતુ પિતાની પેઠે બારે માસ થોડું ચાલે છે? અરે બાપ પણ, આખી જિંદગી કોઈને સાચવી શકે એવું થોડું જ બને છે? તેથી સમુદાયના સ્થવીર સાધુઓએ, બીજા સાધુઓ સાથે અર્હન્નક મુનિને પણ, ગોચરી જવાની આજ્ઞા ફરમાવી. ઉષ્ણકાળ હતો. વૈશાખ જેવો મહિનો હતો. મુનિ સુકુમાર હતા. કામ કરવાનો બોજ પડવાનો આ પહેલોજ દિવસ હતો. નીચે જમીન ઉપરની રેતી, અંગારા જેવી તપી હતી. ઉપર પણ સવિતાનારાયણ જોરદાર તપી રહ્યા હતા. તેથી અર્હન્નક મુનિના પાદ–મસ્તક અને આખું શરીર, સળગી જતું હોય તેવું ગરમ થઈ ગયું હતું.

એટલામાં એક મોટી હવેલીની છાયા આવી. અર્હન્નક મુનિરાજ ત્યાં આવી, જરા વિશ્રાંતિ લેવા ઊભા રહ્યા. બીજા અનુભવી સાધુઓ જરા આગળ નીકળી ગયા હતા. એટલે અર્હન્નક સાધુ પાછળ પડી ગયા; અને વિસામો લેવામાં ડખલ પડી નહીં.

અર્હન્નક સાધુ જ્યાં ઊભા હતા તે હવેલી, કોઈ મોટા ધનાઢ્યની હશે, ત્યાં એક યુવતી રહેતી હતી. તેની બે ચાર દાસીઓ પણ હશે.

**સંભવ છે કે ઘરનો માલિક પત્નીને ઘેર રાખી, પરદેશ કમાવા ગયો હશે.**

કોઈ કવિએ ગાયું છે કે—

**गृहे हित्वा बालां, सकलगुणसौभाग्यकलितां ।**
**विदेशं ते यान्ति प्रचुरधनलुब्धाः सुधनिनः ॥**
**यदि द्रव्यप्राप्तिर्न च तरूणतायाः सुखमपि ।**
**न देयं पांडित्यं कथमपि नृणां हंसगमने? ॥ १ ॥**

**અર્થ** : **આત્માના અભ્યંતર ઓરડામાં, શ્રી વીતરાગનું શાસન વસવાટ પામ્યું ન હોય તો,** આ જીવને લક્ષ્મી અને બુદ્ધિ બંને, શાન્તિની જગ્યાએ અશાન્તિ જ ઊભી કરે છે. અને આજ કારણે અતિપ્રમાણુ ધન મળ્યું હોયતો પણ યુવતીપત્નીને; અથવા નાના બાળકોને, કે સમગ્ર પરિવારને, નિરાધાર છોડીને કે, તેમના ભવિષ્યનો વિચાર પણ કર્યા વિના, લોકો દેશાન્તરોમાં ભટકતા જ રહે છે. ભલે પછી તે ધન ખૂબ જ કમાઈને આવતા હશે. પરંતુ તેવાઓ પરલોકની કે આ લોકની શાંતિ પામી શકતા નથી.

મહાપુરુષો ફરમાવી ગયા છે કે :—

**"जहा लाहो तहा लोहो. लाहा लोहोपवड्ढइ"**

"લોભ વધે છે લાભથી, સીમા નવ દેખાય ।
પામર બહુ ધનપતિ થયો, તો પણ ઈચ્છે આય." ॥ ૧ ॥

સહસમલે પછી લાખની, લાખ મલે પછી ક્રોડ ।
ક્રોડપતિ પણ ચિંતવે, બનું ધનિક અજોડ. ॥ ૨ ॥

યુવતીબાળાનો પતિ ઘણા વખતથી પરદેશ ગયો હોવાથી, અને અર્હન્નક સાધુના શરીરના પ્રત્યેક અવયવમાં, ઉછળતું રૂપ-લાવણ્ય અને સૌભાગ્ય જોવાથી, શેઠાણીની વાસના અનેવિકારોએ મર્યાદાનો ભંગ કર્યો અને દાસીને આજ્ઞા આપી જા ! ઝરુખા નીચે ઊભેલા મહાત્માને વહોરવા બોલાવી લાવ !

**सौभाग्यमन्मथं तंच, तत्रस्थं तद्गृहेश्वरी । धनाढ्यवणिजो भार्याऽपश्यत प्रोषितभर्तृका ॥१ ॥**
**अचिंतयच्च सारुप महो ? अस्य मनोहरं । यद्दृग्मात्रमपि मे, समाकृर्षति मानसं ॥ २ ॥**
**तदमुं रमयित्वा स्वं, करोमि सफलं वयः । ध्यात्वेति प्राहिणोद्दासीं, सातदाह्वानहेतवे ॥ ३ ॥**

**દાસી** =પધારો મહારાજ? ઉપરના મહેલમાં; અમારાં સ્વામિની, આપને વહોરવા બોલાવે છે !

સાધુ અર્હન્નક દાસીનો ભાવ તો જાણી શક્યા નહીં, પરંતુ વહોરવાનું આમંત્રણ મળવાથી રાજી થયા. કારણ કે પોતે, ગામ અને ગોચરીવહોરવાની બાબત, બન્નેના અજાણયા હતા. તેથી દાસીના નિમંત્રણનો સ્વીકાર કરી, સાધુજી નિસરણીના પગથીઆં ચડી, ઉપર આવી ધર્મલાભ બોલ્યા.

ત્યાં તો રૂપનો અંબાર ઘરની સ્વામિની, સામે આવીને મુખને મલકાવતી, અને આંખોને નચાવતી, બોલી : હે સૌભાગી પુરુષોમાં શ્રેષ્ઠ ! તમે શું માગો છો ?

**અર્હન્નકમુનિ** : હે સૌભાગ્યવતિ ? અમે ભીક્ષા માગીએ છીએ. મુનિશ્રીના ઘંટડીના રણકાર જેવા, સુમધુર અવાજને સાંભળતાં જ, કામદેવના બાણોથી, સમગ્ર શરીરમાં વિંધાઈ ગયેલી શેઠાણીએ, ઈશારાથી દાસી મારફત, મોદક વગેરે અનેક જાતનાં સુસ્વાદુ ભોજનો મંગાવીને, મુનિરાજ સામે લાવીને ધર્યાં : અને અતિ આદરથી પાત્રા ભરાય તેટલાં વહોરાવ્યાં, સાધુજી પણ ફરવાના અજાણ, અને તાપથી કંટાળેલા, થાકી ગયેલા, તેથી જરૂર અનુસાર વહોરી લીધું.

**યુવતીનો પ્રશ્ન** : ભોગની વયમાં યોગ કેમ લીધો ?

**મુનિનો ઉત્તર** : આત્માના કલ્યાણ માટે.

**યુવતીનો પ્રશ્ન** : આત્મકલ્યાણની વયને હજીક ઘણીવાર છે.

**મુનિનો ઉત્તર** : મરણને માટે વય નક્કી નથી.

"ગર્ભે આવ્યા, બાળક જન્મ્યા, યુવાનને લઈ જાવે ।
ઘરડા-મધ્યમ-ધનિક – નિર્ધન, યમને સઘળા ફાવે."

**યુવતી** : ઠીક ત્યારે, તમે આત્મકલ્યાણ માટે દીક્ષા લીધી છે. એ દીક્ષાનું ફળ તમને આજે જ મળે છે. અને સ્વીકારી લ્યો. દીક્ષા પાળી દેવલોક જાશો ? ત્યારે અહીં દેવલોક જેવું આ મનોહર ઘર છે. દેવાંગના સરખી હું તમને અર્પણ થાઉં છું. લક્ષ્મીનો પાર નથી. દાસદાસી પરિવાર ખૂબ છે.

ફક્ત જો તમે મારો સ્વીકાર કરો. મારી આશાઓ અને ઇચ્છાઓને ફલવતી બનાવો તો ? આ સંપૂર્ણ માલ-મિલકત, બાગ-બગીચા, રાચ-રચીલું, દાસ-દાસી, અને મારું શરીર, બધાની માલિકી તમને સોંપાય છે. શેઠાણીના વિકારવાળાં વાકયો સાંભળીને, મુનિનું ચિત્ત પણ અષાઢાભૂતિ મુનિની પેઠે, અગ્નિ પાસે મીણનાપીંડની પેઠે ઓગળી ગયું.

આ જગ્યાએ પૂર્વના મહર્ષિઓએ ક્ષણ વાર પણ સ્ત્રી સમાગમ કેટલો દુઃખદાયક છે ? તેનું વર્ણન કર્યું છે.

**तावन्मौनी यतिर्ज्ञानी, सुतपस्वी जितेन्द्रियः । यावन्नयोषितां दृष्टिगोचरं याति पुरुषः ॥ १ ॥**

**અર્થ** : ત્યાં સુધી જ મનુષ્ય જ્ઞાની, માની (ધ્યાની), યતિ, તપસ્વી કે ઇન્દ્રિયોને જીતનાર રહે છે, જ્યાં સુધી સ્ત્રીઓના પાશલામાં ફસાયો નથી. વળી કોઈ કવિ કહે છે કે—

**संसार ? तवविस्तार, पदवी न दवीयसी । अन्तरादुस्तरा नस्युर्यदिरे मदिरेक्षणा ॥ २ ॥**

**અર્થ** : હે સંસાર સમુદ્ર ? તને તરવો કઠીન નથી. તને પાર કરવાનો માર્ગ બહુ દૂર નથી. પરંતુ વચમાં વચમાં સ્ત્રીઓ રૂપ મોટી નદીઓ ઘણી ન આવતી હોય તો ! અર્થાત્ કોઈ જીવ ચારિત્ર-તપ આરાધીને મોટી નિર્જરા કરે, પરંતુ પાછા દેવપણું, રાજ્ય કે ધનાઢ્યતા મળે, સ્ત્રીઓની જાળ ગુંથાઈ જાય; આત્મા બિચારો ફસાઈ જાય છે. વળી કોઈ કવિ કહે છે કે,

**हयविहिणा संसारे महिलारूवेण मंडिअं पासं । वज्झन्ति जाणमाणा अजाणमाणावि बज्झन्ति ॥**

**અર્થ** : ખરેખર આ સંસારમાં કર્મરાજાએ, મહિલા = સ્ત્રીના આકારનો, એક પાશલો જાળ ગોઠવી છે. જે પાશલામાં જાણકારો પણ ફસાયા છે. તો પછી મૂર્ખા ફસાયા હોય તેમાં તો કહેવું જ શું ? ...

માટે જ મહાપુરુષોએ, **સ્ત્રી**નો સમાગમ યોગીપુરુષોને તો, મહા ભયંકર બતાવ્યો છે જ.

**दर्शने हरते चित्तं, स्पर्शने हरते बलं । संगमे हरते वीर्यं, नारी प्रत्यक्ष राक्षसी ॥ १ ॥**

**અર્થ** : નારીને જોવા માત્રથી ચિત્ત ખેંચાય છે અને તેણીના શરીરના સ્પર્શમાત્રથી, બળ ઘટવા માંડે છે, અને તેણીના સંયોગથી ( શરીરનો રાજા ) વીર્ય નાશ પામે છે.

વળી કોઈ કવિ કહે છે,

**स्थानं नास्ति क्षणं नास्ति, नास्ति प्रार्थयिता नरः । तेन नारद ! नारीणां सतीत्वमुपजायते**

**અર્થ :** એકાન્ત જગ્યા મળે નહીં કામકાજમાં નવરાશ ન મળે અને પ્રાર્થના કરનાર પુરુષ ન મળે, ત્યાં સુધી જ સ્ત્રીઓમાં સતીપણું ટકી રહે છે. ઉપલક્ષણથી પુરુષને પણ સ્ત્રીનો એકાંતવાસ ખોટો છે, એમ જાણવું; પરંતુ **આ બધું આપણા જેવા પામર જીવો માટે સમજવું.** સતા અને સતીઓની શીલવ્રતની કસોટીઓ, અમે આગળ **શીલ પ્રકરણમાં** લખવાના છીએ.

**नाम्ना न हि विषं हन्ति स्वप्ने दृष्टमपि क्वचित् । स्वप्नेनापि नाम्नापि, हन्ति नारीर्यविक्वक्षणात्**

**અર્થ :** વિષનું – ઝેરનું માત્ર નામ લેવાથી કે, સ્વપ્નમાં ઝેરને જોયુ હોયતો પણ, કે સાક્ષાત્ નજરે જોવાથી, કોઇના પ્રાણ લેતું નથી, અથવા કેફ ચડાવતું નથી. પરંતુ નારીનું રૂપ નજરે જોયું હોય, પુસ્તકમાં વાંચ્યું હોય, અથવા સ્વપ્નામાં દેખાયું હોય તોપણ, માણસને બેભાન બનાવે છે, ઉન્માદ કરાવે છે. સજ્જનોને ન શોભે તેવું પણ કરાવી નાખે છે.

ઘણું શું કહેવું ?

**अश्मनिर्मितं पुंसां, यासां रूपं मनोहरेत् । वनिता विश्वमोहाय, मन्ये ता वेधसा कृताः ॥**

**અર્થ :** સાક્ષાત્ સ્ત્રીઓના રૂપની વાત તો જવા જ દો. પરંતુ પાષાણની અંદર કોતરેલું પણ સ્ત્રીનું રૂપ, (અમરદત્ત જેવાઓને) માણસના મનને આકુલ વ્યાકુલ બનાવી નાખે છે. તેથી એમજ લાગે છે કે, કર્મરાજાએ આ સ્ત્રીઓને, જગતના જીવોને, મૂંઝવણમાં પાડવા જ બનાવી જણાય છે.

અતિ ઉત્તમ માતાપિતાનું સંતાન પણ, મુનિશ્રી અરણીકજી, યુવતીનાં વચનોમાં ભોળવાઈ ગયા. કારણકે, પોતાના શરીરની સુકુમારતા; પિતાના મરણનો આઘાત, અને પિતાની હાજરીમાં ગોચરી પાણી વહોરવા જવાની, અથવા કામકાજ કરવાની ટેવ પડી જ નહીં. આ બધાં કારણો પણ નિમિત્તભૂત ગણાય.

**પ્રશ્ન :** આટલા નાના છોકરાને–માત્ર માતાપિતાના કારણે જ દીક્ષા લેવી પડી તે શું વ્યાજબી ગણાય ? ઠીક, માતાપિતાએ છોકરાને ઉછેરી મોટો થયા પછી દીક્ષા લીધી હોત તો શું ? પોતાનાં બાળકોને ઉછેરવાની માબાપની ફરજ નથી ?

**ઉત્તર :** આટલા નાના પુત્ર–પુત્રીઓને સાથે લઈને, દીક્ષા લીધાના દાખલા પણ જૈનશાસનમાં હજારો બન્યા છે. અને આરાધના કરી તરી ગયાના પણ દાખલા સંખ્યાતીત મળે છે. અને આની આગલી કથામાં જ ધનશર્મા બાળમુનિરાજની આરાધના આપણે જોઈ પણ ગયા છીએ.

**માતાપિતાની ફરજનો વિચાર કરીએ તોપણ, ફરજનો અર્થ પોતાનાં સંતાનોનું ભલું ચિંતવવું, ભલું કરવું એ જ થાય છે. જો ભલું વિચારવું અને ભલું આચરવું આવો પક્ષ લઈએ તો, દત્તશેઠે પુત્રનું ભલું કર્યું છે; માત્ર પૈસાદાર બનાવવો કે, પરણાવવો, આવી વાતોને ફરજ તરીકે લેખાય તો? ઘણા માતાપિતાએ દીકરા–દીકરીઓ પરણાવ્યાં. પૈસા પણ સોંપ્યાં. પરંતુ દીકરા–દીકરીઓ સુખી જ થયાં, એવો એકધારો અનુભવ, જણાતો નથી.**

પ્રજાપાલ રાજાએ, મયણાસુંદરીની મોટી બહેન સુરસુન્દરીને, સારા રાજકુમાર સાથે પરણાવી હોવા છતાં, તે બિચારી નટના કુલોમાં વેચાણી, નાચ–ગાન કર્યા. અને મયણાસુંદરીને કોઢિયાને પરણાવી તોપણ, મોટી ઋદ્ધિ–સિદ્ધિને પામ્યાં. ધર્મની આરાધના પામ્યાં. મોક્ષની નજીક થતાં ગયાં.

માતાપિતાઓએ સંસારના લાડકોડ પૂરા કર્યાના, પુત્રોને મોટા ધનમાલ સોંપીને મરવાના, દીકરીઓને સારા ઘર અને સારા વર સાથે પરણાવવાના, દાખલાથી આખો સંસાર અને ભૂતકાળ તેમજ વર્તમાનકાળ ભર્યા પડ્યા છે. આજે પણ આખું જગત, પોતાના પુત્ર–પુત્રીઓના ભલા માટે ધર્મ કરી શકતા નથી. પરમાર્થ કરી શકતા નથી. ઉપકાર કરી શકતા નથી.

હજારોમાંથી વખતે એકાદ આત્મા, પરલોક સુધારવા તૈયાર થાય છે. ત્યાં પણ માતા–પિતા અને હિતૈષી મનુષ્યોની અનિવાર્ય ફરજ છે. અને તેવા આરાધનોજ, આત્માનો અભ્યુદય પ્રકટ કરાવનાર બને છે.

**પ્રશ્ન** : આપણી આસપાસના પત્ની, પરિવાર, સમાજ, સગાવહાલાં આ બધાંઓ પ્રત્યે આપણી ફરજ શું રહેલી છે. આ કર્તવ્ય પહેલું કે? આ બધાને વગડા વચ્ચે મૂકીને પરલોક સુધારવા ચાલતા થવું, બાલબચ્ચાં–બૈરીને રખડતાં મૂકી બાવા બની જવું તે પહેલું?

**ઉત્તર** : બાવા બનવાની વાત અને આત્મકલ્યાણનો માર્ગ જુદી વસ્તુ છે. બાવા બનવા છતાં પણ, વાસનાઓનો વળગાડ છૂટયો ન હોય, એવાઓની અહીં વાત જ નથી. અહીં તો આત્માનો, જીવનના નિર્વાહમાં, હું અને મારાપણામાં અનંતોકાળ બગડ્યો છે. આવું જેને ભાન થાય, તેવા સ્ફટિક જેવા નિર્મળ આત્માને પહેલો પરલોક જ વિચારવાનો હોય છે. દત્તશેઠ અને ભદ્રા શેઠાણીએ, પોતાનું આત્મશ્રેય સાધવા સાથે, પુત્રનું પણ સધાયું છે એ આપણે અહીં જાણી શકીશું.

મુનિશ્રી અર્હન્નક, (અરણીક મુનિવર) શેઠાણીના હાવભાવ ભરેલાં વચનોમાં, અંજાઈ ગયા. અને મુનિવેશને ઉતારી નાખ્યો. અને શેઠાણી સાથે બધી પ્રકારની છૂટથી, ઘરના માલિક પેઠે રહેવા લાગ્યા.

હવે આ બાજુ અરણીક મુનિરાજ (સંસ્કૃતમાં અર્હન્નક શબ્દ છે.) વહોરવા ગએલા, વસતિમાં પાછા ન ફરવાથી, સમુદાયના વડીલ મુનિરાજે, પોતાના સાધુઓને, ઠામ ઠામ તપાસ કરવા મોકલ્યા. શ્રાવક સંઘમાં ખબર પડવાથી, આખા શહેરમાં બધી બાજુ તપાસ કરાવી, પરંતુ અરણીક મુનિનો પત્તો લાગ્યો નહીં. અને પત્તો લાગે પણ શી રીતે? કોઈ વ્યક્તિ કોઈના ઘરમાં છુપાઈ જાય, અથવા કોઈ માણસ પોતાના ઘરમાં કોઈને છુપાવી દે, તેનો પત્તો લાગે પણ કેવી રીતે?

જ્યારે અરણીક મુનિની હયાતીના સમાચાર મળ્યા જ નહીં, અને સાધુ ખોવાઈ ગયા, એમ જ્યારે નક્કી થયું, ત્યારે લાગતાવળગતા આજુબાજુના સંઘોમાં, ખબર પહોંચાડવામાં આવી. અને પછી કર્ણોપકર્ણ આવાત, અરણીક મુનિની માતા ભદ્રા સાધ્વીજીને પણ પહોંચી ગઈ. સમાચાર સાંભળવાની સાથે, સાધ્વીને મોટો આઘાત થયો. જમીન ઉપર પટકાઈ ગયાં. મૂર્છા આવી ગઇ.

પાસેનાં સાધ્વીઓના ઉપચારથી સાધ્વી બેઠા થયાં, પણ ખૂબ રોયાં, અને બોલવા લાગ્યાં: હું મારા અરણીકની, સાચી શોધ કર્યા વગર જપીશ નહીં. સાધ્વી અને શ્રાવિકા-વર્ગે ખૂબજ વાર્યાં. પણ કોઈનાં વાર્યાં અટકયાં નહીં. અને એકાએક જે ગામમાં અરણીક મુનિ ખોવાયા છે, ત્યાંની વાટે પડ્યાં. ભૂખ્યાં-તરસ્યાં અને વિસામો લીધા વગર, સાધ્વી પ્રસ્તુત નગરમાં આવી પહોંચ્યાં.

પુત્ર વાત્સલ્ય કેવું કરી નાખે છે? અત્યાર સુધી સાવધાન પણ હવે, અરણીકની શોધ કરવામાં થોડે થોડે મગજનો કાબૂ ખસવા લાગ્યો હતો. માણસને એક જ વસ્તુ પ્રાણઘાતક બને છે. તેવી એક સાથે મુસાફરીનો પરિશ્રમ, ક્ષુધા, તૃષા, અને શોક, ચાર ભેગાં થયા હોય ત્યાં પૂછવું જ શું?

એટલે અરણીક મુનિવરનાં માતા, શ્રીમતી **ભદ્રા સાધ્વી**, ઠામ ઠામ લોકોને પૂછવા લાગ્યાં. અરણીક સાધુને તમે જોયા છે? મારા અરણીકને તમે ઓળખો છો? ઓ અરણીક? ઓ અરણીક? ઓ-દીકરા અરણીક? કયાં ગયો અરણીક? બજારમાં, ગલીઓમાં, ઘરોમાં, ઘૂસી ઘૂસીને, અરણીક મુનિવરની શોધમાં, **ભૂખથી, તરસથી, થાકથી, શોકથી,** સાધ્વીજીનો મગજનો કાબૂ જતો રહ્યો. અને પછી તો ચારે બાજુથી, ગાંડી સાધ્વી તરીકે, લોકોનાં ટોળાં વિંટળાઈ ગયાં.

રાત કે દા'ડો સાધ્વી બેસતી નથી, ખાતી નથી, પીતી નથી, અરણીક અરણીક; મારો અરણીક બોલ્યા કરે છે, અને ફર્યા કરે છે. મને મારો પુત્ર બતાવો? આ સાધ્વીની, આવી દશા પણ ગામમાં વાયુવેગે ફેલાઈ ગઈ. એક બાજુ થોડા દિવસો અગાઉ સાધુ (અરણીક મુનિવર) ખોવાઈ ગયાનું વર્ણન પણ, હજી લોકની જીભોમાંથી ભુલાયું નથી. ત્યાં આ તેજ સાધુજીનાં માતાની, આવી કારમી, ચીસો, પોકારો પણ ઉત્તમ આત્માઓના હૃદયને, વલોવી નાખતી હતી.

એટલામાં ભવિતવ્યતાના યોગે, માણસોનો મોટો કોલાહલ સાંભળીને, દેવો જેવા સુખમાં ડૂબી ગયેલો, **અરણીક ઝરુખામાં આવીને**, જોવા લાગ્યો. જુએ છે તો એક ગાંડી સાધ્વી, અને તેની ચારેબાજુ સેંકડો છોકરાંઓ, અને માણસોનાં ટોળાં લાગ્યાં છે. ત્યાં કેટલાક ભાવિકો સાધ્વીજીને સમજાવે છે, માજી! આટલા બધા ચોવીહાર ઉપવાસનું પારણું કરો. આપણે અરણીકમુનિને જરૂર, શોધી કાઢીશું.

કોઈ કહે છે : આટલા બધા દિવસો અને મહિનાઓ થયા, સાધુઓએ અને શ્રાવકોએ, શોધ કરવામાં કમીના રાખી નથી. અરણીકમુનિવર જીવતા હોય તો, જડ્યા વગર રહે ભલા? જરૂર કોઈ અધમ મનુષ્યના પંજામાં ફસાઈ ગયા હશે. એક રતન જેવો સાધુ ખોવાઈ ગયો. વળી, તમે આવાં સાચા મોતીની માળા જેવાં સાધ્વીજી, ખાશો નહીં, પીશો નહીં, જંપીને બેસસો નહિ તો, પરિણામ શું આવશે?

અરણીકે ઝરુખામાં ઉભા ઉભા આ દૃશ્ય જોયું, સાધ્વીજીને જોયાં, માણસોનાં ટોળાં જોયાં. લોકો સાધ્વીજીને સમજાવી રહ્યા છે તે જોયું. અને છેલ્લા સાધ્વીજીના અવાજો સાંભળ્યા. મારો અરણીક મને લાવી આપો તો જ હું આહારપાણી વાપરીશ, નહિતર મારું જીવતર મને પોતાને શંકાશીલ બનાવે છે. આ શબ્દો સાંભળતાં અરણીકકુમારના હૃદયમાં, ધબકારા થવા લાગ્યા.

અફસોસ! **આ સાધ્વીજી એ તો મારી પોતાની** જન્મદાત્રી માતા છે. જેણે મને, નવ માસ ઉદરે ધર્યો, જન્મ આપ્યો, મારાં મળમૂતર ધોયાં. મેં અપવિત્ર મળમૂતરથી, સેંકડો નહીં હજારોવાર જેનાં વસ્ત્રો અપવિત્ર બનાવ્યાં, જે માતાએ સ્વયં દુખ ભોગવી મને સુખ આપ્યું, જેણે મને ગોદમાં સુવાડ્યો, ખંધ ઉપર ઉંચક્યો, મારા માટે જેણીએ હજારો દુખો પણ આનંદથી ભોગવ્યાં, તેજ હું અધમપુત્રના આવા અધમ આચારથી, મારું હિત ઇચ્છનારી માતાની આવી દશા? મને હજારોવાર ધિક્કાર છે. આજે કેટલાય દિવસોથી મારી શોધ માટે, મારી માતા ક્ષુધા અને તૃષાને, ભોગવી રહ્યાં છે. કેટલાય દિવસોથી, દિવસ ને રાત વનોમાં, શહેરમાં, ગલીઓમાં, બજારોમાં, મારી શોધ માટે, ભટકી રહ્યાં છે. સુખ, શાંતિ, વિશામાને તિલાંજલિ અપાણી છે.

**व्यूढोगर्भः प्रसवसमये सोढ मत्युग्रशूलं । पथ्याहारैः स्नपनविधिभिः स्तन्यपानप्रयत्नैः ।**
**विष्टामूत्रप्रभृतिमलिनैः कष्टमासाद्यमूरि । त्रातः पुत्रः कथमपि यया स्तूयते सैव माता ॥ १ ॥**

અર્થ ઉપર ભાવાર્થમાં આવી ગયો છે.

માતા અને પુત્રોના સગપણમાં લાભાલાભની સગવડ :

**माता पशूनां सुत्तसतयैव, धनार्जनैस्तुष्यति मध्यमानां ।**
**वीरावदातैः पुनरुत्तमानां, लोकोतमानां चरणैः पवित्रैः ॥ १ ॥**

માતાઓ ચાર પ્રકારના પુત્રોને જન્મ આપે છે. એક માતા પશુ જેવી ગણાય છે. અથવા

પશુ સમાન છોકરાઓને જન્મ આપીને પણ રાજી થાય છે. તે બચ્ચાં હોય ત્યાં સુધી, માતાને ધાવે છે, વળગે છે, ભેટે છે, લાડ-ગેલ કરે છે. કૂતરી વગેરે માતાઓ પણ પોતાનાં બચ્ચાંઓને ચાટે છે, શિકાર કરીને, પણ બચ્ચાને મોટાં કરે છે. કૂતરી, બિલાડી, સમડી, કાગડી, ચકલી, સિંહણ, વાઘણ, દીપડી, શીયાલ વગેરે પશુજાતિની માતાઓ, પોતાનાં બાળકોને ઉછેરવા, સેંકડો-હજારો જીવોના પ્રાણોનો નાશ કરીને પણ, પોતાને માતા તરીકે આનંદ અનુભવે છે, પરંતુ મોટા થયેલા તે પુત્રો તરફથી, તે પશુમાતાને કશો જ ફાયદો નથી. બાળકોના પોષણ માટે "પરપ્રાણોનો નાશ-હિંસા" આ, હિંસાજન્ય પાપ તે તો એ અભાગણી માતાને ખાતેજ ઉધર્યું. આવી માતાઓના ભવો પણ આપણા જીવે અનંતીવાર કર્યા.

**બીજી માતા**, પોતાનાં બાળકો કમાતા થયા જોઈ, આનંદ પામે છે. દીકરો સારું કમાય છે, દીકરો લક્ષાધિપતિ થયો છે. **દીકરાની દુકાનોના દીવા દેખી, માતા દીવાની બને છે.** દીકરો અધિકારી થયો, અનેકોનો ઉપરી થયો, મારો દીકરો સુખી છે. પાંચપચીસમાં પૂછાય તેવો છે. પરંતુ ઘેલી માતા એટલું વિચારતી નથી, તને શું લાભ ? તને માત્ર મજૂરણનું પેટિયું કે બીજું કાંઈ ?

ઉષ્ટ્રી, ઘોડી, રાસભી, નિત્ય ઉપાડે ભાર ।
પુત્રો પાસે હોય પણ, ખાય ડફણાંનો માર. ॥ ૧ ॥

પુત્રો સહાય કરે નહીં, માતા ભલે કુટાય ।
તોપણ માત અભાગણી, પુત્ર જણી હરખાય. ॥ ૨ ॥

આવી પામર માણસોની માતાઓ આજે પણ ન ગણી શકાય તેટલી દેખાય છે. કારણ કે **અધમ-છોકરાઓ "आदारलाभाच्च नराधमानां"** લગ્ન ન થાય ત્યાં સુધી માતાપિતા સાથે રહે છે. **અને પિતાની કમાઇ તથા માતાની રસોઇ જમે છે.** પરંતુ લગ્ન થયા પછી તુરતજ, માતાપિતાને નવગજના નમસ્કાર કરીને, ગામાન્તર કે સ્થાનાન્તર થઈ જાય છે. માતાપિતાનો ઉપકાર ભૂલનારા અધમ લેખાય છે.

કમાઈ જમિયો બાપની, રસોઈ જમિયો માય.
પણ પરણીને પામરો, જલદી જુદા થાય.

નાની ઉંમરમાં બાળકોના પિતા પરલોક સીધાવ્યા હોય, ખાવા પીવાનાં સાધનો ન હોય, તોપણ માતા બિચારી, પારકી નોકરી વગેરે, કુળને શોભતી મજૂરી કરીને, પોતાનું શીલ અને ધર્મ સાચવીને, છોકરાં ઉછેરવા, રાતદિવસ જંપીને, બેસતી નથી. પૂર્ણ નિદ્રા પણ પામતી નથી. સામાયિક પ્રતિક્રમ-પૌષધ-પૂજા કરી શકતી નથી, વ્યાખ્યાન સાંભળી શકતી નથી. છતાં મોટા થવા પછી **અધમ છોકરાઓ-નવાં પધારેલાં, પત્નીદેવીના**

**પરવશ બનીને,** માતાનો ઉપકાર ભૂલી જાય છે. **માતાને જુદી રાખે છે. ખર્ચાં પણ આપતા નથી.** આપે તે પણ અનાદરપૂર્ણ !

**ત્રીજીમાતા,** આર્યરક્ષિતની માતા **રુદ્રસોમા,** ગાંગેયની માતા ગંગા, પાંડવોની માતા કુંતી, અભયકુમારની માતા **નંદા,** શાલિભદ્ર શેઠની માતા ભદ્રા, પાદલિપ્તસૂરિનાં માતા **પ્રતિમાણા** વસ્તુપાલ-તેજપાલની માતા **કુમારદેવી.** આવી માતાઓ, પોતાના પુત્રોનાં વીર પુરુષોને શોભે તેવા અવદાતો – ગુણો જીવનચરિત્રો સાંભળીને ખુશી થાય છે, આનંદ પામે છે. શાસ્રો અને ઇતિહાસમાં અમર બને છે.

**ચોથી માતા,** ગજસુકુમારની માતા **દેવકીદેવી.** અતિમુક્તકુમારની માતા **અઇમત્તારાણી.** થાવચ્ચાપુત્રની માતા **થાવચ્ચાશેઠાણી.** અનિકાપુત્રની માતા **અનિકાદેવી.** બલસિરીકુમારની માતા **મૃગાદેવી. ધન્નાજીની માતા ભદ્રાશેઠાણી.** વજ્રકુમારનાં માતા **સુનંદાદેવી.** આ બધી માતાઓ પોતાના પુત્રોનાં ઉજ્જ્વળ-નિર્મળ ચારિત્ર જોઈને, સાંભળીને રાજી થાય છે, જગતમાં યશને પામે છે. લોકો પણ કહે છે, તેની માતાને પણ ધન્યવાદ.

પુત્રોનાં ઉજ્જવલ આચરણોથી માતા પણ જગતની પૂજ્ય માતા બની છે. શ્રી જિનેશ્વરદેવોની માતાઓ.

"પ્રભુ માતા તું જગતની માતા, જગદીપકની ધરનારી."

ત્રણે જગતમાં ગવાયાં છે, પૂજાયાં છે, સ્તવાયાં છે. **હે રત્નકુક્ષિધારિકે ! હે રત્નદીપિકે !** આવાં આવાં બિરુદો પામ્યાં છે. એટલુંજ નહીં એ જગતના પ્રાણીમાત્રના પરમ દયાળુ પ્રભુજીની માતાની, પ્રભુજન્મ વખતે સૂતિક્રિયા કરવા માટે પણ મહાઋદ્ધિસંપન્ના છપ્પન્નદિક્કુમારિકાઓ ( દેવીઓ ) આવે છે.

આવા મહા ગુણનિધાન પુરુષોની માતાઓ, પુત્રોના પુણ્યોદયથી, કેટલું ગૌરવ પામે છે. જ્યારે મારા જેવા અધમ કોટના દીકરાના જ પ્રતાપે, માતા ગાંડી બની ગઈ છે, ચારિત્રના આચારો ખોવાઈ ગયા છે. ઓઘા મુહપત્તિનું ભાન નથી. રાતદિવસનું ભાન નથી. અષ્ટ પ્રવચન-માતાનું ભાન નથી. ક્ષુધા. તૃષાનું ભાન નથી. જગતના પૂજ્ય મટીને, દુર્જનોનું બાળકોનું તેમજ કુતૂહલી લોકોના કુતૂહલનું રમકડું બન્યાં છે.

જો મારા જેવો અધમ આત્મા, આ મહાસતીના પુત્રપણે, અવતર્યો જ ન હોત તો, આ મહાસતીની આવી દશા થાત જ નહીં. માતાને દુખદાયી થનારા, મારા જેવા અધમ મનુષ્યોને હજારો વાર ધિક્કાર થાઓ. ફિટકાર થાઓ. **માતાના દુખનું કારણ બનનારા કે બનેલા-સાચા અર્થમાં દીકરા નથી પણ તે, ઠીકરા જ છે.**

આવી ભાવનામાં અરણીકકુમારની આંખોમાં આંસુ આવવા લાગ્યાં. અને શેઠાણી કે

દાસ–દાસી પરિવારને, જણાવ્યા વિના જ, દાદરાનાં પગથીઆં ઉતરીને, એકદમ દોડતા જઈને, સાધ્વી માતાના પગમાં પડ્યા. અને માતાનું ખોવાઈ ગએલું ભાન ઠેકાણે આવ્યું.

સાધ્વીજીએ, પોતાના વહાલા પુત્રને જોયો. ઓળખ્યો. ગૃહસ્થ વેશમાં, એક ખરેખરા વિલાસીને શોભે તેવા લેબાશમાં, સુશોભિત બનેલા અરણીક પુત્રને જોઈને, સાધ્વીજી મહારાજ તો આભાં જ બની ગયાં. અવાક્ બની ગયાં. થીજી–થંભી ગયાં. અરરરર મારા પુત્રની આવી દશા? ધિક્કાર પડો મારી કુખને? દીકરા? બોલતી બોલતી માતા જમીન ઉપર પટકાઈ ગયા. અને મૂર્ચ્છા આવી ગઈ. મૂર્ચ્છા વળી. બેઠાં થઈ રોવાં લાગ્યાં. આવું હલકી ગતિમાં જવા યોગ્ય, આચરણ મારા પુત્રને શોભે જ નહી.

માતા કહે છે: દીકરા! આ તેં શું કર્યું? તારો મુનિવેશ ક્યાં ગયો? મારા પુત્રને વ્રતત્યાગ શોભે?

**અરણીક**=માતુશ્રી! હું આપનો અધમ પુત્ર છું. મુખ બતાવવું પણ વ્યાજબી નથી. શું કરું? માતાના પ્રેમથી આકર્ષાઈને જ આવ્યો છું. આવું નિંદનીય કાર્ય કરનાર મુખ કેમ બતાવી શકે? મારામાં તરવારની ધાર જેવાં, વીતરાગનાં મહાવ્રતો પાળવાની, લાયકાત નથી.

**માતા**–દીકરા! અત્યારે તરવારની ધાર જેવાં લાગતાં, શ્રી વીતરાગનાં મહાવ્રતો, ભવિષ્યમાં કલ્પવૃક્ષો; ચિન્તામણિ રત્નો, અને કામકુંભોને મેળવી આપવામાં, અપૂર્વ અને અજોડ મિત્રોનું કામ કરનારાં થશે.

અને હમણાં સ્વાદ આપનારાં વિષયનાં સુખો. કિંપાકનાં ફળો જેવાં હોવાથી, ભવિષ્યની ભયંકર દુર્ગતિઓ સર્જનારાં છે. ઉત્તરોત્તર અનંત દુઃખોનું કારણ છે. નરક અને પશુગતિનું મધુરું આકર્ષક ઝેર છે.

અને એક દિવસનું ચારિત્ર પણ સ્વર્ગનાં સુખો આપનારું થાય છે.

**કલિકાલ સર્વજ્ઞ ફરમાવે છે.**

**व्रतेह्येकाहमात्रेपि, न स्वर्गादन्यतो गतिः ॥**

તથા વળી **नैवास्ति राजराजस्य, तत्सुखं नैवदेवराजस्य । यत्सुखमिहैवसाधो–लोकव्यापाररहितस्य ॥**

**અર્થ** : આ સંસારમાં ઉંચામાં ઉંચાં ચક્રવર્તીનાં, અને દેવરાજ ઇન્દ્રનાં સુખો થકી પણ, ચારિત્રના જાણનારા, ચારિત્રમાં સ્વાદ પામનારા અને પરભાવોથી પર રહેનારા મહામુનિરાજોનાં સુખો, ઘણાં જ વધી જાય તેવાં માનવામાં આવે છે.

ચારિત્રના આરાધકોને, પાપવાળાં કે હલકાં કાર્ય કરવાં પડતાં નથી. ચારિત્રના આરાધકોને, દુષ્ટપત્ની, અવિનીત છોકરાઓ, અને કદર વગરના સ્વામી વગેરેની કદર્થનાઓ ભોગવવી પડતી નથી, ચારિત્ર આરાધક સાધુઓને, રાજાઓને, રાજ્યના અધિકારીઓને પ્રણામ કે ખુશામતો કરવી પડતી નથી. આહાર, પાણી, વસ્ત્રો, પાત્રો અને રહેવાના મુકામોને, મેળવવા, સાચવવા, સમારવાની હેરાનગતિ આવતી નથી. વળી શ્રીવીતરાગના મહામુનિરાજો બારે માસ જ્ઞાન ધ્યાનમાં રક્ત બનેલા રહેવાથી, ચૌદપૂર્વ સુધીનું જ્ઞાન પામતા હોવાથી, જીવ-અજીવનાં, પુણ્યપાપનાં, આશ્રવ-સંવર, નિર્જરા, બંધ, મોક્ષનાં કારણો, કાર્યોને સમજી શકે છે.

ત્રણકાળનું લોકાલોકનું દ્રવ્ય-ગુણ-પર્યાયનું ખગોળ-ભૂગોળનું, સ્વર્ગ-નરકનું, મનુષ્યલોકનું, પશુગતિઓનું, સ્વરૂપ જાણવા મળે છે. પાપ-પુણ્યનાં વિપાકો સમજાય છે. જીવોની દયા અને હિંસાનું અતિ સારું, અને અતિ ભયંકર ફળ જાણવા મળે છે. ચારિત્રના આરાધક મહામુનિરાજાને, સમતાના સુખનો સ્વાદ ચાખવા મળે છે. અને ઉત્તરોત્તર મનુષ્યનાં અને દેવગતિનાં સુખો ભોગવી, ચારિત્રની આરાધનાથી મોક્ષ પણ પામી શકાય છે.

જ્ઞાનિઓ ફરમાવે છે કે—

एगदिवसंपि जीवो, पवज्जमुवागओ, अनन्नमणो ।
जइ नविपावइ मुक्खं अवस्स वेमाणिओ होई ॥

**અર્થ** : એકાગ્રચિત્તથી, શ્રી વીતરાગદેવની આજ્ઞામય, ફક્ત એક દિવસ પણ ચારિત્ર આરાધનાર આત્મા, જો મોક્ષ ન પામી શકે તોપણ, અવશ્ય વૈમાનિક દેવ તો થાય છે જ. તથા વળી

सव्वरयणामएहिं विभूसियं, जिणहरेहिं महावलयं ।
जो कारिज्जा समग्गं, तओवि चरणं महिड्ढीअं ॥

**અર્થ** : કોઈપણ અતિ ધનવાન, અથવા ચિન્તામણિ રત્ન જેવી દૈવી વસ્તુ પામેલો આત્મા, સર્વ રત્નોમય જિનાલયો બંધાવીને, આખા જગતને ભરી નાખે; અર્થાત્ ગામડે ગામડે જિનાલયો અને જિનપ્રતિમાઓ થાપે; તેના કરતાં પણ, સંપૂર્ણ જિનાજ્ઞાપાલક સાધુનું ચારિત્ર, વધારે કીમતી છે. જિજ્ઞાના વગરનું ચારિત્ર ફૂટેલી કોડી જેવું છે.

માટે જેણે ત્યાગધર્મનો સ્વાદ ચાખ્યો છે, તેને દેવલોકનાં કે મનુષ્યગતિનાં સુખો લેવાનું મન થાય જ કેમ? તે ત્યાગધર્મને ત્યાગવાની ઇચ્છા જ કેમ થઈ શકે?

અને જેમણે ચારિત્ર લઈને વિરાધ્યું હોય તેમને પાપો કેવાં લાગે છે, તે તમે વિચારો. શાસ્ત્રો ફરમાવે છે કે—

वरं अग्गिम्मि पवेसो, वरं विसुद्धेण कम्मुणा मरणं ।
मा गहियव्वयभंगो, मा जीअं खलिअसीलस्स ॥ १ ॥

**અર્થ** : અતિ ઉત્તમ પ્રકારની અનશનાદ આરાધનાઓ કરીને, અગ્નિમાં બળી મરવું તે સારું છે. અથવા બીજા સારાં નિમિત્તો વડે મરી જવું સારું છે કે, જેના પ્રતાપે જીવ સંસારમાં રખડનારો થાય નહિ. પરંતુ લીધેલાં વ્રતો ભાંગી નાખીને, અથવા માંસાહાર, મદિરાપાન, શિકાર, ચોરી વગેરે અનાચારો સેવીને જીવવું સારું નથી.

વળી શાસ્ત્રો કહે છે કે—

सयसहस्स नारीणं पीट्टं फाडेइ निग्घिणो । सत्तट्ठमासिए गब्भे, तप्फडन्ते निकिन्तइ ॥ १ ॥
ता जस्स जत्तियं सियं, तत्तिअंचेव नवगुणं । एकसित्थीपसंगेण, साहू बन्धिज्ज मेहुणे ॥ २ ॥

**અર્થ** : કોઈ અતિ નિર્દય અધમાધમ માણસ, એકલાખ સ્ત્રીઓનાં, પેટ ચીરીને, તે સ્ત્રીઓના સાત આઠ માસના ગર્ભોને, તડફડતા બહાર કાઢે, અને મારી નાખે. ॥ ૧ ॥ તેનું તે અધમ મનુષ્યને જેટલું પાપ લાગે, તેના થકી પણ એકવાર કોઈ પણ સ્ત્રીસાથે મૈથુન સેવનાર સાધુને, નવગુણું પાપ લાગેછે અર્થાત એકવાર મૈથુન સેવવાથી સાધુને નવલાખ સ્ત્રીઓ અને નવલાખ ગર્ભોના નાશ જેટલું પાપ લાગે છે. તથા વળી

साहुणीए सहस्सगुणं मेहुणेक्कसिसेविए ।
कोडिगुणं, बिइज्जेए, तइण बोहि विणस्सइ ॥ १ ॥

**અર્થ** : અને જો કોઇ અધમ આત્મા સાધુ, સાધ્વી સાથે એક વાર પણ મૈથુન સેવે તો, તેને ઉપર બતાવેલા પાપથી એક હજાર ગુણું પાપ લાગે છે. અને તેજ સાધુ. સાધ્વી-સાથે બીજી વાર મૈથુન સેવે તો, ઉપર બતાવેલા પાપથી એકક્રોડગુણું પાપ વધારે બંધાય છે. અને ત્રીજી વાર મૈથુન સેવવાથી, બોધિબીજ-સમ્યકત્વનો નાશ થાય છે. તથા વળી

आजम्मेणं तु जं पावं बंधिज्ज मच्छवन्धओ । वयभंगं काउमाणस्स, तंचेट्ठगुणं भवे

**અર્થ** : આખી જીંદગીમાં મહા અધમ જીવન જીવનારા, પ્રાયઃ અનુબંધ હિંસામય, જીંદગી બરબાદ કરનારા, હિંસાની ભાવનામાં, રાત-દિવસ પક્ષ-માસ વર્ષો અને સમગ્ર જીવનની પાપમાલી સર્જાવનારા, મચ્છીમારોને, જે પાપ લાગે છે, તેવું પાપ ચારિત્રને ભાંગી નાખવાની ભાવનાવાળાને પણ લાગે છે.

સાધ્વી ભદ્રામાતા અરણીકકુમારને કહે છે, વહાલાપુત્ર ? તને આ દશા શોભતી નથી. કારણ કે પરસ્ત્રીઓ અને વેશ્યાઓને વશ થએલા આત્માઓનું, સર્વસ્વ નાશ પામે છે. પરસ્ત્રીનો પતિ ઘેર આવે ત્યારે તે સ્ત્રીનોઅને જારપુરુષ

બન્નેનો, અથવા જારનો અવશ્ય નાશ થાય છે. પરસ્ત્રી પરવશ થએલા કીચક સો ભાઇ અગ્નિમાં હોમાયા છે. મુંજ રાજાને ઘેર ઘેર ભીખ માંગવી પડી છે. અને છેવટે અકાળ મરણ થયું છે. વણિકપુત્ર લલીતાંગને, રાજાની રાણીએ વિષ્ઠા-મૂત્રના કૂવામાં ફેંકી દીધો હતો. રાજા રાવણ પોતે મર્યો. અને લાખો મનુષ્યો તથા પશુએ કપાઈ ગયાં. અપયશના પોટલા બાંધીને રાવણ જેવા સમકિત પામેલા મહાપુરૂષને ચોથી નરકમાં જવું પડયું.

સાધ્વીજી કહે છે : દીકરા ! હજી સમજી જા અને અવળો માર્ગ ત્યાગ કરી, ચારિત્ર લઈને, મારા આત્માને આનંદ પ્રકટે એવું કરી દેખાડ ! તોજ મારૂં ધર્મધ્યાન વૃદ્ધિ પામશે ! તોજ મારી વિકલતા ચાલી જશે ! જો તું ફરીને ચારિત્ર લઈશ તો તારું અને મારું બંનેનું આહત થતું અટકશે, અને વિરાધના માર્ગથી બચી જવાશે. આવાં બધાં માતાનાં વચનો સાંભળી અરણીકકુમાર વિચારવા લાગ્યા :

**अहो ! मेनिर्विवेकत्वं, अहोमेदुष्कर्मकारिता । यदस्या वचनैस्त्यक्तं, मया मुक्तिप्रदं व्रतं । दुस्सहे व्यसने माता, पातितेयमपीदृशे । स्वात्मा च व्रतभंगेन, भवाब्धौ पातितो हहा ॥**

**અર્થ** : મારા અવિવેકને ધિક્કાર. મારા અત્યંત નિન્દનીય કાર્યને ધિક્કાર. અરે મેં કેટલું ખરાબ કૃત્ય કરી નાખ્યું. એક, પતિવિરહિણી, સ્વચ્છંદચારિણી કુલટાનાં. કિંપાકજેવાં આપાત રમ્ય અને પરિણામ દારુણ-વચનો સાંભળીને, મુક્તિદાયક મહાવ્રતોનો ત્યાગ કર્યો. વળી મારી ઉપકારણી જનનીને આવા મોટા દુખમાં ધકેલી સારું થયું કે મેં માતાના અવાજે ઓળખ્યા. માતાને હું મળ્યો. નહીંતર આવી વ્રતધારિણી-મહાસતી. પુત્ર મોહના ગાંડપણમાં ઘણી દયામણી અવસ્થા ભોગવીને, રાંક નારીના મરણે મરીને, દુર્ગતિમાં ફેંકાઈ જાત. અને મેં પોતે મારા આત્માને પણ સંસાર સમુદ્રમાં પાડી નાખ્યો હોત. મને હજારો વાર ધિક્કાર થાએ !

સ્વસ્થ બનેલી માતાએ અર્હન્નકના બધા સમાચાર પૂછયા. અરણીકે પણ પોતાની બધી વાત સંભળાવી. માતાને વારંવાર નમસ્કાર કર્યા. આવા ઉપકારનો અતિપ્રમાણ આભાર માન્યો. પોતાની બધી નબળાઈ જણાવી. માતા કહે છે દીકરા ! હજીપણ ફરી વ્રત લઈ લે !

**तुच्छानां मर्त्यसौख्यानां एतेषां हेतवे कृतिन् ?।**
**अनन्तदुःखदा मास्म स्वीकार्षी नेरकव्यथाः ॥ १ ॥**

**અર્થ** : અતિ તુચ્છ એવાં આ મનુષ્યગતિનાં સુખના બદલામાં અનંત દુખ દેનારી નરકની પીડાનો સ્વીકાર કરીશ નહીં.

તથા વળી : **सोख्यं वारिधिवारितोपि विपुलं मुंचंति ये स्वर्गिणां । मूढा गोष्पदवारितोपिलघुनः सोख्य हेतो नृणां ॥**

**અર્થ** : મૂઢ અજ્ઞાની જીવડાઓ ગોષ્પદ જેવા-વીસ તોલા પાણીના ખાબોચિયા જેવા, મનુષ્યગતિના તુચ્છ સુખ માટે, સમુદ્રનાપાણીથી પણ ઘણા મોટા પ્રમાણવાળા, દેવોના સુખોને ફેંકી દે છે. અર્થાત્ ત્યાગ-અને સંયમની આરાધના વડે આત્મા નિયમા સ્વર્ગનાં સુખ મેળવે છે. અને સંયમની વિરાધના કરવાથી આત્મા નરકાદિ કુગતિઓમાં ચાલ્યો જાય છે. વળી કહ્યું છે કે :

**आपदां कथितः पन्था, इन्द्रियाणामसंयमः । तज्जयः संपदां मार्गः यत्श्रेष्ठं तत्रगम्यतां ॥ १ ॥**

**અર્થ** : મનુષ્ય માત્રે, પોતાની પાંચ ઇન્દ્રિયોને કાબૂમાં રાખતાં શીખવું જોઈએ. જીભ્હા વગેરે-ઇન્દ્રિયોને, વશમાં રાખવાથી, માણસ શરીરે સુખી રહે છે, સંપત્તિઓ વધે છે, દુનીઆમાં યશકીર્તિ ફેલાય છે, ઉત્તરોત્તર દેવ-મનુષ્યનાં સુખો ભોગવી, મોક્ષની પ્રાપ્તિ થાય છે. અને ઇન્દ્રિયોનો કાબુ ખોઈ નાખનાર મનુષ્ય, રોગનો ભોગ બને છે. શરીર ક્ષીણ થાય છે. લક્ષ્મી-સંપત્તિ-આબરૂ નાશ પામે છે; અને ઉત્તરોત્તર પશુ-નરકગતિઓનો ભોક્તા બને છે. કોઈ મહાકવિ કહે છે કે :

"મૃગ-પતંગ-અલિ-માચ્છલું રે, કરી એક વિષય પ્રસંગ ।
દુખીયા તે કેમ સુખલહે રે, જસપરવશ એ પંચ."

**દુહાનો અર્થ** : મૃગ-હરિણ માત્ર એક જ શબ્દનારાગના રંગમાં પરવશ બની શિકારીઓનાં બાણો વા બંદૂકની ગોળીનો ભોગ બની પ્રાણો ગુમાવે છે. પતંગ-કુદું દીપકનો મોહ પામીને, તે દીવાના તેજમાં અંજાઈ ને, ત્યાંજ મરણ પામે છે. અહીં ચક્ષુકુશીલ જીવો, સ્ત્રીના રુપમાં પુરુષો, અને પુરુષોના રૂપમાં સ્ત્રીઓ, પતંગની પેઠે પ્રાણના નાશ સુધી પણ પહોંચે છે. તથા ભમરાઓ, પુષ્પના ગંધમાં, પરવશ બની, કમળ વગેરે ફૂલને સૂંઘતા, સૂર્યાસ્ત થતાં, કમળ મીંચાઈ જવાથી બિચારા મરણ પામે છે.

વળી મચ્છીમાર લોકો લોટની ગોળીઓ, અથવા ઝીણા ઝીણા માંસના ટુકડા પાણીમાં વેરે છે. જે ખાવા માટે ખેંચાઈ ને, માછલાં ઉપર આવે છે. અને મચ્છીમારોની જાળમાં ફસાઈ જાય છે, તથા હાથીને પકડનારા અથવા મારી નાખનારા, બનાવટી હાથિણી બનાવે છે. જેને જોઈ હાથી પરવશ બની દોડતો આવે છે. અને શિકારીઓએ ગોઠવેલા પાશલામાં, ફસાઈ ને, જિંદગી સુધી બંધન અથવા મરણનો ભોક્તા થાય છે.

જ્ઞાનિભગવંતો ફરમાવે છે કે જેમ અહીં સ્પર્શ-રૂપ-ગન્ધ-રસ અને શબ્દ એકેક વિષય પરવશ બનેલા, હરિણ વગેરે પશુઓ, બિચારા મરણાંત દુઃખના ભોગવનારા થાય છે

તો પછી પાંચ ઇન્દ્રિયોના તેવીસ વિષયો રૂપ, મદિરામસ્ત જીવોના દુઃખનું તો કહેવું જ શું?

માતાનો ઉપદેશ સાંભળીને અર્હન્નકકુમારનો ઉત્તરઃ

सोऽशंसन्नैन शक्तोस्मि पापोऽहं व्रतपालने ।
ततो वदसिचेन्मातः? करोम्यनशनं तदा ॥ १ ॥

**અર્થ :** અરણીકકુમાર કહે છે હે મારી ઉપકારિણી માતા! હું અધમ આત્મા ચારિત્ર પાળવામાં અસમર્થ છું પરંતુ તમારી આજ્ઞા હોય તો હું અનશન જરૂર કરી શકીશ!

અરણીકનાં આવા ભક્તિભરપૂર વચનો સાંભળી, ખૂબ જ પ્રસન્ન થએલી માતા કહે છે, દીકરા તને ધન્યવાદ છે. મારા પુત્ર તરીકે તને આમ જ કરવું ઘટે છે. આવા માતાનાં પ્રોત્સાહક વચનો સાંભળી, માતાની આજ્ઞા મસ્તક ઉપર ચડાવીને–

ततःस योगं सावद्यं, प्रत्याख्याय महाशयः ।
क्षमयित्वाऽखिलान् जन्तून् निन्दित्वा दुरितं निजं ॥
श्रित्वा चत्वारि शरणा–न्यादायानशनं तथा ।
गत्वा बहिर्दिनेशांशु, ता पितम श्रयच्छिलाम् ॥ २ ॥

**અર્થ** (બે શ્લોકનો ભેગો) અરણિકકુમાર માતાની આજ્ઞા પામ્યા પછી નગરની બહાર જઈને, સર્વસાવદ્ય યોગના પચ્ચખ્ખાણ કરીને, પોતાના દુષ્કૃત્યોની ખૂબ નિંદા કરીને, સર્વ જીવો સાથે ક્ષમાપના કરીને, વળી અરિહંતાદિચારનું શરણ કરીને, અનશન ઉચ્ચરીને, ધર્મધ્યાનમાં તન્મયબનીને, સૂર્યના કિરણોથી ખૂબ જ ઉષ્ણ થએલી, પત્થરની શિલા ઉપર સૂઈ ગયા.

સુકુમાર શરીરવાળા મહાભાગ્યશાળી આત્મા અરણીક મુનિવર, (ભાવસાધુ) માતાની આજ્ઞાથી ઉષ્ણવેદના ભોગવતા, ધર્મધ્યાન તત્પર, નમસ્કાર મહામંત્રના ધ્યાનમાં રહેલા, માખણના પિંડનીપેઠે એક જ મુહૂર્તમાં, આયુષ પૂર્ણ કરી દેવલોકમાં ચાલ્યા ગયા. ઇતિ **ઉત્તરાધ્યયન.**

**પ્રશ્ન** : ચાલુ ભવમાં પણ અરણીક મુનિવરને દેવલોક જેવાં સુખ મળ્યાં હતાં આ વાત તો સાચીને? કેમકે દેવાંગના જેવી પત્ની હતી; છ રસનું ભોજન; દેવવિમાન જેવાં રહેવાનાં, સૂવાનાં, હીંચવાનાં સાધનો, અનેક દાસદાસી પરિવાર, ક્રોડો સંખ્યામાં લક્ષ્મી, આ બધું સાક્ષાત્ છોડાવીને ધગધગતી શિલા ઉપર સુવાની સલાહ આપનાર માતાને પુત્રઘાતનું પાપ લાગે કે નહીં?

**ઉત્તર** : ભાગ્યશાળી? આ પ્રશ્ન તો લોક–વહેવારથી પણ, તદ્દન વિરુદ્ધ છે. અરણીક જે ઘરમાં પેઠા એ ઘર પોતાનું હતું કે બીજાનું હતું?

**પ્રશ્ન** : બાઈએ પોતે રાજી થઈને આપેલું હતું ને?

**ઉત્તર** : બાઈ ઘરની માલિક ગણાતી નથી. પરંતુ ઘરનો, લક્ષ્મીનો અને તે બાળાનો માલિક તો પરદેશ ગયેલો છે. અંધારી રાતમાં કોઈના ઘરમાં, ચોરી કરવા પેસનાર અથવા અનાચારિણી સ્ત્રીના પલંગ ઉપર જઈને બેસનારને, ક્ષણવાર ખાન–પાન–રંગરાગ–ભોગ–સંયોગ મળે પરંતુ તે માણસ પકડાઈ જાય તો, તેના ક્ષણિક સ્વાદનો બદલો કેવો મળે? ચોરનાં કે પારદારિકના ક્ષણિક સુખનાં વખાણ કેમ કરી શકાય?

**પ્રશ્ન** : પરંતુ અરણિક ચોર ક્યાં હતો? તેને તો યુવતીએ નિમંત્રણ આપીને બહુ માનપૂર્વક રાખ્યો હતો ને?

**ઉત્તર** : જગતમાં જેટલી અનાચારિણી સ્ત્રીઓ હોય છે, તેઓ પોતાની વાસનારૂપ મદિરાના કેફમાં ચકચૂર બને છે ત્યારે અલ્પ પણ ભવિષ્યના વિચારો લાવ્યા વિના ક્ષણવારના અધમ સુખને સારુ પોતાનું શરીર અપવિત્ર બનાવે છે. આબરુ અને લક્ષ્મીની બરબાદી સર્જાવે છે. આચાર તથા શીલ મહાગુણને દેશવટો આપે છે. આવી સ્રીના ઘરમાં પેસનાર ચોર કેમ ન ગણાય?

**પ્રશ્ન** : બાઈ પોતે ઘરની માલિકણ ન ગણાય?

**ઉત્તર** : પતિની ગેરહાજરીમાં પતિની મળેલી છૂટ અનુસાર પ્રતિનિધિ તરીકે બાઈ માલિક ગણાય છે. જેમ દુકાનનો મુનિમ પણ અમુક સત્તા ધરાવે છે. રાજ્યના અધિકારીઓને અમુક સત્તા મળે છે. પરંતુ પોતાને મળેલી સત્તાનો દુરૂપયોગ થવો જોઈએ નહીં. પત્ની અનાચાર સેવે, મુનિમ ચોરી કરે, રાજ્યના નોકરો લાંચિયા થાય; આવા બધા દુરૂપયોગ ગણાય છે. આવા ભાન ભૂલેલાઓને સત્તાધીશ કેમ કહેવાય?

પોતાના શીલનું પોષણ કરનારી સતીને, રાજ્યના રક્ષણ માટે મરી ફીટનારા અધિકારીને, અને દુકાનના અભ્યુદય માટે જ જાગતા રહેનાર મુનિમોને, લાંબાગાળે અધિકારો વધે છે. પરંતુ અરણીકને ફસાવનારી બાઈ કુલટા હતી. પતિની ગેરહાજરીનો દુરૂપયોગ કરનારી હતી. જેમ નગરના રક્ષક–કોટવાળ, ગામને કે નગરને લૂંટાવવા ચોરોને આશ્રય આપવાનું કામ કરે અને કાવતરું પકડાઈ જાય તો કોટવાળ અને ચોરો મોટા ગુનાની શિક્ષાના ભાગીદાર બને છે, તેમ–પરદેશ ગયેલા બાઈના સ્વામી અને ઘરના માલિક જ્યારે ઘેર આવે ત્યારે કોટવાળના–સ્થાન ઉપર રહેલી યુવતી (પ્રસ્તુત શેઠની પત્ની) અને તેના લાવવાથી ઘરમાં ઘૂસેલા ચોરનો પાઠ ભજવનાર અરણીકને કેવી ભયંકર દશામાં મુકાવું પડે? આ બાબત સજ્જન આત્માઓને સમજાવવી પડે તેમ ન હોય અને તેથી અરણીકની માતાએ અરણીકને શિખામણ આપીને ચાલુ ભવના અને ભવિષ્યના મહાભયંકર દુખોમાંથી દીકરાને તથા તે યુવતીને બચાવ્યાનો ઉપકાર કર્યો જાણવો.

જનનીનાં વચનો સુણી, અરણીક મહામુનિરાય,
પામી ભાવ સાધુદશા, સ્વર્ગલોકમાં જાય. ૧

અરણીક જેવા પુત્રને, ભદ્રા જેવી માય,
નિકટભવી મહાભાગ્યને, ભવક્ષય કારણ થાય. ૨

## માતાની આજ્ઞાથી જૈનશાસનની પ્રભાવના કરવા દીક્ષા લેનાર મલ્લવાદીસૂરિ.

વીરનિર્વાણથી નવમી શતાબ્દીમાં થએલા મલ્લવાદીસૂરિ જૈનશાસનના મહાપ્રભાવક પુરુષ થયા છે. મલ્લવાદીસૂરિ નામના બે આચાર્ય થયા છે. બંને પ્રસિદ્ધ આચાર્ય ગણાયા છે.

આ સ્થાને આપણે નયચક્રની ટીકાના બનાવનાર, અને બૌદ્ધોને વાદમાં હરાવીને દેશનિકાલ કરાવનાર, તાર્કિક શિરોમણિ પહેલા મલ્લવાદીસૂરિનું દૃષ્ટાન્ત લખાય છે.

વલ્લભીપુરના રાજા શિલાદિત્યની બહેન, અને ભરૂચના રાજાની રાણી, મહાસતી **દુર્લભદેવી**, જૈનચાર્યોનાં વ્યાખ્યાનો સાંભળી વીતરાગ શાસન પામેલી હતી. તેણીને **જિનયશ**, **યક્ષ** અને **મલ્લ** ત્રણ પુત્રો હતા. (ઇતિહાસકારોના મત પ્રમાણે પહેલા મલ્લવાદીને બીજા ભાઈ હતા નહીં. પરંતુ બીજા મલ્લવાદી ત્રણ ભાઈઓ હતા.)

આ પ્રસંગ પહેલા મલ્લવાદીને બંધબેસતો સમજાય છે. દુર્લભદેવી પોતાના દશ–બાર વર્ષના મલ્લ પુત્રને સાથે લઈ વલ્લભીપુર ગયાં હતાં. તે કાલમાં જૈનોને અને બૌદ્ધોને ધર્મના નામે ખૂબ ઘર્ષણ ચાલતું હતું. આ કારણે શિલાદિત્ય રાજાની સભામાં રાજાના સભાપતિત્વ નીચે જૈનાચાર્યો અને બૌદ્ધાચાર્યનો શાસ્ત્રાર્થ થયો હતો. તેમાં જૈનાચાર્યો હારી ગયા.

આ વાદમાં એવી પ્રતિજ્ઞા હતી કે, હારે તેણે સૌરાષ્ટ્રમાંથી વિદાય લેવી. જૈનાચાર્યોની હાર થવાથી, સમગ્ર જૈન સંઘની હારની જાહેરાત થઈ. અને બૌદ્ધોની જિત થવાથી, આપણા રત્નચિંતામણિ જેવા શત્રુંજય, ગિરનાર, પ્રભાસ વગેરે તીર્થો ઉપર પણ બૌદ્ધોની સત્તા લાગુ પડી ગઈ હતી, અને બૌદ્ધોએ પોતાની ચોકીઓ બેસાડી તીર્થોનો કબજો લીધો હતો.

આવી હાર થવાથી, જૈન સંઘમાં હાહાકાર વર્તાઈ ગયો. હજારો નહીં પણ લાખો આસ્તિક શ્રાવક–શ્રાવિકાઓ ઘરમાં બેસીને રડી–રડીને દિવસો વિતાવતાં હતાં. જૈનાચાર્યોને સૌરાષ્ટ્ર છોડી અન્યત્ર જવાની ફરજ પડી હતી, તીર્થો અને ધર્મસ્થાનો નિરાધાર થયાં હતાં, કેટલાક આસ્તિકો ધર્મભ્રષ્ટતાના ભયથી, દેશ છોડી પરદેશ જવા રવાના થવા લાગ્યા હતાં. આ ભયંકર બનાવથી શ્રાવિકા દુર્લભદેવી ખૂબ રડતી હતી.

ત્યારે પોતાના બાળક મલ્લે માતાને રડવાનું કારણ પૂછ્યું.

**માતાનો ઉત્તર :** દીકરા! આપણો ધર્મ અનાદિ અનંત છે. જગતના પ્રાણીમાત્રનો મિત્ર છે. સર્વજ્ઞ ભગવંતોનો પ્રકાશેલો છે. આગમ અને દલીલોથી પણ સિદ્ધ

થયેલો હોવાથી તદ્દન સત્ય છે. આપણા ધર્માચાર્યો પણ ઘણા વિદ્વાન છે. તો પણ ભાવિ ભાવથી આ વખતે, આપણા ગુરુઓ હારી ગયા છે તેથી ધર્મ નિરાધાર બન્યો છે.

**બાળક મલ્લકુમારનો માતાને પ્રશ્ન :** રડવાથી શું ફાયદો? એના માટે ઉદ્યમ કરવો જોઈએ ને?

**માતાનો ઉત્તર :** ભાઈ, હું બાઈ માણસ છું, અને તું બાળક છે. આપણે અશક્ત આત્મા શું કરી શકીએ?

**મલ્લકુમાર કહે છે :** ફરીને જૈનાચાર્યો મળીને, વાદ કરીને, બૌદ્ધોને ન હરાવી શકે? માતા કહે છે : દીકરા! તારી બુદ્ધિ ખૂબ જોરદાર છે. બુદ્ધિના પ્રકર્ષવાળો મનુષ્ય હોય, તેજ આવા દુર્ધર્ષ બૌદ્ધોને જીતી શકે. તારી બુદ્ધિ અને કપાળ બંને તેજદાર છે. જો તું દીક્ષા લે તો, જરૂર બૌદ્ધોને જીતી શકીશ, અને આપણો ખોવાઈ ગયેલો ધર્મ, ધર્મસ્થાનો અને તીર્થોનો પાછો આપણને કબજો પણ મળી જાય. પરદેશ ચાલ્યા ગયેલા ધર્મી આત્માઓ પાછા આવશે. ધર્મથી ભ્રષ્ટ થતા જીવો બચી જશે. આવા બધા ગુણો અને શક્તિ હું તારામાં જોઉં છું. વહાલા પુત્ર! માતાની આશા પૂરવા ભાવના થાય તો, મારું અને લાખો જીવોનું કલ્યાણ કરવા સાથે, તારો સંસાર ટૂંકો થઈ જશે. દુર્લભદેવી વાતો કરતી વચમાં, વચમાં, રડતી હતી. પોતાની વાત્સલ્યવતી માતાનાં અર્થપૂર્ણ વર્ણનો સાંભળી, મલ્લકુમારમાં એકદમ શૂરતાનો પ્રકાશ થયો, અને માતાને કહેવા લાગ્યો, "જો મારી જન્મદાત્રી માતાને, હું શ્રીજૈનશાસનની પ્રભાવના કરી શકું એવો વિશ્વાસ આવતો હોયતો, હમણાં જ હું માતાના આશીર્વાદ વધાવી લેવા અને જૈનશાસનનો ઉદ્ધાર કરવા તૈયાર છું."

માતા દુર્લભદેવીને ઘણી નવાઈ લાગી. પોતાની કલ્પના સાચી નીકળી. બાર વર્ષના બાળકમાં આવેલી શૂરતાપૂર્વક શાસનસેવાની ભાવના સાંભળી ઘણી આનંદ પામી. પોતાના વહાલા પુત્રના મસ્તક ઉપર હાથ ફેરવીને બોલી, વહાલા પુત્ર! તું આપણા શાસનનો ચોક્કસ ઉદ્ધાર કરી શકશે, એમ મારો આત્મા સાક્ષી પૂરે છે. કારણ કે તારા શરીરમાં, હાથપગના તળિયામાં દેખાતાં લક્ષણો, તારામાં છુપાઈને બેઠેલી શક્તિ અને સરસ્વતીની સૂચનાઓનાં પ્રતીક જેવાં લાગે છે.

માતાનું પ્રોત્સાહન પામીને, અને આશીર્વાદ મેળવીને, પોતાના સગા, જિનાનંદ સૂરિમહારાજ પાસે મલ્લકુમારે દીક્ષા લીધી. એકવાર ગુરુ મહારાજની ગેરહાજરીમાં, પૂર્વગત શ્રુતમય, નયચક્રગ્રન્થનું પુસ્તક છોડીને વાંચવું શરૂ કર્યું. ફક્ત પહેલી કારિકા (શ્લોક કે ગાથા) વાંચીને વિચારી છે, તેટલામાં શ્રુતદેવતાએ (અદૃશ્ય રહીને) પુસ્તક હાથમાંથી ખેંચી લીધું.

મલ્લમુનિ ખૂબ રોયા. છેવટે ગિરિખંડલ નામના પર્વતની ગુફામાં રહીને, ચારમાસ છઠના પારણે લુખા વાલ વાપરીને, તથા બે માસ છઠના પારણે વિગઈ વાપરીને, શ્રુતદેવીની

આરાધના કરી. શ્રુતદેવી તૃષ્ટ થયાં. શ્રુતદેવીએ મૂળ ગ્રન્થ ન આપ્યો. પરંતુ તેમણે વાંચેલી કારિકા ઉપરથી નવીન નયચક્ર બનાવવા વચન આપ્યું. નવો ગ્રન્થ બનાવ્યો. સૂરિપદ મળ્યું.

વલ્લભી અથવા ભરૂચમાં જઈ રાજાની સભામાં શાસ્ત્રાર્થ શરૂ કર્યો. બૌદ્ધોના મોટા મોટા ધર્મગુરુઓ આવ્યા. તેમાં બૌદ્ધાનંદ મુખ્ય હતો. વાદમાં બૌદ્ધો હાર્યા, મલ્લસૂરિની જિત થઈ, હારેલા બૌદ્ધાનંદ મરીને વ્યંતર થયો, અને તેણે જૈનસંઘને ઉપદ્રવો કર્યા. મલ્લસૂરિએ મહાબળવાન બૌદ્ધોને હરાવ્યા તેથી મલ્લવાદીસૂરિ તરીકે પ્રસિદ્ધિ પામ્યા અને આખી જિંદગી શાસન પ્રભાવના અને આરાધના કરીને સ્વર્ગવાસી થયા.

## ઇતિ માતાની આજ્ઞાધારક મલ્લવાદી સૂરિકથા સંપૂર્ણ થઈ.

## વળી એક પિતાની આજ્ઞા પાળનાર મહાપુરુષથી કથા લખાય છે.

માલવદેશની ધારાનગરીમાં, લક્ષ્મીધર નામનો ગર્ભશ્રીમાન બ્રાહ્મણ રહેતો હતો. તેના ઘરમાં પૂર્વજોએ જમીનમાં દાટેલું ધન, ઘણાં વર્ષોથી તપાસવા છતાં મળતું ન હતું. ઘણી જગ્યાએ ખોદવા છતાં, દ્રવ્ય પ્રાપ્તિ થઈ નહીં. તેથી કોઈ વિદ્વાન પુરુષ નગરમાં આવે ત્યારે લક્ષ્મીધર ધન પામવાની આશાએ તેની પાસે જતો હતો, અને પ્રસંગ પામીને પોતાના નિધાન સ્થાનની વાત પૂછતો હતો. પરંતુ અત્યાર સુધી તેને સફળતા મળી નહીં.

એકવાર વર્ધમાન સૂરિમહારાજ (૧૦૮૮માં વિદ્યમાન હતા)ના શિષ્ય સર્વ વિદ્યાના પારગામી જિનેશ્વરસૂરિ મહારાજ ધારાનગરીમાં પધાર્યા, અને લક્ષ્મીધર પણ સૂરિમહારાજ પાસે ગયો. ત્યારે તેના બે પુત્રો સાથે જ હતા. સૂરિમહારાજે બન્ને પુત્રોને જોયા. અને વિચાર કર્યો કે એક ચિંતામણિ રત્ન છે, અને બીજો કોસ્તુભ મણિ જેવો છે.

લક્ષ્મીધરે પોતાના ખોવાઈ ગયેલા નિધાનની વાત પૂછી. સૂરિમહારાજે જ્ઞાનથી તેના ઘરમાં દાટેલું નિધાનનું સ્થાન જાણી લીધું. અને કહ્યું, અમે તો નિર્ગ્રન્થ સાધુ છીએ. અમે ધનને રાખવું, રખાવવું અને અનુમોદવું, ત્રિવિધ ત્યાગ કર્યું છે. કોઈને ધન બતાવવું તે પણ અમારા વ્રતને દોષિત ઠરાવે છે. તો પણ દોષ થકી ગુણો વધી જાય. ખર્ચ કરતાં અનેક ગુણી આવક થતી હોય તો, પંડિત પુરુષો પણ લોભાઈ જાય છે કહ્યું છે કે :—

"વ્યય, આવકને તોલતાં, આવક બહુ દેખાય,
ત્યાંગી પંડિત વિબુધ જન, વખતે ત્યાં લોભાય."

માટે તમે જો તમારા અતિ વહાલા ધનમાંથી, અમને અર્ધો ભાગ આપો તો, અમે ધન બતાવીએ. લક્ષ્મીધર બ્રાહ્મણે જૈનાચાર્યની વાત મંજૂર રાખી. આચાર્ય ભગવંતે ધનનિધાનનું સ્થાન બતાવ્યું અને અતિ અલ્પ પ્રયાસથી ધન મળી ગયું. નિર્ધન બ્રાહ્મણ મોટો ધનવાન થઈ ગયો.

લક્ષ્મીધર પંડિતજી આચાર્ય ભગવાન પાસે ગયા. ધનનિધાન જડી જવાની વાત જણાવી. પોતાનો હર્ષ વ્યક્ત કર્યો. આચાર્ય ભગવંતના જ્ઞાનની ઘણી પ્રશંસા કરી, અને હાથ જોડીને બોલ્યો ભગવન્! આપશ્રીએ અમારા કુટુંબ ઉપર ખૂબ ખૂબ ઉપકાર કર્યા છે. અમે નિર્ધન દશાથી ઘણા જ કંટાળી ગયા હતા. આપના અનુગ્રહથી અમારી બધી મુશ્કેલીઓ દૂર થઈ છે.

માટે આપ અમારા ઘેર પધારો અને નીકળેલા સુવર્ણમાંથી આપનો અર્ધ ભાગ લઈને અમને દેવામાંથી મુક્ત બનાવો. આચાર્ય ભગવાન કહે છે, ભાઈ! અમે ધનને અડીએ પણ નહીં. જૈન મુનિરાજોને, ધનને અડકવું તે પણ મહાદૂષણ છે. તો પછી પાસે તો રખાય જ કેમ? કહ્યું છે :—

"કનક મહોરકે રૂપિયો, અથવા પૈસો પાય,
નાણું સર્વ પ્રકારનું, રાખે નહીં મુનિરાય."

"આગમમાં મુનિને કહ્યા, કુક્ષિ શંબલવંત,
વસ્તુ મૂર્ચ્છા ત્યાગથી, થાય સિદ્ધ ભગવંત."

આ વાત અમે તમોને ધન બતાવ્યા પહેલાં પણ બરાબર સંભળાવી હતી. માટે અમે આ જડ દ્રવ્યના ભાગની ઇચ્છાવાળા નથી. પરંતુ તમારા બે પુત્રોમાંથી એક લેવાની ઇચ્છા છે.

ભાઈશ્રી ! અમને તમારા પુત્રની ઇચ્છા કેમ થઈ ? તે પણ સાંભળો. જેમ તમારા ઘરમાં અજાણ્યા સ્થાનમાં ઘણા વખતનું દટાયેલું નિધાન અમે અમારા જ્ઞાનથી જાણીને તમને બતાવ્યું હતું, તેમ તમારા બે પુત્રોને અમે સાક્ષાત્ જોયા હતા. અને તેમના આત્મામાં નિધાનની જેમ શરીરના અવયવો જોવાથી, સાક્ષાત્ દેખાતા જ્ઞાનાદિ ગુણોને, પ્રકટ કરાવવા અમે માગણી કરી છે.

તમારા પુત્રો બુદ્ધિશાળી છે. જેમ ઝવેરીના સમાગમથી હીરાને સંસ્કાર મળે તેમ, અમારા સંસ્કારો મળવાથી, જગતના પ્રાણીમાત્રમાં ઠાંસીઠાંસીને ભરાયેલાં હિંસા, અસત્ય, ચોરી, મૈથુન અને માયા–મમતા જેવાં પાપો છોડી દેશે. બીજા હજારોને પોતાના જેવા બનાવશે. પોતે સ્વયં સંસારસાગરને તરશે, અને બીજાઓને તારશે. તમે રાજીખુશીથી તમારા પુત્રો, બેમાંથી એક અમને આપવા ઉદાર બનો અને તે છોકરો અમારી પાસે અર્પણભાવે આવવા ખુશી હોય, તો વહોરાવો, નહીંતર ભવોભવ તમારું કલ્યાણ થાવનો આશીર્વાદ આપી અમે વિદાય લેશું.

**પ્રશ્ન** : વીતરાગના સાધુઓને, આવા ઉપકારની અદલાબદલી જેવાં, સાટાં કરવાં ઉચિત ગણાય ?

**ઉત્તર** : શાસ્ત્રોના સંપૂર્ણ જ્ઞાની, બાહ્ય–અભ્યંતર પરિગ્રહથી મુક્ત થયેલા, ઉત્સર્ગ અપવાદ, લાભ અલાભના નિચોડને સમજેલા, ગીતાર્થ ભાવાચાર્યો, જે કરે તે તેમને માટે નિર્જરાનું કારણ થાય. પરંતુ અમારા જેવા અલ્પજ્ઞ અને અપૂર્ણ જીવોએ, અનુકરણ કરાય નહીં.

જેમ કોઈ ઔષધિઓના કલ્પોનો અને શરીરશાસ્ત્રનો પારગામી, રોગોના નિદાનમાં નિષ્ણાત વૈદ્ય, પાંચ તોલા સોમલ કે કાલકૂટ ખાય તોપણ, તેને નુકસાન થાય નહીં, પાચન થાય અને ઉપરથી શરીરનાં અવયવોને તાકાદવાળા બનાવે. વૈદ્યના વિષભક્ષણનું આપણા જેવા અજ્ઞાની માણસો અડપલું કરી બેસે તો, પ્રાણ ગુમાવે, અને મૂર્ખ બની જાય.

એટલા માટે શાસ્ત્રો કહે છે કે :

**"जे आसव्वा ते परिसव्वा, परिसव्वा ते आसव्वा."**

**અર્થ** : જ્ઞાની પુરુષોને દેખાતું આશ્રવનું કારણ પણ પરિણામે સંવરનું કારણ થાય છે,અને અજ્ઞાની માણસની સંવરની ક્રિયા પણ પરિણામે આશ્રવનું જ કારણ થાય છે.

જેમ મુંબઈ, કલકત્તા, અમદાવાદ કે મદ્રાસ જેવા કમાણીના શહેરમાં, મહીને પાંચસો કે હજાર રૂપિયાના ભાડાની દુકાન વસાવે; પોતે મહાબુદ્ધિશાળી હોય, સાથે લક્ષ્મી–પરિવાર, સ્નેહીઓ અને અનુભવ જ્ઞાન હોય તેવા માણસો. બમણું, ચારગણું, દશગણું કમાય છે. ત્યાં ભાડાની કિંમત ઘડામાં ખપી જાય છે. આવા માણસનું દેખીને કોઈ મહામૂર્ખ, અનુકરણ કરી બેસે તો, બુદ્ધિ અને લક્ષ્મી બન્નેનું દેવાળું સર્જાઈ જાય.

"દેખાદેખી જે કરે તે પાછળ પસ્તાય,
ધન શક્તિ ને આબરૂ નાશ ત્રણેનો થાય."

"યુદ્ધ વ્યાપાર ને ઔષધો, સમજીને કરનાર,
સફળ બને આગળ વધે, પણ પામે નહીં માર (હાર)."

જગતના બધા બનાવોને અનુભવજ્ઞાનની જરૂર છે. તો પછી સ્વ અને પરનું એકાન્ત કલ્યાણ કરવાના સ્થાન ઉપર બેઠેલા જૈનાચાર્યો. અનુભવી ન હોય તો ચાલે કેમ ?

## આ સ્થાને અનુભવ વગર અનુકરણ કરનારની કથા લખું છું.

એક મધ્યમકોટિના ગામમાં એક ઠાકોર રહેતો હતો. તે ઘણો બળવાન, શૂરવીર અને લડવૈયો હતો. તેણે એક ઘણી સુંદર ઘોડી રાખી હતી. ઘોડી એક પશુ જાતિ હોવા

છતાં પણ, દૈવી પ્રાણી મનાયું છે. તેનામાં રૂપ હોય છે. તાકાદ હોય છે. સ્વામીભક્તિ પણ હોય છે. તેથી તે મહાપુણ્યવાન પ્રાણી ગણાય છે. મનુષ્યોથી વધારે સુખો પણ પામે છે.

ઘોડી લક્ષણયુકત હોય તો, જેના ઘરમાં આવે તેનું ઘર તેજદાર માલદાર બને છે. જાવડશાહ ("સંવત એક અઠલંતરેરે જાવડશાનો ઉદ્ધાર.") આ ઘોડીના જ પ્રતાપે તીર્થનો ઉદ્ધાર કરાવી શકાય તેવા, મોટા લક્ષ્મીવાન થયા હતા. જાતિવંત ઘોડું મરે ત્યાં સુધી દોડે, ઊભું રહે નહીં. માણસના દેખતાં ઊંઘે નહીં, કાન ઢાળે નહીં. આવાં ઘોડાંને, સોટી કે ચાબુક મરાય નહીં. કહ્યું છે કે:—

"તેજી ન સહે તાજણો, શૂરો ન સહે ગાળ ।
સતી કલંક સહે નહીં, કપિ ન ચૂકે ફાળ."

ઠાકોર ઘોડીને ખૂબ સાચવતા હતા. તેને ઘાસમાં શેલડી અને દ્રાક્ષ ખવડાવતા હતા અને ખાણમાં બદામ–પીસ્તાં આપતા હતા. હંમેશ ઘી પીવડાવતા હતા. તથા સ્નાન કરાવતા હતા. સુંવાળી ઘાસનું પાથરણુ બનાવતા. હતા. ઠાકોર પોતે પોતાનાં સંતાન કરતાં પણ ઘોડીને, વધારે સાચવતા હતા. ઘોડી ઘણી કીમતી હતી.

આ ઠાકોરના પાડોશમાં એક માલદાર પટેલ રહેતા હતા. તેમને ઘરખેડની બસો વિઘા જમીન હતી. બારેમાસ આઠ–દશ સાંતીખેડ ચાલુ રહેતી હોવાથી, પટેલને અનાજ–ઘી–દૂધ–કાપડ કશું બહારથી પૈસા ખર્ચી લાવવું પડતું નહીં. તેમને ખેતી અને પશુપાલનના વ્યવસાયથી, ખર્ચના માર્ગો અતિ અલ્પ હતા. પરંતુ આવકનો માર્ગ સભર હતો. પટેલ બધી વાતે સુખી હતા.

ઠાકોરને ઘોડી અને ઘરના માણસો સિવાય બીજું કશું હતું નહીં. તેઓ ખેતી–નોકરી કે વેપાર કાંઈ કરતા નહીં, તોપણ બારે માસ ઉજળાં લૂગડાં, ખાન–પાન–પરિધાનમાં ઉદારતા, મહેમાન–પરોણાની જોરદાર ચાકરી–બરદાસ, સન્માન સાચવતા દેખાતા હતા. પાંચ રૂપિયા ધર્મમાં આપવાના પ્રસંગો આવે તોપણ, ઠાકોર ઘણી મોટી સખાવત કરતા હતા.

આ બધું પટેલ હંમેશ જોતા હતા અને ઠાકોરનું જીવન વિચારતા હતા. તેમને એમજ લાગતું કે ઠાકોરને જ્યારની આ ઘોડી ઘરમાં આવી છે, ત્યારની લીલાલહેર છે. ઠાકોરનું બધું સુખ–માન–મોટાઈ–આબરુ આ ઘોડીને જ આભારી છે. હું પોતે, આટલો મોટો વ્યવસાય કરું છું, ભલે આવક ગમે તેટલી હોય પણ, શાન્તિથી બેસવા મળતું નથી. ત્યારે ઠાકોર પાઈપણ કમાવાનો ઉદ્યમ કરતા નથી. તોપણ ખૂબ આનંદ ભોગવે છે.

"વ્યાપાર–ખેતી–નોકરી, ત્રણ આવકનાં સ્થાન,
એકે પણ જો નો'ય તો, ચાલે નહીં ગુજરાન."

ઠાકોર પાસે આ ત્રણમાં એકે જણાતું નથી. માટે ઘોડી જ કામધેનુ જણાય છે.

**પ્રશ્ન** : ઠાકોર કાંઈ ધંધો કરતા જ ન હોય તો, આટલો મોટો બારમાસી ખર્ચો કેમ ચાલે ?

**ઉત્તર** : આ ઠાકોર એક નજીકની રિયાસતના પચાસ-સો ગામોના રાજાની. અશ્વસેનાનો સેનાધિપતિ હતો. વર્ષે, બે વર્ષે, પાંચ વર્ષે, જ્યારે લડાઈના પ્રસંગો ઉપસ્થિત થાય ત્યારે, પોતે બહાદુરીપૂર્વક લડાઈમાં મોખરે આવતો. તેનામાં લડાયકશક્તિ અને યોજના શક્તિ અજબ હતી. અત્યાર સુધીના દરેક યુદ્ધમાં તેણે, પોતાના માલિકને જિત અપાવી હતી.

રાજા પણ ઠાકોરની શૂરવીરતાથી પ્રભાવિત થયો હતો, તેથી ઘણી વાર મોટાં ઇનામો આપવા ઉપરાંત, કાયમી વર્ષાસન પણ આપતો હતો. આ વાત બિચારા પટેલે જાણી જ ન હતી. પરંતુ બધું સુખ ઘોડીના પ્રતાપે છે એમ સમજતા હતા. અને ક્યારેક ઠાકોરને પૂછતા, બાપુ, ઘોડી વેચવી છે ? ઠાકોર ઉત્તર આપતા : ભાઈ, આ તો મારી મા છે. માતાને કેમ વેચાય ? એટલે પટેલ મૌન થઈ જતા હતા.

"માતા મહિષી ઘોડલી, ઉપકારી કહેવાય ।
જન્મ દિયો ઘી દૂધ ને, રણમાં જિત સદાય." ૧

"ઉત્તમ નર સેવા કરે, મધ્યમ કરે અપમાન ।
નીચ મનુષ્ય વેચી લીયે, મોઢે માગ્યાં દામ." ૨

**પ્રશ્ન** : શું ઘરમાં વસાવેલી ભેંસ, ગાય, ઘોડીને લોકો વેચે જ નહીં તો પછી એકમાંથી સેંકડો થઈ જાય તો શું કરે ?

**ઉત્તર** : ઘરમાં વસાવેલી ભેંસ, ગાય, ઘોડીને ભૂતકાળના ઉત્તમ માણસો વેચતા નહીં. ઘોડી ઘરનો શોભા શ્રૃંગાર મનાયો હતો. ગાય, ભેંસ માતાના જેવું દૂધ આપતી હતી. જેનું દૂધ પીધું તેને બીજાના ઘેર વેચવાથી તેને દુઃખ પડે, ખાવા ન મળે, ઓછું મળે, સારું ન મળે, નિસાસા નાખે. આ બધું વેચનારને પાપ લાગે. અને "ઘોડી ગઈ, અને લક્ષ્મી ગઈ." લોકો આવું માનતા હતા માટે પ્રાયઃ વેચતા નહીં.

**પ્રશ્ન** : તો પછી જાવડશાહે વિક્રમાદિત્યને ઘણા ઘોડા ભેટમાં મૂક્યા હતા એ વાત કેમ બને ?

**ઉત્તર** : આપણી દલીલ છે મુખ્ય ઘોડી, ભેંસ, ગાયની. જેનો ઉપકાર આપણે ચૂકવવાનો બાકી, છે મુખ્યનાં સંતાનો અપાયાની વાતો બનવા યોગ્ય છે. તેમાં સાચા જૈનો અથવા સજ્જન માણસોને, પોતાની ભાગની કે પુત્રી વરાવવા પહેલાં **વર, ઘર, જર**

ત્રણે જોવાય છે. તેમ પોતાના ઘરમાં જન્મેલાં વછેરાં કે વાછરડાં, પાડાં, ભવિષ્યમાં દુઃખી ન થાય, અકાળ મરણે મરે નહીં, આવું સ્થાન જોઈને આપે, કેવળ દ્રવ્યનો અર્થી ન થાય, પરંતુ પ્રજાના સુખને પણ જુએ ખરો.

**પ્રશ્ન** : ગૃહસ્થો તો પાપમાં જ બેઠા છે ને? આવું બધું જોવા બેસે તો સંસાર કેમ ચાલે?

**ઉત્તર** : ગૃહસ્થો પાપમાં જ બેઠા છે એ વાત વ્યવહારની છે. સાચા સાધુસંતોની અપેક્ષાએ ગૃહસ્થો પોતાને ઉત્તર કક્ષાના માને. સાધુ દશાની અપેક્ષાએ ગૃહસ્થ દશામાં આરંભ–સમારંભો ઘણા હોય છે. પરંતુ એકાન્ત નથી. ઘણા ઉત્કૃષ્ટ–શ્રાવકો, પાપ–પુણ્યનાં આશ્રવ સંવરના,–આવકજાવકનાં કારણો સમજેલા હોય છે. બિનજરૂરી ધન ઉપાર્જન કરતા નથી. મહાપાપવાળા અને કર્માદાન પૂર્ણ વ્યાપારો કરતા નથી. ખૂબ જાગતા રહીને, સાંકડું જીવન બનાવીને, બારે માસ પાંચ–સાત–આઠ–દશ સામાયિક, પાંચ તિથિ–દશ તિથિ પૌષધ કરનારા, જિનદાસ–સાધુદાસી ( કંબલ–શંબલના પાલક ) શ્રાવક–શ્રાવિકા, પુણીયા–શ્રાવક–શ્રાવિકા જેવા, ઊચ્ચ જીવન જીવનારા ગૃહસ્થો પણ હોય છે. તેવા બહુ થોડા ભવમાં મોક્ષગામી જાણવા.

પટેલને એક વાર રાત્રિના સમયમાં ઊંઘ આવી નહીં. પરંતુ વગર મહેનતે સુખ ભોગવતા ઠાકોરના વિચારો ખૂબ આવ્યા. ઠાકોર ગમે તેટલું ધન માગે પણ ઘોડી આપે તો લઈ લેવી એવા વિચારો નક્કી કર્યા. અને સવારમાં વહેલી સવારે, ઠાકોરની પાસે પહોંચ્યા. જુહારવહેવાર કરીને, ઠાકોરની સામે ઊભા રહ્યા અને કોઇ પણ ભોગે તમારા જેવી મને ઘોડી અપાવો. ઠાકોરને વિનવણી કરી.

ઠાકોરે પટેલને શિખામણ આપી. ભાઈ, પોતાની બુદ્ધિ અને શક્તિનો વિચાર કરવો તે સારું છે. પરંતુ વગર સમજણે કોઇનું અનુકરણ કરવાથી લાભ મળે કે ન મળે–નુકસાન જરૂર થાય છે. **કહ્યું છે :**

"ક્ષત્રી શોભે અશ્વથી, વણિકને વ્યાપાર ।
શૂરા રણમેદાનમાં કર ધારે હથિયાર."
"કર્ષકને ખેતી ભલી, નિરાધાર પરસેવ ।
નિશ્ચિત સાત્ત્વિક ભાવથી! પ્રસન્ન થાય છે દેવ."

માટે પટેલ! આપ ઘણા સુખી છો. ભેંસો, ગાયો, બળદ, ખેતી, ઘણા નોકરચાકર, દાસદાસી, પુત્રપરિવાર બધું જ સારું છે. પોતાને મળેલામાં આનંદ પામનાર સદા સુખી છે. ઘણું હોવા છતાં ઘણું મેળવવા ઇચ્છા કરવી, અથવા બીજાનું જોઇને તેવાની ઇચ્છા કરવી તે મોટામાં મોટું દુઃખ છે.

**કોઈ કવિએ કહ્યું છે કે :**

" ગોધન–ગજધન–રતનધન–કંચન ખાન સુખાન,
આવે નહીં સંતોષધન, સબ ધન ધૂળ સમાન."
" ગોધન–ગજધન–રતનધન કંચન ખાન સુખાન,
આવે જે સંતોષ ધન, સબ ધન ધૂળ સમાન."

પટેલને દરબારની શિખામણ ગમી નહીં, ઊઠીને ઘેર ગયા. ઘોડીની શોધ કરાવી. એક લાખ રૂપિયામાં એક ખૂબ લક્ષણયુક્ત ઘોડી મળવાના સમાચાર મળ્યા. મિત્રો, સગાઓ અને પરિવારની ના હોવા છતાં, પોતાની ગાયો, ભેંસો અને જમીન વેચીને ઘોડી લીધી. ઘેર લાવ્યા. ઠાકોરનું અનુકરણ લક્ષમાં રાખી ફેરવવા લાગ્યા. પરંતુ અશ્વ ફેરવવાની કળાના અજાણ, પટેલ અને ઘોડી બન્નેનો મેળ જામ્યો નહીં. ઘોડી ઘણી જાતવાન હતી. રતન જેવી હતી. પરંતુ પટેલ મૂર્ખ હતો, કોઈ વાર સોટી પણ લગાવી દેતો હતો. પંડિતો કહે છે કે :

**अश्वः शस्त्रं शास्त्रं वाणी वीणा नरश्च नारीच ।**
**पुरुषविशेषं प्राप्ता भवन्ति अयोग्याश्च योग्याश्च ॥ १ ॥**

**અર્થ :** ઘોડો, હથિયાર, શાસ્ત્ર, વાણીનો પ્રવાહ (એક જ અર્થવાળા વચનો કોઈ કોઈ બોલે તો મીઠાં લાગે, ગ્રાહ્ય બને, પ્રભાવ પાડે. એ જ વચનો કોઈ મૂર્ખ બોલે તો કઠોર લાગે, કડવાં લાગે, કંટાળો ઉપજાવે.) વીણા–વાજીંત્ર, પુરુષ કે સ્ત્રી જેવા માણસની પાસે જાય, તેવો તેનો સ્વભાવ બને છે, પ્રભાવ પડે છે. (આ શ્લોકનો અર્થ આગળ ઉપર ખૂબ સ્પષ્ટ લખીશું.)

ઘણા દિવસે ઘોડીને માર પડવાથી અને ઉચિત ખાન–પાન રહેઠાણ ન મળવાથી ઝડવાઈને દુબળી પડીને મરી ગઈ. પટેલ પણ પૈસેટકે ભીખ માગતા દુ:ખી થઇ ગયા. મૂર્ખાઈનું ફળ આવ્યું. **ચોપાઈ :**

ભેંસો વેચી વસાવી ઘોડી, સુખ વટાવી આપદા જોડી ।
દૂધ–દહીં–ઘી–છાશ નશાવ્યાં, અપયશ દુ:ખ દારિદ્ર વસાવ્યાં ॥ ૧ ॥

જે ઘોડી ઠાકોરને માટે લાભ કરનારી હતી. તેજ ઘોડી પટેલને પાયમાલ બનાવનારી થઈ. તેમ ધન બતાવ્યું. બદલામાં પુત્રની માગણી કરી. આવું કાંઈ પણ હોય તે ગીતાર્થ ભાવાચાર્ય ને નિર્જરાનું અને શાસનપ્રભાવનાનું કારણ થયું છે–થાય છે. પરંતુ

શ્રીવીતરાગ વચનો અને તેના રહસ્યને પામ્યા ન હોય. તેવા સૂરિ વાચક કે સાધુને આશ્રવ જ થાય છે.

લક્ષ્મીધર બ્રાહ્મણે, આચાર્ય ભગવાન જિનેશ્વર સૂરિ મહારાજનાં વચનો, બરાબર સાંભળી લીધાં અને ક્ષણવાર જૈન સાધુના આવા વચન છળ માટે મનમાં આવ્યું: જોકે આ સાધુએ મારો તો મોટો ઉપકાર કર્યો છે; પરંતુ પહેલેથી આવી સ્પષ્ટ વાત શા માટે કરી નહીં ? હવે હું બદલો ન આપું તો કૃતઘ્ન બનું છું. બદલો આપવાની સગવડ નથી. ધન આપી શકાય. પુત્ર કેમ આપી શકાય ?

ધન આપું તો કોઈ જાણે પણ નહીં. પુત્ર અપાય તો આખા ગામમાં વિરોધ ઊભો થાય. અપયશ ફેલાય, તોપણ પુત્ર અપાય જ કેમ ? હું આપું પરંતુ તેની માતા કેમ સમજે ? પરિવાર કેમ માને ? અને પુત્ર પોતે આચાર્ય સાથે જાય પણ કેમ ? મને જૈન સાધુઓએ વચન છલથી બાંધી લીધો છે.

થોડીવારમાં જ લક્ષ્મીધર પંડિતને, આચાર્યશ્રીનાં વચનો યાદ આવ્યાં: "અમે તો ધનને રાખવું, રખાવવું, અને અનુમોદવું ત્રિવિધ ત્યાગ કર્યું છે." "ધન બતાવવું તે પણ અમારા વ્રતને દૂષિત બનાવે છે. બદલો લેવાના શબ્દોની વાકય રચના નીચે મુજબ છે.

"તમે જો તમારા અતિ વહાલા ધનમાંથી અડધો ભાગ આપો તો, અમે ધન બતાવીએ." આવી વાકય રચના જ સૂચવે છે કે, જૈન મુનિરાજો સોનું-ચાંદી રોકડ નાણુંને અડકે જ નહીં. અને-વહાલા ધનનો અર્થ, મારા બે પુત્રો પૈકી એક એવો અર્થ નીકળે છે. આમાં પણ તેમનો ભાવથી-ઉપકાર જ છે. બ્રાહ્મણના પુત્રોનો સાચો અર્થ સાધુ થવું એજ છે.

આચાર્ય ભગવાનને નમ્રતાથી જણાવ્યું: આપનું વચન મને માન્ય છે. પરંતુ મારો પરિવાર અથવા મારા પુત્રો માન્ય રાખશે તો. હું પોતે બનતી મહેનત કરીશ. બધાને સમજાવીશ. અને મારું ધાર્યું થશે તો આપને મારો એક પુત્ર વહોરાવીશ. લક્ષ્મીધરે ઘેર આવીને પરિવારને, મેળવીને, નિધાન અલભ્ય હતું તેની, પોતે ઘણા વર્ષોથી શોધ કરી પણ જડયું નહીં તેની, તથા આચાર્ય મહારાજે બતાવ્યું અને ધન મળ્યું તેની, બધી વાત કહી સંભળાવી.

હવે લક્ષ્મીધર પંડિત કુટુંબને કહે છે કે. આપણે ધન નીકળ્યા અગાઉ ખૂબ ગરીબ હતા. પાઈ કે પૈસા માટે પણ આપણને મુંઝાવું પડતું હતું. તે આપણે આજે ધનવાન થયા છીએ. બીજાની ગરજ કરનારા હવે આપણે, બીજાનો ઉપકાર કરી શકીએ તેવા થયા છીએ. આ પ્રતાપ આંહી પધારેલા જૈનાચાર્ય જિનેશ્વર સૂરિ મહારાજનો છે.

તેમણે આપણા સમગ્ર કુટુંબનો અપ્રમાણ ઉપકાર કર્યો છે. મારે તેનો બદલો આપવો છે. તે બદલો તેઓ ધનને અડકતા ન હોવાથી કેમ વાળી શકાય ? હવે જો મારા

વહાલા બે પૈકી એક પુત્રને, હું તે આચાર્યને આપી દઉં તો, હું દેવામાંથી મુક્ત થાઉં છું. મારા પુત્રો મારું વચન માને, મારી-ઇચ્છા પૂરી કરે તો જ હું વચનબદ્ધ થયો છું તેમાંથી મુક્ત થાઉં !

પિતાનાં વચનો ધનપાળ અને શોભન બંનેએ સાંભળ્યાં. અને હસીને ઊઠી ગયા. પિતાને સમજાઈ ગયું કે, મારી વાત આ લોકોને ગમી નથી. આચાર્ય ભગવંતે પણ આ વાત જાણી લીધી. અને યથા સમય વિહાર કરી ગયા. મહાશય લક્ષ્મીધરને દેવું રહી ગયાનો ખેદ ચાલુ છે.

આમ કુટુંબના આનંદપૂર્ણ દિવસો જાય છે. કેટલાકને યુવાની આવે છે. કોઈને વૃદ્ધાવસ્થા આવે છે. તો વળી કોઈ મરણની નજીકમાં મુકાય છે. જ્ઞાનિ પુરુષો ફરમાવે છે કે :

**वध्यस्य चौरस्य यथा पशोर्वा, संप्राप्य माणस्य पदं वधस्य ।**
**शनैःशनैरेति मृतिःसमीपं, तथाखिलस्येति कथं प्रमादः ॥ १ ॥**

**અર્થ** : માણસના ખૂન જેવા મોટા ગુના કરનારને, કોઈ ન્યાયાધીશે તેને, ફાંસીની સજા ફરમાવ્યા પછી, તેવા માણસને સરકારી માણસો, ફાંસીના સ્થાન તરફ લઈ જાય છે, ત્યારે તથા અજ્ઞાની નિર્દય માણસો બકરા-ઘેટા-કે પાડા કોઈ પણ પશુને, દેવીના સ્થાન ઉપર બલિદાન આપવા લઈ જાય ત્યારે—

તે ચોરને કે તે પશુને, જેટલાં ડગલાં ચલાવાય છે, તેટલું-તેટલું મરણ તેની નજીકમાં આવતું જાય છે. તેજ ન્યાયે જન્મેલો આત્મા, મોટો થતો જાય છે, તેમ મરણ તેને પણ નજીક જ આવતું જાય છે. તોપણ જગતના ડાહ્યા કે મૂર્ખ માણસ કોઈને, આ વાત કેમ સમજાતી નથી ?

બાલક બને યુવાન ને, યુવાન ઘરડા થાય,
વૃદ્ધો મરણ નજીકમાં, રાંક સમા દેખાય. ૧

ઘણી કમાણી લાવતા, ખાનપાન પરિધાન,
છાતી કાઢી ચાલતા, ધરતા બહુ અભિમાન. ૨

બહુ મિત્રો સેવક ઘણા, નારી પુત્ર પ્રભાવ,
જરા રાક્ષસી જોરથી, બને બિચારા સાવ. ૩

હોંકારે હાજર થતા, હંમેશ જોડતા હાથ
પણ ઘડપણ પરવશ બને, કોઈ ન આપે સાથ ૪

પત્ની પુત્રો સેવકો, તે સ્વામી ને તાય,
પણ ઘડપણ આવ્યા પછી, સગું કોઈ નવ થાય, ૫

જ્યારે જન્મ્યો માનવી, નિયત ત્યારથી નાશ,
હરિ-હર-બ્રહ્મ-પુરંદરા, અનંત ગયા યમવાસ. ૬

નરવરના નરવર બની, જિત્યા દેશ અપાર,
છત્રપતિ સઘળા ગયા, યમ નરપતિ દરબાર. ૭

મઘવાને ચક્રીશ્વરા, પ્રતિવિષ્ણુ હરિ રામ,
નરવરને લક્ષ્મીધરા, અનંત ગયા યમધામ ૮

વર્ષો બહુ વીતી ગયાં, મહિનાનો નહીં પાર,
દિવસો દોડયા જાય છે, જલ્દી જાગ્ય ગમાર. ૯

કાલે કરવા ચિંતવ્યું, તે તું કરી લે આજ,
અધવચ રહી જાશે બધું, જો આવ્યા યમરાજ. ૧૦

નીર ફૂટેલા ઘટતણું, તેલ દીવાનું જેમ,
આયુષ્ય ઓછું થાય છે, માણુસનું પણ તેમ. ૧૧

લક્ષ્મીધર પંડિતની પણ ઘણી વય ચાલી ગઈ. મરવાના દિવસો નજીકમાં દેખાવા લાગ્યા. પથારીમાં પડેલા લક્ષ્મીધરને, જૈનાચાર્યને આપેલું વચન યાદ આવ્યું. અને ઊંડો નિશ્વાસ આવી ગયો. ભાવિભાવથી આ વખતે પોતાના ધનપાળ અને શોભન બે દીકરા પાસે બેઠા હતા. **શોભને** પૂછયું, બાપુ! કેમ આજે આપના ચિત્તમાં ખેદ જણાય છે? કેમ કશું યાદ આવ્યું છે?

**લક્ષ્મીધરનો ઉત્તર :** હા ભાઈ, યાદ આવ્યું માટે જ ખૂબ અફસોસ થાય છે. **શોભન** પૂછે છે: બાપુ, આપને કઈ વસ્તુનું દુ:ખ થાય છે? **લક્ષ્મીધરે** કહ્યું. ભાઈ, મારે માથે દેવું રહી જાય છે તેનું; **શોભન :** બાપુ, આપણે ઘણા ધનવાન છીએ. દેવું કેમ આપી શકાયું નહીં?

**લક્ષ્મીધર** કહે છે : ભાઈ, દેવું મેં કરેલું છે. અને લક્ષ્મી ઉપર મારી સત્તા છે જ નહીં. પછી મારું કરજ કેમ પતાવી શકાય? ભાઈ, દુનિયાના લોકો જે મીલકતને મારી તરીકે ઓળખે છે, અને મેં પણ લોકોની પાસે મારાપણાનો દાવો કર્યો છે, પરંતુ વસ્તુ-સ્થિતિએ મારી કલ્પેલી વસ્તુઓ ઉપર, મારો થોડો પણ માલિકી હક હોત તો, દીકરા! હું દેવાદાર અવસ્થામાં કેમ મરું? અવશ્ય દેવું આપી દઉં.

**શોભન** કહે છે, બાપુ : આપની વાતનું રહસ્ય સમજાતું નથી. શું આ ઘર-માલમીલકત સોનું-ચાંદી-ઝવેરાત આ બધું આપનું નથી? અમે પુત્રો આપના નથી? આપ આમ કેમ બોલો છો?

**લક્ષ્મીધર** : ભાઈ, મારો લેણદાર લક્ષ્મીનો ભોગી નથી. પરંતુ પુત્ર ભીક્ષાનો સુપાત્ર છે.

દીકરા ? જીનેશ્વરસૂરિ નામના જૈનાચાર્ય એકવાર આપણી નગરીમાં પધારેલા હતા. તેઓને મહાજ્ઞાની માનીને, આપણા પૂર્વજોના, ઘરમાં છુપાવેલા અને ઘણા પ્રયાસથી પણ નહીં મળેલા નિધાનની વાત અમોએ તેમને પૂછી. તેમણે નિધાન બતાવ્યું. અને આપણને હાથ લાગ્યું. ત્યારથી નિર્ધન દશાને ભોગવતા આપણા કુટુંબે, ખોવાયેલી લક્ષ્મીની મહેરબાની પાછી મેળવી, અને દુઃખના દિવસો સુખમય બની ગયા.

આવા કારણથી તે મહાપુરુષ જૈનાચાર્યનો, આપણા કુટુંબ ઉપર ઘણો મોટો ઉપકાર થયો છે, એમ હું માનું છું. હું કોઈ પણ ભોગે તેમનો બદલો વાળી આપવા સ્વપ્નાં સેવું છું. તેમને ધનમાલ–મિલ્કત ખપતી નથી. તેમને મારો એક પુત્ર વહોરાવું તો મારું દેવું વળે છે. પુત્રનું કલ્યાણ થાય છે. તેનો સંસાર ટૂંકો થાય છે. સાથોસાથ કુટુંબને પણ ધર્મની પ્રાપ્તિ થવાનો પાયો નંખાય છે.

પિતાનાં આ પ્રમાણેનાં વાક્યો સાંભળીને શોભન વિચાર કરવા લાગ્યો. આ જગતમાં **મારું શબ્દનો** પ્રયોગ તદ્દન અર્થ વગરનો બની ગયેલો દેખાય છે. લોકો **ઘરને, પૈસાને, પત્નીને, પુત્રોને, પુદ્દગલને પોતાનું સમજે** છે. માને છે. બોલે છે. પરંતુ જરૂર પડે ત્યારે તે બધાં મારાં મટીને પારકાં બની જાય છે.

જગના જીવો સર્વને, ગતભવ કર્મપસાય,
શરીર પત્ની છોકરાં, આવી ભેગાં થાય. ૧

પામર બોલે છે પછી, મારું તન – ઘર – નાર,
પણ એકે નહીં આપણું, સૌ સ્વારથ શિરદાર. ૨

તન – ધન – નારી કારણે, સેવ્યાં પાપ અઢાર,
મદદ મળી નહીં કોઈની, જાતાં જમ દરબાર. ૩

આવ્યો પ્રાણી એકલો, પરભવ એક જનાર,
સાથે કેવળ આવશે, પાપ – પુણ્ય અંબાર. ૪

મારા પિતાએ જૈનાચાર્યને વચન આપીને, લક્ષ્મી મેળવી. તેનો ભોગવટો અમે કરીએ છીએ. પરંતુ તે જૈનાચાર્યનો અને પિતાજીનો બદલો વાળવા અમે તૈયાર નથી. સંસારના સ્વાર્થને ધિક્કાર છે. માતા–પિતા–ભાઈ–બહેન–પુત્ર–પુત્રી–પત્ની બધા સ્વાર્થના જ સગા છે. **સૌને ઉપકાર કરનાર મળે તે પસંદ છે. બદલો માગનાર પસંદ નથી.**

**યાને ઉપકારનો બદલો આપવા સેંકડે એક બે પણ મળવા અશક્ય છે. ઉપકાર લેવા આખું જગત તૈયાર છે.**

ઉપકારના લેનારની, જગમાં સંખ્યા નોય,
પણ ઉપકારી માનવી, લાખે કોક જ હોય. ૧

પરોપકારી માનવી, જગમાં ધન્ય ગણાય,।
ભૂલે નહીં ઉપકારને, તે પણ ધન્ય સદાય. ૨

માય તાય ગુરુવર્ગનો, સમજીને ઉપકાર,।
બદલો વાળી આપવા, ચિંતે નિત્ય વિચાર. ૩

ઉપકારી નર ધન્ય છે, ધન્ય સમજે ઉપકાર,।
બને દાસ ઉપકારીનો, ધન્ય તાસ અવતાર. ૪

ઉપકારી ઉપકારનો, ના'વે ચિત્ત વિચાર,।
તેવા પામર માણસો, કેવળ પૃથ્વી ભાર. ૫

શોભન વિચાર કરે છે કે, પિતાજી પોતાનું દેવું ચૂકવવા ઇચ્છે છે. હું પણ પિતાના ઉપકારનો ઋણી છું. હવે જો હું પિતાની ઇચ્છાને માન આપી, જૈનાચાર્યનો શિષ્ય થાઉં તો, મારું અને પિતાનું બંનેનાં દેવાં ચૂકવવા સાથે, મારો સંસારપરિભ્રમણનો માર્ગ બંધ થશે. અને આત્મસ્વરૂપ જાણવાનો–ખીલવવાનો માર્ગ પ્રાપ્ત થશે.

આવા ઉત્તમ વિચારો વડે શોભનકુમારે, જૈનાચાર્ય પાસે જવાનું નક્કી કર્યું. અને પોતાના વિચારો પિતાજીને જણાવ્યા. પિતા ખૂબ ખૂબ હર્ષ પામ્યા અને પુત્રના મસ્તક ઉપર હાથ મૂકી આશીર્વાદ આપ્યો. પિતાજીના આશીર્વાદ અને આજ્ઞા મસ્તકે ચડાવીને, માતાજી તથા ભાઈ વગેરે કુટુંબને જણાવ્યા સિવાય, શોભનકુમાર જિનેશ્વસૂરિ મહારાજ પાસે જવા રવાને થયા. અને સૂરિ મહારાજના વિહારના ગામે પહોંચીને, પોતાના પિતાની ઓળખાણ જણાવી, પાસે બેસી ગયા. મહરાજ! હું ધારાનગરીના લક્ષ્મીધર પંડિતનો પુત્ર છું. મારા પિતાનું કરજ ચુકાવવા આવ્યો છું. મારા પરમ પૂજ્ય પિતાજીની ઇચ્છાઓને માન આપીને, તેમની દ્રાક્ષાના રસ થકી પણ મધુરી, આશીર્વાદો મેળવીને, રવાના થયો છું. મારા પિતાજીની આજ્ઞા અનુસાર આજથી જ હું, આપના તદ્દન સામાન્ય કોટિના સેવકોની ભૂમિકામાં રહેવા, આપની પાસે નમ્ર અરજ ગુજારું છું. આશા રાખું છું કે કૃપાવતાર મહાન પુરુષ આપશ્રી, મને આપના સેવકોમાં દાખલ કરીને આભારી બનાવશો.

જિનેશ્વર સૂરિ મહારાજે, શોભનકુમારને જોઈને ઓળખી લીધો હતો. વર્ષો પહેલાં જોયેલા શોભન બાળકની બોલવાની મિઠાશથી, અને તેનામાં સાક્ષાત્ દેખાતી લાયકાતથી,

પ્રભાવિત થએલા ગુરુમહારાજે, ઘણા સારા તિથિ–વાર–નક્ષત્ર–યોગ અને ચંદ્ર વાળા શુભ દિવસે, દીક્ષા આપી, શોભનમુનિ બનાવ્યા.

શોભન ઘરમાંથી ચાલ્યા જવાથી, મોટાભાઈ ધનપાળ અને સમગ્ર કુટુંબને ખેદ થયો હતો. લક્ષ્મીધર પંડિતે, કુટુંબને સમજાવ્યા છતાં, કુટુંબીઓને લાભ થયો નહીં. પિતાની સામે બોલી શકાયું નહીં પરંતુ લક્ષ્મીધર પંડિતજીએ પોતાનું કરજ ચૂકવાઈ જવાનો આનંદ અનુભવ્યો હતો. અને થોડા સમય પછી સ્વર્ગવાસી થયા. પિતાના મરણ પછી શોભનના કારણે પ્રકટેલા દ્વેષથી, ધનપાળ પંડિતે રાજાની લાગવગથી, માળવામાં આવતા જૈન સાધુઓનો વિહાર બંધ કરાવ્યો હતો.

આ સમાચાર ગુજરાતમાં પણ પહોચ્યા હતા. શોભન મુનિ તીવ્રબુદ્ધિવાળા હોવાથી, બહુ થોડા કાળમાં સર્વશાસ્ત્રોના પારગામી થયા હતા. પોતાના જ ભાઈ ધનપાળ પંડિતે **જૈન** સાધુઓને માળવામાં પેસવા દેવા નહી. આવો પ્રતિબંધ થયાનું શોભનમુનિએ સાંભળ્યું ત્યારે, તેમને દુઃખ લાગ્યું અને ગુરુજીની આજ્ઞા મેળવી ધારાનગરી તરફ પધાર્યા.

ધારાનગરીમાં પ્રવેશ કરતા શોભન મુનિને, સૌપ્રથમ ધનપાળ પંડિત જ મળ્યા. ધનપાળે શોભનમુનિને ઓળખ્યા નહી. પરંતુ **જૈન**મુનિ તરીકે જોયા અને ટીખળથી નમસ્કાર કર્યો. "**गर्दभदंत भदन्त ? नमस्ते.**"

**અર્થ** : હે ગધેડાના જેવા દાંતોવાળા મહારાજ આપને હું નમસ્કાર કરું છું. શોભનમુનિનો પણ તેવો જ ટીખળવાળો ઉત્તર : "**मर्कटकास्य वयस्य ? सुखंते.**"

**અર્થ** : વાનરના જેવા વદન (મુખ)વાળા ? હે મિત્ર, તમને સુખશાતા છે ?

ધનપાળનો **પ્રશ્ન** : **कस्यगृहे वसति स्तव साधो ?**

**અર્થ** : હે જૈન સાધુ, તમે કોના મુકામમાં રહો છો ? શોભન મુનિનો **ઉત્તર** : **यस्य रुचि र्वसति र्मम तत्र**

**અર્થ** : હે ભાગ્યશાળી આત્મા ! અમે જૈન ભિક્ષુક છીએ. જેની ભાવના હોય તેના ઘેર ઉતરીશું.

ધનપાળ પંડિતને, શોભનમુનિ સાથેના વાર્તાલાપમાં ઘણો રસ પડ્યો. માટે જ પોતાના ઘેર લઈ જઈને મુનિને ઉતાર્યા. અને બેચાર દિવસો લગભગ શાસ્ત્રોની વાતોમાં ઘણાં શંકા–સમાધાનો થવાથી, અને પોતાના ભાઈ તરીકે મુનિરાજને ઓળખી લીધા તેથી, ખૂબ ખુલ્લા દિમાગથી ધનપાળે શોભન મુનિ સાથે ધર્મની વાતો કરી.

કર્મવિવરની સહાયથી, ધનપાળને જૈનશાસન ગમ્યું. શ્રી વીતરાગદેવ–ગુરુ ધર્મની ઓળખાણ થઈ. જૈનશાસનના સિદ્ધાન્તનો સાર સમજવા શોભન મુનિને ઘણા દિવસ

પોતાના ઘેર રાખ્યા. પછી સમ્યકત્વ સાથે કેટલાંક વ્રતો પણ ઉચ્ચર્યાં. કયારે પણ ન સુકાય તેવાં, ધનપાળ પંડિતના ચિત્તમાં, ધર્મનાં બીજ વાવીને, શોભન મુનિ વિહાર કરીને ગુરુ પાસે પહોંચી ગયા.

**પ્રશ્ન** : શોભન મુનિના ગયા પછી પણ, ધનપાળ પંડિતમાં જૈન ધર્મના સંસ્કારો ટકી રહ્યા હતા? કારણ કે ધનપાળ ભોજરાજાનો સમકાલીન અને ભોજની સભાનો મહા-વિદ્વાન પંડિત હતો. રાજા પોતે શૈવધર્મી હતો. મિત્રો અને પ્રતિસ્પર્ધીઓ પણ શૈવ હતા. ગામ અને લગભગ માળવદેશ પણ, મોટા ભાગે શૈવધર્મીઓથી છલોછલ ભરાએલો હતો. તથા રાજાભોજની સભાના વિદ્વાનોની હાક વાગતી હોવાથી, શૈવેતર ધર્મના વિદ્વાનો પણ માળવ દેશમાં આવી શકતા નહીં. આવાં બધાં વાતાવરણો વચ્ચે જૈન ધર્મના સંસ્કારો ટકાવવા મુશ્કેલ ગણાય ને?

**ઉત્તર** : જિનેશ્વરસૂરિમહારાજનો ઉત્તરાર્દ્ધકાળ, ધર્મો માટે ઘણો કટોકટીવાળો હતો. તે કાળમાં ગુજરાતમાં ભીમદેવ બાણાવળીનું, રાજ્યશાસન ચાલતું હતું. અને માળવામાં ભોજરાજા રાજ્ય કરતો હતો. આ બંને દેશોમાં લક્ષ્મી કરતાં પણ સરસ્વતીની ઉપાસના ઘણી જોરદાર હતી.

અનાદિ કાળથી પુણ્યરાજાની લક્ષ્મી અને સરસ્વતીએ રાણીઓ વચ્ચે સરસાઈ ચાલી આવે છે અને તેમાં પણ મોટા ભાગે માનીતી રાણીનું સ્થાન, લક્ષ્મીબાઈને જ મળે છે. પરંતુ ભીમદેવ અને ભોજરાજાના દેશોમાં સરસ્વતીદેવી પટરાણી પદે હતાં. અને લક્ષ્મી-બાઈ દાસી જેવાં દીન થઈને રહેતાં હતાં. અર્થાત્ ગુજરાત અને માળવામાં, સરસ્વતી-દેવીનું એટલું બધું વર્ચસ્વ વધી ગયું હતું કે જેથી, લક્ષ્મીદેવીના નામની સુવર્ણ-મુદ્રાઓ, કાપર્દિકાની જેમ સાવ અલ્પમૂલ્ય દેખાતી હતી. એકએક ગાથાના લાખ લાખ ઉપજતા હતા.

તેથી તે રાજાઓના રાજ્યકાળમાં, વિક્રમની દશમી સદીના ઉત્તર ભાગમાં, વિદ્વાનોને એકેક શ્લોકની, લાખ લાખની બક્ષીસો મળ્યાની વાતો, ઇતિહાસમાં નોંધાઈ છે, અને તેથી વિદ્વત્તાની પણ કસોટી અને ઓળખાણ થવાથી, કેવળ ધર્મ ઝનૂન ટકી શકયું નથી.

મહાકવિ ધનપાળે, હજારો પ્રતિસ્પર્ધિઓ વચ્ચે પણ, પોતાના પક્ષને નમતું આપ્યું નથી. કુદેવ કે કુગુરુને મસ્તક નમાવ્યું નથી. અને હિંસા જેવા અધર્મ માર્ગનું ખંડન કરતાં પણ, અચવાવું પડયું નથી. હજારો પ્રતિસ્પર્ધિઓ વચ્ચે પણ, સાચા સિદ્ધાંતોને જાહેરમાં મૂકતા મુંઝવણ આવી નથી. મહાકવિ ધનપાળને કેવી કસોટીમાં પસાર થવું પડયું હતું અને, તે તે પ્રસંગોમાં પોતાના સિદ્ધાન્તો કેવી કક્ષાએ સાચવ્યા છે તે જણાવું છું.

એકવાર ભોજરાજાએ યજ્ઞ કરાવવા માટે યજ્ઞમાં બલિદાન આપવા એક બકરો મંગાવેલો હતો. ઘણા માણસો અને ભયાનક સ્થાન જોઈને, બકરો બરાડા પાડતો હોવાથી, રાજાએ પંડિતોને પૂછયું, વિદ્વાનો! અવાજો કરીને આ છાગ શું કહેવા માગે છે?

**પંડિતોનો ઉત્તર** : નામવર ! આ છાગ એમ જણાવે છે કે યજ્ઞમાં હણાયેલાં પશુઓ મરીને સ્વર્ગમાં જાય છે, અને ત્યાં દૈવી સુખો પામે છે. માટે મને જલ્દી હણી નાખો. અને મારા માંસ વડે અગ્નિદેવને તૃપ્ત કરો ! મને સ્વર્ગમાં મોકલવાની ઢીલ કેમ કરો છો ?

ભોજરાજાએ પોતાના વિચારને અનુકૂળ, પંડિતોના વિચારો સાંભળ્યા, અને ખૂબ ખુશી થયો. આ સ્થાને ફક્ત ધનપાળ કવિ મૌન રહ્યા, એટલું જ નહીં પરંતુ મૂંગા મુખે પણ મુખની શૂગને સૂચવતા ફેસ દ્વારા, પોતાનો વિરોધ જણાવી દીધો. ત્યાં ભોજરાજાનો **પ્રશ્ન** : આપ શું કહો છો? કવિનો ઉત્તર : મહારાજ? મોટા માણસોની સભામાં, રાજાને ગમે તેવું જ બોલવું પડે છે. અને મને તેવું બોલતાં આવડતું નથી. માટે હું મૌન રહ્યો છું. પરંતુ મારું મુખ ચક્ષુઓ અને નાશિકા અણગમો સૂચવી જાય છે. એમાં હું નિરુપાય છું. કોઈ કવિ કહે છે—

"આનંદ કહે પરમાનંદને, રાજદરબારે જઈએ, બીલ્લી લઈ ગઈ ઊંટને, તો હાજી સાહેબ કહીએ."

**અર્થ** : સાચું કે ખોટું-રાજસભામાં હાજી સાહેબ કહેતાં આવડે તો જ સલામત રહેવાય છે. રાજાને શું પસંદ છે ? કેવું બોલાયેલું મહારાજાને ગમશે? આવી આવડત હોય તો જ રાજાના માનીતા થવાય છે. નહીં તો દરજ્જો નીચા ઉતરે છે. માર ખાવો પડે છે. યમધામ પહોંચવા સુધીની જોખમદારી રહેલી છે. રાજા કોઈવાર મૂર્ખસભાની પરીક્ષા કરવા બોલે કે, આજે અમે એક બિલાડી ઊંટને ઊંચકીને દોડતી દેખી, ત્યારે અમારા જેવા હાજી-હા પંડિતો બોલી નાખે છે : "હાં સાબ ! મૈં ભી આપકે પીછે આ રહા થા. આપ કહતે હૈં બીલકુલ સચ્ચાઈ હૈ નામવર ! સંસાર આમ જ ચાલી રહ્યો છે !

ભોજરાજા કહે છે : પંડિતજી ! આપને કહેવું હોય તે જરૂર કહો. હું ખુશામતને માનતો નથી. **મહાકવિ ધનપાળનો ઉત્તર**—

**नाहं स्वर्गफलोपभोगरसिको, नाभ्यर्थितस्त्वं मया ।**
**संतुष्टस्तृणभक्षणेन सततं, साधो ! न युक्तं तव ॥**
**स्वर्गं यान्ति यदि त्वया विनिहता यज्ञे ध्रुवं प्राणिनो ।**
**यज्ञं किं न करोषि मातृपितृभिः पौत्रैस्तथा बान्धवैः ॥ १ ॥**

**અર્થ** : બકરો કહે છે હે પ્રાણીમાત્રના રક્ષક રાજવી ! મારે સ્વર્ગના ફળોની ઇચ્છા નથી. મેં બકરાએ, મને સ્વર્ગમાં મોકલવા આપની પાસે પ્રાર્થના કરી નથી. હું તો બારે માસ વનનું ઘાસ અને જળાશયનું પાણી પીને સંતુષ્ટ રહું છું. તેથી હું સ્વર્ગમાં જવાને જરા પણ ઇચ્છતો નથી. બીજી વાત એ છે કે યજ્ઞમાં હણાયેલા પ્રાણીઓ, મારી નાખવાથી કળકળાટ કરી, તરફડીને દુર્ધ્યાન પામીને, કોઈ પણ સ્વર્ગમાં પહોંચતું નથી. પરંતુ નર્કમાં પશુગતિમાં જાય છે. છતાં તમને એવી શ્રદ્ધા હોય કે યજ્ઞમાં મારી નંખાયેલા સ્વર્ગમાં જ

જાય છે. તો પછી પોતાનાં માતાપિતા–ભાઈઓ–બ્હેનો પુત્રો–પૌત્રોને સ્વર્ગમાં કેમ મોકલતા નથી ? ધનપાલ કવિની દલિલો સાંભળીને પંડિતો મૌન થઈ ગયા.

એકવાર ભોજરાજાએ ઘણું મોટું લાંબું. ચોડું ઊંડું, સરોવર બંધાવ્યું હતું. વરસાદના પાણીથી ભરાયું. વધામણી આવી. તેથી નાગરિકો, અધિકારીઓ અને પંડિતો સાથે રાજા સરોવર ઉપર ગયા. પંડિતોને સરોવરની વ્યાખ્યા અને વર્ણન કરવા સૂચના કરી. અને પંડિતોએ પણ પોતાની શ્રદ્ધા અને વિદ્વત્તા અનુસાર સરોવરનું વર્ણન કરીને રાજાને ખૂબ ખુશ કરવામાં આવ્યો. ફકત ધનપાલ કવિ મૌન ઊભા હતા. રાજાએ સૂચના કરી. તમે પણ તમારો અભિપ્રાય બોલો.

ધનપાલ કવિ કહે છે.

**एषा तडागमिषतो बत दानशाला, मत्स्यादयो रसवती प्रगुणा सदैव ।**
**पात्राणि यत्र बकसारसचक्रवाकाः, पुण्यं कियद्‌भवति तत्र वयं न विद्मः ॥ १ ॥**

**અર્થ** : હે રાજન ! તમોએ આ સરોવરના નામે દાનશાળા બનાવી છે. તેમાં બધા કાળ માટે માછલાં વગેરે રસોઈ તૈયાર રહે છે. તેમાં પાત્રો તરીકે બગલા–સરસડા–અને ચકવાકો ઉપલક્ષણથી મોટા માછલાં, મગર વ્હેલ વગેરે જમનારા પાત્રો છે. આ સ્થાને પુણ્ય કેટલું થાય છે, તે સર્વજ્ઞ ભગવાન જાણે. અમે જાણુતા નથી.

**પ્રશ્ન** : આ દાણશાળા નામ પાડવા છતાં મરવા અને મારવાનું જ સ્વરૂપ બતાવ્યું એમ કેમ ?

**ઉત્તર** : આ વર્ણનમાં નિંદાગર્ભિત સ્તુતિ કરવામાં આવી છે. ઉપરથી પ્રશંસા હોવા છતાં હિંસાની જાહેરાત જ છે. જેમાં જયણાની મુખ્યતા હોય તેને જ વાસ્તવિક ધર્મ કહેવાય છે.

**પ્રશ્ન** : જળાશયો–કૂવા–વાવો–તળાવો નહેરો કરાવવાથી–પરબો બંધાવાથી પુણ્ય થાય છે આ વાત બરાબર નથી ?

**ઉત્તર** : ધર્મ–અધર્મની અથવા પુણ્ય–પાપક્રિયાની ચઉભંગી થાય છે.

પહેલો ભંગ–દેખાવથી પરોપકાર હોવાં છતાં પરિણામમાં હિંસા જણાતી હોય= દેખાવમાં ધર્મ કહેવાતો હોય–પરિણામે અધર્મ થતો હોય. જેમકે કૂવા–વાવ–તળાવો–પરબો–દેખાવમાં ધર્મ જણાય છે, ઉપકાર દેખાય છે. પરંતુ પાણીના જથ્થા ભેગા થાય ત્યાં નાનાં મોટાં માછલાં. મગરમચ્છ–કાચબા દેડકાં ઉત્પન્ન થાય છે થોડાંઓનો ઉપકાર થાય કે ન પણ થાય પરંતુ હજારોનો, લાખોનો, કરોડોનો નાશ થાય છે. જલાશયો સુકાઈ જતાં પુરા માછલાઓ વગેરે જીવો તરફડીને અકાળે મરણ પામે છે. શિકારી મનુષ્યો અને પશુ–

પક્ષીઓને શિકારની અનુકુળતા થાય છે. જલાશયોની આજુબાજુ અનાર્યો વસતા હોય તો માછલાં પકડવાનું ચાલુ જ રહે છે. જલાશયો ઉપર હિંસક જીવોના અડ્ડા જામે છે.

બીજો ભંગ, કેટલાક સ્થાને અપારમાર્થિક માણસોને અધર્મ લાગતો હોય, પરંતુ પરિણામે કલ્યાણકારી બની જાય છે. જેમ કોઈ નાનો બાળક દીક્ષા લેતો હોય, કોઈ તથા કોઈ મહાશય યુવતી પત્નીને-પરિવારને ત્યાગ કરીને ચારિત્ર લેતા હોય, ત્યારે સંસારના રસિયા જીવો તેને અન્યાય-અધર્મ માને છે. પછી તે જ આત્મા શાસનપ્રભાવક થાય ત્યારે, વયરસ્વામી-હેમચંદ્રસૂરિ, હીરસૂરિ, ઊપા૦ યશોવિજય ગણી જેવાઓની, શાસન પ્રભાવના કે આરાધના જોવાય ત્યારે, ખોટું માનનારાઓને પણ સમજાયા પછી હિતકર ભાસે છે.

અથવા સંઘ જમણ થાય, તીર્થોના સંઘ નીકળે, જિનાલય બને, પૌષધશાલા કે સામાયિકશાલાના મુકામો બંધાય. આ બધા સ્થાનોમાં આરંભ જરૂર થાય છે. પરંતુ પરિણામે હજારો કે લાખો ભવ્યાત્માઓમાં બોધિબીજ-સમ્યક્ત્વ-બ્રહ્મચર્ય-સર્વવિરતિ-દેશવિરતિ-વ્રતપચ્ચખ્ખાણ નમસ્કાર-જાપ-વીતરાગતાનો અભ્યાસ વગેરે જાણવા-સાંભળવા જોવા-આચરવા-અનુમોદવાનો અવસર મળતો હોવાથી, ખર્ચ થોડો ને મોટી આવક થાય છે.

ત્રીજો ભંગ, યજ્ઞાદિ ક્રિયાઓ-દેવીઓ પાસે ધર્મના નામે બલિદાનો, ગૌદાન-કન્યાદાન-ભૂમિદાન આ બધા સાક્ષાત અને પરિણામ બધી જગ્યાએ, પ્રારંભ અને સમાપ્તિ પાપમયજ છે. આવા જે કોઈ ધર્મનાં અનુષ્ઠાનો હોય, જેમાં કેવલ પંચેન્દ્રિયાદિ જીવોની હિંસા જ આગેવાન હોય, તેવી ધર્મક્રિયાઓમાં બન્ને બાજુ અધર્મ દેખાય છે.

ચોથો ભંગ, અભયદાન-સુપાત્રદાન-અનુકંપાદાન, સામાયિક પ્રતિક્રમણ-પૌષધ, વિનય, વેયાવચ્ચ, બાહ્યઅભ્યંતર, બાર પ્રકાર તપ, દેશથી કે સર્વથી બ્રહ્મચર્ય, વાત્સલ્ય, ઉદારતા વગેરે બાહ્યક્રિયાઓ હોય કે અન્તર્ભાવદશા હોય. એકાંત આત્મકલ્યાણની ભૂમિકા છે.

ધર્મના બધા પ્રકારોમાં પ્રારંભથી સમાપ્તિ સુધી, જીવોની જયણા અને જીવોની દયાની મુખ્યતા હોય, પરિણામે પણ જીવદયા વધવાની આશા દેખાતી હોય, તે ધર્મ જ વાસ્તવિક ધર્મ છે.

એકવાર ભોજ રાજાએ ધનપાળને ફરજ પાડી કે તમે, જાતે વૈદિક બ્રાહ્મણ છો. તમારો કુલ પરંપરા વૈદક ધર્મ છે. બ્રહ્મા-વિષ્ણુ-મહેશ્વર તમારા દેવ છે. છતાં તમે પોતાના દેવોને પ્રણામ કરતા નથી. માટે આજે તમારે પોતાના ઈષ્ટ દેવોને પ્રણામ કરવા જવું પડશે.

નિષેધ અને સ્વીકાર કર્યા વગર રાજાની આજ્ઞાથી, રાજાએ મોકલેલા રાજસેવક સાથે, લૌકિકમંદિરોના દર્શન કરવા ધનપાલ કવિ રવાને થયા. સૌ પ્રથમ ચંડીના મંદિરે ગયા માંસ-લોહીથી ખરડાએલાં સ્થાનો જોઈ, પ્રણામ કે પ્રતિકાર કર્યા વિના, ધનપાળ

પાછા વળ્યા, અંદર ગયા નહી. બીજા નંબરે વિષ્ણુ ભગવાનના મંદિરે ગયા. ત્યાં દરવાજે પડદો બંધાવી પાછા ફર્યા. છેલ્લા ગયા મહેશના મંદિરમાં. ત્યાં જઈ પૂજા-પ્રણામનો અભિનય (દેખાવ) કર્યો. પરંતુ પૂજા કે પ્રણામ કર્યા સિવાય રાજા પાસે આવતા, રસ્તામાં આવેલા જૈન મંદિરમાં પ્રવેશ કર્યો. ત્યાં વિધિપૂર્વક વંદન, નમન, સ્તવનાદિ બધું કર્યું અને રાજા પાસે આવ્યા.

પોતાના માણસ પાસેથી રાજાને સમાચાર મળ્યા હતા. માટે રાજાએ પૂછયું, ચંડીને, વિષ્ણુને અને મહાદેવને કેમ પ્રણામ કર્યા નહીં?

ધનપાળ કવિનો ઉત્તર : મહારાજ! ચંડીના મંદિરમાં પ્રવેશ કરવા ઇચ્છા હોવા છતાં, આખું મંદિર માંસ-લોહીથી ભરચક ખરડાયેલું હોવાથી, શરીરના પાદ વગેરે અવયવો અપવિત્ર થઈ જવાના કારણે, જઈ શકાયું નહી. ત્યારપછી વિષ્ણુના મંદિરમાં ગયો. ત્યાં વિષ્ણુ ભગવાન લક્ષ્મીદેવી સાથે ખાનગીમાં બેઠા હતા. તેમની મર્યાદા જાળવવા; પડદો બંધાવીને, મારા પ્રણામથી તેમના દાંપત્ય વ્યવહારને, ડખલ થાય માટે, પ્રણામ કરી શકાયા નથી.

ધનપાળ કવિ કહે છે ત્યાંથી હું મહાદેવજીના મંદિરે ગયો. ત્યાં મારે બધું જ કરવા ઇચ્છા હતી. ફૂલની માળા પહેરાવવા તૈયાર થયો. પરંતુ શિવ-શંકર-મહાદેવને ગળું-ડોક કંઠ હતું નહીં. માળા કયાં પહેરાવું? પછી ધૂપ કરવા ઇચ્છા થઈ. પરંતુ મહાદેવજીને નાશિકા હતી જ નહીં. ધૂપની સુવાસ કોને પહોંચે? પછી મને સ્તુતિ કરવા ભાવના થઈ. પરંતુ માથું હતું જ નહી. પછી કાન તો હોય જ શાના? કાન વગરનો દેવ કોઈના દુઃખસ્થાનો, કે ગુણગાનો કેમ સાંભળે? છેવટે પ્રણામ કરવા તત્પર થયો; પરંતુ મહાદેવને પગ જ ન હતા. પગ વિના પ્રણામ કોને થાય?

વાંચો ધનપાળ કવિના પોતાના શબ્દો :

**अकण्ठस्य कण्ठे कथं पुष्पमाला, विना नाशिकायाः कथं गन्धधूपः ॥**
**अकर्णस्य कर्णे कथं गीतनादा । अपादस्य पादे कथं मे प्रणामः ॥ १ ॥**

ઘણી કસોટીના પરિણામે ધનપાળે એકવાર સ્પષ્ટ શબ્દોમાં રાજાને સંભળાવેલું કે :

**जिनेन्द्रचन्द्रप्रणिपातलालसं, मया शिरोन्यस्य न नाम नाम्यते ॥**
**गजेन्द्रगण्डस्थलदानलंपटं शूनीमुखे नालिकुलं निलीयते ॥ १ ॥**

**અર્થ** : હે રાજન! જગત સ્વભાવ તો જુઓ, મન અને કાન વગરના, ચાર ઈન્દ્રિય વાળા ભ્રમરાઓ, કે જેઓ સમૂર્છિમ જન્મે છે. તેવા જીવો પણ હસ્તીના ગંડસ્થલની સુગંધની મહત્તા અને કૂતરીની લાળોની તુચ્છતાને સમજીને, હસ્તીનાં ગંડસ્થળની સુગન્ધનો સ્વાદ મેળવે છે. પરંતુ પ્રાણના ભોગે પણ કૂતરીની લાળોને ચૂસતા નથી. સુંઘતા નથી. સામું જોતા પણ નથી.

ત્યારે આપણે મનુષ્ય છીએ. જોવા માટે આંખો. સાંભળવા માટે કાન અને સમજવા માટે બુદ્ધિ, ત્રણે વસ્તુ સારામાં સારું પામ્યા છીએ. જોવાથી, સાંભળવાથી, અને વિચારવાથી, સારાખોટાના ભેદ માપી શકાય છે. કોઇ કવિશ્રી કહી ગયા છે. **"કામ-ક્રોધ-મદ-લોભકી, જબલગ ઘટમેં ખાન; તબલગ પંડિત મૂર્ખહી, સબહી એકસમાન"** આવાં વચનો વિચારનાર મનુષ્ય. સુદેવ-કુદેવને કેમ જુદા પાડતો નથી?

આંખોથી દેખાય છે, સુણે હિતાહિતકાન, ।
બુદ્ધિ બે જુદા કરે, કેમ ભૂલે વિદ્વાન? ૧

સુણે કાન ચક્ષુ જુએ, બુધ્ધિ કરે વિચાર,
તેવા નર પંડિત કહ્યા, બીજા સર્વ ગમાર. ૨

બહુ વાંચ્યું બહુ સાંભળ્યું, ન કર્યો તત્ત્વ વિચાર
ભલે જગત પંડિત કહે, પણ તે સાવ ગમાર. ૩

બહુ વાંચી પંડિત ભયો, શિષ્ય ભક્ત બહુ કીધ, ।
દેવ ગુરુ ને ધર્મની, સમજણ અલ્પ ન લીધ. ૪

આંખ કાન બે ત્રાજવાં, બુદ્ધિ તુલા જો થાય,
દેવ ગુરુ ને ધર્મના, તો તત્ત્વો સમજાય. ૫

વાનર ને નર જાતમાં, બે સરખા આકાર, ।
બુદ્ધિ કારણ માનવી, ભાખ્યો ગુણ ભંડાર. ૬

પણ જો બુદ્ધિ નો'ય તો, નર વાનર નહીં ભેદ, ।
બુદ્ધિવિણ આકારથી, કીશ્યો હર્ષ ને ખેદ. ૭

કાળા કદ્રૂપા ઘણા, બુદ્ધિમાન પુજાય,
રૂપાળા રળીયામણા, બુધ્ધિ વિણ અથડાય. ૮

મહાકવિ ધનપાલ, ભોજ રાજાને કહે છે કે રાજન! મેં પણ બુધ્ધિ તુલાથી જગતના કંચન-કામિનીવાળા દેવોને, બરાબર જોયા પછી, મને વીતરાગદેવની ઓળખાણ થઇ છે. કૂતરીની લાળ અને હાથીના ગંડસ્થળના પસીનામાં જેટલું અંતર છે, તેના થકી પણ રાગી દ્વેષી દેવો અને વીતરાગ દેવ વચ્ચે ઘણું અંતર દેખાયું છે, સમજાયું છે. તેથી વીતરાગદેવને નમવા અર્પણ થયેલું મસ્તક, બીજા દેવોને હવે નમવા કબૂલ થતું નથી.

"એકચિત્ત નહી એકની આશ, પગપગ તે દુનીયાના દાસ."

ઇતિ. પં. વીરવિ ગણી.

**પ્રશ્ન** : કોઈ સ્નેહીના, વડીલના કે મોટા માણસના માનને ખાતર, કોઈ દેવને કે સંતને હાથ જોડાય કે મસ્તક નમાવાય તો શું નુકસાન થાય?

**ઉત્તર** : કોઈ બીજાની બુદ્ધિ ઉપર આધારિત થવું કે, કોઈના તેજમાં અંજાઈ જવું. તેમાં બે બાજુથી નુકસાન થાય છે. કોઈ સદ્ગુણી કે મહાગુણીને ઓળખવા લક્ષ અપાય નહીં અને બીજાના દાક્ષિણ્યથી નમસ્કાર કે પ્રણામ થાય તો, વીરાશાળવીએ કૃષ્ણમહારાજના દાક્ષિણ્યથી, અઢાર હજાર મુનિરાજોને વંદન કરવા છતાં, કશો જ લાભ થયો નહીં.

અને ગુણોનો અંશ પણ ન હોય એવા, કુદેવ–કુગુરુ કુધર્મને વંદન–પૂજન કે નમસ્કાર થાય તો, મિથ્યાત્વ લાગે, મિથ્યાત્વ પોષાય. માર્ગ મજબૂત થાય. ભોળા માણસો ભૂલા પડે.

**પ્રશ્ન** : ઠીક, લોકોત્તર દેવ–ગુરુ–ધર્મ માટે વિચાર કરવો એ ઠીક છે. પરંતુ લોકવહેવાર સાચવવામાં શું વાંધો છે?

**ઉત્તર** : અકબરના સમયની આ વાત છે. એક બુદ્ધિશાળી અને સ્પષ્ટવક્તા બારોટ હતો. તે શહેનશાહ અકબરની સભાનો માનવંતો સભ્ય હતો. પરંતુ તેને મહારાણા પ્રતાપ માટે પણ ખૂબ માન હતું. કારણવશાત્ એકવાર તેને પ્રતાપરાણા પાસે જવાનું થયું. તે વખતે રાણાની પાસે દ્રવ્ય સામગ્રી પુરતી ન હોવાથી, બારોટને પોતાના મસ્તકનો મંડિલ–સાફો ઇનામમાં આપી દીધો. બારોટ રાણાની ઉદારતાનાં વખાણ કરતો દીલ્હી આવી ગયો.

સમય ઘણો થઈ ગયેલો હોવાથી રાજસભા વિસર્જન થવાની તૈયારી હતી. બારોટજીએ વિચાર કર્યો કે, મુસાફરીમાં મને બહુ દિવસ થયા છે. માટે હમણાં જ નામદાર શહેનશાહને મુજરો કરીને પછી જ ઘેર જાઉં. પોતાની ઘોડી કોઈ માણસ સાથે ઘેર મોકલાવી, બારોટજી સીધા બાદશાહની સભામાં પહોંચી ગયા શહેનશાહ અકબરની પાસે જઈ, બે હાથ જોડી પ્રણામ કર્યા, પરંતુ મસ્તક જરાપણ નમાવ્યું નહીં.

**અકબરનો પ્રશ્ન** : બારોટજી પ્રણામ તો કરો છો, પરંતુ મસ્તક જરા પણ નમતું નથી તેનું શું કારણ?

**બારોટનો ઉત્તર** : હજુર! નામવર! દીર્ઘાયુષ બાદશાહ સલામતને, પ્રણામ એ મારા અંતરનો અવાજ છે. અને તે મેં આપને કર્યો છે. અને મસ્તક તો મહારાણા પ્રતાપના મસ્તકના મંડિલને આધીન હોવાથી નમાંવ્યું નથી. જે ટેકીલા રાજવીએ ધન–દોલત–માલ

મીલ્કત–રાજ્ય–દરબાર બધું ગુમાવ્યું. બાળબચ્ચાં, પત્ની પરિવાર ભટકતો થયો, તોપણ જેણે પોતાનું મસ્તક આપના પગોમાં મૂક્યું નથી.

અને જો હું અત્યારે આપના પગોમાં મસ્તક નમાવું, અને વખતે મારા મસ્તક ઉપરથી રાણાજીનું મંડલ આપના પગમાં પડી જાય તો બાપુ! રાણાજીનો વિશ્વાસઘાત થાય. અમે મોટા મોટા પૃથ્વીધરો પાસે જઈએ. યાચકની જાત એટલે ગુણગાન જરૂર કરીએ. પણ કોઈનું ઢળતું થવા દેવાય નહીં.

હમણાં હું ઘેર જઈશ. રાણાજીના મંડિલને મઝાના સ્થાનમાં મૂકીશ. અને પછી આપ નામવરને ગોઠણીયાં પ્રણામ કરીશ. બારોટજીની વફાદારી અને મહાનુભાવતા સાંભળીને, ઉદાર સ્વભાવ શહેનશાહ અકબર ખૂબ ખૂબ ખુશી થયો. હસી પડ્યો. અને બારોટજીના વખાણ કરવા પૂર્વક, મોટી બક્ષીશ આપી. ઘેર જવાની આજ્ઞા ફરમાવી. આનું નામ માણસાઇ છે.

આ સ્થાને બારોટને હજારો ધન્યવાદ ઘટે છે. જેણે પરસ્પરના કટ્ટર દુશ્મનો હોવા છતાં પણ, સંકોચ અનુભવ્યા વગર, મહારાણા પ્રતાપનાં, શહેનશાહ અકબર પાસે વખાણ કર્યાં. અને બારોટ થકી પણ બાદશાહને લાખોવાર ધન્યવાદ, કે જેની પાસે વિરોધીના વખાણ થવા છતાં, ઠંડા કલેજે સાંભળ્યાં, એટલું જ નહીં પણ, બારોટની બોલવાની ઢબ માટે બહુમાન થયું. ઉપરથી ઇનામ પણ આપ્યું. આજની સભાએ શહેનશાહની ઉદારતા માટે ગૌરવ અનુભવ્યો હતો.

"કરે પ્રશંસા આપણી, તે દુર્જન કહેવાય, ।
સજ્જન પરની સાંભળી, રાજી રાજી થાય." ॥ ૧ ॥

"ગુણનો અંશ ન હોય પણ, દુર્જન ખૂબ ફુલાય, ।
આપ વખાણને સાંભળી, સજ્જન ચિત્ત દુભાય." ॥ ૨ ॥

"શત્રુના ગુણ સાંભળી, દુર્જન ચિત્ત દુખાય ।
પણ સજ્જન ને સર્વદા, હૈયે હર્ષ ભરાય." ॥ ૩ ॥

ગુણાનુરાગ થાય તે મોટો ગુણ કહેવાય છે. પરંતુ ગુણાભાસમાં ગુણની કલ્પના કરવાથી, વખતે ખોટા દોષોને પણ પોષણ મળે છે. તેમાં પણ સામાન્ય માણસના ગુણદોષની પ્રશંસા કે નિંદા, મોટા લાભ કે નુકસાનનું કારણ બનતી નથી. પરંતુ દેવ–ગુરુ–કે ધર્મની સાચી પ્રશંસા, કર્મ ક્ષયનું અને સમ્યકત્વાદ ગુણ પ્રાપ્તિનું કારણ બને છે, તેટલી જ કુદેવ કુગુરુ–કુધર્મની પ્રશંસા પણ કર્મબંધનું અને મિથ્યાત્વ પ્રાપ્તિનું કારણ બને છે.

મહાકવિ ધનપાળે, જૈન ધર્મના કટ્ટર વિરોધી રાજા પાસે પણ, પોતાના પક્ષનું જરા પણ નમતું જવા દીધું નહીં. સાંભળ્યું નહીં. ચલાવી લીધું નહીં. ધનેશ્વરસૂરિ મહારાજે કરેલા

ઉપકારની અદલાબદલીનું પરિણામ એ આવ્યું કે, લક્ષ્મીધર પંડિતનો એક પુત્ર મહામુનિરાજ થયો. ત્યારે બીજો પુત્ર ચુસ્ત શ્રાવક થયો. શોભન મુનિ અને ધનપાલ કવિની વિદ્વત્તા અને જૈન ધર્મની પ્રાપ્તિ તેમજ શ્રદ્ધાને જાણવા ઇચ્છા હોય, તેમણે શોભન સ્તુતિ, તિલકમંજરી, મહાકાવ્ય અને ઋષભપંચાશિકા વગેરે ગ્રન્થો જોઈ લેવા ખાસ ભલામણ છે.

## ઇતિ પિતાના વચનો પાળવા મુનિપણું સ્વીકારનાર શોભનમુનિ.

## આ સ્થાને વળી માતાપિતા અને ગુરુ પુરુષોના ભક્ત રાજપુત્રની કથા લખું છું.

આ જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં, અતિ સમૃદ્ધ જયંતી નામની નગરી હતી. તેની ઉપર જયશેખર નામનો પ્રતાપી રાજા રાજ્ય કરતો હતો. તે રાજાને યથાર્થ નામધારિણી, ગુણસુંદરી નામની રાણી હતી. રોહણાચલની ભૂમિમાં રત્ન પાકે છે તેમ, રાણી ગુણસુંદરીની કુક્ષિથી અપરાજિત નામના કુમારનો જન્મ થયો હતો. કુમારને પણ વય પ્રાપ્ત થતાં પિતાએ યુવરાજપદવી આપી હતી. અને મોટા રાજાધિરાજોના અંતઃપુરમાં જન્મેલી, જયશ્રી અને જયસુંદરી એ બાળાઓ સાથે પિતાએ અપરાજિતકુમારનું પાણિગ્રહણ કરાવ્યું હતું. કેટલાક વર્ષો સુધી જયશેખર રાજાના કુટુંબને સાક્ષાત્ સ્વર્ગના સુખનો અનુભવ થયો. સુખના દિવસો નાના હોય છે. આવી કહેવતના અનુસારે આંખના પલકારાની માફક ઘણો કાળ ખોવાઈ ગયો, અને કર્મ પરિણામની વિચિત્રતાથી, એકાએક ગુણસુંદરીરાણીના શરીરમાં મહારોગ શરૂ થયો.

જ્ઞાની પુરુષો તો કહી ગયા છે જ કે, **भोगे रोग भयं**–ભોગો બધા રોગોથી જ ભર્યા છે. રાણીના શરીરમાં રોગ આવ્યો. તેથી રાજા પણ દુઃખી જ રહેવા લાગ્યો. ઉપચારો ચાલુ થયા, ઘણા વૈદ્યો બોલાવ્યા, બદામની જગ્યાએ સોનામહોરોની થેલીઓ ખર્ચાવા લાગી. પરંતુ રાણીને જરાપણ સુખ થયું નહીં–રોગ મટયો નહીં.

"રોગ–વિયોગને આપદા, અગ્નિ ચોર ને રાય, ।
જરા–મરણ જગજીવને, દુઃખના સ્થાન ગણાય." ॥ ૧ ॥
"અતિવૃષ્ટિ–દુર્ભિક્ષથી, પ્રાણીને દુઃખ થાય, ।
સર્પ–ઝેર શત્રુ થકી, પણ ભય હોય સદાય." ॥ ૨ ॥
"પત્ની–પુત્ર કુસંપથી, અલ્પાયે દુઃખ થાય, ।
વિષય–કષાયના જોરથી, સુખ નહીં ક્યાંય જરાય." ॥ ૩ ॥
"મમતા સઘળી દુઃખ કરી, મમતા દુઃખની માય, ।
ઇન્દ્રચક્રી હરિપ્રતિહરિ, દુઃખિયા સર્વ ગણાય. ॥ ૪ ॥

રાણી ગુણસુંદરીના શરીરમાં, રોગે અડ્ડા જમાવ્યા. સેંકડો વૈદ્યો આવ્યા. ઘણી પ્રકારનાં ઔષધો થયાં. પરંતુ રોગ ઘટયો નહીં, પણ વધ્યો. અને રાણીનું શરીર ઘસાવા

લાગ્યું. રાણીના રોગે કુટુંબની શાંતિ પણ છીનવી લીધી. રાજા અને કુમાર અપરાજિત પણ રાત–દિવસ ગુણસુંદરીના બીછાના પાસેથી ખસતા નથી. કુટુંબના સુખ–નિદ્રા અને આનંદ ખોવાયા.

ભોજનનો સ્વાદ અને નિદ્રાની શાન્તિ પણ રાજકુટુંબમાંથી રવાના થઇ ગઇ હતી.

રાજા જયશેખરનાં દિવસો અને રાત્રિઓ ઉદાસીન દશામાં પસાર થતી હતી. જ્યારે કુમાર અપરાજિતનો મોટે ભાગ રુદનમય પસાર થતો હતો. રાજા કહે છે, મારા ધનના ભંડારો આપી દઉં, પણ કોઇ આવો, અને રાણીને નિરોગ બનાવો. કુમાર કહે છે મારા પ્રાણોને લઇ જાવ, પરંતુ મારી માતાનો રોગ મીટાવો.

"હોય હજાર કે લાખની, કરોડ મનુષ્યની સહાય, ।
પુણ્ય સહાય મળ્યા વિના, સુખી કોઈ નવ થાય." ॥ ૧ ॥
"વૈદ્ય હાકીમ ઔષધ ઘણાં, બહુ નોકર પરિવાર, ।
પુષ્કળ પાપના જોરથી, થાય ન લાભ લગાર." ॥ ૨ ॥

રાણી ગુણસુન્દરીના રોગે રાજકુટુંબનું સુખ–આનંદ અને પ્રસન્નતા છિનવી લીધાં હતાં. સંસારને જ્ઞાનીઓ દુઃખની ખાણ કહે છે. સ્વર્ગ જેવા સુખ ક્ષણવારમાં પલટાઇ જાય છે. પહેલા બીજા સ્વર્ગ સુધીના ચાર નિકાયના દેવો, પુણ્ય ખવાઇ જવાથી, પૃથ્વીકાય, અપકાય, અને વનસ્પતિકાયમાં પણ ચાલ્યા જાય છે. દેવતાઇ જેવાં, અદૃશ્ય થઇ જાય છે.

બ્રહ્મદત્ત અને સુભૂમ જેવા ચક્રવર્તી રાજાઓ, છ ખંડના સ્વામી, અપ્સરા જેવી હજારો રુપવતી રાણીઓમાં મહાલનારા; રોજબરોજ હજારોના કે લાખોના ખર્ચાઓ થાય; તેવા વૈભવોને ભોગવનારા પણ, પુણ્ય પૂરાં થઇ જતાં, સાતમી નરકમાં સીધાવી ગયા.

કોઇ કવિ કહે છે કે—

"ષટ્ખંડ નવનિધિ ચૌદરયણધણી, ચૌષઠીસહસ સુનારીજી. છેડો છોડી ચાલ્યા એકીલા, હાર્યો જેમ જુગારીજી; મમકર્ય મમતારે સમતા આદરો."

"ત્રિભવનકંટક બીરુદ ધરાવતા, ધરતા ગર્વ ગુમાનજી, ત્રાગાવિણ નાગા સૌએ ચલ્યા. રાવણ સરીખા રાજાનોજી મમકર્યમમતારે સમતા આદરો."

**વળી કોઈ કવિ કહે છે:—**

"હજારો હજૂર રહેતા, ખમાખમા ખૂબ કહેતા, વિશ્વમાંથી ગયા વહેતા રે, આ જીવ જોને જાય છે જગત ચાલ્યું રે."

**પ્રશ્ન** : સંસારમાં સુખ ન જ હોય. અને કેવળ દુઃખ જ હોય તો મૂર્ખા ભલે મુંઝાય, ભૂલા પડે, પરંતુ ડાહ્યા માણસો, પંડિતો, કવિઓ કેમ વંખાણી ગયા છે? તેઓ કેમ ફસાઈ ગયા હશે?

**ઉત્તર** : સંસારમાં પાંચ ઇન્દ્રિયોના વિષયો મોહક વસ્તુ છે. પશુ બિચારું હરણ, શિકારીને ઓળખતું નથી. પરંતુ ગાયનમાં ફસાઈ જાય છે. પતંગિયું દીવાના તેજને દેખે છે. દાહને સમજતું નથી. ભમરો કમળની સુગંધને સમજે છે. પરંતુ આથમતા સૂર્યને ભાળતો નથી. માછલું લોટના લોયાને ઓળખે છે. બીછાવેલી જાળને જાણતું નથી. તથા હાથી હાથિણીના ભોગને વિચારે છે. પરંતુ પરવશતાનાં બંધનોને, વિચારતો નથી.

આ બધા પશુઓ છે, અને તે બધા એકેક ઇન્દ્રિયના વિષયમાં પરવશ બની, પ્રાણો ગુમાવે છે. જ્યારે માણસને પાંચે ઇન્દ્રિયોના, એક બે નહીં હજારો વિષયો છે. કાનેથી સાંભળવાનું ખૂબ છે. આંખોથી જોવાનું સંખ્યાતીત છે. નાશિકાને સુંઘવાની ઘણી વસ્તુ છે. જીહ્વાને સ્વાદોનો પાર નથી. અને સ્પર્શેન્દ્રિયને સ્પર્શવાના સાધનો પણ ન ગણી શકાય તેટલાં હોય છે. ઉપર બતાવેલા હરણ વગેરે પ્રાણીઓ એકેક વિષયના યોગે પાયમાલ થાય છે. તે અનુભવ સિદ્ધ છે. તો પછી જેને પાંચે ઇન્દ્રિયો અને હજારો સાધનો હોય તેને કેવા સમજવા.

**કોઈ કવિ કહે છે :—**

મૃગ–પતંગ–અલિ–માછલું, કરી. એક વિષય પ્રસંગ,
દુખિયા તે કેમ? સુખ લહેરે.
જસ પરવશ એ પંચરે, સુણ સુણ પ્રાણિયા,
પરિહર આશ્રવ પંચરે, દશમે અંગે કહ્યા.

આ તો સર્વ જીવો માટે સામાન્ય વાત કહેવાઈ છે. પરંતુ માણસો માટે વિચારાય તો સંપૂર્ણ સુખ ક્યાં દેખાય છે. જુઓ :—

પુત્ર ભલા. પૈસા ઘણા, નારી ગુણ સમુદાય;
પણ જો આવે રોગ તો, દુઃખદરિયા ઉભરાય. ૧

નીરોગ હોય શરીરને, નારી પુત્રો ઠીક (સારા);
પણ જો પૈસા નોય તો, સઘળાં સુખ અલિક. (ખોટાં). ૨

નીરોગ શરીર નારી ભલી, લક્ષ્મીનો બહુ આય;
પણ જો પુત્ર ન હોય તો, નર દુખિયો કહેવાય. ૩

રાણીનો રોગ લંબાણમાં પડ્યો. દિવસો ગયા. માસો અને બે ત્રણ વર્ષો પણ ગયાં. કુમાર પોતાની જનનીના રોગથી ઘેરાઈ ગયો. જમવું ભાવતું નથી. નિદ્રા આવતી નથી. બધા ભોગો ને સુખો ને આનંદોને દેશવટો દેવાઈ ગયો છે. આવા દુઃખમય દિવસોમાં એકવાર કુમારના, રાજાના અને રાણીના પુણ્યથી, એક મુસાફર આવ્યો.

તેણે રાજકુટુંબના દુઃખની વાત સાંભળી, રાજા પાસે આવીને બોલ્યો. મહારાજ મારા નગરમાં એક વૈદ્યરાજ છે. તે મહા પુણ્યવાન છે. તેની ચિકિત્સાથી હજારો રોગ મટાડ્યા છે. ઘણા માણસોને મરણના મુખમાં ગયેલા, પાછા વાળ્યા છે, જો રાણી સાહેબાનું આયુષ્ય બળવાન હશે, અને આપ સર્વનાં પુણ્યો જોરદાર હસે તો, અમારા વૈદ્યરાજ જરૂર રોગ મીટાવી શકશે.

રાજાએ તેજ વખતે પ્રધાનોને મોકલીને, સારી સગવડથી ઘણા માનપૂર્વક વૈદ્યરાજને બોલાવ્યા. વૈદ્યરાજ આવી ગયા. રાણીના શરીરની તપાસ કરીને, વૈદ્યરાજ બોલ્યા, મહારાજ આ રોગ અસાધ્ય તો નથી. પરંતુ ઘણો દુખ સાધ્ય છે. દરિયામાં ડુબકી મારીને, રત્ન મેળવવા જેવો છે. સાધન મળવું અશકય હોવાથી રોગ મટવાની અશકયતા ગણી શકાય. કેટલાયે માણસો હોમાઈ જાય. અથવા કોઈ સાત્ત્વિક નરની કસોટી થાય તો, આ રોગ હું અવશ્ય મીટાવી શકું છું.

**રાજા કહે છે :** વૈદ્યરાજ ! અમારી પરંપરા જૈન ધર્મ પાળે છે. હું, મારો કુમાર, અને આ મારી રાણી; અમારું આખું કુટુંબ જૈન છીએ. અમે બેઇન્દ્રિયાદિક જીવોને પણ, મારી નાખવામાં સમજ્યા નથી. પશુઓના શિકાર કે બાલદાન અમારા રાજ્યની પ્રજાને પણ અજાણ્યાં છે. આમિષ માંસ જેવા શબ્દો, કાવ્યો અને કોષોમાં ભલે હશે. પરંતુ આવી દુષ્ટ વસ્તુ, અમારા રાજ્યની પ્રજાએ, આંખે જોઈ ન હોય. એમ અમે ભારપૂર્વક માની શકીયે છીએ. માટે હવન, હોમ કે બલિદાનનું કાર્ય અમારે માટે તદ્દન અશકય છે.

"ભલે પ્રાણ જાતા રહે, કુટુંબ સુખસમુદાય;
(પણ) જૈનો જીવ-હણે નહીં, ભલે ગમે તે થાય." ૧.

"ક્રોડ ઉપાય કરવા છતાં સુખદુખ નહીં પલટાય; ।
પુણ્ય–પાપના યોગથી, સુખદુખ સ્થિર સદાય." ॥ ૨.

"હવા દવા ઔષધ બધાં, નિમિત્તમાત્ર ગણાય,
પુણ્યોદય જો થાય તો, ક્ષણમાં રોગ પલાય." ૩.

**વૈદ્યરાજ કહે** : મહારાજ ? હું પણ જૈન છું. મારી જિંદગીમાં કયારે પણ મેં, કોઇ જીવનો નાશ થાય તેવી ઔષધી મેળવી–બનાવી નથી. ઔષધ ત્રણ પ્રકારનાં હોય છે. ખનિજ, વનસ્પતિજ અને પ્રાણિજ. તેમાં મોટા અનુભવી વૈદ્યો, ઘણાભાગે ખનિજ – એટલે પ્રવાલ વગેરે વસ્તુઓના પ્રયોગથી, રોગ નાશ કરી શકે છે. બીજા નંબરે સૂકી લીલી વનસ્પતિથી રોગ મટે છે. તેમાં પણ જૈન વૈદ્યો, અનંતકાયનો પ્રયોગ કરતા નથી. ત્રીજી

ઔષધી પ્રાણિજ છે. જેમાં બેઇન્દ્રિયાદિ જીવોનો નાશ થાય છે. જેમાં માંસ–મદિરા મધમાંખણનો પણ સમાવેશ થાય છે. આવા પ્રયોગો નિર્દય વૈદ્યોથી પ્રચાર પામ્યા છે. પરંતુ જેઓ જગતનું ભલું કરવાની ઇચ્છાવાળા હોય, તેવાઓ એકનું સુધારવા માટે બીજાનું કેમ બગાડી શકે ?

**પ્રશ્ન** : રોગીને મરતો બચાવવા માટે, માંસ–મચ્છી–મરઘાં–ઇંડાં ખવરાવવાં પડે તો, ગુનો નથી ને ?

**ઉત્તર** : કોઈ રાજાનો પાટવી કુમાર માંદો થયો હોય, મરવાની તૈયારી હોય, ત્યાં કોઈ વૈદ્યરાજ આવે અને રોગનું નિદાન કરીને, ચોકસ રોગ માટે તેવો ઉપાય બતાવે. કહે કે પાટવીકુમાર ખૂબ મોટા માણસ છે. દેશને અને સમાજને તેમની જરૂર છે. આ રોગ માટે ઔષધ પણ ચોકસ છે. અને તે એજ કે, તેમના એટલે-કુમારના ચાર નાના ભાઈ છે. તેમને ચારેને મારી નાખીને, તેમના શરીરોનાં માંસને એકઠાં મેળવીને, એક માસ સુધી પાટવી કુમારને ખવડાવીએ તો, કુમાર ચોકસ નીરોગ થઈ જશે.

**પ્રશ્ન** : બીજા ચાર રાજકુમારોને મારી નાખવાનું કુમારના પિતા રાજા કેમ કબુલ રાખે ? કુમારોથી કેમ ખમાય ?

**ઉત્તર** : જેમ કુમારોનો નાશ રાજાથી ખમાય નહી તો પછી, ઈશ્વર કે ખુદા પ્રભુ કે ભગવાન, જેઓ જેને જગતનો માલિક સમજતા હોય, તેને આપણે પૂછીએ કે જગત કર્તા, ઈશ્વર કે ખુદાએ આપણુને બનાવ્યા તો, પશુઓને પણ તેમણેજ બનાવ્યા છે–એમ ખરું કે નહીં ? આપણો પિતા જો ઈશ્વર હોય તો, પશુઓના પિતા–ભગવાન પણ ઈશ્વર ખરો કે નહીં ? આપણા સુખને માટે પશુઓને આપણે મારી નાખીએ, તો ઈશ્વર આપણો ગુનો કેમ ચલાવી લે ? પશુઓનો તે પિતા ખરો કે નહીં ? જો રાજા પોતાના પાટવી કુમારના સુખ માટે કે, રોગના નાશ માટે, પોતાના બીજા પુત્રોના નાશને નજરે દેખી શકે નહીં. ચલાવી શકે નહીં, તો પછી ચરાચર જગતનો પિતા ઈશ્વર (કર્મ) પોતાના પુત્રો માણસોની ખાતર, નાના દીકરા પશુઓના નાશ કરવાની છૂટ પણ ઈશ્વર–ખુદા–પ્રભુ આપે એ કેમ માની શકાય ?

**પ્રશ્ન** : આટલા મોટા રોગોનું પ્રમાણ, કેવલ ખનીજ કે વનસ્પતિજ દવાઓથી કેમ મટી શકે ?

**ઉત્તર** : હોમીયોપથિક અને બાયોકેમિક દવાઓ, ફક્ત તેત્રીશ અને બાર નંબરોમાં જ હોવા છતાં, રોગોના બધા પ્રકારોના નાશ કરી શકે છે. એમ તે પ્રયોગોના અનુભવી નિષ્ણાતોએ, અનુભવથી સિદ્ધ કર્યું છે. અને આજે ભારતમાં અને બહારના દેશોમાં, આ બે દવાના પ્રયોગોથી લાખો રોગીઓ નીરોગ થયા છે, મરતા બચી ગયા છે. આ વાત ઘણી જાહેર છે.

**રાજા જયશેખર કહે છે કે** : તો પછી અનેક માણસો હોમાઈ જવાની વાતનો અર્થ શું ?

**વૈદ્યરાજનો ઉત્તર** : મહારાજ! રાણીનો રોગ મને સમજાઈ ગયો છે. આ રોગનો નાશ કરવાની દવા પણ જગતમાં છે. અને તે કયાં મળે છે તે આપ સાંભળો. આ નગરથી કેટલાક કોશ દૂર એક મોટું વન છે. ત્યાં હજારો ચમત્કારી અને કિંમતી ઔષધી થાય છે.

તે મોટા જંગલમાં, ઘણી જૂની પુરાણી અને ઘણી લાંબી પહોળી, એક વાવ આવેલી છે. થોડા વર્ષો પહેલાં આ જંગલનો માર્ગ નિર્ભય હતો. ઔષધીઓના સમજદાર અને જરૂરવાળા માણસો ત્યાં જતા હતા, અને હજારો ઔષધીઓના કોથળા ભરી લાવતા હતા. જેને સુંઘવાથી પણ કેટલાક રોગો મટી જતા હતા.

હમણાં તે જંગલમાં મહાવિકરાળ, (ચંડકૌષિક સર્પ જેવો) સર્પ ઉત્પન્ન થયો છે. તે વાવમાં ઉજ્વળ કમળની એક જાત થાય છે. તે કમળોની સુગંધમાં તલ્લીન થયેલો સર્પ, વાવની પાસે જ રહે છે. અહીંથી કોઈ કમળ લેવા જાય, કમળ તોડે તો, વિફરેલો સર્પ, ચક્ષુથી વિષ વમન કરીને, માણસને મારી નાખે છે.

અહીંથી સો બસો બહાદુર માણસો જાય; એમાંથી બચી ગયેલા માણસો કમળને લાવી શકે તો, રાણી સાહેબને હું અવશ્ય બચાવી શકું છું, પરંતુ આટલા માણસો મરણ પામે એવું કાર્ય મારાથી પણ બની શકે નહીં. ફક્ત આપને સમજવા આટલી વાત મેં તમને કહી છે. અને માટે જ રોગ અસાધ્ય નથી, પરંતુ દુઃસાધ્ય હોવાથી, અસાધ્ય જેવો માનવો પડશે.

આ વૈદ્યરાજ આવ્યા ત્યારે રાણીની શય્યાની બધી બાજુ, રાજાનો પરિવાર, તથા પ્રધાનમંડળના પણ ઘણા સભ્યો હાજર હતા, અને વૈદ્યરાજની રોગપરીક્ષાની અને રોગ મટાડવાની વાતોને, એકાગ્ર ચિત્તે સાંભળતા હતા. વૈદ્યરાજની વાત સંપૂર્ણ થતાં, ઘણા વફાદાર અને સાહસિક જુવાનીઆઓ બોલી ઉઠયા, રાણીસાહેબાને બચાવવા માટે, તે જંગલની વાવનું કમળ લેવા અમે જઇશું.

વૈદ્યરાજ આવ્યા ત્યારથી વૈદ્યરાજનું ભાષણ સંપૂર્ણ થયું, ત્યાં સુધીની બધી હકીકત રાણીજી પોતે પણ બરાબર સાંભળતાં હતાં, છેલ્લાછેલ્લો કમળ લેવા જવાનો જુવાનીયાઓનો હર્ષાતિરેક અને રાણીજી માટેની લાગણીના શબ્દો પણ, રાણીજીએ બરાબર સાંભળી લીધા અને બોલ્યાં :

ભાઈઓ, તમારો ઉત્સાહ સાંભળીને પણ, મારો અર્ધો રોગ મટી ગયો છે. હમણાં મારું દશ–બાર આની જેટલું આયુષ્ય ગયું છે. મને વીતરાગ શાસન મળ્યું છે. મારા સ્વામી અને પુત્રની મારા પ્રત્યેની લાગણી અમાપ છે. આપ બધા સેવક વર્ગની ભક્તિ અમેય છે. પરંતુ મારા નિમિત્તે કોઇ નાના જીવની પણ હિંસા થાય તે, મારા આવા ભયંકર રોગ થકી પણ મને વધારે દુઃખનું કારણ સમજાય છે.

પાપના ભયંકર ઉદયો થાય ત્યારે રોગો પ્રકટ થાય છે. બાંધેલાં પાપો ભોગવાઈ જાય, એટલે આપો આપ રોગો પોતે જ વિદાય લે છે. નિકાચિતકર્મના ઉદયોથી, આવેલા રોગો, કોઈ પણ ઔષધોથી પણ નાશ પામતા નથી. સિંહકુમારે જયાનંદકુમારની આંખો ફોડી નાખી હતી. અસહ્ય પીડાઓ ચાલુ હતી. જયાનંદકુમારની ધૈર્યતા પણ અજોડ હતી. તે જ દિવસે કર્મો ભોગવાઈ ગયાં અને દિવ્ય ઔષધિ મળી ગઈ. આંખોમાં પણ દિવ્ય પ્રકાશ આવી ગયો.

એ જ પ્રમાણે મુસાફરીમાં ધર્મ અધર્મની જીભાજોડીમાં, લલિતાંગકુમારની, પોતાના દુર્જને મિત્રે (સજ્જન નામ હતું) આંખો ફોડી નાખી હતી. અને તે જ રાત્રિમાં, ઔષધી મળી જવાથી, જયાનંદકુમારની પેઠે, લલિતાંગકુમારની પણ આંખો દિવ્ય પ્રકાશ બની હતી.

અને બ્રહ્મદત્ત ચક્રવર્તીનો અશુભોદય થવાથી, બ્રાહ્મણની ગોળી લાગવાથી, બે આંખો નાશ પામી હતી, ત્યારે પચીશ હજાર દેવોથી રક્ષણ કરાએલા, અને છ ખંડ ભરતક્ષેત્રના માલિક, બ્રહ્મદત્તચક્રવર્તીની, નાશ પામેલી આંખો સાજી થઈ જ નહીં. આ સ્થાને, દુખો, ભયો કે રોગોનું કારણ અશુભનો ઉદય જ છે. બીજાં બધાં સહકારી કારણો સમજવાં. તથા સુખ, નિર્ભયતા અને આરોગ્યનું કારણ, શુભનો ઉદય જ જાણવો. બીજા બધાં નિમિત્ત કારણ છે. **શાસ્ત્રો ફરમાવે છે કે :**

**अवश्यमेव भोक्तव्यं, कृतं कर्म शुभाशुभं । नाभुक्तं क्षीयते कर्म, कल्पकोटिशतैरपि ॥ १ ॥**

**અર્થ** : આપણા આ જીવે ભૂતકાળમાં સારું કે ખરાબ જે કાંઈ આચરણ કર્યું હશે, તેનાથી બંધાએલાં શુભાશુભ કર્મો, જીવને પોતાને જ ભોગવવા પડે છે. લાખો વર્ષો જતાં રહેશે તોપણ, બાંધેલાં કર્મો, અવશ્ય ભોગવવાં પડશે.

પરને દુખ દેવા થકી, અશુભ કર્મ બંધાય, ।
સુખ દેશો સૌ જીવને, તમને પણ સુખ થાય.

જીવોની હિંસા થકી, અશુભકર્મ બંધાય, ।
સર્વ જીવ રક્ષણ થકી, પુણ્ય બંધ બહુ થાય.

સર્વ જીવ રક્ષણ સમો, જગમાં ધર્મ ન કોય, ।
હિંસાસમ અધર્મને, શત્રુ અન્ય ન હોય.

પશુ ગતિને નરકમાં, દેવ મનુષ્ય ભવમાંય, ।
જૈન ધર્મ સમજણ વિના, જીવ દયા નહીં ક્યાંય.

પ્રભુશ્રી મહાવીર દેવના આત્માએ, ત્રિપૃષ્ટવાસુદેવના ભવમાં, શય્યાપાલકના કાનમાં,

ઉકાળેલું સીસું રેડાવ્યાથી, બાંધેલાં કર્મ, સો સાગરોપમ પછી પણ, મહાવીર દેવના ભવમાં, ઉદયમાં આવ્યાં, અને વિના કારણ, ગોવાળીઆઓએ, કાનમાં ખીલા બેસાડ્યા હતા.

**રાણી ગુણસુન્દરી કહે છે :** ભાઈઓ ? મને વીતરાગ દેવોનાં વચનોનું આલંબન હોવાથી, મારો રોગ મને જરા પણ દુર્ધ્યાન કરાવી શકતો નથી. પરંતુ તમે બધા ઉગીને ઉભા થયેલા બાળકો, મારા કારણે કાળના મુખ જેવા સર્પની ઝાળમાં, ઝંપલાવવાની વાતો કરો છો તે પણ, મારા દુખને ખૂબ જ વધારી મૂકે છે. માટે મને આનંદ આપવો હોય તો, દૃષ્ટિવિષસર્પના ભયથી, છવાએલી વાવનું કમળ લેવા જવાની, વાત પણ કોઈ કરશો નહીં. તો જ મને ખૂબ આનંદ થશે.

કારણ કે તમારા પૈકીના કોઈનું પણ, અશુભ સાંભળવાની મારામાં તાકાત નથી તો પછી તમને કોઈને પણ, મરણના મુખમાં જવાની રજા કેમ આપી શકું ?

રાણી ગુણસુંદરીનો વહાલો પુત્ર અપરાજિતકુમાર પાસે જ ઉભો હતો. વૈદ્યરાજનાં, પિતાનાં અને માતાનાં વચનો સાંભળતો હતો. પિતા–માતાની શ્રદ્ધાનાં વચનો અને પ્રાણીમાત્રના રક્ષણના વિચારો પણ, સાંભળી લીધા હતા. માતાને માટે મનોમન ધન્યવાદો વિચારતો હતો. આટલી વેદના પણ પરદુખનો દ્વેષ કેટલો જોરદાર છે ?

બિચારા સંસારી જીવો, ફક્ત પોતાના સુખની ખાતર, એક જ નહીં પણ હજારો જીવોને પણ મારી નાખનારા, મરાવી નાખનારા, ચારે ગતિમાં ઠાંસીઠાંસીને ભર્યા છે. શરીરના આરોગ્ય માટે, જીભની લાલસા માટે, પાંચ ઇન્દ્રિયોના પોષણ માટે, જગતમાં અબજો જીવોનો નાશ થાય છે, કસાઈખાનાં ચાલે છે, શિકારોની સગવડો યોજાય છે.

ત્યારે મારાં ઉપકારિણી માતા, પોતાના ભયંકર રોગના નિવારણ કરતાં પણ, બીજાના દુખના બચાવ માટે, કેટલાં જાગતાં છે. અર્થાત્ મારા કારણે બીજાને દુઃખ કેમ થાય ? આ વખતે જો હું કમલ લેવા જવાની વાત કરીશ તોપણ, મારા માજીને આઘાત લાગશે. અને વખતે તેજ આઘાત, ઉપઘાતનું કારણ બની જશે. માટે મારાં માતાજી જાણે જ નહીં, એ રીતે પણ મારે કમળ લેવા જવાનો ઉદ્યમ કરવો જોઇએ.

આ જગતમાં ધનદાયક, અન્નદાયક, સ્થાનદાયક, ઔષધદાયક, માર્ગબતાવનાર, અક્ષરજ્ઞાન આપનાર આવા અનેક પ્રકારના ઉપકારી હોય છે. આ બધા ઉપકારીઓનો પણ અવશ્ય બદલો વાળવો જ જોઇએ. આવા બધા જ ઉપકારીઓ થકી, માતાપિતા મહા ઉપકારી છે. ઉપર બતાવેલા એકેક વસ્તુનો જ ઉપકાર કરી શકે છે, જ્યારે માતાપિતા અન્ન આપે છે, ધન આપે છે, આખી જિંદગી રહેવાનું સ્થાન ( ઘર ) આપે છે.

ઔષધ આપે છે, એટલું નહીં. વખતે હજારોના ખર્ચા પણ કરી નાખી, દીકરાને બચાવે છે. ઘણાં ગામો ફરે છે. ઘણા વૈદ્યોને બતાવે છે. માર્ગે ચડાવે છે. ખૂબ સુસીબતો ભોગવી બાળકોને ભણાવે છે. સારી વસ્તુ બાળકોને જ આપી દે છે. કજીયાળા કે માંદા

છોકરાં માટે, રાતદિવસના ઉજાગરા કરે છે. માથે કરજ કરીને છોકરાંને, ભણાવે છે, વરાવે છે, પુત્ર–પુત્રી માટે સારી કન્યા કે સારા વરની શોધ કરે છે. પોતાના સંતાનોના દુખે દુખી થાય છે, રડી પડે છે, જિંદગી બગાડે છે.

પિતા મરણ પામ્યા હોય, ઘરમાં ગરીબી હોય, ચાર–પાંચ–છ બાળકો હોય, તેવી માતા પોતાનું શીલ બચાવીને, પારકી નોકરી કરીને, રસોયણ બનીને, મજૂરી પોટલાં ઉપાડીને, બીજાઓનાં દળણાં, ખાડણાં, પીસણાં, પાણી ભરવા, વસ્ત્રો ધોવાનાં, બાળકો પાળવાનાં, ધાવ માતાનાં કામ કરીને, પોતાનાં બાળકોને પાળે છે, મોટાં કરે છે, ભણાવે છે, પરણાવે છે.

આવી માતા અને પિતાનો ઉપકાર કેટલો? કોણ ગુણી શકે? કેમ વાળી શકાય? આવા ઉપકારી માતાપિતાનો બદલો, આપવાનો પ્રસંગ આવે ત્યારે, અધમ આત્મા આંખ મીંચામણાં કરે, ઉપેક્ષા સેવે, અનાદર કરે, પોતાની શક્તિનો ઉપયોગ કરે નહીં. આવા પુત્રો વાસ્તવિક પુત્રો નથી, પરંતુ ગયા જન્મનું લેણું વસૂલ કરવા આવેલા લેણિયાત છે.

"ઉપકારી સમુદાયમાં, જનનીનો ઉપકાર;
ઉપમા–જોડ–સમાનતા, મલે નહીં કો ઠાર"

અપરાજિત કુમારે વિચાર કરી લીધો. માતાના ઉપકારનો આંશિક બદલો વાળવાની આજે લાખેણી તક મળેલી છે, તેનો મારે લાભ લેવો જ જોઈએ, અને તે પણ આજેજ. કોઈને પણ જણાવ્યા સિવાય; કાર્ય કરી લેવાનું છે. માટે હમણાં જ બધી સગવડ અને તૈયારી કરી લઉં.

કોઈપણ ખાસ કાર્યનું બહાનું બતાવીને, પિતામાતાની રજા લઈને, કુમાર, પોતાના મહેલે આવ્યો. પોતાની બે પત્નીઓને પણ, વાત જણાવી નહીં. જોકે પત્નીઓ અનુકૂળ હતી. પતિના વિચારને અનુસરનારી હતી. પોતાની સાસુને પોતાની માતા સમાન સમજતી હતી.

"પોતાના સ્વામીતણી, જનની જે કહેવાય,
નિજ જનની સમ સાચવે, સંપ ઠવે ત્યાં પાય." ૧
"આવી પુત્રવધૂ બની, બાળા જે ઘર માય;
નિજ પુત્રી સમ સાચવે, કુસંપ કદી નવ થાય." ૨

તોપણ વિલંબના ભયથી, કુમારે મૌનપણે, મનમાં વિચારી લીધેલી, બધી વસ્તુ મેળવી લીધી. વસ્તુનો બોજ ઘણો હોવાથી, અત્યંત વિશ્વાસુ ચાર મિત્રોને સાથે લીધા હતા. મિત્રો પણ કુમારના પ્રતિબિંબ કે છાયા હોય તેવા હતા. એટલે જરૂરવાળી સગવડ, જોઈતું દ્રવ્ય, અને થોડું શંબલ (ભાતું) પણ લીધું, અને રાત્રિના પાછલા પ્રહરે, સાત નવકાર ગણીને, સારા શકુને પ્રસ્થાન કર્યું.

કુમાર પુણ્યશાળી હતો. તથા ઘણો બુદ્ધિશાળી પણ હતો. કયા સ્થાને શું જરૂર પડે છે, તે ખૂબ સમજતો હતો. ખબર હતી જ કે વિકરાળ અટવી છે, મહાભયંકર નાગ રહે છે, જે કોઈ જાય તે પાછા આવતા નથી માટે જ હવે કોઈ જવાની હિંમત કરતા નથી. અને તેથી જ માર્ગો વેરાન જેવા કાંટાળા, વિકરાળ થઈ ગયા હતા. આવા સ્થાનમાં કોણ જાય ?

**મહાપુરુષો કહે છે :**

**उद्यमं साहसं धैर्यं, बलं बुद्धिः पराक्रमः ।**
**षडेते यस्यविद्यन्ते, तस्माद् दैवमपि शंकते ॥ १ ॥**

**અર્થ** : ઉદ્યમ–સાહસ–અને–ધૈર્ય–બલ–બુદ્ધિ ને પરાક્રમ; આ છ વસ્તુ જેની પાસે હોય, તેનાથી દેવો પણ ડરે છે. બુદ્ધિશાળી–પરાક્રમી–સાહસિક માણસ પોતાનું ધાર્યું કરી શકે છે.

કુમારઅપરાજિત પોતાના સાથીદારો સહિત અટવીની નજીક પહોંચ્યા. ત્યાં એક ભરવાડ લોકોનું ગામ આવ્યું. ત્યાંથી એક માટલું ભરેલું સુંદર દૂધ લીધું. ઉકાળીને, તેમાં દૂધની મોટાઈ વધારનારાં, સુગંધી દ્રવ્યો પણ ભેળવી દીધાં.

રસ્તામાંથી ઘણા સુગંધી પુષ્પોનો કરંડિયો ભરી લીધો હતો. હવે અટવીમાં પ્રવેશ થયો હતો. તેથી નમસ્કાર મહામંત્રનો જાપ ચાલુ કર્યો હતો. અને સુગંધી પદાર્થો ફેંકવા શરૂ કરી દીધા હતા. કુમારે પોતાની રાજધાની છોડતાં પહેલાં ઘણાં સુંદર સુગંધી તૈલ વગેરે સાધનો સાથે રાખ્યાં હતાં. પુષ્પો, ચૂર્ણો, અને તૈલોનો સુગંધ મઘમઘાટ ઉછળી રહ્યો હતો. આ બધી સુગંધ સર્પની નાસિકા સુધી પહોંચી ગઈ, અને સર્પ આકર્ષાયો. જાણે કુમારનું સ્વાગત કરવા આવતો હોય, તેમ પોતાનું સ્થાન છોડી વચમાં મળ્યો. અને કુમારે, વધારે સુગંધોનો વરસાદ વરસાવ્યો.

સર્પને ક્રોધ આવવાની જગાએ ખૂબ પ્રસન્નતા આવી. આવી અપૂર્વ સુગંધ તેણે જિંદગીમાં પ્રથમવાર જ સૂંઘી હતી. સર્પને તદ્દન નજીક આવતો જોઈ, કુમારે સુવર્ણનાં ભાજન મૂકીને, અંદર જાયફળ–કેસર, એલા–(એલચી), બદામ, પીસ્તાં, ચારોલી નાખી ઉકાળેલું દૂધ પીરસ્યું અને નાગરાજનો અતિથિ–સત્કાર કર્યો.

સુગંધ અને સ્વાદમાં તરબોળ બનેલા નાગદેવના શરીરમાંથી ક્રોધ–માન–ઈર્ષાએ વિદાય લીધી. સમતાનો સાગર બની ગયો. દૂધ પીતો જાય છે. અને કુમારના મુખને જોતો જાય છે. કુમાર પણ વારંવાર પ્રણામ કરે છે. નાગદેવના શરીરની નજીક બધી બાજુ ફૂલના ઢગલા કરે છે. સુગંધી દ્રવ્યો પણ છાંટે છે. તે જોઈ અનુભવી, નાગ તો ગાંડોઘેલો થઈ જાય છે.

નાગદેવને પૂરતું દૂધ મળવાથી, ઘણી સુગંધ મળવાથી, શાન્ત બનીને, કુમારના

સામે જોઈ બેસી ગયો. કુમારે પણ પોતાની માતાના રોગની, વૈદરાજના આગમનની, રોગના નિદાનની, વાવડીના કમળથી, ઔષધ બનાવવાની બધી વાત કહી સંભળાવી.

નાગદેવ ફણા હલાવતા, જાણે કમળ લેવાની રજા આપતા હોય તેમ, ડોલવા લાગ્યા. કુમાર નજીકની વાવમાં જઈ, વૈદે વર્ણવેલાં સ્વચ્છ અને સુગંધી ઘણાં કમળો લીધાં. પાછો નાગની પાસે આવ્યો. અને દૂધ તથા સુગંધની કાયમી સગવડ માટે પોતાના ચારે મિત્રોને નાગદેવ પાસે રાખી, કુમાર શીઘ્ર પ્રયાણે પોતાના નગર તરફ આવવા રવાના થયો. આ બાજુ કુમારના ઘેર આવ્યા પહેલાં, માતા-પિતા અને પત્નીઓ ખૂબ દુઃખી થયાં હતાં. બધાં રડતાં હતાં. શોકમગ્ન હતાં. એટલામાં નિમિત્તિઓ આવ્યો. તેણે કુમારની માતૃભક્તિની પ્રશંસા કરી, કમળો મળવાની શકયતા અને અલ્પકાળમાં પાછા આવવાની વાત સંભળાવી હતી. તેથી કુટુંબના ચિત્તમાંથી શોક ચાલ્યો ગયો હતો. તોપણ, વહાલા પુત્રનો વિયોગ સાલ્યા કરતો હતો. તેટલામાં કુમાર ઘેર આવ્યો. પિતાએ બહુમાનપૂર્વક કુમારને પુરપ્રવેશ કરાવ્યો. નગરવાસી નાગરિકોએ પણ કુમારની આવી માતૃભક્તિ અને સાહસિકપણાની ઘણી પ્રશંસાપૂર્વક આખું નગર શણગારીને ઉજવણી કરી હતી.

"જે સમજે ઉપકારને, ચિત્તમાં ધરે સદાય,
ઇચ્છે બદલો વાળવા, તે નર ધન્ય ગણાય." ૧
"થોડા પણ ઉપકારનો, સજ્જન ચિત્તમાં વાસ, ।
અવસર આવે અનેકગુણ, બદલો વાળે તાસ. ૨
"જગમાં ઉપકારી ઘણા, (પણ) માય તાય સમનોય ।
સહસ્રગુણ સેવા કરે, પુત્રો કોક જ હોય." ૩
"નાલાયક સંતાન પણ, સૌને વહાલાં હોય.
ગુણ દરિયા પણ માયતાય અણગમતાં સૌકોય." ૪
"માય-તાય દેવું કરી, ધિર્યું નિજ પરિવાર, ।
તેણે પણ તેમ જ કર્યું, કૃતઘ્ન કહ્યો સંસાર." ૫
"થોડું લઈ ઝાઝું દિયે, તે સજ્જન કહેવાય, ।
દગો દિયે મા-બાપને પુત્રો દુષ્ટ ગણાય" ૬
"કલિયુગ કલિયુગ શું કરો ? કલિયુગ આનું નામ, ।
દુખ આપે મા-બાપને, પુત્રો ગામે ગામ." ૭
"ધાડપાડુ દિન ચોરટા, સ્તેનો ચોરે રાત,
પુત્રો આખી જીંદગી ઠગે માત ને તાત." ૮

"શાસ્ત્રોમાં સુતને કહ્યો, માયરૂપ હરનાર,
તથા પિતાના ધનતણો, માલિક થઈ ફરનાર. ૯
"નિજપત્ની સંતાનમાં, સૌને રાગ સદાય,
માય–તાય પાય સેવતા, પુત્રો ક્યાંક જણાય." ૧૦

નાગ મહા હિંસક હતો. જલચર–સ્થલચર સંખ્યાતીત પ્રાણીઓને ખાઈ ગયો હતો. મનુષ્યોના અને પક્ષીઓના પણ તેણે હજારોની સંખ્યામાં ઘાણ વાળ્યા હતા. ( મારી નાખ્યા હતા ) આવો અધમ પણ કુમારને ઉપકારી થયો. એટલું જ નહીં પણ અહિંસક થયો. જાવ જીવ શિકારના ત્યાગી થયો. દૂધનો પીનાર નાગ મરીને, અહિંસાના પરિણામથી વૈમાનિક દેવ થયો. અને આખી જીંદગી કુમારનો મિત્ર બની બધાં અશકય કાર્યો પણ અપ્રમત્ત ભાવે કરી આપતો હતો.

**પ્રશ્ન** : શાસ્ત્રોમાં એમ કહેવાય છે કે સુપાત્રદાન સદાયઆપવું. સુપાત્રદાન–સ્વર્ગમોક્ષનું કારણ બને છે. પરંતુ કુપાત્રને દાન દેવાથી લાભ નથી પણ ચોક્કસ નુકસાન થાય છે. તેથી જ કહેવત છે કે—

"દુર્જનને ઉપકાર નાગક્ષીરના પાનસમ."

**અર્થ** : દુર્જનને ઉપકાર કરવો તે સર્પને દૂધ પાવા સમાન છે. માટે જ સર્પને દૂધ પાવું તે અધર્મ છે. તો પછી અપરાજિતકુમારને વિપરીત કેમ થયું ?

**ઉત્તર** : જ્ઞાનીપુરુષો જે કરે તે ધર્મને માટે જ થાય છે. સર્પને દૂધ વિગેરે મળવાથી પાપો નાશ પામ્યાં હતાં.

માટે જ કહ્યું છે કે :

"જ્ઞાનીના ગમા જ્યાં નાંખે ત્યાં સમા"

તે માટે આ સ્થાને એક નાની કથા લખું છું.

એક ગામમાં એક ગૃહસ્થે પોતાના ઘેર બિલાડી પાળી હતી. તેને હંમેશ દૂધ પીવડાવતો હતો. કોઈ મિત્ર આવ્યો તેણે પૂછ્યું, મહાશય! બીલ્લીને દૂધ કેમ પીવડાવો છો ?

**ગૃહસ્થનો ઉત્તર** : ઉંદરડાનો ત્રાસ ખૂબ છે. ઉંદરનો નાશ કરવા બિલાડી રાખી છે. દૂધની લાલચે અમારું ઘર છોડીને જતી નથી. હંમેશ પાંચ–દશ ઉંદરડા સાફ કરે છે. ઓછા કરે છે.

તથા તે જ ગામમાં બીજા એક જૈન શ્રાવક વસતા હતા. તેના ઘેર ત્રણ બિલાડી હતી. કેવળ દૂધ જ નહિ પરંતુ રોટલા–લાડવા ખાવા મળતું હતું. તથા દુધ પીવા મળતું

હતું. બિલાડીઓને જોઈ એક મિત્રે પૂછ્યું, મહાશય! બિલાડીને લાડવા? બિલાડીને દૂધ? આ તો નવાઈ લાગે છે!

**સુશ્રાવકનો ઉત્તર :** ભાઈ! આ બચ્ચાં અમારા ઘરમાં જન્મ્યાં હતાં. તે જ દિવસે તેની મા મરી જવાથી બચ્ચાં નિરાધાર થયાં. અમે ત્રણે બચ્ચાંને પકડીને, પાંજરામાં રાખ્યાં. હંમેશ તેમને અમારો જમવાનો બધો ખોરાક પીરસાય છે. થોડો થોડો આપીએ છીએ. એઠવાડ પડતો નથી. બચ્ચાં પાપ વગરના ખોરાકથી મોટાં થયાં છે. હંમેશ હિંસા–પાપનાં કટુ પરિણામ સંભળાવું છું. આ ત્રણે બિલાડી, પાસે આવેલા ઉંદરને પણ પકડતી નથી. આખી જિંદગી પાપ કરશે નહીં.

બસ, ધર્મી માણસની સોબત, નાલાયકને ધર્મી બનાવે છે. અને અધર્મીની સોબત, લાયકને અધર્મી બનાવે છે.

"કલ્યાણ રસના યોગથી લોઢું સોનું થાય,
અગ્નિના સહચારથી, ચંદન ભસ્મ થઈ જાય." ॥ ૧ ॥

"વાદળ જળ ગંગા ગયું, ગંગા જળ કહેવાય,
ગયું ગટરમાં મેઘજળ ગંદું સાવ ગણાય." ॥ ૨ ॥

"જન્મે જિનવર શાસને, મહાદયાળુ થાય,
પણ હિંસક ઘર અવતરે, પાપે પેટ ભરાય." ॥ ૩ ॥

"જુગારી કેરા વૃન્દમાં, યદી કોઈ નર જાય,
બુદ્ધિ ધન ને આબરૂ, તસ ચોક્કસ લુટાય." ॥ ૪ ॥

"સતી યદી વેશ્યા ઘરે, ક્ષણ ભર પણ થોભાય,
સતી મટી વેશ્યા બને, પ્રાયઃ કુગતિ જાય." ॥ ૫ ॥

"ઉત્તમના સહયોગથી, દુર્જન સજ્જન થાય,
ઇન્દુવિણ એકમ જુઓ, અજવાળી કહેવાય." ॥ ૬ ॥

"નબળાની સંગત થકી, ઉત્તમ દુષ્ટ ગણાય,
પૂનમની એકમ જુઓ, અંધારી બોલાય." ॥ ૭ ॥

"ગુણી જનના સહવાસથી, દુષ્ટ ગુણી થઈ જાય.
સ્થલભદ્ર સહવાસથી, વેશ્યા વ્રતઉચ્ચરાય." ॥ ૮ ॥

આવાં બધાં દૃષ્ટાન્તોથી ભાગ્યશાળી વાચકો જરૂર સમજી શકયા હશે કે, રાજકુમાર અપરાજિતની મહાનુભાવતાથી જ, શત્રુસ્થાનમાં રહેલો સર્પ મિત્ર બન્યો હતો, અને મહાશિકારી એવો સર્પ મહા દયાળુ થઈ ગયો હતો.

આ સ્થાને બીજાં પણ દૃઢપ્રહારી ચોર, પરદેશી રાજા, રોહીણીઓ ચોર, કાલશૌકરિક કસાઈનો પુત્ર સુલસ, ચંડકૌષિક સર્પ, કંબલ–શબલ વાછડા વગેરે ઘણા દૃષ્ટાન્તો, દુર્ગતિમાં જવા યોગ્ય, અતિ દુષ્ટ કાર્ય કરનાર પણ સોબતના પરિણામથી સ્વર્ગગામી અને મોક્ષગામી થયા છે અથવા બગડતા બચી ગયા છે.

ઉપરના બે ગૃહસ્થ, બિલાડીને દૂધ પીવડાવનારા, સમાન ક્રિયાવાળા હતા. પાત્ર અને વસ્તુ, બંને સ્થાને સરખી હતી. તોપણ ચિત્તભેદ – વિચારો જુદા જુદા હોવાથી એકને કેવળ હિંસાના પરિણામ હતા. બીજાને અનુકંપા અને અભયદાનના પરિણામ થયા છે.

**પ્રશ્ન** : કોઈ મસીદ કરાવે. અને કોઈ દેરાસર કરાવે. બન્નેને લાભ સરખો થાય ?

**ઉત્તર** : આ પ્રશ્ન તદ્દન વિપરીત છે. અવળો છે. જૈન દેરાસરની સાથે મસીદની સરખામણી ન થાય. પરંતુ વસ્તુપાળ–તેજપાળે બધા ધર્મવાળાઓને, પોતાને અનુકૂલ બનાવીને, પોતાના ધર્મમાર્ગમાં આવતા કંટકોને દૂર કરવા, શિવાલયો કરાવી આપ્યાં છે. મસ્જીદો બંધાવી દીધી છે. વાવો–તળાવો–કૂવા–પરબો બધું જ કરાવી આપવા, બારે માસ અભંગ દ્વાર રાખ્યાં હતાં. કોઈને ખાલી હાથે પાછા કાઢયા જ નથી. આ બધું ઉચિતદાન અને કીર્તિદાનમાં જાય છે. શ્રી વીતરાગના માર્ગમાં ભાવનાની મુખ્યતા છે.

**પ્રશ્ન** : વસ્તુપાળ અને તેજપાળની પેઠે, આ કાળમાં કોઈ કરે, કરાવે તો તેને લાભ થાય કે નુકસાન થાય ?

**ઉત્તર** : પોતાનાં વખાણ સાંભળવા, કીર્તિ વધારવા, મિત્રતાને પોષવા, વેપાર–ધંધાની ખિલવણી કરવા, માટે થાય તે બધું જ અનુષ્ઠાન હોય કે દાન હોય, તે જે જે સ્થાનમાં નાખવામાં આવે તે તે સ્થાનમાં કરાતી હિંસાઓ, આરંભો, અથવા અધર્મના પ્રચારોનાં પોષણ થવાથી, મિથ્યાત્વ અને અવિરતિને વેગ આપનારાં થાય છે. આત્માને લાભ થાય નહીં. પાપ જરૂર લાગે.

"સીધી–સાદી એક જ વાત, જિનવચનોને કરો સાક્ષાત;
જાણો જિન આગમનો મર્મ, જેથી સમજો ધર્મ અધર્મ.

કરશો જિન આણા અનુસાર, તરશો ચોક્કસ તો સંસાર,
બંધ થશે આશ્રવનાં દ્વાર, મળશે મોક્ષપુરી દરબાર."

"મિથ્યા–અવિરતિ યોગ કષાય, ચેતન એમાં રહ્યો ફસાય;
આ ચારે અળગાં જે થાય, પછી મોક્ષ બહુ જલ્દી થાય." ૩

અપરાજિત કુમારે, માતાજીનો અસાધ્ય રોગ મટાડ્યો. નરકગામી સર્પને સ્વર્ગગામી બનાવ્યો. શ્રી વીતરાગ જિનેશ્વર દેવોના શાસનને પામેલા આત્માઓ, સ્વપર સર્વનું ભલું કરનારા જ થાય છે.

ઇતિ જિનાજ્ઞા અનુસાર માતાની ભક્તિ કરનાર અપરાજિતકુમારની કથા. શ્રેયાંસનાથ સ્વામી ચરિત્રમાંથી.

હજી પણ પોતાની જનનીના ઉપકારને યાદ લાવી, માતાના બહુમાનને પોષનારાં બે ઉદાહરણો લખું છું. બેમાં પહેલું ઉદાહરણ નવમા મહાપદ્મ ચક્રવર્તી.

ભરતક્ષેત્રમાં, કાશી દેશમાં, વાણારસી નગરીમાં, પદ્મોત્તર નામનો રાજા રાજ્ય કરતો હતો. તેમને બે પટ્ટરાણીઓ હતી. પહેલી જ્વાલાદેવી. બીજી લક્ષ્મીદેવી. રાજાને બન્ને માટે સમાનરાગ હતો. જ્વાલાદેવીને પહેલો પુત્ર વિષ્ણુકુમાર અને બીજો મહાપદ્મકુમાર હતો.

આ બન્ને રાણીઓને, વારસાગત પિતૃપક્ષનો ધર્મ ગમતો હતો. તેમાં લક્ષ્મીદેવી શૈવધર્મી હતી. અને જ્વાલાદેવી શુદ્ધ વીતરાગશાસન પામેલી હતી. અવારનવાર આ બન્ને રાણીઓમાં ધર્મકલહ મોટું તોફાન મચાવતો હતો. પરંતુ પદ્મોત્તર રાજા બન્ને પક્ષમાં તટસ્થતા જાળવી, ઝગડાને આગળ વધવા દેતો નહીં.

એકવાર જ્વાલાદેવીએ, જિનેશ્વરદેવની રથયાત્રાનો મહોત્સવ કરવા વિચાર કરીને, સ્વામીને જણાવ્યું. રાજાએ તદ્દન સોનાનો અને રત્નોથી જડેલો, ઘણી કારીગરીવાળો સુંદર રથ કરાવી, જ્વાલા રાણીની ભાવના પૂર્ણ કરી. રાણીજીએ રથમાં પ્રભુજીને બિરાજમાન કરીને, શુભમુહૂર્તે રથયાત્રાની શરૂઆત કરી. રથ નગરમાં ફરવા લાગ્યો.

જ્વાલાદેવીનો રથ જોઈને, લક્ષ્મીદેવીએ પણ પોતાના માટે જ્વાલાદેવીના જેવો, રથ કરાવવા રાજા પાસે માગણી કરી. રાજાએ લક્ષ્મીદેવી માટે પણ તેવો જ રથ, કરાવરાવી આપ્યો, અને તેની પણ રથયાત્રા શરૂ થઈ.

ભવિતવ્યતાના યોગથી, બન્ને મહારાણીઓના રથો, અને તે તે ધર્મના અનુસરનારા, સાજનોનો મોટો સમુદાય, એક જ ગલીમાં સામસામા આવ્યા. રથને ચાલવાનો માર્ગ નથી. બંને રથો ઊભા રહી ગયા. રાજા પાસે ફરિયાદ પહોંચી. રાજાને ડાબી–જમણી આંખો જેવી બે રાણીમાં, કોઈને કાંઈ કહી શકાયું નહીં. દિવસો સુધી બે રથ ત્યાં પડયા રહ્યા. છેવટે અધિકારીઓએ, બન્ને રથ પાછા વાળી, પોતાના સ્થાનમાં મૂકી દીધા.

"સોકયોને બહેનો કહી, કેવી જૂઠી વાત?
ઈર્ષા–કલિ–સરસાઈના, કેવલ જ્યાં અવદાત."

"જનનીના અપમાનને, દેખી પદ્મકુમાર;
રિસાઈ વનવાસી થયા, જોયા દેશ અપાર."

મન સાથે નિશ્ચય કર્યો, માય પ્રસન્નતા કાજ;
જિનાલયો બહુ સ્થાપશું, જો હું પામીશ રાજ."

મહાપદ્મકુમાર, ઘરમાંથી ચાલ્યા ગયાની, ખબર પડવાથી પિતાને ખૂબ દુઃખ થયું. અને મોટા પુત્ર વિષ્ણુકુમારને બોલાવી, રાજ્ય લેવા સમજાવ્યા. પરંતુ વિષ્ણુકુમાર કહે છે, પિતાજી? હું તો પહેલેથી જ દીક્ષા લેવાની ભાવના ભાવું છું. આપ દીક્ષા લેશો તો હું આપની સેવા કરવા માટે, સાથે જ દીક્ષા લઈશ.

પદ્મોત્તર રાજાએ, મહાપદ્મકુમારની શોધ કરાવી, પત્તો લાગ્યો નહીં. અને છેવટે થાકીને, વિષ્ણુકુમારને સાથે લઈ, પદ્મોત્તર રાજાએ, સુવ્રતાચાર્ય પાસે દીક્ષા લીધી. રાજાની દીક્ષા પછી પ્રધાનોએ, મહાપદ્મકુમારની શોધ કરાવી. દેશોદેશ દૂતો રવાના કર્યા. પિતા તથા મોટાભાઈએ દીક્ષા લીધાની વાત સાંભળી, મહાપદ્મને ઘણું દુખ થયું.

મહાપદ્મ મહાપુણ્યવાન આત્મા હતો. તેથી પગલે પગલે નિધાન પામતો. દેશોદેશ અને ગામેગામ, ઘણા રાજાઓ તથા વિદ્યાધરોના, આદર–સત્કાર–સન્માન સાથે, દેવાંગના જેવી હજારો કન્યાઓનાં, પાણિગ્રહણ પામીને, તે બાળાઓને. તે તેમના પિતાઓના રક્ષણમાં મૂકીને, અનુક્રમે ઘણા દેશોમાં ફરીને, શીઘ્ર પ્રયાણે પોતાની નગરીમાં પાછા આવ્યા. પ્રધાનો અને પ્રજાવર્ગે કુમારનો મોટા સત્કારપૂર્વક પ્રવેશ કરાવ્યો. અહીં આયુધ શાળામાં ચક્રરત્ન ઉત્પન્ન થયું. છ ખંડો સાધીને ચક્રવર્તી થયા. એક લાખ અને બાણું હજાર પત્નીઓના સ્વામી થયા. પોતાની માતાના મનોરથો પૂર્ણ કરવા રત્નોનાં, સુવર્ણનાં, રજતનાં, સ્ફટિકનાં, ચંદનનાં, હજારો જૈન મંદિરો કરાવ્યાં અને લાખો જિન પ્રતિમાઓ કરાવી. પ્રતિવર્ષ રથયાત્રાઓ કઢાવી, માતાની ભાવના પૂરી કરી.

**પ્રશ્ન** : મહાપદ્મ ચક્રવર્તી ક્યારે થયા? તેમનું આયુષ્ય, શરીર વગેરે કેટલું તે જણાવશો.

**ઉત્તર** : મહાપદ્મ, બાર પૈકીના, નવમા ચક્રવર્તી થયા છે. તેઓ મુનિસુવ્રત સ્વામીના તીર્થમાં થયા છે. તેમના પિતાજી તથા મોટાભાઈએ પ્રભુજીના શિષ્યના હાથે દીક્ષા લીધી છે. તથા ત્રીસ હજાર વર્ષનું આયુષ્ય છે માટે પ્રભુજીના સમકાલીન સંભવે છે. તેમનું શરીર પ્રમાણ વીસ ધનુષનું હતું. તેઓ પ્રાન્તે દીક્ષા પામીને મોક્ષે ગયા છે.

**ઈતિ માતાના ઉપકારનો બદલો વાળનાર મહાપદ્મ ચક્રવર્તી. બીજી ઘટના મહાવીર પુરુષ હનુમાજીની છે.**

હનુમાજી જૈન–જૈનેતર જગતમાં ઇતિહાસિક વીર પુરુષ છે. પ્રહ્‌લાદન નામના વિદ્યાધર રાજાની કેતુમતી રાણીથી પવનજી નામનો પુત્ર થયો હતો. પવનકુમારનાં, વિદ્યાધર રાજાની અંજના નામની બાળા સાથે લગ્ન થયાં હતાં. અંજનાને ગયા જન્મના અંતરાય કર્મોનો ઉદય થવાથી, સગપણ થયા પછી, અને લગ્ન થયા પહેલાં, પવનજીને અંજના સાથે પરણવા પણ ઇચ્છા હતી નહીં.

પરંતુ પ્રહસિતના મિત્ર આગ્રહથી અને માતાપિતાની શરમથી, પાણિ ગ્રહણ કર્યું. અને તેજ દિવસથી બાવીસ વર્ષ સુધી, પવનજીએ અંજનાને બોલાવી નહીં. સામું જોયું નહીં. દાસીઓ મારફતે દિલાસો પણ મોકલ્યો નહીં બાવીસ વર્ષ સુધી અંજના પતિના અપમાન અને વિરહના કારણે, રાત અને દિવસ શોક મગ્ન રહેતી હતી. તેથી શરીરમાંથી, માંસ અને રુધિર સુકાઈ ગયાં હતાં.

એકવાર પવનજી રાવણ રાજાને સહાય કરવા, લશ્કર સાથે, આકાશ માર્ગે, લંકા તરફ જતા હતા. પ્રહસિત પણ સાથે હતો. રાત્રિમાં પડાવના સ્થાન પાસે, પક્ષીની જાત ચક્રવાકીના રડવાના શબ્દો પવનજીએ સાંભળ્યા, અને પ્રહસિતને પૂછયું, ચક્રવાકી કેમ રડે છે?

પ્રહસિતનો **ઉત્તર :** સ્વામિન્, ચક્રવાકપક્ષિની જાતનો એવો સ્વભાવ છે કે, તે નર–માદા દિવસે સાથે રહે છે. રાત્રે ભેગાં રહે જ નહીં. **"ચકવા રયણીવિયોગ તે તો દિવસે મળે"** તેથી ચક્રવાકી આખી રાત રડીને જ પૂરી કરે છે. એટલે ચક્રવાકની જાતનો વિયોગ અને રુદન સ્વભાવસિદ્ધ જ હોય છે.

પ્રહસિતના મુખથી, ચક્રવાકીના રુદનની વાત સાંભળી પવનજીને, અંજના યાદ આવી. જેણીને દિવસનો મેળાપ નિર્ણીત હોવા છતાં, રાતનો વિયોગ અસહ્ય બને છે અને આટલો મોટો શોક અને કળકળાટ કરે છે. તો પછી બાવીસ વર્ષથી એક ક્ષણ વાર પણ, મેં જેણીના સામું જોયું નથી, વાર્તાલાપ થયો નથી, પ્રસન્નતા બતાવી નથી. તે અંજનાના હૃદયના આઘાતનું માપ કેમ થઈ શકે?

બસ તે જ ક્ષણે અંજનાસુંદરી પાસે જવાનો નિર્ણય કરીને, પોતાના મિત્ર પ્રહસિત સાથે, તે જ ક્ષણે આકાશ માર્ગે, અંજનાદેવીના મહેલે આવ્યા. પ્રહસિતે આગળ આવીને, પવનજીના આગમનની વધામણી આપી. પવનજી આવ્યા. મિત્ર અને દાસીઓ બીજા ઓરડામાં ચાલ્યાં ગયાં. પવનજીએ પોતાની આજ સુધીની વિપરીત સમજણ માટે, દિલગીરી બતાવવા સાથે સતીને દીલાસો આપ્યો.

અંજનાદેવી મહાસતી હતી. તેથી પતિની ભૂલ નહીં પણ, પોતાના અંતરાયનો જ ગુનો

સમજીને સ્વામીના પગમાં પડીને રોઈ પડી. પવનજીએ ખૂબ દિલાસો આપ્યો. બે ત્રણ કલાક સાથે રહ્યાં. મેળાપ સૂચક મુદ્રિકા આપી. બહુ તુરતમાં આવી જવાની આગાહી સૂચવીને, પવનજી આકાશ માર્ગે પડાવના સ્થાને પહોંચી ગયા. લડાઇના કામે જતા હતા. ત્યાં ધારવા કરતાં વધારે વખત લાગવાથી, પાછા આવવા ધારેલા વખતે આવી શકાયું નહીં.

ભાવી ભાવથી અંજનાદેવીને ગર્ભ રહ્યો. પોતે અને સખીઓએ પવનજીના આવવાની વાત સાસુસસરાને જણાવી. પરંતુ કેતુમતી સાસુએ વાત સાચી માની નહી. અને અંજના ઉપર કુલટાનું કલંક આપીને, મહેલ ખાલી કરીને, નીકળી જવા આજ્ઞા ફરમાવી. અંજના દેવીની સખીઓ અને દાસીઓએ જોરદાર દલીલો કરી. પણ કેતુમતીએ સાંભળી નહીં. પ્રધાને પણ અંજનાનો પક્ષ કર્યો. પરંતુ અંજના દેવીના પ્રબળ અશુભોદયથી બધી સાચી દલીલો પણ નકામી ગઈ.

સગર્ભા અંજના સતી, વસંતતિલકા સખી સાથે, મહેલમાંથી પહેરેલે વસ્ત્રે રથમાં બેઠી. બેચાર ગાઉ મૂકીને રથ પાછો ચાલ્યો ગયો. કેતુમતીએ અંજનાદેવીના કલંકની જાહેરાત ગામોગામ પહોંચાડી દીધી. રાજાની પુત્રી, રાજાની પુત્રવધૂ, ભાવિ મહાપુરુષની માતા, સતીઓમાં રેખાસમાન, અંજનાદેવી ગર્ભવતી દશામાં પણ, પગપાળા ઉજ્જડ વનમાં ભટકતી ભટકતી, મહામુસીબતે સખીસહિત માતાપિતાને શરણે ગઈ.

વસંતતિલકાએ અંજનાદેવીને બહાર ઊભાં રાખ્યાં. પોતે પહેલી પહોંચીને માતા-પિતાને અંજનાબહેન આવ્યાના સમાચાર સંભળાવ્યા. માતા–પિતા અને ભાઈઓએ

વસંતતિલકાની વાતો સાંભળી. પરંતુ કેતુમતી સાસુએ ચડાવેલું કલંક સાચું માનીને, પુત્રીના દુઃખ કરતાં પણ આબરૂનો સવાલ આગળ ધરીને, નગરમાં પેસવાની પણ ચોખ્ખી ના કહી દીધી.

"પુણ્યોદયથી આતમા, ઠામઠામ પૂજાય,
વધી જાય જો પાપ તો, આદર ક્યાંય ન થાય." ૧

"પુણ્ય વધે તો સુખ વધે. પાપ વધે, દુખ થાય,
હરિ–હર–બ્રહ્મા કોઈનો, ચાલે નહીં ઉપાય." ૨

"ચડતી પડતી કોઈની, અન્ય દીધી નવ થાય,
પુણ્ય થકી ચડતી વધે, પડતી પાપ પસાય." ૩

"ઉદય થાય જો પાપ તો, મિત્રો શત્રુ થાય,
માત–પિતા કે ભાઈ–પુત્ર, છોડી ચાલ્યા જાય." ૪

"એક ઈસારે આંખને, હજાર હાજર થાય,
પણ પાપોદય જોરથી, રહેવા ન મળે ઠાય." ૫

"બહુ આદર બોલાવતા, ખમાખમા કહેનાર,
જો પાપોદય થાય તો, સામું નહીં જોનાર." ૬

વસંતતિલકા પાછી આવી. ત્યાં સુધી આશાના કારણે અંજનાને આવેલો થોડો દિલાસો કે હર્ષ પણ વસંતતિલકાની વાત સાંભળી, મોટા આઘાતના સ્વરૂપમાં પલટાઈ ગયો. અંજના દેવીને અંધારાં આવી ગયાં. જમીન ઉપર પટકાઈ ગઈ. મૂર્છા આવી. વળી ગઈ. ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગી. વસંતતિલકાએ દિલાસો આપી છાની રાખી. વીતરાગનાં વચનો સંભળાવ્યાં.

આ ઠેકાણે આંબાના ઝાકળનું ઉદાહરણ જાણવા યોગ્ય છે.

કોઈ મુસાફર ચાલ્યો જાય છે. ફાગણ માસ ચાલે છે. ઝાકળ પડે છે. આંબાનાં પાદડાંઓમાંથી ઝાકળના બિંદવા ટપકે છે. મુસાફર આંબાને પૂછે છે:

"સહકારવૃક્ષ દુ:ખ ચિત્ત શાને ધરે છે?"

**અર્થ** : હે આંબા, તું કેમ રોઈ રહ્યો છે? આંબો કહે છે, ભાઈ;

"ફાલ્ગુન માસ સબ ઋધિ મારી હરે છે."

**અર્થ** : ફાગણ માસ મારાં બધાં પાંદડાં અને મહોર ખેરવી નાખે છે. મુસાફર કહે છે:

"સામે નિહાળ! મધુમાસ આવી રહ્યો છે."
"ઉંચકી અગણ્ય ફલઋધિ લાવી રહ્યો છે."

**અર્થ** : સામું જરા વિચાર કરીને જો. વસંત ઋતુ આવે છે, અને હજારો ફળો (કેરીઓ) તારા માટે લાવે છે.

ફાગણ માસમાં નબળો પડી ગયેલો આંબો, વૈશાખ માસમાં માલદાર થઈ જાય છે. તેમ પાપના ઉદયો જશે ત્યારે, આપણે પણ ચોક્સ સુખસ્થાને બેઠા હઇશું?

"દુખથી નાશી નવ જસો, દુખ દેશો નહી ગાળ,
ચોક્સ તે ચાલ્યું જશે, પૂરો થાતાં કાળ." ૧

"રાંક બની રડવા છતાં, દુખને દયા નવ થાય,
પણ પાપોદય ક્ષય થયે, અવશ્ય ચાલ્યું જાય." ૨

"રાંક બની રડવા થકી, ઘટે ન દુઃખનો લેશ,
દયા ન આવે કર્મને, ભાખે વીરજિનેશ." ૩

"આપત્તિ – ભય – રોગ ને, વિયોગ ને અંતરાય,
દેખીને ડરશો નહી, સઘળું કર્મપસાય. ૪

વસંતતિલકાની વાતોથી અંજના દેવી શાન્ત થઈ. વનનાં ફળો અને પાણી લાવીને, બે સખીઓ, ક્ષુધા–તૃષા અને શ્રમને મટાડ્યો. સારા વૃક્ષની છાયામાં વિશ્રાંતિ લીધી. પર્વતની ગુફામાં, મહાપુણ્યવાન પુત્રનો જન્મ થયો. મામા આવ્યા. પોતાના ગામ લઈ ગયા. દુખના દિવસો ગયા. પવનજી પણ ઘેર આવ્યા. સીધા અંજના દેવીના મહેલે ગયા. અંજનાને જોઈ નહીં. દાસીઓ. સખીઓ દ્વારા અનિષ્ટ સાંભળ્યું. માતા પાસે ગયા. પોતાના આવાગમનની વાત કરી. કેતુમતીને પરમાર્થ જણાવ્યો.

પવનજી માતાને કહે છે, અંજના મહાસતી છે. તમે તેણીને કુલટાનું કલંક આપીને, કુલને મોટી આપત્તિની ખાડીમાં પાડ્યું છે. હવે હું જાઉં છું. અંજનાદેવી મળી જશે તો પાછો આવીશ. નહીંતર હું અગ્નિમાં બળી મરીશ. મારા કારણે જ તે બિચારી અબળાએ, આવાં મહાભયંકર દુખો ભોગવ્યાં છે, બાવીસ વર્ષનો વિયોગ અને ઉપરથી દેશવટો પામી છે.

પુરુષો કેટલા અવિચારી આત્મા હોય છે, શંખરાજાએ તપાસ કર્યા વગર બિચારી સમીપપ્રસૂતા કલાવતી રાણીને, એકલી અટુલીને ઘરમાંથી વનમાં મુકાવી. વનના શિકારી પ્રાણીઓના ભયમાં, શું થશે, આટલો વિચાર પણ કર્યો નહીં. એટલું જ નહીં પરંતુ બીજા દિવસે, નિર્દય ચાંડાલણી મોકલીને, બે હાથ કપાવી મંગાવ્યા હતા.

એ જ પ્રમાણે મહારાજા રામચંદ્રે, સંપૂર્ણ ગર્ભવતી સીતાજીને, વનવાસ આપ્યો. મહાસતી પુણ્ય બળે જીવી ગયાં. તોપણ, ખેરના સળગતા અંગારાની ખાઈમાં, પડવાનું ધિજ (પરીક્ષા) કરાવ્યું.

તથા નળરાજાએ વિકરાળઅટવીમાં, હજારો વિકરાળપશુઓના વસવાટમાં, મહાસતી દમયંતીને, એકલી મૂકીને પોતે ચાલ્યા ગયા. સતી પોતાના શીલના પ્રભાવથી પ્રાણ બચાવી શકયાં. પરંતુ રાજાની નિર્દયતા અને સ્વાર્થપરાયણતા કેટલી ?

તથા પૃથ્વી સ્થાનના રાજા સૂરપાળે, પોતાના એકનાએક વહાલા પુત્ર મહાબલની રાણી મલયસુંદરીને પણ, ગર્ભવતી દશામાં, એક નાલાયક યોગિનીના વચનથી, વનવાસ અપાવ્યો. તેને પણ પુત્ર મહાબળના ઘેર આવવા પછી. સત્ય વાત સમજાઇ ત્યારે,

પોતાના આવા અવિચારી કર્તવ્ય માટે, આખી જિંદગી શોક અને પશ્ચાત્તાપ ભોગવવો પડ્યો.

પવનજી કહે છે, તમે પણ માતાપિતાએ, બિનગુનેગાર પુત્રવધૂને પ્રસૂતિના કાળમાં, દેશનિકાલ કરાવીને, કેવળ પુત્રવધૂનો જ નહીં, સાથે પુત્રના અને પૌત્રના પણ વિનાશને આમંત્રણ આપ્યું ગણાય. આવું બધું સંભળાવી પવનજી ગયા. માતા કેતુમતી, અંજના ઉપર આક્રોશ કરતી હતી અને પોતાના કૃત્યને ગર્વ અને હર્ષની દૃષ્ટિએ વિચારતી હતી. તે જ પવનજીની માતા અને અંજના સતીની સાસુ હવે પોકે મૂકીને રડતી હતી અને પોતાની અજ્ઞાનતાને વારંવાર ધિક્કારતી હતી. ઉતાવળીઆ માણસો પ્રાયઃ પાછળથી પસ્તાવો કરે છે.

"અધિકાર મોટાઇથી, જગના જીવ બધાય,
અભિમાન પર્વત પર ચડી, ભૂલે ભાન સદાય." ૧

"કતલ કરાવે કઇકની, કોઇક દેશનિકાલ,
પુત્રી–પત્ની–બહેનને, લૂંટી લે ધનમાલ." ૨

"અધિકારો સઘળા કહ્યા, મહાપાપની ખાણ,
અનર્થ ખૂબ કરાવીને, આપે દુર્ગતિ ઠાણ." ૩

"મહા વિવેકી જીવડો, જે પામે અધિકાર,
બુદ્ધિ – ધન – શક્તિ વડે, ખૂબ કરે ઉપકાર." ૪

"જિનવરનું શાસન મળે, પછી મળે અધિકાર,
કુમારપાળ ભૂપાલજયું ખૂબ કરે ઉપકાર" ૫

પવનજીએ અંજનાની ઘણી શોધ કરી. કોઈ જગ્યાએથી પત્તો લાગ્યો નહીં. છેવટે સગર્ભા અંજના મરણ પામી, એવી કલ્પના લાવીને, બળી મરવાનો નિશ્ચય કરી, કાષ્ટની ચિતા બનાવી, અગ્નિ લગાવ્યો. એટલામાં સપુત્રા અંજના, પોતાના માતુલના વિમાનમાં બેસીને, જ્યાં જે સ્થાનમાં પવનજી અગ્નિમાં પડીને, બળી મરવા તૈયારી કરતા હતા ત્યાં આવી પહોંચી.

આ બાજુ પવનજી અને અંજનાદેવીનાં માતાપિતા પણ સપરિવાર તેજ સ્થાન પર આવી ગયાં. અનર્થના ઢગ ખડકાયા હતા. તે જગ્યાએ આનંદના સમુદ્ર ઉલટી પડયા. અંજનાદેવીના મામાને, બધાએ ધન્યવાદ આપ્યા અને વિષાદ લઈને આવેલા હર્ષ લઈને વિખરાયા.

અંજનાનો પુત્ર મહાતેજસ્વી હતો. ખૂબ પુણ્યશાળી હતો. તેનાં હનુમાન–વજ્રાંગ - પાવનિ અંજનાસુત આવાં અનેક નામો કોષમાં જોવા મળે છે. હનુમાનજી એકવાર રામચંદ્ર મહારાજની આજ્ઞાથી, મહાસતી સીતાદેવીની તપાસ કરવા, લંકા નગરી તરફ જતા હતા. રસ્તામાં માતામહનું નગર આવ્યું. અને પોતાની જન્મદાત્રીનું અપમાન ખ્યાલમાં આવવાથી ક્રોધનો આવેશ થયો.

આ તેજ સ્થાન છે. અને આ તેજ માતામહ અને મામાઓ છે. જેમણે મારી જન્મદાત્રી માતા અંજના સતીને, ઘરમાં અગર ગામમાં પ્રવેશ આપ્યો નહીં. તેની ફરિયાદ સાંભળી નહીં. તેના ચિત્તમાં સળગેલો દુખનો અગ્નિ બુઝાવ્યો નહી. દુખ સાંભળ્યું નહીં. ગુનાની તપાસ કરી નહીં. અને નગરના પરિસરમાંથી જ પાછી કાઢી. શું તેમનો આ ગુનો ઓછો ગણાય ? પરીક્ષા તો કરવી હતી ? તેણીની ફરીયાદ તો સાંભળવી હતી ? કહ્યું છે કે :

"સજજન–દુર્જન કોઈપણ, લાવી મન વિશ્વાસ,
આવે શરણું યાચવા, પાછા કેમ કઢાય ? ॥ ૧ ॥
"ખૂન–ચોરી વ્યભિચારના, ગુનેગાર કહેવાય,
પણ શરણે આવેલને, પાછા કેમ કઢાય." ॥ ૨ ॥
"આ તો નિજપુત્રી હતી, હતી સતીશિરદાર,
વગર ગુને મુજ માતને, આપ્યા દુખ અંબાર." ॥ ૩ ॥

આવા અનેક વિચારો કરીને, પોતાની જનનીનાં અપમાન – અનાદરને ધ્યાનમાં રાખીને, માતામહના નગરમાં મોટા મોટા પહાડો અને ઝાડોનો વરસાદ વરસાવ્યો. મામા અને માતામહ, શત્રુની કલ્પનાથી લડવા આવ્યા. તેઓ હજારો હતા. વીર હનુમાનજી એકીલા હતા. મામાઓ શત્રુની કલ્પનાથી નિરપેક્ષ લડતા હતા. વીર હનુમાન કોઈને મારવા નહીં, એવું ધ્યાન રાખીને લડતા હતા. તોપણ મામા અને દાદાને હંફાવી નાખ્યા. હારી ગયા. છેવટે પોતાની ઓળખાણનું બાણ માતામહના પગમાં ફેંકી, હનુમાનજીએ લંકા નગરી તરફ વિદાય લીધી.

પોતાનાં માતા–પિતા માટે જેમને અભિમાન ન હોય તેવા માણસો વાસ્તવિક મનુષ્ય જ નથી. પછી તેમને-સારા-માણસ-કે ઉત્તમ માણસ કેમ કહેવાય ?

જનક અને જનની તણો, જેને નહીં અભિમાન,
તેને નિશ્ચય જાણવો. નરદેહ ધારી શ્વાન. ॥ ૧ ॥

**પ્રશ્ન** : હનુમાનજીને કેટલાક લોકો વાનર કહે છે. તેમનાં ચિત્રોમાં વાનરના જેવી આકૃતિ બતાવાય છે. તેમના શરીરમાં ઘણું લાંબું પૂછડું બતાવેલું હોય છે. આ વાત સાચી છે ?

**ઉત્તર** : હનુમાનજી–વાલી–સુગ્રીવ–આ બધા વાનરદ્વીપના રાજાઓ હતા. તે દ્વીપમાં વાનરની ઘણી જાતોનો વસવાટ હોવાથી, આખો દ્વીપ વાનરદ્વીપ કહેવાયો છે.

અને તેથીજ વાનર દ્વીપમાં રહેતા હોવાથી, વાનરા કહેવાયા છે. પહેલાં અને હમણાં પણ દેશોના નામથી માણસો ઓળખાય છે. જેમ મારવાડમાં રહે છે, માટે મારવાડી; તેમ કચ્છી, ગુજરાતી, કાઠિયાવાડી, ઝાલાવાડી, રશિયન, ચીના, યુરોપિયન આવાં દેશના નામે મનુષ્યોનાં નામ બોલાય છે. તેમ હનુમાનજી વાનર પશુજાતિ હતા નહીં. વાનર જેવી આકૃતિ પણ હતી નહીં. ખૂબ રૂપવાળા મહાબળવાન વીરપુરુષ હતા.

**પ્રશ્ન** : હનુમાનને લોકો જતિ કહે છે. પરણેલા ન હતા. આ વાત સાચી ?

**ઉત્તર** : હનુમાનજી વીર પુરુષ અને એક મહાશૂરવીર યોદ્ધા હતા. તેમનાથી પ્રભાવિત થઈને રાવણ રાજાએ, સૂર્પણખાની પુત્રી અને પોતાની ભાણેજ, હનુમાનને પરણાવી હતી. તથા સુગ્રીવે પોતાની પુત્રી પરણાવી હતી. તથા એક મહાશૌર્યવતી વિદ્યાધર કન્યા લંકાસુંદરી, હનુમાનજીને સ્વયંવરા પરણી હતી. આવી હનુમાનજીને લગભગ દોઢસો પત્નીઓ હતી.

**પ્રશ્ન** : હનુમાનજીને રામચંદ્ર મહારાજાએ, આટલી મોટી સેવાના બદલે ઈનામમાં ફક્ત તેલ સિન્દુર ચડવાનું વરદાન આપ્યું છે. આ વાત સાચી છે ?

**હનુમાનજી કહે છે કે :**

"કહા કહું કીરતારકું, પરાલબ્દકા ખેલ,
બિભિષણકો લંકાદીની, હનુમાનકું દિયા તેલ.

**ઉત્તર** : હનુમાનજી મોટા રાજવી હતા, તેમણે ભુજા બળથી અનેક શત્રુઓને પરાસ્ત કર્યા. ઘણો વખત રાજ્ય ભોગવી, રામચંદ્ર મહારાજના રાજ્યશાસન કાળે જ દીક્ષા લીધી. અને આઠે કર્મ ક્ષય કરી મોક્ષ પધાર્યા છે. અને **नमो सिद्धाणं**; પદમાં તેમનો પણ જાપ થાય છે.

**પ્રશ્ન** : તો શું બીજા દર્શનકારોનાં વર્ણન તદ્દન ખોટાં છે ? તેમનાં શાસ્ત્રોમાં લખેલી હનુમાનની વાનરાકૃતિ હતી. અને લાંબુ લાંગુલ (પૂંછડું) હતું, આ વાત સાચી નથી ?

**ઉત્તર** : રામાયણકારે પોતે જ હનુમાનજીને પવનજીના અને અંજના સતીના પુત્ર વર્ણવ્યા છે. તેના આધારે જ હનુમાનજીનાં પાવનિ –આંજનિ અથવા અંજના સુત નામો કોષકારોએ લખ્યાં છે. પવનજી અને અંજના દેવીને, તેમણે મનુષ્ય માનેલાં છે. તથા હનુમાનજીની શક્તિ અને પ્રતાપ પણ, હનુમાનજીની મહાપુરુષ તરીકેની પ્રસિદ્ધિને પોષણ આપે છે. વાનર પશુ જાતિ છે, વનમાં વસે છે, અબોલ પ્રાણી છે. હનુમાનજી જેવા એક મહાન લડવૈયાને, અથવા રામચંદ્ર મહારાજના અજોડ વફાદારને, પશુ આકૃતિવાળા ચિતરવા તેલ–સિંદૂરથી પૂજા કરવી તે શું વ્યાજબી છે ?

**પ્રશ્ન** : હજીમાનજીને તેલ–સિંદૂર ચડાવાય છે. આકડાનાં ફૂલોની માળા પહેરાવાય છે. તે શું હનુમાનજીની ભક્તિ કહેવાય નહીં ?

**ઉત્તર** : પ્રાયઃ ઘણાં ગામોમાં ગામને ઝાંપે, અગર ગામ બહાર–હનુમાનજીનું મંદિર હોય છે. કમાડ હોતાં નથી. ખુલ્લાં મંદિરોમાં કૂતરાં જેવી અટકચાળી જાત પેસે છે. કૂતરાં તેલ ચાટવા પણ આવે છે. નિધણીયાતા સ્થાનોમાં કૂતરાં ભરાય છે. કૂતરાં સારી ચીજ ઉપર મૂતરે છે.

આવી પશુજાતિઓથી આશાતના થાય તે સમજાય તેવું છે. ઉપરાંત તેલ–સિંદૂર ચડવાથી લાંબા કાળે મૂર્તિ ઉપર મેલના પોપડા બાઝે છે. આ પણ આવા ઉત્તમ દેવનું અપમાન છે. તથા આકડાના ફૂલો પણ, ફૂલોથી જાતોમાં અધમ ફૂલ ગણાયું છે. ઉત્તમ ફૂલો ઘણાં છે. ગુલાબ–મોગરો–ચબેલી–મચકુંદ–જાઈ–જુઈ–જાસૂદ–ડમરો–મરવો–કમળ–કેવડો–કેતકી–કુન્દ વગેરે અનેક જાતિનાં સુન્દર ફૂલો છોડી, આવી તુચ્છ જાતિ કેમ ચડાવાય ?

**પ્રશ્ન** : દેવોના મંદિરોને તાળાં વાસવાં તે વ્યાજબી છે ?

**ઉત્તર** : દેવો માટે બહુમાનની જરૂર લાગતી હોય તો, આશાતનાનાં બધાં જ કારણો આવતાં અટકાવવાં તે, સાચા ભક્તોની અનિવાર્ય ફરજ ગણાય. દેવમંદિરોને ખુલ્લાં રખાય છે. ત્યાં કૂતરાં ગધેડાંના અડ્ડા જામે છે. પક્ષીઓના માળા થાય છે. જુગારીઓ ચોરટાઓ અને પારદારિકોના વિશ્રામ સ્થાનો બને છે. નાના મોટા છોકરાઓને, ક્રીડાંગણ બની જાય છે. ઉજાણીઓ, નાસ્તા–પાણી પણ દેવોના મંદિરોમાં કરી શકાય છે. નજીક વસનારા ગૃહસ્થો સુવે છે. અનાજ વગેરે સુકવે છે. નહાય છે. ધુવે છે. પાના, ચોપાટ, મોઈ, દડા, રમતો રમાય છે. માટે પ્રભુજીનાં મંદિરો સલામતી માટે ખુલ્લા રાખવા વ્યાજબી નથી.

## ઈતિ માતાના પરમ ભક્ત વીર પુરુષ હનુમાનજીની કથા સંપૂર્ણ.

## હવે પિતાજીની પરમ ભક્તિ કરનાર મહાપુરુષ ગાંગેય ભિસ્મપિતાની કથા

આ ભરતક્ષેત્રમાં પહેલા જિનેશ્વરદેવ ઋષભદેવ સ્વામીના સો પુત્રો હતા તેમાં એક કુરૂનામા હતો. તેના નામથી કુરૂદેશ કહેવાયો. કુરૂનો પુત્ર હસ્તી હતો. તેના નામથી નગરનું નામ હસ્તિનાપુર થયું. શ્રીઋષભદેવસ્વામીના પુત્ર ભરતચક્રીના પુત્ર **સૂર્યયશા** રાજા હતા. તેમના નામથી, સૂર્યવંશ ચાલ્યો. તેમની પરંપરાના રાજાઓ સૂર્યવંશી રાજાઓ કહેવાયા છે.

તથા પ્રભુજીના બીજા પુત્ર બાહુબલિ મહારાજ હતા. તેમના પુત્ર **ચંદ્રયસા** રાજા હતા. તેમની પરંપરાના રાજાઓ ચંદ્રવંશી રાજાઓ ગણાય છે. આ હસ્તિનાપુરની ગાદી ઉપર ધર્મનાથ સ્વામીના તીર્થમાં, ચોથા સનત્કુમાર ચક્રી થયા. તથા પાંચમા–છઠ્ઠા–સાતમાં

ચક્રવર્તીઓ, અને સોળમા, સત્તરમા અને અઢારમા જિનેશ્વર દેવો પણ, હસ્તિનાપુરની ગાદી શોભાવનારા સમ્રાટ રાજવીઓ થયા છે. તથા આઠમા ચક્રવર્તી સુભૂમરાજવી પણ આ હસ્તીનાપુરમાં થયા છે. ત્રણ તીર્થંકરદેવો અને પાંચ ચક્રવર્તીઓની રાજધાની હસ્તીનાપુર પુણ્યભૂમિ ગણાયું છે.

આ પ્રમાણે હસ્તીનાપુરની ગાદી ઉપર અસંખ્યાતા રાજવી થયા હતા. તેજ ચંદ્રવંશી રાજાઓની પરંપરમાં, એકવીસમા જિનેશ્વર નમિથાથસ્વામીના તીર્થમાં, શાન્તનુ નામનો રાજા થયો. તેને શિકાર રમવાની કુટેવના પરિણામે, બારેમાસ અરણ્યોમાં ભટકવાની જાહેરાતના કારણે, કોઈપણ રાજા પોતાની પુત્રી આપતો નહીં. અને શાન્તનુ રાજા પણ પોતાના આ મૃગયા વ્યસનમાં, એટલો બધો તરબોળ હતો કે, તેણે શિકાર એ જ પોતાનું સર્વસ્વ બનાવી લીધું હતું.

આ હસ્તિનાપુરનગરની બહુ નજીક દૂર એક મોટું જંગલ હતું. તેમાં અનેક જાતિના પશુઓનો વસવાટ હતો. આ અરણ્યમાં વૈતાઢય પર્વતના, રત્નપુર નગરના જન્હુ નામના મહર્દ્ધિવિદ્યાધર રાજાનો, તદ્દન સોનાનો, સાત માળનો, મહેલ હતો. આ મહેલમાં તે વિદ્યાધરની ગંગાદેવી નામની, કુમારિકા શ્રાવિકાપુત્રી, ઘણી સખીઓ અને દાસીઓ સહિત રહેતી હતી.

**પ્રશ્ન** : વૈતાઢય પર્વતના મોટા રાજવીએ, એવા મનોહર રળિયામણા ધન્ય-ધાન્યાદિ-સુખસગવડોથી ભરપૂર સ્થાનને છોડીને, પુત્રીને આવા ભયંકર જંગલમાં કેમ રાખી હશે ?

**ઉત્તર** : અષ્ટાંગનિમિત્ત જ્યોતિષ જાણનાર, પંડિતના સમાગમથી રાજાએ પુત્રી માટે વરનો પ્રશ્ન પૂછયો હતો. નિમિત્તિયાએ પોતાના જ્ઞાનથી આવા જંગલમાં પુત્રીને, વરનો મેળાપ થવાનું સૂચવ્યુ હતું. માટે વિદ્યાધર રાજાએ પુત્રી માટે, વિદ્યાશકિતથી મહેલ બનાવીને, પુત્રીને આવા જંગલમાં રાખી હતી.

**પ્રશ્ન** : લાખો અથવા કરોડો વિદ્યાધર પુત્રોમાં, કોઈપણ રાજપુત્ર રાજાને કેમ ગમ્યો નહીં ?

**ઉત્તર** : રાજકુમારી ગંગા બાળા હોવા છતાં, શ્રી વીતરાગશાસન ભણેલી, સમજેલી અને પામેલી હતી.

**પ્રશ્ન** : ભણેલ, સમજેલ, અને પામેલમાં અર્થભેદ છે ?

**ઉત્તર** : ભણ્યા હોય, પણ સમજ્યા ન હોય. આજકાલ આપણા ઘણા **જૈન** ભાઈઓ પ્રતિક્રમણાદિ ધર્મગ્રંથો ભણ્યા હોય, પણ સમજતા નથી, સમ્યગ્દર્શન જ્ઞાનચારિત્રનાં નામો જાણતા હોય, પણ અર્થ સમજતા ન હોય. ઋષભદેવ સ્વામી આદિ ચોવીસ જિનેશ્વર દેવોના નામો ગોખ્યાં હોય. પરંતુ તેમને સાચા સ્વરૂપમાં ઓળખતા હોય જ નહીં તથા કોઈ

પોપટના જેવા ભણેલા, ઘણાં શાસ્ત્રો વાંચી ગયા હોય છતાં, શ્રી વીતરાગદેવોનાં વચનોમાં રાગ હોય જ નહીં. જેમ સુખલાલ, બેચર, ન્યાયવિજય વગેરે, તેવા પામેલ ગણાય નહીં.

**પ્રશ્ન** : ભણેલા સમજ્યા ન હોય. એ આપણે જાણી શકીએ, પરંતુ સમજેલા પામ્યા નથી એને આપણે કયા સાધનથી સમજી શકીએ ?

**ઉત્તર** : શ્રી વીતરાગદેવોને તથા કંચનકામિની ભજનારા દેવોને, અથવા માંસાહારની પ્રરૂપણા કરનારા, આવા લૌકિક દેવોને, વીતરાગદેવોની સાથે સરખામણી કરે, તેમણે શ્રી વીતરાગદેવને ઓળખ્યા કેમ કહેવાય ?

**પ્રશ્ન** : અન્ય દર્શનકારો જેમને દેવો તરીકે માનતા હોય, તેમને આપણે ઉતારી પાડીએ કે દેવ તરીકે તેમનું ખંડન કરીએ તો, દુનિયામાં આપણે જુદા પડી જઈએ તે સારું કેમ ગણાય ?

આ બાબત કલિકાળ સર્વજ્ઞ ભગવાન હેમચંદ્રસૂરિમહારાજ પણ ફરમાવી ગયા છે ને ? બ્રહ્મા હોય, વિષ્ણુ હોય, મહાદેવ હોય કે બુદ્ધ હોય, તેમને મારા નમસ્કાર થાઓ. આ વાત સાચી નથી ?

**ઉત્તર** : બીલકુલ સાચી નથી. એ મહાપુરુષે એમ કહ્યું જ નથી. તેમણે શું કહ્યુ છે તે વાંચો.

**यस्य निखिलाश्च दोषा न सन्ति, सर्वे गुणाश्चविद्यन्ते ।**
**ब्रह्मा वा विष्णुर्वा हरो जिनो वा नमस्तस्मै** ॥ १ ॥

**અર્થ** : જેમના આત્મપ્રદેશમાંથી, બધા દોષો નિર્મૂલ–નાશ પામ્યા હોય, અને દોષોના નાશની સાથે, સર્વ ગુણો પ્રકટ થયા હોય, એવા (રાગદ્વેષ વગરના વીતરાગદશા અનુભવતા) બ્રહ્મા–વિષ્ણુ–મહેશ્વર કે જિનેશ્વર ગમે તે હોય, પરંતુ હું તેમને નમસ્કાર કરું છું.

**પ્રશ્ન** : બ્રહ્મા–વિષ્ણુ–મહેશ્વરને પણ નમસ્કાર કર્યો કહેવાયને ?

**ઉત્તર** : રાગ–દ્વેષ અને અજ્ઞાનતા નાશ પામ્યા હોય, તેમને નમસ્કાર કરવામાં અમારો એટલે જૈનોનો વિરોધ હતો નહીં. જૈનોને વ્યક્તિ પ્રત્યે વિરોધ કે પક્ષપાત નથી જ. જૈનો તો રાગદ્વેષ અને અજ્ઞાનતાનાજ વિરોધી હતા અને છે. તથા રહેવાના છે.

જૈનોએ શ્રી જિનેશ્વરદેવોના આત્માઓ, તથા સિદ્ધ પરમાત્માઓના આત્માઓ, તેમજ સૂરિ–વાચક અને મુનિપદમાં રહેલા જીવો પણ, જ્યાંસુધી રાગદ્વેષ અજ્ઞાનતામાં, ચકચૂર હતા. ત્યાં સુધી તેમને પ્રણામ કર્યા નથી.

જેમકે ત્રિપૃષ્ટવાસુદેવ, રાવણ. લક્ષ્મણ, કૃષ્ણ, શ્રેણિક, વગેરે મહાપુરુષો, મોટા રાજવી હતા. શ્રદ્ધા વગેરે ગુણોવાળા હોવા ઉપરાન્ત માનવજાતના અનેક ઉચ્ચ ગુણો

પણ પામ્યા હતા. છતાં, રાગ–દ્વેષ અજ્ઞાનતા નાશ નહીં પામવાના કારણે, ભવિષ્યના જિનેશ્વરદેવો હોવા છતાં, તે તે મહાપુરુષોને, તીર્થંકર તરીકે સ્વીકારીને, માનવામાં આવ્યા નથી.

**પ્રશ્ન** : ભવિષ્યના તીર્થંકરોમાં કૃષ્ણ મહારાજા અને શ્રેણિક રાજાનો સમાવેશ થાય છે, અને તેમની મૂર્તિઓ ભરાવેલી હમણાં પણ પૂજાય છે ને ?

**ઉત્તર** : ભવિષ્યના તીર્થંકરો આ કાળના રાજાઓ હતા. તેમને, રાજા તરીકે પતિ–પત્નીનાં જોડલાં બનાવીને જૈનો પૂજતા નથી. પરંતુ ભવિષ્યમાં વીતરાગ થવાના હોવાથી, આજે પણ તેમની, વીતરાગ મુદ્રાએ બીરાજમાન પ્રતિમા પૂજાય છે. જેમને પૂજનાર કે દર્શન કરનાર, તેમનામાં રહેલી વીતરાગ મુદ્રા જોઈ, વીતરાગપણાનો અભ્યાસ પામી શકે છે.

**પ્રશ્ન** : ભગવાન વીતરાગ હોય, કે ન હોય પરંતુ આપણે તો એમના ગુણ લેવાના છે ને ?

**ઉત્તર** : જૈનશાસનમાં તો જેમનામાં વીતરાગદશા પ્રકટ થઈ ગઈ હોય, અથવા વીતરાગપણું લાવવાના બધા પ્રયત્નો ચાલુ થયા હોય, તેવા મહાપુરુષોનેજ સાચા ગુણી માનવામાં આવ્યા છે. વીતરાગદશા પ્રકટી ન હોય, વીતરાગતાની ઓળખાણ ન હોય, એવા મનુષ્યો હોય કે, દેવો હોય, જૈનો તેમને પ્રભુ–ભગવાન–સ્વામી કહેવા તૈયાર નથી જ.

**પ્રશ્ન** : જૈનો નવપદોને માને છે. આ નવપદોમાં, પહેલા બે પદોમાં વીતરાગતા આવી છે, પરંતુ બીજા સાત પદો માટે, શું ઉત્તર આપી શકો છો ?

**ઉત્તર** : નવે પદો વીતરાગતાની, પ્રાપ્તિ, અભ્યાસ, અને કારણો હોવાથીજ, પૂજ્ય બન્યાં છે. જુઓ—

"પામ્યા જે વીતરાગતા, આરાધે વળી જેહ,
આપે જે વીતરાગતા, ત્રિક નમીયે ભવી તેહ."

"અરિ અભ્યંતર ક્ષયથયા, ક્ષય કરવા મથનાર,
ક્ષય પામે જેના થકી, ત્રિક મુજ તારણહાર."

"દેવનમું વીતરાગને, ગુરુ વીતરાગ થનાર,
ધર્મકથિત વીતરાગનો, ત્રિક–જગ તારણહાર."

વાચક વર્ગ જોઈ શકે છે કે, જૈનશાસનમાં વીતરાગનેજ દેવો માનવામાં આવ્યા છે. તથા વીતરાગતા પામવા માટેના બધાજ ઉદ્યમો શરૂ થઈ ગયા હોય, વીતરાગતાની પ્રાપ્તિમાં

વિઘ્ન નાખનારા, સર્વદોષોને દેશવટો અપાયો હોય. તેવાજ સૂરિમહારાજ, ઉપાધ્યાય મહારાજ અને સાધુ મહારાજને, જૈનોને ગુરુ તરીકે માનવા ફરમાવ્યું છે. તેમજ વીતરાગતાની પ્રાપ્તિનાં ઉપાદાન કારણ, એવાં સમગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપ સમુદાયોને, જૈનોએ ધર્મ તરીકે સ્વીકારેલ છે.

**પ્રશ્ન** : ત્રીજા ચોથા પાંચમા પદમાં રહેલા સૂરિ-વાચક મુનિ મહાશયો વીતરાગતાના આરાધક છે આવું કેમ માની શકાય ?

**ઉત્તર** : ત્રીજા-ચોથા-પાંચમા પદને ધારણ કરનારા મહાપુરુષો, પ્રારંભથીજ હિંસા, અસત્ય, ચોરી, મૈથુન, પરિગ્રહ મમતાનો ત્રિવિધ-ત્રિવિધ ત્યાગ સ્વીકારે છે. તથા આ પાંચે મહાવ્રતોને સાચવવા, વિકસાવવા અને સ્થિર બનાવવા માટે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તપની અવિરત આરાધના ચાલુ રહે છે.

ઉપરાંત પાંચ સમિતિ, પાંચ આચાર, બાર પ્રકાર તપ, બારભાવના ચરણ-કરણ-સિત્તરી વગેરે ગુણોનો અભ્યાસ ચાલુ રાખે છે. આવા આચારોને પામેલા મુનિરાજોને, બહુ થોડાજ કાળમાં, વીતરાગદશા પ્રાપ્ત થવાની સંભાવના રાખી શકાય છે.

**પ્રશ્ન** : સમિતિ, આચાર, તપ, ભાવનાઓને કે ચરણકરણ સિત્તરીને સમજતા ન હોય, ઓળખતાજ ન હોય, તેમને વીતરાગતાના આરાધક કહી શકાય છે?

**ઉત્તર** : ઉપર જણાવેલા મહાવ્રતો, આચારો, પ્રવચન માતાઓ, ચરણ-કરણ સિત્તરિઓ હોયજ નહીં, તેવાઓ દ્રવ્યસાધુ કહેવાયા છે. ભાવથી સાધુદશા આવી હોય, એટલે છઠ્ઠું સાતમું, ગુણઠાણું અનુભવતા હોય, તેવા મહાપુરુષોને, સૂરિ વાચક અને મુનિ તરીકે નમસ્કાર થાય છે. માત્ર જૈન સાધુવેશનેજ નહીં.

**પ્રશ્ન** : ભાવ સાધુદશા આવે તો દ્રવ્ય સાધુવેશની જરૂર નહીંજને ?

**ઉત્તર** : એ પણ બરાબર નથી, સાધુવેશમાં રહેલો, પોતામાં લઘુતા ભાવતો, પંચપરમેષ્ઠિ-ભગવંતોના ગુણોનો અભ્યાસ કરતો, ગુણ અને ગુણી આત્માઓનું અનુમોદન કરતો, પોતાનાં દુષણોને યાદ કરીને વારંવાર નિંદા-ગર્હા કરતો, શક્ય હોય તેટલી બધીજ આરાધનાઓમાં આદર વધારતો, સાધુવેશમાં રહેલો આત્મા, વખતે ભાવ સાધુપણું પામે છે.

**પ્રશ્ન** : આપણો પ્રશ્ન તો એજ છે કે આત્માના કલ્યાણમાં, ભાવ સાધુતાજ કારણ હોય તો, સાધુવેશ પહેરો તોય ભલે, અને ન પહેરો તોય ભલે. અથવા જો ભાવ સાધુદશા આવેજ નહીં તોપણ સાધુવેશ નકામો છે. આ વાત સાચી ને ?

**ઉત્તર** : ગુણો પ્રકટ થયા પછી પણ વધારે આયુષ હોય તો સાધુવેશ લેવોજ પડે છે. સંપૂર્ણ ગુણી કેવળી ભગવાન પણ, ભરત મહારાજા વગેરે, આખી જિંદગી વીતરાગના સાધુવેશમાંજ રહ્યા છે, માટે સાધુવેશ નકામો નથી. અને ગુણ ન આવ્યા હોય તોપણ

ગુણ લાવવા માટે, સાધુવેશ ઘણો ઉપયોગી છે. જેમ પૈસા વગર વેપાર થાયજ નહીં. પરંતુ ફેરી કરીને, પૈસા કમાઈને 'દુકાન વસાવી' મોટા વેપારી પણ બને છે, તેમ પ્રારંભમાં દ્રવ્યવેશ પામેલા, ગીતાર્થ અને વૈરાગી ગુરુઓની સેવામાં રહેનારા, ગુણ–ગુણીના રાગવાળા દ્રવ્ય સાધુઓ પણ, ભાવસાધુતા, પામે છે, પામ્યા છે, પામશે, દ્રવ્ય સાધુપણું, ભાવ સાધુદશાનું નિમિત્ત કારણ છેજ. તથા ચાર પ્રકાર શ્રીસંઘના પ્રત્યેક સભ્યોને, વીતરાગતાનું આરાધન કરવા માટે, બારેમાસ નીચે મુજબ અભ્યાસ ચાલુ રાખવાની ફરજ પાડવામાં આવી છે, તે પણ વાંચો.

**સૂત્ર** અર્થ તત્ત્વ કરી સદ્દહું ૧. સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય, મિથ્યાત્વમોહનીય, પરિહરૂં ૪. કામરાગ, સ્નેહરાગ, દૃષ્ટિરાગ પરિહરૂં ૭. સુદેવ; સુગુરુ; સુધર્મ, આદરૂં; કુદેવ: કુગુરૂ, કુધર્મ, પરિહરૂં ૧૩. જ્ઞાન–દર્શન–ચારિત્ર આદરૂં, જ્ઞાન–દર્શન–ચારિત્ર વિરાધના પરિહરૂં ૧૯. મનગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ આદરૂં, મનદંડ, વચનદંડ, કાયદંડ પરિહરૂં ૨૫. હાસ્ય, રતિ, અરતિ, પરિહરૂં ૨૮. ભય શોક દુર્ગન્છા પરિહરૂં ૩૧. ક્રોધ, માન, પરિહરૂં. માયા, લોભ, પરિહરૂં ૩૫. કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા પરિહરૂં ૩૮. રસગારવ, રિદ્ધિગારવ, શાતાગારવ પરિહરૂં ૪૧. માયાશલ્ય, નિયાણશલ્ય, મિથ્યાત્વશલ્ય પરિહરૂં ૪૪. પૃથ્વીકાય, અપકાય, તેઉકાયનું રક્ષણ કરૂં ૪૭. વાયુકાય, વનસ્પતિકાય, ત્રસકાયનું રક્ષણ કરું ૫૦.

આ ૫૦ બોલ શ્રીવીતરાગશાસન પામેલા સાધુ સાધ્વી શ્રાવક શ્રાવીકા ચારે પ્રકાર, શ્રીસંઘના મહામાનવંતા સભ્યોને, સવાર સાંજ, બારેમાસ, આખી જિંદગી, ગોખવાના, સાંભળવાના, યાદ રાખવાના, તથા બુદ્ધિ–શકિત અનુસાર અમલમાં મૂકવાના છે. આ પચ્ચાસ બાબતોનો અભ્યાસ, એપણ વીતરાગતાના અભ્યાસ માટે છે.

ઉપરના પચ્ચાસ બોલને સમજેલો આત્મા, પોતાની સમજણ અને શક્તિનો સદુપયોગ કરે તો, આ પાંચમા આરામાં, આવા નબળા સાધનોમાં પણ, ક્ષયોપશમિકભાવના સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર–તપ જરૂર પામી જાય છે. અહીંજ વીતરાગદશાના પાયાનો પ્રારંભ થાય છે.

**પ્રશ્ન** : શ્રાવક શ્રાવિકા વર્ગને છેલ્લા છ બોલમાં, પૃથ્વીકાયાદિ ત્રણનું રક્ષણ થતું નથી. થઈ શકવું અશકય છે. તો પછી તેમ બોલવું વ્યાજબી ગણાય?

**ઉત્તર** : આ સ્થાને છેલ્લા છ બોલ સાધુ–સાધ્વીને ઉદ્દેશીને, સમજવાના છે. પરંતુ શ્રાવક શ્રાવિકાઓને, પૃથ્વીકાય, અપકાય, તે ઉપકાયની જયણા કરું, એમ બોલવાનું સમજવું. અને પાછલા ત્રણ બોલમાં રક્ષણ કરું, એમ બોલવું.

**પ્રશ્ન** : પાછલા ત્રણ બોલમાં પણ વાયુકાય–વનસ્પતિકાયનું રક્ષણ થઈ શકે જ નહીં. કારણ કે પ્રત્યેક ગૃહસ્થને માટી મીઠા વિના, પાણી વિના, અગ્નિ વિના, વાયુ વિના, અનાજ વગેરે વનસ્પતિ વગર ઘરસંસાર ચાલે જ નહીં. તો પછી ચોથા, પાંચમાનું રક્ષણ કેમ બોલાય ?

**ઉત્તર** : ગૃહસ્થ વિવેકી શ્રાવક, ત્રસજીવોને પણ આરંભના કારણો વિના, નિરપરાધીને, જાણીજોઈને, હણવાની બુદ્ધિથી હણતા નથી. જેટલા બચાવી શકાય તેટલા બચાવવાનો ખપ કરે છે. તેકારણથી ત્રસજીવોની મુખ્યતાએ, રક્ષણશબ્દનો પ્રયોગ સમજવો. સિવાયતો ત્રસનીમુખ્યતાએ, છએકાયજીવો ન મરે, તેટલી જયણા રાખવા ફરમાવ્યું છે. એમ જાણવું.

**પ્રશ્ન** : કહેવાય છે કે હેમચંદ્રસૂરિમહારાજ વગેરે કેટલાક મધ્યસ્થ જૈનાચાર્યોએ, બીજાઓના દેવ–ગુરુ–ધર્મની નિન્દા કરી નથી. ઉતારી પાડ્યા નથી. આ વાત સાચી ને ?

**ઉત્તર** : શ્રી વીતરાગશાસનમાં અઢાર પાપ સ્થાનો–મહાપાપો ગણાવ્યાં છે. તેમાં સોળમું નિન્દા નામનું પાપસ્થાનક પણ ભયંકર પાપ છે. નિન્દા કોઈની પણ કરવાથી, આત્માનું પતન થાય છે. કહ્યું છે કે–

**स्वश्लाघा परनिन्दा च, मत्सरो महतांगुणे । असंबन्धप्रलापित्वं आत्मानं पातयत्यधः ॥१॥**

**અર્થ** : પોતાના સાચા કે ખોટા ગુણો બીજા પાસે ગવાય, બીજાની નિંદા કરાય, તથા પુણ્યવાન કે ગુણવાન મહાપુરુષની, ચડતી, આબરૂ, ખ્યાતિ દેખી–સાંભળી, જવાસાની પેઠે ઈર્ષા કરીને સળગી જાય, તથા જરૂર વગરનું અને સાવદ્ય ભાષણ કરે. આ ચારે દોષો, આત્માને, દુર્ગતિમાં જવામાં સહાયક બને છે.

જ્ઞાનીપુરુષોએ સામાન્ય મનુષ્યની પણ નિંદા, દુર્ગતિનું કારણ જણાવી છે. તો પછી મહાપુરુષોની નિંદાતો, મહાદોષનું કારણ બને તેમાં કહેવું જ શું ?

પરંતુ દોષની નિંદા કરવામાં, દોષ લાગતો નથી. જેમ કોઈ દુકાનદારની દુકાનનો માલ ખરાબ હોય, તે દુકાનદાર તે વસ્તુને થોડા ઓછા ભાવે વેચતો હોય, ત્યારે જોડેની દુકાનવાળો, પોતાના સારા માલનાં વખાણ કરે છે. થોડા–ઉંચ્ચા ભાવે ઘરાકને વેચે છે. તેને નબળા માલની નિંદા જરૂર કરવી પડે છે.

જો આમ થાય જ નહીં તો, લવણ અને સાકર, પીત્તળ, અને સોનું, જસત અને ચાંદી, છાશ અને દૂધ સરખા ભાવે ગણાઈ જાય. માટે જ ચોર સાહુકારનો, સજ્જન–દુર્જનનો, કુલટા અને સતીનો, ભેદ સમજાવવો જરૂરી છે. આ સ્થાને વસ્તુની નિંદા સાથે તેના વેચનારની નિંદા પણ થઈ જાય છે. આ વાસ્તવિક નિંદા નથી. પરંતુ વસ્તુના સારા

ખરાબપણાની સ્પષ્ટતા છે. અને જો આવી સ્પષ્ટતા ન જ થાયતો, જગતભરની સારી ચીજોનો ન્યાય નાશ પામી જાય છે.

માટે જ મધ્યસ્થ ભાવને સમજેલા પણ, કલિકાલ સર્વજ્ઞભગવાનને કહેવું પડયું છે કે–

**त्वत्शासनस्य साम्यं ये, मन्यते शासमान्तरैः ।**
**विषेण तुल्यं पीयूषं, तेषां हन्त ? हतात्मनां ॥ १ ॥**

હે વીતરાગદેવ ! બીલ્કુલ વિસંવાદ વગરનું, અને જગતના પ્રાણીમાત્રનું ભલું ચિંતવનારૂં આપનું શાસન છે. તેને, જગતભરનાં વિસંવાદી, પરસ્પરના–વિરોધથી ભરેલાં, તથા ઠેકાણે ઠેકાણે, શત્રુભાવને સૂચવનારાં, દુનિયાભરનાં શાસનોની સાથે સરખાવનારા, બિચારા પરલોકના કલ્યાણથી હણાયેલા, પોતાને પંડિત માની બેઠેલાઓએ વિષ અને અમૃતની સરખામણી ગણી કહેવાય.

કાલકાલ સર્વજ્ઞ હેમચંદ્રસૂરિ મહારાજનાં, વીતરાગસ્તોત્ર, અન્યયોગવ્યવચ્છેદિકા તથા અયોગવ્યવચ્છેદિકા વગેરે શાસ્ત્રો વાંચવાથી, વાચકને સમજાશે કે, આવા મહાપુરુષોના નામે છબરડા વાળનારાઓ, વાસ્તવિક પંડિતો નથી. પણ સાચા અર્થના ઉઠાઉગીર છે.

"રાગદ્વેષ અજ્ઞાનતા, જેમાં નો'ય જરાય,
તેવાના વચનો વિશે, શંકા કેમ કરાય ?" ૧

"જિનવાણી વાંચ્યા છતાં, શ્રદ્ધા જો નવ થાય,
ઘણું ભણેલા હોય પણ, પંડિત કેમ ગણાય?" ૨

જિનવાણીને વાંચતાં, ચક્ષુ પાવન થાય,
જિનવચનો શ્રવણે પડે, સફળ જન્મ થઈ જાય." ૩

"ભવના રોગ મીટાવવા, જિનવચનામૃતપાન,
સર્વાગમ વાંચે સુણે, થાય ન મૂરખ જ્ઞાન." ૪

"દર્પણને દેખ્યા છતાં, ડાઘા નવ દેખાય,
દર્પણના જોનારને, તો ફળ કેવું થાય ?" ૫

"કાળા–ગોરા સર્વને, દર્પણ આપે ન્યાય,
પણ દર્પણથી અંધને, લાભ કશો નવ થાય." ૬

જન્હુ વિદ્યાધરરાજાની પુત્રી. ગંગાકુમારી. વિદ્યાચારણમુનિઓનાં વ્યાખ્યાનો સાંભળીને, વીતરાગશાસન પામી હતી. તેથી તેણીએ સુગુરુ પાસે સમ્યક્ત્વ સહિત શ્રાવિ-

કાને યોગ્ય, કેટલાંક વ્રતો પણ લીધાં હતાં. તેમાં અહિંસા વ્રત લીધા પછી તેણીને, એવા વિચારો થયા કે, નારી જીવન પરવશ છે. જો પતિ અનુકૂળ મળે તો જ, અબળા પોતાનો ધર્મ સાચવી શકે છે. અને પતિ શિકારી, માંસાહારી હોયતો નારીનો ધર્મ જોખમમાં મુકાય છે. માટે મારે શિકારી અને માંસાહારી હોય, તેની સાથે લગ્ન કરવું નહીં.

રાજમહારાજાઓ અને લક્ષ્મીધરો, પ્રાયઃ અભક્ષ્ય ભક્ષણ અને અપેય પાન કરનારા હોય છે. માટે મારે પતિ થનારની સંપૂર્ણ પરીક્ષા કરવી. શિકાર અને માંસાહાર છોડાવવા, અને તેમ ન જ થાય તો, આજીવન શીલવ્રત પાળવું. પરંતુ અહિંસા ધર્મને અખંડ રાખવા, જો મારી ઇચ્છા મુજબ સ્વામી મળશે, તો, હજારો લાખો જીવોને, અભયદાનનો લાભ થશે. અને તેવો સ્વામી નહીં મળે તો, અહિંસા અને બ્રહ્મચર્ય બે મોટાં વ્રતો સચવાશે. મારે ઉભય પક્ષ અનુકૂળ છે.

વિદ્યાધરપુત્રી ગંગાકુમારીની અહિંસા વ્રતની પ્રતિજ્ઞા, વિદ્યાધર સમાજમાં ફેલાઈ ગઈ. ગંગા ખૂબ જ રૂપાળી હતી. એટલું જ નહીં પરંતુ નારીની ચોસઠ કલાઓ ભણેલી હતી. તથા બીજા પણ નારી જાતિના ભૂષણ જેવા, વિનય–નમ્રતા–મૃદુભાષણ વગેરે ગુણો પણ ખૂબ હતા. ગંગાકુમારી માટે અનેક રાજકુમારોની માગણીઓ આવી હતી પરંતુ કુમારીની પ્રતિજ્ઞા સાંભળીને બધા પાછા જતા હતા.

કુમારીની વય વધવા લાગી. પિતાની ચિંતા વધવા લાગી. કહ્યું છે કે

**जातेति चिन्ता, महतीति शोकः कस्य प्रदेयेति महान् विकल्पः ।**
**दत्ता सुखं स्थास्यति (वास्यति) वानवेति, कन्यापितृत्वं किलहन्त कष्टं ॥ १ ॥**

**અર્થ** : દીકરીનો જન્મ થવાની સાથે, ચિન્તા નામની બીજી પુત્રી પણ સાથે જન્મે છે. મોટી થતી જાય–સાથે ચિન્તા પણ મોટી થતી જાય છે. પછી કોને આપવાની વિચારણા શરૂ થાય છે. પરણાવ્યા પછી પણ સુખથી રહેશે, અથવા દીકરી સુખ પામશે કે કેમ ? આવા વિચારો માતાપિતાને આવ્યા જ કરે છે. એટલે વાસ્તવમાં કન્યાના પિતાપણું પણ બધાં પાપોદયો માયલું એક મહા પાપ જ છે.

"શીલ–વિનય ગુણ સાથમાં, વર–ઘર જર શુભ થાય, ।
પુત્રી પાંચ ગુણો સુણી, માય–તાય–હરખાય." ॥ ૧ ॥

છેવટે રાજાએ એક દિવસ નિમિજ્ઞને પૂછ્યું કે, મારી પુત્રીને વર કયારે મળશે. નિમિત્તિયાએ જણાવ્યું કે, હસ્તિનાપુર નગરની નજીકના વનમાં, કુમારીની પ્રતિજ્ઞા સ્વીકાર કરનાર વરની પ્રાપ્તિ થશે.

નિમિત્તિયા પાસેથી કન્યા માટેની, સવિશેષ હકીકત જાણીને, રાજાએ, (કન્યાના પિતાએ) હસ્તીનાપુર નગરની નજીકના, એક મોટા જંગલમાં, વિદ્યાશક્તિથી તદ્દન

સોનાનો સાત માળનો, સુંદર એક મહેલ બનાવ્યો. જેમાં રહેવાના, ખાવા-પીવાનાં, સુવા-બેસવા-ફરવાનાં, સાધનો વસાવીને, ઘણી સખીઓ અને દાસીઓના સમુદાય સાથે, પુત્રીને ત્યાં રાખીને, રાજા સ્વસ્થાને ગયા.

શાન્તનુ રાજાને વળગેલું શિકારનું ભયંકર વ્યસન, દિનપ્રતિદિન આગળ વધી રહ્યું હતું. પાપાનુબંધિ પુણ્યના ઉદયથી, મળેલી રાજ્યસામગ્રી અથવા ધનસામગ્રી, જીવને પાપો કરાવવામાં જ વપરાય છે. તેથી શાન્તનુ રાજાના વિચારો અને વ્યવસાયો શિકારમયજ હતા.

"અજ્ઞાનકષ્ટના યોગથી, અકામ પુણ્ય બંધાય, ।
રાજ્ય-રમા-રામા મળે, મહાપાપ સર્જાય." ૧

"સમ્યગ્દર્શન-જ્ઞાન-તપ, પુણ્ય ખૂબ બંધાય;
અભય-સુપાત્ર અનુકંપ્યમાં, બધું પુણ્ય ખર્ચાય." ૨

"રાજ્ય મળ્યું લક્ષ્મી મળી, શીકાર-માંસાહાર, ।
બીજા પણ પાપો કરી, કુગતિ જાય ગમાર." ૩

"મહાપુણ્યોદય જીવને, જીવદયા સમજાય, ।
યથા યોગ્ય આદર વધે, તો દુખનો ક્ષય થાય." ૪

એક દિવસ સાથીદારોની પ્રેરણાથી, શાન્તનુ રાજા શિકારને શોધતો શોધતો ગંગાકુમારીના મહેલથી અલંકૃત, જંગલમાં દાખલ થયો. પશુ જાતથી ભરાએલા જંગલને જોઈને, રાજા અને તેના શિકારી સાથીદારો, ખૂબ ખુશી થયા. અને જેટલામાં રાજાના માણસો દ્વારા, બાણો ખેંચવાની તૈયારી થતી હતી. તેટલામાં એક માણસ દોડતો આવ્યો.

રાજા તથા શિકારીઓને, શિકારના વ્યાપારો બંધ રાખવા પ્રાર્થના કરીને, કહેવા લાગ્યો :

**મહેલનો પહેરાવાળો :** મહારાજ! સામે એક મહેલ દેખાય છે. તેને આપ જોઈ શકો છો. તે મહેલ મારા માલિકનો છે. તેમાં તેજ મારા માલિક રાજવીની, કુમારી દીકરી રહે છે. તેની સાથે કેટલિક મહલ્લિકાઓ અને દાસીઓનો પરિવાર પણ છે. અમે બધા આપના સ્વાગત માટે જ આ સ્થાને રહ્યા છીએ.

રાજા ગર્વનો પર્વત હતો. કોઈની સત્તાના તોરથી, તેનો શિકાર અટકાવી શકાયો ન હતો. પરંતુ આ સ્થાને રાજકુમારીના મહેલના પહેરાવાળાની નમ્ર પ્રાર્થના તથા મહેલ કુમારી અને સ્વાગત વચનોના કાર્મણથી, રાજાના શિકારમય રૌદ્ર પરિણામો રવાના થઈ ગયા. અને શિકાર માટેની બધી તૈયારીઓને આટોપીને, બહુ થોડા જ ક્ષણોમાં મહેલ પાસે આવી, મહેલના સાતમે માળે ચડી ગયો.

આજે કુમારીના પિતા અને ભાઈ ઓ પણ આવેલા હતા. ઘણા સમુદાયે રાજા શાન્તનુને માન આપ્યું. સ્વાગત કર્યું. મોટા સિંહાસન ઉપર બેસાડીને રાજાને ભેટ મૂકી. શાન્તનુ રાજા અને તેના પરિવાર, આ બધો આકસ્મિક સત્કાર જોઈ, વિચારમાં પડી ગયા હતા. અને સામે ઊભેલા કુમારીના ભાઈને પ્રશ્ન પૂછયો.

**શાન્તનુ રાજાનો પ્રશ્ન :** આપ કોણ છો ? આ મહેલ શા માટે ? અમને સત્કાર કરવાનું કારણ શું ? કુમારીના મોટાભાઈએ, પોતાની ભગિની ગંગાકુમારીને બતાવીને, નિમિત્તિયાને પુછાએલી હકીકતથી પ્રારંભીને અત્યાર સુધીની, બધી વ્યવસ્થા કહી સંભળાવી. જે સાંભળી રાજાના આનંદનો પાર રહ્યો નહીં.

"ઉદ્યમ કરે અનેક પણ, લક્ષ્મી નારી દોય,
પામર નર પામે નહીં, પામે વખતે કોય." ॥ ૧ ॥

"પણ ઉદ્યમ કીધા વિના, ધન નારી પરિવાર,
પામે સુન્દર સાધનો, મહાપુણ્ય નર-નાર." ॥ ૨ ॥

કુમારીના મોટાભાઈ, વસ્તુસ્થિતિ સમજાવીને મૌન રહ્યા, તેટલામાં ગંગાકુમારી રાજાની થોડે નજીક આવીને, રાજા સામે હાથ જોડી બોલવા લાગી, મહારાજ ! મારા મહાપુણ્યોદયથી મને આપની સહચરી બનવાનું ભાગ્ય પ્રાપ્ત થાય તેની પહેલાં, થોડી પ્રાર્થના કરું છું, તે આપ ધ્યાનપૂર્વક સાંભળો અને સ્વીકાર કરો કે, જેથી મારી સમગ્ર જિંદગીની ઇચ્છાઓ પૂર્ણ થાય.

મહારાજ મેં વીતરાગના મુનિરાજોનાં વચનો સાંભળીને, શ્રાવિકાને યોગ્ય અને મારાથી આખી જિંદગી સાચવી શકાય તેવાં, કેટલાંક વ્રતો ગ્રહણ કર્યાં છે. તેમાં સર્વત્રસ જીવોની હિંસા કરવી નહીં, નિરપરાધી જીવોને જાણીજોઈને મારવા નહીં, તથા ત્રસજીવોના નાશથી બનેલાં કોઇપણ માંસાદિ ભોજન કરવાં નહીં, તથા સર્વ જીવોના શિકારનો ત્યાગ કરનાર મહાપુરુષને પોતાના જીવનનો માલિક બનાવવો, મારી જિંદગી હું તે મહાપુરુષને જ અર્પણ કરી શકું ?

આપને ઉપર મુજબની નમ્ર પ્રાર્થના કબૂલ હોય તો, હમણાં જ અતિમનોહર મુહૂર્તમાં આજ ને આજ, આ સ્થાને, બાળાને આખી જિંદગીની સહચરી બનાવી શકો છો. મારી પ્રાર્થના અને નમ્ર નિવેદન, આપને કંટાળારૂપ થયું હોય તો, ક્ષમા માગી વિરમું છું.

ગંગાકુમારીના રૂપ-લાવણ્ય-સૌભાગ્ય-સુસ્વરાદ ગુણોને જોઈને રાજા શાન્તનુ મંત્રમુગ્ધ બની ગયો હતો. વળી આજ સુધીમાં તેને મનનોવિસામો, ઉતમપત્નીનો સમાગમ પણ મળેલો ન હોવાથી, મહા શિકારી શાન્તનુ રાજાએ, ગંગાકુમારીની બધી જ માગણીનો, કશી હા કે ના કહ્યા વગર સ્વીકાર કરી લીધો. તોપણ કુમારીએ થોડો પ્રસ્તાવ ફરીને મૂકયો.

મહારાજ ! હું હવે આજથી આપની દાસી થઈ ચૂકી છું. તેપણ આવાં શિકાર જેવાં દુષ્ટ વ્યસનોને ધ્યાનમાં રાખીને, મારે મારી પ્રતિજ્ઞા સાચવી રાખવા માટે કહેવું પડે છે કે, આપ સ્વામીનાથ હવે પછી કયારે પણ, નિરપરાધી જીવોના કલ્પાન્તકાળ સમાન, શિકારવ્યસનને આચરશો નહીં. પરંતુ વખતે આપની આ ભયંકર વ્યસન સેવવાની પ્રવર્તી શરૂ થાય તો, આપની દાસી એવી હું, તે જ ક્ષણે મારા શીલવ્રતને સાથે લઈને, પુનઃ પિતાજીના આ મહેલમાં આવીને રહીશ.

શાન્તનુ રાજાએ ગંગાકુમારીની બધી માગણીઓનો સ્વીકાર કર્યો, અને બંને પક્ષના આપ્ત મનુષ્યોની હાજરીમાં, પહેલેથી જ નિમિત્તિયાએ સૂચવેલા શુભ મુહૂર્તમાં, રાજબાળા ગંગાદેવી સાથે, શાન્તનુ રાજાનું પાણિગ્રહણ થયું. અને ગંગાદેવીના પિતા તથા ભાઈઓના સત્કાર–સન્માન મેળવીને, પત્ની સહિત રાજા હસ્તીનાપુરમાં આવ્યા.

કેટલોક કાળ રાજા–રાણીને આનંદમય પસાર થઈ ગયો. તે દરમ્યાન ગંગાદેવીની કુક્ષિભૂમિમાં, કલ્પવૃક્ષ સમાન અને દેવલોકથી ચ્યવેલો, ઉત્તમ આત્મા ઉત્પન્ન થયો. ઉત્તમ–સ્વપ્નો અને ઉત્તમ દોહલા પામીને ગંગાદેવીએ પુત્રરત્નને જન્મ આપ્યો. રાજા–રાણી અને પ્રજાના હર્ષનો પાર રહ્યો નહીં. શાન્તનુ રાજાએ કુમારનું માતાના નામને સૂચવનારું ગાંગેય એવું, નામ પાડયું અને સુખમય ઘણો કાળ પસાર થયો. બાળક પણ આઠ–દશ વર્ષનો થયો.

શાન્તનુ રાજાને વચમાં વચમાં, શિકારનું વ્યસન તોફાન મચાવી જતું હતું. તો–પણ મહાસતી ગંગારાણીના સામ્ય વચનોથી, રાણીના દાક્ષિણ્યથી, અને પત્ની વિરહના ભયથી. ભારેલા અગ્નિની પેઠે દબાયેલું પડયું હતું. કુમાર ગાંગેય દશેક વર્ષનો થયો હશે. તે દરમ્યાન એક દિવસ રાણીને ખબર પડવા દીધા સિવાય, રાજા શિકાર કરવા રવાના થઈ ગયો.

રાજાના ગયા પછી, સેવકો અને દાસીઓ દ્વારા, રાણીને ખબર પડી ગઈ. અને ઘણું દુઃખ લાગ્યું. પ્રતિજ્ઞાનો ભંગ થઈ ગયો. હવે ઘરમાં રહેવું મહા અનર્થ ફળવાળું જણાયું. હિંસા અને વચન ભંગથી ગંગાદેવીના ચિત્તમાં, ઉશ્કેરાટ વધી ગયો. અને પોતાના બાળક ગાંગેયને સાથે લઈ, કેટલીક પિતૃકુળની દાસીઓને પણ સાથે લઈ, મેનામાં બેસી પોતાની કુમાર વય વખતના, પિતાના મહેલમાં આવી ગઈ. પિતા–માતા અને ભાઈઓને ખબર આપ્યા.

વૈતાઢયથી પિતા તથા ભાઈઓએ આવીને, ખાન–પાન–વસવાટને યોગ્ય બધી સામગ્રી ગોઠવાવીને, કેટલાક રક્ષકોને પણ મોકલ્યા. કુમારને ભણવાની પણ ગોઠવણ થઈ ગઈ. આ બાજુ રાજા પણ શિકારથી પાછા ફરેલા ઘેર આવ્યા. ટેકીલી રાણી ચાલી ગઈ. તેથી રાજાને ખૂબ દુઃખ થયું. પોતાની કુટેવ માટે ઘણો તિરસ્કાર થયો. તથા રાણીના એક પાક્ષિક ગુણોને યાદ લાવીને, એકાન્તમાં ખૂબ રોયો. વહાલો કુમાર પણ વારંવાર યાદ આવતો હતો.

પરંતુ, દુઃખનું ઔષધ દા'ડા—આ જગતની કહેવત સર્વને એક સરખી લાગુ પડે છે.

"વહાલા વિણ ક્ષણુ એક પણુ, ગમતું નહીં કો ઠાય,
માસ વર્ષ વીત્યા પછી વહાલા પણુ ભુલાય." ૧
"પત્ની—સ્વામી—બાળકો, વહાલા સૌ કહેવાય,
પણુ સૌ સ્વારથના સગા, વિણુ સ્વારથ પલટાય." ૨
"બાળક વહાલી માવડી, યુવાન વહાલી નાર,
લક્ષ્મી વહાલી સર્વને, વ્રત વહાલાં અણુગાર." ૩

શાન્તનુ રાજાને શિકારના રસમાં ક્રમે કરી, પત્ની અને પુત્રનો પ્રેમ ભુલાઈ ગયો. અને હંમેશ શિકારી ગુન્ડાઓનાં ટોળા સાથે, શિકાર કરવા જાય છે. આમ દશ પંદર વર્ષ ચાલ્યાં ગયાં. એક દિવસ શિકારની ધેનમાં ભૂલો પડેલો રાજા, તેજ જંગલમાં શિકાર કરવા પહોંચી ગયો, કે જેમાં પોતાને ગંગા જેવી સતી રાણીની પ્રાપ્તિ થઈ હતી.

કુમાર ગાંગેયને, પોતાના મામા તરફથી, શસ્ત્ર અસ્ત્રની વિદ્યાઓ સાથે, બીજી પણુ (વિદ્યાધરોની) કેટલીક વિદ્યાઓ મળી હતી, અને ગાંગેયકુમારે પૂર્વ પુણ્યના ઉદયથી સ્વલ્પ પ્રયાસોથી બધી વિદ્યાઓને સાધી લીધી હતી. તથા ચારણુશ્રમણુના ઉપદેશથી અને મહાસતી માતાના સંસ્કારથી, કોઈપણુ નિરપરાધી જીવને હણુવો નહીં. એવી પ્રતિજ્ઞા પણુ લીધી હતી.

આ કારણુથી, આવા વિકરાળ જંગલમાં, સેંકડોજાતનાં પ્રાણીઓ શિકારીઓના ભયમુક્ત આનંદ કલ્લોલ કરતાં હતાં. તેવામાં અકસ્માત ધાડપાડુઓની ધાડ જેવી, શિકારી લોકોની આગેવાની પામેલા શાન્તનુ રાજાએ, જંગલમાં પ્રવેશ કર્યો.

અને આનંદરૂપ અમૃતના સરોવરમાં સ્નાન કરતા, લાખો પ્રાણીઓના ચિત્ત મંદિરમાં, ભયરૂપ અગ્નિના ભડકા સળગવા લાગ્યા. બિચારા નિરાધાર પ્રાણીઓ ત્રાસથી ભાગવા લાગ્યાં. અને રાજા તથા શિકારી ગુંડાઓના ધનુષોમાંથી, છૂટેલાં કલ્પાન્તકાળના વર્ષાદની ધારા જેવાં, હજારો બાણોની ધારાઓ પશુઓના શરીરમાં પેસવા લાગી.

આવો વિકરાળ પ્રસ્તાવ જોઈને, જંગલનો માલિક યુવાન, દોડતો આવ્યો. અને શિકારી—લોકોને હાથ ઉંચા કરીને કહેવા લાગ્યો, હે સજ્જનો ! આ જંગલમાં શિકાર કરશો નહીં. આ જંગલનો હું માલિક છું. આ જંગલમાં વસનારાં પશુઓને મેં પોતે અભયદાન આપ્યું છે. મારાથી રક્ષણુ કરાયેલા વનના પશુઓને ત્રાસ થાય, તે ત્રાસ મને જ લાગે છે. માટે તમે ચાલ્યા જાવ.

શિકારીઓનો માલિક કહે છે, છોકરા તું ચાલ્યો જા. આ સમગ્ર પૃથ્વીનો હું પોતે જ માલિક છું. મને કે મારા માણસોને, શિકાર કરતા કોઈ અટકાવી શકે નહીં. અત્યાર પહેલાં

અમે સેંકડો વાર આ જંગલમાં શિકાર કર્યો છે. અમને કયારે પણ કોઈએ ટોકયા કે રોકયા નથી. આજે તું નવીન, કોણ આવ્યો છે? ભાગી જા નહીંતર મારા સૈનિકના હાથપગની લાત ખાવી પડશે.

"શૂરો ન સહે ગાળ" એ ન્યાયથી શિકારી સરદારના ગર્વપૂર્ણ વાકયો સાંભળીને, યુવાનના બાહુબળમાં ચટપટી શરૂ થઈ. પાસે રહેલા ધનુષનો ટંકાર કરીને, સરદારના અગ્ર સૈનિકોને (શિકારીઓને) નસાડ્યા. યુવાનનું તેજ સહન કરી શકયા નહીં. રાજા પોતે પણ યુવાન સામે લડવા, સામેલ થયો. રાજા ધારતો હતો કે મારા એક જ બાણના પ્રહારથી છોકરો ભાગી જશે, પરંતુ પરિણામ જુદું દેખાયું.

પછી તો રાજા અને યુવાન વચ્ચે, જીવસટોસટની લડાઈ ચાલી. યુવાન પદાતી અને એકલો લડતો હતો, ત્યારે રાજા હજારો સૈનિકો સહિત, અશ્વ ઉપર બેસીને લડતો હતો. તોપણ યુવાન એકલો હજારોને પહોંચી વળતો હતો. થોડીવારમાં આ લડાઈના સમાચાર, મહેલમાં રહેલી યુવાનની માતાની પાસે પહોચી ગયા. અને માતા દોડતી આવી, પુત્રને પૂછે છે, દીકરા! આ શું કરી રહ્યો છે? કોની સાથે ઝગડે છે?

**પુત્ર :** મારા રક્ષણ કરાયેલા પશુઓના પ્રાણોના ચોરટાઓને, પરાસ્ત કરવા કે પકડીને કેદમાં ધકેલવા, તે મારી ફરજ છે. મારી વાત્સલ્યવતી માતા! આ મેં શું ખોટું કર્યું છે?

**માતા :** દીકરા! તું જેની સાથે યુદ્ધ કરે છે તે કોણ છે? તે તું જાણે છે? તે તારા પિતાજી છે. સારૂં થયું કે પિતા-પુત્રની લડાઈમાં, કોઈને કશું નુકસાન થયું નથી. આપણું મોટું પુણ્ય.

ગંગાદેવી પુત્રને સમજાવીને, પોતાના સ્વામી શાન્તનુ રાજા તરફ ગયાં. રાજાએ દૂરથી પણ પોતાની પ્રાણ વલ્લભાને ઓળખી લીધી. રાણી નજીકમાં પહોંચી. ઔચિત્ય સાચવી, હાથ જોડી, રાજાને કહેવા લાગી, પ્રાણનાથ! આ શિકારવ્યસનનું આવું જ પરિણામને? પશુઓના શિકારથી તૃપ્તિ ન આવી એટલે હવે, પુત્રનો પણ શિકાર? આ શું થવા સર્જાયું છે!

જો પિતા-પુત્રની લડાઈમાં, પરસ્પરના પ્રાણઘાતક થયા હોત તો, પાછળ રહેલાઓને આખી જિંદગી શોક અને પશ્ચાત્તાપનો પાર હોત જ નહીંને?

કુમાર ગાંગેય પણ માતાની સાથે જ હતો, અને પોતાની માતાનાં વચનો સાંભળી. પોતાની ભૂલ માટે પશ્ચાત્તાપ કરતો હતો. શાન્તનુ રાજાએ પત્ની-પુત્રને જોયાં. હર્ષ ખૂબ થવા સાથે પોતાની ભૂતકાળની અને વર્તમાન (આજની) અવિચારકારિતા માટે ખૂબ દુખી થયો.

રાજા ઘોડા ઉપરથી નીચે ઊતરી ગયો, અને પત્ની–પુત્રને ભેટીને, પોતાનો હર્ષાતિરેક જાહેર કર્યો. પુત્ર પણ દોડીને પિતાના પગમાં પડ્યો. પોતાની ભૂલની ક્ષમા માગી. અને ગળગળો થઈ ગયો. પિતા–માતા–પુત્ર અથવા રાજા–રાણી–કુમારને આજે કુટુંબ મેળાપની ખુશાલી હતી. રાજા, પત્ની અને પુત્રના આગ્રહથી, મહેલ ઉપર આવ્યો. અને પરસ્પરના આનંદની ખાતર કેટલાક દિવસ ત્યાં રહ્યો. શાન્તનુ રાજાએ ગંગાદેવીને, હસ્તિનાપુર આવવા માગણી કરી, ઘણો આગ્રહ પણ કર્યો. રાણી કહે છે, સ્વામીનાથ! હું હઠીલી નથી. અવિનયવતી પણ નથી, તથા ભગવાન જિનેશ્વરદેવનું શાસન પામી છું. માટે વિવેક પણ બુઝાઈ ગયો નથી.

પરંતુ મારા સ્વામીને હાથે, બિનગુનેગાર હજારો–લાખો જીવનો કચ્ચરઘાણ થઈ રહ્યો છે, તે મારાથી જોઈ શકાતું નથી. રાજાનો ધર્મ શું છે, એ આપ ક્યાં નથી જાણતા?

वधः कृतापराधानां, निर्मन्तूनां च पालनं ।
उर्वीपतीनां सर्वेषा मेष धर्मः सनातनः ॥ १ ॥

**અર્થ** : ગંગાદેવી કહે છે, સ્વામીનાથ! રાજાઓને રાજ્ય સાચવવું છે. માટે સામો આવનાર હોય, ગુનેગાર હોય, મહાઅપરાધી હોય, તેનો યથાયોગ દંડ–કેદ–શિક્ષા અથવા દેહાંત દંડ પણ કરવો પડે છે. પરંતુ નિરપરાધી જીવોને પાળવાની પણ રાજાની ફરજ છે.

આવા બિચારા ઘાસ ખાઈને જીવનારા, બિન ગુનેગાર પ્રાણીઓના નાશને જોઈને, મારો આત્મા કળકળી ઉઠ્યો છે. સારું થયું કે તમારા શિકારનો ભોગ, મારો બાળક થયો નહીં. નહીંતર આપ અને હું, આખી જિંદગી રડીને પૂરી કરત.

વળી આવા અનાર્ય કૃત્યો જોઈને, રાજાની રાણી તરીકે પણ મને ખૂબ દુઃખ લાગે છે. જો અજ્ઞાની માણસો અથવા અનાર્યો કે પ્રાકૃત માણસો, પાપ કરતા હોય તો, એક રાજાધિરાજની રાણી તરીકે પણ હું, બધાને ગુનેગાર ઠરાવીને, આવાં પાપો કરતા અટકાવું. અને મારા સ્વામીની આજ્ઞાથી સમગ્ર દેશમાં, અભયદાનનો ઢંઢેરો પીટાવું. આવું તો કરાવવાનું મારા ભાગ્યમાં ક્યાંથી હોય!

પરંતુ મારા પ્રાણવલ્લભના હાથે, આવું કૃત્ય જોઈને તો મને હવે, સંસારમાં એક દિવસ પણ રહેવું ગમતું નથી. ફક્ત આપની આ થાપણ–કુમાર ગાંગેયને, મારા સંસ્કારો આપવા, નિરપરાધ તથા જીવોના રક્ષણના સંસ્કાર પાડવા, હું આટલો વખત અહીં રહી છું. હવે હું આપનો પુત્ર આપને અર્પણ કરીને, આ સ્થાન છોડીને, આપની આજ્ઞા મેળવીને, મારા પિતાની રાજધાનીમાં જવાની ઇચ્છા રાખું છું.

ત્યાં જઇને જ્ઞાની પુરુષોનો સમાગમ મેળવીને, તે મહાપુરુષોનાં વચનો સાંભળીને,

હવે હું ફક્ત ધર્મનીજ આરાધના કરવા ઇચ્છું છું. મને હવે સંસારના કારિમા ભોગો જરા પણ યાદ આવતા નથી, ગમતા નથી, સારા દેખાતા નથી.

મહાસતી ગંગાદેવીનાં વૈરાગ્ય અને ઉપદેશપૂર્ણ વચનો સાંભળીને, શાન્તનુ રાજાની આંખોમાં પાણી આવી ગયાં. અને રાજાએ કહ્યું, દેવી નગરમાં ચાલો. હવે પછી તમારી લાગણીને ધક્કો પહોંચે તેવું, એક પણ કાર્ય નહીં બને. ભૂતકાળને ભૂલી જાવ. તમારા જવાથી મને ઘણો આઘાત લાગ્યો હતો. અત્યારે પણ તમારા ત્યાગની વાત હું સાંભળી શકતો નથી.

મહાદેવી કહે છે, મહારાજ! આપની આજ્ઞા મારે શિરોમાન્ય હોવા છતાં, પણ હવે મને આ સંસારના ભોગો પ્રત્યે તિરસ્કાર આવે છે. મને સંસાર પાપમય દેખાય છે. પરમાર્થ ક્યાંય જણાતો નથી.

"મરણ–જનમને માતના, ઉદર વિશે અવતાર, ।
જીવેં આ સંસારમાં, લહ્યા અનંતીવાર." ૧

"ભોગો આ સંસારના, બધા રોગના બાપ, ।
ભોગો કારણ જીવડો, કરે અનંતા પાપ. ૨

"ભોગો માટે અન્યના, પ્રાણો પણ લેવાય, ।
લાખો ક્રોડો જીવનાં, બલિદાન દેવાય." ૩

"ભોગો કારણ રાજવી, પરણે પુષ્કળ નાર, ।
ભોગી પાપી માનવી, ખેલે ખૂબ શિકાર." ૪

"લક્ષ્મી ભોગ વધારવા, લક્ષ્મી કારણ પાપ, ।
સુખના કારણ સર્વમાં, ભોગ બધાનો બાપ." ૫

"પણ મૂરખ આ જીવનો, ગયો અનંતોકાળ, ।
ચાર ગતિ સંસારમાં, વેદ્યાં દુખ વિકરાળ." ૬

"ભોગોથી દુઃખ ઉપજે, ભોગ ક્ષયે દુખ નાશ, ।
કેવળ સુખ ખપ હોય તો, તજો ભોગનો પાશ." ૭

"કાળ અનંતો જીવડે, ભોગોના સમુદાય, ।
ઘણા ભોગવ્યા તોય પણ, ન થયો તૃપ્ત લગાર." ૮

"બળ બીજાને મારવા, લક્ષ્મી પાપને કાજ, ।
બુદ્ધિ પાપ વધારવા, ગર્વ પોષવા રાજ." ૯

"નારી બળનો ક્ષય કરે, પુત્રો ધન ક્ષયકાર, ।
મિત્રો સ્વારથ સાધવા, ઇચ્છે છે સહકાર." ૧૦

આ બધા કાવ્યોનો ભાવ એ છે કે, આજીવ પશુમાં, મનુષ્યમાં, કે દેવગતિમાં જ્યાં જાય ત્યાં, પુણ્યને, લક્ષ્મીને, બુદ્ધિને કે શક્તિને, કેવળ ભોગસામગ્રી મેળવવા માટે જ બગાડે છે. બરબાદ કરે છે. અનેક ભવોમાં અકામ નિર્જરા પામીને મેળવેલાં પુણ્યો, ખર્ચી નાખે છે. ખાઈ જાય છે. કેટલાક જીવોના અવતારો, કેવળ સ્વ–પરનું સત્યાનાશ વાળવા માટે સર્જાયા હોય છે.

**પ્રશ્ન** : પશુઓ બિચારા સમજતા ન હોવાથી, સ્વનું કે પરનું ખરાબ કરી નાખે તે બનવા યોગ્ય છે. પરંતુ બુદ્ધિશાળી મનુષ્યો સ્વનું કે પરનું ખરાબ કરવા જ ઉદ્યમ કરે છે. આ વાત સાચી કેમ માની શકાય ?

**ઉત્તર** : પશુઓ અથવા ઓછી શક્તિવાળા મનુષ્યો, બહુ ઓછા જીવોનું ખરાબ કરી શકે છે. પરંતુ વીતરાગ શાસન નહીં સમજેલા શક્તિવાનો, અને બુદ્ધિમાનો તો, હજારોનું, લાખોનું, ક્રોડોનું, પણ સત્યાનાશ વાળીને મર્યા છે. મરી રહ્યા છે.

**પ્રશ્ન** : આજે કેટલાક મહાશયો એવો પ્રચાર કરી રહ્યા છે કે, ભગવાન મંદિરમાં કે, પત્થરની મૂર્તિમાં ભરાઈ ગયો નથી. ભગવાન તો માણસોના શરીરમાં વસે છે. માટે જ માનવસેવા તે જ સાચી પ્રભુ સેવા છે. માનવ સમાજની સેવામાં, પ્રભુની સેવા આવી જ જાય છે. શું આ વાત સાચી નથી ?

**ઉત્તર** : સાચી નથી પણ તદ્દન મૂર્ખાઇથી ભરેલી છે. ભગવાનની મૂર્તિમાં ભગવાન બેઠા નથી. પરંતુ ભગવાનની મૂર્તિ જોવાથી ભગવાનના ગુણોનો સાક્ષાત્કાર થાય છે. ભગવાનની પદ્માસન–મુદ્રા જોવાથી, સર્વપાપ મુક્ત મહાપુરુષની ઓળખાણ થાય છે. બહુમાન પ્રગટે છે.

જેમ મંદિરમાં દીપકનો પ્રવેશ થવાની સાથે, અંધકાર નાશવા માંડે છે, પલાયન થઈ જાય છે, તેમ ભગવાન જેના મનમંદિરમાં વિરાજમાન થાય, તેના મનરૂપ ઓરડાના તમામ પ્રદેશોમાંથી, અંધકાર થકી પણ અત્યંત ખરાબ પાપો. હિંસા, અસત્ય, ચોરી, પરદારસેવા, સ્વાર્થપરાયણતા, પ્રાણીઓના શરીરના અવયવોનું ભક્ષણ, આવાં આવાં બધાં પાપો ક્ષણવાર પણ ટકી શકે નહીં. આપણે આવા પ્રચારકોને પૂછી શકીએ કે, ભાઈશ્રી ! આપના શરીરના કયા સ્થાનમાં ભગવાન બિરાજ્યા છે ? જરા સમજાવો ? ગંદકીમાં ડાહ્યો માણસ પણ બેસતો નથી. તો પછી હિંસા વગેરે પાપોની ગંદકીથી ચીકાર ભરેલા, માનવશરીરમાં

ભગવાન કેમ બેસે ? અથવા આપ જેવા મહાશયોના દર્શન કરવાથી, માણસોના કયાં પાપો નાશ પામે તે કહેશો ? અમે તો તેવા ભાગ્યશાળી આત્માઓને પૂછીએ કે, ભાઈશ્રી ! જે મનુષ્યોના મનમંદિરમાં કે, માનવોના શરીરમાં, આપને ઈશ્વર સાક્ષાત્ દેખાયા હોય– તો પછી, તે જ ઈશ્વરના વસવાટની જોડાજોડ, બિચારા મૂંગા પ્રાણીઓના અવયવો પધરાવવા કબરો કેમ બનાવો છો ? જે માનવના મનમંદિરમાં, ઈશ્વિર સાક્ષાત્ આવ્યા હોય, તે શરીરમાં માંસ (મટન)–માછલી–મરઘાં–બતકાં–ઈંડાંના ટુકડા પધરાવી ઈશ્વિરને શા માટે વટલાવો છો ? શું આપના ઈશ્વિરના દરબારમાં આવી અપવિત્ર વસ્તુઓ જ રાખવામાં આવે છે ?

યૂરોપ દેશના પ્રસિદ્ધ કવિ બર્નાડ શો, એકવાર એક પાર્ટીમાં મહેમાન બન્યા હતા. તેમને જમાડવા માટે ઘણી જાતની માંસની વાનીઓ પીરસવામાં આવી હતી. બર્નાડ શોને ભાણું પીરસાયું હતું. પરંતુ તેઓએ ખાણામાં હાથ લગાવ્યો નહીં. પણ બેસી જ રહ્યા હતા. મહેમાનોનો સત્કાર કરનાર ગૃહસ્થે કવિને પૂછયું, 'આપ કેમ જમતા નથી ? કેમ બેસી રહ્યા છો ?' બર્નાડ શોનો ઉત્તર : ભાઈ! મરેલા પ્રાણીઓને દાટવાની જગ્યાને કબ્રસ્તાન કહેવાય છે. ત્યારે ભાઈશ્રી ! આ મારું શરીર કબ્રસ્તાન નથી કે જેમાં, આ મરેલા જીવોના ટુકડા કરેલા અવયવો પધરાવી શકાય ! હું પોતે કે મારું શરીર કબ્રસ્તાન નથી એમ આપ સમજો.

વાચકો સમજી શકે છે કે, મરેલા જીવોને દાટી નાખવાની જગ્યાને, કબ્રસ્તાન કહે છે. જ્યારે જીવતા, હાલતા, ચાલતા, બોલતા, પ્રાણીઓને મારી નાખી, તેમના અવયવોના ટુકડા કરી, આનંદપૂર્વક માણસો પોતાના શરીરમાં પધરાવે છે. આવી અત્યંત અમેધ્ય અને દુર્ગન્ધથી ભરેલી ચીજોની વખારમાં, ઈશ્વિર બેઠા છે આવું કહેનારાઓની અક્કલ બેર મારી ગઈ હોય, પરંતુ સાંભળનારા પણ સાંભળીને ચલાવી લેનારા બુદ્ધિમાન કેમ કહેવાય ?

## વિષ્ણુ ભગવાન અર્જુનને શું કહે છે, તે વાંચો.

**पृथिव्यामप्यहं पार्थ ! वायावग्नौ जलेप्यहं । वनस्पतिगतश्चाहं, सर्वभूतगतोप्यहं ॥ १ ॥**

**અર્થ** : વિષ્ણુ ભગવાન અર્જુનને ફરમાવે છે, હે પાર્થ અર્જુન ! પૃથ્વીમાં, જલમાં, અગ્નિમાં, વાયુમાં અને વનસ્પતિમાં પણ હું વસું છું. તથા બે ત્રણ ચાર પાંચ ઇંદ્રિયોવાળા સર્વભૂતોમાં –જીવોમાં મારો વાસ છે.

**यो मां सर्वगतो ज्ञात्वा, न च हिंसेत् कदाचन, तस्याहं न प्रणस्यामि, यश्चमाम् न प्रणस्यति ॥२॥**

**અર્થ** : જે માણસ મને (વિષ્ણુને) સર્વ પ્રાણીઓમાં, જીવ માત્રમાં વસેલો સમજીને, પ્રાણીઓનો નાશ નથી કરતો, તે જ મારો બચાવ કરનારો હોવાથી, મારો સાચો ભકત છે. ભૂતોનો નાશ તે જ મારો નાશ છે. ભૂતોનું રક્ષણ તે જ મારું રક્ષણ છે. મને

ન મારે તેને હું બચાવું છું. દુઃખોથી અને મરણોથી બચવું હોય તો કોઈ પ્રાણીને હણશો નહીં.

"વિષ્ણુ અર્જુનને કહે, સર્વ ભૂત મુજ વાસ, ।
સર્વ ભૂત રક્ષણ કરે, ન કરું હું તસ નાશ."

ગંગાદેવીએ સંસારની અસારતા સમજાવનારી ઘણી દલીલો કરીને, શાન્તનુ રાજાને શાન્ત કર્યા. અને પુત્ર ગાંગેયને પણ રાજાને સોંપ્યો. અને ભલામણ કરી, સ્વામીનાથ ! મેં આપના પુત્રને સંસ્કારો આપ્યા છે. તેના ચિત્તમંદિરમાં પ્રાણીમાત્રની દયાનો બગીચો વાવ્યો છે. તેને સંસ્કારો આપીને વિકસિત બનાવશો. હવે હું રજા લઉં છું.

ગંગાદેવીએ પુત્રને પણ ઘણી શીખામણ આપી.

"જિનશાસન આરાધના, જનક ચરણની સેવ, ।
રક્ષણ પ્રાણી સર્વનું, પૂજ્ય નમન નિત્યમેવ." ,

આવી ઘણી શિખામણ આપીને, ગંગાદેવી ભાઈઓ સાથે રત્નપુર ગયાં. ગંગાદેવીને જતાં રાજા અને ગાંગેય જોઈ રહ્યા. બંનેની આંખો ભીંજાઈ ગઈ. ગાંગેય તો મોટા અવાજે રોવા લાગ્યો.

"માતા ગઈ વાત્સલ્ય ગયું, ગયો હૃદયનો સ્નેહ, ।
યથા વનસ્પતિ સર્વને, પૂર્વ અષાઢો મેહ."

"વર્ષાદો વર્ષે ઘણા, અષાઢ જેવા નોય, ।
સગા જગતમાં સેંકડો, જનની તુલ્ય ન કોય."

"સગા સર્વ પલટાય છે, જનની નહીં પલટાય, ।
સાચો રાગ મજીઠનો, કદી નાશ નવ થાય."

રાજાએ ગાંગેયને ખૂબ દિલાસો આપ્યો. પુત્રનો લાલનપાલનનો સ્વાદ, રાજાને પહેલો જ હતો. ઘણા વર્ષે પ્રાપ્ત થયો હતો. તેથી ગાંગેયને પોતાથી જરાપણ અળગો થવા દીધો નહીં. નગર પ્રવેશ કરતાં પુત્ર પ્રવેશનો મોટો ઉત્સવ ઉજવ્યો. થોડા જ દિવસો પછી કુમારને આડમ્બરપૂર્વક, યુવરાજ પદવી આપી. કેટલાક દિવસો ગંગાદેવીનો ઉપદેશ યાદ રહ્યો.

વળી પાછું શિકારનું વ્યસન જાગતું થયું. રાણી તો ક્યારેક ઘણું વિનવી અટકાવતાં હતાં. પણ પુત્ર પિતાને શું કહી શકે? એકવાર શિકાર કરતો શાન્તનુ રાજા

કાલિંદી નદીના કિનારે પહોંચ્યો. ત્યાં કાલિંદી નદીના પ્રવાહમાં, નૌકામાં બેઠેલી, નાગકન્યા જેવી એક બાળાને રાજાએ જોઈ.

બાળાનું રૂપ જોઈ રાજાનો કામદેવ જાગ્યો. અને નજીક જઈને બાળાને પૂછયું, બાળા! તું કોની પુત્રી છે, કયાં રહે છે, પરણેલી છે? અથવા કુમારી છે? બાળાનો ઉત્તર: યમુના નદીના કિનારા ઉપર વસનાર, અને નાવિક લોકોના સ્વામીની હું સત્યવતી નામની કન્યા છું. મારા પિતાની આજ્ઞાથી, મુસાફરોને મફત નૌકામાં બેસાડી, બીજા કિનારે ઉતારું છું.

રાજા બાળાનો ઉત્તર સાંભળીને, તુરત નાવિક પાસે ગયો, અને કન્યાનું માગું કર્યું. નાવિક બે હાથ જોડીને રાજાને કહે છે, મહારાજ! કન્યા અવશ્ય બીજાને આપવાની હોય છે. તેમાં પણ આપ મોટા રાજવી, ઘેર આવીને માગણી કરો છો. આવો જમાઈ મારા જેવાને મળવો પણ દુર્લભ ગણાય. પરંતુ રાજન! આપને મહાબલવાન ગાંગેય નામનો યુવરાજ પુત્ર છે.

તેથી મારી પુત્રીના પુત્રને રાજ્ય તો મળે જ નહીંને? પછી રાજાની રાણી થવાથી લાભ શું?

"રાજાની રાણી બની, રાય-માય-નવ થાય।
કારાગારના કેદીયો, જેવો જન્મ ગણાય."

"રાજાની રાણીપણું, કેદિયો અવતાર,।
અનેક ને ભેગી કરી, બગડાવે સંસાર."

"પહેલો પ્યાર બતાવીને, પછી કરે અપમાન,।
રાજાની રાણીપણું, કારાગાર સમાન."

નાવિકનાં વચનો રાજાએ સાંભળી લીધાં, બરાબર યુક્તિયુક્ત હોવાથી, કશું બોલ્યા વગર રાજાએ વિદાય લીધી. મનમાં વિચારો કર્યા. નાવિક કહે છે તે સાચું છે. બધી રીતે યોગ્ય ગાંગેયને જ રાજ્ય મળે ને?

મૌન થઈ રાજા ચાલ્યો ગયો. નગરમાં અને પોતાના મહેલમાં આવ્યો. પરંતુ મુખ ઉપર પ્રસન્નતા નથી. વારંવાર સત્યવતી બાળા યાદ આવે છે. અને નાવિકની વાત મુજબ પોતે કન્યાને પામી શકે નહીં. આ વાત પણ સાવ સાચી છે. હવે શું કરવું? આવા વિચારોમાં રાજા પલંગ ઉપર પડ્યો.

પુત્ર ગાંગેયકુમાર પિતાની પાસે આવ્યો. તેને પણ લાગ્યું કે, મારા બાપુ આજે મોટી ચિંતામાં જણાય છે. નમ્રતાથી હાથ જોડીને, ઔદાસીન્યનું કારણ પૂછયું. પરંતુ પુત્ર

પાસે આ વાત કહી શકાય તેવી હતી જ નહીં. તેથી ગાંગેયકુમારને પિતાની ઔદાસીન્યદશા જાણવા મળી નહીં.

તેથી તુરત બહાર આવી, રાજના અનુચરોને બોલાવ્યા. અને પિતાજીના દુઃખનું કારણ પૂછ્યું. તેમણે પણ નૌકાની બાળાના મેળાપથી, યાવત તેણીના પિતાના ઉત્તર સુધીની વાત, કુમાર ગાંગેયને જણાવી દીધી. અનુચરોની વાત સાંભળી, કુમારને દુઃખ થયું, મારા પિતાજીને, પોતાના દુષ્ટ શિકાર વ્યસનના પરિણામે, અનુકૂળ ગેહિનીની સેવાનો લાભ થયો નથી. પિતાની ચિંતા મિટાવે નહીં. તેવાઓને, પુત્રો કેમ કહેવાય? માટે આજે મને પિતાની સેવાનો અલભ્ય લાભ મળશે.

"માય–તાય વિદ્યાગુરુ ગુરુ ધર્મ દાતાર, ।
સર્વ ઉપાય કર્યા છતાં, થાય ન પ્રત્યુપકાર."

"ઉત્તમ બહુ સેવા કરે, મધ્યમ સેવા અલ્પ, ।
અધમ પુત્ર મા–બાપને, આપે દુખ અનલ્પ."

સેવાની તક સાંપડી જાણીને, ગાંગેયકુમાર અલ્પ પરિવાર સાથે લઈ, કાલિંદી નદીના કિનારે નાવિકોના માલિકના મુકામ ઉપર ગયા. અને પિતાને સારુ સત્યવતી બાળાની પ્રાર્થના કરી. અને નાવિકને ઉદ્દેશીને કહે છે: મહાભાગ્ય! શાન્તનુ રાજા જેવો, મહારાજા, તારી પુત્રી માટે પ્રાર્થના કરે છે! આવો જમાઈ મળવો પણ દુર્લભ ગણાય. તો પછી તમે નિષેધ કેમ કરો છો?

હવે નાવિક જણાવે છે: હું બરાબર સમજું છું. મારી પુત્રીને યોગ્ય વર મળે છે. મારે પોતાને જ દીકરી માટે જમાઈ શોધવો પડે, તોપણ મનપસંદ મળે કે ન મળે અને આતો ઘેર આવીને પ્રાર્થના કરે છે, તેને મારે ના પાડવી પડે છે. ત્યાં ઘણું મોટું કારણ છે. રાજકુમાર તમે સાંભળો.

આપ ન્યાયી અને વિનયી છો. માટે જ હું જણાવું છું. સામાન્ય જગતમાં પણ, જેને યુવાન પુત્ર હોય, તેવા ગૃહસ્થને પણ દીકરી આપવી જોખમ ગણાય. તો પછી તારા જેવા બળવાન–ગુણવાન–વિદ્યાવાન યુવરાજના પિતાને, પુત્રી કેમ અપાય? કારણ કે આપ ઘણા ગુણી છો. છતાં પણ ભવિષ્યના રાજા તો તમે જ થશો ને? મારી પુત્રીના પુત્રો તો નામના જ રાજકુમાર કહેવાયને? માટે હું રાજમાતા બને નહીં તેવા સ્થાનમાં પુત્રીને કેમ આપું?

**वसन्त्याः शान्तनो गेहे, सपत्नोऽस्यास्त्वमेवहि ।**
**सपत्नीतोपि तज्जातं, नितान्तमतिरिच्यते ॥ १ ॥**

**અર્થ**: શોક્યના ઘરમાં રહેનારી બાળાને, શોક્યનો પુત્ર પણ શોક્યના જેવો જ ગણાય છે. અને આ સ્થાને મારી પુત્રીને, તમે પોતે જ શોક્યના પુત્ર છો. નાવિક કહે છે:

હે નરરત્ન! જે જે બાળાઓને શોકયના પુત્રોનું દુખ–અપમાન–તિરસ્કાર જેમણે જોયું હોય, કે સાંભળ્યું હોય, તેને જ તે સમજી શકે છે.

માટે હે રાજપુત્ર! ઘણું શું કહેવાય. એક જ બાપના પુત્રો હોવા છતાં, જુદી માતાના દીકરા, બળવાન, નબળાને દુખ આપે છે, હેરાન કરે છે, સર્વસ્વ લે લે છે, દેશ-નિકાલ પણ થવું પડે છે. આવાં પુત્રી અને પુત્રીના પુત્રો માટે, નબળાં ભવિષ્ય વિચારીને, હું મારી પુત્રી તમારા પિતાને આપવા ઈચ્છતો નથી.

હવે ગાંગેયકુમાર કહે છે, મહાશય! તમારા આવા બધા વિકલ્પો, પામર મનુષ્યો માટે બરાબર છે. પરંતુ આ તો કુરૂવંશ છે, કલહંસ. અને બગલાને સરખા કેમ કહેવાય? તમે મને શોકયનો પુત્ર કેમ કહો છો? મારે તો આ માતા ગંગાદેવીના જેવી જ મારી માતા રહેશે. આ સત્યવતી દેવી, પ્રારંભમાં મને પુત્ર સમજીને, પુત્રનું સુખ ભોગવશે. પાછળથી પોતાના પુત્રોનું સુખ ચાખશે.

બીજી વાત એ જ છે કે, મારા પિતાને પણ હું ભાઈ વગરનો છું, તેનું ઘણું દુઃખ છે. માટે મારે ભાઈનું સુખ પણ અનિવાર્ય છે. જરૂરતું છે. બીજી પણ મારી પ્રતિજ્ઞા સાંભળો.

**एकां शृणु प्रतिज्ञां मे, बाहुमुत्क्षिप्य जल्पतः ।**
**सत्यवत्या स्तनूजस्य, राज्यं नान्यस्य कस्यचित्** ॥ १ ॥

**અર્થ** : હે મહાશય! બે હાથ ઉંચ્ચા કરીને, હું જે કાંઈ બોલું છું, તે તમે સાંભળો. આજથી હું પ્રતિજ્ઞા કરું છું કે, મારા વડીલોનું આટલું મોટું વિશાળ રાજ્ય, તે સત્યવતી માતાના પુત્રને જ મળશે; બીજાને નહીં. અને આખી જિંદગી હું ધનુષ્ય બાણ હાથમાં રાખીને, મારા લઘુબન્ધુના રાજ્યનું રક્ષણ કરીશ. અને કાગડાની પેઠે તેના શત્રુઓ નાસી જશે.

આવી પિતૃભક્તિ, આવી નિસ્પૃહતા, અને ઉદારતા સાંભળીને, વિદ્યાધરોનાં વિમાનો પણ આકાશમાં ઊભાં રહી ગયાં. અને મુક્તકંઠે ગાંગેયકુમારના ગુણગાન કરતા નાચવા લાગ્યા. છતાં પણ સ્વાર્થને ધિક્કાર છે. મહાપુરુષ ગાંગેયકુમારની ઉદારતા, અને નાવિકનો લોભ, બંનેની પરસ્પર સરસાઈ શરૂ થઈ હતી. બેમાં કેની જિત થશે, હવે આપણે તે જોવાનું છે.

"ઉદારતા સંતો તણી, દુર્જન લોભને લાભ,
પણ ઉપમા જુદી કહી, સરિત પતિ ને આભ."

**અર્થ** : સંત મનુષ્યોની ઉદારતા સમુદ્ર જેવી હોય છે. જ્યારે દુર્જન લોકોનો લોભ અને લાભ આકાશ જેવડો મોટો ગણાયો છે. આ સ્થાને ગાંગેયકુમારની ઉદારતાનો નાવિક દુરુપયોગ કરે છે.

ગાંગેયની પિતૃભક્તિ અને નિસ્પૃહતા સાંભળીને, વિસ્મય પામેલો નાવિક, વધારે લોભાવિષ્ટ બનીને કહેવા લાગ્યો : કુમાર ! આપની પિતૃભક્તિ જગતમાં અમેય અને અજોડ છે.

"ભક્તિના કરનાર, જગમાં સંત ઘણા થયા,
પણ શાન્તનુરાયતનુજ ! તુજસમ એકે નવ થયા."

"જનક ભક્તિને કાજ, તૃણવદ્દરાજ્ય ગણ્યું તમે,
નિસ્પૃહતા તુજ આજ, દેખીને દેવો નમે."

"પામરો રાજ્યને કાજ, રણના મેદાને મર્યા,
સંત પુરુષ મહાધીર, રાજ્ય–રમા–ત્યાગી તર્યા."

તમે પિતાની ભકિત માટે જે ત્યાગ કર્યો છે, એ, ભલભલાના મસ્તક ડોલાવે તેવો છે. તોપણ મારે હજીક પુત્રી આપવાની ભાવના થતી નથી. તેનું કારણ એ જ છે કે આપ પોતે રાજ્યનો ત્યાગ કરો છો તે તદ્દન સાચું છે. અને મારા દોહિત્રને રાજ્ય આપી, તમે તેના રક્ષક બનશો તે પણ તદ્દન સાચું છે. પરંતુ મહાશય ! આપના પુત્રો પણ આપના જેવા જ બળવાન થવાના છે. તેઓ પણ મારી પુત્રીના પુત્રનું રાજ્ય, કેમ સહી શકે ? અર્થાત્ પડાવી જ લેશે. માટે મારી પુત્રી, આપના પિતાને આપતાં જીવ ચાલતો નથી. બસ મારે બીજું કહેવાનું નથી. આપના માર્ગમાં કલ્યાણ થાઓ. ઘણી રાજપુત્રીઓ છે. આપના પિતાને જરૂર મળી જશે.

નાવિકના કેવળ સ્વાર્થપૂર્ણ વચનો સાંભળીને, પિતાની ભકિતમાં તરબોળ બનેલા ગાંગેયકુમાર બોલી ઊઠયા, મહાશય ! આ પણ તમારી ચિંતાને હું અત્યારે જ દૂર કરું છું, સાંભળો—

**श्रृणु त्वं व्योम्नि श्रृण्वन्तु ! सिद्ध–गान्धर्वखेचराः । ममकै मुषिताशेष–पापग्रहं अभिग्रहं ॥१॥**

**स्वर्गश्च सोपवर्गश्च यस्य ख्यातफलद्वयी । आजन्म तन्मयोपात्तं, ब्रह्मचर्य मतः परं ॥२॥**

**અર્થ** : હે મહાભાગ્યશાલિન્ ! આપ સાંભળો અને આકાશમાં રહેલા સિદ્ધો–ગાન્ધર્વો અને વિદ્યાધરો પણ, મારો સર્વ પાપોને નાશ કરનારો અભિગ્રહ સાંભળો.

જેની આરાધનાથી સ્વર્ગ અને મોક્ષ અવશ્ય પ્રાપ્ત થાય છે, એવું બ્રહ્મચર્યવ્રત હું આજથી સ્વીકારું છું. અર્થાત્ ત્રિવિધ બ્રહ્મચર્યની પ્રાપ્તનાં ફળ બે જ છે. સ્વર્ગ અને અપવર્ગ એટલે મોક્ષ.

**બ્રહ્મવ્રત ધારે મનવચકાય, સર્વ જીવ રક્ષણ ઉપાય ॥**
**આરાધક મુકિતમાં જાય, । અથવા સ્વર્ગી તે નર થાય ॥ ૧ ॥**

મહા સાત્વિક ગાંગેયકુમાર કહે છે :

**चारणश्रमणैः पूर्वमिति मे प्रतिपादितं । प्रथमं च चतुर्थंच, व्रतेष्वनुपमे व्रते ॥ १ ॥**
**प्रतिपेदे मया पूर्वं, प्राणिनामभयव्रतं । ब्रह्मव्रतमिदानींतु ममभाग्यमहो महत् ॥ २ ॥**

**અર્થ** : જ્યારે હું બાળક હતો, અને મોસાળમાં રહેતો હતો, ત્યારે ચારણ શ્રમણો–વિદ્યાચારણો પાસે મેં સાંભળ્યું હતું કે, પહેલું અહિંસાવ્રત અને બીજું શીલવ્રત, આ બે વ્રતો બધા વ્રતો થકી મોટાં છે. આ બેની સાથે કોઈ વ્રતની ઉપમા છે જ નહીં.

તે જ વખતે શ્રમણ ભગવંતોની સાક્ષીએ, મેં નિરપરાધ કોઈપણ પ્રાણીને હણવો નહીં, આવું વ્રત લીધું હતું. ત્યારથી જ જગતના પ્રાણીમાત્રને, મારા તરફથી અભય દાન મળ્યું છે. તથા આજે હું બ્રહ્મવ્રત સ્વીકારું છું. મારૂં ભાગ્ય ઘણું જ મહાન છે.

આ પ્રમાણે બોલતા ગાંગેયકુમારના મસ્તક ઉપર, દેવોએ સુગંધિ ફૂલોની વૃષ્ટિ કરી. અને ઠામઠામ આકાશવાણી થઈ. ગંગાદેવીની કુક્ષિને હજારો ધન્યવાદ છે. જ્યાં આવું રતન પાકયું છે. પિતાની ભકિત કરનારા જગતમાં થોડા હોય છે, તેમાં આવા તો વખતે કયાંક જ હોય.

**अहिंसा ब्रह्मचर्यं च, पितृभक्तिश्च निश्चला। त्रयस्त्रिभुवनेश्लाघ्याः शान्तनोः तनुजे गुणाः ॥१॥**

ખરેખર આશ્ચર્ય પામવા જેવા અહિંસા, બ્રહ્મચર્ય અને પિતાની અજોડ ભકિત આ જગતમાં, જોવા મળવી મુશ્કેલ છે. આવા ત્રણ ગુણો ગાંગેયકુમારમાં જ આવ્યા છે.

"માત–પિતાના સેવકો, વખતે કયાંક જણાય, ।
પણ ગાંગેય સમાન પુત્ર, થાય અગર નવ થાય."
"હમ્મેશ હજારો બાળકો જન્મે જગની માંય, ।
સાચા જનકના સેવકો, વિરલા ભૂતલમાંય."

આવાં અનેક પ્રકારે ગાંગેયનાં વખાણ થયાં. આવા મહાપુરુષો મર્યા પણ જીવતા જ છે. જેમણે પિતાની ભક્તિ માટે, પોતાનો સ્વાર્થીઓ સંસાર વિચાર્યો જ નહીં. કહ્યું છે કે—

"જેનો જગમાં જસ નહીં, જસ વિના કાં જીવંત, ।
જે જસ લઈને આથમ્યા, તે રવિ પહેલાં ઊગંત."

"જે જસ સાથે લેઈ મર્યા, એવા બે કે ચાર, ।
બાંધી અપયશ પોટલાં, મરતા અનેક ગમાર."

આ સ્થાને ભલભલા જ્ઞાનીઓ પણ ગાંગેયકુમાર માટે કેવો અજોડ અભિપ્રાય આપે છે :

**सर्वेपि ज्ञानिनो ब्रूत, पृच्छामः खेचरा! वयं। यद्येद्व्रतमाराध्यं केनापि गृहमेधिना ॥**

**અર્થ** : ગ્રન્થકાર પુચ્છે છે, અથવા શંકાકાર પ્રશ્ન કરે છે; હે ચારનિકાયના દેવો! વિદ્યાધરો! અથવા છદ્મસ્થ જ્ઞાની પુરુષો! અમે નમ્રતાથી સમજવા માટે પૂછીએ છીએ કે, ગૃહસ્થપણામાં રહીને આવું મન-વચન-કાયા વડે, બ્રહ્મચર્ય કોઈએ પાળ્યું હશે? તથા નવી માતાના પુત્રોને રાજય આપવા પોતે રાજ્યનો ત્યાગ કરે? અથવા પિતાને પરણાવવા માટે જ, પોતે આબાલ્યબ્રહ્મચારી થાય, તેવા તમે કોઈ જોયા હશે? નાવિકે પણ ગાંગેયકુમારની ઘણી પ્રશંસા કરી.

**પ્રશ્ન** : મહાભારત અને પુરાણોમાં, શાન્તનુ રાજાની બીજી પત્નીને, મત્સ્યગંધા તરીકે ઓળખાવી છે અને તે એક મચ્છીમારની રૂપાળી છોકરીને, યમુના નદીના કિનારે રખડતી ને, પારાસર ઋષિએ જોઈ હતી, અને કામાસકત થવાથી, તેણીને સમજાવી પોતાની ઝૂંપડીમાં રાખી હતી. તે બાળાથી પારાસરને વ્યાસ નામનો પુત્ર થયો. જેમણે મહાભારત બનાવ્યું . આ વાત સાચી છે?

**ઉત્તર** : મત્સ્યગંધા મચ્છીમારની પુત્રી હતી. તેણીને માતાપિતા હતાં નહીં. તેણીના સાથે પારાસરે લગ્ન કર્યાં હતાં. અને યમુના દ્વીપમાં રહેતા હતા. તેણીને બાળક થયો. તેનું નામ વ્યાસ છે. પરંતુ દ્વીપમાં જન્મ્યો માટે દ્વૈપાયન બીજું પણ પ્રસિદ્ધ નામ જાણવું.

## મહાકવિ પદ્મવિજય પંન્યાસનાં વચનો વાંચો :

"તાપસ પારાસર નામે, તે નિન્દુ કન્યા એક પામે, લેઈ જાય યમુના દ્વીપઠામે." ॥૧॥
"તેણે પુત્ર ભલો એક જાયો, તેનું નામ દ્વૈપાયન ઠાયો, છઠ ભોજી બ્રહ્મ ધરાયો."॥૨॥
ઇતિ નેમનાથ સ્વામીનો રાસ, દ્વારિકા દાહ વર્ણન.

**પ્રશ્ન** : તો પછી સત્યવતી પણ મચ્છીમારની પુત્રી હતી. એ તો જૈન ગ્રન્થો પણ કહે છે ને?

**ઉત્તર** : સત્યવતી અને વ્યાસની માતા બન્ને જુદી બાળાઓ હતી. મત્સ્યગંધા કોઈ અજ્ઞાત અને હલકા કુલની છોકરી અથવા માછીની છોકરી હોવા સંભવ છે. જ્યારે

સત્યવતી મોટા કુળની, પ્રસિદ્ધ માતાપિતાની બાળા હતી. પણ નસીબયોગે નાવિકના ઘેર ઉછરેલી હોવાથી, મત્સ્યગંધાને અને સત્યવતીને એક નામ ઉપર ચડાવી દેવામાં આવી સંભવે છે. તેનો ખુલાસો વાંચો.

નાવિક ગાંગેયકુમારને કહે છે, ભાઈ ! તારા આ અતિ દુષ્કર આચરણનું, અને આખી જિંદગી સ્મરણ ભુલાશે નહીં. હવે મારી એક વાત સાંભળો. જે સાંભળવાથી આ મારી પુત્રીની, તથા તેને પરણનાર મહારાજા શાન્તનુની, અને હવે પછી જન્મનાર તેણીના વંશજોની, કીર્તિ અને આબરુ ઉજવળ રહે. આ હેતુથી આ બાળાની ઉત્પત્તિ-અને વંશની વાત કરું છું.

હું પોતે પુત્ર-પુત્રી, સન્તાન વગરનો છું. એકવાર કાલિન્દી નદી (યમુના)ના કિનારે ફરતો હતો. પરિશ્રમ લાગવાથી નજીકમાં અશોક વૃક્ષની નીચે જઈને બેઠો. અને જોઉં છું તો, ચંદ્રના કિરણના સમૂહજેવી, તત્કાળ જન્મેલી, રુપનોઅંબાર એક બાળાને જોઈ! હું બાળક વગરનો હોવાથી ખૂબ ખુશી થયો. તેણીને ઉંચકી લઈ ઘર તરફ ચાલ્યો, તેટલામાં મેં આકાશમાં દૈવી અવાજો સાંભળ્યા. ઉભા રહીને ધ્યાન આપ્યું.

**अस्ति रत्नपुरे स्वस्तिधाम्नि रत्नांगदो नृपः । तस्य रत्नवती कुक्षि–शुक्तिमुक्तेयमात्मजा ॥१॥**

**खेचरेणापहृत्यात्र, विमुक्ता पितृवैरिणा । तामेतामतनुप्रेमा, शान्तनुः परिणेष्यति । ॥२॥**

ઇતિ મલધારિદેવપ્રભસૂરિ પ્રણીતપાંડવચરિત્રં મહાકાવ્યં સર્ગ ૧ લો શ્લો. ૨૩૦-૩૧

**અર્થ** : વૈતાઢ્ય પર્વત ઉપર રત્નપુર નામના નગરમાં, રત્નાંગદ નામના રાજાની રાણી રત્નાવતીની કૃક્ષિરુપશુક્તિમાં મુકતા-મોતી દાણા જેવી આ બાળાને, બાળાના પિતાના શત્રુવિદ્યાધરે જાતમાત્રને હરણ કરીને લાવીને આ સ્થાને મૂકી છે.

આ બાળા તમારા ઘેર ઉછરીને યુવાન વય પામી હશે, ત્યારે હસ્તીનાપુરનો રાજા ઘણા પ્રેમથી આ બાળાને પરણશે. આ પ્રમાણે આકાશવાણીથી આનંદ પામેલો બાળાને લઈને હું ઘેર આવ્યો.

નાવિકના આ પ્રમાણેના ખુલાસાથી, કુમારગાંગેય ઘણા જ ખુશી થયા. સત્યવતી સાથે શાન્તનુ રાજાનાં લગ્ન થયાં. ગાંગેયકુમારની આવી પિતૃભકિતનાં યશોગાન ખૂબ ગવાયાં, અને જગતના કોઈ પણ ગૃહસ્થ ન લઈ શકે તેવું, પત્ની અને રાજ્ય ત્યાગનું બ્રહ્મચર્ય અને પરિગ્રહપરિમાણરૂપ વ્રત લેવાથી, ગાંગેયકુમારનું અપરનામ, ભિષ્મકુમાર પણ થયું હતું.

**ક્રમે મહાસતી સત્યવતી રાણીને બે પુત્ર થયા. શાન્તનુ રાજા, નાના બે બાળકોને** ગાંગેયને ભળાવી આરાધના કરી પરલોક ગામી થયો. પહેલા પુત્ર ચિત્રાંગદને રાજ્ય આપી ગાંગેય તેનું રક્ષણ કરતો હતો. એકવાર યુદ્ધમાં શત્રુ રાજાથી ચિત્રાંગદ મરાયો. તેથી નાનાભાઈ વિચિત્રવીર્યને રાજ્ય આપ્યું. તેને અંબિકા, અંબાલિકા, અને અંબા ત્રણ કન્યાઓ પરણાવી.

વિચિત્રવીર્યને ત્રણ પત્નીઓથી ક્રમસર ધૃતરાષ્ટ્ર (અંધ), પાંડુ અને વિદુર ત્રણ પુત્રો થયા. વિચિત્રવીર્ય બહુ કામાસક્ત હોવાથી, બહુ નાની વયમાં મરણ પામ્યો. પછી તો માતા સત્યવતી, તથા ત્રણ અંબિકા-અંબાલિકા અને અંબા, નાના ભાઈની વિધવા રાણીઓ અને ત્રણ નાના કુમારોના ઉચ્છેર, રાજપાલન, છેવટે પાંડવ-કૌરવોના યુદ્ધ સુધી જીવીને-દશ દિવસ સુધી દુર્યોધનનું સેનાપતિપણું બજાવી, લડાઈમાં લાગેલાં અર્જુનનાં બાણોથી જર્જરીત-દેહવાળા, ભિષ્મપિતાને, તેમની ઈચ્છા અનુસાર, જૈનાચાર્ય પાસે લાવીને મૂકયા. આરાધના કરી સુગતિગામી થયા.

**પ્રશ્ન** : ભિષ્મપિતાએ દીક્ષા કોની પાસે લીધી. અને કઈ ગતિમાં ગયા?

**ઉત્તર** : કેવળજ્ઞાની મુનિચંદ્રસૂરિ નામના આચાર્ય ભગવાનના શિષ્ય, ભદ્રગુપ્ત નામના આચાર્ય ભગવાન પાસે તેમણે દીક્ષા લીધી. એક વર્ષ આરાધી. અનશન કરીને દેવલોકગામી થયા. તેમ પાંડવચરિત્ર મહાકાવ્યકાર મલધારિ દેવપ્રભસૂરિના મતે, બારમું સ્વર્ગ પામ્યા છે. ઇતિ સર્ગ ૧૩ મો શ્લોક ૨૧૩, તથા કેટલાક ગ્રન્થોમાં, તેમને સર્વાર્થ-સિદ્ધ ગયા જાણેલું છે. તથા નવપદ પ્રકરણ, સિદ્ધના પન્નરભેદ વિવરણ ગાથા ૫૮ માં તેમને મોક્ષગામી કહેલા છે. **गांगेयपमुहा नपुंसया सिद्ध** તત્ત્વકેવલિગમ્યં.

**પ્રશ્ન** : ભિષ્મપિતા કયા જિનેશ્વરદેવના તીર્થમાં મોક્ષમાં ગયા છે?

**ઉત્તર** : ભિષ્મપિતા નમિનાથસ્વામીના તીર્થમાં થયા જાણવા. કારણ કે, કૃષ્ણ વાસુદેવની વાસુદેવ પદવી (વાસુદેવ તરીકે ત્રણ ખંડના સ્વામી) પોતાના બહોત્તેરમા વર્ષે થઈ હતી. તેમના યુદ્ધમાં અન્તર્ગત પાંડવોનું યુદ્ધ થયું હતું. તેમાં જ તેમણે દીક્ષા લીધી. એટલે કૃષ્ણમહારાજના વાસુદેવ પદારોહ આસપાસ તેમની મુક્તિ ચોકસ સમજાય છે. અને ત્યાર પછી પણ લગભગ ૨૩૦ વર્ષ પછી નેમનાથસ્વામીનું તીર્થ શરૂ થયું.

## ઇતિ કંચન અને કામિની બે ઉપરનો રાગ રદ કરીને પિતાની ભક્તિ કરનાર ગાંગેયકુમાર હવે માતાપિતાની સેવા કરનારા કૃષ્ણ-બલભદ્ર બે ભાઈ.

ઉપરની કથા પછી ૯૨૮ વર્ષે એટલે કૃષ્ણમહારાજના રાજ્યકાળના છેલ્લા વર્ષમાં બનેલો આ બનાવ છે. જ્યારે દ્વૈપાયનઋષિ નિયાણું કરીને, મરીને, અગ્નિકુમાર દેવ થયો અને દ્વારિકામાં વસનારા લોકોનાં છિદ્ર શોધવા લાગ્યો. અને બાર વર્ષે છિદ્રો મળવાથી તેણે દ્વારિકાનગરીને સળગાવી મૂકી ત્યારે—

ચારે બાજુથી રતનનાં-સુવર્ણનાં-રજતનાં-ચંદનનાં મહાકિંમતી મુકામો બળવા લાગ્યાં. લાખોની સંખ્યામાં પુરુષો, સ્ત્રીઓ, બાળકો, હાથી, ઘોડા, ઊંટ, ગાયો, ભેંસો વગેરે પ્રાણીઓ બળી ખાખ થવા લાગ્યાં. જેમ સમુદ્રના મધ્યમાં, ડૂબતા વહાણમાં બેઠેલા માણસો, પાણી સિવાય બીજું કાંઈ જોઇ શકતા નથી, તેમ અહીં દ્વારિકામાં સળગી રહેલા મનુષ્યો અને પશુઓ અગ્નિ સિવાય કશું દેખતા નથી.

ચારે બાજુ અથવા બધી બાજુ, અગ્નિના વરસાદમય દ્વારિકા થઈ ગઇ છે. લોકો શોરબકોર મચાવી રહ્યા છે. આખું નગર બચાવો-બચાવોના પોકાર કરી રહેલ છે. ત્યારે કૃષ્ણ-બલભદ્ર મહારાજાઓની, હજારો રાણીઓ અને કુમારો પણ બળીને, ખાખ થતા હતા, પોકારો પાડતા હતા, રુદન કરતા હતા, તેવે વખતે આ બે મહાપુરુષોએ આખા નગરને ક્રમસર બચાવવાના વિચારમાં, સૌ પ્રથમ પોતાના પિતાજી વસુદેવમહારાજા તથા માતાઓ, દેવકી અને રોહિણી બંનેને, રથમાં બેસાડ્યાં હતાં.

અને ક્રમસર હાથી, ઘોડા, બળદ જોડ્યા પણ, દેવી કોપથી કોઈ ચાલી શકયા નહીં. છેવટે બે ભાઈ પોતે રથ ખેંચી, દરવાજે લઈ ગયા. દેવે દરવાજા બંધ કર્યા. તે પણ બલભદ્ર મહારાજાએ, પાટુના પ્રહારથી તોડી નાખ્યા. પણ રથ નીકળી શકયો નહીં. અને દ્વૈપાયનદેવે આકાશમાં આવીને ગર્જારવ કરીને સંભળાવ્યું :

તમો બે ભાઈ સિવાય, દ્વારિકા નગરીના માણસ કે પશુ, એકનેપણ હું જીવતા છોડવાનો નથી. આટલું બોલીને અગ્નિનો વરસાદ વરસાવ્યો. તેવામાં વસુદેવરાજા અને દેવકી-રોહણી બે તેમની રાણીઓએ આરાધના કરી લીધી. અનશન ઉચ્ચર્યું. નેમનાથ સ્વામીનું શરણ કર્યું. દુષ્કૃત નિંદા, સુકૃત અનુમોદના કરી, અઢાર પાપોને વોસીરાવી, નમસ્કારનું ધ્યાન કરતા, મરણ પામી દેવલોક ગયા છે.

**પ્રશ્ન** : તેઓ બધા અલ્પસંસારી હતા ?

**ઉત્તર** : મહાદેવી દેવકીરાણી આવતી ચોવીસીમાં અગ્યારમા અને રોહિણીરાણી પંદરમા તીર્થંકરદેવ થવાના છે. પરંતુ વસુદેવરાજા માટે વિશેષ જાણવા મળ્યું નથી.

**પ્રશ્ન** : વસુદેવરાજાની બીજી બધી રાણીઓ દ્વારિકામાં બળીને ભસ્મ થઈ હતી ?

**ઉત્તર** : વસુદેવરાજાની બે સિવાયની બધી રાણી, દીક્ષા પામી મોક્ષમાં ગઈ છે. તેમાં પાંત્રીસ હજાર તો શત્રુંજયગિરિ ઉપર અનશન કરી, એકી સાથે મોક્ષમાં ગઈ છે.

"વસુદેવની રાણી પ્રસિદ્ધિ રે. ॥ આ ॥ પાંત્રીસ હજાર તે સિદ્ધિ રે."

આદીશ્વર અલબેલો છે ઈતિ. પંડિત વીરવિજયગણી કૃત નવાણું પ્રકારી પૂજા. આ રીતે કૃષ્ણમહારાજ અને બલભદ્ર મહારાજાએ, પોતાના માતાપિતાને બચાવવા માટે છેવટ સુધી બધું કર્યું. પત્નીઓ અને પરિવારને પહેલું સ્થાન આપ્યું નહીં. મહાપુરુષો કયારે પણ ઔચિત્ય ભૂલતા નથી ઈતિ.

**હવે એક અજૈન પણ સમજવા લાયક સાસુની આજ્ઞાપાલક બેનની કથા લખાય છે.**

પ્રાયઃ વર્તમાન બિહાર પ્રદેશમાં બનેલી હજારેક વર્ષ પહેલાંની એક ભાગ્યશાળી દંપતીની જીવનકથા છે. કેટલાક દેશોમાં, અગર કેટલીક જ્ઞાતિઓમાં ભૂતકાળમાં, નાના બાળકોને, પરણાવવાના રિવાજો હતા. આવા રિવાજોમાં અનર્થોની પરંપરા હોય, કે હશે. એ અહીં વિચારવાનું નથી. કારણ કે સંસારના મોટા ભાગના, રિવાજો પ્રાયઃ અનર્થ વધારનારના જ હોય છે.

પરંતુ આપણી આ કથાના પાત્રોમાં થયેલો લાભ સમજવા યોગ્ય અને ભલભલા મનુષ્યોને પણ અનુમોદના કરાવે તેવો હોવાથી, વાચકોને પણ લાભનું કારણ થશે.

બિહારના એક ગામડામાં, અજૈન વિદ્વાનોમાં ઘણી ખ્યાતિને પામેલા, બ્રાહ્મણ કુળમાં જન્મેલા, મંડનમિશ્ર નામના એક પંડિતજી હતા. તેમનાં પ્રાયઃ બાલકાલમાં લગ્ન થયેલાં હતાં. માતાપિતાને સંતાનમાં એક જ પુત્ર હતો. પિતાની પાસે વ્યાકરણ, કાવ્ય, કોષ, ન્યાય અને બીજા પણ દાર્શનિક વિષયના, ઘણા ગ્રન્થોનો અભ્યાસ કર્યો હતો.

અભ્યાસ જ નહીં, ચોવીસેક કલાક વાચન-મનન અને નિદિધ્યાસનમાં જ પસાર થતા હતા. સોળ સત્તર વર્ષની વયે પિતા પરલોકવાસી થયા હશે. તેથી માતા પુત્ર બેજણ જ રહ્યાં હતાં. પિતાની મરણવિધિ પતી ગયા પછી, મંડનમિશ્ર પોતાના વાંચન અને નવા ગ્રંથો બનાવવામાં જ દત્તચિત્ત રહેતા હતા. ઘરની પછવાડે ગંગા નદી હોવાથી, સવારમાં વહેલા ઊઠી ઝાડાપેસાબનું, સ્નાનનું અને સંધ્યાનું કામ પતાવી, પોતાના કાર્યમાં લાગી જતા હતા.

તેમની પરણેલી કન્યા પણ, હવે સોળ સત્તર વર્ષની થવાથી, માતાએ પીયરથી પોતાના ઘેર બોલાવી હતી. મંડનમિશ્રનાં માજી ઘણાં જ ધર્મપ્રિય હતાં. કથા-વાર્તા સાંભળવા પણ જતાં હતાં. ટાઈમસર રસોઈ બનાવીને, પુત્રના ઓરડામાં મૂકી જતાં હતાં. પરંતુ ખખડાટ કે શબ્દોચ્ચાર કર્યા વગર, ભાણું મૂકી જવું અને પુત્ર જમી રહે ત્યારે, ભાણું પાછું લઈ જવાનો રિવાજ હતો. માજી પુત્રના ભણતર કે ગ્રન્થ લેખનમાં, ડખલ ન થવા દેવાની કાળજી રાખતાં હતાં. તેથી વખતે કોઈ બહારનું માણસ આવે તો, માજી પોતે પતાવી લેતાં હતાં. ઘરનો લાવવા-મૂકવાનો વહેવાર, માજી ચલાવતાં હોવાથી, પુત્ર મંડનમિશ્રને, પોતાના વાંચન કે ગ્રન્થ રચનામાં, થોડી પણ ડખલ આવતી નહીં.

મંડનમિશ્રની પત્ની આવ્યા પછી, પ્રારંભમાં તેણીની મેમાનગીરી સચવાઈ ગઈ. એક દિવસે માજીએ પુત્રવધૂને કહ્યું, આજે રસોઈનું ભાણું મારા પુત્રના ઓરડામાં તું મૂકવા જા. પરંતુ થોડો પણ ખખડાટ કરીશ નહીં. તેને બોલાવીશ નહીં. ભાણું મૂકીને પાછી ચાલી આવજે, અને જમી રહ્યા પછી પણ, ચૂપચાપ ભાણું લઈ આવજે.

ઉત્તમ આત્મા પુત્રવધૂએ, સાસુજીની સૂચના બરાબર સાચવી. ભાણું મૂકવા-

લાવવાની વિધિ પૂર્ણ થવા છતાં, મંડનમિશ્રને પોતાના જ્ઞાનાભ્યાસમાં ડખલ થઈ નહીં. આ પ્રમાણેનો વિધિ કાયમી બની ગયો. નિર્વિકાર ભામતી ( મંડનમિશ્ર પંડિતજીની પત્નીનું ભામતી નામ હતું ) સાસુજીની સૂચનાને ધ્યાનમાં રાખી, પોતાના પતિને પોતે ઘરમાં વસે છે, એવી જાણ પણ થવા દીધી નહીં.

**પ્રશ્ન** : માજીએ પોતાની પુત્રવધૂના ઘરમાં આવ્યાની પુત્રને જાણ કેમ ન કરી ? દંપતીધર્મને કેમ થોડો પણ આદર નહીં ? ભલા ! ઘરમાં મહીનાઓ કે વર્ષો સુધી, ત્રીજું માણસ અગર પોતાની પત્ની, આવ્યા જેટલી ખબર પણ ન પડે એ કેમ માની શકાય ?

**ઉત્તર** : જ્ઞાની પુરુષો ફરમાવે છે કે, જેને જ્ઞાનામૃતનું ભોજન ગમી ગયું હોય તેવા આત્માઓને ભણવાના, ગ્રન્થ વાંચવાના, તેને નવા ગ્રન્થો તરીકે ગૂંથવાના વિચારો સિવાય બીજા વિચારો આવતા જ નથી.

**પ્રશ્ન** : ભલે આપણે માની લઈએ કે, પંડિતજી મંડનમિશ્ર ભણવાના વ્યસનમાં વિષયવાસનાઓને સમજ્યા ન હોય, અથવા ધ્યાન દોરાયું ન હોય, પરંતુ તેમની પત્ની સર્વથા અવિકાર કેમ રહી શકે ?

**ઉત્તર** : આખું જગત વાસના વિકાર અને વિષયોમાં ડૂબી ગયેલું હોવાથી, ઉપરના મંડનમિશ્ર અને તેમની પત્ની ભામતીના, વર્તન માટેની કથામાં, અવિશ્વાસ થાય તે બનવા યોગ્ય છે. પરંતુ જૈન ઇતિહાસમાં આવા બનાવો, અથવા આનાથી પણ વધી જાય તેવા બનાવો, ઘણા બન્યા છે.

જુઓ, કયવન્ના નામના વણીક પુત્રે લગ્ન કર્યા પછી, વર્ષો સુધી પોતાની પરણેલી પત્ની–યશોમતીને વિકારભાવે જોઈ ન હતી. બોલાવી ન હતી. પ્રસન્નચંદ્ર રાજાના નાના ભાઈ વલ્કલચીરીએ, પુરુષો અને સ્ત્રીઓનો ભેદ સમજવા જેટલી પણ વિચારણા કરી હતી નહીં. તેને કોઈવાર સ્ત્રીઓ જોવા મળતી હતી તોપણ, તે પુરુષ જ સમજતો અને પુરુષના સંબોધને બોલાવતો હતો. શિવકુમાર નામના રાજકુમારે ગૃહવાસમાં રહીને, સેંકડો પત્નીઓ વચ્ચે, સભર યુવાનીમાં, સાડાબારવર્ષ અખંડ બ્રહ્મચર્ય પાળ્યું હતું.

અને તેજ શિવકુમારના આત્માએ, છેલ્લા જંબુકુમારના ભવમાં, આઠકુમારીઓ સાથે લગ્ન કર્યાં, પરંતુ બ્રહ્મચર્યને ડાઘ લગાડ્યા સિવાય. આખી રાત પત્નીઓને પ્રતિબોધ કરવામાં વીતાવીને, પ્રભાતે તે આઠ પત્નીઓ તથા પોતાનાં અને પત્નીઓનાં માતા–પિતાઓને સાથે લઈને, ૨૭ જણે સુધર્માસ્વામી પાસે દીક્ષા લીધી. મોક્ષમાં ગયા.

તથા વિજયકુમાર નામના વણિક પુત્રે, પોતાની વિજયા નામની પત્ની–બાળા સાથે, પહેલા દિવસથી, આખી જિંદગી અખંડ શીલવ્રતની આરાધના કરી હતી.

**પ્રશ્ન** : જંબુકુમાર અથવા વિજયકુમારને વાસનાઓ જ હતી નહીં. તો પછી પરણ્યા કેમ ?

**ઉત્તર** : જંબુકુમારે લગ્ન કર્યા પહેલાં જ, પોતાના માતાપિતાને જણાવી દીધું હતું કે, મારે પરણવું નથી. બ્રહ્મચારી દીક્ષિત થવું છે. આ વાત જંબુકુમારના માતાપિતાએ પોતાના વેવાઈઓને પણ જણાવી હતી. અને કન્યાઓના પિતાઓએ પોતાની બાળાઓને પણ આ વાત બરાબર સમજાવી હતી.

પરંતુ બાળાઓને અન્ય સાથે પરણવાની ઈચ્છા ન હોવાથી, અને પરસ્પરના માતાપિતાઓના આગ્રહથી, તથા કન્યાઓ એમ પણ સમજતી હતી કે, અમને જોઈ નથી, માટે અમારા પતિ દીક્ષામાં રસ ધરાવે છે. પરંતુ પરસ્પરના મેળાપ થયા પછી, દીક્ષાની વાત પણ ભુલાઈ જશે, આવી ધારણાથી, લગ્ન થયાં હતાં.

તથા વિજયકુમારે લગ્ન થયા પહેલાં, શુક્લપક્ષમાં સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળવાનો નિયમ લીધો હતો. તથા બાળા વિજયાકુમારીએ પણ, સાધ્વીમહારાજના ઉપદેશથી, કૃષ્ણ પક્ષમાં સંપૂર્ણ બ્રહ્મચર્ય વ્રત પાળવાનો અભિગ્રહ લીધો હતો. ભાવિભાવથી પરસ્પર બન્નેનાં લગ્ન થયાં હતાં. ઘણા ઉચ્ચકોટિના આત્મા હોવાથી, એક જ શય્યામાં સુવા છતાં, મન–વચન–કાયામાં વિકારને, પેસવા દીધો નહીં.

તથા સંપૂર્ણ યુવાન વયમાં, એક નહીં પણ ઘણી, રૂપસુંદરી પત્નીઓને, પરણ્યા પછી તુરત ત્યાગ કરીને, દીક્ષિત થનારા ગજસુકુમાર, અવંતીસુકુમાર, ધનગિરિ વગેરેના દાખલા જૈન ઈતિહાસમાં સંખ્યાબંધ જોવા મળે છે.

તથા આ પંચમકાળમાં પણ, પરણવાની તૈયારીમાં કુમારી કન્યા અને વરે દીક્ષા લીધાના દાખલા હાલમાં પણ બનેલા મોજૂદ છે.

**પ્રશ્ન** : પોતાની ધર્મપત્ની ઘરમાં આવ્યાની, તથા હંમેશ ભાણું મૂકી જવાની, પંડિત મંડનમિશ્રને ખબર પણ ન પડી એ કેમ માની શકાય?

**ઉત્તર** : જ્ઞાની મહાપુરુષો કહે છે કે ભણવામાં લીન થયેલા મહાત્માઓને ખાવાનું યાદ આવતું નથી. ખોરાકના સ્વાદોનું ધ્યાન રહેતું નથી. પાસે થઈને હજારો માણસો ચાલ્યાં જાય તોપણ ખબર રહેતી નથી.

માટે જ જ્ઞાન–ધ્યાન–ચારિત્ર–તપમાં તરબોળ બનેલા મહામુનિરાજો, ક્રોડ પૂરવ સુધી પણ ચારિત્ર પાળે છે. છતાં પાંચ મહાવ્રતો પૈકી એકમાં પણ અતિચાર લાગતો નથી પરંતુ સ્ફટીક જેવું નિર્મળ જીવન જીવી, મોક્ષમાં કે વિશ્રામ લેવા સ્વર્ગમાં જાય છે.

**પ્રશ્ન** : કેટલાકોની એવી દલીલ હોય છે કે, આ કાળના જીવોનું, ઉત્કૃષ્ટ ચારિત્ર હોય તોપણ, બકુશ અને કુશીલ નામનાં બે ચારિત્રો જ હોય છે. તેથી બકુશ એટલે કાબરચિતરૂં અને કુશીલ એટલે ઘણા દોષોવાળું, જ્ઞાનિપુરુષો જ ફરમાવી ગયા છે. પછી

આપણે આ કાળના આરાધકોમાં છિદ્રો શોધવાં, તે દૂધમાંથી પો'રા શોધવા જેવું શું નથી લાગતું ?

**ઉત્તર** : આ દલીલ વ્યાજબી નથી. ચારિત્ર પાંચ પ્રકારનાં હોય છે. તેમાં બધા જ કાળમાં સામાયિક અને છેદોપસ્થાપનીય ચારિત્રવાળા, છઠ્ઠા સાતમા ગુણ ઠાણે હોય છે. અને આ બે ચારિત્રમાં, બકુશ અને કુશીલ ચારિત્ર હોય છે. પરંતુ આવા ચારિત્રવાળા પૂર્વના સૂરિવાચક અને મુનિરાજોનાં જીવનચરિત્રો વાંચનારને, દોષ ક્યાંય દેખાય જ નહીં. કેવળ ત્યાગના અને ગુણના જ વર્ણનો હોય છે.

પૂર્વના વીતરાગના મહામુનિરાજોને, વાંચનારને, ઉપરની પડવાઈ વાતો સાંભળવી ગમે જ નહીં. વીતરાગના મહામુનિરાજોના જીવનચરિત્રોમાં, સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર–તપની છોળો ઉછળતી હોય છે, તેમના જીવનોમાં અમારા જેવાઓના આચારોની સમાનતા કેમ કલ્પાય ?

**પ્રશ્ન** : તો પછી બકુશ–કુશીલાદિ ચારિત્રનો અર્થ બરાબર સમજાવો; કેવો થાય છે ?

**ઉત્તર** : **पुलाकबकुश–कुशील निर्ग्रन्थस्नातका निर्ग्रन्थाः** ઈતિ તત્વાર્થ અ. ૯ સૂ. ૪૮

**અર્થ** : શ્રદ્ધાથી અપતિત અને પ્રસંગ આવે લબ્ધિ પ્રયોગમાં વપરાય તેને પુલાક ચારિત્ર જાણવું. શ્રદ્ધાથી ભ્રષ્ટ થયા વગર, વખતે આચારોમાં શિથિલતા આવી જાય છે. તેને બકુશ ચારિત્ર જાણવું તથા કુશીલ ચારિત્રના બે ભેદ છે. પ્રતિસેવનાકુશીલ અને કષાયકુશીલ. તેમાં પ્રતિસેવના કુશીલ ચારિત્ર, મૂળ ગુણમાં દોષ લાગવા દે નહીં. પરંતુ ક્યાંક ઉત્તરગુણોમાં દોષ લાગી જાય. તથા કષાયકુશીલ પ્રસંગો મળવાથી, કષાયો આવી જાય. તથા વીતરાગછદ્મસ્થનું ચારિત્ર નિર્ગ્રન્થ હોય અને તેરમા–ચૌદમા ગુણઠાણે સર્વજ્ઞ કેવલજ્ઞાની ભગવાનનું ચારિત્ર સ્નાતક ચારિત્ર જાણવું.

**પ્રશ્ન** : બકુશ અને કુશીલ ચારિત્રવાળાને દોષો પણ લાગી જાય છે. આ વાત સાચી ને ?

**ઉત્તર** : ભાગ્યશાળી આત્મા ! ઉપરના વર્ણનોથી એ નક્કી થાય છે કે ગુણઠાણી આત્માઓને પણ, વખતે આવા દોષો લાગી જાય છે. જો એમ ન માનીએ તો, ચારિત્રના પાંચ પ્રકારોમાં (સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય; અને યથાખ્યાત) પુલાક, બકુશ અને પ્રતિસેવના કુશીલ સાધુઓને, સામાયિક અને છેદોપસ્થાપનીય ચારિત્ર લાભે છે. એ કેમ બની શકે ?

તથા છઠ્ઠા ગુણઠાણા સુધી મદ્ય, વિષય, કષાય, નિદ્રા; અને વિકથા, આ પાંચે પ્રમાદો માનેલા છે. આ પાંચ પ્રમાદોનું સમર્થન કરનારને ગુણઠાણું આવે જ નહીં.

તથા છઠાગુણઠાણાવાળાને પણ, કૃષ્ણ–નીલ–અને કાપોતલેશ્યા, પણ આવી જવાનો

સંભવ છે. આવા બધા દોષો ગુણોના ઘાત કરનારા છે. તે તે દોષોનું સમર્થન કરીને, આપણા પડવાઈપણાનો, બચાવ કરવા માટે નથી. પરંતુ આત્માને જાગતા રહેવા માટે છે.

જેમ ઇતિહાસોમાં અને વર્તમાનમાં, ચોરો એવા છે કે રાજાના ભંડારો પણ તોડી શકે છે. માટે આપણી જેવા ઓછી તાકાતવાળા માણસોએ જાગતા રહેવું જોઈએ. આવી ચેતવણી ધ્યાનમાં રાખીએ તો, લુંટાવાના પ્રસંગો ઓછા બને, પરંતુ રાજાઓ લુંટાયા તો, આપણી શી તાકાત ? આવી વેવલી વાતો કરીને, બારણાં ઉઘાડાં મુકીને, નિર્ભય ઉંઘનારા માણસો ડાહ્યા નહીં પણ શુદ્ધમૂર્ખા જ કહેવાય.

**પ્રશ્ન** : બકુશ અને કુશીલ ચારિત્રોમાં, દોષ ઘણા અને ગુણ થોડા એ ખરું ને ?

**ઉત્તર** : તીર્થંકરોના સમયમાં પણ બકુશ અને કુશીલ ચારિત્રો જ હતાં. પરંતુ મહાનુભાવોએ સમજવું જોઈએ કે, આવા ચારિત્રવાળા પણ બારે માસ પ્રાયઃ છવિગયના ત્યાગી હતા. બારે માસ છઠ, અઠમ, ચાર, પાંચ, અઠાઈ, વગેરે તપ કરનારા હતા. ઓછામાં ઓછું નિત્યભક્ત એટલે એકાશણું તો હોય જ, એવા મોટા નાના તપ જ કરનારા હતા.

બકુશ અને કુશીલ ચારિત્રને (પ્રતિસેવના કુશીલને) છઠું, સાતમું, ગુણઠાણું પણ હોય, તથા કષાયકુશીલને છ–સાત–આઠ–નવ સુધી ગુણઠાણા હોય. દશમું ગુણઠાણું પણ હોય તથા પરિહારવિશુદ્ધિ અને સૂક્ષ્મસંપરાય ચારિત્રો પણ હોય છે.

તથા બકુશ અને પ્રતિસેવના કુશીલને ઉત્કૃષ્ટ દશપૂર્વ સુધીનું શ્રુતજ્ઞાન હોય છે. દશપૂર્વી પ્રાયઃ અપ્રમાદી હોય છે. દશપૂર્વી મહા ગુણના ભંડાર હોય છે. પ્રાયઃ અલ્પસંસારી હોય છે.

**પ્રશ્ન** : એમ કહેવાય છે કે ચૌદપૂર્વી પણ પડીને ઘણો સંસાર ભટકવા ચારે ગતિમાં જાય છે.

**ઉત્તર** : જેમ ક્રોડપતિ હજારોમાં કોક દેવાળું પણ કાઢે. તેમ હજારો શ્રુતધરોમાં કોઈ આત્મા, નિદ્રા વિકથા પ્રમાદને વશ બનીને, પડી પણ જાય. પણ એવું બહુ અલ્પ બને. ચૌદપૂર્વીઓ સર્વકાળ અપ્રમાદી જાગતા હોય છે. પોતાની તો નહીં. પરંતુ ગુણના દરિયા શિષ્યોની પણ, થોડી ભૂલ ચલાવી લેતા નથી.

જેમ સ્થૂલભદ્રમુનિ મહાગુણી હતા. બ્રહ્મચારી પુરુષોમાં, રેખાસમાન હતા. તેઓશ્રી ભદ્રબાહુસ્વામી પાસે ભણતા હતા, દશમું પૂર્વ સંપૂર્ણ થવા આવ્યું હતું. અર્થ પણ થયા હતા. પાછલાં ચાર હવે ભણવાનાં હતાં. તેવામાં તેમની સાત સાધ્વી બહેનો, વાંદવા આવ્યાં હતાં. તેમને ચમત્કાર બતાવવા સિંહનું રૂપ બનાવીને બેઠા. સાધ્વીઓ જોઈને બીયાઈને નાશીને ભય અને શોક વડે કંપતાં ગુરુ પાસે આવ્યાં.

ભદ્રબાહુ સ્વામીએ જ્ઞાનથી, સ્થૂલભદ્રના સિંહ રૂપને જોયું. સાધ્વીને પુનઃ જવાનું

ફરમાવ્યું. સાધ્વી વાંદીને ગયાં. સ્થુલભદ્ર મહામુનિને, ગુરુજીએ ઘણો ઠપકો આપ્યો અને હવે પછી શ્રુતજ્ઞાન નવું ભણવા માટે, અયોગ્ય ઠરાવ્યા. શ્રી સંઘે ઘણો આગ્રહ કરવાથી, છેલ્લાં ચાર મૂલ માત્ર ભણવા હા કહી. પરંતુ તેમણે બીજાને ભણાવવાં નહીં.

વીતરાગના મહામુનિરાજોને છઠ્ઠે ગુણઠાણે પ્રમાદી કહ્યા છે. પરંતુ તે પ્રમાદ પણ તાકાદ વગરનો હોય. માટે જ સાતમે ગુણઠાણે ચડી શકે. શ્રેણી માંડી આઠ, નવ, દશ, અગ્યાર, બાર, વગેરે ગુણઠાણા પણ પામે છે.

તથા છેલ્લા જિનેશ્વરના મુનિઓને વક્ર અને જડ પણ કહ્યા છે. તે આગલા જિનેશ્વરોના મહામુનિરાજોની અપેક્ષા, કોઈક વક્ર અને જડ પણ હોય બધા જ અને છેવટ સુધી વક્ર અને જડ જ રહે તો કેવળી ભગવાન થઈ મોક્ષ કેમ પામી શકે? કોઈ જાય જ નહીંને? પણ એવું નથી.

તથા વાચક મહાશય સમજી શકે છે કે, પહેલા જિનેશ્વરદેવના તીર્થના સાધુઓને શાસ્ત્રોમાં મૃદુ અને જડ–ભોળા અને ઓછી અક્કલવાળા કહ્યા છે. આ વાકયોનો અર્થ જ પકડી રખાય તો ભોળા અને અક્કલ વગરના સાધુઓ ધર્મ સમજે પણ નહીં અને પામે પણ નહીં.

અને શ્રી ઋષભદેવ સ્વામીના શાસનના અસંખ્યાતા કોટાકોટિ મહામુનિરાજો તો ફકત મોક્ષ અને અનુત્તર વિમાનમાં જ જનારા થયા છે. જુઓ શાસ્ત્ર :

**भरतादनु सन्ताने, सर्वेपि भरतवंशजाः । अजितस्वामिनं यावद्, अनुत्तर शिवालयाः ॥१॥**

**અર્થ** : શ્રી ઋષભદેવ સ્વામી અને અજીતનાથ સ્વામીના વચમાં, શ્રી ઋષભદેવ સ્વામીના તીર્થમાં, ફક્ત ભરત મહારાજના જ વંશમાં, અસંખ્યાતા મહામુનિવરો મોક્ષમાં અને અનુત્તર વિમાનમાં ગયા છે.

**પ્રશ્ન** : ઉપરના શ્લોકમાં કોઈ પણ સંખ્યાવાચક શબ્દ નથી. તો પછી અસંખ્યાતા કેમ કહેવાય?

**ઉત્તર** : શ્રી ઋષભદેવ સ્વામી અને અજિતનાથ સ્વામી વચ્ચે, પચ્ચાસ લાખ કોટિ સાગરોપમનું આંતરૂં છે. દશ કોટાકોટિ પલ્યોપમ વડે એક સાગરોપમ થાય છે. અને અસંખ્યાતા કોટાકોટિ વર્ષનું એક પલ્યોપમ થાય છે. એક પલ્યોપમ જેટલા કાળમાં પણ ચોરાસી લાખ પૂર્વના આયુષવાળા અસંખ્યાતા મુનિરાજો થાય છે. એટલે બે તીર્થંકર દેવોના અંતરમાં અસંખ્યાતા મહામુનિરાજો થયા હોય તે યુકિતયુકત સમજાય તેવું છે.

**પ્રશ્ન** : તો પછી બકુશ અને કુશીલ શબ્દોના અર્થો કેમ ઘટી શકે?

**ઉત્તર** : યથાખ્યાત ચારિત્ર અને નિર્ગ્રન્થ તથા સ્નાતક મુનિભાવની અપેક્ષાએ, બકુશ અને કુશીલ ચારિત્ર, સદોષ અને સાતિચાર મનાયાં છે. પરંતુ સર્વ સંસારી જીવોની સાથે સરખાવતાં, અનંત ગુણ વિશુદ્ધ છે, એમ સમજવું. વાંચો શાસ્ત્રોના અભિપ્રાયો :

**उत्कृष्टाद्देशविरतेः स्थानात् सर्वजघन्यकं । स्थानंतु सर्वविरते रनन्तगुणतो ऽधिकं ॥१॥**

**અર્થ** : ઉંચ્ચામાં ઉંચ્ચું શ્રાવકપણું આવ્યું હોય, તેની જેટલી કર્મ નિર્જરા થાય, તેથી, થોડામાં થોડા સર્વ ચારિત્રની નિર્જરા, અનંતગુણી જાણવી. તથા વળી—

**आजन्माराधिताद् देश–संयमाद् यत् फलं भवेत् । अन्तर्मुहूर्तमात्रेण तत् पुनः सर्वसंयमात् ॥१॥**

**અર્થ** : આખી જિંદગી ઉત્તમકોટિની શ્રાવકપણાની આરાધનાનું ફળ, નિર્દોષ સાધુપણું, સર્વવિરતિ દશા, ભાવસાધુપણું માત્ર અંતર્મુહૂર્ત આવે તો ઉપરનું ફળ થાય છે.

આ વર્ણનથી ચારિત્રની આરાધનાની નિર્મળતાનો ખ્યાલ આવી શકે છે. આ બધામાં છઠા, સાતમા, આઠમા, નવમા, દશમા, સુધી યથાયોગ્ય બકુશ અને કુશીલ ચારિત્ર જ સર્વ જીવોમાં (ચારિત્રધારીઓમાં) હોય છે. અને આવા ચારિત્રધારી મુનિરાજો એક કાલચક્રમાં અઢીદ્વીપમાં, પંદરે ક્ષેત્રમાં, યથાયોગ્ય અસંખ્યાતા કોટાકોટિ પ્રમાણ થાય છે એમ સમજવું અને અગ્યાર, બાર, તેર, ચૌદ ગુણઠાણ સિવાય, આગલા પાંચે ગુણઠાણે આ બે ચારિત્ર જ હોય છે.

આ બધાં વર્ણનોથી વાચકો સમજી શકશે કે જગતમાં. પથ્થરા–રોડાં અને કોલસા ઘણા હોય છે તેમ ક્યાંક ક્યાંક હીરાઓ અને રત્નો પણ જરૂર પાકે છે. તેમ વિકારોથી ભરેલા સંસારમાં અવિકારી જીવો પણ ઘણા થયા છે. હમણાં પણ જન્મે છે. થવાના પણ જરૂર હશે જ માટે મંડનમિશ્ર અને મહાસતી ભામતીની વાત પણ સમજાય તેવી છે.

મંડનમિશ્ર પંડિતજી એકવાર કાંઈક પદાર્થ વિચારમાં ઉંચું મુખ કરીને, પોતાની બેઠકના ઓરડાના પ્રવેશ દ્વાર સન્મુખ બેઠા હતા. તેટલામાં રસોઈ બની ગઈ હોવાથી, રસોઈનું ભાણું લઈને, તેમની પત્ની આવી. મૌનપણે મૂકીને જવાની હતી. પરંતુ પંડિતજીએ પૂછયું, તમે કોણ છો ? માજી કેમ નથી આવ્યાં ? હમ્મેશ માજી ભાણું મૂકી જતાં હશે ? આજે તમે કોણ છો ?

પંડિતજીના પ્રશ્નોની પરંપરા સાંભળી રહેલી ભામતી મુંઝાઈ ગઈ. ઉત્તરો આપી શકી નહીં. પરંતુ અત્યાર સુધીની સાચવી રાખેલી, ધીરજ ખોવાઈ ગઈ. આંખમાં ચોધારાં આંસુ ચાલ્યાં. પંડિતજીને પણ આશ્ચર્ય જરૂર થયું. અને વિચારમાં પડયા. ત્યારે બાઈ

બોલી, 'સ્વામીનાથ, હું તમારી પરણેલી પત્ની છું.' પંડિતજી વધારે પૂછવા જતા હતા તેટલામાં માજી પણ આવ્યાં.

અને બાલ્યકાળનાં લગ્ન અને ભામતીની યૌવનવય, પતિના ઘેર આવવાનો પ્રારંભ, માતાની શિખામણ, અધ્યયનમાં વિઘ્ન ન પાડવાના કારણે, માતાએ પુત્રવધૂને સમજાવેલી સૂચના, પુત્રવધૂને પુત્રીને પેઠે રાખવા, સાચવવા, સમજાવવાના માતાના ઉદ્યમો, પુત્રવધૂમાં રહેલી વિનયાદિ લાયકાતો, આવી બધી અનુમોદનીય વાતો સંભળાવી, પુત્રને સંશય મુક્ત બનાવ્યો.

**પ્રશ્ન** : માતાએ પોતાના પુત્ર અને પુત્રવધૂની પરસ્પર ઓળખાણ કેમ ન આપી ?

**ઉત્તર** : ઉત્તરોત્તર ભૂતકાળ એવો હતો કે, મોટા કુળનાં વર-કન્યાનાં માતા-પિતાઓ પોતાના સંતાનોમાં ઉત્તમ સંસ્કારો નાખવા ખુશી હતાં. તેઓ શીલવ્રત ઘણું પાળે એવું પણ ઇચ્છતાં હોવાથી, પરણેલી કન્યા ઘણો ભાગ પીયરમાં અને થોડો ભાગ સાસરામાં રહેતી હતી. આમ થવાથી વધારે શીલવ્રત સચવાવાથી, બંનેના શરીરમાં આરોગ્ય સાથે શરીરમાં તાકાતનો સંચય થતો હતો.

નિયમિત અથવા ઘણું બ્રહ્મચર્ય પાળનાર માતાપિતાનાં સંતાનો પણ હૃષ્ટપુષ્ટ અને ભરાવદાર, નીરોગી અને બહાદુર જન્મતાં હતાં, શંકાઈતો ક્યાંય દેખાતી નહીં. માટે વાણિયાઓ પણ લડાઇઓ લડીને, ધર્મ તથા દેશને સાચવી શકતા હતા.

**પ્રશ્ન** : તો પછી પરણવું, લગ્ન કરવાનો અર્થ શું ?

**ઉત્તર** : પરણવું, લગ્ન કરવાનો અર્થ—પુરુષ કે સ્ત્રીઓ પરપુરુષ કે પરસ્ત્રીના વ્યભિચારી ન બને, વ્યભિચારથી સદા નિવૃત્ત રહેવા, લગ્ન કરવાં પડે છે. પરંતુ લગ્નનો અર્થ બારે માસ મૈથુન સેવવું જ એવો નથી. જેટલું શીલવ્રત વધારે સચવાય તેટલું વધારે તંદુરસ્ત જીવન જીવાય છે.

રઘુવંશ વગેરે કાવ્યોમાં, તથા રામાયણ મહાભારત વગેરે પુરાણોમાં, અજૈન પંડિતો પણ લખી ગયા છે કે, સંતતિ માટે પત્ની ગ્રહણ કરવી. એકાદ સંતાન થાય પછી મૈથુનથી વિરકત બનવું. ઓછું સેવવું, ઘણા જાગતા રહેવું.

**પ્રશ્ન** : પાસેપાસે વસનારને બ્રહ્મવ્રત કેમ સાચવી શકાય ?

**ઉત્તર** : માટે જ મહાપુરુષોએ એકશય્યા ઉપર નહીં પરંતુ એક ઓરડામાં પણ સૂવું નહીં. જેમ ત્રિશલાદેવી અને દેવાનંદાના વર્ણનોમાં સ્વપ્ન સંભળાવવા જતાં પ્રભુજીની માતા, પોતાની શય્યામાંથી ઊઠી, પોતાના ઓરડામાંથી નીકળીને, સ્વામીનાથ સિદ્ધાર્થ રાજાના અને ઋષભદત્ત વિપ્રના ઓરડામાં ગયાં જણાવ્યું છે.

મહાપુરુષોના વર્ણનોથી સમજાય છે કે, પતિ–પત્ની જુદા–જુદા ઓરડામાં શયન કરતાં હતાં. તે સિદ્ધાર્થ રાજા અને ઋષભદત્ત વિપ્રના વર્ણનોથી પુરવાર થાય છે. જેમ અગ્નિને દૂર રહીને સેવનાર દુઃખી થતો નથી. પરંતુ બેદરકાર સળગી જાય છે. તેમ સ્ત્રીસેવન પણ ઓછામાં ઓછું હોય તેવા આત્મા શરીરમાં કંગાળ થતા નથી.

પંડિતજી મંડનમિશ્રે પોતાની પત્નીમાં ઘણી લાયકાત જણાયાથી, વર્તમાનમાં પોતે જે પુસ્તક ઉપર ટીકા લખતા હતા, તે ટીકાનું ભામતી ટીકા એવું નામ રાખ્યું. મહાસતી ભામતીદેવીએ પછીથી પણ, પોતાના સ્વામીના પઠન–પાઠન–અધ્યન–અધ્યાપનમાં શક્ય એવી બધી સહાય આપી હતી. અને વિદ્વાન પતિના સહયોગથી પોતે પણ વિદુષી બની હતી.

આ સ્થાને પંડિતજીનાં માતાને હજારો ધન્યવાદ ઘટે છે કે, જેમણે પુત્રના સંસારને પોષણ આપવાનું અટકાવીને પણ, પુત્રના સ્વાધ્યાય અને અધ્યયનને બગડવા દીધું નહીં. તથા પત્ની ભામતીદેવીને પણ અપાય તેટલા ધન્યવાદ થોડા છે કે, જેણીએ સાસુની આજ્ઞા અનુસાર વર્તન ચાલુ રાખ્યું. પતિના સુખને ગૌણ બનાવ્યું. વિષયોના સ્વાદ કરતાં પણ વડીલોના વચનોનું પાલન, અમૃત જેવું આચરી બતાવ્યું. આવા ભાગ્યશાળી જીવો વીતરાગ શાસન પામ્યા હોત તો, પાંચમા આરામાં પણ સંસારને ટૂંકો કરી શકત.

**પ્રશ્ન** : શું જૈનધર્મ પાળનારાઓના કુટુંબોમાં ન જન્મે તે મોક્ષ પામે જ નહીં?

**ઉત્તર** : જૈન ધર્મ પાળનારાઓના કુટુંબોમાં જન્મ પામનારા મોક્ષ પામે, તેવો દાવો નથી. જૈન કુલોમાં જન્મેલા પણ બેદરકાર હોય, અથવા ધર્મને નહીં સમજનાર, અગર સમજવા છતાં પણ; સ્વચ્છંદ વર્તનારાઓ, ધર્મના નામે ચરી ખાનારાઓ, અનંતા જીવો દુર્ગતિમાં ગયા છે. સંસારમાં ભટકે છે. ઠેકાણું પડયું નથી. માત્ર નામના જૈનોને પણ મોક્ષ મળે જ એવો ઈજારો નથી.

**પ્રશ્ન** : તો પછી જૈન હોય તે મોક્ષમાં જાય. બીજા ન જ જાય આ વાત સાચી નહીં જ ને?

**ઉત્તર** : ઉપકારી પુરુષોનો પક્ષપાત વેશધારી જૈનો માટે નથી. પરંતુ પૂજ્ય પુરુષોની એવી દલીલ છે કે, ભાવથી જૈનદૃષ્ટિ આવ્યા વિના, કોઈપણ આત્મા મોક્ષ પામ્યા નથી. પામી શકે જ નહીં. પામશે પણ નહીં.

**જુઓ કલિકાલ સર્વજ્ઞ ભગવાન હેમચંદ્રસૂરિ મહારાજનાં વચનો :**

**परे सहस्राः शरदः तपांसि, युगांतरं योगमुपासतांच ।**
**तथापि ते मार्ग मनापतन्तो न मोक्ष्यमाणा अपि यान्ति मोक्षं ॥ १ ॥**

**અર્થ** : બીજા બધા દર્શનકારો, અથવા ધર્માન્તરોને માનનારા, હજારો વર્ષો સુધી, અથવા યુગાન્તરો સુધી, મોટી તપશ્ચર્યા કરતા હોય, યોગની ઉપાસના કરતા હોય,

મોટા વૈરાગી હોય, મોક્ષના જ અભિલાષી હોય, તોપણ જિનેશ્વરદેવોના શાસનનો સમજણપૂર્વક આદર ન થાય તો, તેવા આત્મા પણ મોક્ષ પામી શકતા નથી. ટુંકાણમાં આત્મામાં જૈની દૃષ્ટિ પ્રકટ થયા વિના મોક્ષની પ્રાપ્તિ થતી નથી. એ વાત દલીલોથી પણ સમજી શકાય તેવી છે.

**પ્રશ્ન** : જૈની દૃષ્ટિ એટલે શું. હંમેશ જિનાલયમાં જતો હોય? સામાયિક પ્રતિક્રમણ–પૂજા પૌષધ કરતો હોય તેવા આત્મા ભાવ જૈન કહેવાય?

**ઉત્તર** : જેમ ઔષધો રોગનાશનાં કારણ છે. તેમ જૈન ધર્મની ક્રિયાઓ પણ ભાવ જૈનત્વ લાવવાનું કારણ છે. પરંતુ ઔષધ પણ સમજણપૂર્વક વૈદ્યના વચનોને ધ્યાનમાં રાખીને, લેનારના રોગો મીટાવી શકે છે. માટે જ પ્રહેલો વૈદ્યને સમજવો જોઈએ. સુંઠના ગાંગડા માત્રથી ગાંધી થયા જેવા, વૈદ્યોથી રોગ મટે નહી, મરણ પણ કરાવી નાખે તેમ ભવના રોગ મિટાવનાર ભગવાન જિનેશ્વરદેવને, પણ શોટકા ઓળખવા જોઈએ. તથા તે પ્રભુજીના વચનોને અર્પણ થયેલા હોય તેવા, ગુરુઓને શોધિ કાઢવા જોઈએ. નામધારી કે. જૈન વેશધારી ગુરુઓપણ, કલ્યાણ કરવાની જગ્યાએ અવળો માર્ગ પણ બતાવી નાખે છે. માટે જ દેવ–ગુરુ–ધર્મ આ ત્રણે વસ્તુ તેના યથાર્થ સ્વભાવે સમજીને, તે વસ્તુમાં તન્મય–સ્વભાવે અર્પણ થવાય તો જ, આત્મા ભાવથી જૈન બને છે.

**પ્રશ્ન** : ગમે તે જન્મમાં, દેશમાં, વેશમાં, કે સ્થાનમાં ભાવ જૈનત્વ કેમ ન આવે?

**ઉત્તર** : આર્ય દેશમાં આર્ય કુળોમાં દેવ–ગુરુ–ધર્મના નજીક સહાવાસમાં પણ આત્મામાં ગવેષણ દશા પ્રકટ થાય, ધર્મની ક્ષુધા જાગેલી હોય, તેવા આત્માને, ભાવ જૈનત્વ પ્રાપ્ત થવાનો, રાજમાર્ગ ગણાય. સીવાય તો ભવસ્થિતિ પરિપાક વિગેરે, પ્રબલ કારણની આગેવાની હોય તો, આર્દ્રકુમાર અને દૃઢપ્રહારી જેવા પણ પામે છે. તેવાઓને કોઈ પણ દેશમાં, કે સ્થાનમાં, કે વેશમાં પણ, જૈન ધર્મની પ્રાપ્તિ થઈ જાય છે, અને ચારે ગતિના જીવો સમ્યત્વ પામી શકે છે. સમ્યકત્વની પ્રાપ્તિ એજ ભાવધર્મનો પાયો ગણાય છે.

**પ્રશ્ન** : ઘણા ઉત્તમ આત્મા હોય. શીલ અને તપ પણ ખૂબ ઉચ્ચ અને નિર્મળ હોય. ત્યાગ અને નિષ્પૃહતાની પરાકાષ્ટા હોય, તેવા આત્માઓ મોક્ષ કેમ ન પામે?

**ઉત્તર** : જીવમાં અનાદિકાળથી, અડ્ડા જમાવીને બેઠેલા, મિથ્યાત્વ–અવિરતિ–કષાય અને યોગ આ ચાર વસ્તુઓ વડે કર્મ બંધાય છે. આ ચારની હયાતી હોવાથી જ રાગ–દ્વેષ અને અજ્ઞાનતાનું જોર ઢીલું પડતું નથી. અજ્ઞાનતાના કારણે જ આત્મા સાચી વસ્તુ સમજી શકતો નથી. અજ્ઞાનતાને પરવશ આત્મા જ, ગુણ–ગુણીને ઓળખતો નથી, ઓળખાણના અભાવે રાગદ્વેષની મંદતા થતી નથી.

તેથી જ મૂર્ખ આત્મા, મહાગુણી વીતરાગ દેવને, દેવ તરીકે, સ્વીકાર કરી શકતો નથી. કંચનકામિનીના ત્યાગી, નિર્ગ્રન્થ ગુરુને ઓળખતો નથી. તેમની પાસે જતો નથી.

તથા પરસ્પરના વિરોધ વગરની, પ્રાણીમાત્રના યોગ અને ક્ષેમને કરનારી, શ્રીવીતરાગની વાણી પણ, મૂર્ખજીવ સાંભળતો નથી. વાંચતો નથી, તેથી પ્રાણી માત્રની દયા સમજાતી નથી. અને પાળી શકાતી નથી.

પાંચ મહાવ્રતને, પાંચ આચારને, પાંચ સમિતિને, બાહ્ય અભ્યંતર, બાર પ્રકાર તપને, ચરણકરણ સિત્તરીઓને, છક્કાય પ્રાણી માત્રની દયાને સમજતો નથી, આદરતો નથી, અમલમાં મૂકતો નથી. તે કારણથી આત્મામાં સર્વપ્રકાર સંવર અને નિર્જરા ન આવવાથી કર્મક્ષય થાય નહીં, માટે મોક્ષ પામી શકે નહીં, આ વાત તદ્દન સમજાય તેવી છે.

## ઈતિ સાસુજીની આજ્ઞા પાળનારી ભામતી બ્રાહ્મણની કથા સંપૂર્ણ.

## મહાવિદ્વાન હોવા છતાં, સંઘની આજ્ઞાનો સ્વીકાર કરનાર, સિદ્ધસેન દિવાકર સૂરિ

ભગવાન મહાવીર સ્વામીના શાસનમાં, વિદ્યાધર નામના વિશાળ ગચ્છમાં, પ્રસિદ્ધ શાસન પ્રભાવક, જૈનાચાર્ય પાદલિપ્તસૂરિ મહારાજની પરંપરામાં, સ્કંદિલાચાર્ય નામના આચાર્ય હતા. તેઓ ભગવાનને, હજારો શિષ્ય-પ્રશિષ્યનો પરિવાર હતો. એકવાર સૂરિ મહારાજ, વિહાર કરતા ગૌડ દેશમાં પધાર્યા. તે દેશમાં, કોશલાનામના ગામમાં મુકુંદ નામનો બ્રાહ્મણ રહેતો હતો.

તેણે આચાર્ય મહારાજની ધર્મદેશના સાંભળી. સંસારની ભયંકરતાનો ખ્યાલ આવ્યો. અને બે હાથ જોડીને બોલ્યો, ભગવન! યદિ મારામાં યોગ્યતા જણાતી હોય તો, સંસાર-સાગરમાં નૌકાસમાન, ભાગવતી દીક્ષા આપી ઉપકારવંત બનો.

ગુરુમહારાજે તેમને યોગ્ય જાણી દીક્ષા આપી. અને હંમેશ ઉપયોગી ક્રિયાઓમાં અવશ્ય જરૂરી સૂત્રોનો, અભ્યાસ કરવા લાગ્યા. પરંતુ ત્રીજી વય થયેલી હોવાથી, ભણેલું યાદ ન રહેવાથી, ખૂબ જોરથી ગોખતા હતા. અવાજો ઘણા થવાથી, સાથેના મુનિરાજોને કંટાળો આવતો હોવાથી, કોઈ સ્થવિર મુનિરાજે મીઠાશથી શિખામણ આપી.

"ગુણ ભૂષણ કોટીર સમ, ગુણ મણિ રોહણ ખાણ, ।
વિવેક રત્ન ચિન્તામણિ, ગુણ તારા ગણ ભાણ."

"દુખવન દાવાનલ સમો, અજ્ઞાન તિમિર દિનકાર, ।
સુખસંપત્ સુરવેલડી, વિવેક ગુણભંડાર."

"આતમમાં આવે ઘણા, સુંદર ગુણ સમુદાય, ।
પણ જો નો'ય વિવેક તો, બધા નકામા જાય."

"ગુણ એકે યદિ નોય પણ, વિવેક સાચો હોય, ।
તારા ગણ વિણ એકલો, તરણી દિનકર તોય."

"એક સુભટ સંગ્રામમાં, જેમ વિજય વરનાર, ।
તેમ વિવેક સૌ દોષનો, ક્ષણમાં ક્ષય કરનાર."

"હોય હજારો ફાતડા, પણ રણ–જિત ન થાય, ।
વિવેક વગર ગુણ ગણ બધા, સાવ નકામા જાય."

ભાગ્યશાળી આત્મા ! ભણવું–ગણવું, વૈયાવચ્ચ કરવી, બધું જ વિવેક વગર નકામું છે. જેમ બધા અલંકારોમાં મુગટ મોટો છે, તેમ બધા ગુણોમાં વિવેક પણ મુગટ સમાન જાણવો. જેમ હજારો તારા પ્રકાશ આપી શકતા નથી, પરંતુ એક સૂર્ય ઘણો પ્રકાશ આપી શકે છે. તેમ તારા જેવા બીજા બધા ગુણો આત્મહિતકર થતા નથી. પરંતુ એક વિવેક ઘણો લાભકારી બને છે.

તમે અભ્યાસ કરો છો તે અનુમોદવા યોગ્ય છે. આટલી વૃદ્ધ વયે દીક્ષા લીધી તે ધન્યવાદ છે. દીક્ષા લેવા છતાં, જ્ઞાન ન મેળવાય તો, જીવ–અજીવની સમજણ પડતી નથી. જીવ–અજીવ ન સમજાય તો, જીવદયા પળે નહીં. જીવદયા ન પળે તો, ચારિત્ર આવે નહીં, ટકે નહીં, માટે જ્ઞાનનો અભ્યાસ અનુમોદનીય હોવા છતાં, સાથેના મુનિરાજોને કંટાળો આવે નહીં. તે પણ ધ્યાન રાખવા જરૂરી છે. તમારા જોરદાર અવાજોથી બધા સાધુઓ કંટાળે છે.

વડીલની શિખામણથી મુકુંદમુનિ થોડા દિવસ ધીમે ધીમે ગોખતા હતા. પરંતુ પાછા ભૂલી ગયા. વળી જોરથી ઘોષણા કરવા લાગ્યા.

તેથી એક દિવસ, ગુસ્સો નહીં પણ ગમ્મતથી; કોઈ સાધુએ ટીખળમાં મુકુંદ મુનિને કહ્યું, ભલા માણસ ! આટલું ઉતાવળું બોલીને, બધાને શા માટે કંટાળો કરાવો છો ? આટલી વૃદ્ધ ઉંમરે દીક્ષા લીધી છે. આવો ભણવાનો રસ હતોતો, જરા વહેલા થવું હતું ને ? હવે તમે શું સાંબેલું ફુલાવવાના છો ?

મુકુંદ મુનિને આવાં વાકયો સાંભળવા ગમ્યાં નહીં. પરંતુ અવસર અને યુક્તિવાળાં હોવાથી, મૌનપણે સાંભળી લીધાં. આખો દિવસ શૂન્ય મનથી બેસી રહ્યા. વિચારો આવ્યા, વય થઈ ગઈ છે. જ્ઞાન ચડતું નથી. "જ્ઞાન વગરના માણસો પણ, પશુ જેવા ગણાયા છે." કોઈપણ ભોગે જ્ઞાન મેળવવું. સરસ્વતીની કૃપા વગર સર્વશાસ્ત્રો પામી શકાય નહીં. માટે ગુરુજીની આજ્ઞા અને આશીર્વાદ લઈને, સરસ્વતીની આરાધના કરું.

પોતાના વિચારો ગુરુજીને જણાવ્યા. ગુરુ મહારાજે પણ વૃદ્ધશિષ્યની યોગ્યતા વિચારીને,આજ્ઞા આપી. મુકુંદ મુનિ પણ ભરુચ્ચ નગરમાં, નાલિકેરવસહી નામના જિનાલયમાં,

આવીને, પદ્માસન લગાવીને, સરસ્વતી દેવીનું ધ્યાન શરૂ કર્યું. ચોવીહાર એકવીસ ઉપવાસ, મનની એકાગ્રતા, સાત્ત્વિકભાવ, "**कार्यं साधयामि वा देहं पातयामि**"।

"ભલે દેહ ક્ષય પામતો, (પણ) અવશ્ય કરવું કામ."

બધા અનુકૂળ સંયોગો મળવાથી, સરસ્વતી સાક્ષાત થયાં અને બોલ્યાં, ભદ્ર! ધ્યાનનો ત્યાગ કરીને મારી સામું જો! આજથી હવે તારા સર્વ મનોરથ સિદ્ધ થશે. તું ક્યાંઈ સ્ખલના પામીશ નહીં. સર્વદેશોમાં, સર્વસ્થાનોમાં, બધા વાદીઓની સભામાં તમારી જીત થશે. તમારા વડે જૈનશાસનની પ્રભાવના થશે. બોલીને શ્રુતદેવી અદૃશ્ય થયાં. અને સરસ્વતી પ્રસાદ પામેલા મુનિ, ગુરુ પાસે આવ્યા. સાધુઓની સભામાં, હજારો આસ્તિકોની હાજરીમાં, મુશળ મંગાવી, પ્રાસુક જળ છાંટીને, મુશળને પુષ્પો ઉગાડ્યાં.

અને તેમનામાં યોગ્યતા જણાવાથી, ગુરુજીએ આચાર્ય પદવી આપી. તથા વૃદ્ધવાદી સૂરિ એવું નામ આપ્યું. અને ગુરુમહારાજ સ્કંદિલાચાર્ય ભગવાન અનશન કરી સ્વર્ગે સિધાવ્યા. તેથી ગુરુમહારાજના વિરહવાળા સ્થાન પ્રત્યે અણગમો થવાથી, ભરુચ્ચ શહેરથી વિહાર કરીને, વૃદ્ધવાદી સૂરિ મહારાજે વિશાલા (ઉજ્જૈન) નગરી તરફ પ્રયાણ કર્યું.

રસ્તામાં સિદ્ધસેન નામનો ચૌદ વિદ્યા પારગામી પંડિત સામે મળ્યો. તે બાણું લક્ષ માળવાના મહારાજા, તથા ઉજ્જયિની નગરીના રાજવી, વિક્રમાદિત્યના પુરોહિત, દેવર્ષિ બ્રાહ્મણ અને દેવશ્રીદેવીનો પુત્ર હતો. તે બુદ્ધિ અને વિદ્યાના ગર્વથી, દેશોદેશ અને ગામોગામ ફરીને, વાદવિવાદ કરીને, અનેક વાદીઓને હરાવીને, વૃધ્ધવાદીને ખોળતો આજે ભટકાઈ ગયો.

તેણે વૃધ્ધવાદીને કહ્યું, હું તમારું નામ સાંભળીને, તમારી સાથે શાસ્ત્રાર્થ કરવા આવ્યો છું. તમે મારું નામ સાંભળીને, ભય પામીને ભાગી જાવ છો. પરંતુ મેં તમને પકડી લીધા છે. મારી સાથે વાદ કરો. તમે વેદો અને ઈશ્વર કર્તૃત્વનું ખંડન કરો છો. આજે હું તમને છોડવાનો નથી.

વૃદ્ધવાદિસૂરીનો ઉત્તર : ભાઈ! વાદ કરવાની અમારી પણ તૈયારી છે. પરંતુ વાદ તો વાદી પ્રતિવાદી, સભ્યો, અને સભાપતિ, એમ ચતુરંગ કહ્યો છે. અહીં તો આપણે બે જ છીએ, માટે આવા જંગલમાં નહીં, પરંતુ ભરુચ્ચના રાજાની સભામાં જઈને, રાજા અને સભ્યોને તટસ્થ બનાવીને, વાદ કરીશું. વાદવિવાદ તટસ્થોની હાજરીમાં ફળવાન બને છે.

સિદ્ધસેન એ નહીં ચાલે. આ તો તમારી નાસી જવાની તરકીબ છે. મારે તો આ જગ્યાએ જ વાદ કરવો છે. આ પ્રમાણે પંડિતજીના આગ્રહને વશ બનીને, નજીકના ગોવાળીઆઓને બોલાવી સાક્ષી રાખ્યા, અને વૃદ્ધવાદીસૂરિ તથા સિદ્ધસેન પંડિતજીનો વાદ શરૂ થયો.

પંડિતજીના મુખમાંથી પોતાના પક્ષની દલીલો, સંસ્કૃતભાષામાં મુશળધાર વર્ષાદની ધારાની માફક શરૂ થઈ. પંડિતજી ખૂબ બોલ્યા. પરંતુ વનેચર ભરવાડો કાંઈ સમજ્યા નહીં. તેથી સિદ્ધસેન તરફ અણગમો બતાવતા, આંખો ફાડીને જોવા લાગ્યા. વૃદ્ધવાદીસૂરિ ભરવાડોના ભાવ જાણી ગયા. અને ભરવાડોને પૂછ્યું, તમે કાંઈ સમજ્યા? ભરવાડો કહે છે આ તો ઈરાની લોકોની ભાષા જેવું છે. અમે થોડું પણ સમજ્યા નથી.

ત્યારે વૃદ્ધવાદીસૂરિ પ્રાકૃતજનો પણ સમજી શકે તેવી ગાથા બનાવીને બોલ્યા :

**नवि मारियइ नवि चोरियइ, परदारह संगु निवारियइ ।**
**थोवहवि थोवं दाअइ, सग्गिहु गुट्टु गुजारइ ॥ १ ॥**

**અર્થ** : કોઈ જીવને મારવો નહીં. ચોરી કરવી નહીં. પરસ્ત્રીસંગ કરવો નહીં. તથા થોડામાંથી પણ થોડું, બીજાને આપવાની ટેવ પાડવી. ઓછામાં ઓછા સાધનથી નિર્વાહ કરવો.

વૃદ્ધવાદીના ઉચિત વક્તવ્યથી, ભરવાડો સમજી ગયા. બ્રાહ્મણની હાર અને આચાર્યની જિત જણાવીને, બધા ભરવાડો હસી પડ્યા. જો કે પંડિતજી વિદ્વત્તાપૂર્ણ અને દલીલોથી ભરેલું બોલ્યા હતા. પરંતુ જેવી સભા તેવું બોલવું. સ્વપરને ઉપકાર થાય તેવું બોલવું. આવી સમજણના અભાવે, ભરવાડોના ન્યાયથી, પંડિતજીએ, પોતાની હાર કબૂલ કરી. સિદ્ધસેન કહે છે :

"અવસર સંગત બોલે વાણ, બધી સભામાં થાય પ્રમાણ,
સભા વિરુદ્ધ ભાષણ જે થાય, પંડિત પણ તે મૂર્ખ ગણાય" ॥ ૧ ॥
"અવસરને સમજી બોલાય, સભા લોક સૌ રાજી થાય,।
સ્વપર પક્ષનો લાભ સધાય, તે માણસ પંડિત કહેવાય." ॥ ૨ ॥

માટે હું મારી હાર કબૂલ કરું છું. મારી પ્રતિજ્ઞા અનુસારે આજથી આપ મારા ગુરુ અને હું આપનો શિષ્ય થયો છું. આ પ્રમાણે પંડિતજીએ પોતાની હાર કબૂલ કરી તો પણ, ગુરુમહારાજ વૃદ્ધવાદીસૂરિએ, ભરુચના રાજાની સભામાં, અનેક પંડિતોની હાજરીમાં વાદ કરીને પંડિતને હરાવ્યો.

ન્યાયનિપુણ સિદ્ધસેને, પોતાની હાર કબૂલ કરી. સૂરિમહારાજના શિષ્ય થવા યાચના કરી. સૂરિમહારાજે, સારા દિવસે, શુભ મુહૂર્તે, સિદ્ધસેન બ્રાહ્મણને દીક્ષા આપી; કુમુદચંદ્ર નામ આપી, પોતાના શિષ્ય બનાવ્યા. શાસનમાં જયજયકાર થયો.

સિદ્ધસેન પંડિતનું દીક્ષા વખતનું કુમુદચંદ્ર નામ તેમના બનાવેલા, પાર્શ્વનાથસ્વામિની

સ્તુતિપૂર્ણ, કલ્યાણમંદિર સ્તોત્રના છેલ્લા ચુમાલિશમા શ્લોકમાં, **जननयन कुमुदचन्द्र** ઇત્યાદિ અક્ષરોથી સ્પષ્ટ સમજાય તેવું છે.

મુનિશ્રી કુમુદચન્દ્ર વ્યાકરણ, કાવ્ય, કોષ, ન્યાય, સાહિત્ય વગેરે ગ્રન્થોના, પંડિત તો પહેલેથી હતા. અને પછી સુગુરુના સહયોગથી, તે કાળના શાસ્ત્રોનો અભ્યાસ પણ બહુ થોડા વખતમાં જ કરી લેવાથી; અને તેમની સર્વશાસ્ત્રના પારગામી તરીકે, તથા બીજી પણ ઘણી યોગ્યતાઓ જણાવાથી, ગુરુશ્રી વૃદ્ધવાદીસૂરિશ્વરે, તેમને આચાર્યપદવીથી વિભૂષિત કર્યા.

આચાર્યપદવી વખતે, તેમનું કુમુદચંદ્ર નામ બદલીને, સિદ્ધસેનસૂરિ પાડવામાં આવ્યું હતું. અને તેમનાથી શ્રીસંઘને ઘણો લાભ થવાનું સમજીને, ગુરુમહારાજા એદેશો– દેશ વિચરવા આજ્ઞા આપી. તેથી તેઓ ઉગ્ર વિહાર કરી, અનેક દેશો અને ગામોને લાભ આપતા, એકવાર ચિત્રકૂટ પર્વત ઉપર પધાર્યા હતા.

ત્યાં પર્વતના એકભાગ ઉપર, જાડો, પહોળો, ઊંચો, વિશાળ સ્તંભ જોવામાં આવ્યો. બધી બાજુથી બારીકાઈથી તપાસતાં, કાષ્ટ–પત્થર કે માટીની બનાવટ નથી, એમ ચોક્કસ કરીને, પ્રયોગોદ્વારા સમજાયું કે, આ સ્તંભ ઔષધોના ચૂર્ણથી બનેલો છે. પછી બુદ્ધિબળથી, ઔષધિઓનું મિશ્રણ સમજીને, તેના વિરોધી દ્રવ્યો ઘસીને, સ્તંભમાં એક બાજુ છિદ્ર પાડયું. એટલે તેમાં ભૂતકાળમાં મહાપુરુષોએ, રક્ષણ માટે સ્થાપેલાં હજારો પુસ્તકો સિદ્ધસેનસૂરિને જોવામાં આવ્યાં. **યથાપ્રભાવક ચરિત્ર :**

**पुनःपुनर्निघृष्याथ, सस्तंभेछिद्रमातनोत् । पुस्तकानां सहस्राणि, तन्मध्येच समैक्षत ॥**

તેમાંથી એક પુસ્તક હાથમાં લીધું. અને એક પત્ર ઉપર લખેલ લીટીઓ પૈકી, એક લીટી તથા એક શ્લોક વાંચીને, જેટલામાં આગળ વધે છે, તેટલામાં શાસનદેવીએ, આચાર્યશ્રીના હાથમાં રહેલું પુસ્તક ઝૂંટવી લીધું. અને અદશ્ય રહીને દેવીએ જણાવ્યું કે, આ બધાં પૂર્વગત વચનો છે. આવાં પુસ્તકો વાંચવાની તમારામાં યોગ્યતા નથી.

સૂરિ મહારાજે બે લીટી વાંચી હતી. તેમાં પહેલામાં, સુવર્ણ સિદ્ધિનો મંત્ર અથવા આમ્નાય હતો. તથા બીજામાં મંત્રેલા સર્ષપો વડે, સૈન્ય નિષ્પન્ન કરવાનો મંત્ર અને આમ્નાય હતો. આ વસ્તુ- પામીને આનંદ પામેલા સિદ્ધસેનસૂરિ વિહાર કરીને, કર્માર નગર તરફ પધાર્યા. વાંચો પ્રમાણ.

**एकं पुस्तकमादाय, पत्रमेकं ततःप्रभुः । विवृत्य वाचयामास, तद्दीयामोलिमेककां । सुवर्णसिद्धियोगंच, तत्रप्रैक्षत विस्मितः । सर्षपैः सुभटानांच, निष्पत्ति–श्लोक एकके सावधानः पुरोयावद्वाचयत्येष हर्षभूः । तत्पत्रं पुस्तकं चाथ, जर्हे श्रीशासनामरी । तादृक्पूर्वगतग्रन्थ,–वाचने नास्तियोग्यता, सत्वहानि र्यतिः काल,—दौस्थ्यादेताद्दृशामपि ॥**

ઇતિ પ્રભાવકચરિત્ર, વૃદ્ધવાદી પ્રબંધ શ્લો. ૭૦–૭૧–૭૨–૭૩–૭૪ શ્લોકોનો ભાવાર્થ ઉપર લખાઈ ગયો છે.

**પ્રશ્ન** : વૃદ્ધિવાદીસૂરિ અને સિદ્ધસેન દિવાકરનો સમય, ભગવાન મહાવીરસ્વામીના નિર્વાણની પાંચમી સદીનો જણાવ્યો છે. અને પુસ્તક લેખનકાળ વી. નિ.-સં. દશમી સદીનો અંત ભાગ નકી છે. તો પછી ચિત્રકૂટના સ્તંભમાંથી હજારો પુસ્તકો નીકળ્યા તે, કયારનાં, કયા વખતનાં, અને કોણે લખાવેલાં હશે.

**ઉત્તર** : જૈન આગમો દશમી શતાબ્દીમાં લખાયા જાણવાં. પરંતુ આગમો સિવાયના બીજા ઉદ્ધૃત ગ્રન્થો પહેલાં પણ લખાયા હશે. કારણ કે આ બનાવ જેવો બનાવ મલ્લવાદીસૂરિના પ્રસંગમાં પણ બન્યો છે. તેમણે પણ ગુરુની મનાઈ હોવા છતાં, ગુરુની ગેરહાજરીમાં, પાંચમા જ્ઞાન પ્રવાદ પૂર્વમાંથી પૂર્વના મહર્ષિએ ઉદ્ધરેલો, નયચક્ર નામનો મહાગ્રન્થ વાંચવો શરૂ કરેલો. અને શ્રુતદેવીએ હાથમાંથી પડાવી લીધો.

મલ્લમુનિએ છઠ ઉપર છઠ, નિર્વિગય પારણું, છમાસ મોટો તપ કરી, શ્રુતદેવીની આરાધના કરી. શ્રુતદેવીના વચનથી, વાંચેલા એક શ્લોકના આધારે, દશહજાર શ્લોક પ્રમાણ **દ્વાદશાર નય ચક્ર** નામનો ગ્રન્થ બનાવ્યો હતો. આ પ્રમાણે બીજા પણ એક જૈનાચાર્ય મહાપુરુષને, કોઈ દેવે મંત્રો અને આમ્નાયવાળું એક પુસ્તક આપ્યાનું, વર્ણન જાણવા મળે છે. તેથી આગમો સિવાયના પુસ્તકો નવસોતાણું પહેલાં પણ હોવા સંભવ છે.

સિદ્ધસેનસૂરિ ભગવંતના ઉપદેશથી કર્મારનગરનો, દેવપાલ રાજા જૈન થયો હતો. તેટલામાં સૂરિ ભગવંતની હાજરીમાંજ, કામરુપદેશનો રાજા વિજયવર્મા, મોટા સૈન્યથી, દેવપાલ રાજાના દેશ ઉપર ચડી આવ્યો. દેવપાલ અલ્પ શક્તિ હોવાથી ભય પામીને, સૂરિ ભગવંતને, શરણે આવ્યો.

આચાર્ય મહારાજે સુવર્ણસિદ્ધ મંત્ર વડે ઇંટોના સમુદાયને સુવર્ણ બનાવ્યું. અને સર્ષપવિદ્યાથી સર્ષપો પાણીમાં નાખી, હથિયારબંધ સુભટો બનાવી, વિજયવર્માને ભગાડી મૂક્યો. દેવપાળરાજા અને તેની પ્રજામાં ધર્મ દઢતા ખૂબ થઈ. અને દેવપાલ રાજાએ, ગુરુને દિવાકર એવી પદવી આપી.

ત્યારથી સિદ્ધસેનદિવાકર એવા નામની જાહેરાત થઈ. પછી તો રાજાએ ગુરુની ઘણી ભક્તિ કરવા માંડી. ગુરુજીને, પાલખી મેના અને છેવટ હાથી ઉપર પણ બેસાડી રાજસભામાં લાવતો હતો. દેવપાલરાજાની ગાંડી ભક્તિથી, સિદ્ધસેનદિવાકરમાં પ્રમાદનો વધારો થવા લાગ્યો.

આ સમાચાર, ગુરુશ્રી વૃદ્ધવાદીસૂરિ મહારાજ સુધી પહોંચી ગયા. અને ગુરુ મહારાજાએ વિચાર કર્યો કે પ્રમાદને ધિક્કાર છે. આવા વિદ્વાન અને શાસ્ત્રોના પારગામી પણ, ભક્તોની ભક્તિમાં ભૂલા પડીને; પ્રમાદમાં ડૂબી જાય ત્યારે, બિચારા અજ્ઞાની જીવોની તો વાત શું કરવી ?

શાસ્ત્રો કહે છે કે :

चउद्दसपुव्वी–आहारगाय, महानाणिणो वीयरागाय
हुंति पमायपरवसा, तयणंतरमेव चउगइआ ॥ १ ॥

जइ चउद्दसपुव्वधरो, वसइ निगोए अणंतयंकालं,
निद्दाइपमायाओ, कहं होहिसि तुमं जीव ? ॥ २ ॥

**અર્થ** : ચઉદ પૂર્વધરો આહારક શરીર કરનારા, ઋજુમતિમનઃપર્યવજ્ઞાનીઓ, તથા અગ્યારમે ઉપશાન્તમોહગુણઠાણે–વીતરાગ દશા પામેલા, આ બધાં ઉચ્ચાં સ્થાનો છે. અનંતગુણ વિશુદ્ધિ વાળા જીવોજ આવા સ્થાને પહોંચે છે. આ જીવો પણ, નિદ્રાદિ પરમાદના પરવશ બને તો, ચારે ગતિ ભટકનારા પણ થઈ જાય છે.

ઉપકારી ગુરુજી શિષ્યને શિખામણ આપતા ફરમાવે છે કે, યદિ ચૌદપૂર્વી મહામુનિરાજો પણ પ્રમાદ સેવીને, નિગોદમાં પટકાય છે. અનંતો કાળ નીકળી જાય છે. તોપછી એક જ નહીં, સેંકડો પ્રમાદોની વખાર જેવો તું, કયાં જઈશ એનો વિચાર તો કર ?

**પ્રશ્ન** : મનઃ પર્યવજ્ઞાની તેજ ભવે મોક્ષ જાય છે એ વાત સાચી નથી ?

**ઉત્તર** : મનઃપર્યવજ્ઞાનના બે ભેદ છે, વિપુલમતિ અને ઋજુમતિ. તેમાં પહેલું વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન છે. તે અવશ્યમેવ તેજ ભવમાં મોક્ષગામી હોય છે. અપ્રતિપાતિ હોવાથી, જુઓ તત્ત્વાર્થ **विशुद्धय प्रतिपाताभ्यां तद्विशेषः ।**

**અર્થ** : ઋજુમતિમનઃપર્યવજ્ઞાન કરતાં, વિપુલમતિ મનઃપર્યવજ્ઞાનમાં, વિશુદ્ધિ ઘણી હોય છે. તથા આવેલું નાશ પામતું નથી. ઇતિ તત્વાર્થ અ. ૧ લો સૂ. ૨૫ તથા વિજયલક્ષ્મીસૂરિ પણ કહે છે.

"જીરે મારે જેહને વિપુલમતિ તેહ, અપ્રતિપાતિપણે ઉપજે જીરેજી ॥
જીરે મારે અપ્રમાદી ઋદ્ધિવંત ગુણઠાણે ગુણ ઉપજે જીરેજી ॥ ૧ ॥
ઇતિ જ્ઞાનપંચમી સ્તવન

અને ઋજુમતિ મનઃપર્યવજ્ઞાન વાળો આત્મા વખતે પડે પણ ખરો અને કોઈક બહુલકર્મી હોય તો નિગોદમાં પણ જાય. ચારે ગતિમાં પણ ભટકે, જેમ નયસારના ભવમાં સમકિત પામેલો, મરિચિના ભવમાં જિનેશ્વરદેવનો શિષ્ય બનેલો. શ્રેયાંસનાથ સ્વામિના સમવસરણમાં, વ્યાખ્યાન સાંભળનારો, વિશ્વભૂતિના (૧૬ મા) ભવમાં એકહજાર વર્ષ ભાવચારિત્ર આરાધનારો પણ, પ્રભુ મહાવીરનો આત્મા, પ્રમાદનાજ કારણે, એક કોટાકોટિ સાગરોપમ, એટલે અસંખ્યાતો કાળ, ચારે ગતિમાં રખડ્યો છે. જ્ઞાનીઓ શિખામણ આપે છે કે :

"વહાણો જેવા મહામુનિ, પણ ભટકયા સંસાર, ।
પથ્થરની શીલાસમો, તરીશ કેમ સંસાર." ૧

મંગુ જેવા સૂરવિરો, ગુણગણના ભંડાર, ।
કેવલ રસના દોષથી, પામ્યા અસુર અવતાર." ૨

"એકજ ચક્ષુ દોષની, શ્રમણી રુપીરાય, ।
પાળ્યાં પાંચે મહાવ્રતો, પણ ભટકી ભવમાંય." ૩

"જુઓ લખમણા સાધ્વી, અલ્પ દોષ મન થાય, ।
કાલચક્ર ચાલીશમાં, ભવમાં ભ્રમણો થાય." ૪

"પૂર્વજ્ઞાન ધરનારને, રત્નત્રયી ભંડાર, ।
અતિ અલ્પ પ્રમાદથી, ભટકયા બહુ સંસાર." ૫

"અનંતકાળથી જીવને, પ્રમાદમાં બહુ પ્યાર, ।
વિષય–કષાય–વિકથા કરી, ભટકે બહુ સંસાર." ૬

તેથી વૃદ્ધવાદિસૂરિ મહરાજ, વેશ પરિવર્તન કરીને, સિદ્ધસેન દિવાકરને પ્રતિબોધ કરવા માટે, કર્માંરપુર પધાર્યા. અને દિવાકરજી પાલખીમાં બેસીને રાજસભામાં જતા હતા, તે પાલખીમાં ઉપાડનાર બનીને ચાલ્યા. રસ્તામાં વૃદ્ધાવસ્થાને કારણે, એકવાર બેવાર, વાંસો બદલાવતાં દેખીને, પાલખીમાં બેઠેલા સૂરિજી બોલ્યા :

**भूरिमारभराक्रान्तः, स्कन्धोयंतवबाधति** ? । ત્યારે પાલખી ઉપાડનાર સૂરિજીનો **ઉત્તર न तथा बाधते स्कन्धो । यथा बाधति बाधते ॥ १ ॥**

**અર્થ** : શિષ્ય પાલખીમાં બેઠા છે. ઘરડા ગુરુ પાલખી ઉપાડી ચાલે છે. ત્યારે થાકેલા ભારવાહકને, સિદ્ધસેનસૂરિએ પૂછયું, કેમ મજુર ! ઘણો ભાર લાગવાથી તારો આ વાંસો દુખે છે ? આ જગ્યા વ્યાકરણનો બાધતિ પ્રયોગ અશુદ્ધ છે. ત્યારને મજૂરના વેશમાં રહેલા સૂરિજી કહે છે. ભાઈ ! જેટલો મારો વાંસો દુખવાનું મને દુખ થાય છે, એના કરતાં પણ **बाधति** ક્રિયાપદ ખૂબ દુખ આપે છે.

તમારા જેવા ચૌદ વિદ્યાના પારગામી, મહા વિદ્વાન તરીકેનો અભિમાન રાખનારા, રાજાના માનવંતા ગુરુજી બનીને, આવું અશુદ્ધ બોલો છો, તે ખરેખર મોટા દુખનું કારણ થયું છે. મજૂરના રૂપમાં, ચાલતા ગુરુજીની આવી બારીક ટકોર સાંભળીને, સિદ્ધસેનસૂરિ સમજી ગયા.

મારા ગુરુ વિના આવી ઝીણી ભૂલ, બીજા કોણ કાઢી શકે? ખરેખર પ્રમાદને ધિક્કાર છે. પ્રમાદ વશ બનેલા પૂર્વધરો, પૂર્વના જ્ઞાનને ભૂલી ગયા છે. અને સંસારની અટવીમાં અટવાઈ ગયા છે. પછી મારા જેવા પુસ્તકિયા પંડિતની શી વિસાત? મારા પ્રમાદની પણ પરાકાષ્ટા ગણાય. જે ગુરુ મહારાજાએ મને મિથ્યા માર્ગ છોડાવી, શુદ્ધ માર્ગ બતાવ્યો છે, તે ગુરુનું સન્માન તો દુરે રહ્યું. પરંતુ ઉપરથી મારી પાલખીના મજૂર! ખરેખર પ્રમાદ જેવો એકપણ શત્રુ જગતમાં બીજો નથી.

**मज्ज विसय कषाया, निद्दा विकहा च पंचमी भणिया। एए पंचपमाया जीवं पाडयंति संसारे ॥ १ ॥**

**અર્થ** : આઠ પ્રકારના મદ=અભિમાન=ગર્વ[1], પાંચ ઇન્દ્રિયના વિષયો[2], ચાર કષાયો[3] પાંચ નિન્દ્રાઓ[4], તથા સ્ત્રીઓની, ભોજનની, દેશની, અને રાજ્યની કથાઓ[5], આ પાંચ પ્રમાદોને પરવશ બનેલા જીવો, મનુષ્યગતિ–દેવગતિ જેવાં સ્થાનો પામીને, વીતરાગનો મુનિવેશ પામીને પણ, પડી જાય છે. સંસારમાં ભટકવા ચાલ્યા જાય છે.

"વિષ વિષધર મહારોગને, શત્રુના સમુદાય, ।
અલ્પ દુખ ન કરી શકે, હોય પુણ્યની સહાય." ॥ ૧ ॥

"પુણ્ય સહાય વધવા થકી, પ્રમાદ પુષ્કળ થાય, ।
હિંસાદિ પાપો કરી, જીવ નરકમાં જાય." ॥ ૨ ॥

"જગના સઘળા શત્રુઓ પુણ્યથકી અનુકુળ, ।
પણ પ્રમાદ શત્રુ કને, પુણ્યો પણ પ્રતિકુળ." ॥ ૩ ॥

"ચાર ગતિના જીવને, પુણ્યથકી સુખ થાય, ।
પ્રમાદ મિત્રની સહાયથી, ચાર ગતિ દુખ થાય." ॥ ૪ ॥

"પુણ્યવધેતો સુખવધે, સુખમાં વધે પ્રમાદ, ।
પ્રમાદથી પાપો વધે, કુગતિ દુઃખ અગાધ." ॥ ૫ ॥

"દેવો ચાર નિકાયના. નૃપો અને ધનવાન, ।
પ્રમાદમાં પરવશ બની, રખડે ચઉગઇરાન." ॥ ૬ ॥

સિદ્ધસેનસૂરિ આવા આવા વિચારો કરીને, થોડા જ ક્ષણોમાં જાણે નિદ્રામાંથી જાગ્યા હોય તેમ, એકદમ—સુખાસનમાંથી, પડતું મૂકીને, ગુરુજીના પગમાં પડી ગયા. અને હાથ

જોડીને, ગળગળા થઈને, માફી માગવા લાગ્યા. પ્રભુ મારા ગુનાઓ માફ કરો. હવે કયારે પણ આવું નહીં થાય.

ગુરુ મહારાજ શિખામણ દેવા એક ગાથા સંભળાવે છે :

**अणफुल्लियफुल्ल म तोडहिं मा रोवा मोडहिं ।**
**मणकुसुमेहिं अच्चि—निरंजणु हिंडइ कांइ वणेण वणु ॥ १॥**

આ ગાથા સંપૂર્ણ સાંભળી લીધી. કંઠસ્થ થઈ ગઈ. પરંતુ અર્થ સમજાયો નહીં. ત્યારે તો દિવાકરજીના ગર્વના ભુક્કા થઈ ગયા. અને વિચારવા લાગ્યા. અહો ગુરુજીમાં જ્ઞાન–ત્યાગ અને ઉપકારની સીમા નથી. તોપણ અભિમાનનો અંશ નથી. ખરેખર જ્ઞાનને પામવું ખૂબ મુશ્કેલ છે. તેનાથી પણ પચાવવું અનેક ગુણ કઠીણ છે.

"પામર જ્ઞાન પામે નહીં, જ્ઞાની કોઇક જ થાય, ।
પ્રમાદ–ગર્વ–નવ થાય તો, જ્ઞાની મુક્તિ જાય." ॥ ૧ ॥

"તપ કરવો બહુ સહેલ છે, ભણવું બહુ મુશ્કેલ, ।
પાપ–પુણ્યને સમજવાં, તેથી પણ મુશ્કેલ." ॥ ૨ ॥

"ખરને જ્યું ચંદન તણો, ભાર સુગંધ નવ થાય, ।
પામર ખૂબ ભણે છતાં, મુક્તિ કોય ન જાય." ॥ ૩ ॥

"જ્ઞાનતણું ફલવિરતિ, એમ ભાખે જિનરાય, ।
પણ જો પડે પ્રમાદમાં, જ્ઞાની કેમ કહેવાય?" ॥ ૪ ॥

સિદ્ધસેનસૂરિ, ગાથાનો અર્થ સમજ્યા નહીં. તેથી ગુરુ મહારાજને અર્થ પૂછયો. વૃદ્ધવાદિસૂરિ મહરાજ અર્થ બતાવે છે :

**अप्राप्तफलानि पुष्पाणि मा त्रोटय ? योगः कल्पद्रुमः यस्मिन् मूलं यमनियमाः ध्यानं प्रकाण्डप्रायं। स्कन्धश्री समता तथा कवित्ववक्तृत्व–प्रताप–मारण–स्तम्भन–उच्चाटन–वशीकरणादिनि सामर्थ्यानि पुष्पाणि फलं केवलज्ञानं ॥**

**અર્થ** : ભાઈ! ફળ લાગ્યા પહેલાં પુષ્પોને તોડીને ખાઈ જઈશ નહી. ચારિત્ર કલ્પવૃક્ષ– છે. જેમાં ચરણસિત્તરિ–કરણસિત્તરિ યમો અને નિયમો છે. અથવા પાંચમહાવ્રતો તે યમો છે. અને વ્રત–પચ્ચખ્ખાણો ઉત્તરગુણો નિયમો જાણવા, ધ્યાન તે વૃક્ષનું થડ જાણવું. સમતા સ્કન્ધની શોભા જાણવી. તથા કવિતા,–વાચાળતા, પ્રભાવ–મારણ–સ્તંભન ઉચ્ચાટન, વશીકરણ આવી બધી શક્તિઓ પુષ્પના સ્થાને જાણવી. ચારિત્રરૂપ કલ્પ–વૃક્ષનું ફળતો કેવલજ્ઞાન જ જાણવું.

ભાઈ! હજી તો ચારિત્ર કલ્પવૃક્ષનાં ફુલો જ ખીલ્યાં છે. તેને તોડીને ખાઈ ન જવાય— તો, ભવિષ્યમાં, કેવલજ્ઞાન, ક્ષાયચિકસમ્યત્વ, યથાખ્યાતચારિત્ર અને અનંતવીર્ય વગેરે મહાફળો વડે ફળશે. અને આત્માના સર્વ રોગો, બધા વિઘ્નો, બધા દુખો, વિયોગ, શોક, આપત્તિ, ગભરામણ, વગેરે મુશ્કેલીઓનો નાશ થશે. અને આત્માની સહજાનંદદશા પ્રકટ થશે.

## આ જગ્યાએ બે આંબાવાળાની કથા લખાય છે.

કોઈક એક મોટા શહેરની નજીકમાં, એક ખેડૂત લોકોનું ગામડું હતું. તેની આજુબાજુ ઘણી સારી જમીન હતી. ત્યાં એક ખેડૂત રહેતો હતો. તેને ઘેર મહેમાન આવેલા હતા. ખેડૂતે પરદેશના મહેમાનોની ઘણી સારવાર કરી. તેથી પ્રસન્ન થયેલા પરદેશી મહેમાને, તેને આંબાની બે ગોટલી આપીને વિધિ બતાવ્યો. અને મહેમાનો ગયા.

ખેડૂતે મહેમાનોના કહેવા મુજબ પોતાના કબજાની સારી જમીનમાં, ગોટલીઓને વાવી. અને મહેમાને બતાવેલ વિધ મુજબ, ખાતર તથા પાણી સિંચવાની સાવધાનતા પણ સાચવી. બે જગ્યાએ જુદા જુદા સ્થાનમાં, આંબા ઉગ્યા. અને મોટા થવા લાગ્યા બે ત્રણ ચાર વર્ષમાં, આંબા મોટાં રળિયામણા વૃક્ષો બની ગયાં. મહોર આવી, ફળો પણ લાગ્યાં.

ફળો મોટાં બોર જેવડાં થયાં, તેટલામાં વૃદ્ધ ખેડૂત આયુષ પૂર્ણ થતાં મરણ પામ્યો. પરંતુ મરતી વખતે, પોતાના બેપુત્રોને પાસે બોલાવીને, આંબાનાં બીજ આપનાર પરદેશીની વાત કહીને,બે પુત્રોને બે આંબા ભાગે પડતા આપી દીધા. અને પિતાએ કહેલું કે બેટાઓ! આ ઝાડ આપણાં અજાણ્યાં છે. તો પણ આપણા ઘેર આવી ગયેલા અતિથિના વર્ણન પ્રમાણે, આ વૃક્ષોનાં ફળો મહા કીમતી છે. માટે કાચા ફળ તોડશો નહીં. તૂટવા દેશો નહીં.

પિતાના મરણ પછી, પાંચપંદર દિવસો ગયા પછી, નજીકના શહેરના કેટલાક શાક વેચનારા આવ્યા. અને આંબાનાં ફળો જોયાં. બેભાઈ ખેડૂતો પાસે માગણી કરી કે અમારા શહેરમાં, શાક માટે આ ફળો ખૂબ કિંમતે વેચાય છે. અમને આપી દો અને તમને જોઈએ તેટલા દામ માગી લો. ખેડૂતો બેકાર હતા. રોજેરોજની કમાણીથી આજીવિકા ચાલતી હતી. તેથી આંબાની ખરીદીવાળાને જોઈ રાજી થયા.

મોટાભાઈ ખરીદીયાની વાતો સાંભળી લલચાઈ ગયા, અને ભોળવાઈ ગયા. મારઝૂડ કરીને બોરા જેવડી, ખારેક જેવડી બસો મણ કાચી કેરી ખેરવી નીચે પાડી, રૂપિયે મણ વેચી બસો કમાયા, બારે માસ રાબડી પીને જીવનારા, લાડવા જમનારા થયા. ફાટેલાં લૂગડાં કાઢી નાખ્યાં. નવાં સીવડાવ્યાં. બાપડા મટીને ફાંકડા થઈ ગયા.

નાનાભાઈએ શાકવાળાની માગણી સાંભળી. પરંતુ પિતાજીનાં વાકયો યાદ હતાં.

તેથી દુઃખ ભોગવવું, ભૂખ્યા રહેવું. મજૂરી કરવી બહેતર છે. પરંતુ કાચાં કુમળાં ફળો, વેચવાં નથી. આંબાને સોટી, લાકડી કે પાણા મારવા નથી. કાચાં ફળો પાકશે ત્યારે પોતે જ નીચે પડશે, અથવા આંબાને કીલામણા આપ્યા સિવાય, ફળો ઉતારશું. નાનાભાઈ ખેડૂતનો ઉત્તર સાંભળીને, શાકવાળા ચાલ્યા ગયા.

નાનાભાઈએ ભૂખ-અને દુઃખ ભોગવીને, આંબાને સાચવ્યો, સંપૂર્ણ ફળો આવ્યાં. પાકી ગયાં. એકેક તોલાનાં ફળો, એક રતલ વજનદાર થયાં. રૂપિયે મણ હતાં. તે વીશ રૂપિયે મણ વેચાયાં. પહેલી સાલે જ ચાલીસ પચાસ હજાર કમાયો.

ઉપનય. આંબો તે ધર્મ જાણવો. પિતાને ગુરૂ અથવા જિનેશ્વરદેવ સમજવા. બે ખેડૂત ભાઈ સંસારી જીવ, અથવા ચારિત્ર્યધારી સાધુ સમજવા. કાચી-પાકી કેરીયો તે ચારિત્રરૂપ આંબાના તાત્કાલિક અને ભવિષ્યના લાભો સમજવા. કેટલાક અમારા-જેવા પુદ્ગલાનંદી જીવો વર્તમાન વેશના, વર્ષીતપ-વિશસ્થાનકતપ, વર્ધમાનતપ-જેવા. અગર ઘણા આકરા તપ કરીને, ખાન-પાન અને માનમાં ખોઈ નાખે છે.

કેટલાક ખૂબ જ્ઞાન પામીને, વ્યાખ્યાન શક્તિ હોય, કંઠ મધુર હોય, શિષ્યો ઘણા હોય, પછી ખાન-પાન-માન-પરિધાનમાં ભાન ભૂલીને, ચાલુ જન્મની કમાણી ચાલુ જન્મમાંજ ખાઈ જાય છે. કેટલાક આપ વખાણ કરાવવા, પેપરોમાં પોતાની કીર્તિનો ફેલાવો કરે છે. ભાડવાત લખનારાઓને પૈસા આપી, પોતાનાં જીવનચરિત્રો લખાવે છે. આ બધા કાચાં ફળો તોડીને ખાનાર મોટાભાઈ ખેડૂત જેવા જાણવા. અને સમયે પોતાની મેળે પાકેલાં ફળો વેચનાર ખેડૂત જેવા, પૂર્વના મહામુનિરાજો અથવા હમણાં પણ ઉપરના દોષોથી મુક્ત હોય તેવા જાણવા.

**માટેજ ઉપાધ્યાયજી મહારાજ, સન્મતિતર્કની ગાથાનો અનુવાદ જણાવે છે.**

"જેમ જેમ બહુશ્રુત, બહુજન સંમત, બહુ શિષ્યે પરિવરિયોજી;
તિમતિમ જિનશાસનનો વયરી જેનવિ નિશ્ચય દરિયોજી ॥ ૧ ॥

**અર્થ** : યદિ આત્મા નિશ્ચય ભાવને સમજે નહીં, પામે નહીં, વિચારે નહીં, આ બધું મને મળ્યું છે, તે મારે ચાલુ જન્મમાં વટાવીને ખાઈ જવા માટે નથી. હજી મારામાં રત્નત્રયી વિચારું તો કયાંય દેખાતી નથી. પાંચ મહાવ્રતોમાં એકે સાજું નથી. પાંચ સમિતિ ચોખ્ખી, શુધ્ધ સચવાય તોજ, પહેલું મહાવ્રત શુધ્ધ રહી શકે છે. એક દિવસમાં નવ વાર કરેમિ ભંતે" હું ઉચ્ચરૂં છું, પરંતુ મારામાં સર્વસાવદ્યનો એકવિધ ત્યાગ પણ નથી.

ચાર પ્રકાર અદત્ત હમ્મેશ બારે માસ લેવાય છે. સ્વામી અદત્તની ભજના વિચારીએ તોપણ, તીર્થંકર-ગુરુ-અને જીવ અદત્ત લાગીજવાની સંભાવના ખોટી નથી. નવ વાડો પૈકી ઘણી વાડો હણાય છે. તેથી ચોથાને પણ ક્ષતિ પહોંચે છે. તથા કપડા,

કામળી, પાત્રા, પુસ્તકોનો સંગ્રહ વિચારનારને, પોતાના "**सव्वाओ परिग्गहाओ वेरमणं**" પાંચમા મહાવ્રતને, કેટલો ધક્કો લાગે છે, એનો જરૂર ખ્યાલ આવ્યા વિના રહે નહીં.

વળી, ઉપાધ્યાજી મહારાજ ફરમાવે છે.

"જ્ઞાન-દર્શન-ચરણ ગુણ વિના, જે કરાવે કુલાચાર રે;
લુટિયા તેણે જન દેખતાં, ક્યાં કરે લોક પોકાર રે ॥ ૧ ॥

આ ગાથાનો અર્થ એવો છે કે રત્નત્રયીનો અંશ પણ ન હોય છતાં, પોતાને ગુરુ મનાવીને, લોકો પાસેથી વંદન-પૂજન-સત્કાર, સન્માન લેનારાઓ, વાસ્તવિક તારનારા નથી; પરંતુ ધોળા દિવસના ધાડપાડુઓ જેવા છે. આવા વેશધારી કુગુરુઓ, પોતે બૂડે છે, અને બીજાઓને-આશ્રિતોને બુડાડે છે. માટે પરલોકનું એકાન્ત કલ્યાણ સમજનારા મહામુનિરાજોએ, પોતાની જાતને ઓળખવી જોઈએ.

ભૂતકાળના સૂરિપુરંદરો, ઉપાધ્યાય ભગવંતો, અને મહામુનિરાજો, બારે માસ પ્રાયઃ છ વિગય, પાંચ વિગય, ચાર વિગયના ત્યાગી હતા. છઠ-અઠમ-વગેરે તપ કરતા હતા. પારણે લુખ્ખા આહાર વહોરતા હતા. એકાશણું અને પોરિસી છેલ્લા નંબરનો તપ ગણાતો હતો. ત્યાગની જ છોળો ઉછળતી હતી.

**પ્રશ્ન** : યદિ જૈનમુનિઓ નવકારસી કરતા જ ન હોય તો, નવકારસી પચ્ચખ્ખાણમાં કેમ છે? અર્થાત્ પચ્ચખ્ખાણોના નામોમાં નવકારસી પચ્ચખ્ખાણ શા માટે?

**ઉત્તર** : ઉપકારી ભગવંત જિનેશ્વરદેવો ત્રિકાલજ્ઞ હતા, સર્વજ્ઞ હતા. જગતના સર્વ જીવોને ધ્યાનમાં રાખી, તેમની આરાધના વધારવા માટે, વખતે કોઈ બાલ હોય, કોઈ ગ્લાન હોય, કોઈ સુકુમાળ હોય, તપ કરી શકતા જ ન હોય, આવા જીવો પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વિમુખ ન બની જાય, તેવાઓને નવકારસી પણ કરાવી શકાય છે.

**પ્રશ્ન** : શ્રીવીતરાગ શાસનમાં "**मुच्छा परिग्गहो वुत्तो नायपुत्तेण ताइणा।**"

**અર્થ** : ભગવાન મહાવીર સ્વામીએ, મૂર્ચ્છાને જ પરિગ્રહ ફરમાવેલ છે. તો પછી જેમને મૂર્ચ્છા જ ન હોય તેવા, સૂરિ વાચક મુનિરાજોને, પરિગ્રહ મમતાનો દોષ લાગે જ નહીં ને?

**ઉત્તર** : ભાઈ! જાંગુલી નામની ઔષધીને, ડાબા હાથમાં રાખીને, કોઈ માણસ જમણા હાથમાં, કાળી નાગણીને પકડે, તોપણ, તે માણસને, નાગણી કરડી શકતી નથી. કારણ જાંગુલિ ઔષધિમાં અથવા જાંગુલ મંત્રમાં તાકાદ છે. તેમ જે સૂરિભગવંતોમાં, ઠાંસી ઠાંસીને નિસ્પૃહતા જાંગુલિ ભરી હોય, તેવાઓને, મૂર્ચ્છા નાગણી શું કરી શકે?

જેમ જાંગુલિ ઔષધિ યા મંત્રવાળા ગારુડીનું, બીજા માણસ અનુકરણ કરે તો,

તત્કાળ યમસદન પહોંચે. તેમ પૂર્વાચાર્યોનાં અથવા હમણાં પણ એવા કોઈ ગીતાર્થ ભાવાચાર્ય હોય તેવાઓનું, આપણા જેવા પામરો અનુકરણ કેમ કરી શકે?

હવે અહીં ઉપાધ્યાયજીની ઉપરની ગાથાનો, પૂર્વાર્દ્ધ વિચારીએ. જેમ જેમ બહુશ્રુત એટલે ઘણો વિદ્વાન થતો જાય, જેમ જેમ ઘણા માણસોનો માનનીય, પૂજનીય, પ્રશંસનીય થતો જાય, ઘણા શિષ્યોનો ગુરુ થાય, ઘણા માણસોનો આગેવાન થાય, તેવાને જો શ્રીવીતરાગ દેવોની નિશ્ચયદષ્ટિ મળી ન હોય તો, શ્રીવીતરાગ શાસનનો વયરી જાણવો.

અર્થાત્ પોતાનું ખરાબ કરવા સાથે, આશ્રિતોનું પણ ખરાબ કરનારો થાય છે. વાંચો નીચે;

"જૈનાગમ જાણ્યા વિના, ગચ્છધારી જે થાય, ॥ ૧ ॥
સ્વયં પડે સંસારમાં, સાથે લઈ સમુદાય."

"જિનવાણી વાંચે ઘણી, મનન કરે જિનવાણ,
પામે તત્વ નિચોડતો, ગીતારથ ગુણખાણ." ॥ ૨ ॥

આગમ તત્વો તારવી, ઉત્સર્ગ ને અપવાદ.
પછી દીએ ઉપદેશ તો, બને નહી બકવાદ, ॥ ૩ ॥

વાચકો સમજી શકે છે કે, સિદ્ધસેન દિવાકર જેવાઓ, ભકતોની ભક્તિમાં ભૂલા પડ્યા હતા. સિદ્ધસેનદિવાકરને, મલ્લવાદિસૂરિને શાસનદેવીએ અયોગ્ય ઠરાવ્યા હતા. સ્થૂલભદ્રસૂરિ જેવા શીલગુણ ભંડારને, ગુરુજીએ અયોગ્ય ઠરાવી, શ્રુતજ્ઞાનનો અર્થ ન બતાવ્યો. શ્રીવીતરાગ-શાસનની ગહનતા કેટલી થાગ વગરની છે?

વૃદ્ધવાદી સૂરિમહારાજ, પોતાના શિષ્ય રત્ન સિદ્ધસેનસૂરિને, શિખામણ આપતા ફરમાવે છે કે, મહાશય! હજીકતો યોગ (ચારિત્ર–યાને રત્નત્રયી–પાંચ મહાવ્રતો) કલ્પવૃક્ષનાં માત્ર પુષ્પો જ ઉગ્યાં છે. તે યોગકલ્પવૃક્ષનું ફળ તો કેવળજ્ઞાન અને મોક્ષ જ છે. તો પછી ફળ લાગ્યા પહેલાં કુણાં પુષ્પો શા માટે ચૂંટે છે–તોડે છે? ફળો આવ્યા પહેલાં પુષ્પો ન તોડવાં જોઈએ.

જેમ કાચા મરવા–કાચી કેરી વેચનારો ખેડૂત, આખી જીંદગી, ધનવાન થતો નથી. ગરીબી નાશ પામતી નથી. પરતંત્રતા ચાલુ રહે છે. ઠામઠામ દીનતા સેવવી પડે છે. વારંવાર કાચી કેરી વટાવવા જેવી સ્થિતિ આવીને ઉભી રહે છે. પરંતુ થોડો વખત તીવ્ર દુખ ભોગવીને પણ, કાચી કેરી નહિ વેચનાર નાનો ભાઈ, સર્વ કાળને માટે સ્વાધીન બની ગયો.

આ સ્થાને વીતરાગના સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તપના આરાધક જીવો. આંબા અને કલ્પવૃક્ષથી કે, ચિન્તામણિ રત્નથી પણ, ચડી જાય એવાં ફળ, સ્વર્ગ અને મનુષ્યોના ઉત્તરોત્તર શ્રેષ્ઠ ભવોને પામે છે. અને પ્રાન્તે કેવળ જ્ઞાન પામી મોક્ષ મેળવે છે.

જેમ શંખરાજા અને કલાવતી રાણીના જીવો, એકવીસ ભવ અને અસોને બત્રીસ

સાગરોપમકાળ કાળ સંસારમાં રહ્યા, પરંતુ એક પછી એક મનુષ્યના અને દેવના ઉચ્ચ ઉચ્ચતર ભવોને પામતા ગયા. પ્રત્યેક ભવોમાં ચારિત્રની પ્રાપ્તિ, નિરતિચાર આરાધના, અને નિરાશંસભાવ હોવાથી, કેવળ પુણ્યાનુબંધિ પુણ્યો જ બંધાયાં, અને ભોગવાયાં હતાં.

**પ્રશ્ન** : શંખરાજા અને કલાવતી રાણી ક્યારે થયાં છે? કયા જિનેશ્વર દેવના તીર્થમાં થયાં છે? કેટલીક સઝાયોમાં કલાવતી રાણીએ, મહાવીર પ્રભુજી પાસે દીક્ષા લીધાનું જણાવ્યું છે. તે બરાબર છે કે કેમ? દલીલથી સમજાવો.

**ઉત્તર** : કલાવતી જે શંખ રાજાની રાણી છે. જેના હાથ કપાયા છે, તે **શંખ** અને **કલાવતી**ના અગિયાર ભવ મનુષ્યના, અને દશભવો દેવના થયા છે. એકવીસમા ભવે કલાવતી જીવ, ગુણસાગર વણિકપુત્ર થયા. પરણવા ગયા. ચોરીમાં, આઠ કન્યાઓના પાણિગ્રહણની વિધિમાં, કેવળજ્ઞાન પામ્યા હતા. અને શંખરાજાનો જીવ એકવીસમા ભવે, પૃથ્વીચંદ્ર રાજા થઈ, રાજ્યાસન ઉપર બેઠેલા, ગુણસાગરની કથા સાંભળી કેવલી થયા. અને બન્ને મહાપુરુષો ઘણો કાળ સર્વજ્ઞપણે વિચરી, અનેક જીવોને રત્નત્રયીનું દાન કરી મોક્ષમાં ગયા છે.

આ વર્ણનથી વાચકો સમજી શકે છે કે, ભગવાન મહાવીર દેવના તીર્થમાં, કલાવતી દીક્ષિત થયાની સઝાયકારોની દલીલો ખોટી છે. બંને મહાશયોના એકવીસ ભવો, અને પૃથ્વીચંદ્ર–ગુણસાગર ભવમાં મોક્ષની વાત ઘણી પ્રસિદ્ધ છે.

અને તેઓ સુવિધિનાથ સ્વામીના તીર્થમાં મોક્ષ પધાર્યા છે. તેનું પ્રમાણ એવું છે કે, કલાવતી જીવ, ત્રીજા ભવમાં, શ્રીકેતુરાજાની પુત્રી ગુણસેના થઈ છે. તે શ્રીકેતુરાજાના સમકાલીન વિનયંધર શેઠે, પોતાના આગલા ત્રીજાભવમાં છદ્મસ્થ સુવિધિનાથસ્વામીને પડિલાભ્યાનું વર્ણન, પૃથ્વીચંદ્ર–ગુણસાગર ચરિત્ર ત્રીજા ભવમાં જણાવ્યું છે. તેથી શંખ રાજા અને કલાવતીથી પૃથ્વીચંદ્ર અને ગુણસાગર થઈને, મોક્ષ પધાર્યા સુધીનો, સુવિધિનાથ સ્વામીના તીર્થનો કાળ સમજવો.

ગુરુમહારજ વૃદ્ધવાદિસૂરિ ફરમાવે છે કે, પાંચ મહાવ્રતના કાચા અંકુરાઓને મરડી નાખશો નહીં, અને મનકુસુમવડે જિનેશ્વરદેવને પુજવાથી, એક ભવમાંથી બીજા ભવમાં ભટકવાનું અટકી જશે. અને જો ચારિત્રના નામે ચાલુ ભવના, ખાન–પાન–પરિધાન–માનમાં ખુંચી જશો તો, વળી સંસારમાં અનેક ભવોમાં ભટકવાનું શરૂ થશે.

ઇત્યાદિ ગુરુનો ઉપદેશ સાંભળીને સિદ્ધસેનદિવાકરસૂરિ, ગુરુની શિખામણ મસ્તક ઉપર ચડાવીને, દેવપાલ રાજાની રજા લઈને, ગુરૂ સાથે વિહાર કરી ગયા. કેટલાક કાળ સુધી વૃદ્ધવાદિસૂરિ મહારાજની સાથે વિચર્યા, નિરતિ–ચાર આરાધના કરવા લાગ્યા. ઘણી ઘણી શાસન પ્રભાવના જોઈ ગુરુ ઘણા આનંદ પામ્યા. અને પછી પોતાનો આયુષકાળ અલ્પ જાણીને, અનશન કરી સ્વર્ગ સિધાવ્યા.

એક વખત સિદ્ધસેનદિવાકરને, બાલ્યકાળથી જ સંસ્કૃતના અભ્યાસી હોવાથી, અથવા તો અશુભકર્મના ઉદયથી, એવા વિચારો આવ્યા કે આગમો બધાં પ્રાકૃત=

અર્ધમાગધિ ભાષામાં છે. તેને હું સંઘની રજા મેળવી, સંસ્કૃતભાષામય બનાવી નાખું. જેથી ભણનારને સુલભતા થાય. આવા વિચારો સંઘને ભેગો કરીને શ્રીસંઘને જણાવ્યા. કહ્યું કે :

**" જો શ્રીસંઘ આજ્ઞા આપે તો, સર્વ આગમોને હું સંસ્કૃતભાષામાં ફેરવી નાખું."**

શ્રીસંઘનો ઉત્તર, શ્રીતીર્થંકરદેવોએ, અને ગણધરદેવોએ; આગમોને અર્ધમાગધિભાષામાં બનાવ્યાં છે.

**बाल–स्त्री–मन्द–मूर्खाणां,नृणां चारित्रकाङ्क्षिणां । अनुग्रहार्थं सर्वज्ञैः सिध्धान्तः प्राकृतः कृतः ॥ १ ॥**

**અર્થ :** નાના બાળકો, સ્ત્રીઓ, અલ્પબુદ્ધિવાળા અને તદ્દન જડ જેવા પણ જીવો, સુખે જાણી શકે તેટલા માટે, સર્વજ્ઞભગવંતોએ સિદ્ધાંતને પ્રાકૃત ભાષામાં બનાવેલ=રચેલ છે.

માટે તમે આવા વિચારો કર્યા. અગર ભાષાથી સંઘને જણાવ્યા તેથી. અનંતા તીર્થંકરો અને ગણધરોની આશાતના થઈ છે. આનું મોટું પ્રાયશ્ચિત આવશે.

**પ્રશ્ન :** માત્ર પોતાને આવેલા વિચારો જણાવ્યા છે અને તે પણ શ્રીસંઘની આજ્ઞા હોય તો જ આમ કરવું. આજ્ઞા ન હોય તો નહી. આટલામાં ગુનો શું ?

**ઉત્તર :** જિનેશ્વરદેવો કેવલજ્ઞાન થયા પછી જ ત્રિપદી પ્રકાશે છે. જેનું અવલંબન પામીને, ભગવાનની સાક્ષીએ જ, ગણધરો દ્વાદશાંગીની રચના કરે છે. જેમાં ચૌદ પૂર્વો સંસ્કૃત હોય છે. સિવાયનો બધો જ આગમ સમુદાય, અર્ધમાગધીમાં જ રચેલો હોય છે.

અજ્ઞાની મનુષ્યોને ભુલવાના પ્રસંગો આવે છે. અજ્ઞાની માણસોને અવિચારકારિતાનો દોષ થવા સંભવ છે. પરંતુ સર્વજીવાજીવ–લોકાલોક અને ત્રણ કાલના જ્ઞાતા, સર્વજ્ઞભગવાનને આવા ભુલકણા માની શકાયજ કેમ ? અને આગમોને બીજી ભાષામાં કરવાની કલ્પનાથી, જિનેશ્વરો અને ગણધરોની અવિચારકારિતા અર્થથી આવી જાય છે. આવો આરોપણ તે મહાપુરુષોની મહાન આશાતનાનું કારણ છે જ. કહ્યું છે કે,

**अणुवकयपराणुग्गह–परायणा, जं जिणा जगपवरा ।**
**जियरागदोसमोहाय, नन्नहावाइणो तेण ॥ १ ॥**

**અર્થ :** પહેલાં કે પછી બદલો લીધો નથી. લેવાની જરૂર નથી. પરંતુ કેવળ ત્રણે લોકનો ઉપકાર કરનારા, તથા સંપૂર્ણ–રાગદ્વેષ અને અજ્ઞાનતા વગરના, જગતમાં જેમની સમાન કોઈ જન્મતું જ નથી એવા, જિનેશ્વરદેવો અસત્યકેમ બોલે ? ભૂલો કેમ કરે ?

સ્થવિરપુરુષો ( શ્રમણસંઘ) સિદ્ધસેનસૂરિને કહે છે કે, આપની આવી વિચારણા

(આગમોને સંસ્કૃત બનાવી નાખું) પણ શ્રી જિનેશ્વરદેવો, અને ગણધરદેવોની મોટી આશાતનાનું કારણ છે. માટે આપને પ્રાયશ્ચિત્ત લેવું પડશે. અને આવો જિનેશ્વર ગણધરની આશાતનારૂપ ગુનો આચાર્ય કરેતો, તેમને પારાંચિત નામનું પ્રાયશ્ચિત્ત લાગે છે. કહ્યું છે કે :

**तित्थयर–पवयण–सुअ, आयरियं गणहरं महिड्ढीअं, आसायंतो बहुसो, अणंतसंसारियो होइ।**

**અર્થ** : તીર્થંકર[1], ગણધર[2], આચાર્ય[3], મહદ્ધિક[4] (બહુવિદ્વાન, બહુતપસ્વી, ઉચ્ચ ચારિત્રી) તથા પ્રવચન[5]=ચાર પ્રકાર શ્રીસંઘ, અને શ્રુતજ્ઞાન[6], આ છ વ્યકિત ઘણી પૂજ્ય છે, મહાગુણી છે, આશ્રય લેવા યોગ્ય છે. તેની થોડી પણ આશાતના, મહાપાપનું કારણ હોવાથી, અનંતોકાળ સંસારમાં રખડાવે છે. માટે ભવનાભિરૂઆત્માએ સાવધાન રહેવું. ભૂલ કરવી નહીં.

**પ્રશ્ન** : માત્ર મનના અભિપ્રાય જણાવ્યા, તેટલામાં ગુનો થાય છે ?

**ઉત્તર** : મનથી, વચનથી, અને કાયાથી, પાપો અવશ્ય બંધાય છે. લક્ષ્મણા સાધ્વીએ માત્ર મનમાં જ ચકલા ચકલીનું મૈથુન વખાણ્યું હતું. સાધુ–સાધ્વીને આ વસ્તુની છૂટ કેમ નહીં ? એવો વિચાર થયો. વળી વિચાર આવ્યો. જિનેશ્વર દેવોએ છૂટ ન આપી તેનું કારણ એછેકે, તેઓ ભગવંતોને વેદો નાશ પામ્યા છે. અવેદી, સવેદીનું દુઃખ કેમ જાણે ?

આ જગ્યાએ બધી કલ્પનાઓ મનની જ હતી. સાધુ–સાધ્વીને મૈથુનની છુટ કેમ નહીં ? એવી કલ્પના તે ગુનો. ભગવાન વેદના વિકાર વગરના હોવા છતાં, સર્વજ્ઞ છે. જગતના જીવોના બધા ભાવ જાણે છે. તો પણ દુઃખ વગરનાને દુઃખની ખબર ન હોય, આવો તીર્થંકરદેવ ઉપર આરોપ મૂક્યો તે બીજો ગુનો. પછી ગુનાનો ખ્યાલ આવ્યો અને આલોચના લેવા વિચાર થયો.

અને બીજાના વ્યપદેશથી, કોઈને આવા વિચાર આવ્યા હોય તો શું આલોવણ ? આ પ્રમાણે પોતાની જાતને છુપાવીને, દંભથી પ્રાયશ્ચિત્ત માગ્યું. જ્ઞાની ગુરુએ આપ્યું. છઠ, આઠમ, ઉપવાસ–આયંબીલ વગેરે ઘોરતપ કરવા છતાં, ચાલીશ કાલચક્ર સંસારમાં ભટકી.

તથા રુપીનામની વિધવા રાજપુત્રી, પાછળથી પિતાના રાજ્યની ગાદીએ બેઠેલી. પોતાની સભાના ખૂબ રૂપાળા, સુવાન પ્રધાન પુત્રને સરાગ દષ્ટિથી જોયો. આલોચના લીધા સિવાય (દીક્ષા લીધી, સારી આરાધી તો પણ) એક લાખમાં ત્રણ ભવન્યૂન સંસારમાં ભટકવું પડયું. માત્ર મનમાં જ હિંસાના પરિણામવાળો, અને રૌદ્રપરિણામી, તંદુલીય મચ્છ મરીને, સાતમી નરકે જાય છે.

**પ્રશ્ન** : પ્રાયશ્ચિત એટલે શું ?

**ઉત્તર** : તપના છ બાહ્ય અને છ અભ્યંતર બાર પ્રકાર છે. તેમાં અભ્યંતર તપનો પહેલો ભેદ પ્રાયશ્ચિત કહેલો છે.

**પ્રશ્ન** : પ્રાયશ્ચિતના પ્રકાર કેટલા હોય છે ?

**ઉત્તર** : પ્રાયશ્ચિત્તના દશ પ્રકાર છે. તે વાંચો. —

૧. અપરાધ લાગ્યા પછી, ગીતાર્થ ભાવાચાર્યને, નિખાલસ ભાવે સંભળાવે, પોતાનો બળાપો નિન્દા–ગર્હા જાહેર કરે, પવિત્ર જીવને આટલાથી પાપો અટકી જાય છે, તે **આલોચનાપ્રાયશ્ચિત્ત.**

૨. પ્રમાદ સહસાત્કાર કે અનુપયોગથી હિંસાદિ લાગેલા પાપની નિન્દા, ગર્હા કરીને, વારંવાર મિચ્છામિ દુક્કડં આપવાથી પાપો અટકી જાય છે. તે **પ્રતિક્રમણપ્રાયશ્ચિત્ત.**

૩. લાગેલું હિંસાદિ પાપ ગુરુમહારાજને સંભળાવે, નિન્દા ગર્હા ખૂબ થાય. પછી ગુરુમહારાજ કહે, ભાઈ મિચ્છામિ દુક્કડં આપો અને શુદ્ધ ભાવે મિચ્છામિ દુક્કડં આપે. તે **તદુભયપ્રાયશ્ચિત્ત.**

૪. અશન–પાન–વસતિ–વસ્ત્ર–પાત્ર અશુદ્ધ વહોરે–પણ ખબર પડવાથી પરઠવી દેવાય છોડી દેવાય, પરંતુ ખબર પડી ગયા પછી અશુદ્ધ વાપરે નહીં. તે **વિવેકપ્રાયશ્ચિત્ત.**

૫. ઉપરના પ્રાયશ્ચિત્તનો દોષ ટાળવા ગુરુ ફરમાવે તેટલો કાઉસ્સગ્ગ કરે તે. **વ્યુત્સર્ગપ્રાયશ્ચિત્ત.**

૬. ગુરુમહારાજાએ ફરમાવેલો તપ ભાવથી, અગ્લાન ભાવે કરે તે. **તપપ્રાયશ્ચિત્ત.**

૭. મોટો ગુનો હોય તો, ગુરુમહારાજ ચારિત્રના પર્યાયને ઘટાડે તે. **છેદપ્રાયશ્ચિત્ત.**

૮. પાંચ મહાવ્રતો ફરીને આપવા જેવો ગુનો હોય, અને ફરીને સ્વીકારે તે. **મૂલપ્રાયશ્ચિત્ત.**

૯. કોઈ દુર્ધર સાધુ હોય, ગુનાથી ડરતો ન હોય તેને પ્રથમ તેને યોગ્ય તપ કરાવવો. અને તપ કરે તોજ ફરી વડી દીક્ષા આપવી તે. **અનવસ્થાપ્યપ્રાયશ્ચિત્ત.**

૧૦. અને ઉપર મુજબ છ, તીર્થંકરાદિ પૂજ્ય પુરુષની આશાતના થઈ જાય ત્યારે, મોટા સ્થાન ઉપર બિરાજેલા, શ્રીસંઘની જોખમદાર વ્યક્તિને, આપવા યોગ્ય તે. પારાંચિત પ્રાયશ્ચિત્ત.

આ દશ પ્રાયશ્ચિત્ત, ગુનાને લક્ષમાં રાખીને ગીતાર્થભાવાચાર્ય આપી શકે છે, અને પાપથી છૂટવાની ભાવનાવાળો, શુદ્ધ હૃદયવાળો આત્મા લેતો, દૃઢપ્રહારીચોર જેવા, અર્જુનમાલી જેવા, કામલક્ષ્મી–વેદ વિચક્ષણ માતા પુત્ર જેવા, ઘોરપાપી જીવો પણ, તેજભવમાં કેવલજ્ઞાન પામી મોક્ષ પધાર્યા છે.

સ્થવિરભગવંતોની સાક્ષીએ, સિદ્ધસેનસૂરિમહારાજે પારાંચિતપ્રાયશ્ચિત્તનો સ્વીકાર કર્યો. અને ગચ્છનો ત્યાગ કરીને, ગુપ્ત જૈનવેશ સાચવીને, દુષ્કર તપ તપતા

પૂર્વક, બાર વર્ષ રહેવાની યોજના સ્વીકારીને, સૂરિમહારાજ સંઘની આજ્ઞાથી ચાલ્યા ગયા. અને સાત્ત્વિકભાવથી, આરાધનામાં જાગતા, કોઈપણ મનુષ્ય ન ઓળખી-ન જાણી શકે તેમ વિચરવા લાગ્યા.

એકવાર માવલ દેશની રાજધાની ઉજ્જયિની નગરીમાં પધાર્યા. અને મહાકાળેશ્વર મહાદેવના મંદિરમાં જઈ, લિંગ સામે પગ કરીને સુતા. પૂજારી આવ્યા. અપમાનથી ઉઠાડવા લાગ્યા. ઉઠયા નહીં. પૂજારીઓએ વિક્રમરાજા પાસે રાવ કરી. રાજાનો હુકમ, સમજાવીને ઉઠાડો. અને ન સમજે તો લાત મારી ઉઠાડી કાઢી મૂકો.

પૂજારી લોકોએ સામવચનોથી સમજાવ્યા. અવધૂતવેશધારી, સૂરિમહારાજ બોલ્યા નહીં. હાલ્યા ચાલ્યા પણ નહીં. છેવટે શંકર ભગવાનની આશાતના ટાળવા, સોટીઓ ઝીકવા લાગ્યા. એક બે ત્રણ ચાર સોટીઓ લાગવા જ માંડી, પણ સૂરિમહારાજ મૌન. આ વખતે જ વિક્રમાદિત્ય રાજા, ભોજન કરવા અંતઃપુરમાં પધાર્યા હતા.

અહીં અવધૂતના શરીર ઉપર પૂજારી લોકોના, સોટીઓના પ્રહારો પડવા છતાં, એક પણ લાગતો નથી. અવાજો થાય છે. પરંતુ માર લાગે છે. વિક્રમ રાજાની રાણીઓને, ત્યાં રાણીઓ ચીસો અને બૂમો પાડીને, નાસવા લાગી. બધી જ રાજાના શરણે આવી. બચાવો બચાવોના પુકારો કરવા લાગી. ત્યાં તો પૂજારીઓ પૈકીનો એક દોડતો રાજાજી પાસે આવ્યો. ફરિયાદ કરી.

મહારાજ! સેંકડો સોટીઓના પ્રહાર પણ, આ અવધૂતને લાગતા નથી. એતો નિશ્ચિંત પડ્યો છે. રાજા કહે છે, પણ આ રાણીઓને કોણ કુટી નાખે છે? જરૂર તમારા પ્રહારો જ રાણીઓને લાગતા હોય! અવધૂતને પ્રહારો બંધ થયા. ત્યારે રાણીઓ પણ પ્રહાર મુક્ત થઈને શાન્તિ અનુભવવા લાગી. આવો ચમત્કાર જોઈ, રાજા મહાકાલેશ્વરના મંદિરમાં આવ્યો.

રાજાએ અવધૂતને વિનતિ કરી. હે સંતપુરુષ, મહાદેવની આશાતના કેમ કરો છો? તેઓ જો ક્રોધાવિષ્ટ થશે તો, તેમના ત્રીજા નેત્રમાંથી, નીકળેલો અગ્નિ તમને બાળીને ભસ્મ કરશે.

અવધૂત પણ રાજાને આવેલો જોઈ, પગોખેંચીને બેઠા થયા. રાજા કહે છે, શંકર ભગવાનની સ્તુતિ કરો. જેથી તે ભોળાનાથ, તમારા અપરાધ માફ કરશે.

અવધૂત કહે છે હે રાજન! શંકર મારી સ્તુતિ સહન કરી શકશે નહીં. તમારી ઇચ્છા હોય તો હું મહાદેવ (મોટાદેવની) ની સ્તવના કરીશ, પરંતુ લિંગને નુકસાન થશે તો, અમને દોષ નહીં આપી શકાય. આ પ્રમાણે જણાવીને, રાજાની પ્રાર્થનાને માન આપીને, સૂરિ ભગવંતે, પાર્શ્વનાથસ્વામીની સ્તવના શરૂ કરી.

કલ્યાણ મંદિર સ્તોત્રનો, અગ્યારમો "**यस्मिन् हरप्रभृतयोपि हतप्रभाव।:**" શ્લોક

બોલ્યા. ત્યાં લિંગમાં ફાટ પડી. ધુમાડાના ગોટેગોટા નીકળવા શરૂ થયા. આ વખતે મહાદેવનું મંદિર, આષાઢમાસમાં સરોવરની પેઠે. માણસોથી ભરાઈ ગયેલું હોવાથી, લોકો બોલવા લાગ્યા. મહાદેવજીના ત્રીજાનેત્રના અગ્નિવડે હમણાં જ આ અવધૂત ભસ્મનો પૂંજ થઈ જશે.

આવા વાતાવરણમાં, એકદમ લિંગ ફાટયું અને પાર્શ્વનાથસ્વામીની પ્રતિમા પ્રકટ થઈ. બધાએ પ્રણામ કર્યા. લોકોના આશ્ચર્યનો પાર રહ્યો નહીં. રાજા પૂછે છે, હે ભગવન્! આ કયા દેવ છે? સૂરિમહારાજે કલ્યાણમંદિરસ્તોત્ર ચુમ્માલીસ ગાથામય બનાવ્યું. અને રાજાના પ્રશ્નનો ઉત્તર આપતાં જણાવ્યું કે :

પૂર્વે આર્યસુહસ્તિસૂરિના શિષ્ય, અને ભદ્રાશેઠાણીના પુત્ર અવંતી સુકુમાર મહામુનિરાજ, દીક્ષાના જ દિવસે અનશન કરીને, શીયાલણીના ઉપસર્ગથી, આરાધનાપૂર્વક કાળધર્મ પામી, પહેલાસ્વર્ગ નલિનીગુલ્મ વિમાનમાં ગયા. તેમના પુત્રે, પિતાના સ્વર્ગગમન સ્થાન ઉપર, જિનાલય બનાવરાવીને, પિતાના નામે પાર્શ્વનાથસ્વામીની પ્રતિમા ભરાવી પધરાવી હતી, અને અવંતીપાર્શ્વનાથ નામે તીર્થની-પ્રસિદ્ધિ થઈ. તેજ આ મંદિર છે. અને તેજ આ, પાર્શ્વનાથસ્વામીની પ્રતિમા છે.

**પ્રશ્ન** : આ પ્રતિમા આજસુધી કયાં હતી? આજે આ પ્રતિમા કોણ લાવ્યું? કયાંથી આવી?

**ઉત્તર** : આ મંદિર થયા પછી કેટલોક કાળ, ખૂબ શાસન પ્રભાવનાપૂર્વક જિનાલય અને પ્રભુજીની પ્રતિમાની આરાધના ચાલુ રહી હતી. પાછળથી અન્યધર્મનો પક્ષ મજબૂત થવાથી, અન્યધર્મવાળાઓએ પ્રભુજીની પ્રતિમા જમીનમાં ભંડારીને, ઉપર શિવલિંગની સ્થાપના કરેલી હોવાથી, જૈનતીર્થ મટીને, મહાકાળેશ્વર તરીકે પ્રસિદ્ધિને પામ્યું હતું.

પરંતુ આજે આવા મહાપ્રભાવક પુરુષની સ્તુતિના પ્રભાવથી, પદ્માવતીદેવીનું આકર્ષણ થવાથી, જમીનમાં રહેલી પ્રભાવપૂર્ણ પ્રભુપ્રતિમાને, પદ્માવતીદેવી પોતે લાવીને આપી ગયાં હતાં, એમ ઇતિહાસ સાક્ષી પૂરે છે. આવા પ્રતિમાજી પ્રકટ થવાના, અને દેવોની સહાયના બનાવો, બીજા પણ ઘણા બન્યા છે.

આ બનાવથી-રાજા વિક્રમાદિત્ય ઉપર, સૂરિમહારાજનો ખૂબ પ્રભાવ પડ્યો હતો, અને પછીથી તેણે સૂરિભગવંતની વાણીથી, જૈનધર્મ સ્વીકાર્યો હતો. તથા તેના કેટલાક ખંડિયા રાજાઓએ, અથવા મિત્રરાજાઓએ, સૂરિભગવંતનો સમાગમ મેળવીને, જૈનધર્મનો ઉપદેશ સાંભળીને, યથાયોગ્ય ધર્મ સ્વીકાર્યો હતો.

સિદ્ધસેન દિવાકરસૂરિમહારાજની, આવી શાસન પ્રભાવના જોઈ, શ્રીસંઘ એકઠો થઈને, તેમનાં પાછળનાં પાંચ વર્ષ માફ કરીને, સંઘમાં લીધા હતા અને સૂરિમહારાજનાં, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપની અત્યુત્તમ આરાધનાથી શ્રીસંઘમાં પાછો ચોથો આરો દેખાવા લાગ્યો હતો.

એકવાર સૂરિમહારાજને દૂરથી જોઇને, રાજાવિક્રમાદિત્યે મનમાં નમસ્કાર કર્યો હતો. તેજ ક્ષણે સૂરિમહારાજાએ ઉંચા અવાજે ધર્મલાભ આપ્યો હતો. જે સાંભળી રાજાએ પૂછયું, ધર્મલાભ કોને કહો છો ? સૂરીશ્વર અમને જેણે મનથી નમસ્કાર કર્યો તેને. આ બનાવથી, રાજાને ખૂબ આશ્ચર્ય થયું, અને એક ક્રોડ સુવર્ણમુદ્રા ભેટ ધરી.

**પ્રશ્ન** : પૈસા જૈનસાધુને ખપે નહીં. તો પછી તે દ્રવ્યને કોણે લીધું ? શું થયું ?

**ઉત્તર** : આ દ્રવ્ય આચાર્ય મહારાજે લીધું નહીં. રાજાએ પાછું લેવા ના કહી. તેથી સૂરિભગવંતની આજ્ઞાથી, સંઘનાઆગેવાનોએ, જિર્ણોદ્ધારમાં વાપર્યું છે. ઇતિ **ચતુર્વિંશતિપ્રબંધ પૃ. ૩૩ વૃદ્ધવાદીપ્રબંધ.** આ પ્રમાણે આમરાજાએ બપ્પભટ્ટીસૂરિની પૂજા કરી છે. કુમારપાળ રાજાએ હેમચંદ્રસૂરિની પૂજા કરી છે. પ્રત્યેક ગુરુપૂજનદ્રવ્ય જિર્ણોદ્ધારમાં અપાવ્યું છે.

આવી રીતે સિદ્ધસેનદિવાકરના ઉપદેશ અને પ્રભાવથી, ઘણા રાજાઓ પ્રતિબોધ પામવાથી, શ્રી જૈનશાસનરૂપ કમલનો બગીચો ખૂબ ખૂબ વિકાસને પામવા લાગ્યો. અને જૈનશાસનના વિરોધી ઘૂવડોનાં ટોળાં, ગુફાઓની જેમ દેશાન્તરોમાં જઈને છુપાઈ જવા લાગ્યાં. સૂરિમહારાજ દેશોદેશ વિચરીને ફરી પાછા માળવામાં ઉજ્જયિનીનગરીમાં પધાર્યા.

**પ્રશ્ન** : શાસ્ત્રોમાં આઠ પ્રકારના શાસનપ્રભાવક બતાવ્યા છે. તેમ સિદ્ધસેન દિવાકરને આઠમા કવિ પ્રભાવક ગણાવ્યા છે. તેનું શું કારણ ?

**ઉત્તર** : શ્રી જૈનશાસનમાં પ્રભાવક આઠ પ્રકારના જણાવ્યા છે. તેમાં તે તે કાળમાં વર્તમાન બધાં આગમો પંચાંગીના અર્થો, સૂત્રો અને તદુભયના નિચોડને પામ્યા હોય. આગમોની બધી વાતો સમજ્યા હોય, પ્રસંગ આવે સમજાવી શકે. પૂછયાના ખુલાસા મળી જાય. તેને પ્રાવચની પહેલો પ્રભાવક કહેલ છે. કોઇ કવિ કહે છે.

"મોઢે માગ્યું જે દિયે, નાખ્યે રાખ્યો શરણ,
પુછ્યા ઉત્તર જે દીયે, એ જગ વિરલા ત્રણ."

**અર્થ** : શકિત સંપન્ન મનુષ્યની પાસેથી યાચક પાછો ખાલી હાથે જાય નહીં. ભય પામીને શરણે આવેલાને ધક્કો મારે નહીં. અને વિદ્વાન પાસે શંકા લઈને આવેલો સમાધાન પામીને જાય, આવા પુરુષો જગતમાં, બહુ થોડા જન્મે છે. કહેવત છે કે:

**મનુષ્ય પૃથ્વીનું ભૂષણ, માણસનું ભૂષણ, બુદ્ધિ અને જ્ઞાનનું ભૂષણ તત્ત્વનિચોડ પામવો, સમજવો, તત્ત્વસમજણનું ભૂષણ દોષ વગરનું જીવન કહેવાય છે. તથા માણસનું ભૂષણ લક્ષ્મી છે. લક્ષ્મીનું ભૂષણ દાન છે. દાનનું ભૂષણ ઉદારતા છે. તથા માણસનું ભૂષણ શકિત છે.**

**શક્તિનું ભૂષણ સાત્વિક ભાવ છે. શક્તિ અને શાત્વિક ભાવનું ભૂષણ, નિરાધાર, ગરીબ, દીન, દુખીને આસરો આપવો, શરણું આપવું, બચાવી લેવા તે છે.**

બીજો પ્રભાવક વ્યાખ્યાનકાર કહેવાયો છે. એક એક શબ્દના અનેક અર્થો કરીને સભાને ચિત્રમુગ્ધ બનાવે, જેમ વેશ્યાને ઘેર રહેલા નંદિષેણજી, કામી પુરુષોને વૈરાગી બનાવતા હતા.

ત્રીજો પ્રભાવક વાદી કહેવાય છે. જેમ શિલાદિત્ય રાજાની સભામાં, મલ્લવાદી સૂરિએ વાદ કરીને બૌદ્ધોને હરાવ્યા, અને જૈનશાસનનો જયજયકાર થયો.

ચોથો પ્રભાવક નિમિત્ત જાણનાર ભદ્રબાહુ સ્વામી વગેરે જાણવા. નિમિત્ત વડે જૈનશાસનની પ્રભાવના થાય. પરદર્શનકારો પાછા પડે, શ્રીવીતરાગશાસનનો જયજયકાર થાય.

**પ્રશ્ન**: આ કાળમાં કોઈ જ્યોતિષ પ્રકાશે. હાથ પગની રેખા જોઈને, નસીબની વાતો કહે. વેપાર કરનારને ભાવ તાલ બતાવે. આ બધાને વખતે અનુકૂળતા પણ આવી જાય તો, લાભ થાય કે નહીં ?

**ઉત્તર**: પૂર્વના જૈનાચાર્યો નિમિત્તશાસ્ત્રો સમજેલા હતા. તેમની સમજણ પ્રમાણેજ થતું હતું, તેપણ શ્રીવીતરાગશાસનની ચોક્કસ પ્રભાવના સમજીને, શાસનને લાભ થવાનો હોય તો જ કહેતા હતા. માટે તેમને અવશ્ય લાભ થાય. પરંતુ આ કાળના અમારા જેવા, અવશ્યફળ આપે તેવાં નિમિત્ત પ્રાય: જાણતા જ ન હોય. અને કહેવાય છે તેપણ શાસનપ્રભાવના માટે નહીં પરંતુ સ્વપ્રભાવના માટે. આવા બધા ભવિષ્યકથનો કહેનારનો સંસાર વધારે છે. અને સાંભળનારને આભવ પરભવ બને બગડાવે છે.

પાંચમો તપસ્વી પ્રભાવક કહેલ છે. જેમ હીરસૂરિમહારાજના સમયનાં શ્રાવિકા ચંપાબહેન, જેમણે છ મહિનાના ૧૮૦ ઉપવાસ કર્યા હતા. સમ્રાટ અકબરે જાણ્યું. ઉપવાસ સાચા કેમ હોઈ શકે ? પરીક્ષા કરો. તેણીને પૂછવામાં આવ્યું. ચંપાબાઈએ દેવ–ગુરુ–ધર્મની ઓળખાણ આપી. હીરસૂરિમહારાજને નિમંત્રણ. ઉપદેશશ્રવણ. જૈનશાસનની પ્રભાવના, છમાસની અહિંસાનો અમારી પડહ, અબજો જીવોને અભયદાન, બધામાં નિમિત્ત કારણ ચંપાબાઈની તપશ્ચર્યા જાણવી.

છઠ્ઠો વિદ્યાપ્રભાવક વયરસ્વામી જેવા. જેમણે વૈક્રિયલબ્ધિ અને આકાશગામિની વિદ્યા વડે, દુષ્કાળથી પિડાએલા લાખોને આકાશમાર્ગે, સુભિક્ષ પ્રદેશમાં લઈ ગયા. જીવિતદાન આપ્યું.

સાતમો અંજનસિદ્ધ વિદ્યાસિદ્ધ વિદ્યાઓ વડે શ્રી સંઘને ઉપદ્રવથી બચાવનાર પાદાલપ્તસૂરિ, આર્યખપુટસૂરિ વગેરે.

આઠમો કવિપ્રભાવક ગણાયો છે. જેમ સિદ્ધસેન દિવાકર. જેમણે કાવ્યો સંભળાવીને, વિક્રમાદિત્યને શ્રી વીતરાગશાસનનો પ્રભાવક બનાવ્યો હતો. સિદ્ધસેન

દિવાકરસૂરિમાં કવિત્વ શક્તિ વિગેરે બીજા પણ પ્રભાવક ગુણો ઘણા હતા. તેમનાં થોડાં કવિત્વ=કાવ્યો લખું છું.

**सरस्वती स्थिता वक्त्रे, लक्ष्मीः करसरोरुहे ।**
**कीर्तिः किं कुपिता राजन्, ? येन देशान्तरं गता ॥ १ ॥**

**અર્થ** : વિક્રમ રાજાને કહે છે કે હે રાજન? આપની માનીતી ત્રણ દેવીઓ છે. તેમાં સરસ્વતીને મુખમાં રાખો છો. લક્ષ્મીને હસ્તકમલ ઉપર બેસાડી છે. તો પછી કીર્તિને શા માટે કોપાયમાન કરી છે, કે જે આપની કીર્તિ સ્વર્ગમાં, પાતાળમાં કે મનુષ્યલોકમાં જગ્યા જ પામતી નથી.

**आहते तव निःस्वाने, स्फुटितं रिपुहृद्घटैः ।**
**गलिते तत्प्रियानेत्रे, राजन् ! चित्रमिदंमहत् ॥ १ ॥**

**અર્થ** : હે રાજન્! આપના યુદ્ધની ભેરી ઉપર પ્રહાર પડે છે. તેજ ક્ષણે તમારા શત્રુઓના હૃદયરૂપ ઘડાઓ ફૂટી જાય છે. અને તે રાજાઓની રાણીઓના ચક્ષુરૂપ ઘડાઓમાંથી પાણી ઢળી જાય છે. આ એક ગજબ આશ્ચર્યની વાત છે.

**सर्वदा सर्वदोसीति मिथ्या संस्तूयसे बुधैः ।**
**नारयो लेभिरे पृष्ठं न चक्षुः परयोषितः ॥ १ ॥**

**અર્થ** : હે રાજન! તમને પંડિત પુરુષો, સર્વદા સર્વ આપનારા મહાદાનેશ્વરી કહે છે, તે સાચું નથી. અર્થાત્ મિથ્યા છે. કારણ કે, તમારા હજારો શત્રુઓ તમારી પુંઠ માગે છે. કહે છે કે, અમને પુંઠ બતાવો. પરંતુ તમે આજ દિવસ સુધી એક પણ શત્રુને, પુંઠ બતાવી નથી ( અર્થાત્ સામી છાતીએ લડાઈ આપી છે. ) અને કુલટા સ્ત્રીઓ તમારું ચક્ષુ ઇચ્છે છે. કહે છે કે, સ્નેહ નજરથી અમારી સામે જુઓ. તે પણ તમે આજ સુધી કોઈ પરસ્ત્રી સામે તાકયા નથી. જોતા નથી. જો શત્રુઓ તમારી પુંઠ પામ્યા નથી, પરસ્ત્રીઓ તમારું ચક્ષુ–છાતી કે આલિંગન–ચુંબન પામી નથી, તો પછી તમે જે માગે તેને બધું આપો છો, આવી પ્રશંસા સાચી કેમ કહેવાય ? આ બધા શ્લોકોનાં વર્ણનો મહાપુરુષોની બુદ્ધિનો ભંડાર ખુલો મૂકી જાય છે. સિદ્ધસેન દિવાકર માટે કલિકાલ સર્વજ્ઞપણ શું કહે છે? વાંચો.

**अनु सिद्धसेनं कवयः** ઇતિ સિદ્ધહેમ ૨–૨–૩૯ બધાજ કવિઓ સિદ્ધસેન દિવાકર પછી જાણવા અર્થાત્ સિદ્ધસેનાચાર્ય મહાકવિ હતા. બધા કવિઓ તેમનાથી ન્યૂન જાણવા.

સિદ્ધસેનદિવાકરના ઉપદેશથી, વિક્રમરાજાએ ઓંકારનગરમાં ચાર દ્વારવાળું, ચૌમુખ જિનાલય કરાવી, ઘણું દ્રવ્ય ખર્ચ કરી, પ્રતિષ્ઠા કરાવી હતી. સિદ્ધસેનદિવાકરના ઉપદેશથી વિક્રમરાજાએ શત્રુંજય તીર્થનો સંઘ કાઢ્યો હતો. કહેવાય છે કે વિક્રમરાજાના સંઘમાં, પાંચ હજાર–જૈનાચાર્યો હતા. તો પછી ઓછામાં ઓછા લાખ જેટલા સાધુઓ પણ હોય. ચારે પ્રકાર સંઘ લાખોની સંખ્યામાં હોય, એમ સહજ માની શકાય છે.

આચાર્ય ભગવાન છેલ્લા દક્ષિણ પ્રદેશમાં વિહાર કરતા હતા. પ્રતિષ્ઠાનપુર પધાર્યા હતા. અને પોતાનો અંતિમકાળ જાણી અનશન ઉચ્ચરી, દશ પ્રકાર આરાધના કરી, સ્વર્ગવાસી થયા.

**પ્રશ્ન** : દશપ્રકાર આરાધના કોને કહેવાય તેના નામો જણાવો ?

**ઉત્તર** : **आलोयसु अइयारे, वयाइं उच्चरसु, खमसु जीवेसु, वोसीरसु भाविअप्पा अट्ठारसपावट्ठाणाइं ॥ १ ॥ चउसरणं, दुक्कडगरिहणं सुकडाणुमोयणं कुणसु सुहभावणं. अणसणं पंचनमुक्कारसरणं च ॥ २ ॥**

(ઉપર અંકો: ૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦)

**અર્થ** : આપણા આત્માને ચાલુ જન્મમાં, અથવા આખા સંસાર ચક્રમાં, વ્રત પચ્ચખ્ખાણોના ભંગ યાને પંચાચારમાં લાગેલા દોષ વિચારી, નિંદા-ગર્હા કરવી. વ્રતો ઉચ્ચરવાં. સાધુ અને શ્રાવકોએ અવસાન સમયે ફરીને વ્રતો જરૂર ઉચ્ચરવા ધ્યાન રાખવું જોઈએ. તથા ચોરાસી લાખ જીવયોનિને છક્કાય જીવોને ચારગતિ જીવોને ખમાવવા.

તથા સમજીને ભાવનાપૂર્વક અઢાર પાપસ્થાનકો વોસીરાવવાં. અરિહંતાદિચારનાં શરણ કરવાં. પોતાનાં ચાલુ ભવના, અગર સમગ્ર સંસાર ચક્રનાં, દુષ્કૃતની નિંદા કરવી. સુકૃતની અનુમોદના કરવી. શુભ ભાવનાઓ ભાવવી. અનશન ઉચ્ચરવું. નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરવું.

સિદ્ધસેનદિવાકર સૂરિમહારાજના અવસાન સમાચાર પહોંચાડવા, એક વૈતાલિકને રવાના કર્યો હતો. તે ફરતો હતો અને શ્લોકનું પૂર્વાર્દ્ધ બોલતો હતો. ફરતો ફરતો ઉજ્જયિની (વિશાલા) નગરી પહોંચ્યો અને જૈનશ્રાવિકાઓના ઉપાશ્રય પાસે બોલ્યોઃ **स्फुरन्ति वादिखद्योताः सांप्रतं दक्षिणापथे** અને ઉપાશ્રયમાં રહેલાં દિવાકરમહારાજના બહેન **સિદ્ધશ્રી નામનાં સાધ્વીજીએ સાંભળ્યો.** અને બોલ્યા કે,

**नूनमस्तंगतो वादी, सिद्धसेनो दिवाकरः ॥ १ ॥**

**અર્થ** : વૈતાલિક કહે છે હમણાં-વાદિરૂપ ખદ્યોતના કીડા દક્ષિણ દેશમાં ખૂબ જ ફેલાયા છે. અર્ધો, શ્લોક સાંભળીને ઉપાશ્રયમાં રહેલાં સાધ્વીજીનો ઉત્તર, જરૂર સિધ્ધસેનદિવાકર સૂરિરૂપ સૂર્ય અસ્ત પામ્યો હશે.

સિદ્ધસેનદિવાકર સૂરિમહારાજના ગ્રન્થો સન્મતિતર્ક (દર્શન વિષયક આકરગ્રન્થ) જગતભરના અને જૈનશાસનના તમામ વિદ્વાનોનો આદરણીય ગ્રન્થ છે. ઉપરાન્ત ન્યાયાવતાર દ્વાત્રિંશકાઓ કલ્યાણમંદિર સ્તોત્ર તેમની ખાસ રચનાઓ છે. તેમણે જૈનાગમો ઉપર પણ ટીકાઓ, ભાષ્ય વગેરે લખ્યાના વર્ણનો નિશીથચૂર્ણિમાં મળે છે. પરંતુ આજે તે વસ્તુ ક્યાંય ઉપલબ્ધ નથી.

**પ્રશ્ન** : સિદ્ધસેન દિવાકર ક્યારે થયા પ્રમાણોથી સમજાવાય તો સારું ?

**ઉત્તર** : પ્રભાવકચારિત્રકાર અને પ્રબંધચતુર્વિંશતિકારના મત પ્રમાણે સિદ્ધસેનદિવાકર. પ્રસિદ્ધ સંવતપ્રવર્તક રાજા વિક્રમાદિત્યના ગુરુ હતા. તેથી વી.ની પાંચમી સદીમાં માની શકાય. એકપરંપરા ગાથાનું પાદ "**पंचसये वरिसए सिद्धसेणो दिवायरो जाओ**" આ ગાથાનું પાદપણ વીરનિર્વાણથી પાંચસો વર્ષે સિદ્ધસેનદિવાકર થયા સૂચવે છે. વળી પ્રબંધકાર કહે છે કે, બલમિત્ર–ભાનુમિત્રના પુત્રનું, ભરૂચમાં રાજ્ય હતું, અને તે રાજાએ દિવાકરથી પ્રતિબોધ પામીને દીક્ષા લીધી હતી.

ઉપરનાં બધાં પ્રમાણો સિદ્ધસેનદિવાકરને, વીર–નિ. પાંચમી સદીના અંતમાં મૂકે છે. તેની સામે અમારી પ્રતિદલીલો વિચારવા યોગ્ય છે તે વાચકોની જાણ ખાતર લખું છું. પ્રભાવકચરિત્ર અને ચતુર્વિંશતિ બને ગ્રન્થકારો લખે છે કે વિદ્યાધરવંશમાં, પાદલિપ્તસૂરિની પરંપરામાં. સ્કંદિલાચાર્યના શિષ્ય, વૃદ્ધવાદી થયા. તેમના શિષ્ય સિદ્ધસેન દિવાકર થયા.

**આ વિદ્યાધર ગચ્છ** ઉત્પત્તિ વીરનિર્વાણ સં. ૫૧૪ માં, ચંદ્ર, નાગેન્દ્ર, નિવૃત્તિ અને વિદ્યાધર ચાર ભાઈઓની, સોપારક નગરમાં દીક્ષા થઈ છે. કારણ કે પ્રસ્તુત વર્ષમાં જ, વયરસ્વામીનો, સ્વર્ગવાસ, વજ્રસેનસૂરિનું કુંકણદેશ સોપારક નગરમાં ગમન, અને પ્રતિબોધ થયો છે. અને આ ચારે ભાઈઓના એકવીસ એકવીસ શિષ્યો, મહાપ્રભાવકો થવાથી, ઉપર્યુક્ત ચાર ભાઈઓની પરંપરા ખૂબ ચાલી છે. હજારો આચાર્યો થયા છે. ચંદ્રગચ્છ હમણાં પણ ચાલુ છે.

વિદ્યાધરગચ્છમાં જ પાદલિપ્તસૂરિ થયા છે. પાદલિપ્તસૂરિની પરંપરામાંજ–સ્કંદિલાચાર્ય થયા છે. તેમના શિષ્ય વૃધ્ધવાદીસૂરિ. તેમના શિષ્ય સિધ્ધસેન–દિવાકરને પાંચમી સદીમાં કેમ મૂકી શકાય? તથા પાદલિપ્તસૂરિમહારાજના સમયમાં નાગાર્જુન યોગી થયો છે.

નાગાર્જુન યોગીએ સુવર્ણસિદ્ધિ કરવા માટે, પ્રતિષ્ઠાન નગરના રાજા શાલિવાહનની સતી રાણી ચંદ્રલેખાના (પદ્મિની હોવાથી) હાથે રસનું મર્દન કરાવ્યાનું વર્ણન છે. તેથી શાલિવાહન પણ પાદલિપ્તસૂરિનો સમકાલીન થાય છે. શાલિવાહન અને બલમિત્ર–ભાનુમિત્રની, પરસ્પર લડાઈની વાતો પણ, પાદલિપ્તસૂરિના વર્ણનમાં આપી છે. આ બલમિત્ર–ભાનુમિત્ર બે ભાઈ પ્રસિદ્ધ કાલકાચાર્યના ભાણેજ થતા હતા.

આ બધા વર્ણનો પાદલિપ્તસૂરિને પાંચમી સદીમાં મૂકે છે. તેથી પાદલિપ્તસૂરિના વંશમાં, સ્કંદિલાચાર્યના શિષ્ય–પ્રશિષ્ય–વૃદ્ધવાદિસૂરિ અને સિદ્ધસેનદિવાકરને, પાંચમી શતાબ્દીમાં મૂકી શકાય નહીં, અને તેથી સંવત્સર પ્રવર્તક વિક્રમાદિત્યને દિવાકરના ભક્ત માની શકાય નહીં.

વિદ્યાધર ગચ્છનો અર્થ, પ્રભાવકચરિત્રકારે પાદલિપ્તસૂરિ ચરિત્રના ૧૪મા શ્લોકમાં, નમિ–વિનમિ વિદ્યાધર વંશમાં કર્યો છે. તે વ્યાજબી નથી. નમિ–વિનમિ–ઋષભદેવસ્વામીના સમકાલીન છે. તેમનાથી વિદ્યાધર વંશ ચાલ્યો ગણાવવો યુક્તિસંગત નથી.

આથી સિદ્ધસેનદિવાકરનો સમય, વિક્રમના ચોથા સૈકાનો ઉત્તરાદ્ધ, અને પાંચમાનો પૂર્વાદ્ધ માનવો ઠીક લાગે છે, અને તેમનો સમકાલીન, ગુપ્તવંશનો વિક્રમાદિત્ય માનવામાં આવે તો, ઉપરના વર્ણનોને મેળ આવી જાય છે. ગુપ્તવંશી રાજા ચંદ્રગુપ્ત બીજો, તેણે પોતાને વિક્રમાદિત્ય તરીકે જાહેર કર્યો હતો. અને તે પણ ઇતિહાસ પ્રસિદ્ધ છે. ઇતિ પં. કલ્યાણવિજયગણી.

હવે આ સ્થાને આપણે સિદ્ધસેનદિવાકર મહારાજની ભવભીરુતા જ વિચારણીય છે કે જેઓ ઘણા વિદ્વાન હતા. ઘણા રાજાઓના ગુરુ હતા. વ્યાકરણ, કાવ્ય, કોષ, ન્યાય, સાહિત્ય, આગમો તથા દુનિયાભરનાં અજૈન દર્શનના પણ શાસ્રોના પારગામી હતા. પોતાના સમયના અદ્વિતીય પુરુષ હતા. હજારો નહીં પણ લાખો ભક્તોના ગુરુ હતા.

સુવર્ણ અને સૈન્ય બનાવવાની શક્તિ પામેલા હતા. તોપણ માત્ર પોતાના મનમાં આવેલા "આગમોને સંસ્કૃત બનાવી નાખવા"ના વિચારો, શ્રમણ સંઘને ભેગો કરીને જણાવ્યા. તેવા વિચારોને પણ, શ્રીસંઘે મહાન ગુનો ઠરાવી, દશ પ્રાયશ્ચિત્તોમાં મોટું, આ કાળમાં અપાતું લેવાતું નથી તેવું, પારાંચિત પ્રાયશ્ચિત્ત આપ્યું અને સૂરિમહારાજે લીધું.

આપનાર સ્થવિરો, તેમનાથી નાના હશે, અલ્પજ્ઞપણ હશે, છતાં આ મહાપુરુષની લઘુતા અને ભવભીરુતા, ખૂબ વિચારવા, મનન કરવા, અને અનુકરણ કરવા યોગ્ય છે. આજે સંઘમાં અનેક બખેડા જગાવનાર સ્વપ્ન દ્રવ્ય, ઉપધાનમાળ દ્રવ્ય, જિનેશ્વરદેવની પ્રતિષ્ઠાની ઉચ્છામણી દ્રવ્ય, આ બધાં દેવ દ્રવ્ય મનાયાં હોવા છતાં, આ કાળના આપણા જેવા, ખૂબ અલ્પજ્ઞ સાધુઓ પણ હું જ શાસ્રોનો જાણકાર છું. આવો હઠવાદ છોડતા નથી. તેમણે ખાસ વિચારવા, અને સમાજને છિન્નભિન્ન થતો અટકાવવા, પોતાનું તે સારું નહીં, પરંતુ સારું તે પોતાનું એવો માર્ગ સ્વીકારવો જોઈએ.

## ઇતિ શ્રી સંઘની આજ્ઞા શિરોવન્દ્ય માન્ય રાખનાર સિદ્ધસેનદિવાકર કથા સંપૂર્ણ

અત્યાર સુધીના વર્ણનોથી આપણે સમજી શક્યા કે, વ્યવહારમિશ્ર પણ, આજ્ઞા-પ્રધાન આચારોથી, ધર્મને પણ કેટલું ઉત્તેજન મળે છે, તે વાચકવર્ગ સમજી શકે છે. તો પછી એકાન્ત હિતકારી શ્રી વીતરાગદેવોની આજ્ઞાની જ મુખ્યતા આપણામાં દાખલ થઈ જાય તો, આત્માનો એક પાક્ષિક વિકાસ થતાં વાર લાગે નહીં.

**પ્રશ્ન** : શ્રી વીતરાગ દેવોની આજ્ઞા એટલે શું ? આજ્ઞા સમજ્યા વગર પણ ધર્મ કરવાથી નુકસાન તો નથી જ ને ? આજ્ઞા સમજ્યા વગર કે, આજ્ઞાની પરવા કર્યા વગર પણ મનુષ્ય, ધર્મ કરે તો ખોટું શું ?

**ઉત્તર** : આજ્ઞા સમજ્યા વગર આજ્ઞા આવે નહીં. અને વીતરાગ દેવોની સંપૂર્ણ આજ્ઞા પાળ્યા વગર ગમે તેટલા દાન-શીલ-તપશ્ચર્યા થાય તો પણ, આત્મા મોક્ષની સન્મુખ ગમન કરી શકતો નથી. અને સુગતિ પણ દૂર ખસે છે આત્માનો અપયશ પણ વધે છે.

**પ્રશ્ન** : આપણા ધર્મમાં અર્થાત્ જૈનધર્મમાં **"જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ"** માનવામાં આવ્યો છે. એટલે જિનાજ્ઞા સમજ્યા વગર જ્ઞાન પામેલા ક્રિયાકાંડો કરતા હોય તો શું નકામાં થાય છે?

**ઉત્તર** : અનેક ભવોમાં જ્ઞાન વગરની ક્રિયાઓ, અથવા ક્રિયા શૂન્ય જ્ઞાન પ્રાપ્તિ થઈ હોવા છતાં, આત્મા સંસાર ભ્રમણથી મુક્ત થયો નથી, અથવા ગોશાળા જેવા ભવો પામીને, પોતાની કલ્પના અનુસાર વિદ્વાન બનીને, કષ્ટસાધ્ય ક્રિયાઓ કરી તો પણ, આત્માનું ભલું તો નજ થયું, પરંતુ ઘણીવાર ભૂંડું જ થવાના પ્રસંગો બન્યા છે માટે જ ઉપકારીઓ ફરમાવી ગયા છે કે :–

**जिणाणाए कुणंताणं सव्वं निव्वाणकारणं । सुन्दरंपि सबुद्धिए, सव्वं भवनिबन्धनं ॥**

**અર્થ** : શ્રી વીતરાગ જિનેશ્વર દેવોની આજ્ઞા અનુસાર ચાલનારનું, થોડું કે ઘણું, નાનું કે મોટું, બધું અનુષ્ઠાન નિર્વાણનું મોક્ષનું કારણ બને છે. અને સ્વચ્છન્દ આપમતિ કલ્પનાએ કરાતું, ઘણું જ સારું દેખાતું હોય તો પણ, સંસાર ભટકાવનારું જ બને છે.

વળી પણ કહ્યું છે કે :–

**इहलोयम्मि अकित्ती, परलोए दुग्गइ धुवा तेसिं । आणं विणा जिणाणं, ये नवहारं ववहरन्ति ॥**

**અર્થ** : જે ચારિત્રધારી આત્માઓ, અથવા પોતાને જૈન માર્ગ આરાધક તરીકે સમજનારા ભાગ્યવાનો, શ્રી વીતરાગની આજ્ઞાને સમજવા, વિચારવા કે, આરાધવામાં, બેદરકાર રહેતા હોય, અથવા પોતાની ગમે તેવી આચારણાને જ, આરાધના કલ્પી લેતા હોય, તેમને પૂર્વાર્દ્ધ શ્લોકમાં જણાવ્યું છે તેમ, ગોશાળા જમાલી વગેરેની પેઠે, આલોકમાં અયશ-અપકીર્તિ અને પરલોકમાં અવશ્ય દુર્ગતિ જ થાય છે તેમ સમજી લેવાનું.

વળી પણ કહ્યું છે કે :–

**आणारूइस्स चरणं, तव्भंगे जाण किंन भग्गंति ।**
**आणं च अइक्कंतो, कस्साएसा कुणइ सेसं ॥**

**અર્થ** : આજ્ઞારૂચિ આત્મામાં જ ચારિત્ર આવે છે. અને સ્થિર પણ થાય છે; પરંતુ આજ્ઞાના ભુક્કા ઉડી જતા હોય તો, ચારિત્ર રહે જ કેવી રીતે? આજ્ઞાનો અનાદર કરનાર કોના વચનથી ચારિત્ર પાળે છે? પોતે જે આચરે છે તે કોની આજ્ઞાથી? તે તેણે વિચારવું જોઈએને?

**આજ્ઞાનું મહત્વ**

"સુધાભર્યો કંચન ઘડો, જો ઘટનો ક્ષય થાય. ।
નિરાધાર અમૃત થયું, ચોક્કસ તે ઢોળાય." ૧

"જિન આણા કંચન ઘડો, સંયમ સુધા સમાન.।
જિન આણા ક્ષય પામતાં, અવશ્ય સંજમ હાણ." ૨

"જગ સઘળા ધર્મો વિશે, આણા સાચો ધર્મ।
ભક્ત-સતીને શિષ્ય-પુત્ર, કોઈ ન બાંધે કર્મ." ૩

"જનની ગુણ સઘળા તણી, જિન આણા કહેવાય।
આણા વિણ ગુણગણ બધા, સમૂર્ચ્છિમ લેખાય." ૪

"જિન આણા સુરપાદપો. જે ઉગે નિજધામ।
પામરતા ભવચક્રની, અળગી થાય તમામ." ૫

"જિન આણા આવ્યા પછી, આશ્રવ ઘટતો જાય।
સંવરનાં સાધન ગમે, ગુણ ખીલે ઘટમાંય." ૬

"જિન આણા ચિંતામણિ, મહારત્ન કહેવાય।
જિન આણાધર નરસમો, ચક્રી પણ નવ થાય" ૭

"જિન આણા રોહણ સમી, ગુણ રત્નોની ખાણ।
મુક્તિ નગરી પામવા, આરાધો થઈ જાણ." ૮

"દાન-શીલ-તપ-ભાવના, જિન આણા અનુસાર।
પંચમગતિ સાધન કહ્યાં, શ્રી જિનવર ગણધાર." ૯

"તપ-સંયમ-ને દાન-શીલ, જ્ઞાન-ધ્યાન-આચાર।
જિન આણા જો નો'ય તો, રખડાવે સંસાર." ૧૦

**પ્રશ્ન** : બીજા કોઈપણ ધર્મોમાં આજ્ઞાને આટલું મોટું મહત્ત્વ અપાયું જણાતું નથી તેનું કેમ?

**ઉત્તર** : ધર્મની વાત તો ઘણી જ મોટી છે. પરંતુ લોક વહેવારમાં પણ આજ્ઞાની જ બોલબાલા છે. જુઓ, સતી નારીને પતિની આજ્ઞા, એ જ તેના પ્રાણ ગણાય છે. પતિની આજ્ઞાની અવગણના કરનારી સતી કહેવાય નહીં, પતિની આજ્ઞા પાળવા માટે જ મહાસતી સીતાજીએ, ખેરના અંગારાની ખાઈમાં ઝંપલાવ્યું હતું. ગુરૂ પુરુષોના શિષ્યો પણ, ગુરુ આજ્ઞા પાળવા, દુઃખ-સુખની કલ્પના લાવ્યા સિવાય. ગુરુને પસંદ પડે તેવું અનુષ્ઠાન આચરે છે. તથા પુત્રો પણ પિતાના ભક્ત હોય તેઓ પિતાના વચનમાં શંકા લાવતા નથી, આજ્ઞાનું ખંડન કરતા નથી. જેમ મહારાજા રામચંદ્રે, પિતા દશરથરાજાની

આજ્ઞા અખંડ આરાધી છે. મહારાજ લક્ષ્મણજીએ વડીલ બંધુ રામચંદ્ર મહારાજની આજ્ઞા અખંડ આરાધી છે. મહારાજ યુધિષ્ઠિરે માતા કુંતીદેવીની અને ચાર પાંડવોએ, યુધિષ્ઠિરની આજ્ઞા આરાધી છે. તે જ પ્રમાણે ભક્તો પણ, પૂજ્ય પુરુષોની નિર્દૂષણ આજ્ઞા સ્વીકાર કરે છે.

આજ્ઞાના ફળને બતાવનારી એક ઉપનયવાળી ધનવાન મુસાફરની કથા લખાય છે.

એક નગરમાં આત્મારામ નામનો કોઈ એક વણિક, ધન કમાવા માટે પોતાના, માતા–પિતા, પત્ની–ભગિની, પુત્ર–પુત્રીઓને ઘેર રાખીને, ધન કમાવાની શોધ કરતો, ઘણા દૂર દેશમાં ચાલ્યો ગયો. કેટલોક કાળ નસીબની પ્રતિકૂળતાને કારણે, દ્રવ્ય પ્રાપ્તિ થઈ નહીં. ભવિતવ્યના યોગથી, એક ઝવેરીની નોકરી મળી ગઈ. શ્રેષ્ઠી ખૂબ ધર્માત્મા અને ઉપકારી હતા. તેથી ગુમાસ્તા ઉપર ખૂબ પ્રસન્ન રહેતા હતા.

નસીબની મહેરબાની વધવાથી, શેઠની મહેરબાની વધવા લાગી. લાભાન્તરાયનો ક્ષયોપશમ વધ્યો. ક્રમે પોતાનો વેપાર કરતાં, મોટો ધનવાન થયો. અને વિચાર કરવા લાગ્યો. ધન મળવાથી શું લાભ? મારું બધું કુટુંબ હજારો ગાઉ દૂર દેશમાં છે. મારે હવે વેપાર આટોપીને ઘર ભેગા થવું જોઈએ. આવો વિચાર કરીને, આત્મારામે પ્રથમ નંબરનાં ત્રણ રત્નો લીધાં. પછી બીજા નંબરનાં પાંચ રત્નો લીધાં. પછી ત્રીજા નંબરનાં આઠ રત્નો લીધાં. પછી ચોથા નંબરનાં દશ રત્નો લીધાં. પછી પાંચમા નંબરનાં સત્તર રત્નો લીધાં.

બસ આવા મહાકીમતી, ૪૩ રત્નો મેળવ્યા પછી, આત્મારામે એક આકડાના રૂનો ઝભો જાતે બનાવ્યો. અને તેમાં આંતરા આંતરા, પોતાનાં પ્રસ્તુત તેતાલીસ રત્નોને, ગોઠવીને સીવી લીધાં. ડગલો પહેરવાથી, કોઈ ચોર, ધાડપાડુ કે રાજ્યાધિકારીઓ જાણી શકે જ નહીં કે આ માણસ પાસે ધન છે.

આ બાજુ આત્મારામ શ્રેષ્ઠિએ વિચાર કર્યો કે, કોઈ પણ લાયક–સજ્જન માર્ગદર્શક મેળવવો જોઈએ. તપાસ કરતાં, પોતાના શેઠનો જ એક માણસ, ઘણા વર્ષનો અનુભવી, સેંકડોવાર મુસાફરી કરવા વડે, જુદા જુદા દેશો અને અટવીના માર્ગનો, ખૂબ જ જાણકાર મળી ગયો. તેનું નામ હતું પરમાનંદ. તેને પણ પોતાના દેશમાં જવું હતું. તે ખૂબ વૃદ્ધ હોવાથી ઘણો અશક્ત હતો, તેથી દેશમાં જવા માટે સહાયક શોધતો હતો.

આ બાજુ કેટલાક ધન કમાએલા વેપારીઓ, દેશમાં જવા રવાના થતા હતા. તે બધા માર્ગના અને દિશાઓના પણ અજાણ હતા. તેમણે પોતાના ધનનાં ગાડાં ભર્યાં હતાં. રક્ષકો પણ રાખ્યા હતા. પરંતુ તેઓ પણ દિશા અને માર્ગના સાવ અજાણ હતા. તે લોકોએ આપણી વાર્તાના નાયક, આત્મારામ શેઠને સાથે આવવા સમજાવ્યા, પણ તેણે માર્ગના જ્ઞાન માટે તપાસ કરતાં વિશ્વાસ લાગ્યો નહીં.

છેવટે પ્રસ્તુત પોતાના શેઠની દુકાનના જાણીતા અનુભવી, સજ્જનને, સાથે લેવા

વિચાર કરીને પૂછયું. તેઓ કહે છે, હું વૃદ્ધ છું. ચાલવામાં અશક્ત છું. સ્વદેશ જવાને ઈચ્છું છું. સાચવીને, ઉપાડીને બહુમાનપૂર્વક લઇ જનારની શોધ કરું છું. આ વાત સાંભળી, તેણે તેમને, પોતાની ખાંધ ઉપર બેસાડી, લઈ જવા કબૂલાત આપી. અને માર્ગના ખર્ચ માટે, એક નાની શકડી, પૈસાની કોથળી પણ ભેગી રાખી.

પહેલા ધનવાન વેપારીઓ દિશાઓને, માર્ગના અજાણ હોવાથી, ભીલ લોકોની પલ્લીના માર્ગે ચાલ્યા. ફસાઈ ગયા. ભીલ્લ લોકોએ મારી ઝુડી લૂંટી લીધા. સાથેના રક્ષકો, કેટલાક પકડાઈ ગયા; કેટલાક નાસી ગયા, બધા વેપારી બીચારા. ભીલ્લોના પ્રહારોથી, જર્જર શરીરવાળા થઈ જવાથી, કેટલોક વખત જ્યાં ત્યાં પડ્યા રહી, ઔષધ અને અનાજના અભાવે મરણ પામ્યા.

આપણી કથાનો વણિક આત્મારામ, સાથેના અનુભવીને, પોતાના શરીર ઉપર ઉપાડીને ચાલે છે. તેની બતાવેલી દિશાને ધ્યાનમાં રાખી, તેણે દેખાડેલા માર્ગમાં ચાલે છે. ખાડા ટેકરા આવે તો પણ, જરાપણ કંટાળતો નથી. પોતાનો માર્ગદર્શક એવો અનુભવી છે કે, એણે ચોર–ધાડપાડુનો પ્રદેશ છોડી દીધો. સિંહ–વાઘ–દીપડા–સર્પ–અજગરથી ભરેલાં, ભયપૂર્ણ સ્થાનો છોડી દીધાં. વચમાં વચમાં–વસતિવાળો પ્રદેશ આવે ત્યાંથી ખોરાક મેળવે છે. વખતે ખોરાક ન મળે તો, બેચાર લાંઘણો પણ ખેંચી કાઢે છે. આમ કંટાળ્યા વગર પગે ચાલતાં, ચાલતાં, ત્રણ વર્ષે ક્ષેમકુશળ પોતાના નગર પહોંચી ગયા.

અને પોતાના નગરમાં પહોંચીને, આત્મારામ શેઠે, માર્ગદર્શક ઉપકારી પરમાણંદદાસને પોતાના ઘરવાળી પોળમાં લાવીને ઉતાર્યા. બન્નેની પોળ એક જ હતી. પછી આત્મારામે પોતાનો ઝબો પણ, રત્નોને ચીણીને સ્વાધીન કર્યા પછી ફેંકી દીધો, અને બધાં રત્નો લાવીને, પરમાણંદદાસના ચરણો પાસે ધર્યાં.

પરમાણંદ શેઠ કહે છે, ભાઈ! મારી પાસે પણ તમારા જેવાં ૪૩ રત્નો છે. બીજાં પણ અનેક નાનાં મોટાં પુષ્કળ રત્નો છે. મારે તમારાં રત્નોની જરૂર નથી. તમો તમારાં રત્નોને સુરક્ષિત રાખીને, સ્વપરના કલ્યાણ સાધનારા થાઓ, એવા આશીર્વાદ અમે આપીએ છીએ. પરમાણંદદાસનાં હિતમિતપથ્ય વચનો સાંભળી આત્મારામશ્રેષ્ઠી, પોતાના પરિવાર સહિત સુખભોગી થયા.

**ઉપનય** એક નગર તે સંસાર. આત્મારામ શ્રેષ્ઠી, તે આત્મા. પરદેશગમન તે, આર્ય દેશની પ્રાપ્તિ, ઝવેરી વેપારી તે, ભગવાન શ્રીવીતરાગ શાસનના ધોરી જૈનાચાર્ય, કમાણી તે ગુણોની પ્રાપ્તિ, માર્ગદર્શક **પરમાણંદદાસ** તે સર્વકાલીન સુગુરુની નિશ્રા. દિશાઓ અને માર્ગોનું જ્ઞાન તે નિશ્ચય વ્યવહાર માર્ગોથી પૂર્ણ, શાસ્ત્રોનું જ્ઞાન. ભીલ્લોની પલ્લિ વગેરે તે અનાર્ય દેશો. સિંહ, વાઘ, દીપડા વગેરે મોહનું ટોળું, હાસ્યાદિ કષાયો, વેદો, વિષયો, પ્રમાદો વગેરે સમજવા. ત્રણ રત્નો, રત્નત્રયી. પાંચ રત્નો મહાવ્રતો, આઠ રત્નો પ્રવચન માતાઓ. દશ રત્નો યતિધર્મો. સત્તર રત્નો સત્તર પ્રકાર સંયમ, ઝબ્બો તે શ્રીવીતરાગ

મુનિવેશ. જેમાં રત્ન ગોઠવ્યાં અને સુરક્ષિત રહ્યાં. તેમ શ્રીવીતરાગના વેશ વિના, રત્નો જેવા ગુણો, સચવાય જ નહીં. પોતાનો દેશ મોક્ષનગરી.

બીજા વેપારીઓ તે, સુગુરુની પ્રાપ્તિના અજાણ, સુગુરુની આજ્ઞાના કટ્ટર વિરોધી. અથવા બીજા દર્શનને આચરનારા, અથવા નિન્હવો. તેમનું ધન તે અહિંસા, બ્રહ્મચર્ય, સત્ય, અસ્તેય, અપરિગ્રહ અને બીજા પણ આત્માનો ઉત્કર્ષ વધારનારા ગુણો. માર્ગદર્શકનો અભાવ તે કુલવાલુઆદિકની જેમ, આત્માની સ્વચ્છંદતા, ભીલ્લોની પલ્લિ તે, કુગુરુઓ કે, કુમિત્રોનો સહવાસ. ભિલ્લો દ્વારા મારકુટ તે માગધિકા વેશ્યા દ્વારા, જેમ કુલવાલકનું પતન, જમદગ્નિનું પતન, દ્વૈપાયન ઋષિનું પતન, અને મરણ તે નરકાદિ દુર્ગતિઓ સમજવી.

**પ્રશ્ન** : સ્રીઓ ને પુરુષોની આજ્ઞા પાળવાની, અને પુરુષોને પોતાની ઇચ્છા પ્રમાણે વર્તવાની છૂટ એમ કેમ ?

**ઉત્તર** : જ્ઞાનિઓએ પુરુષોનું પ્રધાનપણું બતાવ્યું છે. પુરુષો રક્ષક છે. અને સ્રીઓ રક્ષ્ય છે. કહ્યું છે કે :

**पिता रक्षति कौमार्ये, भर्ता रक्षति यौवने । पुत्रो रक्षति वार्द्धक्ये, न स्त्री स्वातंत्र्य मर्हति**

**અર્થ** : બાલ્યકાળમાં છોકરીનું પિતા રક્ષણ કરે છે. યૌવનવયમાં લગ્ન થયા પછી પતિ–ભર્તા રક્ષણ કરે છે. અને પતિ પરલોક ગયા હોય તો, વૃદ્ધાવસ્થામાં પુત્ર રક્ષણ કરે છે. સ્રી સ્વતંત્ર રહી શકે જ નહિ.

પુરુષોને કોઈ હરણ કરી ગયાના, બળાત્કાર કરવાના કે, શીલ લૂંટવાના દાખલા બનતા નથી જ. અને સ્રીઓને, હરણ કરી જવાના વિગેરે દાખલા. સીતાજી, બુદ્ધિસુન્દરી–ઋદ્ધિસુન્દરી, રતિસુન્દરી અને ગુણસુન્દરીના દાખલા. તેમ જ અચંકારીભટ્ટા, નર્મદાસુન્દરી, નલયસુન્દરી વગેરે મહાસતીઓનાં હરણ થયાના, ઉપાડી જવાના, હેરાન થયાના, દુખ આપ્યાના, પણ દાખલાઓ શાસ્રોમાં પુષ્કળ મળે છે. માટે જ સ્રી રક્ષણ કરવા યોગ્ય છે. અને પુરુષ રક્ષણ કરનાર છે.

તથા વળી સ્રીઓનાં વખાણ કરતાં, મહાપુરુષોએ ગમે તેવી મોટા કુળની પુત્રીને પણ, પોતાના પતિની દાસી જ બતાવી છે.

**कार्ये दासी रतौ रंभा, भोजने जननी समा। विपत्तौ बुद्धिदात्री च सा भार्या सुविदुर्लभा ॥१॥**

**અર્થ** : આવી શું સ્રી કોઈ પુણ્યવાન આત્માને જ મળે છે. પોતાના સ્વામીનું કામકાજ સેવા–શુશ્રુષા કરવામાં, દાસીની માફક સેવા બજાવે છે. રૂપમાં રંભા તિલોત્તમા ઉર્વશી જેવી હોય છે. પોતાના સ્વામીની જમવાની સંભાળ રાખવામાં માતા જેવું ધ્યાન રાખે. મારા–સ્વામીની તબિયત ન બગડે. પસંદ પડે તેવી કાળજી રાખે છે. અને

કોઈવાર દુખ આવે, આપત્તિ–આવે, તો કૃતપુણ્ય શેઠની પત્નીની માફક, ધીરતા આપે છે. આવી પત્ની જગતમાં દુર્લભ ગણાય છે.

સ્ત્રીને પતિની દાસી માનવામાં તેની આબરૂ વધે છે. તે પતિવ્રતા સતી ગણાય છે. અને પુરુષને સ્ત્રીનો દાસ બતાવાય તો હીજડો–બાયલો–નિર્માલ્ય ગણાવાય છે. સતી–નારીઓ પતિના વિપરીત વર્તનથી પણ, પલટાતી નથી. પોતાના સ્વામીના દોષ દેખતી નથી. પરંતુ પોતાના કર્મોના જ દોષ જુએ છે. અહીં સતી સીતાજી–સતી અંજના–સતી કલાવતી વગેરેનાં જીવનો જાણવા જેવાં છે. પોતાને આવેલાં દુખો કર્મથી આવેલાં માન્યાં છે.

**પ્રશ્ન** : પુરુષોને અનેક સ્ત્રીઓ પરણવાની છૂટ અને સ્ત્રીઓને ઘરમાં પુરાઈ રહેવાનું આવા કાયદા શું વ્યાજબી છે ?

**ઉત્તર** : એકથી વધારે અથવા ઘણી સ્ત્રીઓ નહીં પરણનાર, નળ રાજા જેવા કે પાંડવો જેવા; ધન્યવાદને પાત્ર છે. આવું આચરણ કરનાર સંતપુરુષો ગણાય છે. પરંતુ પુરુષો એકથી વધારે પત્નીઓ પરણનારા કૃષ્ણ મહારાજ જેવા હજારો થવા છતાં, તેવાઓ નિન્દાનું જ પાત્ર બન્યા છે. એવું જાણવા વાંચવા મળ્યું નથી.

શ્રેણિક રાજાને જુદી જુદી પત્નીઓ, નંદાદેવી, ચેલ્લણાદેવી, ધારિણીદેવી, કાલીદેવી વિગેરેથી, અભયકુમાર, કોણીક, મેઘકુમાર, કાલકુમાર, નંદીષેણકુમાર, જાલી–મયાલી ઉવયાલી વગેરે ઘણા પુત્રો થયા છે. આંહી એક પિતાથી જુદી જુદી માતાના, અનેકપુત્રો ભેગા હોય ત્યારે, પોતે ભિન્નમાત્રિક સગા ભાઈ, પોતાને જણાવતા, જરા પણ સંકોચ અનુભવતા નથી.

પરંતુ એક માતાના ઘણા પિતાઓથી, જન્મેલા અનેક પુત્રોના, દાખલાઓ થોડા જ બન્યા હશે. અને આવા કોઠાઈભાઈઓ, પોતાનું સગપણ, અન્યને–જણાવી શકતા નથી. જણાવતાં શરમાય છે. સંકોચાય છે. પોતાને કલંકિત–સમજે છે. એક પિતાની રખાતના પુત્રોની, ક્ષેમરાજ જેવાની ઈતિહાસોમાં નોંધો ઘણી મળશે. પરંતુ સ્ત્રીઓના અનાચારથી જન્મેલા પુત્રોનાં વર્ણનો ઢંકાઈજ ગયાં હોય છે. આવી દલીલોથી સમજવાનું કે, સતીઓ અને સદાચારિણી બહેનોને સ્વતંત્રતા શોભતી નથી.

**પ્રશ્ન** : પુરુષોનો આટલો મોટો પક્ષપાત શા માટે? પુરુષોને બધી છૂટો કોણે આપી ?

**ઉત્તર** : પુરુષોનો પક્ષપાત અને સ્ત્રીઓનો અનાદર આવું કશું જ નથી. જગતનો સ્વભાવ જ એવો હતો, છે અને રહેવાનો જ છે કે, પુરુષો જ ઘરના માલિક, દેશના માલિક, દુનિયાભરના માલિક રહ્યા છે અને રહેવાના જ છે. જગતમાં સીતા–દ્રૌપદી–દમયંતી જેવી મહાસતીઓના સ્વયંવર થયા છે તેમાં હજારો રાજકુમારો આવ્યાના વર્ણનો જૈન–અજૈન પુસ્તકોમાં વાંચવા મળે છે. એક છોકરાને પાંચસો સ્ત્રીઓ કે છોકરીઓ પરણવા

આવ્યાનો દાખલો નથી. વળી પુરુષ પ્રાધાન્ય કેટલું મજબૂત છે કે, પરણનાર વરકન્યા બેનાં લગ્ન થયા પછી, આખી જિંદગી, કન્યા પુરુષના ઘેર જ રહે છે. આ અટલ રિવાજ બધા દેશો અને કોમોમાં વ્યાપક છે.

તથા બાળકો જેટલાં થાય તેટલાં, પિતાના નામથી ઓળખાય છે. પિતાની માલિકીનાં જ ગણાય છે. તથા ભૂતકાળના ઇતિહાસો કે ધર્મના ગ્રન્થો વાંચીએ તેમાં, ચક્રવર્તીઓ, વાસુદેવો, બલદેવો, પ્રતિવાસુદેવો, રાજામહારાજાઓ, હજારો રાણીઓ પરણ્યા છે. શાલિભદ્ર, ધન્નાજી, ધન્નાકાકંદી, અવંતીસુકુમાર, કયવન્ના વગેરે શ્રીમંતો પણ અનેક પત્ની પરણ્યા હતા.

**પ્રશ્ન** : આતો બધી ઘણા જૂના જમાનાની વાતો છે. અર્વાચીન કાળમાં આવું બન્યું છે ?

**ઉત્તર** : અર્વાચીન કાલમાં પણ એક બે દાખલા નથી પણ અનેક મોજૂદ છે. જુઓ જૂના ઇતિહાસો વાંચો: અકબર ને જોધબાઈ વગેરે ૧૦ રાણીઓ હતી. રખાતો સેંકડો હતી. જહાંગીર અને શાહજહાંને પણ ઘણી બેગમો હતી.

તે કાળના બીજા રાજાઓ જેમકે રાજા માનસિંહ (અંબરના રાજા બિહારીમલના પુત્ર–ભગવાનદાસનો પુત્ર) તે અકબર બાદસાહના ઉમરાવો પૈકી, એક માનવંતો ઉમરાવ હતો, તેને ૧૫૦૦ રાણીઓ હતી. માનસિંહ મરણ પામ્યો ત્યારે ૬૦ સતીઓ થઈ હતી. રાશીન નગરના હિંદુ રાજાને ૨૦૦૦ રાણીઓ હતી. અકબરના એક સુબેદારને ૧૨૦૦ બેગમો હતી. વર્તમાન નિઝામ સરકારને બસો ત્રણસો બેગમો છે.

આવા પ્રાચીન અને અર્વાચીન ઇતિહાસો વાંચવાથી સમજાશે કે, પુરુષોનું જ પ્રાધાન્ય હતું અને તે વ્યાજબીજ છે. રાજ્ય–ધન–અને કુટુંબ પરિવાર સાચવવાની તાકાદ પુરુષોમાં જ હોય છે. ધર્મ–શીલ અને આચારને વધારવા અને સાચવવાની શકિત પણ પુરુષોમાં જ હોય છે.

**પ્રશ્ન** : સ્ત્રીઓને ફરવા હરવાની કે મરજી મુજબ કોઈને મળવાની છૂટ જ નહીં ?

**ઉત્તર** : આર્યબાળાઓ, પોતાના માતાપિતા ભાઈ કે પતિ સીવાય, એકલી ભટકવા જઈ શકે નહીં. અને જનારનું ચારિત્ર જોખમમાં મુકાયા વગર રહે નહીં. ભૂતકાળને વિચારવામાં આવે તો જ્યારે જ્યારે અનાર્યોના રાજ્યો થયાં છે. ત્યારે ત્યારે આર્યબાળાઓ ઉપર, કેટલી આપત્તિઓ, હેરાનગતિઓ ઉતરી આવી છે, તેનો અંદાજ કાઢવો મુશ્કેલ છે. અલ્લાઉદ્દીને ચિત્તોડનો કિલ્લો સર કર્યો, અને રાણાની પત્ની પદ્મિનીને, મેળવવા હલ્લો કર્યો. ત્યારે તે પદ્મિની રાણી સાથે હજારો, રાજપુતાણીઓએ, અગ્નિમાં બળીને, અને કૂવાઓમાં પડીને, પોતાના વહાલા પ્રાણોના ભોગેપણ, શીલની અને ધર્મની રક્ષા કરી હતી. કહેવાય છે કે અકબરના સમયમાં પણ, સોળ હજાર રાજપુતાણીઓએ પોતાના, વહાલામાં વહાલા શીલ રક્ષણની ખાતર, પોતાના પ્રાણોને અગ્નિમાં અને કૂવામાં, ન્યોછાવર કર્યા હતા.

**પ્રશ્ન** : જેમ સ્ત્રીઓ ખૂબસૂરત હોય છે, તેમ પુરુષો પણ દેવ જેવા રૂપાળા ઘણા હોય છે. તો પણ પુરુષોને ગમે ત્યાં જવાની, કોઈને પણ મળવાની મનાઈ હોતી નથી. છૂટ હોય છે. ગામ-પરગામ-દેશ-પરદેશ જવાની પણ, ખાસ રોક-ટોક હોતી નથી. ત્યારે બાળાઓને કે સ્ત્રીઓને મરજી મુજબ ફરાય નહીં. વળી મોટાં મોટાં રાજ્યકુળોમાં તો સ્ત્રીઓ ઘરડી હોય તોય, પડદામાં રહેવું પડે છે. આ શું ન્યાય છે?

**ઉત્તર** : કેવળ ન્યાયજ નહીં. પરંતુ સ્ત્રીસમાજ ઉપરનો પ્રતિબંધ છે. તે સ્ત્રીસમાજના જાન અને શીલના રક્ષણ માટેજ છે. રૂપવતી રાજરમણીઓ કે, બીજી રૂપવતી બાળાઓને પડદામાં રહેવાનું, તેના બચાવ માટે છે. કેદની સજા ભોગવવા માટે નથીજ. સ્ત્રીઓનાં રૂપનાં વખાણ-વર્ણનોને સાંભળીને પણ, કામીપુરુષોએ લડાઈઓ કે તોફાનો મચાવ્યાના દાખલા ઢગલાબંધ દેખાય છે.

## સતી મૃગાવતીના રૂપ ઉપર ચડાઈ

વત્સદેશ કૌશાંબીના રાજા શતાનિકને, બારવ્રતધારી વૈશાલિના ચેડામહારાજાની પુત્રી, મૃગાવતી નામની પત્ની હતી. સતીઓમાં રેખા સમાન હતી. બીજી બાજુ માળવાની રાજધાની ઉજ્જૈનના રાજા ચંડપ્રદ્યોતને પણ, તેજ ચેડામહારાજાની પુત્રી શિવાદેવી, પરણી હતી. મૃગાવતી અને શિવાદેવી સગી બહેનો હોવાથી, શતાનિક અને ચંડપ્રદ્યોત સાઢુ થતા હતા. ચંડપ્રદ્યોતને શિવા, મુખ્ય પટ્ટરાણી હતી ઉપરાન્ત બીજીપણ ઘણી રાણીઓ હતી. એકવાર દેવનોવર પામેલો એક ચિત્રકાર, મૃગાવતી સતીનું રૂપ ચીતરીને, ચંડપ્રદ્યોત પાસે ગયો. મૃગાવતીનું રૂપ બતાવ્યું. સેંકડો રાણી હોવા છતાં, ચંડપ્રદ્યોતની કામ ક્ષુધા જરાપણ નાશ પામી ન હતી. તેથી સૈન્ય અને ધનના જોરથી, ગર્વિષ્ટ ચંડપ્રદ્યોતે, શતાનિક ઉપર દૂત રવાના કર્યો. અને કહેવડાવ્યું કે રાજ્ય અને જીવિતની જરૂર હોય તો, હમણાંને હમણાં મૃગાવતીને, મારી રાણી બનાવવા મોકલી આપવી.

શતાનિકે દૂતને, બહાદુર રાજાને શોભે તેવો, ઉત્તર આપી રવાના કર્યો. પરંતુ દૂતના વચનો સાંભળી, ચંડપ્રદ્યોત ક્રોધાવિષ્ટ થયો. સૈન્ય સજ્જ બની, કૌશાંબી તરફ રવાના થયો. શતાનિકે બચાવના બધાજ સાધનો મેળવ્યાં પણ ફાવ્યો નહીં. અને હૃદય સ્ફોટથી, મરણ પામ્યો. સતી મૃગાવતી નિરાધાર બની.

શીલના રક્ષણ માટે માયા ગોઠવી, ચંડપ્રદ્યોત પાસે દાસીને મોકલી વિશ્વાસ આપ્યો. અને નવીન પ્રાકાર કરાવરાવ્યો. ધન ધાન્યથી નગર અને ભંડારો ભરાવ્યા. ત્યાં તો સતીના ચિત્તના અભિપ્રાયો જાણી, પ્રભુ મહાવીર કૌશાંબીના પરિસરમાં સમવસર્યા. સતી મૃગાવતી તથા ચંડપ્રદ્યોત દેશના સાંભળવા ગયાં. મૃગાવતીએ ચંડપ્રદ્યોતની રજા મેળવી, પુત્ર ઉદયનને તેના શરણે સોંપી, પ્રભુજી પાસે દીક્ષા લીધી. અને કેવલી થઈ મોક્ષ ગયાં.

આ સ્થાને માત્ર મૃગાવતીના રૂપનું ચિત્ર પણ, આટલા મોટા, પતિમરણ જેવા અને શીલ રક્ષણની મહામુશ્કેલી ઉભી કરનારા, ઉપદ્રવોનું કારણ બન્યું છે. તે વાતને સમજનારા મહાપુરુષો, પત્નીઓ અને પુત્રીઓને પડદામાં રાખતા હતા તે શું ખોટું છે?

રૂપ જોવાની તરકીબો અને તેના અધમ પરિણામો પૈકી એક દાખલો જણાવું છું.

વિક્રમની સત્તરમી શતાબ્દીમાં મોગલ સમ્રાટ અકબરની પુણ્યાઈ ખૂબ જોરદાર હતી. તેનો પુણ્ય સૂર્ય એક વાર મધ્યાહ્નના સૂર્ય જેવો પ્રકાશતો હતો. તેણે હિંદુ મુસલમાન સર્વને મિત્રો બનાવ્યા હતા. તેની આવી કુનેહથી હિંદુ રાજાઓ, અને હિંદુ પ્રજા ઉપર અકબરે ખૂબ વિશ્વાસ વધાર્યો હતો. અર્થાત મોટા ભાગના હિન્દુઓએ, અકબરને પોતાનો માનીતો સમ્રાટ સ્વીકાર્યો હતો. આથી તેનું રાજ્ય ઘણું વિસ્તારને પામ્યું હતું.

અકબરમાં આવા ગુણો હોવાથી હિન્દુ રાજાઓએ, ઘણા માન સત્કારપૂર્વક પોતાની વહાલી દીકરીઓ પણ, અકબરને જહાંગીરને અને શાહજહાને પરણાવી હતી. આથી અકબરના દરબારમાં, દેવાંગના જેવી ઘણી રાજકુમારીઓ શોભતી હતી. અકબરને જયપુરના રાજા બિહામલે, પોતાની રૂપરંભા પુત્રી જોધબાને, વરાવી હતી. જે રાજા માનસિંહની ફોઈબા થાય. અને જોધબા ભવિષ્યના સમ્રાટ, જહાંગીરની જન્મદાત્રી માતા હતી.

રાજાઓમાં પ્રાયઃ કામ વિકારનું ખૂબ જોર હોય છે. અકબરને જોધબા જેવી અનેક રાજકુમારી પત્નીઓ હતી. ઘણી રૂપસુન્દરી રખાતો પણ હતી. તો પણ અકબરનો કામાગ્નિ સળગતો અને અતૃપ્ત રહેવાથી, દુનીઆની સ્ત્રીઓનાં રૂપો જોવા, તેણે એક યોજના ઘડી હતી. અને તેએજકે દર શુક્રવારે, સ્ત્રીઓનો એક બજાર ભરવો. જેમાં વેપાર કરનારી સ્ત્રીઓજ હોય. દુકાનોમાં વેચનારી, નોકરડી, ફેરિયા બધીજ સ્રીઓ હોય. પુરુષોને પેસવાની મનાઈ. તે બજારમાં ખાનપાનના, કાપડના, સોનાચાંદીના દાગીનાના, ઝવેરાતના, કરિયાણાના, ગંધીયાણાના, પાનસુપારીના, બધાજ વેપાર કરનારી સ્ત્રીઓજ રહેતી હતી. તેથી ત્યાં બાદશાહની બેગમો, અને બેટીઓ પણ, ખુલ્લા મુખથી ફરી શકતી હતી. પછી તો અકબરની રાજધાનીમાં, કાયમી વસવાટ કરીને રહેનારા, રાજાઓની રાણીઓ, દીકરીઓ, અને દાસીઓ, ચાકરડીઓ પણ, આ શુક્રવારના નારી બજારમાં, યથા સમય જરૂર આવતી હતી.

આ નારી બજારમાં અકબર પોતે પણ, ઘણીવાર બુરખો ઓઢીને, રૂપસુન્દરીઓનાં રૂપ જોવા માટે, ખાસ આવતો હતો. અને તે અજાણી નારીના સ્વાંગમાં, કોઈને ખબર પડવા દીધા સિવાય, ફરીને પાછો ચાલ્યો જતો હતો. આ યોજનાથી તેણે એકવાર, જેશલમેરના યુવરાજ પૃથ્વીરાજ (રાજાના નાના ભાઈ)ની રાણી લીલાદેવીને, જોઈ લીધી. લીલાદેવી ખૂબસૂરત હતી. અર્થાદ્ રૂપ દેવાંગના જેવું હતું.

લીલાદેવીનું રૂપ લાવણ્ય જોઈને, અકબરની બુદ્ધિએ, મર્યાદા ગુમાવી દીધી. અને રાજમહેલમાં આવીને, પોતાની માનીતી બેગમ જોધબાની એક દાસીને, જોધબાના નામથી, લીલાદેવીને બોલાવી લાવવા મોકલી. સાથે મ્યાનો મોકલ્યો. ઉપાડનારી દાસીઓને મોકલી. દાસીઓ, લીલાદેવીના મહેલે પહોંચી. અને જોધબાનો (અકબરનો) સંદેશો સંભળાવ્યો. સમ્રાટની મહારાણીના આમંત્રણને સાંભળી, લીલાદેવી ઝટઝટ તૈયાર થઈ. અને મ્યાનામાં

બેસીને, જોધબાને મળવા રવાના થઈ ગઈ. દાસીઓએ લીલાદેવી સહિત મ્યાનાને, જોધબાના મહેલના, છેક અંદરના ઓરડામાં લાવીને મૂકયો.

અહીં પહેલેથી જ સમ્રાટ અકબરે, જોધબાને, અમુક સમય માટે, બીજા જોડેના ઓરડામાં, રહેવા સૂચના આપી હોવાથી, અને તમામ દાસીઓને મ્યાનો મૂકી રવાના થવા સૂચના કરી તેથી, દાસીઓ પણ બધી જ ચાલી ગઈ. એકદાસી લીલાદેવીને, મ્યાનામાંથી ઉતારીને, ચાલો, પધારો, બેગમ સાહેબા આપની અહીં જ રાહ જુએ છે. એમ કહીને, બાદશાહના પલંગ પાસે લઈ ગઈ.

લીલાદેવી ક્ષત્રિયાણી છે. મહાપુણ્યોદયથી, રૂપલાવણ્ય પામી હોવા છતાં, મહા સતીને છાજે તેવા, વીર નારીને શીલ–અને સાત્ત્વિક ભાવ તથા લજ્જા–ગાંભિર્ય આદિ શોભે તેવા બીજા પણ ઘણા ગુણોને પામેલી હતી. તેથી દાસીના વચનથી, જોધબાને મળવા માટે, મલકાતા મુખે, આગળ વધતી સામે જુએ છે. ત્યાં તો, જોધબાની જગ્યાએ બાદશાહને જોઈને, એકદમ ઘૂંઘટવડે મુખને ઢાંકીને, આગળ વધતી અટકી ગઈ. તથા હાથ પણ પોતાના વસ્ત્રોમાં છુપાવી લીધા.

**બાદશાહ :** રાણીજી, કેમ અટકી ગયાં? આગળ આવો. મેં જ તમને આમંત્રણ આપવા દાસીઓને મોકલી છે. હું પોતે જ અહીં તમારી વાટ જોઈને બેઠો છું. ગભરાવાનું કાંઈ પણ કારણ નથી. અત્યાર સુધીમાં, તમારી માન–મોટાઈ છે, તે, આજથી વધી જવાની છે. લજ્જાને દૂર કરો અને નજીક આવો!

બાદશાહે પ્રારંભમાં સામનો ઉપયોગ કરવા માંડયો. લીલાદેવી બાદશાહની દુષ્ટ ભાવના સમજી ગઈ. જોધબાનું આમંત્રણ નથી. પરંતુ જોધબાના નામથી બાદશાહની રચેલી કપટ જાળ છે. ગમે ત્યાંથી પણ તેણે, મારા રૂપ–લાવણ્યનાં વખાણ સાંભળ્યાં હશે. અફસોસ, મારા આ રૂપને પણ ધિક્કાર થાઓ. મારા આ રૂપથી, મારો આત્મા અને મારા સ્વામી, ભયમાં મુકાઆ છીએ.

હવે શું કરવું? ન બોલવામાં જ લાભ છે. અત્યારે મારા સાત્ત્વિક ભાવ સિવાય મારા શીલને, બચાવનાર કોઈ નથી. જીવડા, લોભાઈશ નહીં? કામભોગ વગર એક પણ જન્મ ગયો નથી. અનંતાભવોમાં પતિ–પત્નીઓ અને ભોગો મળ્યા છે. જીવને શીલધર્મની કિંમત સમજાઈ નથી.

"શીલભ્રષ્ટ લલના કહી, શ્વાન અશનની ચાટ ।
શીલવતી નારી ગણી, સ્વર્ગ–મોક્ષની વાટ." ૧.

"રૂપવતીને જોઈને, કામી નર લલચાય ।
સતી અંગ નિજ ઢાંકીને, નીચી નજરે જાય." ૨.

" અનંતવાર આ જીવને, દેવ-મનુષ્ય અવતાર ।
મળ્યા છતાં પણ જીવડો, ન થયો તૃપ્ત લગાર. " ૩.
" સતી ક્યાંક જન્મે કદી, દેવી જેવી કોક ।
પશુ સમી પ્રાયઃ ઘણી, જન્મ ગમાવે ફોક. " ૪.
" પશુપણું બહુ સહેલ છે. દેવપણું પણ થાય ।
પણ શીલવ્રત ધર માનવી, કદી ક્યાંક દેખાય. " ૫.

અત્યારે મારો રક્ષણહાર મારો સાત્ત્વિક ભાવ જ છે. ભલે મરવું પડે તે બહેતર છે. પરંતુ શીલનું રક્ષણ કરીશ. મહાસતી લીલાદેવીએ મનોમન નિશ્ચય કરી લીધો.

" ઉગે સૂર્ય પશ્ચિમ દિશા, મેરૂ ચલાચલ થાય ।
અબ્ધિ મર્યાદા ત્યજે, સતીશીલ નવ જાય."

બાદશાહ કહે છે રાણી ? મૌન છોડો ? લજ્જા ખોલો. ભયને ત્યાગ કરો. હું તમારા મુખને જોવા અને ચુંબન-આલિંગન કરવા ઇચ્છું છું. જરૂર હોય તે માગો. આજે સમગ્ર ભારતનો સમ્રાટ, તમારી પાસે ભીક્ષા માગે છે. લાખો સુવર્ણમુદ્રા આપી શકું છું. તમારા પતિને મોટું પરગણું ઈનામ આપી શકું છું. તમારા બદલામાં, તમારા પતિને બેચાર ક્ષત્રિઓની બાળાઓ, અપાવી શકું છું. પરંતુ તમે લજ્જાને ત્યાગ કરી મારી જોડે, આ મારી સુંવાળી શય્યા ઉપર આવી જાઓ.

બાદશાહના સામ અને દામવાળા ભાષણનો પણ, લીલાદેવીએ મૌનથી જ ઉત્તર આપ્યો. પછી તો ધુંધવાએલા વિકારી બાદશાહે, રુવાબથી પણ મહાસતીને, સતાવવાની શરૂઆત કરી. લીલા ? તું સીધી રીતે નહીં સમજે તો પણ, હું તને છોડવાનો નથી. હમણાં તું મારા કેદખાનામાં છે. તેનું તને ભાન છે ?

પોતાના શીલના રક્ષણની ખાતર, લીલાદેવીને હવે બોલવાની જરૂર જણાઇ. અને ઘૂંઘટ રાખીને બાદશાહને કહેવા લાગી : નામદાર ! આપ રાજવી છો. અમે આપના તાબેદાર છીયે. સુવૃક્ષની છાયા જેવા આપના રાજ્યની શીતળ છાયામાં, અમે અમારા ધર્મને સાચવી શકીએ છીએ, બધી પ્રજાના આપ પિતા સમાન છો. હું આપના એક અદના ખંડીયાની પત્ની હોવાથી, આપની પુત્રી સમાન છું. કોઇ બાળાને કોઈ સેતાનની સતામણી થાય તો, આપ તેની દાદ ફરિયાદ સાંભળીને રક્ષણ આપો છો.

તો અત્યારે પણ હું આપ નામદાર પાસે, મારા શીલ રક્ષણની ભીખ માગું છું. મને બચાવો અને પુત્રી તરીકે સમજીને, મને મારા સ્થાને પહોંચતી કરવા દાસીઓને આજ્ઞા ફરમાવો. મહાપુરુષો પરસ્ત્રીને રાગદષ્ટિથી જુએ પણ નહીં. અને સતી નારી પ્રાણના ભોગ પણ, પરપુરુષને વિચારે નહીં. તો પછી સ્પર્શ કે સંયોગને તો કરે જ કેમ ?

મને પુત્રી ગણો, પુત્રવધૂ ગણો, અથવા ભિક્ષુકી ગણો, પરંતુ મારા શીલપ્રાણોને બચાવો. ખુદા આપનું રાજ્ય નિષ્કંટક રાખે!

બાદશાહ લીલાદેવીની કાકલુદી સાંભળતો હતો. અને સતી લીલાદેવી બોલી રહી એટલે,—બાદશાહે તાડુકીને જણાવી દીધું કે, લીલા! તું સીધી રીતે મારા વચનો માની લઈશ તો, હું તને માનપૂર્વક રાખીશ. મોટી ભેટ આપીશ. તારી બધી ઇચ્છા પૂર્ણ કરીશ. છતાં તું તારો હઠવાદ નહીં છોડે તો પણ, તું મારા કબજામાંથી છટકી શકે એમ તો નથી જ, અને હું તને આજે છોડાવાનો પણ નથી જ.

સતી કહે છે, નામવર! આપ મારી ઇચ્છા પૂર્ણ કરવાનું કહો છો તો મને, આપની પુત્રી બનાવો! મારે આ સિવાય કાંઈપણ જોઇતું નથી. અને આપને એટલું પણ છેલ્લું છેલ્લું કહું છું કે સતીઓ પ્રાણના ભોગે પણ શીલને બચાવે છે. **ઉત્તમ કવિઓએ કહ્યું છે કે,**

" સિંહ મૂચ્છ મણિધર મણી, સતીતનુ–કંજુસ આથ ।
ચડે ચાર મહાકીમતી, પ્રાણ ગયે પરહાથ. "

**અર્થ** : સિંહની મૂચ્છ અથવા કેશવાળી, મણિધરના મસ્તકનો મણી, કંજુસ માણસનું ધન, અને મહાસતીનું શરીર આચરે જીવતાં હોય ત્યાંસુધી કોઈ અડકી શકે નહીં તો પછી લેવા–ભોગવવાની તો વાત જ શા માટે? આ ચારે વસ્તુ તેમના મરણ પછી જ બીજાના હાથમાં જાય છે.

માટે હે પ્રજાઓના રક્ષણહાર! આપ ઉદારતાથી મને પુત્રીતુલ્ય સમજી પાછી જવા દો મારા કરતાં રૂપ-લાવણ્યમાં ઘણી વધી જાય તેવી, આપના જનાનખાનામાં બેગમો બીરાજે છે. હું તો તેમની દાસી સમાન છું. હું આપને આજીજીપૂર્વક કહું છું કે મારા પતિ સિવાય મારા શરીરને કોઈ અડકી શકે એ બનવા યોગ્ય નથી જ.

લીલાદેવીનાં વચન અને ચક્ષુનો દેખાવ જોઈ, બાદશાહ સમજી ગયા કે, રાણી સામદામથી વશ થાય તેમ નથી જ. માટે હવે જોરજુલમથી તેણીને પોતાની બનાવું. આમ મનમાં નિશ્ચય કરીને બાદશાહ એકદમ કૂદીને લીલાદેવીને ભેટવા આવ્યો. પહેલાં જ મહાસતીએ–પોતાની કમ્મરમાં છુપાવી રાખેલી, નાની તલવાર કાઢીને, પોતાના પેટમાં હુલાવી દીધી. અને પ્રાણ પંખેરુ ઉડીને, સ્વર્ગલોકમાં ચાલ્યું ગયું. લોહી લુહાણ શરીર જમીન ઉપર ઢળી પડ્યું. દાસીદ્વારા મ્યાનામાં મડદું પધરાવી, પૃથ્વીરાજના મહેલમાં મોકલાવી દીધું. ફાળભ્રષ્ટ વાનરની માફક, બાદશાહ હતાશ જોઈ રહ્યો ધન્યવાદ મહાસતીની ટેકને.

" ધિક્કાર કામ વિકારને, કામી જુલ્માગાર ।
અણનાથેલા–સાંઢજ્યું, ન કરે કાંઈ વિચાર "

**ઈતિ રૂપના બલિદાન સમાન લીલાદેવીની કથા સમાપ્ત.**

**વળી પણ આવીજ એક ઐતિહાસિક સાચી ઘટના, મહાસતી રાણકદેવીની લખું છું.**

રાણકદેવી માટે ઈતિહાસકારોના જુદા જુદા અભિપ્રાયો છે. કેટલાક માને છે કે રાણકદેવી સિંધદેશના એક રાજવીના ઘેર મૂળનક્ષત્રમાં જન્મવાથી, જ્યોતિષિઓના અભિપ્રાય મુજબ તેને, જન્મવાની સાથે જ, એક ભયંકર વનમાં છોડી દેવામાં આવી હતી. બીજા માને છે કે, સોરઠદેશના કોઈ દેવડાક્ષત્રીયના ઘેર જન્મી અને મોટી પણ પિતાના ઘેર જ થઈ હતી. દેવડાક્ષત્રીની પુત્રી હોવાથી જ રાણકદેવડી કહેવાણી છે.

**પ્રશ્ન** : કોઈના ઘેર મૂળ નક્ષત્રમાં બાલક–બાલિકા જન્મે તો અનિષ્ઠ ગણાય છે? તેને માટે શું કરવું?

**ઉત્તર** : મૂળ નક્ષત્રમાં બાલક જન્મે તો માબાપને ભયનું કારણ, જ્યોતિષકારોએ માનેલું છે. પરંતુ તેનો નાશ કે ત્યાગ કરવાથી, વિઘ્નનો નાશ થતો નથી. પરંતુ, તેનો ધર્મમય ઉપાય કરવાથી, જરૂર બચાવ થાય છે. અકબર બાદશાહના પુત્ર જહાંગીરને ઘેર, કુમારિકાનો, મૂળ નક્ષત્રમાં જન્મ થયો હતો. જ્યોતિષીઓના અભિપ્રાય મુજબ, બાળાનો નાશ થવાનો હતો. પરંતુ બાળાને પુણ્યોદય ભોગવવાનો હશે? તેથી હીરસૂરિ–મહારાજના મુનિરાજ, ભાનુચંદ્ર ઉપાધ્યાય ત્યાં વિદ્યમાન હતા.

તેઓશ્રી પ્રખર જ્યોતિષી પણ હતા. બાળાના જન્મ અંગે તેમનો અભિપ્રાય લીધો. તેમણે સૂચના કરી કે, અનિષ્ટ – અપમંગલ નિવારણ કરવા માટે શાન્તિક્રિયા તે જ સાચો પ્રતિકાર ગણાય છે. માટે તમે શાન્તિસ્નાત્ર મહાપૂજા ભણાવો, બધા વિઘ્નો નાશ થઈ જશે. તેમના ચારિત્ર જ્ઞાન અને સત્યવાદીપણામાં વિશ્વાસ હોવાથી, મહાપૂજા શાન્તિસ્નાત્ર ભણાવ્યું. બાળા બચી ગઈ. મોટી થઈ. જીવી ત્યાં સુધી ભાનુચન્દ્ર ઉપાધ્યાયને આશીર્વાદ આપ્યા.

જગતમાં હજારો બાળકો મૂળ નક્ષમાં જન્મ્યાં છે. અને સારા શાન્તિ કર્મો થવાથી નિર્વિઘ્ન–જીવ્યાં છે. જેના રોમેરોમ જીવ દયા વસી હોય તેવા આત્મા, ઝીણા કે મોટા કોઇ પણ જીવને મારે નહીં. મરવા દે નહીં. મરતાની ઉપેક્ષા સેવે નહીં. તેવાઓના ઘેર જન્મેલા બાળકોનું વિપરીત ચિંતવન થાય જ કેમ?

સિંધના રાજાને ઘેર જન્મેલી બાળા, વગડામાં ત્યજી દેવામાં આવી. અને ત્યાંના નજીકના આમડાના હડમત નામના કુંભારને જડી; અપુત્રીઆ પતિપત્નીએ પોતાની પુત્રી માનીને ઉછેરી મોટી કરી. સિંધમાંથી તે કચ્છમાં રહેવા આવ્યો. કન્યાના રૂપ લાવણ્યનાં વખાણ લાખા ફુલાણીએ સાંભળ્યાં, અને તેણે કુંભાર પાસે માગણી કરી. પરંતુ ગમે તે કારણે લાખાને કન્યા આપવા ઇચ્છા ન હોવાથી; અને બળજબરીથી લઈ લેવાના ભયથી હડમત કુંભાર, સૌરાષ્ટ્રના મજેવડી ગામમાં પુત્રી સહિત આવીને રહેવા લાગ્યો. અને લાખા ફુલાણીનો ભય ટળ્યો.

પરંતુ લાખા કુલાણીની વાત બરાબર નથી. લાખો મૂળરાજ સોલંકીના હાથે લડાઇમાં મરાયો હતો, એટલે લાખાનો સમય દશમી સદીનો છે. સિદ્ધરાજ બારમી સદીમાં થયો છે. મૂળરાજ, સોલંકી પહેલો રાજા હતો. તેના વંશજો ચામુંડ–વલ્લભ–દુર્લભ–ભીમદેવ–કર્ણરાજ અને સિદ્ધરાજ સાતમો આવે છે.

## ઇતિહાસજ્ઞોની જાણ માટે લાખા કુલાણીની કથા

લાખો કુલાણી તે મહાસતી કામલતાનો પુત્ર હતો. તે કાળમાં ચંદ્રાવતીમાં પરમાર વંશીય રાજાઓ રાજ્ય કરતા હતા. પરમાર કીર્તિરાજને કામલતા નામની પુત્રી હતી. તેણી છ–સાત વર્ષની હશે ત્યારે, સમાન વયની બાળાઓ સાથે, એક જૂના પુરાણા દેવકુલમાં રમતી હતી. થાંભલાઓને બાથ ભીડવાની ક્રીડા ચાલતી હતી. અંધકાર હતો. બધી બાળાઓએ એક એક થાંભલો બાથમાં લીધો. રાજબાળાએ પણ થાંભલાનીજ ભ્રાન્તિથી, લાકડીને ટેકીને ઉભેલા, એક ભરવાડને બાથ ભીડી દીધી. તેનું નામ હતું કુલ્લહડ.

બાળાને તત્કાળ ખ્યાલ આવી ગયો. થાંભલો નથી, પુરુષ છે, ભરવાડ છે. હાથ લઈ લીધા. શરમાઈ ગઈ. અને જતી પણ રહી. માતપિતા કે બહેનપણીઓને આ વાત જણાવી નહી. પરંતુ આ બનાવ તેણીને મહા ખેદનું કારણ બન્યો. ત્યારથી તેણીએ બાળક્રીડા ઉપરથી પોતાનું મન ઉઠાવી લીધું. અને ભણવામાં પરોવ્યું. વ્યવહારજ્ઞાન સાથે કુલોચિત ધર્મ, અને નીતિનો અભ્યાસ કર્યો.

જ્યારે બાળા કામલતા, યૌવન વય પામી અને માતાપિતા વરની શોધ કરવા લાગ્યાં, ત્યારે રાજબાળાને પોતાની બાળક્રીડામાં, કુલ્લહડ ભરવાડને ભીડેલી બાથ (આલીંગન) યાદ આવી, તુરત એક મહાસતીને ઉચિત વિચારો કરીને, માતુશ્રીને જણાવી દીધું કે, મારું લગ્ન કુલ્લહડ નામના ભરવાડને શોધીને તેની સાથે જ કરજો. આ જિંદગીમાં, મારે બીજા બધા પુરુષો પિતા અને ભાઈ સમાન છે. આ વાત કરીને બાળાએ, પોતાની બાળક્રીડાની ઘટના કહી સંભળાવી.

**પ્રશ્ન** : નાની છોકરી વયમાં, રમતગમતમાં, ભરવાડને બાથ ભીડાઈ ગઈ તેથી શું બગડી ગયું ?

**ઉત્તર** : શાસ્ત્રો અને ઇતિહાસમાં મહાસતીઓ જિંદગીમાં એક સિવાય (જેની સાથે લગ્ન થયા હોય) બીજા પુરુષને શરીરમાં, વાણીમાં કે ચિત્તમાં પ્રવેશ આપે જ નહીં. આદ્રકુમારને પરણનારી બાળા શ્રીમતીને પણ, આવી જ ક્રીડાના કારણે, કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહેલા મુનિને, આલિંગન અપાઈ ગયું હતું.

કામલતાકુમારીએ ભરવાડને જોયો, ઓળખી લીધો, ત્યારથીજ મનોમન નક્કી કરી લીધેલું કે, મારે પરણવું પડશે. તો આ પુરૂષને જ પરણીશ. હવે બીજાને કેમ અડકી શકાય ? ટેકીલી દીકરીની વાત સાંભળીને માતાપિતાએ બાળાને સમજાવી. પરંતુ બાળાનું બધું બોલવું

બુદ્ધિ અને દલીલો યુકત હોવાથી માતાપિતાએ, બાળાની ઈચ્છા પૂર્ણ કરી. કુલ્લહડ ભરવાડ અને કામલતા રાજકુમારીનાં લગ્ન થયાં. રતિ જેવી રૂપાળી, અને સરસ્વતી જેવી ડાહી દીકરીને, ભરવાડને પરણાવતાં ઘણું દુઃખ લાગ્યું. પરંતુ ભાવિભાવ કેમ પલટાય ? કહ્યું છે કે—

"ગૌરી, શંકરને વરી, રેણુકા જમદગ્ન ।
રિચિક મુનિ સાથે થયાં, સત્યવતીના લગ્ન."

**અર્થ** : ભાગ્યની વિચિત્રતાથી પાર્વતી બાળા ઘરડા શિવજીને પરણી હતી. તદ્દન નાની બાળા રેણુકા (પરશુરામની માતા) ઘરડા જમદગ્નિ સાથે પરણી હતી. અને ગાધિરાજા અને વિશ્વારાણીની પુત્રી સત્યવતી, મહાવિકરાળ ઋચિક નામના તાપસ–બાવા સાથે પરણી હતી. ઋચિકે આપેલા મંત્રના પ્રભાવથી વિશ્વારાણીને, વિશ્વામિત્ર પુત્ર થયો હતો. અને સત્યવતીને ( ઋચિક ઋષિની પત્નીને ) જમદગ્નિ નામા પુત્ર થયો હતો.

પિતા કીર્તિધર રાજાએ, દીકરી કામલતાદેવીને, દાયજામાં કેટલાંક ગામો આપ્યાં. કેટલાક કાળ પછી, સતી કામલતાદેવીને, કુલ્લહડથી મહાપરાક્રમી પુત્ર થયો. લાખો કુલાણી નામ થયું. મહાબળવાન થઈ કચ્છ દેશનો રાજા થયો. ગુજરાતના રાજા મૂળરાજના સૈન્ય સાથે અગિયારવાર યુદ્ધ થયું. લાખાની જીત થઈ. પરંતુ બારમી લડાઈમાં લાખો મૂળરાજ સાથે લડતાં મરાયો. મૂળરાજે લાખાકુલાણીના મડદાને પાટુ મારી. તેની ખબર પડતાં, સતી કામલતાદેવીએ, મૂળરાજને શ્રાપ દીધો હતો. તે શ્રાપ કુમારપાળ સુધી ચાલ્યો હતો.

ગમે તેમ હોય પરંતુ રાણકદેવી બારમી સદીમાં થઈ છે એમાં બે મત નથી. રાણકદેવીના ઠામઠામથી માગાં આવતાં હતાં. એવામાં જૂનાગઢના રા'ખેંગારને રાણકદેવીના રૂપલાવણ્ય આદિ ગુણો સાંભળવા મળ્યા હતા. અહીં સિદ્ધરાજ જયસિંહને પણ રાણકદેવડી સાથે પરણવાની તાલાવેલી હતી જ પરંતુ ભવિતવ્યતા. "**યેનયત્ર યદાલભ્યં તસ્ય તત્તસ્તદા ભવેત.**"

"ઉદ્યમ કરો હજાર, થાવાનું ચોકકસ થશે ।
અણચિન્ત્યું મળે આય, પકડયું પણ નાસી જશે."

**અર્થ** : રા'ખેંગાર એકવાર, વેગીલી ઘોડી ઉપર આરૂઢ થઈ, મજેવડી આવ્યો. રાણકદેવીએ ખેંગારના વખાણ સાંભળેલાં. આજે પરસ્પર મેળાપ થયો. ઘોડી ઉપર બેસાડી રાજધાનીમાં લાવી વિધિવિધાનથી લગ્ન થયાં. ગયા જન્મના સંસ્કારથી પરસ્પરથી અવિહડ સ્નેહ થયો અને વધ્યો.

રા'ખેંગાર રાણકદેવીને પરણી ગયાના સમાચાર સિદ્ધરાજને મળ્યા, અને ચિત્તમાં તેલ રેડાયું. હજી પણ કોઈ પણ ભોગે રાણકદેવડીને લાવું, તોજ જંપીને બેસું. સિદ્ધરાજના

આવા વિચારોમાં, અવસરની શોધમાં લગભગ ૧૫ વર્ષ નીકળી ગયાં. કારણ કે રાખેંગારને રાણી–રાણકદેવીથી બે કુમારો થયા હતા. એક અગિયાર વર્ષનો, બીજો પાંચ વર્ષનો.

રા'ખેંગારને દેશળ નામનો સગો ભાણેજ હતો. તે લાંબેથી સિદ્ધરાજનો કુટુંબી હતો. તેને સિદ્ધરાજે પોતાનો બનાવી. તક મેળવી, સૌરાષ્ટ્ર ઉપર ચડાઈ કરી. સિદ્ધરાજ સંપૂર્ણ તૈયારી કરીને આવ્યો હતો. જ્યારે દેશળના દગાથી ખેંગાર વિશ્વાસમાં રહ્યો. તો પણ પોતાનું જોરદાર લશ્કર તૈયાર લઈ રણમેદાનમાં આવ્યો. ખૂનખાર લડાઈમાં ખેંગાર મરાઈ ગયો. સિદ્ધરાજની જિત થઈ. પરંતુ ચતુરરાણકદેવીએ, પોતાના રક્ષણ માટે, રાજગઢના દરવાજા વસાવી દીધા હતા.

રા'ખેંગાર મરાયો તેની હજીક ખબર પડ્યા પહેલાં, કેટલાક ચુનંદા સૈનિકો સાથે સિદ્ધરાજે જૂનાગઢમાં પ્રવેશ કર્યો. દગલબાજ દેશળે આગળ આવી, રાણકદેવીને કહેવડાવ્યું : મામી ! શત્રુનો નાશ કરીને, મારા મામા, જિતના ડંકા વગાડતા નગરમાં આવ્યા છે. દરવાજા ખોલી નાખો. ભાણેજના ભરોસે રાણકદેવીએ દરવાજા ખોલાવી નાખ્યા.

ત્યાંતો પોતે સિદ્ધરાજ અને દગાખોર ભાણેજ દેશળ સામે આવીને ઊભા રહ્યા. સિદ્ધરાજને જોઈને, અને રા'ખેંગારને ન દેખવાથી, રાણી કોઈ અનિષ્ટની શંકા કરે, તે પહેલાં જ સિદ્ધરાજે ખેંગારના મરણના સમાચાર સંભળાવ્યા. આ વખતે તેના બન્ને વહાલા બાળકો પાસે જ ઊભા હતા. ક્ષણવાર પહેલાં માતાપુત્રોનો વિનોદ વાર્તાલાપ ચાલતો હતો. હમણાં જ તારા બાપુજી શત્રુનો સંહાર કરીને આવતા હશે. જગતનો સ્વભાવ કેવો વિચિત્ર છે.

"ક્ષણમાં હર્ષ ને ક્ષણમાં શોક, ક્ષણમાં હસવું ક્ષણપોક ।
ચડતીપડતી ક્ષણમાં થાય, ખીલેલાં ક્ષણમાં કરમાય ॥ ૧ ॥

રાણકદેવીને પતિમરણના સમાચાર સાંભળી ધ્રાસકો પડ્યો. દેવી જમીન ઉપર પછડાઈ ગઈ. મૂર્છા વળી, પોકે પોકે રડવા લાગી. સિદ્ધરાજ કહે છે : દેવી ! રડવાની જરૂર નથી. આ બધી લડાઈ તારા માટે જ છે. સીધી રીતે હા પાડીને આગળ થઈ જા, નહીંતર બળાત્કારે પણ હું તને લઈ જવા માટે આવ્યો છું. તું મારી ઇચ્છા પૂર્ણ કરીશ તો હું તારા કુમારોને બરાબર સાચવીશ. તૈયાર કરીશ. સૌરાષ્ટ્રના માલિક બનાવીશ.

સિદ્ધરાજનો બકવાદ રાણકદેવીથી ખમાયો નહીં, અને ગર્જના કરીને બોલવા લાગી. અધમ ! નાલાયક ! આ શું બકી રહ્યો છે ? આકાશપાતાળ એક થઈ જાય તો પણ હું તારી વાતો સાંભળવા તૈયાર નથી. તારી લાખો ચીજો પણ મને લલચાવી વશ કરી શકશે નહીં. ક્ષત્રિયાણીના પુત્રના મુખમાં, આવાં હલકટ વાક્યો શોભે જ નહીં. તું મીનલદેવીની કૂખને લજવે છે. હું મારા પતિ સિવાય, કોઈને જોવા સાંભળવા તૈયાર નથી. મારા શરીરના ટુકડા કરીશ તો પણ, હું તારે વશ થવાની નથી. બસ હમણાંને હમણાં ચાલ્યો જા ! મારા રાજદરબારને છોડીને.

સિદ્ધરાજ રાણકદેવીનાં મેણાંટોણાં, તુંકારા, તિરસ્કારો સાંભળતો ઊભો ઊભો હસતો હતો.

**મહાપુરુષો ફરમાવી ગયા છે કે :—**

**दिवा पश्यति नोलूकः, काकोनक्तं नो पश्यति । अपूर्वः कोपिकामान्धो दिवा नक्तंनो पश्यति ॥१॥**

**અર્થ** : ઘુવડ અંધ થવાથી, દિવસે જોઈ શકતો નથી. તેમ કાગડો રાત્રિમાં જોઇ શકતો નથી. કામાંધ આત્મા રાત્રિમાં કે દિવસમાં પાસે પડેલી વસ્તુ જોઈ શકતો નથી. એટલે બિચારો કામી જીવ સદાકાળ અંધાપો ભોગવે છે. સિદ્ધરાજનાં આંતરચક્ષુઓ મિંચાઈ ગયેલાં હોવાથી, વાસનામાં તરબોળ બનીને રાણી રાણકદેવીની સામે જોઈ રહ્યો.

રાણકદેવીનો ક્રોધ, અગ્નિની જ્વાળાની પેઠે ભભૂકી ઊઠયો હતો. તેથી પોતાના પતિનું, કપટથી ખૂન કરનાર, અને પોતાના સતીત્વ ઉપર ખરાબ નજરથી જોનાર, સિદ્ધરાજ સામે એક સિંહણની અદાથી, ગર્જના કરી રહી હતી. અને આવેશથી સિદ્ધરાજને કહેવા યોગ્ય બધું જ કહી નાખ્યું હતું. જે સાંભળવાથી, સિદ્ધરાજ પણ હમણાંને હમણાં, રાણકદેવીને, પોતાની કરવાના આવેશમાં આવી ગયો હતો.

રાણકદેવીને વશ કરવા, માટે, અને તેણીનું અભિમાન તોડવા માટે, રાણકદેવીના દેખતાં, સિદ્ધરાજે તરવારને મ્યાનમાંથી કાઢીને બતાવી. રાણકદેવી ! મારા વિચારની અવગણના કરવાનું પરિણામ સારું નહીં આવે, હજી સમજી જા અને આવું કડવું ભાષણ બંધ કર.

**રાણકદેવી** : નરાધમ ! કર્મચંડાલ ! હવે બીજું પરિણામ તું શું લાવવાનો હતો ? મારા પતિના નાશ સિવાય, હવે બીજું ખરાબ કરવાનું તારી સામે છે જ શું ?

રાણકદેવીના નિર્ભય જુસ્સાદાર વચનોથી, ઉશ્કેરાયેલા સિદ્ધરાજે, પોતાના હાથમાં રહેલી તલવાર વડે, રાણકદેવી પાસે ઊભેલા, તેના પાંચ વર્ષના બાળ કુમારને કાપી નાખ્યો. બાળકના ધડ ને મસ્તક, નાળિયેરના કાચલાંની માફક, જમીન ઉપર વધેરાયેલાં પડી ગયાં. આવું રાક્ષસી અને ભયંકર દૃશ્ય જોઈને, રાણકદેવીનો બીજો અગિયાર વર્ષનો કુમાર છાતીફાટ રડવા લાગ્યો. આ ગોઝારું કૃત્ય જોઈ, રાણકદેવીની આંખોમાંથી પર ચોધાર આંસુ નીકળવા લાગ્યાં.

તો પણ છાતીને મજબૂત બનાવીને મોટા કુમારને દિલાસો આપતી બોલવા લાગી :

"માણેરા ! મતરોય ! મકર્ય આંખો રાતીયો ।
ક્ષત્રિયાણીના સપુત ! સામી ધરવી છાતીઓ." ॥ ૧ ॥

સિદ્ધરાજે પોતે આવું કાળું કૃત્ય કર્યાની જરાપણ કંપારી અનુભવી નહીં. પરંતુ ઉપરથી તાડુકીને કહેવા લાગ્યો, રાણક! જો તું મારી માગણી તુરતમાં કબૂલ નહીં કરે તો, તારા બીજા બાળકની પણ આજ દશા, તારે તારી સગી આંખે જોવી પડશે. હવે જેટલો વિલંબ થાય તેટલો, તારા કુમારોના જોખમવાળો છે.

સિદ્ધરાજના આટલી હદના ક્રૂર કૃત્યથી રાણકદેવી ધ્રુજી ઊઠી. બાળક માણેરો રડતો રડતો પોતાની માતાની ગોદમાં ભરાયો. ત્યારે વળી–રાણકદેવી એક ક્ષત્રિયાણીને છાજે તેવી ઢબથી બોલી :

"રોઇશ નહીં તું મારા બાળ! ડરપોક થાયેં એ નહીં દીકરા ।
વયરીને જમરાજ, દયા કદી લાવે ખરા ?"
"ક્ષત્રી કેરા બાળ, શૂરવીર થઈ રણમાં મરે ।
પણ દેખાડે નહીં પૂંઠ, છાતી મુખ સામા ધરે."

દીકરા! રોઈશ મા, તારી સાત પેઢીઓ લાજશે. રાણકનાં આવા જુસ્સાદાર વચનોથી, પોતાના સેવકોને સિદ્ધરાજે માણેરાનું ખૂન કરતા અટકાવ્યા.

રાણકદેવી પોતાનો મહેલ અને જૂનાગઢ છોડવા તૈયાર હતી નહીં. પરંતુ કેદીની પેઠે બાંધીને, રાણકદેવીને પાટણ લઈ જવામાં આવી. વચમાં પડાવ થયો. ત્યાં ખૂનખાર લડાઈનાં મડદાઓમાં રા'ખેંગારનું પડેલું મડદું લાવીને, રાણકદેવીને બતાવ્યું. રાણકદેવી પતિપુત્રનું આવું મરણ જોઈ રાત–દિવસ રડતી હતી. મોટો પુત્ર પણ તેણીની સાથે હતો. તેણીએ ખાવા પીવાનું બંધ કર્યું હતું.

આવી સ્થિતિમાં લઈ જવાયેલી રાણકદેવી, રાત ને દિવસ રોતી હતી, ખાવા–પીવા ઊંઘવાનું તદ્દન ખોવાઈ ગયું હતું. પાટણમાં ગયા પછી પાછી સતામણી શરૂ થઈ. તેણીના દેખતાં તેણીના બીજા પુત્ર માણેરાનો પણ વધ કરવામાં આવ્યો. પણ સતી પોતાના શીલ માટે જરા પણ નમતું જોખવા તૈયાર થઈ નહીં. છેવટે સિદ્ધરાજ થાકયો. અને તેની ઇચ્છાથી તેને છૂટી કરવામાં આવી.

સતી રાણકદેવી વઢવાણની ભોગાવો નદીના કિનારા ઉપર, ચંદનની ચય બનાવીને, પોતાના પતિના શબ સાથે સળગીને સતી થઈ. ઇતિહાસકારો માને છે કે, અગ્નિ આપોઆપ સળગ્યો હતો. વાચકો સમજી શકે છે કે જગતમાં નારીના રૂપ માટે કેટલાં અકૃત્ય થયાં? કેટલા બીન-ગુનેગાર જીવો, અકૃત્યની જ્વાળામાં હોમાઈ ગયા? આવાં રાક્ષસી કૃત્યો કરનારા પણ છેવટે તો નામશેષ થયા ને? આજે ભલે તેઓ ગમે તે ગતિમાં હોય, પણ તેમનાં કાળાં કૃત્ય તેમને મુંગામુંગા ફિટકારો આપે છે. **અકબર** અને સિદ્ધરાજ જેવા રાજાઓએ બીજા ભલે હજારો પરમાર્થ કર્યાં હોય, કર્યા હશે, તો પણ તેમનાં, લીલાદેવી અને રાણકદેવી ઉપરના સીતમોએ તેમની કીર્તિને ઘણી કાળી બનાવી ગણાય.

**ઈતિ મહાસતી રાણકદેવીની કથા સંપૂર્ણ. હજી એક રૂપના બલિદાનની નાની કથા લખું છું.**

પાટણ શહેર (ઉ. ગુ.)ના પરા તરીકે કુણઘેર નામનું એક પરું હતું. વિ. સં. ૧૫૯૪ થી ૧૬૧૦ આસપાસની આ ઘટના છે. અહીં કુણઘેરમાં દશાશ્રીમાલી, અડાલજ-ગોત્રીય ભાણુસી નામનો એક ધનાઢ્ય વસતો હતો. તેને કોડાઇ નામની ખૂબસૂરત પત્ની હતી. તે બાઈ ધર્મચુસ્ત હતી. હંમેશ જિનપૂજા અને નમસ્કાર મહામંત્રનો જાપ તેના નિત્યનિયમ હતા. શુદ્ધવસ્ત્રો પહેરીને પોતાના ચોક્કસ સમયે, બધાં કાર્યો પડતાં મૂકીને, જિનપૂજા અને નમસ્કાર મહામંત્રનો જાપ અવશ્ય કરતી હતી.

આ જમાનો મુસલમાનોની જોહુકમીનો હતો. રાજાઓ અને તેમના અધિકારીઓને ખુદાના જેટલી સત્તા હતી. તેમને ગમેલી વસ્તુ, ગમે તેની ગમે ત્યારે, આંચકી લેવામાં અચકાતા નહીં. આ વખતે અમદાવાદની ગાદી ઉપર મુજફ્ફર ચોથો બાદશાહ હતો. પાટણ અમદાવાદની સત્તા નીચે હતું. અહીં શેરશાહ ચિકથો પાટણની સુબાગીરી ઉપર હતો.

કોડાઈના રૂપલાવણ્યના સમાચાર સુબાને મળ્યા, તુરત જ સિપાઈઓને આજ્ઞા આપી, કોડાઈને હમણાં ને હમણાં ઉપાડી લાવી, મારા જનાનખાનામાં મૂકી દો. સુબાના સિપાઈઓ કુણઘેર પહોંચ્યા, અને ભાણુસીના ઘરને ઘેરી લીધું. ભાણુસી ઘણું કગર્યો–રોયો. સુબા પાસે ગયો, મહાજન પણ ઘણા માણસો મળી ધા નાખી. બધું પથ્થર પર પાણી.

કોડાઈને લાવીને જનાનખાનામાં બેસાડી દીધી. તેણીએ પોતાના ધર્મ અને શીલના બચાવ માટે ઘણી ઘણી આજીજી કરી, પરંતુ અધમ સુબાએ તેણીના દેહને બળાત્કારથી વટલાવ્યો. લાંબા ગાળે કોડાઈ પણ તેને વશ થઈ ગઈ. તેના રૂપમાં સુબો પરવશ બની ગયો હતો, તેથી દરબારના કામથી નિવૃત્ત થઈને વારંવાર કોડાઈ પાસે આવતો હતો. કોડાઇ બીબીના દરવેશમાં રહેતી હતી.

કોડાઈનો દેહ વટલાયો, શીલ ખોવાયું. પરંતુ કોડાઈ ફક્ત નમસ્કાર જાપ બારેમાસ હંમેશ નિયત કરતી હતી. સુબો તેણીના રૂપમાં આસક્ત હોવાથી, તેની ઇચ્છાને નકારતો નહીં. કોડાઈ સ્નાન કરીને, શુદ્ધ વસ્ત્રો પહેરીને, નવકારવાળી ગણતી, ત્યારે તે કામાસક્ત સુબાને છેટે ઊભો રાખતી હતી. અને સુબો તેણીની ઇચ્છા અનુસાર દૂર ઊભો રહેતો હતો.

એકવાર શેરશાહ બીબી કોડાઈને લઈને શત્રુંજય ગયો હતો. કોડાઈએ જૈનવિધિથી શત્રુંજયની યાત્રા કરી હતી. અંગારસા ફકીર પણ સાથે હતો. તેને આદીશ્વર પ્રભુની પ્રતિમા ઉપર ઘણો દ્વેષ થયો હતો. પાછા વળતાં પગથિયું ચૂકતાં મરણ પામ્યો, પીર થયો. શત્રુંજય રક્ષણની ભાવના જાગી, અને તેની ત્યાં કબ્બર બનાવડાવી છે. અહીં કોડાઈની ધર્મ-શ્રદ્ધા ખૂબ હોવા છતાં, રૂપે જ તેને દગો દીધો હતો. પતિ, ધર્મ અને શીલ ત્રણે વસ્તુનો કાયમી વિયોગ થયો.

આજે પણ અનાર્ય દેશોમાં પોતાની હકૂમતવાળા પ્રદેશોમાં વસતાં આર્યોની પુત્રીઓને અને પત્નીઓને ઉપાડી જવાના, વટલાવી ધર્માન્તર કર્યાના, હજારો બાળાઓને ફસાવ્યાના, દાખલા બની ગયા છે. અને બની રહ્યા છે. માટે જેને પોતાનો ધર્મ વહાલો હોય, જેને પોતાનું શીલ વહાલું હોય, તેવી સમજણી બહેનોએ સ્વતંત્રતાના બહાના નીચે છુપાએલી સ્વચ્છંદતાને, મનથી, વચનથી અને શરીરથી તિલાંજલિજ આપવી જોઈએ.

**પ્રશ્ન** : શાસ્ત્રોમાં આવે છે કે મહાસતી પાંડવોની માતા કુંતીદેવીએ પણ મા-બાપની રજા વગર ખાનગીમાં પાંડુ રાજા સાથે લગ્ન કર્યાં હતાંને ?

**ઉત્તર** : કુમારી કુંતીદેવી મહાસતી હતાં, પ્રાણાન્તે પણ બીજો પતિ કરવાનાં હતાં જ નહીં. પરંતુ તેમણે પહેલેથી પાંડુકુમારની કીર્તિ સાંભળેલી, અને પોતે મનથી પાંડુકુમારને પરણવાનો સંકલ્પ કરેલો, અને સહાસતીઓ મનથી પણ જો પતિનો નિર્ણય કરે તો, પછી પ્રાણના ભાગે બીજાને પરણે જ નહી.

બીજી બાજુ કુંતીકુમારીના પિતા અંધક-વૃષ્ણિ રાજાએ, સભામાં કુન્તીને પાંડુ સાથે ન પરણાવવાની વાતો જાહેર કરેલી. તે વાતો પાંડુકુમારને પણ પહોંચી ગઈ. તેથી વિદ્યાધરની આપેલી વીંટીની દૈવી શક્તિથી, આકાશ માર્ગે-કુંતી કન્યા સાથે પાંડુરાજાનો ખાનગી મેળાપ થયો હતો.

મહાસતી કુંતીકુમારી પણ, પાંડુકુમાર સીવાય અન્યને નહીં પરણવાના આગ્રહે, મરવા તૈયાર થયેલી. પાંડુકુમારના એકાન્ત મિલનથી, ગાંધર્વલગ્ન કરીને પરણી હતી, અને ક્ષણવારના એકાંત વાસના પરિણામે, ગર્ભ રહ્યો હતો. ધાવમાતાની કુનેહથી, અને મોટાં કુટુંબોની બેદરકારીથી, કુંતીને પ્રસવ થયો. ત્યાં સુધી, વાતની જાહેરાત થઈ નહીં.

અને જન્મેલા બાળકને કાંસાની પેટીમાં પેક કરીને, યમુનાનદીમાં તરતી મૂકવી પડી. પેટી હસ્તીનાપુરમાં પહોંચી સારથીને મળી, પુત્ર સહીસલામત બચી ગયો. કર્ણ નામ થયું, મોટો બાણાવળી અને મહાદાની તરીકે જગતમાં ગવાયો હતો.

આ ઘટના પણ ઇચ્છવા યોગ્ય તો નથી જ. મહાસતી કુંતીદેવી, જરૂર સતી જ હતી. મન-વચન-શરીરથી એક પતિવ્રતા જ હતી. કૃષ્ણમહારાજ જેવા મહાપુરુષની ફોઈ હતી, અને પાંડવો જેવા મહારથી અને મોક્ષગામી દીકરાઓની માતા હતી. છતાં આવું માત્ર કલાક-બે કલાકનું પતિ-પત્નીનું ગુપ્ત મિલન, અને માતાપિતાથી ગુપ્ત લગ્ન, આખી જિંદગી શલ્યની પેઠે સાલ્યા કર્યું હતું.

**પ્રશ્ન** : આ ગુપ્ત લગ્નથી, એવું કયું ખરાબ પરિણામ આવ્યું હતું કે, મહાસતી કુંતીદેવીને, આખી જિંદગી શલ્યની માફક સાલ્યા કરવામાં પરિણમ્યું હતું.

**ઉત્તર** : જગજાહેર પંચની સાક્ષીએ થએલાં લગ્ન, સાહુકારી લગ્ન ગણાય છે. આવી બાળાઓ બાળકોની માતા થતાં, તેણીને શરમાવાનું કે માથે આળ ચડવાનું કારણ

થતું નથી. મહાસતી કુંતીકુમારીનાં, ખાનગી લગ્નના ફળસ્વરૂપ થએલો દેવકુમાર જેવો પુત્ર, નદીમાં તરતો મૂકવો પડયો. તેવા મહાપુરુષનું જીવન સંશયમાં ફેંકવું પડયું, તેવા રાજકુમારને જિંદગી સારથિપુત્રનું આળ ચડેલું રહ્યું. તેવા મહાપુરુષને પોતાનાં સાચાં માતાપિતાનો જિંદગી વિયોગ રહ્યો; આ દુર્ઘટના શું જેવીતેવી શોચનીય ગણાય ?

વળી, કર્ણ અને અર્જુન લગભગ સમાન બળવાન હોવાથી, અને પરસ્પરની સહોદર તરીકેની ઓળખાણ ન હોવાથી જીવ્યા ત્યાં સુધી, એકબીજાના મલ્લ-પ્રતિમલ્લ હરીફ તરીકે જ રહ્યા હતા. કર્ણને પોતાની માતા તથા ભાઈઓની સાચી ઓળખાણ ન હોવાથી, પાંડવોના કટ્ટર વિરોધી કૌરવોનું શરણું સ્વીકારવું પડયું. અને કર્ણના બળ ઉપર જ કૂદાકૂદ મચાવનારા દુર્યોધને, કર્ણની સહાયથી, પાંડવોને, રંજાડવામાં કમીના રાખી નહીં.

ભીમસેન વિગેરે ચાર પાંડવોએ, પોતાના વડીલબંધુ યુધિષ્ઠિરને જિંદગી સુધી, પિતાની કોટિથી સાચવ્યા છે. અને જો કર્ણ પોતાના પાંચ ભાઈઓમાં ભેગા હોત તો, તેમને યુધિષ્ઠિર વગેરે પાંચે ભાઈઓ, વડીલ તરીકે જરૂર સાચવ્યો હોત, રાજા પણ કર્ણને જ બનાવ્યો હોત. આ બધી દુર્ઘટનાઓનું ખરું કારણ, મહાસતી કુંતીનાં પંચની સાક્ષીએ, સાહુકારી લગ્ન ન થયાં તે જ કારણ છે.

છેલ્લાં છેલ્લાં મહાભારતનું યુદ્ધ મંડાણું, ક્રોડો માનવીઓ અને પશુઓ કપાઈ ગયા. અને છેવટે સોળમા, સત્તરમા દિવસે, અન્યાયી કૌરવોનું સેનાધિપતિપણું કર્ણને લેવું પડયું. અને "**क्वरे अर्जुन ? क्वरे अर्जुन** ? ના પોકારો સાથે અર્જુનને જ જીતવાની, અને અર્જુનને મારવાની ધૂન; કર્ણના જિંદગીના મહારથિપણાને પણ, છેવટે કાકલુદી કરવી પડવાથી કલંકમાં પરિણામ પામી હતી.

**પ્રશ્ન** : આવા બનાવોનું કારણ ખરી રીતે તો ભાવિભાવ જ ગણાય ને ?

**ઉત્તર** : આખા જગતના સર્વ બનાવોમાં ભાવિભાવનો ફાળો ઘણો મોટો હોવા છતાં, ઉદ્યમ-કર્મ કાળ-સ્વભાવ પણ માનવા જ જોઈએ.

**પ્રશ્ન** : જે કાળે જે થવાનું હોય તે થાય જ છે. થવાનું છે જ આમ માનવાને વાંધો શું ?

**ઉત્તર** : એકલી ભવિતવ્યતાને "થવાનું હોય તે જ થાય." જો પકડીને ચાલવામાં આવે તો, જગતના બધા વહેવાર નકામા થઈ જાય. રસોઈ કરવા જેટલી મહેનત પણ નકામી ગણાય.

**અવશ્ય મોક્ષમાં જનારા આત્માઓ** તે વર્ષમાં, માસમાં, પક્ષમાં, ક્ષણમાં અવશ્ય મોક્ષમાં જવાના હોવા છતાં, કેવલી ભગવાન શ્રી જિનેશ્વરદેવોનું સમવસરણ થાય છે. દેશના અપાય છે, ચારિત્ર લેવાય છે. આવશ્યકક્રિયાઓ, તપશ્ચર્યાઓ, અનશનો થાય છે.

અવશ્ય જન્મનારા મનુષ્યો પણ, માતાપિતાના લગ્ન અને સંયોગ સાપેક્ષ જ જન્મે છે. અવશ્ય મળનારી લક્ષ્મી પણ, કૃષિ, વ્યાપાર, યુદ્ધ આદિ ઉદ્યમોને સાપેક્ષ જ આવે છે. અવશ્ય મળનારું સુખ પણ દ્રવ્ય–મુકામ–રાચરચીલું–પત્ની–પરિવાર–સાપેક્ષ મળે છે. પેટને ભાડું મળવાનું અવશ્ય હોય તો પણ, રસોઈસામગ્રી, ફળસામગ્રી મેળવવી પડે છે.

તેથી થવાનું હતું તે જ થયું. તો પણ, માણસે કરેલા સારા–ખોટા, ઉદ્યમોથી જ થયું એમ કહેવાય છે, તે ખોટું નથી જ. માટે જ ડાહ્યા માણસોએ, પરિણામ વિચારી પ્રયોગ આદરવો જોઈએ.

"પ્્રથમ વિચાર કર્યા પછી, જો પગલું મંડાય ।
પ્રાયઃ તેવા કામથી, પસ્તાવો નહીં થાય." ॥ ૧

**પ્રશ્ન** : માણસને સાધારણ ભાગીદારી કરવી હોય તો પણ, પરીક્ષા કર્યા વિના કરી શકાય નહીં. થોડા વખત માટે નોકર રાખવો હોય તો પણ, પરીક્ષાની જરૂર રહે છે. તો પછી જેને આખી જિંદગી અર્પણ કરવી હોય, તેની પરીક્ષા કર્યા વગર, આંધળુકિયાં કરવાં તે શું જિંદગીનું જોખમ નથી ?

**ઉત્તર** : પરીક્ષા ચોક્કસ કરવાની હોય છે. અને તેને સારુ નીતિ અને વહેવાર કુશળ પંડિત પુરુષોએ વરની પરીક્ષા કરવાનું જણાવ્યું છે.

**कुलं च शीलं च सनाथता च, विद्या च वित्तं च वपुर्वयश्च ।**
**वरे गुणाःसप्त विलोकनीया, अतः परं भाग्यवशा हि कन्या** ॥ १ ॥

**અર્થ** : વર ખાનદાન કુળનો હોવો જોઈએ, વર ચારિત્રસંપન્ન હોવો જોઈએ, પરસ્ત્રી લંપટ કે સુમતિવિલાસની પેઠે વેશ્યાગામી ન હોવો જોઈએ, તથા માતાપિતા કે વડીલબંધુઓવાળો હોવો જોઈએ. ભણેલો હોય; (અભણ ન હોય) ધનવાન હોય. (તદ્દન નિસ્વ દરિદ્રી ન હોય) શરીર નિરોગ અને સશક્ત હોય; (નિર્માલ્ય ન હોય). કન્યાને યોગ્ય વયવાળો હોય, બાળક ન હોય; અથવા પુત્રી કરતાં ઘણો વૃદ્ધ ન હોય, આ પ્રમાણે માતાપિતાએ અથવા વાલીઓએ કન્યા માટે વરમાં સાત ગુણો અવશ્ય જોવા જોઈએ, આવી કાળજી કરવા છતાં પછી, જેવાં કન્યાનાં નસીબ હોય તેવું દીકરીને સુખદુઃખ મળે છે.

અને ઉપલક્ષણથી માતાપિતા પણ, સારા કુળની; મૃદુ – કોમળ સ્વભાવની, વિનયવતી, પોતાના પુત્રને યોગ્ય–રૂપ–વય–વાળી કન્યાને, શોધીને જ પુત્રને વરાવે છે.

**પ્રશ્ન** : વર–કન્યાએ પોતે પરસ્પર પરીક્ષા કરવી તે બરાબર નથી ?

**ઉત્તર** : જરા પણ સારું નથી. આર્ય બાળાઓ માટે ભૂતકાળમાં પણ હજારોમાં

કોઈક જ બનાવ એવો બન્યો હશે. અને આ કાળમાં સ્વયંપરીક્ષા કરવા માટે, કુંવારી કન્યા–કુંવારા યુવક સાથે એકાન્ત સેવાય છે અથવા સેવાઈ રહી છે. આ બનાવોના છેલ્લાં વીશ વર્ષોમાં છાપાઓની દુનિયાના અનુભવીઓને હજારોની સંખ્યામાં અનિચ્છનીય બનાવો બન્યા છે. જોવા અને સાંભળવા મળ્યા હશે ?

પોતાની જાત પરીક્ષામાં ચારિત્રનું લીલામ સર્જાય છે, ગર્ભપાતો થાય છે, આત્મઘાતો થાય છે. મારી નાખવાના બનાવો બને છે. મોટા ઝગડાઓ સર્જાય છે. આખી જિંદગી જોખમમાં મુકાય છે. આ જાત પરીક્ષાના ભૂતમાં, નારીજાતિની જ બરબાદી સિવાય કશો લાભ છેજ નહીં.

## છાપાંમાં આવેલો એક કુલવતી બાળાનો હૃદયદ્રાવક ચિતાર સમજવા યોગ્ય હોઈ લખાય છે.

એક ગુજરાત–સૌરાષ્ટ્રના કોઈ આજુબાજુના ગામોમાં, ઉચ્ચ કુળોમાં, તથા સુખી કુટુંબોમાંના વર–કન્યાના, સગપણ કરવાના હોવાથી, યુવાને પોતે જ કન્યાની પરીક્ષા અને પસંદગી માટે કન્યાના પિતાને પત્ર લખી, કન્યાને પોતાને ઘેર મોકલવા જણાવ્યું. અને ગરજવાન કન્યાના માતાપિતાએ, ભવિષ્યના વર સાથે થોડા દિવસ વસવાટ કરવા પરીક્ષા આપવા જવા દીકરીને આજ્ઞા કરી.

કન્યા અતિ સંસ્કારી ડાહી, સુશીલ હતી. તેથી તેણે ચોખ્ખા શબ્દોમાં કુમારી અવસ્થામાં પારકા ઘેર જવાની માતાપિતાને ના પાડી દીધી.

મારી પુત્રી ના પાડે છે. એમ લખવામાં મુંઝાયેલા પિતાએ, યુવાનને પોતાના ઘેર નિમંત્રણ લખ્યું. અને તે આવ્યો. તેનું આતિથ્ય–મહેમાનગતિ કરી. યુવાને કન્યાને પરીક્ષા કરવા પાસે બોલાવી.

**કન્યાનો** ઉત્તર : મારા વડીલોની હાજરીમાં, મને પૂછવું હોય તે પૂછો. અને મારા માટે અભિપ્રાયો નક્કી કરવા હોય તે કરો. બાળાએ માબાપને પણ જણાવી દીધું કે, મારે લાજ–શરમ–મર્યાદા છોડીને, પરીક્ષા આપવી નથી. બે–ચાર દિવસો યુવાન, બાળાના પિતાને ઘેર રહ્યો. અને બાળાની સાથે વાતો કરી.

છેવટે તેણે ફરવા જવું અને બે જણને એકાન્ત વાતો કરવાની, પોતાની ઇચ્છા, કન્યાના માતાપિતાને જણાવી. "**कन्यापितृत्वं किलहन्त कष्टं.**

**કન્યાનો બાપ બિચારો ઓસીઆળો** આવો મૂરતીયો, આવું ઘર મળવું મુશ્કેલ માની, દીકરીને યુવાન સાથે ફરવા જવા ફરજ પાડી.

બાળાની ઇચ્છા હતી જ નહીં. પરંતુ માતાપિતાના અપ્રમાણ દબાણથી, અને આવા જગતભરના પલટાયેલા વાતાવરણને વશ બની, યુવક સાથે અનિચ્છાએ પણ ફરવા જવા શરૂ થઈ. યુવાન કહે છે, હવે આપણે પરસ્પરનું જીવન એકમેક કરવાના છીએ માટે સંકોચ કેમ રાખો છો?

**બાળાનો ઉત્તર** : સગાઈ થઈ ગઈ હોય, વિવાહ થવાનું નક્કી થયું હોય તો પણ, કુમારી બાળા અને કુમાર યુવકે, લગ્નવિધિ થયા વગર શરીર સ્પર્શ કરાય જ નહીં. માટે મારી નમ્ર વિનંતિ સાંભળો, અને તે પણ એજ કે, હાલ તો આપણે માર્ગે ચાલતા મુસાફર જેવા છીએ. મારા વસ્ત્રના છેડાને પણ સ્પર્શ કર્યા સિવાય, પાપ વગરની આનંદની વાતો કરો.

બેત્રણ દિવસ આ રીતે પસાર થયા, બાળાના નિર્દોષ વહેવારો યુવાનને ગમતા ન હતા, તેથી તેણે પોતાની સગી, અને બાળાની સખી મારફતે, છૂટછાટ વધારવા પ્રયાસો કરવા શરૂ કર્યા. અને ભવિતવ્યતાના પ્રભાવે, સખીઓના દબાણથી બાળાને, યુવાનના ચેનચાળાને વશ થવા ફરજ પાડી. જ્ઞાની પુરુષોએ એકાન્ત સેવવા જ નિષેધ કર્યો છે. તો પછી આ તો એકાન્તથી વધીને–અડપલાં, અટકચાળા અને છેવટે બાળાનું પવિત્ર કૌમાર્ય પણ ઝૂંટવાઈ ગયું.

આપણે બંને ચોક્કસ પતિ–પત્ની થઈ ચૂકયાં છીએ. આવો વિશ્વાસ આપીને, કન્યાના પિતાના ઘરમાં ૨૦ દિવસ કે માસ જેટલો વસવાટ કરીને, યુવાને પોતાના ગામ જવા વિદાય લીધી. ચાલતી વખતે પણ અનેક પ્રકારના વિશ્વાસો આપીને, રવાના થઈ, ઘેર આવી. કન્યાના પિતા ઉપર પત્ર લખી નાખ્યો. તમારી પુત્રી બધી રીતે લાયક હોવા છતાં, ઘણી હઠીલી હોવાથી, મને કબૂલ નથી. માટે જ હું તમારી દીકરી સાથે લગ્ન કરવા નામંજૂર થાઉં છું.

આવા સ્વછંદી અને નાલાયક યુવાનના પત્રના ઉત્તર પછી, બાળાના પિતાએ યુવાનના પિતાનો સંપર્ક સાધ્યો. ઘણો પત્ર વહેવાર થયા પછી, રૂબરૂ પણ જઈ આવ્યા. બાળાએ પણ યુવક ઉપર ઘણા પત્રો લખ્યા. પરંતુ પથ્થર ઉપર પાણીની માફક, કોઈના લાગવગ કે કશી દલીલનો કોઈ સદુપયોગ થયો જ નહીં. માતાપિતા પણ બિચારાં હતાશ થયાં.

છેવટે બાપાએ પ્રસ્તુત મૂરતિયા સાથે નિષ્ફળ થયા પછી, દીકરીને એકાન્તમાં બેસાડીને, ઘણા દિલાસા આપીને, બીજા વર સાથે પરણાવવા પ્રસ્તાવો મૂકયા. આંખોમાંથી નિતરતા આંસુએ, બાળા બાપાની અને બાની વાતો સાંભળી ઊઠી ગઈ. અને પોતાના એકાન્ત સ્થાનમાં આવી, એક ચિઠ્ઠી બા અને બાપા ઉપર લખી મૂકી દીધી.

દીકરીના પરમ ઉપકારી પિતાજી! અને માતુશ્રી ! મારા માટેના બનેલા બનાવોથી, આપ બંનેનું ચિત્ત ખૂબ ઘવાયું જણાયું છે. સંસાર આવો જ છે. પ્રભુશ્રી મહાવીર

સ્વામી ફરમાવી ગયા છે જ **अणन्ता पावरासिओ, जया उदयमागया । तथा इत्थीतणं पत्तं, समं जाणाहि गोयमा ! ॥ १ ॥**

**અર્થ** : પ્રભુશ્રી મહાવીર સ્વમીએ ગૌતમગણધરને ઉદ્દેશીને કહેલું છે કે: અનંતી પાપની રાશીઓ એકઠી થાય ત્યારે જ જીવને સ્ત્રીપણું પ્રાપ્ત થાય છે.

**તેથી સ્ત્રીજાતીએ અનંતકાળથી, પરાધીનતા, પતિના તિરસ્કારો, ગર્ભાધાનજન્ય તીવ્ર દુખો, અને રોગો, અનેક બાળકોના ઉછેર; અને જન્મથી તે મરણ સુધી; પ્રારંભમાં પિતામાતા અને ભાઈઓની, પછી પતિ–સાસુ–સસરા–નણંદ અને જેઠાણીઓની, અને છેવટમાં પુત્રોની સામે, ઓશીઆળી જિંદગી જીવવાનું, અને પશુગતિ કે નરકમાં ચાલ્યા જવાનું, મોટા ભાગની સ્ત્રીઓ માટે નક્કી થયેલું હોય છે.**

**આ બધા મહાદુખદાયી સંયોગો વચ્ચે પણ, અબળા જાતિને, એક જ શીલવ્રત મહારત્ન સચવાઈ રહે તો, આ લોક અને પરલોક બગડતા અટકી જાય છે. હું ઘણા દુખપૂર્વક જણાવું છું કે, મારું શીલવ્રત (એકપતિવ્રત) ખોવાઈ ગયું છે. આવનાર અધમ આત્માએ મને માયાજાળ રચીને, ભોળવીને, બેભાન બનાવી, મારું મહામૂલ્ય શીલરત્ન ઝૂંટવી લીધું છે. તેનું પણ કલ્યાણ થાઓ.**

**આજથી જ મારા માટે હવે આપ વરની ચિંતા કરશો નહીં. મારે હવે આ જિંદગીમાં બીજો પતિ કરવો નથી. અને હજારો જોખમોથી ભરેલા કુમાર જીવનને, ચલાવી લેવાની મારામાં શક્તિ નથી. માટે જ મારા આવા પરવશ જીવનનો દીપક બુઝાવીને હું પરલોક જવા રવાને થાઉં છું. શીલથી ભ્રષ્ટ થઈને જીવવા કરતાં શીલ સાચવવા માટે આત્મઘાત કરવો પણ વ્યાજબી છે. કહ્યું છે કે—**

**वरं अग्गिम्मि पवेसो, वरं विशुद्धेण कम्मुणामरणं। मा गहियव्वयभंगो मा जीअंखलिअसीलस्स ॥१॥**

**અર્થ :** લીધેલી પ્રતિજ્ઞાનો ભંગ કરીને, કે શીલવ્રતથી ભ્રષ્ટ થઈને, જીવવા કરતાં તો, અગ્નિમાં પ્રવેશ કરીને, અથવા બીજાં કોઈ પણ સાધનો વડે સુંદર આરાધના કરીને, મરી જવું વધારે સારું છે.

આ પત્ર લખીને બાળાએ પોતાની જિંદગીની સમાપ્તિનો માર્ગ સાધી લીધો. પુત્રીની બનેલી ઘટના યાદ કરીને માતાપિતાએ આખી જિંદગી આંસુઓના વરસાદ વરસાવ્યા. દીકરીનો આ પ્રસ્તાવ માતાપિતાના ચિત્તમાં શલ્ય સમાન બની ગયો હતો. ઇતિ.

આ ઘટના આ વિફરેલા કાળમાં બની છે. આવી દુર્ઘટના એકબે જ નહીં, સેંકડો પણ નહીં, પરંતુ હજારો બની છે, બની રહી છે. વહાલી દીકરીઓના માતાપિતા રડી પણ રહ્યાં છે. પ્રાણો પણ ખોવાયા છે.

**પ્રશ્ન** : આવી કર્મની વિટંબણાઓ—મોહના ચાળાઓ ક્યાં સુધી ચાલુ રહેશે ?

**ઉત્તર** : કર્મની વિટંબણાઓ અને મોહના ચાળાઓનો છેડો સર્વજ્ઞ ભગવંતો પોતે પણ વચનથી કહેવા શક્તિમાન થયા નથી. તો પછી અતિ અજ્ઞાની આપણે શું કહી શકીએ ?

**પ્રશ્ન** : આ જ તો ઘેર ઘેર નોકરો રખાય છે. પત્નીઓ–ભગિનીઓ–યુવતી બાળાઓનો, નોકરો સાથેનો વારંવાર એકાંતવાસ ઘેર ઘેર સર્જાયો છે, તેનું શું વિચારવું ?

**ઉત્તર : સીતા–દમયંતી–દ્રૌપદી–સુભદ્રા – મદનરેખા – મલયા સુંદરી. નર્મદાસુન્દરી–રાજીમતી–મૃગાવતી–જેવી મહાસતી હોય તેને ભલે કશો ભય ન હોય.**

પરંતુ આવા ભયંકર કલિકાલમાં પોતાની જાતને સાચવીને ચાલનાર બચી શકે છે. બેદરકારોને માર ખાવો પડે છે. કોઈ કવિ કહે છે કે :

**स्थानं नास्ति क्षणं नास्ति, नास्ति प्रार्थयिता नरः। तेन नारद ! नारीणां, सतीत्वमुपजायते ॥१॥**

**અર્થ** : આ શ્લોક વિષ્ણુ ભગવાને–નારદને સંભળાવેલો છે.

આ જગતમાં, આચરણની અપેક્ષા સ્ત્રીઓ ત્રણ પ્રકારની હોય છે. એક તો મહાસતીઓ, ધનથી, રૂપથી, કે મરણના ભયોથી પણ ડર્યા સિવાય, મન–વચન–શરીરથી શીલરત્નને ચોક્કસ સાચવે છે. બીજી પોતાના કુળની ખાનદાની, પોતાનો ધર્મ, પોતાની જાતિ; પોતાના માતાપિતા પતિ–પુત્રો વગેરેને ધ્યાનમાં રાખીને, પોતાના શીલને સાચવી રાખે છે. બગડવા દેતી નથી. ભ્રષ્ટ થતી નથી. ત્રીજી સ્ત્રીઓને ઉપરના શ્લોક વાક્યો લાગુ પડી જાય છે. એટલે સ્થાન એકાન્ત મળી જાય, પ્રાર્થના કરનાર પુરુષ મળી જાય, અથવા અવસર મળી જાય તો, તેણીને બગડતાં વાર લાગતી નથી. સમય, એકાન્ત અને પુરુષ ન મળે ત્યાં સુધી તેનું શીલ જળવાઈ રહે છે.

"નવરી ને વળી એકલી, લજ્જા ભય પણ નો'ય ।
તેવી નારી જાતને, શીલમૂલ્ય શું હોય?"

વળી ઘેર ઘેર નોકરોની વાતો તો, બીલકુલ ચલાવી લેવા યોગ્ય નથી

"ઘરનારી એકાન્તમાં, રસોઈનો કરનાર ।
રાખી પસ્તાવો કરે, એ પણ એક ગમાર." ૧
"નોકર સાથે દીકરી, ભગિની કે ઘરનાર ।
ક્ષણ રાખે એકાન્તમાં, એ પણ એક ગમાર" ૨

## આંહી કાષ્ટ શેઠના કુટુંબની કથા

મગધ દેશની રાજધાની રાજગૃહ નગરમાં, કાષ્ઠ નામનો એક વણિક રહેતો હતો. તેને વજ્જા નામની પત્ની અને દેવપ્રિય નામનો એક બાળક હતો. તેણે પોતાના બાળક પુત્રનું લાલન પાલન કરવા માટે નજીકના પડોસમાં રહેતી, ગરીબ પણ ખાનદાન અને બુદ્ધિમતી એક સ્ત્રીને, દેવપ્રિયની ધાવ માતા તરીકે રાખી હતી. બાઈ ઘણી સંસ્કારી હોવાથી શેઠને ખૂબ ગમી ગઈ હતી.

તેથી તેને કાયમી નોકરી આપતો હતો. બાઈ દેવપ્રિયને નવડાવે, ધવડાવે, રમાડે જમાડે, હુલાવે, બોલાવે, સારા સંસ્કારો આપે. ઘરનું બીજું પણ કામ કરે. ઘરના રક્ષણની પણ તેનામાં લાયકાત હતી. બાઈનાં હાથ-પગ અને મુખ બધાં શુદ્ધ હતાં. અર્થાત્ બાઈ હાથની ચોકખી હતી, એટલે સાહુકાર હતી. પગની ચોકખી હતી. એટલે શીલવતી હતી. મુખની ચોકખી હતી. અલ્પ અને મધુર તે પણ જરૂર હોય તોજ બોલવાની ટેવવાળી હતી. નોકરના ત્રણ ગુણો :

"હસ્તપાદ ને મુખ વિશે, શુદ્ધિ હોય સદાય ।
તેવા સ્ત્રી-નર નોકરો, ઠામ ઠામ પૂજાય." ૧
"કરથી ચોરી નવ કરે, સત્ય મધુર બોલાય ।
અનાચાર નવ આચરે, નોકર પણ પૂજાય." ૨
"જૂઠા બોલો માનવી, અદત્તનો હરનાર ।
અનાચારને સેવતો, નોકર દુષ્ટ ગણાય." ૩

શેઠને બાઈ ઉપર ઘણો વિશ્વાસ હતો. તેને પોતાની બહેન અથવા ભગિની સમાન ચાહતો હતો, તેથી તે ઘણીવાર, આ બાઈના ભરોસે માસ, બે માસ, ચાર માસની મુસાફરી પણ કરી આવતો હતો.

આ શેઠના ઘેર, એકવાર કોઇ નિરાધાર છોકરો આવી ગયો. તે દેખાવડો પણ હતો. શેઠે દયા બુદ્ધિથી તેને પોતાના ઘેર જમાડ્યો. વસ્ત્રો પણ નવીન પહેરાવ્યાં. તપાસ કરતાં તે કોઈ બ્રાહ્મણનો બાળક હતો. માતાપિતા કે વાલી વારસ ન હોવાથી, કેવળ દયાના પરિણામથી, શેઠે તેને પોતાને ઘેર રાખ્યો. દિવસો જતાં તેના વિનય અને નમ્રતાના ગુણથી, શેઠે તેને કાયમી પોતાનો સેવક બનાવ્યો હતો. હજીક તેની દશ બાર વર્ષની વય હતી. તો પણ તે પોતાના વર્તનથી શેઠને ખૂબ ખુશ રાખતો હતો.

શેઠને પક્ષીઓ પાળવાનો શોખ હોવાથી, એક પોપટ અને બીજી સારિકા ( મેના ) પાળ્યાં હતાં. પોપટ અને મેના મનુષ્ય ભાષા સ્પષ્ટ બોલી શકતાં હોવાથી, શેઠને ખૂબ ગમી ગયાં હતાં. શેઠને એક લક્ષણ યુક્ત કુકડો પણ મળી ગયો હતો. એકવાર કોઈ પક્ષી–પશુ અને મનુષ્યોના શરીરની, લક્ષણ સંહિતાનો જાણકાર પંડિત શેઠજી પાસે આવ્યો હતો.

તેણે શેઠની પાસે કુકડાના શરીરના અવયવોનું, સુન્દર અને સ્પષ્ટ વર્ણન કરી બતાવ્યું હતું. શેઠની પાસે પેલો બ્રાહ્મણ બટુક બેઠો હતો. તેણે પણ શેઠની પાસે ચર્ચાતી, કુકડાના શરીરના અવયવોની વાત સાભળી હતી. મનમાં સ્થિર કરી લીધી. આનંદ અનુભવ્યો હતો. શેઠના ઘરમાં ધન અને આવક ઘણું સારું હોવા છતાં કાષ્ઠશેઠને ધન કમાવાના વિચારો આવતા હતા.

"લોભ દોષ મહા દુષ્ટ છે, તેથી માયા થાય ।
ક્રોધ–માન પણ સેવતો, લોભી નહીં ખચકાય." ૧

"ધન પુષ્કળ ઘરમાં પડયું, આવક ખૂબ સદાય ।
તો પણ પામર લોભિયા, ધન રળવાને ધાય." ૨

"ક્ષુધા–તૃષાને નવગણે, લોભી ટાઢ કે તાપ ।
સ્નેહી મિત્ર ગણે નહીં, ન ગણે પુણ્ય કે પાપ." ૩

"લોભી દાક્ષિણ્ય નવ ધરે, લોભી લજ્જા નો'ય ।
લોભી દયા નવ ચિંતવે, લોભી સગું ન કોય." ૪

"કુટુંબ ભવિષ્ય નવ ચિંતવે, ધન લોભી નરનાર ।
પામે અનર્થ પરંપરા, ઘણો વધે સંસાર." ૫

"પત્ની–પુત્રી–બેનડી ન ગણે માય–કે તાય ।
લોભી કેવળ ચિંતવે, ધનઅર્જન ઉપાય." ૬

કાષ્ઠશેઠ ધર્માત્મા હતો. તોપણ ધન કમાવાની ધૂનમાં, પોતાના કુટુંબનું ભવિષ્ય જોખમમાં મૂકીને, પરદેશ જવા તૈયાર થયો. પોતાની પત્ની વજ્રાને તથા દેવપ્રિયની ધાવને પાસે બેસાડીને, પુત્રને–પરિવારને–પક્ષિઓને, અને ઘરની આબરૂને સાચવવા ભલામણ કરી, અને શેઠજી પૈસા ઉપાર્જન કરવા પરદેશ જવા રવાના થયા. બે ચાર વર્ષો થયા પણ આવ્યા નહીં.

"યૌવન ને એકાન્ત, નારીને નબળાં કહ્યાં ।
ઘરમાં પરનર યોગ, દારૂ જ્યું અગ્નિ લહ્યાં." ૧

વજ્રા શેઠાણી ઘરની માલિક હતી. છોકરો દેવપ્રિય હજી ઘણો જ બાળક હતો. ધાવબાઈ ડાહી અને સદ્‌ગુણી હતી તો પણ, સ્થાન તો નોકરનું જ ને? શેઠાણી ઉપર શું ચાલી શકે? શેઠજીએ દયાથી ઘરમાં રાખેલો, માતાપિતા વગરનો રખડાઉ છોકરો. હવે વય પામવા લાગ્યો હતો. શેઠાણી વજ્રા, તેના રૂપ લાવણ્યને વારંવાર જોતી, હતી અને કામદેવના હુમલા થતા હતા.

કોઈ કોઈવાર વિકારોની ભૂતાવળથી પ્રેરાએલી વજ્રા, વિકારી વાકયો, ચુંબનો અને આલીંગનો પણ કરતી હતી. મુગ્ધ બટુક આવું બધું પોતાની શેઠાણીની મહેરબાની તરીકે સમજીને, ચલાવી લેતો હતો. પરંતુ અગ્નિ અને માખણ પાસે પડયા રહે તો ઓગળ્યા વિના કેમ રહે?

વખત જતાં બટુકને શેઠાણીના ભાવો સમજાઈ ગયા. અને શેઠાણીના આશયને આવકાર મળવો શરૂ થયો. પછી તો :

**स्थानं नास्ति, क्षणंनास्ति, नास्तिप्रार्थयिता नरः। तेन नारद! नारीणां सतीत्व मुपजायते ॥१॥**

**અર્થ** : આ શ્લોક પૌરાણિક છે. વિષ્ણુ–ભગવાન નારદને કહે છે કે, જગ્યા ન મળે, સમય ન મળે, અને પરપુરુષ સાથે એકાન્ત ન મળે, ત્યાં સુધી જ નારીને સતી સમજવી. ઉત્તમ કુલવતી સતી બહેનોને આ શ્લોક લાગુ પડતો નથી. પરંતુ મોટા ભાગની સ્ત્રીઓ માર્ગ ભૂલે છે, એમ સમજવું.

બટુક શેઠાણીની ઈચ્છાઓ સમજી ગયો. બંનેનો પતિ–પત્ની ભાવ શરૂ થઈ ગયો. પછી તો ધાવબાઈ દેવપ્રિયને લઈને, શાળાએ ભણવા મૂકવા જાય. પોતાના ઘેર જાય. ત્યારે વજ્રા અને બટુક મર્યાદા ભૂલી જતાં હતાં. આ બનાવ, પોપટ અને સારિકાએ જોયો, અને બન્નેને ઉશ્કેરાટ આવી ગયો. પરંતુ પોપટે મેનાને મૌન રહેવા શિખામણ આપી.

પરંતુ મેના બોલ્યા વિના રહી શકી નહીં. અને ઉશ્કેરાઈને શેઠાણી તથા બટુકને ગમે નહીં તેવું ઘણું સંભળાવ્યું. અને છેવટે કહી દીધું કે, હવે તો શેઠ થોડા વખતમાં જ ઘેર આવશે ત્યારે આવા દુષ્ટ આચરણો શેઠને બરાબર હું સંભળાવીશ. મેનાના આવા મર્મભેદક વચનોથી, ગુસ્સે થયેલી વજ્રાશેઠાણીએ મેનાને પાંજરામાંથી પકડીને, રાડો પાડતી પક્ષિણીને, જીવતી ને જીવતી સળગતા અગ્નિમાં ફેંકીને બાળી નાખી.

કારણ કે અનાચાર સેવનારના અનાચારો ખુલ્લા કરવા, તે મોટું વૈર ઊભું કરવા સમાન છે.

સારિકાનું આવું ભયંકર મરણ પોપટે નજરે જોયું. ભયથી ધ્રુજવા લાગ્યો. પરંપરાએ ધાવે પણ શેઠાણી અને બટુકની, ન ઇચ્છવાયોગ્ય રીતભાત સમજી લીધી. અને તેઓ જાણતાં જ ન હોય તેમ નિર્ણય કરીને, પોપટ અને ધાવ રહેવા લાગ્યા.

"ઉપાય સાધ્ય ન હોય, ત્યાં ઉદ્યમ કરવો નહીં ।
જીવનું જોખમ થાય, મૌનપણું ધરવું સહી." ૧

એકવાર બટુકને, કુકડાના લક્ષણોની વાત યાદ આવી, અને શેઠાણીને સૂચના આપી કે, આજે આ કુકડાની કલગી (મસ્તક) જમવાની મારી ઇચ્છા છે. વજા શેઠાણી વણિક પુત્રી હતી. જન્મસિદ્ધ દયાના સંસ્કારો હતા. તેથી બટુકની કુકડાના માંસની વાત નકારી કાઢી અને કહે છે: આ શું બોલો છો ? તમે બ્રાહ્મણ પુત્ર છો. હું જૈનની પુત્રી છું. ધર્મીપતિની પત્ની છું. આવું બોલાય કેમ ? અને થાય પણ કેમ ? આપણા ઘરમાં પણ અનાર્ય કાર્ય કેમ બને ?

વજાની દલીલો ઘરનોકરને ગમી નહીં અને ઉશ્કેરાઈ ગયો. જો તને ધર્મ અને કુકડો વહાલા હોય તો, હમણાં જ હું ઘરમાંથી ચાલ્યો જાઉં છું. અને મારા ઉપર પ્રેમ હોય તો, અત્યારે જ મારી ઇચ્છા પૂરી કર. વિષયમાં અંધ બનેલી વજાને, મૂગા મોઢે બટુકની ઇચ્છાને વશ થવું પડ્યું, અને વજાની આંખો સામે, દુરાત્મા બટુકે કુકડાની ડોક કાપી નાખી. અને કહ્યુંકે, મારે ફકત આ મસ્તક જ ખાવું છે. તે પકાવી રાખજે. હું સ્નાન કરીને આવું છું.

બટુકના સંયોગમાં પરવશ બનેલી વજા, પગથિયાં ચુકી. પોતાનું મહામૂલ્ય શીલરત્ન ગુમાવ્યું. પ્રાણીદયા પણ ખોવાઈ ગઈ. હિંસાનો પ્રારંભ થયો. જૈનના ઘરની ધરતી ઉપર, કુકડાના લોહીના પ્રવાહો ચાલ્યા. વાસણો અને રસોડું પણ વટલાયાં અપવિત્ર થયાં. જીવને વિષય વિકારો ક્યાં ખેંચી જાય છે.

કુકડાનું માંસ પાકીને તૈયાર થયું હતું. બટુક હજીક સ્નાન કરીને આવ્યો નથી. તેટલામાં નિશાળેથી દેવપ્રિય ઘેર આવ્યો. ક્ષુધાતુર હોવાથી પોતાની માતા પાસે જમવાનું માગ્યું. વજાએ પણ ઉતાવળમાં ભાન ભૂલીને, તેજ માંસ દેવપ્રિયને ખવડાવી દીધું. નાનો બાળક સમજતો ન હોવાથી, અથવા ભાવિભાવના સંકેતથી, દેવપ્રિય ભોજન કરીને નિશાળે ચાલ્યો ગયો. તેટલામાં વજાને ખ્યાલ આવ્યો કે, મારી ભૂલ થઇ ગઈ છે. બટુકનું ભોજન દેવપ્રિયને અપાઈ ગયું. હવે શું કરવું ? આમ વિચાર કરીને, કુકડાના બાકીના શરીરને પકાવીને, બટુકને માટે તૈયાર કર્યું. ત્યાં બટુક ઘેર આવી જમવા બેસી ગયો. પરંતુ કુકડાની ડોક તેના જોવામાં ન આવતાં વજાને પૂછ્યું. વજાએ પણ સાચી વાત જણાવી દીધી. અને જાણે મોટા અધિકારી સામે ગુનેગાર ઊભો રહે તેવા, ધ્રુજતા શરીરે બટુક સામે જોઇ રહી.

બટુક વજાની દીનતા પારખીને, તાડુકીને બોલ્યો : નાલાયક રાંડ! મારા માટે બનાવેલું ભોજન છોકરાને કેમ ખવરાવી દીધું ? મારે તેજ કુકડાનું મસ્તક જોઇએ. હમણાંને હમણાં છોકરાનું પેટ વિદારીને, તેજ માંસના અવશેષો આપી દે. નહીંતર આજે તારા છોકરાની સાથે તારા પણ પ્રાણો ભયમાં છે. એમ તારે સમજી લેવું. આજે અને હમણાં જ મારી ઇચ્છાનો અમલ થવો જોઈએ.

વજ્રાએ બટુકના બધા જ અપશબ્દો સાંભળી લીધા. અને પચાવી લીધા. ઉપરથી કરગરવા લાગી, પગમાં પડી માફી માગે છે. પરંતુ બટુકના ક્રોધ અને અભિમાનનો પારો આજે ટોચ ઉપર હતો, તેથી વજ્રા ભય પામી ગઈ અને બટુકની બધી વાતો સાંભળી લીધી તથા દેવપ્રિયને ઘેર લાવી, ભોંયરામાં લઇ જઈ, તેનું પેટ ચિરાવી, બટુકની ઇચ્છા પૂર્ણ કરવાનો સ્વીકાર કર્યો.

વાચકો સમજી શકે છે, વિકારને વશ બનેલા અધમ જીવડાઓ કેવા કેવા અકૃત્યો કરે છે, અને કરાવે છે.

"બુદ્ધિના ભંડાર ને, અનેક ગુણ ધરનાર ।
વિકાર પરવશ થાય તો, મહા અનર્થ કરનાર. ૧
"વિકારને પરવશ બની, પુત્ર ભ્રાત કે તાત ।
નાશ કરે નિજ નાથનો, નારી વાઘણ જાત." ૨
"વિષયોને ધિક્કારજે, દુષ્ટ કરાવે કામ ।
ન્યાય–ધર્મ-સ્નેહ-ભક્તિનું તુરત ત્યજાવે નામ." ૩

એક અનર્થ હજારો અનર્થો ખેંચી લાવે છે. ઘરમાં પાળેલા નોકરને, પરવશ થયેલી વજ્રાએ પતિના વિશ્વાસનો નાશ કર્યો. શીલરત્ન ચોરાઈ ગયું. લક્ષ્મીની બરબાદી થઈ. દયા ધર્મ નાશ પામ્યો. પુત્રને મારી નાખવાની પણ તૈયારીઓ કરી લીધી. પરંતુ જેના પુણ્યો જોરદાર તેને પાપી લોકો શું કરી શકે ?

**चौराणां दुर्जनानां च, शाकीनीनां विशेषतः । अभिप्राया न सिध्यन्ति, तेनेदं वर्तते जगत् ॥१॥**

**અર્થ** : ચોર લોકોના, દુર્જન માણસોના, શાકિની-ડાકિની ઉપલક્ષણથી રાક્ષસો, કસાઈઓ, ચાંડાલો, અનાચારીઓ આવા બધા અધમ આત્માઓની ધારણાઓ પાર પડતી નથી. તેથી જ આ જગત ટકી રહેલ છે, સૌ સૌનાં ગયા જન્મનાં સુકૃત–દુષ્કૃત ફરજ બજાવે છે.

**કોઈ કવિ –**

કરે કષ્ટમાં પાડવા દુર્જન ક્રોડ ઉપાય, પુણ્યવંતને તે સહુ સુખનાં કારણ થાય.

તેમ વજ્રા અને બટુકના દુષ્ટ અભિપ્રાયો, અને આચરણો ભીંતના અંતરે ઉભેલી ધાવમાઈના ખ્યાલમાં આવી ગયાં. અને દેવપ્રિયને બચાવી લેવાનો નિર્ણય કરીને, વિષયવિકારની મદિરામાં ચકચૂર બનેલા, વજ્રા તથા બટુકને ખબર ન પડે તેમ, ઘરમાંથી જરૂર પૂરતું દ્રવ્ય લઈને, બાઇ નિશાળે પહોંચી ગઈ. અને દેવપ્રિયને સમજાવી, પોતાના સ્કંધ ઉપર બેસાડીને, કમલાદેવી શ્રીપાલકુમારને ઉંચકીને નાસી છૂટી હતી તેમ, રવાના થઈ ગઈ.

વિસામો કે નિદ્રા લેવાનો અવકાશ હતો નહીં. રસ્તામાંથી લીધેલ કામચલાઉ સાધનો દ્વારા, પુત્રને ખાવાનું આપીને, થોડું પોતે ખાઇને, આખી રાત ચાલતી, ચંપાનગરીના પરિસરમાં પહોંચી ગઈ, અને ગામની બહારના એક ચંપાના ઝાડ નીચે, પર્ણ અને પુષ્પની શય્યા બનાવી, થાકેલા પુત્રને સુવાડી, પોતે ચોકી કરવા બેસી રહી; કારણ કે પાછળ વજા બટુકનો આવવાનો ભય હતો.

**પ્રશ્ન** : ગમે તેવી ક્રોધાવિષ્ટ સ્ત્રી પણ પોતાનાં બાળકોને તો પ્રાણથી પણ અધિક ગણે છે, તે મારવા તૈયાર થાય એ કેમ બને ? પશુ જાત સિંહણ–બિલાડી–કૂતરી જેવાં હિંસક પ્રાણિયો પણ, પોતાનાં બચ્ચાને પોષણ આપે છે, સાચવે છે, વહાલથી ચાટે છે. તો પછી મનુષ્યણી પોતાના બચ્ચાને મારવા તૈયાર થાય, આ વાત ન માની શકાય તેવી છે.

**ઉત્તર** : બીજા બધા પ્રસંગોમાં, માતા પોતાના બાળકો માટે પ્રાણ પણ હોડમાં મૂકે છે. પરંતુ માતા પરપુરુષના પ્રેમમાં ઘેલી થાય ત્યારે, પુત્ર–પુત્રી કે પતિ, માતા–પિતા–ભાઈ કોઇને પણ મારી નાખતાં કે મરાવી નાંખતાં ખચકાતી નથી. આ જગ્યાએ બ્રહ્મદત્તચક્રવર્તીની માતા ચૂલની વિગેરે ઘણા દાખલા ઇતિહાસમાં મળે છે. આ કાળમાં અનુભવી મનુષ્યોએ નજરે જોયા પણ હોય છે.

દેવપ્રિયનિદ્રામાંથી જાગ્યો એટલે ધાવમાતા, નજીકની વાવમાં લઈ જઈને નવડાવ્યો. અને પોતે સાથે લીધેલાં સારાં વસ્ત્રો પહેરાવ્યાં. બાઈ બાળક માટે શહેરમાંથી ખાવાનું લઈ આવી, દેવપ્રિયને ખવડાવ્યું. એટલામાં તે જ દિવસે (ગઈ રાતમાં) નગરનો રાજવી મરણ પામ્યો હતો. અપુત્રિઓ હતો. નજીકમાં પણ કોઈ વારસ હતો નહીં, તેથી પ્રધાન-મંડળે પંચદિવ્યો અને રાજની શબવાહિની (ઠાઠડી) તૈયાર કરાવ્યાં. એક દરવાજેથી રાજાનું મડદું લઈ જવાયું. બીજા દરવાજેથી પંચદિવ્યો બહાર નીકળ્યાં.

**પ્રશ્ન** : પંચદિવ્ય એટલે શું ? પંચદિવ્યો કોને કહેવાય ?

**ઉત્તર** : આ રિવાજ પ્રાયઃ હજારો વર્ષો પહેલાં ચાલુ હશે. તે માટે એક પલાણ વગરનો હાથી[૧], પલાણેલો અશ્વ[૨], મેઘાડમ્બર છત્ર[૩], બે ચામરો[૪] અને કુમારીબાળા[૫]–આ પાંચ તૈયાર કરેલાં આગળ ચાલે છે. આ પાંચે રાજ્યની અધિષ્ઠાત્રી દેવીથી અધિષ્ઠિત હોય છે. એટલે દેવીની પ્રેરણાથી ચાલી નગર બહાર આવે છે. દેવી પોતે જ રાજ્યને યોગ્ય–લક્ષણાન્વિત પુરુષને શોધી લાવેલો, નગરના પરિસરમાં જ મળી જાય છે.

આવા લક્ષણ લક્ષિત પુરુષ પાસે આવી, હસ્તી ગર્જના કરે છે. ઘોડો હણહણે છે. છત્ર ઊઘડીને તે પુણ્યવાન પુરુષ ઉપર ધરાય છે. ચામરો વિંઝાવા લાગે છે. બાળા પોતાના મસ્તકે ઉપાડેલા જળ ભરેલા ચાંદીના કળશ વડે, ત્યાં જ તે ઉત્તમ પુરુષના જમણા પગના

અંગુષ્ઠ ઉપર અભિષેક કરે છે. આવાં તે પાંચે દિવ્યોએ દૈવી પ્રેરણા અને દેવપ્રિયકુમારના ભાગ્યથી, પોતાની ફરજ બજાવી.

ગમે ત્યારે ગમે તે સ્થાને, ગમે તે મનુષ્યને, પુણ્યનો ઉદય અજબ કામ કરે છે. અહીં પોતાની સગી માતાના મારી નાખવાના ભયથી, નાસી છૂટેલા વણિક બાળકને, રાજ્ય પ્રાપ્તિ થાય છે.

**જ્ઞાનીઓ કહે છે કે:**

**अरक्षितं तिष्ठति ( जीवति ) दैवरक्षितं, सुरक्षितं तद्विहतं विनश्यति ।**
**जीवत्यनाथोपि वने विसर्जितः । कृतप्रयत्नोपि गृहे विनश्यति ॥ १ ॥**

**અર્થ :** નસીબની સહાય જોરદાર હોય તો, કોઈપણ રક્ષક ન હોય, સહાયક ન હોય, તોપણ જરૂર તેનું રક્ષણ થાય છે અને સારા રક્ષણવાળાને પણ નસીબ વાંકું હોય તો, રક્ષણ નકામું બને છે. અજાપુત્ર જેવા એક દિવસના જન્મેલા અનાથ બાળકો પણ, જીવ્યા છે. ક્રોડોથી વિંટળાએલા પણ સુભૂમચક્રી જેવા મર્યા છે.

નસીબની જ બલિહારી છે.

તારોંકે તેજમેં ચંદ્ર છૂપે નહીં, સૂર છૂપે નહીં, બાદલ છાયા, રણ ચડયો રાજપુત છૂપે નહીં, દાતા છૂપે નહીં ઘેર મંગન આયા. વિકારી નારીકો નયન છૂપે નહીં, પ્રીત છૂપે નહીં પૂંઠ દેખાયા. કવિ ગંગ કહે સુન શાહ અકબર, કર્મ છૂપે નહીં ભભૂત લગાયા. ॥ ૧ ॥

લાખો તારાઓમાં ચંદ્ર ઢંકાતો નથી. ઘટાટોપ વાદળાંમાં સૂર્ય ઢંકાતો નથી. યુદ્ધભૂમિમાં ઊભેલો શૂરવીર, ક્ષત્રિય નિર્માલ્ય થઈ ઊભો રહેતો નથી, અને દાન દેવાના સ્વભાવવાળો દાતાર, ભિખારીને ભાળીને આપ્યા વિના રહેતો નથી. વિકારવતી વામાની આંખો છાની રહેતી નથી. તેમજ સાચી પ્રીત પણ ઢાંકી ઢંકાતી નથી. તેમ હે રાજા અકબર! માણસના શરીર ઉપર રાખ ચોળી હોય તોપણ નસીબ ઢાંકયું રહેતું નથી.

"સિદ્ધરાજ શત્રુ હતો, હતી ન એકે સહાય ।
કુમારપાળ રાજા થયો, પૂરવ પુણ્ય પસાય." ૧
"જનક મર્યો જય શિખરી, રાજ્ય ગયું અરિહાથ ।
પણ વનરાજે જય મેળવ્યો, નસીબ મોટી આથ." ૨
"મરૂધર કેરો વાણિયો, હતી ન દમડી એક ।
બુદ્ધિ પુણ્ય-ને શૌર્યથી હાક વગાડી છેક." ૩

" ઉદો મટી ઉદયન થયો, મહામાત્ય ગુજરાત ।
રાજ્ય – ન્યાય ને ધર્મના, વિકસાવ્યા અવદાત." ૪

નાના બાળકને રાજ્ય મળ્યું છે, તેથી લોકો તેને, બહુમાન ન આપે તેવું વિચારીને, રાજ્યની અધિષ્ઠાત્રી દેવીએ, આકાશમાં રહી ઉદ્‌ઘોષણા કરી કે, આ રાજા, મહાશક્તિશાળી, પુણ્યશાળી, અને પ્રભાવશાળી થશે. તેનો કોઈએ થોડો પણ અનાદર કરવો નહીં, પરંતુ બહુમાન કરવું, અને તેનું ધાત્રીવાહન એવું નામ રાખવું. આ પ્રમાણે આકાશવાણી થવાથી, પ્રધાનવર્ગ, ધનાઢ્યવર્ગ, બધા સ્થાનોના અધિકારી વર્ગોએ, દિનપ્રતિદિન રાજાનું અધિકાધિક મહત્ત્વ વધાર્યું.

ધાતૃવાહન રાજાએ, પોતાની ધાવમાતાને, સાચી માતા માનીને, પોતાના સર્વ કામકાજઅને રહસ્યોમાં, તેણીની આગેવાની મુખ્ય બનાવી. પુણ્યના ઉદયથી વિપરીત બાબતો પણ અનુકૂળ થવા લાગી. અને ધાત્રીવાહન રાજાના પ્રતાપ, અને પ્રભાવની ખ્યાતિ ખૂબ ફેલાઈ.

" પુણ્યોદયથી જગતમાં, ઠામ ઠામ સુખ થાય ।
સુખની ઇચ્છા હોય તો ! સેવો ધર્મ સદાય." ૧
" ધર્મ થકી સુખ સંપદા, લક્ષ્મી, બુદ્ધિ, રાજ ।
ધર્મારાધક જીવનાં, સીઝે સઘળાં કાજ." ૨
" સર્વ જીવ રક્ષણ સમો, જગતમાં ધર્મ ન કોય ।
અભય સમર્પો સર્વને, જો સુખ ઇચ્છા હોય." ૩

હવે કાષ્ઠશેઠ ધન કમાઈને પોતાની જન્મભૂમિ રાજગૃહી નગરીમાં, આવી પહોંચ્યા. ઘેર આવતાં રસ્તામાં ઘણા વિચારો આવેલા, મારો પુત્ર દેવપ્રિય હવે ઘણો મોટો થયો હશે. હું ઘણું ધન કમાઈને આવ્યો છું. પત્ની–પત્રાદિ પરિવાર પણ સુન્દર છે. હવે હું સ્વર્ગ જેવાં સુખનો અનુભવ કરીશ. માણસ ઇચ્છે શું ? અને થાય શું ? વિચારો કોઈના સફળ થતા જ નથી. **મહારાજા રામચંદ્ર પોતે જ ફરમાવે છે કે :**

**यच्चिंतितं तदिहदूरतरं प्रयाति, यच्चेतसा न गणितं तदिहाभ्युपैति ।**
**पातर्भवामि वसुधाधिपचक्रवर्ती, सोहं व्रजामि विपिने जटिलस्तपस्वी ॥ १ ॥**

**અર્થ :** મનુષ્યમાત્ર જેને નજીક લાવવા ઇચ્છે છે, તે ઘણું ઘણું છેટે ચાલ્યું જાય છે. અને જેની કલ્પના પણ ન હોય, તે સામું આવીને હાજર થાય છે. મહારાજા રામચંદ્ર

કહે છે કે : સવારમાં અમુક-સમયે હું આખા જગતનો, બધી પૃથ્વીનો, ચક્રવર્તી રાજા થવાનો હતો. તે જ લગ્ન વખતે હું એક-જટાધારી તાપસ જેવો બનીને, વનવાસ જઈ રહ્યો છું. આ છે સંસારની ભુલભુલામણી.

"ધાર્યું તે અળગું ખસે, અણધાર્યું તે થાય ।
કોટીશ્વર નિર્ધન બને, નૃપવર ભીખ મગાય."

કાષ્ઠશેઠે ઘરમાં આવીને જોયું-કુકડો નથી, મેના નથી, પુત્ર નથી, ધાવ નથી. બધાં ક્યાં ગયાં ? અને પાંજરા સામું જોયું. પોપટને જોયો. પોપટ કહે છે : સ્વામી, પાંજરું ઉઘાડું મૂકો. બધું સંભળાવું. કાષ્ઠશેઠે પાંજરાનું દ્વાર-બારણું ખોલી નાખ્યું.

પોપટ ઊડીને ઝાડ ઉપર બેઠો અને બટુક તથા શેઠાણીનો વ્યભિચાર અને તે જ કારણે સારિકા તથા કુકડાનું મરણ કહી સંભળાવ્યું. અને કહ્યું કે સ્વામી ! આપની આ કુલટા પત્ની અને અધમ સેવક, બે પતિ-પત્ની બન્યાં છે. તથા દેવકુમાર જેવા દેવપ્રિય બાળકને, મારી નાખવાનાં હતાં. પરંતુ તમારી વફાદાર ઉત્તમ-નોકરડી-ધાવ, બાળકને ઉપાડીને, બચાવવા માટે નાસી ગઈ છે. આ બે જણાંના અધમ આચરણોને જોતો, આપના આવવાના માર્ગને નિહાળતો, દુખમય દિવસો વિતાવું છું.

વજ્રા અને બટુકે અત્યાર પહેલાંથી, નાસી જવાની, સર્વ તૈયારી કરી રાખી હતી. તેથી શેઠને ઘેર આવેલા જાણવાની સાથે જ, તૈયાર કરી રાખેલ કીમતી ધનસામગ્રી લઇને, બંને જણા પાછલા દ્વારેથી નાસી ગયાં. શ્રેષ્ઠીએ ઘરમાં પ્રવેશ કર્યો. બે અદૃષ્ટવ્યમુખ, વજ્રા-બટુકને, નાસી ગયેલાં જાણી, હર્ષ પામ્યા અને પોતે કમાઈ લાવેલા અને ઘરમાં બચેલા માલ-મિલ્કત; વેચી-વટાવી, સાતે ક્ષેત્રોમાં વાપરી, વૈરાગ્ય પામી, દીક્ષા લીધી. ગુરુ સેવા પામી, ગીતાર્થ થયા, કર્મ ખપાવવા એકાકી વિચરવા લાગ્યા.

**પ્રશ્ન** : એકલા વિચરનાર સાધુઓનાં કર્મ વધારે ખપે. જલદી નાશ પામે છે ?

**ઉત્તર** : ગીતાર્થ - જ્ઞાની, ત્યાગી, નિસ્પૃહી, ગુણના દરિયા, અપ્રમાદી, અલોલુપી, અસંગ્રહી, અને વિકારનાં કારણો વળગે તો પણ, લલચાય નહીં તેવા મહાપુરુષો, એકલા વિચરે છે, અને તેમનાં કર્મો પણ જરૂર ખપવા માંડે છે. ઝાંઝરિયા મહામુનિરાજ વગેરે.

**પ્રશ્ન** : તો પછી હમણાં એકલા વિચરનારનાં કર્મ કેમ ન ખપે ?

**ઉત્તર** : હમણાં એકલા વિચરનારનાં કર્મ ખપવાનાં કારણો તો અસંભવિત જેવાં છે. પરંતુ આ કાળના એકલવિહારી સાધુઓ, વધારે ગુનેગાર બનવાના કારણે જોરદાર દેખાય છે.

**પ્રશ્ન :** આ કાળમાં એકલા વિચરવાનું કારણ ચારિત્રની શુદ્ધિ માટે જ કે બીજું કાંઈ ?

**ઉત્તર :** કેવળ ત્યાગ ભાવનાથી કર્મ ખપાવવા માટે જ, એકલા રહેવું તે પણ, આ કાળના અમારા જેવા, ધૃતિ, ત્યાગ અને સંઘયણના બળ વગરનાઓ માટે, બીલ્કુલ લાભકારક છે નહીં. આચાર્ય ભગવાન્ સિદ્ધસેનસૂરિ મહારાજ ફરમાવે છે કે.

**रागाद्यपाय विषमे, सन्मार्गेचरतां सतां । रत्नत्रयजुषामैक्यं, कुशलाय न जायते ॥१॥**
**नैकस्य सुकृतोल्लासो, नैकस्यार्थोपि तादृशः । नैकस्य काम संप्राप्तिर्नैको मोक्षाय कल्पते ॥२॥**

**અર્થ :** રાગદ્વેષ–ક્રોધ, માન, માયા, લોભાદિ અનેક અપાયો (પડવાનાં કારણો)થી ભરેલા એવા આ સંસારમાં, ચારિત્ર માર્ગમાં ચાલનારા, રત્નત્રયીના આરાધક, મહામુનિરાજોને, એકલા વિહાર કરવો તે, પરલોકના કલ્યાણ માટે નથી. અર્થાત્ એકલા વિચરનાર સાધુઓનું ચારિત્ર, અનેક રીતે જોખમમાં જ મુકાય છે.

એકલા રહેનારને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની, પ્રાપ્તિના કે મજબૂત કરવાના, ઉલ્લાસો આવતા નથી. એકલા રહેનારને, તપશ્ચર્યા કે અધ્યયન–અધ્યાપનનો સ્વાર્થ સધાતો નથી. એકલા રહેનારને, મમતાનો નાશ કરનારી કોઈ કામના સધાતી નથી. તથા આવા ભીષણ પંચમકાળમાં, એકલા રહેનારને – એકાકી વિચરનાર સાધુને, થોડા ભવો પછી પણ, મોક્ષદાયક સાધનો સાંપડવાં દુર્લભ છે. કહ્યું છે કે :

" ગીતાર્થ વિણ જે ઉગ્ર વિહારી, તપીયા પણ મુનિ બહુલ સંસારી ।
અલ્પાગમ તપ કલેશ તે જાણો, ધર્મદાસગણી વચન પ્રમાણો."

ગીતાર્થ ભાવાચાર્ય અને તેમની નિશ્રાયે, વિચરતા મુનિરાજો, આરાધક ગણાય છે. પરંતુ વીતરાગનો માર્ગ નહીં સમજેલાં, ઉગ્ર વિહાર કરતા હોય, છઠઅઠમાદિ, તપ કરતા હોય, તો પણ, બહુલ, સંસારી કહ્યા છે.

**પ્રશ્ન :** ગીતાર્થ કોને કહેવાય ?

ઉત્તર : **गीयंभणइ सुत्तं, अत्थो तस्सेव होइ वक्खाणं ।**
**उभयेणय संजुत्तो, सो गीअत्थो मुणेअव्वो ॥ १ ॥**

**અર્થ :** ગીત એટલે સૂત્ર–અને સૂત્રનો શબ્દાર્થ–ભાવાર્થ–વિશેષાર્થ ઐદંપર્યાર્થ – વ્યાખ્યાન. તેનું નામ અર્થ–સૂત્ર–અર્થના જ્ઞાતા તે ગીતાર્થ જાણવા, એટલે વર્તમાન,

જૈનાગમોના નિચોડને સમજેલા; નિશ્ચય, વ્યવહાર, ઉત્સર્ગ, અપવાદ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ, સાતનય, સપ્તભંગી વગેરેના જ્ઞાતા ગીતાર્થ કહેવાય છે.

આવા ગીતાર્થ ગુરુઓની નિશ્રામાં વિહાર કરનારા, આત્માઓ ભૂલા પડતા નથી. ધીરજ, આરોગ્ય અને સંઘયણ આદિ સંપૂર્ણતાવાળા ગીતાર્થ મહાપુરુષો કેવળ કર્મ ખપાવવા માટે જ એકાકી વિહાર કરતા હતા, જેમ ઝાંઝરીયા મુનિવર, મેનાર્યમુનિવર, હરિકેશીબલ મુનિવર વગેરે.

કાષ્ઠમુનિ એકાકી વિહાર કરતા ક્રમવિહારે, ચંપાનગરીમાં પહોંચ્યા. ભવિતવ્યતાના યોગથી, વજ્રા પણ, પોતાના જારપતિને લઈને, આ ચંપાનગરીમાં એક ઘર વેચાતું લઈને આનંદથી રહે છે. પૈસા ખૂબ હતા, તેથી દિવસરાત, પાપાનુબંધી પુણ્યના ફળ ભોગવે છે. **કાષ્ઠ સાધુ** મોટા તપને પારણે, વહોરવા નગરીમાં ફરતા ફરતા, વજ્રા–બટુકના ઘરમાં પેસી ધર્મલાભ આપ્યો. અવાજ અને આકારથી વજ્રાએ, પોતાના **ભૂતપૂર્વ સ્વામીને** ઓળખ્યા. **મુનિશ્રી** તો નિર્મોહ જ હતા, તેથી નીચી નજર નિહાળી પાત્રું ધરી વહોરતા હતા.

ભવિતવ્યતા કેવું કરે છે. પુત્ર રાજા છે, પિતા મુનિ છે, માતા કુલટા છે. તે ત્રણે આ ચંપાનગરીમાં રહે છે, પણ કોઈ કોઈને જાણતું નથી.

વજ્રાને વિચાર આવ્યો, જરૂર આ સાધુ મારા પતિ છે. મને ઓળખી ગયા હશે તો, મારી ગામમાં આબરૂ ઘટાડશે, ફજેતી કરશે, માટે તેમને જ હું ગુનેગાર બનાવી, કેદમાં પુરાવી દઉં. આવો વિચાર કરીને, આહારની સાથે, ગુપ્ત રીતે એક કીમતી આભૂષણ સાધુના પાત્રમાં મૂકી દીધું. મુનિ ઘરની બહાર નીકળ્યા કે તુરત બૂમ પાડી. આ સાધુ ચોર છે, મારું આભૂષણ ચોરી ગયા છે.

સ્ત્રીનો બૂમાટ સાંભળી લોકો ભેગા થયા, રાજસેવકો આવ્યા, સાધુને ઊભા રાખ્યા. આહારને તપાસતાં અંદરથી, નંગ જડેલી વીંટી નીકળી. ચોરીનો માલ નીકળવાથી, દાર્શનિક પુરાવો નક્કી થવાથી, સાધુને પકડી રાજા પાસે લઈ ગયા. અહીં ધાત્રીવાહનને રાજ્યાસન આરૂઢ થયાને, આજે વર્ષો થઈ ગયાં હતાં. અનુભવ ખૂબ મળ્યો હતો. ધાત્રીવાહન રાજાનો ન્યાય અને પ્રતાપ સીમાડાના રાજાઓ ઉપર અને વસતિ–રૈયત ઉપર ખૂબ પ્રભાવ જમાવી શકયો હતો.

મોટા ગુના રાજા પોતે જ તપાસતો હતો. ધાવમાતાએ પોતાનો જીવ બચાવ્યો છે. સાચવ્યો છે. પાળી મોટો કર્યો છે. માટે તેણીનો ઉપકાર ભૂલવા યોગ્ય નથી. તેથી પોતાની સગીમાતા જ માનતો હોવાથી, બધા કામમાં તેણીની સલાહ અવશ્ય લેતો હતો. ઘણી વાર રાજ્યસભામાં તેણીને, ઊંચા સ્થાન ઉપર બેસાડતો હતો.

કાષ્ઠમુનિ ઉપર વજાએ આળ ચડાવ્યું, તેથી રાજાના સેવકો; મુનિશ્રીને ચોરબંધને બાંધીને, રાજસભામાં લાવ્યા હતા. આ વખતે ધાવમાતા રાજસભામાં હતાં. મુનિશ્રીને જોયા. ઓળખી લીધા. રાજાને પણ ઓળખાણ આપી. હે પુત્ર ! આ ચોર નથી. પરંતુ તારા પૂજ્ય પિતાશ્રી અને મારા પાલનહાર-શેઠ છે. રાજાએ માતાસહિત મુનિના પગમાં પડીને વંદન કર્યું. સાથોસાથ ફરિયાદ કરનાર વજા અને બટુકની પણ ઓળખ કરાવી. તેથી

ધાવમાતાનો ઉપકાર માન્યો-હે ઉપકારિણી માતા ! આ વખતે જો તારી હાજરી ન હોત તો? વગર ગુનેગાર મહામુનિરાજનો હું ઘાતક થઇ જાત અને અનાચારી યુગલનો પક્ષપાત થઇ જાત. ધિક્કાર છે સંસારને ! આખું જગત પોતાના સ્વાર્થમાં જ ગરકાવ બનેલું છે.

પત્ની પોતાના ભોગ સુખ માટે જ, પતિની સેવા કરે છે. અને તેજ ભોગસુખ બીજા પાસેથી મળે તો, પાપિણી તેજ પતિને, દુખ આપવા કે મારી નાખવા સુધી પણ પ્રેરાય છે.

જે માતાપિતાએ જન્મ આપ્યો, ઉછેર્યા, પાલન-પોષણ કર્યું, વિષ્ટા, પેશાબ ધોયાં, વસ્ત્રો ધોયાં, નવડાવ્યા, ખવડાવ્યું, માથે ઉપાડી ફેરવ્યા, મોટા થયા પછી તે જ અધમ છોકરાઓ માતાપિતાનાં અપમાન કરે છે. વૈરીનો પક્ષ કરે છે. પોતાના પુત્રો માટે મરી ફીટે છે. તેમ માબાપ માટે બેદરકારી સેવે છે. પોતાની પત્ની અને બાળકો માટે હજારોના ખર્ચ કરે છે. માબાપને સારું ભોજન કરાવવું ભૂલી જાય છે. ત્યારે આહીં રાજા પોતાની ઉપકારિણી ધાવમાતાનું અકલ્પ્ય બહુ માન કરી કહે છે.

હે ઉપકારિણી માતા ! જ્યારે ઉદર ધરનારી માતા, મારી નાખવા તૈયાર થઈ હતી, ત્યારે તમે મને જીવિતદાન આપ્યું છે, રાજ્ય અપાવ્યું છે, અને પિતામુનિની ભયંકર આશાતનાના પાપ વડે, નરકગતિમાં પડી જતા મને બચાવ્યો છે. હે માતા ! હવે કહો, હું શું કરું મને આજ્ઞા કરો તે કરવા હું તૈયાર છું !

ધાવમાતાના કહેવાથી, પતિ, પુત્રનો દ્રોહ કરનારી વજાને, બટુકસહિત દેશ-નિકાલ કરાવી, મહામુનિરાજને પોતાના પિતા તરીકે લોકોને ઓળખાવ્યા, નિર્દોષ ઠરાવ્યા, અને વિનતિ કરાવી પિતામુનિને વિહાર કરતા થોભાવી, સ્થિરતા કરાવી, ઘણો વખત રાખ્યા. મુનિરાજ પણ લાભનું કારણ જાણી સ્થિરતા કરી. રાજા ધર્મ પામ્યો, હજારો, લાખો, આત્માઓ સાચા માર્ગને સમજી આરાધક બન્યા.

राज्ञि धर्मिणि धर्मिष्ठाः, पापे पापाः समे समाः । राजानमनुवर्तन्ते, यथा राजा तथा प्रजाः ॥

**અર્થ :** રાજા ધર્મી હોય તો, પ્રજા ધર્મી બને છે. જેમ સંપ્રતિ અને કુમારપાળરાજાની પ્રજા ધર્મ પામી હતી. રાજા પાપી હોય તો, પ્રજા પાપી બને છે. રાજા મધ્યમ હોય તો, પ્રજા મધ્યમ રહે છે. ટુંકાણમાં પ્રજા પ્રાયઃ રાજાને અનુસરનારી હોય છે. જેવો રાજા તેવી પ્રજા. ધાત્રીવાહન રાજાને ઉપદેશ આપી, અસ્થિમજ્જા જૈન બનાવી, કાષ્ઠમુનિ વિહાર કરી ગયા. અને નિરતિચાર ચારિત્ર આરાધી, આઠકર્મનો ક્ષય કરી, મુક્તિપુરીમાં ચાલ્યા ગયા.

બીજી બાજુ પુત્ર અને પતિનો ભયંકર દ્રોહ કરનારી વજા, તથા સ્વામીદ્રોહી બટુક (વજાનો જાર), આ બન્ને, વાસનાઓ, વિકારો અને વિષયોના કાદવમાં, ભૂંડની પેઠે ડૂબી ગયેલાં, અનાચાર, અકૃત્ય, અપેય, અખાદ્યમાં અંધ બનીને, મરીને સંસારમાં, ચોરાસી લાખ યોનિના મુસાફર થયાં.

## ઈતિ ઘરનોકરના ભ્રષ્ટાચાર સૂચક પ્રસંગ ૧ લો.

**પ્રશ્ન** : રખડતા, ભટકતા, આપત્તિમાં સપડાયેલા વણિકબાળકને રાજ્ય મળ્યું? આ વાત દલીલથી કેમ માની શકાય? વાણિયા રાજ્ય સાચવી પણ કેમ જાણે? રાજ્યતો ક્ષત્રિયોનું કહેવાય છે ને?

**ઉત્તર** : રાજ્ય કે લક્ષ્મી કોઈ વ્યક્તિને વરેલાં નથી. પરંતુ જેના પુણ્ય જોરદાર હોય તેને વરમાળા પહેરાવે છે.

"નહીં કોઈની નાર, પૃથ્વી કે લક્ષ્મી બની ।
પુણ્યોદય જસપાસ, તસ નારી કમલાવની. (અવની = પૃથ્વી)"

"પુણ્યોદય જો થાય, ભિક્ષુક પણ રાજા બને ।
પુણ્યવૃન્દ ક્ષય થાય, ભિક્ષુક થઈ વનમાં ભમે."

"પુણ્ય ઉદય જો થાય, શત્રુઓ પગમાં નમે ।
યદિ પુણ્ય ક્ષય થાય, ટુકડાઓ માગી જમે."

આ કાળમાં ઘણા આવા બનાવો બનતા હોય છે. ધ્યાનપૂર્વક જોનારને દેખાય છે. ૧૯૭૦ આસપાસ બનેલો બનાવ લખું છું. વીરમગામ સ્ટેશનથી દશબાર માઈલ ઉપર, જૈનોનું એક ઉપરિયાલા તીર્થ છે. ત્યાં ધર્મશાળા નવીન બનતી હતી. તેમાં એક દશબાર વર્ષનો, માબાપ વગરનો મુસલમાન છોકરો, મજૂર તરીકે, મજૂરી આવતો હતો.

રૂપાળો હતો. કપાળ પણ તેજદાર હતું. મજૂરીમાં મળેલા પૈસાથી, કંદોઈ–કે ભાડભુંજાની દુકાનેથી મીઠાઈ કે સેકેલા ચણા મેળવી પેટ ગુજરો કરતો હતો. કોઈના ઓટલા ઉપર પડ્યો રહેતો હતો. તેવા ટાઇમમાં, ચોવીસ ગામના રાજવી, બજાણાદરબાર, જીવણખાનની વિકટોરિયા–ગાડી, ( બે ઘોડીની ગાડી ) અવારનવાર ફરવા આવતી હતી.

એકવાર દરબાર જીવણખાને, આ છોકરાને જોયો. છોકરાના પુણ્યનો પ્રારંભ થયો. બોલાવ્યો. પ્રશ્નો પૂછ્યા. છોકરો ગમી ગયો. ગાડીમાં બેસાડીને, બજાણા પોતાના દરબારમાં લઈ ગયા. નવડાવ્યો, ધોવડાવ્યો. નવાં વસ્ત્રો પહેરાવ્યાં, ભણાવ્યો, વઢવાણની કુમારશાળામાં રાખ્યો. મેટ્રિક થયો. વીસ–બાવીસ વર્ષના આ છોકરાને, રાજા જીવણખાને, પોતાની એકની એક દીકરી પરણાવી. સરકારની સહાય મેળવી, બજાણા સ્ટેટનો રાજા બનાવ્યો.

જીવણખાન ગુજરી ગયા. પછી બજાણા નાના સ્ટેટની ગાદી ઉપર પ્રાયઃ વીશ–પચીસ વર્ષ રાજ્ય ભોગવ્યું. અને જ્યારે સમગ્ર ભારતનું રાષ્ટ્રીયકરણ થયું, ત્યારે હિન્દી સરકારે તેમને, જીવાઈ બાંધી આપી છે. હમણાં સુધી છેલ્લા બજાણા નરેશ વિદ્યમાન સાંભળ્યા છે. આ વાતથી વાચકો સમજી શકે છે કે, માણસ બળવાન નથી, ભાગ્ય બળવાન છે.

બીજી વાત મર્હુમ મહારાજા સયાજીરાવ ગાયકવાડની પણ આવી જ છે. મર્હુમ મહારાજા ખંડેરાવ ગાયકવાડ ગુજરી ગયા પછી, મલ્લાવરાવ ગાદી ઉપર આવ્યા. તેમની ચાલચલગતના કારણે તેઓને, ફરજીઆત ગાદીનો ત્યાગ કરવો પડ્યો. ત્યારે ખંડેરાવ ગાયકવાડનાં રાણીજી વિદ્યમાન હતાં. બાઈ ઘણાં પવિત્ર હતાં. અધિકારી વર્ગ અને પ્રજાનું, તેમના પ્રત્યે બહુમાન ખૂબ હતું. તેમની સૂચનાથી, ગાયકવાડ કુટુંબના અગિયાર વર્ષના ( ખેડૂત બાળકને ) છોકરાને લાવીને, વડોદરા–બાવન કિલ્લાનું રાજ્ય આપવામાં આવ્યું. પ્રાયઃ ગાદીએ બેઠા પછી ભણ્યા. અને ૬૦–૭૦ વર્ષ પ્રતાપી રાજ્ય ભોગવ્યું. અહીં પણ ન કલ્પી શકાય તેવો, ભાગ્યનો ઉદય થયો ગણાય.

મહારાજા કુમારપાળની રાજ્ય પ્રાપ્તિ અને અભ્યુદય પણ ભલભલાને, બોધપાઠ સમાનજ છે. પાટણના રાજા ભીમદેવ બાણાવળીને બે પુત્ર હતા. તેમાં પહેલો ક્ષેમરાજ અને બીજો કર્ણરાજ હતો. ક્ષેમરાજ પ્રથમ પુત્ર હતો. બુદ્ધિશાળી અને પ્રતાપી પણ હતો. કર્મરાજ નાનો હતો. બુદ્ધિ અને પ્રતાપમાં પણ ક્ષેમરાજ પછી જ તેનો નંબર આવતો હતો.

**પ્રશ્ન** : ક્ષેમરાજ મોટો હતો. તેનામાં રાજ્ય સાચવવાની લાયકાત પણ હતી. તો પછી કર્ણરાજને રાજ્ય કેમ આપ્યું ?

**ઉત્તર** : ક્ષેમરાજ રખાતનો પુત્ર હતો. અને કર્ણરાજ રાજપુત્રી ઉદયમતીનો પુત્ર હતો. ભૂતકાળમાં મોટાં કુળોમાં, જાતિ અને કુળ બન્ને જોવામાં આવતાં હતાં. તેમાં માતાનો પક્ષ જાતિ, અને પિતાનો પક્ષ કુળ ગણાયા છે. માતા ત્રિશલાદેવી વર્ધમાન કુમારને પારણામાં હીંચોળતાં ગાય છે કે :—

" પિયર–સાસર મારા, બેહુપક્ષ નંદન ! ઉજળા,
મારી કુખે આવ્યા તાત પનોતા નંદ ! "

" સરખા વેવાઈ–વેવાણો પધરાવશું ।
વરવહુ સરખી જોડી લાવશું નંદકુમાર ॥ "
હાલો હાલો હાલો હાલો, મારા નંદને. ॥ ૧ ॥

કુળ ખાનદાનોમાં વર–કન્યાની કુળ ખાનદાનીની કિંમત ઘણી જોરદાર હતી. જુઓ મહાભારતમાં ભિષ્મપિતાના નાના ભાઈ ચિત્રવીર્ય (ચિત્રાંગદ) ની માતા સત્યવતીનું કુળ ઢંકાએલું હતું. વસ્તુસ્થિતિ તે કન્યા રાજબાળા હોવા છતાં, શાન્તનુ રાજા ધીવર પાસેથી પરણ્યા હોવાથી, જાહેરમાં તે ધીવરની પુત્રી તરીકે ઓળખાઈ હોવાથી, સત્યવતીના પુત્ર ચિત્રવીર્યને રાજાઓ પોતાની પુત્રીઓ, આપવા નારાજ હતા. અને અત્યાર સુધી સામાન્ય રાજાએ પણ પોતાની પુત્રી આપી ન હતી.

એક વાર કાસીનરેશની ત્રણ બાળાઓ, અંબા, અંબિકા અને અંબાલિકાનો સ્વયંવર થયો હતો. બધા દેશોના રાજાઓ અને રાજકુમારોને નિમંત્રણ ગયેલાં હતાં. પરંતુ આ જ કારણે શાન્તનુ રાજાના પુત્ર ચિત્રવીર્યને આમંત્રણ આવ્યું નહિ. તેથી મોટા ભાઈ અને મહાબ્રહ્મચારી કુમાર ગાંગેયનો ગુસ્સો અને ગર્વ ઉશ્કેરાઈ ગયા.

અને આકાશ માર્ગે, સ્વયંવરમંડપમાં જઇ, ત્રણે બાળાઓનું હરણ કરીને, કન્યાઓના પિતાને, તથા પરણવા ભેગા થએલા રાજાઓને, પડકાર ફેંકીને, લડાઇ–યુદ્ધ કરીને, એકલે હાથે હજારોને, હરાવીને, કન્યાઓને લાવીને, નાનાભાઇ ચિત્રવીર્ય સાથે પરણાવી હતી. અને તે જ ત્રણ–બાળાઓથી ચિત્રવીર્યને ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુર અનુક્રમે ત્રણ પુત્રો થયા હતા. અને ચિત્રવીર્ય મહાકામવિકારી હોવાથી, ઘણી નાની વયમાં રોગ લાગુ પડવાથી, મરણ પામ્યો હતો. અને પિતાનું અને નાનાભાઈનું આવું વિશાળ રાજ્ય અને કુટુંબનું રક્ષણ પાલન, ગાંગેય ભિષ્મપિતાએ જ સંભાળ્યું હતું. તથા પાંડવો અને કૌરવોના યુદ્ધકાળ સુધી ચારે રાજમાતાઓ હયાત હતી.

આ જ કારણથી ક્ષેમરાજ મોટા હોવા છતાં, રાજાભીમદેવે, ક્ષેમરાજને સમજાવીને, કર્ણરાજને રાજ્યગાદી આપી હતી. પિતાની કૃપાદૃષ્ટિ–રાજનીતિ અને સમજાવટને ધ્યાનમાં લઈને, વગર વિરોધે ક્ષેમરાજ નાનાભાઈને રાજ્ય આપવા સંમત થયા હતા. અને પિતા પરલોક સિધાવ્યા પછી, રાજ્યના સંપૂર્ણ સંચાલક ક્ષેમરાજ હોવા છતાં, રાજા તો કર્ણરાજજ ગણાયા છે.

કર્ણરાજની ગાદી ઉપર કર્ણરાજની હયાતીમાં જ નાનો બાળક સિદ્ધરાજ પાટણનો રાજા થયો. અને કર્ણરાજાએ, આશાપલ્લિને કર્ણાવતી બનાવી, ત્યાં જ રાજ ભોગવી પરલોક

સિદ્ધાવ્યા. સિદ્ધરાજ પ્રતાપી રાજા થયો. આ બાજુ ક્ષેમરાજનો પુત્ર દેવપ્રસાદ થયો. તેનો પુત્ર પ્રતાપશાળી ત્રિભુવનપાળ થયો. ત્રિભુવનપાળને રાણી કાશ્મીરાદેવીથી મહીપાળ, કીર્તિપાળ અને કુમારપાળ–ત્રણ પુત્રો અને નામલદેવી, તથા દેવલદેવી બે પુત્રીઓ હતી.

સિદ્ધરાજને ગયા જન્મનું વેર હોવાથી, કુમારપાળ ઉપર ખૂબ દ્વેષ હતો. વળી પોતાને પુત્ર ન હોવાથી દૈવી વચનો તથા જ્યોતિષીઓથી રાજ્ય કુમારપાળને મળવાનું જાણીને, સિદ્ધારાજે દગાથી પહેલું ત્રિભુવનપાળનું ખૂન કરાવ્યું. અને પાછળથી ખૂનનો આરોપ મૂકી, કુમારપાળને પકડાવવા વોરંટો કાઢીને, ગામોગામ દેશોદેશ પકડનાર રવાને કર્યા હતા.

સિદ્ધરાજના ભયથી, કુમારપાળને, છવ્વીસ વર્ષ સુધી ચિંથરેહાલ ફરવું પડયું. પહેરવા વસ્ત્રો નહીં, ખાવા અનાજ નહીં, પાઇપૈસો પાસે નહીં. સગું કોઈ નહીં, મિત્ર નહીં. સુવા–બેસવા–રહેવાની સગવડ નહીં, કોઇનો દિલાસો નહીં, ઊંચે આભ–નીચે–ધરતી મદદગાર હતાં.

કયારેક વગડામાં, કયારેક ધર્મશાળામાં, એકવાર કાંટાના ગંજમાં, એકવાર ઇંટોના નિભાડામાં, હંમેશાં સિદ્ધરાજના સૈનિકોના ઘોડાના ડાબલાના અવાજો સાંભળી સાંભળી, કાનો કંટાળી ગયા હતા, હૈયું ધડકયા કરતું હતું. નિરાંતે નિદ્રા લેવાતી નહીં. આવી દશામાં છવીસ વર્ષ રખડનાર કુમારપાળને જોનાર, કયારે પણ કલ્પના કરી શકે નહીં કે, આ મૂર્તિને ભવિષ્યમાં અઢાર દેશનું રાજ્ય મળશે.

"ભાવિ દેશ અઢારનો, કુમાળપાળ ભૂપાળ ।
સિદ્ધરાજના ભય થકી, ભટક્યો જ્યું કંગાલ." ॥ ૧ ॥

"સાત વ્યસનને રાજ્યથી, દેશવટો દેનાર ।
ઘણા રાય–ધનવાનના, નમસ્કાર લેનાર." ॥ ૨ ॥

"જિનબિંબો જિનમંદિરો, ઠામ ઠામ કરનાર ।
પહેલી વયમાં રાજવી, ભિક્ષુક જિમ ફરનાર." ॥ ૩ ॥

"મચ્છીમાર શિકારને, હિંસાના કરનાર ।
કુમારપાળના રાજ્યમાં ન કરે પાપ લગાર." ॥ ૪ ॥

કર્મના ઢંગ સમજાય તો, ડાહ્યા માણસોને નવાઈ લાગે નહીં. કર્મની સત્તા પાસે કોઈની પણ સત્તા ચાલી નથી. કુમારપાળ ચોવીસ વર્ષ સુધી, એક સાધારણ સાત ગામના ઠાકોરના પુત્ર પણે અર્ધી યુવાની વિતાવી. અર્ધીવય ભિખારી દશામાં ગઈ. પચાસમા વર્ષે ગુજરાતના વિશાળ રાજ્યની ઠકુરાઇ પ્રાપ્ત થઈ. જૈન ધર્મમય પૃથ્વી બનાવી. અઢાર દેશોમાં–અમારીનો ઢંઢેરો વગડાવ્યો. શત્રુઓ સાથે યુદ્ધો ખેલી, જિતો મેળવી હતી.

**કહ્યુ છે કે :**

" કીડી–પતંગ હરિ–માતંગપણું ભજે રે, થાયે સર્પ શિયાળ ।
બ્રાહ્મણ-ક્ષત્રિય–વૈશ્ય કહાવતા રે, થાયે શૂદ્ર ચંડાલ." ॥ ૧ ॥
"લાખ ચૌરાસી ચૌટે રમતો રંગસુ રે ।
કરી કરી નવનવા વેશ, રૂપ–કુરૂપ–ધની–નિર્ધન–સૌભાગિઓ રે."
" દુર્ભાગી દરવેશ--ચેતન? ચિત્ત ચેતિએ રે, લહી માનવ અવતાર ।
ભાવ નાટકથી જે હુવો ઉભગારે, તો છંડો વિષય વિકાર ॥

આવા કુમારપાળ, સયાજીરાવ ગાયકવાડ, અને બજાણા નરેશના જેવા, બીજા પણ અનેક દાખલા બન્યા હોય છે. બની ગયા છે. બીજા પણ પહેલી વયના, ગરીબ, સાધારણ, ચિંથરેહાલ–મનુષ્યો, ધનવાન કરોડપતિઓ બન્યાના દાખલાઓ, એક જ નહીં પણ સંખ્યાબંધ હમણાં નજરે દેખાય છે. સંભળાય છે. ઇતિહાસોમાં વાંચવા પણ મળે છે. અને ધનવાન લક્ષાધિપતિઓ કે કરોડપતિઓ નિર્ધન થયેલા પણ નજરોની સામે દેખાય છે.

છપનિયા દુષ્કાળમાં કહેવાઈ ગયેલું કે :–

" મોટા ઠાકોર થાળીએજમતા, દૂધ ચોખા ને દહીં ।
રાબડીસારૂ રોજરખડતા, ટુકડા મળે નહીં." ॥ ૧ ॥

તથા વળી, " ચડતી, પડતી, ભરતી ઓટ, કાંટાવાડો, કિલ્લાકોટ,
ઠીકકરભોજન કાંચનથાળ, સુકૃતદુષ્કૃત ભેદ વિશાળ.

**શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે :–**

**अघटित घटितानि घटयति, सुघटित घटितानि जर्जरी कुरुते ।**
**विधिरेव तानि घटयति, यानि पुमान्नैव चिन्तयति ॥ १ ॥**

**અર્થ** : જે વસ્તુ કલ્પનામાં આવી પણ ન હોય, તેવી વસ્તુ થયેલી દેખાય છે. અને જે વસ્તુ ચોક્કસ ગોઠવાઈ ગયેલી હોય, તેવી વ્યવસ્થિત બનેલી ઘટના અદશ્ય બની જાય છે. જગતના બુદ્ધિમાનો કલ્પી પણ ન શકે, તેવી ઘટનાઓ માણસના અથવા જીવોના શુભ–અશુભના ઉદયોથી ફેરવાઈ જાય છે.

અહીં પુણ્યાઢ્ય રાજા, મુંજરાજા વગેરેનાં અકલ્પનીય પણ ચોક્કસ બનેલાં, ઉદાહરણો સમજવા યોગ્ય છે. પરંતુ અમે પ્રાયઃ આગળ ઉપર લખવાના હોઈ છોડી દઈએ છીએ.

"જગમાં મોટું કો નહીં, મોટી પુણ્ય સહાય ।
પુણ્ય સહાય ચાલી જતાં, રાજા રાંક જણાય." ॥ ૧ ॥

"સુતા કનકનીખાટમાં, જમતા કનકને થાળ ।
પુણ્યોદય ક્ષય થઈ જતાં, ભટકયા જ્યું કંગાલ." ॥ ૨ ॥

"હાથી, ઘોડા, પાલખી, બેસીને ફરનાર ।
પુણ્યોદય ક્ષય થાય તો, પરસેવા કરનાર." ॥ ૩ ॥

"પાઈ કમાઈ શકતા નહીં, જમતા મહામુશ્કેલ ।
તેવા લાખો ઘર વિશે, ધનની રેલંછેલ." ॥ ૪ ॥

"પ્રાણી નહીં બલવાન પણ, પુણ્યોદય બલવાન ।
ગરીબ નર પણ પુણ્યથી, બને રાય ધનવાન." ॥ ૫ ॥

"બલ-વિદ્યા–ચતુરાઈને, નીરોગ સુન્દર કાય ।
વધે જગતમાં આબરૂ, પૂરવ પુણ્ય પસાય, ॥ ૬ ॥

"રાજાના અધિકારને, લક્ષ્મીધર પણ થાય ।
પુણ્યોદયથી માનવી, લાખોમાં પૂજાય." ॥ ૭ ॥

## હવે ઘરનોકરનો ભ્રષ્ટાચાર જણાવતું રાણી સુકુમાલિકાનું ઉદાહરણ બીજું

બારમા જિનેશ્વરદેવ વાસુપૂજ્ય સ્વામીના જન્મ વડે પવિત્ર બનેલી ચંપાનગરીમાં, એક કાળે જિતશત્રુ નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને અનેક રાણીઓપછી, રૂપનો અંબાર સુકુમારિકા નામની રાજકન્યા સાથે લગ્ન થયાં હતાં. રાજા તેણીના રૂપદીપકમાં પતંગની માફક ચકચૂર બન્યો હતો. સુકુમારિકાના લગ્ન પછી રાજા ક્ષણવાર પણ તેણીને મૂકી બહાર નીકળતો નહીં.

આમ થવામાં ઘણો વખત ચાલ્યો ગયો. રાજ્યનાં કાર્યો બધાં ખૂબ બગડવા લાગ્યાં. આ વાત નગરમાં, અને બધા અધિકારીઓમાં, ખૂબ ચર્ચાનો વિષય બની. તેથી નગરવાસી મોટા માણસો અને પ્રધાન મંડળની એક સભા થઈ અને સર્વાનુમતે, રાજાને પદભ્રષ્ટ કરવા અન પાટવી કુમારને રાજ્ય આપવાનો નિર્ણય લેવાયો.

સંકેતઅનુસાર, છેલ્લીરાત્રિમાં, રાજા-રાણીને દાસીઓ દ્વારા ચંદ્રહાસમદિરા પીવડાવીને, તદ્દન બેશુદ્ધ બનાવીને, રાજા-રાણીનો પલંગ મજૂરો મારફત એક મોટા જંગલમાં મૂકાવી દીધો. અને તુરત પાટવીકુમારને રાજ્યારૂઢ કરીને, તેની આણ ફેલાવી રાજ્યને નિર્ભય બનાવાયું.

જંગલમાં મૂકાએલાં જિતશત્રુ રાજા અને રાણી સુકુમારિકા, મદિરાના કેફમાંથી જાગીને જોવા લાગ્યાં તો, રાજભવનો, મહેલાતો, સિંહાસનો, ધનભંડારો, દાસ-દાસીઓ, બધું ઇન્દ્રજાળની પેઠે, અદૃશ્ય દેખાયું, અને બિછાના ઉપર એક લાંબો લખેલો લેખ વાંચવા મળ્યો. એમાં આપશ્રીએ કામ વિકાર પરવશ બનીને, રાજ્ય સાચવવા સેવેલી બેદરકારીના પરિણામે, પ્રજા અને પ્રધાનમંડળને, આપને રાજ્યભ્રષ્ટ કરવા ફરજ પડી છે. આવું સૂચન હતું.

"ત્રણ પુરુષારથ જગતમાં, ધર્મ, અર્થ ને કામ।<br>
યથાયોગ્ય સેવન કરે, તે બુદ્ધિનું ધામ. ૧

"ધર્મ હોય મજબૂત તો, અર્થ કામ સુખદાય।<br>
ધર્મ ઉપેક્ષક માનવી, જરૂર દુખિઓ થાય. ૨

"અર્થ ઉપજે જગતમાં, કેવલ કામ ને કાજ।<br>
કામ પોષવા કારણે, અધિકાર ને રાજ. ૩

"અર્થ-કામની સેવના, દુર્ગતિમાં લઈ જાય।<br>
વિદ્યા, બુદ્ધિ, ધનતણો, કામ થકી ક્ષય થાય. ૪

"કેવળ કામ વિકારમાં, ગળાબુડ રહેનાર।<br>
તન, ધન, યશનો ક્ષય કરી, પામે જગ ફિટકાર. ૫

રાજા, રાણીને પોતાની ભૂલ સમજાઈ. પરંતુ હવે શું થાય ? **કોઈ કવિએ કહ્યું છે કે :—**

"જે મતિ પાછળ સાંપડે, તે જો પહેલી હોય।<br>
કાજ ન વિણસે આપણું દુર્જન હસે ન કોય." ૧

"અઠ્ઠોત્તર સય બુદ્ધિઓ રાવણ તણે કપાલ!<br>
એક બુદ્ધિ નવ ઊપની, લંકાનો ક્ષય કાલ." ૨

પલંગ ઉપરથી ઉતરીને, ખાવાપીવાની શોધ કરવા ચાલ્યા. રાણીને ઘણી તરસ

લાગી હતી. કારણ કે મદિરાના કેફનો નાશ થવાથી, ખૂબ તરસ લાગે છે. આખી અટવીમાં પાણી ક્યાંય જડ્યું જ નહીં. રાણીની શક્તિ નષ્ટ થઈ ગઈ, મૂર્છા આવી ગઈ, જમીન ઉપર પછડાઈ ગઈ, રાણી માટે પાણી નઆવે તો રાણીના પ્રાણો જોખમમાં જણાવા લાગ્યા હતા.

ઝાડો ઉપર ચડીને પણ, પાણીની તપાસ કરી જોઈ, પરંતુ પાણીની ક્યાંય સગવડ દેખાઈ નહીં અને રાણીએ રાજાને કહ્યું : સ્વામિનાથ ! પાણી નહીંજમળે તો થોડા ક્ષણોમાં મારા પ્રાણો ચાલ્યા જશે. સ્વામિન્? મને મારા પ્રાણોની દરકાર નથી. પરંતુ મારા માટે સર્વસ્વ ગુમાવનાર, મારા પ્રાણનાથને, છોડીને નિર્ભાગિણી હું, મરી જઈશ તો, મારા નાથની શી દશા ? મારું ચિત્ત ઘણું જ બળ્યા કરે છે.

રાણીનો, આવો મહાસતીના જેવો દેખાવ જોઈ, રાજાને પણ પોતાના દુખના ભોગે પણ રાણીને, બચાવી લેવાના, એક પછી એક વિચારો આવ્યા, છેવટે કમલિનીનો પડીઓ બનાવીને, પોતાની પાસે રાખેલા ચપ્પુ વડે, પોતાની ભુજાને ચીરીને, પડીઓ લોહીથી ભરી લીધો, અને, બેભાન પડેલી રાણીના મુખ પાસે ધર્યો. રાણીને જણાવ્યું : પાણી જરા ડોળું છે માટે, આંખો મીંચીને પી જા ! અને તરસથી પરવશ બનેલી રાણી, ગડગડાટ પી ગઈ. થોડી ક્ષણો માટે રાહત મળી. આગળ ચાલતાં પાણી મળી ગયું. અને તાત્કાળિક રાહતનો શ્વાસ લીધો.

અટવીમાં ચાલતાં વળી એકવાર રાણીને, અતિપ્રમાણ ક્ષુધા લાગી, અને પગ અટકી ગયા. ચલાતું ન હોવાથી, ઝાડની છાયામાં બેસી ગઈ. રાજાએ ફલાદિકની શોધ કરી, કાંઈપણ ન જ મળ્યું. અહીં પણ તૃષાના જેવો જ ક્ષુધાનો પણ ખૂબ જોરદાર હુમલો વધવા લાગ્યો. રાણી સુકુમારિકા બેભાન થઈ ગઈ. અને રાજાએ બુદ્ધિ અને સાહસ વડે પોતાની જંઘા ચીરીને, પદ્મિનીપત્રમાં લઈ, પોતાની જંઘાનું માંસ રાણીને ખવડાવ્યું. આવા અનેક દુઃખો, ટાઢ, તડકા, ક્ષુધા, તૃષા પગમુસાફરી-ભોગવતાં રાજા અને રાણી, એક શહેરમાં પહોંચ્યાં. અને પોતાનાં આભૂષણો વેચીને દુકાન બનાવી. નજીકમાં એકઘર ભાડેરાખી રહેવા લાગ્યા. કર્મની વિચિત્રતા કેવી કેવી યોજનાઓ ગોઠવે છે.

**જગતનો સ્વભાવ અથવા સંસારના ઢંગ.**

"કિસી દિન ખાટી છાશ, કિસી દિન દૂધ કઢેલા ।
કિસી દિન ટૂટીખાટ, કિસી દિન સુવર્ણ મહેલા. ।"
"કિસી દિન લૂખા ભાત, કિસી દિન ઘેબર ઘોલા ।
કિસી દિન ફટા વસ્ત્ર, કિસી દિન ચીનાઈ ચોલા. ।"
વૃક્ષની છાયા અગર, દિન-રાત જૈસા ઢંગ હૈ,
ચરણ મિલે જિનદેવકા, તસ જન્મ નિર્મળ ગંગ હૈ. ॥

વાચકો વિચાર કરી લ્યો : એક છત્રપતિ રાજા, આજે સાધારણ દુકાનદાર બન્યો છે અને અનેક દાસીઓની મહારાણી, આજે જાતે રસોઈ કરે છે, દળણું દળે છે, વાસણ માંજે છે.

એક દિવસ રાણીએ કહ્યું : સ્વામીનાથ! દાસીઓમાં ગુલતાન કરનારી સુકુમારિકાને, એકલું રહેવું કેમ ગમે? માટે કૃપા કરી એક દાસી કે ચાકર લાવો તો સારું? રાણીની માગણીથી એક, બેપગે ઠૂંઠો (બન્ને પગો સાથળમાંથી કાપેલા હતા), બેડોળ, કદરૂપો, ભિખારી નજરેપડવાથી, રાજાજિતશત્રુએ, રાણીના આનંદ ખાતર પોતાના ઘેર રાખી લીધો.

તેનો સ્વર ખૂબ મીઠો હતો, મધુર ગાયન ગાઈ રાજારાણીને ખુશ કરતો હતો. તેથી રાજા પણ તેને ખાનપાન સારું આપવા લાગ્યો. વસ્ત્રો પણ સારાં મળ્યાં. આમ થવાથી તેનો શરીરનો થોડો ઢંગ બદલાયો. રાજા દુકાને જાય ત્યારે રાણીને એકાન્ત મળવા લાગી. અને આ ઠૂંઠા ભિખારીના ગાયનોમાં રાણીના વિકારો ઉછળવા લાગ્યા.

થોડા દિવસોમાં જ લંગડો રાણીનું પોતા તરફનું આકર્ષણ સમજી ગયો. અને વેળા-કવેળા રાજાની ગેરહાજરીમાં, જીભ અને શરીરથી રાણી સાથે, ચેનચાળા શરૂ કરી દીધા. રાણીના વિકારોએ મર્યાદા ગુમાવી, અને ઇન્દ્ર જેવા ખૂબસૂરત પોતાના સ્વામીને ભૂલી જઈને, પાંગળા દુષ્ટ નોકરના પગમાં પડીને, પત્ની તરીકે સ્વીકારવા માગણી કરી. પાંગળાને પતિ બનાવીને અનાચાર સેવવા લાગી.

"ક્યાં નરવર સુરવર સમો, ક્યાં અધમ પગહીન ।
ત્યાગી નરવરનાથને, બની ભિક્ષુક આધિન." ૧
"પરનારી પરનર તણી, એકાન્ત જો સર્જાય ।
કામવિકારો ઉચ્છળે, ચિત્ત ચળાચળ થાય." ૨
"જગતના પ્રાણીમાત્રમાં, વિકાર છલોછલ હોય ।
બચે પ્રભુવીતરાગના, મહામુનિશ્વર કોય." ૩
"પરનરના વિશ્વાસમાં, પુત્રી ભગિની નાર ।
ક્ષણ થાપે એકાન્તમાં, એ પણ એક ગમાર." ૪
"કોઢી કાળો લંગડો, બુદ્ધિહીન ગમાર ।
નારીના સમુદાયમાં, પરનર દુખ ભંડાર." ૫

થોડો કાળ જવા પછી રાણીને વિચારો આવ્યા. રાજા જીવતો હોય ત્યાં સુધી, આ ગવૈયા સાથે મરજી મુજબ સુખો કેમ અનુભવાય? આવા દુષ્ટ વિચારો શરૂ થયા.

એક વાર રાજા જિતશત્રુ અને રાણી સુકુમારિકા, ગંગાનદી ઉપર ફરવા ગયાં. કાંઠા ઉપર ઊભા રહી નદીના પ્રવાહો જોતાં હતાં, તેવામાં રાણીએ નજર ચૂકવીને, રાજાને નદીમાં ધક્કો મારી દીધો. રાજા નદીના પ્રવાહમાં તણાવા લાગ્યો.

રાણીએ બનાવટી રુદનો, વિલાપો કર્યા. ઘેર આવી, નિર્વિઘ્ન પાંગળાપતિ સાથે પ્રેમપૂર્વક વિલાસો ભોગવવા લાગી. આવક વગરના ખર્ચથી, ધનઢગલીના ખલાસ થઈ ગયા. ઘર અને ગામ ખાલી કરીને, સુકુમારિકા પોતાના પાંગળા પતિને ઉપાડીને, ફરવા લાગી. પાંગળાને પોતાના ખભા ઉપર ઉપાડીને ફરે છે. પાંગળો ગાયનો ગાય છે. રાણી રૂપ વડે દેવાંગના જેવી છે.

લોકો બંનેનું આવું અસમંજસ, પતિપત્નીપણું જોઈ, આશ્ચર્ય પામે છે. ગાયન સાંભળે છે. રૂપ જુએ છે. લોકો પૂછે છે : બાઈ! તમારા જેવી રૂપસુન્દરીને, આવો પતિ કેમ ? સુકુમારિકા બધાને ઉત્તર આપે છે : અમારાં લગ્ન થયાં ત્યારે આવું કશું નો'તું. પરંતુ **કર્મને કાંઈ શરમ થોડી** છે? મારા સ્વામી રૂપરૂપનો અંબાર હતા. ધન પણ ઘણું હતું. પરંતુ તેમના પગોમાં રોગ આવ્યો. પગ કપાવવા પડ્યા, અને કમાવાની શક્તિ ખોવાઈ ગઈ. બેઠા બેઠા ધન હતું તે ખવાઈ ગયું. ભાઈઓ! વગર આવકે રાજાઓનાં રાજ્ય પણ ખલાસ થાય છે.

પછી તો અમે આમ ભિક્ષા માગી, આજીવિકા ચલાવીએ છીએ. મારા સ્વામીનાથના ગાયનો સાંભળીને, લોકો અમને ખાવા-પીવા, પહેરવા, રહેવા આપે છે. સતીનો એવો ધર્મ છે કે, પતિ લૂલો હોય, લંગડો હોય, કાણો હોય, અંધ હોય, બહેરો હોય, કોઢીઓ હોય, રોગી હોય, ગમે તેવો હોય તોપણ ઇન્દ્રતુલ્ય માનવો જોઈએ. મયણા સુન્દરી વગેરેના દાખલા પ્રસિદ્ધ છે.

સતીનાં આવાં વચનો સાંભળી, લોકો પોતાના ઘેર બહુમાનથી જમાડે છે. વખતે લૂગડાં કે પૈસા પણ આપે છે. આ રીતે રૂપ અને રાગના યોગથી; સુકુમારિકા અને પાંગળાના પરમાનંદમય દિવસો જાય છે. આ બાજુ સુકુમારિકાના પ્રયાસથી ગંગા નદીમાં ફેંકાયેલા રાજા જિતશત્રુને, પાટીઉં મળી જવાથી, ચોવીસ કલાકે, એક મહાનગરીના પરિસરમાં, નીકળી જવા અનુકૂળતા મળી ગઈ. બે દિવસના થાકથી, વસ્ત્રોને સુકાવીને, એક મોટા ઝાડ નીચે નિદ્રા લીધી.

ઘણા થાકના કારણે આખી રાત નિંદ્રામાં ક્ષણની માફક ચાલી ગઈ. તે જ દિવસે તે નગરીના અપુત્ર રાજવીનું મરણ થવાથી, અને જિતશત્રુ રાજાના પુણ્યોદયથી દેવી, પ્રેરિત પંચ દિવ્યના પ્રયોગથી, તે નગરીનું રાજ્ય જિતશત્રુ રાજાને મળ્યું. અને ચોવીસ કલાકે સામાન્ય દુકાનદાર મટી મોટા રાજવી થયા.

"ઘણા મિત્ર કે દેવનુ, જે ધાર્યું નવ થાય,
પણ પુણ્યોદય મિત્રથી, સ્વર્ગલોક સર્જાય.

**अघटितघटितानि घटयति, सुघटितघटितानि जर्जरीकुरुते ।**
**विधिरेवतानि घटयति, यानि पुमान् नैव चिन्तयति ॥ १ ॥**

**અર્થ** : કશું ગોઠવ્યું ન હોય, તે પોતાની મેળે જ ગોઠવાઈ જાય છે. અને ઘણી યોજનાપૂર્વક ગોઠવેલું વિખરાઈ જાય છે. માણસનું અથવા પ્રાણીનું-જીવનું ભાગ્ય જ એવું ગોઠવી મૂકે છે કે, જે વાત ક્યારે પણ કલ્પનામાં આવી જ ન હોય. રાજા જિતશત્રુને એમ જ બન્યું.

સુકુમારિકા કુલટાએ રાજાને મારવાનો કરેલો પ્રયાસ રાજાના જોરદાર નસીબથી પલટાઈને દુખની જગ્યાએ સુખમાં ફેરવાયો. કોઈ કવિ —

" કરે કષ્ટમાં પાડવા, દુર્જન કોડ ઉપાય ।
પુણ્યવંતને તે બધાં, સુખનાં કારણ થાય."

નગરી અને દેશમાં જિતશત્રુ રાજાની આજ્ઞા ગોઠવાઈ ગઈ. સુકુમારિકા અને લંગડો પણ ફરતાં ફરતાં તેજ નગરમાં આવ્યાં. અને લોકમુખે મહાસતી તરીકેની જાહેરાત સાંભળી, રાજાએ પોતાની પાસે બોલાવ્યાં. અને બંનેને ઓળખી લીધાં. રાજા કહે છે—

**बाह्वोरुधिरमापीतं, भक्षितं मांसमुरुजं । भागिरथ्यां पतिः क्षिप्त,ः साधु–साधु पतिव्रते ॥ १॥**

**અર્થ** : જે પતિએ પોતાની બાહુની નસ કાપીને, જેણીને પોતાના રુધિરનું પાન કરાવ્યું, અને જંઘાનું માંસ કાપીને, ખવડાવી જેણીને ક્ષુધા મટાડી, તેજ કુલટાએ ઉપકારી એવા પોતાના પતિને, ગંગા નદીમાં ધક્કો મારી ફેંકી દીધો. એવી હે પતિવ્રતા! તને ધન્યવાદ છે–ધન્યવાદ છે.

આવું સંભળાવી બંનેને દેશનિકાલ કર્યાં. અને સંસારની અસારતા વિચારી, રાજાએ પોતાના જિતશત્રુપણાને સાર્થક બનાવવા પરલોક સુધાર્યો. અભ્યંતર શત્રુને જિત્યા.

**ઇતિ ઘરનોકરના ભવાડા પ્રસંગ બીજો સંપૂર્ણ.**

## ઘરનોકરના ભવાડા અને બારમા ચક્રી બ્રહ્મદત્તની માતા ચૂલની

તેરમા જિનેશ્વરદેવ વિમલનાથ સ્વામીના જન્મ વડે, પવિત્ર બનેલી કાંપિલ્યપુર નામા નગરીમાં, બાવીસમા નેમનાથ જિનેશ્વર દેવના તીર્થમાં, બ્રહ્મનામનો મહાપરાક્રમી રાજા રાજ્ય કરતો હતો. તેને અનેક રાણીઓમાં ચૂલની પટ્ટરાણી હતી. તે રાજાને ચાર મિત્ર—રાજાઓ હતા.

તેમાં પહેલો કાશી દેશ વારાણસી નગરીનો સ્વામી કટક રાજા હતો. બીજો હસ્તિનાપુરનો રાજા કરેણુદત્ત હતો. અને ત્રીજો કોશલા નગરીનો સ્વામી દીર્ઘરાજા હતો. અને ચોથો ચંપા નગરીનો રાજા પુષ્પચૂલ નૃપ હતો. આ પાંચે મિત્રો પરસ્પર વિયોગ ન ખમી શકવાથી, અવારનવાર ભેગા થતા હતા. પછી તો એવો ક્રમ ગોઠવ્યો કે, પાંચે રાજા પ્રતિવર્ષ વારાફરતી, એક મિત્રની રાજધાનીમાં રહેતા હતા. છેલ્લા પાંચે રાજવીઓ કાંપીલ્યપુરમાં સાથે આવ્યા હતા.

આબ્રહ્મ રાજાને ચૂલનીરાણીથી, ચૌદ મહા સ્વપ્ન સૂચિત, બ્રહ્મદત્તનામા ચક્રવર્તિત્વ પરાક્રમધારી પુત્ર થયો હતો. તેની લગભગ બાર વર્ષની વય હતી. તેવામાં એકદમ બીજા ચાર મિત્રોની હાજરીમાં, રાજા બ્રહ્મને મસ્તકમાં મહા વેદના શરૂ થઈ. અને ઔષધો કે મણી–મંત્રોથી પણ અસાધ્ય જણાવાથી, રાજા બ્રહ્મને, નિશ્ચય થયો કે: હવે મારું આયુષ્ય અતિ અલ્પ છે. તેથી તેણે તે જ ક્ષણે, ચારે મિત્રોને પાસે બેસાડી, પોતાના પુત્રની અને રાજ્યની વ્યવસ્થા ભળાવી. મરવાની ક્ષણો ગણાતી હતી.

આ જગતમાં જન્મવું એ વિકાર છે, અને મરવું એ સ્વભાવ છે. જન્મના દિવસથી જ પ્રાણીઓને મરવાનો પ્રારંભ સરજાય છે. મહાપુરુષો ફરમાવે છે કે:

**वध्यस्य चौरस्य यथापशोर्वा, संप्राप्यमाणस्य पदं वधस्य ।**
**शनैः शनैरेति मृतिः समीपं, तथाऽखिलस्येति कथंप्रमादः ॥ १ ॥**

**અર્થ** : કોઈ રાજાના મહાન ગુનેગારને, અથવા ક્રૂર દેવી ભક્તોએ દેવીને કલ્પેલા પ્રાણીને, જેટલાં વધસ્થાન સામે પગલાં ભરાય છે, તેટલું મરણ નજીક આવતું જાય છે. તેમ જન્મેલા મનુષ્ય વગેરે પ્રાણી સર્વના જેટલા દિવસો જાય છે, તેટલા આયુષના દિવસો ઓછા થઈ રહ્યા છે;

"જ્યારે જન્મ્યો માનવી, નિયત ત્યારથી નાશ ।
હરિ–હર–બ્રહ્મ–પુરંદરા, અનંત ગયા યમવાસ." ૧
"રાવણ જેવા રાજવી, કુબેર સમ ધનવાન ।
સુરગુરુ સમ બુધ્ધિધરા, સૂતા જઈ સ્મશાન." ૨
"અનંતા ઇભ્યને રાજા, થયા શ્રી પૃથ્વીના સ્વામી ।
મરી તે હાથ પગ ઘસતા, થયા તે ચૌગતિ ગામી." ૩
"કાલે કરવા ચિન્તવ્યું, તે તું કરી લે આજ ।
નહિતર અધવચ રહી જશે, જો આવ્યા જમરાજ." ૪
"મરણ સર્પ તુજ ઘર વિશે, રહે દિવસ ને રાત ।
અવશ્ય તુજને કરડશે, શીદ માને સુખ સાત." ૫

"કાયા–કંચન–કામિની, કુટુંબ ને પરિવાર ।
મરણ સર્પના મુખ થકી, કો'નહીં રક્ષણહાર." ૬
"ટોળામાંથી છાગને, સિંહ લઈ ચાલ્યો જાય ।
નર યૂથમાંથી મનુષ્યને, યમ આવી લઈ જાય." ૭
"હાથી–રથ–ઘોડા ઘણા, પદાતિઓ નહીં પાર ।
ખમા ખમા સૌ કો' કરે, તો પણ તે મરનાર." ૮

પોતાના ચાર મિત્રોને, પુત્ર અને રાજ્ય ભળાવી, બ્રહ્મ રાજા મરણ પામ્યો.

પહેલી શાલ રાજા દીર્ઘનો વારો હતો. તે કાંપિલ્યપુરનું રાજ્ય સાચવવા રહ્યો. ચૂલનીરાણી બ્રહ્મરાજાની માનવંતી રાણી હોવાસાથે, પાટવીકુમારની: માતા હોવાથી, રાજ્યનો બધો વહીવટ ધ્યાનમાં રાખતી હતી. તેજ કારણથી દીર્ઘરાજા વારંવાર ચૂલનીરાણીની સલાહ લેવા જતો હતો. તેથી નારી પ્રાયોગ્ય લજ્જાનો, દિનપ્રતિદિન ઘટાડો થવા લાગ્યો.

"યુવાન વય, એકાન્તવાસ, ભય લજ્જા પણ જાય ।
ષટ્રસમય ભોજન જમે, પતન કેમ નવ થાય?"

ચૂલની અને દીર્ઘ રાજાનાં ચક્ષુઓ, વચનો અને શરીરોએ, ક્રમસર ઐક્ય સાધવાની શરૂઆત કરી દીધી. છેવટે પતિ–પત્ની જેવી સ્થિતિ બની ગઈ. ચૂલનીદેવી રાજા અને દીર્ઘ રાજા પ્રધાન, પછી તો બન્ને જણાએ નિર્ભય અને રોકટોક વગર, રાત્રિશયન–ભોજન–પાન–જલસા બધામાંથી, ભેદભાવને દેશવટો આપી દીધો.

આ વાત મુખ્ય પ્રધાન ધનુને બરાબર સમજાઈ ગઈ, અને કુમાર બ્રહ્મદત્તના રક્ષણ માટે, તેના સમાન વયવાળા પોતાના પુત્ર વરધનુને, બ્રહ્મદત્તનો સર્વકાલીન સાથીદાર બનાવ્યો.

"ગાંડી નારી વસ્ત્રને, જુગારી ધન સમુદાય ।
કુલટા નારી લાજને, ત્યજતાં નહીં શરમાય." ૧
"અમૂલ્ય આભૂષણ કહ્યું, શીલ મહાશૃંગાર ।
તે નારી દેવી સમી, લજ્જા હોય અપાર." ૨
"જગને રૂપ બતાવવા, ખુલ્લે મસ્તક જાય ।
તે નારીનો આદમી, માણસ કેમ ગણાય." ૩
"સતી અંગ નિજ ગોપવે, ધન ગોપે ધનવાન ।
પંડિત આપ બડાઈને, ગુણ ગોપે ગુણવાન." ૪

તથા ચૂલની અને દીર્ઘરાજાએ, પરસ્પરના ઐક્યથી, લશ્કર અને ધનભંડારોને તથા ખાસ ખાસ અધિકારી વર્ગને પણ, પોતાના કબજામાં લઈ લીધા. તેથી તેમને હવે ભય પામવાનું કારણ રહ્યું નહિ, તેથી તે બન્ને જણના સ્વચ્છંદ વ્યવહારમાં, દિનપ્રતિદિન વધારો થવા લાગ્યો.

આ વાત બાળક બ્રહ્મદત્તને પણ ધ્યાનમાં આવી ગઈ. પરંતુ પોતાની જન્મદાત્રી માતાને કાંઈ પણ કહેવાની ઈચ્છા થઈ નહિ. માતપિતાને કહેવાય પણ શું ? પરંતુ કેટલાક માસો સુધી ચલાવ્યા પછી, એકદિવસ કોયલ અને કાગડાનાં રૂપકો બનાવીને, અન્તઃપુરમાં પ્રયોગ બતાવ્યો.

"કરટો કોયલ ભોગવે, કેવો દુષ્ટ વિકાર ।
પણ તેવા વ્યવહારનો, અવશ્ય છે પ્રતિકાર."

દીર્ઘરાજા અને ચૂલનીરાણી, આ સમસ્યા સમજી ગયાં. આ પ્રયોગ આપણને ચેતવવા માટે જ છે, એમ પણ દીર્ઘને ભાન થયું. અને ચૂલનીને કહેવા લાગ્યો : બ્રહ્મદત્ત આપણને ચેતવણી આપે છે. આપણે હવે નાસી જવું, અથવા તેનો નાશ કરવો. બેમાંથી એક પણ માર્ગ ન લેવાય તો, આપણો અવશ્ય નાશ થવાનો. માટે હવે પુત્ર હોય તો પણ શું થયું ? આપણા યોગક્ષેમમાં જોખમી છે. માટે તેનો હમણાં ને હમણાં, નાશ કરાવી નાખવો જોઈએ.

રાણી કહે છે આ તો બાળક છે, બાળચેષ્ટા કહેવાય. બાળકના વચન–વર્તનની કિંમત શું ? દીર્ઘરાજા ચૂલનીના સમાધાનો સાંભળીને ઉશ્કેરે છે. પરંતુ વિષય વાસનામાં ઘેરાયેલી પણ માતા, પુત્રનું અહિત કેમ ચિંતવે ? કેમ આચરે ? તેટલામાં વળી બ્રહ્મદત્તકુમારે નાટક બતાવ્યું :

"બગ–હંસી ને સિંહણનો, ચિત્તા સાહ વ્યવહાર ।
ઉચ્ચ–અધમ વ્યવહાર એ, નિજક્ષય નુંતરનાર." ૧
"રાજાની રાણી અને, નૃપનોકર સંયોગ ।
મોટો ભ્રષ્ટાચાર આ, અવશ્ય મૃત્યુ યોગ." ૨

બ્રહ્મદત્તકુમાર પોતાની જન્મદાત્રીના અનાચાર સમજ્યો હોવા છતાં, ખુલ્લંખુલ્લા બોલી શકાતું નથી. તો પણ અનેક સમસ્યાઓ લખીને, ભાન કરાવી દીધું હતું. તેના બચાવમાં, ચૂલની સાથે દીર્ઘરાજાએ અનાચાર બંધ કરવાની જગ્યાએ, અનાચારોને નિર્ભય બનાવવા, યોજનાઓ વિચારવી શરૂ કરી. પરંતુ ચૂલનીરાણી આવું અનાર્ય કામ કરવા સહમત થતી નથી. દીર્ઘરાજા કહે છે : જો દીકરાની દયા વિચારીશ તો, આપણા પ્રાણો જોખમમાં જાણવા.

ચૂલની દીર્ઘરાજાને કહે છે: સ્વામીનાથ! સિંહણ, વાઘણ, બિલાડી, સમડી, કાગડી જેવાં અધમ પ્રાણીઓ પણ, પોતાનાં બાળકોને બચાવે છે, મારી નાખતા નથી મારવાનો વિચાર કરતા નથી. પાળે છે. પંપાળે છે. તેઓનું અહિત ચિંતવતા નથી, દુખને ભોગવીને સુખ આપે છે. તો હું એક આર્યબાળા થઈને અનાર્ય કાર્ય કેમ કરી શકું?

દીર્ઘરાજા કહે છે હવે આપણે બ્રહ્મદત્ત માટે દયા ચિંતવી બેસી રહેવું, એ મરણના મુખમાં ઊંઘવા સમાન છે. આપણો બન્નેનો નાશ નજીકમાં આવ્યો સમજવો. અને જીવતા રહેવું હોય તો, છળકપટથી પણ, બ્રહ્મદત્ત નાશ પામવો જોઈએ. કોયલ – કાગ – હંસી – બગલો. સિંહણ–ચિત્તો બતાવીને આપણને ચેતવણી આપી છે. પ્રજા અને અધિકારીઓ કુમારના પક્ષમાં છે. હવે ચેતી જવું એ જ સલામતી છે. અને આપણે બે જીવતાં હઈશું તો, બ્રહ્મદત્ત જેવા અનેક પુત્રો જન્મશે.

"ચૂકે એક સોપાન તો, બીજું પણ ભુલાય,
ઉત્તરોત્તરનીચોપડી, પ્રાણ રહિત પણ થાય."

ભૂલ ભૂલને નોતરે છે માણસ એક પગથિયું ચૂકે તો, વખતે બીજું પણ ચૂકે છે. ઉત્તરોત્તર નીચો પટકાતો–તદ્દન નીચો પટકાઈ જાય છે. પ્રાણ મુક્ત પણ બને છે. તેમ એક પરસ્ત્રી કે પરપુરુષ સાથે શરૂ થયેલો અનાચાર, બધાં અધમ કામો કરાવે છે. પતિ–પત્ની–પુત્ર–પુત્રીના નાશ પણ કરાવે છે. એક દોષ – હજારો દોષોને ખેંચી લાવે છે. બધાં જ નબળાં કાર્ય કરાવે છે.

રાજાદીર્ઘ આઠે પ્રહર ચૂલનીરાણીને ઉશ્કેર્યા કરતો હતો. પરંતુ કુલટા પણ ચૂલની આર્યબાળા હતી. વિકારમાં ડૂબી ગયેલી હોવા છતાં, અકાર્ય–પુત્રનો નાશ કરવામાં કંપતી હતી. પરંતુ અધમ આત્મા દીર્ઘરાજાને, ચૂલનીના રૂપલાવણ્ય યુવાનીના આકર્ષણે, અંધ બનાવ્યો હોવાથી, તેને બ્રહ્મદતના નાશ વિના ચેન પડતું ન હતું.

અને છેવટે બ્રહ્મદત્તને, પુષ્પચૂલ રાજાની સ્વયંવરા પુત્રી પુષ્પવતી સાથે પરણાવી, ગામની બહાર લાક્ષાગૃહમાં રાત રાખી, નવ પરિણિત વર–વધૂને સળગાવી મૂકવાં. આવો ચોક્કસ નિર્ણય ગોઠવી, લાખના ઘરમાં બ્રહ્મદત્તને સુવાડી, ઘર સળગાવી દીધું. અને-દીર્ઘરાજા–ચૂલનીરાણીએ, બ્રહ્મદત્તને મારી નાખ્યાનો સંતોષ અનુભવ્યો.

બ્રહ્મદત્તકુમાર ભવિષ્યમાં ચોક્કસ બારમા ચક્રવર્તી થવાના હતા. મહાપુણ્ય બાંધીને આવેલા હતા. નિરૂપક્રમ આયુષ્યવાળા હતા. એટલે જૂના પ્રધાનના પ્રયાસથી બચી ગયા હતા. ઘણાં વર્ષો ગુપ્ત, બાવાના વેશમાં, દેશાંતર રખડી, પોતાના શ્વસુર પુષ્પચૂલ રાજા વગેરે હજારો સહાયકો, અને ગયા જન્મનાં જોરદાર પુણ્યની સહાયથી, મોટું લશ્કર લઈને, કાંપીલ્યપુરની સીમમાં આવ્યા. દીર્ઘરાજા સાથે મોટું યુદ્ધ થયું, દીર્ઘનું યુદ્ધમાં મરણ થયું. ચૂલની રાણી નાસી ગઈ.

ઘરનોકરના અનાચાર અને પરપુરુષ સાથે એકાન્તનાં દુષ્ટ પરિણામનો આ ત્રીજો પ્રસંગ સંપૂર્ણ થયો.

**ઘરનોકરના અનાચારનો પ્રસંગ ચોથો–રાણી નયનાવલી :**

માલવદેશની રાજધાની ઉજ્જયિની નગરીમાં, મહાપ્રતાપશાળી જીવદયાપ્રતિપાળ અસ્થિમજ્જા **જૈન**ધર્મ પામેલો, યશોધર નામે રાજા રાજ્ય કરતો હતો. તેનું સુરેન્દ્રદત્ત એવું બીજું નામ પણ હતું. યશોધર રાજાને ઘણી રાણીઓ હતી. તે બધીમાં રૂપલાવણ્ય કૂપિકા નયનાવલી નામની મુખ્ય પટરાણી હતી.

યશોધર રાજાની માતા હયાત હતી. તેણીનું નામ ચંદ્રમતી, બીજું નામ યશોધરા હતું. યશોધર રાજાને નયનાવલી રાણીથી, ગુણધર નામા કુમાર થયો હતો. તે આઠ દશ વર્ષનો થયો હશે. એકવાર રાજમહેલમાં નયનાવલી યશોધર રાજાનો ચોટલો ઓળતી હતી. માથામાં એક ધોળો વાળ દેખાયો.

રાણી બોલી : સ્વામીનાથ ! શત્રુનો દૂત આવ્યો, અને આપ તો નિદ્રામાં ઉંઘો છો. રાજાએ બધી બાજુ જોઈને પૂછ્યું : દૂત કયાં છે ? મારી આજ્ઞા મેળવ્યા સિવાય, છડીદાર દૂતને રાજસભામાં પણ પેસવા દે નહિ, તો પછી અંતઃપુરમાં કેમ આવી શકે ?

રાણીએ મસ્તકમાંથી શ્વેત વાળ ઉતારીને રાજાના હાથમાં મૂકયો. અને વિવેચનથી સમજાવ્યું.

" દાસી જે જમરાયની, તેનો દૂત પલિત ।
કહે છે આયુષ્ અલ્પ છે, શીઘ્ર કરો ઉચિત. " ૧

રાજાને, ધોળો વાળ અને નયનાવલી રાણીનાં વચનો વડે, આત્મા ઉપર ખૂબ જ અસર થઈ ગઈ. અને મનમાં વિચાર કરવા લાગ્યો : મારે હવે વહેલામાં વહેલી તકે, દીક્ષા લેવી જ ઉચિત છે. આ અજ્ઞાની આત્માને, આ સંસારમાં વસતાં અનંતો કાળ ગયો. ચૌદ રાજ લોકાકાશના પ્રતિ પ્રદેશે, આ મારો આત્મા અનંતીવાર જન્મ્યો અને મરણ પામ્યો. જ્ઞાની ભગવંતો કહે છે કે, વીતરાગની રત્નત્રયી વિના, આ જીવની ક્ષુધા શાન્ત થવાની જ નથી. કારણ કે આ જીવે દેવાંગનાનાં સુખો પણ, અનંતી વાર ભોગવ્યાં છે. કહ્યું છે કે :

**असुर–सुरपतिनां, यो न भोगेषु तृप्तः । कथमिह मनुजानां, तस्य भोगेन तृप्तिः ।**
**जलनिधिजलपानाद् यो न जातो वितृष्णः । तृणशिखरगतःभवानतः किं स तृप्येत् ॥१॥**

**અર્થ** : આ મારા જીવે ચારે નિકાય દેવોમાં, ઈન્દ્રો જેવા મહર્દ્ધિ દેવોનાં સુખો પણ, અનંતીવાર ભોગવ્યાં. આકંઠ ભોગવ્યાં. નાચ–ગીત–વાજિંત્રોના મોટા જલસા, કિંનરકંઠીઓનાં સુમધુર ગાયનો, લટકા, નખરાં, રૂપ, રસ, ગંધ, સ્પર્શનાં સુખો અનંતી વાર

ભોગવ્યાં. પરંતુ આ જીવમાં જરા પણ તૃપ્તિ આવી નહીં. તો હવે આવા તુચ્છ મનુષ્ય-ગતિનાં સુખોથી તૃપ્તિ કેમ થાય?

સમુદ્રોનાં પાણી પી જવા છતાં, જેની તરસ મટી ન હોય, તેવા માણસને ઘાસના પૂળામાંથી, ટપકતા જળનાં બિંદુઓ થકી, તરસ મટે ખરી? અર્થાત્ નજ મટે. દીક્ષાના વિચારો કરતો રાજા શય્યામાં સૂઈ ગયો. રાત્રીના છેલ્લા પ્રહરે, રાજાને મહા અનર્થસૂચક સ્વપ્ન આવ્યું.

શય્યામાંથી જાગ્રત થઈ, સ્વપ્નના વિચારો કરે છે, તેટલામાં માતા ચંદ્રવતી, પુત્રની પાસે આવીને, સામેના સિંહાસન ઉપર બેઠાં. પુત્ર રાજા યશોધરને, મુખમ્લાનિનું કારણ પૂછયું. દીકરા! તું મહાપ્રતાપી છે. રાજ્ય, રમણીઓ, પૈસા, પુત્ર, પરિવાર, કશી કમીના નથી. છતાં ઉદાસ કેમ?

રાજા યશોધરનો ઉત્તર : માતા! હમણાં જ થોડી ક્ષણો પહેલાં, નિદ્રામાં છેલ્લી થોડી ક્ષણો રાત્રી બાકી હતી ત્યારે મને સ્વપ્ન આવ્યું, કે હું મહેલના સાતમા માળે, સુવર્ણના સિંહાસન ઉપર બેઠો હતો, ત્યાં પાછળ આવી મારી માતાએ મને ધક્કો માર્યો. હું નીચે પટકાયો, પગથીઆમાં પડયો. પટકાતો પટકાતો, છેવટે તદ્દન નીચે જમીન ઉપર જઈને પડયો, અને પાછળ જોયું તો, મારી માતા પણ મારી પછવાડે, પટકાતી પટકાતી, સાતમા માળથી, મારી પાસેની જમીન ઉપર આવીને પડી.

પછી શું થયું? માતા ચંદ્રમતીએ પૂછ્યું યશોધર રાજા ઉપર મુજબ સ્વપ્નની સાચી વાત જણાવીને, થોડું અસત્ય ભેળવીને બોલ્યા, અને પછી મેં તુરત જ દીક્ષા લીધી. માતા કહે છે, પ્રસ્તુત સ્વપ્નનો પ્રતિકાર કરવાની અનિવાર્ય જરૂર છે. અને તે જલચર-સ્થલચર-ખેચર-પ્રાણીઓનાં, દેવી પાસે બલિ આપવાથી થઈ શકે.

રાજા યશોધર કહે છે : માજી! હું અસ્થિ-મજ્જા જૈન છું. હું પ્રાણીના નાશમાં મહા પાપ સમજું છું. કોઈને પણ તું મરી જા, આટલું સાંભળવું પણ ગમતું નથી. તો મરવાથી કેટલું દુઃખ થાય તે વિચાર કરો! **સર્ગ નામના છોકરાએ પોતાની માતા ચન્દ્રાને શૂળીએ ચડાવવાની ગાળ આપી હતી, તેથી તેને વળતા જન્મમાં, શૂળી ઉપર ચડવું પડયું હતું. તેની માતા ચંદ્રાએ, તેના હાથ કપાઈ ગયાનો આક્રોશ કર્યો હતો. તેથી વળતા જન્મમાં તેણીના હાથ કપાયા હતા.**

એક ભરવાડે પોતાના માથાના વાળમાંથી નીકળેલી યૂકા-જૂને, બાવળીઆની શૂળથી વીંધી નાખી હતી. તેથી તેને ત્યાર પછીના અનેક જન્મોમાં, શૂળીથી વીંધાઈને મરવું પડયું હતું. શાસ્ત્રોમાં કહ્યું છે કે :

वहमारण – अभक्खाणदाणं, परघणविलोवणाइणं ।
सव्वजहन्नो उदओ, दसगुणिओ इक्कसिकयाणं ॥ १ ॥

तिव्वतरेणपओसे, सयगुणिओ, सय-सहस्सकोडिगुणो ।
कोडाकोडिगुणोवा, दुज्ज विवागो बहुतरो वा ॥ २ ॥

ભગવાન મહાવીર દેવના શિષ્ય રત્ન ધર્મદાસગણીની બનાવેલી ઉપદેશ માલાની આ બે ગથા છે તેનો અર્થ નીચે મુજબ છે.

કોઈ પણ આત્માને ખૂબ માર મારવો, અથવા સર્વથા પ્રાણોનો નાશ કરવો, કોઈ આત્મા ઉપર આવેશયુક્ત આળ ચડાવવું, કોઈનું ધન આંચકી લેવું, ચોરી કરવી, ભય બતાવી આંચકી લેવું, અધિકારની સત્તાથી ડરાવીને લેવું, આવાં હિંસા–જૂઠ–ચોરી વિગેરે પાપોના ફળ સ્વરૂપ ઓછામાં ઓછું દશ ગુણું દુઃખ ભોગવવું પડે છે. વધે તો સો ગુણું, હજાર ગણું, લાખ ગણું, ક્રોડ ગણું, અને ક્રોડાક્રોડિગણું પણ, ભોગવવું પડે છે.

**પ્રશ્ન** : આવાં પાપો તો પ્રાણીઓ માટે સહજ બની ગયાં છે. તો પછી આત્મા ઊંચો ક્યારે આવે ?

**ઉત્તર** : પાપની જાતિઓ = હિંસા, અસત્ય, ચોરી, મૈથુન, પરિગ્રહમમતા, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કજીઆ, પરનેઆળ, ચાડી, રતિ, અરતિ, ક્ષણિક, હર્ષ, શોક, પર-નિન્દા, માયામય જૂઠ મિથ્યાત્વશલ્ય. આ અઢાર પાપની જાતિઓ છે. એના ભેદ પ્રતિભેદનો પાર જ નથી. આ પૈકીના નાનાં પાપો પણ જીવ–ખૂબ જ કરે છે. માટે જ અતિ ગરીબ પામર મનુષ્યો, જેમ તુચ્છ ખોરાક ખાય છે, ફાટેલાં વસ્ત્રો પહેરે છે. તોપણ દેવામાંથી છૂટતા નથી. તેમ આ જગતના અજ્ઞાની આત્માઓ, મોટા ભાગે વગર કારણે, વગર સ્વાર્થે, પણ મહા પાપો બાંધી નાખે છે. તેથી જ અનંતાકાળથી રખડપટ્ટી ચાલુ છે.

અને કેટલાક અજ્ઞાની જીવો, ધર્મ માટે મહા હિંસા કરે છે. જેમકે બકરાં–ઘેટાં–ગાયો વગેરે મારવાનું પણ એક પર્વ મનાયું છે. આ સર્વ જીવોને મારી નાખીને, દીવાળી કરવી, આવો અમારો ધર્મ છે. આવી અજ્ઞાનથી ભરેલી ધર્મઘેલછામાં, દેવીઓને બલિદાન આપવામાં, લાખો–કરોડો જીવોના પ્રાણ લેવાય છે. ધર્મઘેલછાથી, અગ્નિમાં હવન કરવા કરવા માટે પણ, બકરાં–ઘેટાં–ગાય–ઘોડા–ડુક્કર વગેરેના બલિદાન દેવાય છે.

સિંહનો–વાઘનો–દીપડાનો શિકાર કરવા, પાળવા, દર્શન કરવા, તેવાં સ્થાનોમાં, પાડા–બકરાં–ઘેટાં–કૂતરાં–ભેંસો–ગાયો બંધાય છે. તે બિચારા બરાડા પાડીને મરે છે, આ જગ્યાએ પોતાની રમત ખેલવા માટે, પારાવાર પાપો થાય છે. સંખ્યાતીત જીવો હણાય છે.

શાન્તનુ રાજાની માફક શિકાર ખેલવાના વ્યસની, રાજા મહારાજાઓ, કારણ વિના પણ બારે માસ હજારો લાખો જીવોને બંદુકની ગોળીઓથી અને બાણોથી વીંધી

નાખે છે. આવાં બધાં પાપો માનવી કેવલ અજ્ઞાનતાને વશ થઈને જ કરે છે. મહાભારતમાં પણ કહેલ છે કે :

**यावन्ति पशुरोमाणि, पशुगात्रेसु भारत ! । तावद्वर्ष-सहस्राणि पच्यन्ते पशुघातका: ॥१॥**

**અર્થ** : હે ભારત–યુધિષ્ઠિર ! પશુઓને મારવામાં મોટો ગુનો છે. કારણ કે એક પશુને બકરાંને, ઘેટાંને, શૂકરને, શશલાને, માછલાને, કોઈ મારી નાખે તો, તેના શરીરમાં જેટલાં રુંવાડાં છે, તેટલાં હજારો વર્ષ, નરકગતિમાં હિંસક લોકોને કુંભીપાકમાં પકાવું પડે છે. જ્ઞાનીઓ પૂછે છે કે :

**इक्कमरणाओ बीहसि, अणंतमरणे भवम्मि पाविहिसि । जम्हा अणेग कोडि जीवा, विणिवाइया तुमए ॥१॥ थेवदुहस्स बीहसि, अणंत दुक्खे भवम्मि पाविहिसि । जम्हा अणेक कोडिजीवा, दुक्खे संताविआ तुमए ॥२॥**

**ભાવાર્થ :** હે મહાભાગ્યશાળી આત્મા ? તમને થોડું દુખ પણ પસંદ નથી. તો પછી હજારો લાખો કે કરોડોને દુખ આપનારા આપને સુખ કેવી રીતે મળશે ? વળી આપને એક વાર મરવું પણ પસંદ નથી, તો તમારા સ્વાદ માટે, તમારા આરોગ્ય માટે, તમારી સુખસગવડો માટે, તમારી રમતગમત માટે, કતલ થઈ રહેલા લાખો–ક્રોડો જીવોનાં મરણનો વિચાર કેમ લાવતા નથી ?

થોડા દુખથી બચવા સારુ અથવા થોડો આનંદ ભોગવવા માટે, તમે તમારા હવે પછીના અનંતા દુખો અને અનંતા મરણોનું જોરદાર, અધમપણું પુરવાર કરી રહ્યા છો.

**પ્રશ્ન** : દયાને સમજનારા બહુ જ થોડા છે. જ્યારે હિંસામાં દોટ દેનારાનો પાર નથી. તો શું એવા બધા નરકગતિમાં જવાના ? હિંસક જીવો નરકમાં જ જાય તો પછી નરકમાં પણ સંકડાશ થાય ને ?

**ઉત્તર** : ભગવાન મહાવીર સ્વામીનો આત્મા, ૧૮મા ત્રિપૃષ્ટ વાસુદેવના ભવમાં, મહાપાપો કરીને સાતમી નરક ગતિમાં, ગયાનું શાસ્ત્રોમાં વિધાન છે. ૨૦મા ભવમાં સિંહનો અવતાર પામી, મહાપાપો કરી, પાછા ચોથી નરકમાં ગયા છે. કર્મને કોઈની શરમ સિફારસ કે દયા છે જ નહીં. બ્રહ્મદત્ત, સુભૂમ, વસુ, મમ્મણ, ધવલ, કાલશૌકરિક જેવા મોટા માણસો પણ કર્મ આગળ રાંકડા બની નરક ગતિઓમાં ચાલ્યા ગયા છે.

**वरंभिक्षाटनाभ्यासो, वरंहालाहलादनं । वरंप्राणपरित्यागो, मा हिंसाजीविका वरं ॥१॥**

**અર્થ** : ખાવા ન મળે તો ભીક્ષા માગીને ખાવું સારું, પણ હિંસા કરીને જીવવું સારું નહીં. અર્થાત્ જીવવા માટે, આજીવિકા માટે, આરોગ્ય માટે, હિંસા કરવી પડે તો હલાહલ ઝેર ખાઈ લેવું સારું. વળી બીજા કોઈ કારણો વડે, પ્રાણોનો નાશ કરી નાખવો

સારો પણ, એક જીવને પણ મારીને આજીવિકા અથવા આરોગ્ય મેળવવું સારું નથી. હિંસા જેવું બીજું પાપ નથી. બધા ધર્મના પ્રકારો હિંસાથી બચવા માટે છે.

ઉપરની બે ઉપદેશમાળાની ગાથાના જ અનુવાદ તરીકે ઉપા. યશોવિજયજી ગણિવર ફરમાવે છે કે—

"હોય વિપાકે દશ ગુણું રે, એક વાર કિયું કર્મ ।
શત–સહસ્ર કોડિ ગમે રે, તીવ્ર ભાવના મર્મ રે પ્રાણી." ૧

**અર્થ :** કોઈપણ કરેલું પાપ, ઉદય આવે ત્યારે ઓછામાં ઓછું દશગણું દુખ તો જરૂર આપે છે જ અને વધારામાં સો ગણું, હજાર ગણું, લાખ ગણું કે કરોડ ગણું પણ ભોગવવું પડે છે.

**પ્રશ્ન** : આવાં દુખો કોઈને ભોગવવાં પડયાનો દાખલો છે ખરો ?

**ઉત્તર** : સરવાળા બાદબાકી સહિત પાપના ફળના દાખલા કેવલી ભગવંતો સિવાય આપણા જેવા અજ્ઞાની જીવો સમજી શકીએ નહીં પરંતુ જ્ઞાની ભગવંતો ફરમાવે છે કે—

**करोति यत् कर्म मदेन देही, हसन् स्वधर्मं सहसा विहाय ।**
**रुदंश्चिरंरौरवरंध्रमध्ये, भुंक्ते फलं तस्य किमप्यवाच्यं ॥ १ ॥**

**અર્થ :** જીવ અજ્ઞાનના વશ બનીને, અભિમાનમાં આવીને, ઘણી વાર મહા ભયંકર કાર્ય કરતાં પણ ખચકાતો નથી, અને દુખ પામતા આત્માના બરાડા, ચીસો જોઈ, સાંભળી ખૂબ હસે છે, પોતાના કર્તવ્યને ભૂલી જાય છે. પરંતુ જ્યારે તેનો ભોગવવાનો પ્રસંગ આવે છે, ત્યારે નરકાદિ ગતિઓમાં પોતે પણ, ભયંકર વેદના ભોગવે છે. જેનું વર્ણન કેવલી ભગવંતો પણ કરી શકતા નથી. આ જગ્યાએ શ્રેણિક રાજાની નાની કથા લખાય છે.

મગધ દેશમાં રાજગૃહ નગરમાં, હૈહયવંશના પ્રસેનજિત રાજાને, સો પુત્ર હતા. તેણે બધાની પરીક્ષા કરીને, સર્વથી નાના શ્રેણિકને, રાજ્ય આપ્યું હતું. પ્રારંભમાં શ્રેણિક મહા શિકારી હતો. શ્રી વીતરાગ શાસનના મહામુનિરાજોનો, સમાગમ પામ્યો ન હતો. તેણે એક વાર ગર્ભનાભારથી ખૂબ થાકેલી અને નહીં દોડી શકતી, એવી હરિણી ઉપર બાણ છોડયું. મૃગલી બાણથી વીંધાઈ ગઈ. અને જમીન ઉપર પછડાઈ ગઈ. ગર્ભ બહાર ફેંકાઈ ગયો. થોડી વાર કાળી વેદના થવાથી ચીસો પાડી મૃગલી મરણ પામી.

રાજા શ્રેણિક ખૂબ જ ખુશી થયો. તાળીઓ પાડી કૂદવા લાગ્યો. આ વખતે આવા કુકર્મથી, પેલી નરકમાં જવા યોગ્ય, નાનામાં નાનું પણ, ચોરાસી હજાર વર્ષના પ્રમાણવાળું,

નિકાચિત કર્મ બંધાઈ ગયું. પાછળથી તેને નંદા અને ચેલણા જેવી સુશ્રાવિકા પત્નીઓ મળી. અભયકુમાર જેવો, સુશ્રાવક અને બુદ્ધિનિધાન પુત્ર મળ્યો. (થયો) પ્રભુ શ્રી મહાવીર દેવ ભગવાન મળ્યા. વીતરાગની વાણી પણ મળી. તો પણ અભિમાનમાં ગરકાવ બની બાંધેલું નિકાચિત નરકનું કર્મ, ભોગવવા જવું જ પડયું.

**પ્રશ્ન** : ચોરાસી હજાર વર્ષ ચાલે તેટલું મોટું હોવા છતાં, નાનામાં નાનું કેમ લખ્યું છે ?

**ઉત્તર** : નારકીમાં વધારેમાં વધારે તેત્રીસ સાગરોપમનું આયુષ્ય કહેલ છે. તેનું પ્રમાણ સાગરના પાણીથી પણ મોટું હોવાથી, તેનું સાગરોપમ એવું નામ શાસ્ત્રોમાં બતાવ્યું છે. જેમ સમુદ્રના પાણીના માપ પાસે, મણ, બે મણ પાણી કે એક બેડું કે એક પખ્ખાલ પાણીની માપણી, કિંમત વગરની ગણાય છે. તેમ તેત્રીસ સાગરોપમના આયુષ પાસે, ચોરાસી હજાર વર્ષનું આયુષ પણ, એક બિન્દુ જેવડું લેખાય એમ સમજવું.

**પ્રશ્ન** : નિકાચિત કર્મ એટલે શું ?

**ઉત્તર** : અવશ્ય ભોગવવું પડે તેવું કર્મ, નિકાચિત કહેવાય છે. જેમ મહાવીર પ્રભુજીના ત્રીજા ભવમાં, ત્રિદંડિયા અવસ્થામાં રહેલા મરિચિને, ભરત મહારાજે કરેલી પ્રશંસા સાંભળીને, થયેલા અભિમાનથી બંધાયેલ. નીચ-ગોત્રકર્મ, એક કોટાકોટિ સાગરો, પમ સુધી ચાલ્યું. અસંખ્યાતા એકેન્દ્રિયાદિ તુચ્છ યોનિઓમાં અવતારો થયા. છેવટે છેલ્લા ભવમાં બ્રાહ્મણી કુખે અવતાર થયો. માટે જ ડાહ્યા માણસોએ વિચારવા જેવું છેઃ

" એક મનુષ્યના ખૂનથી, ફાંસી, દે સરકાર ।
લાખો જીવ વિનાશતાં, નહીં છોડે કિરતાર ॥ ૧ ॥

" પોપાંબાઈના રાજ્યમાં, બચી ગયા સહુ લોક ।
પણ ઈશ્વરના રાજ્યમાં, અલ્પ ગુનો નહીં ફોક ॥ ૨ ॥

**પ્રશ્ન** : જૈનો ઈશ્વરને માનતા નથી, તોપછી "ઈશ્વરના રાજ્યમાં" કેમ બોલાય ?

**ઉત્તર** : અહીં ઈશ્વર શબ્દનો અર્થ કર્મજ કરવો. કોષમાં ઈશ્વર શબ્દનો અર્થ કર્મ પણ બતાવ્યો છે.

વાંચો કોષ विधिर्विधाता नियतिःस्वभावः कालोग्रहाश्चेवरकर्मदैवा : ।
भाग्यानि पुण्यानि यमः कृतान्तः पर्यायनामानि पुराकृतस्य ॥१॥

**અર્થ** : વિધિ : વિધાતા–નિયતિ–સ્વભાવ–કાળ–ગ્રહો ઈશ્વર–કર્મ દૈવ–ભાગ્ય–પુણ્ય યમ–કૃતાન્ત પુરાકૃત–આ બધા કર્મના પર્યાય નામો જાણવાં.

યશોધર રાજાની માતા ચંદ્રમતીએ, અજ્ઞાની મનુષ્યને ઉચિત; ઘણી હિંસાની દલિલો કરી. તેને જ્ઞાની અને દયાળુ રાજા યશોધરે, અનેક યુક્તિઓથી નિષેધ કર્યો, તો પણ હઠીલી માતાએ, પુત્ર યશોધર રાજાની ઉપર અવિનીત અને સ્વચ્છંદીપણાનો આરોપ મૂકી. છેવટ એક લોટનો કુકડો બનાવીને, કુલદેવીને ચડાવવા ફરજ પાડી. ભવિતવ્યતા એમ જ હોવાથી, દયાળુ યશોધર રાજાએ માતાનું વચન સ્વીકાર્યું. માતાએ પણ સાક્ષાત્ કુકડા જેવો લોટનો કુકડો બનાવડાવ્યો.

ધામધુમથી દેવીના સ્થાન ઉપર ગયા. જીવતા પ્રાણીને તલવારના ઝટકે નાશ કરતા હોય, તેવો દેખાવ કરાવરાવીને, માતા ચંદ્રમતીએ દેવીને કુકડો ચડાવ્યાના, બધા પાઠો ભજવાવ્યા. માંસ પાકની જેમ, કુકડાના લોટના ટુકડા પણ રસોઈઆ પાસે રંધાવ્યા. બિલકુલ ઇન્કાર કરવા છતાં, માતાએ યશોધરના મુખમાં, જોરજુલમથી દેવીની શેષા તરીકે, લોટના કુકડાનો ટુકડો મૂકયો. આ ક્ષણે બંધાએલા પાપથી પશુગતિ પ્રાયોગ્ય કર્મો બંધાયાં. સાત ભવો પશુના કરવા પડ્યા.

પરંતુ દીક્ષા લેવાની મક્કમતા ચાલુ જ રહી. નયનાવલીએ પણ સાથે દીક્ષા લેવાના ઘણા ( ખોટા ) ડોળ–દેખાવો કર્યા. રાજાને સ્વપ્નથી ઘણો ભય લાગેલો હોવાથી, તાત્કાલિક જોષીઓને બોલાવી, પુત્રને રાજ્ય આપવાનો, અને પોતાને દીક્ષા લેવાનો, બે દિવસો ( ચાલુ દિવસના ત્રીજા અને ચોથા દિવસો ) નક્કી થયા. આવતી કાલે બધાં સામાન્ય કામો પતાવવાનાં હતાં.

રાજા ચાલુ કામો ઝડપથી પતાવતો હતો. નયનાવલી રાણી વિચાર કરતી હતી. રાજા દીક્ષા લેશે, મારાથી ક્ષણવાર પણ ચારિત્ર પળી શકે તેમ નથી. પોતાના વહાલા (ઘરનો પહેરાવાળો) જાર–પુરુષનો, વિયોગ પણ અસહ્ય હતો. હવે શું કરવું તેના વિચારો ગોઠવતી હતી.

પહેલો દિવસ કામકાજથી પૂર્ણ થઈ ગયો. વહેલી રાત્રે રાજા સુવા માટે વાસભુવનમાં ગયા. પરંતુ સ્વપ્નના વિચારોમાં નિદ્રા આવી નહીં. તોપણ ચક્ષુ મીચીને મૌન સુતા હતા. રાત્રિનો બીજો પ્રહર પણ ઘણો જતો રહ્યો હતો. એટલામાં રાણી નયનાવલી, પલંગ ઉપરથી નીચે ઉતરી, બરાબર ધારી ધારી જોવા લાગી. રાજા સૂઈ ગયાનો નિર્ણય કરી લીધો. અને પછી તો ખખડાટ ન થાય તેમ, શિઘ્રતાએ દાદરનાં પગથિયાં ઉતરી ગઈ.

આખી જિંદગીના અજાણ; અને નયનાવલીને, એક મહાસતી અને પતિભક્તા પત્ની માની લેનારા રાજાને, નયનાવલીના આ વખતના પલંગત્યાગમાં આશ્ચર્ય જણાયું. બેઠો થયો. વિચાર કરવા લાગ્યો. સતી કેમ નીચે ઉતરી હશે ? કોઈ દિવસ નહીં ને આજે

એકાએક શું કામ આવી પડયું હશે? કેમ જાગી ગઈ? શું તેણીને મારા વિયોગનો ભય લાગ્યો હશે? તેથી આત્મઘાત કરવાના વિચારથી નીચે ગઈ હશે? મારે ગુપ્ત, પાછળ જઈ નિરીક્ષણ કરવું જોઈએ.

યશોધર રાજા પણ ખૂબ ધીમા પગલે, રાણીને ખબર ન પડી જાય તેમ, પાછળ પાછળ નીચે ઉતર્યો. પાછળ ગયો. રાણી પહેરાવાળા પાસે પહોંચી. અને તેને સૂઈ ગયેલાને, હાથ પકડી જગાડવા લાગી. તે પણ આગળના સંકેતથી હોય તેમ, બેઠો થઈ ગયો. અને આવેશથી તાડુકયો : દાસી! આજે આટલી બધી મોડી કેમ આવી?

રાજા યશોધર આ બધું ગુપ્ત જોઈ રહ્યો છે. નોકરને જગાડ્યો ત્યારે જ રાજાને નવાઈ જણાઈ. હું એક મોટો રાજાધિરાજ છું. નયનાવલી મારી પટ્ટરાણી છે. પોતાની જગ્યા ઉપર સેવકોને લાવી હુકમ કરી શકે છે. તેની પાસે ઘણી દાસીઓ, હાથ જોડીને ઉભી હોય છે. છતાં રાણી પોતે આવા સેવકાધમ પાસે, રાત્રિમાં એકાકિની કેમ ગઈ? નોકરને જગાડયો શા માટે? છતાં આ સેવકાધમ આટલો આવેશયુક્ત કેમ?

વળી દાસી! આજ આટલી બધી મોડી કેમ? પોતાના માલિકની પટ્ટરાણીને, મોટા મોટા અધિકારીઓ પણ પ્રણામ કરે છે. તે રાણીને આ સેવકાધમ દાસી કહીને કેમ સંબોધે છે? અને સાથે સાથે આજ આટલી મોડી કેમ આવી? તો શું? રાણી હમ્મેશ આવતી હશે? આટલું સાંભળવા છતાં, એક લાચાર ગુનેગાર કે તાબેદારની ઢબમાં, રાણી બે હાથ જોડી કરગરવા લાગી છે. આનું કારણ શું?

રાણી નયનાવલી નોકરને વિનવે છે સ્વામિન્ ક્ષમા કરો! આજનો ગુનો માફ કરો. આટલું કરગરવા છતાં તે દુષ્ટ પહેરાવાળાએ, ઇન્દ્રાણી જેવી સુંવાળી, અને રૂપરંભા જેવી રાણીને, બેચાર લાફા પણ લગાવી દીધા. તે પણ રાણીએ સહન કરી લીધા. રાજા યશોધર આ બધું નાટક સગી આંખે ગુપ્તપણે જોઈ રહ્યો છે. હજી શું થાય છે? એક પછી એક નાટકના પડદા ઉંચકાયા. ત્યાં તો સેવકાધમે રાણીને ખેંચીને, પોતાની પથારીમાં સુવાડી ને, જેમ પશુ જાતિમાં નરમાદાનો ભજવાય તેવો, બંનેનો સંયોગ ભજવાઇ ગયો.

રાજા યશોધરે પોતે હાજર રહીને, આ પોતાની પટ્ટરાણીનો સેવક સાથેનો અનાચાર નજરોનજર જોયો. ગમે તેવા મનુષ્યને આવો દેખાવ જોઈને, ઇર્ષા–આવેશ–ક્રોધ થયા વિના રહે જ નહી. અને યશોધર રાજવીને પણ, ક્ષણવાર ઘણો જોરદાર ગુસ્સો થઈ ગયો. મહાધારાળ ખડ્ગ પાસે જ હતું. મ્યાનમાંથી તરવારને બહાર ખેંચી. વિચાર આવ્યો, કે એક ઘા વડે, બન્નેના ધડ–મસ્તક જુદા કરી નાખું. અને તુરત બીજા વિચારો આવ્યા. જીવડા! મહા બળવાન નરવીરોની સામે ટક્કર ઝીલનાર મારી તરવાર, આવા અતિ અધમ પ્રાણીઓ ઉપર કેમ ફેંકાય?

વળી રાણીના ગુનાની જાહેરાત થાય તો, મારો પાટવી કુમાર ગુણધર, આખી જિંદગી કલંકનું પાત્ર બને, અને હું પોતે દીક્ષાના પ્રયાણનો મુસાફર છું. આવાં પાપ હવે

મારે માટે ઉપેક્ષણીય જ હોવાં જોઈએ. વળી નયનાવલી પ્રત્યે આજ સુધી મારો પતિવ્રતા અને સતી તરીકેનો વિશ્વાસ અને આગ્રહ હતો, અને તેથી તેના રુપ અને (બનાવટી) વિનયીપણાના કારણે, મારો રાગાનુબંધ પણ ખૂબ હતો. અને તેથી વખતે કોઈવાર, આકર્ષણનું કારણ થાય તો પણ, આજના અનુભવથી "સંસાર ઇંદ્રજાળ જેવો છે," આવાં જ્ઞાનીનાં વચનો તદ્દન સાચાં પુરવાર થયાં.

રાજા પલંગ ઉપર આવીને સૂઈ ગયો. જાણે કશું બન્યું જ નથી, એવા દેખાવમાં પથારીમાં પડ્યો. થોડીક ક્ષણો પછી નયનાવલી પણ ચોરની ઢબે આવીને, શય્યાની એક બાજૂ સુઈ ગઈ. તેણીને કલ્પના પણ નથી કે, રાજાએ આજ મારાં કાળાં કૃત્ય બરાબર જોઈ લીધાં છે. પરંતુ તેણીને નિદ્રા આવતી નથી. તેનું કારણ એ જ કે રાજા દીક્ષા લે અને હું ન લઉં તો લોકોમાં જરૂર નિંદા થાય. અને જો હું દીક્ષા ન લઉં તો, રાજાની ગેરહાજરી થવાથી, નિર્ભય વિલાસો ભોગવી શકવા, ભાગ્યશાળી થવાની, આવી રહેલી અપૂર્વ તક પણ નકામી બને.

વળી લોકલાજથી પણ હું દીક્ષા કેમ લઈ શકું? કેમકે મારા ખાનગી મિત્રની મને રજા મળે જ શી રીતે? અને વગર રજા હું દીક્ષા લઉં તો, તે મને દીક્ષામાં રહેવા પણ કેમ આપે? મારે હવે શું કરવું? માત્ર એક દિવસ અને રાત્રિજ બાકી છે. આજે પુત્ર ગુણધરનો રાજ્યાભિષેક થશે, અને આવતી કાલે દીક્ષા લેશે.

તે દરમ્યાન આ આઠ પ્રહરના સુઅવસરમાં, રાજાને કોઈપણ યોજના વડે, પરલોક પહોંચાડી દઉં તો, મારી બધી ચિંતાઓનું નિરાકરણ આવી જાય છે. આવા વિચારો સાથે શું કરવું? કેમ ગોઠવવું? ઇત્યાદિ બધું જ મનની સાથે નક્કી કરી લીધું. દિવસ ઉગ્યો. રાજા યશોધર પોતાના પુત્ર ગુણધરને, રાજ્યાસનારૂઢ કરવાની કારવાઈમાં ગોઠવાઈ ગયો.

રાજ્યના નજીકના હિતચિંતકો, અધિકારીઓ, સામંતો, નગરવાસીઓની હાજરીમાં કુમારને, મોટા આડંબર અને હર્ષના નાદો સાથે ગાદીએ બેસાડ્યો. જમવાને સારૂ બધા સ્વજન–પરિજન વચ્ચે, રાજા મોટા સિંહાસન ઉપર બેઠો. અનેક જાતિનાં ભોજન પીરસાયાં. તેટલામાં રાણી નયનાવલીની વિશ્વાસવતી દાસી, રાજા માટે ફરસાણનું ભાણું લઈને આવી.

આગળ પાછળનો વિચાર કર્યા વગર, રાજાએ નયનાવલીની, ઝેર ભેળવેલી ભોજન સામગ્રી પણ લઈ લીધી. અને ખાવાની સાથે તાલપુટ ઝેર હોવાથી, શરીરમાં ફેલાઈ ગયું. તેથી રાજા યશોધર, સિંહાસન ઉપરથી જમીન ઉપર પટકાઈ ગયો. પ્રધાનો સમજી ગયા કે જરૂર કોઈ શત્રુ તરફથી દગો હોવો જોઈએ. એમ વિચારી ઝેરનાશક મણી મંગાવ્યો. મણી આવી પહોંચે તો જરૂર બચી જાય, અને નયનાવલીના પોબાર અવળા પડી જાય. આ વાત નયનાવલીના ખ્યાલ બહાર હતી નહીં. તેથી તેણીયે વિચાર કરી લીધો કે, મણિ આવ્યા પહેલાં મારે મારું કાર્ય બજાવી લેવું.

એટલે અંતઃપુરમાં ધ્યાન રાખીને બેઠેલી નયનાવલી માથાના કેશ છૂટા મૂકીને છાતી કૂટતી, ચત્તાપાટ પડેલા રાજાની પાસે આવી. અને રાજાનું મુખ ઢંકાઈ જાય તેમ, તેની ઉપર પડતું મૂકીને, રાજાનું ગળું દબાવી દીધું. રાજા યશોધર ગુંગળાઈને પ્રાણ મુક્ત થયો. આ ખબર પડવાથી માતા ચંદ્રમતી દોડતી ત્યાં આવી. પુત્રનું મરણ જોઈ ઊભી ઊભી તે જ જગ્યાએ તત્કાલ મરણ પામી ગઇ.

કોઈ મહાપુરુષ કહી ગયા છે—

**हयविहिणा संसारे महिलारूवेण मंडिअं वासं। बज्झन्ति जाणमाणा अयाणमाणा वि बज्झंति ॥१॥**

**અર્થ :** સંસારમાં કર્મપરિણામ રાજાએ, સ્ત્રીઓની રચનારૂપ એક જાળ ગોઠવી છે. જેમાં સારા હુશીઆર મનુષ્યો પણ ફસાય છે. તો પછી બિચારા અજ્ઞાની આત્માઓ ફસાય એમાં તો પૂછવું જ શું ? આવા કર્મને ધિક્કાર થાઓ. વળી કોઈ કવિ કહે કે—

**संपीड्येवाहिदंष्ट्राग्नि, यमजिव्हाविषांकुरान्। जिगज्जिघांसुना नार्यः कृताः क्रूरेण वेधसा ॥१॥**

**અર્થ :** મહાક્રૂર એવા કર્મપરિણામ રાજાએ, સર્પોની દાઢાઓ, અગ્નિ, યમરાજની જીવ્હા, અને વિષના છોડવાઓનો, સમુદાય ખૂબ બારીક બનાવીને, આ સ્ત્રી જાતિનું સર્જન કર્યું સંભવે છે. અર્થાત્ જગતનાં પ્રાણીઓનો સંસાર વધારવા માટે જ, આ સ્ત્રીજાતિની રચના કરી છે. માટે જ સ્ત્રીઓ પોતાનો સ્વાર્થ મટી જતાં, આટલી મોટી ભયંકર બની જાય છે.

"નારી, પુત્ર કે મિત્ર, ભાઈ, સહુને કેવળ સ્વાર્થ સગાઈ।
જ્યાં લગી સ્વારથ, બધા સુખદાઈ, સ્વાર્થ મિટયો ત્યાં વ્યર્થ સગાઈ." ॥ ૧ ॥

રાજા યશોધર જેવા પ્રતાપી, શૂરવીર, બુદ્ધિમાન, અને ધર્માત્માનું, કુલટા નારીએ, ધર્માારાધન બગડાવ્યું, સુગતિ બગડાવી, અને કુગતિની ગર્તામાં પ્રયાણ કરાવ્યું. અને અજ્ઞાન દશામાં બેભાન બનેલી માતા ચંદ્રમતી પણ, પુત્રના મોહથી પુત્ર સાથે પશુગતિમાં ચાલી ગઈ.

### ઇતિ ઘરનોકરના અનાચાર પ્રસંગ ચોથો સમાપ્ત.

### અથ ઘરનોકરના અનાચાર પ્રસંગ પાંચમો રાણી પીંગલા.

આ ભરત ક્ષેત્રમાં, અને પાંચમા આરામાં, વિક્રમના સંવત્ પ્રારંભ પહેલાં, થોડા જ વર્ષો અગાઉ, વિક્રમ રાજાનો મોટો ભાઈ, રાજા ભર્તૃહરિ રાજ કરતો હતો. ભર્તૃહરિ પ્રતાપી અને બુદ્ધિમાન હતો. અને સાથોસાથ વિદ્વાન અને ધાર્મિક પણ હતો. તેને મોટા

મોટા રાજાધિરાજની પુત્રીઓ, એવી ત્રણસો રાણીઓ હતી. આ સર્વમાં પિંગલા મુખ્ય હતી. પિંગલા ખૂબસૂરત હોવા સાથે ઘણી હુશિયાર પણ હતી. તેથી તેણે મહારાજા ભર્તૃહરિને સ્વાધીન બનાવી લીધો હતો.

પરંતુ પિંગલા ઘણી વિલાસિની અને વિકારિણી હતી. તેના કામવિકારે તેણીને ભાન અને સ્થાન ભુલાવી દેવાથી, તેણી એક તુચ્છ અશ્વપાલકના રૂપમાં આસક્ત બની ગઈ હતી. અને દાસીઓ દ્વારા, તે ગમે તે સ્વાંગમાં અશ્વપાલકને, પોતાના શયનખંડમાં લાવીને, પોતાની ઇચ્છાઓ પૂરી કરતી હતી.

**પ્રશ્ન** : ઇતિહાસકારોનું એવું મંતવ્ય છે કે, ભર્તૃહરિ નામનો કોઈ રાજા થયો નથી. ભર્તૃહરિ ઉપજાવી કાઢેલું પાત્ર છે.

**ઉત્તર** : ભર્તૃહરિનાં ખુદનાં બનાવેલાં, વૈરાગ્યશતક, નીતિશતક, અને શ્રૃંગારશતક; ત્રણ શતકો જગજાહેર વિદ્યમાન છે. લોકભોગ્ય છે. આ સિવાય પણ છૂટાછવાયા ભર્તૃહરિના શ્લોકો પણ ઇતિહાસોમાં જોવા મળે છે. આ સાક્ષાત્ પ્રમાણો પોતે જ ભર્તૃહરિની વિદ્યમાનતા પૂરવાર કરે છે. પછી ઇતિહાસકારો કબૂલ ન રાખે, એનો કોઈ અર્થ ન ગણાય. ભર્તૃહરિની વિદ્યમાનતા સિદ્ધ કરનાર, નિબંધો પણ જોવા મળે છે.

**પ્રશ્ન** : એક સામાન્ય માણસના ઘરમાં ઘરફોડ ગુનો કરવો પણ, મહા મુશ્કેલ ગણાય છે. તો અહીં રાજાઓના અંતઃપુરમાં, હજારો નોકરચાકર–દાસદાસીઓ હાજર હોય, આવજા પણ ચાલુ હોય, પકડાઈ જવાય તો યમરાજના મંદિરમાં જ ધકેલાવું પડે. આવા સ્થાનોમાં આવા ગુના બને એ શું બનવા યોગ્ય લેખાય ?

**ઉત્તર** : સંસાર આખો દગા પ્રપંચોથી જ ભરેલો છે. જગત આખું પાપોના કાદવમાં ખૂંચી જ ગયેલું છે. આવા બનાવો શાસ્ત્રોમાં ઇતિહાસમાં અને આપણી આંખો સામે હજારો બન્યા છે અને બની રહ્યા છે. ગુણવાન અને પંડિત પુરુષોની ચતુરાઈ કરતાં દુર્જનોની ચતુરાઈ આગળ આવે છે. તેના કરતાં પણ સ્ત્રીચરિત્રોનો નંબર વધુ આગળ પડતો ગણાવ્યો છે. **કહ્યું છે કે :—**

**जलमज्झे मच्छपयं, आगासे पंक्खिआण पयपंत्ति ।**
**महिलाण हिययमग्गो, तिन्निवि पंडिआ नयाणन्ति ॥ १ ॥**

**અર્થ** : પાણીમાં માછલાંના પગ, આકાશમાં પક્ષીઓના પગલાંની પંક્તિ અને સ્ત્રીઓના હૃદયનો મારગ–પંડિત પુરુષો પણ જાણી શકતા નથી.

નારી, સોની, જારને, વેશ્યા, વૈદ્ય, જુગાર ( જુગારી )
પંડિતને પુસ્તક વિના, બુદ્ધિના ભંડાર.

વાંચો નીતિ :-

शास्त्रं सुनिश्चलधिया परिभावनीयं, आत्मीकृतापि युवतिः परिरक्षणीया ।
आराधितेपिनृपतौ परिशंकनीयं, शास्त्रे नृपेच युवतौ च कुतःस्थिरत्वं ॥ १ ॥

**અર્થ** : ખૂબ અભ્યસ્ત હોય તો પણ, શાસ્ત્રને વારંવાર વિચારવું. એકદમ ગુણવતી અને સતી જેવી સ્ત્રી લાગે તો પણ, તેનું રક્ષણ કરવું. અતિપ્રમાણ વશ કરેલા રાજાથી પણ શંકા રાખવી. રાજા-પત્ની અને શાસ્ત્રનો ભરોસો રાખવો નહીં. એટલે શાસ્ત્ર ન જોવાય તો ભુલાઈ જાય. સ્ત્રી એકલી રહે તો જરૂર બગડી જાય. **"રાજા કાનના કાચા"** નવમો નંદ, શકડાલમંત્રીના મરણનું કારણ બન્યો છે.

નારી ને નાગણ બને કરંડીએ સચવાય. ।
નીકળે જો ઘર બહાર તો, દુખ દેવા સરજાય.

પિંગલા અને અશ્વપાલકનો પરિચય ખૂબ ગાઢ થયો. પણ રાજા જાણી શક્યો નહીં. એકવાર કોઈ માણસે રાજાને સુસ્વાદુ ફળની ભેટ ધરી. રાજાને પિંગલા ઉપર ખૂબ રાગ હોવાથી ફળ પિંગલાને આપી દીધું. પિંગલાએ પોતાના પ્યારા યારને આપ્યું. અશ્વપાલકને પણ એક વેશ્યા પ્રતિ અતિરાગ હતો. પિંગલા પાસેથી ઇનામો મળતાં હતાં, તે બધાં વેશ્યાને આપતો હતો.

પિંગલાએ આપેલું સ્વાદુ ફળ અશ્વપાલકે પોતાની વહાલી વેશ્યાને આપ્યું. વેશ્યા ઘણી ચતુર હતી. તેણીએ વિચાર કર્યો કે, આવું સુમધુર ફળ, મારા જેવા પામર આત્માએ કેમ વપરાય? આ ફળ તો મહારાજા ભર્તૃહરિને યોગ્ય ગણાય. પિંગલા-અશ્વપાલકનાં પાપો, ખુલ્લાં થવા સરજાયાં હોવાથી, ન કલ્પી શકાય એવી આ ઘટના બની ગઈ! અને વેશ્યાએ મહારાજા ભર્તૃહરિને ફળની ભેટ ધરી.

પાપ છુપાયું નવ રહે, કરતાં કોડ ઉપાય ।
કાપેલી નાસા કદી, ઢાંકી નવ ઢંકાય.

ફળ હાથમાં આવતાં જ રાજાએ ઓળખી લીધું. વેશ્યાને પૂછ્યું. ફળ ક્યાંથી લાવી? પ્રારંભમાં ગલ્લાંતલ્લાં કર્યાં, પરંતુ છેવટે કબુલાત કરવી પડી. અશ્વપાલક પાસેથી મળેલું કહી દીધું. અશ્વપાલકને બોલાવ્યો. ગભરાઈ ગયો. રાજાના પ્રભાવથી-મારના-ભયથી ક્યાંથી આવ્યાની કબુલાત કરી.

રાજા ભર્તૃહરિ-બુદ્ધિમાન અને તત્ત્વચિંતક હતો. વિચારક હતો. તેથી તેણે પોતે જ કહ્યું છે :

**यां चिन्तयामि सततं मयिसा विरक्ता, साप्यन्यमिच्छति जनं सजनोऽन्यशक्तः ।**
**अस्मत्कृते च परितुष्यति काचिदन्या, धिक्तां च तं च मदनं च इमांच मांच ॥ १ ॥**

**અર્થ** : મહારાજા ભર્તૃહરિએ પિંગલાનાં પાપો સાક્ષાત્ જોયાં, અને વિચારો આવ્યા. અનંતાકાલથી આત્મામાં ઘર બનાવીને બેઠેલા, આ કામ વિકારોને હજારો વાર ધિક્કાર થાઓ. જેને વશ બની ગયેલી પિંગલાને, અશ્વપાલને, વેશ્યાને, અને મને પોતાને, પણ હજારોવાર ધિક્કાર થાઓ.

આ કામ વિકારને વશ બની, હું ચોવીસે કલાક જેણીનું ધ્યાન કરું છું, તે જ પિંગલા, મારું નહીં પણ અશ્વપાલનું ધ્યાન ધરતી રહે છે. અને અશ્વપાલ વળી પિંગલાનું નહીં, પરંતુ વેશ્યાનું ધ્યાન કરે છે. અને વેશ્યા અશ્વપાલનું નહીં પણ મારું (ભર્તૃહરિનું) ધ્યાન કરે છે.

તત્ત્વવિચારક ભર્તૃહરિએ કોઈનો પણ અપરાધ વિચાર્યો નહીં, પરંતુ કામ વિકારનો જ મોટો ગુનો છે. એને જ દેશનિકાલ કરવો જોઈએ. કામ વિકારથી જ, જગત સારાસારનું ભાન ગુમાવીને, ભયંકર પાપો આચરીને, પોતાને અને પરને દુઃખનું કારણ બને છે. માટે આખા જગતનો અજોડ શત્રુ, એવો કામવિકાર તેને જ મારે ત્યાગવો જોઈએ. આવો મક્કમ નિર્ધાર કરીને, યોગીનો વેશ બનાવીને, બાણુંલખ માળવાની સત્તા; સૈન્ય; ખજાનો; ત્રણસો જેટલી રાણીઓ, (જેમાં અશ્વમાલતી વિગેરે વીસ-વીસ વર્ષની બાળાઓ પણ હતી) રાજ્ય, સર્વસ્વનો ત્યાગ કરી ચાલ્યા ગયા.

રાણી પિંગલાના આવા ભ્રષ્ટાચારના પરિણામે, સમગ્ર માળવા દેશને, આવો ન્યાયનિપુણ ધર્મધુરંધર રાજા, અને ત્રણસો બાળાઓએ આવો ધર્માત્મા સ્વામી ગુમાવવો પડયો. ઇતિહાસનાં પાનાંઓ ઉપર પિંગલાનાં પાપ અને ભર્તૃહરિ રાજાના યશોગાન અમર બની ગયેલાં સાહિત્યના રસિકોને વાંચવા મળે છે.

**ઇતિ ઘરનોકરના દુષ્ટાચાર પાંચમો પ્રસંગ સંપૂર્ણ થયો.**

**અથ ઘરનોકરના વિશ્વાસનાં ભયંકર પરિણામ, ચિલાતિપુત્ર અને સુષમાનો પ્રસંગ છઠ્ઠો.**

"પત્ની-પુત્રી-બેનના, શીલ-રક્ષણને કાજ ।
ઘરનોકર રાખે નહીં, રહે ધર્મ ને લાજ." ૧

"ઘરમાં નોકર હોય તો, પુત્રી-ભગિની-નાર ।
ભયસંપૂરણ જાણવો, મૂષક જ્યું માર્જાર." ૨

"શૂન્ય સ્થાન દહીંનો ઘડો, વળી ઢાંકણું નો,ય ।
ત્યાં વસનારા કાગને, કહો બીક શી હોય?" ૩

"એકાંતવાસ ચક્ષુમિલન, વાત–હાસ્ય પણ થાય ।
રાતદિવસ સહવાસ એ, નબળો માર્ગ ગણાય." ૪

રાજગૃહનગરમાં ધનાવહ નામનો શ્રેષ્ઠી રહેતો હતો. તેને ઘેર એક ચિલાતી નામની, ઘરમાં કામકાજ કરનારી નોકરડી હતી. ધનાવહ શેઠને પાંચ પુત્રો હતા. તે બધા સારા અધ્યાપક પાસે અભ્યાસ કરીને, પિતાના વેપારમાં જોડાયા હતા. ચિલાતીદાસીને, તેણીના પતિથી, એક પુત્ર થએલો હતો. તે પોતાની માતા સાથે શેઠના ઘરમાં જ પડ્યો રહેતો હતો. અને શેઠના ઘેરજ રમતો જમતો હતો. દશબાર વર્ષનો થયો. તથા ધનાવહ શેઠને પાંચ પુત્રો ઉપર, એકપુત્રી પણ હતી.

તેણીનું રૂપલાવણ્ય–કાન્તિ ખૂબ જોઈ, માતાપિતાએ તે બાળાનું સુષમા એવું નામ પાડયું હતું. અત્યંત સુંદર શોભાને કોષકારોએ સુષમા નામ આપ્યું છે. "**सुषमा परमाशोभा**"

સુષમા નાનું બાળક હોવાથી, શેઠનું છેલ્લું સંતાન હોવાથી, એક ધનવાન પુરુષના ઘેર અવતાર થવાથી, અને રૂપ–લાવણ્યનો ભંડાર હોવાથી, ઘરના પ્રત્યેક મનુષ્યો તેણીને, રમાડવા હુલરાવવામાં પોતાને આનંદ માનતા હતા. દાસી ચિલાતી પણ સુષમાની, વધારે પડતી સારસંભાળ રાખતી હતી. અને પછી તો માતાનું સુષમાને સાચવવાનું કામકાજ પણ, ઘણીવાર તેણીનો છોકરો જ સાચવતો હતો.

અને લાંબા ગાળે ચિલાતી દાસીના છોકરાએ, રમત–ગમત વડે, સુષમાને વશ કરી લીધી હોવાથી, ઘરનાં બધાં પિતા–માતા–ભાઈઓ રમાડે–બોલાવે તોપણ બાળા, ચિલાતી દાસીના છોકરા પાસે જ ચાલી જતી હતી. વર્ષ દિવસની, બે વર્ષની, ચાર પાંચ છ વર્ષની બાળાને, ચિલાતી પુત્રના સહવાસમાં રહેતાં, આનંદ વધતો ગયો. અને માતાપિતા અને કુટુંબે દુર્લક્ષ્ય સેવ્યું.

પછી તો ચિલાતી દાસી પુત્રને, એમ લાગ્યું, આ છોકરીને હું અત્યારથી, એવી વશ બનાવી લઉં કે, હવે પછી એ મારા વિના રહી શકે જ નહીં. આવા વિચારોને અમલમાં મૂકવા માટે, બાળાના શરીર ઉપર હાથ ફેરવી પંપાળવાનું શરૂ કર્યું. ખુજલીના રોગીને ખણવું ગમે છે. તેમ બાળાને, દાસી પુત્રના હાથની પંપાળ પણ ખૂબ ગમવા લાગી. ગાયો, ભેંસો, ઘોડાં, વગેરેને પણ માલિકની પંપાળ ગમે છે. મારકણી ગાય પણ ગરીબ જેવી થઈ જાય છે.

અહીં ચિલાતી દાસીપુત્રને, પોતાના ભવિષ્યના વિચારોના દાવ, પોબાર પડતા

દેખાયા. અને પછી તો તે અધમ છોકરાએ, સુષમાના ગૃહ્યસ્થાનનાં, અડપલાં પણ શરૂ કરી દીધાં. ચિલાતી પુત્ર સુષમાના કોઇપણ અંગ ઉપર હાથ ફેરવે તે, સુષમાને માટે આનંદનો વિષય બની ગયો. હજી તો સુષમા, છ-સાત-આઠ વર્ષની મુગ્ધ બાલિકા જ હતી, પરંતુ ચિલાતી દાસીપુત્રતો હવે તેણીને, ગમે તે સ્થાને અડવામાં, સંકોચ અનુભવતો નહીં. અને તેથી તેણે પોતાના મન સાથે, એ પણ નિર્ણય કરી લીધો કે, હવે હું સુષમાને કોઈ વખતે, ઉપાડીને જતો રહીશ તો પણ, તે મારી સાથે જરૂર આવવાની.

આમ થતાં કોઇ કોઈ વાર, શેઠ-શેઠાણી-અને ભાઈઓને, ચિલાતી દાસીપુત્રના સુષમા-પ્રત્યેના, રોક ટોક વગરના, અટકચાળા (બાળાના શરીરને અડકવાના બનાવો) જોવાઇ ગયા. તેથી અત્યાર સુધી ભાઈના સ્થાને કલ્પેલો છોકરો, ચોરની જગ્યાએ ગોઠવાઈ જવાનો વહેમ પડયો.

અને બધાનો એક વિચાર થવાથી, ધનાવહ શેઠે દાસીપુત્રને, પોતાના ઘરમાંથી કાઢી મૂકયો. ચિલાતી પુત્ર ઘરમાંથી ગયો. પરંતુ સુષમાના ચિત્તને સાથે લઈ ગયો. ધિક્કાર છે સંસારને જીવોની પૌદ્ગલિક પરવશ દશાને !

"વિષયો અને સંસારનો, જનક સુત વહેવાર
ઈતરેતર કારણ બની, થાય ન નાશ-લગાર"

સંસારથી વિષયો પોષાય છે. વિષયોથી સંસાર વધે છે. બંને પરસ્પર કારણ કાર્ય ભાવ થતા હોવાથી, સંસાર અને વિષયો બન્નેનો નાશ થયો નથી. થતો નથી. થવાનો નથી.

જ્ઞાનીઓ કહે છે કે :

"વિષય સુખ સુરલોકમાં, ભોગવિયાં ઈણે જીવ,
પામર તૃપ્તો નવ થયો, ખોયો કાળ અતીવ."

સ્વર્ગ લોકમાં દેવપણામાં, પલ્યોપમ-અને સાગરોપમ વર્ષો લગે, આપણા જીવે-દેવ-દેવીપણામાં અસંખ્યાતો કાળ; અસંખ્યાતાં સુખ ભોગવ્યાં પણ, પામર એવો આપણો જીવ જરા પણ તૃપ્ત થયો નથી, થતો નથી.

"સુખ છે સર્ષપ જેવડાં, દુઃખ છે મેરુ સમાન।
ચાર ગતિ સંસારમાં, બધાં જ દુઃખમય સ્થાન."

ચિલાતી દાસીપુત્ર થોડો વખત જ્યાં ત્યાં ભટકયો. છેવટે ચોરી કરતાં શીખ્યો. હુશિયાર બન્યો. અને ચોર લોકોની સોબતથી, ભિલ્લ લોકો સાથે રહેવાથી, શેઠના ઘરના સંસ્કારો ખોવાઇ ગયા. અને ભિલ્લ લોકોના સંસ્કારો દાખલ થયા. વધ્યા. ખૂબ જ ખીલ્યા.

"ગટર વિશે પાણી ગયું, મહાદુર્ગંધિ થાય।
ગંગાના સહવાસથી, જળનિર્મળ કહેવાય."

"જળ સાબુના યોગથી, ક્ષણમાં મળ ક્ષય થાય।
સોબત અંગારા તણી, કાળું કરે સદાય."

ચિલાતી પુત્રની ચોરી કરવાની આવડગત; પલ્લિપત્તિને, ગમી ગઈ અને અપુત્રીઓ હોવાથી, તેણે તેને પોતાનો દત્તક પુત્ર બનાવ્યો. પલ્લિપત્તિના મરણ પછી, ચિલાતી દાસીપુત્ર ભિલ્લોનો સ્વામી બન્યો. અને તેને સુષમાને ઉપાડી લાવવાના, ઉપાયો શોધવા શરૂ કર્યા. ધોળે દિવસે છોકરીનું હરણ કરવાનાં, વિઘ્ન વગરનાં સાધનો નક્કી કરી લીધાં.

પોતાના ભિલ્લ સાથીદારોને ભેગા કરી, ધનાવહ શેઠનું ઘર લૂંટવાની યોજના ઘડી લીધી, અને સો બસો જણા, બરાબર મધ્યાહ્નકાળે શેઠના ઘરમાં પેસવું, ધન મળે તે સાથીદારોનું, અને સુષમાકુમારી પોતાની, આવા કોલકરાર કરીને, સાક્ષાત્ જાણે યમરાજના સૈનિકો હોય, તેવા કાળા બિહામણા ભિલ્લોને સાથે લઈ, દાસીપુત્ર ચિલાતીકુમાર, ધનાવહની હવેલી ઉપર ત્રાટકયો. આ વખતે શેઠ અને તેમના પુત્રો, બજારમાં ગયેલા હતા.

ભિલ્લોનું ટોળું શેઠના ઘરમાં પેઠું. ધનમાલ કઈ જગ્યાએ રાખ્યું છે. તે બધું ચિલાતીપુત્ર જાણતો હતો. તેથી પોતાના સાથીદારોને, સહાયક બની પેટીઓ ખોલાવી, સુવર્ણમુદ્રાઓનાં પોટકાં બંધાવ્યાં. વસ્ત્રો, વાસણો, ઝવેરાત જેટલું મળ્યું તેટલું લૂટયું. શેઠના કુટુંબીઓ અને નોકર ચાકરોને, શેઠની હવેલીના એકબાજુના ભોંયરામાં પૂરી દીધા હતા. જ્યાંથી તેમની રાડો. બૂમો કોઈ સાંભળી શકે નહીં, નિરવ શાન્તિથી લૂંટ કરીને, સુષમાને પણ સાથે આવવા ઈશારો કર્યો.

સુષમા સાથે જવા તૈયાર હતી જ, કારણ કે બાલકાળથી જ તેણી તેને વશ બની ગઈ હતી. તેણીની સાથેની વધારે પડતી છૂટછાટથી જ તેને, (ચિલાતીપુત્રને) શેઠનું ઘર છોડવું પડયું હતું. તેણે શેઠનું ઘર છોડતાં કરેલી ધારણા, આજે સફળ બનાવી હતી. છોકરી પણ આજે યુવતી બની ગઇ હતી.

જગતમાં સ્વાર્થ એક મહા ઝેર વસ્તુ છે. સ્વાર્થથી માણુસ ઉપકારને ભૂલી જાય છે. સ્વાર્થમાં અંધ થયેલો આત્મા, ગમે તેવા ઉપકારીનું ભયંકરમાં ભયંકર ખરાબ કરતાં પાછું વાળીને જોતો નથી.

**પ્રશ્ન** : અહીં ઉપકારીનું ખરાબ કેવી રીતે? સુષમા ચિલાતીપુત્રને ચાહતી હતી. શેઠે તેને સીધી રીતે આપી નહીં. માટે તેને ફરજીઆત આવો માર્ગ લેવો પડયો છે એમાં ખરાબ શું?

**ઉત્તર** : ચિલાતીપુત્ર શેઠની દાસીનો છોકરો છે. શેઠના ઘરનું અનાજ ખાઈ પોષાયો છે. શેઠે તેના પોતાના પુત્ર જેવો માનીને, બાળકીને રમાડવા માટે, વધુ પડતો વિશ્વાસ લાવી, તેના તરફ ધ્યાન ન આપ્યું. અરે, જ્યારે તેની રીતભાત બગડવા જેવું જણાયું, ત્યારે પણ તેને સમજાવવા પ્રયત્ન કર્યા પછી, તેના વર્તનમાં સુધારો નહીં પણ, બગાડો થવાનો ભય જણાયો તો પણ, રાજ્યમાં પકડાવ્યો નહીં. પરંતુ કાઢી મૂક્યો. ચાલ્યા જવા સૂચના આપી.

**પ્રશ્ન** : સુષમા તેની સાથે જવા તૈયાર હતી, એ પિતામાતા અને કુટુંબે વિચારવું જોઈએ ને ?

**ઉત્તર** : સુષમા એક કુળવતી બાળા છે. એક ખાનદાન કુટુંબની છોકરી છે. તેણીની રૂપ–કલા–બુદ્ધિ–ચાતુર્ય, પણ એક રાજકુલને અથવા ક્રોડપતિના ઘરને શોભાવે તેવું હતું. નીતિશાસ્ત્રોમાં પણ દીકરીને વર શોધવા માટે માતાપિતાની ફરજો બતાવાઈ છે.

**कुलंच शीलं च सनाथता च, विद्या च वित्तं च वपुर्वयश्च ।**
**वरेगुणाःसप्त विलोकनीयाः अतः परं भाग्यवशाहि कन्या ॥ १ ॥**

ઉપકારી માતાપિતાએ પોતાની વહાલી દીકરી માટે ઓછામાં ઓછા વરમાં સાત ગુણ તો જોવા જ જોઈએ. અને તે, પોતાના જેવું દીકરીના સાસરાનું કુળ હોવું જોઈએ. પોતાનો આચાર હોય તેવા જ ઉત્તમ આચારવાળો જમાઈ ગોતવો જોઈએ. દીકરી જૈનધર્મ પામેલી હોય; માટે માંસ–મચ્છી–ઈંડાં–મદીરા વાપરે નહીં. દીકરીનો પતિ, માંસાહારી, અભક્ષ્ય ભક્ષક હોય તો, દીકરીનો સંસાર વધી જાય. વળી જમાઈ ચોરટો હોય; જુગારી હોય; રાજ્યના ગુના કરનારો હોય તો, તેવે વખતે ધન–માલ–જાનની ખુવારી થાય તો, દીકરી ભીખ માગતી બને, બારે માસ માબાપને દીકરીનાં આંસુ જોવાં પડે. સુમતિવિલાસની પેઠે, કૃત્યપુણ્યની પેઠે, વેશ્યાગામી હોય તો પણ, દીકરીની દુર્દશા થાય છે.

જમાઈને માતાપિતા–મોટા–નાના ભાઈઓ હોય, તેવા કુટુંબમાં દીકરી આપવી. નહિતર પતિ કમાવા જાય, દુકાને જાય, પરદેશ જાય; એકલી રહેતી પુત્રી, અનાચારિણી બને, અથવા દુષ્ટ લોકો તેણીનાં ઘરમાં, અથવા બહાર નીકળેલી એકલી પુત્રીની, આબરૂ લૂંટાઈ જાય. માટે જ એકલદોકલને દીકરી આપવી નહીં.

વર ભણેલો હોવો જોઇએ. ધનવાન પણ હોવો જોઇએ. શરીરે નીરોગી હોવો જોઇએ અને પુત્રીની વય કરતાં પાંચ સાત વર્ષથી વધારે મોટો ન હોવો જોઇએ. અતિ ઘરડો–બેડોળ–કદરૂપો, દીકરીના રૂપથી, વિપરીત વર્ણવાળો, વર કરવો નહીં. ઉપર પ્રમાણે માતાપિતા કે મોટા ભાઇઓ, દીકરીના વિવાહ માટે પોતાની ફરજ બજાવે, પછી જેવું કન્યાનું નસીબ અર્થાત્ માતાપિતા જ દીકરીને માટે વરની ચિંતા કરે છે. સ્વચ્છંદી પુત્રી વર શોધવા જાય તે સારું નથી.

**પ્રશ્ન** : કન્યા પોતાને લાયક વરની પસંદગી કરે તે વ્યાજબી નથી? ખોટું છે?

**ઉત્તર** : માતાપિતા વગરે વડીલવર્ગ શોધ કરે. પંચની સાક્ષી; કુટુંબ સગાસ્નેહીઓની હાજરી અને આશીર્વાદપૂર્વકનો વિવાહ ધોકમાર્ગ છે--નીતિકારો કહે છે કે:

**पिता रक्षति कौमार्ये, भर्ता क्षति यौवने । पुत्रस्तु स्थविरे भावे न स्त्री स्वातंत्र्यं अर्हति ॥ १ ॥**

બાલ્યાવસ્થામાં પિતાની જવાબદારી હોય છે. યૌવન વયમાં પતિની જવાબદારી હોય છે. વૃદ્ધાવસ્થામાં પતિ પરલોક ગયા હોય તો, પુત્રની જવાબદારી હોય છે. એટલે સ્ત્રીની ત્રણે વય–પિતા–પતિ–અને પુત્રની પરાધીન જ હોય, સ્ત્રી પોતાની સ્વેચ્છાએ ચાલનારી હોય જ નહીં.

**પ્રશ્ન** : છોકરો કે છોકરી પોતાની પસંદગી પ્રમાણે વિવાહ કરે તેમાં વાંધો શું છે?

**ઉત્તર** : માતાપિતાની પસંદગીમાં, ગુણની મુખ્યતાએ કન્યાને લાયક મૂર્તિઓ પસંદ કરાય છે. જ્યારે વરકન્યાની મુખ્યતાએ, રૂપલાવણ્ય તરફ જ પસંદગી ઢળે છે. માતાપિતા અનુભવથી કામ લે છે. અનેક જગ્યાએ તપાસ કરે છે. પોતાના પુત્ર કે પુત્રીની, આખી જિંદગીની વિચારણાનો સમાવેશ થાય છે. આખા કુટુંબના સંરક્ષણની જવાબદારીને પણ ધ્યાનમાં રખાય છે. માતાપિતાની પસંદગીથી જ્ઞાતિ–ગામ અને સમાજમાં આબરૂનો વધારો થાય છે. કુટુંબીઓની, મિત્રોની, કે તેવા જ બીજા લાગતાવળગતાઓની સલાહ કે સંમતિઓ પણ; અહીં સહાયક બને છે. જ્યારે સ્વચ્છંદ વિવાહોમાં આથી ઉલ્ટું જ થાય છે.

**પ્રશ્ન** : સુષમાએ પાકી વય પછી, સમજણપૂર્વક કરેલા કાર્યમાં, માતાપિતાની ડખલ–નકામી ન ગણાય?

**ઉત્તર** : અનંતાકાળના ચાલ્યા આવતા સમાજ રિવાજોથી, વિપરીત બધાં જ આચરણો, પરિણામે નુકસાન કરનારાં જ નિવડ્યાં છે. એ આપણે હવે પછીના સુષમાના અંતિમ પરિણામો વાંચવાથી સમજી શકાશે.

**પ્રશ્ન** : મનુષ્યમાત્રની પોતાની ઇચ્છા કે સ્વતંત્રતામાં ડખલ ઊભી કરવી; અથવા તેની ઇચ્છા અને સ્વતંત્રતાનો નાશ કરી નાખવો, તે શું પાપ નથી?

**ઉત્તર** : ઘણી જગ્યાએ માણસોની ઇચ્છા કે સ્વતંત્રતામાં, તેના પોતાના અભ્યંતર અને બાહ્ય, આર્થિક અને શારીરિક નુકસાનો જ થવાનાં હોવા છતાં; તેની બુદ્ધિમાં તેને તેવું ન દેખાય, તેથી તે જેમ કરવા ઇચ્છતો હોય, તેને તેમ કરવા દેવું તે તેના હિત–

ચિંતકોને કેમ પાલવે ? તેવા વખતે તેને તેવા માર્ગે જતા અટકાવવો તે જ તેના હિતચિંતક માતાપિતા, વડીલબંધુ કે મિત્રોની ફરજ છે.

**પ્રશ્ન** : સમજાય તેવા દાખલાઓ ટાંકીને સમજાવો.

**ઉત્તર** : જેમ એક મહારોગી મૂર્ખ માણસ, અપથ્ય સેવતો હોય, સેવવા ઈચ્છતો હોય તો, તેના ઉપકારી કુટુંબીઓ કે વૈદ્યરાજ, તેને અપથ્ય ખાવા દે નહીં. અપથ્ય સેવતાં અટકાવવાના બધા જ પ્રયાસો કરી છૂટે.

વળી કોઈ મૂર્ખ મનુષ્ય ખોટા ગભરાટને વશ બની ઝેર ખાવા તૈયાર થાય, ગળે ફાંસો ખાવા તૈયાર થયો હોય, કૂવા તળાવમાં પડીને, પ્રાણનો અંત લાવવા તૈયાર થયો હોય; આવા માણસોના મરવાના બધા પ્રયાસો નિષ્ફળ બનાવવા હિતકારી માણસો, બધું કરી છૂટે છે. અને સરકાર પણ તેને જરૂર અટકાવે છે.

કોઈ સ્વેચ્છાચારી મનુષ્ય; જુગાર કે સટ્ટાખોરીમાં, વડીલોપાર્જિત મિલકતને વેડફી નાખતો હોય, તેવા પ્રસંગે, નજીકના હિતકારીઓ તેને તેમ કરતો અટકાવવા રાજ્યની સહાય લેવા સુધી પણ ઉદ્યમ કરી, તેના બધા ખોટા વ્યાપારો અટકાવવા બધું કરી છૂટે છે.

કોઈ ચોરી કરવા પેસનારને ઘરના માલિકો આજુબાજુના પાડોસીઓ સરકારી ચોકિયાતો પણ તેનો પીછો પકડીને, તેની પાસેથી ચોરાયેલું પાછું લેવા બધા જ પ્રયત્નો કરે છે. તેમ કરવામાં વખતે બે પક્ષમાં, કોઈની જાનહાનિ પણ થઈ જાય છે.

**અહીં પણ ધનાવહ શેઠને, પોતાની વહાલી પુત્રી સુષમાના સુખ દુઃખ નોવિચાર જ.** ચિલાતીપુત્ર અને સુષમાના સ્વચ્છંદાચાર અટકાવવા તદ્દન જરૂરી અને ન્યાયપૂર્ણ ઉદ્યમ હતો.

**પ્રશ્ન** : પાકી વયનાં છોકરા છોકરી પોતાનું ભવિષ્ય નક્કી કરે તો માબાપ વચ્ચે ન આવે તો ખોટું શું ?

**ઉત્તર** : જ્ઞાનીઓ ફરમાવે છે કે—

**यदेकः स्थविरो वेत्ति, न तत्तरुणकोट्यः। योनृपंलक्षया हंति, वृद्धवाक्यात स पूज्यते ॥ १ ॥**

**અર્થ** : એક પરિણામપામેલી બુદ્ધિવાળો ઘરડો મનુષ્ય, જે સમજી શકે છે, તે વાતને, નવીન જુવાનીઆઓ ક્રોડો પણ સમજી શકતા નથી. એકવૃદ્ધ માણસની બુદ્ધિ સેંકડો યુવાનો થકી અધિક હોય છે.

અહીં સમજવા માટે એક કથા લખાય છે.

એકવાર એક બુદ્ધિમાન રાજાની સભામાં, રાજ્યના અધિકારીઓ, ખંડિઆઓ અને અને નાગરિકો, હજારોની સંખ્યામાં હાજર હતા. મધ્ય ભાગમાં મહારાજા બિરાજમાન હતા. સભામાં નિરવ શાન્તિ હતી.

રાજાએ સભાસદોની પરીક્ષા કરવા એક પ્રશ્ન પૂછયો. ભાઈઓ! રાજાને–મને મારી પોતાની છાતીમાં કોઈ પાટુ મારે–લાત મારે, તેને શું દંડ આપવો? કેવો દંડ કરવો? બધાએ એકી અવાજે બોલી નાખ્યું નામદાર! તે મનુષ્ય મહારાજાનો અને રાષ્ટ્રનો મહાન ગુનેગાર ગણાય. તેને ફાંસીના દોરડે જ લટકાવવો જોઈએ.

આ આખી સભામાં ફક્ત મહાઅમાત્ય જ, બોલ્યા વગર મૌન બેસી રહ્યા હતા. રાજાએ ઘરડા અમાત્યની સામું જોઈ પ્રશ્ન કર્યો, તમે કેમ બોલતા નથી?

**પ્રધાનનો ઉત્તર :** લાખો દેડકાં બોલતાં હોય ત્યારે તો કોયલને મૌન સેવવું જ વ્યાજબી ગણાય! ઢોલ–નગારાં અને કાંસીઓની રમઝટ બોલાતી હોય ત્યારે, હારમોનિયમ પોતાનું ગાણું બંધ જ કરે છે.

**રાજવીનો પ્રશ્ન :** મારા પ્રશ્નનો ઉત્તર આપી શકો છો?

**પ્રધાનનો ઉત્તર :** મહારાજ, આપની છાતીએ પાટુ મારનારને, આપના સિંહાસન ઉપર બેસાડીને, માથે છત્ર ધારણ કરીને, ચામર વિંઝવાપૂર્વક અમે બધાએ, ભેટણા ધરવાં જોઈએ. અને તેમની છડી પુકારવી જોઈએ.

**રાજા પૂછે છે :** તમારા રાજાની છાતીમાં લાત મારનારનો, ગુનો વસૂલ કરવાની જગ્યાએ, ઈનામ આપવું અને તે પણ આટલું મોટું ઈનામ? કોઈ વિચારપૂર્વક બોલો છો કે સ્વપ્નમાં ઊંઘો છો? **પ્રધાન :**–મહારાજ! આપ શય્યામાં સૂતા હશો! અને બાળકુમારને આપે રમાડવા છાતી ઉપર બેસાડ્યા હશે! અને નાના બાળકકુમાર કૂદાકૂદ કરતા હશે! તેમના કમળના નાળ જેવા સુંવાળા પગ, બાપુની છાતીનો સ્પર્શ કરતા હશે! ત્યારે બાપુને ખૂબ હર્ષ થતો હોય, ત્યારે ઈનામ જ હોય ને? ગુનો શા માટે?

આ દૃષ્ટાન્તથી સમજી શકાય છે કે, પારિણામિકી બુદ્ધિવાળા વૃદ્ધો જે કરે તે પ્રાયઃ ભવિષ્યના ભલામાટે જ થાય છે અને ઉતાવળિયાં અને વગર વિચારે કરેલાં કામકાજથી, ભવિષ્યમાં મોત સુધીના અનર્થનાં કારણ પણ થાય છે. માટે જ જ્ઞાનીઓ કહે છે કે—

सगुणमपगुणं वा कुर्वता कार्यजातं, परिणतिरवधार्या यत्नतः पंडितेन ।
अतिरभसकृतानां कर्मणामाविपत्तेः, भवति हृदयदाही–शल्यतुल्यो विपाकः ॥ १ ॥

**અર્થ** : માણુસે સારું કે ખોટું કામ કરવાનું હોય, તેની પહેલાં થોડો વખત પરિણામ કેવું આવશે ? આવા વિચાર કરી લેવા જોઈએ. પરિણામ વિચારીને કરનાર, પ્રાયઃ કામ કરવામાં સફળ થાય છે. પરંતુ અતિ ઉતાવળથી, વિચાર વગર કરેલું કાર્ય, ભવિષ્યમાં મોટા શલ્ય સમાન, ચિત્તને બાળનાર બને છે.

**પ્રશ્ન** : ખાસ મુદ્દાસર કયાં કયાં કામો વિચારીને જ કરવા યોગ્ય ગણાય છે ?

**ઉત્તર** : સાચી વાત તો બધાં જ કાર્ય વિચારીને કરનાર જ ડાહ્યો માણુસ ગણાય છે. છતાં થોડાં ગણાવાય છે.

"ચારિત્ર લેવું હોયતો, પોતાની પાળવાની શક્તિનો વિચાર કરીને જ લેવું."

"દીક્ષા ગુરુ બનાવવાના હોયતો, તેમનાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ સમજી લેવાં."

"ગુરુ થનાર મહાપુરુષોએ, શિષ્ય થનારની પૂરી પરીક્ષા કરવી. પછી જ દીક્ષા આપવી."

"ગૃહસ્થે શ્રાવકનાં ૧૨ વ્રતો અથવા એક, બે, ત્રણ, ચાર પણ વ્રતો સમજીને લેવાં."

"નાની મોટી પ્રતિજ્ઞા લેવા પહેલાં, ઠેઠસુધી, નિર્વાહ કરવાની શક્તિ વિચારવી."

"ગૃહસ્થને ઘર લેવું હોયતો, ધર્મી, સદાચારી, સજ્જન, ઉદાર માણસોના પાડોસમાં લેવું."

"તદ્દન ખૂણામાં ઘર લેવું નહીં. બારણાં પુષ્કળ હોય તેવું ઘર નકામું ગણાય છે."

"શિકારી, મચ્છીમાર, ઇંડાં વેચનાર, માંસાહારી, મદિરાપાની, જુગારી

ચોર, રંડીબાજ, અને કજીયાળાના પાડોશમાં ઘર લેવું નહીં. આવા માણસોને નોકર રાખવા નહીં."

"આવા માણસોને દુકાનના વેપારના ભાગીદાર બનાવવા નહીં."

"ઉધાર ધન ધીરતાં પહેલાં માણસને ઓળખવા. ચોર, જુગારી, ખૂની, ક્રોધી, સત્તાધારીને, પૈસા ધીરવા નહીં."

"કોઈની સાથે વિરોધ કરવો નહીં. સ્વપરનું બળ, અબળ વિચારવું."

"વરકન્યાને તપાસીને લેવાં-આપવાં, રોગી, નિર્ધન, ચોર, જુગારી, વૈરાગી, નિર્માલ્ય, મહાક્રોધી, કરજદારને દીકરી આપવી નહીં."

"પોતાથી ઘણા મોટા પૈસાદારની દીકરી ન લેવી. તદ્દન ભિખારીની પુત્રી ન લેવી."

"કજીયાળી, કલંક પામેલી કન્યા લેવી નહીં."

"છોકરાઓને મૂડીની માલિકી ન સોંપવી. પોતાને છોકરાઓની ગરજ પડે તેવા ન થવું."

"યુવતી, પત્ની, બહેન, માતા, ભગિની, પુત્રવધૂને પરપુરુષના વિશ્વાસે ન રાખવી."

"રોગી સ્ત્રીપુરુષે અબ્રહ્મચર્યથી સાવધાન રહેવું." બને તો સંપૂર્ણ શીલ પાળવું.

"પત્ની સગર્ભા હોય તો, સ્ત્રીપુરુષે, અવશ્ય શીલવ્રત પાળવું." બ્રહ્મચર્ય ખૂબ પાળવું.

"બ્રહ્મચર્યના નિયમ લીધા હોય તો, પતિપત્નીએ પણ એકાન્તમાં ન સૂવું."

"બારે માસ, ઓછું ખાવાની, અપથ્ય વર્જવાની ટેવ પાડવી."

"રાત્રિભોજન, શરીરના આરોગ્યને પણ નુકસાન કરનાર છે."

"ભયના સ્થાનોથી બારેમાસ સર્વકાળ ચેતતા રહેવું."

"સિંહ, વાઘ, દીપડા, હાથી, સર્પ, રીંછ, રાજા, નદી, સરોવર, સમુદ્ર, સોની, વાનર, આખલા, પાડા અને અજાણ્યા માણસ—આ બધાંનો વિશ્વાસ કરવો નહીં."

"પત્ની, પુત્રવધૂ, દીકરાનાં, તેમનાં સાંભળતાં વખાણ કરવાં નહીં."

"પત્ની, પુત્રવધૂ, હજામ અને નોકર પાસે, ઘરની ગુપ્ત વાત કરવી નહીં."

"પરગામ, પરદેશ યાને શુભ કામે જતાં બ્રહ્મચર્ય ખંડીને જવું નહીં."

"સારા દિવસોમાં, સારાં કાર્ય કર્યા પહેલાં, અવશ્ય બ્રહ્મચર્ય પાળવું."

"આવક-જાવકનો હંમેશાં વિચાર ન કરે, તેને ડાહ્યા માણસો કહેવાય નહીં."

"આવક ઓછી હોય તોપણ, ચોથોભાગ બચાવનાર ભવિષ્યમાં દુઃખી થાય નહીં."

"ધનવાન, બળવાન, બુદ્ધિમાન અને રાજાના અધિકારીઓ સાથે સરસાઈમાં ઊતરવું નહીં."

"મોટાઓનું અનુકરણ કરવું નહીં, પરંતુ ગુણીનું અનુકરણ જરૂર કરવું."

"કોઈનું પુણ્ય-મોટાઈ, પૂજા, યશ, કીર્તિ જોઈ સાંભળી જવાસાના ઝાડ જેવું થવું નહીં."

"દેવ, ગુરુ, ધર્મના નિંદકોનો પાડોસ, સહવાસ કે ભેગી મુસાફરી કરવી નહીં."

"વિના કારણ કોઈના સ્થાન ઉપર, જવાની કુટેવ પાડવી નહીં."

"પત્ની, પુત્રી, બહેનને કોઈની સાથે, કોઈના ઘેર એકલાં મોકલવા તે જોખમ છે."

"પૈસાની લેવડદેવડ, આપલે કરવાથી, અર્થવગરના વિવાદો કરવાથી,

અને પરસ્પરની સ્ત્રીઓના સમાગમથી, મિત્રતા, નાશ પામે છે. તે યાદ રાખવું."

"આપણાં વખાણ કરવાં, કરાવવાં, સાંભળવાં, છપાવવાં એ અધમતાની નિશાની છે."

જૈનધર્મના કટ્ટર વિરોધી હોય, તેમના સાચા ગુણોનાં પણ વખાણ કરાય નહીં, પરંતુ અનુમોદના જરૂર કરવી."

**પ્રશ્ન :** પ્રશંસા કરવી નહીં અને અનુમોદના કરવી તેનું શું કારણ બંનેનો અર્થ એક જ છે.

**ઉત્તર :** વીતરાગદેવ, ગુરુ ધર્મની પ્રશંસા, અનુમોદના બન્ને કરવાં પરંતુ મિથ્યાત્વી જીવનાં વખાણ કરવાથી, તેના બીજા ધર્માભાસોનો કે અવગુણોનો પણ અજ્ઞાની જીવોને અનુકરણ કરવાનો પ્રસંગ આવી જાય છે. માટે ગુણ સાથે દોષ પણ પોષાઈ જવાનો ભય ધ્યાનમાં રાખી, મિથ્યાત્વીના ગુણો પણ વખાણવામાં ચોક્કસ નુકસાન થાય છે. પરંતુ અનુમોદના માનસિક ક્રિયા છે. તેનાથી અવગુણો પોષાતા નથી માટે અનુમોદના જરૂર કરવી. **"ઉત્સૂત્ર પ્રરૂપણા કરનાર મનુષ્યનાં, દાન, શીલ અને તપ ત્રણે વખાણવા યોગ્ય નથી. કારણ કે દાન, શીલ અને તપથી સુગતિ મળે છે. પરંતુ ઉત્સૂત્ર પ્રરૂપણા દોષથી ઘણો સંસાર વધી જાય છે.**

માટે જ જમાલિ, ગોશાળો વગેરે, ચારિત્રના બળથી દેવગતિને પામ્યા હોવા છતાં, ઉત્સૂત્ર પ્રરૂપણા દોષથી, પોતાનું અને આશ્રિતોનું ભયંકર અકલ્યાણ કરનારા થયા છે. સંસાર વધી જાય છે.

**પ્રશ્ન :** ગોશાળો પ્રભુશ્રી મહાવીરદેવનો મહાદ્રોહ કરનાર હતો. નિન્હકહતો. સુનક્ષત્ર અને સર્વાનુભૂતિ એ મહામુનિરાજોને તેજોલેશ્યાથી બાળી નાખનારો હોવા છતાં, સુગતિમાં ગયો તેનું શું કારણ ?

**ઉત્તર :** ગોશાળાના અજ્ઞાન કષ્ટ પ્રતાપે દેવગતિ થઈ છે અને ત્યાંથી પણ વિમળ-વાહન રાજા થશે. પરંતુ તીર્થંકરદેવની આશાતના અને મુનિઘાતના ભયંકર પાપથી અનંતો સંસાર ભટકશે. અનેકવાર નરક ગતિ પામશે.

આ લખ્યાં છે તેટલાં જ સ્થાનો છે એમ સમજવું નહીં. જે સારું કે ખોટું કામ કરવું. તે વિચારીને કરવું, બીજાની સલાહ મેળવીને કરવું, થોડા દિવસ, થોડો કાળ થોભીને કરવું.

સુષમાને ચિલાતીપુત્રે, સૂચના કરી દીધી. સુષમા પણ જવા તૈયાર જ હતી, તેથી ચિલાતીપુત્રની પાસે હાજર થઈ ગઈ. ગામની પાછળના ભાગમાં થઈને, નાસવાનું હતું. પહેલા ધનના ગાંસડાવાળાઓ, એક પછી એક ટોળાબંધ, ઉતાવળા નાસવા લાગ્યા. થોડા આગળપાછળની વચમાં, સુષમાનો હાથપકડી, ચિલાતીપુત્ર પણ ચાલવા લાગ્યો.

દિવસ હોવાથી; અને વસતિ પણ ભરચક હોવાથી, ધાડપાડુ ઓળખાઈ ગયા. લોકોએ બૂમાબૂમ કરી મૂકી. દોડો રે દોડો, ધનાવહ શેઠનું ઘર લૂંટીને, ચોરલોકો દોડી રહ્યા છે. અને ધનાવહ શેઠની, દેવકુમારીજેવી દીકરીને પણ, ચોરટા લઈ જાય છે. પરંપરાએ બૂમો સાંભળીને, રાજ્યના ચોકીઆતો પણ દોડતા આવ્યા. ધનાવહ શેઠ પણ, પોતાના પાંચ પુત્રો સહિત દોડતા આવ્યા.

ચોરો પણ પાછળના જોરદાર ધસારાથી, ભય પામીને, જોરથી દોડવા લાગ્યા. અને પછી તો જીવના જોખમની વાત આવી લાગવાથી, જેમ જેને ઠીક લાગ્યું, જેટલી જેની તાકાત અનુસાર, પોતાના રક્ષણ માટે દોડવા લાગ્યા. ભીલડાઓ ઘણા દૂર નાસી ગયા, પરંતુ ચિલાતીપુત્ર વેગથી દોડી શકતો ન હતો, કારણ, તેને સુષમાને સાથે દોડાવવાપૂર્વક-દોડવાનું હતું.

ચિલાતીપુત્રને લાગ્યું કે હવે સુષમા ચાલીકે, દોડી શકે તેમ નથી. અને સુષમાની શક્તિ મુજબ, ચાલવામાં પકડાઈ જવાનો ભય હતો. માટે તેણે સુષમાને પોતાના વાંસા ઉપર બેસાડીને, ખૂબ જોરથી દોડવા માંડયું. સુષમાને ઉપાડીને પણ ચિલાતીપુત્ર ગાઉ બે ગાઉ તો વેગથી દોડ્યો, પણ છેવટ તે થાકયો હતો, અને સુષમાનો થાક ઊતર્યો હતો તેથી, તેણે સુષમાને નીચે ઉતારી, હાથ પકડી, દોડવા માંડયું.

આ બાજુ રાજાના સૈનિકો પૂરવેગથી ધસ્યા આવે છે. તથા થોડા જ નજીકમાં ધનાવહ શેઠ, પોતાના પાંચ પુત્રો સહિત, દોડતા આવી રહ્યા છે. શરૂઆતમાં ચિલાતી-પુત્રના આકર્ષણને વશ બનેલી સુષમા, દોડી પણ થાકી ગઈ. સુષમા એક શ્રીમંત શેઠની બાળા હતી. માતાપિતા અને ભાઈઓને લાડીલી પુત્રી હતી. તેના કપાળનું તેજ ચંદ્રને ક્ષણવાર ઝાંખો બનાવે તેવું હતું. ટુંકાણમાં તે ખૂબ સુકુમાર હતી. તેણે કયારે પણ ટાઢ તડકો જોયો ન હતો, મુસાફરી કરી ન હતી, ક્ષુધાનો અનુભવ લીધો ન હતો.

**ચિલાતીપુત્ર** કહે છે : સુષમા હવે આવું હળવું ચાલવાનો અવસર નથી. પાછળ જોઈ લે. આપણને પકડનાર સૈનિકો, હવે ઘણા નજીક દેખાય છે. હવે ચાલવાથી નહીં ચાલે. હવે તો દોડવું જ પડશે. સુષમા છેક થાકી ગઈ હતી. થાક, ક્ષુધા, તૃષા ખૂબ લાગવાથી ચાલવાની બધી શક્તિ, લગભગ ખલાસ થવાથી, સુષમાના શરીરમાંથી બધું જોમ અદૃશ્ય થઈ રહ્યું હતું, અને આંખમાંથી ચોધાર આંસુ ચાલતાં હતાં.

**ચિલાતીપુત્ર :** જવાબ નહીં આપે? સુષમા તું? ચાલીશ નહીં તો, આપણી બધી આશાઓ ધૂળમાં રગદોળાઈ જશે. અત્યારે બહાદુર બનવાનો અવસર આવી ગયો છે. રોવાથી હવે ચાલવાનું નથી. અત્યારે આપણો જે સમય જઈ રહ્યો છે, તે મરણ, જીવનની વચમાં તોળાઈ રહ્યો છે. મારું આ બધું સાહસ તારા માટે છે.

**વળી ચિલાતિપુત્ર** કહે છે, હું ધન ચોરવા આવ્યો નથી. ધન તો મેં પહેલાંથી જ મારા સાથીદારોને, બક્ષીસ આપી દીધું છે, મારી માયામૂડી ફક્ત તું જ છે. મેં તારા માટે જ મારા પ્રાણો જોખમમાં મૂકયા છે. થોડું સાહસ કરીને દોડીશું તો આ નજીક દેખાતી ઘાટી વનરાજિમાં પહોંચી જઈશું. ઝાડોની ઝુંડઘટામાં પેઠાપછી, આપણને દેવ કે વિદ્યાધર પણ દેખી શકે નહીં, તો પછી માણસોની શી તાકાત? માટે થોડું બળ લાવીને જોસથી દોડવાની જરૂર છે.

**સુષમા** કહે છે, તમારી બધી વાત બરાબર છે. હું પણ તમો કહો છો તે બધું આગળ અને પાછળ જોઈ શકું છું. કટોકટી પણ સમજું છું, પણ શું કરી શકું? મારા સમગ્ર શરીરમાં થાક ભરાઈ ગયો છે, હાથ, પગ પણ થાકી ગયા છે, સૂજી ગયા છે. પગના તળિયામાંથી, લોહી ચાલે છે, સેંકડો કાંટા લાગ્યા છે, કાંકરા ખૂંચી ગયા છે. એક ડગલું પણ ચાલવાની હવે મારા શરીરમાં–પગમાં શકિત નથી.

આટલું બોલતાં બોલતાં, સુષમાનું હૈયું ભરાઈ ગયું. ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગી. સુષમા એક પદ્મિની બાળા હતી. શ્રીમંતની સુંવાળી પુત્રી હતી. જિંદગીમાં પણ પોતાની પોળ બહાર, ધર્મસ્થાનોને છોડીને, જવાનું કે ચાલવાનું થયું નથી. માણસને વિકારોના આવેશો કેવા ભયંકર સ્થાનોમાં ઘસડી જાય છે?

સુષમાની આવી અકળામણ તથા અશકત દશા અને તેજ કારણે નારીજાતિસુલભ-દીનતા પણ ખૂબ જણાવા છતાં, પાષાણ હૃદયને પણ દયા આવે તેવો દેખાવ જોવા છતાં પણ, મહાનિર્દય અને કામવિકારી, અધમઆત્મા ચિલાતીપુત્રને જરા પણ અસર થઈ નહીં.

**પ્રશ્ન :** જગતના માણસો સ્રીપુરુષના મેળાપને, પ્રેમતરીકે ઓળખાવે છે, તે સાચું છે?

**ઉત્તર :** રાગ નામનું દશમું પાપસ્થાનક છે. તેના જિનેશ્વરદેવોએ **ભક્તિરાગ, દૃષ્ટિરાગ, સ્નેહરાગ, કામરાગ**–આવા અનેક ભેદો બતાવ્યા છે. માતાપિતા, વડીલવર્ગ, ઉપકારીવર્ગ પ્રત્યેનો રાગ તે **ભક્તિરાગ.** દેવ, ગુરૂ, ધર્મનું સ્વરૂપ સમજ્યા સિવાય, ગતાનુ-

ગતિક ધર્મનું આચરણ તે **દૃષ્ટિરાગ.** નાનામોટા – મિત્રો, ભાઈઓ, પુત્ર – પુત્રીઓ પ્રત્યેનો રાગ, **સ્નેહરાગ** અને પત્નીઓ પ્રત્યેનો રાગ, તે **કામરાગ** જાણવો.

આવા પ્રત્યેક રાગો પણ પોતાના અંગત સ્વાર્થને અનુસરે છે. જેમાં સ્વાર્થ બગડતો હોય, તેમાં ઉપરના રાગમાં અવશ્ય પલટો આવે છે. આ સ્થાને પણ ચિલાતિપુત્રને પત્ની તરીકે સુષમા ઉપર રાગ હતો પરન્તુ,

સ્વાર્થ બગડતાં રાગ પણ દ્વેષમાં પરિણામ પામે છે. માટેજ અફસોસ સાથે કહેવું જોઈએકે, જગતના અધમપુરૂષોએ, વિકારનાકીડાઓએ, કેવળ પોતાની વાસનાને આગેવાન બનાવીને, આવાં સુષમા જેવાં નારીરત્નોની જિંદગી બગડાવી છે. આલોક અને પરલોકનું સત્યાનાશ વાળ્યું છે.

આવા અધમ મનુષ્યોએ, ફક્ત પોતાની વાસનાને પોષવા, બિચારી ભોળી બાળાઓને, ભરમાવીને, ફસાવીને, માતાપિતા કે ભાઈભાંડુથી પણ વિપરીત બનાવીને, ઉંધા–ચત્તા પાઠો ભણાવીને, જીવન બરબાદ કરાવ્યાના, આલોક–પરલોકના જીવનમાં આગ ચાંપી સળગાવી મૂકયાના, ઇતિહાસોમાં અને સાક્ષાતનજરે દેખાતા હજારો દાખલા જાણવા મળે છે.

**પ્રશ્ન :** વર્ષો સુધી એકમેક રહેવા છતાં, પરસ્પરના રહેણીકરણીના અનુભવો મળવા છતાં, આવી આર્યબાળાઓ, આવા બિલ્લડાઓના ફંદામાં કેમ ફસાતી હશે? આવા કડવા અનુભવો જોવા છતાં, ઉપેક્ષા કેમ સેવાતી હશે?

**ઉત્તર :** વાસના એટલી દુષ્ટ વસ્તુ છેકે, વાસના પરવશ થયેલો જીવ, પોતાના કુળને, શીલને, આચારને, માતાપિતાની લાગણીને, કુળની આબરૂને, અને પોતાના ભવિષ્યને પણ ભુલી જાય મૂકે છે કેટલીક મુગ્ધ બાળાઓ, પ્રારંભમાં વિકારને વશ બનીને, અકાર્ય કરી નાખે છે. તે વખતે ભવિષ્યનો ખ્યાલ આવતો નથી. પરંતુ જ્યારે પ્રેમ પરવશ બનાવે છે, ત્યારે છટકવા ઈચ્છે, તોપણ કસાઈના હાથમાં પકડાએલી બકરીની માફક, છટકી શકતી નથી. ઢસડાય છે. અગર સગર્ભા બને છે ત્યારે, પોતાની ઉતાવળનો–અવિચારનો ખ્યાલ આવે છે

પરંતુ હવે શું થાય? અફીણ ઘોળીને પીધા પછી, ભરેલ કૂવામાં ભુસકો લગાવ્યા પછી, ગળામાં ફાંસો ભીડાવ્યા પછી ઉપાય શું? હવે મર્યે જ છુટકો. જેમ કસાઈના પાસલામાં ફસાયેલી બકરીને, હવે મર્યા સિવાયનો માર્ગ જ નથી. તેમ કુમારિકા, વિધવા,

કે ત્યક્તા. આવા માનવ રાક્ષસોના હાથમાં ફસાયા પછી છૂટી થઈ શકતી નથી. તેથી કાંતો આત્મઘાત કરવો પડે છે, એટલે અગ્નિસ્નાન, ગળે ફાંસો કે અન્ય કોઈ ઉપાયે પ્રાણો ગુમાવે છે, કેતેજ નરાધમો બિચારી બાળાઓને, સળગાવીને, તરવારથી, ઝેરથી, અગ્નિથી મારી નાખે છે.

આ સ્થાને સુષમાબાળા પણ, ખૂબ શ્રમિત થવા છતાં, ચિલાતિપુત્ર ખેંચે છે. સુષમા બકરીની માફક ઢસડાય છે. બકરી બરાડા પાડે છે, સુષમા રુએ છે. ક્ષુધા, તૃષા, થાકનું જોર વધી રહ્યું છે. શરીરના પ્રત્યેક અવયવોમાં, જાણે અગ્નિ લાગી હોય તેમ, સુષમાનું ચિત્ત અને શરીર પણ, તદ્દન શ્યામ-કાળાં પડી ગયાં છે. ગળું-તાળવું-હોઠ સુકાય છે. તેટલામાં ધનાવહ શેઠ અને તેમના પુત્રો ખૂબ નજીક આવી ગયા છે.

**ધનાવહશેઠ,** ચિલાતીપુત્ર, અને સુષમાને જોઈને કહે છે.

**ઓ ચિલાતી પુત્ર! તેં મારું અનાજ ખાધું છે. મારા કુટુંબે તને પોતાના વહાલા પુત્રની માફક ઉછેર્યો છે. જરા ઉભો રહી જા! આ મારી પુત્રી સુષમા, અમારા કુટુંબને પ્રાણ થકી પણ બહુ વહાલી છે. માટે તેણીને એબ લગાડ્યા સિવાય, ડાઘ લગાડ્યા સિવાય, અભડાવ્યા સિવાય, છોડીદે. હું તારા બધા ગુના માફ કરું છું.**

**મારે મારું લૂંટાયેલું ધન ભલે વેડફાયું, એની જરા પણ ચિંતા નથી. માત્ર અમને અમારું આ પુત્રીધન, પાછું મળે, એટલે બસ. હું પુત્રીને-સુષમાને પાછી લેવા જ દોડી રહ્યો છું. આ પુત્રીના વિરહથી, તેની માતા અને ભાઈઓ પણ રડી રહ્યા છે. આહાર પાણી લેતા નથી. પુત્રી નહીં મળે તો, તેની માતા અને હું અર્ધા આયુષે રડી રડીને, ઝૂરી ઝૂરીને, દુર્ધ્યાનથી મરી જશું. અમારી દયાનો પણ વિચાર કરજે.**

**અમે તારી માતા અને તારી ઉપર કરેલા ઉપકારનો વિચાર કરીને, વળી આ પુત્રીના વિયોગથી થનારી અમારી દુર્દશાને વિચારીને, અમારા સમગ્ર કુટુંબના પ્રાણના બચાવ માટે, અમારી વહાલી દીકરી સુષમાને છોડી દે. અને તારે જ્યાં જવું હોય ત્યાં ખુશીથી જા. અમે સુષમાને લઈને પાછા જઈશું. હું પ્રતિજ્ઞાપૂર્વક બોલું છું કે, તારા બધા ગુના માફ. માત્ર મારી વહાલી દીકરી મને પાછી આપી દે.**

ચિલાતીપુત્રે, શેઠનાં આવાં કાકલુદીભરેલાં બધાં વચનો સાંભળ્યાં. સુષમાએ પણ પિતા અને ભાઈઓનું પોતા પ્રત્યેનું વાત્સલ્ય, અને સુષમાને પાછી મેળવવા માટે, પિતાજીની આવી દીનતાપૂર્ણ વાણી બરોબર સાંભળી, એ બાજુથી જિંદગી જોખમવાળી પણ સમજાઈ. નાસવાની હવે સગવડ નથી, અને ચાલવાની તાકાત પણ નથી. સાથે વાત્સલ્ય ભરેલા માબાપની જિંદગીના જોખમનો પણ વિચાર આવ્યો.

અને સુષમા જમીન ઉપર પછડાઈ ગઈ. બે આંખોમાંથી આંસુની ધારાઓ, અને આખા શરીરમાંથી પરસેવાના બિંદુઓ ઉભરાવા લાગ્યા. સુષમાનું રડવું અટકતું નથી. આઘાતનો પાર નથી, માથું ચકરચકર ભમવા લાગ્યું. જાણે આખું બ્રહ્માંડ ભમતું હોય તેવો ભાસ થવા લાગ્યો.

અહીં ચિલાતીપુત્રે વળી સુષમાને ઉત્તેજીત કરવા પ્રયત્નો ચાલુ કર્યા. સુષમા ? પાછળ જો; તારા બાપા અને ભાઈઓ, હવે સો ડગલાં નજીકમાં આવી ગયા છે. ખરેખરા કસોટીના સમયમાં, આવી નિર્માલ્યતા, આપણા પ્રેમમાં મોટા વિઘ્ન સમાન છે. આપણે અત્યાર સુધીમાં વિચારેલું, આજે ધૂળમાં રગદોળાવાની અણી ઉપર છે. ઊભીથા, અને આપણા પરસ્પરના સ્નેહનો વિચાર કર !

**સુષમા મારો તમારા પ્રત્યેનો સ્નેહ ન હોત તો હું આવું જોખમ ખેડત ખરી ? મારો અંતર સ્નેહ ન હોત તો, દેવલોક જેવું બાપનું ઘર, અને અમૃતના ઓડકાર જેવા, માબાપના વાત્સલ્યને પડતા મૂકી, આ ભયંકર ભાઠાઓમાં, ભટકવાનું સાહસ કરત ખરી ? હું તમારાથી બદલાઈ નથી. પરંતુ મારી શક્તિ ખોવાઈ જવાથી, મારી ધીરતા પણ ખોવાઈ ગઈ છે. મારામાં ઊઠવાની જ શક્તિ નથી.**

**માટે હવે પિતા અને ભાઈઓના પગમાં પડી, આપણે બંને જણાઓએ, આપણા અપરાધનો એકરાર કરી, માફી માગવી જોઈએ. છેવટે પિતા તે પિતા જ છે. જરૂર આપણા બધા ગુના માફ કરશે. સાથોસાથ આપણી ઇચ્છાઓ પણ પૂરી જ કરશે. હું એક આર્ય બાળા છું. હું તમને છોડી બીજાને વરીશ નહિ.**

સુષમાએ પોતાના શરીરનો વિચાર કરવા સાથે, પિતાનાં વચનોનો પણ વિચાર કરી જોયો. સાથે બચાવનો બીજો માર્ગ નથી, એ પણ વિચારી લીધું. માતાપિતાના વાત્સલ્યને, પોતાના શરીરની અશક્તિને, અને ચિલાતીપુત્રને આપેલા વિશ્વાસને, ત્રણમાં કોઈને નુકસાન ન પહોંચે, પણ સંપૂર્ણ રાહત મળે, તેવું ડહાપણભર્યું ટૂંકું–મૃદુ અને અને સમયોચિત વાક્ય ચિલાતીપુત્રને કહી દીધું.

સુષમાની અશક્તિને ચિલાતીપુત્ર કળી ગયો. હવે દોડાવીને, કે ઉપાડીને, સુષમાને લઈ જવાનું તેને અશક્ય સમજાઈ ગયું. સુષમા પાછી માબાપના કબજામાં જઈને, નહીં

જ બદલાય. આ વાત સો ટકા તો કેમ જ મનાય ? વળી સુષમાનું ગમે તેટલું મારા પ્રત્યેનું આકર્ષણ હોય તોપણ, મા – બાપ – સગા – સ્નેહીઓ–જ્ઞાતિજનો પણ હીનકુલના અને ધાડપાડુ ભિલ્લડા એવા મને, આવી પદ્મિની પુત્રી કેમ આપે ?

સુષમા ચત્તીપાટ પડી હતી. અને રોતી હતી. આંખોમાંથી આંસુ ચાલતાં હતાં. અને વિચારો આવ્યા, મેં ખૂબ જ ભૂલ કરી છે. મેં મારા કુળની ખાનદાનીનો વિચાર કર્યો નહીં, માતા–પિતા અને ભાઈઓના વાત્સલ્યનો વિચાર કર્યો નહીં. મેં મારા ધર્મનો વિચાર ન કર્યો. અરે, મેં મારા શરીરની શકિતનો પણ વિચાર ન કર્યો.

કયાં ધન–ધાન્યથી ભરેલી પિતાજીની હવેલી ? કયાં કુટુંબના મનુષ્યોનો કિલકિલાટ ? કયાં સુકુમાર–દુકુલની શય્યા ? અને કયાં કાંટા–કાંકરા–ખાડા–ટેકરામય–ભયંકર ભૂમિ ? મેં મારી જિંદગીને, કલંકમાં–દુખમાં અને ભયમાં ધકેલી દીધી. એક આર્ય બાળા તરીકેની આબરૂને મેં કોલસાથી પણ કાળી બનાવી. કુલટા કન્યાઓની ઓળમાં મારું નામ નોંધાઈ ગયું. મારા આવા અવિચારી કૃત્યને હજારો વાર ધિક્કાર !

મેં મારા પિતા–માતા અને ભાઈઓની લાખોની મિલકતની બરબાદી સરજાવી. મા–બાપ–ભાઈઓને રડતાં બનાવ્યાં. અને આખી જિંદગી પારકાં ટોણાં ખાતાં કરી મૂકયાં. મા–બાપનો બદલો વાળવાની જગ્યાએ વિશ્વાસઘાત કર્યો. આવું બધું અધમ કાર્ય કરાવનાર કામવિકારોથી છલોછલ ભરેલી સ્વચ્છંદતાને, હજારો વાર ધિક્કાર. હવે મારા બચાવ માટે શું ઉપાય કરવો ?

" પ્રથમ વિચાર કર્યા નહી, હવે કર્યે શું થાય ?
વિષ્ટામાં ગંગાજળ ભળ્યું, જુદું કેમ કરાય ? " ૧

"સુખ મેળવવા પીધું ઝેર, ગયું પેટ ત્યાં પ્રકટ્યો કેર,
દેહમાં પ્રકટી લાયેલાય, હવે બળાપો કીધે શું થાય ?" ૨

દીવો પકડી કૂવામાં પડે, કાંઠો કયાંય દેખ્યો નવ જડે,
પછી મૂર્ખ મોટેથી રડે, હવે બળાપો કીધે શું વળે ? ૩

**ચિલાતીપુત્રે** સુષમાની શક્તિનું અને વિચારનું માપ કાઢી લીધું. સુષમા હવે આવવા તૈયાર નથી. શેઠ અને સૈન્ય લગોલગ થવાની તૈયારી છે. હવે શું કરવું, છેલ્લો દાવ અજમાવી જોઉં.

**ચિલાતીપુત્ર** : સુષમા ! કેમ હવે ચાલવું છે કે નહીં ?

**સુષમા** : મારી ચાલવાની કે સાથે આવવાની જરાપણ આનાકાની નથી. પરંતુ મારું શરીર હવે ચાલી શકવા તૈયાર નથી. હું શું કરી શકું ? મને ઊભી થવાની પણ તાકાત નથી. મારા પગનાં તળિયાં લોહીલોહાણ થઈ ગયાં છે.

**ચિલાતીપુત્ર** : પાછળ જો તો ખરી, લોકો આપણને પકડવા સાવ નજીક આવી ગયા છે. હવે શું થશે ?

**સુષમા** : કાંઈ નહીં થાય. છેવટે તેઓ બાપ છે, અને આપણે બાળક છીએ. બાળક ભૂલે; મા-બાપ સુધારે.

**ચિલાતીપુત્ર** : બસ હવે તારે આગળ ન વધવું એ જ નિશ્ચય છે ને ? આ મારો છેલ્લો પ્રશ્ન છે, બોલ શું વિચાર ?

**સુષમા** : મારો વિચાર તમારો વિરોધી નથી. હું તમારાથી બદલાણી નથી. પરંતુ મારા શરીરમાં તાકાત નથી એટલે મારું શરીર મારાથી બદલાઈ ગયું છે. માટે લાચારી સિવાય બીજો ઉત્તર શું આપું ?

**ધરણી ઉપર ઢળી પડેલી બાળા સુષમાના, છેલ્લા શબ્દો સાંભળીને ચિલાતીપુત્રનો, સુષમાના રૂપપ્રત્યેનો રાગ હવે દ્વેષમાં ફેરવાઈ ગયો. આવી રૂપરંભા પદ્મિની, મારી મટીને બીજાની કેમ થાય ? હું ન ભોગવી શકું તો, બીજો કેમ ભોગવી શકે? બીજાને હાથોહાથ ભોગવવા કેમ દેવાય ? ખવાય નહીં તો છેવટે ઢોળીતો નંખાયને? આવા આવા અનેક કુવિચારોથી, ચિલાતીપુત્રના દ્વેષે મર્યાદાને વટાવી દીધી. અત્યાર સુધીની પ્રાણથીપણ વહાલી સુષમા, હવે મહાવિકરાળ વૈરિણી દેખાવા લાગી.**

**અને છેવટે અધમ વિચારોને વશ બનેલા, ચાંડાલથી પણ દુષ્ટ ચિલાતી પુત્રે અત્યાર સુધી શત્રુઓનો સામનો કરવા પાસે છુપાવી રાખેલી, યમરાજની લપલપાયમાન જીભ્હા જેવી, વિકરાળ તરવારને મ્યાનમાંથી ખેંચીને. "સુષમા હવે આપણે છેલ્લા પ્રણામ" બોલીને કેળના ગર્ભ જેવી સુંવાળી સુષમા બાળાની ડોક ઉપર ફેરવી નાખી. સુષમાનું મસ્તક ધડથી જુદું થઈ ગયું.**

અધમ આત્મા ચિલાતીપુત્ર બાળાનું ચોટલા સહિત મસ્તક હાથમાં પકડીને નાસતો નાસતો આ તમારી સુષમાને સંભાળી લેજો. એવું પરિવારસહિત ધનાવહ શેઠને સંભળાવીને, દોડીને જટાજુટ ઝાડોના જૂથમાં અદૃશ્ય થઈ ગયો. અને બીનગુનેગાર, બિચારી ગભરુ બાળાનો આત્મા, સમુદ્રના પાણીમાં બિંદુ ભળી જાય તેમ અનંતાનંત જીવરાશિમાં સમાઈ ગયો. કોઈ કવિ

દીપક સગ વિલોકી, રત્ન જેવી રૂપાળી શલભનિકટ ઉડી નાખતા દેહબાળી,
કુટીલ દીપ કૃતઘ્ની એહ પાળે ન નીતિ પ્રથમ કરી પરીક્ષા, તે પછી બાંધ પ્રીતિ

ચિલાતીપુત્ર અને સુષમાબાળાના કઠોર અને કરુણ વાર્તાલાપને, અસ્પષ્ટ સાંભળતા ધનાવહ શેઠ અને તેના પાંચ યુવાન પુત્રો, વધારે જોરથી આવી રહ્યા હતા. વૃક્ષોની આડ હોવાથી, કશું જણાતું નો'તું, તથા સમજાતું પણ નો'તું. પરંતુ બંને સ્વર જાણીતા હોવાથી, ઓળખી લીધા હતા અને આશા બંધાઈ હતી, એટલે પોતાની વૃદ્ધ દશા પણ અત્યારે જુવાન જેવું કામ કરતી હતી. પ્રાણીની આશા–થાક–ક્ષુધા–તૃષાને.પણ ભુલાવી દે છે.

વૃક્ષોની ઘટા હોવાથી સુષમાનું ખૂન થયું દેખાયું નહીં. પરંતુ સુષમાની ચીસ જરૂર સંભળાઈ હતી, એટલે કલ્પના થઈ કે બાળા થાકીને પડી ગઈ હશે? અથવા કાંટો કે બીજું કશું લાગ્યું હશે? ખૂનની કલ્પના પણ કેમ હોય? ત્યાં તો સાવ નજીકમાંઆવી ગયા, અને ક્ષણ વાર તરફડિયા મારતું, મસ્તક વગરનું ધડ જોયું. પ્રાણો નીકળી ગયા. શરીરમાંથી ધોધમાર લોહી નીકળી રહ્યું હતું. લોહીથી નજીકમાં એક ખાબોચિયું ભરાયું હતું.

ધનાવહ શેઠ અને તેના પાંચ પુત્રો, આ ભયાનક દૃશ્ય જોઈ કંપી ઉઠયા, તમ્મર આવ્યા, મૂર્ચ્છા આવી ગઈ. છએ જણા જમીન ઉપર પટકાઇ ગયા. ક્ષણવારે મૂર્ચ્છા વળી. બાપ–બેટા ખૂબ રોયા, વિલાપો કર્યા. તે વખતનો આ કરુણ દેખાવ જોઈ, વનેચર પશુપક્ષીઓનાં ચક્ષુઓમાંથી આંસુ સરી પડ્યાં. અને ક્ષણ વાર સૂન–મૂન ( શૂન્ય અને મૌન ) થઈ ગયાં.

છેવટે વહાલી દીકરીના મસ્તક વગરના ધડને, ઉપાડી, છાતી ફાટી જાય તેમ, રડતા રડતા ઘેર આવ્યા. આખા નગરમાં, આ વાતની જાહેરાત થઈ ગઈ. શોકથી કે કુતૂહલથી, હજારો નરનારીનો સમુદાય ભેગો થઈ ગયો. બાળાના ધડનો દેખાવ જોઈને, આવી અપ્સરા જેવી છોકરીનું, આવી રીતે ભયંકર મરણ, ભલભલાના ચિત્તમાં શોકનું કારણ બન્યું. નગર આખામાં હાહાકાર વર્તાઈ ગયો. સંસારને ધિક્કાર છે. વિષયોની વાસનાઓને હજારો વાર ધિક્કાર!

નાની બાળકીને રમાડવા રાખેલો, ઘરની નોકરડીનો છોકરો, આવો અધમ નીકળ્યો. ચાંડાલ પણ ન કરે તેવું, અધમ કૃત્ય કર્યું. આ પ્રસંગ આજે પણ વાંચનારનાં ચિત્તને હચમચાવી મૂકે તેવો છે. તો પછી જેમણે સાક્ષાત્ જોયો હશે, તેમને કેટલો આઘાત થયો હશે. આ બનાવ જૈનશાસનના ગ્રન્થોમાં અતિ પ્રસિદ્ધ છે. માટે જ ડાહ્યા માણસોએ વિચારવું જોઈએ કે :

"નારી, પુત્રી, બહેનના, શીલ–રક્ષણને કાજ ।
ઘર–નોકર–નર નવ કરે, રહે ધર્મ ને લાજ."

"નોકર સાથે દીકરી, ભગિની કે ઘરનાર ।
ક્ષણ રાખે એકાન્તમાં, એ પણ એક ગમાર."

પોતાની દીકરી, બહેન, પત્ની કે માતાના શીલ રક્ષણ માટે, ઘરમાં પુરુષ–નોકર ક્ષણવાર પણ રાખવો નહીં. રાજા મહારાજાઓ કે શ્રીમંતો, દાસીઓ, નોકરડી, કામ કરનારી, રાખે છે.

પરંતુ પુરુષનોકર ( દુકાનમાં રાખે ) ઘરમાં રાખે નહીં. આવી વાતો તદ્દન સાચી છે. આજે ચાલુ સ્વચ્છંદતાના જમાનામાં, આવા જ બનાવો હજારો કે લાખો બની રહ્યા છે. માટે પ્રત્યેક બુદ્ધિમાને, પોતાનું ઘર અને કુટુંબ સંભાળવું પોતાની ફરજ છે.

"જગ સઘળું નિજ સ્વાર્થમાં, સદા રહે મસ્તાન ।
સ્વાર્થ નાશ થઈ જાય તો, થાય તુરત દુશ્માન."
"કોઈ ચીજ વહાલી નથી; વહાલો સૌને સ્વાર્થ ।
ધર્મ જિનેશ્વરદેવનો, જ્યાં કેવલ પરમાર્થ."

મહાપુરૂષો પણ કહી ગયા છે કે—

"તારું કો નહીં એણે સંસાર, તારું કોઈ નથી હિતકાર રે?
સંવેગી સુંદર! બુજ્ઝ? મા મુજ્ઝ ગમાર!
"તું કોઈનો નથી નિરધાર રે સંવેગી સુંદર!
બુજ્ઝ! મા મુજ્ઝ! ગમાર!"
"જ્યાં લગી કારજ નિજ સરે રે, ત્યાં લગી દાખે નેહ ।
સુરીકાન્તાનીપરેરે, છટકી દેખાડે છેહરે ॥ સંવેગી!" ૧
"ચુલની અંગજ મારવા રે, કુડુંકરે જતુગેહ ।
ભરત બાહુબલી ઝુઝિયા રે. જોજે ભાઈઓના નેહ રે!"
"શ્રેણિક પુત્રે બાંધીઓ રે, લીધું વેંચી રાજ!
દુઃખ દીધું બહુ તાતને રે, જો જો પુત્રનાં કાજ રે. સંવેગી સુંદર!"

**અર્થ** : જ્ઞાની અને સમસ્ત જગતના ઉપકારી, પરમાત્મા જિનેશ્વર દેવ, ફરમાવે છે કે હે સંવેગી સુંદર! દેવલોકનાં સુખો પણ દુખમય સમજેલા આત્મા! આ જગતમાં તારું કોઈ જ નથી. અને તું પણ કોઈનો જ નથી. આપણે બધા વૃક્ષ ઉપર ભેગા થએલા પક્ષીઓના ટોળા જેવા છીએ. સૌ–સૌના સ્વાર્થમાં જ તરબોળ બનેલા છીએ, પોતાનો સ્વાર્થ હોય ત્યાં સુધી જ માતા–પિતા–ભાઈ–ભગિની–પુત્રો–પુત્રીઓ–મિત્રો–કુટુંબીઓ પોતાપણું બતાવે છે. સ્વાર્થ મટ્યો પછી, મુખ બતાવવા પણ આવતા નથી.

વર્તમાન અથવા સર્વકાળમાં, સ્વતંત્રતાની ( સ્વચ્છંદતાની ) હિમાયત કરનારા મહાનુભાવો, ચિલાતીપુત્ર અને સુષમાબાળાના સમાગમને, બરાબર વાંચે અને વિચારે તો, કોઈ પણ કુટુંબોમાં, અથવા કોઈ પણ વ્યક્તિમાં, પ્રચારને પામતી સ્વચ્છંદતાને, ટેકો કે પ્રોત્સાહન આપવાનું અટકાવવા ભાવના થયા વિના રહેશે નહીં.

સુષમા. એક શ્રીમંત કુટુંબની અતિ વહાલી પુત્રી હતી. માતાપિતા અને ભાઇઓ–ભોજાઈઓનું સર્વસ્વ હતી. લાડકોડમાં ઉચ્છરેલી હતી. કમળના પત્ર જેવી સુકુમાર હતી. રાજદરબાર કે ક્રોડપતિના ઘરમાં દીપી ઉઠે તેવું રૂપ હતું, લાવણ્ય હતું. કોયલના જેવો શબ્દનો રણકાર હતો. ફક્ત ગૃહસ્થ દશામાં વસીને આરાધાય તો પણ, દેવગતિમાં લઈ જાય તેવાં ધર્મનાં સાધનો હતાં. વીતરાગશાસનની સગવડોથી ભરેલા શહેરમાં જન્મ મળ્યો હતો.

એક પાક્ષિક આલોક પરલોક બન્નેને, સફળ બનાવે તેવો, સુષમાનો માનવ અવતાર પણ, ઘરની દાસીના છોકરાના ક્ષણિક પ્યારમાં અદ્રશ્ય થઈ ગયો. હુતાશણીની આગ જેવા અધમ–ચિલાતીપુત્રના દ્વેષાગ્નિમાં બળીને ખાખ થઈ ગયો. ઇન્દ્રજાળ જેવા વાવંટોળમાં સમાઈ ગયો.

આવા બિચારા અજ્ઞાની જીવો, અનંતી પુણ્ય રાશીઓ ખર્ચીને. મેળવેલા માનવ જન્મને પણ ક્ષણવારના, ઝાંઝવાના નીર જેવા, તુચ્છ વિષય સુખની લાલસામાં વેચી નાંખે છે. અને પાછા ચોરાસી લાખ જીવયોનિઓના ચકવામાં ચાલ્યા જાય છે. અફસોસ, તે બિચારી નિર્દોષ બાળાને હવે પાછો આર્યદેશ, આર્યકુળ, માનવશરીર, નીરોગી શરીર અને વીતરાગ દેવગુરુ ધર્મની જોગવાઇ કયારે મળશે ? હમણાં તો અનંતાનંત અજ્ઞાનના ઢગલામાં ખોવાઇ ગયો છે.

**ઇતિ ઘરનોકરના અનાચાર કથા છઠી સમાપ્ત ।**

## વળી એક ખાનદાન કુટુંબની બાળાએ, ઘરનોકરના રાગમાં રંગાઈને મચાવેલા તોફાનની જાણવાયોગ કથા લખાય છે.

આ ભરતક્ષેત્રમાં, મહાપુર નામના નગરમાં ક્ષત્રિય શિરોમણી નરસુંદર નામનો રાજા રાજ્ય કરે છે. તેને પુત્ર થકી પણ ખૂબ વહાલો, અતિસ્નેહનું અને રહસ્યનું સ્થાન, હરિવીર નામનો મિત્ર હતો. શસ્ત્ર–અસ્ત્ર વિદ્યાઓમાં પ્રવીણ અને બળવાન હોવાથી, રાજાએ હરિવીરને સર્વસૈન્યનો અધિપતિ બનાવ્યો હતો.

તે નરસુન્દર રાજાને ભોગપુર નગરનો સ્વામી, ભોગરાજા મામા થતા હતા. મામા–ભાણેજને પરસ્પર સ્નેહ ખૂબ હોવાથી, પરસ્પરના મદદગાર પણ હતા. નરસુન્દર રાજા ચાર પ્રકાર સૈન્ય અને કોષથી ઘણો બળવાન હોવાથી, ભોગરાજાને નિશ્ચિતતા રહેતી હતી.

એકવાર સૂરપુરના રાજા સૂરપાલ સાથેના યુદ્ધમાં ભોગરાજા હારી ગયો, અને લશ્કર સહિત નગરમાં પેસી દરવાજા બંધ કર્યા. સૂરપાળે નગરને ઘેરી લીધું, ભોગરાજા ગભરાયો, અને પોતાના ભાણેજ નરસુન્દર ઉપર ગુપ્તચર મોકલીને, ખબર આપ્યા. નરસુન્દર. મામાની મુશ્કેલીના સમાચાર મળતાં જ ઉશ્કેરાઈ ગયો. અને પ્રયાણનું નગારું વગડાવ્યું.

નરસુન્દર રાજાની તૈયારી જોઈને, હરિવીર નજીકમાં આવી, પ્રણામ કરી, હાથ જોડી, વિનવવા લાગ્યો. સ્વામિન્ મારા જેવા સેવકોની વિદ્યમાનતામાં, આપ મહાપુરુષને લડાઈ કરવા જવાની વિચારણા પણ શા માટે ? આજ્ઞા ફરમાવો, સેવક જવા તૈયાર છે. સૂર્યના પ્રતાપની સહાયથી, લંગડો પણ સૂર્યનો સારથિ અરુણ, જગદ્વ્યાપી અંધકારનો નાશ કરી શકે છે.

હરિવીરની ભક્તિ અને શક્તિને ધ્યાનમાં લઇને, નરસુન્દર રાજાએ, ઘણું લશ્કર આપી, હરિવીરને રવાના કર્યો. હરિવીર પણ સારા શકુનો પામીને, બહુ શિઘ્રતાથી ભોગપુર નગરની નજીક પહોંચી ગયો. સૈન્યની વિશાળતા, લડવાની તાકાત, અને વ્યૂહ રચવાની બુદ્ધિથી, હરિવીરે સૂરપાળ રાજાને હરાવ્યો, નાસી ગયો. અને ભોગરાજાએ સૂરપાળનો કેટલોક ધનભંડાર અને હાથી–ઘોડા વિગેરે લશ્કર કબજે કર્યું. હરિવીરની સહાયથી ભોજરાજાની હાર પણ વિજયમાં ફેરવાઈ ગઈ.

ભોગ રાજાને હરિવીરની સહાયથી જિત મળી. ધન અને લશ્કર મળ્યું. ગયેલી આબરૂ પાછી આવી, તેથી હરિવીરના ઉપકારનો બદલો વાળવા ખૂબ જ તાલાવેલી લાગી. અને સભા બોલાવી, પ્રધાનો અને પ્રજાવર્ગની માનવમેદની વચ્ચે, હરિવીરના બળ અને શૌર્યનાં ખૂબ જ વખાણ કર્યાં. સભાને જણાવ્યું કે હરિવીર માટે મારા ચિત્તમાં પ્રકટેલું બહુમાન, મારું રાજ્ય સર્વસ્વ આપી દઉં તોપણ થોડું છે. આવું કહેવા સાથે રાજાએ ઘણું ઝવેરાત–સુવર્ણ–હાથી–ઘોડા વિગેરે સારી વસ્તુઓ આપી, સત્કાર કર્યો.

આ વખતે ભોગરાજાનો સેનાધિપતિસુરદત્ત. રાજાનીસામે હાથજોડીને કહેવા લાગ્યો, સ્વામિન્ ! મારેતો આજે સોનાના સૂર્યના ઉદય જેવો, પ્રસંગ ઉપસ્થિત થયો છે. તે સાંભળો. મારે એકની એક પુત્રી છે. રૂપકલાનો અંબાર છે. બુદ્ધિથી સરસ્વતી જેવી છે. વય પામી છે. ઘણા વખતથી યોગ્ય વરની શોધ કરું છું. આજે મને ઘેર બેઠાં, વગર પ્રયાસે, આવો આપ બન્ને રાજાઓની કૃપાનું પાત્ર શૂરવીર–સેનાધિપતિ–પ્રાપ્ત થાય છે.

હું નમ્ર પ્રાર્થના કરું છું, હરિવીર સેનાધિપ મારી પુત્રીનું પાણિ ગ્રહણ સ્વીકાર કરે. ઘેર બેઠા આવો જમાઈ કોઈ પુણ્યવાનને મળે છે. સુરદત્તની પ્રાર્થના અને ભોગરાજાનો આગ્રહ, તથા હરિવીરનું અર્થીપણું, ત્રણેનો યોગ મળવાથી, હરિવીર સાથે સુભગા કુમારીનાં લગ્ન થયાં. સુરદત્તસેનાધિપે, પુત્રીના કરમોચન વખતે, ઘણું દ્રવ્ય આપ્યું. કેટલાક દિવસો સુધી, હરિવીર સાસરાએ આપેલા મહેલમાં, સાસરા અને રાજાના સ્નેહથી ભોગપુરમાં રહ્યો.

કેટલોક કાળ ( માસ બે માસ ) સાસરાના ગામમાં વસવા પછી, પોતાના નગર જવાની હરિવીર સેનાપતિએ તૈયારી કરી. રાજાની અને સાસરાની રજા મેળવી, પ્રયાણ કરવાના આગલા દિવસે સુભગાને મસ્તકની તીવ્ર વેદના શરૂ થઈ. બહુ આકુલ વ્યાકુલ થઈ ગઈ. માથું કૂટવા લાગી. ઉપચારો ઘણા કર્યા. ફાયદો ન થયો.

પતિને કહેવા લાગી. હે સ્વામિન ! ખરેખર હું ભાગ્યવતી છું. જેણીને દેવ જેવો

રૂપાળો અને અર્જુન જેવો યુદ્ધકુશળ પતિ પ્રાપ્ત થયોછે. મનેહવે વહેલામાં વહેલું સાસુ સસરાનું અને સ્વજનવર્ગનું દર્શન મળે એમ જ ઈચ્છું છું.

સુભગાનાં, દંભથી તરબોળ વચનોમાં, હરિવીર ફસાયેલો હોવાથી, તેણીનું અનાચરણ સમજી શક્યો નહીં. માતાપિતા અને ભાઈઓ વિગેરે પરિવાર પણ, સુભગાના કુલટાપણાને જાણી શક્યા નહીં. તેણીની શિરવેદનાપણ દંભપૂર્ણ હોવાથીજ ઔષધો ઉપચારોથી લાભ થયો નહીં.

કારણ કે પ્રમાદીને, સરસ્વતી પોતે પણ, વિદ્વાન બનાવી શકે નહીં. આળસુને, લક્ષ્મીદેવી પોતે સુખ આપી શકે નહીં. નપુંસકને, પદ્મિની પત્ની પણ આનંદ આપી શકે નહીં. ક્ષયના દરદીને, અથવા અજિર્ણના રોગીને, ઘેબર સ્વાદ આપે નહીં. વમનના ભયંકર રોગીને, અમૃત જેવા પકવાનોથી લાભ થતો નથી. તેમ કુલટા નારીને, ઈન્દ્રજેવો પતિ મળે તો પણ, તેને વશ કરી શકતો નથી.

**પ્રશ્ન** : આવી બધી સારી વસ્તુઓ પણ વિપરીત બને છે તેનું શું કારણ ?

**ઉત્તર** : પ્રાણીમાત્રના કર્મોના ઉદયથી બનેલા સ્વભાવો જ, કારણ તરીકે સમજવા. જેમકે ગધેડાને પકવાન ગમે નહીં. સાકર ખાય તો રોગ થાય. મરણ પામે. ઊંટને દ્રાક્ષા ભાવે નહીં. બાવળિયા, ખેજડા, વરખડા, બોરડી જેવાં તુચ્છ ઝાડો બહુ ગમે છે. કાગડાને ગંગાજળ જેવું સરોવરનું જળ ભાવે નહીં. પરંતુ ડોળું, કહોયેલું, દુર્ગન્ધપૂર્ણ, ખાબોચિયાનું ગંદું પાણી જ ભાવે છે. પકવાન હોય અને વિષ્ટા હોય; કાગડો પકવાનના ભરેલા ભાજનને છોડી, વિષ્ટા જ સૂંઘે છે. કૂતરાને મખમલની ગાદી અને કાદવનો ખાડો દેખાય, તેમાં મખમલની ગાદી ઉપર મૂતરે છે, અને કાદવના ખાડામાં જઈ બેસે છે, આળોટે છે, ઊંઘે છે. ભૂંડને જગતભરના પકવાનો કરતાં પણ, વિષ્ટા અને કાદવમાં અપ્રમાણ સ્વાદ પડે છે. આ બધા સ્વભાવો કર્મના પ્રતિબિંબો છે.

અશુભ કર્મોના ઉદયથી જ કુલટા સ્ત્રીઓને, સુવર્ણના પલંગ ઉપર, મખમલની શય્યામાં, ઈન્દ્ર જેવા રૂપાળા, પોતાના સ્વામી ગમતા નથી. પરંતુ પાથરણ વગરની ભૂમિ ઉપર, કાળા, કદરૂપ, બેડોળ, લૂલા, લંગડા, નિર્ધન, ફાટેલા વસ્ત્રોવાળા, જારપુરુષોમાં ઘણો સ્વાદ પડે છે. આ સ્થાને નયનાવલી અને કુબડો, સુકુમારિકા અને લંગડો, બીજાં પણ શાસ્ત્રોમાં આવાં ઘણા દૃષ્ટાન્તો મળે છે.

સુભગા ઘરનોકરમાં, વર્ષોથી આસક્ત હતી. તેણીએ પોતાનું શરીર ઘરનોકર મધુકંઠને, વેચી દીધું હતું, અર્પણ કરેલું હતું. વર્ષોથી તેમના અનાચારો અસ્ખલિત હોવા છતાં, કોઈએ જાણ્યા હતા નહીં. કારણકે,

"મીન માર્ગ જ્યું જલ વિશે, ખગ મારગ આકાશ ।
કુલટા નારી ચિત્તનો, પમાય નહીં પ્રકાશ."
"વેશ્યા કુલટા દોયમાં, કુલટા દોષ અપાર ।
જગનારી મૈથુનને, કુલટા પાપ અઢાર." ૧

છેવટે સુભગાની માંદગીનો અંત ન આવવાથી, હરિવીર પોતાના નગરે ચાલ્યો ગયો. હરિવીરના ગયા પછી, પાંચદશ દિવસે સુભગા સાજી થઈ. બેચાર માસ પછી, સુભગાના પિતા સુરદત્તે, હરિવીરને ખબર આપ્યા. અમારી પુત્રી સાજી થઈ છે. માટે તેડવા આવજો. સમાચાર મળતાં હરિવીર આવ્યો. પાંચદશ દિવસમાં સૂરદત્તે દીકરીને વળાવવાની તૈયારી કરી લીધી. જવાના આગલે દિવસે સુભગા માંદી પડી.

આ વખતે હિસ્ટિરિયા અથવા ભૂતાવેશ જેવા ચાળા થવા લાગ્યા. હરિવીરનું પ્રયાણ અટક્યું. ઘણા વૈદ્યો, માંત્રિકો આવ્યા. સુધારો થયો નહીં. છેવટે થાકીને હરિવીર પોતાના નગરે ચાલ્યો ગયો. માસ બે માસ પછી સુભગા દોષમુક્ત થઈ ગઈ. અને હરિવીરને ખબર આપ્યા.

સુભગાના સુખસમાચાર જાણીને, વળી પાછો હરિવીર સુભગાને તેડવા આવ્યો. અને સુભગાએ પણ પોતાના સ્વામી પધાર્યાનો, મહાસતીને શોભે તેવા ઢંગથી, હર્ષ જાહેર કર્યો. જે જોઈને હરિવીરને, પત્નીના વિયોગનું દુ:ખ નાશ પામ્યું. સુભગાના માતાપિતાને પણ, પોતાની પુત્રીના સુખને જોઈને, આનંદ થયો. સુભગાએ હરિવીરને, એવા ડોળ દેખાવથી વશ કરી લીધો કે, તેણીના અસતીપણાની હરિવીરને કલ્પના પણ આવી નહીં.

એક વાર સુભગા એકાન્તમાં હરિવીરને કહે છે, સ્વામીનાથ! મેં એવાં શું પાપો કર્યા હશેકે મને દેવ જેવા આપ સ્વામી મળવા છતાં, વારંવાર અંતરાયો આવ્યા કરે છે? ખેર! તો પણ હું મારા આત્માને ભાગ્યશાળી સમજું કે, આપ જેવો મને સ્વામી મળ્યો છે. વળી આપનો સ્વભાવ જોઈને તો, મારા આત્માને એમ જ લાગે છે કે હું સ્વર્ગલોકનાં સુખ ભોગવું છું.

હે સ્વામીન્ આપ શૂરવીર, બુદ્ધિશાળી, પ્રતાપશાળી, રાજમાન્ય મહાપુરુષ છો. મારાં અહોભાગ્ય સમજું છું. જે નિર્ગુણ એવી મને આપ સ્વામી મલ્યા છો. મારૂં જીવન–જન્મ–શરીર બધું સફલ થયું છે. હવે તો હું પ્રભુ પાસે વારંવાર પ્રાર્થના કરું છું કે, મને આપનો વિરહ થશો નહીં.

સુભાગાનાં પ્રત્યેક વાકયોમાં ખૂબ મૃદુતા હતી. બધાં વાકયોમાં દંભ ઠાંસીને ભરેલો હતો. સુભગાનું આ વખતનું ભાષણ છેલ્લા દાવપેચ માટે હતું. તેણીના પાપાનુબંધી પુણ્યના ઉદયથી, તેણીના માતાપિતા અંધારામાં રહ્યાં હતાં. હરિવીર પણ તેણીના કોમળ વાકયોના કેફમાં, ભાન ભૂલી ગયો હોવાથી, સુભગાની બધી યોજનામાં પોબાર પડતા હતા.

સુભગા સમજતી હતી કે મારા રૂપદીપકમાં હરિવીર પતંગ બની ગયો છે. હવે હું તેને જે કહીશ તે સાચું જ માનવાનો છે. અને તેથી મારી યોજના પ્રમાણે મારૂં કાર્ય સાધી શકીશ. સુભગા એમ પણ સમજતી હતી કે, હરિવીરને હથિયાર બનાવ્યા સિવાય, પોતે નિર્ભય નાશી–ભાગી શકે નહીં. વળી આખી જિંદગીનું સાધન પણ હરિવીરની

સહાય સિવાય મળી શકે નહીં. તેથી જ તેણીએ હરિવીર સાથે લગ્ન કર્યાં હતાં. અને પિતાનું ઘર છોડવા સુધી હરિવીરને વિશ્વાસમાં રાખ્યો હતો. અને હરિવીર સુભગાને મહાસતી જ સમજતો હોવાથી તેણીના પ્રત્યેક વાક્ય સાચાં લાગતાં હતાં કારણ કે—

મુનિવર ને જિનદેવની, નૃપની જનસમુદાય,
કામીજન નારી તણી, આણા વહે સદાય. ૧

ક્ષુધાતુર ભોજન ગમે, તૃષાતુર જલજાત,
કામીનર ચિત્ત કામિની, વસે દિવસ ને રાત. ૨

અવશ્ય મુક્તિ ગામીને, જિનવાણી બહુ પ્રેમ,
સંસાર રસિયા સર્વને, નારીમાં પણ તેમ. ૩

સંસાર મહામંદિર તણા, ટેકા દોય ગણાય,
લલના ને લક્ષ્મી તણા, રસિયા જીવ બધાય. ૪

આહાર–ભય–મૈથુનને, પરિગ્રહ સંજ્ઞા ચાર,
ચાર ગતિ સૌ જીવને, રખડાવે સંસાર. ૫

કુલટા નારીઓના કૌટિલ્યને, બ્રહ્મા–વિષ્ણુ–મહેશ્વર–ઇન્દ્ર–ચન્દ્ર અને નાગેન્દ્ર પણ સમજી શક્યા નથી. તો પછી હરિવીર બિચારો કોણ? હરિવીર સુભગાનાં રૂપ અને વચનોમાં મોરલી ઉપર નાગ ડોલે તેમ, માથું ડોલાવતો હતો. તદ્દન ભાન ભૂલો થઈ ગયો હતો.

આજ સુધીના પરિચયમાં, સુભગાને હરિવીરના હૃદયનું માપ આવી ગયું હતું. તેણીએ સમજી લીધું હતું કે, હરિવીર મારી દંભ જાળ સમજ્યો નથી. મારાં દંભ પૂર્ણ વચનો અને વર્તનોમાં પણ તેને, મારા સતીપણાનો જ ભાસ થયો છે. તેથી મારે હવે છેલ્લો દાવ અજમાવવામાં કશો ભય નથી. આવો નિર્ણય કરીને હરિવીરને જણાવ્યું :

સ્વામીનાથ! આપણે હવે પોતાની નગરીએ પહોંચવું છે. પહોંચવાના બે માર્ગો આવે છે. તેમાં એક માર્ગ ઘણો ટૂંકો છે. અને નિર્ભય છે. વળી ચાલનારને ગમે તેવો છે. આપણા નોકરોમાં આવા માર્ગના જાણકારને, પૂછી લેવાય અને સાથે રખાય તો, આપણને મુસાફરીમાં ઘણી અનુકૂળતા રહેશે, અને ટૂંકા માર્ગે વહેલા પહોંચાશે.

અને જો આપણા નોકર વર્ગમાં, ટૂંકા માર્ગનો અનુભવી માણસ ન હોય તો, અહીં મારા પિતાશ્રીનો એક વિશ્વાસુ નોકર છે. તે ઘણો હોશિયાર છે. માર્ગનો ખાસ અનુભવી છે. સુમધુર કંઠ હોવાથી ઘણું સુંદર ગાઈ જાણે છે. સાંભળનારને ઘણો આનંદ આપે છે.

માટે જો આપને ઠીક લાગે તો, મધુકંઠ સાથે લેવા યોગ્ય છે. અને આ વાત ઠીક લાગે તો, મારા પિતાની પાસે પહેલેથી જ, મધુકંઠની માગણી કરી લેજો.

સુભગાની વાતો સાંભળીને, અને તેની પ્રત્યેક માગણીઓને હરિવીર સોટકા સાચી માનીને સ્વીકારી લેતો હતો. તેમ આજે પણ મધુકંઠને સાથે લેવાની, સુભગાની યોજના હરિવીરે સાંભળીને સાચી માની લીધી. અને સુરદત્ત સેનાપતિને કહીને, મધુકંઠને સાથે લેવાનું નક્કી કરી લીધું. તથા સુભગાના પિતાએ પુત્રી તથા જમાઈને ઘણું ઝવેરાત, સોનું, ચાંદી, અનેક જાતનાં આભૂષણો, વસ્ત્રો, બીજી પણ ઘણી ચીજ–વસ્તુઓની પેટીઓ, દાયજા તરીકે અર્પણ કરી હતી. વળી એક સારો અને કીમતી ચાર ઘોડા જોડાય તેવો, રથ પણ પુત્રી–જમાઈને દાયજામાં આપ્યો હતો.

સુભગાની બધી ઇચ્છાઓ સફળ બનવા લાગી હતી. મનમાં ફુલાતી હતી. અને પતિ હરિવીરને, અનુકૂળ બનાવી, પોતાની સ્વચ્છંદતાનો માર્ગ નિષ્કંટક બનાવ્યે જતી હતી. તેથી તેણે પોતાના પિતા તરફથી દાયજામાં મળેલી, બધી ધનસામગ્રી રથના એક ભાગમાં ગોઠવાવી હતી. અને રથનો સારથિ પણ, મધુકંઠને બનાવવા હરિવીરને ભલામણ કરી હતી.

પાપાનુબંધી પુણ્યનો ઉદય, અને તેવા દુર્ગતિદાયક પુણ્યની મહેરબાનીથી, ઘણાં વર્ષો જવા છતાં, સુભગાના અનાચારો માતા–પિતા, ભાઈઓ કે કુટુંબના માણસો અથવા બહેનપણીઓ, સગા–સ્નેહીઓ, પાડોશીઓ કોઈ પણ સમજી શકયું નહીં. તો પછી કેવળ રૂપઘેલા બિચારા હરિવીરની, કઈ તાકાત કે સુભગાને ઓળખી શકે?

છેવટે શુભ દિવસે અને સારા મુહૂર્તે, હરિવીરે, સુભગાને લઈને પોતાની નગરી તરફ પ્રયાણ કર્યું. રાજાએ પણ માર્ગના રક્ષણ માટે હરિવીરને, ખાસ સૈનિકો અને ઘોડેસ્વારો આપ્યા હતા. માતાપિતાએ સુભગાને વિદાય આપતાં, પુત્રીને ઉચિત ઘણી ઘણી શિખામણ આપી હતી અને સુભગાએ પણ નમ્રતાની ઢબથી માતાપિતા અને વડીલવર્ગની શિખામણો સાંભળી લીધી હતી.

પ્રયાણ શરૂ થયું. મધુકંઠ રથ ચલાવે છે. આગળ–પાછળ રક્ષક સૈનિકો પણ હારબંધ ચાલે છે. સુભગા અને હરિવીર દીવાનખાના જેવા રથના મધ્ય ભાગમાં બેઠાં છે. સુભગા–હરિવીરને કેમ ફસાવવો? કેમ છેતરવો? કેમ મારી નાખવો? અથવા ઝેર પાઈ ગાંસડી બાંધી રસ્તાના કોઈ કૂવામાં પટકવો? આવા વિચારો કરતી હતી. તોપણ તેણીના મુખ ઉપરનો દેખાવ, હરિવીરના વશીકરણનો પાઠ ભજવતો હતો.

**પ્રશ્ન** : સુભગાને મધુકંઠ ગમી ગયો હતો. તો પછી તેણીએ માતાપિતાને જણાવીને, મધુકંઠ સાથે ખુલ્લંખુલ્લા લગ્ન કેમ ન કર્યાં?

**ઉત્તર** : કુલવાન મનુષ્યો પોતાની પુત્રીઓને ખાનદાન કુટુંબોમાં આપે છે. અને પુત્રો માટે ખાનદાન કુટુંબોમાંથી જ કન્યાઓ લે છે. ધન અને રૂપ કરતાં પણ કુલની લાયકાત તરફ વધારે લક્ષ અપાય છે. તેથી પોતાની ઇચ્છા પ્રમાણે લગ્ન કરી શકે નહીં.

**પ્રશ્ન** : તો પછી સુભગા અને મધુકંઠે નાસી જઈને, પોતાનું કાર્ય કેમ સાધી લીધું નહીં ?

**ઉત્તર** : સુભગાએ દંભ રચનાથી માતાપિતાને, અંધારામાં રાખીને, સતીના જેવો દેખાવ કરીને, માતાપિતાનું માન મેળવવા સાથે, કરોડોની મિલકત હાયજામાં મેળવી. અને આવી પ્રપંચ જાળથી મળેલી ધન સામગ્રી વડે પોતે, આખી જિંદગી સુખમય વિતાવી શકવાની ધારણા અમલમાં મુકાઈ હતી.

હરિવીરની પ્રેરણા અનુસાર, પ્રયાણો અને પડાવો થતા હતા. મુસાફરીમાં દશ–વીશ દિવસો વ્યતીત થયા. સાસરાના ગામથી કેટલોક માર્ગ ચાલ્યા પછી, એક મોટું જંગલ આવ્યું. જેમાં એક નદી પણ ચાલતી હતી. નદીનું જળ નિર્મળ અને મધુર હતું. તેથી રથના ઘોડા અને સૈનિકોના માણસો–પશુઓને, તૃષા પરિશ્રમ મીટાવવાની ઇચ્છા થવાથી, હરિવીરની આજ્ઞાથી પડાવ થયો અને તંબુઓ નંખાયા. સુભગાની ઇચ્છા પૂર્ણ થવાની અનુકૂળતા પણ સર્જાઈ ગઈ.

વનકુંજો અને નદીના ઝરણાઓની રમ્યતા જોઈ, સુભગા પતિને કહે છે, સ્વામીનાથ ! આજે તો આપણે આવા સ્થાનમાં, થોડો વખત ક્રીડા કરીએ. નદીજળમાં સ્નાન કરીએ. પુષ્પોના બગીચાઓમાં પુષ્પો ચૂંટીને, શય્યા બનાવીએ, હારો અને ગજરા બનાવીએ, સુસ્વાદુ અને મધુર મનોરમ્ય ફળો વીણીએ. સુગંધી પુષ્પલતાના મંડપોમાં ક્ષણવાર રતિક્રીડા કરીએ, જો આપની ઇચ્છા હોય તો. સૈનિકો પણ બિચારા હમણાં વનમાં સુખે આરામ કરે. જેવી આપની ઇચ્છા !

સુભગાનાં પ્રત્યેક વચનો હરિવીરને કબૂલ હતાં. તેથી સુભગા અને મધુકંઠની ઇચ્છા મુજબ સૈનિકો અને પહેરેગીરો તથા અંગરક્ષકો, ઘણા દૂર દૂર પોતાની અનુકૂળતા મુજબ ગોઠવાઈ ગયા. કોઈ સ્નાન કરવા, વસ્ત્રોનું ક્ષાલન કરવા, પુષ્પો અને ફળો વિણવા, ખાવા આદિ પોતપોતાના કામકાજમાં વિખરાઈ ગયા. ફક્ત રથ અને રથનાઘોડા સુસજ્જ અવસ્થામાં મધુકંઠ લઈને તૈયાર હતો.

સુભગા અને હરિવીરે ક્ષણવાર નદીના જળમાં સ્નાનક્રીડા કરી, બહાર નીકળી, વસ્ત્રો બદલીને, દ્રાક્ષા વગેરે લતાઓથી છવાયેલા વૃક્ષોનીઘટામાં આવ્યાં. થોડીવારમાં જ આજુબાજુથી તદ્દન નવાં ખીલેલાં પુષ્પો વીણી લાવી, પુષ્પોની શય્યા બનાવી, પતિપત્નીએ કેટલોક સમય પસાર કર્યો.

તેટલામાં પોતાની પાસેની એક દાગીનાની પેટી ઉઘાડીને, સુભગા હરિવીરને બતાવે છે. હરિવીર પત્નીના શણગાર જોઈ હર્ષઘેલો બને છે. ત્યાં તો આ આભૂષણોની પેટીમાં એક લોઢાનું વલય = કડું હતું. તેને હાથમાં લઈને, સુભગા હસતી, ગદ્‌ગદ્ સ્વરે હરિવીરને કહેવા લાગી :

સ્વામીનાથ ! આવું લોઢાંનું કડું મેં, સુવર્ણ અને રત્નોની પેટીમાં કેમ રાખ્યું હશે ? આપ સમજ્યા ? જુઓ, મને બે વાર શરીરમાં મોટા હુમલા આવ્યા. એકવાર મસ્તકમાં મહાવેદના થઈ. એકવાર હિસ્ટિરિયા, મહાવાયુ થયું. તે જ કારણથી મહિનાઓ સુધી મારે આપનો વિયોગ ભોગવવો પડયો. નિર્ભાગ્ય એવી મને આપ સ્વામીનાથની સેવાનો પણ લાભ ખોવાયો.

પછી તો મહાગુણનિધાન અને પરોપકારિણી, એક યોગિની અમારા ઘેર આવી. અને તેણીએ મારા રોગની પરીક્ષા કરીને, આ વલય બનાવી, મંત્રવાસિત કરી, મારી ડોકમાં પહેરાવ્યું, ત્યારથી મારા શરીરના રોગો ચાલ્યા ગયા છે. શરીરમાં સ્ફૂર્તિ, આત્મામાં બુદ્ધિનો વિકાસ, અને પ્રત્યેક અંગ પ્રત્યંગોમાં, રૂપ-લાવણ્ય, સૌભાગ્ય ખીલી રહ્યાં છે.

વલય બનાવી પહેરાવતાં યોગિનીએ કહ્યું હતું કે, હે પુત્રી ! આ વલય તમારી પાસે રહેશે ત્યાં સુધી, તમે બે જણ, પતિ-પત્નિી, રોગ-શોક વિયોગથી મુકત રહેશો. માટે જ્યારે તમને પતિ-પત્નીનો મેળાપ થાય ત્યારે, તારા પતિ પોતાના હાથમાં, પગમાં કે, ગળામાં આ વલયને, આભૂષણની પેઠે બહુમાનપૂર્વક રાખશે તો, તમારા બંનેની જિંદગી સુખમય પસાર થશે. તેથી હે સ્વામીનાથ ! હું આજે જ આ કડું આપને સ્વાધીન કરવા ઇચ્છું છું.

હમણાં આપ ખૂબ ક્રીડા કરવાથી થાકી ગયા છો. માટે આપ પુષ્પોની શય્યામાં, મારા ખોળામાં મસ્તક મૂકી, ક્ષણવાર વિશ્રામ લ્યો. આપને ક્ષણવાર નિદ્રા આવે તો થાક ઊતરી જાય. પછી આપણે ઠંડા પ્રહરમાં, સૈન્ય તૈયાર કરીને પ્રયાણ કરીશું. સુભગાની વાણી અને વર્તનમાં અત્યંત વિશ્વાસી થયેલો હરિવીર. **કાળી નાગણના કરંડિયા જેવા સુભગાના ખોળામાં મસ્તક મૂકી સૂઈ ગયો.** ઘોરવા લાગ્યો. **સાન, ભાન, અને જ્ઞાન** ત્રણે અદશ્ય થયાં.

"શત્રુ-ચોર ને જારની, સહાયક ને સુખકાર ।
અંધકારની બેનડી, નિદ્રા દોષાગાર." ॥ ૧ ॥

"નિશા અને નિદ્રા તણો, ભગિની સમ વહેવાર ।
જાર ચોર ને શત્રુઓ, પામે લાભ અપાર." ॥ ૨ ॥

હરિવીર સુભગાના ખોળામાં સૂઈ ગયો. સુભગાએ હાથ, પગ, છાતીએ હાથ ફેરવી, નિશ્ચય કરી, લીધો. અને પછી ઉપર વર્ણન કરાયેલું, યોગિનીનું બનાવેલું, કામણગારું, લોઢાનું વલય-કડું, હરિવીરની ડોકમાં, સાવચેતીથી પહેરાવી દીધું. અને સાવચેતીથી પોતાના ખોળામાંથી, હરિવીરનું મસ્તક, પુષ્પોની શય્યામાં ગોઠવીને, સુભગા ઊભી થઈ રથ પાસે પહોંચી ગઈ. જ્યાં સંકેત અનુસાર મધુકંઠે રથ જોડી તૈયાર રાખ્યો હતો, તેમાં બેસી ગઈ. અને રથના ઘોડા દોડવા લાગ્યા. અહીં હરિવીર પણ નિદ્રામાંથી જાગ્યો. અને પોતાને જુએ છે તો

મનુષ્ય નહીં પણ, વાનર થયેલો જોયો. પાસે જ રહેનારી સુભગા કેમ નથી? કયાં ગઈ? ઝાડા–પેશાબ માટે ગઈ હશે? એક પછી એક વિકલ્પો થયા. હરિવીરને બધું ઈન્દ્રજાળ જેવું ભાસવા લાગ્યું. સુભગા ગઈ કયાં? હરિવીરને. સુભગાની ગેરહાજરી, અને પોતાનું વાનરપણું જોઈનવાઈ લાગી. શું સુભગા મને વાનર બનાવી ચાલી ગઈ હશે? એમ કેમ બને? તપાસ કરું, એમ વિચારી શય્યામાંથી ઊભો થયો. વાનર શરીરધારી હરિવીર, કૂદીને એક ઝાડ ઉપર ચડી ગયો. અને પહેલાં ધૂળના ગોટા અને પછી રથ, અને સુભગા મધુકંઠને જોયાં. અને હરિવીરને હવે, સુભગાના કુલટાપણાનું ભાન આવ્યું. અને વેગથી દોડીને રથની નજીક પહોંચ્યો.

હરિવીર વાનરને દોડતો આવતો જોઈ, સુભગાના કહેવાથી, મધુકંઠે રથને ઉભો રાખ્યો. હરિવીર ક્ષણવાર આશ્ચર્ય અને આવેશથી જોઇ રહ્યો. વાનર હોવાથી બોલી શકાતું નથી. પરંતુ વાનરનું મુખ અને ચક્ષુઓ, જરૂર કાંઇક કહેવા કે કરવાની ઇચ્છા વ્યકત કરતાં હતાં. અને છેવટે પોતાની ભાષામાં કાંઇક કહેતો હોય તેવું વિચારીને, સુભગા કહેવા લાગી.

મૂર્ખ શિરોમણિ! અહીં શા માટે આવ્યો? હવે તારાથી શું થવાનું છે? હવે મને જોઈને લલચાય અથવા મધુકંઠને જોઈને ઇર્ષા કરે, તે બધું તારી પોતાની મૂર્ખાઇનું પ્રદર્શન ગણાશે. કારણ કે જે માણસો એકાન્ત કામ વિકારી હોય છે, અને સ્ત્રીઓના ચરિત્રને છેવટ સુધી સમજતા જ નથી, તેવાઓની આવી અથવા આના થકી પણ બૂરી દશા થાય તેમાં ખોટું શું?

હજી પણ તું મારો ઉપકાર માનજે. મેં સુભગાયે તને, વિષ આદિ પ્રયોગથી મારી નાખ્યો નથી. કારણ કે તારી સહાયથી અમોને, આટલી ધન સામગ્રી મળી છે. માટે જ તને જીવતો જવાની અનુકુળતા કરી આપી છે. હવેતું આખીજિંદગી પશુપણાનો સ્વાદ સાખવા સાથે વનનાં વૃક્ષોના વસવાટ અનુભવીને, જિંદગી સંપૂર્ણ કરજે.

અને જો તું પહેલેથી જ સમજી ગયો હોત તો, તારે આવી પશુદશા પામવાનો વખત આવત નહીં. કારણ કે મારા બે વખતના રોગના દેખાવો જ તારા પ્રત્યે મારા અણગમાના સૂચક હતા. કોઈપણ ભોગે મધુકંઠને છોડીને ક્ષણવાર પણ હું રહી શકું નહી. આવા મારા દૃઢ નિશ્ચયના કારણે જ મેં, તને બેવાર પાછો કાઢયો હતો, તો પણ કેવળ મારા રૂપમાં પંતગ–બનેલો તું, વારંવાર મારી પાસે આવ્યો. તેથી ન છૂટકે મારે, આવો માર્ગ લેવો પડ્યો છે.

"કેવલ કામવિકારમાં, અંધ બને નરનાર।
અકાળ મરણો ભોગવી, ભટકે બહું સંસાર." ૧

"અગ્નિ કામવિકારના, સ્વભાવ સરખા હોય।
સાવધાન સેવાય તો, દુખપામે, નહીં કોય." ૨

"અગ્નિ બાળે એકવાર, હંમેશ બાળે કામ ।
યોગી સંત ત્યાગી મુનિ, ગયા નરકને ધામ." ૩

"અગ્નિદાધા માનવી, વખતે સાજા થાય ।
પણ કામાનળમાં પડ્યા, બળી ખાખ થઈ જાય." ૪

વળી હું બાલ્યવયથી જ મારા પિતાના ઘરમાં ઉછરેલા, કોયલ જેવા સુમધુર કંઠવાળા, મધુકંઠમાં આસકત હતી. તેથી મધુકંઠને મેં, મારા જીવનનો સાથી બનાવી લીધો હતો. મારું મન અને શરીર તેને અર્પણ થયાં હતાં. પરંતુ મારા પિતામાતાના ભયથી, તથા કુટુંબ અને જ્ઞાતિની લજ્જાથી, વળી મારો અંગત સ્વાર્થ સાધવા, (જિંદગી સુધી ચાલે તેટલું દ્રવ્ય સાથે લેવા,) તારા જેવા મૂર્ખ સાથે લગ્ન કર્યાં હતાં. અને મારા પોતાના સ્વાર્થની ખાતર જ, મેં તને વાનર બનાવ્યો છે.

સુભગાનું ભાષણ ચાલ્યું ત્યાં સુધી, વાનર શરીરધારી હરિવીરે, બરાબર કાન માંડીને સાંભળ્યું. ક્ષણ વાર તો તેને ઈન્દ્રજાળ જેવું અથવા નવાઇ જેવું લાગ્યું: અફસોસ? પતિવ્રતાનો ડોળ દેખાડનારી, પતિને પ્રભુ સમાન કહેનારી સુભગા, તેજ, આ સુભગા છે. તથા સુભગા મહાસતી છે. આવુ સમજનારો, હું સુભગાને કુલટા તરીકે જોઉં છું. શું આ બધું સાચું છે?

સુભગાનું ભાષણ પૂરું થયું અને મધુકંઠે રથને ચલાવ્યો. ઘોડા દોડવા લાગ્યા. પણ હરિ બનેલા હરિવીરથી, પોતાની પત્નીનો અનાચાર ખમાયો નહીં. કૂદી કૂદીને રથ ઉપર જવા લાગ્યો, અને બન્નેને નખ વડે પ્રહાર કર્યા. બેત્રણ વખત સામાન્ય પ્રહારો કરવા છતાં વાનર વિરામ પામ્યો નહીં. તેથી ખીજાએલી સુભગાની પ્રેરણાથી, મધુકંઠે મ્યાનસહિત ખડ્ગનો પ્રહાર જોરથી લગાવ્યો.

વાનરને ઘણું લાગ્યું. અંધારાં આવ્યાં, મૂર્છા આવી ગઈ, જમીન ઉપર પટકાયો. ત્યાં તો રથના ઘોડા, માઈલ બે માઈલ દોડી ગયા. સુભગા અને મધુકંઠ સદાને માટે અદૃશ્ય થયાં. હરિવીર વાનરને પણ મૂર્છા વળી. ખૂબ રોયો, બોલી શકાતું નથી, પરંતુ મનમાં વિચાર કરે છે. ધિક્કાર છે. કામના વિકારને, હું કેટલો મૂર્ખ! સુભગાના પ્રપંચ છેવટ સુધી હું ન સમજ્યો!

"વિકાર પરવશ માનવી, સમજે ન સારાસાર,
વિકારમાં પરવશ બની, ભટકે છે સંસાર." ॥ ૧ ॥

અનંતકાળથી જીવને, વિષયોના પરિણામ.
બુદ્ધિ–ધન અધિકાર પણ, વિષયોના જ ગુલામ." ॥ ૨ ॥

મઘવા ને ચક્રીશ્વરો, પ્રતિવિષ્ણુ – હરિ – રામ.
બહુ શક્તિધર હોય પણ, નારી પાસ ગુલામ.” ॥ ૩ ॥

જગના સર્વ પદારથો, ઝીણવટથી સમજાય,
પણ નારીના ચિત્તનો, પંડિત પાર ન પાય.” ॥ ૪ ॥

**મહાપુરુષો પણ ફરમાવે છે :**

**हयविहिणा संसारे, महिलारूवेण मंडिअं पासं ।**
**वज्झन्ति जाणमाणाः अयाणमाणावि वज्झन्ति ॥ १ ॥**

**અર્થ** : ખરેખર દુષ્ટ એવા કર્મપરિણામ રાજાએ, આ જગતના જીવોને, ફસાવવા માટે, સ્ત્રીઓનો આકાર રૂપ એક–પાશલો ( જાળ ) બનાવ્યો છે. જેમાં જાણકાર–હોંશિયાર પણ ફસાય છે. અને અજાણ – મૂર્ખા પણ ફસાયા છે.

પછી તો નદીના કિનારા ઉપર, વાનરોનાં ટોળાં, ફરતાં હતાં. હરિવીરવાનર પણ એક મોટા વાંનરીઓના ટોળાનો માલિક થયો. સુભગા ભુલાઈ ગઈ. અને પશુગતિનો સંસાર શરૂ થયો.

વાચકો કર્મની ગતિ તો વિચારો. કર્મ આત્માને ક્યાં લઈ જાય છે? કર્મ જીવને કેવો બનાવે છે? ક્ષણવાર પહેલાંનો મોટા રાજાધિરાજનો સેનાધિપતિ, મોટો લડવૈયો, અનેકોનો માનવંતો, હજારોના પ્રણામો ઝીલનારો, લડાઈના મેદાનમાં પૃથ્વીને ધ્રુજાવનારો, હજારોનો પાલણહાર, હરિવીર. આજે વાનરના શરીરમાં વગડામાં, પશુજીવન જીવે છે. રેતમાં આળોટે છે. લીમડા અને બાવળ જેવાં, વૃક્ષોના પાંદડાં ખાય છે. જીવને કર્મ નચાવે તેમ નાચે છે.

“કર્મરાયની આંખના, ઈશારા અનુસાર ।
નાચ કરે જગ જીવડા, ભવમંડપ મોઝાર.” ૧

“કદી નિગોદે મોકલે, કદી નરક લઈ જાય ।
દેવ–પશુને માનવી, કર્માધીન બંધાય.” ૨

“પૃથ્વી–જળ–અગ્નિ વિશે, વાયુ–વણસ્સઈ માંય ।
કર્મરાય સૌ જીવને, અનંતવાર લઈ જાય.” ૩

“સાતે નરકે જીવડો, ગયો અનંતીવાર,
સમુદ્રજળબિન્દુ થકી, વેઠ્યાં દુખ અપાર” ૪

"કર્મ અનાદીકાળથી, આપે દુખ અપાર ।
કૃપા થાય તો જીવને, સુખ આપે તલભાર." ૫

"નરભવ સુખ તલ જેવડાં, નારક મેરૂ સમાન ।
પશુગતિ પાંચે તણાં, દુખ દરિયા સમ જાણ" ૬

"કર્મ હસાવે કોકદી, રૂદન સેંકડોવાર ।
શોકહાસ્યનું જોડલું કર્મતણો પરિવાર." ૭

જ્યારે હરિવીરે દ્રાક્ષાના મંડપોના ઝુંડોમાં વિશ્રાન્તિ લેવા પ્રવેશ કર્યો ત્યારે, તેના અંગરક્ષકો અને સૈનિકો, તેના રક્ષણ માટે ચારે બાજુ ફેલાયેલા ચોકી કરતા હતા. દિવસ હોવાથી કલાક બે કલાકમાં, બહાર નીકળવાની કલ્પના હોવાથી, બધા સૈનિકો સેનાપતિ હરિવીરની દિશા જોઈ રહ્યા હતા. પરંતુ ઘણો વખત લાગવા છતાં હરિવીર બહાર નીકળ્યો નહીં.

તેથી, સૈનિકોને વહેમ પડ્યો. તપાસ કરવા લાગ્યા. છેવટે વનનિકુંજમાં પ્રવેશ કર્યો. પુષ્પોની શય્યા ખાલી પડેલી જોઇ, તેથી આજુબાજુ પણ તપાસ કરી. છેવટે બધું વન જોયું. હરિવીર સુભગા કે મધુકંઠ કોઇ પણ દેખાયું નહીં. રથ પણ દેખાયો નહીં. દોડાદોડ કરી પરંતુ પત્તો લાગ્યો જ નહીં, તેથી બધા જ સૈનિકો ઉદાસ ચહેરે, પોતાના નગરમાં આવ્યા, અને બનેલી વાત રાજાને સંભળાવી.

રાજા નરસુન્દર પણ પોતાના વહાલા મિત્ર, અને સેનાધિપતિનો, આવો અકાળ ખોવાઈ જવાનો પ્રસંગ સાંભળીને, ગળગળો થઈ ગયો, રડવા લાગ્યો. મૂર્ચ્છાઓ આવી ગઈ. થોડી વારે મૂર્ચ્છા વળી, વિલાપ કરવા લાગ્યો. સેવકોને પૂછીને ખાતરી કરી. પતિ–પત્ની, રથ, ઘોડા, સારથી, બધું કેમ ગુમ થઈ ગયું. બારીક તપાસ કરી પણ કાંઈ નિર્ણય થયો નહીં. તેથી દેશોદેશ સૈનિકોને, દુતોને, ગુપ્તચરોને મોકલી તપાસ કરાવી, પરંતુ પત્તો લાગ્યો નહીં.

દિવસો ગયા, માસ ગયા, અને વર્ષો પણ ગયાં. એક વાર નરસુન્દર રાજા હાથીઓને પકડવા, અથવા ખરીદ કરવા, કેટલુંક સૈન્ય સાથે લઈને પર્વતોની ખીણોમાં પડાવ નાખીને રહ્યો હતો. તેટલામાં એક કલાકાર. કપીઓનું ટોળું લઈને, રાજા પાસે આવ્યો. તેણે રાજાની પાસે વાનરોને નચાવ્યા. જે જોઈ રાજા ખૂબ ખુશી થયો.

આ વાનરના સમુદાયમાં આપણી ચાલુ વાર્તાનો નાયક, હરિવીર વાનર પણ હતો. તેણે વારંવાર નરસુંદર રાજાને જોવાથી ઓળખી લીધો. અને પોતાનું હરિવીરપણું યાદ આવ્યું, અને વિચારવા લાગ્યો. કયાં હું રાજાના વિશ્વાસનું પાત્ર. સર્વ સૈન્યનો સેનાધિપતિ હરિવીર, કયાં તે વખતનું મારું પુણ્ય, અને કયાં અત્યારે આ કલાધરની સોટીઓના પ્રહારો. ખરેખર કર્મના ઉદયોની બલિહારી છે.

આવા બધા વિચારો કરતાં, હરિવીર વાનરની આંખોમાંથી, ચોધારાં આંસુ ચાલવા લાગ્યાં, અને બોલવામાં અશક્ત હરિવીર વાનર, રાજાની પાસે જઈને પડી ગયો. વાનરનો અભિપ્રાય રાજા સમજી શકયો નહીં, પરંતુ વાનરની આંખો અને મુખના દેખાવને જોઈને, રાજાને ઘણી દયા આવી. રાજાને વિચાર આવ્યો. વાનર પોતાને મહાદુઃખમાંથી છોડાવવા મને પ્રાર્થના કરે છે. મારું શરણું ઇચ્છે છે. માટે મારે તેને છોડાવવો જોઈએ. આ પ્રમાણે વિચાર કરીને, કેવળ દયાબુદ્ધિથી, નરસુંદર રાજાએ, ઇચ્છિત ધન આપીને, કલાધરપાસેથી બધા વાનરોને છોડાવી પોતે લઈ લીધા.

નરસુન્દર રાજાએ પોતાના એક સારા નોકરને, કપિનું ટોળું સાચવવા સોંપ્યું. અને વાનરોને, ખાન–પાન, સ્થાન માટે, વ્યવસ્થા ગોઠવી દીધી. થોડા દિવસો પછી કાર્ય સંપૂર્ણ થવાથી, રાજા પોતાના દેશમાં આવ્યો. હરિવીર વાનરને વારંવાર પોતાની પાસે બોલાવે છે. ખવડાવે છે. નવડાવે છે. એકવાર રાજાએ હરિવીર વાનર માટે, વસ્ત્રો અને આભૂષણો કરાવ્યાં. તૈયાર થઈને આવ્યાં ત્યારે, ભૂતકાળના સ્નેહથી વાનરને સ્નાન કરાવ્યું. શરીરનો સ્પર્શ કરતાં, ગળામાં (સુભગાએ પહેરાવેલું) નાખેલું લોઢાનું કડું રાજાને દેખાયું, અને કાઢી નાંખ્યું. તત્કાળ વાનર મટીને હરિવીર સાક્ષાત થયો. રાજા તથા સભાસદોના આશ્ચર્યની સાથે, હર્ષનો સમુદ્ર ઉભરાયો. લોકો હર્ષઘેલા થઈને નાચવા લાગ્યા.

નરસુન્દર રાજાએ, હરિવીરને, વાનર થવાનું કારણ પૂછયું. અને હરિવીરે પોતાનો અને સુભગાનો આખો પ્રસંગ કહી સંભળાવ્યો. રાજાએ ફરીથી સંસાર શરૂ કરવા ઘણો આગ્રહ કર્યો. પરંતુ હરિવીરને અભ્યંતર વૈરાગ્ય પ્રગટયો હોવાથી, રાજાના વાત્સલ્યનો સ્વીકાર કર્યો નહીં.

"નરભવ સુખનાં સાધનો, લક્ષ્મી નારી દોય ।
પણ પત્ની પહેલી કહી, યદી સતી જો હોય." ॥ ૧ ॥

"તે લક્ષ્મી બહુ મળવા છતાં, કુલટા નારી યોગ ।
માણસની જિંદગી, મહા દુખનો સંયોગ." ॥ ૨ ॥

**પ્રશ્ન** : સંસારમાં સુખનાં સાધનો બે જ છે. વધારે નથી.

**ઉત્તર** : સંસારમાં સુખનાં હજારો સાધનો હોય છે. પરંતુ આ બધાં સાધનોમાં લક્ષ્મી અને પત્ની બેની મુખ્યતા છે. લક્ષ્મી ન જ હોય તો બીજા સાધનો મળે જ નહીં, આવે જ નહીં. અને લક્ષ્મી ખૂબ મળવા છતાં, પત્ની અનાચારિણી હોય, કજીઆળી હોય, વિનય વિવેક વગરની હોય, પતિ પ્રત્યે પ્રેમ, સ્નેહ, આદર, બહુમાન હોય જ નહીં. આવા માણસનો સંસાર દુઃખમય જાણવો.

"બુદ્ધિમાન, ધનવાન, પૈસાદાર, રાજસભામાં પૂજાય ।
માન ગમાવી, મૂર્ખ નારીના, રોજ ટુકારા ખાય ।

આવી જેને કુલટા નારી, જીવન તેનું દુઃખિયું ભારી." ॥ ૧ ॥
"મૂચ્છના આંકડા, વાંકડા રાખી, ફાંકડા ખૂબ ફુલાય ।
ઘેર આવ્યા વાઘણની પાસે, રાંકડા સાવ દેખાય ।
જેને ઘેર કુલટા નારી, હરણિયું જેમ શિકારી."
જીવન તેનું દુઃખિયું ભારી. ॥ ૨ ॥

છેવટે હરિવીરના વૈરાગ્યની, નરસુન્દર રાજા ઉપર પણ ઘણી છાપ પડી. અને સર્વસ્વનો ત્યાગ કરી, રાજાએ રાણી સહિત હરિવીર સાથે, તાપસી દીક્ષા લીધી. અને થોડા સમય પછી, મહાપુરુષ જયાનંદકુમારના સમાગમ પછી, તેમનો ઉપદેશ પામી, શ્રીવીતરાગ શાસનની આરાધના કરી, સંસારનો પાર પામ્યા.

આ કથા મુનિસુન્દરસૂરિમહારાજ વિરચિત જયાનંદ ચરિત્રમાંથી લીધેલી છે.

**ઇતિ ઘરનોકરના અનાચાર સૂચક સાતમી કથા સંપૂર્ણ.**

**અત્યાર સુધી આપણે આજ્ઞાપાલન અને સ્વચ્છંદાચારનાં શુભાશુભ પરિણામો જોઈ ગયા. હવે આજ્ઞાનું સ્વરૂપ બતાવાય છે.**

**પ્રશ્ન : માતા, પિતા, વડીલ, વિદ્યાગુરુ, વૈદ્ય, માર્ગદર્શક** કોઈની પણ **આજ્ઞા** ફલવતી જ ગણાયને ?

**ઉત્તર** : ઉપર જણાવેલા તે તે સ્થાનના અધિકારીઓની, તે તે સ્થાનની મર્યાદા પૂરતી, આજ્ઞા પ્રાયઃ-ફલવતી ગણાય, પરંતુ સર્વસ્થાનમાં અસ્ખલિત અને વ્યાપક ફલવતી ગણાય નહીં. વખતે કોઈ જગ્યાએ પોતાના સ્થાનમાં પણ, વિપરીત બનવાનો સંભવ ખરો. કારણ કે, ઉપર બતાવેલા અધિકારીઓ, ઉપકારની ભાવનાવાળા હોવા છતાં, અજ્ઞાની છે. મોહનીયાદિ કર્મોથી ઘેરાયેલા હોવાથી, કયાંક સ્વાર્થવૃત્તિ પણ આવી જતાં, ત્રિપૃષ્ટ-વાસુદેવના પિતા, પ્રજાપતિ રાજાની પેઠે, મયણાસુન્દરીના પિતા પ્રજાપાલનૃપતિની પેઠે; વિજયસુન્દરી બાળાના પિતા, પદ્મરથરાજાની પેઠે, વણીકપુત્ર કેલયીયાના માંસની માગણી કરનાર, અતીત વેશધારી, વિષ્ણુ ભગવાનની પેઠે, ગાધી નામના રાજા પાસે સત્યવતી કન્યાની માગણી કરનાર ઋચિક ઋષિ (અજૈન કથા)ની પેઠે, વિપરીત પણ થઈ જાય છે.

**પ્રશ્ન : આજ્ઞા એકપાક્ષિક ફલજ આપનારી છે એમ તો નહીંજને ?**

**ઉત્તર : સર્વજ્ઞ-વીતરાગ અને યથાર્થભાષક, શ્રીજિનેશ્વરદેવોની આજ્ઞા એકાન્ત હિત કરનારી જ છે.**

"જિનઆણા અમૃત સમી, કર્મઝેર ક્ષયકાર,
જિનઆણા નૌકાસમી, ઉતારે ભવ પાર." ૧

"કર્મ ઝેર અનાદિનું, રખડાવે સંસાર,
જિનઆણા અમૃત મળે, ક્ષણમાં મુક્તિદ્વાર."

**પ્રશ્ન** : જિનઆણાનો અર્થ શું? જિનઆણા કોને કહેવાય?

**ઉત્તર** : सुणह सोअव्वाइं पसंसह पसंसणिज्जाइं ।
परिरह परिहरिअव्वाइं, आयरह आयरिअव्वाइं ॥ १ ॥

**અર્થ** : [1]સાંભળવા યોગ્ય–સાંભળવું. [2]વખાણવા યોગ્ય–વખાણવું. ત્યાગવા યોગ્ય [3]ત્યાગવું. આચરવા [4]યોગ્ય આચરવું ઇતિ શ્રી વીતરાગની આજ્ઞાના ચાર પ્રકાર છે.

**પ્રશ્ન** : સાંભળવા યોગ્ય કઈ કઈ વસ્તુ છે કે જે સાંભળવાથી આલોક પરલોક બધું સુધરી જાય?

**ઉત્તર** : सोअव्वाइं नरामर सिवसुहजणयाइं अत्थसाराइं ।
सव्वन्नुभासिआइं । भुवणम्मि पइट्ठियजसाइं ॥ १ ॥

**અર્થ** : સાંભળવા યોગ્ય શ્રી વીતરાગ પરમાત્મા જિનેશ્વર દેવનાં વચનો છે. જે વીતરાગ વચનોના સાંભળનારા જીવો હોય, તેઓ ભવસ્થિતિ પરિપાક પામ્યા હોયતો, ચાલુ જન્મમાં જ મોક્ષમાં પહોંચી શકે છે. અને જેમનો સંસાર ઘણો બાકી હોયતેવા, સુબાહુકુમારની પેઠે, શ્રીપાલ રાજા મયણાસુંદરી દેવીની પેઠે, શંખરાય કલાવતી રાણીની પેઠે, દેવોનાં અને મનુષ્ય ગતિનાં (દુઃખના અંશ વગરનાં) સુખો ભોગવતા પ્રાન્તે–પાંચ ભવ, દશ ભવ, એકવીસ ભવ–વગેરે સંસાર ભોગવીને, મોક્ષમાં પહોંચેછે. સર્વજ્ઞના વચનો જ સાચા અર્થને જણાવનારાં હોય છે.

**પ્રશ્ન** : જગતને બીજું બધું ગમે છે. શ્રીવીતરાગ દેવોની વાણી કેમ ગમતી નથી?

**ઉત્તર** : ભાગ્યશાળી જીવ? ઘેબર જેવાં ઉત્તમ પકવાનનો થાળ, અને વિષ્ટાનું કૂંડું એ જોડાજોડ મૂકીને, ભૂંડને છૂટો મૂકો તો ભૂંડ, ઘેબર જેવાં પકવાનોને ચાખે જ નહીં અને વિષ્ટાનો સ્વાદ ટેષ્ટથી માણે છે. ગધેડાને સાકર કે શેલડી પીરસો તો ચાખે નહીં. સૂંઘે પણ નહીં અને વિષ્ટા ખોળીને ખાય છે. ઊંટની જાતને દ્રાક્ષ–શેલરીના ટોપલા ભરીને મૂકો તો ચાખે જ નહીં. અને લીંબડા, ખેજડા, બાવળીઆઓ આનંદથી ખાય છે, માટે જ જ્ઞાનીઓ કહી ગયા છે કે—

धर्मरागःदुराधानः पापरागस्तु नांगिनि । सुरंज्या हि यथा नीलिः । मंजिष्टा न न तथा जनैः

**અર્થ** : જગતના જીવોમાં, ધર્મ નાખવા માટે ઉદ્યમ, પ્રયાસ કે મહેનત કરવી પડે છે, પરિશ્રમ પડે છે. જ્યારે જગતના સર્વ જીવો વગર પ્રયાસે પાપ કરે છે. કોઈને શીખવવા જરૂર જ નથી. મજીઠનો રંગ ચડાવવા પુટપાકો કરવા પડે છે, અને ગળીને ચડાવતાં જરા પણ મહેનત કરવી પડતી નથી. તેમ આ જગતના પ્રાણીઓને અનંતા કાળથી, સંસારમાં વસવાટ છે. વિષયોમાં જ આત્મા વસ્યો છે. વિષયો સિવાય ધર્મનો અનુભવ જાણ્યો નથી, જોયો નથી. પણ શ્રીજિનેશ્વરદેવનાં વચનો, જીવોને, સંસારના રસિયા મટાડીને, મોક્ષના રસિયા બનાવવા માટે છે, એટલે તાત્કાલિક પાધરાં કેમ ગમી શકે ?

અને ભગવાન વીતરાગ દેવોનાં વચનો, વિચારક મનુષ્યોના સમૂહોમાં, ખ્યાતિ પામેલાં છે. સંસારનાં અને મુક્તિનગરીનાં સુખ આપનારાં છે, અર્થથી ભરેલાં છે, અનેક અર્થોથી વ્યાપ્તિમય છે. માટે જરૂર સાંભળવા યોગ્ય છે. ઇતિ આજ્ઞાની પહેલી સમજણ, તથા બીજી આજ્ઞા શ્રી વીતરાગદેવનાં વચનો જ વખાણવા યોગ્ય છે.

**ताइं चिअ विबुहाणं पसंसणिज्जाइं तह यजाइं च ।**
**तहिंच्चिय भणियाइं समत – नाण – चरणाइ ॥ २ ॥**

**અર્થ** : તથા પંડિત પુરુષોને તેજ વીતરાગનાં વચનો વખાણવા યોગ્ય છે તથા તેજ શ્રી વીતરાગ આગમમાં વર્ણન કરાયેલાં, અને પંડિત પુરુષોને પસંદ પડી ગએલાં, જ્ઞાન–દર્શન અને ચારિત્ર. આ ત્રણ અને ત્રણેના ભેદપ્રતિભેદો જ વખાણવા યોગ્ય છે. બીજી કોઈ પણ વસ્તુના વખાણ કરવાથી અવશ્ય કર્મો બંધાય છે ત્યારે જૈનાગમો અને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પ્રત્યે થએલો રાગ, તેની કરાએલી અનુમોદના, તેની કરાતી પ્રશંસા, કર્મના નાશનું કારણ બને છે.

**પ્રશ્ન** : અનુમોદના અને પ્રશંસાનો અર્થ શું ?

**ઉત્તર** : અનુમોદના પ્રશંસા બંનેનો અર્થ એક જ છે. કોઈ પણ વસ્તુ, પછી ભલે તે ધર્મવાળી હોય અથવા પાપવાળી હોય, પોતાને ગમી જાય અને ચિત્તમાં સારું માનવામાં આવે તે, અનુમોદના જાણવી. અને તે જ વસ્તુને બીજા પાસે પ્રતિપાદનપૂર્વક વખાણવી તે પ્રશંસા. માટે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, આ ત્રણ વસ્તુ અને તેના આરાધક આત્માઓ જ પ્રશંસા કરવા યોગ્ય છે.

**પ્રશ્ન** : જૈનશાસનમાં તો કહ્યું છે કે ગુણીના ગુણની, અનુમોદના, પ્રશંસા કરવી એ મહાલાભનું કારણ છે, એ વાત સાચી છે ?

**ઉત્તર** : જેમ ઝવેરાતની જાતોનો જાણકાર ઝવેરી, નાનીમોટી પ્રત્યેક વસ્તુના સંગ્રહમાં પ્રાયઃ કમાય છે. વસ્તુની, અવસરની, ગ્રાહકની, ઓળખાણ વાળા માણસો, પોતાના બધા કામકાજમાં સફળ બને છે. લાભ મેળવે છે. પરંતુ કાચ અને હીરાનો, સુવર્ણ–પિત્તળનો, તથા છીપ અને ચાંદીનો ભેદ સમજે જ નહીં. તેવા માણસોના વેપારમાં પ્રાયઃ લાભ

મળવાનો સંભવ નથી. અથવા કોઈ પણ વેપાર કે ખેતી વિગેરે આવકના ઉદ્યમોની સમજણ ન હોય, તેવા માણસોના તે તે ઉદ્યમો લાભ આપનારા થતા નથી.

તેમ ગુણને, દોષને, કે ગુણાભાસને, સમજતા ન હોય, સમજવા ઉદ્યમ ન હોય, અથવા ત્રણેને સરખા જ સમજતા હોય, તેવા જીવોની ગુણોની અનુમોદના કે પ્રશંસા તેને પોતાને, આત્મકલ્યાણ માટે થતી નથી. પરંતુ વખતે મિથ્યાત્વનું પોષણ થાય છે. બીજા અનેક ભોળા જીવોને અવળા રસ્તે ચડાવે છે.

**પ્રશ્ન** : ભલે પરીક્ષક ન હોય તો પણ ગુણની અનુમોદનાથી કર્મ કેમ બંધાય ? તે સમજાવો.

**ઉત્તર** : આત્માને પહેલી ગુણની ઓળખાણ થવી જોઈએ. પછી ગુણનાં વખાણ કે પ્રશંસા થાય તો ચોક્કસ પુણ્યબંધ, સંવર કે નિર્જરા જરૂર થાય છે. પરંતુ પિત્તળના ચકચકાટ દાગીના જોઈ, સુવર્ણના સમજીને વખાણ કરવાથી, ઘણા અજ્ઞાની આત્માઓ, સોનાના ભાવે પિત્તળની ખરીદ કરીને ઠગાય, તેનો દોષ વખાણ કરનારને લાગે. તેમ ગુણ હોય જ નહીં, પરંતુ હિંસા વગેરેના દોષોથી ભરેલા, કુદેવ–કુગુરુનો પ્રશંસા થવાથી, હજારો માણસો, તેના પંથ જોઈને, ધર્મત્યાગી અધર્મ કરનારા બને, તેનું મહા ભયંકર પાપ ખોટી પ્રશંસા કરનારને લાગે છે. માટે કોઈનાં વખાણ કરતાં પહેલાં, પરીક્ષક થવાની જરૂર છે.

**જિનાજ્ઞાનો ત્રીજો પ્રકાર** ત્યાગવા યોગ્યનો ત્યાગ કરવો.

**परिहरिअव्वाइं तहा कुगइवासस्स हेऊभूआइं । मिच्छत्तमाइआइं लोगविरूद्धाइं तहेव ॥ ४ ॥**

**અર્થ** : શ્રી વીતરાગ દેવોની એવી આજ્ઞા છે કે, મિથ્યાત્વ આદિ અઢાર પાપસ્થાનકો, અવશ્ય ત્યાગ કરવાં અથવા મિથ્યાત્વ અવિરતિ–કષાય અને યોગ આ ચાર કર્મબંધનાં મુખ્ય કારણો છે. માટે શકય પ્રયાસ કરવો, અને ક્રમસર ઘટાડતા ઘટાડતા નિર્મૂળ નાશ કરવો. આ મિથ્યાત્વાદિ ૧૮ અથવા ચારથી જ આત્મા–દુર્ગતિઓમાં પરિભ્રમણ કરી રહ્યો છે. તથા લોકવિરુદ્ધ આચરણો પણ અવશ્ય ત્યાગવા યોગ્ય છે, જેના આચરણથી, અનંતર કે પરંપર અઢારે પાપસ્થાનકોનું પોષણ આવી જાય છે. માટે લોક વિરુદ્ધ કોઈપણ કાર્ય વર્જવા યોગ્ય છે. આપણી પ્રતિદિન આચરણીય ભાવનામાં પણ "**लोगविरूद्धच्चाओ**" ભાવવામાં આવે છે.

**પ્રશ્ન** : લોક વિરુદ્ધ કોને કહેવાય છે તે બતાવો ?

**ઉત્તર** : હવે પછીની ગાથાઓથી તે બતાવાશે. **જિનાજ્ઞાનો ચોથો પ્રકાર** આચરવા યોગ્યનું હંમેશાં આચરણ કરવું.

**आयरिअव्वाइं अणिस्सिएण सम्मतनाणचरणाइं ।**
**दोगरुचनिऊडणाइं, चिन्तामणि रयणभूआइं ॥ ५ ॥**

**અર્થ** : શ્રીતીર્થંકરપરત્માઓએ, પ્રતિદિવસ, પ્રતિક્ષણ, અથવા પ્રતિસમય, સમ્યગ્દર્શન જ્ઞાન અને ચારિત્રનું જ આચરણ-આરાધન કરવાનું ફરમાવ્યું છે. સમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્રની આરાધના કરનાર આત્મા, દુર્ગતિમાં જાયજ નહીં. આ ત્રિપુટીને, મહાપુરુષોએ, ચિન્તામણિ રત્નની ઉપમા આપી છે, તે બરાબર જ છે. કોઈપણ પ્રકારની આશા વગર, સેવાએલી રત્નત્રયી, મોક્ષમાં લઈ જાય છે. મોક્ષમાં ન જાય તો વૈમાનિક દેવત્વને પામે છે.

"**व्रते ह्येकाहमात्रेपि न स्वर्गादन्यतो गतिः ॥**"

**અર્થ** : રત્નત્રયીનું માત્ર એક જ દિવસ આરાધન કરવાથી, આત્મા મોક્ષમાં ન જાય તો, છેવટ સ્વર્ગમાં જ જાય છે. બીજી ત્રણ ગતિ બંધ સમજવી.

**પ્રશ્ન** : દીક્ષા લેનારા બધા જ સ્ત્રી-પુરુષો સ્વર્ગમાં જ જાય છે?

**ઉત્તર** : જેમ દુકાન લેનારા કે વેપાર કરનારા, બધા જ કમાય છે, એમ નથી. વેપાર કરતાં આવડે તેવા સંપૂર્ણ અનુભવી અને સાવધાન, આત્મા જરૂર કમાય છે. તેમ દીક્ષામાં આચરવા યોગ્યમાં તન્મય બને. ત્યાગવા યોગ્યનો સંપૂર્ણ ત્યાગી બને. તેવા જીવો માટે ઉપરનું વર્ણન સમજવું.

**પ્રશ્ન** : લોકવિરુદ્ધ એટલે શું? લોકવિરુદ્ધના પ્રકારો હોય તો બતાવો.

**ઉત્તર** : લોકવિરુદ્ધ વસ્તુઓ આચાર્ય ભગવાન બતાવે છે :

**सव्वस्सचेव निन्दा विसेसओ तहय गुणसमिद्धाणं ।**
**उजुधम्मकरणहसणं, रीढा जणपूयणिज्जाणं ॥ १ ॥**
**बहुजणविरूद्धसंगो, देसाचारलंघणं चेव ।**
**उव्वणभोगो य तहा, दाणाइवियगडमन्नेतु ॥ २ ॥**
**साहुवसणम्मि तोसो, सइसामत्थम्मि अपडियारोय ।**
**एवमाइयाणि एत्थं, लोगविरूद्धाणि नेयाणि ॥ ३ ॥**

**અર્થ** : કોઈની પણ નિન્દા[1] કરવી (તે પણ ખોટું છે તો પછી) મહાગુણી આત્માઓની પણ નિન્દા[2] કરવી આવા પાપનું તો કહેવું જ શું? તથા સરળ સ્વભાવ આત્માઓ દ્વારા થતો દાનાદિ[3] ધર્મ, તેની મશ્કરીઓ કરવી, તેવાઓને ઉતારી પાડવા, તેવાઓ ધર્મ કરતા ખસી જાય એવા પ્રચાર કરવા. અનેકના પૂજ્ય પુરુષોની અવહેલના[4] કરવી. ॥ ૧ ॥

અનેક માણસો જેનો વિરોધ કરતા હોય, અથવા અનેક માણસોથી વિરુદ્ધ કરીને રહેનારની, સોબત કરવી, દેશાચાર વિરુદ્ધ આચરણ કરવું, ઉદ્ભટ વેશ, અથવા અનેકની નજરે ચડે તેવાં, ઘર-બાર, ખાન-પાન, નોકર-ચાકર રાખવા તે તથા પોતાના દાન-તપશ્ચર્યાદિને જાહેર કરવાં તે. ॥ ૨ ॥

સાધુસંત ઉપર આપત્તિ-દુઃખ મુશ્કેલી આવેતો રાજી થવું. અથવા આપણી શક્તિ હોય તોપણ સાધુ-પુરુષોની મુશ્કેલીઓ. મટાડવા-ટાળવા પ્રયાસ ન કરવો. આવાં અનેક લોકવિરુદ્ધ વર્તન સમજવા. ॥ ૩ ॥

**પ્રશ્ન** : નિંદા કોઈની પણ કરવી નહીં. નિંદા કરવી તે મહાપાપ છે. સોળમું પાપસ્થાનક જ નિંદા કહી છે.

"નિંદા ન કરવી કોઈની પારકી રે, નિંદા કરે તે જાય નારકી રે."

તો પછી, આપણે જૈનો પણ, બીજાધર્મોના દેવોની, ગુરુઓની, અને ધર્મની ખુલ્લેખુલ્લી નિંદા કરીએ છીએ, તો શું આ પાપ નહીં?

**ઉત્તર** : સાચી અને દોષ વગરની વાતો કહેવાય તે નિંદા નથી. અને કોઈપણ ખરી વસ્તુ કહ્યા વિના ચાલે પણ નહીં. જેમ વેપારી, જોડેની દુકાનવાળો માણસ, હલકો બનાવટી કે ભેળસેળવાળો માલ; ઓછા ભાવે વેચતો હોય, ત્યારે ઘરાકને, પોતાના અને જોડેની દુકાનના માલની, સમજણ ન જ અપાય તો વધારે કિંમતવાળો પોતાની દુકાનનો માલ ખપે જ કેમ?

તેમ દેવો પણ, રાક્ષસોને મારનારા હોય, અનેક સ્ત્રીઓ અને રખાતો રાખનારા હોય, શાપ-અને આશીર્વાદ આપનારા હોય, તથા જગતના પૂજ્યસ્થાને બિરાજેલા પુરુષો પણ, દુર્ગતિમાં જનારા પાપી જીવોના જેવાં, આચણો કરતા હોય, તો બીજા આપણા જેવા પામરો પણ, તેમનું અનુકરણ કરીને. દુર્ગતિમાં જનારા બને તે સ્વાભાવિક છે. તેવા દેવોના અવલંબનથી, આપણાં કર્મ કેમ ખપે?

તથા ગુરુસ્થાનમાં રહેવા છતાં, પૈસા ટકા, બળદ, ઘોડા, હાથી, બૈરી-છોકરાં, ઝગડા-કોરટ કરતા જ હોય તો પછી, ગુરુપુરુષોમાં ને સંસારી મનુષ્યોમાં ફેર શું? તેવા ગુરુઓના અવલંબન લેનારા, આત્મ કલ્યાણ સાધી શકે? કોઈ કવિરાજ કહે છે કે-

"ગુરુજી-ગુરુજી બોલે સૌ, ગુરુને ઘેર બેટા ને વહુ,
ગુરુને ઘેર ઢાંઢા ને ઢોર, અખો કહે આપે વળાવો અને આપે ચોર." ૧

રાજાના ચોકીઆતો કે કોટવાળો, પોતે જ ચોરીઓ કરનારા બને તો પછી, રક્ષણ કોણ કરે?

" નગરીના રક્ષક બની, ચોરી કરે સદાય,
નગરીમાં વસનારને, ક્યાં જઈ લેવો ત્યાગ." ૧

ધર્મ પણ અગ્નિને દેવ માનવો, સ્નાન કરવાની જગ્યાને (અણગલ પાણીમાં સ્નાન કરવું તે) તીર્થ કહેવું. યજ્ઞની ક્રિયામાં જીવતા પ્રાણીઓનો હોમ કરવો, તેને ધર્મ માનવો. અથવા દેવદેવીઓ, પાસે પાડા, બકરા, ઘેટા, ગાયો વિગેરે જીવોની કતલો કરવી, તેના માંસને દેવીની શેષા માનીને ખાવી, તે પણ ધર્મ માનવો.

ઉપર બતાવેલા પત્ની–પુત્રોવાળા, અબ્રહ્મચારી ગૃહસ્થોને ગુરુ માનવા, ગાયનું પૂજન કરવું. ગાયનું મૂત્ર અને છાણને પવિત્ર માનવું. અગ્નિનું તર્પણ કરવું અને કાગડાઓને જમાડવા, જેથી પોતાના પૂર્વજોને, તે બધું પહોંચે છે. આને શ્રાદ્ધ કહેવાય છે. વળી અપુત્રને સુગતિ થતી નથી. કહ્યું છે કે—

**ऋणंदेवस्य यागेन ऋषिणां दानकर्मणा। संतत्या पितृलोकानां, शोधयित्वा परिव्रजेत् ॥ १ ॥**

**અર્થ** : આ શ્લોક ઉપરની વાતોની પુષ્ટિ રૂપ છે. યજ્ઞો કરવા વડે દેવોનું કરજ ચુકાવવું, ગાયોનું, પુત્રીનું, ધનનું, ક્ષેત્રનું, વિગેરે દાનો આપીને, ઋષિમુનિઓનું કરજ ચુકાવવું, અને ઓછામાં ઓછો એક પુત્ર ઉત્પન્ન કરીને, પોતાના પૂર્વજોનું કરજ ચુકાવીને, પછી જ સન્યાસ લેવો. પુત્ર ન હોય તો પિંડ કોણ આપે ? સંતતિનો વિચ્છેદ થાય, પૂર્વજોને પિંડ ન મળે તો, બિચારાઓ ક્ષુધાથી ટળવળતા બને. ઇત્યાદિ.

**अपुत्रस्य गति र्नास्ति, स्वर्गोनैवचनैवच ।**

**અર્થ** : અપુત્રની સુગતિ થતી નથી, સ્વર્ગ મળે જ નહીં.

આવા દેવ ગુરુ–ધર્મની સાચી વાત ન જ કહેવાય તો આંધળો–આંધળાને દોર્યા જેવો ન્યાય થઈ જાય. માટે ઉપકારી પુરુષોને કહેવું પડ્યું છે કે :

**धर्मध्वंसे क्रियालोपे, स्वसिद्धान्तार्थविप्लवे। अपृष्टेनापिशक्तेन, वक्तव्यं तन्निषेधितुं ॥ १ ॥**

**અર્થ** : ધર્મનો ધ્વંસ થતો હોય, શુદ્ધ ક્રિયાનો લોપ–નાશ થતો હોય, પોતાના સિદ્ધાન્તો હણાઈ જતા હોય, તેવા વખતે શક્તિ સંપન્ન આત્માએ, ચોક્કસ બોલવું જ જોઈએ. અને ન બોલે તો, તે શક્તિસંપન્ન ગુનેગાર ગણાય. "**ननिसिद्धं अनुमतं**"ના નથી પાડતા માટે ખોટું નહીં હોય.

**परोरुष्यतु वामावा, विषवत्प्रतिभातुवा। भाषितव्या हिताभाषा, स्वपक्षगुणकारिणी ॥ १ ॥**

**અર્થ** : બીજો માણસ ગુસ્સે થાય કે હર્ષ પામે, અથવા તેને વિષ જેવું લાગે, અગર અમૃત જેવું લાગે, પરંતુ આપણે સ્વપરનું એકાન્ત કલ્યાણ થાય તેવી ભાષા બોલવી. છેવટે આપણને શાસન- દ્રોહ ન થાય, તેવી ભાષા બોલવી.

ટુંકાણમાં સમજવાનું એજ કે, કુદેવ–કુગુરુ–કુધર્મનું સમર્થન થતું હોય, હિંસાદિ પાપોનું પોષણ થતું હોય, જૈનધર્મ ખોટો છે, નવો નીકળ્યો છે, આવું બોલનાર કે લખનારને જવાબ ન અપાય તો, તે અજ્ઞાની, ડરપોક અથવા શ્રદ્ધા વગરનો ગણાઈ જાય. આવી વાતોને સાચા સ્વરૂપમાં લખવી, કે બોલવી, તે નિંદા નથી. પરંતુ યથાર્થવાદનું પ્રતિક છે એમ જાણવું.

**પ્રશ્ન** : સ્વપક્ષમાં કોઈના અવર્ણવાદ બોલવાથી કર્મ બંધાય છે, આ વાત તો સાચીને?

**ઉત્તર** : અવગુણોથી સંસાર ભરેલો છે. આ પાંચમો આરો છે. ચોથા આરાના મહામુનિરાજો જેવું આ કાળમાં ચારિત્ર, અશકય છે. તોપણ આ કાળમાં એવા એવા મહાપુરુષો થયા છે કે, જેમના ચારિત્ર્ય ચોથા આરાના મુનિરાજો જેવાં હતાં. આજે પણ કોઈ કોઈ ખૂબ આત્માર્થી જીવો, ઘણું ઉત્કૃષ્ટ ચારિત્ર પાળતા દેખાય છે. આ કાળમાં અમે પાળીએ છીએ તે જ બરાબર છે. આવું બોલનારા વીતરાગના માર્ગને સમજ્યા નથી. અથવા છુપાવનારા છે. આ કાળના મુનિપ્રવરોને આચરવા યોગ્ય પણ ધ્યાનમાં રખાય નહીં. અને કેવળ મુનિ વેશને, આરાધના માની લેનારાઓની વાતોને, ખોટી કહેનારા નિંદક કહેવાય નહીં. બેદરકારીથી કે, ભૂલથી, માર્ગ ભૂલા પડેલાને, માર્ગ ભૂલા પડેલા કહેવાય તે નિંદા કેમ કહેવાય? વળી મહાપુરુષોનાં વાકયો વાંચો :

**चेइअदव्वविणासे, इसिघाए पवयणस्सउड्डाहे। संजइचउत्थभंगे, मूलग्गी बोहिलाभस्स** ॥ १ ॥

**અર્થ** : આખા જગતના એકાન્ત ઉપકારી ગુરુપુરુષો ફરમાવે છેકે, ચૈત્યના દ્રવ્યનો વિનાશ કરાવનાર હોય, ઋષિનો ઘાત થતો હોય, અર્થાત્ જૈન મુનિનો ઘાત કરનાર, પ્રવચન–જૈનશાસનની નિંદા કે નિર્મૂલ્યતા કરનાર–કરાવનાર, અને સાધ્વીનું ચતુર્થવ્રત ભાંગનાર કે ભંગાવનારની બોધિ, જૈનધર્મની પ્રાપ્તિ થઇ હોય તેમાં, અગ્નિ મુકાય છે.

**પ્રશ્ન** : કેટલાક કહે છે કે, ચૈત્યદ્રવ્ય એટલે દેવદ્રવ્ય. એટલે શ્રીવીતરાગનું દ્રવ્ય. આવો અર્થ થાય તોશું આ વાતમાં વદતો વ્યાઘાત જેવું નથી લાગતું? વીતરાગ એટલે રાગદ્વેષ વગરના દેવો, વીતરાગ પોતે દ્રવ્યને અડે જ નહીં. ચક્રવર્તીની ઋદ્ધિ પણ છોડીને નીકળ્યા છે. તેઓ સર્વકાળ અકિંચન જ રહ્યા છે. અને હોય છે. એટલે વીતરાગના નામ ઉપર દ્રવ્યને વળગાડવું, તે વ્યાજબી નથી નિરંજન નિરાકારને દ્રવ્ય હોય જ શા માટે?

**ઉત્તર** : ભગવાન જિનેશ્વર દેવો વીતરાગ જ હોય છે. અને રહેવાના છે. દેવદ્રવ્યને અને જિનેશ્વર ભગવંતોને કશો સંબંધ નથી, પરંતુ, થોડો વહેવાર માર્ગ જાણનાર કે વિચારનારને આવી ભ્રમણા આવતી નથી. અને આવી હોય તો પણ નીકળી જાય છે.

જુઓ, પ્રભુજી કેવળજ્ઞાન પામે છે. ત્યાર પછી તુરત જ, સમવસરણ થાય છે. દેવતાઓ સમવસરણની રચના કરે છે. તેમાં બહારથી પહેલો કીલો ચાંદીનો બનાવે છે. તેની ઉપર તદ્દન સુવર્ણનાં કપીશિર્ષ–કાંગરાં હોય છે. વચલો કીલો તદ્દન સુવર્ણનો, તેની ઉપર કપિશિર્ષ તદ્દન રતનનાં હોય છે. તથા તદ્દન અંદરનો કીલો, રતનમય હોય છે. તેનાં કપિશિર્ષ–મણિમય હોય છે.

અંદરનો ભૂભાગ–પંચજાતિના રત્નોથી બાંધે છે. વચ્ચોવચ્ચ મહારત્નથી બનાવેલી વેદિકા હોય છે. તેની વચ્ચોવચ્ચ દેવો ચૈત્યવૃક્ષ બનાવે છે, તેની ચાર દિશાઓમાં, પૂર્વ–પશ્ચિમ–ઉત્તર–દક્ષિણ, દેવો રત્નમય ચાર સિંહાસન ગોઠવે છે. પૂર્વ દિશાના સિંહાસન ઉપર બેસીને, પ્રભુજી સંસારની અસારતામય દેશના આપે છે. અને એક યોજન સુધી બધી દિશાઓ–વિદિશાઓમાં બેઠેલા, ચારનિકાયના દેવો, દેવીઓ, સાધુઓ, સાધ્વીઓ, શ્રાવકો, શ્રાવિકાઓ, બાર પર્સદાઓ પ્રભુજીની દેશના સાંભળે છે. દેશના આપીને જિનેશ્વર દેવો, ઇશાન ખૂણામાં પહેલા (અંદરથી) બીજા કીલાની–વચ્ચે દેવછંદામાં પધારે છે. રાત દિવસ કે ઘણા દિવસો પ્રભુજી તેમાં જ રહે પણ છે.

અહીં આવનારા દેશના સાંભળીને ઘેર જનારા, એમ જ બોલે છે કે, અમે પ્રભુજીના સમવસરણમાં દેશના સાંભળવા ગયા હતા. આ સમવસરણને પ્રભુજીનું સમવસરણ જ કહેવાય છે. માણસો અને દેવદેવીઓ પ્રભુજીનું, તીર્થંકરદેવનું, વીતરાગનું સમવસરણ જ કહે છે. વળી આ સમવસરણ લાખો જિનાલયો બંધાવી શકાય તેવું, મહાકીમતી, રત્નો અને સુવર્ણ–રજતનું બનેલું, ચારે બાજુ એકયોજન વિસ્તારવાળું હોય છે. આ વસ્તુ નવીન નથી. અનંતાકાળની શાશ્વતી જ છે. તથા ઋષભદેવ સ્વામી થયાને આજે એક કોટાકોટી સાગરોપમ જેટલો કાળ થયો છે. આટલા ગાળામાં. ૨૪ જિનેશ્વરદેવોના તીર્થોમાં, અસંખ્યાતા કેવલીભગવંતો અને ચૌદપૂર્વધર વગેરે જ્ઞાનીભગવંતો થયા છે. તે તે મહાપુરુષોના ઉપદેશથી, આ ભરતક્ષેત્રમાં શત્રુંજયાદિ તીર્થોમાં, અને રાજગૃહી, અયોધ્યા, મથુરા, દ્વારિકા, સાવત્થી, કૌશાંબી, બનારસ, કાકંદી, ભદ્દિલપુર, સિંહપુરી, ચંપાપુરી કાંપિલ્યપુર, રત્નપુરી, હસ્તીનાપુર, મિથિલા અને વિશાળા ઉજ્જયિની વગેરે નગરીઓમાં, ક્રોડો જિનમંદિરો થયાં, નાશ પામ્યાં અને નવીન થયાં છે.

આ બધા સ્થાનોમાં જિનેશ્વરદેવનું સમવસરણ શબ્દપ્રયોગ થાય છે. જિનેશ્વરદેવોનાં મંદિરો પણ બોલાય છે. જૈનમુનિનો ઉપાશ્રય બોલાય છે. આવા બધા પ્રયોગો થવાથી, શ્રીવીતરાગ દેવોને પરિગ્રહના દોષો લાગ્યા નથી. નવાં કર્મ બંધાયા નથી અને મોક્ષમાં પધારી ગયેલા પાછા આવતા પણ નથી.

જેમ અહીં સમવસરણ, જિનાલય ઉપાશ્રય પહેલાં જોડાયેલા શબ્દો, આરાધકોની ઓળખાણ માટે, આપણે સંસારી જીવોએ, ઠરાવેલા છે, તેથી તે તે સ્થાન સહેલાઇથી ઓળખી શકાય છે. તે પ્રમાણે જિનાલયોને સાચવવા માટે ભેગું થયેલું દ્રવ્ય જિનદ્રવ્ય કહેવાય છે. તે દ્રવ્યથી મોક્ષમાં પધારેલા તીર્થંકરદેવોને પરિગ્રહનો દોષ લાગતો નથી. અને પ્રભુજીની વીતરાગતાને કલંક પણ લાગતું નથી.

**પ્રશ્ન** : તો પછી જિનેશ્વરદેવોના નામ પર લાખો અને ક્રોડો ભેગા કરવાની જરૂર શી ?

**ઉત્તર** : પ્રભુજીના નામ ઉપર પૈસા ભેગા થતા નથી. પરંતુ જીર્ણ થયેલાં અને થતાં, જિનાલયોનું સમારકામ કરવા માટે, તથા આરાધકો વધે ત્યાં નવીન મંદિરો બનાવવા માટે, જિનદ્રવ્યની વૃદ્ધિ કરવી એ પણ, આરાધનાનો એક માર્ગ છે.

જિનદ્રવ્ય છે તો જ, હજારો જિનમંદિરોની હયાતિ અને આબાદી છે. જિનમંદિરો હોયતોજ આંશિક પણ ધર્મની આરાધના ટકી રહીછે. ટકીરહેછે. જગતભરમાં જિનદ્રવ્યનો અભાવ થઈ જાય તો, જિનમંદિરો અને જિનપ્રતિમાઓનીહયાતિ ભયમાં મુકાઈ જાય, એ સ્પષ્ટ સમજાય તેવું જ છે. અને જિનમંદિરો સર્વથા નહીંજ હોયતો, ધર્મપણ જોખમમાંજ મુકાયો સમજવો.

આજે બીજા ધર્મોમાં, ધર્મસ્થાનોમાં મૂકાતું દ્રવ્ય, બાવાઓ કે બ્રાહ્મણો ખાઈ જાય છે. તેવા ધર્મનાં ધર્મસ્થાનોમાં, વિકાસ, પ્રકાશ, સ્વચ્છતા કશું હોતું નથી. જ્યારે જૈન તીર્થોમાં આટલી સુંદર સ્વચ્છતા અને આબાદી દેખાય છે, તેનું કારણ ભક્તલોકોને, દેવદ્રવ્ય ખાવું ખપતું નથી. અને માટે જ દિનપ્રતિદિન વધેલા દ્રવ્યોથી, જિર્ણોદ્ધાર શક્ય બને છે. મરામતો થયા કરે છે. હજારો જિનમંદિરો જળવાઈ રહ્યાં છે.

**પ્રશ્ન** : આજે કેટલાક સંપ્રદાયો મૂર્તિને બિલ્કુલ માનતા જ નથી. તેમને ધર્મની આરાધના ન જ હોય ?

**ઉત્તર** : પ્રકારાન્તરથી સ્થાપના બધાય માને છે. મુસલમાનો પ્રતિમા માનવાની ના પાડે છે. તો પણ તેઓ મક્કા-મદીના તીર્થને માને છે. આ બે ભૂમિઓ મહમદપેગંબરના જન્મ અને મરણ સ્થાનોને તમામ મુસલમાનો પોતાનું ધર્મસર્વસ્વ તરીકે સ્વીકારે છે. હજારો મુસલમાનો યાત્રા ( હજ ) કરવા જાય છે.

ખોજા અને મેમણકોમ ( મુસલમાનોનો પેટાભેદ ) ખોજાખાનાને સ્વીકારે છે. તેને ધર્મસ્થાન માને છે.

આર્યસમાજીષ્ટો દયાનંદસરસ્વતીના જન્મસ્થાન ટંકારાને તીર્થ જેટલું મહત્ત્વ આપે છે. દયાનંદ સરસ્વતીના ફોટાને પગે લાગે છે. હાથ જોડે છે.

આપણા સ્થાનકવાસી ભાઈઓ ઉપાશ્રયમાં પૂજ્યની ગાદીને માને છે. વ્યાખ્યાન પીઠને પુંઠ લગાડતા નથી. પોતાના ( સ્થાનકવાસી મુનિરાજોના ) ફોટા પડાવ્યા છે. પુસ્તકોમાં હજારો નકલો સાધુઓ અને શ્રાવકોના ફોટા છપાએલા મોજૂદ છે.

**પ્રશ્ન** : જડપ્રતિમાને માનવાથી લાભ શું ?

**ઉત્તર** : સ્થાનકવાસી સાધુ મહારાજ કાળધર્મ પામ્યા પછી આત્મા ચાલ્યો જાય

છે. તો પણ તેઓ તેમની માંડવી–પાલખી બનાવે છે. મુનિના શબ–મડદાને, બધા સાધુ–સાધ્વી ગૃહસ્થો પણ પગે લાગે છે. શણગારે છે. આ મડદું પણ જડજ છે. આપણા આ કાળના મુનિના શબને પગે લાગવાથી અને દર્શન કરવાથી, ભક્તવર્ગનું કલ્યાણ મનાયું છે–તો પછી જગતના અજોડ ઉપકારી, જિનેશ્વર દેવની મૂર્તિને, ન પગે લાગવું, ન માનવી આ કેવું ડહાપણ ?

**પ્રશ્ન** : પરંતુ વીતરાગની પ્રતિમા બનાવી, તેની ઉપર પાણી ઢોળવું, ચંદન ચર્ચવું, ફૂલ ચડાવવાં, આ શું વ્યાજબી છે ?

**ઉત્તર** : આ પ્રમાણે જ આપ શ્રીમાનો સ્થાનકવાસી સાધુ મહારાજના મડદાને નવડાવો છો. પાલખીમાં બેસાડો છો. વસ્ત્રો પહેરાવો છો. પગે લાગો છો. થાય તેટલા ઠાઠમાઠની ઉજવણી ઉજવો છો. આ કાળના સાધુ સંતો કરતાં જિનેશ્વરદેવો અનંતગુણી અને મહા ઉપકારી પુરુષો છે.

**પ્રશ્ન** : પ્રતિમા ન હોય તો નુકસાન શું ? અને પ્રતિમાની હાજરીથી ફાયદો શું ?

**ઉત્તર** : જેમ ભૂતકાળના વિક્રમાદિત્ય–કુમારપાલ–પ્રતાપ રાણા શિવાજી છત્રપતિ–અકબર–ઔરંગઝેબ–અલાઉદ્દીન વગેરેનાં ફોટા કે બાવલાં જોવાથી, તે તે વ્યક્તિઓની ઉદારતા–શૌર્યતા–ધર્મપરાયણતા–ક્ષાત્રયવટ – અભિમાન – દેશપ્રેમ – ધર્મઝનુન – વગેરેનુ ભાન થાય છે.

તેમ ભગવાન વીતરાગદેવોની પ્રતિમાને, ઉભા કે બેઠા જોવાથી, ભગવાન વીતરાગની વીતરાગતા, સમજવાનું આકર્ષણ પ્રકટે છે. વીતરાગ કેવા હતા, તેના, આત્મામાં સાચા સંસ્કાર પડી જાય છે. વીતરાગ મુદ્રા દેખવાથી, વારંવાર જોવાથી, હજારોવાર જોવાથી, આત્મામાં વીતરાગતા આવવાનો પ્રારંભ થાય છે. કહ્યું છે કે,

**" वीतरागं जनोध्यायन्, भजते वीतरागतां । ईलिका भ्रमरीध्यानाद् भ्रमरीजायते क्रमात् ॥ १ ॥**

**અર્થ** : શ્રીવીતરાગ પરમાત્માનું ધ્યાન કરતો આત્મા, પોતે, વીતરાગદશાને પ્રાપ્ત કરે છે. જેમ ભમરીએ લાવેલી ઇયળ, ભમરીના ગણગણાટ સાંભળી, મરણ પામી, તે જ ભમરીના ધ્યાનથી, ત્રણ ઇંદ્રિય મરીને ચાર ઇંદ્રિય ભમરી બને છે.

કોઈએ પ્રશ્ન કર્યો છે કે શ્રીવીતરાગ કેવા હોય છે. તેને ઉત્તર મળ્યો કે શ્રીવીતરાગ દેવોની પ્રતિમાજીને જોઈ લ્યોઃ શ્રીવીતરાગ દેવો–હુબહુબ આ પ્રતિમાજીના જેવા જ હોય છે. આ પ્રતિમાની સમજણ અને સંસ્કાર બરાબર પડેલા હોવાથી, તેણે શ્રીવીતરાગ, તીર્થંકરદેવ અથવા કેવળીભગવાનને જોઈને ઓળખી લીધા.

**અહીં એક દૃષ્ટાન્ત જણાવાય છે.** એક નિર્જન જંગલમાં પરદેશી મુસાફર, ભૂલો પડેલો ક્ષુધા અને તૃષાથી, પીડાતો હતો. તેને ક્ષુધા તૃષા ઘણી લાગવાથી, ઘણો

મુંઝાયેલો જણાતો હતો. તેવામાં તેને એ જ જંગલનો અનુભવી મનુષ્ય મળ્યો. તેને પેલા મુસાફરે, પોતાની દુઃખની વાત જણાવી. ત્યારે અનુભવી મુસાફરે, દિલાસો આપી કહ્યું કે, આટલા જંગલમાં, ખાવા-પીવાની કશી વસ્તુ મળવી અશક્ય છે.

પરંતુ આ જંગલમાં, થોડા આગળ ચાલશો તો, વનવાસી ગાયોનાં ટોળાં જોવા મળશે. તે ગાયો ઘણી જ ગરીબ હોય છે. માણસને જોઈ પાસે આવે છે. તેને પંપાળવાથી ખૂબ વાત્સલ્ય બતાવે છે. તેને સ્તને=આંચળે વળગી પડશો તો, પાંચ મિનિટમાં પેટ ભરાઇ જશે. ક્ષુધા-તૃષા નાશ થશે. શરીરમાં શક્તિ અને બળ આવશે.

**મુસાફરનો પ્રશ્ન** : મેં જિંદગીમાં ગાય કેવી હોય તે જોઈ જ નથી. માટે ગાયને ઓળખવાની નિશાની શું ? અનુભવી ભાઈનો—

**ઉત્તર** : ભાઈ, આવો તમને નિશાની બતાવું, કહીને મુસાફરને નજીકના શિવજીના દેવાલયમાં લઈ ગયો. અને મહાદેવજીની સામે રાખેલો, મહાદેવજીનો પોઠીઓ. બતાવ્યો. અને કહ્યું કે આવા પગ, આવાં શિંગડાં, આવું ગલકંબલ, આવી ખૂંધ, આવું શરીર, હોય તેને, તમારે સમજી લેવું કે, આ ગાય છે. માત્ર તેણીને પાછલા પગ પાસે ચાર આંચળ વધારે સમજવા.

મુસાફરને પત્થરનો પોઠીઓ જોવાથી, ગાયને ઓળખવાના સંસ્કાર મળી ગયા. અને આગળ જતાં ગાય પણ જોવા મળી અને તેના કહેવા પ્રમાણે પંપાળ વગેરે કરવાથી, પગ નીચે બેસી આંચળોમાંથી દૂધ મેળવી પોતાની ક્ષુધા-તૃષા-પરિશ્રમ-મટાડી મુસાફરીમાં સુખી થયો.

**ઉપનય** જેમ અજાણ્યા જંગલમાં, પરદેશી ભટકતા મુસાફરને, અનુભવી મનુષ્યે, ગાયની ઓળખાણ, અને ગાયને ઓળખવા, મહાદેવજીના પોઠીઆની ઓળખાણ, બતાવવાથી, સાચી ગાયની, ઓળખાણ કરવામાં મદદ મળી. તેમ અહીં ગુરુ મહારાજોના આગમ વ્યાખ્યાનો સાંભળી, શ્રી વીતરાગ દેવોની શાશ્વતી-અશાશ્વતી પ્રતિમાજીનાં, દર્શન-વંદન-પૂજન કરનારાઓ, જન્માન્તરોમાં સાચાં વીતરાગ દેવોનાં પણ દર્શનાદિ પામી શકે છે.

અહીં જિનપ્રતિમાના દર્શનથી પામેલા આત્માની કથા લખાય છે.

કોઈ એક નગરમાં, શ્રી વીતરાગશાસન આરાધક, બાર વ્રતધારી, એક શ્રાવક રહેતા હતા. તેઓ બારે માસ સામાયિક-પ્રતિક્રમણ-પૌષધ-જિનપૂજા-વ્યાખ્યાન-શ્રવણ-અભય-સુપાત્ર-અનુકંપાદાનમાં સર્વકાળ સાવધાન હતા. પરિવારમાં પણ ધર્મની આરાધના હતી. ફક્ત તેમનો એકનો એકપુત્ર, ધર્મથી વિમુખ હતો, પિતા અવારનવાર તેને વ્યાખ્યાન શ્રવણાદિ માટે, પ્રેરણા કરતા હતા, પરંતુ તેને બધું કંટાળા જેવું લાગતું હતું.

આખી જિંદગી તેની બરબાદ ન થાય, તેની ખાતર પિતાજીએ, પોતાના ઘરના પ્રત્યેક બારસાખ ઉપર, શ્રી જિનેશ્વર દેવની પ્રતિમાજી કોતરાવી હતી. અને પુત્રને વગર ઈચ્છાએ પણ, દિવસમાં સેંકડો વાર જિનેશ્વર દેવોની, આકૃતિનાં દર્શન થતાં હતાં.

**પ્રશ્ન** : આવી રીતે ઘરના બારસાખ ઉપર જિનપ્રતિમા કરાવવાથી, સ્ત્રીઓ વગેરેની અપવિત્રતાથી, આશાતના થયા વગર કેમ રહે ?

**ઉત્તર** : શ્રી જૈનશાસનમાં, ચૈત્યોના **પાંચ પ્રકાર** બતાવ્યા છે. [1] **શાશ્વતચૈત્યો** ચારનિકાયદેવોમાં અને તિર્ચ્છાલોકનાં **અસંખ્યાતાં અનાદિઅનંત શાશ્વતચૈત્યો જાણવાં.** [2] **સાધારણચૈત્ય** આખા ગામનું એક જિનાલય. [3] **નિશ્રાચૈત્ય** એકગચ્છનું એક વ્યક્તિનું ચૈત્ય. [4] **ભક્તિચૈત્ય** ઘરદેરાસર વળી [5] **મંગલચૈત્ય** બારસાખ ઉપરનું કોતરેલું ચૈત્ય.

**પ્રશ્ન** : અમારો પ્રશ્ન એ જ છે કે પ્રત્યેક બારશાખ ઉપર પ્રતિમા કોતરાવી શકાય છે. તો આજે કોઈ પોતાના કુટુંબને ધર્મના સંસ્કાર વધારવા, જિનેશ્વરદેવોના ફોટા રાખે તો, આશાતના ખરી કે નહીં ?

**ઉત્તર** : બારશાખ ઉપર પ્રતિમા કોતરાવાય છે, અને તે સ્થિર છે. આવું પ્રત્યેક બારશાખ ઉપર પ્રતિમાજી ભગવાન કોતરવાનું વર્ણન, પ્રાચીન મથુરાનગરી વગેરેનું, ઇતિહાસોમાં પ્રસિદ્ધ છે. જ્યારે આજકાલની છબીઓ–ફોટાઓ ચલ છે. એક સ્થાનથી તે બીજા સ્થાનાન્તર લઈ જવાય છે. બહુ અલ્પકાળમાં, ફાટી પણ જાય છે. પરંતુ મઢાવીને, જડાવીને, કોઈ પોતાના ઘરમાં જાહેર સ્થાન ઉપર, રાખે તો વાંધો જણાતો નથી. પ્રતિમાજી, કોતરેલી અને ચિતરેલી બરાબર જ લાગે છે. ફોટાઓ તેવા હોવા જોઈએ કે, ઘણો કાળ સચવાઈ રહે. નાશ ન પામે. ઘણા ભોળા જીવો આશાતનાના નામે આરાધના ખોઈ બેસે છે. ફોટા પણ ઘણા ઊંચા રહે તે જ વધારે સારું છે.

શેઠનો નાસ્તિક પુત્ર, આયુષ પૂર્ણ કરી, મરીને, લવણ સમુદ્રમાં મચ્છ થયો. કેટલાક કાળ પછી, તેણે સમુદ્રના વસવાટમાં, મચ્છપણામાં, પ્રતિમાજીના આકારનો, એક મચ્છ જોયો. જોવાની સાથે–ઉહાપોહ–મનમાં સંકલ્પ–વિકલ્પ થતાં, જાતિસ્મરણ જ્ઞાન થયું, અને પોતાનો ગયો મનુષ્યભવ દેખાયો.

અફસોસ ! ક્યાં મારો મનુષ્યભવ ! કેવું સુંદર આર્યકુળ ! ધર્મી માતા–પિતા, અહિંસામય મહાવ્રતોનું આચરણ, કૃપાના અવતાર, સમતાના સમુદ્ર, વીતરાગદેવ અને આ સંસારસમુદ્રનો પાર પમાડનાર, આરાધક અને સુગુરુઓના સર્વકાલીન દર્શન–વંદન–વ્યાખ્યાન–શ્રવણ આદિ સાધનોના ઢગ હતા, પરંતુ નિરભાગી, અધમ મારા આત્માએ, પિતાના વચનનો આદર કર્યો જ નહીં. તેથી હું આ પાપોની ખાણસમા, પશુ અવતારમાં પટકાયો છું.

તે જ અર્થને જણાવનાર શ્લોક–

**तातादेशवशादपीह नृभवे नत्वं मयाराधितः। तेनाहं भवसागरे निपतितोऽम्भोधौमहापातकी ॥ तत्त्रायस्व ! जिनेन्द्र ! मामशरणं, सर्वज्ञ बिम्बाकृतीन्। मीनोमीनचरान् नमस्कृतिपरो जातिस्मृतेः स्वर्ययौ ॥ १ ॥**

**ભાવાર્થ :** ગયા મનુષ્યના જન્મમાં, મારા એકાંત હિતચિંતક પિતાજીની વારંવાર પ્રેરણા થવા છતાં, અધમ આત્મા એવા મેં, તમને નજરે જોવા છતાં, હાથ પણ ન જોડ્યા. આપના પ્રત્યે બહુમાન આવ્યું જ નહીં. આપના ગુણોનો સમુદાય હું સમજ્યો જ નહીં.

આખી જિંદગી ખાવું, પીવું, રમવું અને વાસના વિકારોને પોષવાના કારણથી હું, મનુષ્ય જન્મ હારીને, ચોરાસી લાખ યોનિમય, સંસાર સમુદ્રમાં, પટકાયો છું. અને હવે સર્વકાળ બારે માસ રાતદિવસના વિભાગ વગર, નાના નાના જીવોના પ્રાણો લઈને, પિંડ પૂરવાનો વ્યવસાય કરીને, કરોડો અબજો જીવોના પ્રાણોને બરબાદ બનાવીને, મહા પાપોના પોટલા બાંધીને, સંસારની રખડપટ્ટીમાં ચાલ્યો જઈશ. તેથી હે જિનેન્દ્ર મારું રક્ષણ કરો. અને અશરણ એવા મને શરણ બનો. આવા વિચાર કરતો તેમચ્છાત્મા સર્વ જીવોની હિંસાના પચ્ચખ્ખાણ કરીને, પ્રભુજીની પ્રતિમાના આકારના મચ્છોને પ્રણામ કરતો મરીને, જાતિ સ્મરણ થવાથી, પ્રકટેલા વિવેકની સહાયથી, શ્રી વીતરાગ દેવોની પ્રતિમાના ધ્યાનથી, તે લવણ સમુદ્રનો મચ્છ–શેઠ પુત્રનો આત્મા દેવગતિમાં ગયો.

**પ્રશ્ન :** આત્મા ચેતન છે. અરૂપી છે. તેને જડ પ્રતિમાના આલંબનથી લાભ થાય એ ગળે ઊતરતું નથી ?

**ઉત્તર :** સંસાર ઘણો બાકી હોય, મહામિથ્યાત્વનું ખૂબ જોર હોય, પૂર્વગ્રહ મજબૂત થયેલા હોય, કુગુરુઓથી વ્યુદ્ગ્રાહીત હોય, તેવાઓને કુતર્કો ઘણા થાય છે. આગમની વાતો કે સાચી યુક્તિઓ પણ, ગળે ઉતરતી નથી. તેમાં આપ શ્રીમાનનો ગુનો નથી. પરંતુ આપ મહાશયમાં ઠાંસીઠાંસીને જામેલા, મહામિથ્યાત્વના દોષનો જ ગુનો છે.

ભાઈશ્રી ! પ્રમાણશાસ્ત્ર પ્રસિદ્ધ પરોક્ષપ્રમાણના પેટા ભેદમાં, એક પ્રત્યભિજ્ઞાન નામનું પ્રમાણ કહેલ છે. "**तत्तेदंतावगाहि ज्ञानं प्रत्यभिज्ञा** તત્તા અને ઈદંતાનો સમન્વય કરી આપનારું જ્ઞાન પ્રત્યભિજ્ઞાન કહેવાય છે. આ પ્રત્યભિજ્ઞાનના તિર્યક્ સામાન્ય અને ઉર્ધ્વતા સામાન્ય એવા બે ભેદ છે. જેમ એક કોઈ વીશ વર્ષની વયમાં જોયેલો માણસ, ઘણા વર્ષે પાંત્રીસ–ચાલીસ વર્ષની વયે મળે ત્યારે, તેજ આ દેવદત્ત આવું જ્ઞાન પ્રત્યભિજ્ઞાન ઉર્ધ્વતા સામાન્ય કહેવાય છે.

તથા જોડકા ભાઈ પૈકી એકને જોયો હોય, અને થોડા વખત પછીથી, બીજાને જોતાં, તેના જેવો આ તેનો ભાઈ છે, આવું જ્ઞાન પ્રત્યભિજ્ઞાન, તે તિર્યક્ સામાન્ય જાણવું.

વળી આજકાલ કોઈ મનુષ્ય મળેલ ન હોય, પરંતુ તેમનો ફોટો વારંવાર જોનારને તે વ્યક્તિ ચોક્કસ ઓળખાઈ જાય છે. તે ઉદ્ર્વતા સામાન્ય કહેવાય છે.

જેમકે ગાંધીજી, જવાહરલાલજી, સરદાર પટેલ, મોરારજી દેસાઈ વગેરેને, ક્યારે પણ નહિ જોનારા માણસો, તેમના વારંવાર ફોટા જોયેલા હોવાથી, આ બધી વ્યક્તિઓ વિદ્યમાન હોય તો, રૂબરૂ જોઈને, કોઈને પણ પૂછ્યા સિવાય, આ સર્વ વ્યક્તિઓને જરૂર ઓળખી શકે છે. આનું નામ જ, તે જ આ (પ્રત્યભિજ્ઞાન) કહેવાય છે.

જેમ અજાણેલી વ્યક્તિના ફોટાના પરિચયે, તે વ્યક્તિની ઓળખાણ સુલભ બને છે, તેમ શ્રીવીતરાગદેવોની પ્રતિમાજીના, અતિપરિચયથી, શ્રીવીતરાગપરમાત્માની ઓળખાણ પણ હાથમાં રહેલી વસ્તુના જેવી, પાકી જાણીતી બની જાય છે.

**પ્રશ્ન** : શું અત્યાર સુધી વીતરાગદેવોની સાક્ષાત્ મુલાકાત, અથવા પ્રતિમાજીના દર્શન, ક્યારે પણ નહિ થયાં હોય?

**ઉત્તર** : વખતે હજારો લાખો કરોડોવાર, યાવત્ અનંતવાર પણ થયાં હોયતો નવાઈ નથી.

**પ્રશ્ન** : તો પછી અત્યાર સુધી, સાક્ષાત્ વીતરાગની ઓળખાણ, અને અર્પણભાવ કેમ થયો નહિ હોય?

**ઉત્તર** : બજારમાં ફરનાર માણસ, હજારો કે લાખો ચીજોને આંખોથી જુએ છે તો પણ, પોતાની અભીષ્ટ વસ્તુ સિવાય, કોઈને ઓળખતો નથી, યાદ રાખતો નથી. રસ અનુભવતો નથી. તેમ આપણા આ જીવને, સાક્ષાત્ તીર્થંકરદેવ પણ મળ્યા હોય, જિન-પ્રતિમા પણ જોવાઈ હોય, પરંતુ તેમની ઓળખાણ ન થવાથી, પૂજ્યબુદ્ધિ કે તારકબુદ્ધિ ન આવી. અને ઓળખાણના જ અભાવે રટણ, આવ્યું જ નહિ. માટે આજ દિવસ સુધીનાં દર્શન પણ, **વ્યુદ્ગ્રાહીત સ્થાનકમાર્ગીની પડોસમાં રહેલા જિનાલયની ઓળખાણ જેવાં જ બન્યાં હસે?**

**પ્રશ્ન** : વ્યુદ્ગ્રાહીત એટલે શું? વ્યુદ્ગ્રાણીત કહેવાય કોને?

ઉત્તર : "વ્યુદ્ગ્રાહીત નરને યદિ, દેવો ચાર નિકાય।
સમજાવા ઉદ્યમ કરે, લાભ કશો નવ થાય." ૧

વળી વ્યુદ્ગ્રાહીતનો અર્થ, અભિગ્રહિત મિથ્યાત્વવાળો, એવો અર્થ સમજવો. એટલે ગુણ અવગુણનો વિચાર કરે જ નહીં, કોઈ વ્યાજબી દલીલો સાંભળે જ નહીં પરંપરાથી ચાલી આવેલું સાચું, શું અમારાપૂર્વજો મૂર્ખ હતા? તેમણે કર્યું તેજ

બરાબર છે. અમે પણ તેજ કરીશું. પરીક્ષા કરે નહીં. કોઈની વાત સાંભળે નહીં. વાત કરનારની પ્રમાણિકતા પણ વિચારે નહીં, તેવાઓને વ્યુદ્ગ્રાહિત સમજવા.

વ્યુદ્ગ્રાહીતને સમજવા માટે એક બાવાની કથા જણાવાય છે.

કોઈક મધ્યમ કોટિના એક ગામમાં, એક બાવાજી ભિક્ષા વૃત્તિ કરતા હતા. શ્રદ્ધાળુ લોકો તરફથી લોટ–અનાજ–ઘૃત–વસ્ત્રાદિ ભિક્ષામાં મળતું હતું. બાવાજી પોતાના નિર્વાહ પછી, વધેલું વેચીને, પૈસા કરી લેતા હતા. તથા તેજ ગામમાં એક સોનાર સાથે, બાવાજીને મિત્રતા બંધાઈ હોવાથી, બાવાજી પોતાની કમાણી બધી જ સુવર્ણકારને ઘેર થાપણ તરીકે રાખતા હતા. છ બાર માસ જતાં, બાવાજી પાસે સો રૂપિયા ભેગા થયા.

પછી સોનાર બાવાજીને પૈસા ઉપાડી લેવા વારંવાર કહેવા લાગ્યો. બાવાજી બિચારા ગભરાયા.

બાવાજી કહે છે ભાઈ! હું પૈસા લઇ જઈને કયાં મૂંકું? મારે ઘરબાર–દુકાન–છાપરું કશું નથી. સગું પણ નથી.

સુવર્ણકાર કહે છે બાપજી! તમારી વાત સાચી. પરંતુ હું તમારા સંતપુરુષના પૈસા હવે એક દિવસ પણ, રાખીશ નહીં. કારણ તમારો એકલાનો પંડ. કાલે તમારું આયુષ્ય પૂર્ણ થાય તો, ગામના લોકો મને વળગે. માટે બાપજી! હવે એક ક્ષણનો વિલંબ કર્યા વિના, તમારા રૂપૈયા સો લઇ જાવ.

બાવાજી કહે છે પરંતુ મારે મુંકવા કયાં. કોઇક રસ્તો બતાવો?

સુવર્ણકાર કહે છે કોઇકિ પ્રમાણિક સોની પાસે, દશ તોલાનું એક મજાનું હાથમાં પહેરવાનું કડું કરાવી લો!

બાવાજી કહે છે તમે પોતે જ મારા જાણીતા છો. પ્રમાણિકપણ છો જ, તમે કરી આપો!

સોનાર કહે છે બાપજી! આગામમાં મારું સારું બોલનાર એક પણ માણસ છે જ નહીં. બીજાનું તદ્દન ખોટું હોય તોપણ વખાણે અને મારુ તદ્દન સાચું હોય તોપણ ખોટું ઠરાવે. એક બે એવા હોય તો ઠીક! પરંતુ મારું તો આખું ગામ વિરોધી છે. મારે અને આપને બાપ બેટા જેવો સંબંધ, બગડતાં વાર લાગે નહીં. જગતમાં ધન જેવી કજીઆળી ચીજ કોઇ નથી.

"ભાઈભાઈ ધન કારણે, લડી કોરટે જાય।
પુત્રો એક જ માતના, ધન કારણ ઝગડાય." ૧

"જગમાં જે જે પાપ છે, ખોટાં કાર્ય બધાંય।
વ્યસન-ઝગડા ને કોરટો, લક્ષ્મીથી જ સધાય." ૨

"સંત મટી દુર્જન બને, યોગિચિત્ત પલટાય।
મિત્ર મટી શત્રુ બને, લક્ષ્મીનો જ પસાય." ૩

"સજ્જનને દુર્જન કરે, દુર્જન સંત ગણાય,।
ચોર-જુગારી લાંચિયા, લક્ષ્મીધર પૂજાય." ૪

સુવર્ણકાર કહે છે. બાપજી! લાખ વાતની એક વાત, સોનું દશ રૂપીએ તોલો મળે છે, કોઈ સારાને સાથે રાખી. દશ તોલાનું હાથનું કડું કરાવી લ્યો.

**સોની**=મારે હાથે ઘડું તો હું તો, ઘડામણ પણ ન લઉં. સંતનું મારે ખપતું હસે?

**બાવાજી**=આખી દુનિયા તમારું ભલે વાંકું બોલે, પરંતુ મારે કડું તમારી પાસે જ કરાવવું છે. બીજે નહીં.

**સોની**=તો બાપજી! પારખાં જોઈને પછી કરજો.

સોનીએ બાવાજીને બરાબર પોતાના પક્ષના બનાવીને, દશ તોલા ઉપર વાલ બે વાલ વધારે, તદ્દન ચોકૂખા સુવર્ણનું કડું બનાવીને, બાવાના હાથમાં આપ્યું. બાપજી? હજી ધોવાનું ઓપવાનું બાકી છે. મારું નામ આપ્યા સિવાય, કડું ગામના જાણકારોને, બતાવી જુઓ.

બાવો બિચારો અજ્ઞાની, સુવર્ણનું કડું લઈ, આખા ગામમાં બતાવી આવ્યો. જોખાવી જોયું, બધાઓએ એક જ અવાજે વખાણ્યું. કિંમત પણ બરાબર છે એમ કહ્યું. ધોવાનું અને ઓપવાનું બાકી છે માટે, સોનીએ સુવર્ણનું કડું લઈ લીધું. અને તેવું જ તેટલા વજનનું, પિત્તળગાળીને એક કડું બનાવી, ઓપ ચડાવી બાવાને આપ્યું. સોનાનું પોતે છૂપાવી દીધું.

**સોનાર**=લ્યો બાવાજી, કેવું સૂર્યના કિરણો જેવું ચકચકાટ છે ને?

**બાવો**=આખી દુનિયા ગમે તે બોલે! મને પોતાને તમારો અલ્પ પણ અવિશ્વાસ નથી. દુનિયા તો દોરંગી છે. આજે આમ બોલે. કાલે કેમ બોલે?

**સોની**=પણ બાપજી? પરીક્ષા તો કરવી જોઈએ જુઓ, ગઈ કાલે આજ સોનાનું કડું, મારું નામ કહ્યા વગર, ગામના લોકોને બતાવી આવ્યા. અને લોકોએ સોનાનું જ છે,

એમ જ કહ્યું. પરંતુ હવે પેલું મારું નામ આપીને કડું બતાવજો. બધા પિત્તળનું ન કહે તો, મને ફિટકાર આપજો.

બાવો=ભાઈ, હવે મારે કાંઈ પરીક્ષા જોવી નથી. પરીક્ષા જોવા જાઉં તો વહેમમાં પડવું પડે. માટે ઠામઠામ વારંવાર પૂછવું સારું નહીં.

સોનાર=નહીં બાપજી, મારા સોગન, એકવાર દશપાંચ જણને, મારું નામ પહેલું આપી, બતાવો તો, તમને ગામના લોકોની ઈર્ષાની સમજણ પડી જશે!

સોનીના અતિ આગ્રહથી, સોનીની શીખવણી અનુસાર, દશ–વીશ જગ્યાએ કડું બતાવ્યું. બધાઓએ બિલકુલ પિત્તળનું, તદ્દન ખોટું છે, તમને ઠગ્યા છે, એમ કહ્યું. પરંતુ બાવાએ કોઈનું કહેવું સાચું ન માન્યું. ઉપરથી લોકોને ગાળો દીધી. બોલતો ગયો. આપ લોકો બધા મારા મિત્ર સોનીના દુશ્મન જ છો. ગઈ કાલે સોનાનું કહેનાર, આજે તમે પોતે બદલાયા છો. કડું તો એનું એ જ છે. ઈત્યાદિ—

સોની શિયાળ ને કાગડો, જુગારી ચોર ને જાર॥ સુધાર્યા નવ સુધરે, કરો કોડઉપકાર.”

હજારો માણસોએ કડું પિત્તળનુ કહ્યું, પરંતુ બાવાએ કોઈની વાત સાચી માની જ નહીં.

**વાદીનો પ્રશ્ન :** જડ વસ્તુમાં, જિનેશ્વરદેવ, તારક, વીતરાગ તરીકેની કલ્પના કેમ થઈ શકે? મૂર્તિ એ તો વાસ્તવિક જડ જ છે ને?

**ઉત્તર :** ભાગ્યશાળી જીવ! સંસારના બધા વહેવારો જડ–શરીરને અથવા પુદ્ગલને જ અનુસરીને છે. જ્યાં સુધી આત્મા પોતે અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, વસતિ, વસ્ત્ર, પાત્ર, ઔષધ વગેરે વસ્તુઓના અવલંબન વિના રહી શકતો નથી. ત્યાં સુધી ઉપયોગી બધા વહેવારો ઊભા રાખવા પડશે, અને વહેવારો તે બધા શરીરની સાથે સંકળાએલા છે.

શરીર પોતે જડ છે. શરીરના કારણે જ અથવા જડસ્વભાવ એવું જે પુણ્ય તેના જ કારણે ચક્રવર્તી, વાસુદેવ, પ્રતિવાસુદેવ, બલદેવ, નરવર, લક્ષ્મીધર નામો બન્યા છે, અને ચાલે છે. પુણ્યદ્રવ્યની સહાયથી બંધાયેલા જિન નામ કર્મના ઉદયથી શ્રીજિનેશ્વરદેવની દેશનાથી, ગણધરદેવોની દેશનાથી. હજારો, લાખો, ક્રોડો, અબજો સંખ્યાતા, અસંખ્યાતા જીવો ધર્મ પામે છે.

પુણ્ય વગરના ( મહાગુણી હોવા છતાં ) કેટલાક કેવળી ભગવંતોની દેશના થતી નથી. તેમને કોઈ ઓળખતું પણ નથી. મહાગુણી અને પુણ્ય વગરના, અનંતા કેવળી ભગવંતો, મોક્ષમાં ગયા છે. તેમનાથી અલ્પગુણી પણ, સૂરિ–વાચક, અને મુનિઓ, ભાવચારિત્ર અને પુણ્યની સહાયથી, હજારો લાખો જીવોને, રત્નત્રયીની પ્રભાવના કરે છે. પુણ્ય સામગ્રી પણ જડ વસ્તુ છે. પાપ અને પુણ્ય, બન્ને જડ વસ્તુ છે, અને જીવને દુઃખ અને સુખ આપે છે.

**આઠે કર્મો પણ જડ વસ્તુ જ છે.**

અને જ્યાં સુધી જીવાત્મામાં સહજાનંદી દશા ન આવે ત્યાં સુધી, શરીરને ઉપયોગી વહેવારોનું, થોડું કે વધારે પણ પ્રયોજન રહેવાનું છે જ. વળી જડ પદાર્થનું નામ આગળ ધરીને, પ્રભુજીના સ્થાપના નિક્ષેપો ઉડાવી દેનારા, ભાગ્યશાળી જીવોને પૂછો કે, એકલા નિશ્ચયને અવલંબશો તો, સૂરિ વાચક, અને સાધુપદ પણ નહીં માની શકો.

કારણ કે બધા જીવો સિદ્ધ ભગવંતો જેવા જ છે. સાધુવેશ એ પણ, સ્થાપના જ છે, આકાર છે, અમુક વસ્ત્રો વડે બનાવેલો વેશ–આકાર એ પણ જડ છે. આપની પાસે રહેલું રજોહરણ અને મુખવસ્રિકા પણ જડ છે. આપના શરીરને નમસ્કાર નથી. માત્ર રજોહરણ મુહપત્તિ જ પાસે હોવાથી આપણને નમસ્કાર થાય છે.

ઓઘો મુહપત્તિ ન હતા ત્યારે; અને હમણાં પણ ઓઘો મુહપત્તિ છોડી દેનારને, લોકો નમસ્કાર કરતાં નથી. એટલે શ્રી જિનેશ્વર દેવોના મુનિવેશની જ પૂજા–સત્કાર–સન્માન–થાય છે. વ્યક્તિને નહીં જ.

જેમ જિનેશ્વરદેવોના મુનિઓનો વેશ જડ વસ્તુ છે. ઊનના, અને કપાસના વસ્ત્રો અને લાકડાની દાંડીના સંયોગથી બનેલો, **જૈન**મુનિવેશ રાજા–મહારાજાઓ અને લક્ષ્મીધરોને પણ પૂજ્યછે. સાધુ–સંતોને પણ પૂજ્ય બન્યો છે–બને છે. તે પ્રભાવ જડ પુદ્ગલનો આકાર જ છે.

તે જ પ્રમાણે વેશ પહેરનાર સાધુના આકારની જેમ; આ જગ્યાએ પણ પાષાણની કે, બીજી કોઈ પણ ચંદનાદિ કાષ્ટની, અથવા સુવર્ણાદિ ધાતુની, બનાવેલી શ્રી જિનેશ્વર પરમાત્માની પ્રતિમા પણ, વીતરાગ મુદ્રાનું ભાન કરાવનારી હોવાથી, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનું ભાન કરાવે છે, માટે અવશ્ય આદરણીય છે.

**પ્રશ્ન** : મુનિવેશ પહેરનારને પણ, ગુરુમહારાજ વિધિવિધાન કરાવે છે, ત્યારે પૂજવા યોગ્ય થાય છે ને?

**ઉત્તર** : મહાભાગ્યશાળી આત્મા! અહીં પણ જિનેશ્વરદેવની પ્રતિમાને પણ, અનેક વિધિવિધાનો થાય છે. સાક્ષાત્ જિનેશ્વરદેવોનાં કલ્યાણકોની પેઠે, કલ્યાણકો ઉજવાય છે. દીક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષ પધાર્યા સુધીના, વિધાનો થયા પછીજ પ્રતિમા પૂજનીય બને છે. આખો અંજનશલાકા વિધિ જુદો છે.

ભાગ્યશાળી આત્માને કદાગ્રહ છોડવો હોય તો, જિનેશ્વરદેવની પ્રતિમાની આરાધનીયતા માનવી જ પડે તેવું છે. પરંતુ ભયંકર મિથ્યાત્વનો ઉદય હોય તો, શાસ્ત્રોની દલીલો પણ નકામી જ થાય છે, અને ગોશાળા અને જમાલી જેવા, કદાગ્રહી આત્માઓ સાક્ષાત્ તીર્થંકરદેવ પાસે પણ, પોતાનો હઠવાદ છોડી શક્યા નથી, તો, અમારા જેવાની શી તાકાત?

તત્ત્વનિચોડ અથવા સારાંશ એજકે, જેમ સોનીના ભરમાવેલા બાવાએ, તદ્દન

પિત્તળનું કડું પણ સોનાનું માનીને જ સાચવ્યું. આ જ પ્રમાણે જગતના ધર્મો પણ કુદેવ-કુગુરુ-કુધર્મ-ને, સાચા અને સોના જેવા જ લોકોએ માની લીધા છે. આસ્થાને ગમે તેટલી દલીલો-યુક્તિઓ સાંભળવા મળે તો પણ, લોકોએ પોતાના માનેલા ધર્મને ફેરવવા જરા પણ ઇચ્છા થતી નથી, અને વધારામાં-

'हस्तिना ताडयमानोपि नयायाद्जैनमंदिरं" ॥

**અર્થ** : ઉપરથી નાકાબંધી=આપણા વાડામાંથી કોઈ ન નીકળી જાય, તેની તકેદારી માટે, આ વાક્ય લખવું પડયું કે, આપણે બજારમાં ચાલ્યા જતા હોઈએ, અને સામેથી ગાંડો થએલો હાથી આવતો હોય તો પણ, જૈનોના ધર્મસ્થાનોમાં પેસવું નહિ. છતાં કોઈ કોઈ નિકટભવિજીવોને લાભ થઈ ગયો છે, અવ્યુદ્ગ્રાહીત અથવા નિકટભવી જીવો હોય તેઓ, સારાને મારું માને છે. અને વ્યુદ્ગાહીત જીવો મારૂં તે સારૂં કહે છે.

## અહીં હરિભદ્ર ભટ્ટની કથા સમજવા યોગ્ય હોવાથી લખાય છે.

આ ભરત ક્ષેત્રમાં, પાંચમા આરામાં, વીરનિર્વાણ સંવત્સર ૧૦૫૫, વિ. સંવત ૫૮૫, ચિત્રકૂટ-ચિતોડમાં, ચૌદવિદ્યાના પારગામી, રાજાના પુરોહિત હરિભદ્ર નામના બ્રાહ્મણ, રહેતા હતા, તેમને પોતાના ધર્મનો ખૂબ જ પક્ષ હોવા છતાં, પોતાની વિદ્વત્તાનો પણ ખૂબ ગર્વ હતો.

**પ્રશ્ન** : ચૌદ વિદ્યાઓના નામ બતાવો.

**ઉત્તર** : ચાર વેદો, ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ તથા વેદનાં છ અંગ તથા ધર્મશાસ્ત્રો-પુરાણો-મીમાંસા-અને દર્શનશાસ્ત્રો આ ચૌદ વિદ્યાઓ જાણવી.

તેથી તેમણે પોતાના મનમાં નિર્ણય કરેલો કે, કોઈ પણ વિદ્વાન પાસેથી હું કાંઈ સાંભળું, અને તેનો અર્થ હું પોતે ન સમજી શકું તો, મારે તે વ્યક્તિનો શિષ્ય અથવા દાસ થઈ જવું. એનો અર્થ નિચોડ એ છે કે, આ વિદ્યમાનકાળમાં, એવી કોઈ વિદ્યા અથવા જ્ઞાન નથી જ કે જેને હું ન સમજી શકું. એકવાર રાજમાર્ગમાં ચાલતાં, રસ્તામાં આવેલ જૈન શ્રમણીઓના રહેઠાણ તરફથી, મધુર શબ્દો આવતા હતા.

" चक्रियुगमं हृषीकेषपंचकं, चक्रिपंचकं। हरिश्चकी हरिश्चकी द्विचकी हरि चक्रिणः ॥ १ ॥

આ શ્લોક સાંભળી, હરિભદ્ર ભટ્ટજીએ અર્થ વિચારણા કરી જોઇ, પરંતુ અર્થ બિલકુલ સમજાયો નહીં. તેથી, તેઓને નવાઇ લાગી. ઉપાશ્રયમાં પેઠા. સાધ્વીજીને જોયાં. પ્રશ્ન પૂછયો. હે ભગવતી ! આ શું ચકચક ?

સાધ્વીજી=મહાનુભાવ ! આ ગાથા અર્થથી ભરેલી છે. સાંભળો, તેનો અર્થ કહું છું. આ અવસર્પિણી કાળમાં, પેલા બે ચક્રવર્તી–ભરતરાજા અને સગર રાજા થયા છે. પછી લાઇનસર પાંચ વાસુદેવ થયા છે. પછી પાંચ ચક્રવર્તીઓ થયા છે. પછી છઠા વાસુદેવ, પછી આઠમા ચક્રી, પછી સાતમા વાસુદેવ, પછી નવમા ચક્રી, પછી બે ચક્રી, ૧૦મા–૧૧મા. પછી આઠમા–નવમા વાસુદેવ, પછી બારમા ચક્રવર્તી થયા છે.

**પ્રશ્ન** : બાર ચક્રવર્તી નવ વાસુદેવ, નવ બધદેવનાં નામો અને તીર્થ–કાળ બતાવો ?

## ઉત્તર : ચક્રવર્તીઓ બલદેવો અને વાસુદેવોના નામનું કોષ્ટક

| | જિનેશ્વરદેવનું તીર્થ. | | ચક્રવતી રાજા. | | બલદેવ. | | વાસુદેવ. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ઋષભદેવસ્વામી | ૧ | ભરત | | ... | | ... |
| ૨ | અજિતનાથસ્વામી | ૨ | સગર | | .... | | ... |
| ૧૧ | શ્રેયાંસનાથસ્વામી | | ... | ૧ | અચલ | ૧ | ત્રિપૃષ્ટ |
| ૧૨ | વાસુપૂજ્યસ્વામી | | ... | ૨ | વિજય | ૨ | દ્વિપૃષ્ટ |
| ૧૩ | વિમલનાથસ્વામી | | ... | ૩ | ભદ્ર | ૩ | સ્વયંભૂ |
| ૧૪ | અનંતનાથસ્વામી | | ... | ૪ | સુપ્રભ | ૪ | પુરુષોતમ |
| ૧૫ | ધર્મનાથસ્વામી | | ... | ૫ | સુદર્શન | ૫ | પુરુષસિંહ |
| ૧૫ | ધર્મનાથસ્વામી | ૩ | મઘવા | | ... | | ... |
| ૧૫ | ધર્મનાથસ્વામી | ૪ | સનત્કુમાર | | ... | | ... |
| ૧૬ | શાન્તિનાથસ્વામી | ૫ | શાન્તિનાથસ્વામી | | ... | | ... |
| ૧૭ | કુન્થુનાથસ્વામી | ૬ | કુન્થુનાથસ્વામી | | ... | | ... |
| ૧૮ | અરનાથસ્વામી | ૭ | અરનાથસ્વામી | | ... | | ... |
| ૧૮ | અરનાથસ્વામી | | ... | ૬ | આનંદ | ૬ | પુરુષપુંડરીક |
| ૧૮ | અરનાથસ્વામી | | ... | ૭ | નંદન | ૭ | દત્ત |
| ૧૮ | અરનાથસ્વામી | ૮ | સુભૂમ | | ... | | ... |
| ૨૦ | મુનિસુવ્રતસ્વામી | ૯ | મહાપદ્મ | | ... | | .... |
| ૨૦ | મુનિસુવ્રતસ્વામી | | ... | ૮ | રામ | ૮ | લક્ષ્મણ |
| ૨૧ | નમિનાથસ્વામી | ૧૦ | હરિષેણ | | ... | | ... |
| ૨૧ | નમિનાથસ્વામી | ૧૧ | જય | | ... | | ... |
| ૨૨ | નેમનાથસ્વામી | | ... | ૯ | બલરામ = બલભદ્ર | ૯ | કૃષ્ણ |
| ૨૨ | નેમનાથસ્વામી | ૧૨ | બ્રહ્મદત્ત | | ... | | ... |

**પ્રશ્ન** :—બાર ચક્રવર્તીમાં મોક્ષ કેટલા ? સ્વર્ગ કેટલા ? નરકમાં કેટલા ગયા છે ?

**ઉત્તર** : ૧ લા–૨ જા–૫ મા – છઠ્ઠા – સાતમા – નવમા – દશમા – અગિયારમા આઠ ચક્રવર્તી મોક્ષમાં, ત્રીજા ચક્રી અને ચોથા ચક્રી–ત્રીજું સનત્કુમાર નામા સ્વર્ગ. આઠમા–બારમા સાતમી નરકમાં.

આ પ્રમાણેનો એક ગાથાનો અર્થ સાંભળી મહાવિદ્વાન હરિભદ્ર ભટ્ટજી પ્રતિબોધ પામ્યા અને વિદ્યાધર કુળના આચાર્ય ભગવાન જિનદત્ત સૂરિના શિષ્ય થયા હતા. તેઓ અતિ ઉચ્ચતર ચારિત્ર આરાધી ૧૪૪૪ નવીન ગ્રન્થો બનાવી શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર એક માસનું અનશન કરી સ્વર્ગમાં પધાર્યા છે.

"સારું તે મારું ગણે, તે પંડિત કહેવાય,
તેવાને સમજાવતાં, ક્ષણ પણ વાર ન થાય." ૧

"ઈન્દ્રભૂત્યાદિ બ્રાહ્મણો, ચૌદ વિદ્યા વિશ્રામ,
પણ જિનવચનો સાંભળી, પામ્યા ગુણગણ ધામ." ૨

"મારું તે સારું બધું, પકડીને ફરનાર,
ગોશાળા જેવા બધા, બહુ ભટકે સંસાર. ૩

**પ્રશ્ન** : આ કાળમાં અનશન કરી શકાય કે નહિ ?

**ઉત્તર** : મજબૂત સંઘયણ અને અપ્રમાણ ધીરજવાળા તથા પોતાનું આયુષ્ય જ્ઞાનથી ચોક્કસ જાણી શકે તેવા, આત્મા અનશન કરી શકતા હતા. આ કાળમાં સંઘયણ ઘણાં જ શિથિલ હોવા સાથે, ધીરજની ખૂબ નબળાઈ અને આયુષની સમાપ્તિનું જ્ઞાન ન હોવાથી, સાગારી અનશન કરી શકાય છે. આગાર વિનાનું નહીં.

**પ્રશ્ન** : સાગારી અનશન-કોને કહેવાય ?

**ઉત્તર** : એક દિવસનું, અર્ધા દિવસનું, એક કલાકનું વગેરે, સમાધિને ધ્યાનમાં રાખીને અભિગ્રહો લઈ શકાય છે.

**પ્રશ્ન** : અમે પહેલાં-પૂછયું છે. અને હજીક અમારી શંકાનું સમાધાન થયું નથી. પ્રશ્ન એ જ છે કે આત્મા અમૂર્ત છે, અને મહાજ્ઞાની છે. તેને મૂર્ત અને જડપુદ્ગલથી નુકસાન કે નફો–અનુગ્રહ–ઉપઘાત કેમ થઈ શકે ? એટલે જડ એવી પાષણ પ્રતિમાથી આત્મકલ્યાણ કેમ થાય ?

**ઉત્તર** : આવી શંકાઓ ઊભી કરનારાઓ, ભોળા લોકોને ભ્રમણામાં નાખી, આલંબન સામગ્રીથી આરાધકોને વિમુખ બનાવી, પોતે ડૂબે છે. અને બીજાઓને ડૂબાડે છે.

મહાનુભાવ આત્મા ? જ્યાંસુધી આપણે બધા અજ્ઞાની છીએ, પુદ્‌ગલાનંદી છીએ, જ્યાં સુધી બધા સંસારના વહેવારોને, પ્રતિક્ષણ આચર્યા વિના રહી શકાતું નથી. ત્યાં સુધી આપણી બધી જ આરાધના પ્રવૃત્તિમાં, પ્રતિમાજી વગેરે બાહ્ય સાધનો જ સમ્યક્‌ત્વ આદિ આત્માના ગુણોને, ખીલવવા, વિકસાવવા, પામવા માટે અતિજરૂરનાં સાધનો છે.

તમે કહો છો કે જ્ઞાની અને અમૂર્ત આત્મા છે. તેને અજ્ઞાની, જડ પદાર્થોની શી જરૂર છે? અમે તો કહીએ છીએ કે કેવળી ભગવંતને પણ, વખતે જડનો આધાર લેવો પડે છે.

**પ્રશ્ન** : કેવળીભગવાનને જડના અવલંબનની જરૂર છે. આ વાત ન સમજાય તેવી છે? માટે સમજાવો.

**ઉત્તર** : જુઓ, કેવળીભગવંતને ક્ષુધાવેદનીય અને તૃષાવેદનીય કર્મનો ઉદય હોવાથી, કવલાહાર રૂપ જડ વસ્તુનો આશ્રય લેવો પડે છે. વળી પ્રભુમહાવીરદેવની ઉપર, ગોશાલાએ તેજોલેશ્યા મૂકી, તેથી પ્રભુજીને છ માસ સુધી લોહીના ઝાડા થયા હતા. પ્રભુજી અનંતશક્તિ અને મેરુ જેવા ધીર હોવાથી, સહન કરી શકતા હોવાં છતાં, શિષ્યવર્ગની વિનતિથી ભગવાને, રેવતીશ્રાવિકાને ઘેરથી નિર્દોષ બીજોરાપાક મંગાવીને, વાપર્યો અને ઝાડાનો રોગ મટી ગયો.

માટે શરીરધારી આત્માને, શરીરમાં રહે ત્યાંસુધી, એક ક્ષણવાર પણ, જડપુદ્‌ગલની સહાય વિના રહી શકાતું નથી. એક જન્મ પૂર્ણ કરી, બીજા જન્મમાં ઉત્પન્ન થવાની સાથે જ, કાર્મણશરીરની સહાયથી, આત્મા પોતે પોતાનું ઔદાર્ય અથવા વૈક્રિયશરીર અને ઈંદ્રિયોને બનાવે છે. શરીર વિના રહી શકતો નથી. શરીર પોતે જડ છે.

વળી આત્મા અમૂર્ત હોવા છતાં આઠ કર્મરૂપ જડ પદાર્થથી ઢંકાયેલો હોવાથી, પોતે અનામી (નામ વગરનો) હોવા છતાં, એક જ આત્માનાં અનંતાં નામો પડી ગયાં છે. આજે પણ આપણા સર્વના આત્માઓ એકવાર અવશ્યમેવ સિદ્ધભગવંત થવાના હોવા છતાં, સાદી અનંતભાંગે અનામીપણું પામવાના હોવા છતાં, ચાલુ વહેવારમાં, કેટલાં નામોને પામ્યો છે, તે વાંચો.

પિતા, પુત્ર, પતિ, પત્ની, બહેન, ભાઈ, દિયર, ભોજાઈ, કાકા, કાકી, ફોઈ, ભત્રીજો, નણંદ, ભોજાઈ, મામા, મામી, ભાણેજ, સાસુ, સસરા, જમાઈ, દીકરી, વહુ, માસા, માસી, સાળા, સાળી, બહેન, બનેવી, બાબલો, છોકરો, યુવાન, ડોસો, સાધુ, સંત, ચોર, ડાકુ, ગુન્ડો, દુર્જન, જાર, કસાઈ, ધીવર, ખાટકી, જુગારી, શિકારી, રાંડ, વેશ્યા, કુલટા, દાસ, દાસી, સેવક, નોકર, ઘાટી, દાડીઓ, રાજા, દિવાન, પંડિત, મૂર્ખ, બાહોશ, બેહોશ, મુનિ, જ્ઞાની, અજ્ઞાની, શત્રુ, મિત્ર, દુખીયો, સુખીયો, ડરપોક, શૂરવીર. આવા અને બીજા અનેક જાતિવાચક, દ્રવ્યવાચક, ક્ષેત્રવાચક, દેશવાચક, વ્યાપારવાચક, હજારો નામો બોલાય છે. આ બધા જડપુદ્‌ગલના જ પર્યાયો છે. આત્મા અનામી છે.

**પ્રશ્ન** : પ્રભુપ્રતિમાને દેખવાથી લાભ થવાની દલીલો બતાવી શકશો ?

**ઉત્તર** : પ્રતિમા અને ચિત્રો બધા આકૃતિના પર્યાયો છે. જેમ પાષાણની પ્રતિમાજી બને છે, તેમ ધાતુની, કાષ્ટની, ચિત્રની, હીરાની, રત્નની, માણેકની, સુવર્ણની, સ્ફટિકની, હાથીદાંતની, ચંદનકાષ્ટની આવી અનેક પ્રકારની પ્રતિમા–મૂર્તિ–બિંબ બને છે.

આ બધા આકારો છે. જેમ કોઈ પોતાના માતા–પિતાનો ફોટો જોઈ, ભક્તિ અનુભવે છે. મિત્રનો ફોટો જોઈ, સ્નેહ અનુભવે છે. પુત્રોના, બાળકોના ફોટા જોઈ, વાત્સલ્ય અનુભવે છે. અને પત્નીનો ફોટો જોઈ, કામવિકાર અનુભવે છે. શત્રુનો ફોટો જોઈ, વૈરવૃત્તિ પ્રગટે છે, આ વર્ણન પ્રત્યેક મનુષ્યને, અનુભવ સિદ્ધ છે. અરે ભાઈ! હાથીને પકડવા–ફસાવવા માટે વનમાં બનાવટી હાથિણી બનાવવામાં આવે છે. તેને જોઈ જોઈ, હાથી દોડતો આવી, તેને ભોગવવા જતાં ફસાઈ જાય છે.

**અહીં એક પદ્મિનીના શબને દેખી ચાર વ્યકિતને જુદા જુદા ભાવો થયાની કથા વાંચવા યોગ્ય છે.**

એકવાર એક નદીના પ્રવાહમાં, અતિરૂપવતી નારીનું, તદ્દન તાજું, બગડ્યા, કરમાયા, છેદાયા વગરનું, મડદું તણાતું આવતું જોઈને, એક મહાયોગીને, અનિત્ય ભાવના પ્રગટ થઈ હતી. તથા એક કામી પુરુષને, ભોગવવાની ભાવના પ્રગટ થઈ હતી. એક માણસે શબને–મુડદાને પણ આલિંગનાદિ કર્યાનાં વર્ણનો છે. સનત્કુમાર ચક્રીના આગલા પાંચમા ભવનો પણ આવોજ બનાવ છે તથા આમડદું એક છોકરીની માતાનું હોવાથી તેને માતા મરણનો શોક–મૂર્છા રૂદન–વિલાપ થયા છે. વળી એક શ્વાનને આ મડદું ભક્ષણ કરવાની ઇચ્છા થઈ છે. આ પણ જડ વસ્તુએ, જુદા જુદા વિચારો કરાવ્યા છે. તથા સંસારના બધા પદાર્થો જડ છે જેને દેખવાથી રાગદ્વેષ થાય છે.

**અહીં એક સ્ત્રીની પ્રતિમા જોઈ, એક રાજકુમારની પરવશ દશાનું વર્ણન બતાવાય છે. અમરદત્ત અને મિત્રાણંદની કથા—**

આ ભરતક્ષેત્રમાં, અમરતિલક નગરમાં, મકરધ્વજ નામનો રાજા હતો, તેને મદનસેના નામની પટ્ટરાણી હતી. એક વાર નિમિત્તો મળવાથી, રાજાને સંસાર પ્રત્યે અભાવ થવાથી, રાણી મદનસેના સાથે તાપસી દીક્ષા લીધી. દીક્ષા લીધા પછી રાણીને ગર્ભના ચિહ્નો જણાવાથી, પોતાના સ્વામી તપસ્વીને જણાવ્યું. મકરધ્વજ તપસ્વીએ કુલપતિને કહ્યું.

પૂર્ણમાસે મદનસેનાએ, સર્વાંગસુંદર અને દેવકુમાર જેવા બાળકને જન્મ આપ્યો. આંહી કુલપતિની આજ્ઞાથી, વૃદ્ધતાપસીઓએ, રાણીની પ્રસૂતિની સારસંભાળ રાખી, સુકુમાર શરીર ધારિણી રાણીને, પ્રસૂતિસમયને અનુકૂળ સાધનો નહિ મળવાથી, અને ઔષધોપચાર પણ યથાયોગ્ય નહીં મળવાથી, રાણી અલ્પ સમયમાં જ સમાધિપૂર્વક મરણ પામી, બાળક નિરાધાર થયો.

**પ્રશ્ન** : રાણી સુકુમાર હતી, વળી ગર્ભ રહ્યો હતો, આટલી સ્પષ્ટ વસ્તુને દુર્લક્ષ્ય કેમ રાખી હશે ? કે રાણી પોતાને, કારણ વિના મુશ્કેલીમાં મુકાવું પડયું. અને અકાળ મરણે મરવું પડયું. તથા દેવકુમારજેવા બાળકને પણ અકાળે માતાની સહાય ચાલી ગઈ. તાપસોને આવા નાના અને કોમળ બાળકની સારવારમાં, આત્મધ્યાનમાં, અંતરાયો ઊભા થયા આ બધું શા માટે ?

**ઉત્તર** : પૂર્ણકાળના મહાનુભાવ આત્માઓનો જોરદાર વૈરાગ્ય, અને મહાસતીઓની પતિ પ્રત્યેની અમાપ લાગણી, સ્વામીસેવાની બલવત્તરતાના કારણે, જૈન અને જૈનેતર ઇતિહાસોમાં, આવા પ્રસંગો નોંધાયા છે. અને તે બધા તેવા સંતો અને સતીઓની, ગૌરવ ગાથા સમાન બની ગયા છે.

નાના જન્મેલા અને માતા વિહોણા બાળકની, તાપસો અને તાપસીઓ બરાબર સારવાર કરતા હતા. તોપણ બાળઉછેરનું કપરું કાર્ય, તાપસોને વારંવાર પોતાની આવશ્યક ક્રિયાઓમાં, વિઘ્નરૂપ લાગતું હતું. તેટલામાં ચાર-છ માસના ગાળામાં, ઉજ્જ યિનીથી વ્યવસાય માટે નીકળેલા, અને રસ્તામાં આવેલા તાપસાશ્રમમાં આવેલા, દેવધર નામના શેઠને, કુમાર આપી દીધો. તેણે પણ અપુત્રીયો હોવાથી, અને પ્રભાવશાળી બાળકને જોઈને લઈ લીધો.

રત્નનિધાન જેવા બાળકને પામીને, શિઘ્રપ્રયાણે દેવધર પોતાના નગરમાં પહોંચ્યો અને દેવસેના નામની પોતાની પત્નીને, બાળક સોંપ્યો. અને નગરીમાં જાહેરાત થઈ ગઈ. દેવસેનાને પુત્રનો પ્રસવ થયો છે. અમરદત્ત નામ પાડવામાં આવ્યું. દેવસેનાને એક નાની બાળા પણ હતી. બંને ભાઈબહેન સાથે ઉછરવા લાગ્યાં.

અહીં ઉજ્જયિની નગરીમાં, બીજો એક સાગરદત્ત નામનો વણિક રહેતો હતો. તેને મિત્રશ્રી નામની પત્ની હતી અને અમરદત્તની સમાન વયનો મિત્રાનંદ નામનો પુત્ર હતો. નજીકમાં બંનેના રહેઠાણ હોવાથી, અને ગયાજન્મના સંસ્કારથી, જાણે રાજપુત્ર અને પ્રધાન પુત્રને હોય તેવી, અમરદત્ત અને મિત્રાનંદને મિત્રતા બંધાઈ ગઈ પછીતો બંનેને હંમેશ સાથે ભણવા, ગણવા, જમવા, રમવા, સુવાનો કાયમી વ્યવસાય બની ગયો હતો.

એક વાર સમાન વયના છોકરાઓ, અડોલિકા, દાંડીની રમત રમતા હતા. તે વખતે નજીકના જૂના પુરાણા વડના ઝાડ સાથે, એક મડદું લટકતું હતું. અને બેત્રણ દિવસો થવાના કારણે, મુખ પહોળું થઈ ગયેલું હતું. આ બાજુ બાળકોની રમતમાં અમરદત્તની ઉડાડેલી મોઈ, ઉડીને તે શબના મુખમાં પેસી ગઈ.

આ બનાવ જોઈ મિત્રાનંદ ખૂબ ખૂબ હસી પડ્યો. અને બોલ્યો, હે મિત્ર! મોટું આશ્ચર્ય થયું કહેવાય. આવી રીતે, અડોલિકા; શબના મુખમાં પેસી ગઈ. વારંવાર થએલા મિત્રાનંદના હાસ્યથી, કોપાયમાન થએલા વડના ભૂતે, શબમાં પ્રવેશ કરીને, જોરથી અવાજ કર્યો. હે મિત્રાનંદ ! આજ પ્રમાણે તારા મડદાને પણ, આજ વડના ઝાડ નીચે,

ટીંગાડવામાં આવશે. અને તારા મુખમાં આવી જ મોઈ પેસસે. આવા શબનાં વચનો સાંભળી, મિત્રાણંદ ગભરાયો. અને કંપવા લાગ્યો.

રમવાની ક્રીડા બંધ થઈ. બાળકો સૌ સૌના ઘેર ભાગી ગયા. આ બનાવથી મિત્રાનંદના—મુખનું તેજ ઉડી ગયું. અમરદત્ત વારંવાર તેની ઉદાસીનતા અંગે પૂછતાં મિત્રાનંદે, શબના શબ્દો સંભળાવી, પોતાની ઉદાસીનતાની વાત જણાવી. "**मरणसमं नत्थि भयं**" ભાઈ અમર! **હવે મને ક્ષણવાર પણ, તે વડ તે મડદું, તે મોઈ, તે વાકયો, ભુલાતાં નથી. હું તો વડને જોઉં છું ને, મારું મરણ જોઉં છું.**

ભાઈ, હવે મને ખાવામાં, પીવામાં, પહેરવા, ઓઢવા, ફરવામાં જરા પણ રસ પડતો નથી. હું તો મરણનેજ જોઉં છું. કોઈ મહાપુરુષ ફરમાવે છે કે:

**मस्तकस्थायिनं मृत्युं, यदि पश्येदयं जनः। आहारोपि न रोचेत, किमुताकृतकारिता ॥**

**અર્થ** : જેમ આ મિત્રાનંદ નામના છોકરાને, વડને જોઇને, હવે મૃત્યુ ભુલાતું નથી, અને મૃત્યુ ભુલાય નહીંતો પાપો કરવામાં રસ પડેજ નહીં. તેમ આહીં. સંસારના મનુષ્ય માત્રને, પોતાના મસ્તક ઉપર બેઠેલું મૃત્યુ જણાયતો આહારમાં પણ સ્વાદ પડે નહીં. તો પછી હિંસાદિ પાપો કરવાની તો વાત જ શી? અર્થાત્ પાપો થાયજ નહીં.

"આયુષ દોડયું જાય છે, જેમ વેગ સરિતા નીરનો।
આંખો ઉઘાડી જોઈ લ્યો? ભય મોટકો યમવીરનો।

કર્યા કોળીઆ ઘણા તેણે, નૃપો અને ધનવાનના।
સાથે ન આવે, કનક રૂપું, રાશિઓ ધનધાનના." ॥ ૧ ॥

"રાવણ સરીખા—રાજવી, મમ્મણ સમા ધનવાન,
અંતે બિચારા એકલા, સૂતા મરી સ્મશાન" ૧

"દાવાનલ વન પ્રાણીઓ, બાળે વૃક્ષ ને ઘાસ।
અંતક પ્રાણિ—સર્વનો, હંમેશ કરતો ગ્રાસ." ૨

"કાલે કરવા ચિંતવ્યું, તે તું કરી લે આજ।
અધવચ રહી જાશે બધું, જો આવ્યા જમરાજ." ૩

"વર્ષો બહુ વીતી ગયાં, મહીનાનો નહિ પાર।
દિવસો દોડ્યા જાય છે, સૂતો તોય ગમાર?" ૪

"મરણસર્પ તુજ ઘર વિશે, રહે દિવસ ને રાત ।
અવશ્ય તુજને કરડશે, શીદ માને સુખ સાત ?" ૫

"મરણ–રોગ-આજીવિકા, શત્રુતણો ભય જેમ ।
પાપ તણો ભય થાય તો, સુગતિ ન લહે કેમ ?" ૬

**પ્રશ્ન** : બીજું બધું નજરે દેખાય છે. કાનને, આંખને, નાકને, જીભને, ચામડીને, આનંદ આપે છે. આવા આનંદમાં મરણ કેમ યાદ આવે? સૌનું થયું તેમ આપણું થશે તેમાં ડરવાની શી જરૂર ?

**ઉત્તર** : મરવાનો ભય નથી માટેજ જીવ નિર્ભય પાપ કરે છે. અને મરવાના ભય થકી પણ મોટો, સંસારનો ભય વિચારવા યોગ્ય છે. ચાલુભવમાં આત્મા વિચારક થાય તો, પાપો બંધ કરીને વીતરાગ માર્ગ આદરી, તત્વગવેષક બની, બધા અનાચારો ત્યાગી શકે છે. સદાચારોને આચરી શકે છે. ભવોભવ ઉત્તરોત્તર વધારે અને પાપ વગરનાં અથવા ઓછા પાપવાળાં, સુખો ભોગવી મોક્ષગામી થાય છે. વિચારકને મરવાનો ભય પાપોને છોડવા માટે બને છે.

## આ સ્થાને એક સિંહ અને બકરાના ટોળાની કથા વિચારવા યોગ્ય છે.

એક ગૃહસ્થનું યવનું ક્ષેત્ર છે. લીલા અને હરિયાળા યવ ઉગ્યા છે. બકરાની જાતને લીલા યવનો ખોરાક ખૂબ ભાવે છે. દશ જેટલા મસ્ત બોકડા છે. ચારસો જેટલી બકરી છે. બકરાની જાત પણ કામ વિકાર તરબોળ રહે છે. બકરીને જોઈને બકરાને કામ સળગતોજ રહે છે.

લીલા જવના ક્ષેત્રમાં, બકરાનું ટોળું ચરતું હતું સાથે સ્વજાતિય વિકારોમાં પણ યથાવસર નિર્ભય ફરતું હતું. તેટલામાં નજીકના એક પર્વત ઉપર, ઘણા મજબૂત લોઢાના પાંજરામાં પૂરાયેલો પણ મહાવિકરાળ સિંહ ગર્જના કરતો સંભળાયો. સુરતક્રીડા અને અને લીલા જવના સ્વાદમાં તન્મયબનેલાં બકરાંનું ટોળું, સિંહની ગર્જના સાંભળીને ગભરાયું અને બચાવની દિશામાં નાસવા લાગ્યું, પરંતુ બધી બાજુ મોટી કાંટાની વાડ હોવાથી, ભયભીત ઉભું રહ્યું.

લીલા જવ જમવા ગમતા નથી. બકરીઓ અને બકરાઓને, વિષયવાસના બુઝાઈ ગઈ છે. જો કે સિંહ પાંજરામાં પુરેલો છે. મોટું તાળું લગાવેલું છે, સળિયા લોઢાના છે, જાડા છે, સિંહને બહાર નીકળવાની શકયતા નથી, તોપણ બકરાઓને જીભ અને સ્પર્શ ઇન્દ્રિયનો સ્વાદ પલાયન થયો છે. અહીં સિંહ જેવો, યમરાજ–મરણ છે. અને બકરાના ટોળા જેવા આપણે મનુષ્યો છીએ. મરણ રુપસિંહ મર્યાદારૂપ પાંજરામાં ઉભો છે. કયારે છુટો થસે નકી નથી.

"એક રે દિવસ એવો આવશે, તારી ઠાઠડી થાશે,
મિત્રો ચાર ઉપાડીને, રોતા સ્મશાને જાશે." ૧

"શરીર કુટુંબને કારણે, કીધાં પાપ અપાર,
સુકૃત અલ્પ કર્યા વિના, વ્યર્થ ગયો અવતાર." ૨

"એક દિવસ નક્કી થયો, મરવાનો નિરધાર,
તોપણ પ્રાણી સર્વને, પાપ વિશે બહુ પ્યાર." ૩

"શરીર પોષવા કારણે, કુટુંબ કારણ પાપ,
ધન મેળવવા જીવડો, જપે પાપનો જાપ." ૪

"પણ મનમાં આવે નહીં, પરભવ અલ્પવિચાર,
સઘળું પુણ્યધન ખાઈને, વળી ભમે સંસાર." ૫

મિત્રાનંદને વડ ઉપર લટકતા શબના શબ્દો, ક્ષણવાર ભુલાતા નથી, ખાવામાં, પીવામાં, પહેરવામાં, રમવામાં, રસ પડતો નથી, ઉદાસ રહે છે. મિત્રાનંદની ઉદાસીનતાથી અમરદત્તને પણ રાતદિવસ ચિંતા થયા કરતી હતી. ઘણીવાર કુતૂહલ કરીને, બીજા અનેક પ્રહસન સાધનો બતાવાય તો પણ, મિત્રાનંદને વડ અને મડદું. ક્ષણવાર પણ ચિત્તમાંથી ખસતા નથી.

પછી તો મિત્રના સુખની ખાતર અમરદત્તે, પોતાની નગરી ( ઉજ્જયિની ) ને તથા માતા-પિતા, સ્વજન, મિત્રો, સગાઓ, સર્વને છોડવાનો વિચાર કર્યો, અને બે મિત્રો એકમત થઈને, કોઈને પણ જણાવ્યા સિવાય, થોડું દ્રવ્ય સાથે લઈ ઘરમાંથી રવાના થયા. અને પાટલીપુત્ર નામના નગરના ઉદ્યાનમાં પહોંચ્યા,

મિત્રાનંદ ખૂબ બુદ્ધિશાળી હતો. જ્યારે અમરદત્ત મહાપુણ્યવાન હતો. બન્ને મિત્રો નગર અને ઘર છોડવાના હતા. ત્યારે મિત્રાનંદે અમરદત્તનું ધ્યાન દોર્યું હતું. ભાઈ? હું તો મરણના ભયથી ઘરબાર-માબાપ છોડું છું. પરંતુ તારે વિચાર કરવા જેવું છે. આપણે બન્ને નાના છોકરા છીએ. આપણી જુવાની હજુ હમણાં શરૂ થાય છે.

તું સુખી અને ધનવાન માતાપિતાનો એકનો એક પુત્ર છે. સુખલીલામાં ઉછર્યો છે. ફૂલોની શય્યામાં સુનારો છે. મનપસંદ જમનારો છે. સુંવાળાં વસ્ત્રો પહેરનારો છે. ઘોડા-

રથ–પાલખીમાં ફરનારો છે. મારા દુઃખ માટે તારા સુખને, તું શા માટે ત્યાગ કરે છે? કારણકે તું ઘરમાંથી નીકળીને સાધનો વિના દુઃખ ભોગવીશ.

તારા માતાપિતા, મિત્રો અને સગાંઓ તારા વિયોગથી ઘણા દુઃખી થશે. માટે ખૂબ વિચારો કરીને, નગરની બહાર પગલું ભરજે. પાછળ પસ્તાવું પડે નહીં તે ડહાપણનું લક્ષણ છે. ડહાપણથી ભરેલી, અને સ્વાર્થને ગૌણ બનાવનારી, મિત્રાનંદની વાત સાંભળીને, અમરદત્ત કહે છે: મિત્ર! મિત્રના દુઃખના નાશ માટે દુઃખ ભોગવવું પડે તો પણ, વાસ્તવિક તે દુઃખ મનાયું નથી. પંડિત પુરુષો ફરમાવે છે કે:

**जानीयात् प्रेषणे भृत्यान्, बान्धवान् व्यसनागमे। मित्रमपत्तिकालेच, भार्यां च विभवक्षये॥**

**અર્થ**: માત્ર બતાવેલું કાર્ય યથાર્થ, તત્કાલ કરવાથી નોકરની કસોટી થાય છે. કોઈ પણ મોટું દુખ આવી પડે ત્યારે, સગા ભાઈઓ કે નજીકના કુટુંબીજનોની કસોટી થાય છે. અને રાજ્યત્યાગ–ઘરત્યાગ કે લક્ષ્મી અથવા આબરૂ જવાના પ્રસંગે, મિત્રની સમજણ પડે છે. અહીં કોઈ મિત્રોએ પ્રાણ આપવા સુધી પણ, ઉદારતા બતાવી છે. અને ધનનો ક્ષય થાય ત્યારે, પત્નીની સતી તરીકેની કસોટી થાય છે. અહીં સીતા–દ્રૌપદી–સુભદ્રા (શાલિભદ્ર ભગિની–ધનાજીની પત્ની)નાં ઉદાહરણ મોજૂદ છે.

પરસ્પરની મિત્રતાની સંપૂર્ણ ખાતરી થવાથી, મિત્રાનંદ અને અમરદત્ત ઘણો આનંદ પામ્યા હતા. પાટલીપુત્રના પરિસરમાં અતિરમ્ય બગીચો હતો. સેંકડો જાતિના ફળદ્રુપ વૃક્ષો હતાં, અને તે પોતપોતાની ઋતુમાં ફળ સમુદાયથી, મુસાફરોને સ્વાદિષ્ટ ફળો આપીને એક ભોજન શાળા કરતાં પણ વધારે અતિથિ સત્કાર કરતાં હતાં. જ્ઞાનીઓ કહે છે કે—

**नैव नद्यः पिबन्त्यम्भः वृक्षाः खादन्तिनो फलं। मेघाः शस्यंच नाश्नन्ति, कल्मोभीषां परार्थकृत्॥**

**અર્થ**: નદીઓ બિચારી હજારો માઇલ સુધી પાણી ઉપાડી લાવી, બીજાઓને (ક્ષેત્રોને) આપીદે છે. પરંતુ પોતે પીતી નથી. વૃક્ષો બિચારા ટાઢ, તાપ, પવનના દુઃખ ભોગવીને પણ, ફળ અને છાયા બે વસ્તુ મુસાફરને આપે છે. પોતે પોતાના ફળનો કે છાયાનો સ્વાદ લેતા નથી. તેમાં વળી કેટલાક અધમ મુસાફરો ઘણા ધોકા પણ મારે છે. તેને પણ વૃક્ષો ઉદાર બની ફળ આપે છે. અને વાદળાં પણ હજારો ટન પાણી ઉપાડી લાવે છે. તપી ગયેલી જમીનને ઠારે છે. અનેક જાતિનાં ધાન્યો ફળો ઔષધીને ઉગાડે છે. છતાં પોતે ચાખતા પણ નથી. જડ વસ્તુઓના પણ આવા ઉપકારો સાક્ષાત્ જણાય છે.

અમરદત્ત અને મિત્રાનંદ બંને મિત્રોએ, વૃક્ષ નીચે ક્ષણવાર વિશ્રાન્તિ લીધી. અને મિત્રાનંદે લાવેલાં સુમધુર ફળો વડે, ક્ષુધા મીટાવીને, બંને મિત્રો નજીકની વાવડીમાં પાણી પીવા ગયા. વળી પરિશ્રમ ઉતારવા સ્નાન પણ કરીને, બહાર નીકળી સ્વસ્થ થયા.

તેટલામાં સાવ નજીક એક પ્રાસાદ દેખાયો, બંને મિત્રો જોવા ગયા. આખો પ્રાસાદ ધારી ધારીને જોતાં, એક પૂતળી જોવામાં આવી.

કોઈક નારીની ઊભેલી મૂર્તિ જોઈને, અમરદત્તની ચક્ષુ સ્થિર થઈ ગઈ. પૂતળી હોવા છતાં, કારીગરની કળા એવી ખર્ચાઈ હતી કે, ભલભલા એને સ્પર્શ કર્યા પહેલાં, સાક્ષાત્ ઈન્દ્રની ઈન્દ્રાણી જ કલ્પી લેતા હતા. અમરદત્ત તો આ મૂર્તિને જોઈને, આભો જ બની જવાથી, આઘો કે પાછો થઈ શકયો જ નહીં. શરીરનો થાક ક્ષુધા, તૃષા, પરદેશ, એકલવાયાપણું બધુંજ ભુલાઈ ગયું.

જેમ પૂતળી જડ પદાર્થ હતો, તેમ અમરદત્તકુમાર પણ આ પૂતળીના રૂપમાં, તન્મય બનીને, જડ જેવો, વિદ્યાથી તંભિત થયેલા માનવી જેવો, અથવા ચિત્રમાં ચિતરેલા રૂપ જેવો, જણાવા લાગ્યો. મિત્રના આનંદમાં ભંગ નહીં પાડવા, ક્ષણ બેક્ષણ મિત્રાનંદ મૌન રહ્યો પરંતુ છેવટે બોલ્યો :—

મિત્ર ! આપણને આ સ્થાનમાં પ્રવેશ્યાને બેત્રણ કલાકો થઈ ગયા છે. આપણે અજાણ્યા મુસાફર છીએ. નગરમાં જઇને ભોજન માટે, શોધ સગવડ કર્યા વિના, આપણી ક્ષુધા–તૃષા પણ, આપણને જરૂર સતામણી શરૂ કરશે. ભાઇ ! આ તો માટીના કે પાષાણની એક પૂતળી છે. આ કોઈ સાક્ષાત્ પદ્મિની કે દેવાંગના નથી. માટે હવે ખૂબ થઇ ગયું છે. ચાલો નગરમાં જઇએ.

**અમરદત્ત**—ભાઈ હજી સંપૂર્ણ જોવાઈ નથી. થોડી ક્ષણો થોભી જા, બરાબર જોઈ લઉં. મિત્રાનંદ ક્ષણવાર મૌન ઉભો રહ્યો. અમરદત્તનો રસાવેગ વધ્યો. ભાન ભુલાઈ ગયું. દૃષ્ટિ ઊંચી કરવાની ઇચ્છા પણ થતી નથી. મિત્રાનંદની વારંવાર વિનતિ ચાલુ રહેવાથી, અમરદત્તે જવાબ આપ્યો કે ભાઈ મિત્ર ! મારા પ્રાણ અને આ પૂત્તળી, હવે જુદાં રહી શકશે નહીં. હવે હું આ મહેલ બહાર જઇશ તો. મારા પ્રાણો પણ મારા શરીરની બહાર જતા રહેશે.

**મિત્રાનંદ** કહે છે : મિત્ર, તારા વિચારોને હું સમજી ગયો છું. પરંતુ આ જડને છોડી દે અને નગરમાં ચાલ. હું તને થોડા જ દિવસોમાં, આનાથી પણ વધી જાય તેવી, સાક્ષાત્ માનુષી કન્યા, કોઇ વણીકની કે રાજાની પુત્રી, પરણાવીશ. મારી પાસે બધી આવડગત અને શક્તિઓ છે.

**અમરદત્ત** કહે છે : ભાઈ ! તારી વાત સાચી છે. પરંતુ, હું આ સાક્ષાત્ દેવાંગનાને છોડી, માનુષીને મેળવવા ઇચ્છતો નથી. મને આ કન્યા મળે, અથવા આ જગ્યાએ હું ઊભો જ મરણ પામું. ત્રીજો માર્ગ નથી.

**મહાપુરુષોના અનુભવ**

**तावन्मौनी यतिर्ज्ञानी, सुतपस्वी जितेन्द्रियः। यावन् न योषितां दृष्टिगोचरंयाति पुरुषः ॥१॥**

**અર્થ** : શ્રી વીતરાગ દેવોના સાચા મુનિઓને છોડીને, આ જગતમાં, યતિ-જ્ઞાની-મૌની-ધ્યાની-તપસ્વી અને જિતેન્દ્રિય મોટા ફાંકાદાર માણસો પણ, સ્ત્રીઓનાં રૂપ, રંગ, રાગ, લાવણ્ય, કટાક્ષ, મુખ, સ્તંભ, ચાલ જોઈને, ક્ષણવારમાં બદલાઈ ગયા છે. સ્થૂલભદ્ર સ્વામીના ત્રણ ગુરુ ભાઈઓ, ચાર માસના ચોવીહાર ઉપવાસ કરીને, એક સર્પના-બીલ ઉપર, બીજા સિંહનીગુહા ઉપર, ત્રીજા કૂવાના પાટીઆ ઉપર કાઉસ્સગ્ગ મુદ્રાએ રહેનારા પણ, સ્થૂલભદ્રસ્વામીની સ્તુતિ ન સહન કરી શકયા, અને તે પૈકીના સિંહ ગુહાવાસી મુનિ, કોશાવેશ્યાના ઘેર ચોમાસું રહેવા ગયા. માત્ર ક્ષણવાર કોશાનું રૂપ જોઈ, ચારિત્ર હારી ગયા. અગ્નિ પાસે માખણના પિંડની જેમ પિગળી ગયા. વિશ્વામિત્ર મેનકાનું રૂપ જોઈને, તપ હારી ગયા. જમદગ્નિ. રેણુકાના રૂપમાં, ૬૦ હજાર વર્ષનો તપ ખોઈ બેઠા, અને રહનેમિ રાજુલમહાસાધ્વીના રૂપદીપમાં, પતંગીઓ બની ગયા. જ્ઞાનીઓ કહે છે કે—

**अश्मनिर्मितं पूंसां, यासां रूपं मनोहरेत् । विनीता विश्वमोहाय, मन्येता वेधसा कृताः ॥**

**અર્થ** : જે સ્ત્રીઓનું માત્ર પથ્થરમાં બનાવેલું રૂપ પણ, વિશ્વજનોના બંધનનું કારણ બને છે, મનને બાંધી નાખે છે. જેમ મચ્છીમાર જાળમાં મચ્છોને ફસાવે છે, તેમ સ્ત્રીઓનું રૂપ યુવાન પુરુષોનાં મનરૂપ માછલાંઓને, ફસાવે છે. માટે કવિ કહે છે કે, કર્મ પરિણામ રાજાએ, જગતને ફસાવવા માટે જ, સ્ત્રીઓના આકારો બનાવ્યા હશે, એમ મને વિચાર આવે છે.

અમરદત્તકુમારની, પરદેશ અજાણ્યા માણસોના સ્થાનમાં, આવી ગાંડપણથી ભરેલી ચેષ્ટા જોઈ, મિત્રાનંદની ધીરતા ચાલી ગઈ. અને ઉંચા પોકારો કરીને, રડવા લાગ્યો. મિત્રાનંદનું રૂદન જોઈને, અમરદત્ત પણ ખૂબ રડ્યો. પરંતુ દૃષ્ટિભેદ કે સ્થાનભેદ કરવા તૈયાર થયો નહીં.

તેટલામાં આ પાટલીપુત્ર નગરમાં રહેતા, અને આ પ્રાસાદ કરાવનાર, રત્નસાગર નામના શેઠજી ત્યાં આવીને, આ બે મિત્રોને કહેવા લાગ્યા, અરે ભાઈઓ તમે પુરુષો થઈને નારીજાતિ સુલભ રુદન કેમ કરો છો? આ પ્રમાણેના સભ્યતા અને વાત્સલ્ય ભરેલાં, શ્રેષ્ઠીનાં વચનો સાંભળીને, મિત્રાનંદે પોતાની ઘેરથી અહીં આવ્યા સુધીની, અને અમરદત્તની આવી પરવશતા પણ કહી સંભળાવી.

રત્નસાગર શેઠે પણ અમરદત્તને ખૂબ સમજાવ્યો. પરંતુ તેણે તેની મૂર્ખાઈને મચક આપી નહીં. શેઠજીએ આપાદમસ્તક અમરદત્તને જોયો, સર્વાંગ સુંદરતા જોઈ, શેઠને વિચાર આવ્યા કે, આ કોઈ સામાન્ય મનુષ્ય તો નથી. અહીં પણ કોઈ અદૃષ્ટ

ભવિતવ્યતાજ કામ કરતી જણાય છે. હવે શું કરવું? એવા વિચાર કરતા હતા. ત્યાં મિત્રાનંદે પણ શેઠને પૂછયું. પરસ્પરના વિચાર પછી, અમરદત્તના રોગનું નિદાન થયું.

અમરદત્તને શેઠને ભળાવીને, મિત્રાનંદ કુંકણદેશમાં, સોપારકનગરમાં, શૂરનામના સૂત્રધારને ઘેર ગયો. શ્રીમંત વાણીયાનો વેશ અને આકૃતિ જોઈ, સલાટે બહુમાન આપ્યું. દેવમંદિરો અને મહેલો બનાવવાના નમૂનાની ચર્ચા કરતાં, પાટલીપુત્રના પ્રાસાદની પૂતળીની વાત પૂછી લીધી, મિત્રાનંદ સૂત્રધારને પૂછે છે : હે મિસ્ત્રી! આ પૂતળી તમારી અક્કલ હોશિયારિથી બનાવી છે કે, કોઈ દેવાંગના કે રાજકુમારીની છે?

**સૂરસૂત્રધાર** કહે છે કે: મોટા રાજાઓ પોતાની પુત્રીના વરની શોધ માટે, યુવતી પુત્રીઓનાં ચિત્રો-છબીઓ, ચિતારાઓ પાસે ચિતરાવીને, યોગ્ય રાજપુત્રને બતાવવા મોકલે છે. તેવા ગમે તે કારણવશાત્ મને ઉજ્જયિની નગરીના રાજા મહસેનભૂપતિની પુત્રી રત્નમંજરીની છબી મળી હતી. તેના આધારે આ પ્રતિમા બનાવી છે. જે રૂપ બ્રહ્મા ન બનાવી શકે, તેવા શિલ્પ નિર્માણમાં મારી શકિત કેટલી કામ કરી શકે? તેણીના રૂપની ખ્યાતિ સંભળાય છે, તેના હિસાબે આ પૂતળી અતિસાધારણ જાણવી.

મિત્રાનંદ રત્નમંજરીનું વર્ણન સાંભળીને, કુંકણદેશ સોપારક (હાલનું મોટા સોપારા) નગરથી સાધન સામગ્રીપૂર્વક રવાના થઈ, માળવા ઉજ્જયિની (જે પોતાની જન્મભૂમિ છે. હાલનું ઉજ્જૈન) નગરી પહોંચ્યો. નગરમાંથી વસ્ત્રાભૂષણો ખરીદ કર્યાં. અહીં વર્તમાન સમયે મારી=મરકીનો ભયંકર રોગ ચાલે છે. ઘણું માણુસ મરી જાય છે.

અહીં મરેલા માણુસનું મડદું રાત રાખવાનો, રાજાનો મનાઈ હુકમ હોવાથી, રાત્રિમાં, નગરની બહાર રાખવા માટે, એક શ્રીમાન શેઠનું શબ, નગર બહાર સાચવવાના, એક હજાર સોના મહોર લઈને; વીરચર્યાથી બહાદૂરીપૂર્વક મિત્રાનંદે, ભૂત-પ્રેત-પિશાચ-શાકિનીના ઉપદ્રવથી, મડદાનું રક્ષણ કર્યું. સવારમાં મડદું મૂળ માલિકને સોંપી, વસંતતિલકા વેશ્યાને ઘેર ગયો. વેશ્યાને ઘણું દ્રવ્ય આપી, વશકરીને, અખંડ બ્રહ્મચર્ય પાળીને, અક્કાને રાજકુમારી પાસે મોકલી, નીચે મુજબ સંદેશો કહેવડાવ્યો.

**અક્કા**, કુમારી પાસે આવી. કુમારીએ પણ વૃદ્ધવેશ્યાનું બહુમાન કર્યું. અને આવવાનું કારણ પૂછયું.

**અક્કા** (ઘરડી વેશ્યા) બોલી : આપના વલ્લભનું વૃતાન્ત જણાવવા આવી છું.

**રાજપુત્રી** (વિસ્મય પામીને): કોણ છે મારો વલ્લભ? ત્યારે અક્કાએ મિત્રાનંદનો આપેલો સંદેશો કહી સંભળાવ્યો: તમે જેને સંદેશા મોકલો છો, તેનો મિત્ર અહીં આવ્યો છે. અને આપની આજ્ઞા મળશે તો મળવા ઇચ્છે છે. આપના વલ્લભના મિત્રના મેળાપથી આપને ઘણો આનંદ થશે.

રાજકુમારી મનમાં વિચાર કરવા લાગી. આજ સુધી મને પરણવાના વિચાર પણ આવ્યા નથી. મેં કોઈ પુરુષને જોયોકે સાંભળ્યો પણ નથી. અને મેં કોઈને લેખ મોકલ્યો પણ નથી. વળી આજ સુધી અમરદત્તનું નામ પણ મેં સાંભળ્યું નથી. સંભવ છે કે આ કોઈ ધૂર્ત મનુષ્ય હોવો જોઈએ. જેણે મારા જેવી રાજપુત્રીને પણ, ફસાવાવની માયા ગોઠવી છે. તેને એકવાર જોવો જોઈએ.

હું પણ સતી નારી છું. ગમે તેવા માણસો મને વશ કેમ કરી શકે? તેથી સંભવે છે કે, આ મનુષ્ય પણ, અસામાન્ય હશે. વળી મને આવી વાતમાં રસ પડે છે, માટે મારું ભવિષ્ય સારું હશે! તેથી તેના પ્રપંચો જોવા અને સાંભળવા તો ખરા. અને અક્કાને કહ્યું કે, તે વિદેશી માણસને મારા મહેલના ગવાક્ષ (બારી) માર્ગે, તું તે માણસને આવવા માર્ગ બતાવજે. અક્કાએ પણ મિત્રાનંદને, રાજપુત્રીની બધી વાત કહી. રાત પડતાં, અંતઃપુરના કિલ્લામાં રાજકુમારીના આવાસ તરફ મિત્રાનંદને લાવી, કુમારીના મહેલની બારી બતાવી. મિત્રાનંદ સિંહફાળથી કૂદ્યો. અને કુમારીના મહેલમાં પહોંચ્યો.

મિત્રાનંદની આવી કૂદવાની તાકાત. અને રાજભવન જેવા ભયસ્થાનમાં પેસવાનું સાહસિકપણું, બહાર ઊભેલી અક્કા, અને પોતાના મહેલમાં ઊભેલી રાજપુત્રીએ જોયાં, અને મિત્રાનંદ કોઈ અજબમનુષ્ય હોવાનો નિર્ણય કરી લીધો. અક્કાએ તો ત્રણ દિવસ પોતાના મહેલમાં, દેવાંગના જેવી વસંતતિલકા સાથે એકાન્તમાં વસવા છતાં, અને વસંત-તિલકાએ ભોગવિલાસ માટે પ્રાર્થનાઓ કરવા છતાં, જેણે પોતના શીલને ડાઘ લગાડવા દીધો નથી. ત્યારે જ નક્કી કરેલું કે આવો નર સામાન્ય મનુષ્ય કેમ હોઈ શકે? તથા વળી અક્કાએ પોતાને મળેલું ઈનામ, પોતાના મહેલમાં ત્રણ રાત્રિ વસંતતિલકા સાથે એકાન્ત વસવાટ, અને અકલંક બ્રહ્મચર્યની વાત પણ, રત્નમંજરીને સંભળાવી હતી.

રાજકુમારીને વેશ્યાની અનુભવેલી વાતો સાંભળવાથી પણ મિત્રાનંદના મેળાપ માટે નિર્ભયતા આવી હતી. અને મળવા આવવા જણાવ્યું હતું. મિત્રાનંદ જેવો કુમારીના મહેલમાં બારી માર્ગે દાખલ થયો તેટલામાં રાજપુત્રી, કપટનિદ્રાએ પલંગમાં સૂઈ ગઈ, મિત્રાનંદ કુમારીના પલંગ પાસે આવ્યો. અને આપાદમસ્તક કુમારીને જોઈ લીધી.

વિચારવા લાગ્યો : મારા મિત્રને, જેને માટે તાલાવેલી જાગી છે, તે બાળા પણ નારીરત્ન છે. ખરેખર મિત્રને, આવું નારીરત્ન મેળવી આપવામાં, મારો પરિશ્રમ પણ સફળ થશે. આવું નારીરત્ન પામનાર મિત્ર પણ મહાભાગ્યશાળી ગણાય. અને તેવાની સેવા કરનાર મને પણ હું ધન્ય માનું છું. આવી કન્યાને મેળવવા, થોડી માયા પણ ગોઠવવી પડશે. અઘટમાન પણ કરવું પડશે.

પોતે વિચાર્યું કે કુમારી સૂઈ ગઇ છે. માટે મારી ધારણા સફળ થશે. એમ મનમાં ગોઠવીને, કુમારીના હાથનું, રત્નજડિત મહાકીમતી કંકણ કાઢી લીધું. અને

તેણીની જમણી જંઘા ઉપર, પોતાની પાસેની છુરી વડે, બે ત્રણ ઉઝરડા નિશાની કરીને તેજ રસ્તેથી પાછા વળી, ચડવાની વિધિ મુજબ રાજકુમારીના મહેલની ભીંત વાટે ઊતરી ગયો. અને નગર બહાર દેવકુલિકામાં જઈને સૂઈ ગયો.

રાજપુત્રી કપટ નિદ્રાથી, મિત્રાનંદની ચર્યા જોયા કરતી હતી. વેશ્યાએ કરેલી તેનીજિતેન્દ્રિયતા તથા વિદ્યાસિદ્ધ યોગીપુરુષ જેવું, અસામાન્ય આચરણ અને શક્તિ, અને સાહસ, તથા ભલભલા પણ મહાત પામે તેવી બુદ્ધિ, આ બધું મિત્રાનંદમાં જોઈને કુમારી પ્રભાવિત થઈ ગઈ.

પરંતુ એક વાતનો કન્યાને અફસોસ જરૂર થયો. અને તે એજ કે મેં તેનો સત્કાર ન કર્યો. કશો વાર્તાલાપ ન કર્યો. ખેર! પણ ભવિષ્ય ઘણું સારું દેખાયું. છે પછી તો ઘણી રાત્રિ મિત્રાનંદના આગમનના વિચારોમાં, અને પાછળથી કેટલીક રાત વિચારો કરવામાં જવાથી, છેક પાછલી રાતમાં, રાજપુત્રીને, જોરદાર નિદ્રા આવી ગઈ.

મિત્રાનંદ પ્રભાતમાં વહેલો જાગીને, સ્નાનાદિ કામકાજ પતાવીને એક સિદ્ધપુરુષના વેશમાં, રાજભવનની નજીકમાં જઇને, બૂમો પાડવા લાગ્યો. હું ઠગાયો છું. આવા ન્યાયનિષ્ઠ રાજવીના રાજ્યમાં પણ, અમારા જેવા વિદેશીઓ ફસાઈ જાય છે. મિત્રાનંદના મોટા અવાજો અતિ ઝડપથી રાજાના કાન સુધી પહોંચી ગયા.

અને તુરત, આ પરદેશી યુવાનને, પોતાની પાસે લાવીને હાજર કરવા છડીદારને સૂચના આપી. અને રાજાનો હજુરી, મિત્રાનંદને રાજવી પાસે લઈ ગયો. અને રાજાએ તેને પૂછ્યું. ભાઈ, તારી ફરિયાદ હોય તે જણાવ. તને કોણે છેતર્યો છે? મારા પ્રજાજને તારૂં શું ખરાબ કર્યું છે? શિઘ્ર બોલી જા!

**મિત્રાનંદ**—રાજન્ હું વિદેશી, સિદ્ધપુરુષ છું. થોડા દિવસ પહેલાં, આ નગરના ઇશ્વરદત્ત શેઠના મનુષ્યનું શબ, સાચવવા મને નગરની બહાર સોંપવામાં આવ્યું હતું. એક હજાર દ્રવ્ય ઠરાવેલું હતું. તેણે અર્ધું આપ્યું હતું. હજીક બાકીનું મળતું નથી. કોઈ ફરિયાદ સાંભળતું નથી. રાજાએ શેઠને બોલાવી ઉપાલંભ આપ્યો. શેઠ કહે છે, સ્વામિન્ અમો આખું કુટુંબ મરણના શોકમાં ડૂબેલા હોવાથી, આ ભાઈની વાત કોઈએ સાંભળી નથી. તેની ક્ષમા માગું છું, અને તેની મહેનતનું દ્રવ્ય આપી દઉં છું.

રાજાએ મિત્રાનંદનું દ્રવ્ય અપાવીને પૂછયું : શબનું રક્ષણ કરતાં રાત્રિમાં કોઈ દૈવી ચમત્કાર જોયો?

**મિત્રાનંદ**—મહારાજ ! યદિ આપને આ વાત સાંભળવામાં રસ પડતો હોય તો જરૂર સંભળાવીશ.

**રાજવી**—હે વીર પુરુષ ? બરાબર રસ છે. જરૂર સાંભળીશ. પરંતુ થોડું પણ અસત્ય હશે તો, તે ગુનાનું ફળ પણ ભોગવવા, તારે તૈયાર રહેવું પડશે ?

**મિત્રાનંદ**—મહારાજ ! મેં જેટલું એક રાત્રિમાં જોયું છે, અનુભવ્યું છે. આ બધું તો મને યાદજ નથી. તેમાંથી થોડું જ કહીશ. મહારાજ શવ પાસે ખુલી તરવારે હું ચારે દિશામાં ફરવા લાગ્યો. ત્યારે પહેલા પ્રહરે તો શિયાળોના ભયંકર અવાજો થવા લાગ્યા. અને પીળા કેશવાળાં સેંકડો શિયાળોનાં ટોળાં આવવા લાગ્યાં, પરંતુ મને ક્ષોભ થયો નહીં.

**બીજા પ્રહરે** રૌદ્ર આકારવાળા, કાળા વર્ણવાળા, ભયંકર ચક્ષુવાળા રાક્ષસો આવ્યા. પરંતુ મારા સત્ત્વથી ભય પામી ભાગી ગયા. **ત્રીજા પ્રહરે** મને બીવડાવતી, તર્જના કરતી, હુંકાર શબ્દોને કરતી, તરવારો ભમાડીને, ભય પમાડતી, શાકિનીઓ આવીને, **મને અક્ષોભ** દેખીને ભાગી ગઈ. અને રાત્રિના **ચોથા પ્રહરે** મહાકીમતી આભૂષણો અને વસ્ત્રોને ધારણ કરનારી, સાક્ષાત્ દેવાંગના જેવી, છૂટા કેશવાળી, વિકરાળ વદનવાળી, હાથમાં કૃતિકા ( તરવાર ) નચાવતી, એક નારી ભયંકર ભ્રકુટીઓ દેખાડતી, મારી પાસે આવી, અને મને આંખો કાઢી બીવરાવવા લાગી.

છેક મારી નજીકમાં આવીને, રૌદ્ર અવાજથી કહેવા લાગી, અરે, દુષ્ટ મારી સરહદમાં કેમ બેઠો છે ? હું તારો નાશ કરીશ. આમ બોલતી હતી. પરંતુ હું મારા મંત્રોનો જાપ કરતો હોવાથી, મને દુઃખ આપવા કે નસાડી મૂકવા સમર્થ થઇ નહીં. પરંતુ મેં મનમાં નિશ્ચય કરી લીધોકે, જરૂર **મારી કહેવાય છે. તે જ આ સ્ત્રી હોવી જોઇએ.**

આવો વિચાર કરીને, હાથમાં તલવાર લઈને, હું ઊભો થઈને કૂદ્યો, અને તદ્દન તે બાળાની નજીકમાં જઇ, તેણીનો હાથ પકડ્યો. ડાબાહાથે પકડેલો હાથ, તેણીએ છોડાવી લીધો. પરંતુ તેણીનું મહાકીમતી દૈવી કંકણ, મારા હાથમાં રહી ગયું. અને મારા જમણા હાથમાં પકડેલી તરવારનો હું જેટલામાં ઘા લગાવું છું, તેવામાં તે આકાશમાર્ગે ઉડી ગઇ. પરંતુ મારી તરવારની અણી તેણીના કોઈ પણ અંગ ઉપર અડી ગઇ હશે. કારણ કે મારી તરવારની ધાર સહેજ લોહીથી ખરડાઇ હતી.

**રાજાનો પ્રશ્ન** : ત્યારે શું ? તે કીમતી કંકણ તારી પાસે રહી ગયેલું તે **મારી**

પાછી આવીને લઈ ગઈ? કે તારી પાસે હાલ છે? **મિત્રાનંદ**—મારી પાસે હાલ છે. જો કીમતી કંકણ હું ગુમાવી બેઠો હોઉં તો, મારી આ આખી વાત જૂઠી ઠરે. આ કાંઈ ઠંડા પ્રહરના ગપ્પગોળા નથી. લ્યો મહારાજ જુઓ, આ તેણીના વામ કરનું ભૂષણ; આટલું બોલીને, પોતાનાં વસ્ત્રોમાં છુપાવી રાખેલું કડું રાજાના હાથમાં સોંપ્યું.

રાજા પ્રથમ તો મિત્રાનંદની વાતોમાં, શંકાશીલ હતો. પરંતુ નિશાની બતાવતાં, કંકણ જોયું. એટલે તો રાજાનાં, આંતર–બાહ્ય ચક્ષુઓ ઉઘડી ગયાં. અને આવું મહાકીમતી દિવ્ય કંકણ હાથમાં આવતાં, મિત્રાનંદની વાતો ઉપર અસાધારણ વિશ્વાસ બેઠો. કંકણને જોતાં જ રાજાએ, પોતાની પુત્રી **રત્નમંજરીનું** નામ જોયું. સાથોસાથ પોતાનું અને કુમારીની માતાનાં નામો પણ વાંચીને રાજા ડઘાઈ ગયો.

આ કંકણ તો મારું કરાવેલું. મારી વહાલી દીકરીને પહેરવાનું, આ **મારી–મરકી–વ્યંતરી** પાસે કયાંથી? રાજા શંકાશીલ થયો. દેહ ચિંતાના વ્યાજે ઊભો થયો. અને સીધો ગયો કુમારીના મહેલમાં, કુમારી **રત્નમંજરી** હજીક ભરનિદ્રામાં પડી છે. પોતાની સાથળ ઉપર લાગેલા સ્થાને, પાટો બાંધેલો છે. ડાબો હાથ કંકણ વગરનો ખાલી પડેલો છે.

રાજાએ આ બધાં કારણો જોયાં. શંકા મજબૂત બની. મિત્રાનંદની વાતમાં સો ટકા વિશ્વાસ બેઠો. પરંતુ આ મારી પુત્રી **રત્નમંજરી** પોતે જ મરકીનો પાઠ ભજવે છે? ગજબ થઈ ગયો. વિદેશી કહે છે તે વાતને, બરાબર સમર્થન મળે તેવું છે. જરૂર રાતમાં, કુમારી મરકીનું રૂપ ધારણ કરીને, નગર બહાર સ્મશાનમાં, આખી રાત ભટકતી હોય, તો જ અત્યાર સુધી હજીક ઊંઘતી રહી છે. અન્યથા અત્યારે તો જાગેલી હોવી જોઈએ.

બીજું તેની જંઘા લોહીથી ખરડાએલી છે. પાટો બાંધેલી છે. આ વાત પણ વિદેશીની વાતને સાચી ઠરાવે છે. ત્રીજી વાત કંકણ પોતે સાક્ષી પૂરે છે. બસ મારી પુત્રી **રત્નમંજરી** મરકીના સ્વરૂપમાં, નગરનો નાશ કરનારી થઈ છે. અને મારું કુલ કલંકિત બનાવ્યું છે. હવે આ છોકરી સમગ્ર દેશ અને કુલનો ક્ષય ન કરે. તે પહેલાં ઉપાયો કરવા જોઈએ.

આ પ્રમાણે વિચારોની ગડમથલ કરતો રાજા પાછો સભામાં આવ્યો, અને મિત્રાનંદને જણાવ્યું. ભાઈ વૈદેશિક! તમે અમારા નગરમાં આવી, ખરેખર મારા અને મારા સમગ્ર દેશના મનુષ્યોના મોટા ઉપકારી થયા છો. હવે તમને આ **મારીને** વશ કરવાની શકિત છે? હોય તો અધૂરું કાર્ય પૂરું કરો!

**મિત્રાનંદ**: મહારાજ? મને બધા પ્રકારના મંત્રો સાધ્ય છે. પરંતુ મારે જાણવું જોઈએ કે આ **મરકી** તે શું? દેવી છે? વ્યંતરી છે? વિદ્યાધરી છે? કે માનુષી છે? તેની શકિત પણ મારે જાણી લેવી જોઈએ. નહીંતર મહાન અનર્થ થાય.

**રાજા** કહે છે । હે વૈદેશિક સિદ્ધ પુરુષ ! તું સાંભળ. આ મારી–મરકી બીજું કોઈ નથી. પરંતુ મારી પોતાની એકની એક પુત્રી, **રત્નમંજરી** પોતે જ છે. આ કંકણ પણ તેના હાથનું છે. મારું કરાવેલું છે. મારા નામથી અંકિત છે. બીજું તેણીની જંઘા પણ રુધિરથી ખરડાયેલી છે. વળી હજી સુધી તેણી ઊંઘતી હોવાથી, રાત્રિમાં ફરવા જતી હોવાનું નક્કી થાય છે.

અફસોસ ! આ દુષ્ટ છોકરીએ, મારો અતિ નિર્મળ વંશ મલીન બનાવ્યો છે. હવે મારે શું કરવું ? આ મરકીને વશ કરવાના ઉપાયો શીઘ્ર લેવા જોઈએ. નહીતર દેશાન્તરમાં મારી અપકીર્તિ ફેલાઈ જશે. હવે આ છોકરીનો સવેળા નિગ્રહ નહીં થાય તો, આખા નગરને અને ક્રમે કરીને દેશને, ખાઈ જશે. હે વૈદેશિક ! કાંઈ ઉપાય હોય તો બતાવ !

**મિત્રાનંદ** : મને તેણીને જોવા જવાની રજા આપો ! હું જોયા પછી બધા ઉપાયો વિચારીશ.

**રાજા** : ભાઈ ! સત્વર જા અને જોઈ વહેલો આવ.

**મિત્રાનંદ** : રાજાનો આદેશ પામીને, એકલો કુમારીના આવાસમાં ગયો. તેક્ષણે જ કુમારી નિદ્રામાંથી જાગી હતી. અને મિત્રાનંદને આવતો જોઈ, તેને ઓળખ્યો. અને કુમારી વિચારવા લાગી : આજે રાત્રિમાં જે મને ગુપ્ત મળવા આવ્યો હતો, જેણે મારું કરનું કંકણ ચોર્યું છે, જેણે મારી દક્ષિણ જંઘા ઉપર બારીક નિશાની કરીને રુધિરવાળી બનાવી છે, તે જ આ સાહસિક પુરુષ છે, એમાં શંકા નથી.

આ પુરુષની આકૃતિ, સાહસ, બુદ્ધિચાતુર્ય, નિર્ભયપણું, કોઈ અજબ દેખાય છે. અત્યારે આવા રાજભવનમાં નિર્ભય આવે છે. માટે મારા પિતાની આજ્ઞા મેળવી હશે. પિતા અથવા બીજો કોઈ પુરુષ કે સ્ત્રી સાથે નથી. માટે કોઈ ઉચ્ચ યોજના હોવી સંભવે છે. આવા અનેક વિચારો કરીને, રાજકુમારી **રત્નમંજરી**એ મિત્રાનંદને આસન અને આદર આપ્યો.

મિત્રાનંદે માનપૂર્વક આસન ઉપર બેસીને કહ્યું : હે મહાભાગ્યવતી ! મેં આપને મહાન કલંક આપ્યું છે. તમારી ઉપર મોટું કલંક ચડાવ્યું છે. આમ કરવામાં મને અને તમને મોટો લાભ હું જોઈ શકયો છું. તેથી મેં તમારા પિતા–રાજવીને, મારી ધારણા સંપૂર્ણ કરવા માટે, ઘણી ઘણી વાતો સમજાવી છે. અને આ બધી વાતો સાંભળીને પરવશ બનેલો રાજા, આજને આજ તમને રવાના કરવા તૈયાર છે. પછી હું તમને મારા સ્થાને લઈ જઈશ અને મોટા સ્થાને સ્થાપીશ. આપની ઇચ્છા જણાવો.

વળી હું કોઈ પણ ધુર્ત ઠગારો નથી. મારી બૂરી દાનત નથી. જો તમારી ઇચ્છા હોય

તો હા :પાડો. નહીંતર આ તમને આપેલું કલંક, તમારા ઉપરથી ઉતારીને, તમને નિષ્કલંક બનાવીને, હું મારા માર્ગે ચાલ્યો જઈશ. **કન્યાને બળાત્કારથી લેવી તે ભયંકર પાપ છે. નારી જાતિ ઉપર કોમળતા અને દયાની લાગણીવાળા પુરુષો જ ન્યાયસંપન્ન ગણાય છે.** માટે સંપૂર્ણ વિચાર કરીને જવાબ આપો. હું આપને સુખી બનાવવાની ઇચ્છા રાખું છું.

મિત્રાનંદનો વૃદ્ધઅક્કાએ કહેલ બ્રહ્મચર્ય ગુણ, તથા નિર્ભય રાજમંદિરમાં રાત્રિ પ્રવેશ, વળી રાજાની પાસે પ્રપંચરચના, અને પુનઃ મેળાપ સાથે પણ મૃદુતા, અને ઉદારતા સાહસિકપણું જોઈને, સાંભળીને, પ્રભાવિત થએલી રાજકુમારી રત્નમંજરીએ, પોતાના ભવિષ્ય માટે પણ ખૂબ શ્રદ્ધા મજબૂત થવાથી, મિત્રાનંદ સાથે જવા સમ્મતિ બતાવી, ત્યારે મિત્રાનંદે રાજકુમારીને રાજા પાસે કરેલી, અને હવે કરવાની, હકીકત ટુંકાણમાં સંભળાવી દીધી.

રાજકુમારીએ વિચાર કર્યો કે, આ મનુષ્ય મોટો પરાક્રમી, અને પ્રભાવશાળી છે. અને મારી–ઉપર અકૃત્રિમ સ્નેહવાળો જણાય છે. માટે દુખને વહોરીને પણ, મારે આવા પુરુષનો આશ્રય છોડવો જોઈએ. નહીં રાજ્ય લાભ સુલભ છે. પરંતુ આખી જિંદગી સુખદાયક–મનુષ્યનો સંયોગ દુર્લભ છે. આવો સુદૃઢ વિચાર કરીને, રત્નમંજરી બોલી : હે સુભગ ! મારા પ્રાણો પણ આજથી તારે આધીન છે. હું તારી સાથે આવીશ. હવે તારે જરાપણ શંકા રાખવી નહીં. તું સૂચના આપીશ, તે પ્રમાણે હું બધું જ સાચવી લઈશ.

"નૃપતિ–નારી–અંધ ને, વાણી, જળ, સમુદાય।
પરાધીન પશુઓ બધાં, જ્યાં દોરે ત્યાં જાય."

આડંબર કરવા માટે, મિત્રાનંદે મહાસતી રત્નમંજરીને, થોડી ગુપ્ત સૂચનાઓ આપીને, ત્યાંથી નીકળી રાજસભામાં આવ્યો. રાજાને જણાવ્યુંઃ રાજન્ ! આપનું અનુમાન સાચું છે. આપની પુત્રીને હવે ક્ષણવાર પણ, આપના આવાસમાં કે નગરમાં, રાખવા યોગ્ય નથી. થોડી વિધિ કરીને આ કન્યાને દેશનિકાલ કરવા માટે, એક ઘોડીની જરૂર છે. અને તે પણ વેગવતી હોવી જોઈએ, કારણકે આપના પ્રદેશમાં સૂર્ય ઊગવો ન જોઈએ.

નહીંતર એ મરકી મારા કબજામાં રહેશે નહીં અને પાછી આવતી રહેશે. રાજાએ ઘોડી અને બીજી પણ, સરસવ વગેરે સામગ્રી મંગાવી, મિત્રાનંદને આપી. રાજકુમારીને પણ રવાના કરવાની તૈયારી કરાવી. રાજાને પાસે રાખી, મંત્રજાપપૂર્વક સરસવ ક્ષેપ કરીને, મારીને વશ કરવાનો વિધિ થયો. મિત્રાનંદના સંકેત અનુસાર રત્નમંજરીએ ફેત્કારો કર્યા. અને અગ્નિની જ્વાળાઓનો દેખાવ થયો. રાજાને વિશ્વાસ બેસી ગયો કે કુમારી–મારી છે.

અને નૃપતિ–સ્વયં નગરના પરિસર સુધી મૂકવા પણ ગયો. અને વળાવી પાછો આવી ગયો. પછી તો રત્નમંજરીને ઘોડી ઉપર બેસારીને, મિત્રાનંદ આગળ દોડતો. રસ્તો બતાવતો, ચાલવા લાગ્યો. બેચાર માઇલ ગયા પછી, કુમારીએ મિત્રાનંદને, ઘોડી ઉપર

આવી જવા માટે સૂચના કરી, અને ઘોડીને ઊભી રાખી. હે સુભગ! તમે પાયદળ કેમ ચાલો છો? ઘોડી વેગથી દોડે છે. આપને પણ દોડવું પડે છે. હવે પાછળ કોઈનો ભય નથી. માટે ઘોડી ઉપર આવી જાવ? મિત્રાનંદ કહે છે; આ રાજ્યનો થોડો પ્રદેશ નીકળી જવા દો.

ઘોડી વાયુવેગિની હતી. બેચાર ક્ષણમાં દૂર નીકળ્યા પછી, રત્નમંજરી કહે છે કે, હે પુણ્યશાળી આત્મા: ઘોડી હોવા છતાં આપ શા માટે પાદવિહાર કરો છો?

મિત્રાનંદનો **ઉત્તર**: કારણ છે માટે થોડીવાર ચાલવા દો. **રત્નમંજરીનો પ્રશ્ન** શું કારણ છે? ઘોડીને ઊભી રાખી મિત્રાનંદ કહે છે: સાંભળો:

આ મારો પ્રયાસ મારા માટે નથી. હું તમને મારા મિત્ર માટે લઈ જાઉં છું. તેઓ ઘણા જ યોગ્ય છે. તેમને જોવાથી, મારા આ પરિશ્રમ માટે આપને માન ઉપજશે. અને તમારા પોતાનાં ભાગ્ય માટે પણ ખૂબ ખૂબ પ્રસન્નતા અનુભશો.

રાજકુમારી રત્નમંજરી મહાસતી હતી. રૂપરંભા હતી. સાથે બુદ્ધિનો પણ ખજાનો હતી. અત્યારસુધીમાં તેણીએ મિત્રાનંદની પ્રામાણિકતા અને જિતેન્દ્રિયતા માટે જે સાંભળ્યું, અને અનુભવ્યું હતું, તેના ઉપર અત્યારની મિત્રાનંદની વાત સાંભળીને તો શિખર ચડ્યું હતું. કુમારી વિચારે છે કે જ્ઞાનીમહાપુરુષોએ "**बहुरत्ना वसुन्धरा**" કહેલ છે તે તદ્દન સાચું છે.

"વિધવાનારી, બાલકુમારી, કુલાંગના કે વેશ્યા।
ઘણા પામરો રૂપ જોઈને, હલકી લાવે લેશ્યા." ૧

"રહનેમિ જેવા પણ સંતો, એકાન્તવાસને પામી।
મહાસતી રાજુલને દેખી, થયા ઉન્મારગ ગામી." ૨

"રાજકન્યાનું રૂપ સાંભળી, ઘણા પામરો ઝગડે,
રણભૂમિમાં લડી બાથડી, પ્રાણ ગયા વનવગડે." ૩

"અનેક નારીનાથ રાવણે, કલંક મોટું લીધું।
સીતા જેવી મહાસતીને, કષ્ટ ભયંકર દીધું." ૪

"ચંડપ્રદ્યોત માલવનો રાજા, અનેક નારી સ્વામી।
વેશ્યાની બાળાઓ દેખી, પ્રકટી શિઘ્ર ગુલામી." ૫

"માલવરાજા મુંજનરેશ્વર, રૂપવતી બહુ નારી।
પરનારીમાં ભાન ભૂલીને, ભટક્યો ભિક્ષાચારી." ૬

પડવાના અને પડેલાના દાખલાઓનો પાર નથી, જ્યારે આ મહાપુરુષ મિત્રાનંદ, વેશ્યામાં ફસાયો નહીં. ભલભલાઓની ધીરતાના ભુક્કા બોલાઈ જાય, તેવું વેશ્યાનું ઘર, તથા કામવિકારોને ઉશ્કેરી મૂકે તેવાં અનેક સાધનો, વળી પૈસાથી ખરીદાયેલી વેશ્યાના હાવભાવો અને પ્રાર્થનાઓ તથા તદ્દન એકાન્તવાસમાં પણ જેણે શીલરત્નને સાચવ્યું, અને પોતાનું કામ સાધ્યું તે નરરત્નને ધન્યવાદ આપીયે તેટલા ઓછા છે.

જો કે મેં પોતે અત્યાર સુધી કશી કલ્પના કે, ધારણા કરી જ નથી. ત્યારે મહાપુરુષ મિત્રાનંદ તો કોઈ બીજા જ મહાપુરુષ સાથે મારું જોડાણ કરવા ઇચ્છે છે. અનંતાકાળથી દુનિયા જેને માટે ફના થઈ રહી છે, ખાનાખરાબ થઈ છે, અને થાય છે, તેજ કામિની સ્વાધીન હોવા છતાં, મિત્રાનંદ નિર્લેપ રહ્યો છે. અને મને કહે છે કે, હું જેને માટે તમોને લઈ જાઉં છું, તેને તમો જોશો ત્યારે, તમારૂં નસીબ અને જીવતર, દેવી, નાગકુમારી કે વિદ્યાધરી જેવું અનુભવશો. વાહ વાહ! કેવી ઉદારતા અને મહાનુભાવતા! ઘોડી ઉપર એકાસને નહીં બેસવાનું સમાધાન કરીને, હવે મિત્રાનંદ પોતાનો ઇતિહાસ કહે છે. સરખી વયના અમરદત્ત અને મિત્રાનંદ, અમે રાજાના અને પ્રધાનના પુત્રો જેવા બે બાળમિત્રો છીએ, દેશો જોવાની ભાવનાથી, માતાપિતાની રજા વિના ઉજ્જયિની નગરીમાંથી, નીકળીને ફરતા ફરતા પાટલીપુત્ર (પટના) શહેર પહોંચ્યા. ત્યાંનાં આશ્ચર્યો જોતા જોતા તે નગરના રહેવાસી રત્નસાર શેઠના બંધાવેલા મહેલને જોવા ગયા.

તેમાં એક પૂતળી (બાવલું) નારીનો આકાર જોતાં, મારા મિત્રને ઘણો રસ પડ્યો. ઘણીવાર લાગી. અનિમેષ જોવામાં, પ્રહર વીતી ગયો. તે પાંચાલિકા છોડીને અમરદત્ત આગળ નજ વધ્યો. ત્યારે મેં રત્નસાર શેઠને પોતાનો મિત્ર સોંપી, મહેલ બનાવનાર સૂત્રધારની તપાસ કરી. તે કોંકણ દેશના સોપારક નગરમાં રહેતો હતો. હું પગે ચાલી સોપારક નગર ગયો.

તેને આ નારીની પ્રતિમાના સમાચાર પૂછ્યા. તેણે જ (સલાટે) મને ઉજ્જયિની નગરીના રાજા મહસેન ભૂપતિની પ્રદ્મિની પુત્રી રત્નમંજરીની આ પ્રતિમા છે, એમ કહ્યું. તેથી હું તેને ઇનામ આપી ઉજયિનીમાં આવ્યો. પૈસાની જરૂર હતી માટે ઇશ્વિરદત્ત શેઠના કુટુંબના મડદાનું રક્ષણ કર્યું. આવી બધી વાત રત્નમંજરીને કહી સંભળાવી.

આ જગ્યાએ મિત્રાનંદની બ્રહ્મચર્યની કસોટીની અનુમોદના જ પ્રસ્તુત છે.

## જ્ઞાનીમહાપુરુષો ફરમાવે છે કે :

"वत्थ-गन्ध-मलंकारं इत्थिओ सयणाणि य। अच्छंदा जे न भुंजंति, नसे चाइत्तिवुच्चई" ॥१॥
जेयकंते पिये भोए, लद्धेवि पिट्ठि कुव्वइ। साहीणे चयइभोए, सेहु चाइत्तिवुच्चई ॥२॥

**અર્થ** : સારાં વસ્ત્રો, સુગંધી પદાર્થો, સોના-ઝવેરાતના દાગીનાઓ, આસન, શયન,

સ્ત્રી–પરિવાર સુંદર ખાનપાન, બંગલા–બગીચા જેમને હોય જ નહીં અને તે તે વસ્તુ ભોગવતા ન હોય, તેનો સ્વાદ ચાખતા ન હોય, તેને જ્ઞાનીમહાપુરુષો ત્યાગી માનતા જ નથી.

વાંઢા અને રાંડેલી સ્ત્રીઓ બ્રહ્મચારી ગણાય નહીં પામરો લુખું જમે. ભીક્ષુકો નગ્ન રહે આ કાંઈ ત્યાગ નથી. પરંતુ સુન્દર મનપસંદ અને સ્વાધીન સામગ્રી મળે તો પણ તેને અડકે નહીં, ચાખે નહીં, તે જ સાચા ત્યાગી છે. કહ્યું છે કે :

"જે ધન-કંચન–કામિની અછતે અણુ ભોગવતા રે ।
ત્યાગી ન કહીએ તેહને, જે મનમાં સવીજોગવતા રે" ॥
"ભોગ સંયોગ–ભલાલહી, પરિહરે જેહ નિરીહરે ।
ત્યાગી તેહીજ ભાખીઓ, તસપદ નમું નિશ દિહરે" ॥

ભલે તે ગૃહસ્થ હોય પરંતુ પરનારી–વેશ્યાના ત્યાગી પુરુષોને, જ્ઞાનીઓએ બ્રહ્મચારી કહ્યા છે. મિત્રાનંદના આવા નિસ્પૃહ આચરણથી, રાજકુમારી રત્નમંજરી, ખૂબ પ્રભાવિત થઈ, અને મિત્રાનંદના વચન ઉપર વિશ્વાસ મજબૂત થયો.

વાયુના વેગવાળી ઘોડીના પ્રયાણથી; એક જ રાત્રિમાં, ઉજ્જયિનીથી, પાટલીપુત્રના પરિસરમાં, રાજકુમારી રત્નમંજરીને લઈને, મિત્રાનંદ આવી પહોંચ્યો. અહીં આજે ૬૧મો દિવસ હોવાથી, નગરની બહાર, નદીના કિનારે, રત્નસાર શેઠ વિગેરે ઘણા માણસો, વારવા છતાં પણ, અમરદત્ત ચિતામાં પ્રવેશ કરવા તૈયાર થઈ ગયો હતો.

નગરની બહાર નદીના કિનારે હજારો માણસોની ભીડ જામી હતી. અમરદત્ત ચિતાને ફરતી પ્રદક્ષિણા આપતો હતો. સજ્જન માનવીઓના ચક્ષુઓમાંથી અશ્રુધારા ચાલતી હતી. તેટલામાં મહાભયંકર દુષ્કાળમાં વરસાદના આગમનની માફક, બે હાથ ઊંચા કરીને, સબૂર સબૂર ખામોસ–ખામોસના અવાજો કરતો, મિત્રાનંદ દોડતો આવ્યો. અને મિત્રના પગોમાં પડ્યો.

અને સાથોસાથ સાક્ષાત લક્ષ્મીદેવી જ હોય એવી, રાજકુમારી રત્નમંજરી પણ. અશ્વારોહિણી આવીને, માણસોના ટોળાની એકબાજુ, ઘોડી ઉપરથી નીચે ઉત્તરી ઊભી રહી. આ વખતે એકજ ક્ષણ પહેલાનો, મહાભયંકર દેખાવ પલટાઈને, મહાનંદમય બની ગયેલો જોઈને, લોકોનાં ટોળાંના ઉદ્ગારો સરી પડ્યા.

"મિત્રો તેવા કીજિએ, જેવો મિત્રાનંદ ।
મરતો બચાવી મિત્રને, આપ્યો ખૂબ આનંદ" ॥
"કષ્ટ હજારો ભોગવી, રત્નમંજરી નાર ।
લાવી આપી મિત્રને, પોતે રહી અવિકાર ॥ ૨ ॥

"નારીરૂપ દીપકવિશે, પુરુષ પતંગ ગણાય ।
બળ્યા નહીં, દાઝયા નહીં, ધન્યમાય તસતાય" ॥ ૩ ॥

"કંચન નારી કારણે, મિત્રો શત્રુ થાય ।
ભાઈ–બાપ ને બેનનું, ક્ષણમાં ચિત્ત બદલાય" ॥ ૪ ॥

લોકો બોલવા લાગ્યા. આપણે બધા થોડા ક્ષણો પહેલાં, એવું માનતા હતા કે, આ અમરદત્ત ખરેખર મૂર્ખ છે. આવી પત્થરની પૂતળીમાં, પાગલ બનેલો, માણસ કેમ કહેવાય? ખરેખર એ તો પશુ જ ગણાય પરંતુ હવે સમજાય છે કે આ જગ્યાએ કોઈ દૈવી સંકેત હોવો જોઇએ!

ખરેખર અમરદત્ત ધન્ય છે, જેને આવો મિત્ર મળ્યો છે. આ કન્યા પણ ખરેખરી દેવી જ લાગે છે. જેનું આવું રૂપ છે, અને રૂપને અનુરૂપ, વર મળ્યો છે. મિત્રાનંદને તો તો ધન્યવાદ અપાય તેટલા થોડા છે. જેણે પોતાના મિત્ર માટે, આવી બુદ્ધિ, આવી શોધ, આવી યોજના, આવી કામ કરવાની શક્તિ, આવી નિસ્પૃહતા, આવી મિત્ર–વાત્સલ્યતા, અને ટાઈમસર હાજર પણ થઇ જવાયું.

આવા બધા માણસોના આનંદ અને આશ્ચર્યમય વર્ણનો ચાલતાં હતાં, તેટલામાં–તેજ નગરનો અપુત્રીઓ અને અવારસ, (બિનવારસ) રાજા મરણ પામવાથી, એક તરફ રાજાનું મડદું લઈ ગયા, અને બીજી બાજુ નવો રાજા નક્કી કરવા, પ્રધાનમંડળે પંચદિવ્ય તૈયાર કરી, પુણ્યવાન નરરત્નની શોધ કરવા નીકળ્યા.

**પ્રશ્ન** : પંચદિવ્ય એટલે શું? પાંચ દિવ્યો કોને કહેવાય?

**ઉત્તર** : ભાઈ! આ વાતો ચોથા આરાની સત્યયુગની છે. તે કાળે જગતમાં ન્યાય ખૂબ જ જાગતો હતો, માટે દેવો પણ મનુષ્યોની ચિન્તા રાખતા હતા. રાજ્યોની પણ દેવો ખબર લેતા હતા. તેથી જ નવો રાજા બનાવવા, આવાં દિવ્યો બનાવવાથી, વગર મહેનતે દૈવી શક્તિ, અને ઓળખાણથી, લાયક પુરુષની પ્રાપ્તિ થઈ જતી હતી.

**પ્રશ્ન** : આ કાળમાં દેવો કેમ નથી દેખાતા?

**ઉત્તર** : તે કાળમાં સજ્જન ઘણા હતા, દુર્જન થોડા હતા. ચોર, લંપટ, લુચ્ચા, કપટી, માયાવી, અતિઅલ્પ હતા. આ કાળમાં સજ્જનો ગોત્યા મળતા નથી. તો પછી દેવો આવે કોની પાસે?

આ પાંચ દિવ્યો ગામની બહાર, જ્યાં અમરદત્ત ઊભેલા હતા, ત્યાં આવ્યાં. કુમાર અમરદત્ત ઉપર છત્ર ધરાયું. ચામરો વિઝાવા લાગ્યા. હાથી–ઘોડાએ હર્ષની બૃહણા અને હેસારવ કર્યા. કુમારીએ પોતાની પાસેના જળકુંભથી, અમરદત્તના મસ્તક ઉપર

અભિષેક કર્યો. આકાશવાણી થઈ. અહોભાગ્યં, અહોભાગ્યં, હું નગરની અને રાજ્યની અધિષ્ઠાત્રી દેવી છું અને આજથી અમરદત્તને રાજ્ય આપું છું.

નગરમાંથી હજારો માણસો આવ્યાં હતાં. લોકોના હર્ષનો સમુદ્ર છલકાવા લાગ્યો હતો. બધા જ ભાગ્યના વખાણ કરતા હતા. અમરદત્તનો રાજ્યાભિષેક થયો. અને મોટા આડંબર સાથે રત્નમંજરી સાથે લગ્ન થયું. મિત્રાનંદને મહાઅમાત્યની પદવી આપી. અને રત્નમંજરીને પટ્ટરાણી પદ આપ્યું. આખા નગરમાં ભાગ્યનાં વખાણો થવા લાગ્યાં.

**यथाधेनुसहस्रेषु, वत्सो विन्दति मातरं । एवं पुराकृतं कर्म, कर्तारमनुधावति ॥ १ ॥**

**અર્થ** : જેમ હજારો ગાયોના ટોળામાં, નાનું બચ્ચું વાછરડો પોતાની માતા ગાયને ઓળખી લે છે, એમ ગયા જન્મમાં, કે હજારો જન્મ પહેલાં, કરેલાં–બાંધેલાં સારાં ખોટાં કર્મ પણ, તેજ આત્માની પાછળ જાય છે.

**પ્રશ્ન** : પુણ્યપાપ નજરે દેખાતું નથી. તો પછી માનવું કેવી રીતે ?

**ઉત્તર** : **उद्‌भवन्ती विनायत्नं, अभवन्ती प्रयत्नतः । लक्ष्मीरेव समाख्याति, विशेषं पुण्यपापयोः ॥ १ ॥**

**અર્થ** : બિલકુલ મહેનત કર્યા વગર લક્ષ્મી ઘરમાં ઉભરાય છે. અને ઘણો પ્રયાસ કરવા છતાં, અલ્પ પણ લક્ષ્મી આવતી નથી; રીસાએલી જ રહે છે. આ લક્ષ્મી પોતે જ–પુણ્ય–પાપનો ભેદ બરાબર સમજાવે છે. વળી જુઓ:

"ઠામઠામ દુખિઆ ઘણા, સુખિયા સ્વલ્પ જણાય ।
પુણ્ય–પાપને સમજવા, સાચો ભેદ ગણાય." ॥ ૧ ॥

"વસ્ત્ર હોય નહીં પહેરવા, રહેવા સ્થાન પણ નો'ય ।
સર્વ કાળ દુખ ભોગવી, મરે બિચારા રોય" ॥ ૨ ॥

"ઘણા ટળવળે ભૂખમાં, રોગે કઈ રીબાય ।
ઓળખ એ મહાપાપની, ચક્ષુથી દેખાય" ॥ ૩ ॥

"વસ્ત્રાભૂષણ–વાહનો, રહેવા ઉત્તમ ધામ ।
સ્થિર વાસ લક્ષ્મી તણો, પુણ્યોદય વિશ્રામ" ॥ ૪ ॥

"રૂપવતી બુદ્ધિમતી, લજ્જા શીલ ધરનાર ।
વિનયવતી નારી મળી, પુણ્યતણો નહીં પાર" ॥ ૫ ॥

"વિનયધરા બહુ દીકરા, અને સુતા નહી એક।
દાન–શીલ–તપ હોય તો, જાણો પુણ્ય વિવેક" ॥ ૬ ॥

"આપે દાન શુભ પાત્રમાં, અભયદાન બહુ થાય।
અનુકંપા ભૂલે નહીં, પુણ્યોદય કહેવાય" ॥ ૭ ॥

"માત – પિતાદિવડીલના, વિવેક સર્વ સચવાય।
ઘર આવ્યો આશા કરી, કદી ન ખાલી જાય." ॥ ૮ ॥

"ઉચિત–કીર્તિદાનથી, જૈનધર્મ વખાણાય।
શક્તિને નવગોપવે, પુણ્યોદય કહેવાય" ॥ ૯ ॥

"પરનર પરનારીતણો, ત્રિકરણ ત્યાગ સદાય।
શ્રાવકવ્રત સેવે બધાં, પુણ્યોદય કહેવાય" ॥ ૧૦ ॥

**આવા આવા સાધનો, પુણ્ય–પાપના ઉદયને સમજવા, આપણી સામે હજારો દેખાય છે.** અહીં આપણી કથાના નાયક અમરદત્ત, રાજાધિરાજના ઘેર જન્મ્યા હતા. માત–પિતા, તાપસ થવાથી, અને માતા અકાળે રોગથી મરણ પામતાં, ઉજ્જયિની નગરીના, દેવધર સાર્થવાહના ઘરે વણિકપુત્ર તરીકે ઉછરવા છતાં, વગર પ્રયાસે, પાટલીપુત્રનું રાજ્ય પામ્યા. અને સતી, સુલક્ષણી, રૂપવતી, પતિભક્તા, રાજકુમારી પત્ની પણ મળી. અહીં પણ ગયા જન્મના પુણ્યની જ સહાય સમજવી.

કૃતજ્ઞશિરોમણિ અમરદત્ત રાજાએ, પોતાના મિત્ર–મિત્રાનંદને, મહામાત્યની પદવી આપી. અને રત્નસાર શેઠને, નગરશેઠની પદવી આપી. આખી જિંદગી પિતાના સ્થાને સાચવ્યા.

"વ્યાજથકી બમણા બને, વાવે શતગુણ થાય, ।
પણ વાવે શુભ પાત્રમાં, અસંખ્ય ગુણ થઈ જાય." ॥ ૧ ॥

અમરદત્ત અને મિત્રાનંદની સેવા કરવાથી, શેઠ મોટા ભાગ્યશાળી થયા.

આ બધું અનુકૂળ થવા છતાં, મિત્રાનંદને **મોઈ મડદાનો** પ્રસંગ ભુલાતો નથી. એક દિવસ મિત્રાનંદે, પોતાના ચિત્તનું દુઃખ રાજાને પણ કહી સંભળાવ્યું. અમરદત્ત રાજવીએ– અનેક દીલાસા આપ્યા. પરંતુ મિત્રાનંદને શાન્તિ વળી નહીં.

મિત્રાનંદને વડના મડદાનો ભય ભૂલવા માટે, રાજા અમરદત્તે, રાજ્યનાં બધાં કાર્યો મિત્રાનંદ ઉપર નાંખ્યાં. પરંતુ મિત્રાનંદને મરણની વાતે; ચિત્ત ત્યાંને ત્યાં રાખ્યું.

"**मरणसमं नत्थिभयं**" મરણના ભય જેવો જગતમાં બીજો ભય નથી. પરન્તુ આ વાત આખા જગત માટે એકસરખી હોવા છતાં પ્રમાદી જીવોને, મરણ નજરે દેખાતું નથી.

"મરતા લાખો માનવી, કાનેથી સંભળાય ।
આંખે મડદાં દેખિયે, પણ ભય ચિત્ત ન થાય ॥ ૧ ॥

"ક્ષણ ક્ષણ મરતા સેંકડો, લાખો મરે દિનરાત ।
માસ મધ્યે ક્રોડો મરે, મરણ જગતવિખ્યાત." ॥ ૨ ॥

"સઘળા આ સંસારમાં, એકજ જીવ વિચાર ।
મરણ અનંતા ભોગવ્યાં, ચારગતિ મોઝાર" ॥ ૩ ॥

"તોપણ નિષ્ઠુર જીવને, મરવાનો ભય નો'ય ।
જો મરણભય થાય તો, પાપ કરે નહીં કોય" ॥ ૪ ॥

એક દિવસ મિત્રાનંદે, અમરદત્ત રાજવીને એકાન્તમાં કહ્યું : રાજન્ ? તે શબના મુખથી નીકળેલા શબ્દો, ક્ષણવાર પણ મારા ચિત્તને છોડીને, બહાર જતા નથી. માટે મને હવે કયાંઈ દૂર જવાની રજા આપો. કારણ કે બહુ નજીકમાં રહેવાથી, હવે મારા ચિત્તની શાંતિ સ્થિર રહેતી નથી. રાજા અમરદત્તે મિત્રાનંદને, આનંદ આપવાના બધા પ્રયત્નો કરી જોયા, પરંતુ નકામા ગયા.

છેવટે મિત્રાનંદને, બહુ દૂર પ્રદેશ જવાની, બધી સગવડો કરી આપી. ઘણા આપ્ત મનુષ્યો સાથે મોકલ્યા. ખૂબ દ્રવ્ય, સારાં વાહનો, બળવાન સૈનિકો, પણ સાથે આપ્યા. અને બધાને ભલામણ કરી કે, મારા મિત્રને, કશી મુશ્કેલી ન આવે, તેવું ધ્યાન રાખશો. અહીંથી વસંતપુર નગર જવું. ત્યાં પહોંચ્યા પછી કોઈ કોઈ માણસો દ્વારા, મને વારંવાર સુખ સમાચાર પહોંચાડવા. દ્રવ્યની જરૂર પડે તેટલું મંગાવવું. બધી ભલામણો કરી મિત્રાનંદને પ્રદેશ સ્થાન કરાવ્યું.

અહીં રાજા અમરદત્ત, ગયા જન્મના **પુણ્યાનુબંધી પુણ્યોનું ફળ ભોગવે છે.** દેવો જેવા દિવસો જાય છે.

**પ્રશ્ન** : પુણ્યાનુબંધી પુણ્ય કોને કહેવાય ?

**ઉત્તર** : આ **જૈન** શાસન એટલે તત્ત્વોથી ભરેલું શાસન છે. જ્ઞાની પુરુષોએ જ્ઞાનથી જોયેલું જ પ્રકાશ્યું હોવાથી, ફરમાવે છે **જીવો ચાર પ્રકારના છે.** ૧. પુણ્યાનુબંધિ પુણ્ય ભોગવનારા. ૨. પાપાનુબંધિ પુણ્ય ભોગવનારા. ૩. પુણ્યાનુબંધિ પાપ ભોગવનારા. ૪. પાપાનુબંધિ પાપ ભોગવનારા. આ રીતે સર્વ જગતના જીવો ચાર વિભાગે વહેંચાએલા જાણવા.

**પ્રશ્ન** : પહેલો પ્રકાર બરાબર સમજાવો.

. **ઉત્તર** : જેમ કોઈ માણસ ધનવાન કુળમાં જન્મ્યો હોય, તેને લોકો ગર્ભશ્રીમંત કહે છે. તેનો ભોગવિલાસ ખૂબ હોય. વેપાર પણ આવકવાળો જ હોય, ખર્ચ કરતાં અનેકગુણી આવક હોવાથી, તેવાઓની, બાલકવય-યુવાની અને વૃદ્ધાવસ્થા બધી વયો નિર્ભય સુખવાળી ગણાય છે.

જેમ **ધન્ના શેઠ, શાલિભદ્ર શેઠ, શ્રીપાલ મહારાજા, અભયકુમાર, શંખરાજા, કલાવતી, વસ્તુપાળ, તેજપાળ.** આવા બધા મહાનુભાવો ગયા જન્મોમાં અભયદાન, સુપાત્રદાન, અનુકંપાદાન, નિર્મળ શીલવ્રત, નિરાશંસ તપસ્યા, મહાગુણી પુરુષોની વૈયાવચ્ચ, નિરતિચાર ચારિત્ર કે શ્રાવકવ્રત પાળીને, જન્મેલા હોય છે. તેથી રૂપ લાવણ્યયુક્ત નીરોગ શરીર, અઢળક લક્ષ્મી, રૂપવતી, શીલવતી, વિનયવતી, ગુણવતી પત્ની, વિનયાદિ ગુણવાળા પુત્રો, મિત્રો, સેવકો પ્રાપ્ત થાય છે.

બધા વ્યવહારોમાં, પ્રાણીમાત્રની દયાને પ્રાધાન્ય અપાય છે. ગયા જન્મમાં કરેલાં પુણ્યો એવાં જોરદાર હોય છે કે, રાજ્ય હોવા છતાં, યુદ્ધો કર્યા વગર શત્રુઓ વશ થઈ જાય છે. જગતની ઉપર વગર પ્રયાસે પ્રતાપનો પ્રભાવ પડી જાય છે. કુટુંબ અને પરિવાર પણ, વિનયવાળો હોવાથી પાપોને સ્થાન મળતું જ નથી. વગર માગ્યું અથવા વગર પ્રયાસે આવી જતું હોવાથી, પાપોને આવવું પડતું જ નથી, પાપો કરવાની વિચારણા થતી નથી. પ્રાયઃ બધાં આચરણો પાપ વગરનાં હોય છે.

**પ્રશ્ન** : જ્યાં રાજ્ય હોય, કે જ્યાં લક્ષ્મી હોય, ત્યાં આરંભો અને યુદ્ધો હોય. એટલે પાપો થાય, અને લક્ષ્મી અને રાજ્ય ભોગવી જીવ નરકાદિમાં જાય. આવું જે શાસ્ત્રોમાં કે ઈતિહાસોમાં કે નીતિકારોએ કહ્યું છે તે શું સાચું નહીં ?

**ઉત્તર** : આપણી વાત પુણ્યાનુબંધિ પુણ્યવાળા જીવોની ચાલે છે. સંસારનો પ્રવાહ તમે કહો છો તેવો જ છે. મોટા ભાગના મનુષ્યો, રાજ્ય અને લક્ષ્મીને પામીને, નરકાદિ કુગતિઓમાં જનારા હોય છે. આ વાત અમે બીજા ભંગમાં, બતાવવાના છીએ. અહીં તો પુણ્ય લઈને આવેલા, અને પુણ્યો બાંધીને જ મરનારા, મહાપુરુષોની જ વાત છે. જુઓ અને વાંચો :—

"ભરતને પાટે ભૂપતિ રે સિદ્ધિ વર્યા એણે ઠાય સલુણા ।
અસંખ્યાત તિહાં લગેરે, અજિતજિનેશ્વરરાય સલુણા." ।।૧।।

ઇતિ મહાકવિ વીરવિજયજી મહારાજ, શાસ્ત્રો પણ ફરમાવે છે કે :—

भरतादनुसन्तानेत सर्वेपि भरतवंशजाः। अजितस्वामिनं याव-दनुत्तरशिवालयाः ॥ १ ॥
सर्वेपि संघपतयः, सर्वेऽर्हत्‌ चैत्यकारकाः। तीर्थोद्धारकराःसर्वे, सर्वेऽखंडप्रतापिनः ॥

**અર્થ** : ઋષભદેવસ્વામીનાપ્રથમ પુત્ર અને બાર પૈકીના પહેલા ચક્રવર્તી, ભરતમહારાજાની વંશ પરંપરામાં જ અસંખ્યાતા, રાજાધિરાજો થયા છે. તેમના જ વંશજ જિતશત્રુરાજા. અને સુમિત્રરાજા એ સગા ભાઈ, રાજા અને યુવરાજ થયા છે. જિતશત્રુ રાજા દીક્ષા લઈ મોક્ષ પધાર્યા અને અજિતનાથ જિનેશ્વર રાજા થયા. દીક્ષાનો અવસર આવતાં, પોતાના કાકાના દીકરા સગરને, રાજ્ય આપી, પ્રભુજીએ દીક્ષા લીધી, સગર ચક્રી થયા. છ ખંડના માલિક થયા પરંતુ છેવટે પ્રભુના શાસનમાં દીક્ષા લઈ મોક્ષ પધાર્યા.

આ પ્રમાણે અજિતનાથસ્વામી સુધીના ભરતચક્રવર્તીના વંશજો બધા જ અખંડ પ્રતાપી રાજા થયા. બધા જ જીવદયામય વીતરાગનો ધર્મ પાળનારા હતા. માટે બધા જ રાજાઓએ, શ્રી શત્રુંજયગિરિરાજના સંઘો કાઢ્યા હતા. બધાઓએ ગિરિરાજ ઉપરના ચૈત્યો અને પ્રતિમાઓના પુનરોધ્ધાર કરાવ્યા હતા. બધાઓએ અનેક સ્થાનો ઉપર જૈન ચૈત્યો અને પ્રતિમાઓ ભરાવી હતી.

આ વાતો ઉપરાંત પણ ભરત ચક્રવર્તી પોતે અને તેમના પછીના આઠ રાજવીઓ : [1]આદિત્યયશા (સૂર્યયશા) [2]મહાયશા, [3]અતિબલ, [4]બલભદ્ર, [5]બલવીર્ય, [6]કીર્તિવીર્ય. [7]જલવીર્ય, [8]દંડવીર્ય, આ બધા, મહાપુરુષો આખીજિંદગી રાજ્યકાર્યવ્યગ્ર રહ્યા હોવા છતાં, આરીશાભુવનમાં કેવલજ્ઞાન પામ્યા હતા. મહાપુરુષો સ્થિતિ પાકે ત્યાં સુધી ત્યાગી ન થાય તો પણ, અભ્યંતર જુદું જ હોય છે. આત્મા જાગતો હોય છે.

**પ્રશ્ન** : સંસારમાં વસવા છતાં, નિર્લેપ રહેનારા મહાપુરુષોની દશા કેવી હોય?

**ઉત્તર** :

"પંકજ નામ ધરાય પંકશું, રહત કમલજીમ ન્યારા ।
ચિદાનંદ ઇસ્યા જિન ઉત્તમ, સો સાહીબકા પ્યારા." ॥૧॥

સંસાર અનતો છે. ચોરાસી લાખ યોનીમાં, મારો આત્મા એક-એકમાં અનંતીવાર જઈ આવ્યો છે. મારા જીવે **દુઃખો, યાતનાઓ, પીડાઓ, વ્યાધિઓ, વિઘ્નો, મુંઝવણો, માર ખાવામાં** ઓછાશ રહી નથી. હું એકેક નરકાવાસમાં પણ, અનંતીવાર જઈ આવ્યો છું. આ બધાનું કારણ વિષયો અને કષાયો છે.

વિષય અને કષાયોની પ્રેરણાથી જ, આત્મા હિંસાદિ-મહાપાપો કરે છે. પછી તે પાપોના ઉદયથી નરક અને પશુગતિઓમાં અભાગી જીવડાઓને જવું પડે છે.

**પ્રશ્ન** : પાપો બંધ કરવાનો સહેલો ઉપાય શું?

**ઉત્તર** : સાચી જૈન શાસનની ઓળખાણ થવી જોઈએ. જેમ વેપારી પોતાના ધંધામાં ખૂબ ઊંડો ઊતરે છે. ધંધો ખીલવવાના શક્ય બધા જ ઉદ્યમો કરે છે. તેમ જૈન શાસન સમજવું જોઇએ. તેણે સમજવાના સાધનોને

પાસે વસાવવા જોઇએ. નિસ્પૃહી. નિર્લોભી ( સુધાજીવી ), વિદ્વાન, તત્ત્વવેત્તા, ગુરુઓને ઓળખવા જોઇએ.

ગુરુઓનાં વ્યાખ્યાનોમાં, સેંકડો ગ્રન્થો સાંભળવા મળે, પછી પોતાની મેળે, ગ્રન્થો વાંચવાથી, અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, સાધ્વીનાં વર્ણનો વાંચવા મળે છે. તેમાંથી કુગુરુ–સુગુરુની પણ સમજણ તરી આવે છે. સુગુરુઓ દ્વારા જ આત્માને સાચો ધર્મ મળી શકે છે. સાચો ધર્મ સમજાય તો જ, આત્માના અભ્યુદયની શરૂઆત થાય છે.

**પ્રશ્ન** : ગુરુ ગમે તેવા હોય, અથવા ગુરુ ગમે તેમ વર્તે, આપણે જોવાની શી જરૂર ? ગુરુના છિદ્રો શોધવાથી આપણને શું ફાયદો ?

**ઉત્તર** : સુગુરુ–ઉત્તમ ગુરુના આચરણો ખરાબ હોય જ નહીં, પછી તેમના છિદ્રો પણ આપણને જોવા મળે જ કેમ ? સુગુરુઓ સુવર્ણની જેવા બાહ્ય અભ્યંતર નિર્મળ જ હોય છે. તેમના બાહ્ય આચારો સારા હોવાથી લોકોનું આકર્ષણ વધે છે. હિરસૂરીશ્વરજી મહારાજ અને તેમના શિષ્ય પ્રશિષ્યો, શાન્તિચંદ્ર ઉપાધ્યાય, ભાનુચંદ્ર ઉપાધ્યાય વગેરે ખૂબ વિદ્વાનો હતા. સાથે બાહ્ય અભ્યંતર આચરણ પણ એટલું નિર્મળ હતું, કે જેનો શહેનશાહ અક્બર ઉપર મહાન પ્રભાવ પડયો હતો.

**પ્રશ્ન** : કેટલાક લોકોમાં એવી વાતો સંભળાય છે કે, હિરસૂરીશ્વરજી મહારાજ અને તેમના શિષ્યોએ, શહેનશાહઅક્બરને ચમત્કારો બતાવીને વશ કર્યો હતો. આ વાત સાચીને ?

**ઉત્તર** : આ વાત બિલકુલ સાચી નથી. અમને વાંચવા પ્રાપ્ત થએલા, હીરસૂરિ મહારાજના જીવન પ્રસંગો જણાવનારા, હીરસૌભાગ્ય, વિજયપ્રશસ્તિકાવ્ય, ઋષભદાસનો બનાવેલો હીરસૂરિ રાસ, વિજયલક્ષ્મી સૂરિના કરેલાં કેટલાંક છૂટા વિધાનો, સૂરીશ્વર અને સમ્રાટ, ઇતિહાસ વગેરે ગ્રન્થોમાં, હીરસૂરિ મહારાજાએ અક્બર બાદશાહને, ચમત્કાર બતાવ્યાની વાતો, જાણવા મળી નથી. કોઈ પુસ્તકમાં લખાઈ કે સંગ્રહાઇ નથી.

**પ્રશ્ન** : તો પછી લોકમુખે દંતકથાઓ કેમ ચડી ગઈ હશે ?

**ઉત્તર** : વચમાં અઢારમી અને ઓગણીસમી સદીઓ બેસૈકાઓમાં, ગોરજી લોકોનું, જૈનસમાજ ઉપર વર્ચસ્વ થઈ ગયું હતું. ગોરજી વર્ગ પ્રાયઃ કામણ ટુંમણ–ઝાડા–દોરા–ધાગા ઉપર જ પોતાના પ્રભાવો જમાવનારા હતા.

**પ્રતિક્રમણાદિનિત્ય અને આવશ્યકક્રિયાઓ ઉપવાસાદિતપસ્યાઓ અને અષ્ટપ્રવચનમાતાઓ ખોઈબેસેલાઓને, ચમત્કારના માર્ગો લેવા પડ્યા હોય છે.**

**એટલે પુણ્યાનુબંધિપુણ્યના ઉદયવાળાને જ, શ્રીજૈનશાસન ગમે છે. શ્રીજૈનશાસન ગમે તો જ શ્રીજૈન શાસનમાન્ય દાન–શીલ–તપસ્યા–ભાવના–અહિંસા–સત્ય–પ્રમાણિકતા–બ્રહ્મચર્ય મમતા ત્યાગ અને ઉદારતા પ્રકટ થાય છે.**

તથા આવશ્યક ક્રિયાઓ, જીવદયા પાલન વગેરે, સામથી પણ ચોક્કસ ગમે છે. આ બધું ગમે તો **સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, શ્રાવક અને સાધુના વ્રતો** પણ જરૂર ગમે છે અને આવા આચરણોની ઉત્તરોત્તર શુદ્ધતા વધવાથી, પ્રારંભમાં પુણ્યાનુબંધિપુણ્ય; અને ઉત્તરોત્તર સંવર અને નિર્જરાનો પક્ષ સમયાથી, આત્મા સંસારથી છૂટો થઇ જાય.

**પ્રશ્ન** : જૈનશાસન સમજવા છતાં, પાપના કાર્યો થઇ જાય તો, તેવા માણસોને સાચા જૈન કેમ કહેવાય ?

**ઉત્તર** : જૈનશાસન સમજનાર આત્મા, જો નિકાચિત ભોગાવળી કર્મના ઉદયવાળો હોય, અથવા ગયા જન્મના નિયાણાને પરવશ હોય તો, વખતે સમજેલા આત્માઓ પણ અનાચારમાં ફસાઇ ગયેલા દેખાય છે. પરંતુ તેમનો આત્મા અંદરથી બળતો હોય છે.

**પ્રશ્ન** : સમજવા છતાં આચરણમાં નહીં મૂકનારા સારા ? કે વગર સમજેલા આચરણશાળી આત્મા સારા ?

**ઉત્તર** : સમજેલાપણ નિધ્વંસપરિણામવાળાનેતો, શ્રીવીતરાગ શાસનમાં સારા કહ્યા જ નથી. તેવાઓને તો ચંદનનો ભાર ઉપાડનાર ગધેડાની જ ઉપમા અપાઈ છે. શ્રીજૈનશાસનમાં સમજેલા તેજ કહેવાય છે, કે જેમને સમજાયા પછી શકિત ગોપવવાની હોય જ નહીં. અધિકાર, ધન, બુદ્ધિ અને શરીર શ્રીવીતરાગ શાસનને અર્પણ થયા વિના રહે નહીં.

અહીં જૈનશાસન સમજેલા **કૃષ્ણ વાસુદેવ** હતા. પરંતુ વાસુદેવો નિયાણું કરીને જ જન્મે છે. માટે આચરણ આવતું નથી. શ્રેણિક રાજા સમજેલા છતાં, ભોગાવલિ–કર્મના ભોગવટામાં પરવશ બનેલા હોવાથી, આચરણ લાવી શકયા નહીં.

**પ્રશ્ન** : મોટી શક્તિના ધણી, તીર્થંકર થવાના અભ્યુદયવાળા આત્માઓ પણ. ભોગાવળી કર્મોના વશ બને ખરા ?

**ઉત્તર** : બને ખરા એમ જ નહીં. જરૂર બને છે. જુઓ શ્રી ઋષભદેવ સ્વામી વગેરે, જિનેશ્વરપરમાત્માઓ, મતિજ્ઞાન–શ્રુતજ્ઞાન–અવધિજ્ઞાન સહિત જ માતાના ઉદરમાં આવે છે. ત્રણ જ્ઞાન સહિત જન્મે છે. વખતે ગયા જન્મમાં, ચૌદ પૂર્વો પણ પામેલા હોય, વીતરાગ જેવી દશા ભોગવીને, અનુત્તર વિમાનમાંથી આવ્યા હોય, તોપણ ત્યાસી લાખ પૂર્વ સંસારમાં વસ્યા, લગ્નથયાં, રાજ્ય વળગ્યું, અને પરિવારો પણ થયા. શાન્તિનાથ સ્વામી, કુન્થુનાથ સ્વામી, અરનાથ સ્વામી, ત્રણ જિનેશ્વર દેવોને, ચક્રવર્તીની લક્ષ્મી પણ ભોગવવી પડી.

**પ્રશ્ન** : તો પછી રાજેશ્વરી તે નરકેશ્વરી આવી કહેવત સાચી કે નહી ?

**ઉત્તર** : રાજ્ય, લક્ષ્મી અને અધિકાર આ ત્રણે વસ્તુ પુણ્યથી મળે છે. પરંતુ આ ત્રણે વસ્તુનો સદુપયોગ થાય તો, સંપ્રતિ રાજા, કુમારપાલ રાજા, વસ્તુપાળ તેજપાળ જેવાઓ દ્વારા અભયદાન, સુપાત્રદાન, અનુકંપાદાન, વિગેરે સુકાર્યો થવાથી, પુણ્યથી પુણ્ય વધે છે. હજારોનું ભલું થવાથી, પુણ્યનો સદુપયોગ થયો ગણાય છે. આવા મહાપુરુષો રાજ્ય પામીને, લક્ષ્મી પામીને, અધિકાર પામીને, સ્વર્ગ અને મોક્ષમાં ગયા છે. જાય છે.

પરંતુ આનાથી ઉલ્ટા લડાઈઓ લડીને, અનેક સ્ત્રીઓ, ભેગી કરીને, માંસાહાર મદિરાપાન, શીકારો ખેલીને, ચોરીઓ કરીને રાંડો-રખાતો, વેશ્યાઓ ભોગવીને, લોકોને ત્રાસ આપીને, ગામો સળગાવીને, લુંટો ચલાવીને, લોકોને ઘરબાર, માલમિલ્કત પરિવાર ભ્રષ્ટ બનાવીને, સુખ ભોગવનારા નરકાદિગતિઓમાં જાય છે, ગયા છે, તે બરાબર છે.

**પ્રશ્ન** : કેટલાક દ્રઢપ્રહારી અને અર્જુનમાલી જેવા અધમઆત્માઓ પણ મોક્ષમાં ગયા છે. તે સાચું કે નહીં ?

**ઉત્તર** : આવા અધમ જીવો પણ, એક બેજ નહીં પરંતુ, હજારો લાખો અથવા અનંતાકાળે અનંતા, સ્વર્ગ અને મોક્ષમાં પણ ગયા છે. પરંતુ તેઓ પોતાના અધમકૃત્યોના ફળરૂપે સ્વર્ગ કે મોક્ષ પામ્યા છે, એમ સમજવું નહીં. પરંતુ અજ્ઞાની હતા ત્યાંસુધી પાપો થયા. અને જ્યારે સમજ્યા ત્યારે, તેજ ક્ષણે પાપો માટે ખૂબ તિરસ્કાર થયો. અને પાપો છોડયાં, મન, વચન, કાયા, ત્રણે સ્થાનેથી પાપોને દેશવટો આપ્યો.

તત્કાળ સર્વવિરતિ ચારિત્ર લીધું. ખૂબ ઉપસર્ગ-પરિષહોને આનંદપૂર્વક સહી-લીધા, ઘોર તપશ્ચર્યા કરી. શીત, તાપ, ક્ષુધા, તૃષાને સહન કર્યાં. શત્રુ, મિત્ર, રોગ-આરોગ્યમાં સમભાવ રહ્યા. શ્મશાનો કે પર્વતોની ગુફાઓમાં, ચોવીસે કલાક ઊભાઊભા ધ્યાન કર્યું. ચંદનનો લેપ અને તરવારના પ્રહારોમાં સમભાવ રહ્યા. તેવા મહાપુરુષો સ્વર્ગ અથવા મોક્ષમાં ગયા હોય તો, તદ્દન વ્યાજબી છે. કર્મનું દેવું કરેલું, ભરપાઈ થયું, માટે તેમને સંસારના કેદખાનામાંથી છુટકારો થયો છે.

**પ્રશ્ન** : ચારિત્ર સરખું પાળે છતાં એક મોક્ષમાં જાય બીજો સ્વર્ગમાં જાય છે, તેનું શું કારણ ? જેમકે ઉત્કૃષ્ટ ચારિત્ર પાળનારા ધન્નાકાકંદી ધન્ના-શાલિભદ્ર જેવા મહાપુરૂષોને મોક્ષ મળ્યું નહીં. અને શાલ મહાશાલ જેવા વગર મહેનતે મોક્ષમાં ગયા. તેનું શું કારણ ?

**ઉત્તર** : કોઈ મહાપુરૂષનો ભવસ્થિતિ પરિપાક સંપૂર્ણ થઈ ગયો હોય અને ભાવનારૂઢ થઈ જાય તો, મરુદેવી માતાજેવાએ હાથી ઉપર બેઠા બેઠાં, કેવલજ્ઞાન અને મોક્ષ મેળવ્યું છે. મોક્ષની પ્રાપ્તિમાં ભવસ્થિતિપરિપાક ન થયો હોય તેવા આત્માઓ, તપ અને ક્રિયામાં ઘણા ઉત્કૃષ્ટ હોય તો પણ, પાછળ રહી જાય છે. જેમ ઓગણીશમા જિનેશ્વર

મલ્લિનાથ સ્વામીએ દીક્ષા લીધી તે જ દિવસે, તપ નહીં, ઉપસર્ગ પરિષહ પણ નહીં તોપણ કેવલજ્ઞાન થયું છે. જ્યારે ઋષભદેવસ્વામીએ, દીક્ષા લઈ ચારસો ઉપવાસ કર્યા. એકહજાર વર્ષ ઘોર તપ કર્યો પછી કેવલજ્ઞાન થયું છે. આ બધામાં ભવસ્થિતિની આગેવાની જાણવી.

કોઈ આત્માઓમાં ક્રિયાઓ અને તપશ્ચર્યાનું ઘણું બળ હોવા છતાં. ભવસ્થિતિનો પરિપાક ન થયો હોય તો. અધ્યવસાયો પણ તેવા આવતા નથી. માટે જ ધન્ના શાલિભદ્ર વિગેરે મહાપુરૂષોના રત્નત્રયથી નિરતિચાર હોવા છતાં, કેવલજ્ઞાન અને મોક્ષ પામ્યા નહીં. અને શાળમહાશાળ વિગેરે મહાપુરૂષોનો ભવસ્થિતિ પરિપાક થયો હોવાથી, ક્ષપકશ્રેણિના અધ્યવસાયો વડે કેવલજ્ઞાન પામ્યા અને મોક્ષગામી થયા.

આ સ્થાને ભિક્ષા આજીવિકા સમાન હોવા છતાં, એકને કેવલજ્ઞાન અને મોક્ષ મળે છે. બીજાને ભિક્ષા આજીવિકા વડે જ સાતમી નરકમાં જવું પડે છે. આ બે વ્યક્તિનું ઉદાહરણ વાંચો.

રાજગૃહનગરમાં, જંબુસ્વામી વહોરવા પધાર્યા છે. ગોચરી માટે નગરીમાં ફરે છે આપનારની નિંદા, સ્તુતિ, કર્યા વિના, રોષ–તોષ લાવ્યા વિના મળ્યું તે ઠંડુ લુખું નિરસ વહોરીને, પોતાના ગુરુ ભગવાન સુધર્માસ્વામી પાસે પહોંચી ગયા. આવી રીતે ભિક્ષાભોજી અનુક્રમે, કર્મ ખપાવી કેવલ જ્ઞાન પામી, મોક્ષ પધાર્યા. પોતે તર્યા હજારો નહીં પણ લાખોને તાર્યા. દાન દેનારાઓનાં પણ કલ્યાણ થઈ ગયાં.

એક બીજો ક્ષામકુક્ષિ બિચારો ભિખારી નગરમાં નિત્ય ભિક્ષા માટે જાય છે. પરંતુ પેટપૂર્ણ ભિક્ષા મળતી જ નથી. તેથી નહીં આપનાર ઉપર હમેશાં રોષ કરે છે. વખતે એકલો એકલો ગાળો પણ ભાંડે છે. તેણે એકવાર નગરમાં, એવી જાહેરાત સાંભળી કે આવતી કાલે ઉદ્યાનિકા (ઉજાણી) નીકળવાની છે. અને લોકો સ્વાદિષ્ટ ભોજન બનાવીને જમવાના છે.

નગરના બધા પુરૂષો, સ્ત્રીઓ, બાળકો, નોકરો, કે મજુરોએ નગર બહાર જમવું. વધે તે નગરમાં પાછું લાવવું નહીં. સારાં સારાં પકવાનો લેઈ, લોકો નગર બહાર જશે. આખો દિવસ રમીજમી ક્રીડાઓ કરી, સાંજે ઘેર આવશે. આ વાત ભિખારીને પણ જાણવા મળી, ખૂબ રાજી થયો. અને આખી રાત વિચારો કર્યા કે, આવતી કાલે પેટ ભરીને, સારૂં ખાવાનું મળશે આવા વિચારોના આનંદમાં રાત્રિ પસાર થઈ ગઈ.

સવારમાં નગર બહારના બગીચાઓમાં, નાગરિકોનાં ટોળે ટોળાં આવવા લાગ્યાં. ભિખારી પણ, માણસોના સમુદાયોમાં, આજીજી કરતો, કગરવગર કરતો, પોતાનું પેટ દેખાડતો, બધા લોકો પાસે યાચના કરતો, લોકોના તિરસ્કાર સાંભળતો. પાછો હટતો દીનતા બતાવતો, વિસામો લીધા સિવાય, આખો દિવસ ફરતો જ રહ્યો.

પરંતુ આટલા મોટા લોકસમૂહમાં, તેની ઇચ્છા પૂર્ણ થતી નથી. કોઈ ટુકડો આપે, ફેંકી દેવા જેવું જ આપે. તુચ્છકારી, ધુત્કારીને, ગાળ દઈને આપે. પરંતુ બિચારાને પેટ ભરાય તેવું, કે મનને ગમે તેવું તો થોડું પણ, કોઈ આપતું નથી.

"સુખિયાનાં સહુકો સગાં, દુખી સગું નહીં કોય।
રાડો પાડે કરગરે, મરે બિચારા રોય."

"મિષ્ટાન્નો સુખીયા જમે, લુખા ટુકડા રાંક।
દોષ ન આપો કોઈને, કેવળ કર્મનો વાંક."

છેવટે ભિખારીનું પેટ ભરાયું નહીં, તેની ઇચ્છા જરા પણ પોષાઈ નહીં, ત્યારે તેના રોષનો પારો ચઢી ગયો. અને ક્રોધે મર્યાદા વટાવી, તેથી વૈભાર પર્વત ઉપર ચઢીને મોટી શિલા નીચે ગબડાવી. આ બધા કૃપણ લોકોને પીલી નાખું. એવા વિચારોએ સ્થાન જમાવ્યું. અને વૈભાર પર્વત ઉપર ચડયો. સર્વ બળ એકઠું કરીને, એક મોટી પથ્થરની શિલા ગબડાવી બધાને ચૂરી નાખવાના રૌદ્ર ધ્યાનમાં, પોતે પણ તેજ શિલા નીચે આવી કચરાઈ ગયો. અને સાતમી સરકમાં ગયો.

આ જગ્યાએ પેટનો ખાડો પૂરવાનું આખા જગતનું સરખું જ કાર્ય હોવા છતાં, પેટ માટે, આખું જગત પ્રાયઃ પુષ્કળ પાપો કરીને, સંસારનાં બંધનો અને દુઃખો વધારીને જ મરે છે.

આ બે દષ્ટાન્તો ઉપરથી વાંચનાર સમજી શકે છે કે, જિનેશ્વર પરમાત્માઓ, અને બીજા પણ ભોગી પુરુષો, જગતની દષ્ટિએ, સુખો કે ભોગોની, રેલં-છેલ ભોગવતા હોવા છતાં પણ, તેઓ માત્ર કર્મનું દેવું ચુકાવાય ત્યાં સુધી જ સંસારમાં ફસાયેલા રહે છે. કર્મો ભોગવાઈ ગયાં કે, તુરત, સુખ-ભોગનો ત્યાગ કરી, દીક્ષિત થાય છે.

તત્ત્વનિચોડ એ જ છે કે જેમ પાપ વધી જાય તો, નરકાદિ હલકી ગતિઓમાં જઈને, જીવોને અશુભ કર્મોનું દેવું ચુકવવું પડે છે, તેમ પુણ્ય વધી જાય તો દેવાદિ શુભ સ્થાનોમાં જઈને, શુભ કર્મોનું દેવું ચુકાવવું જ પડે છે. અહીં મેઘરથ રાજા જેવાના ઘણા દાખલા મોજૂદ છે.

**પ્રશ્ન** : ઉપર કૃષ્ણ મહારાજ કે લક્ષ્મણ મહારાજ નરકમાં ગયાનું અજૈનો વાંચે તો તેમને આપણા ધર્મના શાસ્ત્રો ઉપર દ્વેષ ગુસ્સો કેમ ન આવે ?

**ઉત્તર** : જૈનશાસનમાં શલાકા પુરુષો **તેસઠ**-૬૩ ગણાવ્યા છે. ૨૪ તીર્થંકરો, ૧૨ ચક્રવર્તીઓ, ૯ વાસુદેવો, નવ બલદેવો, નવ પ્રતિવાસુદેવો. તે બધા ગુણના અને

પુણ્યના ભંડાર વર્ણવ્યા છે. તેમનાં જૈનાચાર્યોએ વર્ણવેલાં જીવનચરિત્રો, સંપૂર્ણ વાંચનારને ગુસ્સો તો આવે જ નહીં. પરંતુ આદર જ પ્રકટે, કારણ કે લક્ષ્મણ અને કૃષ્ણ મહારાજના ગુણોનું જ વર્ણન કર્યું છે.

**પ્રશ્ન** : આ તેસઠ–૬૩ શલાકા પુરુષો મોક્ષમાં જ જાય કે, સંસારમાં પણ રખડે છે.

**ઉત્તર** : તેસઠ પૈકીના કેટલાક નિયમા મોક્ષગામી જ હોય છે. કેટલાક મોક્ષમાં, દેવગતિમાં કે નરકમાં પણ જાય છે. કેટલાક અવશ્ય નરકમાં જ જાય છે. પરંતુ બહુ જ થોડા કાળમાં, બધા જ મોક્ષમાં જનારા હોવાના કારણે જ, શલાકા પુરુષ કહેવાયા છે.

**પ્રશ્ન** : ચાલુ અવસર્પિણી કાળના ૬૩ શલાકા પુરુષોની ગતિઓ બતાવો ?

**ઉત્તર** : તેસઠ શલાકા પૈકી ઋષભદેવ સ્વામીથી મહાવીર સ્વામી સુધીના ૨૪ જિનેશ્વર દેવો મોક્ષમાં પધાર્યા છે. તીર્થંકર દેવો અવશ્ય મોક્ષમાં જ જાય છે.

**પ્રશ્ન** : તીર્થંકર દેવોના જીવો અવશ્ય મોક્ષમાં જાય જ એમ નહીં જ ને ?

**ઉત્તર** : તીર્થંકર દેવોના જીવો મોક્ષમાં જાય જ નહીં, પરંતુ તીર્થંકર નામકર્મ નિકાચિત કરીને. ઓછામાં ઓછા ત્રીજા ભવે, તીર્થંકર પદ બાંધી, છેલા ભવે ભોગવીને, અર્થાત્ દીક્ષા લઈ કેવલ જ્ઞાન પામી, તીર્થની સ્થાપના કરી, લાખો, કરોડો, અબજો જીવોને, મોક્ષમાં જનારા બનાવીને, અવશ્ય તે જ ભવે મોક્ષમાં પધારે છે.

**પ્રશ્ન** : ચક્રવર્તી બાર કઈ ગતિમાં ગયા ?

**ઉત્તર** : ૧ લા, ૨ જા, પાંચમા, છઠ્ઠા, સાતમા, નવમા, દશમા, અગ્યારમા મોક્ષમાં ગયા છે. ત્રીજા ચોથા, ત્રીજા દેવલોક ગયા છે. આઠમા, બારમા, સાતમી નરકમાં ગયા છે. બલદેવો નવમાંથી કેટલાક મોક્ષમાં જાય છે, કેટલાક સ્વર્ગમાં જાય છે. બલદેવો માટે બે જ ગતિ નક્કી છે. બલદેવો અવશ્ય દીક્ષા લે છે, માટે ત્રીજી ગતિમાં જાય નહિ.

**પ્રશ્ન** : નવ વાસુદેવો, નવ પ્રતિ વાસુદેવો કઈ ગતિમાં જાય છે ?

**ઉત્તર** : આ અઢાર શલાકા પુરુષો નિયાણું કરીને જ જન્મતા હોવાથી, અવાંતર ભવે નરકમાં જ જાય છે. આ અવસર્પિણીના પહેલા વાસુદેવ ત્રિપૃષ્ટ થયા છે. તેઓ પ્રભુ મહાવીરના સત્તાવીસ પૈકીનો, અઢારમો ભવ છે. તેઓ ઓગણીસમા ભવે સાતમી નરકે ગયા છે. વીસમે ભવ સિંહ થયા છે, અને એકવીસમે ભવે ચોથી નરકે ગયા છે.

**પ્રશ્ન** : સર્વ જીવોના ભવો કેટલા સમજવા ?

**ઉત્તર** : સામાન્યથી સર્વ જીવો અનંતાકાળથી સંસારમાં, મરણો અને જન્મો પામ્યા જ કરે છે. માટે સર્વ જીવોના અનંતાભવો થયા જાણવા. તેમાં પણ યોગ્યતા ભેદે

જીવો ત્રણ પ્રકારના બતાવ્યા છે. **ભવ્ય, અભવ્ય અને જાતિભવ્ય.** તેમાં બીજા અને ત્રીજા અનાદિ અનંત સંસારમાં હતા, અને રહેવાના છે. તેઓ મોક્ષ પામવાના નથી.

**પ્રશ્ન** : અભવ્ય અને જાતિભવ્યનો અર્થ શું ?

**ઉત્તર** : જેમનામાં મોક્ષ મેળવવાની યોગ્યતા જ નથી. જેમ કેવળ ખારા રણમાં પુષ્કળ વરસાદ પડે તો પણ, વનસ્પતિ ઉગતી નથી. વળી જેમ બારમેઘ વરસે તો પણ મગશેલ પથ્થર પલળતો નથી. તેમ અનંતા કેવલી ભગવંતોની દેશના સાંભળે તો પણ અભવ્ય જીવડો મોક્ષને માને જ નહીં. તેથી જૈની દીક્ષા લે. ચોખ્ખી પાળે પણ, મોક્ષમાં જાય જ નહીં. વખતે દેવગતિ પામે. તથા જાતિભવ્ય જીવોમાં યોગ્યતા હોવા છતાં સામગ્રીનો મેળાપ થયો નથી, અને થવાનો નથી. જેમ સ્વયંભૂરમણ સમુદ્રના તળિયાની માટીમાં, ઘટ બનવાની લાયકાત હોવા છતાં, નિમિત્ત કારણો મળ્યાં નથી, મળવાનાં નથી. માટે તે માટીનો ઘડો થયો નથી અને થવાનો પણ નથી. સામગ્રીના અભાવે, જાતિભવ્યો બહાર નીકળતા જ નથી.

**પ્રશ્ન** : ભવ્ય જીવોનો અર્થ શું ?

**ઉત્તર** : જેમનામાં મોક્ષગમનની લાયકાત છે. અને સામગ્રી મળવાની શકયતા પણ છે. માટે ભવ્ય જીવ કહેવાય છે.

**પ્રશ્ન** : સર્વે ભવ્ય જીવો મોક્ષ જવાના એમ ખરું ને ?

**ઉત્તર** : ભવ્ય જીવો જ, મોક્ષમાં જાય છે. પરંતુ બધા જ ભવ્ય જીવો મોક્ષમાં જવાના, એ બરાબર નથી. કારણ કે કાળ અનંતો છે. તેનાથી પણ અનંતગુણા ભવ્ય જીવો છે. માટે અનંતા પુદ્ગલ પરાવર્તો પછી પણ સિદ્ધ થયેલા જીવોની સંખ્યા પાંચમા અનંતે જ રહેવાની છે. અને સંસારમાં, ચાર ગતિમાં રહેલા જીવો, આઠમે અનંતે જ હશે, રહેવાના છે. **વાંચો શાસ્ત્ર પ્રમાણ—**

**जइयाइ होइ पुच्छा, जिणाण मग्गंमि उत्तरं तइया । इक्कस्स निग्गोयस्स, अणंतभागो सिद्धिगओ ॥१॥**

**અર્થ** : શ્રી જિનેશ્વર દેવોના શાસનમાં, હવે પછી અનંતાકાલે પણ, અનંતા પુદ્ગલ પરાવર્તો ગયા પછી પણ, કોઈ પ્રશ્ન પૂછે કે, મોક્ષમાં કેટલા ગયા ? અને કેટલા બાકી રહ્યા ? ત્યારે ઉત્તર એક જ છે કે, એક નિગોદમાં રહેલા જીવોની સંખ્યાનો, અનંતમો ભાગ મોક્ષમાં ગયો છે.-અનંતાનંત જીવો બાકી છે.

**પ્રશ્ન** : તો પછી નિગોદો કેટલી છે? નિગોદ શબ્દનો અર્થ શું છે? નિગોદો કયાં રહે છે ?

**ઉત્તર** : નિગોદો અસંખ્યાતી છે. અનંતા જીવોનું એક શરીર તેને નિગોદ કહેવાય છે. અને જેમ કાજળની ડબીમાં કાજળ ભરેલું હોય છે. તેમ ચૌદ રાજલોકમાં નિગોદો ઠાંસી ઠાંસીને રહેલી છે.

**પ્રશ્ન** : નિગોદોને આપણે કેમ જોઈ શકતા નથી ?

**ઉત્તર** : નિગોદના સૂક્ષ્મ અને બાદર બે ભેદ કહેલા છે. તેમાં સૂક્ષ્મ નિગોદને આપણા જેવા ચર્મ ચક્ષુ જીવો દેખી શકતા નથી. તે તો કેવળી ભગવંતોના વચનથી માન્ય છે, તથા થુવર, કુંવાર, કીશલયપત્ર, બધા પ્રકારના કંદમૂલ, આવી બધી વનસ્પતિઓ અનંતકાય હોય છે. તેને બાદર નિગોદ કહેલ છે.

**પ્રશ્ન** : તો પછી તીર્થંકર દેવો વગેરે, મહાપુરુષોના ભવો ગણાયા છે તે કેવી રીતે ?

**ઉત્તર** તીર્થંકરદેવોના આત્માઓ સમ્યકત્વ પામે, ત્યાંથી ભવો ગણાય છે. વળી કેટલાક ઉત્તમ જીવોના ભવો પણ ગણાય છે. જેમકે શંખ રાજા–કલાવતી રાણી. શ્રીપાલરાજા અને મયણાસુન્દરી રાણી. શ્રીચંદ્રરાજાના ભવો. જયાનંદ રાજાના ભવો. રામ–લક્ષ્મણ–સીતાજીના ભવો. કૃષ્ણ–બલભદ્રના ભવો. આ બધામાં ક્યાંક સમકિતથી, ક્યાંક માર્ગાનુસારિપણાથી, ક્યાંઈક ભદ્રિક ભાવથી, ઉત્તમનિમિત્તોથી, ભવો લખાયા જાણવા.

**પ્રશ્ન** : કૃષ્ણવાસુદેવ અને બલરામના ભવો કેટલા છે ?

**ઉત્તર** : આઠ છે. તેઓ પહેલા ભવમાં ખેડૂત, ચંદ્ર અને શૂર બે ભાઈ હતા. ત્યાંથી મરીને શુભ ભાવે આયુષ્ય બંધાયું હોવાથી, એક વણીકના રાજલલિત અને ગંગદત્ત બે પુત્રો થયા હતા. ભાવિભદ્ર હોવાથી, બે ભાઈઓ સાથે ચારત્ર લીધું, નિરતિચાર આરાધ્યું, પરંતુ નાના ભાઈ ગંગદત્તે, નિયાણું કર્યું. બંને કાલધર્મ પામીને વૈમાનિક દેવ થયા.

ત્યાંથી ચ્યવીને મોટાભાઈ રાજલલિતનો જીવ, અને નાનાભાઈ ગંગદત્તનો આત્મા, બન્ને ભાઈઓ શૌર્યપુરનગરના રાજવી સમુદ્રવિજયના ભાઈ સૌથી નાના દશમા નંબરના પરંતુ મહાપુણ્યશાળી એવા વસુદેવ રાજાની રાણીઓ રોહિણી, અને દેવકીજીના પુત્રપણે જન્મ્યા. અને ક્રમસર બલભદ્ર અને કૃષ્ણ નામ થયા. અને શ્રીજૈનશાસનમાન્ય નવ નવ બલદેવો, વાસુદેવો પૈકીના, નવમા બલદેવ વાસુદેવ થયા. આ તેમનો ચોથો ભવ થયો. અને હવે પછી ચોથા ભવે, કૃષ્ણમહારાજ આવતી ચોવિસીના બારમા અમમસ્વામી, તીર્થંકર થઈ મોક્ષ પધારશે. અને બલભદ્ર સામાન્ય કેવલી થઈ મોક્ષમાં જશે.

**પ્રશ્ન** : આ જગતમાં મહાન પુરુષો કોને કહેવાય છે ?

**ઉત્તર** : શ્રીજૈનશાસનમાં, ત્યાગની મુખ્યતા છે. હિંસા, અસત્ય, ચોરી, મૈથુન, પરિગ્રહની મમતા આ પાંચ મહાપાપો ઉપરાંત ચાર કષાયો–રાગદ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પૈશૂન્ય રતિ, અરતિ, પરનિન્દા, માયામૃષા, અને મિથ્યાત્વ આ અઢાર મહા પાપોથી જગત ભરેલું છે. પ્રાણીમાત્રમાં, ઓછા વધુ પ્રમાણમાં, આ અઢાર પાપો હોય છે.

આ અઢાર પાપોથી જ કર્મ બંધાય છે. અને પ્રાણીઓ સંસારમાં ભટકે છે, અને અગણ્ય તથા અમેય દુ:ખો ભોગવે છે. દુ:ખના નાશ માટે જ અઢાર પાપો સેવાય છે. અથવા સુખ મેળવવા પણ અઢારે પાપો કરવાં પડે છે. આ અઢાર પાપો જે આત્મામાં હોય જ નહિ તે મહાપુરુષ ગણાય છે.

" મન, વચ, કાયા યોગથી, અઢાર પાપનાં સ્થાન ।
નાશ થયાં નિર્મૂલપણે, તે સાચા ભગવાન. "

" જેના ત્રિકરણ યોગમાં, પાપ એકપણ નોય ।
તેહિ જ વન્દ્ય ને પૂજ્ય છે, ભલે ગમે તે હોય. "

આ અઢાર દોષો નાશ પામ્યાથી જ, આત્મામાં સર્વગુણ પ્રકટે છે. આ અઢાર દોષો નબળા પડવા લાગે ત્યારે આત્મા, પુણ્યાનુબંધી પુણ્યવાળો બને છે. અને ભવિષ્યમાં જગતના સર્વ જીવોના ઉપકારમાં વપરાય તેવાં, જિન નામ પુણ્ય વગેરે પુણ્યો બાંધીને ભવસ્થિતિ પરિપાક ન થાય ત્યાં સુધી, સંસારમાં દેવમનુષ્યના ઉત્તમોત્તમ ભવો પામે છે.

**પ્રશ્ન** : જિનનામકર્મ બાંધ્યા પછી પણ, જીવને અશુભ કર્મો બંધાય ખરાં ? જિનનામકર્મ બાંધ્યા પછી આત્માને સંસારમાં રખડવું પડે છે ? જિનનામકર્મ જેવી ઉત્તમોત્તમ સામગ્રી પામેલા જીવો નરકે પણ જાય છે ?

**ઉત્તર** : જિનનામકર્મનો બંધ બે પ્રકારે થાય છે. પ્રદેશ બંધ થયા પછી. ઉત્સૂત્રપ્રરૂપણા કે ઉન્માર્ગદેશના આદિ વિપરીત પ્રવૃત્તિ થાય તો, પ્રદેશ બંધે બંધાયેલ જિનનામકર્મ ઉવેલાઈ જાય છે. જેમ સાવદ્યાચાર્ય. અને આવા જીવો વળી પાછાં અશુભ કર્મો બાંધીને ઘણો કાળ સંસારમાં રખડે પણ ખરા. તથા કોઈ નિકાચિત જિન નામકર્મને બાંધનારા પણ, શ્રેણિક રાજા જેવા, પહેલાં બાંધેલા નરકાયુને ભોગવવા, નરકમાં ગયા છે. જાવું પડે છે.

" કર્મ મહાવિકરાળને, શરમ નહીં તલભાર ।
નાના મોટા ભેદવિણ, આપે દુ:ખ અપાર. "

" એક લાખ બાણું સહસ, નારી ભોગવનાર ।
સુભૂમ ને બ્રહ્મદત્ત ગયા, સપ્તમ નરક મઝાર. "

" પ્રભુવીરનો આતમા ત્રિપૃષ્ટ મોટા રાય ।
ગયા સાતમી નરકમાં, તેતરીશ સાગર આય. "

" લક્ષ્મી ને નારી ઘણી, બહુ સેવક પરિવાર ।
પુણ્ય ઘટે, પાપો વધે, તો તે નરકે જાય. "

પરંતુ જગતના ઉત્તમોત્તમ આત્માઓ, જિનેશ્વર દેવોના જીવો, સમ્યક્ત્વ પામે ત્યાંથી ઉત્તરોત્તર ગુણોને કમાતા કમાતા ઉંચા ચડે છે. તેમના બધા ભવો, પ્રાણીમાત્રનું હિત ચિંતવવામાં તલ્લીન હોય છે. પ્રત્યેક ભવોમાં પ્રાયઃ ચારિત્ર પામે છે. નિર્મળ, અને નિરતિચાર આરાધે છે. છેલ્લાના આગલ ત્રીજા ભવે ચારિત્ર પામી, વિશસ્થાનકો અથવા એક બે સ્થાનકો આરાધીને મહાપુણ્ય જિનનામકર્મ નિકાચે છે. ત્યાંથી, અનશનાદિ ઉત્તમ આરાધનાએ મરણ પામીને, વચમાં એક દેવનો ભવ કરીને, છેલ્લા ભવે તીર્થંકર પરમાત્માપણે અવતરે છે.

વળી તીર્થંકર દેવો, જન્મે ત્યાંથી મોક્ષ પધારે ત્યાં સુધી, તેમને ઉદય થયેલાં પુણ્યો પણ પ્રાણીમાત્રનું ભલું કરવા માટે જ હોય છે. તથા તેમને મળેલા રાજ્ય, લક્ષ્મી, પત્ની, પરિવારનાં સુખો પણ લુખા પરિણામથી, રાગ દ્વેષ વિના ભોગવાય છે. પછી જ્ઞાનથી ભોગકર્મનો ક્ષય જાણી, સર્વસ્વનો ત્યાગ કરી, દીક્ષા પામી, ઘોર તપ, ઉપસર્ગો, પરિષહો ભોગવી, અનિત્યાદિ અને મૈત્ર્યાદિ ભાવનાઓ ભાવી, ઘાતીકર્મોનો ક્ષય કરી, કેવળજ્ઞાન પામી, લાખો, ક્રોડો જીવોને પાપમુક્ત અને દુઃખમુક્ત બનાવી, ગણધરો આદિ હજારો અથવા લાખો, સુશિષ્યોને મૂકી મોક્ષ પધારે છે.

તેમના ગણધરાદિ શિષ્યો પણ કેવલી, મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની, ચૌદપૂર્વી અને સમ્યગ્દર્શન, જ્ઞાનચારિત્ર તપની ખાણ જેવા હોવાથી, હજારો, લાખો, ક્રોડો, પેઢીઓ સુધી મોક્ષમાર્ગ ચાલુ રહે છે. ૫૦ લાખ કોટિ સાગરોપમ, ૩૦ લાખ કોટિસાગરોપમ વગેરે ઘણા લાંબા કાળ સુધી તીર્થ ચાલે છે. તેથી અસંખ્યાતી પેઢીઓ તીર્થંકર દેવનું તીર્થ ચાલે છે. આંહીં જિનેશ્વર દેવો, ગણધર દેવો, અને તેમની પરંપરામાં થયેલા કેવલ જ્ઞાનધારી વગેરે જૈનાચાર્યો, ગુણ અને પુણ્યથી જગતનું ભલું કરનારા હોવાથી, પહેલા નંબરના મહાપુરુષો જાણવા.

તે જ તીર્થંકર દેવોના તીર્થમાં, કેટલાક મહાપુરુષો કર્મ ખપાવી, કેવળજ્ઞાન પામવા છતાં, મૂક કેવલી હોવાથી, મહાગુણી હોવા છતાં, તીર્થંકર દેવો જેવી પુણ્ય સામગ્રીનો સાથ ન હોવાથી, પરોપકાર કરી શકતા નથી માટે તેઓ બીજા નંબરના મહાપુરુષ જાણવા.

તથા ત્રીજા પ્રકારના મહાપુરુષો, જેઓ શ્રી વીતરાગ શાસન પામી, સમ્યક્ત્વાદી ઉત્તમ ગુણો પામી, ભવસ્થિતિ પરિપાક ન થવાથી સંસારમાં વસવા છતાં, દેવ અને મનુષ્યના ભવો પામી, પ્રત્યેક મનુષ્ય ભવમાં સર્વવિરતિ અથવા દેશવિરતિ પામીને, ભવોભવ શાસન પ્રભાવનાઓ કરીને, પ્રાન્તે તીર્થંકર અથવા સામાન્ય કેવળી થઈ મોક્ષ પધારે છે.

આવા આત્માઓ પહેલા ભવે શંખરાજા કલાવતી રાણી, છેલ્લા ભવે પૃથ્વીચંદ્ર ગુણસાગર અગ્યાર ભવ મનુષ્યના, પ્રત્યેક ભવોમાં ખૂબ શાસન પ્રભાવના, દશ ભવ દેવના, તે જ પ્રમાણે શ્રીપાલ રાજા મયણાસુંદરી, શ્રીચંદ્ર રાજા, મહાપદ્મ ચક્રવર્તી, જયાનંદ રાજા, વજ્રાયુધ ચક્રવર્તી, મેઘરથ મહારાજા, (શાન્તિનાથ સ્વામીના આઠમો દશમો ભવ) મેઘનાદ રાજા મદનમંજરી રાણી, રામ–લક્ષ્મણ, કૃષ્ણ–બલભદ્ર, પાંચ પાંડવો, સંપ્રતિરાજા, કુમારપાળરાજા, વસ્તુપાળ તેજપાળ વગેરે.

જૈનશાસનમાં આ અને આવા સંખ્યાતીત મહાપુરુષો થયા છે. જેમણે રાજ્ય કે લક્ષ્મીને પામીને, જગતના પ્રાણીવર્ગને સુખ આપ્યું છે. જૈનશાસનની પ્રભાવના પ્રસિદ્ધિ ફેલાવો કરીને, અમારી પડહા વગડાવીને, દુઃખીયાઓને દુઃખમુક્ત બનાવીને, જિનાલયો, જિન પ્રતિમાઓ, જ્ઞાનમંદિરો, પૌષધશાલાઓ, દાનશાલાઓ કરાવીને, એક છત્ર જૈનશાસન બનાવી, પોતે આરાધના કરી, હજારો લાખોને આરાધક બનાવતા ગયા છે.

અહિં જૈનાચાર્યો પણ કેટલાય મહાપ્રભાવકો થયા છે, કે જેમણે સ્વયં છ વિગયાદિ સ્વાદોના ત્યાગ કરીને, છઠ અઠમાદિ મોટા તપ કરીને, સર્વ શાસ્ત્રોના પારગામી થઈને, અનેક દેવોને પણ સ્વાધીન બનાવીને, શ્રી જૈનશાસનના વિજયડંકા વગડાવીને, પાપી મનુષ્યોને પણ અહિંસક અને ધર્મારાધક બનાવીને, નરકાદિ ગતિમાં જવાય તેવા પાપાચરણો કરનારાઓને પણ, ધર્મના રસિયા બનાવીને, સ્વર્ગગામી અને મોક્ષગામી બનાવ્યા છે.

અહિં કેસીગણધર, ભદ્રબાહુ સ્વામી, આર્યસુહસ્તિસૂરિ, વયરસ્વામી, વજ્રસેનસૂરિ, માનતુંગસૂરિ, પાદલિપ્તસૂરિ, આર્યખપુટસૂરિ, સિદ્ધસેન દિવાકરસૂરિ, હરિભદ્રસૂરિ, મલ્લવાદિસૂરિ, કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરિ, વાદિદેવસૂરિ, જગચ્ચંદ્રસૂરિ, ધર્મઘોષસૂરિ આનંદવિમલસૂરિ, વિજયહીરસૂરિ વગેરે. આવા પણ શ્રી જૈનશાસનમાં ચોવીસ તીર્થંકરોના તીર્થમાં અસંખ્યાતા મહાપ્રભાવકો જન્મે છે.

આવા સૂરિપુંગવો, વાચકપ્રવરો, મહામુનિરાજો, સુશ્રાવક દશાને પામેલા રાજા–મહારાજાઓ અને અમાત્યો, અને શ્રીમંતો અનેક પ્રકારે શ્રી જૈનશાસનની પ્રભાવનાઓ કરે છે. અહિં વ્યાખ્યાનશક્તિ, વાદશક્તિ, નિમિત્તશક્તિ, તપશક્તિ, મંત્રશક્તિ, વિદ્યાશક્તિ, દાનશક્તિ. આવી અનેક શક્તિઓ, કેવળ જૈનશાસનની પ્રભાવનાઓમાં જ ખર્ચાતી હોવાથી તેવા મહાપુરુષો, મહામુનિરાજો અને સુશ્રાવકો, શ્રીજૈનશાસનના પ્રભાવકો મનાયા હોવાથી, ત્રીજા સ્થાનના મહાપુરુષો જાણવા.

## હવે આપણી ચાલુ અમરદત્ત–મિત્રાનંદની કથાનો અપૂર્ણ ભાગ ચાલુ થાય છે.

મિત્રાનંદ, અમરદત્ત પાસેથી, અનુકુલ સહાયકો અને રંગવડો સાથે, વસંતપુર નગર તરફ પ્રયાણ કરી ગયાને ઘણો વખત થવા છતાં, તેતરફથી કશા સમાચાર આવ્યા જ નહિ. ત્યારે, રાજા અમરદત્તે બીજા માણસો પણ મિત્રાનંદની તપાસ માટે મોકલ્યા. મોકલેલા માણસો પાછા આવ્યા, પરંતુ મિત્રાનંદ કે તેમની સાથેના પ્રધાનવર્ગના સમાચાર, ભાળ, કાંઈ લાવી શકયા નહિ.

તેથી રાજારાણીના ચિંતા, અને ખેદમય, દિવસો જતા હતા, એવા સમયમાં પાટલીપુત્ર શહેરના ઉદ્યાનમાં, ચાર જ્ઞાનના ધારક, ધર્મઘોષ નામના આચાર્ય ભગવાન પધાર્યા. ઉદ્યાન-પાલકે વધામણી આપી. રાજારાણી, પરિવાર સહિત વંદન કરતા ગયાં. પંચ–અભિગમો સાચવી વ્યાખ્યાન સાંભળવા બેઠાં.

**પ્રશ્ન** : અભિગમ એટલે શું ? સાચવીને બેઠા એનો ભાવ શું ?

**ઉત્તર** : અભિગમના બે પ્રકાર છે. અહિં રાજાઓના અભિગમ પહેલા બતાવાય છે.

**" खग्गं छत्तो वाणह मउडं चमरे अ पंचमए ।"**

**અર્થ** : મુકુટ[1] શિર ઉપરથી ઉતારીને હાથમાં રાખે છે. પોતાની ઉપર છત્ર[2] ધરાવે નહિ. ચામર[3] વિંઝાવે નહિ. હથિયારને[4] સાથે રાખે નહિ. મોજડી મખમલની હોય તે પણ ત્યાગ[5] કરે છે.

તથા સર્વસામાન્ય અભિગમો પાંચ પ્રકારના છે. સચિત્ત[1] દ્રવ્યો પાસે ન રાખવાં. અચિત્ત વસ્તુ અક્ષતો[2] વગેરે પાસે રાખવાં. શરીર ઉપર ઉત્તરાસન[3] રાખવું, પ્રભુ દેખાય ત્યાંથી બે હાથ[4] જોડવા અને ચિત્તને[5] એકાગ્ર બનાવવું.

**પ્રશ્ન** : સચિત્ત દ્રવ્યો પાસે ન રાખવા તો પછી, જિનમંદિરમાં ભેટ મૂકવાનાં શ્રીફળ વગેરે ફળો પણ ન રાખવાં એમ ખરું ને ?

**ઉત્તર** : પોતાની ડોકમાં પુષ્પના હાર; માથામાં કલગી, હાથમાં છડા, આવું સ્વભોગ્ય સચિત્ત અચિત્ત કાંઈ રાખવું નહિ. પરંતુ જિનાલયમાં ધરવા માટે શ્રીફળ વગેરે ફળો અને માલતી, જાઈ વગેરેના હાર છડા ગજરા રાખવાનો નિષેધ જાણવો નહિ, પરંતુ અહીં ગુરુ પાસે જવાનો પ્રસ્તાવ છે તેથી સ્વભોગ્ય સચિત્ત વસ્તુ ન રાખવી એમ સમજવું.

ગુરુમહારાજની દેશના થઈ. પછી **રાજા અમરદત્તે ગુરુમહારાજને પૂછ્યું** : હે જ્ઞાનદિવાકર ! પ્રાણથી પણ વહાલા એવા મારા મિત્ર મિત્રાનંદના, સમાચાર મળતા નથી, તેથી મારા ચિત્તને જરા પણ ચેન પડતું નથી. માટે કૃપા કરીને કહો કે મિત્રાનંદ અહિંથી ગયો પછી, તેનું શું થયું ? ને કહો કે હાલ તે મારો મિત્ર ક્યાં છે તે કહો ?

**જ્ઞાનીગુરુ** અમરદત્ત રાજવીના **પ્રશ્નનો ઉત્તર** આપે છે: હે રાજન ! મિત્રાનંદ વગેરે અહિંથી સન્માર્ગે ચાલતાં, પાણીવાળો રસ્તો ઉલ્લંઘીને, સપાટ રસ્તે પર્યાણ કરતા હતા. રસ્તે ચાલતાં પર્વતોની હારમાળા આવી, તેમાં એક નદીના કિનારે મિત્રાનંદ વગેરે ભોજન કરવા બેઠા હતા. એટલામાં કલ્પના પણ આવ્યા વિના એક મોટી ભિલ્લ લોકોની ધાડ આવી. તેમણે મારઝુડ અને લુટ શરૂ કરી. તે વખતે તમારા શૂરાં સૈનિકોએ, પ્રબળ સામનો કર્યો. પરંતુ ફાવ્યા નહિ કારણ કે ભિલ્લો પુષ્કળ હતા, તેથી સૈનિકો કેટલાક મરાઈ ગયા, કેટલાક નાસી ગયા. મિત્રાનંદ મહા બળવાન હોવા છતાં ફાવ્યો નહીં.

"સમય-નસીબ બળવાન છે, પુરુષ નહીં બળવાન ।
ભિલ્લે અર્જુન જિતિઓ, એહી ધનુષ એહી બાન." ૧

"નવમા વાસુદેવજી, હતા મહા બળવાન ।
જરા કુંવર એક બાણથી, વિષ્ણુ ખોયા પ્રાણ." ૨

ત્રણસો સાઠ સંગ્રામમાં, એક ન લાગ્યું બાણ ।
નિજ બાંધવ એક બાણથી, ગયા કૃષ્ણના પ્રાણ. ૩

પાંચે પાંડવ બાંધવા, બલ – વિદ્યા શૂરવીર ।
પદ્મોત્તર સંગ્રામમાં, ફાવ્યા નહીં લગીર. ૪

મુંજ નરેશ્વર માલવી, ઘણા કર્યા સંગ્રામ ।
પાપોદય કેદી થયો. ખોયાં સુખ યશ નામ. ૫

અને નાસી છૂટયો. મોટી અટવીમાં પડ્યો. સેવકો જીવતા રહ્યા તે પણ, લજ્જા અને ભયથી તમારી પાસે પાછા આવ્યા નહીં. હે અમરદત્ત રાજવી! તમારા મિત્ર મિત્રાનંદે અટવીમાં ફળાદિ ખાઈને, પાણી પીને, એક વટ વૃક્ષની નીચે, રાત્રિના સમયે પરિશ્રમ દૂર કરવા નિદ્રાનો આસરો લીધો.

નિદ્રા ખૂબ આવી. એટલામાં વટના કોતરમાંથી એક વિકરાળ સર્પ આવી મિત્રાનંદના શરીરે દંશ કર્યો. આખા શરીરમાં ઝેર વ્યાપ્ત થઈ ગયું. અહીં કોઈ બચાવનાર હતું નહીં. પરંતુ હજી આયુષ્યની દોરી મજબૂત હોવાથી, કોઈ યોગીરાજ ત્યાં આવ્યા. દયાના દરિયા યોગીએ મંત્રપ્રયોગથી-સર્પનું ઝેર ઉતારી મિત્રાનંદને નિર્વિષ બનાવ્યો. **જ્ઞાની ભગવંતો કહે છે કે—**

**अरक्षितं तिष्ठति दैवरक्षितं, सुरक्षितं तद्विहतं विनश्यति।**
**जीवत्यनाथोपि वने विसर्जितः कृतःप्रयत्नोपि गृहेविनश्यति ॥१॥**

**અર્થ** : પ્રાણીને કોઈ પણ રક્ષણ કરનાર ન હોય, પરંતુ નસીબની સહાય હોય તો, તેનો વાંકો વાળ કોઈ કરી શકતું નથી. તથા એક બે નહીં, પણ હજારો રક્ષણ કરનારા હોય તો પણ, નસીબ ખલાસ થઈ ગયાં હોય તેને, કોઈ બચાવી શકતા નથી. સ્વામી, માલિક કે રક્ષક, કોઈ પણ ન હોય; અટવીમાં એકલો હોય, તો પણ, એને કોઈ કાંઈ કરી શકતું નથી. સ્વયં બચી જાય છે, અને ઘરમાં હજારોની હાજરીમાં, પાર વગરના

પ્રયત્નો વચ્ચે પણ, નસીબ વગરના જીવો, જરૂર મરણના શરણ થાય છે. મહાદુઃખોને ભોગવે છે.

" હજારો હજુર રે'તા, ખમા ખમા જેને કે'તા વિશ્વમાંથી ગયા વે'તારે. "
( ઇતિ દલપતરામ )

સ્વસ્થ બનેલા મિત્રાનંદને, તપસ્વીએ પૂછયું, હે ભદ્ર! આવો તેજસ્વી મનુષ્ય-આવી વિકરાળ અટવીમાં, એકલો કેમ ભટકે છે? ત્યારે મિત્રાનંદે, આવા ઉપકારી યોગીરાજને, પોતાનો સઘળો વૃત્તાન્ત કહી સંભળાવ્યો. યોગી મિત્રાનંદને દિલાસો આપી સર્પના દંશની વાત જણાવી, ચાલ્યો ગયો અને મિત્રાનંદ અફસોસ કરવા લાગ્યો.

હા, મૂર્ખ કદાગ્રહી એવા મેં, મિત્રની શિખામણ માની નહીં, અને એક પછી એક આવી ભયંકર આપત્તિઓની ભૂતાવળમાં ફસાયો. હજી પણ આગળ વધવું લાભકારક નથી. પાસે દ્રવ્ય નથી, સહાયક નથી. દિશા નકી નથી, નસીબ અનુકુલ નથી. માટે પાછો ફરું ? અને મિત્રની પાસે પહોંચી જાઉં ?

આવા વિચારો કરીને પાટલીપુત્રની દિશાએ પ્રયાણ કર્યું. થોડા જ પ્રયાણમાં, વળી બીજી ચોર લોકોની ટોળકી મળી. મિત્રાનંદને પકડ્યો. લૂંટી લેવા તેનાં વસ્ત્રો તપાસ્યાં. કાંઈ ન નીકળવાથી, તેને દોરડાંઓથી સખત બાંધીને સાથે લીધો. રસ્તે ચાલતાં મનુષ્યોનો વેપાર કરનારા, અનાર્યો મળ્યા. અને દ્રવ્ય લઈને, મિત્રાનંદને તે વેપારી પાસે વેચી દીધો.

" પાપોદયથી માનવી, ક્ષણમાં દુખિયો થાય ।
અનેક ઉદ્યમ આચરે, બધા નકામા જાય. " ૧

" ઉદય થાય જો પાપ તો, લક્ષ્મી ચાલી જાય ।
અગ્નિ-ચોર ને રોગના, ભય આવી ઉભરાય. " ૨

" માત-તાત-સુત-બેનડી, પાપોદય પલટાય ।
પત્ની-મિત્ર કે બાંધવો, સુખદાયક નવ થાય. " ૩

" દુખિયાને દુખ જ મળે, એવો જગમાં ન્યાય ।
ગુણ વગરનું કાષ્ટપણ, અગ્નિમાં ફેંકાય. " ૪

" મઘવા મિત્ર બને બધા, સકલ સુરાસુર રાય ।
સુખ દુખ પલટાતું નથી, કરતાં કોડ ઉપાય. " ૫

" પરમ ભક્ત પ્રભુવીરનો, જિનશાસન શ્રૃંગાર ।
કર્મોદય કેદી બન્યો, શ્રેણિક સમકિત ધાર. " ૬

" ઇન્દ્રો ભેટી પ્રેમથી, બેસારે નિજ પાશ ।
તે શ્રેણિક પાપોદયે, સહે પુત્રનો ત્રાસ. " ૭
" હોય હજાર કે લાખની, ક્રોડ મનુષ્યની સહાય ।
પુણ્ય સહાય ખૂટી જતાં, ચોક્કસ દુખીયો થાય. " ૮
" દુખ કોઈએ દીધું નથી, સુખ આપે નહીં કોય ।
અવળા-સવળા ભાગ્યનાં, દુખ-સુખ કારજ હોય. " ૯
" આપત્તિ-ભય-રોગ ને, વિયોગ ને અંતરાય ।
બધા પ્રકારો દુખના, પાપોદયથી થાય. " ૧૦
" પાપોદય દુખ થાય છે, પાપ ક્ષયે દુખ નાશ ।
હિંસાદિ મહાપાપથી, સદાય દુખનો વાસ. " ૧૧
" ધર્મ ગમે નહીં કોઈને, પાપ વિશે સૌ પ્યાર ।
પાપ તણા મિત્રો ઘણા, ચાર ગતિ સંસાર. " ૧૨
" અધિકાર પાપે ભર્યા, બુદ્ધિ પાપને કાજ ।
લક્ષ્મી પાપ વધારવા, પાપ પોષવા રાજ. " ૧૩

વાચક ભાઈઓ વિચાર કરી લ્યો. હંમેશ હજારો કમાઈ શકે તેવો બુદ્ધિશાળી, મિત્રાનંદ, પોતાના મિત્ર અમરદત્તને મરતો બચાવનાર મિત્રાનંદ, અનેક કષ્ટો ભોગવી, હોશિયારી ચલાવી, મહાસતી રાજકુમારીને લાવી, મિત્રને પરણાવનાર; મોટા રાજ્યનું મહામાત્યપણું પામેલો મિત્રાનંદ, આજે કર્મોદયથી, ઢોરના મૂલ્યે વેચાય છે. કોઈને ફાંકો રાખવા જેવું છે જ નહીં. આપણે આજે આવા સુખીઆ છીયે. કાલે કેવા હોઈશું તે નક્કી નથી.

" દધિવાહનની દીકરી, મહાશ્રમણી પણ થાય ।
વચમાં પાપોદય થકી, ઢોર મૂલ્ય વેચાય. " ૧
" રાજાની પુત્રી અને ચરમ શરીરી જીવ ।
પણ અશુભોદય ચંદના, પામી દુઃખ અતીવ. " ૨
" છત્રીસ સહસ શ્રમણી તણી, ગુરુણી ચંદનબાલ ।
વેચાણી ચૌટા વિશે, જુઓ કર્મની ચાલ. " ૩
" હરિશ્ચંદ્ર મહારાજવી, તારા દેવી નાર ।
આવા મોટા માનવી, પામ્યા દુઃખ અપાર. " ૪

મિત્રાનંદનો માલિક, પારસકૂલ નામના દેશમાં જઈને, મિત્રાનંદને વેચી ઘણા પૈસા કમાવાની વાતો કરતો હતો. આવી વાતો સાંભળીને, મિત્રાનંદનું ચિત્ત, ચોવીસે કલાક, ઉનામણાના પાણીની પેઠે, ખૂબ જ ઉકળતું રહેતું હતું. ત્યાં તો કલ્પના વિના જ રસ્તામાં, ઉજ્જયિની નગરી આવી. કેદ પકડાએલા મિત્રાનંદને, પોતાની જન્મભૂમિ, માતા-પિતા, સગાવહાલાં, મિત્રો, બધું યાદ આવ્યું. ભાવિ ભાવથી મિત્રાનંદને નાશી છૂટવાનો અવકાશ પણ મળ્યો. ચોર, જુગારી, જાર ગુનેગારને રાત્રી મોટી મદદગાર થાય છે.

" ચોર-જુગારી-જારને, કેદી-નૃપ ધનહાર ।
દુષ્ટ કાર્ય કરનારને, યામિની સુખકાર. "

મિત્રાનંદ અવસર પામી બંધનો ફગાવીને નાઠો. પરંતુ નસીબ યોગે નગરના દરવાજા બંધ હતા, ચારે બાજુ ફર્યો, બનતા ઉદ્યમો કર્યા, પરંતુ પેસવાનો લાગ ન સધાયો. છેવટે પાણીને ચાલવાના ખાળો-ગરનાળામાં થઈને પણ, ગામમાં પેસી જાઉં તો જ બચાવ થાય, એમ વિચારીને ગરનાળામાં થઈને, ગામમાં પેસવા લાગ્યો. આ અવસરે ચોરનો ઉપદ્રવ ખૂબ હોવાથી, કોટવાળોએ મિત્રાનંદને, ચોરની પેઠે પેસતો જોયો. ચિંથરેહાલ હતો. અજાણ્યો હતો. તેથી કોટવાળોએ મિત્રાનંદને પકડીને ચોરબંધને બાંધી લીધો અને સોટીઓ, મૂઠીઓ, ચુંટીઓ, ઠુંસીઓના ખૂબ પ્રહારોથી, અર્ધમરણ જેવો બનાવીને, કોટવાળે મિત્રાનંદને મારી નાખવા માટે પોતાના સેવકોને હુકમ આપ્યો કે, આ દુષ્ટ ચોરને વડના ઝાડની ડાળીએ, લટકાવી મારી નાખજો.

શિકારીઓના પાશલામાં અથવા પ્રહારોમાં, સપડાએલા હરિણની પેઠે, દેવીના સ્થાનકે દેવી પાસે ઊભા રાખેલા મહીષ અથવા છાગની પેઠે, રાજાના ક્રૂર સિપાઈઓના સોટીઓના પ્રહારો વડે, વડના ઝાડ નીચે લટકેલા મિત્રાનંદના પ્રાણો ચાલ્યા ગયા. તે વખતે મિત્રાનંદને મોઈ-દાંડીની ક્રીડા અને શબનાં વચનો યાદ આવ્યાં અને વિચારો આવ્યા.

**यत्र तत्र च वा यातु, यद्वा तद्वा करोत्वसौ । तथापिमुच्यते प्राणी, न पूर्वकृत कर्मणः १**
**विभवोनिर्धनत्वंच, बन्धनं मरणं तथा । येन यत्र यदा लभ्यं, तस्य तत्त त्तदा भवेत् २**
**याति दुरमसौ जीवोऽपायस्थानाद्भयद्रुतः । तत्रैवानीयतेभूयोऽभिनवप्रौढकर्मणा ३**

**અર્થ** : જીવને જ્યારે કર્મનો વિપાકોદય શરૂ થાય છે, ત્યારે ભલે ગમે ત્યાં ભાગી જાય, થાય તેટલા બચાવના પ્રયત્ન પણ કરે, પરંતુ અવશ્ય ભોગવવાનું કર્મ ભોગવવું જ પડે છે. ॥ ૧ ॥

વળી પૈસા મળવાના હોય કે નિર્ધનતા સર્જાવાની હોય, અથવા મરણ કે બંધન થવાનું હોય તે જ્યારે, જે સ્થાને અને જેવી રીતે થવાનું હોય તે જ પ્રમાણે થાય છે. ॥ ૨ ॥

કોઈ પણ આત્મા રોગાદિનો ભય પામીને ગમે ત્યાં ચાલ્યો જાય, હજારો યોજન પણ વખતે જાય, પરંતુ ઉદય થએલું કર્મ, તેને તે જ સ્થાને પકડીને લાવે છે.

કહ્યું છે કે :

**अवश्यमेव भोक्तव्यं, कृतंकर्मशुभाशुभं । नाभुक्तं क्षीयते कर्म, कल्पकोटिशतैरपि ॥ १ ॥**

**અર્થ** : પ્રાણીઓને કરેલાં શુભાશુભ કર્મો અવશ્ય ભોગવવાં પડે છે. ભોગવ્યા વિના કોઈ પણ કર્મ નાશ પામતાં નથી. કોઈ સાક્ષાત્ ભોગવાય, કોઈ બીજા, ત્રીજા, ચોથા ભવમાં કે હજારો જન્મો પછી પણ અવશ્ય ભોગવવાં પડે છે.

**પ્રશ્ન** : આ ચાલુ જન્મમાં કરેલાં પાપો કે પુણ્યોનું ફળ ચાલુ જન્મમાં જ મળે એમ નક્કી નહિ ?

**ઉત્તર** : નાનામાં નાના પાપો કે પુણ્યોનું, ચાલુ જન્મમાં પણ ફળ મળે, પરંતુ મળે જ એમ નહિ.

**પ્રશ્ન** : કોઈ માણસનું ખૂન કરે, અથવા એવા બીજા મોટા ગુનેગારોને, ફાંસીશૂળી મળે છે, તે પણ ચાલુ જન્મના જ પાપનું ફળ ગણાય ને ?

**ઉત્તર** : કરેલાં પાપોનું કે પુણ્યોનું ફળ મોડુંવહેલું જરૂર મળે છે. બાકી સરકાર તો, ગુનેગારને વખતે છોડી પણ મૂકે છે, તેથી તે ગુનેગાર નથી અથવા હવે એને પાપનું ફળ નહિ મળે, એમ માનવાની જરૂર નથી.

મહાપાપી. અનેકોનાં ખૂન કરનાર, લખલૂંટ લૂંટો ચલાવનાર, અનેક બાળાઓનાં શીલ લૂંટનાર, અનેક ગામો બાળનાર, હજારોના શ્રાપો લેનાર પણ. આલાઉદ્દીન, તૈમૂર, બાબર, હુમાયુ, આલમગિર, નાદીરશાહ જેવા રાજા બાદશાહો પણ ગુનાનાં સાક્ષાત ફળો પામ્યા નથી.

**પ્રશ્ન** : આ નામ ગણાવ્યાં તે બધાઓ, અને આવા જેટલા થયા હોય; તે બધાના ગુના, ઈશ્વરે કે ખુદાએ માફ કર્યા હોય છે, એમ ખરું કે નહીં ? કારણ ભગવાન દયાળુ હોવાથી ઉદાર છે.

**ઉત્તર : ભગવાન દયાળુ છે, એવું માનનારને પૂછવું પડશે કે, પ્રભુ દયાળુ છે. તેમણે ઉત્પન્ન કરેલા આપણે કેવા ? દયાળુ કે અધમ ? જો ભગવાનને, દયાળુ માનવો હોય તો, જગતના પ્રાણીમાત્રનું ભલું ઇચ્છનાર છે એમ પણ માનવું જ પડશે. એક બાજુ આપણે બોલીએ છીએ— "ભગવાન સબકા ભલા કરતા હૈ."** બીજી બાજુ તે જ ભગવાનના સંતાનો એવા

આપ ભૂંડ, હરિણ, સસલાં, બકરા, ઘેટા, ગાય, ભેંસ, બળદ, પાડા, કુકડા, બતકાં, માછલાઓને મારી નાખીને પોતાના દુષ્ટ સ્વાદને પોષો છો. દયાળુ પ્રભુને આ બધું ગમતું હશે ? દયાળુ પ્રભુના દીકરા પાપી હોય ?

**પ્રશ્ન** : ઘોર હિંસા કરનાર મહાપાપીને, સાક્ષાત ફળ કેમ નહીં મળતું હોય ?

**ઉત્તર** : જેમ કોઈ જોરદાર ઝેર હોય તો તરત મરણ નિપજે છે. કોઈ કલાક, બે કલાકે મરે છે, કોઈને બેચાર દિવસે અસર થાય છે, કોઈ ઝેર વર્ષો પછી પણ મારનાર બને છે. પાપો પણ લગભગ અનેક પ્રકારનાં હોય છે. મોડાવહેલા ફળ આપે છે, પરંતુ એવાં જોરદાર દુઃખો આવી પડે છે કે, હસી હસીને કે કૂદી કૂદીને બાંધેલાં પાપો, અબજો વર્ષો રોવડાવીને જ વસૂલ થાય છે, પરંપરા પણ ચાલે છે.

**પ્રશ્ન** : આ સ્થાને કોઈ દાખલા છે ?

**ઉત્તર** : ઇતિહાસમાં દાખલાઓનો પાર જ નથી. જુઓ પ્રભુશ્રી મહાવીરસ્વામીના આત્માએ, પોતાના ૨૭ ભવો પૈકીના, પહેલા **ગ્રામાધ્યક્ષ** નયસારના ભવમાં બાંધેલા પુણ્યોદયથી, પહેલા દેવલોકમાં **અસંખ્યાતા** વર્ષના આયુષવાળા દેવ થયા.

**પ્રશ્ન** : બીજા ભવમાં સૌધર્મ દેવલોકમાં દેવપણું છે. ત્યાં તો એકપલ્યોપમનું જ આયુષ્ય છે, તો પછી અસંખ્યાતા વર્ષનું આયુષ કેમ કહેવાય ?

**ઉત્તર** : અસંખ્યાતા વર્ષોનું જ એક પલ્યોપમ થાય છે.

**પ્રશ્ન** : ચોરાસી લાખ પૂર્વનું આયુષ મોટું કે ? પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ મોટો ?

**ઉત્તર** : પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ચોરાસી લાખ પૂર્વના આયુષ કરતાં ઘણો મોટો હોય છે. અને તે જ નયસારના ભવે બાંધેલા શુભ પુણ્યોદયથી, ભરત ચક્રવર્તીના પુત્ર મરિચિ થયા. અને મચિચિભવમાં બાંધેલા, નીચ ગોત્રનો ઉદય, એક કોટાકોટિ સાગરોપમ સુધી (ફક્ત સો સાગરોમ અને છાસઠ લાખ છવ્વીસ હજાર વર્ષ ઓછાં) ભોગવવો પડ્યો. અસંખ્યાતા ભવો, એકેન્દ્રિયાદિમાં થયા.

**પ્રશ્ન** : મરિચિના ભવમાં દીક્ષા લીધી, મહાત્યાગી થયા, આખી જિંદગી યોગમાં જ રહ્યા તો પણ, સંસારમાં ભટકવું પડ્યું તેનું શું કારણ ?

**ઉત્તર** : મરિચિના ભવમાં બ્રહ્મચર્ય જેવું જે કાંઈ સારું થયું, તેનું ફળ પાંચમું દેવલોક ૧૦ સાગરનું આયુ. સ્વર્ગનાં અવર્ણનીય સુખો ભોગવ્યાં, પરંતુ મરિચિભવમાં, કરેલો કુળનો અભિમાન, અમારું કુળ જગતમાં અજોડ છે, તીર્થંકરોમાં પહેલા મારા દાદા છે, ચક્રવર્તીમાં પહેલા મારા પિતા છે, અને અમે નવ વાસુદેવમાં પહેલા થવાના છીએ.

આ કુળની મોટાઈના મદમાં, ખૂબ નાચ કર્યો, ખૂબ ખૂબ આપ બડાઈના વખાણો કર્યા. સાથોસાથ "**कविला इत्थमवि इहयंति**" આ વાકયથી વીતરાગના મુનિપણાને, અને પોતાના ત્રિદંડીઆપણાને, સરખા કહેવારુપ, ઉત્સૂત્ર પ્રરૂપણા કરી નાખી.

**પ્રશ્ન** : મરિચિના ત્રિદંડિપણામાં દેશવિરતિ ધર્મ તો ખરો કે નહીં ?

**ઉત્તર** : રાજામહારાજાઓ કે શેઠ શાહુકારો અગર કોઈ પણ ગૃહસ્થો. ગૃહસ્થદશામાં રહીને પોતાની અશક્તિ કે આસક્તિના કારણે, સર્વ ત્યાગની શક્તિના અભાવે જીવદયા વગેરે કોઈપણ વ્રતનો સ્વીકાર કરે, તેનું નામ દેશવિરતિ છે. પરંતુ ત્યાગીના વેશમાં રહીને, ચાખડીઓ પહેરવી, છત્ર રાખવું, સુવર્ણની જનોઈ રાખવી, હંમેશ સ્નાન કરવું, શરીરે વિલેપન કરવું, આ બધાની સાથે ત્યાગને મેળ બેસે જ કેમ ? સાધુના વેશમાં ભોગી દશામાં મહાલનારા યોગી કેમ કહેવાય ?

વાચક સમજી શકે છે કે, **જૈન** શાસન નિર્પક્ષપાતી છે. તીર્થંકરોના આત્માઓની પણ ભૂલોને ચલાવી લીધી નથી. મરિચિપણામાં બાંધેલ કર્મોનો ભોગવટો, દશમા તીર્થંકરના તીર્થના પ્રાન્ત ભાગ સુધી, અશુભની મુખ્યતા એ ભોગવાયો છે. અને છેવટે ૧૬મા ભવમાં વિશ્વભૂતિ રાજપુત્ર થયા. જૈની દીક્ષાની પ્રાપ્તિ થઈ. ખૂબ પુણ્ય બંધાયું.

**પ્રશ્ન** : ભાવ ચારિત્ર ઉદયમાં આવવા છતાં પડ્યા કેમ ? બાંધેલું પુણ્ય કેમ નાશ પામ્યું ?

**ઉત્તર** : પુણ્યના ઉદયના ત્રણ પ્રકાર છે—દાન, ભોગ અને નાશ. **એક રસ્તે ચાલતા ત્રણ જણને એક એક હજારની ત્રણેને ત્રણ નોટો જડી. એક જણાએ અભયદાન, સુપાત્રદાન અને અનુકંપાદાનમાં વાપરીને, હજારની પ્રાપ્તિ સફળ બનાવી. બીજાએ શિકારમાં, માંસાહારમાં, મદિરાપાનમાં અને વેશ્યાગુલતાનમાં ઉડાવી. અને ત્રીજાની પાસેથી તમાચા મારીને ચોર ઝૂંટવી ગયા.**

અહીં ઉપનય પહેલાને **પુણ્યથી મળેલું, મોટા ભાગે પુણ્યમાં જ જાય. એમ ભવોભવ આત્મા આગળ વધે** પોતાના પુણ્યનો યથાશકય, જગતના પ્રાણી ગણને લાભ આપે, શરીર, બુદ્ધિ, લક્ષ્મી અને અધિકારનો, દુનિયાના ભલામાં, ઉપયોગ થાય, પોતાનું ચોક્કસ ભલું થાય તેમાં જ વાવે છે.

બીજાઓ પુણ્ય ભોગવવા જ જન્મે છે. જેમ મહાવીર પ્રભુજીના આત્માએ એક હજાર વર્ષ દીક્ષા પાળી. પરંતુ અન્ત સમયે મહા બળવાન થવાનું નિયાણું કરીને, ૧૭મા ભવે સત્તર સાગરોપમના આયુષવાળા દેવ થયા. અઢારમે ભવે સોળમા ભવમાં દીક્ષા પાળી નિયાણું કરવાથી ત્રિપૃષ્ટ નામના પહેલા વાસુદેવ થયા. ચોરાસી લાખ વર્ષ જીવ્યા. ખૂબ ભોગો ભોગવ્યા. ખાન–પાન–ગુલતાનમાં, મહા પાપો આચરીને, ઓગણીસમા ભવમાં સાતમી નરકમાં ગયા.

વીસમા ભવમાં સિંહ થયા. કેવળ માંસાહારમય જીવન જીવી, ક્રોડો જીવોના પ્રાણોના નાશ કરીને, મહા પાપોનાં પોટલાં બાંધીને, ચોથી નરકે ૧૦ સાગરોપમના આયુષ વાળા નારકી થયા. અને ત્યાંથી વળી સંસારમાં અસંખ્યાતો કાળ રખડપટ્ટીમાં ચાલ્યા ગયા.

**પ્રશ્ન** : પ્રભુ મહાવીર દેવના ભવો તો સત્તાવીસ જ કહ્યા છે. તો પછી આટલી મોટી સંખ્યા કેવી રીતે ?

**ઉત્તર** : ચોવીસ જિનેશ્વર દેવોના સમ્યક્ત્વ પામ્યા પછીના ૧/૧૩ ૮/૭ ૧૬/૧૨ ૨૦/૯ ૨૨/૯ ૨૩/૧૦ ૨૪/૨૭ અને સત્તર પ્રભુજીના ત્રણ ત્રણ ભવો કહ્યા છે, તે એક પણ વધારે નથી. જ્યારે પ્રભુ મહાવીર દેવનો એક કોટાકોટિ સાગરોપમથી વધારે કાળ બાકી હતો, ને નયસાર ભવમાં સમ્યક્ત્વ પામ્યા. તેથી નાના ભવો ગણ્યા નથી, મોટા સત્તાવીસ ભવો ગણવાની જ્ઞાની પુરુષોની વિવક્ષા છે.

**પ્રશ્ન** : એક હજારની ત્રીજી નોટને ચોર લઈ ગયા તેનો ઉપનય બતાવો.

**ઉત્તર** : પહેલાનું દાનમાં વપરાયું. જગતના મનુષ્યો પશુઓના કેવળ કલ્યાણમાં વપરાયું. તથા પંચ મહાપરમેષ્ઠી ભગવંતો અને ચાર પ્રકાર શ્રી સંઘની વેયાવચ્ચમાં વપરાયું હતું.

બીજાનું પુણ્યધન, ત્રિપૃષ્ટવાસુદેવ, રાજા રાવણ, આઠમા–સુભૂમચક્રવર્તી, બારમા બ્રહ્મદત્ત ચક્રવર્તી જેવા, અનંતાનંત–રાજવીઓ અને લક્ષ્મીપતિઓનું પુણ્યધન ખાવા–પીવા એશઆરામ–ગાન–તાન–ગુલતાન સાત વ્યસનોના સેવનમાં ગયું તેવું જાણવું.

ત્રીજા પ્રકારના જીવો ગયા જન્મના મહાપુણ્યોદયથી પામ્યા ખરા, પણ બિચારાઓ ઊંટ–બેલ–ને ગધેડાની માફક ભાર બોજો ઉચકનારા જ થયા છે. પોતે ખાધું નહીં, કોઈને ખાવા દીધું નહીં. પાઈ પૈસો દોકડો પણ પરમાર્થ–આખી જિંદગી, જેમ ઝાડુ વાળાનારો માણસ ભેગો કરીને, ગટરો કે ઉકરડામાં ફેંકે છે, જમીનને ચોખ્ખી કરે છે, તેમ બિચારા મમ્મણ ધવલ જેવા કૃપણો ખાય નહિ, ભોગવે નહીં, કોઈને પણ આપે નહીં.

"માખીએ તો મધ કીધું, ન ખાધું ન ખાવા દીધું । લૂંટનારે લૂંટી લીધું"

વળી પણ :

"જગમાં જર જોરી કરી, કર્યું ન સુકૃત કામ ।
વ્યર્થ ગયા તે વૈતરા, દાખે દલપતરામ."

"ભંગીની મહેનત થકી, જમીન ચોખ્ખી થાય ।
સ્વપર મલીન બનાવવા કૃપણોનો વ્યવસાય."

"કચરાને ભેગો કરી, ભંગી લોક સીદાય ।
લક્ષ્મીને ભેગી કરી, કૃપણ ઘણો ફૂલાય."

**પ્રશ્ન** : ભંગીએ ભેગા કરેલા કચરામાં ગંદવાડ હોય છે. લોકોને શૂગ કરાવે છે. દેખનારા નારાજ થાય છે. તો પછી કૃપણની લક્ષ્મીને ભંગીના કચરાની ઉપમા શા માટે ?

**ઉત્તર** : કૃપણની લક્ષ્મીમાં પણ ગંદવાડ હોય છે. કારણ પ્રાયઃ અન્યાયથી ભેગી થાય છે. તેથી સંતોને શૂગ કરવા લાયક છે. કૃપણના ઘરમાં લક્ષ્મી આવે તો પ્રાયઃ સજ્જન આત્મા રાજી થતો નથી. કચરો વાળનારા ઉકરડે કે ગટરમાં ફેંકે છે, તેમ કૃપણ મૂર્ખાઓ દત્તક લઈને, તેને આપી દે છે, ઘર જમાઈ રાખે છે, ચોર લઈ જાય છે, બહારવટીઆ મરાઠાઓ, કાદુમકરાણી, યોગીદાસ ખુમાણ, મીરખાં બલોચ. ભૂપત; વગેરે લોકોએ દુનિયાને લૂંટી માર માર્યો, પાયમાલ બનાવ્યાના દાખલા હજારો મળે છે. કૃપણોનું તેવામાં જાય છે.

કોઈ કવિ : અગનપલિતા રાજદંડ, ચોર મુશ લે જાય,
એ સબ દંડ દુનિયા સહે, ધર્મદંડ સહયો નવ જાય. ॥૧॥

હમણાં પણ બર્મા–પોર્ટુગલ–આફ્રીકા–પાકીસ્તાનમાં વસનારાઓ, લૂંટાઈને આવ્યા છે. આવું બધું અનંતાકાળથી ચાલે છે. પૂર્વના મહાપુરુષો પણ ફરમાવે છે કે.

दायादाः स्पृहयन्ति तस्करगणा मुष्णन्ति भूमिभुजो ।
गृह्णंति छलमाकलय्य हुतभुग् भस्मीकरोति क्षणात् ॥
अम्भः प्लावयति, क्षितौ विनिहितं यक्षा हरन्ते हठात् ।
दुर्वृत्ता स्तनया नयन्ति निधनं धिग् बह्वाधीनं धनं ॥

**અર્થ** : ભાઈઓ, ભતૃજાઓ, ભાણીઆઓ, જમાઈઓ, સાળાઓ બધા જ, નિર્વંશ માણસોની લક્ષ્મીની ઈચ્છા કરે છે. ચોર લોકો લૂંટી જાય છે. રાજાઓ છિદ્રો મેળવીને દંડી નાખે છે. અગ્નિ બાળી નાખે છે. નદી વગેરેના જળના પ્રવાહો ખેંચી જાય છે. જમીનમાં છુપાવેલું વ્યંતર દેવો સ્થાનાન્તર કરી નાખે છે. અને ખરાબ આચરણવાળા કુપુત્રો, જુગાર રમીને શીવકુમારની પેઠે, ધમ્મીલકુમાર, કયવન્ના, સુમતિવિલાસની પેઠે વેશ્યાગામી બનીને ધનનો નાશ કરે છે.

"સાત ક્ષેત્રોમાં વાવતાં કૃપણ ઘણો ગભરાય ।
અવશ્ય મૂકીને જવું, અલ્પ વિચાર ન થાય." ૧

"ભેગું કરી લાખો મરે, વાપરનારા કોક ।
સુપાત્રમાં વાવી મરે, થોડા જગમાં લોક." ૨

"અજ્ઞાની જગ જીવડા, અઢાર પાપનાં સ્થાન ।
સેવી ધન ભેગું કરે, ન કરે કવડી દાન." ૩

"જ્ઞાની વાવે સુપાત્રમાં, ભોગી તન પરિવાર ।
જમાઈ દત્તકને દીયે, કૃપણોના સરદાર." ૪

"ચૈત્ય-જ્ઞાન, જિનબિંબને, સંઘો ચાર પ્રકાર ।
સાત ક્ષેત્ર ધન વાપરે, ધન્યતાસ અવતાર." ૫

"સ્થાન-પાત્ર સમજણ વિના, કેવળ કીર્તિ કાજ ।
કુપાત્રમાં ધન વાવતા. મૂરખના શિરતાજ." ૬

"લક્ષ્મીના ત્રણ મારગો, દાન-ભોગ ને નાશ ।
આપે, ખાય, કે સંગ્રહે યથાયોગ્ય વપરાશ." ૭

ઉપરના ત્રણ જણ એકેક હજારની લક્ષ્મીવાળા, પહેલાનું બધું દાનમાં, બીજાનું કેવળ ભોગમાં (અનાચારમાં પણ), ત્રીજાનું કૃપણદશાથી-દીધું પણ નહીં, ચાખ્યું પણ નહીં, છેવટ નાશમાં ગયું.

**પ્રશ્ન** : રાજા અમરદત્ત જ્ઞાનીભગવંતને પૂછે છે. હે ભગવન્ પછી શું થયું ?

**ઉત્તર** : ગુરુમહારાજ ફરમાવે છે કે દિવસો સુધી મિત્રાનંદનું મડદું લટકતું હતું. તેવામાં એકવાર છોકરાઓની રમતમાં, મોઇ ઉછળીને-પહોળા પડી ગયેલા મિત્રાનંદના શબના, મુખમાં પેસી ગઇ. તમારી બાલક્રીડામાં મડદાએ કહેલું પુરવાર થયું.

**નૃપતિનો પ્રશ્ન** : હે ભગવન્ ! આવા સજ્જન મનુષ્યને આવું ભયંકર દુઃખ કેમ થયું ? આવું દુષ્ટ માર વડે મરણ કેમ થયું ? વગરગુને તેને મરવું પડયું તેનું શું કારણ ? આવી વાતો સાંભળતાં અને પ્રશ્નો પૂછતાં, રાજા અમરદત્ત અને રાણી રત્નમંજરીની આંખો, આંસુથી ભરાઈ ગઈ હતી. મિત્રાનંદના ગુણના આકર્ષણથી, તેમને ગળગળાં બનાવી મૂકયાં હતાં.

**ગુરુમહારાજનો ઉત્તર** : સુખનો ત્યાગ કરીને, સંસારનું સ્વરૂપ વિચારો. આ ચઉગતિ સંસાર કેવળ દુઃખની ખાણ છે. સુખો પણ દુઃખોને કમાવા માટે જ છે. વાંચો, વિચારો અને સમજો.

"સુખનું કારણ ઈન્દ્રિયો, અક્ષો વિષયાધીન ।
વિષયોમાં પાપો ભર્યા, તેથી દુઃખ અસીમ."

તાત્પર્ય એજ છે કે સુખ ભોગવનારને, પાંચ ઇન્દ્રિયોના ત્રેવીશે વિષયો ભોગવાય છે. વિષયો માટે જ હિંસા, અસત્ય, ચોરી, મૈથુન, પરિગ્રહ, ક્રોધાદિ, આરંભાદિ સેવાય છે. તેથી જ જીવને આઠે કર્મો બંધાય છે. આઠ કર્મો જ જીવને નરકાદિ, ચાર ગતિમાં રખડાવે છે.

આ સંસારમાં તીર્થંકર, ઇન્દ્રો, ચક્રવર્તીઓ પણ મરણથી બચ્યા નથી. તો પછી બીજા જીવોનું તો હવે કહેવું જ શું ?

**तिथ्यरा गणहारी, सुरवइणो चक्की-केसवा रामा ।**
**संहरिया हयविहिणा, सेस जीवाण कावत्ता ? ॥ १ ॥**

**અર્થ** : તીર્થંકર ભગવંતો, ગણધર મહારાજાઓ, ઇન્દ્રો, ચક્રવર્તીઓ, વાસુદેવો, બલદેવો આવા મહાપુરુષોને પણ દુષ્ટકાળે ( મરણે) છોડ્યા નથી. બીજા જીવોની તો વાત જ શી ? કોઈ કવિ—

"છાયા મીશ કરીએ નિત્યે, છલગવેષે છાનો ।
ઓચિંતો એ પકડી જાશે, કાંઈક ચડાવી બાનો."

માટે શોકનો ત્યાગ કરો. અને હવે નવાં કર્મ ન બંધાય તેનો વિચાર કરીને, શ્રીવીતરાગ જિનેશ્વરદેવોએ બતાવેલો, અને પાપનો જ નાશ કરાવનારો, ધર્મને સમજીને શક્તિઅનુસાર આચરણમાં મૂકો.

**પ્રશ્ન** : રાજા અમરદત્ત પૂછે છે : હે પ્રભુ ! મિત્રાનંદનો આત્મા મરીને ક્યાં ઉત્પન્ન થયો છે ? તે જ્ઞાન–દિવાકર આપ જરૂર ફરમાવશો.

**ઉત્તર** : ગુરુ કહે છે કે શ્રી મિત્રાનંદનો જીવ મરવાના સમયે, તમો બન્ને દંપતી પ્રત્યે પૂજ્ય ભાવને ધારણ કરતો મરીને, આ તારી રત્નમંજરી રાણીની કુક્ષિમાં, પુત્રપણે ઉત્પન્ન થયો છે. પૂર્ણ માસે જન્મશે. કમલગુપ્ત નામ થશે. કુમાર પદવી ભોગવીને રાજા થશે. રાજા પૂછે છે.

**પ્રશ્ન** : મિત્રાનંદને ચોરની પેઠે, વગર અપરાધે અકાળ મરવામાં કારણ શું ? તથા રાણી રત્નમંજરીને મારીનું કલંક કેમ લાગ્યું ? અમારા ત્રણનો પરસ્પર આટલો સ્નેહ તેનું શું કારણ ?

**ઉત્તર** : ગુરુ કહે છે, આ ભવથી પહેલાં, ત્રીજા ભવમાં, એક ગામમાં ક્ષેમંકર નામનો ખેડૂત હતો. તેને સત્યશ્રી નામની સુશીલા પત્ની હતી. તેને ઘેર ચંડસેન નામનો

નોકર હતો. તે સ્વભાવે ખૂબ સારો હતો. ખેડૂત દંપતીનો અજોડ ભક્ત વિનીત, અને સ્નેહાળુ હતો. તે જ પ્રમાણે ક્ષેમંકર અને સત્યશ્રી પણ, તેને પુત્રની પેઠે સાચવતાં હતાં. ત્રણેનું પરસ્પર સ્નેહપૂર્ણ જીવન હતું.

એકવાર ચંડસેને, પોતાની જોડેના, પાડોસીના ક્ષેત્રમાં. કોઈ મુસાફરને ધાન્યનાં કણસલાં લેતાં જોયો હતો. તે પ્રમાણે ક્ષેત્રના માલિકે પણ મુસાફરને કણસલાં લેતાં જોયો. છતાં તેણે, પોતાની ઉદારતાથી મુસાફરને ટોકયો નહીં. પરંતુ ચંડસેને વિના સ્વાર્થ મુસાફરને ધમકાવ્યો. અને વધારામાં, એમ પણ કહ્યું કે, આ ચોરને પકડો–બાંધો અને આ મોટા ઝાડ નીચે ઊંધો લટકાવો. આવું અનર્થની પરંપરા વધારનારું ઘણું બોલી નાખ્યું છે.

આવું સાંભળીને મુસાફરને ખૂબ ખરાબ લાગ્યું. તેને વિચારો આવ્યા કે, જેનું ક્ષેત્ર છે, તે નજરે દેખવા છતાં, બોલતો નથી. અને આ પાપાત્મા મને ભાંડે છે. અહો આ માણસની વિના કારણ દુષ્ટતા! આવા વિચારોથી, તેને મિત્રાનંદના જીવ ચંડસેન ઉપર વૈર બંધાયું. મુસાફર ત્યાંથી ચાલ્યો ગયો. અને ચંડસેનને અવશ્ય ભોગ્ય કર્મ બંધાઈ ગયું.

મુસાફર કેટલાક ભવો ભટકી, અકામ નિર્જરા યોગથી, વ્યંતર દેવ થયો, અને તેણે જ શબના શરીરમાં પ્રવેશ કરીને, તમારી અડોલિકાની રમતમાં, અડોલિકા, શબના મુખમાં પેસી ગઈ ત્યારે, મિત્રાનંદ ખડખડાટ હસી પડ્યો, તેના ઉત્તર રૂપે "આ પ્રમાણે જ, આ જગ્યાએ જ, તારા લટકતા મડદાના મુખમાં, મોઈ પેસશે ઇત્યાદિ કહ્યું હતું. મનથી–વચનથી કે કાયાથી, કરેલાં પાપો, અવશ્ય ભોગવવાં પડે છે.

**પ્રશ્ન** : માત્ર બોલવા માત્રથી પાપો બંધાતાં હોય? તો માણસો હજારો વાર ગમે તેવું બોલી નાખે છે, તો શું બધાં પાપો બંધાતાં હશે?

**ઉત્તર** : આપણે આંહીં કોઈને ગાળ આપીએ તો, તે મનુષ્યને ખોટું લાગે કે નહીં? સામો મનુષ્ય આપણા થકી અધિક હોય તો, વળતી ગાળ કે માર આપીને, બદલો વાળે કે નહીં? ગરીબ હોય તો, તેના ચિત્તને દુઃખ લાગે છે કે નહીં? ફરિયાદ કરે તો રાજા દંડે કે નહીં? આ બધા સાક્ષાત ગુનાનાં ફળો ભોગવવાં પડે છે. તો પછી સામાને ન ગમે તેવાં, બોલાયેલાં વાક્યો; પછી તે ક્રોધથી, હાસ્યથી, તિરસ્કારથી, ગર્વથી કે લોભથી, બોલનારને અવશ્ય ચિકણાં કર્મબંધનું કારણ થાય તેમાં આશ્ચર્ય શું?

અહિં માત્ર વાકયની કડવાસથી, તમને રાજરાણીને પણ બંધાયેલાં કર્મ સાક્ષી પૂરે છે. જુઓ, ગયા જન્મમાં પોતાની પુત્રવધૂ જમતી હતી, ત્યારે તેણીને, આહારનો ટુકડો અથવા કવળ. ગળે અટકી રહેવાથી, જરા વાર તેણીને ગભરામણ આવી ગઈ, ત્યારે સાસુજીએ તેણીને કહ્યું કે, રાક્ષસીનિ પેઠે મોટા મોટા કવળ કેમ ખાય છે? સાસુના આવા કડવાં વચન સાંભળી તેણીને ઘણું દુઃખ લાગ્યું, અને સાસુને ચિકણાં કર્મ બંધાયાં, તેથી રત્નમંજરીને રાક્ષસીનું કલંક આવ્યું.

**હવે ક્ષેમંકરને અમરદત્તના આગલા ત્રીજા ભવમાં, ચિકણાં કર્મ બંધાયાં તે સાંભળો.**

એક વાર ચંડસેનને, પોતાના કુટુંબને મળવા જવું હતું. તેણે ક્ષેમંકર પાસે રજા માગી. પરંતુ ક્ષેમંકરને ચંડસેનની સેવાનો, થોડો પણ વિયોગ અસહ્ય હોવાથી, ક્ષેમંકરને ઘણો આવેશ આવી ગયો અને બોલી નાખ્યું. અમને ક્ષણ વાર પણ તારા વિના ચાલતું નથી, "તેથી તને કાયમ માટે કુટુંબનો વિયોગ થઇ જાય તો સારું? અને તો જ તું અમને છોડીને, ઘેર જવાની ઇચ્છા કરે નહિ. એમ હું ઇચ્છું છું.

ચંડસેનને ક્ષેમંકરનું આવું ભાષણ સાંભળી મનમાં ખૂબ દુઃખ લાગ્યું. ક્ષણ વાર આંખોમાં આંસુ પણ આવ્યાં અને ક્ષેમંકરને ચિકણાં કર્મ બંધાયાં. તેથી જ ચાલુ ભવમાં માતાપિતા – રાજારાણી (મકરધ્વજ રાજા અને મદનસેના રાણી)નો વિયોગ થયો. અને દેવધરના ઘેર જઈ અમરદત્ત મોટા થયા. દેવધર અને દેવસેના વણિક–દંપતી પાલક માબાપ થયાં.

**પ્રશ્ન** : અમરદત્ત રાજવીનો **પ્રશ્ન** : હે જ્ઞાનદિવાકર ગુરુ મહારાજ! અમે એવાં શું પુણ્ય કર્યાં કે જેના પ્રતાપથી આવી જૈન ધર્મના યોગવાળી રાજ્યલક્ષ્મી પ્રાપ્ત થઈ છે?

**ઉત્તર :** ક્ષેમંકર, સત્યશ્રી અને ચંડસેન નોકર. આ ત્રણેનું સુખમય જીવન ચાલતું હતું. તેવામાં એક દિવસ ક્ષેમંકરના ઘેર ગીતાર્થ તપસ્વી બે મહા મુનિરાજો વહોરવા પધાર્યા. મુનિઓને જોઈ આ ત્રણે જણને ખૂબ આનંદ થયો. કહ્યું છે કે—

**आनंदाश्रुणी रोमाञ्चो, बहुमानं प्रियंवचः। किञ्चानुमोदना पात्र–दानभूषणपंचकं॥**

**અર્થ :** જીવને સુપાત્રનો યોગ મળવો દુર્લભ છે અને સુપાત્રનો યોગ મળે તેને સફળ બનાવવો એ વળી અતિ દુર્લભ છે. ઘેર શુભ પાત્ર પધારે ત્યારે, આંખમાં હર્ષનાં આંસુ આવી જાય, તથા રોમરાજી વિકસિત થાય. વહોરવા પધારેલા શુભપાત્રને ખૂબજ માન આપે. મુનિરાજને નજરે જોઈ, બેચાર ડગલાં સામા જાય. પધારો, પધારો, પધારો. આવા શબ્દો મુખમાંથી, સ્વભાવથી જ નીકળી પડે. અને વહોરાવ્યા પછી વારંવાર, આખો દિવસ કે આખી જિંદગી, અનુમોદના થાય. આ શુભ પાત્રદાનનાં પાંચ ભૂષણો કહ્યાં છે.

**પ્રશ્ન :** વહોરવા પધારેલા મુનિરાજોને ગીતાર્થ તપસ્વી કહ્યા તેનો ભાવાર્થ સમજાવો?

**ઉત્તર :** વહોરવા જનાર જ્ઞાની હોય, અને તપસ્વી પણ હોય. તેમને વહોરાવવાનો

લાભ વધારે કહ્યો છે. શાસ્ત્રોમાં ઉત્તમ મુનિરાજને પણ, અવસ્થા વિશેષ પામેલાને, દાન આપ્યાનો ઘણો લાભ છે. કહ્યું છે કે :

**पहसंत-गिलाणेसु, आगमगाहीसु तहय कयलोए।**
**उ-तरपारणगम्मिय दिन्नं सुबहुफलंहोइ ॥ १ ॥**

**અર્થ** : વિહાર કરીને થાકીને આવેલા હોય, માંદા હોય, દિનરાત જૈનાગમોના અભ્યાસી હોય, વાચના લેતા હોય, આપતા હોય, સમજવા માટે પ્રશ્ન પૂછતા હોય, તથા ભણેલું વારંવાર સંભાળી જતા હોય, ખૂબ-મનન-ચિંતન-નિદિધ્યાસન કરતા હોય, ધર્મકથા કરતા હોય, મસ્તક દાઢી મુચ્છનો લોચ કીધો હોય, અને મોટી છઠ-અઠ્ઠમાદિ તપશ્ચયા. કરવાના હોય. અર્થાત તપશ્ચર્યાનું ઉત્તરપારણું (આગલો દિવસ હોય) ચકારથી-તપસ્યાનું પારણું હોય, તેવા આત્માઓને વહોરાવ્યાનો, ઘણો લાભ જાણવો.

**પ્રશ્ન** : ભણેલા ન હોય, ભણવાના ખપીપણ ન હોય. પરંતુ તપસ્વી હોય તો દાન દેનારને લાભ થાય કે થાય જ નહીં ?

**ઉત્તર** : ગુરુઓની નિશ્રામાં રહેતા હોય, યાદ ન રહે તો પણ ભણવાનો ઉદ્યમ ચાલુ રાખતા હોય પણ, જ્ઞાન ન ચડતું હોય તેવા, અલ્પ ભણેલા કે માસતુષ પેઠે અભણ હોય તો પણ, સુપાત્ર જ ગણાય છે. પરંતુ જ્ઞાન ભણવાનો ઉદ્યમ જ ન હોય, તેવાઓને સુપાત્ર કહેવા કે અપાત્ર કહેવા, તે જ્ઞાનિપુરુષ ગમ્ય જાણવું. અહીં એક ઉપદેશ માળાની ગાથાનો અનુવાદ લખાય છે.

"ગીતાર્થ વિણ જે ઉગ્રવિહારી, તપિયા પણ મુનિ બહુલ સંસારી,
અલ્પાગમ તપ કલેશ તે જાણો, ધર્મદાસ ગણી વચન પ્રમાણો."

આજ પ્રમાણે વિ-લક્ષ્મીસૂરિ-મ-

"અલ્પાગમ જઈ ઉગ્ર વિહાર કરે, વિચરે ઉદ્યમ વંતોજી।
ઉપદેશમાલામાં કિરિયા તેહની, કાયકિલેશ તસ હુંતજી."

**પ્રશ્ન** : તપસ્યા કરતા ન હોય, પણ જ્ઞાની હોય, વ્યાખ્યાની હોય, તેવા તો શુભ પાત્ર ગણાયને ?

**ઉત્તર** : ભગવાન શ્રી વીતરાગનો ધર્મ **सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः** સમ્યક્ત્વ-જ્ઞાન અને ચારિત્ર ત્રણે ભેગાં હોય. તો જ વીતરાગના મહામુનિરાજ કહેવાય છે. શ્રદ્ધા, સમજણ અને આચરણને પામેલા મહામુનિરાજો એક દિવસ તો નહીં પરંતુ ક્ષણ પણ તપસ્યા વિના કેમ રહી શકે ?

**પ્રશ્ન** : ચોથા આરામાં વજ્રઋષભ-નારાચ સંઘયણ હતું, ત્યારે તપ કરી શકતા હતા. આ કાળમાં છેવઠ્ઠા સંઘયણવાળા આપણાં જીવો તપ શી રીતે કરી શકે ?

**ઉત્તર** : ચોથા આરામાં આંતરા વિના, એકજ પારણું કરીને–અઠાઈ–દશ–પન્નર માસક્ષમણાદિ કરતા હતા. એવી તપસ્યા આજે ન થાય તે બનવા યોગ્ય છે. પરંતુ આ કાળમાં પણ, અઠ્ઠમના પારણે અઠ્ઠમ, છઠ્ઠના પારણે છઠ્ઠ ઉપવાસ એકાસણું, અને ઉપવાસ. આવા તપથી વર્ષીતપ અને તે પણ વર્ષો સુધી દશ–પન્નર–વીસ–પચ્ચીસ વર્ષોથી અવિચ્છિન્ન ચાલુ છે. આવા મહાત્મા–સાધુ–સાધ્વી–શ્રાવક–શ્રાવિકા હમણાં પણ ઘણા વિદ્યમાન દેખાય છે.

તથા વર્ધમાન તપની સો ઓળી, સંપૂર્ણ કરનાર, બીજી વાર વર્ધમાન તપ શરૂ કરીને પણ, પૂર જોશથી આગળ વધી રહેલા, મહાનુભાવો, શ્રીમહાવીર પ્રભુજીના શાસનમાં હમણા પણ આપણાને દર્શન આપી રહેલા હૈયાત છે. ચોવિહાર છઠ્ઠ કરીને શત્રુંજય ગિરિરાજની સાત યાત્રા ૧૧૪ વાર કરનાર ભાગ્યશાળી આત્મા હમણાં વિચરી રહેલ છે. **માતા–પુત્રી સાધ્વીજી** તથા વર્ધમાન તપની સો ઓળી સંપૂર્ણ કરનાર, પચ્ચાસ, સાઈઠ, જેટલા નજરે દેખાય છે. અને પચ્ચાસ, સાઈઠ, સિત્તેર, એંસી, નેવું, સુધી પહોંચેલા સેકડોની સંખ્યામાં નજરે પડે છે. તેથી ચાલુ કાળમાં સેવાર્તસંઘષણના કારણે, તપશ્ચર્યા કરી શકે નહિ, કે કરી શકતા નથી, એ બરાબર નથી, પરંતુ જે આત્માઓને સંસારના પરિભ્રમણથી કંટાળો આવ્યો હોય, જે આત્માને સંસાર પરિભ્રમણનો થાક લાગ્યો હોય, જેમને નરકગતિ અને પશુગતિના દુઃખોની ભયંકરતા સમજાઈ હોય, તેવા આત્માઓ આ કાળમાં પણ સંસારને અલ્પ બનાવવાના બધા ઉદ્યમો જરૂર કરે છે.

**પ્રશ્ન** : જેઓ તપ કરી શકતા જ ન હોય, તો શું તેવા આત્માઓ આરાધક ગણાય નહિ ?

**ઉત્તર** : અતિ અશક્તિ અથવા કાયમી માંદગી–રોગોનું આક્રમણ ચાલુ જ રહેતું હોય, તેવા મુનિરાજો તપ ન કરી શકે, એ બનવા યોગ છે, અને તે શ્રીવીતરાગના માર્ગમાં અપવાદ માર્ગ સમજવો. સશક્ત મુનિરાજો–છઠ, અઠ્ઠમાદિ, તપ, **આયંબીલ** છેવટ **એકાશણું** દરરોજ કરતા હોય છે.

અકબર બાદશાહ જેવા સમ્રાટને પ્રતિબોધ કરનારા, અને તે કાળના સમગ્ર ભારતદેશમાં અમારિપડહ વગડાવી અબજો જીવોને અભય દાન અપાવનારા, જગદ્ગુરુ હીરવિજય સૂરિમહારાજ પોતે, **બારે માસ એકાશણું કરતા હતા. ચાર ક્રોડ સ્વાધ્યાય કરી શક્યા હતા. આગમો શું કહે છે ? વાંચો**—શાસ્રો કહે છે કે :

**दुद्धदही विगईओ, आहारेइ अभिक्खणं । अरएअतवोकम्मे, पावसमणुत्ति वुच्चइ ॥**

**અર્થ** : દૂધ, દહી વગેરે છ વિગ્ગઈ બારેમાસ હંમેશ વાપરતો હોય, અને ઉપવાસ–છઠ વગેરે કાંઈ તપ કરતો ન હોય તે **પાપશ્રમણ** કહેવાય છે. ઇતિ–ઉત્તરાધ્યયન.

તથા વળી—

जहा दवग्गी पउरेन्धनेवने, समारुओ, नोवसमंउवेइ ।
एवेंदिअग्गीवि पगामभोइणो, नबम्मयारिस्स हिताय कप्पइ ॥

**અર્થ** : જેમ ઘણા કાષ્ટોવાળા વનમાં, સળગેલો અગ્નિ પવનની સહાય મળે તો સમગ્ર વનનો નાશ કરે છે, તેમ પાંચ ઇન્દ્રિયોરૂપ અગ્નિઓને, છ વિગઈઓરૂપ ઘણા પવનોનો સાથ મળે તો, બ્રહ્મચર્ય ગુણરૂપ ખીલેલા વૃક્ષોનું, સમગ્ર વન બાળીને ભસ્મ કરે અથવા તો બળીને ભસ્મ થઈ જાય તેમાં નવાઈ નથી.

**પ્રશ્ન** : જૈનમુનિરાજો જ્ઞાન ભણે, અન્યને ભણાવે, વ્યાખ્યાનો દ્વારા, સેંકડો હજારોને ધર્મ અને નીતિનો માર્ગ બતાવે, પછી તપ ન કરે તો પણ; તેઓ સદા ઉપવાસી જ છે. આવું કહેવાય છે તે બરાબર નથી?

**ઉત્તર** : ભગવાનના શાસનમાં એકએક વસ્તુ સાપેક્ષ છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ આ ચાર વસ્તુ ભેગી મળે તો જ, આરાધનાની સંપૂર્ણતા થાય છે. તપ વડે જ ચારિત્ર શોભે છે અને ખીલે છે, સચવાઈ જળવાઈ રહે છે. ચારિત્ર હોય તો જ જ્ઞાનની સફળતા ગણાય છે, અને દર્શન પણ જ્ઞાનથી ઉજ્વળ બને છે, નિર્મળ બને છે, સ્થિર થાય છે.

દર્શન અને જ્ઞાનમાં પણ સમ્યગ્દર્શન આવ્યા પછી જ પૂર્વોનું ભણતર પણ અજ્ઞાન મટીને જ્ઞાન બને છે.

**ઉપાધ્યાયજી** મ. ફરમાવે છે કે—

"સમકિત વિણ નવ પરવી, અજ્ઞાની કહેવાય ।
સમકિતી અડપવયણ ધણી, પણ જ્ઞાની કહેવાય. ॥"

તથા સમ્યગ્દર્શન જ્ઞાન પામેલા પણ ચારિત્ર નહિ પામેલા શ્રેણિકમહારાજા જેવાઓ, નરકગતિમાં પણ ગયા છે.

અને ચારિત્રના અર્થીને તપ વિના ક્ષણ વાર પણ ચાલે નહીં.

**માટે જ મહાપુરુષો કહે છે કે—**

जहाखरो चन्दनभार वाही, भारस्स भागी नहु चनदनस्स ।
एवं खुनाणी चरणेण हीनो नाणस्स भागी नहु सुगइए ॥१॥

**અર્થ** : જેમ ગધેડાના શરીર ઉપર નાંખેલી ચંદનના કાષ્ટની ગુણ, તે બિચારા ગધેડાને જરા પણ સુગંધનું કારણ બનતી નથી, પરંતુ કેવળ શરીરને બોજારૂપ જ થાય છે. ભાર ઉપાડીને ગધેડો હેરાન થાય છે, દુઃખી થાય છે અને સુગંધ બીજાઓ મેળવે છે. તેમ જ્ઞાન ભણેલો મનુષ્ય, જ્ઞાનસ્ય ફલંવિરતિઃ-વિરતિ ન પામે તો ચાલુ જન્મના માન-સન્માન સત્કારો મેળવીને કુગતિઓમાં ભટકવા ચાલ્યો જાય છે. પરંતુ સુગતિ પામતો નથી.

**કોઈ કવિ—**

" પંડિત-વૈદ્ય-મશાલચી, બાતાં કરે બડાઈ ।
ઓરનકું ઉજારા કરે, આપ અંધારે માંઈ. "

" સ્વયં શુદ્ધ નવ આચરે, દે બીજાને જ્ઞાન ।
તેવા સઘળા માનવી, પંડિત નહીં હેવાન. "

" એકૂણાશત પંચને, નિઝામણા દાતાર ।
ગુરુ થયા પાતાલમાં, પ્રમાદે અગ્નિકુમાર. "

શ્રી વીતરાગ દેવોના શાસનના સાચા મુનિરાજો માટે નીચેની ગાથા વિચારવા યોગ્ય છે.

**नाणेण जाणइ भावे, दंसणेणेव सद्दहे । चरित्तेण निगिण्हाइ तवेण परिसुज्झइ ॥**

ઈતિ ઉત્તરાધ્યયન

**અર્થ** : જાગતો આત્મા જ્ઞાન વડે પદાર્થોને જાણે છે. જાણેલ પદાર્થોને, સમ્યગ્-દૃષ્ટિજીવ સાચા માને છે. ચારિત્ર વડે નવાં કર્મને આવતાં અટકાવે છે. અને તપ વડે ઘણાં કાળનાં પણ બાંધેલાં કર્મોનો નાશ કરીને, આત્મા શુદ્ધ થાય છે.

**પ્રશ્ન** : જ્ઞાનવડે જાણેલા પદાર્થોને, સાચા ન માનવાનું કારણ શું? જ્ઞાન કોને કહેવાય?

**ઉત્તર** : શ્રીવીતરાગદેવોના વચનોને જ જ્ઞાન કહેવાય છે. પરંતુ શ્રદ્ધા વગરના જીવો, શ્રીવીતરાગદેવોના વચનોને પણ સાચાં માનતા નથી.

**પ્રશ્ન** : શ્રીવીતરાગદેવોનાં આગમોને, સાચા માનનારા, પાછળના આચાર્યોના વચનોને સાચાં ન માને તો પણ, શ્રદ્ધા વગરના કે મિથ્યાદષ્ટિ કહેવાય ખરા?

**ઉત્તર** : આગમો પણ તીર્થંકર દેવનાં બનાવેલાં નથી. પરંતુ ગણધરદેવોનાં જ બનાવેલાં છે. શ્રીજિનેશ્વરદેવોએ તો ફક્ત " **उपन्नेइ वा विगमेइ वा धुवेइ वा** " આ ત્રિપદી

જ બતાવી છે. આ ત્રણ પદોના અવલંબનને પામીને, ગણધર દેવોએ દ્વાદશાંગીની રચના કરી છે. અને જેમ જેમ વખત જતો ગયો, બુદ્ધિની ઓછાશ થતી ગઈ, તેમ તેમ ભદ્રબાહુ-સ્વામી વગેરે મહાપ્રભાવક, અને જ્ઞાનના સમુદ્ર મહાઉપકારી પુરુષોએ **નિર્યુક્તિ, ચૂર્ણી, ભાષ્ય, ટીકાઓની** રચનાઓ કરી છે. એટલે સંપૂર્ણ પંચાંગી શ્રીતીર્થંકર દેવોનાં જ વચનો છે, એમ સમજીને માનવી જોઈએ. તો જ મહા અર્થથી ભરેલાં આગમો સમજી શકાય છે.

**પ્રશ્ન** : આગમો હતાં, પછીથી નિર્યુક્તિઓ વગેરે કેમ થયું ?

**ઉત્તર** : જ્યાં સુધી પૂર્વધરોની પરંપરા ચાલી ત્યાં સુધી, અને ખૂબ ક્ષયોપશમ-વાળા બુદ્ધિવાન પુરુષો થતા ગયા ત્યાં સુધી, અતિ ગૂઢાર્થ આગમોના અર્થ સમજી શકાતા હતા. પરંતુ આગમોના અર્થો અતિ કઠણ જણાવા લાગ્યા ત્યારે, તે તે કાળના સર્વશ્રેષ્ઠ વિદ્વાનોએ, નિર્યુક્તિઓ વગેરે આગમના જ અર્થને, વધારે સ્પષ્ટ કરનારી વ્યાખ્યાઓ લખી, અને તેના નિર્યુક્તિ વગેરે નામો અપાયાં છે.

**પ્રશ્ન** : પંચાંગી એટલે શું ?

**ઉત્તર** : હાલ વિદ્યમાન–પીસ્તાલીશ આગમો મૂલ સૂત્રો કહેવાયાં છે. તેમાં **અગિયાર અંગ છે, બાર ઉપાંગ છે, છ છેદસૂત્ર છે, ચાર ઉત્તરાધ્યયનાદિ મૂલ સૂત્ર છે. દશ પયન્ના** છે. એક **નંદીસૂત્ર**, બીજું **અનુયોગ દ્વાર સૂત્ર.** કુલ ૪૫ આગમો જાણવાં. ૧૧–૧૨–૬–૪–૧૦–૨.

**પ્રશ્ન** : પીસ્તાલીસ આગમોથી, શ્રીજિનેશ્વરદેવોનો માર્ગ સમજી શકાતો હોય તો, બીજા આચાર્યોએ, પાછળથી ઘણી વસ્તુઓના ઉમેરા કરવાની શી જરૂર ?

**ઉત્તર** : આગમનાં, વ્યાકરણનાં કે ન્યાયનાં સૂત્રો હોય, પરંતુ ખૂબ જ ટૂંકાણમાં હોય છે, સંકેતવાક્ય જેવાં હોય છે, તેને સમજવા વિસ્તારથી, અતિવિસ્તારથી અર્થ બતાવવો જોઈએ; જેમકે દ્વાદશાંગીનો સંપૂર્ણ અર્થ કરવો હોય તો, અનંતા અર્થો થાય છે.

જુઓ પંડિત પ્રવર વીરવિજય મ.

ઋષભજિનેશ્વર કેવલપામી, રયણ સિંહાસન ઠાયાજી, અનભિલાપ્ય અભિલાપ્ય અનંતા, ભાગ અનંતે ઉચ્ચરાયાજી । તાસ અનંતમે ભાગે ધારી, ભાગ અનંતમે સૂત્રજી, ગણધર–રચિયાં આગમ પૂજી, કરીએ જન્મ પવિત્રજી.

**અર્થ** : શ્રીજિનેશ્વરદેવો કેવલજ્ઞાન વડે, અનંતાનંત પદાર્થોને જાણે છે. તેમાં અનંતાનંત પદાર્થો તો વચન વડે વર્ણન થઈ શકે જ નહીં તેવા હોય છે. તેના અનંતમા ભાગના વચન વડે વર્ણન કરી શકાય તેવા પદાર્થોને, ત્રિપદીના સંકેત વડે,

ભગવાન ઉચ્ચરાવે છે. પરંતુ મહાબુદ્ધિશાળી પણ, છદ્મસ્થ ગૌતમાદિગણધર ભગવંતો, તેમાંથી પણ અનંતમે ભાગે જ ધારી શકે છે. તેઓ જેટલું ધારી શક્યા છે, તેના પણ અનંતમે ભાગે દ્વાદશાંગીમાં ગોઠવે છે. આવી એક ગણધરની દ્વાદશાંગી પણ, અનંતા કેવલી ભગવંતો થાય, ત્યારે જ સંપૂર્ણ અર્થ કહેવાઇ શકે છે.

**પ્રશ્ન** : કેવલી ભગવાન જેટલું જાણે છે, તેટલું વર્ણન કેમ ન કરી શકે?

**ઉત્તર** : કેવલી ભગવાન એક સમયમાં ત્રણે કાળને જાણે છે. લોકાલોક સર્વને જાણે છે. જીવ અજીવના સર્વ-દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે છે. પરંતુ આયુષ પરિમીત હોવાથી, વર્ણન માટેનો સમય પહોંચતો ન હોવાથી, કહીં શકાય નહી.

વાચકો સમજી શકે છે કે, સૂત્રોનો અર્થ અનંતો હોવાથી, સૂત્રો ઉપર પાછળના અતિશય જ્ઞાની, ભદ્રબાહુસ્વામી, અને પાછળથી ચૂર્ણીકારો, ભાષ્યકારો અને ટીકાકારોએ જે લખ્યું છે તે તે બધું સૂત્રની સ્પષ્ટતા માટે, ખૂબ જાગતા રહીને, ઉત્સૂત્ર ન લખાઈ જવાની કાળજી રાખીને, મળ્યા તેટલા આધારો સામે રાખીને જ, લખ્યું છે. અને ભવના ભીરુ અને તત્ત્વના અર્થી આત્માઓને, તે બધું તદ્દન સાચું લાગે છે.

**પ્રશ્ન** : પૂર્વધરો પછીના કાળના વિદ્વાનો પણ છદ્મસ્થ તો ખરા જ ને? તેઓ ન ભૂલે એ કેમ માની લેવાય?

**ઉત્તર** : નિર્યુક્તિકાર તો ચૌદ પૂર્વી હતા. અને ભાષ્યકાર, ચૂર્ણીકારો, ટીકાકારો, લાખો ગાથાઓ કંઠસ્થ રાખનારા, અતિ વિદ્વાનો હોવા ઉપરાંત, સાધનોની અપેક્ષાવાળા હતા, ભવના ભીરુ પણ હતા. તેમને સો ટકા લાગ્યું તેટલું જ લખ્યું છે અથવા ન લાગ્યું ત્યાં તત્ત્વ કેવલિગમ્ય લખ્યું છે.

આ સર્વ દલીલોથી વાંચનાર મહાશય જરૂર સમજી શકે છે કે આગમો ઉપરનાં **નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણીઓ અને ટીકાઓ** પણ સૂત્રના જેટલાં જ પ્રમાણિક છે. અને આ નિર્યુક્તિઓ વગેરે સાધનોની સહાયથી જ સૂત્રના મર્મો કાંઈક અંશથી સમજી શકાય છે અને જેઓ પંચાંગીને માનતા નથી તેઓ વાસ્તવિક તો સૂત્રના જ ઉત્થાપક છે એમ સમજાય છે, તથા પચીસો વર્ષથી અત્યાર સુધીના આચાર્યોના, નિર્યુક્તિઓ વગેરે ગ્રન્થો જેમને માન્ય ન હોય, તેમને પોતાની પરંપરાના પૂર્વજોનાં વાકયો પણ માન્ય કેમ ગણાય?

અને ઉપરની બધી દલીલો વાંચનાર મહાશય એ પણ જાણી શકયા હશે કે શ્રીજૈનશાસનના મહામુનિરાજો ત્યાગી, તપસ્વી અને જ્ઞાની હોય તેઓ જ સાચી આરાધના પામી શકે છે, અને ત્યાગ, તપ, જ્ઞાન અને શ્રદ્ધાના સમુદ્ર મહામુનિરાજો જ સુપાત્ર તરીકે સ્વપરનું કલ્યાણ કરનારા થાય છે.

હવે આપણી ચાલતી **ક્ષેમંકર, સત્યશ્રી અને ચંડસેનની** કથા જણાવાય છે. ક્ષેમંકરના ઘેર બે-મહામુનિરાજો વહોરવા પધાર્યા. તેઓ જ્ઞાની અને તપસ્વી પણ હતા. અષ્ટપ્રવચન

માતામય ચારિત્ર પાળનારા હતા. તેમને પધારેલા જોઇ, ત્રણે જણ ખૂબ ખુશી થયાં, સામા ગયા. અતિ આદરથી ઘરમાં પધરાવી, વિવેક, વિનય, આદર અને સન્માનપૂર્વક, નિર્દોષ આહારપાણી વહોરાવ્યાં. ઉપરથી મુનિભગવંતોની ખૂબજ સ્તુતિ કરી, થોડા ડગલાં પાછળ પાછળ મૂકવા–વહોળાવવા ગયા. મહામુનિરાજોએ દેવ–ગુરુ–ધર્મનું સ્વરૂપ સમજાવ્યું. અને ત્રણે મહાશયોએ આદરપૂર્વક સાંભળ્યું.

ક્ષેમંકર દંપતીએ અને ચંડસેને પોતાનો આજનો દિવસ, અથવા આખો જન્મ સફળ થયા જેટલો આનંદ અનુભવ્યો. વારંવાર સુપાત્ર દાનની અનુમોદના કરતા કરતા, તે જ દિવસે રાતના વિજળી પડવાથી, મરણ પામીને ક્ષેમંકર, સત્યશ્રી, અને ચંડસેન; ત્રણે જણા સૌધર્મ સ્વર્ગમાં દેવ થયા. અને પરસ્પર સ્નેહમય દેવના સુખો ભોગવીને, દેવભવથી ચ્યવીને, ક્ષેમંકર તે તમે અમરદત્ત રાજા, સત્યશ્રી તે રત્નમંજરી રાણી, અને ચંડસેનજીવ મિત્રાનંદ થયા જાણવા.

પૂર્વજન્મમાં જેણે જેવું કર્મ બાંધ્યું હતું, તેને તેવું ઉદયમાં આવ્યું છે. ગુરુમુખથી પોતાના પૂર્વભવોનું વર્ણન સાંભળતાં સાંભળતાં, સભામાં જ રાજા–રાણીને જાતિસ્મરણ જ્ઞાન થયું. જેવું ગુરુ મહારાજાએ કહ્યું, તે મુજબ તેમણે સાક્ષાત અનુભવ્યું અને ગુરુમહારાજ પાસે, સમ્યકત્વ મૂલ બાર વ્રતો સ્વીકાર કરીને, શ્રાવક યોગ્ય ધર્મની બધી શકય આરાધનાઓ કરવા લાગ્યા.

પૂર્ણ સમયે રાણી રત્નમંજરીને પુત્ર થયો. ગુરુ વચનાનુસાર કમલગુપ્ત નામ રખાયું, દેવકુમારની માફક ખૂબ લાડકોડમાં, બાલ્યકાળ અનુભવતા, પિતામાતાની યોજના અને પોતાના ક્ષયોપશમ અનુસાર, અનેક વિદ્યાઓ અને કળાનો, પારગામી થયો.

છેવટે અમરદત્ત રાજવીએ પુત્ર કમલગુપ્તને રાજ્ય આપી, પત્ની રત્નમંજરી સાથે; ધર્મઘોષ નામના સૂરિભગવંત પાસે, દીક્ષા લીધી; ગ્રહણ આસેવન શિક્ષા પામી, નિરતિચાર, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર–તપની આરાધના કરી, અમરદત્ત, રત્નમંજરી, આઠે કર્મોનો ક્ષય કરી, કેવળજ્ઞાન પામી મોક્ષ પધાર્યાં.

## ઇતિ અમરદત્ત–મિત્રાનંદ કથા સંપૂર્ણ.

અમરદત્તની કથાના વાચકો જરૂર સમજી શકયા હશે કે, જેમ અમરદત્તને પથ્થરની મૂર્તિ દેખવા માત્રથી, ગયા જન્મના સંસ્કારો જાગવાથી, મૂર્તિમાં તન્મય બની ગયો. અને મૂર્તિના જેવા સાક્ષાત આકારવાળી, રાજપુત્રીને દેખીને મૂર્તિનો ત્યાગ કરીને, સાચી વસ્તુ મેળવી, સુખભાગી થયો. જેમ વિકારી પદાર્થો જોવાથી વિકારો પ્રકટ થાય છે, તેજ વખતે વિકારના નાશક પદાર્થો મળી જવાથી, વિકારો બુઝાઈ પણ જાય છે.

જેમ માળવાના રાજા ચંડપ્રદ્યોતે, સતી મૃગાવતીનું રૂપ સાંભળી, તેને લેવા માટે કૌશાંબી ગયો. લાખો દ્રવ્યનો વ્યય થયો. મહિનાઓ સુધી સૈનિકો પાસે કામ કરાવ્યું.

મૃગાવતીનું ધ્યાન ભુલાયું નહીં. તેટલામાં દયાના સમુદ્ર ભગવાન મહાવીર સ્વામી પધાર્યા. સતી અને કામી ( ચંડપ્રદ્યોત ) સમવસરણમાં ગયા. પ્રભુને દેખવાથી સતીએ દીક્ષા લીધી. ચંડપ્રદ્યોતનો કામ બુઝાઈ ગયો. મૃગાવતી સાધ્વી કેવલજ્ઞાન પામી મોક્ષમાં ગયાં.

જેમ ઝેરી પદાર્થના સેવનથી ઝેર ચડે છે. તેને તત્કાળ તેના પ્રતિપક્ષી સાધનો મળી જાય તો, ઝેરનું શમન થઈ જાય છે, તેમ સંસારમાં વસનારા પ્રાણીઓને, અનંતા-કાળથી વિષયોનું ઝેર ચડેલું છે. તે ઝેરના જ પ્રતાપે મરણો અને જન્મો રોગ–શોક વિયોગ–ભય ચાલુ છે. તે જ વિષયોના ઝેરના શમન માટે, જિનેશ્વર પરમાત્માની પ્રતિમાનું દર્શન અમૃત સમાન છે, તે દલીલો ઉપર કહેવાઈ ગઈ છે.

**પ્રશ્ન** : દેવ દ્રવ્યની પ્રમાણિકતા માટે શાસ્ત્રીય પ્રમાણો બતાવી શકાય?

**ઉત્તર** : પૂર્વાચાર્યોના વાકયોમાં વિશ્વાસ હોય તેમને અનેક જગ્યાએ શાસ્ત્રોનાં પ્રમાણો મળી શકે છે. અહીં થોડાં પ્રમાણો લખું છું.

**उम्मग्गदेसणा-मग्गनासणादेवदव्वहरणेहिं। दंसणमोहं जिण–मुणि–चेइयसंघाइ पडिणिओ ॥१॥**

કર્મ ગ્રન્થ ૧ લો. ગા. ૫૬

**અર્થ** : જીવને આઠ કર્મો બંધાવાના હેતુઓ બતાવવાના પ્રસંગમાં, ગ્રન્થકાર દર્શન મોહનીય કર્મ બંધાવવાનાં કારણો બતાવતા જણાવે છે કે, ઉન્માર્ગની પ્રરૂપણા કરવાથી, સન્માર્ગનો નાશ કરવાથી, દેવદ્રવ્યનું હરણ કરવાથી, જિનેશ્વરદેવોનું, મુનિરાજોનું જૈનચૈત્યનું અને ચતુર્વિધ સંઘનું પ્રત્યનિકપણું કરવાથી, જીવને દર્શન મોહનીય કર્મ બંધાય છે.

**પ્રશ્ન** : તો તો પછી જિનેશ્વરદેવની પ્રતિમાનું=સ્થાપના નિક્ષેપાનું ખંડન કરનારને ઉન્માર્ગની પ્રરૂપણા કરવાનો, અને સન્માર્ગ નાશ કરવાનો દોષ લાગે ખરો ?

**ઉત્તર** : અરે ભાઈ! જિનપ્રતિમાના દ્વેષી જીવોને, ઉપરના સાતેસાત પાપો અવશ્ય લાગે છે. જુઓ સ્થાપના નિપેક્ષો ઉડાવનારે વીતરાગના માર્ગનો, આરાધનાનો એક ભાગ કાપી નાખ્યો ગણાય. અને એમ થવાથી સન્માર્ગનો નાશ તથા શ્રી જિનેશ્વરદેવના સમાન મનાયેલી પ્રતિમાનું અપલપન કરવાથી, ખુદ જિનેશ્વરદેવનું પ્રત્યનીકપણું પણ થઈ જાય છે.

તથા શ્રી જિનેશ્વરદેવના સ્થાપના નિક્ષેપાનું ખંડન કરવામાં ભાન ભૂલેલા મહા–નુભાવે, પીસ્તાલીશ પૈકીનાં તેર સૂત્રોને ઉડાવીને, શ્રી જિનેશ્વરદેવ અને ગણધરદેવનું, મોટું અપમાન કર્યું છે. તથા શ્રી જિનેશ્વરદેવની પ્રતિમાના પહેલા નંબરના શત્રુ બનેલા નિર્ભાગી જીવે, નિર્યુક્તિઓ, ચૂર્ણીઓ, ભાષ્ય, અને ટીકાઓનું પણ, ખંડન કરીને ચૌદ પૂર્વધર ભદ્રબાહુસ્વામીથી, અત્યાર સુધીના, મહાવિદ્વાન અને ભવના ભીરૂ હજારો પૂર્વાચાર્યોનું ન ચલાવી શકાય તેટલું અપમાન કર્યું ગણાય છે.

તથા પ્રભુજીની પ્રતિમાનો અપલાપ કરવા બહાર પડેલા તે બારવટીયા મહાશયે હજારો જિનાલયો અને પ્રતિમાઓને, ઘુવડની નજરે નિહાળીને, જિનાલયોને તાળાં વસાવ્યાં છે. પ્રભુ પ્રતિમાઓને અદૃશ્ય કરાવી છે. જિનાલયોમાં અમેધ્ય પદાર્થો નંખાવ્યા છે. શ્રદ્ધાળુ જૈનો જેને સાક્ષાત જિનવર સમાન ઓળખે છે. તેમને તે ભ્રમિત માનવીએ, પથ્થર કહીને બીરૂદાવ્યા છે. તેથી તેને ખુદ જિનેશ્વર પ્રભુની મહાઆશાતના લાગે છે.

તથા બારે માસ તીર્થયાત્રા કરનારા, અને પ્રતિદિવસ પ્રભુપ્રતિમાનાં દર્શન-વંદન પૂજન-અર્ચન કરનારા, શ્રી સંઘના હજારો આત્માઓને, ઉંઠા ભણાવી, અવળે માર્ગે ચડાવ્યાથી સમસ્ત શ્રી સંઘની મહાન આશાતના કરી છે. અને પ્રતિમાના ખંડનના નિશામાં ચકચૂર બનીને, દેવ-ગુરુ-ધર્મ, ત્રણેની આશાતના કરી છે. પાંચમા આરામાં ભવિજીવોને, જૈનાગમ અને જિનપ્રતિમા, એ જ આરાધન સામગ્રી વિદ્યમાન છે. જેના આલંબનને પામીને, સંપ્રતિ રાજા, કુમારપાલ અને વસ્તુપાલ વગેરે લાખો જીવો, અલ્પ સંસારી થઈ ગયા છે, થઈ રહ્યા છે, થવાના છે. તે શ્રીજૈનાગમ અને જિનપ્રતિમાનું ખંડન કરીને, મહાનિન્હવનું આચરણ કરનારા, બુદ્ધિના બારદાનોએ સાતે પ્રકારના કારણોથી દર્શન મોહનીય કર્મને નિબિડ બનાવ્યું છે.

**પ્રશ્નકારના પ્રશ્નનો** પણ **ઉત્તર** આ ગાથાના બીજા પાદથી આવી જાય છે. દેવ દ્રવ્યના હરણથી, ભક્ષણથી, પણ દર્શન મોહનીય કર્મ બંધાય છે.

તથા પ્રભુપ્રતિમાને, પથ્થર કહીને, કહેવડાવીને, આનંદ પામનારા, લુંકા નામના એક અજ્ઞાની માણસને, આદર આપનારા, બુદ્ધિના બારદાનોએ, શ્વેતામ્બર સંઘની મોટી સંખ્યામાં ભાગલા પડાવીને, ઠામઠામ ઝગડાઓ-કજીયાઓ ઉભા કરાવીને, **બીજું, બારમું, સોળમું અને સત્તરમું**, પાપ સ્થાનક સેવીને, પોતાનો અને આશ્રિતોનો સંસાર વધાર્યો છે. અત્યાર અગાઉ જૈન સમાજમાં શ્વેતામ્બર અને દિગંબર બે જ વિભાગ હતા. તે લોંકાલહીયાના રવાડે ચડેલાઓએ, ત્રણ અને પછી ચાર ટુકડા બનાવ્યા છે.

આ કારણથી શ્રીવીતરાગ શાસનની અવિભક્તતાને મોટો ફટકો લાગ્યો છે. કુસંપ વધવાથી ઝગડાઓ વધ્યા, અને તેથી આપણા શ્રી સંઘની શક્તિમાં, મોટી ઓટ આવવાથી પરસ્પરના સહકારને બદલે, ખંડન-મંડનોનું જોર વધવાથી, ઈતર સમાજોમાં પણ, આપણું વર્ચસ્વ નષ્ટ પામ્યું છે. આ બધા અનર્થોનું **ખરૂં કારણ અજ્ઞાની લોંકાની અકકલના પક્ષપાતને આભારી છે.**

તથા વળી ત્યાં જ અંતરાય કર્મના બંધનાં કારણ બતાવતા તે જ મહાપુરુષ ફરમાવે છે કે—

" **जिणपूआविग्घकरो हिंसाइपरायणो जयइ विग्घं** " ઈતિ કર્મ ૧ લો. ગા. ૬૧ પૂર્વાર્દ્ધ

**અર્થ** : શ્રી જિનેશ્વરદેવોની પૂજામાં વિઘ્ન કરનાર, અને હિંસા વગેરે પાપો આચરનારા, અંતરાય કર્મ બાંધે છે. આ ગ્રન્થકાર ૧૩૨૭ માં સ્વર્ગમાં પધાર્યા છે. તથા ઉપમિતિ ભવપ્રપંચા કથાના લેખક સિદ્ધર્ષિ ગણી પોતાના શ્રીચંદ્રકેવલી ચરિત્રમાં, ત્રીજા અધિકાર પૃ. ૯૫ માં ફરમાવે છે. શ્રીચંદ્રકુમાર પત્ની સહીત સિદ્ધપુર નામના નગરમાં ગયા છે. ત્યાંના લોકો દેવદ્રવ્ય ભક્ષણ કરવાથી પાયમાલ થવાનું વર્ણન કર્યું છે.

"तत्रायांति जना नैके, यात्रार्थं बहुदेशतः वस्त्राक्षतफलौघाद्यैः पूजां कुर्वत्यनेकधा" १
" संघे गतेच तत्रत्यैः लोकैःसर्वैर्वणिग्मुखैः। देवसंबन्धि यद्द्रव्यं विभज्य लीयतेऽखिलं " २
" दिनेदिनेच ते लोका, निर्धना जगिरेऽखिलाः। प्रायःकुलक्षयश्चास्ति, विच्छायं तदभूत्पुरं " ३
" तत्स्वरूपं च विज्ञाय, जिनेन्द्रनत्यनंतरं। प्रियां प्राह पुरेऽस्मिन् नौ, देवद्रव्यस्य भक्षणात् " ४
" अन्नपानादिकं लातुं, न युक्तं कस्यचिद्गृहे। ऋणं सर्वमनर्थंप्राग् देवर्णं त्वशुभाशुभं ५
" देवद्रव्येण या वृद्धिः स्तेनद्रव्येण यद्धनं। तद्धनं कुलनाशाय, मृतोपि नरकं व्रजेत् ६

**અર્થ** : આ સિદ્ધપુર નામનું નગર છે. અહીં બહુ સુન્દર જિનાલયો હોવાથી, ઘણા દેશોમાંથી ઘણા માણસો, અહીં યાત્રા કરવા આવે છે. અને જિનાલયમાં ભેટ તરીકે ચોખા ફલ–નૈવેદ્ય–વસ્ત્રાદિ મૂકે છે. અનેક પ્રકાર પૂજા કરે છે ॥ ૧ ॥ સંઘો ગયા પછીથી, આ ગામમાં રહેનારા વાણિયા વગેરે લોકો, દેવ પાસે ધરેલી વસ્તુઓના, ભાગ પાડીને, પોતાના ઘેર લઈ જાય છે. ॥ ૨ ॥ આ રીતે દેવદ્રવ્યનું ભક્ષણ કરવાથી, લોકો નિર્ધન અને નિર્માલ્ય બની ગયા છે. આખા નગરમાં ક્યાંય તેજ દેખાતું નથી, પ્રાયઃ ઘણાં કુલોનો ક્ષય પણ થયો છે. ॥ ૩ ॥ શ્રીચંદ્રકુમાર પત્ની સાહત જિનાલયો જુહારીને, દેવદ્રવ્ય ભક્ષણની બધી બીના જાણીને, પત્નીને કહે છે કે, હે પ્રિયે! આ આખું નગર, દેવદ્રવ્ય ભક્ષણથી, દૂષિત થયેલું હોવાથી, કોઈના ઘરનું અન્ન-પાન આપણને લેવું કલ્પે નહિ. કારણ કે, બીજું કરજ પણ ખોટું છે. પરંતુ દેવદ્રવ્યનું કરજ અત્યંત અશુભ છે ॥ ૪–૫ ॥ દેવદ્રવ્યની સહાયથી, અને ચોરીને લાવેલા ધનથી, જે કમાણી છે, તે ધન કુળના નાશનું કારણ બને છે. અને દેવદ્રવ્યનો ભક્ષક અથવા બગાડનાર નરકગતિમાં જાય છે. તેજ સ્થાનમાં વળી જણાવે છે. यदागमः

जिणपवयणस्स वुड्ढिकरं, पभावगं नाणदंसणगुणाणं।
जिणदव्वं भक्कंतो, अणन्तसंसारिओ होइ ॥ १ ॥

जिणपवयणस्स वुड्ढिकरं, पभावगं नाण-दंसणगुणाणं।
जिणदव्वंरक्खंतो, तित्थयरत्तं लहइ जीवो ॥ २ ॥

जिणपवयणवुड्ढिकरं पभावगं नाण-दंसणगुणाणं।
जिणदव्वंवुड्ढंतो तित्थयरत्तं लहइ जीवो ॥ ३ ॥

भक्खणे देवदव्वस्स, परित्थीगमणेणय।
सत्तमं नरयंजंति, सत्तवाराउ गोयमा ? ॥ ४ ॥

भक्खइ जो उव्विक्खइ, जिणदव्वं तु सावओ ।
पन्नाहीणो भवेजीवो, लिप्पइ पावकम्मुणा ॥ ५ ॥

चेइअदव्वं साहारणं च जो मुसइ सयं व भक्खेइ ।
सइ सामत्थि उवेक्खेइ, जाणंतो सो महापावो ॥ ६ ॥

**અર્થ : ઉપરની છ ગાથાઓ વડે દેવ દ્રવ્યની વૃદ્ધિ-હાનિનું ફળ બતાવે છે.**

જિન પ્રવચનની વૃદ્ધિ કરનારું, જ્ઞાન-દર્શન-ગુણોને પ્રકાશમાં લાવનારું, એવું જે દેવદ્રવ્ય, તેને પોતે ખાઈ જાય કે વિનાશ કરે, બગાડે, તેવો આત્મા અનંત સંસાર રખડનારો થાય છે. ॥ ૧ ॥

જિન પ્રવચનની વૃદ્ધિ કરનારું જ્ઞાન-દર્શન-ગુણોનો વિકાસ કરનારું, આવું દેવ દ્રવ્ય તેને, રક્ષણ કરનારો અને વૃદ્ધિ કરનારો, આત્મા જિનનામ કર્મ ઉપાર્જન કરે છે. ॥ ૨ – ૩ ॥

તથા વળી જે મનુષ્ય દેવદ્રવ્યનું ભક્ષણ કરતો હોય. તથા રાવણ વગેરેની પેઠે પરસ્ત્રી ભોગવનારો હોય, તેવો આત્મા અનેકવાર નરકગતિગામી બને છે. ॥ ૪ ॥

જે માણસ દેવદ્રવ્યને બગાડતો હોય, બગડતાની ઉપેક્ષા કરતો હોય, તેવા આત્માઓ ભવો ભવ બુદ્ધિને ગમાવી મંદબુદ્ધિવાળા અતિ જડ થાય છે. ॥ ૫ ॥

જે માણસ ચૈત્ય દ્રવ્ય અને સાધારણ દ્રવ્ય, ઉપલક્ષણથી જ્ઞાનદ્રવ્ય અને ગુરુ-દ્રવ્યને ચોરે છે, પોતે ખાય છે, બગાડે છે. બગડતાની ઉપેક્ષા કરે છે, તેવાઓ જાણતા હોય તો મહા પાપી થાય છે. ॥ ૬ ॥

**પ્રશ્ન** : દેવ દ્રવ્યને જિન પ્રવચનની વૃદ્ધિ કરનારું કેમ કહેવાય છે ?

**ઉત્તર** : દેવદ્રવ્યથી નવાં મંદિરો બને છે. જિર્ણ થઈ ગએલાંઓની સુધારણા થાય છે. પડતા કે નાશ પામતાં બચી જાય છે. જિનાલયો હોય તો, ભવ્ય આત્માઓ, વીતરાગ મૂર્તિઓનાં દર્શન-વંદન-અર્ચન-સ્તવનાદિ કરીને નવો ધર્મ પામે છે. પામેલા સ્થિર થાય છે. જ્યાં જિનાલય હોય છે, ત્યાં અંશથી, થોડો, ઘણો, કે અતિપ્રમાણ, પણ ધર્મ જરૂર જણાય છે.

**પ્રશ્ન** : લગભગ મોટા ભાગની દુનિયા પ્રતિમાને માનતી નથી. તેમને આપણે શું ઉત્તર આપી શકીએ ?

**ઉત્તર** : આ વાત ટુંકાણમાં અમે ૪૭૯ મા પાને લખી છે. તો પણ પુનરુક્તિ

દોષ વહોરીને, ફરી જણાવીએ છીએ કે અર્થાન્તર કે વિષયાંતરથી, બધા ધર્મવાળાઓ, તીર્થો, મંદિરો અને થાપનાઓને માને છે જ.

જુઓ કૃશ્ચનો પોતાનાં ટેંપલો બનાવે છે. હાથ જોડે છે. ધર્મસ્થાન તરીકે માને છે. તથા મોમેડનો મક્કા–મદીનાને તીર્થ માને છે. હજ (યાત્રા) કરવા જાય છે. હજ કરીને આવેલા હાજી કહેવાય છે. હિન્દુસ્થાનમાં તેમનું અજમેરતીર્થ છે. ઉનાવા = મીરાં દાતારને માને છે. ગોતરકામાં જારૂસામાં ઇંગારસા ગેબીયો પીરની દરગાહો છે.

મુસલમાનોનો પેટાભેદ દાઉદીવોરા કોમનું શેલાવીતીર્થ છે. જેરૂસલેમ તીર્થ છે. ખોજા અને મેમણો ખોજાખાનાને ધર્મસ્થાન માને છે. ઉપરાન્ત મુસલમાન ભાઈઓ કુટુંબીઓની કબ્રો બનાવે છે. ફૂલો ચડાવે છે. લીલીચાદર ઓઢાડે છે. રક્ષણ માટે કીલો પણ બનાવે છે.

આર્યસમાજિસ્ટો દયાનંદ સરસ્વતી અને શ્રદ્ધાનંદજીના ફોટાઓને માને છે. પગે લાગે છે. હાથ જોડે છે. તથા દેશનેતાઓના ફોટા કે બાવલાંના ઉદ્‌ઘાટન વિધિઓના જલસામાં કૃશ્ચનો, મોમેડનો, આર્યસમાજિસ્ટો અને સ્થાનકવાસીઓ હાજરી આપે છે. અનુમોદન ટેકા આપે છે. આ બધી ક્રિયાઓથી આડકતરી રીતેપણ, મૂર્તિપૂજાનો પાઠ ભજવાઈ જાય છે.

તથા સ્થાનકવાસીભાઈઓ જિનેશ્વરદેવની પ્રતિમાને માનતા નથી, તો પણ તેમના સ્થાનકને ધર્મસ્થાનક માને છે. પૂજ્યનીપાટને પુઠ આપતા નથી. પાટની સામા પગ કરતા નથી. તથા સ્થાનકવાસી સાધુ કે સાધ્વીના મડદાની પાલખી બનાવે છે. મડદાને શણગારે છે. હજારો માણસો આવે છે. પગે લાગે છે. મડદાને ચંદનની ચિતા બનાવી બાળે છે. પ્રભુપ્રતિમાને જડ કહેનારા, સાધુના જડશરીરને કેમ પૂજે છે? કેમ માને છે? કેમ શણગારે છે? કેમ પગે લાગે છે? શું તમે મડદાને સજીવ માનો છો?

**સાધુના મડદાને કીમતી વસ્ત્રો કેમ ઓઢાડો છો? કદાપી સ્થાનકવાસી ભાઈઓ,** લૂલો બચાવ કરે કે, આ તો લોકવહેવાર છે. હા ભાઈ, લોક વહેવાર પણ ધર્મમાં, પૂજ્યમાં, સગપણમાં, મિત્રાઈમાં જુદા જુદા ભાગ ભજવે છે. આ સ્થાને સગાઈ કે મિત્રતા નથી. આ જગ્યાએ તો, ધર્મબુદ્ધિજ કામ કરે છે.

**સ્થાનકવાસી ભાઈઓ દલીલ કરે** કે સામાન્ય સગા હોય, મિત્ર હોય, નાતીલા હોય, પાડોસી હોય તોપણ ફરજ બને છે કે, સ્મશાનયાત્રામાં જવું જોઈએ. તોપછી આતો સંતપુરુષો છે, ગુરુપુરુષ છે, ધર્મદાતાર છે. એમને સ્મશાને પહોંચાડવા જેટલી પણ ફરજ ન બજાવવી?

ભાઈ, અમે પણ એમજ માનીએ છીએ કે સાધુસંતના મડદાને અજીવ છતાં માન

આપો છો ને પૂજ્યનું મડદું, પૂજ્યની પાલખી, પૂજ્યની ઠાઠડી, આ પ્રમાણે જિનેશ્વરદેવની અજીવ પ્રતિમાને પણ માનવામાં આવે તો વાંધો શું? પ્રભુજી મહાઉપકારી છે. ધર્મદાતા છે. વીતરાગતાનું પ્રતીક છે.

**પ્રશ્ન** : સ્થાનકવાસી ભાઇઓ પોતાના ગુરુઓના ફોટા પડાવી ઘરમાં રાખે છે, પુસ્તકોમાં છાપે છે, તે કેમ?

**ઉત્તર** : અમે પૂજવા માટે, ગુરુઓ કે મહાસતીઓના ફોટા પડાવ્યા નથી. માત્ર સ્મરણ માટે, તેમની યાદ ન ભૂલવા માટે, તેમના ગુણોને સ્મરણ કરવા માટે, ફોટા પડાવ્યા છે. તેમાં શું ખોટું છે?

આ સ્થાને કદાગ્રહ છોડાય તો સમજાય તેવું છે કે આઠે કર્મનો ક્ષય કરીને, મોક્ષમાં પધારેલા, સર્વજ્ઞ સર્વદર્શી બનીને, લાખો, ક્રોડો, અબજો કે અસંખ્યાતા આત્માઓને રત્નત્રયીની પરભાવના કરી ગયેલા, જિનેશ્વરદેવોની મૂર્તિઓને, પ્રતિમાઓને જડ કહીને, પથ્થર કહીને, અનાદર કરનારા મહાનુભાવ સ્થાનકમાર્ગી ભાઈઓ આ પાંચમાઆરાના પોતાના પક્ષના ચાર ગતિઓ પૈકી કઈ ગતિમાં ખોવાઈ ગયાના નિર્ણય વગરનાઓનાં, મડદાને પગે લાગનારાઓની વિચાર–શકિતને ડાહ્યા માણસો કેમ વખાણી શકે? કલિકાલ ભગવાને ખરેખર જ કહ્યું છે કે

**कामराग–स्नेहरागा–विषत्करनिवारणौ । दृष्टिरागस्तु पापीयान् दुरुच्छेदः सतामति ॥ १ ॥**

**અર્થ** : કામરાગ–ભોગની લાલસા. સ્નેહરાગ–માતાપિતા, પુત્ર, પુત્રી, ભાઈ, ભગિની, મિત્રાદિ પ્રત્યેનો રાગ, આ બે પ્રકારના રાગ સહેલાઇથી નીકળી શકે છે. પરંતુ દષ્ટિરાગ મહાપાપી છે. તે તો સજ્જન મનુષ્યને પણ, છોડવો અશકય છે. સંસારના બધા ધર્મો વ્યકિતરાગના બંધનોમાં જકડાઇ ગયા છે.

આ જગતના પ્રાણીઓમાં વૈરાગ્ય આવવો સહેલ છે પરંતુ શુદ્ધદેવ સુગુરુ–સુધર્મની પ્રાપ્તિ થવી દુર્લભ છે. શ્રીવીતરાગશાસન પામીનેપણ, અનંતકાળના અભ્યાસથી આત્માના પ્રત્યેક પ્રદેશમાં સ્થાન જમાવીને બેઠેલા, મહામિથ્યાત્વનો ઉદય થવાથી, સાધુ દશામાં પણ, નિન્હવપણું આવી જતાં, પોતે બુડે છે. અને હજારો આશ્રિતોને ડુબાવે છે.

**પ્રશ્ન** : દષ્ટિરાગ એટલે શું?

**ઉત્તર**: કુદેવ, કુગુરુ કુધર્મને, અથવા ત્રણ પૈકી બે અથવા એકને, પોતાની પરંપરા તરીકે માને–પૂજે વખાણે–અનુસરે–સેવે–સાચવે પરંતુ ઘણા બુદ્ધિમાન માણસો પણ સાચાખોટાનો વિચાર કરેજ નહિ. તેનું નામજ દષ્ટિરાગ છે.

**પ્રશ્ન** : સ્થાનકવાસીઓને તો દષ્ટિરાગ લાગુપડે નહીંને? કારણકે તેઓ વીતરાગને જ દેવ માને છે. કંચન કામિનીના ત્યાગીઓને જ ગુરુ માને છે. જીવ દયામય ધર્મને જ ધર્મ માને છે.

**ઉત્તર** : સ્થાનકવાસી હોય કે દેરાવાસી હોય, જેમનામાં આગમાનુસારી વિચારજ ન હોય, તેવાઓને દેવગત-ગુરુગત-અને ધર્મગત મિથ્યાત્વ લાગે છે.

**પ્રશ્ન** : દેવો અરિહંત પરમાત્માઓ-ચોવીસજિનેશ્વરોનેજ માનનારા હોયતો દેવગત મિથ્યાત્વ શી રીતે લાગે ?

**ઉત્તર** : જિનપ્રતિમાની નિંદા કરે, પ્રભુ પ્રતિમાને પથ્થર કહે, પ્રભુજીની પૂજા-દર્શન કરનારાઓને, ખોટા દષ્ટાન્તો આપી, પ્રભુદર્શનથી વિમુખ બનાવે, મૂર્તિપૂજકને મૂર્તિના નિંદક બનાવીને, જિનાલયોને તાળાં વસાવે, સમ્યગદર્શનનું કારણ એવી જિનપ્રતિમાઓનો નાશ કરાવે, વીતરાગના આકારને પથ્થર કહીને વગોવે. જિનાલયોમાં સાધુસાધ્વીને ઉતારે. ઝાડા પિસાબ, વાછુટ અપવિત્રતા કરે. તેમને દેવગત મિથ્યાત્વ કેમ ન લાગે ? શાસ્ત્ર, સમ્મત ચાર નિક્ષેપા પૈકી, પ્રતિમાનિક્ષેપાનુંખંડન, તે શ્રીવીતરાગના એકઅંગના ખંડન સમાન હોવાથી, પ્રતિમાજીનું ખંડન કરનારા મિથ્યાદૃષ્ટિ કેમ ન કહેવાય ?

**પ્રશ્ન** : ગુરુગત મિથ્યાત્વ શી રીતે લાગે ?

**ઉત્તર** : પહેલાં તો જૈનશાસનમાં સ્વયંબુદ્ધ, પ્રત્યેકબુદ્ધ, અને બુદ્ધિબોધિત આ ત્રણ પ્રકારના મુનિરાજો કહેલા છે. આ કાળમાં સ્વયંબુદ્ધ-પ્રત્યેકબુદ્ધ થનારા મુનિઓ ન હોઈ શકે. માત્ર બુદ્ધબોધિત મુનિઓ જ હોઈ શકે. ત્યારે સ્થાનકવાસી પંથ ચલાવનાર લોંકાસાહના ગુરુ કોઈ હતા જ નહીં. માટે ગુરુગત મિથ્યાત્વ લાગે.

**પ્રશ્ન** : સ્થાનકવાસીનો પંથ ક્યારે નીકળ્યો ?

**ઉત્તર** : ૧૫૦૮ ની સાલમાં તેનો પ્રયાસ શરૂ થયો.

**પ્રશ્ન** : સ્થાનકવાસી પંથ કોણે કેવા સંયોગોમાં શરૂ કર્યો ?

**ઉત્તર** : **લોંકા નામના લહીઆએ, તેની ઉત્પત્તિ આ પ્રમાણે છે. હાલના અમદાવાદ** (રાજનગરમાં)માં, **જ્ઞાનજી નામના** એક યતિ પાસે, એકગરીબવાણિયો **લોંકાનામનો**, ઉપાશ્રયમાં બેસીને પુસ્તકો લખતો હતો. યતિજી તેની પાસે સૂત્રોના ટબા (ગુજરાતી ભાષામાં કરેલા અર્થ) લખાવતા હતા. જ્ઞાનજી યતિએ અને બીજા ઉપાશ્રયવાળાઓએ, તેની પાસે ઘણા પુસ્તકો લખાવ્યાં હતાં. ગુજરાતી ભાષા અને વારંવાર લખવાથી, સૂત્રોમાં વર્ણવેલા વિષયો તેને ખૂબ જ અભ્યસ્ત થયા હતા. જ્ઞાન પણ પુણ્યોદય હોય તેને જ પાચન થાય છે.

એકવાર તેણે આખું પુસ્તક લખ્યું. તેમાં સાત પાનાં જાણી જોઈને ઓછાં લખ્યાં હતાં. તેની તે ચોરી પકડાઈ જવાથી, અને આખા શહેરમાં ચોર તરીકે ફજેતી થવાથી, લખાવનારા સ્થાનોમાંથી તેને જાકારો મળવાથી, તેની આજીવિકા બંધ થઈ ગઈ. તેથી તેને થોડા દિવસ બહુ હેરાન થવું પડયું, અને અમદાવાદ છોડવાનો પ્રસંગ આવ્યો. અને તે ત્યાંથી લીંબડી ગયો.

લીંબડીમાં **લખમસી** નામનો વાણિયો. તેનો એક સગો થતો હતો. લખમસી તે વખતના લીંબડીના ઠાકોરનો કારભારી હોવાથી, તેટલા પ્રદેશમાં તેની આબરૂ સારી હતી. સંભવ છે કે લોંકો એકલો જ હશે ? અને આજીવિકાથી પીડાયેલો હોવાથી, લખમસીના આશરે ગયો. ત્યાં તે બે ચાર અઠવાડિયાં રહ્યો. લોંકાએ ગોરજી લોકો પાસે, ગુજરાતી ભાષાના (આગમ ઉપરના) ટબા લખવાનું કામ ઘણા વર્ષો સુધી કરેલું. અને થોડા ઘણા ક્ષયોપશમથી, તેને આગમની વાતો યાદ રહેલી હોવાથી, તેણે પ્રારંભમાં તો અવસરે અવસરે લખમસીને, ધર્મની વાતો–તત્ત્વની વાતો દેવ–ગુરુ–ધર્મની વાતો સંભળાવી. લખમસી પોતે તત્ત્વનો અજાણ હોવાથી, લોંકાની વાતોમાં રસ લાગ્યો. પછીતો એકલા અટુલા લોંકાને આશ્રયનો અભાવ હોવાથી, અને લખમસીને તત્ત્વની વાતોમાં રસ પડવાથી, લખમશીએ લોંકાને પોતાને ઘેર જ રાખ્યો.

લખમસી રાજ્યાધિકારી હોવાથી, રાજ્યનો માનીતો હોવાથી, લોંકાને પણ અનેક માણસોનો સમાગમ મળવા લાગ્યો, લહિયો મટીને, ઉપદેશક થયો. માન મળવા લાગ્યું. પછી તો તેને અમદાવાદનું અપમાન પણ યાદ આવ્યું. અને પુસ્તકો લખાવનારાઓએ કરેલા અપમાનનો બદલો વાળવા, મહામિથ્યાત્વનો આશ્રય લઈને પણ, પોતાની ટાંગ ઊંચી રાખવાની ભાવના જાગી. જ્ઞાનીઓ કહે છે કે. અપાત્રમાં ગયેલી વિદ્યા, તે અપાત્રનો જ નાશ કરે છે જુઓ,

**आमे घडे निहतं जहाजलं, तंघडं विणासेइ । एवं सिद्धंतरहस्सं अप्पाहारं विणासेइ ॥ १ ॥**

**અર્થ** : જેમ કાચા માટીના ઘડામાં નાખેલું પાણી, ઘડાનો નાશ કરે છે, પાણી પોતે પણ વિનાશ પામે છે, તેમ કુપાત્રમાં પડેલું સિદ્ધાન્તનું રહસ્ય, તેને અને આશ્રિતોને, લાભ નહીં પણ નુકસાન જ કરે છે. વળી જુઓ,

ઓછું પાતરને અધિકું ભણ્યો, કજીયાળી વહુએ દીકરો જણ્યો.
મારકણો સાંઢ ને ચોમાસું મા'લ્યો. કરડકણો કૂતરો ને હડકવા હાલ્યો.
મરકટ અને પછી મદિરા પીએ, અખ્ખા એથી સૌકો બીએ.

લોંકાએ અમદાવાદના સંઘની, અને પુસ્તક લખાવનારાની, નિંદા શરૂ કરી. તેમાં તેણે આગમમાં ઘણી વાતો પાછળથી ઘુસાડેલી છે. કેટલાંક આગમો અપ્રમાણિક છે. આગમો બત્રીશ જ છે. તેર આગમોની વાતોતો તદ્દન અસંગત જ છે. નિર્યુક્તિઓ, ભાષ્ય, ચૂર્ણિઓ ટીકાઓ પાછળના આચાર્યોની બનાવેલી હોવાથી, અસંગત છે. આવી આવી સૂત્રવિરુદ્ધ અનેક વાતો તેણે ૧૫૦૮ થી શરૂ કરી, ૧૫૩૪ સુધી ઠામઠામ ફર્યો. અને આગમોની થઈ તેટલી નિંદા કરવાની ચાલુ રાખી. અને અજ્ઞાની તથા મિથ્યાદષ્ટિ લોકોને ભેગા કરીને, તેર આગમો અને નિર્યુક્તિઓ વગેરે ને અપ્રમાણિક સમજાવ્યાં. તેની આવી ઉત્સૂત્ર પ્રરૂપણા, સમજુ જૈનોએ. ખૂબ જ ધિક્કારી કાઢી. ઠામ ઠામ સંઘો ભેગાથયા. લોંકાના પ્રચારને શાસ્ત્રો અને પરંપરા વિરૂદ્ધ સમજાવ્યો. તેથી ઘણા ભોળા માણસો અવળે માર્ગે જતા બચી ગયા.

તો પણ ગળીનો રંગ લાગતાંવાર લાગતી નથી. તેમ લોંકાની શાસ્ત્ર વિરુદ્ધ વાતો પણ, હાલના કાનજીની માફક. કેટલાક હૈયાફુટાઓને ગમવા લાગી. અને તેનો પણ એક પક્ષ ઉભો થયો.

અને પછી તો મરિચિને, જેમ મહામિથ્યાદષ્ટિ કપિલ મળી ગયો. તેમ લોંકાને પણ કપિલ જેવો મહા અજ્ઞાની, ભુણો નામનો વાણિયો મળી ગયો. તેણે લોંકાની શિખામણ અને સૂચના અનુસાર, મરિચિએ કાઢયો તેવો, પોતાની મેળે નવો વેશ બનાવ્યો. સાચા સાધુઓથી જુદો વેશ હોય, તોજ લોકોમાં ભાવ પુછાય. માટે કાગળની પટીની પેઠે **મુહપતિ મોઢે બાંધી. રજોહરણ. (ઓઘો) પણ જૈન મુનિઓથી જુદું, લાંબું બનાવ્યું, બાવાજીના અથવા ફકીરો જેવા ચોલપટા બનાવ્યા.**

**પ્રશ્ન** : સ્થાનકવાસીઓના પહેલા આચાર્ય કોણ, પરંપરા કેવી રીતે મળતી હશે ?

**ઉત્તર** : સ્થાનકવાસીઓના સાધુઓની પરંપરા છેજ નહીં. જેમ બાપવિના છોકરૂં જન્મે છે. તેમ કોઈ પણ જૈનાચાર્ય વિના, ગુરુવગરનો પંથ નીકળ્યો સમજવો. અથવા સ્થાનકવાસીઓના પ્રથમ ગુરુ, લોંકોલહીયો ગૃહસ્થ વેશમાં જ હતો. અને છેવટ સુધી ગૃહસ્થ રહીને પરલોક ગયો છે.

લોંકાલહીયાનો શિષ્ય ભુણો ઉર્ફે ભાણજી થયો. તેણે લોંકાની સલાહ પ્રમાણે દોરાની સહાયથી મુખેમુહપત્તિબાંધી, લાંબું રજોહરણ, બનાવ્યું. તથા સ્ત્રીઓના અધોવસ્ત્ર જેવો ચોલપટો બનાવ્યો. જિનેશ્વરદેવોની પ્રતિમાઓ તથા તેર સૂત્રો અને નિર્યુક્તિઓ વગેરેને ખોટા ઠરાવી, ગુજરાતી ટબાઓના આધારે વાંચીને, ઉપદેશની શરૂઆત કરી. બહુરુપીના જેવો વેશ જોઈ, નાટકની માફક લોકો તેને સાંભળવા લાગ્યા.

**૧૫૩૪ માં સૌ પ્રથમ ભુણો ઉર્ફે [1]ભાણજી ઋષિ થયા.** કેટલાક વર્ષો પછી તેમના શિષ્ય [2]**રુપજી ઋષિ થયા. ૧૫૬૮ના મહા વદિ પાંચમે રુપજીના શિષ્ય** [3]**જીવાજી** થયા. ૧૫૮૭ના ચૈત્ર વદી ૪ **જીવાજી**ના શિષ્ય [4]**વૃદ્ધવરજી** થયા, ૧૬૦૬માં વૃદ્ધવરના શિષ્ય [5]**વરસિંહજી** થયા; ૧૬૪૯માં વરસિંહજીના શિષ્ય [6]**જશવંતજી** થયા અને ૧૭૦૯ **જશવંત**ના શિષ્ય [7]**વરજંગજી** થયા.

કેટલાંક વર્ષો પછી સુરતનીવાસી વીરજી સાહની દીકરી ફુલાંબાઇના દત્તકપુત્ર **લવજી**એ **વરજંગજી** પાસે દીક્ષા લીધી. **વરજંગજી**ને બીજાપણ **થોભણજી** વગેરે ચેલા થયા હશે. એકવાર **વરજંગજી**ની સાથે લવજી વિગેરે ચેલાઓને મોટો ઝગડો થયો. ચેલા બધા સાથે મળી જઈ ગુરુવરજંગને કાયમને માટે વોસીરાવીને, લવજી પોતે આગેવાન બની ફરીને દીક્ષા લીધી.

લવજીને પણ સોમજી અને કાનજી બે ચેલા થયા. તથા એક વળી બીજો. ધર્મદાસ નામનો છીપો પણ લવજીનો ચેલો થયો. કાનજી તદ્દન આચારભ્રષ્ટ હતો તેથી છીપાને

ગમ્યું નહિ. લવજીએ કાનજીનો પક્ષ કર્યો, તેથી ધર્મદાસે લવજીને વોસીરાવી, ફરીને વેશ પહેરી એકલો ફરવા લાગ્યો. તેને પણ જોડીદારો મળી ગયા. પરંતુ તેમના આવા બિહામણા અને કદરૂપા વેશ અને આચારથી ઉતરવાની જગ્યા ન મળવાથી, રખડવું પડતું હોવાથી ઢુંઢિયા નામ પણ શરૂ થયું.

લવજી લુંપકનો એક શિષ્ય કુંવરજી થયો. તેને પણ લવજી સાથે અણબનાવ થયો. તેથી તેણે લવજીને વેશ આપી દીધો, અને પોતાની મેળે વેશ પહેરી લીધો. કુંવરજીના ચેલા ધર્મસી, શ્રીપાળ અને અમીપાળ ત્રણ થયા. તેમાં ધર્મસીએ, આઠ કોટિનો પંથ ચલાવ્યો. અને તે ગૂજરાતમાં જ રહેતો હતો. બાકીનાઓ મારવાડ પંજાબ તરફ ગયા.

તેમનો મુખ્ય ઉપદેશ જીવદયા પાળો. પાણી મત ઢોળો. સ્નાન કરવાની જરૂર નથી. વાસી અનાજ પણ ખાવામાં વાંધો નથી. ગોરસ કઠોળ સાથે ખાવામાં દોષ નથી. સ્ત્રીઓને ઋતુ ધર્મ પાળવા જરૂર નથી. સાધુઓને એઠવાડનું, વાસીકામનું, લિંપણનું પાણી ખપે છે. ઉકાળેલું પાણી લેવાય નહીં. કાચા પાણીમાં ચપટી રાખ નાખેલું પાણી સાધુ વહોરી શકે છે. સાધુ–સાધ્વીએ ઝાડાની હાજતના ભયથી, રાતે સ્થાનકમાં પાણી રાખવું નહીં. વાક્ષક્ષેપની જગ્યાએ મસ્તક ઉપર રાખ નાખવી. ચૈત્ય–પ્રતિમાને નમવું નહી. ઉપાશ્રયનું નામ બદલી સ્થાનક કહેવું. આવા ગપગોળા અજ્ઞાની ભોળા જીવોને પસંદ પડતા ગયા. અને ભારેકર્મી જીવોનો સમુદાય મળવા લાગ્યો.

ધર્મદાસ છીપાનો શિષ્ય ધનાજી થયો. ધનાજીનો ચેલો ભુદરજી થયો. અને ભુદરજીના રઘુનાથ, જેમલજી અને ગુમાનજી ત્રણ ચેલા થયા. તેઓ ત્રણેનો પરિવાર મારવાડ, માલવા, અને ગુજરાતમાં ફેલાણો. આ રઘુનાથના ચેલા ભીખમજીએ તેરાપંથ કાઢયોછે.

લવજીનો બીજો શિષ્ય સોમજી થયો. સોમજીનો શિષ્ય હરિદાસ થયો. હરિદાસનો શિષ્ય વૃન્દાવન થયો. વૃન્દાવનનો શિષ્ય ભવાનીદાસ, ભવાનીદાસનો શિષ્ય મલુકચંદ થયો. અને મલુકચંદનો શિષ્ય મહાસિંઘ થયો. મહાસિંઘનો શિષ્ય ખુશાલજી થયો. ખુશાલરાવનો શિષ્ય છગમલજી થયો. છગમલજીનો શિષ્ય રામલાલજી થયો. રામલાલજીનો શિષ્ય અમરસિંહજી તેમનો પરિવાર પંજાબ તરફ ફરે છે. તથા ધર્મદાસ છીપાની પરંપરામાં એક જેઠમલજી થયો. તેણે મૂર્તિપૂજા વિગેરે, વીતરાગધર્મની પરંપરાની ઘણી નિંદા લખી છે.

**પ્રશ્ન** : આવા પંથો ચલાવનારાઓને, દષ્ટિરાગ અને આભિનિવેશિક મિથ્યાત્વ કેમ લાગે છે ?

**ઉત્તર** : આવો પંથ ચલાવનાઓને પ્રારંભમાં પ્રાયઃ પોતાના શીથિલાચાર અથવા ખરાબ વર્તનોના કારણે, ગચ્છબહાર થવું પડે છે. જેમ બીચારા લોંકાને, તદ્દન મજુર જેવી આજીવિકાને કમાતો હોવાથી, લખાણમાં ઓછુંલખી ઘણુંલેવા રૂપ ચોરીના દોષથી, અનાદર પામવાથી, આવેશ લાવીને, વૈરની વસુલાત કરવા આવો પંથ કાઢવો પડયો.

જ્ઞાનિઓ ફરમાવે છે કે :

" દશ અચ્છેરે દૂષિત ભરતે, બહુમત ભેદ કરાલજી ।
જિન કેવલ પુરવધર વિરહે, ફણીસમ પંચમ કાલજી ॥ ૧ ॥

તેહનું ઝેર નિવારણ મણિસમ, તુજ આગમ તુજ બિંબજી ।
નિશિદીપક પ્રવહણ જિમદરીયે, મરુધર સુરતરુ લુંબજી " ॥ ૨ ॥

આ ભયંકર પાંચમો આરો છે ફક્ત સાડી પચ્ચીશ આર્યના દેશો હતા. તેમાં પણ ઘણા દેશો અનાર્ય જેવા થઈ ગયા છે. ઘણા ખોવાઈ ગયા છે. જૈનાગમો ચોરાશી હતાં તે પીસ્તાલીશ જ રહ્યાં છે.

**પ્રશ્ન** : ચોરાશી આગમો ક્યારે હતાં અને ૩૯ આગમો વિચ્છેદ ક્યારે થયાં ?

**ઉત્તર** : ભદ્રબાહુસ્વામી શ્રુતકેવલીભગવાન પાસે વાચના થઈ હતી. ત્યારે ચૌદપૂર્વ અને સંપૂર્ણદ્વાદશાંગી વિદ્યમાન હતી. સ્થૂલભદ્રસ્વામીથી છેલ્લા ચારપૂર્વોના અર્થગયા. મૂલ હતાં. અને આર્યમહાગિરિ સ્વામી તથા આત્રિર્યાસુહસ્તિસ્વામીથી દશપૂર્વજ મૂલ અને અર્થ રહ્યા. તેરમા પટધર અને અઢારમા યુગપ્રધાન વજ્રસ્વામી સુધી. સાર્થ દશપૂર્વ રહ્યાં હતાં.

ઓગણીશમા આર્યરક્ષિતસૂરિ યુગપ્રધાનથી, દશપૂર્વ મૂલ અને અર્થમાં ઘટાડો થવો સરૂ થયો. તે યાવત્ અઠાવીશમા યુગપ્રધાન સત્યમિત્રના વખતમાં પહેલું પૂર્વ સાર્થ અને બીજું પૂર્વ મૂલમાત્ર રહ્યું હતું. તેમના સમકાલીન દેવર્દ્ધિગણિક્ષમાશ્રણના અધ્યક્ષપદે વીર નિર્વાણ સંવત ૯૯૩ વર્ષે વલ્લભિપુરમાં વાચના થઇ હતી. ત્યારે ૮૪ આગમો વિદ્યમાન હતાં.

ત્યારપછી દુષ્કાળો પડવાથી કેટલાક જ્ઞાનિમુનિરાજો સ્વર્ગમાં સિદ્ધાવ્યા અને રહેલાઓમાં દુષ્કાળ આદિના કારણે, મતિમાંદ્યના કારણે, તથા શંકરાચાર્યો અને બૌધ્ધભિક્ષુકો સાથેના ઘર્ષણમાં. પુસ્તકારુઢ થયેલું આગમપણ સચવાયું નહી.

**પ્રશ્ન** : કાળબળથી ઉત્તરોત્તર આયુષ અને બુધ્ધિની અલ્પતા થઈ, એ બરાબર છે. અને તેથી શાસ્ત્રોના મુખપાઠ યાદ ન રહે, તે બનવા યોગ્ય છે પરંતુ અલ્પાયુ અને અલ્પક્ષયોપશમ ધ્યાનમાં રાખીને, ભવિષ્યમાં આગમને ટકાવી રાખવા માટેજ પુસ્તકારુઢ થયેલું. જૈનાગમ પાછલથી નાશ પામ્યું તેનું શું કારણ ?

**ઉત્તર** : દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણના અધ્યક્ષસ્થાને શાસ્ત્રોની વાચના થઈ. અને આગમો પુસ્તકારુઢ થયાં. પરંતુ પાછલથી રાજ્યના પાલ્ટા સરૂ થયા. તેથી ધર્મભ્રષ્ટતાનો પવન જોરદાર ફુકાયો. પ્રારંભમાં બૌધ્ધોદ્વારા અને પાછલથી શંકરાચાર્યોના ઉપદેશો અને પ્રયાસોથી, જૈનરાજાઓ. બૌધ્ધ અને શૈવધર્મ પાલનારા થવા લાગ્યા. તેથી જૈન

મહર્ષિઓના ઘાત થયા. જૈનમંદિરો અને જૈન પ્રતિમાઓના નાશ થયા. જૈનજ્ઞાન-ભંડારોને બાળી નાખ્યા.

આવા પ્રસંગોમાં સંભવ છે કે, વળી રહ્યા સહ્યા ધર્મપુસ્તકો લખાયાં હસે? જેને જેટલું યાદ હસે જ્યાંથી ત્યાંથી, બળવાથી બચેલાં પુસ્તકો, છુટાપાનાઓ મેળવીને. તે વખતનાં આગમોનું અનુસંધાન થયું હશે. તથા કમ્મપયડિ, પંચસંગ્રહ, વસુદેવહિંડી, ઉપદેશમાલા, પઉમચરિયં આવા આવા ગ્રંથો પણ રચાઈને પુસ્તકારુઢ થયા હોય, અને યથાસમય નિર્યુક્તિયો, ચૂર્ણિયો, ભાષ્ય, ટિકાઓ, રચાઈ હસે.

ત્યારપછી પણ ઘણાયે મુશ્કેલીઓના વાવંટોળ આવ્યા છે. કુમારપાલ અને હેમચંદ્રસૂરિ મહારાજના અવસાન પછી, લગોલગ અજયપાળ રાજા થયો, તેણે કુમારપાળના દ્વેષથી, અને ગુરૂદ્રોહી બાલચંદ્રના પક્ષપાતથી, હેમચંદ્રસૂરિ મહારાજ ઉપરના વૈરના કારણે આ બન્ને મહાપુરૂષોના નામનિશાન ભૂસી નાખવા, પ્રતિમાજીઓ, જિનાલયો અને જ્ઞાન-ભંડારોનો થયો તેટલો નાશ કરાવ્યો હતો.

બીજી બાજુ મુશલમાની સત્તાનો પ્રારંભ સરૂ થઈ ચુકયો હતો. વિ. સં. ૧૦૫૭ આસપાસ મહમદ ગીઝની. હિંદ ઊપર ચડી આવ્યો. તે સમયમાં હિંદુરાજાઓ ઘણા હતા મોટા બળવાન હતા, લાખોના સૈન્યના સાધનવાળા પણ હતા. બેપાંચ આવા સમ્રાટો સંપીલા થાય તો, એવા બાદશાહને સર્વસ્વ ગમાવીને નાશી જવું, કે ફના થઈ જવું પડે, એટલા શકિત સામગ્રીવાળા હતા. પરંતુ મહાભયંકર કુસંપ રાક્ષસ. તેમની શકિતને આખીને આખી ગળી ગયો હતો.

તેથી બાદશાહ મહમદગીઝની, ફાવી ગયો. તેણે પ્રારંભમાં હિંદુસ્થાનનું મોટું ધનકુબેર થાણેશ્વરનગર લુટયું. તેણે હિંદુઓના હજારો મંદિરો તોડયાં. લખલુટ ધન મેળવ્યું હતું.

૭૦૦ મણ સોનામહોરો, ૪૦ મણ ચોખ્ખુ સોનું. ૭૦૦) મણ સોના ચાંદીનાં વાસણ, ૨૦૦૦) મણ ચોખ્ખી ચાંદી, ૨૦) વીશ મણ ઝવેરાત, બે લાખ રૂપાળી છોકરીઓ અને છોકરાઓં ભેગા કરી ગીઝની મોકલી દીધા જેમને વટલાવી મુશલમાન બનાવ્યા હતા.

ત્યાંથી મહમ્મદગીઝની. મથુરા ગયો. ત્યાંથી તેણે મોટી મોટી છ સોનાની મૂર્તિઓ મેળવી, અને અગ્યાર કિમતી રત્નો લીધાં. તેને સોમેશ્વર-પ્રભાસ તીર્થમાંથી પણ, ઘણી લુંટ મેળવી હતી.

તેરમી શદીમાં શાહબુદ્દીન ઘોરી આવ્યો. તેણે પણ હજારો પ્રતિમાઓ

અને સેંકડો મંદિરોનો નાશ કર્યો. તેણે કુતુબુદ્દીન નામના સુબાને, દિલ્લી સોંપી, પોતે સ્વદેશ ગયો. આંહી રહેલા સુબા અને અધિકારીઓએ, ધર્મદ્વેષથી આઠ માસ સુધી, રસોઈ અને તાપણીમાં, મહાકિંમતી અને તત્ત્વજ્ઞાનથી ભરેલાં આપણાં લાખો પુસ્તકોને જલાવ્યાં હતાં.

ત્યારપછી ખીલજીવંશના મુસલમાન બાદશાહ થયા. તેના બીજા બાદશાહ અલાવદ્દીન ખીલજીએ, અઢાર-વીસ વર્ષ રાજ્ય કર્યું પણ કાળોકેર વર્તાવ્યો હતો. તેણે રણથંભોર, ચિત્તોડ, પાટણ, પ્રભાસપાટણ, ઝાલોરગઢ જેવા, મોટા મોટા કિલ્લાઓ કબજે કર્યા હતા. વિ. સં. ૧૩૬૬માં અલાઉદ્દીનના માનીતા અને વટલેલા મલિક કાફુરે, દક્ષિણ ઉપર ચડાઈ કરીને, દેવગઢ, પેઠણ, દ્વારસમુદ્ર, શહેરોને જીત્યાં, અને મોટામોટા રાજવંશના નામો પણ ભુંસાવી નાખ્યાં, અને ઠામઠામ હિંદુ રાજાઓને હરાવીને, મંદિરોના અને પ્રતિમાઓના નાશ કરાવી, મસ્જીદો બંધાવી. આખા દક્ષિણ દેશનો કબજો લીધો હતો.

આ જીતમાં મલિક કાફુરને, છન્નુહજાર મણ સોનું, ૬૧૨ મહાકિંમતી ગજરાજ, વીશહજાર ઘોડા, અને સેંકડો મણ ઝવેરાત મળી હતી. અલાવદ્દીન અને તેના સુબાઓએ દેવમંદિરો અને મૂર્તિઓના, થયાતેટલા નાશ કર્યા હતા. જ્ઞાનભંડારો જલાવ્યા હતા. લાખો હિંદુ છોકરા-છોકરીઓને વટલાવીને, શીલભ્રષ્ટ અને ધર્મભ્રષ્ટ કર્યાં હતાં.

ત્યારપછી પણ મુસલમાન બાદશાહો થયા. તેમાં તૈમુરલંગ, બાબર, જહાંગીર, શાહજહાં, આલમગીર, વગેરે મોગલ બાદશાહોએ, દેશને લૂંટવામાં, ધર્મસ્થાનોના ધ્વંસ કરવામાં, લોકોને ધર્મ અને શીલથી ભ્રષ્ટ કરવામાં, બની તેટલી અધમતા વાપરી હતી.

ત્યારપછી વિ. સં. ૧૭૯૫માં, ઈરાનનો બાદશાહ નાદીરશાહ, મોગલોની નબળાઈના સમાચાર સાંભળી, હિંદ ઉપર ચડી આવ્યો હતો.

તેણે ૧૬ દિવસ સુધી દિલ્લી લુટ્યું. કતલ ચલાવી, દોઢલાખ સ્ત્રી-પુરુષો અને બાળકોને કાપી નાખ્યાં. હજારો મહેલાતો જલાવી ક્રોડોની ઝવેરાત, સુવર્ણ, સાથે મહાકિંમતી મયુરાસન. (શાહજહાંનું તદ્દન સોનાનું સિંહાસન) લેઈને, ઈરાન ચાલ્યો ગયો. નાદીરશાહના અત્યાચારનો કોઈએ સામનો કર્યો નહીં.

વળી વિ. સં. ૧૮૧૨માં નાદીરશાહનો સેનાપતિ અહમદશાહ દુરાની હિંદ ઉપર આવ્યો. તેણે દિલ્લી, મથુરા વગેરે વૈભવવતી નગરીઓ લૂંટી.

લાખો માણસોને વટલાવી, મારી, લૂટી, કેદ કરી, ક્રોડોનું સુવર્ણધન લેઈ કાળો કેર વર્તાવી સ્વદેશ પાછો ગયો હતો.

છેવટે મુસલમાનોનું બળ નબળું પડયા પછી. મરાઠા પગભર થયા. અને તેમણે પણ પેશ્વાઓએ પૂનામાં, ભોંસલેએ નાગપુરમાં, સિંધિઆઓએ ગ્વાલિયરમાં, હોલ્કરે ઈન્દોરમાં, અને ગાયકવાડે વડોદરામાં, પોતાની સત્તાઓ સ્થાપવા, સૂરત–વડોદરા–અમદાવાદ જેવાં મોટાં મોટાં અને એવાં બીજાં અનેક શહેરોના ધનવાનોને, લૂંટવામાં પાછી પાની કરી નથી.

આ બધાં સ્થાનોએ સત્તાની લોલુપતા, અને ધર્મદ્વેષે મોટો ભાગ ભજવ્યો હોવાથી, મોટા–ભાગે પૈસાથી લૂંટાવામાં, મંદિરો અને પ્રતિમાઓ, ગુમાવામાં, તથા ધર્મના પુસ્તકોના ભંડારો ભસ્મીભૂત થવામાં, જૈનોએ માર ખાવામાં કમીના અનુભવી નથી.

આ બનાવોમાં મહારાષ્ટ્ર, કર્ણાટક, કોંકણ, લાટ, ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ, સિંધ, મારવાડ, મેવાડ,. માળવો, મગધ, પંજાબ, બંગાળ, આસામ, નેપાળ, મલય, શૌવીર, વગેરે દેશો અને નાનાં મોટાં હજારો ગામો–નગરો શહેરો લૂંટાયાં–જલાયાં–પાયમાલ થયાં. આ દરેક દેશમાં અને નગરમાં જૈન મંદિરો હતાં. જ્ઞાન ભંડારો હતા. બધાઓને મોટા આંચકા લાગ્યા છે.

**પ્રશ્ન** : આસામ, નેપાળ અને સિંધદેશમાં જૈનોનું નામ નિશાન પણ નથી, તો પછી ભૂતકાળમાં જૈનમંદિરો જ્ઞાન મંદિરો કે જ્ઞાનભંડારો હતાની ખાતરી શું ?

**ઉત્તર** : ભદ્રબાહુસ્વામીના વખતમાં, નેપાળદેશમાં ઘણા જૈનો હોવાનું પ્રમાણ મળે છે. કારણ કે ભદ્રબાહુસ્વામીએ નેપાળ દેશમાં, મહાપ્રાણાયામ ધ્યાન પ્રારંભ્યું, અને પૂર્ણ કર્યું હતું. તેઓ જૈનસમાજના સૌથી વડીલ આચાર્ય હતા, એટલે તેમની સાથે સેંકડો સાધુઓ પણ હોવા જોઈએ. તથા પાટલીપુત્ર શહેરમાંથી; તે વખતના શ્રીસંઘે સ્થુલભદ્ર વગેરે ૫૦૦ સાધુઓને ભદ્રબાહુસ્વામી પાસે ભણવા મોકલ્યા હતા. આથી નકી થાય છે કે નેપાળમાં હજારો ઘરો, અને લાખો જૈનો હોવા જોઈએ.

**પ્રશ્ન** : સિંધ દેશમાં જૈનધર્મ હોવાનાં પ્રમાણો હાલ મળી શકે છે ?

**ઉત્તર** : સિંધદેશનાં પણ ઇતિહાસમાં ઘણા પ્રમાણો મોજૂદ છે. પ્રભુમહાવીર દેવના અનન્ય ભક્ત ચેડા મહારાજાની પુત્રી, મહાસતી પ્રભાવતી રાણી (સિંધુશૌવીર દેશના રાજા ઉદાયનની પટરાણી) શુદ્ધ જૈન શ્રાવિકા હતી. તેણી બારે માસ જિનપૂજા કરતી હતી તથા પાછળથી ઉદાયનરાજા પણ, પ્રભુ મહાવીર દેવ પાસે દીક્ષા લેઈ

મોક્ષ ગયા છે. પ્રભુજી, ઉદાયન નૃપને, દીક્ષા આપવા સિંધદેશમાં ગયા હતા. પ્રભુજી સાથે હજારો મુનિરાજો પણ હતા.

હમણાં પણ થોડા વર્ષો પહેલાં, મોહનજોડેરો નામનું પ્રાચીનસ્થાનનું ખોદકામ થયેલું હતું, તેમાં પણ ઐતિહાસિક જૈન ભગ્નાવશેષો ઘણા નીકળ્યા હતા. વળી હમણાં (પાકીસ્તાન થયા પહેલાં) ૨૦૦૩ સાલ પહેલાં, સિંધદેશના એક વિભાગ થરપારકર દેશમાં, નગરમાં વીરાવાવમાં તથા પારિનગરના ખંડીએરોમાં, જૈનમમંદિરો જિનપ્રતિમાઓ હતી. જેને વાવ અને શત્રુંજયાદિ સ્થાનોમાં મોકલાવાઈ છે. અને ઘણી જગ્યાએ જૈનમંદિરો હમણાં સુધી ઉભેલાં, આ પુસ્તકના લેખકે નજરે જોયાં છે.

આ બધાં નિમિત્તો ઉપરાંત ભરત ક્ષેત્રનું પ્રમાણ જાણવાથી પણ, શ્રી વીતરાગ શાસનની અને જૈનાગમોની આવી અલ્પતા થઈ જવાનું કારણ સમજી શકાય તેવું છે.

**પ્રશ્ન** : ભરતક્ષેત્રેનું પ્રમાણ ૫૨૬ યોજન અને ૬ છ કળા જેટલું પ્રસિદ્ધ છે આથી કાંઈ વિશેષ જાણવા યોગ્ય છે?

**ઉત્તર** : હા. આતોમાત્ર ઉત્તરદક્ષિણ ભરતક્ષેત્રનું પ્રમાણ છે. પરંતુ પૂર્વપશ્ચિમ ચૌદહજાર ચારસો ઈકોત્તર યોજન અને પાંચકલા લંબાઈ સમજવી.

**પ્રશ્ન** : ભરતક્ષેત્રના છ ખંડો કહેવાય છે. તેમાં આપણે જેમાં છીએ. તેની લંબાઈ પહોળાઈ કેટલી?

**ઉત્તર** : જંબૂદ્વીપ એકલાખ યોજન ગોળાકાર છે. તેના ઉત્તર દક્ષિણ–૧૯૦ ટુકડા= ખાંડવા થાય છે. ભરત, ઐરવત એક ખાંડવું પહોળાં છે. ચૂલ્લહિમવંત અને શિખરીની બે ખાંડવાં પહોળાઈ છે. હિમવંત અને હિરણ્યવંત યુગલિક ક્ષેત્રો ચાર ખાંડવાં પહોળાઈ છે. મહાહિમવંત અને રુકિમપર્વતો, આઠ ખાંડવાં પહોળા છે. તથા હરિવર્ષ અને રમ્યક્ બે યુગલિક ક્ષેત્રો સોળ ખાંડવાં પહોળાં છે. તથા નિષધ અને નીલવંત બે પર્વતો, બત્રીસ ખાંડવા પહોળા જાણવાં.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| દક્ષિણ દિશા | ૧ | ૨ | ૪ | ૮ | ૧૬ | ૩૨ | |
| | ૫૨૬–/૬ | ૧૦૫૨–/૧૨ | ૨૧૦૫–/૫ | ૪૨૧૦–/૧૦ | ૮૪૨૧–/૧ | ૧૬૮૪૨–/૨ | કુલ ૩૩૧૫૭–/૧૭ |

**ઉત્તર દિશામાં પણ આ પ્રમાણે-૬૩ વિભાગો ઐરવત ક્ષેત્રથી ગણવાના અને વચમાં ચોસઠ ૬૪ વિભાગો મહાવિદેહ ક્ષેત્રના મુંકવાથી ૧૯૦ ખંડના ૧ લાખ યોજના થાય છે.**

આ ઉપર બતાવેલા ઉત્તર–દક્ષિણ–પ્રમાણે, પૂર્વ–પશ્ચિમ પણ મહાવિદેહ ક્ષેત્ર વચમાં હોવાથી, એકલાખ યોજન જંબૂદ્વીપ થાય છે. તેથી ઉત્તર દક્ષિણ ધનુષાકાર ભરતક્ષેત્ર પહોળું અને પૂર્વ–પશ્ચિમમાં ૧૪–૪–૭૧/૫ ચૌદહજાર ચારસો ઇકોતેર યોજન–પાંચકલા લાંબું થાય છે. તેથી વૈતાઢ્ય પર્વત અને ગંગા–સિંધુ નદીના કારણે, ભરત ક્ષેત્રના છ ખંડ

પડવા છતાં, દક્ષિણ ભરતના મધ્ય ખંડની લંબાઈ, ઉત્સેધાંગુલથી લાખયોજનથી પણ વધારે થાય છે.

કારણ કે પૂર્વ-પશ્ચિમથી વચ્ચોવચ, અને ઉત્તર દક્ષિણથી પણ સંપૂર્ણ મધ્યમાં, અયોધ્યાનગરી, ઉત્તર-દક્ષિણ નવ-યોજન અને પૂર્વ-પશ્ચિમ બાર યોજન હતી. તેની જોડાજોડ. પૂર્વદિશામાં, અષ્ટાપદપર્વત આવેલો છે. અષ્ટાપદ અને શત્રુંજય વચ્ચે ૧ લાખ ૮૫ હજાર ગાઉનું આંતરું છે. અયોધ્યા અને અષ્ટાપદ બંન્ને, મધ્યખંડની મધ્યમાં હોવાથી, ચાર લાખ ગાઉ જેટલો, મધ્યખંડનો વિસ્તાર સમજી શકાય તેવું છે.

**પ્રશ્ન** : અષ્ટાપદને કેટલાક હિમાલય ઠરાવે છે, કેટલાક કૈલાસ પર્વતને કહે છે, તે બરાબર છે?

**ઉત્તર** : બરાબર નથી ભરત રાજાની અયોધ્યા અને અષ્ટાપદગિરિ, જુનાગઢ અને ગિરનારની માફક, લગોલગ હતાં, અને અયોધ્યાનગરી, ભરતક્ષેત્રના દક્ષિણ-ભરતના, મધ્યખંડના પણ બરોબર મધ્યમાં જ હોવાથી, બે બાજુ ઉત્સેધ આંગુલના માપે ૫૦ હજાર યોજન થી કંઈક અધિક મધ્યખંડ રહે છે તે યુક્તિથી સમજાય તેવું છે.

**પ્રશ્ન** : અયોધ્યાનગરી, અત્યારે સાવ નજીકમાં છે, હાલના સમ્મેતશિખરના યાત્રિકો, અયોધ્યાની યાત્રા કરે છે. પાંચ તીર્થંકરદેવોના કલ્યાણકો પણ ત્યાંજ કહેવાય છે. તોપછી, અષ્ટાપદતીર્થ પણ ત્યાંજ હોવું જોઇએ ને? અથવા ઉપર કહ્યું છે તેમ, અષ્ટાપદ અને અયોધ્યાનગરી જો પાસેજ હતાં તો. અષ્ટાપદનું શું થયું? વળી ઉપરમાં શત્રુંજય અને અષ્ટાપદનું અંતર બતાવ્યું છે. તે તો આ વર્તમાન અયોધ્યાનગરી સાથે મેળ બેસતો જ નથી તેનું કેમ?

**ઉત્તર** : પહેલા જિનેશ્વર ઋષભદેવસ્વામી અને ભરતચક્રવર્તી; ત્રીજા આરામાં થયા છે. ઋષભદેવસ્વામી મોક્ષ પધાર્યા પછી, ૮૯ પખવાડિયાં ગયા પછી, ચોથો આરો બેઠો છે.

ચોથાઆરાનાં પચ્ચાસલાખ કોટી સાગરોપમ કાળ ગયા પછી, એટલે અર્ધો ચોથો આરો ગયા પછી, બીજા અજિતનાથસ્વામી, તથા બીજા સાગર ચક્રવર્તી થયા હતા. તેજ સગરચક્રવર્તીના પુત્રો, અષ્ટાપદની યાત્રા કરવા ગયેલા. ત્યાં પર્વત અને તીર્થની, મનોહરતા અને પ્રભાવકતા જોઈને, ભવિષ્યકાલે અનાર્યોદ્વારા, નાશથી તીર્થને બચાવવા, ગંગા નદીમાં નહેર બનાવી, તીર્થની બધી બાજુએ ખાઈ કરાવી, પાણીને વાળી દીધું. જેથી એક મોટો દરીઓ બની ગયો છે. આ વર્ણનથી વૃષભદેવસ્વામીની અને અજિતનાથસ્વામીની અયોધ્યા જુદી સમજાય છે.

વળી આટલો મોટો કાળ ગયો. યુગોના યુગો પલટાઈ ગયા. અસંખ્યાતા રાજાઓ થઈ ગયા. તેથી વખતે અયોધ્યા નગરીનો પણ સ્થાન બદલો થયો હોય તે સમજી શકાય તેવું છે. અને સગરરાજાના પુત્રોનો યાત્રા પ્રવાસ તથા રક્ષણ માટેની ખાઈની યોજના પણ કહી જાય છે કે અયોધ્યાએ સ્થાન બદલો કર્યો હશે.

અજિતનાથસ્વામી પછી, ચાલીશ લાખ કોટી સાગરોપમ ગયા પછી, અભિનંદનસ્વામી થયા હતા, અને ત્યારપછી નવલાખકોટી સાગરોપમ ગયા પછી, સુમતિનાથસ્વામી થયા હતા. આ બે ચોથા, પાંચમા, પ્રભુજીનો કાળ પૂરો થતાં, ચોથા આરાનો ફક્ત સોમો ભાગ જ બાકી રહે છે. આટલા કાળમાં પણ, યુગોનાયુગો પલટાયા છે. અસંખ્યાતા રાજાઓ થયા છે. અને આ ચોથા આરાના ફક્ત સાતજ સાગરોપમ કાળ બાકી રહ્યો ત્યારે, ચૌદમા શ્રી–અનંતનાથસ્વામી જિનેશ્વરદેવ પણ, અયોધ્યામાંજ થયા છે.

આટલા મોટા કાળના અંતરો પડવાથી, નગરીઓના પણ ફેરફારો થયા હોય. નવા નવા નામની હજારો નગરીઓ થઈ ગઈ હોય. નાશ પામી હોય. તેમ અયોધ્યાનગરીનું નામ કાયમ રહેવા છતાં, સ્થાનબદલા હજારોવાર થયા હશે. તેથી હાલમાં વિદ્યમાન અયોધ્યાનગરી દશરથરાજા અને રામલક્ષ્મણ આજુબાજુના વખતની માનવી ઠીક લાગે છે.

આ બધી દલીલોથી જૈનગ્રંથોની સંખ્યા અને પ્રમાણમાં પણ ઘણી મોટી ઓટ આવી છે. તેનાં કારણ પણ સમજી શકાય તેવાં છે. દેખાય છે. જેમ જૈનમંદિરો અને જૈન પ્રતિમાઓના નાશ થયા તેમાં ધર્મદ્વેષ અથવા પરધર્મ અસહિષ્ણુતાએ પાઠ ભજવ્યો છે. તે કારણોથી જૈનાગમોની સંખ્યા, અને પ્રમાણની અલ્પતા માટે સમજી શકાય છે.

**પ્રશ્ન** : જૈન મંદિરો અને જૈન પ્રતિમાઓ તો મહાવીરપ્રભુ પછી હમણાંજ થવા લાગી ને?

**ઉત્તર** : જેમ જૈનધર્મ અનાદિઅનંત છે, હતો, છે, અને રહેવાનો છે. તેજ પ્રમાણે જિનેશ્વર દેવોની પ્રતિમાજી અને મંદિરો પણ સર્વકાળમાં હતાં. નાશ પામ્યાં. નવાં થયાં. કોઈ કોઈ હજારો લાખો વર્ષ પણ રહ્યાં છે. જે હવે પછીના વર્ણનોમાં જાણી શકાશે. ઉપરાંત ત્રણે લોકમાં શાશ્વતચૈત્યો અને પ્રતિમાઓ રહેલાં છે, તેનો નાશ થતો નથી અને થવાનો પણ નથી.

**પ્રશ્ન** : શાશ્વતચૈત્યો એટલે શું? તે ક્યાં છે? તેની સંખ્યા વગેરે જણાવી શકાય તો જણાવો?

**ઉત્તર** : શાશ્વત ચૈત્યો અને પ્રતિમાઓ ચારનિકાયના દેવવિમાનો અને ભુવનોમાં હોય છે. તથા તિર્છાલોકમાં પણ હોય છે. તે મેરૂપર્વત અને ચંદ્ર–સૂર્યના વિમાનોની માફક, જૈનચૈત્યો અને પ્રતિમાઓ પણ નિત્ય છે. શાશ્વત છે.

ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષી, અને વૈમાનિક, દેવોના વિમાનો અને નગરોમાં પ્રત્યેક એક એક વિમાન કે નગરમાં, એક એક ચૈત્ય હોય છે. અને પ્રત્યેક વિમાન કે નગરમાં પાંચ પાંચ સભા હોય છે. ચૈત્યના ગર્ભાગારમાં, એકસોઆઠ પ્રતિમા હોય છે. તથા રંગમંડપમાં ત્રણ ચૌમુખજી હોવાથી, બાર પ્રતિમા હોવાથી, પ્રત્યેક ચૈત્યની એકસોવીશ પ્રતિમા થાય છે તથા પાંચ સભાઓમાં ત્રણ ત્રણ ચૌમુખજી બાર પ્રતિમા હોવાથી,

કુલ સાઈઠ–૬૦ પ્રતિમા હોય છે. ચૈત્યના ૧૨૦ પ્રતિમા અને સભાના સાઈઠ પ્રતિમાઓ મેળવવાથી ૧૮૦ પ્રતિમા થાય છે.

**પ્રશ્ન** : ચારનિકાયના દેવોમાં વિમાનો અને નગરો જુદી સંજ્ઞા કેમ ?

**ઉત્તર** : વૈમાનિક અને જ્યોતિષી દેવોનાં સ્થાનોને વિમાન તરીકે ઓળખાય છે. અને ભુવનપતિ અને વ્યંતર=વાણવ્યંતર દેવોના સ્થાનોને, નગરથી સંબોધાય છે.

**પ્રશ્ન** : પાંચ સભા સબ્દનો પ્રયોગ કેવા અર્થમાં વપરાય છે ?

**ઉત્તર** : દેવોની ચારેનિકાયોમાં, પ્રત્યેક વિમાન કે નગરોમાં, પાંચ પાંચ સભા હોય છે. અને તેનો ઉપયોગ, પહેલી **ઉપપાતસભા**=જેમાં પુષ્પોની શય્યામાં દેવ કે દેવી જન્મે છે. અર્થાત્ ઉત્પન્ન થાય છે. બીજી **સ્નાનસભા,** ત્રીજી **અલંકાર** સભા, ચોથી **વ્યવસાયસભા,** પાંચમી **સુધર્માસભા.** આ પાંચે સભાનો અર્થ, આગળ લખાઈ ગયો છે. આ દરેક સભાઓના એક પ્રદેશમાં ત્રણ ત્રણ ચોમુખજી ભગવાન જાણવા.

## સ્વર્ગ અથવા દેવલોક–ચૈત્યસંખ્યા, પ્રતિમાસંખ્યા–બતાવવા કોઠો લખું છું :—

| સ્વર્ગ | એક ચૈત્યમાં પ્રતિમા | સભાની પ્રતિમા | એક ચૈત્ય અને સભા | ચૈત્યોની કુલ સંખ્યા | પ્રતિમાની કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧લું સ્વર્ગ | ૧૨૦ | ૬૦ | ૧૮૦ | ૩૨૦૦૦૦૦, | ૫૭૬૦૦૦૦૦૦ |
| ૨જું સ્વર્ગ | ૧૨૦ | ૬૦ | ૧૮૦ | ૨૮૦૦૦૦૦ | ૫૦૪૦૦૦૦૦૦ |
| ૩જું સ્વર્ગ | ૧૨૦ | ૬૦ | ૧૮૦ | ૧૨૦૦૦૦૦ | ૨૧૬૦૦૦૦૦૦ |
| ૪થું સ્વર્ગ | ૧૨૦ | ૬૦ | ૧૮૦ | ૮૦૦૦૦૦ | ૧૪૪૦૦૦૦૦૦ |
| ૫મું સ્વર્ગ | ૧૨૦ | ૬૦ | ૧૮૦ | ૪૦૦૦૦૦ | ૭૨૦૦૦૦૦૦ |
| ૬ઠું સ્વર્ગ | ૧૨૦ | ૬૦ | ૧૮૦ | ૫૦૦૦૦ | ૯૦૦૦૦૦૦ |
| ૭મું સ્વર્ગ | ૧૨૦ | ૬૦ | ૧૮૦ | ૪૦૦૦૦ | ૭૨૦૦૦૦૦ |
| ૮મું સ્વર્ગ | ૧૨૦ | ૬૦ | ૧૮૦ | ૬૦૦૦ | ૧૦૮૦૦૦૦ |
| ૯મું, ૧૦મું સ્વર્ગ | ૧૨૦ | ૬૦ | ૧૮૦ | ૪૦૦ | ૭૨૦૦૦ |
| ૧૧મું, ૧૨મું સ્વર્ગ | ૧૨૦ | ૬૦ | ૧૮૦ | ૩૦૦ | ૫૪૦૦૦ |
| નવગ્રૈવેયક | ૧૨૦ | સભા નથી | ૧૨૦ | ૩૧૮ | ૩૮૧૬૦ |
| પાંચ અનુત્તર વિમાનો | ૧૨૦ | સભા નથી | ૧૨૦ | ૫ | ૬૦૦ |

કુલ ચૈત્યો ૮૪૯૭૦૨૩, પ્રતિમા ૧૫૨૯૪૪૪૭૬૦

આ પ્રમાણે વૈમાનિક ચૈત્યો અને પ્રતિમાજીનો આંક જાણવો.

તથા ભુવનપતિનિકાયની પણ ચૈત્યસંખ્યા અને પ્રતિમાસંખ્યા જણાવાય છે.

| ભુવનપતિ નિકાય | | ચૈત્યમાં પ્રતિમા | સભામાં પ્રતિમા | કુલ પ્રતિમા ભુવન અને સભા | કુલ ચૈત્યો | કુલ પ્રતિમા |
|---|---|---|---|---|---|---|
| પહેલા ભુવનનિકાયમાં | | ૧૨૦ | ૬૦ | ૧૮૦ | ૬૪ લાખ | ૧૧૫૨૦૦૦૦૦૦ |
| બીજા | ,, | ૧૨૦ | ૬૦ | ૧૮૦ | ૮૪ લાખ | ૧૫૧૨૦૦૦૦૦૦ |
| ત્રીજા | ,, | ૧૨૦ | ૬૦ | ૧૮૦ | ૭૨ લાખ | ૧૨૯૬૦૦૦૦૦૦ |
| ચોથા | ,, | ૧૨૦ | ૬૦ | ૧૮૦ | ૭૬ લાખ | ૧૩૬૮૦૦૦૦૦૦ |
| પાંચમા | ,, | ૧૨૦ | ૬૦ | ૧૮૦ | ૭૬ લાખ | ૧૩૬૮૦૦૦૦૦૦ |
| છઠા | ,, | ૧૨૦ | ૬૦ | ૧૮૦ | ૭૬ લાખ | ૧૩૬૮૦૦૦૦૦૦ |
| સાતમા | ,, | ૧૨૦ | ૬૦ | ૧૮૦ | ૭૬ લાખ | ૧૩૬૮૦૦૦૦૦૦ |
| આઠમા | ,, | ૧૨૦ | ૬૦ | ૧૮૦ | ૭૬ લાખ | ૧૩૬૮૦૦૦૦૦૦ |
| નવમા | ,, | ૧૨૦ | ૬૦ | ૧૮૦ | ૯૬ લાખ | ૧૭૨૮૦૦૦૦૦૦ |
| દશમા | ,, | ૧૨૦ | ૬૦ | ૧૮૦ | ૭૬ લાખ | ૧૩૬૮૦૦૦૦૦૦ |

કુલ ચૈત્ય સંખ્યા ૭૭૨૦૦૦૦૦

કુલ પ્રતિમાજી ૧૩૮૯૬૦૦૦૦૦

તથા તિર્ચ્છાલોકમાં ૩૨૫૯ ચૈત્યો છે તેની વિગત નીચે મુજબ છે.

જંબુદ્વીપમાં ૬૩૫ ચૈત્યો છે, ૭૬૨૦૦ પ્રતિમાજી છે, ધાતકીખંડમાં ૧૨૭૨ ચૈત્યો છે. તેમજ ૧૫૨૬૪૦ પ્રતિમાજી ભગવાન જાણવા. તથા પુષ્કરવર અર્દ્ધદ્વીપમાં પણ ચૈત્યો ૧૨૭૨ પ્રતિમાજી ૧૫૨૬૪૦ જાણવા તથા માનુષ્યોત્તરપર્વત ઉપર ચારચૈત્યો, ૪૮૦ પ્રતિજીઅને નંદીશ્વરદ્વીપના એક વિભાગમાં, પહેલા, બીજા સ્વર્ગની ઈન્દ્રાણીઓનાં ૧૬ ચૈત્યો છે તથા ૧૯૨૦ પ્રતિમાજી છે. આ સર્વ આંકકા ૬૩૫, ૧૨૭૨, ૧૨૭૨, ૪, ૧૬. આ પાંચે આંકડા ૩૧૯૯ થાય છે.

આ ૩૧૯૯ ચૈત્યોમાં, પ્રત્યેકમાં, ૧૨૦ પ્રતિમાજી હોય છે, તથા નંદીશ્વરદ્વીપમાં ચાર દિશામાં પ્રત્યેક સ્થાને, તેર તેર ચૈત્યો હોવાથી, કુલ બાવન ચૈત્યો હોય છે. અને રૂચકદ્વીપ ચાર દિશાએ ચાર ચૈત્યો છે. એજ પ્રમાણે કુંડલદ્વીપમાં પણ ચાર ચૈત્યો છે. આ ત્રણ આંકડે સાઈઠ ચૈત્યો છે. તે બધાં વૈમાનિકચૈત્યોના જેવાં, સો યોજન લાંબાં, પચ્ચાસ-યોજન પહોળાં, બહોત્તેરયોજન ઊંચાં, ચાર બારણાંવાળાં હોવાથી, ૧૨૪ પ્રતિમાજી હોય છે. તેથી સાઈઠ ૬૦ ચૈત્યોમાં ૭૪૪૦ પ્રતિમા જાણવી.

બધા મળી ૩૨૫૯ ચૈત્યોમાં ૩૯૧૩૨૦ પ્રતિમાજીની સંખ્યા થાય છે. તેથી ચૈત્યો અને પ્રતિમાજીના આંકડા કુલ આ પ્રમાણે છે.

| | | | |
|---|---|---|---|
| વૈમાનિક ચૈત્યો | ૮૪૯૭૦૨૩ માં પ્રતિમાજી | ભગવાન | ૧૫૨૯૪૪૪૭૬૦ |
| ભુવનપતિ ચૈત્યો | ૭૭૨૦૦૦૦૦ માં પ્રતિમાજી | ભગવાન | ૧૩૮૯૬૦૦૦૦૦ |
| તિર્ચ્છાલોકમાં ચૈત્યો | ૩૨૫૯ માં પ્રતિમાજી | ભગવાન | ૩૯૧૩૨૦ |
| તેથી કુલ ચૈત્ય સંખ્યા | ૮૫૭૦૦૨૮૨ માં કુલ પ્રતિમા | | ૧૫૪૨૫૮૩૬૦૮૦ |

તથા વ્યન્તરમાં અને જ્યોતિષીમાં ચૈત્યો અસંખ્યતાં છે. પ્રતિમાજી પણ અસંખ્યાતી હોય છે.

**પ્રશ્ન** : આ પ્રતિમાજી કયા કયા જિસેશ્વરદેવોનાં હોય છે ?

**ઉત્તર** : ૧ ઋષભાનનસ્વામી, ૨ ચંદ્રાનનસ્વામી, ૩ વારિષેણસ્વામી, ૪ અને વર્ધમાન સ્વામી.

**પ્રશ્ન** : આ ચાર પ્રભુજી સમશ્રેણિએ બેઠા છે કે જુદી રીતે બેઠેલા છે ?

**ઉત્તર** : આ શાશ્વતપ્રતિમાજી બધા ચૌમુખ બેઠેલા હોય છે. અને ક્રમસર ચારે દિશાઓમાં ઉપર લખેલી ચાર પ્રતિમાઓ બીરાજમાન હોય છે.

**પ્રશ્ન** : તમે લખેલાં ચૈત્યો અને પ્રતિમાજી માટેના શાસ્ત્રીય પુરાતા હોય તો બતાવો.

**ઉત્તર** : ગાથા **सत्ताणवइ सहस्सा, लक्खा छप्पन अट्ठकोडिओ ।**
**बत्तिसय बासिआइं, त्तिबलोए चेइए वंदे ॥**

**અર્થ** : સત્તાણુંહજાર છપ્પનલાખ આઠ ક્રોડ બત્રીશશો અને બાસી ત્રણેલોકના ચૈત્યોને વંદન કરૂં છું. નિચોડ કે બત્રીસસોને બ્યાસીને, સત્તાણુંહજારમાં ઉમેરવાથી, એક લાખને બસો બ્યાસી થાય છે તેને છપ્પનલાખ સાથે જોડવાથી, સત્તાવનલાખ થાય છે. ૮૫૭૦૦૨૮૨ ચૈત્યો થાય છે.

તથા બિંબગાથા **पनरस कोडिसयाइं, कोडिबायाल लक्ख अडवन्ना ।**
**छत्तीस सहस असिइं, सासयबिंबाइं पणमामि ॥१॥**

**અર્થ** : પન્નરસોક્રોડ, બેતાલીશક્રોડ, અઠ્ઠાવનલાખ છત્રીશહજાર એંસી (૧૫૪૨૫૮૩૬૦૮૦) શાશ્વતબિંબોને પ્રણામ કરું છું ઈતિ, રાઈપ્રતિક્રમણ જગચિંતામણિ ચૈત્યવંદવ ગા. ૪–૫

**પ્રશ્ન** : આતો બધી શાશ્વતી પ્રતિમાઓ બતાવી, પરંતુ અશાશ્વતી પ્રતિમાઓ તો હમણાંના જમાનામાં જ બનવા લાગી છે ને ? આપણે જેમના દર્શન–વંદન–પૂજન કરીએ છીએ. આ બધી પ્રતિમા તો થોડાકાળ પહેલાં જ બની છે ને ?

**ઉત્તર** : અશાશ્વતી પ્રતિમાઓ, હમણાં જ થવી શરૂ થઈ છે, એ ખોટી વાત છે. જુઓ હમણાં જે ગિરનારપર્વત ઉપર મૂલાનાયક, નેમિનાથસ્વામીની પ્રતિમાજી બિરાજમાન છે. તે ગઈ ચોવિસીના ત્રીજા સાગરજિનેશ્વરના તીર્થમાં બનેલી છે. આ ઘટના નીચે મુજબ જાણવા યોગ્ય હોવાથી લખી છે.

## પ્રતિમાની પ્રાચીનતા–સમર્થક નિબંધ ૧લો.

ગઈ ચોવીસીના ત્રીજા જિનેશ્વરદેવ સાગરદેવસ્વામીના તીર્થમાં. ઉજ્જયિની નગરીમાં, નરવાહનનામે રાજા થયો હતો. એકદા સાગરદેવજિનેશ્વર ઉજ્જયિની નગરીના પરિસરમાં સમવસર્યા હતા. નરવાહન રાજા વંદન કરવા ગયો દેશના સાંભળી પ્રભુજી ને **પ્રશ્ન પૂછયો** પ્રભુજી ? મારો મોક્ષ કયારે થશે ? પ્રભુજીનો.

**ઉત્તર** : આવતી ચોવીસીમા બાવીસમા જિનેશ્વરદેવ નેમનાથસ્વામીના તીર્થમાં, તમે પ્રભુજી પાસે દીક્ષા લઈ, વરદત્ત નામના ગણધર થઈ, આઠકર્મ ક્ષય કરી, કેવલી થઈ મોક્ષમાં જશો, નરવાહનરાજાએ, પ્રભુજીની દેશના સાંભળી, પ્રભુ પાસેજ દીક્ષા લીધી, શુદ્ધ આરાધી, બ્રહ્મદેવલોકમાં ૧૦ સાગરાયુ ઈન્દ્ર થયા, અવધિજ્ઞાનથી ગયાજન્મમાં, પ્રભુ પાસે જાણેલી વાત યાદ આવી, તેથી વજ્રમયીમાટી વડે, શ્રીનેમનાથસ્વામીની પ્રતિમા બનાવી, પોતાના વિમાનમાં રાખી, ૧૦ સાગરોપમ સુધી પૂજા કરી. ખુબ આરાધના કરી સમ્યકત્વ નિર્મલ બનાવ્યું.

અને જ્યારે પોતાનો ચ્યવનકાળ નજીક છે. એમ સમજાયું ત્યારે, ઈન્દ્ર મહારાજા ગિરનાર પર્વત ઉપર આવ્યા. પર્વતના તમામ પ્રદેશો તપાસીને, ઘણો રળીયામણો વિભાગ જોઈને, પર્વતની ઉંડાણમાં, લાંબી પહોળી, અને સુરમ્ય, તથા તદ્દન સુવર્ણનીદિવાલોવાળી, એક કાંચનબલાહક નામની ગુફા બનાવી. જેની મધ્યમાં રતનમયવેદિકા બનાવીને, લાખોસંખ્ય દેવદેવીઓની હાજરીમાં, પ્રભુજીને પધરાવ્યા.

પછી તો દેવદેવીઓ અને વિદ્યાધરો માટે કાયમનું મહાચમત્કારી તીર્થ બનીગયું. અને એકધારૂં વીશ કોટાકોટિસાગરોમ સુધી, ચારેનિકાયના દેવદેવીઓ વડે. કાંચન-બલાહક તીર્થ પૂજાયું. યાવત આ અવસર્પિણીકાળના બાવીશમા જિનેશ્વરદેવનાં પાંચે કલ્યાણકો પણ થઈ ગયાં.

**પ્રશ્ન** : પછી આ નેમાનાથસ્વામીની પ્રતિમા ભરાવનાર ઈન્દ્રમહારાજ કયાં ઉત્પન્ન થયા. અને કયારે મોક્ષમાં ગયા ?

**ઉત્તર** : ઈન્દ્ર મહારાજ ત્યાંથી ચ્યવીને અવાંતરભવમાં મનુષ્ય થયા છે. અને પછીતો પ્રાણીમાત્રને ભવસ્થિતિ પરિપાક થવાની અપેક્ષાયે અલ્પકાળ હોયતો પંચેન્દ્રિયનાજ ભવો થાય છે. ઘણોકાળ હોયતો મરિચિનીમાફક એકેન્દ્રિયાદિકમાં પણ જવું પડે છે તેન્યાયથી, ઇન્દ્ર મહારાજનો આત્મા વીશ કોટાકોટિ સાગરોપમકાળ, સંસારમાં રખડીને, નેમનાથ-સ્વામીના સમકાલે મહાપલ્લિદેશમાં, ક્ષિતિપ્રતિષ્ઠ નગરમાં રાજા થયા.

એકવાર કેવલી ભગવાન નેમનાથસ્વામી પધાર્યા. રાજા વંદન કરવા ગયો. દેશના

સાંભળીને વૈરાગ્ય પામ્યા. પ્રભુજી પાસે દીક્ષા લીધી. પ્રભુ સાથે વિચરી આઠે કર્મનો ક્ષય કરીને, મોક્ષમાં ગયા. શત્રુંજયમહાત્મ્યમાં તેમને વરદત્તગણધર તરીકે બતાવ્યા છે.

**પ્રશ્ન** : નેમનાથ સ્વામીની આ પ્રતિમા અહીં કેવી રીતે આવી ?

**ઉત્તર** : આ પ્રતિમા ભગવાન નેમનાથ સ્વામીના નિર્વાણ પછી ૯૦૯ વર્ષ ગયા પછી આવી છે એનો પ્રબંધ આ નીચે પ્રમાણે છે. બીજા મત પ્રમાણે નેમનાથ સ્વામીના નિર્વાણ પછી આઠ હજાર વર્ષ છે.

કાશ્મીર દેશમાં, તે કાળમાં, નવહુલ નામનું નગર હતું. અને તેમાં પરાક્રમી નવહંસ નામે રાજા રાજ્ય કરતો હતો. રાજાને વિજયાદેવી નામે રાણી હતી. તેજ નગરમાં પૂર્ણ, ચંદ્રનામા ધનવાન જૈન શ્રાવક વસતો હતો. તે શેઠને રત્નસાર, મદનચંદ્ર અને પૂર્ણચંદ્ર ત્રણ પુત્રો હતા. રત્નસારને પણ પઉમિણી નામની પત્ની અને કોમલ નામે પુત્ર હતો.

એકવાર મહાપદ્મદેવનામના આચાર્ય ભગવાનની દેશના સાંભળી, રત્નશેઠે, રાજાની આજ્ઞા મેળવી, કુટુંબની ઇચ્છા મેળવી, મોટા આડંબરથી સંઘ કાઢી, ગિરનાર તીર્થે આવ્યા હતા. શેઠની ઉદારતાનો પાર હતો જ નહીં. વળી શેઠાણી પણ મહાઉદાર હતાં. પઉમિણી અને વિજયારાણીને બેનપણાં હતાં. તેથી સંઘ નીકળ્યા પહેલાં રાણીને મળવા ગયાં. સંઘમાં જવા રજા માગી.

રાણીસાહેબ કહે છે બહેન ? મને તારા વિના ક્ષણપણ ગમશેનહીં. મહીનાઓ સુધી મને તારૂં મુખ જોવા મળશે નહીં. મારાં ચક્ષુઓને આવા ઉપવાસો વસમા લાગશે. પરંતુ તીર્થયાત્રાની અનુમોદના રૂપ અમૃતનાં છાંટણાંથી, મારાં ચક્ષુઓને અંજન કરીને, પારણાં કરાવીશ. પરંતુ તું, તીર્થે જતાં કે પહોંચીને, જરાપણ લોભ કરીશ નહીં. લોભથી ધર્મનું ફળ ખોવાઈ જાય છે.

શેઠાણી કહે છે. સ્વામિનિ ? આપનો અને મહારાજાનો, અમારા કુટુંબ ઉપર અસીમ ઉપકાર છે, તથા મારા સ્વામી અને બે દેવરો પણ ઘણા ઉદાર છે. લક્ષ્મણનો સીતાની જેમ, દેવરોનો મારા પ્રત્યે ભક્તિભાવ છે. પતિ મને પોતાનું સર્વસ્વ માને છે. મારાપુત્ર કોમલનું મારા પ્રત્યે વીરકુમાર જેવુ આચરણ છે. લક્ષ્મીદેવીની પણ મબલખ મહેરબાની છે. માટે હું આપનું વચન ક્ષણવાર પણ ભુલીશ નહીં.

પઉમિણીનું ભાષણ સાંભળી, ખૂબજ ખુશી થયેલાં રાણીજીએ, ઘણું ધન, મહાકિંમતી અલંકારો, ઉચ્ચજાતિનાં વસ્ત્રો, પઉમિણીને ભેટ આપ્યાં. દરવાજા સુધી રાણી દાસીઓને સાથે લઈને વહોળાવવા આવ્યાં હતા. પઉમિણી શેઠાણી ઘેર આવ્યાં. રાણીજીની પ્રસન્નતાની બધી વાત જણાવી, રાણીજીની આપેલી ભેટ પણ, પોતાના સ્વામીને બતાવી.

લાખો યાત્રાળુઓ અને હજારો સૈનિકો સાથે. મદનચંદ્ર અને પૂર્ણચંદ્ર બે ભાઈઓ અને પત્ની-પુત્ર સહિત રત્નશાહનો સંઘ રવાના થયો. રસ્તામાં રોલા અને તોલા પર્વત

પાસે દૈવી ઉપદ્રવ થયો. પરંતુ મહાપુરૂષ રત્નાશાહના સાત્વિક ભાવથી શમી ગયો, અને અનુક્રમે ગિરનારતીર્થે પહોંચી ગયા. સંઘસહિત નેમનાથસ્વામીની યાત્રા થઈ રત્નસારના આનંદનો પાર રહ્યો નહીં.

એકવાર સામુદાયિક સ્નાત્ર થતું હતું. તે વખતે હજારો સંઘાળુઓના અભિષેકથી, ઘણી પ્રાચીન અને રેત-માટી ને રસની બનેલી, નેમનાથસ્વામીની પ્રતિમા ઓગળીને વેરાઈ ગઈ. જેમ રેત-લોટ-ચૂર્ણ વિખરાઈને પાણીમાં મળી જાય તેમ મૂર્તિની, અવયવ સામગ્રી નાશ પામી. આખા સંઘમાં હાહાકાર થયો. રત્નાશાહે અભિગ્રહ લીધો, પદ્માસન લગાવી બેસી ગયા.

ચોવીહાર અઠ્ઠમ થયો. અંબાદેવી આવી કહેવા લાગ્યાં. શેઠજી કેમ બેઠા છો? તમારાથી જ તીર્થનો નાશ થવાનો હતો અને થયો છે. **શેઠનો ઉત્તર** તીર્થના સ્થાપનાર. ઉદ્ધાર કરાવનાર, અને સાચવનાર સ્વર્ગ અને મોક્ષમાં જાય છે. તો શું હું તીર્થનો નાશ કરીને કુગતિમાં જવા માટે આવ્યો છું? એ કેમ બને? પ્રતિમા આપો. અને તીર્થના નાશના પાપથી બચાવો.

અંબાદેવી ચાલી ગઈ. નવમા દિવસે આવી. સંઘવીને કહે છે. કેમ બેઠો છે ચાલ્યો જા પ્રતિમા નહીં મળે. બીક બતાવી ચાલ્યાં ગયાં. વળી કેટલાક સંઘના કંટાળેલા માણસો પણ જવા લાગ્યા. પરંતુ સંઘવી રત્નાસાહ, ચારે આહારના ત્યાગથી ડગ્યા નહીં. એકવીશ ચોવીહાર ઉપવાસ થયા. યાવત સાઈઠ ઉપવાસ થયા. દેવી વારંવાર આવ્યાં. સંઘવીની સંપૂર્ણ કસોટી થઈ.

સાઈઠ ઉપવાસે અંબાદેવી આવ્યાં. રત્નાશાહની શ્રદ્ધા અને ટેકની ઘણી અનુમોદના કરી, અંધારી રાતમાં, કાંચનબલાહક ગુફામાં લેઈ ગયાં. ત્યાં મહાપ્રભાવક બહોંત્તેરપ્રતિમા બતાવી. તેમાંથી નરવાહનરાજાવાળી પ્રતિમા પસંદ કરી. દેવીસહાયથી, રત્નાશાહ ઉપાડીને લાવતાં, સંઘવીની ભુલ થવાથી, પબાસણે પહોંચી નહીં. પરંતુ બારણામાં સ્થિર થઈ ગઈ. ત્યાર પછી પણ દેરાસરના ઉદ્ધારો થયા છે. પરંતુ સ્થાન બદલાણું નથી. અનુક્રમે કલિયુગનો પ્રારંભ થવાથી, આશાતનાના ભયથી, પ્રતિમાનું તેજ અંબાદેવીએ ખેંચી લીધું. આ વસ્તુને વધારે જાણવા ઇચ્છનારે પુરાતન પ્રબંધ સંગ્રહ પ્રબંધ ૪૭ મો તથા રાજશેખરસૂરિકૃત પ્રબંધ બાવીશમો તથા શત્રુંજય મહાત્મ્ય ગિરિનાર વર્ણન જોવાં, **ઇતિ**

તથા હાલ શંખેશ્વરમાં બીરાજમાન શ્રીશંખેશ્વરાપાર્શ્વનાથસ્વામીની પ્રતિમા પણ ઘણી પ્રાચીન છે. તેનો ઇતિહાસ પણ જાણવા યોગ્ય હોવાથી લખું છું.

## પ્રતિમાની પ્રાચીનતા બતાવનાર નિબંધ-બીજો

ગઈ ચોવીસીના નવમા શ્રીદામોદર નામના જિનેશ્વરભગવાનની પર્ષદામાં આવેલા આષાઢી નામના શ્રાવકે શ્રીજિનેશ્વરદેવને

**પ્રશ્ન પુછયો** : ભગવાન ! ભવ્ય હું છું કે અભવ્ય છું ? પ્રભુજીનો

**ઉત્તર** : ભાગ્યશાળી તમે ભવ્ય આત્મા છો. અને આવતી ચોવીસીના તેવીશમા શ્રીપાર્શ્વનાથ સ્વામીના, ગણધર થઈ મોક્ષમાં જશો.

અષાઢી શ્રાવકે પ્રભુમુખથી, પોતાનો આવો નિકટ મોક્ષ સાંભળી, ઘણા આનંદમાં આવી; ઉપકારી પ્રભુપાર્શ્વનાથસ્વામીની પ્રતિમા ભરાવી, પોતાના ઘરદેરાસરમાં પધરાવી. આખી જિંદગી પૂજા કરી, આરાધના કરી, મરણ પામી, સ્વર્ગમાં ગયા. અવધિજ્ઞાનથી પ્રભુ–પ્રતિમાનો ઉપકાર વિચારી, તે પાર્શ્વનાથસ્વામીની પ્રતિમાને દેવલોકમાં લઈ ગયા.

ત્યાંથી ઈન્દ્રના વિમાનમાં પૂજાણી, ત્યાંથી ચંદ્રના, સૂર્યના, વિમાનમાં પૂજાઈ. ત્યાંથી ઋષભદેવ સ્વામીના તીર્થમાં, વૈતાઢ્યપર્વત ઉપર; નમિ–વિનમિ વિદ્યાધરભાઈઓ લઈ આવ્યા. ( તેમને દેવે આપી ) અને પૂજા–ભક્તિ કરવા ઘરચૈત્યમાં સ્થાપી. ત્યાંથી વળી સુધર્માઈન્દ્ર લઈ ગયા અને કેટલોક કાળ પ્રભુજી ત્યાં પૂજાયા.

ત્યાંથી વળી ચંદ્ર–સૂર્યના વિમાનમાં આવી, અને ઘણો કાળ સુધી પૂજાણી, ત્યાંથી ગમે તે કારણો દ્વારા, પાતાળમાં, ભુવનપતિ ધરણેન્દ્ર પદ્માવતીના ભવનમાં, આવી અને અનેક ધરણેન્દ્ર પદ્માવતી દ્વારા પૂજ્ય થઈ અનેક ધરણેન્દ્ર પદ્માવતી થયા.

**પ્રશ્ન** : ધરણેન્દ્ર–પદ્માવતી અનેક લખ્યાં તેનું કારણ શું ? ધરણેન્દ્ર–પદ્માવતી એકજ નહીં ?

**ઉત્તર** : ચારે નિકાયના દેવદેવીઓ આયુષપૂર્ણ થાય ત્યારે, ચ્યવી ( આપણે મરણ–બોલીએ છીએ–દેવોનું ચ્યવન કહેવાય છે ) ને બીજી ગતિમાં જાય છે, પરંતુ તે જ સ્થાનમાં ઉત્પન્ન થનારા દેવ–દેવી તેજ નામથી બોલાય છે. તેથી ઋષભદેવ સ્વામીથી અત્યાર સુધી, એકકોટાકોટિ સાગરોપમકાળ જવાથી, ફક્ત સુધર્મદેવલોકના ઈન્દ્રો ૫૦ લાખકોટી થાય છે. જ્યારે નીચેના દેવો તો, વૈમાનિક દેવો કરતાં ઘણા ઓછા આયુષ વાળા હોવાથી, સુધર્મેન્દ્ર કરતાં પણ વધારે થયા હોય, તે સમજી શકાય છે.

**પ્રશ્ન** : સૌધર્મેન્દ્રનું આયુષ કેટલું હોય ?

**ઉત્તર** : સૌધર્મેન્દ્રનું તેરમા પ્રતરમાં વિમાન હોવાથી, બે સાગરોપમનું આયુષ હોય છે.

પ્રભુજીની પ્રતિમા ઘણો કાળ ધરણેન્દ્રના ભવનમાં પૂજાયા પછી, બાવીશમા જિનેશ્વર નેમનાથસ્વામી છદ્મસ્થ હતા. ત્યારે, તેમની લગભગ ૭૦ વર્ષની ઉંમર હતી. જ્યારે વાસુદેવ પ્રતિવાસુદેવની લડાઈ ચાલતી હતી ત્યારે, જરાસંધ પ્રતિવાસુદેવે. કૃષ્ણ વાસુદેવના સૈન્ય ઉપર જરા નામની વિદ્યા મુકી હતી. તેથી સમગ્રસૈન્ય છેલ્લી વયના છેલ્લા દિવસો જેવું, વૃદ્ધબનીને ધ્રુજવા લાગ્યું હતું, ફક્ત કૃષ્ણ બલભદ્ર અને નેમિકુમાર મુક્ત હતા.

ત્યારે કૃષ્ણમહારાજે, નેમનાથસ્વામીને પૂછ્યું. ભગવાન ? હવે શું કરવું ઉપાય બતાવો. નેમિકુમારનો **ઉત્તર** : ભાઈ તમે અઠ્ઠમતપ કરીને, પાતાલમાં, ધરણેન્દ્ર ભુવનમાં બીરાજેલી પાર્શ્વપ્રભુની પ્રતિમાને, આરાધો. પ્રભુવચને કૃષ્ણમહારાજે અઠ્ઠમતપ કર્યો. અને પદ્માવતીદેવી પ્રતિમા લઇને આવી, આપીને ચાલી ગઈ.

પ્રતિમાનો સ્નાત્રાભિષેક કર્યો, અને પાર્શ્વનાથસ્વામીના સ્નાત્રનું નીર લઈને, યાદવ-સૈન્ય ઉપર છાંટયું. જરા ચાલી ગઈ. કૃષ્ણવાસુદેવની જીત થઈ. જીતની નિશાનીમાં શંખનાદ કર્યો. ત્યાં ગામ વસ્યું. શંખેશ્વર નામ પાડયું. આ ગામ અને આ તીર્થ અત્યારે પણ વિદ્યમાન છે અને પાર્શ્વનાથસ્વામીની પ્રતિમાનું પણ, **શંખેશ્વરપાર્શ્વનાથ નામ પડયું.** અહીં આ સઘળી હકીકતને ઐતિહાસિક રીતે રજુ કરનાર, અને હીરસૌભાગ્ય મહાકાવ્યના પહેલા સર્ગની ટીકામાં લખેલા, પ્રાચીન સ્તોત્રને, રજુ કરું છું જે વાંચવાથી, પ્રતિમાજીની પ્રાચીનતા અને મહિમા સમજમાં આવી જશે. આં રહ્યું તે સ્તોત્ર.

**अपुपूजत्त्वां विनमिनभिश्च, वैताढ्यशैले वृषभेशकाले ।**
**सौधर्मकल्पे सुरनायकेन, त्वं पूजितो भूरितरं च कालं ॥ १ ॥**

**आराधितः त्वं समयं कियंतं, चान्द्रे विमाने किलभानवेपि ।**
**पद्मावतीदेवतया च नागाधिपेन देवावसरेऽर्चितः त्वं ॥ २ ॥**

**यदा जरासंधप्रयुक्तविद्या–बलेन जातं स्वबलं जरार्तं ॥**
**तदा मुदा नेमिगिरा मुरारिः, पातालतस्त्वां तपसा निनाय ॥ ३ ॥**

**तव प्रभो ? स्नात्रजलेन सिक्तं, रोगैर्विमुक्तं कटकं बभूव ।**
**संस्थापितं तीर्थमिदं तदानिं, शंखेश्वराख्यं यदुपुंगवेन ॥ ४ ॥**

**तथा कथंचित्तवचैत्यमत्र, श्रीकृष्णराजो रचयांचकार ।**
**सद्वारकास्थोपि यथा भवन्तं, ननाम नित्यं किल सप्रभावं ॥ ५ ॥**

**श्रीविक्रमान्मन्मथबाणमेरु—महेशतुल्ये समये व्यतीते, ।**
**त्वं श्रेष्टिना सज्जननामकेन, निवेशितः सर्वसमृद्धिदोभूः ॥ ६ ॥**

**झंझुपुरे सूर्यपुरोऽनवाप्तं, त्वतोधिगम्यांगमनंगरूपं ।**
**अचिकरद् दूर्जनशल्यभूपो, विमानतुल्यं तव देव ? चैत्यं ॥ ७ ॥**

આ સ્તોત્રના શ્લોકોનો ભાવાર્થ નીચે મુજબ છે.

**અર્થ** : શ્રીઋષભદેવસ્વામી સમકાલીન થયેલા; નમિ–વિનમિ વિદ્યાધરોએ વૈતાઢ્ય પર્વત ઉપર, હે પ્રભુ આપને, ઘણાકાલ સુધી પૂજ્યા છે. તથા સૌધર્મ દેવલોકમાં સૌધર્મેન્દ્રે પણ ઘણો કાળ તમારી પૂજા કરી છે. ॥ ૧ ॥

તથા ચંદ્રના વિમાનમાં, સૂર્યના વિમાનમાં, તથા ધરણેન્દ્ર – પદ્માવતીએ પોતાના સ્થાનમાં, પોતાના ઈષ્ટદેવ તરીકે, ઘણોકાલ( આપને ) પૂજ્યા છે. ॥ ૨ ॥

અને જ્યારે જરાસંઘની મુકેલી વિદ્યાથી, પોતાનું લશ્કર, જરાથી અત્યંત વિહ્‌વળ બનેલું જોઈ, શ્રીનેમિકુમારના વચનથી, તપસા વડે કૃષ્ણવાસુદેવ આપને પાતાલથી લાવ્યા. ॥ ૩ ॥

અને આપના સ્નાત્ર જલના છાંટણા વડે, જ્યારે સમગ્ર સૈન્ય, જરામુક્ત થયું, પછી તુરત જ જરાસંઘની હાર થવાથી, કૃષ્ણવાસુદેવે શંખેશ્વર નામનું તીર્થ થાપન કર્યું છે. ॥૪॥

અને ત્યાંજ શ્રીકૃષ્ણમહારાજાએ, આપનું એટલું ઊંચ્ચું અને વિસ્તારવાળું ચૈત્ય બંધાવ્યું કે, પોતે દ્વારિકામાં રહ્યા છતાં, હમ્મેશ, દર્શન, નમન, વંદન કરતા હતા. ॥૫॥

વિક્રમ સંવતના ૧૧૫૫ વર્ષો ગયે છતે (વાદિદેવસૂરિ અથવા કાલિકાલસર્વજ્ઞ-હેમચંદ્રસૂરિ મહારાજના ગુરુ દેવચંદ્રસૂરિ મહારાજના ઉપદેશથી) સજ્જન મંત્રીએ, અહીં જિનાલય બંધાવી, આપને પ્રતિષ્ઠિત કર્યા હતા. ॥ ૬ ॥

તથા ઝિંઝુપુર (ઝીંઝુવાડા) નગરના દુર્જનશલ્ય રાજાને કોઢનો મહા રોગ થયો હતો. ત્યારે પોતાના ઈષ્ટદેવ સૂર્યદેવની, તેણે ઘણી સ્તવના કરવા છતાં, રોગ મટ્યોજ નહીં. પછીથી પોતાના જૈનમંત્રીશ્વરના વચનથી, આપના (શંખેશ્વર પાર્શ્વનાથના) સ્નાત્ર જળના છાંટવાથી, રોગ મટી ગયો, અને રાજાએ વિમાન જેવું જિનાલય કરાવ્યું.

આ ઉપરાંત પણ પ્રાચીન પ્રબંધો અને શીલાલેખો દ્વારા શ્રીશંખેશ્વર મહાતીર્થની પ્રાચીનતા અને પ્રભાવકતા સૂચક કેટલીક જાણવા યોગ્ય બીનાઓ મળે છે.

જેમકે વિ. સં. ૧૨૮૬ આસપાસ વડગચ્છીય વર્ધમાનસૂરિ મ.ના ઉપદેશથી ધર્મવીર, દાનવીર, શૂરવીર, બાંધવબેલડી–વસ્તુપાલ, તેજપાલ મહામત્યો, શંખેશ્વરનો મોટો સંઘ લઈ આવ્યા હતા. તે વખતે જિનાલયની જીર્ણ દશા જોઈ, તદ્દન નવીન જિનાલય કરાવ્યું હતું. અને ફરતી ઘણી દેવકુલિકાઓ કરાવી હતી. આ તીર્થમાં તેમણે બેલાખદ્રવ્યનો વ્યય કરી લાભ મેળવ્યો હતો.

વિ. સં. ૧૩૦૨(આસપાસ)માં આચાર્ય પરમદેવસૂરિમહારાજના ઉપદેશથી, ઝીઝુપુર(ઝીઝુવાડા)ના રાજા દુર્જનશલ્યના કોઢરોગની શાન્તિ થયાથી, શ્રદ્ધાતિરેકથી રાજાએ જિર્ણોદ્ધાર કરાવ્યો હતો. આ ઉદ્ધાર પછી મહાક્રૂર મલેચ્છો. અલાવદીન ખીલજીના લશ્કરદ્વારા, જિનાલય અને ઘણી ખરી પ્રતિમાજીનો નાશ થઈ ગયો. મૂલનાયક પ્રભુજીની પ્રતિમા, તે કાલના સમયસૂચક જાગતા શ્રાવકોએ, જમીનમાં પધરાવી દેવાથી, બચી ગઈ હતી.

આ જિનાલય અત્યારના શંખેશ્વર શહેરથી; થોડા દુર પ્રદેશ પર હશે. એમ પશ્ચિમ

દિશામાં દટાયેલા અવશેષોથી સમજાય છે. ત્યારપછી, અકબર સમ્રાટ પ્રતિબોધક વિજયહીરસૂરિ મહારાજના પટ્ટધર, **વિજયસેનસૂરિ મહારાજના ઉપદેશથી**, ગામના મધ્ય-ભાગમાં, બાવન-જિનાલય તદ્દન નવીન ચૈત્ય બંધાયું હતું. આ જિનાલય પશ્ચિમાભિમુખ હતું. આ જિનાલય એંસી વર્ષ સુધી સચવાયું, પૂજાયું હતું. અને ઘણા યાત્રાળુઓ આવતા હતા.

પરંતુ ઔરંગઝેબ ગાદી ઉપર આવ્યા પછી, તેના હુકમથી, મોગલાઈ સૈનિકોએ દેરાસરનો નાશ કર્યો હતો. આ વખતે પણ અવસરના જાણ શ્રાવકોએ, મૂલનાયક પ્રભુજી અને કેટલીક બીજી મૂર્તિઓ, ઉત્થાપન કરીને, પહેલેથી જ જમીનમાં પધરાવી દેવાથી, બચી ગઈ હતી. બાકી રહેલી પ્રતિમાઓ અને મંદિર; તથા દેવકુલિકાઓનો નાશ થઈ ગયો હતો.

આજે આ ખંડિયેરો, વર્તમાન જિનાલયના દરવાજામાં પેસતાં, ડાબી બાજુ થોડા નજીકમાં, ભગ્નાવશેષ હાલતમાં, વિદ્યમાન છે. જેની ભીતોમાં ક્યાંક ક્યાંક, પ્રતિમાજી કે દેવકુલિકા બનાવનારનાં, સુંદર નામો, આજે પણ વાચકોના ચિત્તને ડામાડોળ કરાવી મુકે છે, ઉદ્વિગ્ન બનાવે છે. આ જિનાલય માનજી ગાંધારિઆએ નવલાખ દ્રવ્યનો સદ્વ્યય કરીને, બંધાવ્યું હતું.

ત્યારપછી, મુશલમાનોનો ભય ચાલુ રહ્યો ત્યાં સુધી, શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુજીની પ્રતિમા, જમીનમાં, અથવા ભોંયરામાં, સુરક્ષિત રહેવાથી, કેટલાંક વર્ષો સુધી શ્રીસંઘને, યાત્રાનો લાભ ખોરંભાયો હતો. ત્યાર પછી ૧૭૬૦ માં નવીનપ્રાસાદ થયો હતો; અને બાવન દેવકુલિકાઓ પણ થઈ હતી. જે હમણાં વિદ્યમાન છે. પરંતુ ૧૭૬૦ પછી બસોને સાઈઠ વર્ષના ગાળામાં ઘણા ઉદ્ધારો અને, સુધારાવધારા થયા છે.

શંખેશ્વરમાં હાલ વિદ્યમાન પ્રતિમાઓના કેટલાક શીલાલેખો મળ્યા છે. વિ. સં. ૧૨૧૪ મહાસુદી ૧૩, ૧૨૩૮ મહાસુદી ત્રીજ ૧૩૨૬, ૧૩૨૬, ૧૪૨૮, ૧૬૬૬, પોષવદી ૮ રવિવાર, ૧૮૬૮ વિગેરે વિગેરે.

આ બાબત વિશેષ જાણવા ઇચ્છનારે જૈનતીર્થોનો ઇતિહાસ તથા શંખેશ્વરતીર્થનો ઈતિહાસ વાંચવા યોગ્ય છે. જેથી બીજી પણ ઘણી વાતો જાણી શકાશે.

## પ્રતિમાની પ્રાચીનતા નિબંધ ત્રીજો.

### શ્રી અજાહરપાર્શ્વનાથ તીર્થ હાલમાં, દીવ-ઉનાની પાસે વિદ્યમાન છે. તે પ્રભુ પ્રતિમાની પ્રાચીનતા બતાવાય છે.

વર્તમાન ચોવીસીના ૨૦ મા જિનેશ્વરદેવ મુનિસુવ્રતસ્વામીના નિર્વાણથી, આસરે ત્રણ લાખ વર્ષ ગયા પછી, આઠમા બલદેવ-વાસુદેવ, રામ-લક્ષ્મણ-બાંધવ બેલડી થયા

હતા. તેમના પિતામહ અનરણ્યરાજા, જેમનું ઉર્ફે નામ અજયપાલ પણ હતું. તેઓ સાકેતનગર ( અયોધ્યા )ના ત્રણખંડના ભોક્તા રાજવી હતા.

અજયરાજાને રાજ્ય ભોગવટાનાં કેટલાંક વર્ષો ગયા પછી, તેમનું શરીર ઘણા રોગોથી ઘેરાઈ ગયું હતું. તેમાં પણ કોઢના મહારોગથી તેઓ ખૂબજ પરેશાન થયા હતા, અજયરાજના રોગ પ્રતિકાર માટે પ્રધાનોએ મોટાં મોટાં ઈનામોની જાહેરાત કરી, સ્વદેશ પરદેશથી ઘણા વૈદ્યોને બોલાવી, મહારાજાની ચિકિત્સા કરાવી હતી. પરંતુ ઘણા રોગો પૈકી એક પણ રોગ શમ્યો નહીં.

એકવાર જૈનધર્મી મહાત્માત્યની સલાહથી, રાજા સિદ્ધગિરિ ગિરનાર અને ચંદ્રપ્રભાસ આદિ તીર્થોની યાત્રા કરવા ગયો. રાણીઓ વિગેરે પરિવાર ઉપરાંત ઘણું સૈન્ય પણ સાથે હતું. યાત્રા કરતાં કરતાં દીવપત્તર ( દીવબંદર ) પહોચ્યા. અને થોડા દિવસ શાન્તિ લેવા, સ્થિરતા કરી રહેવા લાગ્યો. હવા–પાણી પણ સારાં હતાં.

આ જ અરસામાં, એટલા નજીક કોઈ શહેરનો વહાણ વેપારી, રત્નસાર નામનો શેઠ, દરીયાની મુસાફરી કરતો, દીવપત્તન નજીકના દરીયામાં આવ્યો. અને મહાવંટોળ સરૂ થયો. વહાણો ડુબવાની અણી પર આવી ગયાં. રત્નસાર ગભરાયો. મનમાં પોતાના અભીષ્ટદેવનું સ્મરણ કરવા લાગ્યો. દેવનીસહાય આવી નહીં, તેથી વિચાર્યું કે આજેજ થોડીવારમાં વહાણના નાશ સાથે, મારો પણ અવશ્ય નાશ થસે, અથવા બચી જાઊં તો પણ સામગ્રીભ્રષ્ટને જીવવાથી પણ લાભ શું? ઉપદ્રવથી મરવા કરતાં, બહાદુરીથી મરવું તે જ વ્યાજબી છે.

"આંશુ–ભય–ઉચ્ચાટથી, મરનારા નહિ પાર ।
પણ બહાદુરીથી મરે, તેવા નર બે–ચાર" ॥
"રોઈ મરે રાંકો ઘણા, દુર્ધ્યાને બહુ લોક ।
પણ આરાધન આચરી, મરતા સજ્જન કોક" ॥

આવા વિચારોથી આરાધના કરીને, વહાણો બુડ્યા પહેલાં, સમુદ્રમાં ઝંપાપાત કરીને, સેઠ મરી જવા તૈયાર થઈ ગયો. તેટલામા પાર્શ્વનાથ સ્વામીના તીર્થની રક્ષણ કરનારી, પદ્માવતી દેવી પ્રગટ થયાં. અને વહાણોનો ઉપદ્રવ હરી લીધો. શેઠજીને સાહસ કરતા અટકાવ્યા, અને કહ્યું 'વત્સ સાંભળ !—

આ દરીયાના તળીએ, કલ્પવૃક્ષના પાટીયાથી બનાવેલી, મહામૂલ્ય પેટીમાં, ઘણી પ્રાચીન અને મહાપ્રભાવવતી, પાર્શ્વનાથ સ્વામીની પ્રતિમા છે. તેને તું પોતાના માણસો દ્વારા મારા પ્રભાવથી બહાર કઢાવજે. અને અયોધ્યા નગરીથી તીર્થયાત્રા કરવા નીકળેલા, હાલ આંહી દીવપત્તનમાં વસેલા, અજયપાલ રાજાને આ પ્રતિમા ભેટ આપજે. પ્રતિમાજીના

સ્નાત્રજળથી રાજાના રોગો શમી જશે. રાજા તદ્દન નિરોગી થશે. તમે અને રાજા બન્ને જણા ભય અને રોગ મુકત થશો.'

આ પ્રમાણે કહીને પદ્માવતી અદૃશ્ય થઈ ગયાં. અને રત્નસાર સુશ્રાવકે પોતાના ખલાસીઓને દરીયામાં ઉતાર્યા. અતિઅલ્પમહેનતે, પ્રતિમાની પેટી મળી ગઈ, લઈને ઉપર આવ્યા. શેઠજી પણ સુગન્ધપૂર્ણ પેટીને જોઈને, પોતાના ભાગ્યને ધન્ય માનતા, અને દેવીનો ઉપકાર માનતા, કિનારે આવ્યા.

કિનારા ઉપર તંબુ નાખ્યા. તથા એકદમ જરીનાતંબુમાં, ખોલેલી પેટીમાં, પ્રભુજીને બિરાજમાન કર્યા, અને પોતાના માણસો મોકલી અજયરાજાને ખબર આપ્યા.

રાજાને સમાચાર મળ્યા. વધામણી લાવનારને ખૂબ ઈનામો આપ્યાં. દીપપત્તન શહેરમાં ખબર પડી ગઈ. હજારો ભાવુકો દર્શન કરવા આવ્યા. શેઠજીએ દેવીના આગમનની તથા પોતાના ઉપદ્રવનિવારણની, દેવીવચને પ્રતિમા કઢાવવાની, અને સ્નાત્રજળના લાભની વાતો કહીને, પ્રભુજીથી ભૂષિત કલ્પવૃક્ષનાકાષ્ટની પેટી રાજા અનરણ્યને ભેટ ધરી (અજયપાળને) ખૂબ આનંદ અનુભવ્યો.

શેઠશ્રી રત્નસારના વર્ણનો સાંભળી, રાજા પણ ખૂબ જ ખુશી થયા, અને મોટા આડંબરથી, વાજીંત્રના નાદથી, દિશાઓને બહેરી બનાવતા, અજયપાળરાજા પ્રભુજીને પોતાના મુકામ પર લાવ્યા. હજારો માણસોની હાજરીમાં પ્રભુજીનો સ્નાનાભિષેક કરાવ્યો. અને દેવી પદ્માવતીના સંદેશા અનુસાર, તત્કાળ સ્નાત્રજળ પોતાના મસ્તકે ચડાવ્યું.

પહેલા દિવસથી રોગોનું ઘટવું શરૂ થયું. કોઢરોગ નાશ પામ્યો. અને છ માસમાં સર્વ–૧૦૮ રોગો નામશેષ થયા. શરીર કંચન જેવું થયું. ખૂબ સ્ફૂરતિ આવી, અને શ્રી વીતરાગ શાસન પ્રત્યેની શ્રદ્ધા ખૂબ જ મજબૂત થઈ ગઈ! રાજાને સ્થાન પણ ઘણું જ રળીયામણું લાગવાથી, દીવપત્તનની નજીકમાંજ, પોતાના નામથી, અજયનગર વસાવ્યું. પછી ત્યાં ઘણું ભવ્ય જિનાલય બનાવી, પ્રભુશ્રીપાર્શ્વનાથસ્વામીની પ્રતિષ્ઠા કરાવી, અને તીર્થની રક્ષા, સાચવણ, વ્યવસ્થામાટે દશગામ ભેટ આપ્યાં.

કલ્પના હતીજ નહીંકે મારા રોગો નાશ પામશે ? નહીં ધારેલું થવાથી, રાજાને પ્રભુપૂજાથી બીજી પણ ધર્મક્રિયાઓમાં રસ વધ્યો. તેનો પુત્ર અનંતરથ થયો. અને તેનો પુત્ર દશરથરાજા થયો. અનરણ્ય રાજાએ, પુત્ર અનંતરથને રાજ્ય આપી, પોતે દીક્ષા લીધી. નિરતિચાર આરાધી રાજા અજયપાળ મોક્ષ ગયા.

હાલમાં તેજ અજયનગર અજારા તરીકે પ્રસિદ્ધ છે. ઉના શહેરની નજીક એકદોઢ માઇલમાં વસેલું છે. હાલ ત્યાં જૈનોનું એકપણઘર વિદ્યમાન નથી, સુન્દરધર્મશાળા છે આ પ્રતિમાજીના ભરાવનાર મહાપુરુષનું નામ કયાંઈ વાંચવા મળ્યું નથી. પણ પ્રબંધકારનો

વર્ણનથી જણાય છે કે, આ પ્રતિમાજી ધરણેન્દ્રભવનમાં, છલાખવર્ષ પૂજાણી છે. તથા છસો વર્ષ કુબેરલોકપાલનાભવનમાં પૂજાઈ છે. ત્યાંથી વરુણલોકપાલ લઈ ગયા. તેમના ભવનમાં સાતલાખ વર્ષ પૂજાઈ છે.

આ બધા વર્ણનોથી અજયરાજાને પણ તેર લાખ વર્ષ પુરાણી આ પ્રતિમા મળી હતી. ત્યારપછી ત્રણ લાખ વર્ષ આસપાસ એકવીશમા નમિનાથ સ્વામી થયા. તેમના નિર્વાણથી પાંચલાખ વર્ષે નેમિનાથસ્વામી થયા. નેમિનાથસ્વામીના નિર્વાણ પછી, આજે છયાસી હજાર ચારસો બાણું વર્ષ થયા.

આ સઘળા વર્ણનથી સમય વિચારતાં, લગભગ બાવીશલાખ વર્ષ પહેલાંની, અને ઓગણીશમા મલ્લિનાથસ્વામીના તીર્થમાં બનેલી, આ પ્રતિમા સંભવે છે.

અત્યારે પણ આ પ્રતિમા ખૂબ જ ભવ્ય છે, આકર્ષક છે. વીતરાગતાનો અભ્યાસ કરવા ઇચ્છતા ભવ્યજીવના, ત્રણેકાળ સફળ થાય તેવી છે. આ તીર્થમાં જનાર અને ગવેષક મહાનુભાવ હોય તેને, આ સ્થાન અત્યારે પણ પોતાની પ્રાચીનતા પૂરવાર કરાવે તેવું છે. આ વર્તમાન અજાર ગામડાની બહાર. રાજા અજયપાળના નામથી બોલાતો ઘણો પ્રાચીન ચોતરો છે.

વિક્રમ સંવત ૧૯૪૦માં ખોદકામ થતાં, ચોતરાની આશપાશથી પદ્માસનવાળી બાવીશ જિનમૂર્તિઓ તથા ઉભી જિનમૂર્તિ બે (કાઉસ્સગ્ગમૂદ્રાએ રહેલી) નીકળી હતી, કાઉસ્સગ્ગજી બે પ્રતિમાજી ઉપર ૧૩૨૩નો લેખ પણ કોતરાએલો હતો. તથા બે યક્ષયક્ષણીની મૂર્તિઓ પણ સાથે જ નીકળી હતી. આ અજયપાળ રાજાનો ચોતરો ખોદતાં ૧૩૪૩માં પ્રભુજીનિ પ્રતિષ્ઠા થયાનો લેખ નિકળ્યો હતો.

હાલના અજાહરપાર્શ્વનાથના મંદિરમાં શીલાલેખ છે. તેમાં ૧૬૬૭ના વૈશાખ સુદી ૩ રોહીણી નક્ષત્ર, મંગળવારે પાર્શ્વનાથ સ્વામીની પ્રતિષ્ઠા. વિજયદેવસૂરિ મહારાજની હાજરીમાં, ઉના શહેરના કુવરજી જીવરાજ દોસીએ કરાવ્યાનું વર્ણન છે. સાથે આ સ્થાનમાં, આ તીર્થનો ચૌદમો જીર્ણોદ્ધાર છે. આ વાંચનથી, આ વર્ણનથી, બુધ્ધિમાનને જરૂર ખ્યાલ આવે જ કે આ પ્રતિમા ઘણી પ્રાચીન અને પ્રભાવક છે.

આહીં બીરાજમાન જિનપ્રતિમાજી ઉપર, કોતરેલા બીજાપણ વિ. સંવત ૧૩૨૩ના ૧૩૪૩ના, ૧૩૪૬ના. ૧૩૬૨ ના ૧૩૭૭ ના લેખો કોતરાએલા છે.

## ઈતિ ત્રીજો નિબંધ સમાપ્ત

## શ્રીજિનેશ્વરદેવનીપ્રતિમાની પ્રાચીનતા અને પ્રભાવકતા બતાવનાર નિબંધ ચોથો.

હમણાં શ્રીખંભાત શહેરમાં બિરાજેલા, અને ઠામઠામ ઇતિહાસમાં ગવાયેલા શ્રીસ્તંભનપાર્શ્વનાથસ્વામીની પ્રતિમા ક્યારે બનેલી છે? ક્યાં ક્યાં પૂજાણી છે? તે વાંચો.

સત્તરમા શ્રીકુન્થુનાથસ્વામીના તીર્થમાં, મહાભાગ્યશાળી મમ્મણ નામના શેઠ થયા હતા. તેમણે જ્ઞાની ગુરૂના મુખથી, જિનપ્રતિમા ભરાવવાથી સમકિત પ્રાપ્તિનું કારણ જાણી, સુયોગ પામી, પાર્શ્વનાથસ્વામીની પ્રતિમા ભરાવી, સુગુરૂપાસે અંજનશલાકા કરાવી. ભવ્યમંદિર કરાવીને, પ્રતિષ્ઠા કરાવી. સ્વપરને આરાધનાનું કારણ બનાવ્યું હતું.

શેઠ શ્રીમમ્મણશાહે, વર્ષોસુધી, પ્રભુજીની પૂજા-સ્તવના-ભાવના વડે સમ્યક્ત્વને નિર્મલ બનાવ્યું. આરાધનાપૂર્વક મરીને, વૈમાનિક દેવ થયા. શાસ્ત્રોમાં કહ્યું છે કે:-

**सम्मदिट्ठी जीवो, विमाणवज्जं न बंधए आउं ।**
**जइ नवि सम्मत्तजढो, अहव न बद्धाउओ पुव्विं ॥ १ ॥**

**અર્થ**: સમ્યક્ત્વ પામેલો આત્મા, તેણે જો પહેલાં આયુષનો બંધ કર્યો ન હોય, અથવા સમ્યક્ત્વભ્રષ્ટ થાય નહિ તો, અવશ્ય મરીને સ્વર્ગમાંજ જાય છે. અર્થાત્ વૈમાનિક દેવ જ થાય છે.

**પ્રશ્ન**: આચરણ સારાં ન હોય તો પણ, સમ્યક્ત્વધારી જીવ, વૈમાનિક જ થાય એમ કેમ?

**ઉત્તર**: નિયાણાં કરીને જન્મેલા, અગર જોરદાર ભોગાવળીકર્મના ઉદયવાળા, અથવા બીજા ત્રીજા કષાયોનો જોરદાર ઉદય હોય તો જ, સમકિતિજીવમાં. વિરતિ આવે નહિ. અન્યથા જિનવચન ગમે, તેને વિરતિ અવશ્ય ગમે જ. સમકિતીજીવમાં. પહેલાં ત્રણ ગુણઠાણા હોય જ નહિ. માટે નારકી અને તિર્યંચગતિપ્રાયોગ્ય અશુભકર્મો બંધાય જ નહિ. અને મનુષ્ય હોવાથી મરીને, વૈમાનિક દેવ જ થાય. સમકિતીજીવના અધ્યવસાય કાળા હોય જ નહિ.

ત્યારપછી કોઈકવાર પહેલા દેવલોકના ઇન્દ્રનું ધ્યાન જવાથી, મમ્મણશેઠના જિનાલય તરફ ઉપયોગ ગયો. પાશ્વનાથસ્વામીની પ્રતિમા જોઈ. પોતાના સ્થાને બેઠા નમસ્કાર કર્યા. અને ઇચ્છા થવાથી જિનાલયમાં ગયા. પ્રભાવવતી પ્રતિમાને જોઈ, પોતાના સ્થાથમાં લઇ ગયા, સૌધર્મેન્દ્રે કરોડો વર્ષો સુધી. આ પ્રતિમાને પોતાના વિમાનમાં રાખી પૂજા કરી.

હવે જ્યારે તેમનો ચ્યવનકાળ નજીકમાં આવ્યો ત્યારે, સૌધર્મઈન્દ્ર પાસેથી, ભકિત ભાવે યાચના કરી, પાતાળવાસી ધરણેન્દ્ર, આ પ્રતિમાને પોતાના સ્થાનમાં લાવ્યા.

એકવાર ફરવા ગયેલા ધરણેન્દ્રને, દક્ષિણ દિશાનો સમુદ્રકિનારો બહુરમ્ય જણાવાથી, સમુદ્રના કિનારા ઉપર, ઘણી સુંદરતાવાળું જિનાલય બનાવીને, પાર્શ્વપ્રભુજીને સ્થાપન કર્યા.

આ સ્થાન ઉપર પણ દેવો, દેવીઓ, અને વિદ્યાધરો હંમેશ યાત્રા કરવા આવવા લાગ્યા. અહીં આવ્યા પછી પણ, ત્રણ લાખ વર્ષ સુધી, આ પાર્શ્વનાથસ્વામીનીપ્રતિમા આ સ્થાને પૂજાઈ હતી. તેવા સમય દરમ્યાન, દશરથરાજાની આજ્ઞાથી, રામ-લક્ષ્મણ-સીતાજી વનવાસ નીકળેલા હતાં. અને મહાકામી રાવણ. મહાસતી સીતાજીનું હરણ કરીને લંકામાં લાવ્યો હતો.

અને તુરત જ મહારાજા રામચંદ્રે, સીતાજીની શોધ કરાવી. અને ખબરમલ્યા કે, લંકાપતિ રાવણ, સીતાનું હરણ કરી ગયો છે. તેથી તુરત સૈન્ય તૈયાર કરીને, સુગ્રીવ અને હનુમાન વિગેરે, વીરપુરુષોથી પરિવરેલા, રામ-લક્ષ્મણ લંકાનગરી તરફ જતા વચમાં, આ જિનાલય અને પાર્શ્વપ્રભુની પ્રતિમાથી અલંકૃત, સમુદ્રના કિનારે આવી પડાવ કર્યો.

જિન જુહારી થોડો વખત, આ સ્થાનઉપર સ્થિરતા કરી, લંકાનગરી પહોંચ્યા હતા. ત્યાં રાવણ સાથે ખૂનખાર યુદ્ધ થયું. રાવણ જેવું રત્ન રણમાં રગદોળાયું. લંકાનું રાજ્ય બિભીષણને, આપી, મહારાજારામચંદ્ર. સીતાદેવીને લઈને, પાછા આવતાં પણ, આ સુરમ્ય તીર્થભૂમિ ઉપર પડાવ કરી રહ્યા હતા. આ વખતે જિનાલયમાં મોટો મહોત્સવ કરીને અયોધ્યા પધાર્યા. જતાં અને વળતાં સમુદ્રના સ્વામી સુસ્થિતદેવની સાથે, રામ-લક્ષ્મણને સમાગમ થયો હતો.

**પ્રશ્ન** : ઉપર જણાવ્યું છે કે, સૌધર્મઇન્દ્ર ચ્યવી ગયા ત્યારે, આ પ્રતિમા, સમુદ્રના કિનારે આવી હતી. આ બનાવ ક્યારે બન્યો? હમણાં પણ સૌધર્મઈન્દ્ર તો ત્યાં છે જ.

**ઉત્તર** : સૌધર્મઇન્દ્ર હતા. હોય છે. હાલ છે. અને અનંતા કાળ સુધી રહેવાના છે. પરંતુ નામ તેનો અવશ્ય નાશ થાય છે. તેનો અર્થ પણ વ્યકિતવાચક સમજવો. જાતિવાચક નહીં. કારણ કે, કેટલાંક સ્થાનો શાશ્વતાં છે. તેમાં થનારા વ્યકિત પણ સ્થાનના નામે ઓળખાય છે. એવા સ્થાનના સ્વામીનું આયુષ પૂર્ણ થાય, મરણ પામે, બીજી ગતિમાં જાય, પરંતુ તુરત તે સ્થાનમાં, બીજા જન્મ પામે છે. તેને પણ તે જ નામથી ઓળખાય છે.

આહીં પાર્શ્વનાથસ્વામીની પ્રતિમાજીને, સૌ ધર્મ દેવલોકમાં લાવનાર, ઇન્દ્ર-મહારાજનું ચ્યવન, મુનિસુવ્રતસ્વામીના તીર્થકાળમાં થયું હતું. અને તે કાળમાં કાર્તિક-નામના બારવ્રતધારી શ્રાવકે, મુનિસુવ્રતસ્વામી પાસે દીક્ષા લીધી હતી. આરાધન કરી પહેલા દેવલોકના સૌધર્મનામના ઇન્દ્ર થયા છે. હાલના સૌધર્મઈન્દ્ર કાર્તિકશેઠનો આત્મા જાણવો.

ત્યાર પછી પણ પ્રસ્તુત મંમણશ્રાવકની ભરાવેલી, પાર્શ્વનાથ સ્વામીની પ્રતિમા, તેજ સ્થાનમાં, દેવો અને વિદ્યાધરો વડે પૂજાયેલી, અને રક્ષણ કરાયેલી આઠ લાખ વર્ષ સુધી ત્યાં રહી તેનો ઇતિહાસ નીચે મુજબ છે.

જ્યારે નેમનાથ સ્વામી કેવલીપણે વિચરતા હતા. તે સમય દરમ્યાન, જંબૂદ્વીપના નવમા નારદની પ્રેરણાથી, ભાનભુલેલા, ધાતકીખંડના ભરતક્ષેત્રની અપરકંકાનગરીના સ્વામી, અને પરદારલંપટ રાજાપદ્મોત્તરે, પાંડવોની પટ્ટરાણી દ્રૌપદીનું દેવસહાયથી હરણ કરાવ્યું, અને પોતાના અંતઃપુરમાં લાવીને મુકાવી, દ્રૌપદી પાસે પોતાની ઇચ્છા જણાવી.

**પદ્મોત્તર** : કહે છે. આ ધાતકીખંડ છે. તને જંબુદ્વીપમાંથી, દૈવી સહાયથી હું લાવ્યો છું. તને હું પોતાની રાણી બનાવવા ઇચ્છું છું. સિધિ રીતે માની જઇશ તો, પટરાણી બનાવીશ. તું ઘણું માન પામીશ. અને નહી માને તો પણ, કદર્થના પામીને પણ તારે, મારે આધીન થવું પડશે. હું તને બળાત્કારથી પણ ભોગવીશ, તારે છુટવાના ઉપાયો છે જ નહી.

મહાસતી દ્રૌપદીએ પણ, પાપીરાજાનાં પાપમય વાક્યો સાંભળી લીધાં. મનમાં વિચારો થયા, નારીપણાને ધિક્કાર થાઓ. અને આવા અપ્રમાણ રૂપલાવણ્યને પણ હજારો વાર ધિક્કાર થાવ. પરવશદશાને પણ ધિક્કાર થાવ. આવા અમૂલ્ય નર–નારી જન્મને પણ પામરો. પશુ દશાની જેમ, વિષય વિકારોથી બરબાદ કરી નાખે છે.

"પુણ્યદશાથી જીવડો, પામે નર અવતાર,
રાજ્ય રમા રમણી મલે, નમ્ર પુત્ર પરિવાર" ૧

"રૂપ મલે, સુસ્વર મલે, લાવણ્ય, કલા ભંડાર
અનેક ઉત્તમ સાધનો, પુણ્ય તણો પરિવાર" ૨

"પણ અજ્ઞાની જીવડા, બની વિષયના દાસ,
અનેક પાપો આચરી, પામે કુગતિવાસ" ૩

"અકામ નિર્જરા યોગથી, નરભવ સુરભવ થાય, ।
પોઠ ભરી પાપોતણી, પશુ નરકમાં જાય" ૪

મહાસતીએ, શીલમહારત્નને બચાવવા, માટે, રાજા પાસે બુદ્ધિથી ઘણી સારી વાતો કરી, છમાસ પછી મળવાનો સંકેત ઠરાવ્યો. આબાજુ તેજ નારદ પાસેથી દ્રૌપદીના સમાચાર પામીને કૃષ્ણમહારાજ, પાંચપાંડવોને સાથે લઈ, લવણ સમુદ્રના કિનારે આવ્યા. અઠ્ઠમ તપ કરી, સુસ્થિત દેવને આરાધ્યો. દેવે આવી, પ્રસ્તુત પાર્શ્વનાથસ્વામીનું જિનાલય બતાવ્યું. તેમણે દર્શન–પૂજા ભાવના કરી. ત્યાર પછી સુસ્થિતદેવની સહાયથી, ધાતકી ખંડના ભરત

ક્ષેત્રમાં, અપરકંકાનગરીના ઉદ્યાનમાં પહોંચ્યા. લડાઈ થઈ. પદ્મોત્તર હાર્યો. નાશીને દ્રૌપદીના પગમાં પડ્યો. શરણુ માગ્યું. દ્રૌપદીએ, પદ્મોત્તરને અભય આપી, છોડી મુકયો. કૃષ્ણ-મહારાજાએ, જિતનો શંખ વગાડી, દ્રૌપદીને સાથે લઈ, પાંડવો સહિત સમુદ્રમાં પ્રસ્થાન કર્યું.

આ વખતે ધાતકીખંડના ભરતક્ષેત્રમાં, બાવીશમા જિનેશ્વરના સમવસરણમાં વ્યાખ્યાન સાંભળવા આવેલા, કપિલ વાસુદેવે, પોતાના જેવો શંખ ધ્વની સાંભળ્યો. પ્રભુજીને પૂછવાથી, કૃષ્ણનું આગમન જાણી, ઘણા વેગથી સમુદ્ર કિનારે પહોંચ્યા. પરંતુ પાંડવો અને કૃષ્ણ ઘણા દૂર નીકળી ગયા હતા. તો પણ તેમણે શંખનાદથી ઘણું સન્માન કર્યું કૃષ્ણમહારાજે પણ શંખદ્વારા સન્માન સ્વીકારી તેમનો આભાર વ્યક્ત કર્યો.

પરસ્પરનો વાર્તાલાપ સંપૂર્ણ થયો. અને તુરત જ કૃષ્ણમહારાજ અને દ્રૌપદી સહિત પાંડવોના રથો, સુસ્થિતદેવની સહાયથી મળેલા માર્ગે, સમુદ્રમાં ઘણા વેગથી દોડવા લાગ્યા. કૃષ્ણમહારાજનું પુણ્ય અને દૈવી સહાયથી, થોડા વખતમાં બેલાખ યોજનનો સમુદ્ર ઉલ્લંઘીને, ભરતક્ષેત્ર બાજુના સમુદ્રના કિનારે, છએ રથો પાર્શ્વથાથસ્વામીના મંદિરથીભૂષિત મોટા ઉદ્યાનમાં આવી પહોચ્યા. સુસ્થિતદેવે તેમને બધી સગવડો કરી આપી.

વિશ્રાન્તિની મુખ્યતા, સ્થાનની મનોરમ્યતા, અને પ્રભુભક્તિનો લાભ વિચારીને કૃષ્ણમહારાજ અને પાંડવો થોડા દિવસ ત્યાં રોકાયા. કાર્યની સફલતાની ઉજવણી તરીકે જિનાલયમાં મોટો મહોત્સવ કર્યો. સુસ્થિતદેવને પણ, કૃષ્ણવાસુદેવ અને પાંડવો પ્રત્યે સાધર્મીબંધુ તરીકે ઘણું બહુમાન થયું. એકવાર કૃષ્ણમહારાજને વિચાર થયો. રાજધાનીમાં જવાની ઉતાવળ હોવા છતાં, પ્રભુજીની પ્રતિમાનો વિરહ અસહ્ય લાગે છે.

યદિ દેવપોતે ઉદારતા કરીને મારી પ્રાર્થના સ્વીકારે તો, પ્રભુપ્રતિમાને સાથે લઈ જઈએ. મહાપુરૂષ કૃષ્ણવાસુદેવના વિચારો ચાલતા હતા તેટલામાં, તુરતજ દેવનો મેળાપ થયો. અને વિચારો જણાવ્યા. **મોટા પુરૂષોની પ્રાર્થના કે ઈચ્છા, કયારે પણ નિષ્ફળ જતી નથી. પામરોની ઇચ્છાઓ કે પ્રાર્થનાઓ પ્રાયઃ ફળતી નથી.** કૃષ્ણમહારાજની પ્રતિમા માટેની માગણી, અનિચ્છાએ પણ સુસ્થિતદેવે માન્ય રાખી.

ઉત્તમ વિચારો આવવા, મોટું પુણ્ય ગણાય,
શિઘ્ર બને ફલવાન તો, જરૂર મહોદય થાય, ૧

જિનમંદિર જિનબિબને, દેખી ચિત્ત હરખાય,
આદરને બહુમાનથી, સમકિત નિર્મલ થાય, ૨

સમકિતધારી જીવને, જિનપ્રતિમા જિનધામ,
દેખી હર્ષ વધે ઘણો, વિકસે રોમ તમામ, ૩

નરભવ જિન શાસન મળે, સમજે તત્વ વિચાર.
જિન પ્રતિમા બહુમાનથી, અલ્પ થાય સંસાર, ૪

જન્મી જિનશાસન વિશે, પાપોદય જે થાય,
જિન પ્રતિમા નિન્દા કરી, જરૂર કુગતિ જાય, ૫

જન્મ નહી જિનશાસને, તે નિષ્પુણ્ય ગણાય,
પ્રતિમાશત્રુ જૈન તો, મહા નિર્ભાગ્ય સદાય, ૬

હું બહુ પ્રેમ ધરી કહું, સાંભળો જૈન? બધાય,
જિનમંદિર જિનબિંબનો, વિરોધ ન કરસો ભાય? ॥૭॥

બહુમાનપૂર્વક સુસ્થિતદેવે, પાર્શ્વનાથસ્વામીનીપ્રતિમાને વિદાય આપી. કૃષ્ણમહારાજાએ મોટા સમારોહ સાથે પ્રભુજીને સાથે લીધા. પ્રવેશ પહેલા, ચરને મોકલીને દ્વારિકામાં ખબર મોકલાવી. ખૂબ શાસન પ્રભાવના કરીને, પ્રભુજીને પ્રવેશ કરાવ્યો. અને શુભ મૂહૂર્તે સમુદ્રવિજયરાજવીના ઘરદેરાસરમાં પ્રભુજીને પ્રતિષ્ઠિત કર્યા. અને દ્વારિકાના નાશ સુધી ત્યાં પૂજાયા હતા.

**પ્રશ્ન** : નેમનાથસ્વામી સાક્ષાત કેવલી તીર્થંકર હતા. તો પછી પ્રતિમાની શી જરૂર?

**ઉત્તર** : કેવલી તીર્થંકર દેશોદેશ વિચરતા હોય છે. તેમનો સમાગમ ક્યારેક જ થાય છે. થોડા વખત પૂરતો થાય છે. પાછા વળી પ્રભુજી વિહાર કરીને, અન્યત્ર પધારી જાય છે. જ્યારે જિનપ્રતિમા બારે માસ ત્રણે કાળ, વીતરાગતાનો અભ્યાસ કરવાના ખપી જીવને સાક્ષાત મહાલાભનું કારણ બને છે.

આજે પણ લોકો વિદ્યમાન નેતાઓના, ગુરૂઓના, વડીલોના, પત્નીના, પુત્રોના ફોટા ઘરમાં રાખે છે. અનેકવાર પડાવે છે. જોઈને આનંદ પામે છે. આ ઉદાહરણ વીતરાગની પ્રતિમા માટે પણ તદ્દન સમજાય તેવું છે.

અને જ્યારે કોપાયમાન થયેલા, દ્વૈપાયનદેવના પ્રયોગથી, દ્વારિકાનો સંપૂર્ણ નાશ થઈ ગયો, અને દ્વારિકાની ભૂમિ ઉપર સમુદ્ર ફરી વળ્યો. ત્યારે પણ સમુદ્રવિજય રાજાનું અને બલભદ્રમહારાજનું ઘરદેરાસર દેવસહાયથી બચી ગયાં હતાં. અને દ્વારિકાના ખંડિયેરોનો કેટલોક ભાગ, સમુદ્રના પેટાળમાં સમાઈ જવાથી, ઉપરનાં બન્ને જૈન દેરાસરો પણ સમુદ્રમાં પદ્માવતી દેવીની સહાયથી જળવાઈ રહ્યાં હતાં.

દ્વારિકાના નાશ પછી ઘણા વર્ષો ગયા પછી, એકવાર કાન્તિનગરના સાર્થવાહ ધનદત્ત નામના શેઠનાં વહાણો દરિયામાં મુસાફરી કરતાં, ભવિતવ્યતાથી દ્વારિકાના દરિયા

ઉપર આવ્યાં, અને થંભી ગયાં. ખલાસીઓએ બધી મહેનતો અજમાવી પરંતુ વહાણો ચસકયાં જ નહિ. ધનદત્ત શેઠ અને વહાણના બીજા મુસાફરો પણ ગભરાઈ ગયા.

ત્યારે ધનદત્ત શેઠે પોતાના ઈષ્ટદેવ પાર્શ્વનાથસ્વામીનું સ્મરણ શરૂ કર્યું. **યથા રાજા તથા પ્રજા** એ ન્યાયે, બધા મુસાફરો પણ પાર્શ્વપ્રભુનો જાપ કરવા લાગ્યા,

મરવાનો ભય થાયતો, ધ્યાન પ્રભુનું થાય, ।।
ત્રણે કાળ એવા બને, કુગતિ કોય ન જાય. ।।૧।।
દુઃખ, ભય, રોગ, વિયોગમાં પ્રભુ ભજવા મન થાય, ।।
પણ પાપોને છોડવા, વિરલા કોક જણાય. ।।૨।।

વહાણ થંભાવનાર તો પદ્માવતી દેવી જ હતાં. તેથી લોકોની લાગણી તરફ ધ્યાન આપીને આકાશમાં આવી, ઉદ્ઘોષણા કરી કહેવા લાગ્યાં. ભાઈઓ ? આ વહાણ સ્તંભાવાનું કારણ સાંભળો. દેવીનો મધુર આદેશ સાંભળી, લોકો સાવધાન કાન માંડીને બેસી ગયા. દેવીએ ઉપરની પાર્શ્વનાથપ્રભુની પ્રતિમાની, દ્વારિકાના દાહની, દરિયામાં જળવાયેલા જિનાલયની, વાત કહી સંભળાવી.

હવે તમે મારી સહાયથી દરિયાના પેટાળમાંથી, માણસો ઉતારી પ્રતિમા લઈ આવો. અને હું આ પ્રતિમા તમને અર્પણ કરું છું. તમે લઈ જજો. ભક્તિ કરજો, પ્રતિમા ઘણી પ્રાચીન છે. પ્રભાવક છે. દેવી વચને શેઠજીના માણસો પ્રભુપ્રતિમાને ઉપર લાવ્યા. લોકોનો ભય નાશ પામ્યો. હર્ષ ઉભરાયો.

નાશ થયો ભય મરણનો, પ્રકટ્યો બહુ આનંદ,
દર્શન મળ્યું જિનદેવનું, પંચમ ગતિ સુખકંદ. ૧

ભય નાઠો મરવા તણો, પ્રકટ્યા જિનવરપાસ,
નૌકાનાં, નરનારીઓ, પામ્યાં ખબ ઉલ્લાસ. ૨

શેઠજી પાર્શ્વનાથ પ્રભુજીની પુરાણી પ્રતિમા પોતાના નગરમાં લાવ્યા. મોટું જિનાલય બંધાવી સુગુરુ ગીતાર્થ જૈનાચાર્ય પાસે, પ્રતિષ્ઠા કરાવી. સેંકડો વર્ષ પ્રભુજી ત્યાં રહ્યા હતા.

કેટલોક કાળ ગયા પછી, પ્રસિદ્ધ પ્રભાવક-જૈનાચાર્ય પાદલિપ્તસૂરિના સમકાલીન નાગાર્જુન નામનો યોગી થયો. તેણે પાદલિપ્તસૂરિ મહારાજની ખૂબ સેવા કરીને, આકાશમાં ઉડવાનો પાદલેપ, અને સુવર્ણસિદ્ધિની ઔષધિઓ મેળવી હતી.

**પ્રશ્ન** : નાગાર્જુન આવી અનેક ઔષધિઓને શી રીતે સમજી શકયો હશે ?

**ઉત્તર** : પ્રબંધકારના વર્ણન અનુસાર, તે એક ક્ષત્રિયની, બાળવિધવાના રૂપમાં—આસક્ત થયેલા, વાસુકી નાગરાજથી જન્મેલો, અને બાળાને રહેલા ગર્ભનું રક્ષણ; અને છેક સુધી, બધી સહાય પુરી પાડનાર નાગરાજની સહાયથી ઉછરેલો, ભણેલો અને પ્રસિદ્ધિ-પામેલો નાગાર્જુન મહાન દૈવી પુરૂષ હતો.

**પ્રશ્ન** : નાગાર્જુન યોગી કયાં રહેતા હતા? અને તેમણે રસ બનાવવાની યોજના કયા સ્થાન ઉપર કરી હતી?

**ઉત્તર** : નાગાર્જુન યોગીનો વસવાટ, ઢંક પર્વતની ગુફામાં હતો. એક કાળે આ ઢંક પર્વત પણ શ્રી શત્રુંજય ગિરિનું એકસો આઠમાયલું એક શિખર ગવાયું છે. જુઓ પ્રમાણ.

ઢંક[1]-કદંબ[2] ને કોડિનિવાસો[3], લોહિત્ય[4]-તાલધ્વજ[5] સુરગાવે ।
ઢંકાદિક પાંચ કૂટ સજીવન, સુરનર-મુનિ મલી નામ સ્થપાવે ॥

ગિરિવર દર્શન વિરલા પાવે ॥ નવાણું પ્રકારી પૂજા ॥ ૧ ॥

**પ્રશ્ન** : આ ઢંક પર્વત હાલ કયાં છે?

**ઉત્તર** : ધોળાજી પાસે પાનેલી ગામની નજીકમાં છે. તથા નાગાર્જુને, રસસિદ્ધિ બનાવવાની સામગ્રી અને યોજના, હાલના ખેડા અને ખંભાતના અખાતની વચમાં સેઢી નદીના કિનારે મેળવી હતી.

નાગાર્જુનને સુવર્ણસિદ્ધિની ઔષધીઓ મળી ગયા પછી આ ઔષધિઓનું મર્દન કરવા માટે, પદ્મિની સ્ત્રીની જરૂર પડી હતી. તે વખતે પ્રતિષ્ઠાન (હાલનું ઠાણા)ના રાજા શાતવાહનની રાણી ચંદ્રલેખા પદ્મિની હતી. નાગાર્જુન, દેવની સહાયથી, ચંદ્રલેખાને પોતાના સ્થાન ઉપર લાવ્યો હતો. ચંદ્રલેખા સતી નારી હોવાથી ગભરાણી. ત્યારે નાગાર્જુને તેણીને ભગીની તરીકે સંબોધીને, શીલના રક્ષણ માટે ઘણો દિલાસો અને વિશ્વાસ આપ્યો હતો.

ચંદ્રલેખા પદ્મિની, રાજપુત્રી અને રાજાની રાણી હોવાથી, ખૂબ સુકોમળ હતી, તેથી મર્દનના કામથી, ખૂબ કંટાળી જતી હતી. તથા તેણીને પતિ અને પુત્રોનો વિરહ પણ ખૂબ અસહ્ય લાગતો હોવાથી, નાગાર્જુન તેણીને હંમેશ સાંજના સમયે પોતાના સ્થાન ઉપર મુકી દેતો હતો.

ઔષધિઓના પ્રયોગ અને ચન્દ્રલેખાના મર્દન વડે, સુવર્ણસિદ્ધિનો રસ થયો પણ ઘટ થઈને, ઢાળકા-લગડીઓ-ચોરસાં થયાં નહિ. ત્યારે તેને સમજાયું કે કોઈ પણ ચમત્કારી

દેવની દૃષ્ટિ પડયા વિના, સુવર્ણ બનવું અશકય છે. એમ વિચારી પોતાના મિત્રદેવને વાત જણાવી. મિત્રદેવે કાન્તિનગરથી, ઉપર જેનું વર્ણન થઈ ગયું છે. તે પાર્શ્વનાથસ્વામીની પ્રતિમા લાવીને આપી.

પાર્શ્વનાથસ્વામીની દૃષ્ટિ પડવાથી, સુવર્ણ ઘટ થઈ ગયું. અને સુવર્ણસિદ્ધ–કલ્યાણરસના બે મોટા કુંભા ભરી લીધા. પાર્શ્વનાથસ્વામીની-પ્રતિમાને સેઢી નદીના કિનારે, આશાતના ન થાય તેવા ગુપ્ત સ્થાનમાં, જમીનમાં પધરાવી દીધી.

આ રસમર્દન કરવાના સમય દરમ્યાન કંટાળેલી, ચંદ્રલેખાએ નાગાર્જુનને પૂછયું હતું કે, ભાઈ? આ કયું ઔષધ છે. કયા રોગના નિવારણ માટે તૈયાર કરાવો છો? નાગાર્જુનનો ઉત્તર. આ રસમર્દનથી સોના સિદ્ધિ થાય છે. તૈયાર થવાથી, કરોડો મણ સુવર્ણ બનાવી શકાશે. અને સમગ્ર ભારતને ઋણ મુક્ત યાને દુઃખ મુક્ત બનાવી શકાશે.

ચંદ્રલેખાને પુછવાથી, તેણીએ આ વાત પોતાના બે પુત્રોને જણાવી હતી. પુત્રો—બંને યુવાન હતા. તેઓ ધનની લોલુપતાથી, માતાની સાથે આવ્યા. નાગાર્જુનની સેવા કરવા લાગ્યા. શિષ્ય થઈને રહ્યા. એકવાર છળ મેળવીને તેઓએ, નાગાર્જુનને મારી નાખ્યો. અને પાછળથી, તુરત નાગાર્જુનના મિત્રદેવે, બંને રાજકુમારને પણ મારી નાખ્યા.

"રસ મેળવવા કારણે, લાગ્યું પાપ અપાર,
પણ નાગાર્જુન યોગીને, ન થયો લાભ લગાર" ૧

"સુવર્ણસિદ્ધિ રસ થયો, કરવા પર ઉપકાર,
મરણ થયું યોગી તણું. પાછળ મર્યા કુમાર" ૨

"વિણ ચાખ્યા, વિણ ભોગવ્યા, જગના જીવઅપાર,
બાંધી પાપના પોટલા, ભટકે છે સંસાર" ૩

"કોઈક નારી કારણે, કોઈક રાજ્ય ઉપાય,
કોઈક લક્ષ્મી કારણે, બાંધે પાપ સદાય." ૪

"લક્ષ્મીને પૃથ્વીતણા, સ્વામીનો નહી પાર,
મુંકીને ચાલ્યા ગયા, બાંધી પાપ અપાર" ૫

વાસુકીનાગરાજ જેવા પિતા મળવા છતાં, અને બુદ્ધિનો ભંડાર હોવા છતાં, રસનિસ્પત્તિ થવા છતાં, નાગાર્જુનને લાભ થયો નહીં. રાજકુમારોએ વિશ્વાસઘાત કર્યો. ગુરૂદ્રોહ કર્યો. લાભ થયો નહી પણ, બન્ને ગુરુશિષ્યો અકાલ મરણે મરણ પામ્યા.

**પ્રશ્ન** : પછી પાર્શ્વનાથસ્વામીની પ્રતિમાનું શું થયું?

**ઉત્તર** : ત્યારપછી અભયદેવસૂરિમહારાજને કોઢનો રોગ થયો હતો. તે માટે અનશન કરવાના હતા. પરંતુ તેમના ચારિત્રપ્રભાવથી પદ્માવતીદેવી પ્રકટ થયાં. તેમણે પાર્શ્વનાથસ્વામીની પ્રતિમા (નાગાર્જુનયોગીએ જમીનમાં પધરાવેલી) સૂરિમહારાજને આપી. આ બધું વર્ણન. આ પુસ્તકના ૧૨૫ થી ૧૩૪ સુધીના પાના ઉપર આવી ગયું છે.

તેજ પાર્શ્વનાથસ્વામીની પ્રતિમા આજે ખંભાતનગરમાં પૂજાય છે. પહેલાં આ નગરનું સ્તંભનનગર નામ હશે, કારણ કે શાસ્ત્રો અને ઇતિહાસમાં, ખંભાતને સ્તંભન તરીકે ઠામઠામ વર્ણવેલું જોવા મલે છે. આથી ઉપરનો નાગાર્જુન યોગીનો અને પાર્શ્વનાથસ્વામીની પ્રતિમાનો, ઉપર મુજબનો ઇતિહાસ સત્ય ઠરે છે.

**પ્રશ્ન** : આ પ્રતિમા કેટલા વર્ષ પહેલાંની પુરાણી હશે ?

**ઉત્તર** : હાલ ખંભાતનગરમાં પૂજાતી અને અનેક જૈનઇતિહાસોમાં ગવાએલી સ્તંભનપાર્શ્વનાથ સ્વામીની પ્રતિમાને, ઓછામાં ઓછા નીચે મુજબ વર્ષો થયાં સમજાય છે.

શ્રીકુન્થુનાથસ્વામીના તીર્થનો તદ્દન પ્રાન્ત ભાગ લેવાય તો પણ, અઢારમા અને ઓગણીશમા જિનેશ્વરદેવોના તીર્થનું આંતરૂં એકહજારકોટીવર્ષ, એટલે દશઅબજ વર્ષ થયાં છે. ઓગણીશમા અને વીશમા પ્રભુજીનું આંતરૂ ચોપનલાખ વર્ષ છે. તથા વીશમા અને એકવીશમા પ્રભુજીનું આંતરૂં છલાખ વર્ષ છે. એકવીશમા અને બાવીશમા પ્રભુજીનું પાંચ લાખ વર્ષનું આંતરૂં છે. બાવીશમાં ભગવાન પછી પણ લગભગ સાડીછાસી હજાર વર્ષ જેટલો વખત થયો છે. તેથી એકંદરે દશ અબજ અને છાસઠ લાખ વર્ષ પહેલાની પ્રતિમા છે એમ સમજી શકાય છે.

**પ્રશ્ન** : આ સીવાય પણ પ્રાચીન પ્રતિમાજી હોય તે બતાવો.

**ઉત્તર** : ૧ હાલના કેશરીયાઆદીશ્વરભગવાનને, શ્રીપાલરાજા અને મયણાસુન્દરીએ પૂજ્યા હોવાથી લગભગ છલાખવર્ષ પહેલાના હોવા જોઈએ.

**પ્રશ્ન** : શ્રીપાલ અને મયણાં ક્યારે થયા હશે.

**ઉત્તર** : તેમનું એકહજાર વર્ષનું આયુષ હોવાથી, નમિનાથસ્વામીના તીર્થના અંતમાં થયા સંભવે છે,

૨. તથા હાલમાં અંતરીક્ષપાર્શ્વનાથ પ્રભુજીની પ્રસિદ્ધ અને ઐતિહાસિક પ્રતિમા વિદ્યમાન છે. તે સીરપુરમાં બિરાજમાન છે. તે પ્રતિમા રાવણના હાથે બનેલી હોવાથી, આઠલાખ અને સાડીછાસી હજારવર્ષ પહેલાની સમજાય છે.

૩. તથા ગુજરાતમાં પાટણ પાસે ચારૂપગામે, હાલ વિદ્યમાન પાર્શ્વનાથસ્વામીની પ્રતિમા ઘણી પ્રાચીન છે. તેના જૈન ઇતિહાસકારોના બે અભિપ્રાય છે. એકમતે ગઈ ચોવીસીના સોળમા નમિનાથસ્વામીના, બાવીસોને બાવીશમા વર્ષમાં બન્યાનું વર્ણન છે. બીજા અભિપ્રાય મુજબ એકવીસમા નેમિનાથસ્વામી લેવાય તો પણ પાંચલાખ અને ચોરાસીહજાર વર્ષ થયાં ગણાય.

૪. તથા સેરીસાપાર્શ્વનાથની પ્રતિમા પણ લાખો વર્ષની પ્રાચીન છે.

૫. તથા જામનગરના નેમનાથસ્વામી પણ, બલભદ્રમહારાજના ઘરદેરાસરની જીવિત સ્વામીની પ્રતિમા છે.

૬. ફલોધિ ( મારવાડ ) પાર્શ્વનાથપ્રભુની પ્રતિમા પ્રાચીન છે.

૭. અષ્ટાપદતીર્થ ઉપર ભરતમહારાજનું કરાવેલું, જૈનમંદિર હાલ પણ વિદ્યમાન છે. તેને થયાને આજે એક કોટાકોટિ સાગરોપમ કાળ થયો છે. ઋષભદેવસ્વામી અને મહાવીરસ્વામીનું આંતર જેટલો કાળ જાણવો. તેનો શાસ્ત્રિય પાઠ પણ વાંચો,

**चत्तट्ठकम्मा परिणामरम्मा, सद्धव्वधम्मा सुगुणेहिं पुण्णा ।**
**चत्तारि अट्ठा दस दुन्निदेवा, अट्ठावये ताइ जिणाइ वंदे ॥ १ ॥**

**અર્થ** : આઠ કર્મનો નાશ કરનારા, આત્મપરિણામમાં રમણ કરનારા, આત્મસ્વરૂપને પામેલા, સર્વગુણોથી પૂર્ણ થયેલા. **ચાર, આઠ, દસ** અને બે એ પ્રમાણે શ્રીઅષ્ટાપદ તીર્થ ઉપર બિરાજમાન ચઉવ્વીસ જિનેશ્વરોને, હું વંદન કરું છું.

**પ્રશ્ન** : ઉપર ચાર, આઠ, દશ, અને બે, આંકડા લખવાનો ભાવાર્થ શું છે ?

**ઉત્તર** : અષ્ટાપદપર્વત બત્રીશકોશનો ઊંચો છે. તેની ઉપર ભરતમહારાજાએ બેઠેલા સિંહના આકારવાળો પ્રાસાદ કરાવ્યો છે. તેને ચાર દિશા ચાર બારણા છે. ચોખંડી વેદિકા બનાવી છે. ત્રીજાથી છઠા સુધી, ચાર પ્રભુજીને, દક્ષિણમાં બેસાડ્યા છે. તથા સાતથી ચૌદ સુધી આઠ, પશ્ચિમમુખે બેસાડ્યા છે. પંદરથી ચોવીસ સુધી દશ ઉત્તરમાં, અને **પહેલા બીજા** બે પ્રભુજી પૂર્વમાં બિરાજમાન કર્યા છે.

બધા પ્રભુજી પોતપોતાના દેહપ્રમાણ બનાવ્યા છે. બધા પ્રભુજીની નાશિકા સમશ્રેણિએ છે. બેઠક નીચી-ઉંચી છે. દેરાસર તદ્દન સુવર્ણનું છે. પ્રતિમા બધી રત્નમય છે.

**પ્રશ્ન** : આ કાળમાં કોઈ અષ્ટાપદ ગયું હશે ? જઈ શકાય છે ?

**ઉત્તર** : ગૌતમસ્વામી ગયા હતા. જુઓ શાસ્ત્રપાઠ

**" अष्टापदाद्रौ गगने स्वशक्त्या, ययौ जिनानां पदवन्दनाय "**

**અર્થ** : ભગવાન મહાવીર પ્રભુનું વ્યાખ્યાન સાંભળીને, ગૌતમસ્વામી મહારાજ, અષ્ટાપદ પર્વત ઉપર, જિનેશ્વરદેવોના ચરણવંદન કરવા ગયા હતા.

તથા હમણાં કેટલીક અલભ્ય પણ, શાસ્ત્રોમાં લખાયેલી પ્રતિમાનાં વર્ણનો, મળે છે. જેમકે શત્રુંજયપર્વતની સુવર્ણ ગુફામાં, આદીશ્વરસ્વામીની હજારો પ્રતિમાજી આજે પણ વિદ્યમાન છે. તથા ગિરનારપર્વતની કાંચન બલાહક ગુફામાં, નેમનાથસ્વામીની સેંકડો પ્રતિમાજી હાલ વિદ્યમાન છે.

**પ્રશ્ન** : આ બધા સ્થાને પ્રતિમાની પૂજા કોણ કરતું હશે ?

**ઉત્તર** : ચારનિકાયના દેવો અને દેવીઓ.

તથા વિક્રમની બીજી સદીમાં, આબુતીર્થ ઉપર, શ્રીઋષભદેવસ્વામીની પ્રતિમાની પ્રતિષ્ઠા, પન્નરમા પટ્ટધર, ચંદ્રસૂરિ, નાગેન્દ્રસૂરિ નિર્વૃતિસૂરિ, અને વિદ્યાધરસૂરિમહારાજોના હાથે થયેલાનાં ઈતિહાસિક–પ્રમાણો છે. ઇતિ **ઉપદેશસાર. અને અર્બુદગિરિકલ્પ** તથા આબુ ઉપર ૧૦૮૮ માં વિમલશાહે છત્રીસમા પટ્ટધર, અને નવાંગી ટિકાકાર અભયદેવસૂરિના દાદાગુરૂ, વર્ધમાનસૂરિના હાથે, પ્રતિષ્ઠા કરાવ્યાના પ્રમાણો છે. તથા તેજ આબુગિરિ ઉપર, વસ્તુપાલ તેજપાલે ૧૨૮૭ માં, નાગેન્દ્રગચ્છના આચાર્ય, વિજયસેનસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી છે. બીજા પણ ઘણા ગીતાર્થ જૈનાચાર્યોની હાજરી હતી.

૧. તથા શત્રુંજય મહાતીર્થમાં, પાંચમા આરામાં થયેલા ઉદ્ધારો, પણ ઐતિહાસિક છે. પ્રભુ મહાવીરસ્વામીના નિર્વાણથી, ૫૭૮ અને વિક્રમ સંવત ૧૦૮મા વર્ષે, ભગવાન વજ્રસ્વામીના ઉપદેશથી જાવડશાહે. શત્રુંજયનો ઉદ્ધાર કરાવ્યો છે.

૨. તથા વિક્રમ સંવત ૧૨૧૩ ની સાલમાં. હેમચંદ્રસૂરિમહારાજના ઉપદેશથી પરમાર્હત કુમારપાલમહારાજાના મહામાત્ય બાહડમંત્રીએ, લાખોની સંખ્યા ચતુર્વિધ શ્રીસંઘની હાજરીમાં. શત્રુંજય મહાતીર્થનો ઉદ્ધાર કરાવ્યો છે.

૩. તથા ત્યારપછી બહુ થોડા કાળમાં, અલાવદ્દીન ખૂનીના સુબાની ફોજના જુલ્માગારથી, તીર્થોનો નાશ થયો, તેથી તેજ સુબા સાથે મિત્રાઈ કરીને, બાદશાહ તથા સુબાની પરવાનગી અને સહાય મેળવીને, વિ. સં. ૧૩૭૧ માં, દેશળશાહના પુત્ર સમરાશાહે ઘણા આચાર્ય ભગવંતો અને શ્રીસંઘોની હાજરીમાં શત્રુંજયમહાતીર્થનો ઉદ્ધાર કરાવ્યો છે.

૪. તથા વળી, ૨૧૬ વર્ષના ગાળામાં ધર્મના દ્વેષી, અટકચાળા મુસલમાનો વડે, તીર્થનું પતન થવાથી, ચિતોડગઢના વતની, અને અમદાવાદના બાદશાહ બહાદુરશાહના પરમ મિત્ર કર્માશાહે ( તોલાશાહના પુત્રે ) વિ. સં. ૧૫૮૭ ના વૈશાખ વદી ૬, શત્રુંજય-મહાતીર્થનો ઉદ્ધાર, ઘણા આચાર્યો અને મોટા સંઘ સમુદાયની હાજરીમાં કરાવ્યો છે.

તથા ભરૂચમાં શ્રીમુનિસુવ્રતસ્વામીનું અશ્વાવબોધ તીર્થ થયું છે. તેના ઘણા

ઉદ્ધારો થયા છે. કેટલાક ઉદ્ધારો પછી, સિંહલદ્વીપના રાજાની પુત્રી, જે ગયા જન્મમાં સમળી હતી. તેણીએ મુનિસુવ્રતસ્વામીના ચૈત્યનું, અને નમસ્કાર મહામંત્રનું ધ્યાન કરી, મરીને રાજપુત્રી થઈ. તેણીએ નવું ચૈત્ય કરાવ્યું. ત્યાંથી શકુની (સમળી) વિહાર નામ સરૂ થયું. આ સમળી વિહારના પણ ઘણા ઉદ્ધારો થયા છે.

છેલ્લો વિક્રમની તેરમી સદીના પ્રારંભમાં, ઉદયનમંત્રીના પુત્ર અને કુમારપાળ રાજાના પ્રધાન. આમ્રભટ્ટે. પાયામાંથી નવીન ચૈત્ય બનાવી શકુની વિહાર પ્રાસાદ કરાવ્યો હતો. તે મુસલમાન બાદશાહોની ધર્મઝનુનથી નાશ પામ્યો. મસીદ બની ગઈ, હાલ ભરૂચમાં જુમ્મામસીદ તરીકે ઓળખાય છે.

તથા પ્રભુમહાવીરસ્વામીની હાજરીમાં, ભરાવેલી જીવિત સ્વામીની પ્રતિમા, સાચોરમાં સેંકડો વર્ષો પૂજાણી હતી, મુસલમાનોથી નાશ થયો. તથા છદ્મસ્થપ્રભુમહાવીરની વિદ્યુન્માલીદેવે ભરાવેલી બીજી પ્રતિમા. વીતભયનગરમાં અને ઉજ્જેણીમાં વર્ષો સુધી પૂજાણી. તથા ત્રીજી જીવિતસ્વામીની પ્રતિમા નંદીવર્ધન રાજાની ભરાવેલી, બામણવાડમાં તથા ચોથી મધુવતી (મહુવા)માં વર્ષો સુધી પૂજાએલી જીવિતસ્વામી પ્રતિમા જાણવી.

તથા રાજપુત્રી સુલોચના (કલાવતીનો પૂર્વ ભવ) એ, પોપટ પાળ્યો હતો. પોપટે જિનપ્રતિમાના દર્શનનો અભિગ્રહ લીધો હતો. દર્શન કરવા ગયો. પોપટના વિરહથી રોષે ભરાયેલી રાજપુત્રીએ પાંખો કાપી નાખી. પોપટ જિનેશ્વરદેવની પ્રતિમાના ધ્યાનથી મરીને શંખ રાજા થયો, અને સુલોચના પણ પોપટના ઉપરના રાગથી. આરાધનાપૂર્વક. મરીને કલાવતી રાણી થઈ.

**પ્રશ્ન** : આ બધા ગ્રન્થોમાં સંગ્રહાયેલ. પ્રતિમાના ઇતિહાસો છે. પરંતુ આગમોમાં હોય તો બતાવો.

**ઉત્તર** : સૂત્રોના આધારો માટે આગળના વર્ણનોમાં જણાવાઈ ગયું છે કે ભદ્રબાહુસ્વામીના વખતમાં, બાર દુષ્કાળો પડવાના કારણે, આર્યસુહસ્તિ અને સંપ્રતિના (પૂર્વભવના) કાળમાં મહાદુષ્કાળ પડવાથી, આર્ય સુસ્થિતસૂરિના સમયમાં ભયંકર દુષ્કાળ પડવાથી, આર્યવજ્રસ્વામીના વખતમાં પણ મોટો દુષ્કાળ પડવાથી, શ્રુતજ્ઞાનની ઉત્તરોત્તર ઓછાસ થતી ગઈ છે.

ત્યારપછી બૌદ્ધો સાથેના સંઘર્ષથી, પછી શંકરાચાર્યોના ધર્મદ્વેષથી, અને છેલ્લા પાંચસો વર્ષો મુસલમાનોના અપ્રમાણ ધર્મદ્વેષથી, જૈનાગમોને અપ્રમાણ ઘર્ષણ લાગવાથી, અત્યારે જૈનાગમ ખૂબ જ સાંકડું બની ગયું છે. તે સમજવા છતાં આગમોનાં પ્રમાણ માગનારા મહાનુભાવોનો કદાગ્રહજ કહેવાય કે શું ?

આજે પણ જેટલું સાહિત્ય વિદ્યમાન છે. તે બધું દ્વાદશાંગીના અવશેષો છે. જેમ રાજગૃહ, મથુરા, ચંદ્રાવતી ભરૂચ, ખંભાત, સુરત, જેવી નગરીઓ પણ આજે સાવ નાની

થઈ ગઈ હોવા છતાં, તેમાં વસનારાઓનો નાશ થઈ ગયો છે. એમ નથી. પરંતુ ત્યાંની જનતા બીજા બીજા સ્થાનોમાં જઈને, વસી ગઈ હોય છે. તેમ દ્વાદશાંગીના નાના મોટા વિષયો સેંકડો કે હજારોની સંખ્યામાં, આજે ગ્રન્થરુપે ઓળખાય છે.

તેથી હાલ વર્તમાન નિર્યુક્તિઓ, ભાષ્ય, ચૂર્ણિઓ, ટિકાઓ, દીપિકાઓ, કર્મગ્રન્થો. સંગ્રહણીઓ પ્રકરણો, શતકો, કુલકો, ચરિત્રો, કથાનકો પ્રમાણનયના ગ્રન્થો, દાર્શનિક વિચારો, આ બધું ગીતાર્થ, જ્ઞાની, વૈરાગી, વિચારક, ભવભીરૂ જૈનાચાર્યોએ. યાદ રાખેલું ગ્રન્થોમાં ગુંથ્યુ છે. બીજા ગીતાર્થોએ માન્ય રાખેલું છે. માટે તે બધું મૂલ આગમ જેટલું જ પ્રમાણિક મનાયું સમજવું.

હવે પંચાંગી અને ગ્રન્થોમાં પ્રતિમા અને ચૈત્યનાં પ્રમાણો પણ થોડા જણાવાય છે.

૧. મહાનિશીથ સૂત્રમાં જિનમંદિર બંધાવનાર બારમા સ્વર્ગ સુધી જાય એમ કહ્યું છે.

૨. આવશ્યક સૂત્ર તથા યોગશાસ્ત્રમાં શ્રેણિક રાજાએ જિનાલય કરાવ્યાનું વર્ણન છે.

૩. રાયપસેણી સૂત્રમાં સુર્યાભદેવે જિનેશ્વરદેવને ધૂપ કર્યાનું વર્ણન કરેલું છે.

૪. તથા દશવૈકાલિકમાં સ્ત્રીના ચિત્રવાળા ઉપાશ્રયમાં મુનિરાજાએ વસવું નહીં, કામવિકારનું કારણ છે, તેમ વીતરાગદેવની મૂર્તિ વીતરાગપણાનો અભ્યાસ કરાવે છે.

૫. સમવસરણ પ્રકરણમાં, અને બીજા અનેક ગ્રન્થોમાં જિનેશ્વર ભગવાન સમવસરણમાં ચૌમુખ દેશના આપવાનું જણાવ્યું છે. ત્યાં સમજવાનું કે, પૂર્વ દિશા સિવાય, ત્રણ દિશામાં જિનેશ્વરદેવના પ્રતિબિંબ હોય છે. ચારે પ્રભુજી સમાન જણાય છે, વંદાય છે, પૂજાય છે.

૬. શ્રી ભગવતીસૂત્રમાં, વીશમા શતકમાં, નવમા ઉદ્દેશામાં, જંઘાચારણ તથા વિદ્યાચારણના અધિકારમાં, રૂચકદ્વીપમાં, નન્દીશ્વદ્વીપમાં, તેઓએ ચૈત્યોને વંદન કર્યાનું વર્ણન થયું છે. ત્યાંથી પાછા આવી અહીં પણ ચૈત્યો જુહારે છે.

૭. દ્વીપસાગર પન્નતીમાં, અને વીરંજયશહેર ક્ષેત્રસમાસમાં માનુષ્યોત્તર પર્વત ઉપર, જિનભવનો પ્રત્યેક દિશાએ એક એક છે, અને ચાર ઇસુકાર, પર્વતો ઉપર, પણ એક એક છે.

૮. ભગવતીસૂત્રમાં, મેરૂપર્વતના પંડકવનમાં, અને નંદનવનમાં, જિનપ્રતિમા હોય છે, અને વિદ્યાચારણ, જંઘાચારણ વંદન કરે છે.

૯. ઉપાસક દશાંગમાં, આનંદશ્રાવકના અધિકારમાં જિનવરની પ્રતિમા વિના અવરને વાંદુ નહીં. આ પાઠ પ્રતિમા વંદનને સિદ્ધ કરે છે.

૧૦. તથા ઉવવાઈ સૂત્રમાં અંબડતાપસે પણ પ્રતિજ્ઞા કરી છે કે, આજથી હવે પછી

મારે, અન્ય લિંગિઓના ચૈત્યો, દેવો, અથવા અન્ય લિંગીઓએ સ્વીકારેલી જૈનપતિમા પણ વાંદવીકલ્પે નહીં, પરંતુ અરિહંતની પ્રતિમા અને ચૈત્યો વાંદવાકલ્પે છે.

૧૧. તથા ભક્તપરિજ્ઞા પ્રકીર્ણક સૂત્રના મૂળ પાઠમાં, સાત ક્ષેત્રોનાં નામ ગણાવ્યાં છે. તેમાં જૈનચૈત્યો અને પ્રતિમાઓ ગણાવી છે.

૧૨. તથા જ્ઞાતાસૂત્રમાં રાજકુમારી દ્રૌપદીનું વર્ણન છે. દ્રૌપદી જિનમંદિરમાં જાય છે, અને આલોકે પ્રણામ કરે છે. પિચ્છીથી પ્રતિમાને પ્રમાર્જે છે. સુર્યાભદેવની પેઠે પ્રતિમાની પૂજા કરે છે, ધૂપ કરે છે, જમીન ઉપર બેસીને, નમુથ્થુણં કહે છે. ઇત્યાદિ અખંડ પાઠ છે.

**પ્રશ્ન :** આ પાઠનો થાનકીભાઈઓ યક્ષપ્રતિમા અર્થ કરે છે તેનું કેમ ?

**ઉત્તર :** **जिणपडिमाऊ अच्चेइ** ચોખ્ખો પાઠ છે. ઉપરાંત નમુથ્થુણં કોની પાસે બોલાય એ તો વિચારવું જોઈએ ને ? **अभयदयाणं चक्खुदयाणं मग्गदयाणं सरणदयाण बोहिदयाणं** આ બધા અર્થો યક્ષપતિમા માટે ઘટી શકે ખરા ? કદાગ્રહ મટ્યા વિના સાચું સમજાવું મુશ્કેલ છે. ઊંધા ચશ્મા હોય તો, બધું ઊંધું જ દેખાય છે.

૧૩. તથા ઉવવાઈસૂત્રમાં, ચંપાનગરીમાં, અરિહંતભગવંતોનાં ઘણાં ચૈત્યો હતાં, એમ કહેલ છે, અને બીજી નગરીઓમાં ઉવવાઈ અને ચંપા નગરીની ભલામણો લખી છે. આથી આર્યદેશોની નગરીઓમાં, ઘણાં ચૈત્યો હતાં, એમ નક્કી થાય છે.

૧૪. તથા જીવાજીવાભિગસૂત્રમાં વિજયદેવના અધિકારમાં, વિજયદેવે પ્રતિમા પૂજ્યાનું વર્ણન છે.

૧૫. તથા બૃહત્‌કલ્પસૂત્રમાં, કોઈ સાધુ જિનાલય જાય કે ન જાય ? આવા ગૌતમ સ્વામીના પ્રશ્નમાં, પ્રભુજી ફરમાવે છે કે, સાધુએ હંમેશ જિનાલય જવું જ જોઈએ. તથા પૌષધ કરીને રહેલા પૌષધિક શ્રાવકે પણ, હંમેશ જિનચૈત્ય જુહારવા જવું જોઇએ. પ્રમાદથી ન જાય તો ,છઠનો અથવા પાંચ ઉપવાસનો દંડ = પ્રાયશ્ચિત આવે છે.

૧૬. તથા ગણિવિજ્જા પયન્નામાં, ધનિષ્ઠા, શતભિષા, સ્વાતિ, શ્રવણ, અને પુનર્વસુ આ પાંચ નક્ષત્રોમાં જિનપૂજાનો પ્રારંભ કરવો. અર્થાત જિનપૂજાનો પ્રારંભ કરનારે, આ પાંચનક્ષત્રો ઘણાં સારાં જાણવાં.

૧૭. શ્રી આચારાંગસૂત્રમાં સિધ્ધારથરાજાને પાર્શ્વનાથસ્વામીના સંતાનીયશ્રાવક જણાવ્યા છે અને જિનપ્રતિમાની પૂજા કરી છે. કલ્પસૂત્રમાં પણ સિદ્ધાર્થરાજાનો જિનપૂજા અધિકાર છે.

૧૮. તથા સુયગડાંગસૂત્રમાં જિનપ્રતિમાને જોઈ આર્દ્રકુમાર પ્રતિબોધ પામ્યા હતા અને દીક્ષા લીધી–ત્યાંસુધી, જિનપ્રતિમાની પૂજા કરતા હતા.

૧૯. બૃહત્કલ્પભાષ્યમાં, સમવસરણના અધિકારમાં, પૂર્વદિશા સિવાય ત્રણ દિશાઓમાં, દેવોને જિનેશ્વર દેવોના પ્રતિબિંબો સ્થાપે છે, અને પ્રભુ ચૌમુખ બેઠેલા જણાય છે.

૨૦. ભગવતીસૂત્રમાં તુંગિયાનગરીના શ્રાવકોએ, જિનપ્રતિમા પૂજ્યાનો અધિકાર છે.

૨૧. પ્રશ્નવ્યાકરણસૂત્રમાં જિનપ્રતિમાની વેયાવચ્ચ કરવાનો અધિકાર છે.

૨૨. દશપ્રકારના વિનયમાં જિનપ્રતિમાનો વિનય કરવાનું પણ વર્ણન છે. એટલે જિનાલય કે જિનપ્રતિમાને દૂરથી દેખીને નિમોજિણાણં કહેવું તથા **અંજલિબદ્ધ પ્રણામ. અર્દ્ધાવનત પ્રણામ.** અને પંચાંગપ્રણામ કરવા. આ પ્રમાણે જિનચૈત્ય અને પ્રતિમાનો વિનય કરવો.

૨૩. ઉત્તરાધ્યયન સૂત્રના દશમાઅધ્યયનની નિર્યુક્તિમાં ગૌતમસ્વામી અષ્ટાપદ તીર્થની યાત્રાએ ગયાનું વર્ણન છે.

૨૪. નંદીસૂત્રમાં, તથા ઉત્તરાધ્યયનના પહેલા અધ્યયનની ટીકામાં, ચેડામહારાજા અને કોણિકના યુદ્ધવર્ણનમાં, મુનિસુવ્રતસ્વામીનું સ્થુભ=દેરી=પગલાંનું વર્ણન છે. મહાપ્રભાવક છે.

૨૫. તથા આવશ્યક સૂત્રમાં ભરતચક્રવર્તીએ, જિનાલય કરાવ્યાનો અધિકાર છે.

૨૬. તથા આવશ્યકસૂત્રમાં અને ગુણચંદ્રસૂરિકૃત મહાવીરસ્વામી ચરિયંમાં મલ્લિનાથસ્વામીના ચૈત્યનો, જિર્ણોદ્ધાર કરાવ્યાનું વર્ણન છે. આ બનાવ પ્રભુમહાવીર સ્વામીના છદ્મસ્થકાળમાં પુરિમતાલ નગરમાં બન્યો છે.

૨૭. તથા આજ સ્થાન ઉપર ( આવશ્યક સૂત્રમાં ) બીજા પણ પ્રતિમાપોષક વર્ણનો છે. ચેડામહારાજાની પુત્રી અને ઉદાયનરાજાની રાણીએ, જિનાલય કરાવ્યાનું વર્ણન છે તથા શ્રેણિકરાજા દરરોજ ૧૦૮ સુવર્ણના ચોખાવડે, જિનસન્મુખ સ્વસ્તિક બનાવતા હતા. તથા **अरिहन्तचेइयाणं, वंदणवत्तियाए, पूअणवत्तियाए; सक्कारवत्तियाए, सम्माणवत्तियाए** ઇત્યાદિ પાઠ બોલી સાધુનેપણ કાઉસ્સગ્ગ કરવાનું વર્ણન છે.

તથા સર્વલોકના ચૈત્યો આરાધવાનું વર્ણન પણ આજ સૂત્રમાં વર્ણવાયું છે. તેમ જ સાધુ–અને શ્રાવક બધાને સર્વલોકના ચૈત્યનું કાઉસ્ગ્ગમાં ચિન્તવન કરવું કહેલ છે.

૨૮. તથા ગીતાર્થ આચાર્યને, પોતાથી અધિક કે સમાન ગીતાર્થ આચાર્ય નમલેતો જિનેશ્વરદેવની પ્રતિમા પાસે આલોચન લેવાનું, વ્યવહારસૂત્રના પહેલા ઉદ્દેસામાં કહ્યું છે.

૨૯. તથા મથુરાનગરીમાં, પ્રાયઃ જૈનો પોતાના ઘરોનાં બારણા ઉપર પણ જિનપ્રતિમાજી કોતરાવતા હતા. અને તેને મંગલચૈત્ય કહેવાય છે.

૩૦. તથા શાસ્ત્રોમાં પાંચ પ્રકારનાં ચૈત્યો ગણાવ્યાં છે. [૧]શાશ્વતચૈત્યો, [૨]સાધારણ ચૈત્યો, [૩]નિશ્રાચૈત્યો, [૪]ભક્તિચૈત્યો, અને [૫]મંગલચૈત્યો એમ પાંચ પ્રકાર સમજવાં.

૩૧. તથા દશપૂર્વધારી આર્યસુહસ્તિસૂરિ મહારાજના ઉપદેશથી, સંપ્રતિરાજાએ, નવાસીહજાર જિર્ણચૈત્યો સુધરાવ્યાં ( જિર્ણોદ્ધાર કરાવ્યા ) તથા છત્રીસહજાર નવાં ચૈત્યો કરાવ્યાં હતાં, સવાક્રોડ જિનપ્રતિમા નવી કરાવી હતી.

આજેપણ પાટણ સિદ્ધપુર, અમદાવાદ, રાધનપુર, ખંભાત, ભરૂચ, સુરત, શત્રુંજય, ગિરનાર, મારવાડ, મેવાડ, પંજાબ, બંગાલ, સૌરાષ્ટ્ર મહારાષ્ટ્ર, વગેરે શહેરો અને દેશોમાં, અને તીર્થોમાં, સંપ્રતિમહારાજની પ્રતિમા પૂજાતી દેખાય છે.

૩૨. તથા પ્રત્યેક સદીઓમાં થયેલા, અનેક જૈનાચાર્યોના હાથે થયેલ અંજનશલાકા-વાળી જિનેશ્વરદેવોની પ્રતિમાના, શીલાલેખો સંખ્યાબંધ મળે છે.

૩૩. તથા કલિકાલ સર્વજ્ઞ ભગવાન હેમચંદ્ર સૂરીશ્વરના ઉપદેશથી, પરમાર્હત કુમારપાલ રાજાએ, સેંકડો જિનાલયો કરાવ્યાં છે. પ્રતિમા ભરાવી છે. તથા બીજા જૈનાચાર્યોના ઉપદેશથી પાટણના રાજા સિદ્ધરાજે, પાટણ અને સિદ્ધપુરમાં જૈન મંદિરો કરાવ્યાં છે.

૩૪. તથા નવમી સદીમાં, બપભટ્ટીસૂરિ મહારાજના ઉપદેશથી, આમરાજાએ, પોતાની નગરી ગોપગિરિમાં ( ગ્વાલિયરમાં ) એકસો એકહાથ ઉંચું, જિનમંદિર કરાવ્યું હતું. અને તેમાં તદ્દન સુવર્ણની ઘણી મોટી, મહાવીર પ્રભુજીની પ્રતિમા પ્રતિષ્ઠિત કરી હતી.

૩૫. તથા વિક્રમની તેરમી અને ચૌદમી શતાબ્દીમાં થયેલા વસ્તુપાલ-તેજપાલ તથા આભૂમંત્રી, પેથડસાહ ( માંડવગઢના મહામાત્ય ) આવા મહાપુરુષોએ શત્રુંજયાદિ તીર્થોના અનેકવાર સંઘ કાઢ્યા છે. હજારો જૈનમંદિરો નવાં કરાવ્યાં છે. જિર્ણોદ્ધાર કરાવ્યા છે. હજારો સંખ્યા નવીન જિનપ્રતિમા કરાવી છે.

૩૬. સોલમી, સત્તરમી સદીના જૈનાચાર્યો, આનંદવિમળસૂરિ મ, વિજયદાનસૂરિ મ, વિજયહીરસૂરિ મ, વિજયસેનસૂરિ મ, વગેરે પ્રભાવક પુરુષોના ઉપદેશથી લાખ-બે લાખ પ્રતિમાજી નવીન બન્યાના ઐતિહાસિક પુરાવા મોજૂદ છે. તેની સાક્ષી પૂરનાર શિલાલેખો પણ સંખ્યાબંધ કોતરાએલા, છપાઈ ગયેલા જોવા મળે છે. અને શ્રદ્ધાળુ જૈનોની શ્રદ્ધાને મજબૂત બનાવે છે.

**પ્રશ્ન** : આટલા બધા મોટી સંખ્યામાં; જિનાલયો અને જિન પ્રતિમાઓના પ્રમાણો

વિદ્યમાન હોવા છતાં, બીજો પક્ષ કેમ સમજતો નથી ? આ બધા પ્રમાણિક ગ્રન્થો, આગમો અને શાસ્ત્રોની વાતો કેમ નહીં સમજાતી હોય ?

**ઉત્તર** : ભાઈ! કાળ અનંતો ગયો છે. અનંતી ચોવીસી, અને વીસીઓ જિનેશ્વર દેવો થયા. અને સર્વજ્ઞતા પામીને, દેશોના ખૂણેખૂણે ફરીને ઉપદેશ આપ્યો. સંશય ટાળ્યા. પરંતુ જગતનું અજ્ઞાન નાશ પામ્યું નહીં. સાક્ષાત કેવલી ભગવાનનાં વચન સાંભળનારો બિચારો કાળ શૌકરિક સમજ્યો નહીં. અને સુધર્યો નહીં, તે તેના અભવ્યપણાને આભારી છે.

અનાદિકાળથી સૂર્ય ઊગે છે. પરંતુ ઘુવડની નાતને, સૂર્યની ખબર જ નથી. **એક નાનકડી કથા.** એક દેશમાં, એક મોટા જંગલમાં, હજારો વર્ષનું પુરાણું એક વડનું ઝાડ હતું. વડના થડની પોલાણમાં, અને ઝાડ ઉપર હજારો ઘુવડો વસતાં હતાં, ત્યાં થોડાં ઘણાં બીજાં પક્ષીઓ પણ રહેતાં હતાં.

કોઈકવાર ઘુવડ સિવાયના, બીજા પક્ષીઓના સમુદાયોમાં, પોતાની ભાષામાં વાતો થાય. તે વખતે કોઈ કોઈ જુવાનીયા ઘુવડો, કુતૂહલથી કાન માંડી સાંભળે, બીજા પક્ષીઓ પરસ્પર વાતો કરે છે. આપણે ક્યારે ઉડવાનું છે? કઈ દિશામાં જવાનું છે? વડીલ પક્ષીનો ઉત્તર : સૂર્ય ઉગ્યા પછી, પૂર્વ દિશામાં ઉડવાનું છે.

આવા બીજા પક્ષીઓના વાર્તાલાપ સાંભળીને, નાના ઘુવડો ઘરડા ઘુવડને પૂછે છે. આ લોકો હંમેશ **સૂર્ય** ઉગ્યાની, અને પૂર્વ દિશામાં ઉડવાની વાતો કરે છે. તે શું સાચી છે? ઘરડા ઘુવડનો **ઉત્તર** : ભાઈ! આપણી હજારો પેઢીઓ ગઈ. અમારા વડીલ, તેના વડીલ, અમે પોતે અમારી સાત પેઢીઓ નજરે જોઈ છે. પરંતુ કોઈવાર અમે સૂર્યને ઉગતાં જોયો નથી. આવું આ જૂઠાણું કોણે ઉભું કર્યું છે?

"ઘણો ગયો છે કાળ, પણ કોઈએ ક્યારે કહી,
સૂરજ જેવી જાત, દીઠી કે જાણી નથી," ૧

"મારી ઉંમર આજ, વર્ષ સેંકડું વહી ગયું,
પણ સૂરજનું નામ, ક્યારે કોઈએ નથી કહ્યું." ૨

"સૂર્ય ક્યારે હતો નહીં, હોઈ શકે પણ કેમ?
પણ નર વાનર જાતમાં, આવા ખોટા વહેમ." ૩

જેમ ઘૂવડની જાતને, જગજાહેર, શાશ્વત વસ્તુ, સૂર્ય જેવો, પ્રકાશ આપનાર પદાર્થ, પણ જોવા કે જાણવા મળ્યો નથી, તે બિચારા ઘુવડનો વાંક નથી. પરંતુ તેનો જાતિ સ્વભાવ જ દિવસે અંધાપો રહેવાથી, સૂર્ય ઊગે ત્યારે તેની આંખો બીડાઈ જાય છે. તેથી તે બિચારાને, પ્રકાશ કે સૂર્ય જોવાનું મળતું નથી. તેમ સ્વભાવસિદ્ધ મહામિથ્યાત્વનો ઉદય, તદ્દન સાચી અને સાક્ષાત વસ્તુ પણ જોવા કે ઓળખવા દેતો નથી.

## જુઓ એક બીજી કથા. બાપો દીકરાને શિખામણ આપે છે

રાજગૃહીનગરીના પહાડોમાં, લોહખુરા નામનો ચોર રહેતો હતો. તેને એક છોકરો હતો. પત્ની મરી ગઇ હતી. છોકરાને હંમેશ ચોરી લાવેલી વસ્તુઓ આપીને, લાલન પાલન કરતો હતો. અનુક્રમે ચોર ઘરડો થયો. અને છોકરો મોટો થયો. હવે લોહખુરાને મરવાના દિવસો દેખાવા લાગ્યા. મરણ નજીક આવે ત્યારે, કોઇકિ જ નિકટભવી આત્માને, પરભાવત્યાગ અને સ્વભાવ પરિણમન, પ્રકટ થાય છે, અને હોય તો વૃદ્ધિ પામે છે. સિવાયના ભવાભિનંદી જીવોને, મરવાના છેલ્લા દિવસ સુધી પણ, સંસાર જ ગમે છે. જગતના જીવોને પૈસા, પત્ની, પરિવાર અને પુદ્ગલ; આ ચારે પપાનો જ સમાગમ સાચવણુ અને ભોગવટો ગમે છે.

લોહખુરા ચોરને મરવાનું નજીક આવ્યું. ત્યારે પોતાના પુત્ર રોહિણીયાને, પાસે બેસાડી, ચોરી કરવાની રીતો અને બચવાના ઉપાયો, શીખવવા શરૂ કર્યા હતા. તેમાં એકવાર તેને એવા વિચાર આવ્યા કે, આટલા પ્રદેશમાં, ચોવીસમા તીર્થંકર મહાવીર સ્વામી, ઘણીવાર આવે છે. અને તેઓ અમારા ધંધાને ધક્કો પહોંચે તેવો, ઉપદેશ આપે છે.

જો ક્યારે પણ મહાવીર સ્વામી આટલા પ્રદેશમાં, આવી જશે તો, અને આ મારો છોકરો વખતે ત્યાં ભટકાઈ જશે તો, કોમળબુદ્ધિનો બાળક. પોતાના ચોરીના ધંધામાં શંકાશીલ થશે. વખતે ધંધામાં બેદરકાર થશે. અગર ચોરીનો ત્યાગ કરશે તો, દુખી થશે. માટે મારે તેને અત્યારથી, ચેતવણી આપવી જોઈએ.

એમ વિચાર કરીને, લોહખુરાએ, પોતાના વહાલા પુત્રને, પાસે બેસાડીને, ખૂબ દિલાસો આપીને, કહેવું શરૂ કર્યું. ભાઈ! હવે મારી છેલ્લી દશા છે. હું થોડા વખતનો મેમાન છું, માટે તારે હવે આપણા ધંધામાં હુશિયાર થવું જોઈએ, આપણો ધંધો પડી ભાંગે નહીં. તે બધું સમજી લેવું જોઈએ. જેમ આવકના માર્ગ વધારવા જોઈએ. તેમ ધંધાને વિઘ્ન કરનારા માર્ગો પણ જાણવા જોઈએ.

લોહખુરાના બધા સંસ્કારો, છોકરામાં સંપૂર્ણ હતા. પિતા કરતાં છોકરો ઘણો હુશિયાર હતો, ચપલ હતો. ચોરી, છળ, કપટ, છટકબારી, પ્રવેશ, નિર્વેશ, બચાવ, બધું સમજતો હતો. તો પણ તેના બાપની ઉપરની શિખામણ સાંભળી પ્રશ્ન કર્યો.

બાપુ! આપણા ચોરીના ધંધામાં વિઘ્ન લાવનારી બીના સમજાવો. હું જરૂર તેને સંપૂર્ણ ત્યાગ કરીશ. લોહખુરો કહે છે દીકરા! આટલા પ્રદેશમાં જૈનોના ચોવીસમા ભગવાન શ્રમણ ભગવાન મહાવીર સ્વામી, વારંવાર આવે છે. તેઓનું સમવસરણ થાય છે. લાખો દેવો માનવો અને વિદ્યાધરો, સ્ત્રીઓ અને પુરુષો તેમને સાંભળવા ભેગા મળે છે.

તેઓ **હિંસા, અસત્ય, ચોરી, પરસ્ત્રી, પરિગ્રહમમતાને** પાપ મનાવે છે. અને તેમની વાણીની, શ્રોતાઓ ઉપર લોહચુંબક જેવી અસર થાય છે. હિંસકો હિંસા છોડે છે. ચોરટાઓ સંત બની જાય છે. આવું બધું આપણા જેવા સાંભળે તો, આપણા ચોરીના ધંધાને બટ્ટો લાગે. આપણી પેઢી દર પેઢી ચાલ્યો આવતો ધંધો અટકી જાય.

પિતાની વાતો સાંભળી, છોકરાને ગમી ગઈ, અને કહેવા લાગ્યો. પિતાજી!

તમારી વાત બીલકુલ સાચી છે. હવે આપ ફરમાવો મારે આજ પછી શું કરવાનું છે? લોહાખુરો કહે છે. વહાલા પુત્ર? પિતાના ભક્ત? તારો વિનયવાળો, કર્તવ્ય પરાયણ ઉત્તર સાંભળી મને આનંદ થાય છે. હવે તું મને વચન આપ કે મારે, મારી જીંદગીમાં કયારે પણ, મહાવીરસ્વામીના વચનો સાંભળવાં નહી. ન સંભળાઈ જાય તેવી સાવધાનતા રાખવી.

આત્માનું તદ્દન સત્યાનાશ કરનારી પણ, બાપની વાત છોકરાને ગમી ગઈ. અને બેહાથ જોડીને, બાપનો ઉપકાર માનવા લાગ્યો. મા બાપ સીવાય અગર ઉપકારી સીવાય, આવી શિખામણ કોણ આપે? એમ નિશ્ચય કરીને, બાપને વચન આપ્યું કે, ગમેતે ભોગે, હું મહાવીરસ્વામીનો ઉપદેશ નહી સાંભળું.

શિખામણ આપીને, પુત્ર માટે ભલું કર્યાનો સંતોષ અનુભવીને, મહાનિર્ભાગી લોહખુરો ચોર મરણ પામ્યો, અને પિતાને આપેલા વચનનું અક્ષરશઃ પાલન કરતો. પિતાની શિખામણને પ્રભુની આજ્ઞા જેવી પાલતો, છોકરો રોહિણીયો, પોતાના ચોરીના ધંધામાં ખૂબજ નિષ્ણાત થયો.

રોહિણીયાએ તેના પિતાની બધી શિખામણ ધ્યાનમાં રાખી હતી, પાપાનુબંધિ પુણ્યની સહાયથી. રોહિણીયાની બુદ્ધિના પોબાર પડતા હતા તે. ખૂબ વિચારો ગોઠવીને પાંચ-દશ દિવસે એક ચોરી કરતો હતો. તેમાં હજારોની મીલ્કત મળી જતી. રાજા, પ્રધાનો, ચોકીયાતો, કોટવાળો કોઈ ફાવતું નહિ, ચોરી પકડાતી નહીં. આવું તેનું જીવન વર્ષો સુધી ચાલ્યું.

એક વાર રોહિણી યાને રસ્તે ચાલતાં, પ્રભુ શ્રી મહાવીર સ્વામીના સમવસરણના સમાચાર મલ્યા. રસ્તાના અભાવે, તેને સમવસરણની ખૂબ નજીકમાં ચાલવું પડયું અને જોરદાર કાંટો લાગી ગયો. "પિતા શત્રુ અને કાંટો મિત્ર" તેથી એક ગાથા સંભળાઈ ગઇ. ભગવાનની વાણી ન સાંભળવાની તકેદારી માટે કાનમાં આંગળી રાખેલી. કાંટો લાગતાં નીકળી ગઈ. ભવિતવ્યતા બલિયસી ગાથા કાનમાં થઇને બુદ્ધિમાં પેસી ગઇ.

"જિનવરશાસન નોયતો, હિતકર શત્રુ સમાન,
આભવ સારો રાખવા, આપે કુબુદ્ધિ દાન."
"માત-પિતાને બાંધવા, આ ભવ સુખ જોનાર,
વાણી જિનવર દેવની, ભવ ભવ સુખ દેનાર."

ગાથા अणिमिसनयणा, मणकज्जसाहणा, । पुप्फदामअमीलाणा,
चउरंगुलेण भूमिं न छिवन्ति. सुरा जिणा बिन्ति ॥ १ ॥

**અર્થ** : દેવોને ઓળખવાની, ચાર નિસાનીઓ આ ગાથામાં સૂચવાઈ છે. દેવોની આંખો મિચાતી નથી. દેવો મનમાં ચિંતવેલું કામ નિમેષ માત્રમાં કરી શકે છે. દેવોની

પુષ્પની માળા ક્યારે પણ કરમાતી નથી. અને દેવો જમીનથી ચાર આંગુલ અદ્ધર ચાલે છે.

આ ગાથા ભવિષ્યમાં તેને પ્રાણ બચાવનાર બની છે. આ ગાથાથી તેના અનાચારો છૂટી ગયા હતા. આજ ગાથાથી તેનું ચોરીના પાપથી દુર્ગતિ ગમન પલટાઈને, સુગતિગમન નક્કી થયું હતું. ગુંડો મટીને સજ્જન થયો. આ બધો પ્રભાવ વીતરાગની વાણીનો છે.

આ સ્થાને અજ્ઞાની લોહખુરા ચોરે, હિતબુદ્ધિથી પોતાના પુત્રને, અવળો માર્ગ બતાવીને, ચોરી જેવા અનાચારના માર્ગને ટકાવી રાખવા, અથવા ચોરીની પરંપરાને, સાચવી રાખવા માટે, અમૃત થકી પણ અતિ મીઠી, અને સર્વ રોગનો નાશ કરનારી પણ શ્રીવીતરાગદેવની વાણી સાંભળવાની પણ ના કહી હતી. તેમ દર્શનાન્તરીકોએ અને, લોંકા જેવા નિન્હવોએ, રોહિણીયા જેવા અજ્ઞાની જીવોમાં, મિથ્યાત્વની પરંપરા ચાલુ રાખવાનો પ્રયાસ કર્યો છે.

**પ્રશ્ન** : માતાપિતા કે ધર્મગુરૂ હિતબુદ્ધિથી શિખામણ આપે તેમાં પાપ લાગે ખરૂ ?

**ઉત્તર** : જેમ કોઇ માણસની પછવાડે, મારી નાખવા માટે કોઇ સિંહ દોડી આવતો હોય ત્યારે, ભય પામેલો માણસ બચાવનો રસ્તો પૂછે. તેને, પાણીથી ભરેલા કૂવામાં પડવાની સલાહ આપનારો ઉપકારી, વાસ્તવિક ઉપકારી નહી પરંતુ સિંહવાઘથી પણ ભયંકર દુશ્મન જ ગણાય. તેમ ચાલુ ભવના અતિ અલ્પ દુઃખો મટાડવા, અથવા અલ્પકાલીન સુખો મેળવવા માટે, હિંસા અને ચોરી વગેરે કુકર્મો કરવાની સલાહ આપનારા, માતાપિતા કે ધર્મગુરૂઓ પણ, સુખના સહાયક કે દુઃખના નાશક નથી. પરંતુ વાસ્તવિક અનંતો સંસાર રખડાવનારા છે.

**પ્રશ્ન** : ધર્મગુરૂ સંસાર વધારનારા બને એ કેમ માની શકાય ?

**ઉત્તર** : હિંસા–જુઠ અને ચોરી, વગેરે અઢાર પ્રકારના પાપો આચરવાથી જીવને મહાકર્મ બંધાય છે. કર્મો બંધાવાથી જીવને નરકાદિ કુગતિઓમાં પરિભ્રમણ વધે છે. આવાં હિંસા જુઠ ચોરીઓ વિગેરે શિખવાડનારા, માતાપિતા ઉપકારી નથી પણ અજ્ઞાની જીવના કટ્ટર દુશ્મન છે.

**પ્રશ્ન** : ધર્મગુરૂઓ હિંસા કરવાના કે ચોરીઓ કરવાના ઉપદેશ આપતા નથી. તેઓ તો શાસ્રોના આધારે ઉપદેશ આપે છે ને ?

**ઉત્તર** : શાસ્ત્રોના અધારે ધર્મનો ઉપદેશ આપનારા ધર્મગુરુઓ તો, ભવોભવના ઉપકારી ગણાયા છે. તેમના ઉપકારનો બદલો વળવો પણ અશકય છે. કહ્યું છે કે,

"સમકિત દાયક ગુરૂ તણો, પચ્ચુવયાર ન થાય,
ભવકોડાકોડે કરી, કરતા સર્વ ઉપાય." ૧

પરંતુ લોંકા નિન્હવે તો, ગજબ કરી નાખ્યો છે. વાંચો શાસ્ત્ર—

**अगीयत्थस्स वयणेण, अमीयं पि न घुंटए।**
**गीअत्थस्स वयणेण, विस हालाहलं पीबे ॥ १ ॥**

**અર્થ** : અગીતાર્થના વચનથી અમૃત પણ પીવું નહીં, અને ગીતાર્થના વચનથી ઝેર પીવાનું કહેતો નિર્ભય પી લેવું. કારણ કે ખોટો વૈદ્યનો ડોળ બતાવનાર, અથવા સુંઠના ગાંગડે ગાંધી બનેલા વૈદ્યના વચનથી, અમૃત પીવાય તો પણ રોગો વધે છે. અને ચિકિત્સા શાસ્ત્રોના અને ઔષધીના કલ્પોના પારગામી, વૈદ્યના હાથે સોમલ ખવાય તો પણ અવશ્ય રોગ નાશ પામે છે.

" કાંટો પણ મૂરખ કને, કઢાવતાં દુઃખ થાય,
પંડિત પાસે પાદ પણ, કપાવતાં સુખ થાય "
" રોગનિદાન, ઔષધગુણો, સમજુ વૈદ્ય ગણાય,
રોગીને સમજ્યા પછી, પ્રયોગ સફળો થાય "

તે જ પ્રમાણે ગુરુગમથી ધર્મના મર્મને સમજેલા હોય, સૂત્રાર્થતદુભયના પારને પામેલા હોય, ગુરુઓ દ્વારા પરીક્ષામાં પાસ થયેલા હોય, તેવા ગીતાર્થ પુરુષોના ઉપદેશથી, સાંભળનારા જીવોનું કલ્યાણ થાય છે. સંસાર ટુંકો થાય છે. તેવા ગુરુઓ પોતાનું અને આશ્રિતોનું કલ્યાણ કરી શકે છે. પરંતુ પોતાની જાતે સ્વચ્છંદે પુસ્તકો વાંચી, મનફાવતા અર્થ કરીને, ઉપદેશના આપનારા, બીચારા પત્થરની નૌકા જેવા, પોતે બુડે છે. અન્યને બુડાડે છે. જુઓ.

ગીતાર્થવિણ જે ઉગ્રવિહારી, તપિયા પણ મુનિ બહુલસંસારી,
અલ્પાગમ તપ કલેશ તે જાણો. ધર્મદાસ ગણી વચન પ્રમાણો ॥ ૧ ॥

**પ્રશ્ન** : ધર્મનો ઉપદેશ દેવામાં પણ પાપ લાગે ખરૂં ?

**ઉત્તર** : શાસ્ત્રોના મર્મને સમજ્યા ન હોય, તથા સભાને, શ્રોતાને, દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવને, સમજ્યા વગર ઉપદેશનો અનર્થ પણ થાય છે. શાસ્ત્રોના રહસ્યને સમજ્યા પછી, જીવોને સમજીને, અવસરને ઓળખીને, ઉપદેશ દેવાથી, લાભ થાય. ન થાય. તોપણ નુકસાન થાય નહીં.

**એક કથા** : એક નિદાનના જાણકાર વૈદ્યરાજે જ્વર(તાવ)ના સરખા પ્રમાણને જાણવા છતાં, બને રોગીને ૧૦૫ ડીગ્રી તાવ હોવા છતાં, એકને ત્રણ દિવસ લાંઘણ કરવા

ફરમાવ્યું, અને બીજાને ત્રણ દિવસ પૌષ્ટિક ખોરાક લેવા સૂચના કરી. બંનેના રોગ સરખા હોવા છતાં, નિદાન જુદું હતું. વૈદ્યરાજની સૂચના અનુસાર બંને રોગી સાજા થયા.

આ વૈદ્યની પાસે બે મૂર્ખ બેઠા હતા. બંને જણાયે વૈદ્યરાજને પૂછયા સિવાય, શાસ્ત્રોનો અભ્યાસ કર્યા સિવાય, દવાખાનાં શરૂ કરી દીધાં. એક જણાયે ફક્ત પૌષ્ટિક ખોરાક ખવડાવીને રોગ મટાડવાનો, અને બીજાએ લાંઘણ કરાવી, તાવ ઉતારવાનો, ધંધો શરૂ કર્યો. હજારો મરી ગયા.

**પ્રશ્ન :** ઉપરના વૈદ્યરાજે કર્યું તેમ કરવા છતાં અવળું કેમ થયું?

**ઉત્તર : દેખાદેખી કરવી તેનું નામ જ મૂર્ખાઇ છે.** પ્રથમના વૈદ્યરાજ નાડી વૈદ્ય હતા. રોગીની નાડ જોઈ, રોગનું કારણ સમજી લેતા હતા. એક જણને મહાઅજીર્ણના કારણે તાવ આવેલો હોવાથી, તેને લાંઘણ કરાવી, અજીર્ણ મટાડયું. તાવ ઉતરી ગયો. બીજાને અપ્રમાણ મુસાફરીના પરિશ્રમથી, તાવ ચડયો હતો. તેને વિશ્રાન્તિ અને ખોરાક મળવાથી, નબળાઇ નાશ પામી. તાવ ઉતરી ગયો.

**પ્રશ્ન :** ઉપદેશ કોણ આપી શકે?

**ઉત્તર :** ગીતાર્થ ભાવાચાર્ય. **જૂઓ આગમ પાઠ.**

**गीयं भणइ सुअं अत्थो तस्सेव होइ वक्खाणं। उभयेणय संजुत्तो सो गीअत्थो मुणेअव्वो ॥१॥**

ગીત એટલે સૂત્ર. બીજો સૂત્રનો અર્થ, સૂત્રો અને અર્થ બેને સમજે તે જ ગીતાર્થ કહેવાય. સૂત્ર–અર્થ–તદુભયને સમજીને ઉપદેશ દેનારને ઉત્સુત્ર દોષ લાગે નહીં.

"નિશ્ચય વળી વહેવારને, ઉત્સર્ગ અને અપવાદ,
સમજી દે ઉપદેશ તો, બને નહી બકવાદ."

**પ્રશ્ન :** સુત્રથી વિરૂદ્ધ બોલાઈ જાય તો. પાપ લાગે ખરું?

**ઉત્તર : પાપ નહી મહાપાપ લાગે છે. જૂઓ.**

તમે પણ જેમને યોગિરાજ તરીકે ઓળખો છો તે જ આનંદઘનજી મહારાજના વચનો શું કહે છે વાંચો.

"પાપ નહી કોઈ ઉત્સુત્ર ભાષણ જીસ્યો, ધર્મ નહી કોઈ જગ સૂત્ર સરિખો।
સૂત્ર અનુસારજે ભાવિક ક્રિયા કરે, તેહનું શુદ્ધ ચારિત્ર પરખો. ॥ ૧ ॥

**પ્રશ્ન** : લોકો કહે છે કે, ગમે તે માણસ ઉપદેશ આપી શકે છે, ભાષણ કરી શકે છે. તે સાચું નથી?

**ઉત્તર** : શાસ્ત્રો કહે છે કે : **सावज्ज णवज्जाणं, वयणाणं जो न जाणइ विसेसं । वोत्तुंपि तस्स न खमं, किमंग पुण देशणं कात्तुं ॥ १ ॥**

**અર્થ** : સાવદ્ય=પાપવાળા અને નિરવદ્ય=પાપ વગરના. આવાં વચનોનો ભેદ સમજે નહીં. બોલતાં પહેલાં વિચારીને પછી બોલવું. ખપ હોય તો બોલવું. લાભ થાય તેવું બોલવું, સામાને ગમે તેવું, પાપ વગરનું, ગર્વ વગરનું, તુચ્છતા વગરનું બોલવાની રીત જ ન જાણે. તેવા માણસો બોલીને પણ પાપ બાંધે છે. મોટા અનર્થ ઉભા થાય છે. તેવા માણસને બોલવું જ ન જોઈએ. પછી ઉપદેશ આપવાની તો વાત જ કેમ થાય? કહ્યું છે કે :

"મધુર વચન, ડહાપણભર્યું, થોડું કામે બોલ,
ગર્વરહિત, તજી તુચ્છતા, અનર્થ વચન મત બોલ."

"જિન આણાવિણ બોલતાં, લાભ કશો નવ થાય,
વાધે પાપ પરંપરા, ધર્મધ્વંસ સર્જાય."

શાસ્ત્રો કહે છે કે **अन्नाणी वक्खाणं करेइ, तस्स होइ पावफलं ॥**

**અર્થ** : અજ્ઞાનીને ઉપદેશ આપતાં પણ પાપ જ લાગે છે. માટે ગીતાર્થ, જૈનશાસનના આગમો, અને તેના અર્થરહસ્ય તાત્પર્ય સમજનાર હોય, તે જ વ્યાખ્યાન વાંચી શકે છે. સિવાયના ગમે તે બોલનારા, ઉપદેશ દેનારા, પોતાને અને સાંભળનારને, સંસાર વધારે છે.

**પ્રશ્ન** : તો શું લોંકાસાહ શાસ્ત્રોના અજાણ હતા?

**ઉત્તર** : એકસો એક ટકા લોંકોલહીયો હતો. આજીવિકા માટે પુસ્તકો લખી પેટ ભરનારો હતો. ચોરી અને અસત્ય ભાષાનો તેની ઉપર આરોપ આવ્યાથી, તેને બાપડાને, આવો માર્ગ લેવો પડ્યો છે. લોંકાની અથવા તો પ્રતિમાના ઉત્થાપકોની, આખી ઉત્પત્તિ અને પરંપરા, અમે લખી ગયા છીએ.

**પ્રશ્ન** : લોંકાસાહથી કઈ કઈ ભૂલો થઈ છે તે જણાવી શકાય તેટલી બતાવો.

**ઉત્તર** : ૧. તેણે સૌ પ્રથમ પિસ્તાલીસ પૈકી, બત્રીસ આગમો માન્યાં, તેર ઉત્થાપ્યાં છે.

૨. જિનેશ્વર દેવોના ચાર નિક્ષેપા પૈકી, પ્રતિમા નિક્ષેપો ઉડાવ્યો, પ્રતિમાનું વંદન પૂજન દર્શન–સ્તવન બંધ કર્યાં છે. લાખો ભોળા જીવોને, સાચો માર્ગ છોડાવી અવળે માર્ગે લીધા છે.

૩. પ્રતિમાજીનાં દર્શનાદિ બંધ થવાથી, આત્માનો પ્રથમ ગુણ સમ્યકત્વ, તે અને દર્શનશુદ્ધના બધા માર્ગો બંધ થયા છે.

૪. તેના પંથને માનનારાઓને અત્યારે પણ સેંકડો તીર્થો, હજારો ચૈત્યો, લાખો પ્રતિમાજીનાં દર્શન યાત્રા બંધ થયેલ છે.

૫. હજારો જૈનો શ્રાવકો, શ્રાવિકાઓ, બાળાઓ, બાળકોને દર્શનભ્રષ્ટ બનાવ્યા છે.

૬. તેમના પક્ષમાં ભળેલાઓને, શાસ્ત્ર અને ઇતિહાસ સમ્મત નવા ચૈત્યો કરાવવાના, પ્રતિમા ભરાવવાના, અને જિર્ણોદ્ધાર કરાવવાના લાભો ખોવરાવ્યા છે.

૭. તેમને રવાડે ચડેલાઓને ( ભવાંતરે પણ જૈનશાસન ન મળે તેવા ) જિનપ્રતિમા અને જૈનચૈત્યોના નિંદક બનાવ્યા છે.

૮. લોંકાપંથિઓનો પક્ષ મજબૂત હોય ત્યાં જૈનચૈત્યોમાં તાળાં વસાવ્યાં છે. પ્રતિમાજીનાં દર્શન, વંદન, પૂજન બંધ કરાવ્યાં છે. સંઘો નીકળતા બંધ થયા છે.

૯. તથા અપકાયના સૂક્ષ્મજીવોની વિરાધનાથી બચવા માટે, વીતરાગ માર્ગમાં, ઉષ્ણકાળમાં બે ઘડી, શીતકાળમાં **ચાર** ઘડી, વર્ષાકાળમાં **છ ઘડી**, કાળ વખત મનાયો હોવાથી, ખુલા આકાશમાં, બહાર નીકળવું પડે તો, ઉનનું વસ્ત્ર ઓઢવાથી, જીવોનો બચાવ થાય છે. સ્થાનક માર્ગીઓ આ વિધાન સમજતા નથી, તેથી કામળી ઓઢતા નથી. સવારમાં ખુલ્લા મસ્તકે બહાર નીકળે છે.

૧૦. તથા ગોરસ અને કઠોળના સંયોગથી, બે ઇન્દ્રિય તદ્દવણા જીવો, તત્કાળ ઉત્પન્ન થવાનું, જ્ઞાનીપુરુષોનું ફરમાન છે. અને શ્વેતામ્બર મૂર્તિપૂજક શ્રીસંઘમાં, આ બે વસ્તુની ભેળસેળ નિવારી છે. જ્યારે સ્થાનકવાસી સમાજ, આ વસ્તુ સમજતા સાચવતા નથી.

**પ્રશ્ન** : ગોરસ એટલે શું ?

**ઉત્તર** : કાચી છાશ. કાચું દહીં, કાચુ ( સંપૂર્ણ નહીં ઉકળેલું ) દૂધ, આ ત્રણે કાચાં ગોરસ કહેવાય છે. આ કાચાં ગોરસ સાથે રાંધેલું કે કાચું કઠોળ, જૈનો જમે જ નહીં.

૧૧. તથા ગૃહસ્થાના ઘેર રંધાયેલું પણ કંદમૂળ અને વૃન્તાક વગેરે અભક્ષ્ય હોવાથી શાક વિગેરે રસોઈ જૈન સાધુને, વહોરવા કલ્પે જ નહીં. તોપણ પ્રાય : સ્થાનકવાસી શ્રમણ-શ્રમણીઓ, વગર સંકોચ વહોરતા હોવાથી, ગૃહસ્થસમાજને પણ ઉપદેશદ્વારા નિષેધ થતો અટકે છે. સ્થાનકવાસી સાધુસમાજ રંધાઈ ગયેલી રસોઈ કોઈ પણ વસ્તુ વહોરવામાં દોષ સમજતા નથી.

૧૨. ચલિત રસ = રાંધેલી રસોઈ પણ વાસી થવાથી, રસ બદલાઈ જવાથી

જીવોત્પત્તિનું કારણ બને છે. ખીચડી, દાળ વગેરે રાંધેલાં રાતવાસી, જૈનોને વપરાય નહીં. રોટલી-રોટલા પણ સેકેલા તદ્દન શુષ્ક હોય, તેવા જ શ્રદ્ધાળુ જૈનો વાપરે છે. પરંતુ સ્થાનકવાસીઓ વાસી રસોઈને વાપરે છે. વહોરે છે. દોષ સમજતા નથી.

૧૩. બીજી પણ અભક્ષ્ય વસ્તુઓની સ્થાનકવાસી સમાજમાં, સમજણ ન હોવાથી સજીવ-નિર્જીવ (સચિત્ત-અચિત્ત)નો વિવેક સચવાતો નથી. સચિત્ત જળ બરાબર અચિત્ત બને છે કે કેમ? સાધુ સમાજ કે શ્રાવકસમાજ, આ વિષયમાં પૂરતા સમજણા નથી.

૧૪. ઋતુવતી નારી, કુમારી હોય કે પરણેલી હોય, અગર વિધવા હોય, કે સાધ્વી હોય, પરંતુ સંપૂર્ણ અપવિત્ર ગણાય છે. એમ આપણે જૈનો અને હિંદુ સમાજ બરાબર સમજે છે. તથા બુદ્ધિમાન શાણા સમાજોમાં, આ વિધાન બરાબર અમલમાં હતું, હોય છે, હાલ પણ સચવાય છે. હિન્દુ ઉચ્ચ વર્ણની સ્ત્રીઓ, ચોવીસ પ્રહર બહાર બેસે છે. છેટી બેસે છે.

પરંતુ સ્થાનકમાર્ગી સમાજમાં, સાધ્વી સમાજ, ચોવીસ પ્રહર ઋતુધર્મ પાળતો નથી. સૂત્રો વાંચે છે. વંચાવે છે. વ્યાખ્યાનો વાંચે છે. અભેદ આવશ્યક ક્રિયા કરે છે. કરાવે છે.

ઋતુવતી નારી ઘરમાં રસોઈ કરી શકે નહીં. ઘરનાં ખાન-પાન-વસ્ત્રો-ગાદલાં કોઈપણ ભાજન-રાચ-રચિલુ હોય તેને ઋતુવતી બાઈ અટકે જ નહીં. વડી-પાપડ સુકવેલાં હોય તો, ઋતુવતીની છાયા પડે તો બગડી જાય છે. આવો વિવેક સ્થાનકવાસી સાધ્વીઓ જાણતી નથી.

ઋતુધર્મ નપાલવો, ચોવીસપ્રહર છેટા ન બેસવું. પુસ્તિકાદિકને અટકવું, ધર્મના પુસ્તકો વાંચવાં, ધર્મક્રિયા કરાવવી, આ બધું જ ધર્મ વિરુદ્ધ છે. અને સમાજ વિરુદ્ધ છે. દેશાચાર વિરુદ્ધ છે. પરંતુ સ્થાનકવાસી મહાસતીઓ ફુટેલા ગુમડાની ઉપમા આપી, ધર્મ વિરુદ્ધ વર્તે છે.

૧૫. તથા વચમાં બસો-ત્રણસો વર્ષ એવા ગયા કે, સ્થાનકવાસી સાધુઓ અને મહાસતીઓ, રાત્રિમાં, ઉપાશ્રયમાં, ચૂનો નાખેલું અચિત્ત જળ રાખતા નહોતા. તેથી આ કાળના આપણાં આવાં છેવઠાં સંઘયણવાળા માણસોને, વખતે રાત્રિમાં હાજતે જવું પડે તો, ઝાડે જવાની હાજત થાય-તો, શરીરની અપવિત્રતા દૂર કરવાનું સાધન શું?

રાત્રિમાં ઉપાશ્રયમાં અનિવાર્ય કારણે અચિત્ત જળમાં ચૂનો નાખીને, રાખવાનો રિવાજ ન હોય તો, શરીરની હાજત મટાડીને, અપવિત્ર શરીરે, સંથારામાં (શય્યામાં) કે આસન ઉપર, સૂઈ બેસી શકે જ નહીં, તો પ્રતિક્રમણ પણ કેમ કરી શકે? સ્વાધ્યાય કે જાપ-ધ્યાન કેમ કરી શકે? શું આવો રિવાજ સ્થાનકવાસી મહારાજો કે મહાસતીઓ ચાલુ રાખતાં હોય તે વ્યાજબી છે?

આવી અપવિત્ર અને અતિ નિન્દનીય રીતભાતો ભૂતકાળમાં જાહેર થઈ છે. અજૈન સમાજોમાં પણ ઘણી નિંદાઓ ફેલાણી છે. ધર્મ અને સમાજને ગાળો ખાવી પડી છે. હાલમાં આ રિવાજ નીકળી ગયો હોય તો સારું ગણાય.

વળી પ્રતિમાની નિંદા અગર દ્વેષના કારણે, તે તેમના સમાજમાં, સંઘો નીકળવા બંધ થવાથી, યાત્રાઓ બંધ થવાથી, દર્શનશુદ્ધિ બંધ થવાની સાથે સાધર્મિ ભક્તિ પણ બંધ થઈ. સંઘો નીકળવાથી સાધર્મિ વાત્સલ્ય થતાં-હતાં. વચમાં આવતાં ગામોમાં, વસતા સાધર્મિ ભાઈઓની ભકિતની લેવડદેવડ થતી હતી. આ બધાં સુપાત્ર દાનો, અને સાતક્ષેત્રોમાં વાવવાના લાભો બંધ થયા. **આવું ઉત્સૂત્ર પ્રરૂપણાનું પાપ ભૂતકાળના નિન્હવોએ કર્યું નથી.**

**પ્રશ્ન** : આટલી મોટી એક પક્ષની નિન્દા કરવાથી, સામા પક્ષને દ્વેષમાં વધારો થાય એ પાપ શું જેવું તેવું છે? સૌના કર્યાં સૌ ભોગવશે. વળી સ્થાનકમાર્ગીઓ ખોટા જ છે એમ પણ આપણે કેમ કહી શકીએ? આપણે પણ છેવટ તો અજ્ઞાની જ છીએ ને?

**ઉત્તર** : આપણે પોતે, એટલે હું લેખક પોતાને, જ્ઞાની તરીકેનો ગર્વ ધરાવતો નથી. જગતના પ્રાણીમાત્રનો હું મિત્ર છું. કોઈનું ખરાબ ઇચ્છતો નથી. સ્થાનકમાર્ગી ભાઈઓએ મારું અંગત કશું જ બગાડયું નથી. આપણો વિરોધ સ્થાનકમાર્ગીઓ સાથે નથી. પરંતુ સિદ્ધાન્તો બદલવા પૂરતો જ છે. અને તે વ્યાજબી છે.

શ્રી વીતરાગનું મંદિર અને પ્રતિમા, જીવને ભાવથી ગમી જાય તો સંસાર ટૂંકો થઈ જાય છે. **વાંચો સિદ્ધસેન દિવાકરસૂરિ મહારાજના વાકયો.**

**इत्थं समाहितधियो विधिवज्जिनेन्द्र, ? सान्द्रोल्लसत्पुलक–कंचुकितांगभागाः ।**
**त्वद्‌बिंबनिर्मलमुखाम्बुजबद्धलक्षाः, ये संस्तवं तव विभो रचयन्ति भव्याः ॥ १ ॥**

**जननयनकुमुदचन्द्र ? प्रभास्वरा स्वर्गसंपदो भुक्त्वा ।**
**ते विगलितमलनिचया, अचिरान् मोक्षं प्रपद्यंते ॥ २ ॥**

## ઇતિ કલ્યાણ મંદિર સ્તોત્રં-શ્લોક ૪૩-૪૪

**અર્થ** : હે જિનેશ્વરપ્રભુ ! હે માણસોની ચક્ષુઓ ( ચન્દ્રવિકાસી કમળ ) રૂપકમળ ને અમૃતનો વર્ષાદ વર્ષાવવામાં ચન્દ્ર જેવાં ? હે પ્રભુ ? આ પ્રમાણે ( ઉપર બેતાલીસ શ્લોકો દ્વારા કરાયેલી સ્તવના અનુસાર ) તમારી પ્રતિમાજીના અત્યંત નિર્મળ મુખને, પોતાનું લક્ષ બનાવીને, રોમરાજીને ખૂબ ખૂબ વિકસિત બનાવીને ભવ્ય જીવો આપની સ્તુતિ કરે તો, અવાંતર ભવોમાં, સ્વર્ગાદિ સુખો ભોગવી, પ્રાન્તે સર્વ કર્મ મળનો ક્ષય કરી મોક્ષને પામે છે.

તથા વળી આનંદઘનજી મહારાજ

"અમીયભરી મૂર્તિ રચી રે, ઉપમા ન ઘટે કોય, શાન્ત સુધારસ ઝીલતી રે,
નિરખત તૃપ્તિ ન હોય, વિમલ જિન દીઠા લોયણ આજ."

આવા ઉપકારી ચૈત્યો અને પ્રતિમાના દર્શન બંધ થવાથી, અને અન્ય આગમગ્રંથો તથા આગમોપરના વિવેચનો તથા બીજા પણ, દ્વાદશાંગીમાંથી જ બનેલા હજારો ગ્રંથો તત્વાર્થ, લોકપ્રકાશ, પ્રવચનસારોદ્ધાર, પંચસંગ્રહ, કમ્મપયડી, કર્મગ્રંથો, ક્ષેત્રસમાસો, સંગ્રહણીઓ ભાષ્યો, કુલકો, શતકો, પ્રકરણો, ચરિત્રો, નિબંધો, કાવ્યો, કોષો વગેરે ગ્રન્થરત્નોના, અપલાપ કરીને, તે તે મહાપુરુષોની નિન્દા કરીને, તેવા જ્ઞાની પુરુષોને જૂઠા ઠરાવીને, જ્ઞાનાવર્ણીયાદિ આઠે કર્મોનો નિબિડ બંધ થાય તેવું ભયંકર પાપ કર્યું છે.

આવા ઉત્સૂત્ર પ્રરુપક નિન્હવોની, ઓળખાણ ન આપવી તે પણ ગુનો છે. તેમના ભોળા ભાવે વખાણ થઈ જાય તો પણ, તેમના ઉત્સૂત્ર માર્ગનું પોષણ થઈ જાય છે.

**પ્રશ્ન** : ભગવાન વીતરાગદેવોની એવી આજ્ઞા છે કે, ત્રસ કે સ્થાવરની હિંસા કરવી નહીં. તો પછી જિનાલયો કરાવવામાં, સંઘો કાઢવામાં જિનપ્રતિમાની પૂજા કરવામાં, છકાયની વિરાધના થાય. તેનો ઉપદેશ આપનાર અને ઉપદેશ ઝીલનાર જીવ, હિંસાના પાપના ગુનેગાર થાય ખરા કે નહીં ?

**ઉત્તર** : મહાભાગ્યશાળી આત્માઓ ? કમાવા માટે દુકાન કરનારને પહેલો ખર્ચો કરવો જ પડે છે. મોટી આવકની ઇચ્છાવાળાને નોકર, ચાકર, રસોડું, દુકાનો, વખારો, વ્યાજ, ઘાલખાદ આવું બધું થાય છે, હોય છે, રાખવું પડે છે.

આપ મહાશયોને પણ માન્ય છે. એવા જિનેશ્વરપ્રભુનાં સમવસરણો થાય છે કે નહીં ? એક યોજન ભૂમિ શોધાય છે કે નહીં ? છપ્પન દિક્‌કુમારીઓની ભક્તિ માનો છો કે નહીં ? ભગવાન જિનેશ્વરદેવની મેરૂપર્વત ઉપરની અભિષેક વિધિ જાણો છો કે નહીં ? જિનેશ્વરદેવને રાજામહારાજાઓ અને શેઠ શાહુકારો, હજારો કે લાખો મનુષ્યો વાંદવા, વ્યાખ્યાન સાંભળવા, વાહનો વગેરેમાં બેસીને આવે કે નહીં ? આ બધા સ્થાને વિરાધના ખરી કે નહીં ?

તથા આપના આગવા સ્થાનકમાર્ગી ભાઈઓને પૂછીએ કે, આપના સાધુજી મહારાજ અને મહાસતીજી મહારાજો માટે. સ્થાનકો બને છે ? સેંકડો અથવા હજારો ભાઈઓ બહેનો વ્યાખ્યાન સાંભળવા દર્શન કરવા પધારે છે ? આ બધામાં ત્રસો અને સ્થાવરોની વિરાધના થાય જ નહીં. એમ આપનો આત્મા કબૂલ કરે છે ?

આપ પોતે આપના સમાજોમાં, જમણ કરો છો ? સંઘને જમાડો છો ? સાધુ–સાધ્વીને વાંદવા જાઓ છો ? આવનારને ફરજિયાત જમાડવા પડે છે ? આંબીલ એકાસણાં કરવા–કરાવવા રસોઈ બનાવો છો ? આ બધા સ્થાનોમાં વિરાધના ખરી કે નહિ ?

આપના સમાજમાં રહેલા, સાધુ કે મહાસતી, કાળધર્મ પામે તો, તેમની સ્મશાનયાત્રા કાઢો છો ? ગામના પરગામના હજારો માણસો સાધુના મડદાને અડકે છે ? અગ્નિદાહ આપો છો ત્યારે શું છકાયની વિરાધના થતી નથી ? પછી અટકેલા સ્નાન કરે કે નહિ. જો સ્નાન કરો તો અપકાય અને ત્રસકાયની વિરાધના ખરી કે નહિ ?

ભાઈઓ લાભના અર્થી પણ જયણાથી પ્રવૃતિ કરે તો વિરાધના થાય છે. પરંતુ વિરાધક ભાવ થતો નથી. અનિકાપુત્ર આચાર્ય, નદી ઉતર્યા છે. એમના શરીરનું લોહી પાણીમાં ભળ્યું છે. અપ્કાય સાથે ત્રસની પણ મોટી વિરાધના થઇ છે. ઇરિયાવહી પડિકમ્યા નથી. પરંતુ ભાવનારુઢ થઇને, કેવલ જ્ઞાન પામીને મોક્ષમાં ગયા છે.

પ્રભુ મહાવીરસ્વામી પણ નદી ઉતરતા હતા. કંબલ-શંબલ દેવોએ પ્રભુજીની ભક્તિ કર્યાનું વર્ણન છે. અપકાયની હિંસાનું વર્ણન નથી. આ નૌકાના રક્ષણ વખતે અપકાયની હિંસા અને પ્રભુની ભક્તિ બેની હાજરી હોવા છતાં, પ્રભુભક્તિનો લાભ જ છે. હિંસાનું પાપ નથી. ચિત્તના વ્યાપારની મુખ્યતા છે.

**પ્રશ્ન** : તો પછી રહેવા માટે મુકામો = બંગલા કે દુકાનો બનાવવામાં આરંભો લાગે છે અને દેરાસરો કે ઉપાશ્રય બંધાવવામાં પાપ નથી લાગતું એમ જ ને ?

**ઉત્તર** : જેને જેટલી જેની જરૂર, હોય તેને તે વસ્તુ કરવી પડે છે. પરંતુ પાપનો ભય રાખીને, જયણા સાચવીને થાય, તેટલું પાપ ઓછું લાગે છે. પરંતુ એકમાં કેવળ ખર્ચ જ હોય છે. બીજામાં કેવળ આવક જ હોય છે. મુંબઇ જેવા શહેરમાં, ઘરની જગ્યાના વીસ હજાર લાગે ત્યારે તેટલી જ જગ્યાના દુકાનના લાખ રૂપિયા બેસે છે. ઘરના વીસ હજાર ખરચવામાં, આવક નથી, કેવળ ખર્ચ જ છે. ત્યારે દુકાનના લાખ ખર્ચ કરવાથી, ખર્ચ કરતાં અનેક ગુણી આવક નજરે દેખાય છે. આ સ્થાને બંગલા અને ધર્મસ્થાનમાં પાપ-પુણ્યની આવક જાવકનો ભેદ સમજવો.

અહિં ઉપાશ્રય અને જિનાલયમાં, આરંભ જરૂર લાગે છે. પરંતુ જયણાવાળા આત્માને પાપ ઓછું લાગે છે. કુમારપાલ રાજાના ઘોડાનાં પલાણો, પુંજણીથી પુંજાતાં હતાં અને શત્રુઓ સાથે લડાઇમાં, હજારો માણસો અને હાથી-ઘોડા પશુઓ કપાઈ જતા હતા. ત્યારે એક જૈન ધર્મના વિરોધીએ કટાક્ષ કર્યો છે. ઝીણા જીવોને બચાવવા અને માણસ-હાથી-ઘોડાઓને કાપી નાખવા. આ તે ધર્મ કે દંભ શું સમજવું ?

અહિં કુમારપાલનો **ઉત્તર** : રાજ્યનું રક્ષણ કરવાથી. રાજ્યમાં રહેનારી રૈયતના જાન-માલનું રક્ષણ થાય છે. સતી નારીઓના શીલનું રક્ષણ થાય છે. માતા, ભગિની, પત્ની, દીકરીના શીલનું રક્ષણ થાય છે. લોકોને ધર્મભ્રષ્ટ થતા, સ્થાનભ્રષ્ટ થતા, પરિવારભ્રષ્ટ થતા બચાવવા. રાજાઓને નછૂટકે લડાઇ કરવી પડે છે. શત્રુઓથી નિર્ભય રહેવા સૈન્ય રાખવું પડે છે.

લડાઈ પણ બે પ્રકારે થાય છે. એક રાજા બીજાનું રાજ્ય, લક્ષ્મી, પત્ની, પુત્રી કે સત્તાને આંચકી લેવા લડાઈ કરે છે. બીજો પોતાના બચાવ માટે નિરૂપાય લડવા જાય છે.

રામ અને રાવણની લડાઈમાં, રામની લડાઈ ન્યાયવાળી હતી. સીતાજીને પાછાં લેવા માટે હતી. રામચંદ્રજી મહારાજ લડાઇ ન કરે તો, સતીનું શીલ જાય, આબરૂ જાય માટે કરવી પડી છે. રાવણની લડાઈમાં અન્યાય છે. તે જ પ્રમાણે પાંડવોની લડાઇ, પોતાનું પાછું વાળવા માટે હતી, અને કૌરવોની લડાઈ પાંડવોનું પચાવી પાડવા માટે હતી.

પ્રભુશ્રી મહાવીર સ્વામીને, ગોવાળીયાઓએ કાનમાં ખીલા નાખ્યા ત્યારે, પ્રભુજીને પીડા ખૂબ થઈ હતી. પરંતુ જ્યારે ખીલા કાઢવામાં આવ્યા ત્યારે, જે પીડા થઈ તે ખૂબ અસહ્ય હતી, મેરૂપર્વત જેવા ધીર. અને હજારો લાખો દેવોના બળ થકી વધી જાય તેવા બળવાળા. પ્રભુ મહાવીરે, ખીલા કાઢતાં ચીસ પાડી હતી, ચીસના અવાજે ફેલાયા ત્યાં ભયંકરતા સર્જાઇ હતી.

ગોવાળીઆઓમાં રૌદ્ર ધ્યાન હતું માટે મરીને નરકે ગયા. ત્યારે વદ્ય અને વણિક (ખીલા કાઢનારા) મરીને સ્વર્ગે ગયા છે. ખીલા કાઢતાં પ્રભુજીને દુખ થશે જ, એમ સમજીને કાઢયા હતા. પરંતુ ખીલા કાઢવામાં પ્રભુજીની ભક્તિ હતી. કાઢનારના અધ્યવસાય ઉજળા છે. કાઢવાની ક્રિયા એકાન્ત ભક્તિ જ છે.

## આ સ્થાને સાતમા તપસ્વીપદની આરાધના કરનાર મહાપુરુષ વીરભદ્રશેઠની કથા.

જ્યારે ચૌદમા જિનેશ્વરદેવ અનંતનાથસ્વામી છદ્મસ્થપણે, વિચરતા હતા. તે કાળમાં એક શહેરમાં, જિનદાસ નામનો અતિ અલ્પધની શેઠ રહેતો હતો. તેની દાન શ્રદ્ધા અજોડ હતી. તેથી બારેમાસ સુપાત્રદાનનો લાભ લેવા ચૂકતો નહીં. તેની દાનશ્રદ્ધાનુંવૃક્ષ ખૂબ ફાલ્યું હતું. અને તેનું એવું અપૂર્વ પરિણામ આવ્યું કે એકવાર ભગવાન અનંતનાથસ્વામી સ્વયં વહોરવા પધાર્યા. જિનદાસના પુણ્યવૃક્ષો સમકાળે ફળવાન બની ગયા.

જિનદાસશેઠને પણ, **શ્રેયાંસકુમારની** પેઠે, **ધનાવહશેઠની** પેઠે, **નયસારની** પેઠે, **રેવતીશ્રાવિકાની** પેઠે, **ચંદનબાલાની** પેઠે, પ્રભુજીને જોઇ ખૂબ જ હર્ષોલ્લાસ થયો. ખૂબ ચડતા પરિણામે પ્રભુજીને પડિલાભ્યા. પંચદિવ્ય થયાં. સાડીબાર ક્રોડ સુવર્ણની વૃષ્ટિ થઈ. આખી જીંદગી દાનની અનુમોદના, અને સાત ક્ષેત્રોની અવિરત સેવામાં, દેવગતિ પ્રાયોગ્ય શુભ કર્મો બાંધી, સાત સાગરના આયુષે, પાંચમા સ્વર્ગે દેવ થયા. ચૌદમા અને અઢારમા તીર્થંકરનું આંતરૂં પણ સાત સાગરોપમનું છે.

ત્યાંથી ચ્યવીને, અઢારમા અરનાથ સ્વામીના તીર્થકાળમાં, આ ભરતક્ષેત્રમાં વિશાળા નગરીના મહર્દ્ધિશ્રાવકના ઘેર જન્મ થયો. **વીરભદ્ર** નામ થયું. ત્રણ કન્યાઓ સાથે લગ્ન થયાં. તેમાં પહેલી પદ્મિની ખંડનગરના સાગરદત્તશેઠની પુત્રી **પ્રિયદર્શના**, બીજી સિંહલદ્વીપના રત્નાકર રાજાની પુત્રી **અનંગસુંદરી**, તથા ત્રીજી વૈતાઢ્ય પર્વત ઉપરના રત્નવિદ્યાધરની પુત્રી **રત્નપ્રભા** હતી.

વીરભદ્રને ત્રણ પત્નીઓથી, ક્રમસર મહાપુણ્યશાળી, ત્રણ પુત્રો થયા. ત્રણેના નામો **વીરદેવ, વીરદત્ત,** અને **વીરચંદ્ર** હતાં. એકવાર અઢારમા **જિનેશ્વર** અરનાથસ્વામી કેવલી પધાર્યા. દેશના સાંભળી, અને દેશનાના અંતે આવી. મોટી પુણ્ય સામગ્રી મળવાનું શું કારણ ? એમ પ્રભુજીને પૂછ્યું.

"ધર્મી માત પિતા મળ્યાં, શુદ્ધદેવ ગુરુધર્મ,
કુટુંબ પણ સારું મળ્યું, કયા જનમ શુભ કર્મ ?"

"વિનયવતી નારી મળી, પુત્રો વિનય ભંડાર,
ઈન્દીરા અક્ષય મળી, ભાખો ? જગદાધાર."

ભગવાન અરનાથસ્વામીએ, પણ ગયા જન્મના દાનના પરિણામ. અનંતનાથ સ્વામીને પડિલાભ્યાનું સંપૂર્ણ વર્ણન સંભળાવ્યું. વીરભદ્ર શેઠને અતિ આનંદ થયો. અને નિકટભવી હોવાથી, વૈરાગ્ય થયો. પુત્રોને ઘરનો ભાર ભલાવીને, ત્રણ પત્ની સહિત, ચૌદપૂર્વધર સમુદ્રસૂરિ જૈનાચાર્ય પાસે દીક્ષા લીધી. તેમની સાથે બીજા પણ પાંચસો વણિકપુત્રોએ દીક્ષા લીધી હતી.

એકવાર ગુરુમુખે વેયાવચ્ચનું, અને ગૌચરી ભક્તિનું વર્ણન સાંભળીને, વીરભદ્ર મુનિની, ભક્તિમાં ભાવના વધવા લાગી. હમ્મેશ કોઈના કોઈ તપસ્વીનું પારણું હોય ત્યારે, વીરભદ્ર મુનિની જ ભક્તિ હોય, તેમની વાત્સલ્યપૂર્ણ, પૂજ્ય બુદ્ધિપૂર્ણ, ભક્તિપૂર્ણ નિસ્પૃહભાવપૂર્ણ ભક્તિ હોવાથી, પુણ્યાનુબંધિ પુણ્યનો જ બંધ થતો હોય. એ સ્વભાવિક છે.

એકવાર ચૌદપૂર્વધર અને માસોપવાસી (માસ માસના પારણાં કરનાર) મુનિચંદ્રસૂરિ આચાર્ય ભગવાન (સપરિવાર) મેમાન તરીકે પધાર્યા હતા. વળતા દિવસે તેમને પારણું થવાનું હોવા છતાં, વિહાર કરવાના હતા. પરંતુ વીરભદ્ર મુનિના અત્યાગ્રહથી, ગુરુમહારાજાએ વિનતિ કરીને સ્થિરતા કરાવી હતી.

સવારમાં પારણા માટે વિચાર કરતાં ગામ નાનું જણાયું. વસવાટના ગામમાં મુનિઓની સંખ્યા અનુસાર ગોચરી અલભ્ય લાગવાથી, વીરભદ્ર મુનિએ, નજીકના મોટા ગામે ગોચરી જવાની ગુરુમહારાજ પાસે આજ્ઞા માંગી, બે ગામની વચ્ચે અલ્પજલા નદી ચાલતી હતી. વીરભદ્ર મુનિ **एगं पायं जलेकिच्चा एगं पायं स्थले किच्चा** નદી–ઉત્તરી ગોચરી વહોરવા ગયા.

ગોચરી, નિર્વાહ પૂરતી, અને જરૂર જેટલી મળી ગઈ. વહોરીને પાછા નદીએ આવ્યા અને નદીનું મોટું પૂર આવ્યું. મુનિને દુઃખ લાગ્યું. વીરભદ્ર મુનિ ગોચરીનો ભાર ઉપાડીને, નદીના કાંઠે ઉભા ઉભા વિચાર કરે છે. ખરેખર આવા મહાજ્ઞાની; અને મહાતપસ્વીની સેવાનો લાભ મહાપુણ્યોદય હોય તો જ મળે છે.

તે આજે મને મળ્યો છે. આજે આવા મોટા તપસ્વીને, પારણાને યોગ્ય, નિર્દોષ આહાર મળ્યો છે. આહારના વહોરાવનારની ઉદારતા પણ ગજબ હતી. છતાં હું નિષ્પુણ્ય આત્મા સેવાથી લાભથી વંચિત રહીશ. ખરેખર મને મોટો અંતરાયનો ઉદય થયો છે. **આહાર વિનાશ પામશે. મહામુનિરાજને પારણું થસે નહિ તેથી મને મોટો લાભ પલટાઈ, અંતરાય બંધાશે.**

આવા વિચારોમાં, વીરભદ્ર મુનિની ચક્ષુઓમાંથી, આંસુધારા વહેવા લાગી છે. તેટલામાં ભકિતના રસમાં, તરબોળ બનેલા વીરભદ્રમુનિના પુણ્યોદયથી આકર્ષાયેલા, લવણસમુદ્રના સ્વામી, સુસ્થિત દેવ ત્યાં આવ્યા. અને પાણીના પુરમાં માર્ગ કરી આપ્યો. પાણીનું પૂર અદશ્ય થઈ ગયું. મુનિરાજ ગોચરી લઈ વસતિમાં આવ્યા. આચાર્ય ભગવાન મુનિચંદ્રસૂરિમહારાજને પારણું થયું.

અહિં વીરભદ્રમુનિને, ભક્તિભાવના પ્રકર્ષથી તીર્થંકર નામકર્મ નિકાચિત બંધાયું. નદીના જલની હિંસા જરૂર હતી. પરંતુ આ જગ્યાએ આરાધનાની જ મુખ્યતા સમજવી. અપકાયની અસંખ્યાતા જીવોની હિંસાથકી પણ, તપસ્વી ભક્તિનો લાભ ઘણો છે. મોટો **ઇતિ.**

**પ્રશ્ન** : પ્રતિમાને માનવી અથવા ન માનવી. તથા દેવદ્રવ્ય માનવું કે ન માનવું. આવા નજીવા કારણો ધરીને સમાજમાં, છિન્નભિન્નતા સર્જાવવી, આ શું વ્યાજબી ગણાય?

**ઉત્તર** : ભાગ્યશાળી જીવ? જગતભરમાં ધર્મના જ કારણે જ્ઞાતિઓ અને વાડા બન્યા છે. આર્ય-અનાર્ય, હિંદુ-મુસલમાન, બૌધ્ધ, કૃશ્ચન વગેરે અનેક ભેદો થયા છે. ચાલે છે. ઘણા લોકો હિંસાને ધર્મ માને છે. દેવીઓ પાસે પ્રાણીઓની કતલો થાય છે. ચંડમારી, કાલી, મહાકાલી, વગેરે દેવીઓના મંદિરો, બારેમાસ લોહી અને માંસના ઢગથી વ્યાપ્ત રહે છે.

આ બધા પણ ધર્મના કારણે જ જુદા પડયા છે. હજારો જૈનો. ને વૈષ્ણવો અને સ્વામીના રાયણો થઈ ગયા છે. આવા બધાઓમાં કેટલાકો અત્યારે પણ પોતાને સંઘવી તરીકે લખે છે. સ્થાનકવાસીઓમાં પણ ઘણા જૈનોની સંઘવી અટક છે. આ બધા ભૂતકાળમાં મૂર્તિપૂજક **જૈન** હતા. એમ નક્કી થાય છે.

**પ્રશ્ન** : સંઘવી હોવાથી તેઓ ભૂતકાળમાં જૈન હતા એમ કેમ માની શકાય?

**ઉત્તર** : જૈનશાસનમાં, શત્રુંજયાદિ તીર્થોની યાત્રા કરવા જનાર શ્રીમંતો સાધુઓને, સાધ્વીઓને તથા સેંકડો હજારો કે લાખો, જૈન શ્રાવક-શ્રાવિકાઓને પોતાને ખર્ચે યાત્રા કરવા સાથે લઇ જતા હતા, આવા સંઘો પગે ચાલીને જતા હોવાથી છરી પાળતા ચાલે છે. હમણાં પણ આ રિવાજ ચાલુ છે. આવા તીર્થયાત્રાએ લઈ જતા મહાશયો, સંઘવી કહેવાયા છે. હમણાં કહેવાય છે.

**પ્રશ્ન** : છરી એટલે શું? આવા સંઘો આ કાળમાં કાઢનારાઓના નામ હોય તો બતાવો?

**ઉત્તર :** सम्यक्त्वधारी, पथिपादचारी, सचित्तवारी, वरशीलधारी ।
भूस्वापकारी, सकृती सदैकाहारी विशुध्धां विदधाति यात्रां ॥ १ ॥

**અર્થ** : સમ્યક્ત્વ પામેલા, માર્ગે પગથી ચાલનારા, સચ્ચિત્તના ત્યાગી, શીલવ્રત પાળતા, જમીન પર સંથારે ઉંઘનારા અને નિત્ય એકાશણું કરનારા, ઘણી શુધ્ધ તીર્થયાત્રા કરે છે. ભૂતકાળમાં વિક્રમરાજાએ, વસ્તુપાલ-તેજપાલે, કુમારપાલ રાજાએ. પેથડકુમારે, પુન્નડશાહે. આવા પાંચમા આરામાં પણ, લાખો સંઘો નિકળ્યા છે.

હમણાં ચાલુ વીશમી એકવીશમી સદીના શ્રાવકોમાં. અમદાવાદથી છોટાલાલ સંઘવી, કેશવલાલ મોહનલાલ, માણેકલાલ, મનસુખભાઈ, પાટણથી નગીનદાસ કરમચંદ, રાધનપુરથી મોતીલાલ મુલજી, ગીરધરલાલ તીકમલાલ, જીવતલાલ પ્રતાપસી સુરતથી જીવણચંદ નવલચંદ, જામનગરથી પોપટલાલ ધારસીભાઈ આવા બીજા પણ ઘણા નિકળ્યા છે. આવા સંઘો પ્રાયઃ જૈનો જ કાઢે છે. તેટલા માટે તેઓ સંઘવી કહેવાય છે.

માટે જ અનુમાનથી સમજાય છે કે, વૈષ્ણવ હોય કે જૈન સ્થાનકવાસી હોય, પરંતુ સંઘવી હોય તો, જરૂર તેમની દશ-વીશ-ચાલીશ પેઢી પહેલાં પણ, જૈન હતા અને મૂર્તિપૂજક હતા. તેમના વડીલોએ જરૂર શત્રુંજયાદિ મહાતીર્થોની, સંઘ કાઢીને, યાત્રા કરી હશે ? હજારો યા લાખ્ખોને કરાવી હશે.

**પ્રશ્ન** : તો પછી ક્રિયા મોટી કે ભાવ મોટો ? કારણ કે ધર્મનું અંગ ક્રિયા છે. ક્રિયાને જ ધર્મ મનાયો છે.

**ઉત્તર** : આત્મા પુરુષ છે. ક્રિયા પત્ની છે. અને ભાવો તે સંતતિ=સંતાનો છે. અનંતોકાળ ગયો. જીવ ક્રિયા વિના રહ્યો નથી. મલીન ક્રિયાના યોગથી, આત્મા પણ મલીન થવાથી, ભાવરૂપ સંતાનો પણ મલીન જન્મ્યાં છે. મલીન ભાવોની પરંપરાથી આત્મા સંસારમાં રખડ્યો છે; રખડે છે.

વાસ્તવિક દેખાવમાં ક્રિયા મોટી છે. પરંતુ શુભાશુભ પુણ્ય-પાપનું કારણ ભાવ જ છે. ભાવ વગરની ઘણી મોટી ક્રિયાથી પણ, કોઈ મોક્ષમાં ગયું નથી. અને ક્રિયા વગરના ભાવથી, મરુદેવીમાતા, ભરતચક્રવર્તી અને તેમની પરંપરાના આઠ રાજાઓ, પૃથ્વીચંદ્ર ગુણસાગર, શાલ, મહાશાળ રાજાઓ, ૧૫૦૩ તાપસો વગેરે ભાવનારૂઢ થઈને કેવળજ્ઞાન પામ્યા છે.

અનંતાકાળની ક્રિયાઓ, અજ્ઞાનકષ્ટો, ભયંકર યાતનાઓ, પશુઓ અને નારકીના દુખો, અને અગ્નિશર્મા તથા જમદગ્નિ જેવા તપસ્વીઓના તપથી, જે કર્મો નાશ પામતાં નથી, તેવાં અને તેથી અનંતગુણાં કર્મો, એક ક્ષણવારની ક્ષપકશ્રેણિના ભાવો આવતાં નાશ પામે છે.

**પ્રશ્ન** : તો શું ધર્મની ક્રિયાઓ સાવ નકામી છે ? ક્રિયાનું કશું ફલ જ નથી ?

**ઉત્તર** : કોઈ કહે કે મીંડાં સાવ નકામાં છે ? એકડો ન હોય તો, દશ મીંડાં હોય,

સો મીંડા હોય, કે પછી હજાર મીંડાં હોય તો પણ નકામાં છે. ૦૦૦૦૦૦ | ૦૦૦૦૦૦૦ | ૦૦૦૦૦૦૦૦ | આ બધાં જ મીંડાને કોઈપણ સંખ્યા તરીકે ઓળખાય જ નહીં. પરંતુ ૧ એક એકડો આગળ મુકવાથી દશલાખ; ક્રોડ, દશક્રોડ, બોલાય છે. જેવાં મીંડા તેવી ક્રિયા સમજવી.

**પ્રશ્ન** : તપશ્ચર્યા, દાન, વગેરે ક્રિયાનું ફલ જ ન હોય તો કરવાથી ફાયદો શું? સામાયિક, પ્રતિક્રમણની ધર્મક્રિયાઓનું ફલ જ ન હોય એમ કેમ બને?

**ઉત્તર** : જ્ઞાનિભગવંતોએ "જ્ઞાનક્રિયાભ્યામ્ મોક્ષ" ફરમાવ્યું છે. જ્ઞાનવિનાનો માણસ ક્રિયા કરે તેને સારા ભાવો આવે જ કેમ? બાપ વિના છોકરો જન્મે જ નહીં. જેમ એકલી રૂપાળી સ્ત્રીને પણ સંતાન થાય જ નહીં. તેમ જ્ઞાનવગરની એકલી ક્રિયામાં ભાવો આવે જ નહીં. જુઓ શાસ્ત્ર.

**क्रियाशून्यस्य यो भावो, भावशून्यस्य, या क्रिया । अनयोरंतरं दृष्टं, भानुखद्योतयोरिव ।**
**उक्कोसं दव्वथुइं, आराहिय, जाइ अच्चुयं जाव, । भावत्थवेण पावइ, अन्तमुहुत्तेण निव्वाणं ॥**

**અર્થ** : ક્રિયા અને ભાવનો ભેદ સમજાવતા, જ્ઞાનીભગવંત કહે છે કે, ક્રિયા ખદ્યોતના કીડાના પ્રકાશ જેવી છે. અને ભાવ ભાનુના=સૂર્યના ઉદ્યોત જેવો છે. ક્રિયા હોય પણ ભાવ ન હોય તો, સંસાર ઘટતો નથી. અને ભાવવાળાને વખતે ક્રિયા ન હોય તો પણ કલ્યાણ થઈ જાય છે. સમ્યગ્જ્ઞાનના અભાવે ઉજળા ભાવો આવ્યા નથી, માટે આત્મા મુક્તિ પામતો નથી.

જ્ઞાની મહાપુરુષો ફરમાવે છે કે, ઉત્કૃષ્ટ ક્રિયાનો કરનાર (ભાવશૂન્ય) ગોશાળાની પેઠે, બારમા સ્વર્ગ સુધી પહોંચે છે. અને ઉત્કૃષ્ટ ભાવ આવી જાય તો, મહાપાપી અને અધમ આત્મા પણ, કેશરી ચોર ચિલાતીદાસીપુત્રાદિની પેઠે સ્વર્ગ અને મોક્ષગામી બને છે.

સુજ્ઞવાચકવર્ગ, આ સમગ્ર પુસ્તકનું લખાણ વાંચે તો જરૂર સમજાશે કે, ભગવાન વીતરાગદેવની આજ્ઞાની મુખ્યતાએજ બધું લખાણ લખાયું છે. નાની પણ ધર્મક્રિયા, યાને આરાધના વીતરાગદેવની આજ્ઞાને ધ્યાનમાં રાખ્યા વગર કરાય તો, લાભ ન પણ થાય અને વખતે વિરાધના પણ થઈ જાય. કહ્યું છે કે :—

**जिणाणाए कुणंताणं, सव्वं निव्वाणकारणं । सुंदरंपि सबुद्धिए, सव्वंभवनिबन्धणं ॥**

**અર્થ** : જિનેશ્વરદેવની આજ્ઞાને ધ્યાનમાં રાખીને વીતરાગની આજ્ઞાને આદર આપીને જે ક્રિયા અનુષ્ઠાન, દાન, તપ, સેવા વગેરે બધું જ સારું છે. પરંતુ પોતાની બુધ્ધિથી કલ્પના કરીને કરેલું દેખાવમાં સારું જણાતું હોય તે સારું નથી.

એટલે નિચોડ એ જ કે આગમોને તથા નિર્યુકત, ભાષ્ય, ચૂર્ણિ, ટિકાઓ, અને

આચાર્યોના ગ્રંથોને અપ્રમાણિક ઠરાવનારા, જિન પ્રતિમા અને જૈનચૈત્યોનું દર્શન પૂજન વંદન સ્તવનનું ખંડન કરનારા જિનાજ્ઞાના ઉત્થાપક સમજાય છે.

**પ્રશ્ન** : આજ્ઞા આરાધવામાં પણ ઉત્સર્ગ અને અપવાદ, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ પણ જ્ઞાની ભગવંતોએ બતાવ્યા છે ને ? આ કાળના જીવો ચોથા આરા જેવું સાચવી પાળી ન શકે તો, તેવાઓને, આજ્ઞાલોપક તો કહેવાય નહીં જ ને ?

**ઉત્તર** : **उस्सग्गो अववायं आयरमाणो विराहगो होइ,**
**अववाये पुण पत्ते, उस्सग्ग निसेविओ भइओ ॥ १ ॥**

**અર્થ** : ઉત્સર્ગ = કશી પણ છુટછાટ વગરનું, દોષ વગરનું ચારિત્ર પાળવું તેને **ઉત્સર્ગ** કહેલો છે. અને કારણે દોષ લગાડીને પણ, મૂલ ગુણોને સાચવી રાખવા. તેને **અપવાદ** કહેવાય છે. આ જગ્યાએ કારણ વિના પણ દોષ સેવાય તો, વિરાધના થાય છે જ. અને કારણ આવી જાય, રોગાદિકારણ, અથવા લાંબા વિહારોમાં, નિરૂપાય દોષ સેવવા પડે તેવું હોવા છતાં પણ દોષ સેવવામાં, અપવાદ લગાડવામાં, ઢીલું મૂકે જ નહીં. તેવા વખતે આરાધક થાય પણ ખરા, વખતે મહાવિરાધક પણ થઈ જાય.

**પ્રશ્ન** : અપવાદ પ્રાપ્ત છતાં ઢીલું ન મૂકે, અપવાદ ન સેવે, દોષ લાગવા દે નહીં, તેને વિરાધના કેમ લાગે ?

**ઉત્તર** : કોઈ મોટી માંદગી હોય, ઔષધાદિ ન સેવાય તો રોગ વધી જાય, વખતે મરણ થઈ જાય. આર્તધ્યાય વધી જાય. મોટા લાંબા વિહાર હોય. આહારપાણી મળે જ નહીં તો અકાલ મરણ થાય. આવા પ્રસંગે ઓછામાં ઓછા દોષ લગાડીને, આપત્તિને પાર ન કરી લે તો, મોટી વિરાધના થાય. પરંતુ સામાન્ય કારણ દેખાય અને અપવાદ ન સેવે તો વિરાધના ન પણ થાય, માટે શાસ્ત્રોના જાણ, વહેવારના જાણ, અવસરના જાણ, જીવ વિશેષને ઓળખનારા ગીતાર્થોની આજ્ઞા પ્રમાણે કરવું. ભવનાભિરૂ જ્ઞાનીનો આશરો લેવો.

પરંતુ શાસ્ત્રના અજાણ હોય, શાસ્ત્રો વાંચવા છતાં નાસ્તિક જેવા હોય, શિથિલાચારી હોય, પડવાઈ હોય, આલોકપરલોકના ભય વગરના હોય, તેવા ભણેલાઓને ગીતાર્થ માનવા નહીં. એવા સ્વયં બુડે છે. અને આશ્રિતોને બુડાડે છે.

**પ્રશ્ન** : કારણ વિના પણ અપવાદ સેવાય છે, એવું બને ખરું. વિના કારણ દોષ કેમ સેવાય ?

**ઉત્તર** : જ્ઞાની ભગવંતો ફરમાવે છે કે **न तं अरि कंठच्छिता करोति, जंसे करे अप्पणिआ दुरप्पा।**

**અર્થ** : આ જગતમાં કંઠના છેદનાર શત્રુઓ કે, ઝેર પીવરાવનારા, ગળે ફાંસો આપનારા, અથવા નદી કે દરિયામાં ફેંકી દેનારા, શત્રુઓ જીવનું જેટલું ખરાબ કરે છે, તેનાથી પણ અનેકગુણું, આત્માની પોતાની મૂર્ખાઈ બગાડે છે, ભૂડું કરે છે.

આપણા આ જીવે અનંતીવાર ચારિત્રો લઈને, કેવળ પ્રમાદને પરવશ બનીને, ભગવાન વીતરાગદેવોની રત્નત્રયીને, બગાડી નાખી. મલીન બનાવી, મોક્ષગતિ કે વૈમાનિક દેવગતિને આપનારી રત્નત્રયીને, પ્રમાદરુપ ગળીના રંગથી કાળી બનાવીને, જીવડો ચાર ગતિ સંસારમાં અનંતીવાર ખોવાઈ ગયો. એટલે કારણ વગરના જ દોષોથી દુર્ગતિમાં જવું પડે છે.

**અમારા સાધુ જીવનમાં વિના કારણ લાગનારા દોષો.**

ઇર્યાસમિતિ સચવાતી નથી, દિવસે પુંજવા પ્રમાર્જવા માટે જ રજોહરણ હોવા છતાં, પુંજવા પ્રમાર્જવામાં ઉપયોગ રખાતો નથી, રાત્રિમાં દંડાસણ વિના પગલું મુકાય નહીં. વિના કારણે, પોતાના સ્થાનથી બીજા સ્થાને જવું જોઈએ નહીં. જવું પડે તો દંડાસણથી જમીન પુંજાય, ત્યાં જ પગલું મુકાય, આજકાલ કેટલાક અમે દંડાસર રાખતા નથી. હોય તો જમીનને સ્પર્શ થતો નથી. પાત્રાં, ઘડા, સ્થાળ આદિની પ્રમાર્જના થતી નથી, ચાલતાં વાતો થાય છે.

ભાષા સમિતિ લગભગ ઉઘાડે મુખે જ બોલાય છે. વ્યાખ્યાનો ભાષણો ચોવીસ કલાકનો વહેવાર, કે પ્રતિક્રમણાદિ ક્રિયાઓમાં, સૂત્રો બોલતાં, મુહપત્તિ મુખની જોડાજોડ હોવી જોઇએ આવું સંપૂર્ણ ધ્યાન સચવાતું નથી. પચ્ચખ્ખાણો અને વાર્તાલાપ માટે અંકુશ જ નથી.

એષણા સમિતિ પાણીનો ન માપી શકાય તેટલો દોષ લાગે છે. ગૃહસ્થોના ઘેરથી પાણી વહોરાય તો ઓછા દોષ લાગે તેની જગ્યાએ જીવદયાના દુશ્મન, અજૈન નોકરો દ્વારા ઉકાળેલું, ભાજન તપાસવા, પુંજવા, ગળવાનો, ઉપયોગ પ્રાયઃ હોય જ નહીં તેવું, પાણી વહોરાય છે. અને જરા પણ પ્રયાસ વગરનું પાણી મળતું હોવાથી, કાપ કાઢવાનો રિવાજ લગભગ ગૃહસ્થના જેવો બની ગયો છે.

વળી વ્યાખ્યાનાદિકના કારણે, મેળવેલી મોટાઈના પ્રતાપે, મુનિપણામાં નોકરો રાખવાના રીવાજો શરૂ થયા છે. નોકરો પાણી લઈ આવે, નોકરો જ કાપ કાઢે, નોકરો કાપનું પાણી રેડી નાખે, ફેંકી દે, (પરઠવે તે મુનિ કહેવાય) નોકરો પગચંપી કરે, લાવવા મુકવાનું કામ નોકરો કરી આપે. આવાં બધાં પડવાઇપિણાનાં કારણો સરૂ થયાં છે.

**પ્રશ્ન :** આ તો ભક્ત વર્ગને ભક્તિનો લાભ મળે છે ને?

**ઉત્તર :** આચાર્ય ભગવંત હીરસૂરીશ્વરજી મહારાજને અકબર બાદશાહ, અને

તેના સુબાઓ પણ ભકત હતા. હજારો ધનાઢય શ્રાવકો પણ ભક્તો હોવા છતાં, કોઈવાર માંદગી જેવું મોટું કામ હોય તો પણ, એક ગામથી બીજે ગામ પણ, સાધુને મોકલતા હતા. ખુદ વિજયહીરસૂરીશ્વરજી મ.ની માંદગીના સમાચાર લાહોર આપવા મુનિધનવિજયજીને મોકલ્યા હતા.

લેવા મુકવાના વહેવારોમાં પણ, ગૃહસ્થો પાસે કામ લેવાય તો, ચોથી સમિતિ પણ હણાય છે, તથા ઠંડીલ–માત્રું ઝાડાપેશાબ પરઠવવાના વિધાનમાં, કાપનાં પાણી પરઠવવાના વિધાનોમાં, મુનિરાજોની પાંચમી સમિતિ પણ પ્રાયઃ ઘવાય છે. પરઠવું અને ફેંકવું બન્ને જુદા છે.

આ પાંચ સમિતિમાં ત્રિવિધ જાગતો આત્મા જ ત્રણ ગુપ્તિનો આરાધક બની શકે છે. સમિતિમાં દેવાળું હોય તો ગુપ્તિઓની આશા રાખવી જ શી રીતે? આશા નકામી છે.

તથા બહુલતાએ ગોચરીના દોષો ટાળવામાં ખૂબ ઉપેક્ષા વધી રહી છે. પાણીના વપરાશમાં મર્યાદા વટાવાઈ રહી છે. રાત્રિમાં દીવાનો પ્રકાશ વાપરવાનો સંકોચ દેખાતો જ નથી. મોટા ગણાતા કેટલાક સ્થાનોમાં, ખુલ્લંખુલ્લા, રોકટોક વગર, લાઈટો ઝગમગતી હોય છે. જૈન સાધુઓથી આવું ન કરી શકાય. આવી વાતોને પણ વેવલાવેડા ગણાય છે.

બ્રહ્મચર્યની નવ વાડોનાં નામો પણ ભુલાઈ જવા લાગ્યાં છે. કેટલાક સાધુઓ સાધવીઓ બારેમાસ સાથે વિહારો કરે છે. લેવડદેવડના વહેવાર, કુટુંબના માણસો જેવા બની રહ્યા છે. નવ પૈકીની ઘણી વાડોને વધુ પડતો ફટકો લાગી રહ્યો છે. ગૃહસ્થ શ્રાવિકાઓનું પણ ઉપાશ્રયમાં વારંવાર આવાગમન સમુદાયના સાધુઓના માનસિક શીલવ્રતને દૂષિત બનાવવાનો ભય ગણાય? આજકાલ નારી જાતના પહેરવેશ જોવા પડે છે તે પણ દુર્ભાગ્યની ઘટના છે.

તથા પહેલાના કાળમાં, પચ્ચાસ, સો વર્ષ પહેલાં પણ, યોગ્ય મહાત્મા કોઈકને જ પદવી અપાતી હતી. છેલ્લા કેટલાક વર્ષોથી, પદવીઓની પરભાવના વહેંચણી ચાલે છે. હવે યોગ્ય અયોગ્યનો વિચાર જ નથી.

આજકાલમાં પરદેશી રિવાજો હિંદમાં જોરશોરથી પ્રવેશી રહ્યા હોવાથી, સરકાર પોતે, ઢેડને હરિજન કહે છે, ભંગીને સફાઈ કામદાર કહે છે, અનાચારને પ્રેમ કહે છે, ભયંકર હિંસાને ઉદ્યોગ કહેવાય છે માટે જ ઢેડ–ભંગી, હજામ, કુંભારો પણ ન્યાયાધીશો અને અધિકારીઓ થવા લાગ્યા છે.

તેનું અનુકરણ અમારી સાધુ સમાજમાં, મોટા ધસારાથી પ્રવેશી રહેલ છે. ચોથા કે પાંચમાને, ઓળખતા જ ન હોય, એવા આચાર્યો, ઉપાધ્યાયો, પંન્યાસો થઈ શકે છે. પદવીના પ્રસંગોમાં કપડા અને કામળીઓની સંખ્યાનો મોટો આંકડો બનાવવા માટે, મહિનાઓ અગાઉથી મહેનત કે લાગવગનો આશરો લેવો પડે છે.

કોઈની આચાર્ય પદવીમાં, અઢીસો કામળી અને એક હજાર કપડા ઓઢાડનાર આવ્યા તેને માટે, પદવી લેનાર અને આપનાર ગુરુજી તથા આખો સમુદાય ગૌરવ અનુભવે છે.

એકનું જોઈ બીજાઓ સરસાઈ=અનુકરણ કરે છે. આવા હજારોની કિંમતના કપડા કામળી લેનાર–આપનાર પોતાના જીવનની સફળતા દેખે છે.

પચ્ચીસ વર્ષ પહેલાં સાધુઓ કે સાધ્વીજીઓ, સંખ્યાનો ત્રીજો ભાગ; ચોથો ભાગ તપશ્ચર્યા કરતા હતા, બારેમાસ એકાસણાં છેવટ બેસણાં કરનાર સીત્તેર એંસી ટકા પણ હોવા સંભવ હતો. દશ તિથિ–પાંચતિથિ મુત્કલ રહેનાર માંદો જ ગણાતો હતો. આજે આંબીલ, એકાસણાં, બેયાસણા, દશવીશ ટકા હોય, તેવા ભાગ્યશાળીઓ ધન્ય ગણાય છે. ઘણા મોટા જાહેર પુરુષોને, તપની સાથે લગભગ અણબનાવ જેવું થવા લાગ્યું છે.

સો પચ્ચાસ વર્ષ પહેલાં, સુશ્રાવકોના ઘરમાં પણ, જે વસ્તુ આવી શકતી નહીં, આવી ચીજો આજકાલ સાધુ સમાજના વપરાશમાં પેસવા લાગી છે. નિર્દોષ આહારના બહાને, સાધુઓને વહોરતા જોઈને, શ્રાવકોમાં અભક્ષ્ય વસ્તુઓ વાપરવાનો ભય પણ નિર્મૂલ બનતો જાય છે. મોટું મુકામ પડે તો પાસેના નાના નાના મુકામોને પણ પાડી નાખે, અથવા નુકસાન પહોંચાડે છે.

આજકાલ સેવાઈ રહેલા આહારના, પાણીના દીવાબત્તીઓના, પુંજવા પ્રમાર્જવાના, નોકરો રાખવાના, નવવાડોના ભંગના અપ્રમાણ દોષો, પ્રવચન માતાના આદરનો અભાવ, આ બધું અમારી પામરતાનું પ્રદર્શન જ છે.

**પ્રશ્ન** : શું આ કાળના બધા જ સાધુ–સાધ્વી આરાધનામાં બેદરકાર હશે ?

**ઉત્તર** : એમ કેમ કહેવાય ? આવું બોલતાં પણ ઉત્સૂત્ર દોષ લાગે, **શ્રી સંઘની** મહાન–આશાતના લાગે. આ કાળમાં દશ–વીશ ટકા મહાપુરુષો સાધુ–સાધ્વી, એકદમ ઉંચ્ચું ચારિત્ર પાળનારા પણ દેખાય છે. મહાવ્રતો શુદ્ધ પ્રવચન, માતાનો આદર, પાપનો ભય, ખૂબ સાંકડું જીવન, બારેમાસ બેસણાં, એકાશણાં, વર્ધમાનતપ, વર્ષીતપ, તિથિઓના ઉપવાસ ચાર પાંચ વિગયના ત્યાગ, જાવજીવ, ફ્રુટ—કેરી, મેવા, પકવાન, ત્યાગ, દિવસભરમાં આઠ-દશ, બાર, ચૌદ કલાકનો સ્વાધ્યાય, ઘણો મોટો જાપ, કીર્તિ મોટાઈનો અભાવ.

આવા બધા પ્રકારનો વધુ ઓછો પણ આરાધના માર્ગ સાચવી રાખનારા ત્રીસ–ચાલીસ ટકા હોવાનો અનુભવ દેખાય છે, સંભળાય છે.

**પ્રશ્ન** : કોઈ ન કરે, ન–પાળે, મરજી પ્રમાણે વર્તે, રહે, એમાં આપણે શું ?

**ઉત્તર** : ઉપકારી મહાપુરુષોની ભલામણ વાંચવા, વિચારવા, સમજવા યોગ્ય છે. જુઓ.

**विधिकथनं विधिरागो, विधिमार्गे स्थापनं विधीच्छुनां ।**
**अविधिनिषेधश्चेति प्रवचनभक्तिः प्रसिद्धा नः ॥ १ ॥**

**विहिसारं चिअ सेवइ, सद्धालू सत्तिमं अणुट्ठाणं ।**
**दव्वाइदोसनिहओवि, पक्खवायं वहइ तम्मि ॥ २ ॥**

धन्नाणं विहिजोगो, विहिपक्खाराहगा सया धन्ना ।
विहिबहुमाणा धन्ना, विहिपक्खअदूसगा धन्ना ॥ ३ ॥

आसन्नसिद्धिआणं, विहिपरिणामो होइउसयकालं ।
विहिचाओ अविहिभत्ति, अभव्वजिअ–दूरभव्वाणं ॥ ४ ॥

**અર્થ** : જે મહાભાગ્યસાળી આત્માઓને, શ્રી વીતરાગ દેવોનું શાસન ગમી ગયું હોય. રૂંવાડે રૂંવાડે=રોમ–રોમ જૈનશાસન વસી ગયું હોય, તેવા આત્માઓ દિવસ–રાતમાં, પક્ષ માસમાં, વર્ષમાં કે જીંદગી સુધી, વિધિ માર્ગ કહે છે. વિધિ જોઈ આનંદ પામે છે. બીજાઓને વિધિ માર્ગમાં સ્થાપે છે, અને અવિધિનો નિષેધ કહે છે. એ જ વીતરાગ માર્ગની, શાસનની, અને શ્રીસંઘની સાચી ભક્તિ કહેવાય છે. ॥ ૧ ॥

તથા જેટલું શકય હોય તેટલું, વિધિપૂર્વક અનુષ્ઠાન સેવે=આચરે, વખતે કોઈ આત્મા, શરીરથી, આજીવિકાથી, કે આજુબાજુના સંયોગોથી, અશકત હોય, તોપણ વિધિમાર્ગનોજ પક્ષપાત કરે. તેથી કારણે અપવાદનો માર્ગ લેવો પડે તોપણ, ઉત્સર્ગનાં જ વખ્ખાણકરે અનુમોદન કરે. ॥ ૨ ॥

**પ્રશ્ન** : પોતે બીલકુલ ઢીલા હોય, અનેક દોષો સેવતા હોય, અનેક ખામીઓ લાગતી હોય તો પણ બીજાઓની ભૂલો કાઢવી એ શું વિધિ માર્ગ કહેવાય? પારકી નિંદા એ શું જેવું તેવું પાપ છે?

**ઉત્તર** : સારું આરાધવાની ભાવના હોવા છતાં શક્તિના અભાવે કે, સામગ્રીના અભાવે, દોષો લાગી જાય છે. તેનો બળાપો આવતો હોય, દુઃખ લાગતું હોય, થઈ શકે તેટલી આરાધના કરતા હોય, તેવા મહાશયો વિધિવાદ કહે, તેમાં કોઈની નિંદા નથી. વાંચો ઉપાધ્યાયજી મ. નાં વચનો. સવાસો ગાથા ઢાલ ૧ લી

"જ્ઞાન–દર્શન–ચરણ ગુણા વિના, જે કરાવે કુલા ચાર રે ।
લુટીયા તેણે જન દેખતાં, કયાં કરે લોક પોકાર રે. ॥ ૧ ॥

જે નવી ભવ તર્યા નિર્ગુણી, તારસે કેણી પરે તેહરે.
એમ અજાણ્યા પડે ફંદમાં, પાપ બંધે રહ્યા જેહરે. ॥ ૨ ॥

શ્રી જૈનશાસનમાં ગુણનો રાગ કરવા ખૂબ જ સમર્થન કર્યું છે. તે જ પ્રમાણે અવગુણોનું ખંડન પણ જોરશોરથી કરવાના ઘણાં પ્રમાણો મલે છે. જેને માટે ગુરૂવંદન ભાષ્ય ગુરૂત્વ વિનિશ્ચય સવાસો, દોઢસો, સાડા, ત્રણસો, ગાથાનાં સ્તવનો જોવાથી સમજી શકાય છે. આવાં વર્ણનો ન જ થાય ને સુવર્ણ અને પીત્તળનો ભેદ ભુલાઈ જાય.

ત્રીજી ગાથા : વિધિનો શુદ્ધ યોગ મળે, શુદ્ધ વિધિ સચવાય. વીતરાગની આજ્ઞા મુજબ જ અનુષ્ઠાન થાય, તેઓ ખરેખર ધન્ય આત્માઓ ગણાય છે. યથા યોગ્ય આરાધનારા હંમેશ ધન્ય છે. માત્ર વિધિ માર્ગને બહુમાન આપનારા પણ ધન્ય છે. વિધિપક્ષનું દૂષણ નહીં કાઢનારા પણ ધન્ય છે, અનુમોદના કરે, વખાણે તે પણ ધન્ય છે. ॥ ૩ ॥

કારણ કે આસન્ન સિદ્ધિ જીવ હોય, બહુ નજીકમાં મોક્ષ થવાનો હોય, તેવા જીવને જ વિધિના પરિણામ થાય છે, ટકી રહે છે, વિધિમાં રસ પડે છે, આનંદ થાય છે; પરંતુ મિથ્યા દૃષ્ટિ આત્માને વિધિમાં કંટાળો આવે છે. વિધિનો ત્યાગ કરે છે. અનુષ્ઠાન બગાડી નાખે છે. અને વિકથા, સંજ્ઞા કષાયમાં રસ પડે છે. આવા જીવો મિથ્યા દષ્ટિ હોવાથી દુર્ભવ્ય અથવા અભવ્ય જાણવા. ॥ ૪ ॥

આ ચાર ગાથાઓના અર્થ વિચારનાર, ભાગ્યશાળી આત્માઓ સમજી શકે છે કે, કોઈપણ મનુષ્ય ઇચ્છા પ્રમાણે વર્તે, આપણે શું ? આવું વિચારવું, કે બોલવું, તે પણ પાપ છે. જેમ બાળક માટી, કોલસા, ઠીકરાં ખાયતો, માતાપિતા જોઇને ઉપેક્ષા કરે જ નહીં. કોઈ રોગી માણસ અપથ્ય ખોરાક ખાય, તથા રોગને સહાય મળે તેવું આચરણ કરે તો, વૈદ્ય હોય કે, મિત્ર હોય કે, કુટુંબી હોય, તેવા ડાહ્યા માણસો તેને તેમ કરતો અટકાવે છે.

તેમ સંસારમાં, મિથ્યાત્વ, અવિરતિ, કષાય, અને યોગના પરવશ બનેલા સર્વ જીવો અઢારે પાપો કર્યા જ કરે છે. પાપો કરતા, શિખવવા માટે, માસ્તર–અધ્યાપક–નિશાળ કે પુસ્તકોની જરૂર નથી. જીવો પાપો શિખીને જ આવેલા હોય છે. અને માતાપિતા, કુલ; જાતિ પાડોસ અને મિત્રોદ્વારા પણ, પાપો કરવાની શિખામણ અને તાલીમ મળે છે. માટે જ ઉપકારી મહાપુરુષો ફરમાવે છે કે **संसारसागर मिणं परिभमंतेहिं, सव्वजीवेहिं गहियाणि य मुक्काणि य, णंतसो दव्वलिंगाइं** ॥ १ ॥

**અર્થ** : આ સંસાર સમુદ્રમાં રખડી રહેલા, ત્રસભાવ અને પંચેન્દ્રિયપણાને પામી ગયેલા સર્વ જીવોએ, ભગવાન વીતરાગનો વેશ (ઓઘા મુહપત્તિઓ) અનંતીવાર લીધાં અને ખોઈ નાખ્યાં, દ્રવ્યચારિત્ર લઇને ભાગી નાખ્યાં હશે ? માટે જ સંસારની રખડપટ્ટી ચાલુ છે.

"પરિગ્રહની મૂર્ચ્છાધરી, ભટકયો કાળ અનંત,
મુનિવેશ ધરવા છતાં, થયો નહિ નિર્ગ્રન્થ. ૧

"જન્મી જિનશાસનવિશે, મુનિ થયો બહુવાર,
મુનિદશા સમજ્યા વિના, હું ભટકયો સંસાર." ૨

"આહાર લાલચ બહુ કરી, વિવેક ભૂલ્યો સાવ,
દરિયો તરવા કારણે, બેઠો પત્થર નાવ." ૩

"બહારથી સાધુ બની, સેવી સંજ્ઞા ચાર,
વટલાવી મુનિવેશને, હું ભટકયો સંસાર." ૪

"ષટ્રસ ભોજન બહુ કર્યાં, વિકથા કીધ અપાર,
ગુણીજનની નિન્દા કરી, હું ભટકયો સંસાર." ૫

"સુન્દર વસતિમાં વસ્યો, અશન કર્યાં સ્વાદિષ્ટ,
વસન (લુગડાં) વસ્યાં (પહેર્યાં) બહુ કિંમતી, પણ સાધ્યું નહીં ઇષ્ટ. ૬

"ખાન–પાન–પરિધાનને, વિકથા, સજ્ઞા ચાર,
કષાય નિન્દા આચરી, હું રખડયો સંસાર." ૭

"ત્યાગી નામ ધરાવીને, ન કર્યો ત્યાગ લગાર,
વંદાવી ગુણી લોકને, હું રખડયો સંસાર." ૮

"ભોળા લોક ભેગા કરી, દીધા બહુ ઉપદેશ,
ભવસાયર નિજ તારવા, ન કર્યો ઉધમ લેશ." ૯

"મુનિ થયો, વાચક થયો, સૂરિ થયો બહુવાર,
ન થયો મૂરખ આત્મા, અભ્યંતર અણગાર." ૧૦

"દર્શન–જ્ઞાન ચરણન વિના, વંદાવ્યા બહુલોક,
કેવળ પુદ્ગલ પોષવા, જન્મ ગમાવ્યો ફોક." ૧૧

માટે જ ઉપકારીઓ કહી ગયા છે કે **आसन्ने परमपए, पावेअव्वम्मि सयलकल्लाणे। जीवो जिणिन्दभणियं, पडिवज्जए भावओधम्मं ॥ १ ॥**

**અર્થ** : સંસાર ખૂબ થોડો રહ્યો હોય, પાંચમીગતિ મોક્ષ અત્યંત નજીકમાં મળવાનું હોય, ત્યારે જ આત્માને ભાવ ધર્મની પ્રાપ્તિ થાય છે. દેવ ગુરૂ ધર્મને ઓળખે છે.

**પ્રશ્ન** : ભાવ ધર્મ એટલે શું? દ્રવ્ય ધર્મ એટલે શું?

**ઉત્તર** : સુદેવને = અરિહંત સિધ્ધને, તેમના સાચા સ્વરૂપથી ઓળખે. પછી પોતાની શક્તિ ગોપવ્યા સિવાય, અર્પણ ભાવે આરાધના કરે, તથા ભાવાચાર્ય, ભાવવાચક ભાવસાધુને, ઓળખવા ઉદ્યમ કરે. સાચું સમજવા પ્રયાસ કરે, સમજીને સુગુરુ, ને ભવના–તારક માનીને આરાધે, પાસ ત્થાદિક પાંચેને વાંદે નહીં તથા સમ્યગ્દર્શન – જ્ઞાન – ચારિત્ર તપને સમજીને આરાધે, બારેમાસ ધર્મના ગ્રન્થો વાંચે. સુદેવ – સુગુરુ – સુધર્મને આદરે.

કુદેવ-કુગુરુ-કુધર્મનો ત્યાગ કરે. છદ્મસ્થજીવ પણ સમજવાનો ખપી હોય તો સુદેવ, સુગુરુ, સુધર્મની પ્રાપ્તિ દુર્લભ નથી.

આ સિવાય ગતાનુગતિક સાધુ થાય, સમજવા ઉદ્યમ કરે જ નહીં. સમૂર્ચ્છિમની પેઠે હાડીયાની પેઠે, ઘેટાંની પેઠે, સમૂર્ચ્છિમ ધર્મ, દેખા દેખી ધર્મ, પ્રેરણા ધર્મ, જ્ઞાતિધર્મ, પરંપરાધર્મ, પાળનારા પરમાર્થના અજાણ જીવો, અનંતીવાર મનુષ્ય થયા, દ્રવ્ય જૈન થયા, દ્રવ્ય સાધુ થયા, ગોશાળાની પેઠે સંસાર વધારનારા થયા છે.

વીતરાગદેવોની આજ્ઞાનો શબ્દાર્થ, ૪૭૧મા પાના ઉપર બતાવ્યો છે. **સાંભળવા યોગ્ય સાંભળવું, વખાણવાયોગ્ય વખાણવું, ત્યાગવાયોગ્ય ત્યાગવું, આચરવાયોગ્ય આચરવું** સામાન્ય અર્થ બતાવ્યો છે. થોડો વિસ્તાર્થ સમજાવી. આપણે ચાલુ વિષય પૂર્ણ કરીશું.

**પ્રશ્ન** : સાંભળવાયોગ્ય સાંભળવું, વખ્ખાણવાયોગ્ય વખાણવું ઇત્યાદિ ચારે પદોનો વિશેષ અર્થ બતાવાશે નહીં તો. વીતરાગની આજ્ઞાનો અર્થ વખતે બદલાઈ જશે. માટે ચારે પદોનો નિચોડ બતાવવો જોઈએ.

**ઉત્તર** : સાંભળવાયોગ્ય, વીતરાગદેવો, અરિહંતો, અને સિદ્ધો, નિર્ગ્રન્થ ગુરુઓ, સૂરિ વાચક અને મુનિરાજો ધર્મ જીવદયામય, જ્ઞાન ક્રિયામય, સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રમય, દાન, શીલ, તપ, ભાવનામય, પાંચ મહાવ્રતમય, પાંચ આચારમય, છકુકાયજીવોની દયા અને રક્ષણમય, સાત નય-સપ્તભંગીની સમજણ અને આદરમય.

અષ્ટપ્રવચન માતામય, નવબ્રહ્મચર્યગુપ્તિમય, દશપ્રકાર યતિધર્મમય, અગિયાર અંગોની સમજણ, બારવ્રતો, બારપ્રકારતપ, બારભાવનામય ધર્મને સાંભળવો, તેને જ વખાણવો. દેવ, ગુરુ, ધર્મ સિવાય કોઈ ચીજ સારી નથી, માટે વખાણવા યોગ્ય નથી.

**પ્રશ્ન** : આખી દુનિયા પોતપોતાના દેવ, ગુરુ, ધર્મને સારા કહે છે. તેમાં અને આપણામાં ભેદ શું ?

**ઉત્તર** : બધા જગતના મનુષ્યોના ધર્મો સંસારની મુખ્યતાએ ચાલે છે. ત્યારે જૈનધર્મ મોક્ષ પ્રાપ્તિની મુખ્યતાએ જ કહેવાયો છે. બધા ધર્મોનું રહસ્ય કેવળ પોતાના સ્વાર્થને ધ્યાનમાં રાખીને કહેવાયું છે. જેમકે આજીવિકા માટે કોઈપણ ધંધો કરવો તે પાપ નથી. તથા બાળબચ્ચાંને ઉછેરવામાં પણ ધર્મ છે. આવા કારણે, કસાઈઓ, શિકારીઓ, મચ્છીમારોને પાપ લાગતું નથી. મોટા ભાગના દેવો, ઋષિઓ, ઓલિયાઓ, બીશપો, ફકીરો, માંસ ખાવામાં અધર્મ સમજતા નથી.

જ્યારે જૈનધર્મના દેવાદિ ત્રણેનું સ્વરૂપ પરમાર્થલક્ષી છે. ઝીણામાં ઝીણા જીવને મારવો નહીં, એટલુંજ નહીં મરવા દેવો નહીં. બેભાનપણે પણ કોઈ જીવ મરી ન જાય તેનાથી સાવધાન રહેવું. અને આ જીવદયા, અને બ્રહ્મચર્યને સાચવવા માટે જ અસત્ય બોલવું નહીં. ચોરી કરવી નહીં. ગમે તેવા સંયોગોમાં પણ રાત્રીમાં ખાવું પીવું નહીં. આ બધા નિયમોમાં જીવદયાની જ મુખ્યતા છે.

જૈનો તેમને જ દેવો માને છેકે, જેમના રાગદ્વેષ અને અજ્ઞાનતા ક્ષય થઈ ગયા-હોય. તેઓ જ ગુરુ બનવાને યોગ્ય છેકે જેમણે રાગદ્વેષ અજ્ઞાનતાનો નાશ કરવાની શરૂઆત કરી હોય. અથવા રાગાદિદોષોને આત્માના સાચા શત્રુઓ તરીકે સ્વીકારી લીધા હોય, જૈનોનો ધર્મ પણ તે જ હોઈ શકે કે જેના સેવનથી, રાગાદિશત્રુઓ નાશ થવા શરૂ થઈ જાય છે. જુઓ

"દેવ નમું વીતરાગને, ગુરુ વીતરાગ થનાર,
ધર્મકથિત વીતરાગનો, ત્રિક મુજ તારણહાર." ૧

"પામ્યા જે વીતરાગતા, આરાધે વળી જેહ,
આપે જે વીતરાગતા, સાચા તારક તેહ." ૨

"અરિ અભ્યંતર ક્ષય થયા, ક્ષય કરવા યતનાર,
ક્ષય પામે જેનાથકી, તે મુક્તિદાતાર." ૩

જૈનો અરિહંત-સિદ્ધ-સાધુ અને ધર્મ, ચારને જ ઉત્તમ માને છે. આ ચારનું જ શરણુ સ્વીકારે છે. સાધુ શબ્દથી, સૂરિ અને વાચક પણ આવી જાય છે. તથા ધર્મ શબ્દથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપનો સમાવેશ થાય છે. દાન-શીલ-તપ-ભાવના પણ આવી જાય છે.

આચાર વસ્તુઓ જ સાંભળવા યોગ્ય છે. અને વખાણવા યોગ્ય છે. આ ચાર વસ્તુને સાંભળવા અને વખાણવા માટે, અત્યારે પણ સુવિહિત ગીતાર્થોના બનાવેલા હજારો ગ્રન્થો વિદ્યમાન છે. જે વાંચવાથી આત્મા અવશ્ય નિર્મલ બને છે.

તથા ત્યાગવા યોગ્ય હિંસા, અસત્ય, ચોરી, મૈથુન, પરિગ્રહ, મૂર્છા ક્રોધાદિચાર, રાગ, દ્વેષ, કલહ, પરને આળ, પરની ચાડી, (પૈશુન્ય) આત્મિક ગુણોમાં ઉપેક્ષા, પૌદ્‌ગલિક દોષોમાં રસ, પ્રેમ-આનંદ, હર્ષ, પારકી નિન્દા, માયામય અસત્ય, તથા કુદેવોમાં, કુગુરુમાં કુધર્મમાં, અપ્રમાણ રાગ-હઠાગ્રહ-મારાપણું, ગતાનુગતિકતા, પરમાર્થનો અવિચાર.

આવું બધું જ ભેદ-પ્રભેદથી અવશ્ય ત્યાગવા યોગ્ય છે. આવા બધા પ્રકારો તેજ પાપ છે. આ બધાં પાપોથી જ કર્મો બંધાય છે. કર્મ બંધથી જ સંસાર વધે છે. જીવને ચારગતિમાં ભટકવું પડે છે. મનુષ્યગતિ, આર્યદેશ, જૈનકુલમાં જન્મ, આત્મામાં જાગ્રતિ, દેવ-ગુરુ-ધર્મની જોગવાઈ અને સમજણ આ બધું ઉત્તરોત્તર દુર્લભ છે. પાપાચરણોથી મનુષ્યભવ બગડે છે.

માટે આચરવા યોગ્ય, આત્મા જાગતો થયો હોયતો, પોતાની શકિતનું માપ સમજીને, સચવાઈ શકે તેટલું, વ્રતપચ્ચખ્ખાણ અવશ્ય લેવું. બની શકે તો સર્વવિરતિધર બનવું. સર્વસ્વનો ત્યાગ કરવો; અથવા શ્રાવકનાં વ્રતો પણ જરૂર લેવાં.

પત્ની, પૈસા, પુદ્ગલ, પરિવાર, લાગે ચારેથી, પાપ અઢાર,
ચારે મોટા સંસારના દ્વાર, ચારગતિનાં દુઃખ દેનાર. ॥ ૧ ॥

સાધુ કે શ્રાવકનાં વ્રતો સમજીને લેનાર, સાચવનાર ચોક્કસ આરાધક બને છે.

શ્રાવકનાં બારે વ્રતોમાં પણ, એક બે ત્રણ વિગેરે જેટલાં લેવાય તેટલાં લેવાં. માંસ, મદિરા, મધ, માખણ અવશ્ય છોડવાં. બાવીશ, અભક્ષ્ય, બત્રીશ અનંતકાય જાણવાં, સમજવાં, છોડાય તેટલાં જરૂર ત્યાગ કરવાં.

ઉપવાસ, આયંબીલ, એકાશણાં, આદિ તપ કરતાં શીખવું, બારે માસ બીજ. પાંચમ, આઠમ, અગ્યારસ ચૌદશ આદિ તિથિઓમાં નાના મોટા તપ કરવા, ટેવ પાડવી. નવકારસી ચૌવીહાર આદિ પચ્ચખાણ કરવાં. ગંઠસી, વેઢસી, મુઠસી આદિ આઠ સંકેત પચ્ચખ્ખાણો પૈકી બને તેટલાં વ્રત, પચ્ચખ્ખાણ કરતાં શીખવું.

અભયદાન, સુપાત્રદાન, અનુકંપાદાન બારે માસ આપવા ટેવ પાડવી, બધાં દાનોમાં આદર હોય, બહુમાન હોય, અનુમોદના હોય, તો જીવને હળવા કર્મી બનાવે છે. મેઘરથરાય અને મેઘકુમારની પેઠે મોટું પુણ્ય બંધાય છે. શક્તિ અનુસાર શીલવ્રત પાળવા પણ ટેવ પાડવી. પરસ્ત્રીનો અને વેશ્યાનો અવશ્ય ત્યાગ કરવો. ગુણી આત્મા સ્ત્રી અથવા પુરુષને ઓળખવા, તેમને સત્કાર-સન્માન કરવું. ન બને તો તેમના ગુણની અનુમોદના પણ જરૂર કરવી.

તથા હવે પછી લખવાનાં પાંત્રીસ દ્વારોમાં, મિથ્યાત્વદ્વારમાં અને પ્રતિક્રમણ દ્વારમાં યથા યોગ્ય ત્યાગવા યોગ્ય વસ્તુઓનું વર્ણન બતાવાસે. તથા સાંભળવાયોગ્ય, વખ્ખાણવાયોગ્ય, અને આચરવાયોગ્ય બધી બાબતો એ સિવાયના બાકીના તેત્રીસ દ્વારોમાં જરૂર આવવાની હોવાથી આંહી લખતા નથી.

હવે થોડી વીતરાગદેવની આજ્ઞા સમજાવતી ગાથાઓ લખી. પ્રકરણ પૂરૂં કરીશ.

आणाइ तवो, आणाइ संजमो, तहयदाणमाणाए ।
आणारहियो धम्मो पलालपुलुव्वपडिहाइ ॥ १ ॥

जह तुसखण्डण-मयमंडणाइ रुन्नंव सुन्नरन्नंमि ।
विहलाइ तह जाणसु आणारहियं अणुट्ठाणं ॥ २ ॥

आणाखण्डणकारी जइवि तिकालं महाविभूईए ।
पूएइ वीयरायं, सव्वंपि निरत्थयं तस्स ॥ ३ ॥

पुढवी-दग-अगणि-मारुअ-वणस्सइ तहत साण विविहाण ।
मरणंतेवि नपीडा कीरइ मणसा तयं गच्छं ॥ ४ ॥

एगो साहू, एगा साहुणी, सावओवि सड्ढी वा ।
आणाजुत्तो संघो, सेसो पुण अट्ठिसंघाओ ॥ ५ ॥

सुहसीलाओ, सच्छंदचारिणो, वेरिणो सिवपहस्स ।
आणाभट्ठाओ बहुजणाओ, मा भणइ सघुत्ति ॥ ६ ॥

जिणदिक्खंपि गहेउं, जयणविहुणा कुणंति तिव्वतवं ।
जिणआणखडगाजे, गोयम ? गिहिणो वि अब्भहिया ॥ ७ ॥

आणारुइस्स चरणं, तब्भंगे जाण किं न भग्गंति ।
आणं च अइकंतो कस्साएसा कुणइसेसं ॥ ८ ॥

આઠ ગાથાનો ક્રમસર અર્થ—

શ્રી વીતરાગશાસનમાં, શ્રીવીતરાગની આજ્ઞાને આગેવાન બનાવીને, પછી જ તપ કરવો આણા વગરનો તપ પણ નકામો છે. જેમ ક્રોડો વર્ષો સુધી, અગ્નિશર્માએ કરેલો તપ ફોકટ = વ્યર્થ ગયો. તથા દૃઢપ્રહારી, અર્જુનમાળી જેવાના આણાયુક્ત તપથી કર્મો બળી ગયાં, દુષ્ટકર્મો પણ ક્ષય પામ્યાં, સર્વજ્ઞ થયા, મોક્ષમાં ગયા.

તથા સંયમ પણ આજ્ઞાપૂર્વક જ પાળનારા આરાધક મનાયા છે. અન્યથા અતિદુષ્કર પાળનાર શિવભૂતિ (દિગંબર મત ચલાવનાર), વારાહમિહીર, બાલચંદ્ર સુકુમારિકા સાધ્વી અને ભાણજી, જેઠમલ, ભીખમજી વિગેરે અતિકષ્ટ કરી ગયા હોય તો પણ, આજ્ઞાના અભાવે નકામું ગણાયું છે.

દાન પણ વીતરાગની આજ્ઞાપૂર્વક મહાફળ આપે છે. બાકીના દાન ઉચિતદાન કે કે કીર્તિદાનમાં જાય છે, જિન આણા વગરના બધા જ ધર્મ ફોતરાની વાવણી જેવા જાણવા.॥૧॥

જેમ ફોતરાંને ખાંડવાથી અનાજ નીકળતું નથી, જેમ મડદાંને દાગીના પહેરાવવાથી શોભતું નથી. અથવા શૂન્યજંગલ રડનારની રાડો કે વિલાપ નકામા છે. તેમ જિન આણા વગરના અનુષ્ઠાનો પણ નકામા જ ગણાય છે. જિનાજ્ઞાથી કરાયેલા, દાન, શીલ, તપ, સામાયિક, પ્રતિક્રમણ, સેવા, ધ્યાન, જાપ, થોડા પણ મોટું ફળ આપે છે. ॥૨॥

તથા વીતરાગની આજ્ઞા કોરાણે મૂકીને, મોટા આડંબરથી, ત્રણે કાળજિન પૂજા કરે તો પણ તેનું જિન ભકિતરૂપ અનુષ્ઠાન નકામું છે. ॥ ૩ ॥ કહ્યું છે કે :

वीतरागसपर्यायाः तवाज्ञाराधना परं । आज्ञाराद्धा विराद्धा च, शिवाय च भवाय च ॥ १ ॥

**અર્થ** : વીતરાગદેવની સેવા અને વીતરાગની આજ્ઞા બેમાં પણ આજ્ઞા જ મુખ્ય છે. પૂજા હોય ને આજ્ઞા ન પણ હોય. જ્યારે આજ્ઞા હોય ત્યાં પૂજા અવશ્ય હોય. માટે જ આજ્ઞાની આરાધનામાં પૂજાનો સમાવેશ થઈ જાય છે અને તેથી પૂજા કરનારાઓ પણ વખતે

વિરાધના કરી બેસે છે. માટે આજ્ઞાની આરાધના જ મોક્ષ આપે છે અને આજ્ઞાની વિરાધના સંસાર રખડાવે છે.

તથા પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, તથા બેઈન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરિન્દ્રિય, અસંજ્ઞિપંચેન્દ્રિય, જલચારી, સ્થલચારી, આકાશચારી, પેટથી ચાલનારા વા હાથપગથી ચાલનારા તથા મનુષ્યો, દેવો અને નારકી જીવો. આવા બધા જીવોના ભેદો પ્રતિભેદો = એટલે ચૌરાશીલાખ યોનિમાં રહેલા સર્વજીવોને, મનમાં પણ મારવાની ભાવના ન થાય, વચનમાં મારી નાખવાનો શબ્દ ન હોય, કાયાથી જીવહિંસા ન થઈ જાય તેવી જયણા હોય. તેજ ગચ્છ કહેવાય છે. તેજ સાચો સાધુ જાણવો. ॥ ૪ ॥

આવા ગુણવાળા અર્થાત્ વીતરાગદેવોની આજ્ઞા સમજનારા, અને પોતાની શક્તિ અનુસાર આજ્ઞા પાળનારા, એવા એક સાધુ, એક સાધ્વી, એક શ્રાવક, એક શ્રાવિકા હોય તો પણ પૂર્વાચાર્યોએ તેને સંઘ માન્યો છે. પરંતુ અજ્ઞાની લોકોનું ટોળું હોય તેને સંઘ કહેવો નહીં. અર્થાત્ વીતરાગની આજ્ઞા પાળવાના ખપી જીવો. થોડા હોય તો પણ, તે જ સાચો સંઘ જાણવો. ॥ ૫ ॥

જગતના મનુષ્યોની સંખ્યામાંથી ઉપાધ્યાયજી તારવણી કરી બતાવે છે.

"થોડા આર્ય, અનાર્યજનથી, જૈન આર્યમાં થોડા,
તેમાં પણ પરિણત જન થોડા, શ્રમણ અલ્પ બહુ મોડા." ॥૧॥
"ભદ્ર બાહુગુરુ વદન વચનએ, આવશ્યક સુત્રે ( નિરિયુક્તિ ) લહીયે,
આણાશુદ્ધ મહાજન જાણી, તેહની સંગે રહીયે." ॥૨॥
અજ્ઞાની નવી હોવે મહાજન, જો પણ ચલવે ટોળું,
ધર્મદાસ ગણી વચન વિચારી, મન નવી કીજે ભોળું." ॥ ૩ ॥
અજ્ઞાની નિજછંદે ચાલે, તસનિશ્રાયે વિહારી,
અજ્ઞાની જો ગચ્છને ચલવે, તે કહ્યો અનંત સંસારી. ॥ ૪ ॥

**ઇતિ સાડાત્રણસો ગાથાનું સ્તવન ઢાળ ૧લી ગાથા ૯-૧૦-૧૧-૧૨**

સુખ શીલિયા. આજ કારણે સ્વચ્છંદાચારી. માટે જ મોક્ષ માર્ગ, એટલે રત્નત્રયીના દુશ્મન, આવા કારણે, આણાભ્રષ્ટ માણસોના ટોળાને, સંઘ કહેવો નહીં, તેવા ટોળાને સંઘ કહેવો તે પાપ છે. ॥ ૬ ॥

ભગવાન વીતરાગ શાસનની દીક્ષા પામીને, ખુબ તપ કરતા હોય, છઠ-અઠમ વિગેરે તપ કરતા હોય. પરંતુ જયણા સમજતા જ ન હોય. આરંભો થઇ જાય તેનું ભાન હોય નહીં. પાંચ સમિતિ જાણતા ન હોય, સમજે પણ આચરતા ન હોય, રત્નત્રયીના ઉપદેશને

ગૌણ બનાવી, આરંભજનક પ્રવૃત્તિ કરનારા, આજ્ઞાનું ખંડન કરનારા, સાધુઓ પણ, આજ્ઞા પાળનાર ગૃહસ્થો થકી ઉતરતા જાણવા. અર્થાત્ ગૃહસ્થ એવા ભવભીરૂ શ્રાવકો થકી, અજયણાએ વર્તનારા વેશધારી ઉતરતા જાણવા. ॥ ૭ ॥

જેના ચિત્તમંદિરને વિશે, પરમાત્મા જિનેશ્વર દેવોની આજ્ઞાએ વસવાટ કર્યો હોય તેવા ભવના ભીરૂ આત્માઓ, ભલે પછી તે સાધુ હોય કે શ્રાવક હોય, તેમનામાં જ દેશ-વિરતિ કે સર્વવિરતિ ચારિત્ર પ્રાપ્ત થાય છે, ટકે છે, તે જ પામી શકે છે, સાચવી શકે છે. આજ્ઞા આવે જ નહીં. આવેલી નાશ પામે તો. વ્રતપચ્ચખ્ખાણ–પ્રતિજ્ઞા સંજમ ચારિત્ર રહે જ કેમ ॥ ૮ ॥

"નિધાનસમજીન આણમાં, ગુણરત્નો સચવાય,
નિધાનનાશ જો થાય તો, ગુણ ગણ પણ ક્ષય થાય.

કંચન કુંભ જિન આણમાં, વિરતી સુધા સચવાય,
જિન આણા આવ્યા વિના વિરતિગુણ નવ થાય.

જિન આણા માતા સમી, વિરતિ પુત્રી સમાન,
આણાવિણ તપત્યાગ ધર્મ જાણો જુઠ ડફાણ."

નિચોડ એ જ કે આજ્ઞાને ઉલ્લંઘન કરનારો, વિચાર કરે તો સમજાય કે હું આજ્ઞા પાળું જ નહીં તો, આમારું અનુષ્ઠાન કોના આદેશથી પ્રવર્તે છે એમ જરૂર ખ્યાલમાં આવે.

આ બધા વર્ણનોનો સાર એ જ છે કે, વીતરાગદેવનાં વચનો–પૂર્વાચાર્યોનાં વચનો, હજારો સંખ્યામાં રચાયેલા, અને હાલ જ્ઞાનમંદિરોમાં સંગ્રહાયેલા, મહાપુરુષોની બુદ્ધિના ભંડારોરૂપ ગ્રન્થરત્નો, વંચાય, વિચારાય, અનુભવી મહાપુરુષોના અનુભવોનો સાથ લેવાય. પોતાના પૂર્વગ્રહો છોડવા ભાવના જાગે તો, આવાકાળમાં પણ જિનાજ્ઞાપ્રાપ્તિનું ભાગ્ય વિકાસ પામે.

**ઇતિ શ્રાવકનાં છત્રીશ કૃત્યો. મન્હજિણાણ માણં સ્વાધ્યાય પાંચ ગાથાનું પ્રથમ દ્વાર, વીતરાગ જિનેશ્વરદેવની આજ્ઞા યાને સાચી માણસાઈનું, સંક્ષેપ વિવરણ પૂર્ણ થયું છે. જ્યાં સુધી શાસનઅધિપતિ મહાવીરદેવનું શાસન જયવંતુ વર્તે, ત્યાં સુધી ભવ્ય જીવો વડે વંચાતો આ ગ્રન્થ વિજયમાન રહો.**

# ગ્રન્થકારપ્રશસ્તિ યાને ગુરૂપરંપરા

## ચોપાઈની દેશી

શાસનનાયક જિનેશ્વરવીર. ભવ્યજીવ ભવોદધિતીર, ગુણરત્ન સાગર ગંભીર ભૂરિ ભાવ નમાવું શિર. ૧
સુરાસુરનરેશ્વરરાય. નિત્યસેવે જેહના પાય, ધ્યાન જાપથી પાપ પલાય, વંદું વીર જિનેશ્વરરાય. ... ૨
પ્રભુશિષ્યો ગણધર અગ્યાર, બીજા શિષ્યો ચૌદ હજાર, પંચમકાળ શાસન રખવાળ, પંચમ સુધર્મા ગણધાર ૩
પંચમકાળના સૌ અણગાર. સૂરિ–વાચક–મુનિ પરિવાર. શ્રમણી શ્રાવક શ્રાવિકા સંઘ. સુધર્મસ્વામી પરંપરા અંગ. ૪
તાસશિષ્ય જંબુ બ્રહ્મચારી. જેણે પરણી તજી આઠ નારી. કંચન કામિની રાગ નિવારી, કેવલ પામી વર્યા શિવનારી ૫
ચોરી ત્યાગી થયા અણગાર. સાથે પાંચસો મુનિ પરિવાર. પ્રભવસ્વામી ત્રીજા પટધાર, શ્રુતકેવલી પૂરવ ચૌદધાર. ૬
સ્વયંભવ ચોથા પટધાર. મનકપુત્રનો કીધો ઉદ્ધાર. પંચમસૂરિ યશોભદ્ર નામ, નિત્ય ઉઠી નમું શિરનામ. ૭
સંભૂતિવિજય છઠ્ઠા સૂરિરાય, ભદ્રબાહુ બીજા ગુરુ ભાય, સૂત્ર અર્થ તદુભય સાર, ચૌદપૂરવ જાણે વિસ્તાર. ૮
કેવલજ્ઞાની પહેલા દોય, પાંચ ચૌદપૂરવધર હોય, સપ્તમ સ્થૂલભદ્ર સૂરિસ્વામ, વેશ્યાવાસ રહ્યા વિશ્રામ. ૯
ચાર માસ વેશ્યા ઘર વસ્યા, ત્રણે યોગમાં નિર્મલ દશા, શીલકીર્તિ ત્રણલોક ગવાય, એવા કોઈ થયા નહિ થાય. ૧૦
કાલચક્ર બેતાલીશ જામ, સ્થૂલ ભદ્રનું રહેશે નામ. શીલવ્રતધર જગમાં જે થયા, સ્થૂલભદ્ર સૌ પહેલા કહ્યા. ૧૧
પટ્ટધર તાસ થયા ગુણધામ, મહાગિરિ–સુહસ્તિનામ, જિનકલ્પની તુલના કરે, બીજા ગચ્છધારી વિચરે. ૧૨
મહાભયંકર પડે દુષ્કાળ, ભટકે ઘરઘર બહુ કંગાલ, ક્ષુધાતુર ભીખારી એક, દ્રવ્ય દીક્ષાને ભાવવિવેક. ૧૩
સાધુવેશ, અશન બહુમાન, અનુમોદન ને ધર્મનું ધ્યાન, મરણ પામીને સંપ્રતિરાય, ગુરૂદેવને વાંદવા જાય. ૧૪
જાતિસ્મરણ ગતભવ જ્ઞાન, ગુરૂ ઉપર પ્રકટયું બહુમાન, મુજ રાંકને કીધો રાય, તે બદલો શી રીતે વળાય ૧૫
જૈનચૈત્યો પ્રતિમા ભરાવે, દાનશાળાઓ ખૂબ કરાવે, દુઃખી રાંકોના દુઃખ નશાવે, જૈનશાસન ખૂબ ફેલાવે. ૧૬
નવમા પટધર દોય વખાણું, સૂરિ સુસ્થિત–સુપ્રતિબુદ્ધ જાણું, કીધો સૂરિમંત્ર કોટિ જાપ, ઢીલાં પડયાં અઢારે પાપ. ૧૭
દશમા ઈન્દ્રદિન્ન સૂરિરાય, દિન્નસૂરિ અગ્યારમા થાય, સિંહસૂરિ થયા તસ્સ શિષ્ય, જાતિસ્મરણવાન જગીશ. ૧૮
વજ્રસ્વામી પટોધર તાસ, દિક્ષા લીધી પિતાની પાસ. માતા સુનંદાદેવીનાનંદ તોડયા રુકમણિબાળાના છંદ ૧૯
સંસાર મહેલના દોય આધાર, એકલક્ષ્મીને બીજીનાર. વજ્રસ્વામી તોડે તસપાશ, મોહરાય હારી થયો દાસ ૨૦
કોડિ સુવર્ણ ધન ભંડાર, દેવી જેવી રૂપાળી બાળ, શાન્તરસ વૈરાગ્ય રસાલ, મોહસૈન્ય થયું વિસરાલ. ૨૧
વજ્રસ્વામી પટોધર રાય, વજ્રસેન સૂરિવર થાય, કુંકણ દેશ સોપારક જાય, લાખ સોનૈયે ધાન્ય વેચાય. ૨૨

દુહા : જિનદત્તસેઠ તિહાંવસે, ઈશ્વરી દેવીનાર, ચન્દ્ર–નાગેન્દ્ર–નિર્વૃત્તિ વિદ્યાધર સુતચાર. ૨૩
વજ્રસેન ગુરુ મુખ થકી, સાંભળી ગુરૂ સંદેશ, પામી ભવ નિર્વેદને, પામ્યા મુનિવર વેશ. ૨૫
શ્રાવક ને વળી શ્રાવિકા, સાથે પુત્રો ચાર, દીક્ષા–શિક્ષા પામીને, થયા મહાવ્રત ધાર. ૨૪

ચોપાઈ . વિક્રમરાય સંવત્સર થાય, એકસો ચૌદ વર્ષો જબ જાય, ગુરુદેવનો પામી પસાય. ચારે મહાપ્રભાવક થાય. ૨૬
થયા પન્નરમા પટધાર, ચાર શાખા પામે વિસ્તાર, ચન્દ્ર આદિ કુલો કહેવાય, મોટા સૂરિ હજારો થાય. ૨૭
સામંતભદ્ર પટોધર તાસ, વૃદ્ધદેવ પટોધર જાસ, પ્રદ્યોતન પ્રદ્યોતન ધામ, અઢારમા પટોધર નામ. ૨૮
હવે ઓગણીશમા માનદેવ, દેવ દેવી કરે જસ સેવ, વિગયષટ્ક રસો કરે ત્યાગ, ભકત વર્ગથી તોડયો રાગ. ૨૯
જયા–વિજયા અજિતા નામ, અપરાજિતા સમકિતનું ધામ, ચારે દેવી વસે ગુરૂ પાસ, ગુરુચિત્ત ન રાગનો વાસ. ૩૦
માનતુંગ મોટા સૂરિરાય, તાસપાટ, પટોધર થાય, મોટા રાજા વિદ્યાધનવાન, મોટું આપે ગુરુ બહુ માન. ૩૧

દુહા : શ્રીરસૂરિ એકવીશમા, બાવીશમા જયદેવ, દેવાનંદ સૂરિશ્વરૂ તેવીશમા ગુરુદેવ. ૩૨
ચઉવીશમા પટધર નમું, શ્રીવિક્રમ સૂરિરાય, તાસપટોધર ગુણનીલો, નરસિંહસૂરિ થાય. ૩૩
છવીશમા પટધર થયા, સમુદ્રસૂરિ મહારાય, સત્તાવીશમા પટધરૂ, માનદેવસૂરિ થાય. ૩૪
અઠ્ઠાવીશમા પાટવી, વિબુધપ્રભ સૂરિભાણ, તાસ પટોધર વંદીયે, જયાનંદ ગુણ ખાણ. ૩૫
થયા પટોધર ત્રીશમા, રવિપ્રભ સુરિરાય, તાસપટે એકત્રીશમા યશોદેવસૂરિ થાય ૩૬

ચોપાઈ : પ્રદ્યુમ્નસૂરિ થયા સૂરિદેવ, રુપકલા ગુણ કામદેવ, તાસપાટે થયા સૂરિરાય, ત્રીજા માનદેવ કહેવાય. ૩૭
વિમલચંદ્રસૂરિ ચઉતીશ, સૂરિવાચક ઘણા જસશિષ્ય, તાસશિષ્ય ઉદ્યોતનનામ શાસન અંબર ઉદ્યોતન ધામ. ૩૮
તાસ શિષ્ય ચોરાસી થાય, મોટો શાસન ઉદ્યોત ગવાય, નવસો પંચાણું વિક્રમ વર્ષ, જૈન શાસન ફેલાયો હર્ષ. ૩૯

દુહા : તાસ શિષ્ય બે સૂરિવરા, સર્વદેવ—વર્ધમાન, જિનશાસન ગગનાંગણે, ચંદ્ર—સૂરજ ઉપમાન. ૪૦
શ્રીદેવસૂરિ તસ્સ ગણધરા, સર્વદેવ તસ્ય શિષ્ય, રત્નત્રયીરત્નાકરા, ગુણગણવિશવા વીશ. ૪૧

ચોપાઈ : ઓગણચાલીશમા સૂરિરાય, યશોભદ્ર, નેમિચંદ્ર થાય, જાસગુણો સુરાસુરગાય, સંયમ પાળીને સ્વર્ગ સધાય. ૪૨
ચાલીશમા મુનિચંદ્ર વખાણું, મોટા ત્યાગી તપસ્વી જાણું, સર્વ વૈરાગી શિરદાર, જાવજીવ વિગય પરિહાર. ૪૩
થયા એકતાલીશમા પટધાર, અજિતદેવ ગુણોભંડાર, વિજય સિંહસૂરીશ્વરરાય. બેતાલીશ પટોધર થાય. ૪૪
તાસપાટ ઉદય ગિરિભાણ, સોમપ્રભસૂરિ ગુણખાણ, બીજા મણિ રત્નસૂરિરાય, રાજારાણા નમે જસ પાય. ૪૫

દુહા : જગતચંદ્ર સૂરિરાજવી, મહાત્યાગી તપવાન, સાડાબાર વર્ષો લગે, તપ આંબીલ વર્ધમાન. ૪૬
મહાજ્ઞાની મુનિવર પ્રભુ, મહાપ્રભાવક થાય, ક્ષમાપતિ, લક્ષ્મીપતિ, અનેક સેવે પાય. ૪૭
તપગચ્છ નામ તિહાં થયું, સર્વગચ્છ શિરદાર, ક્રિયા ઉદ્ધાર કરાવીને, વર્તાવ્યો જયકાર. ૪૮
તે કાળે જિનશાસને, ચોરાશી ગચ્છ થાય, જ્ઞાન—ક્રિયા તપત્યાગમાં, તપગચ્છ મુખ્ય ગણાય. ૪૯
પીસ્તાલીશમા પાટવી, દેવેન્દ્રસૂરિરાય, કર્મગ્રન્થ ત્રણ ભાષ્યના, સૂત્રધાર કહેવાય. ૫૦
બીજા બહુ ગ્રન્થો રચી મહાઉપકારી થાય, વિક્રમ તેર સત્તાવીશે સૂરિવર સ્વર્ગ સધાય. ૫૧
છેતાલીશમા પાટવી, ધર્મઘોષ સૂરિસ્વામ, અનેક મંગલવિસ્તરે, જો સ્મરીયે તસ નામ, ૫૨
વિગઈ બધી રસ—કસ બધા, જાવજીવ પરિહાર, કેવળ એક યુગંધરી અશન ફકત આધાર. ૫૩
સુડતાલીશમા પાટવી, સોમપ્રભ સૂરિરાય, તાસ પટાંબર ચંદ્રમા, સોમતિલક સૂરિ થાય. ૫૪
દેવસુન્દર તસ્સ પટધરૂ, મુનિગણના રખવાળ, સોમસુન્દર પચ્ચાસમા, સર્વ સંઘ પ્રતિપાળ, ૫૫
એકાવનમા પાટવી, મુનિસુન્દરસૂરિ થાય, સંઘશાન્તિકારણ રચ્યું, સ્તોત્ર ઘણા આમ્નાય. ૫૬
વૈરાગી મુનિવર્ગને, અધ્યાતમ કરનાર, રચી અધ્યાત્મ શાસ્ત્રને, ઘણો કર્યો ઉપકાર. ૫૭
તાસ પટાંબર અર્યમા, રત્નશેખરસૂરિ થાય, શ્રાદ્ધવિધિ મહાગ્રન્થના, સૂત્રધાર કહેવાય. ૫૮

ચોપાઈ : લક્ષ્મી—સુમતિસાગર સૂરિરાય, તેપન્ન ચઉપન્ન પટોધર થાય, હેમવિમલ સૂરીશ્વરરાય, નિત્ય ઉઠી નમું તસ પાય. ૫૯
નમું છપ્પનમા સૂરિસ્વામ. આનંદવિમલ આનંદનું નામ, છઠભકત સદા તપકાર, બીજા ગુણ તણો નહીંપાર ૬૦
મુખબંધા મૂર્તિના વિરોધી, ગુરુવચને થયા સુલભબોધી, જૈનચૈત્યો ને મૂર્તિ ભરાવે, ગુરુ ક્રિયા ઉદ્ધાર કરાવે. ૬૧
તાસપાટ પટોધરરાય, વિજયદાન સૂરીશ્વર થાય, વિજય હીરસૂરિ તસ શિષ્ય પ્રતિબોધ પામ્યો સાહી ઈશ. ૬૨
ષટ્માસ અમારી પલાવે, ક્રોડો જીવોને મરતા બચાવે, સુબા, રાવ, રાણા વશ થાય, સૂરિ મોટા પ્રભાવક થાય. ૬૩

દુહા : તાસપટોધર રાજવી, વિજયસેન સૂરિરાય, મોગલરાય જહાંગિર પણ, આપે માન સદાય. ૬૪
સાઈઠમા પટધર થયા, વિજયદેવ સૂરિભાણ, વિજયસિંહ સૂરિવર થયા, એકસઠમા ગુણઠાણ. ૬૫
નિગ્રન્થ કૌટિક ગણ થયા, વજ્રી શાખા થાય, ચાન્દ્રકુલ વનવાસિયા, ઉપનામો બોલાય. ૬૬
વડગચ્છ તપગચ્છ નામથી, ક્રમિક શાખા સાત, એકસઠ યાવત પટધરા, અતિ ઉજ્વલ અવદાત ૬૭
હવે પછી દશ પાટમાં, સૂરિ એકે નવ થાય, પણ પંન્યાસ–ગણીપદે, સૌ શાસન સચવાય. ૬૮
વિજયસિંહ સૂરિપાટવી, સત્યવિજય પંન્યાસ, ક્રિયા ઉદ્ધાર કરાવીને, શોભાવે સંન્યાસ. ૬૯
શાસનરસિક શ્રીસંઘનો, સુન્દર લઈ સહકાર! શીથિલતાને ત્યાગવા, કિધો ક્રિયા ઉદ્ધાર. ૭૦
કપૂર, ક્ષમા, જિન, ઉત્તમ, પદ્મ રુપ, મુનિરાય, કીર્તિ વળી કસ્તૂરને, મણિવિજય ગણી થાય. ૭૧
સૂરિ થયા નહીં એક પણ, પંન્યાસ, ગણિવર થાય, જૈનશાસન શ્રીસંઘનો, યોગક્ષેમ સચવાય. ૭૨
મહાગુણી વિદ્વાનને, શાસનના શણગાર, રત્નત્રયી આરાધીને, અલ્પકર્યો સંસાર. ૭૩

ચોપાઈ : એકસીત્તરમા, મુનિરાય, દાદામણિ વિજયજી થાય, સાંપ્રતકાળ મુનિ સમુદાય, તસ્સ શાખા પ્રશાખા કહેવાય. ૭૪
તાસશિષ્ય સિદ્ધિસૂરિરાય, ઘણો મોટો દીક્ષા પર્યાય, બાવીશ વર્ષ રહ્યા ઘરવાસ, ત્યાસીવર્ષ સંયમધર ખાસ ૭૫
તપ, જાપ, મોટો, સ્વાધ્યાય, પંચમ કાળે મોટો પર્યાય, પંચ ઉત્તર વર્ષશત આય, સંઘસ્થવિરનું બિરુદ ધરાય ૭૬
તસ્સ શિષ્ય મુનિ ગુણધામ, વિનયવિજય મુનીશ્વરનામ, સંત્તરવર્ષ સંજમપર્યાય. પાળી સ્વર્ગે ગયા ગુરુરાય. ૭૭

દુહા : વિનય વિજય મુનિરાજના, શિષ્યાગ્રણી ગુણધામ, વિજયભદ્રસૂરીશ્વરા, ગુણ–મણિગણ વિશ્રામ ૭૮
બે બાંધવની જોડલી, સંવેગી શિરદાર, પત્ની પણ શ્રામણી થયાં, પંચમહાવ્રતધાર, ૭૯

ચોપાઈ : પાંસઠ વર્ષ દીક્ષા પર્યાય, હઊિણા. તાણું વર્ષદ્વય થાય, ધ્યાન, જાપ, તપોમયકાય, સર્વસંઘને આનંદ દાય. ૮૦

દુહા : સૂરિવર શિષ્ય ગણાગ્રણી, સુન્દર વિજય મહારાજ, પંન્યાસ ગણીપદવીધરા, સંજમધર શિરતાજ. ૮૧
તાસ સંસારી બાન્ધવા, વ્રતપર્યાય સ્થવિર, રત્નત્રયી ગુણ ઉજ્વળા, મુજ મન માર્કંડકીર. ૮૨
મેરૂવિજયપંન્યાસજી, સમતાગુણભંડાર, જડજેવા મુંજ બાલને, ધર્મરત્નદાતાર. ૮૩
સૂરિવર બે પંન્યાસજી, મુજ મોટો ઉપકાર, ભવ ભવ હું ભુલું નહીં જાવ લહું ભવપાર. ૮૪
ગચ્છસ્વામી, દીક્ષાગુરુ ધર્મદાયક ભગવાન, મારા ચિત્તચકોરને ઇન્દુસમ ઉપમાન. ૮૫
પરંપરા કુલ ધર્મ પણ, મહાઉપકારી થાય, સંતાનો શકડાલનાં નવે સ્વર્ગમાં જાય. ૮૬
ધર્મદાયી માતા અને પિતાતણું શુભનામ, સંભાળી આ ગ્રન્થનું, પૂરણ કરશું કામ. ૮૭
નેમિચંદ્ર પિતા અને, મૂલીદેવી માય, જૈનધર્મ મુજ લાભમાં, મહાઉપકારક થાય. ૮૮
માતાપિતા વિદ્યાગુરુ–ધર્મરત્નદાતાર, જે સમજે ઉપકારને, ધન્યતાસ અવતાર. ૮૯
જિનઆણા સમજાવવા, ઉદ્યમ કીધો લેશ, પણ આણા વિપરીત લખ્યું, માગું માફ અશેષ. ૯૦
ઠામઠામ આ ગ્રંથમાં ભૂલો તુમ દેખાય, સંતો સર્વ. સુધારસે, આશા એજ રખાય. ૯૧
જે સારૂં દેખાય તે, પૂર્વસૂરિ ઉપકાર, અસમંજસ, આણારહિત, મુજ અજ્ઞાન પ્રકાર. ૯૨
યાવતજિન શાસન રહે, સૂર્યેન્દૂ આકાશ, તાવત સૌ આ ગ્રન્થને, વાંચે એ અભિલાષ. ૯૫
પ્રભુવીર નિર્વાણથી, ચઊવીશ ત્રાણૂ શાલ, શુકલ પક્ષ દશમી તિથી, મહિનો માઘ રસાલ. ૯૪
ભવભવ જિન દર્શન મલે, સાંભળવા જિનવાણ. ચરણ કમલ જિનસેવના, તો મુજ જન્મપ્રમાણ. ૯૫
વિજયભદ્રસૂરિશ્વર સુન્દર ગુરુ સુપસાય, ચરણવિજય રચના રચી જિનઆણા ગુણદાય ૯૬

ઈતિ પ્રશસ્તિ સંપૂર્ણ

★

(શુદ્ધિપત્રક ચાલુ અનુસંધાન પૃષ્ઠ ૩૨)

| અશુદ્ધ | શુદ્ધ | લીટી | પૃષ્ઠ |
|---|---|---|---|
| ધક્કાર | ધિક્કાર | ૧૯ | ૬૧ |
| પારે | परि | ૭ | ૬૧ |
| બાલકાદ | બાલકાદિ | ૮ | ૬૨ |
| મંડ | મેડ | ૧૩ | ૬૨ |
| દીલપ | દીલિપ | ૨૦ | ૬૩ |
| બાલરાજા | બલિરાજા | ૩ | ૬૪ |
| કલ્કીના | કલ્કીનો | ૧૫ | ૬૪ |
| આાદ | આદિ | ૧૮ | ૬૪ |
| ઉપાધમાં | ઉપાધિમાં | ૩૧ | ૬૪ |
| અનાદ | અનાદિ | ૧૫ | ૬૫ |
| યગલાક | યુગલિક | ૧૦ | ૬૬ |
| માલકો | માલિકો | ૬ | ૭૦ |
| પાંડતો | પંડિતો | ૭ | ૭૧ |
| બાલકાના | બાલિકાના | ૧૪ | ૭૨ |
| ચોકયાતો | ચોકિયાતો | ૨૭ | ૭૮ |
| ગરમાં | નગરમાં | ૫ | ૮૦ |
| નહા | નહીં | ૨૬ | ૮૦ |
| મહાનુભવ | મહાનુભાવ | ૧૩ | ૮૨ |
| પંચપરમોષ્ઠ | પંચપરમેષ્ઠિ | ૩ | ૮૩ |
| કાડો | કોડો | ૭ | ૮૩ |
| માછલા | માચ્છલાં | ૧૫ | ૮૩ |
| ઊચિત | ઉચિત | ૩૦ | ૮૩ |
| અજ્યપાલરૂ | અજયપાલ | ૧૮ | ૮૬ |
| મૂચ્છત | મૂર્ચ્છિત | ૯ | ૯૦ |
| રોહતાશ્વ | રોહિતાશ્વ | ૧૦ | ૯૧ |
| બુદ્ધનિધાન | બુદ્ધિનિધાન | ૩૨ | ૯૧ |
| પતિભાકતની | પતિભકિતની | ૧૮ | ૯૨ |
| દવસ | દિવસ | ૧૦ | ૯૩ |
| ગાણ | ગૌણ | ૨૬ | ૯૩ |
| ચત્ત | ચિત્ત | ૪ | ૯૪ |
| ત્રપુટી | ત્રિપુટી | ૧૫ | ૯૪ |
| વચનામાં | વચનોમાં | ૧૯ | ૯૫ |
| કલાંકત | કલંકિત | ૩૨ | ૯૫ |
| મુકતનુ | મુકિતનું | ૧૩ | ૯૬ |
| બુદ્ધમાં | બુદ્ધિમાં | ૬ | ૯૭ |

| અશુદ્ધ | શુદ્ધ | લીટી | પૃષ્ઠ |
|---|---|---|---|
| ત્રશલાદેવી | ત્રિશલાદેવી | ૨૯ | ૧૦૦ |
| न धर्मों | ने धर्मों | ૨૮/૨૯ | ૧૦૨ |
| પ્રાણે | પ્રમાણે | ૨૩ | ૧૦૫ |
| વિધ | વિધિ | ૪ | ૧૦૬ |
| અભ્યાસમારી | અભ્યાસ કરવાની મારી | ૧૩ | ૧૦૬ |
| કરવાની | ૦ | ૧૪ | ૧૦૬ |
| ભાકત | ભકિત | ૧૧ | ૧૦૭ |
| દ્રાપદીએ/ | દ્રૌપદીયે | | |
| દયર | દિયર | ૩૦ | ૧૦૮ |
| માતાપ્રેમ ત્યાગ | માતાપ્રેમ અને સંસાર ત્યાગ | | ૧૦૯ |
| મિલ | વિમલ | ૨૧ | ૧૦૯ |
| વર્ધ ન સૂરિ | વર્ધમાન સૂરિ | ૨૪ | ૧૦૯ |
| માંદર | મંદિર | ૨૬ | ૧૦૯ |
| અક | એક | ૨૪ | ૧૧૧ |
| કાડો | કોડો | ૬ | ૧૧૨ |
| આારમાં | આરામાં | ૨૮ | ૧૧૩ |
| વહોરવતાં | વહોરાવતાં | ૧૦ | ૧૧૭ |
| બધાય છે | બંધાય છે | ૩ | ૧૧૯ |
| દવસ | દિવસ | ૧૧ | ૧૨૩ |
| સ્વબુદ્ધથી | સ્વબુદ્ધિથી | ૧૬ | ૧૨૫ |
| દવસ | દિવસ | ૭ | ૧૨૬ |
| रहते | हरते | ૧૭ | ૧૨૭ |
| બિળામણુ | બીહામણું | ૨૭ | ૧૨૯ |
| ચસે | ચુસે | ૨૮ | ૧૨૯ |
| બુદ્ધ | બુદ્ધિ | ૨૦ | ૧૩૦ |
| પાતાને | પોતાને | ૨૮ | ૧૩૦ |
| માહે | માટે | ૩૧ | ૧૩૦ |
| સૂર | સૂરિ | ૧૦ | ૧૩૪ |
| ઉંશ્વરકર્તૃત્વ | ઈશ્વરકર્તૃત્વ | ૪ | ૧૩૫ |
| ત્રભુવન | ત્રિભુવન | ૧૭ | ૧૩૫ |
| કાલકાલ | કલિકાલ | ૧૬ | ૧૩૬ |
| गूढो | वूढो | ૯ | ૧૩૭ |

| અશુદ્ધ | શુદ્ધ | લીટી | પૃષ્ઠ | અશુદ્ધ | શુદ્ધ | લીટી | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|---|---|
| સદો/ગોયત્રા | સદ્દો/ગોયમા | ૯ | ૧૩૭ | હાથયારો | હથિયારો | ૭ | ૧૬૩ |
| પાપો | પાવો | ૧૦ | ૧૭ | થાય છે | થયા છે | ૨૪ | ૧૬૫ |
| મહારજે | મહારાજે | ૩ | ૧૩૮ | હીરસૂર | હીરસૂરિ | ૨૫ | ૧૬૫ |
| યાગ્ય | યોગ્ય | ૨૮ | ૧૩૮ | અસક્કો | અસક્કો | ૭ | ૧૬૯ |
| પાડચોયણા | પડિચોયણા | ૯ | ૧૩૯ | ચોપન | ચોપનમા | ૧૭ | ૧૭૦ |
| આગયાર | અગિયાર | ૨૧ | ૧૩૯ | સુત્ત | સુત્ત | ૫ | ૧૭૧ |
| હિતાહત | હિતાહિત | ૨૯ | ૧૪૦ | ાદવસ | દિવસ | ૨૭ | ૧૭૧ |
| ાદવસ | દિવસ | ૧૨ | ૧૪૧ | ,, | ,, | ૧૮ | ૧૭૨ |
| માંગાલક | માંગલિક | ૧૭/૨૦ | ૧૪૧ | સંય | સંયમ | ૧૦ | ૧૭૩ |
| એજ જીવે કે | એજકે | | | પબળ | પ્રબળ | ૩૧ | ૧૭૩ |
| મૂર્ખાધર્મ | મૂર્ખાજીવે ધર્મ | ૯ | ૧૪૨ | અશાકત | અશકિત | ૧૩ | ૧૭૪ |
| વિહર | મિહર | ૨૦ | ૧૪૨ | આઠમ | અઠ્ઠમ | ૧ | ૧૭૫ |
| ગુરુાશષ્ય | ગુરુશિષ્ય | ૭ | ૧૪૪ | આઠમાદ | અઠ્ઠમાદિ | ૧૩ | ૧૭૫ |
| ગણિઆ | ગણી.આ | ૧૨ | ૧૪૪ | ચારત્ર/ચારત્ર | ચારિત્ર/ચારિત્ર | ૨૨ | ૧૭૫ |
| ાદવસ | દિવસ | ૨૮ | ૧૪૫ | ચારમાર | ચારમાસ | ૨ | ૧૭૬ |
| શાકત | શકિત | ૯ | ૧૪૭ | હાય | હોય | ૬ | ૧૭૯ |
| સૂર | સૂરિ | ૫ | ૧૪૮ | વ્યાકત | વ્યકિત | ૫ | ૧૮૨ |
| ખાબાચયા | ખાબાચિયા | ૧૬ | ૧૫૦ | તેઓને | તેવાઓને | ૧૯ | ૧૮૨ |
| નમુસ્કરો | નમુક્કારો | ૯ | ૧૫૧ | શીલાદ | શીલાદિ | ૨૪ | ૧૮૨ |
| ભવતા | ભાવતા | ૧ | ૧૫૨ | સ્તનાદ | સ્તનાદિ | ૪ | ૧૮૪ |
| બુદ્ધ | બુદ્ધિ | ૪ | ૧૫૨ | બુદ્ધથી | બુદ્ધિથી | ૨૦ | ૧૮૪ |
| गिरिजहवरे | गिरिगह्वरे | ૮ | ૧૫૨ | તથી | તેથી | ૧૩ | ૧૮૯ |
| श्रुणंति | श्रुण्वंति | ૧૦ | ૧૫૨ | સતત્ | સનત્ | ૭ | ૧૯૦ |
| ગર્વભી | ગર્દ્ધભી | ૧૯ | ૧૯૦ | ઘાતકી/ઘાતકી | ધાતકી/ધાતકી | ૧૧/૧૨ | ૧૯૧ |
| મોટા | મોટા | ૨૦ | ૧૯૦ | માદરાપાન | મદિરાપાન | ૫ | ૧૯૩ |
| મુનશ્રી | મુનિશ્રી | | | ાદવસે/ાદવસે | દિવસે/દિવસે | ૧૮/૨૨ | ૧૯૩ |
| બુદ્ધવાળા | બુદ્ધિવાળા | ૭/૨૮ | ૧૫૩ | ાદવસો | દિવસો | ૨૫ | ૧૯૩ |
| છામત્ર | છદ્મિત્ર | ૧૮ | ૧૫૫ | મુદત | મુકત | ૩ | ૧૯૫ |
| ર્ત | તે | ૨૬ | ૧૫૫ | વેયવચ્ચ | વેયાવચ્ચ | ૨ | ૧૯૫ |
| નવકાસી | નવકારસી | ૬ | ૧૫૭ | વેચાવચ્ચ | વેયાવચ્ચ | ૪ | ૧૯૫ |
| નિામત | નિમિત | ૧૬ | ૧૫૮ | સમકી | સમલી | ૧૮ | ૧૯૭ |
| વખત | વખતે | ૨૬ | ૧૫૮ | શીલાાદ | શીલાદિ | ૨૩ | ૧૯૮ |
| મરિચ | મરિચિ | ૧૨ | ૧૬૦ | મુહૂર્ત | મુહૂર્તે | ૨૩ | ૨૦૫ |
| ાત્રદંડી | ત્રિદંડી | ૨૬ | ૧૬૦ | આદ | આદિ | ૧૯ | ૨૦૬ |
| પારબામિ | પારગામી | ૧૧ | ૧૬૨ | સુખી | સખી | ૨૩ | ૨૦૬ |

| અશુદ્ધ | શુદ્ધ | લીટી | પૃષ્ઠ |
|---|---|---|---|
| ાદવસ | દિવસ | ૨૫ | ૨૦૬ |
| પદ્મરુાચ | પદ્મરુચિ | ૨૧ | ૨૦૭ |
| ધનાગરિ | ધનગિરિ | ૧૯ | ૨૦૮ |
| ધનાગરિ | ધનગિરિ | ૧૬ | ૨૦૯ |
| વહોરવા | વહોરાવવા | ૮ | ૨૦૯ |
| મહારાજ શ્રાવિકા | મહારાજ=શ્રાવિકા ? | ૧૬ | ૨૦૯ |
| આદ | આદિ | ૨૩ | ૨૧૧ |
| ધન્યાગરિ | ધન્યગિરિ | ૭ | ૨૧૩ |
| વહોવ્યો | વહોરાવ્યો | ૭ | ૨૧૫ |
| વહોરવવા | વહોરાવવા | ૩૦ | ૨૧૫ |
| વજકુમાર | વજ્જકુમાર | ૬૧ | ૨૧૬ |
| શાકત | શકિત | ૫ | ૨૨૩ |
| સ્થાના | સ્થાનો | ૧૭ | ૨૨૩ |
| ાશકારીઓ | શિકારિઓ | ૨૧ | ૨૨૩ |
| મારકટ | મારકૂટ | ૨૫ | ૨૨૩ |
| પાત્રમાયા | પાત્ર માયા | ૧૦ | ૨૨૪ |
| આઠમ | અઠ્ઠમ | ૧૭ | ૨૨૪ |
| ાદવસો | દિવસો | ૨૭ | ૨૨૬ |
| રાત્રમાં | રાત્રિમાં | ૬ | ૨૨૭ |
| અનાચારણી | અનાચારિણી | ૩૦ | ૨૨૭ |
| ૦ | ર્વ | ૨૫ | ૨૨૮ |
| સત | સંત | ૧ | ૨૨૯ |
| ખતર | ખરતર | ૮/૯ | ૨૩૦ |
| જિ | જિન | ૧૬ | ૨૩૨ |
| ક્રીડે | ક્રોડે | ૨૭ | ૨૩૩ |
| કુર | કુમાર | ૪ | ૨૩૪ |
| રુકિમણી | રુક્મિણી | ૨૮ | ૨૩૫ |
| રત્નિ | રત્ન | ૨૮ | ૨૩૬ |
| વૌક્રય | વૈક્રિય | ૩ | ૨૩૭ |
| ભગાને | ભગવાને | ૪ | ૨૩૭ |
| કાઉસ્સ | કાઉસ્સગ્ગ | ૨૬ | ૨૩૮ |
| વિજગ | વિજય | ૧ | ૨૩૯ |
| ગણિતવર | ગણિવર | ૧ | ૨૩૯ |
| ૦ | આ | ૬ | ૨૩૯ |
| અનામાં | અનાજ માં | ૮ | ૨૩૯ |
| ાિના | જિના | ૧૫ | ૨૪૦ |
| શાકત | શકિત | ૧૨ | ૨૪૧ |
| વ્રત | વ્રતના | ૩૦ | ૨૪૧ |
| ભોંગવ | ભોગવે | ૧ | ૨૪૩ |
| અંનતા | અનંતા | ૨૨ | ૨૪૩ |
| આચાય | આચાર્ય | ૫ | ૨૪૪ |
| सफ | सफलं | ૯ | ૨૪૬ |
| ાદવસ | દિવસો | ૨૨ | ૨૫૧ |
| કોટ્ટના | કોટિના | ૨૧ | ૨૫૩ |
| અનશનાદ | અનશનાદિ | ૩ | ૨૫૬ |
| બતાવેવા | બતાવેલા | ૧૮ | ૨૫૬ |
| પાપમાલી | પાયમાલી | ૨૪ | ૨૫૬ |
| આહત | અહિત | ૯ | ૨૫૭ |
| यद्या | यदस्या | ૧૧ | ૨૫૭ |
| છારિણી | ચારિણી | ૧૪ | ૨૫૭ |
| ઉપકારણી | ઉપકારિણી | ૧૬ | ૨૫૭ |
| हेततें | हेतवे | ૨૪ | ૨૫૭ |
| नेरक | नरक | ૨૫ | ૨૫૩ |
| जैन | नैव | ૪ | ૨૫૯ |
| ફર | ફરજ | ૨૪ | ૨૬૧ |
| तृष्ट | तुष्ट | ૧ | ૨૬૩ |
| પુરૂપથી | પુરૂષની | ૯ | ૨૬૩ |
| ત્યાંગી | ત્યાગી | ૨૬ | ૨૬૩ |
| ભાગની | ભગિની | ૨૯ | ૨૬૭ |
| બાલદાન | બલિદાન | ૧૫ | ૨૭૧ |
| પાંડતાને | પંડિતાને | ૩૨ | ૨૭૬ |
| નરકમાં | નરકમાં અને | ૩૧ | ૨૭૭ |
| પશુગતિમાં | પશુગતિમાં | ૩૨ | ૨૭૭ |
| કોઈ | ૦ | ૪ | ૨૭૯ |
| વૌદક | વૈદિક | ૨૬ | ૨૭૯ |
| સ્તવનાદ | સ્તવનાદિ | ૪ | ૨૮૦ |
| માંદર | મંદિર | ૮ | ૨૮૦ |
| નમાંવ્યું | નમાવ્યું | ૨૯ | ૨૮૨ |

| અશુદ્ધ | શુદ્ધ | લીટી | પૃષ્ઠ |
|---|---|---|---|
| માંડલ | મંડિલ | ૪ | ૨૮૩ |
| સમ્યકત્વાદ | સમ્યક્ત્વા | ૨૭ | ૨૮૩ |
| ।દવસો | દિવસો | ૧૪ | ૨૮૪ |
| મોટે ।દવસો | મોટો/દિવસો | ૬/૨ | ૨૮૫ |
| જેવા | જેવાં સુખો | ૧૬ | ૨૮૫ |
| બેઈન્દ્રિયાદક | બેઈન્દ્રિયાદિક | ૧૭ | ૨૮૭ |
| બાલદાન | બલિદાન | ૧૮ | ૨૮૭ |
| સ્થલભદ્ર | સ્થૂલભદ્ર | ૨૬ | ૨૯૬ |
| ।ખલવણી | ખિલવણી | ૨૧ | ૨૯૭ |
| હનુમાજી | હનુમાનજી | ૨ | ૩૦૦ |
| હનુમાજી | હનુમાનજી | ૩ | ૩૦૦ |
| ।દવસો | દિવસો | ૧૦ | ૩૦૩ |
| આકતિ | આકૃતિ | ૩૦ | ૩૦૬ |
| ફુ ુલોથી | ફૂલોની | ૯ | ૩૦૭ |
| પરંપરમાં | પરંપરામાં | ૬ | ૩૦૮ |
| નમિથાથ | નમિનાથ | ૬ | ૩૦૮ |
| વો | દેવો | ૨૫ | ૩૧૦ |
| તે ઉપકાયની | તેઉકાયની | ૨૯ | ૩૧૨ |
| માલક | માલિક | ૨૨ | ૩૧૭ |
| માલક | માલિક | ૨૭ | ૩૧૭ |
| માંદરમાં | મંદિરમાં | ૨૫ | ૩૨૩ |
| તેણી | તેણીની | ૧૮ | ૩૩૦ |
| અંબાલકા | અંબાલિકા | ૪ | ૩૩૩ |
| વલ્કલં | વલ્કલ | ૨૦ | ૩૩૬ |
| શંકાઈ | શંકાઈ | ૧૫ | ૩૪૨ |
| સિદ્ધસેન | સિદ્ધસેન= | ૨૮ | ૩૪૭ |
| ઉદ્ધરેલો | ઉદ્ધરેલો | ૧૦ | ૩૫૦ |
| ક્ષાયયિકસમ્યત્વ | ક્ષાયિકસમ્યકત્વ | ૨ | ૩૫૫ |
| વિાધ | વિધિ | ૧૨ | ૩૫૫ |
| જાંગુલ | જાંગુલિ | ૨૬ | ૩૫૭ |
| આઠમ | અઠમ | ૨૪ | ૩૬૧ |
| પાદાલપ્તસૂરિ | પાદલિપ્ત | ૨૯ | ૩૬૬ |
| નિદા | નિંદા | ૧૩ | ૩૬૮ |

| અશુદ્ધ | શુદ્ધ | લીટી | પૃષ્ઠ |
|---|---|---|---|
| પૂવર્દ્ધિ | પૂર્વાર્દ્ધ | ૧૭ | ૩૬૮ |
| આખું પૃષ્ઠ તદન ઉઘડયું જ નથી | | | ૩૬૯ |
| नवहारं | ववहारं | ૧૪ | ૩૭૧ |
| લયસુન્દરી | મલયસુન્દરી | ૨૦ | ૩૭૫ |
| આચરે | આ ચારે | ૧૪ | ૩૮૨ |
| પર | પણ | ૨૪ | ૩૮૭ |
| સ્વમીએ | સ્વામીએ | ૪ | ૩૯૫ |
| પત્રાદિ | પુત્રાદિ | ૨૧ | ૪૦૪ |
| કરનરા/મિનાર્થ | કરનારા/મિતાર્થ | ૩/૫ | ૪૦૭ |
| ખાનદાનેમાં | ખાનદાનોમાં | ૬ | ૪૧૧ |
| કન્યાએ | કન્યાઓ | ૧૮ | ૪૧૧ |
| એકવર | એકવાર | ૧૧ | ૪૧૨ |
| ૦ | રાજા | ૨૬ | ૪૧૫ |
| ઉત્પર | ઉપર | ૧૯ | ૪૨૪ |
| કરવા | કરાવવા | ૨૫ | ૪૨૬ |
| એકેન્દ્રિયાદ | એકેન્દ્રિયાદિ | ૧૬ | ૪૨૯ |
| પઠો | પાઠો | ૧૧ | ૪૩૦ |
| યનાવલી | નયનાવળી | ૧ | ૪૩૨ |
| ।દવસ | દિવસ | ૧૫ | ૪૩૨ |
| તોદ્ગલક | પૌદ્ગલિક | ૧૩ | ૪૩૮ |
| ।દકરીને | દીકરીને | ૩૦ | ૪૪૦ |
| ગોશાળના | ગોશાળાના | ૨૨ | ૪૪૭ |
| કેતેજ | કે તેજ | ૩ | ૪૫૧ |
| ચક્રવા | ચક્રાવા | ૧૩ | ૪૫૭ |
| સુભાગા | સુભગા | ૨૪ | ૪૬૦ |
| નારી | મારી | ૧૮ | ૪૬૫ |
| સાખવા | ચાખવા | ૨૧ | ૪૬૫ |
| હરિવી | હરિવીર | ૧૭ | ૪૬૬ |
| બંધાય | બધાય | ૨૩ | ૪૬૭ |
| તે | ૦ | ૨૨ | ૪૬૯ |
| ૦ | તે | ૨૩ | ૪૬૯ |
| तह यजाइं | तहय जाइं | ૧૨ | ૪૭૨ |
| गांत | गति | ૧૭ | ૪૭૬ |
| श | नाश | ૧૯ | ૪૮૨ |
| डम | अम्भोधौ | ૩ | ૪૮૩ |

| અશુદ્ધ | શુદ્ધ | લીટી | પૃષ્ઠ |
|---|---|---|---|
| બધદેવ | બલદેવ | ૬ | ૪૯૦ |
| સમાપ્ત | સમાપ્તિ | ૧૭ | ૪૯૧ |
| વિકસવવા | વિકસાવવા | ૪ | ૪૯૨ |
| સુકુમાર | પરંતુ સુકુમાર | ૨૯ | ૪૯૩ |
| પૂર્ણ | પૂર્વ | ૬ | ૪૯૪ |
| ઉજ યિનીથી | ઉજ્જયિનીથી | ૧૨ | ૪૯૪ |
| मित्रमपत्ति | मित्रमापत्ति | ૮ | ૪૯૮ |
| પંતુ | પરંતુ | ૨૨ | ૪૯૮ |
| તંભિત | થંભિત | ૯ | ૪૯૯ |
| રહે રા | રહેનારા | ૮ | ૫૦૦ |
| રત્નસગર/ | રત્નસાર | ૨૪/૨૯ | ૫૦૦ |
| રત્નસાગર | રત્નસાર | ૨૪/૨૦ | ૫૦૦ |
| અજ્ઞા | આજ્ઞા | ૨૯ | ૫૦૧ |
| પોતના | પોતાના | ૧૭ | ૫૦૨ |
| છાકરી | છોકરી | ૨૨ | ૫૦૫ |
| તો | ૦ | ૧૧ | ૫૧૧ |
| જાણાય | જણાય | ૧૭ | ૫૧૨ |
| અનતો | અનંતો | ૨૧ | ૫૧૬ |
| निध्वस | निर्ध्वंस | ૧૫ | ૫૧૮ |
| રનિત્રત્રથી | રત્નત્રયી | ૭ | ૫૨૦ |
| ૦ | य | ૨ | ૫૨૩ |
| ચારત્ર | ચારિત્ર | ૧૫ | ૫૨૪ |
| સ્ગવડો | સગવડો | ૨૯ | ૫૨૭ |
| [illegible] | કરવા | ૩ | ૫૨૮ |
| [illegible] | અનાર્યો | ૧૫ | ૫૩૦ |
| करात्वसी | करोत्वसी | ૨૪ | ૫૩૨ |
| इत्थमपि इहयंति | इत्थंपि इहयंपि | ૨ | ૫૩૫ |
| हुतगूग् | हूतभूग | ૧૯ | ૫૩૭ |
| बह्मा | बह्म | ૨૧ | ૫૩૭ |
| ૦ | અને | ૨૧ | ૫૩૮ |
| तिय्यरा | तित्थयरा | ૯ | ૫૩૯ |
| क्षयणादि | क्षपणादि | ૨ | ૫૪૩ |
| न बम्भययारिस्स | न बम्भयारिस्स | ૩ | ૫૪૪ |
| પરવી | પૂરવી | ૧૯ | ૫૪૪ |
| चनदनस | चन्दनस्स | ૨૫ | ૫૪૪ |
| યુકિતકાર | નિર્યુક્તિકાર | ૧૬ | ૫૪૭ |
| सर्वभम्व्यं | सर्वमभव्यं/ | ૧૦ | ૫૫૧ |
| भरकंतो | भर्स्कंतो | ૨૬ | ૫૫૧ |
| આત્રિર્યા સુહસ્તિ | આર્યસુહસ્તિ | ૧૨ | ૫૫૯ |
| પ્રતિજી | પ્રતિમાજી | ૨૦ | ૫૬૭ |
| આંકકા | આંકડા | ૨૧ | ૫૬૭ |
| અર્સંખ્યતાં | અસંખ્યાતાં | ૧ | ૫૬૮ |
| જિસેશ્વર | જિનેશ્વર | ૩ | ૫૬૮ |
| નેમાનાથ | નેમિનાથ | ૨૧ | ૫૬૯ |
| છાટયું | છાંટયું | ૬ | ૫૭૩ |
| શંખેધરા | શખેશ્વરા | ૮ | ૫૭૩ |
| પ્રતિષ્ઠા | પ્રતિષ્ઠા | ૨૨ | ૫૭૭ |
| સ્થાથ | સ્થાનમાં | ૨૫ | ૫૮૯ |
| જિનાબબ | જિનબિંબ | ૮ | ૫૮૩ |
| ઓગશમા | ઓગણીશમા | ૧૪ | ૫૮૭ |
| નેમિ | નમિ | ૪ | ૫૮૮ |
| નંદીશ્વ | નંદીશ્વર | ૧૯ | ૫૯૧ |
| પતિમા | પ્રતિમા | ૧૨ | ૫૯૨ |
| સમવરણ/ | સમવસરણ | ૧૮ | ૫૯૭ |
| સમવરણ | સમવસરણ | ૧૯ | ૫૯૭ |
| पुटक | पुफ्फ | ૨૭ | ૫૯૭ |
| અધારે | આધારે | ૨૭ | ૫૯૮ |
| जलाणी | अन्नाणी | ૧૪ | ૬૦૧ |
| ગૃહસ્થાના | ગૃહસ્થોના | ૨૩ | ૬૦૨ |
| વઘ | વૈદ્ય | ૧૦ | ૬૦૭ |
| સજ્ઞા | સંજ્ઞા | ૭ | ૬૧૮ |
| કેવણ | કેવળ | ૧૬ | ૬૧૮ |
| ખવી | ખપી | ૧ | ૬૧૯ |
| નાયા | મનાયા | ૧૪ | ૬૨૨ |

★

# "અમારાં પ્રકાશનો"

—:o:—

કલ્પસૂત્ર સુબોધિકા ટિકા નં. ૧૨૫૦ સંપૂર્ણ અપાઈ ગઈ છે.

જયાનંદ કેવલી પદ્ય - કર્તા મુનિસુન્દર સૂરિ-મહરાજ અપાઈ ગયું છે.

પૂર્વાચાર્યોના કાવ્યો નો સંગ્રહ - સુભાષિત સૂક્ત સંગ્રહ - થોડી નકલો છે.

હેમપ્રકાશ વ્યાકરણ ભા. ૨ મલેલી - થોડી નકલો છે.

પંચપરમેષ્ઠિ નમસ્કાર યાને જૈન ધર્મનું સ્વરુપ આવૃત્તિ બીજી.

નવપદ દર્શન-યાને પ્રમોદ ભાવના ચૌદરાજ લોકની યાત્રા - થોડી નકલ છે.

ગુજરાતી સુભાષિત સૂક્ત સંગ્રહ ભા. ૧ - થોડી નકલ છે.

પૂજા પ્રશ્નોતરી - થોડી નકલ છે.

જિનેશ્વરદેવની આજ્ઞા યાને સાચી માણસાઈ

આ છેલ્લાં પાંચે પુસ્તકો હાથોહાથ યોગ્ય ને ભેટ જ અપાય છે.

પત્રથી મંગાવનારને પૂરી ઓળખાણ મેળવી હાથોહાથ લઈજનાર ને અપાય છે.

પોષ્ટથી મંગાવવા ટાઈમ બગાડવો નહી એટલી પ્રાર્થના.

તા. ક. :- મંગાવનારે પોતાની પૂરી ઓળખાણ લખવી.

પુસ્તક લેનાર, નિર્ગ્રન્થો અને ગૃહસ્થો પ્રત્યે નમ્ર પ્રાર્થના :-

卐

૧ શુદ્ધિપત્રક, પ્રસ્તાવના, વિસયદર્શન, નિવેદનો જરૂર વાંચ્યા પછી ગ્રન્થ વાંચશો.

૨ વાંચવાની ઈચ્છા હોય, શ્રદ્ધા હોય, ભાવના હોય, રસ હોય તેણેજ પુસ્તક લેવા ભાવના રાખવી.

૩ ઈચ્છા, શ્રદ્ધા, ભાવના, રસ વગરના મહાશયો લેસોજ નહી.

૪ આ પુસ્તક ભંડારમાં મુંકવાયોગ્ય નથી ફકત વાંચવા યોગ્ય જ છે.

૫ વિદ્વાનોને ઉપયોગી નથી પરંતુ અમારા જેવા અલ્પજીવોને માગ દર્શન કરાવશે.

૬ પુસ્તકને ઘણા માણસો વાંચે તેવા વિશ્વાસથી અપાય છે માટે દશ-વીશ માણસો વાંચે તેવી કાળજી રાખવા ધ્યાનમાં લેશો.

૭ પુસ્તક અનેકની ચક્ષુઓથી પવિત્ર થાય તોજ પૈસા પ્રયત્ન અને પ્રજ્ઞા સફલ થશે.

૮ પુસ્તકને હાલને હાલ કોરૂં, નવીન, ચોક્કણું સારૂં પુઠું ચડાવશો.

૯ પુસ્તકને રખડતુ મુકશો નહી. થુંક, ઠેસ, પુંઠ નલાગે તેટલી કાળજી રાખશો.

"પ્રકાશકો"